Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् रुद्रपल्लीय सङ्घतिलकाचार्य विरचित वृत्तियुत्ता

श्रीमद् हरिभद्रसूरि प्रणीता

# સમ્યક્ત્વ સપ્તતિઃ

: કર્તા :

પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મ. સા.

: વૃત્તિકાર :

શ્રી સંઘતિલકાચાર્ય મહારાજ

*

: અનુવાદ :

સાધ્વીજીશ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.

*

: પ્રકાશક :

ભદ્રંકર પ્રકાશન

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી,

સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ,

અમદાવાદ-૩૮૦૦૦૪. ફોન : ૨૨૮૬૦૭૮૫

For Private and Personal Use Only

પૂ. સૂર્યમાલાશ્રીજી મ.સા.

પૂજ્યપાદ. ~~તપોનિધિ~~ વર્ધમાન તપોનિધિ આ.ભ.શ્રી.મ.
વિજય. લલીતશેખર સૂરિ. મ.સાની ચાલતી
ચોઇડકા સાધના તથા. અભ્યંતર તપોનિધિ પ.પૂ.આ.ભ.
વિજય. રાજશેખર સૂરિ. મ.સાની મૂક સાધના
અનુમોદનાર્થે

મૌનીન્દ્રશાસનની આર્યા.

W-91635
17/7/15

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009
Phone : (079) 23276252, 23276204-0

॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

### जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : ९१६३५


**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
हॉटल हेरीटेज़ की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ ह्रीँ अर्हम्

श्रीमद् रुद्रपल्लीय सङ्घतिलकाचार्य विरचित वृत्तियुत्ता

श्रीमद् हरिभद्रसूरि प्रणीता

# સમ્યક્ત્વ સપ્તતિઃ

: શુભાશિષ દાતા :

આગમ રહસ્યવેદી પૂજ્યપાદ, આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

રાજશેખરસૂરીશ્વરજી મહારાજા

❋

: આજ્ઞા દાતા :

સરલ સ્વભાવી, પ્રવચન પ્રભાવક, ગચ્છાધિપતિ,

આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા

❋

: અનુવાદ કર્તા :

પરમવિદુષી સ્વ. પૂજ્ય સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મહારાજના

શિષ્યા, તપસ્વી, સ્વાધ્યાય પ્રેમી સ્વ. પૂજ્ય સાધ્વીજી

શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મહારાજના શિષ્યા પૂજ્ય સાધ્વીજી

શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી (જયશિશુ) મહારાજ

❋

: પ્રકાશક :

ભદ્રંકર પ્રકાશન

૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ,

અમદાવાદ-૩૮૦૦૦૪. ફોન : ૦૭૯ - ૨૨૮૬૦૭૮૫

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સહકાર દાતા

(૧) શ્રી હાલાર તીર્થ મુ. વડાલીયા સીંહણ
(તાલુકો જામખંભાલીયા)

(૨) શ્રી કામદાર કોલોની જૈન સંઘ - જામનગર

(૩) સાધ્વીજીશ્રી પ્રમુદિતાશ્રીજીની પ્રેરણાથી - શ્રાવિકાબેનો

(૪) શ્રી જુનાગઢ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ

(૫) શ્રી સહસાવન કલ્યાણક ભૂમિ તીર્થોદ્ધાર સમિતિ - જુનાગઢ

**પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૬૦ ચૈત્ર સુદ-૧૨ સમ્યગ્ દર્શનપદ દિવસ**

: પ્રાપ્તિસ્થાન :

**ભદ્રંકર પ્રકાશન**
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી,
સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ,
**અમદાવાદ-૩૮૦૦૦૪.**
**ફોન : ૦૭૯ - ૨૨૮૬૦૭૮૫**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ,
હાથીખાના,
**અમદાવાદ-૩૮૦૦૦૧.**
**ફોન : ૦૭૯ - ૨૫૩૫૬૬૯૨**

**નકલ : ૭૫૦**

**કિંમત : રૂા. ૧૧૦=૦૦**

: મુદ્રક :
**ભરત પ્રિન્ટરી**
**(કાન્તિલાલ ડી. શાહ)**
**ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,**
**અમદાવાદ-૧. ફોન : ૨૨૧૫૭૪૧૮**

For Private and Personal Use Only


પરમકૃપાળુ ગુરુદેવ
શ્રી સ્વ. પૂ. આ. શ્રી
મહોદયસૂરીશ્વરજી મ.
ના ચરણકમલમાં
સાદર સમર્પણ
જેના ગુણોમાં ઉજ્જવલતા હતી સુધાંશુસમી
જેની વાણી હતી સુધાવર્ષી
જેનામાં હતી જીવન ઘડવાની કળા સુધાજીવી સમી
જેના જીવનમાં શિતલતા હતી સુધાત્વિષ્ સમી
જેનામાં સૌમ્યતા હતી સુધાકર સમી
જેની વાણી હતી સુધામોદક સમી

# ઉપકારીઓની યાદ

ગુણીજનનો ગુણાનુવાદ, ગુણાનુરાગીનો સાદ,
આત્મીયતાનો નાદ, સુણજો રે ! અંતર્નાદ.

૧. સન્માર્ગોપદેશક શુદ્ધ સામાચારી સંરક્ષક - વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.**

૨. આજીવન ગુરુચરણસેવી, વાત્સલ્યમૂર્તિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજા.**

૩. વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી **લલિતશેખરસૂરીશ્વરજી મ.સા.**

૪. આગમ મર્મજ્ઞ, અભ્યંતર તપોનિધિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય **રાજશેખરસૂરિ મ. સા.**

૫. સરળ સ્વભાવી, ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય **હેમભૂષણસૂરિ મ. સા.**

૬. આ ગ્રંથ નિર્માણમાં અનન્ય સહાયદાતા સાદ્યન્ત કાર્યમાં સહાય કરનાર પૂજ્ય પંન્યાસ શ્રી **વજ્રસેનવિજયજી ગણિવર્ય.**

૭. અનુવાદ પ્રેરક - અનુવાદ સંશોધક પૂજ્ય મુનિરાજશ્રી **હિતરત્નવિજયજી મ. સા.**

## દિવ્યકૃપાના દાતાર

૧. જ્ઞાન-ધ્યાન તપ દ્વારા કર્મ બાળવામાં ઉદ્યમવંત સ્વ. પૂજ્ય **દર્શનશ્રીજી મ. સા.**

૨. સૌમ્ય સ્વભાવી, સ્વાધ્યાયનિમગ્ના સ્વ. પૂજ્ય **હંસશ્રીજી મ. સા.**

૩. સ્વાધ્યાયપ્રેમી, કવિ કલયિત્રી સ્વ. પૂજ્ય **હર્ષપૂર્ણાશ્રીજી મ. સા.**

૪. ભવસાગર તરવા સંયમજહાજમાં બેસાડી મુક્તિકિનારો બતાવનાર, જ્ઞાન - ધ્યાન - તપના ત્રિવેણી સંગમમાં સ્નાતા, ગુરૂમૈયા સ્વ. પૂ. **જયપ્રજ્ઞાશ્રીજી મ. સા.**

# ગચ્છાધિપતિ શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા

ગુરુસમર્પણની વાતો આગમ ગ્રંથોમાં અને પૂર્વાચાર્યોરચિત પ્રાચીન શાસ્ત્રોમાં વાંચી હશે પણ આ વાતોનું જીવંત દર્શન સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં** કરીએ ત્યારે જ આ મહાગુણની મહાનતાનો વાસ્તવિક ખ્યાલ આવે. **પોતાનું અસ્તિત્વ ગુરુના અસ્તિત્વ સાથે ઓતપ્રોત કરી દેવાની સાધના એક સામાન્ય** મુનિવરને પહેલા આચાર્ય અને પછી ગચ્છાધિપતિપદના મહાન શિખર ઉપર કેવી રીતે પહોંચાડી શકે છે તેનું જીવંત દૃષ્ટાંત એટલે સ્વ. આચાર્ય શ્રીમદ્‌વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાની** જીવનયાત્રા. તેમના જીવનનું પ્રત્યેક પાનું **ગુરુસમર્પણના** મધુર ગીત જેવું હતું.

**સૌરાષ્ટ્રના વઢવાણ નગરમાં રહી** કાકાની લોખંડની **નાનકડી દુકાન સંભાળતા મણિલાલને** સ્વપ્નેય કલ્પના નહીં હોય કે તેઓ શ્રી **જૈનશાસનના એક સૌથી મોટા સાધુ-સાધ્વી સમુદાયના સફળ સુકાની બનશે.**

આ **"મણિલાલ"** થી "ગચ્છાધિપતિશ્રી વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજા"** સુધીની લાંબી મજલ એકદમ આસાન બની ગઈ તેનું કારણ ગુરુસમર્પણભાવ હતો. પોતાના **પરમોપકારી** ગુરુ ભગવંત વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** પ્રત્યેના અનન્ય, અભૂતપૂર્વ અને અદ્ભુત **સમર્પણભાવને** કારણે જ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજા જંગમસમર્પણતીર્થ** બની ગયા હતા.

સ્વ. ગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** જીવનમાં જે કોઈ ચમત્કારિક ચઢતીના બનાવો બન્યા તે દરેક પાછળનું રહસ્ય એક જ હતું : તેઓશ્રીનો વડીલ ગુરુભગવંતો પ્રત્યેનો વિનયભાવ અને સમર્પણભાવ.

વઢવાણ શહેરમાં રહી દુકાનદારી કરતા મણિલાલના લગ્નને હજુ એક જ વર્ષ થયું હતું ત્યાં તેમણે મુનિશ્રી રામવિજયજીનું પ્રવચન સાંભળ્યું અને દીક્ષા લેવાની તીવ્ર અભિલાષા જાગૃત થઈ. ધર્મપત્ની કેવળીબહેન રજા આપે તે અસંભવ હતું એટલે દીક્ષા લેવા માટે ઘરેથી ભાગીને અમદાવાદ પહોંચી ગયા. સંવત ૧૯૯૦ ના અષાઢ સુદ-૧૪ નો દિવસ એટલે દીક્ષા લેવા માટે વર્ષનો છેલ્લો દિવસ. એ દિવસ જો ચૂકી જવાય તો ચાર મહિના રાહ જોવી પડે. મણિલાલે એ તક ઝડપી લીધી અને સકલાગમરહસ્યવેદી આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય **દાનસૂરીશ્વરજી મહારાજાના** વરદ હસ્તે **દીક્ષા** ગ્રહણ કરી તેઓ પંન્યાસ શ્રી **રામવિજયજી મહારાજના** શિષ્ય મુનિશ્રી **મહોદયવિજય** બન્યા. કુટુંબીજનોને આ દીક્ષાના સમાચાર મળ્યા એટલે ધર્મપત્ની સહિત આખો પરિવાર અમદાવાદ આવી ગયો. તેમની યોજના તો નૂતન મુનિને ઊંચકીને ઘરભેગા કરવાની જ હતી. પરંતુ નૂતન મુનિશ્રી મહોદયવિજયની મક્કમતા જોઈ તેઓ ઢીલા પડી ગયા અને ખાલી હાથે ઘરે પાછા ફર્યા. દીક્ષા લીધા **પછી મુનિશ્રી** મહોદયવિજયજીએ ગુરુસેવાને પોતાના જીવનનું સર્વોચ્ચ ધ્યેય બનાવ્યું.

**શિષ્યના મુખે તો કાયમ ગુરુનું રટણ હોય એ સ્વાભાવિક બાબત છે, પણ ગુરુની** જિહ્વાએ વારંવાર જે શિષ્યનું નામ આવે તે શિષ્ય ધન્ય બની જાય છે. ૧૨૧ પ્રભાવશાળી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્યોના મહાસમર્થ ગુરુ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્‌વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શ્રીમુખે જો કોઈ એક શિષ્યનું નામ સૌથી વધુ સાંભળવા મળતું હતું તો તે આચાર્યશ્રી **વિજયમહોદયસૂરિજી** મહારાજનું હતું.

ગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા જેવા મહાગીતાર્થ અને મહાપ્રભાવશાળી ગુરુ ભગવંતનો પ્રેમ જીતવો એ કંઈ આસાન કામ ન હતું. એ માટે પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય **મહોદયસૂરીશ્વરજી** મહારાજ ૫૭-૫૭ વર્ષ સુધી પોતાના ઉપકારી ગુરુ ભગવંતના પડછાયાની જેમ રહ્યા હતા. ગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય ભારત, કર્ણાટક વગેરે દૂરસુદૂરના જે કોઈ પ્રદેશમાં કષ્ટદાયક વિહારો કર્યા ત્યાં પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મ. તેમની સાથે જ હતા. પોતાના સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વને તેમણે જાણે કે ગુરુસેવામાં ઓગાળી કાઢ્યા હતા.

પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા પોતે પણ વિશિષ્ટ ગણી શકાય એવી પ્રતિભાના અને આરાધકતાના સ્વામી હતા પણ ગુરુની સેવામાં તેઓ નમ્રતાની મૂર્તિ બની જતા. દીક્ષા લીધા પછી સળંગ લગભગ ૫૦ વર્ષ તેમણે નિત્ય એકાસણાનું તપ કર્યું હતું અને દર મહિનાની દસ તિથિએ તેઓ ઉપવાસ કરતા. આ તપ દરમિયાન પણ વિહાર, સ્વાધ્યાય, ગુરુસેવા વગેરે અખંડ ચાલુ રહેતા. જ્યોતિષશાસ્ત્રના તેઓ માર્તંડ ગણાતા અને તેમણે આપેલા સચોટ મુહૂર્ત મુજબ સેંકડો અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, દીક્ષાઓ અને વિવિધ અનુષ્ઠાનોનાં આયોજન થતાં. શિલ્પશાસ્ત્રનું તેમનું જ્ઞાન પણ અનુપમ હતું.

સ્વ. ગચ્છાધિપતિશ્રી **વિજયમહોદયસૂરિજી** મહારાજા ખરા અર્થમાં નિસ્પૃહશિરોમણી હતા. તેમણે જિંદગીમાં ક્યારેય કોઈ મહત્તાની કે પદવીની ખેવના નહોતી રાખી અને તો પણ શ્રી જિનશાસનના શિરોમણી જેવી અનેક પદવીઓ તેમને અનાયાસે મળતી રહી હતી. સંવત ૨૦૨૯ માં મુંબઈના શ્રીપાળનગર ખાતે તેમની જાણ બહાર જ તેમની આચાર્ય પદવી નક્કી થઈ ગઈ અને ગુર્વાજ્ઞાને શિરસાવંદ્ય કરી તેમને એ પદવી સ્વીકારવી પડી. સંવત ૨૦૪૭માં ઉપકારી ગુરુ ભગવંત જૈન શાસન શિરતાજ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** કાળધર્મ પછી ગચ્છમાં ત્રણ ત્રણ વડીલ આચાર્ય ભગવંતો વિદ્યમાન હોવા છતાં ગચ્છાધિપતિની ગંભીર જવાબદારી માટે તેમને પસંદ કરવામાં આવ્યા અને કોઈ પણ જાતની સ્પૃહા વિના જીવનના અંતિમ શ્વાસ સુધી તેમણે આ જવાબદારીનું નિર્વહન કર્યું. એક ગચ્છાધિપતિ તરીકે તેમની પુણ્યાઈ પણ જાણે સોળે કળાએ ખિલી ઉઠી. જૈન શાસન શિરતાજ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના કાળધર્મ સમયે ગચ્છમાં સાધુ-સાધ્વીજી ભગવંતોની કુલ સંખ્યા ૭૦૦ આસપાસ હતી, જે ગચ્છાધિપતિશ્રી વિજય મહોદયસૂરિજી મહારાજાના કાળધર્મ વખતે ૧૧૨૦ ઉપર પહોંચી ગઈ હતી. આ પ્રકૃષ્ટ પુણ્યના મહોદયનું કારણ તેમનો ગુરુસમર્પણભાવ હતો.,

**આવા પરમ કૃપાળુ આચાર્ય ભગવંતના ચરણોમાં કોટી કોટી વંદન.**

For Private and Personal Use Only

# પ્રકાશકીય

આગમ સાગરના અગાધ શ્રુતરૂપ જલમાં ડુબકી લગાડીને શ્રુતજ્ઞાનનો ખજાનો પ્રગટ કરનારા, પ્રકરણાચાર્ય યાકીની મહત્તરા સુનુ, આચાર્ય શ્રી **હરિભદ્રસૂરિજી મહારાજાએ** ૧૪૪૪ ગ્રંથોની રચના કરી તેમાં બિંદુમાં સિંધુ સમાન ૭૦ ગાથા પ્રમાણ **શ્રી સમ્યક્ત્વ સપ્તતિઃ** નામના ગ્રંથની રચના કરી, તેના વિશે **સંઘતિલકાચાર્ય** ભગવંતે ટીકા રચી છે.

ગ્રંથકારના ભાવોનો સ્પર્શ થાય તેવા અનુવાદ સાથે ભાવાનુવાદની આવશ્યકતા હતી. પૂજયોની અસીમકૃપાથી વિદુષી સાધ્વીજી શ્રી **સૌમ્યજયોતિશ્રીજી**એ અનુવાદ કર્યો. તે અનુવાદ ઉપર પૂજયપાદ આચાર્યભગવંત શ્રી **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**એ પવિત્ર જ્ઞાનદ્રષ્ટિનો સ્પર્શ કર્યો અને વ્યવસ્થિત ભાષાંતરને જોઈ તપાસી આપવાનું કાર્ય મુનિરાજ **શ્રી હિતરત્નવિજયજી મહારાજે** કર્યું.

ગ્રંથ તૈયાર થઈ ગયો. તેને પ્રકાશિત કરવા માટે અમને અમારા પરમ ઉપકારી, અધ્યાત્મ ઉપનિષદ્વેત્તા, પંન્યાસ પ્રવર શ્રી **ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી**ના પ્રશિષ્યરત્ન સરલ સ્વભાવિ, પંન્યાસપ્રવર શ્રી **વજ્રસેનવિજયજી ગણિવર્ય**ને પ્રેરણા કરી અને પ્રકાશનમાં આર્થિક સહયોગ મળી જતાં આ વિશાળ - મહાન અને જૈનદર્શનના પાયાના ગ્રંથના અનુવાદને પ્રકાશિત કરી રહ્યા છીએ.

ગ્રંથ સંપાદનના કાર્યમાં ઉપકારક બનનારા પૂજય પંન્યાસપ્રવરશ્રી **વજ્રસેનવિજયજી મહારાજ** આદિ સર્વે પૂજયો તથા ભરત પ્રિન્ટરીવાળા **કાન્તિલાલ ડી. શાહ** આદિનું આ તકે અમે ખૂબ-ખૂબ બહુમાનભાવે હાર્દિક આભાર માનીએ છીએ.

વ્યાખ્યાન આદિમાં પણ અત્યંત ઉપયોગી આ ગ્રંથરત્નનો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપયોગ કરીને ગ્રંથકાર પૂજયોની ભાવના અને પરિશ્રમને સફળ કરે એજ શુભભાવના....!

**- ભદ્રંકર પ્રકાશન**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

આત્મા... સંસારચક્રમાં ભ્રમણ કરી રહ્યો છે. તે ભ્રમણને અટકાવવાનો એકમાત્ર ઉપાય છે. સમ્યક્ દર્શનની પ્રાપ્તિ. બસ... સમ્યક્ત્વ થાય એટલે જીવ વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તનકાળની અંદર સર્વ કર્મથી મુક્ત બની સિદ્ધિગતિને પામવા સદ્ભાગી બને છે.

એ સમ્યક્દર્શન - સમ્યક્ત્વ કે સમકિત શું છે તેનું વિશદ સ્વરૂપ ભગવાન **હરિભદ્રસૂરિ મહારજાએ** બનાવેલા આ ગ્રંથની ફક્ત ૭૦ ગાથાના ભાવોમાં ભરેલું છે.

દર્શનશુદ્ધિના સ્વરૂપથી પ્રારમ્ભ થયેલા ગ્રંથમાં પ્રથમ ૧ થી ૫ પ્રકારના સમ્યક્ત્વનું નિરૂપણ કર્યું છે. કયું સમ્યક્ત્વ જીવ કેટલીવાર પામે ?, ક્યા ગુણઠાણે કયું સમ્યક્ત્વ હોય ? ઈત્યાદિ.

દરેક સમ્યક્ત્વના સ્વરૂપનું વર્ણન કરીને સમ્યક્ત્વના ૬૭ ભેદોનું વર્ણન, દરેક ભેદનું વિવેચન કરી તેની ઉપર એક-એક દ્રષ્ટાંત આપેલ છે.

ત્યારપછી આ સડસઠ ભેદ જાણવાથી શું લાભ થાય ? તે બતાવી દેવ-ગુરૂ આદિની ભક્તિથી થતો લાભ તે વિષયક દ્રષ્ટાંત આપીને ગ્રંથનો ઉપસંહાર કરવામાં આવેલ છે.

**સમ્યક્ત્વ સપ્તતિઃ** ગ્રંથનો અનુવાદ વિદુષી સાધ્વીજી શ્રી **સૌમ્યજ્યોતિશ્રીજીએ** પૂજ્યોની કૃપાથી ખૂબ જ શ્રમ લઈને તૈયાર કરેલો જેને મહાત્માઓએ કિંમતી સમય આપીને સ્વાધ્યાય સ્વરૂપ આ ગ્રંથના અનુવાદને જોઈ આપ્યો. અને બધુ તૈયાર થઈ જતાં મારે તો ફક્ત પ્રેસમાં મેટર મોકલીને પ્રુફ સેટીંગ કરાવી આપવાનું રહ્યું, એટલે ફક્ત મારા તરફથી તો વ્યવસ્થા જ કરી આપવાનું કાર્ય થયું છે. બાકી તો બધા હકીકતનો શ્રેય-યશ તો ગ્રંથ કર્તા સુરિપુંગવ **શ્રી હરિભદ્રસૂરિ મહારાજા** ટીકા રચયિતા શ્રી **સંઘતિલકસૂરિ મહારાજા** તેમજ પ્રેરક પૂજ્યો, તથા મને મારા દરેક કાર્યમાં સર્વ રીતે સહાયક બનનાર મારા લઘુગુરૂબંધુ **પૂ. હેમપ્રભવિજયજી ગણિવર** તથા અન્ય પણ સહાયક મહાત્માઓ અને અનુવાદકર્તા સાધ્વીવર્યા છે.

**સમ્યક્ત્વ શુદ્ધિ** માટે ઉપકારક આ ગ્રંથના અધ્યયન-અધ્યાપન દ્વારા આત્મનિસ્તારણ કરીએ, એજ.

**- પ્રકાશક**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અનુક્રમણિકા


| વિષય નિર્દેશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| મંગલાચરણ | ૧૧ |
| દર્શનશુદ્ધિનું સ્વરૂપ | ૧૪ |
| એકથી પાંચ પ્રકારે સમ્યક્ત્વનું સ્વરૂપ | ૧૬ |
| જીવ કયું સમકિત કેટલી વાર પામે ? | ૧૮ |
| કયા ગુણઠાણે કયું સમ્યક્ત્વ હોય ? | ૧૯ |
| સમ્યક્ત્વના નિસર્ગાદિ ૧૦ પ્રકાર | ૧૯ |
| ક્ષાયોપશમિક સમ્યક્ત્વનું સ્વરૂપ | ૨૦ |
| ક્ષાયિક સમ્યક્ત્વનું વર્ણન | ૨૧ |
| સમ્યક્ત્વશુદ્ધિના વિષયમાં આરામનંદનની કથા | ૨૨ |
| સમ્યક્ત્વના સડસઠ ભેદો | ૪૧ |
| પરમાર્થસંસ્તવ નામની પહેલી શ્રદ્ધાના વિષયમાં જિનદાસ શ્રાવકનું દૃષ્ટાંત | ૪૫ |
| ગીતાર્થ ગુરૂની સેવા વિશે પુષ્પચૂલા સાધ્વીજીનું દૃષ્ટાંત | ૪૮ |
| વ્યાપન્નદર્શન વર્જન વિષયમાં રોહગુપ્તની કથા | ૫૪ |
| ૩૬૩ પાખંડીઓનું સ્વરૂપ | ૫૭ |
| કુદર્શન વર્જન વિષયમાં વૈશ્રમણની કથા | ૫૯ |
| આગમ શુશ્રૂષારૂપ પ્રથમ લિંગના વિષયમાં સુદર્શન શ્રેષ્ઠીની કથા | ૭૯ |
| ધર્મરાગરૂપ બીજા લિંગના વિષયમાં આરોગ્યદ્વિજનું દૃષ્ટાંત | ૮૩ |
| દેવ-ગુરૂની વૈયાવચ્ચરૂપ ત્રીજા લિંગના વિષે આરામશોભાની કથા | ૮૫ |
| વિનયની પ્રરૂપણા | ૯૯ |
| દશ પ્રકારે વિનયનું સ્વરૂપ | ૧૦૧ |
| ભક્તિ આદિ પાંચ પ્રકારે સંક્ષેપથી વિનય અને તેનું ફળ | ૧૦૩ |
| જઘન્ય - મધ્યમ - ઉત્કૃષ્ટ આશાતના | ૧૦૪ |
| અરિહંતાદિ દશ પ્રકારના વિનય વિષયમાં ભુવનતિલક સાધુની કથા | ૧૦૬ |
| મનશુદ્ધિ વિષે નરવર્મ રાજાનું દૃષ્ટાંત | ૧૧૧ |
| વચનશુદ્ધિ વિષે ધનપાલ પંડિતનું દૃષ્ટાંત | ૧૧૬ |
| કાયશુદ્ધિને વિષે વજ્રકર્ણરાજાનું દૃષ્ટાંત | ૧૩૦ |
| શંકાદોષને વિષે અષાઢાભૂતિનું દૃષ્ટાંત | ૧૩૬ |
| કાંક્ષાદોષ વિષે જિતશત્રુરાજા અને મતિસાગર મંત્રીનું દૃષ્ટાંત | ૧૪૧ |
| મુનિજન વિષે જુગુપ્સા વિષયક શુભમતિની કથા | ૧૪૪ |
| મિથ્યાદૃષ્ટિ પ્રશંસામાં ભીમકુમારની કથા | ૧૪૯ |
| મિથ્યાદૃષ્ટિ પરિચય રૂપ પાંચમા દોષ વિષે સુરાષ્ટ્રવાસિશ્રાવકનું દૃષ્ટાંત | ૧૫૯ |
| પ્રાવચનિક પ્રભાવક અને ધર્મકથિક પ્રભાવક ઉપર વજ્રસ્વામિની કથા | ૧૬૧ |




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| વિષય નિર્દેશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| વાદી પ્રભાવક વિષયક મલ્લવાદિની કથા | ૧૭૨ |
| નૈમિત્તિક પ્રભાવકના વિષયમાં શ્રી ભદ્રબાહુસ્વામીની કથા | ૧૭૭ |
| તપસ્વી પ્રભાવક વિષયમાં વિષ્ણુકુમારની કથા | ૧૮૨ |
| વિદ્યાપ્રભાવકના વિષયમાં આર્ય ખપુટાચાર્યની કથા | ૧૮૮ |
| સિદ્ધ પ્રભાવકના વિષયમાં શ્રી પાદલિપ્તાચાર્યની કથા | ૧૯૫ |
| કવિપ્રભાવકના વિષયમાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિની કથા | ૨૦૪ |
| પ્રભાવકોનું સામાન્ય લક્ષણ | ૨૧૫ |
| જિનશાસનની પ્રભાવનાના વિષયમાં રત્નશ્રાવકની કથા | ૨૧૬ |
| સમ્યક્ત્વના પાંચ દેદીપ્યમાન ભૂષણો | ૨૨૨ |
| જિનશાસનમાં કુશલતાના વિષયમાં શ્રી ઉદાયિરાજાનું દૃષ્ટાંત | ૨૨૩ |
| સંવિગ્નના ૭૨ સ્થાનો | ૨૨૮ |
| તીર્થસેવાના વિષયમાં નાગદત્તની કથા | ૨૩૦ |
| ભક્તિરાગના વિષયમાં બાહ્ય-અભ્યંતર રૂપ કામિનીની કથા | ૨૩૬ |
| સમ્યક્ત્વમાં સ્થિરતા વિષે સુલસાની કથા | ૨૩૯ |
| જિનશાસનની ઉન્નતિરૂપ પ્રભાવનાના વિષયમાં સિંહરાજનું દૃષ્ટાંત | ૨૪૪ |
| સમકિતના પાંચ લક્ષણ | ૨૪૯ |
| ઉપશમના વિષયમાં મેતાર્યમુનિનું દૃષ્ટાંત | ૨૫૦ |
| સંવેગના વિષયમાં દવદંત રાજર્ષિનું દૃષ્ટાંત | ૨૫૭ |
| નિર્વેદના વિષયમાં હરિવાહન રાજાની કથા | ૨૫૯ |
| અનુકંપાના વિષયમાં જયરાજની કથા | ૨૬૯ |
| આસ્તિકતા લક્ષણને વિષે પદ્મશેખર રાજાની કથા | ૨૭૪ |
| છ પ્રકારની યતના | ૨૭૭ |
| પહેલી બે યતનાના વિષયમાં સંગ્રામસૂરનું દૃષ્ટાંત | ૨૭૭ |
| છેલ્લી ચાર જયણાના વિષયમાં મંત્રીતિલકની કથા | ૨૮૩ |
| છ આગારનું સ્વરૂપ | ૨૯૧ |
| છ આગારોના વિષયમાં મૃગાંકલેખાનું દૃષ્ટાંત | ૨૯૪ |
| સમ્યક્ત્વની છ ભાવનાઓ | ૩૧૨ |
| છ ભાવનાના વિષયમાં ચંદ્રલેખાની કથા | ૩૧૪ |
| સમ્યક્ત્વના છ સ્થાનનું સ્વરૂપ | ૩૨૩ |
| સમ્યક્ત્વના ષટ્સ્થાનના વિષયમાં નરસુંદર રાજાની કથા | ૩૨૪ |
| સકલ શાસ્ત્રના સારના સંગ્રહનું કારણ બતાવે છે | ૩૩૫ |
| સમ્યક્ત્વના ૬૭ ભેદો જાણવાથી શું ફળ ? | ૩૩૫ |
| દેવ-ગુરૂ આદિની ભક્તિના વિષયમાં સુંદરશ્રેષ્ઠીની કથા | ૩૩૬ |
| ઉપસંહાર | ૩૪૩ |
| પ્રશસ્તિ | ૩૪૪ |


For Private and Personal Use Only

ॐ ह्रीँ अर्हम्

श्रीमद्रुद्रपल्लीयसङ्घतिलकाचार्यविरचितवृत्तियुता

श्रीमद् हरिभद्रसूरि प्रणीता

# श्री सम्यक्त्व सप्ततिः

## મંગલાચરણ

*सच्चामीकरबन्धुरोद्धुरतरस्कन्धस्फुरद्दोर्लतः,*
*प्रोद्यत्कुन्तलकान्तकान्तिलहरीस्वच्छाश्मगर्भच्छदः ।*
*दन्तोद्योतसुजातमौक्तिकसुमः स्वेच्छानुरुपं फलन्,*
*कल्पद्रुर्वृषभप्रभुर्विजयते व्याख्यासु साक्षादिव ।। १ ।।*

**શ્લોકાર્થ :-** સાચા સુવર્ણ જેવા મનોહર ઉંચા સ્કંધને વિશે સ્ફુરાયમાન થતી બાહુરૂપી લતાવાળા, લાંબા વાળની મનોહર કાન્તિની લહરીઓ વડે નિર્મળ નીલમણિરૂપી પાંદડાવાળા દાંતના પ્રકાશ વડે જાણે ઉત્તમ પ્રકારના મોતીરૂપ પુષ્પવાળા, સૌને પોત-પોતાની ઇચ્છાને અનુરૂપ ફળ આપનારા કલ્પવૃક્ષ સમાન **શ્રી ઋષભદેવ પ્રભુ** જાણે સાક્ષાત્ હોય એમ આ ટીકામાં વિજય પામે છે. ॥ ૧ ॥

*उर्व्यामुर्व्यस्ति भीतिर्मम मृगपतितस्तत्किमाकाशदुर्ग्गे,*
*चन्द्रं सेवे न तत्रापि हि भयमधिकं सैंहिकेयग्रहान्मे ।*
*इत्थं ध्यात्वा मृगो यत्क्रमकमलयुगं स्वान्यरक्षातिदक्षं,*
*कक्षीचक्रेऽङ्कदम्भात्स भवतु भविनां शान्तये शान्तिनाथः ।।२।।*

શ્લોકાર્થ :- પૃથ્વી ઉપર મને સિંહથી ઘણો ભય છે તો શું આકાશદુર્ગમાં ચંદ્રને સેવું ?.... ના... ત્યાં પણ ખરેખર ! રાહુ ગ્રહથી મને અધિક ભય છે. આમ વિચારીને પોતાની અને અન્યની રક્ષામાં દક્ષ એવા જેમના બે ચરણકમલને હરણે લાંછનના બહાને સ્વીકાર્યા, તે **શ્રી શાન્તિનાથ ભગવાન** ભવ્ય જીવોની શાન્તિ માટે થાઓ. ॥ ૨ ॥

*येनाकर्णनमात्रतोऽप्यरतिदौ वर्गान्तसंस्थौ नमौ,*
*वर्णौ वीक्ष्य कृपावशादतितरां तद्गौरवाय क्रमात् ।*
*कृत्वाऽयिस्वरसंयुतौ विनिहितौ स्वीयेऽभिधानेऽनघे,*
*स श्रीनेमिजिनेश्वरो भवभृतां देयादमन्दां मुदम् ।। ३ ।।*

**શ્લોકાર્થ :-** 'ન' અને 'મ' આ બે વર્ણો સાંભળવા માત્રથી અરતિ આપનારા તથા વર્ગને અંતે રહેલા છે. એ જોઈને જેમણે અત્યંત કૃપાને વશ થઈ, તેમનું ગૌરવ વધારવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અનુક્રમે તેમને 'એ' અને 'ઈ' સ્વર યુક્ત કરી પોતાના પવિત્ર નામમાં સ્થાપન કર્યા તે **શ્રી નેમિનાથ** ભગવાન સંસારી જીવોને ઘણો હર્ષ આપો. ॥૩॥

***यस्य च्छद्मस्थभावे शठकमठहठोद्वृष्टधाराधराम्भः,***
***संभारेतुङ्गरङ्गद्गुरुलहरिपरिप्लावितक्षोणिदेशे ।***
***मग्नस्याकण्ठपीठं वदनमतितरां स्मेरराजीवशोभा,***
***मङ्गीचक्रे स वामातनयजिनपतिर्वोऽस्तु विघ्नोपशान्त्यै ।।४।।***

**શ્લોકાર્થ :-** છદ્મસ્થપણામાં, શઠ એવા કમઠે બળપૂર્વક ભારે પ્રમાણમાં વરસાવેલા મેઘના પાણીથી ભરપૂર તેમજ ઊંચા ઉછળતા મોટા મોટા તરંગોથી ચારેબાજુ જળમય બની ગયેલ પૃથ્વીતળને વિષે આકંઠ પીઠ સુધી ડૂબેલું જેમનું મુખ અત્યંત વિકસ્વર કમળની શોભાને ધારણ કરે છે એવા શ્રી વામાદેવીના પુત્ર **શ્રી પાર્શ્વનાથ** ભગવાન તમારા વિઘ્નોની શાન્તિને માટે થાઓ. ॥ ૪ ॥

***जन्मस्नात्रमहे महेन्द्रनिकरोदस्तोरुदुग्धाम्बुधि-***
***क्षीरापूर्णसुवर्णकुम्भमुखतो निर्यज्जलश्रेणयः ।***
***लग्ना यस्य तनौ ततश्च कणशो भूत्वाधुनाप्यम्बरे,***
***ताराणां निभ (मिष) तः स्फुरन्ति स जिनः श्रीत्रैशलेयः श्रिये ।।५।।***

**શ્લોકાર્થ :-** જન્માભિષેક મહોત્સવમાં ઈન્દ્ર મહારાજાના સમૂહ વડે ઊંચે પકડેલા વિશાળ અને ખીરસમુદ્રના દૂધથી પૂર્ણ ભરેલા સુવર્ણ કળશોના મુખથી નીકળતી જલશ્રેણીઓ જેમના શરીર ઉપર લાગી અને ત્યારપછી કણ કણ થઈને આકાશમાં પ્રસરી જે તારાના બહાને હજી પણ આકાશમાં સ્ફુરાયમાન થઈ રહી છે એવા શ્રી ત્રિશલાના નંદન **શ્રી મહાવીરસ્વામિ ભગવાન** લક્ષ્મીને માટે થાઓ. ॥ ૫ ॥

***योऽब्धिर्लब्धिव्रजस्य प्रमुदितमनसो यं निषेवन्ति भव्या,***
***येनोपात्तं चरित्रं स्पृहयति सुतरामेव यस्मै शिवश्रीः ।***
***यस्मादाविर्बभूव श्रुतमघरहितं यस्य वीरेऽतिभक्ति-***
***र्यस्मिन्नस्ति प्रशस्ता गुणततिरिह स श्रीन्द्रभूतिर्विभूत्यै ।।६।।***

**શ્લોકાર્થ :-** જે લબ્ધિસમૂહના સાગર છે, જેમને હર્ષિત મનવાળા ભવ્ય જીવો સેવે છે, જેમણે ચારિત્ર મેળવ્યું છે, જેમને મોક્ષ-લક્ષ્મી અત્યંત ઈચ્છે છે, જેમના થકી નિષ્પાપ (નિર્દોષ) શ્રુત પ્રગટ થયું છે, જેમની વીરપ્રભુ પ્રત્યે અત્યંત ભક્તિ છે અને જેમનામાં પ્રશસ્ત ગુણોની શ્રેણી છે એવા **શ્રી ઈન્દ્રભૂતિ** આ લોકમાં સમૃદ્ધિ માટે થાઓ. ॥ ૬ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*सिद्धान्तोन्नतिशालिनो नयचयप्रोर्जस्विगर्जाजुष-*
*श्छन्दोव्याकरणप्रमाणसमुहः सौदामिनीमालिनः ।*
*धिन्वन्तो निखिलं धरित्रिवलयं व्याख्यामृतोद्वर्षणैः,*
*श्रीमन्तो गुणशेखराख्यगुरवो नन्दन्तु मेघा इव ।।७।।*

**શ્લોકાર્થ :-** સિદ્ધાન્તમાં ઉન્નતિવાળા (ઉન્નતિ ધરનારા), નયોના સમૂહરૂપી તેજસ્વી ગર્જનાથી યુક્ત, છન્દ-વ્યાકરણ-પ્રમાણ રૂપી તેજવાળી (મોટી) વિજળીની શ્રેણિવાળા, વ્યાખ્યાન રૂપી અમૃતની વૃષ્ટિ વડે આખી પૃથ્વીને પુષ્ટ કરતા મેઘ જેવા **શ્રી ગુણશેખર** નામના ગુરુભગવંત આનંદ પામો. ॥ ૭ ॥

*ढिल्लयां साहिमहम्मदं शककुलक्ष्मापालचूडामणिं,*
*येन ज्ञानकलाकलापमुदितं निर्माय षट्दर्शनी ।*
*प्राकाश्यं गमिता निजेन यशसा साकं स सर्वागम-*
*ग्रन्थज्ञो जयताज्जिनप्रभगुरुर्विद्यागुरुर्नः सदा ।। ८ ।।*

**શ્લોકાર્થ :-** દિલ્હી નગરીમાં મુસ્લિમ કુળના રાજાઓમાં મુગટ સમાન **સાહિ મહમ્મદ**ને જેમણે પોતાની જ્ઞાનકલાના સમૂહ વડે ખુશ કરીને પોતાના યશની સાથે ષટ્દર્શનની પ્રસિદ્ધિ કરાવી છે તેવા સર્વ આગમ ગ્રંથોના જ્ઞાતા - આગમપ્રજ્ઞ - મારા વિદ્યાગુરુ **શ્રી જિનપ્રભસૂરિ** સદા જય પામો. ॥ ૮ ॥

*एतेषां गुणशालिनां पदपयोजन्मद्वयीसेवनात्,*
*सञ्जाताधिगमः स सङ्घतिलकाचार्यो जडोऽप्यञ्जसा ।*
*पूर्वाचार्यकृतेर्विचारचतुरज्ञातार्थसार्थोद्गतेः,*
*सम्यक्त्वाग्रगसप्ततेर्विवरणं कर्त्ताऽस्मि सङ्क्षेपतः ।।९।।*

**શ્લોકાર્થ :-** જડ હોવા છતાં પણ આ ગુણીજનોના બંને પદપંકજની સેવાથી જલ્દીથી પ્રાપ્ત થયેલ બોધવાળો હું તે સંઘતિલકાચાર્ય બુદ્ધિશાળી અને અર્થના સમૂહને જાણનાર પૂર્વાચાર્યની બનાવેલી સમ્યક્ત્વના વિષયમાં અગ્રેસર સપ્તતિનું (૭૦ ગાથાનું) સંક્ષેપથી વિવરણ કરૂં છું. ॥ ૯ ॥

**ટીકાર્થ :-** અહીંયા ખરેખર હેતુ-યુક્તિ-દૃષ્ટાંત દ્વારા દુષ્ટ-શાસન ઉપર પણ જેણે શાસન કર્યું છે એવા શ્રી જિનશાસનમાં, સકલ કર્તવ્યોમાં એકમાત્ર સમ્યક્ત્વ જ પરમ-પદરૂપી સંપત્તિની પ્રાપ્તિનું કારણ છે અને અપાર સંસાર સાગરથી તારનારૂં છે એમ **અરિહંત પરમાત્મા** કહે છે.

વળી **શ્રી ધર્મદાસગણિ**એ પણ કહ્યું છે કે, **"સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવે નરક અને તિર્યંચગતિના દ્વાર બંધ કરી દીધા છે તથા દેવ - મનુષ્યના અને (પરંપરાએ) મોક્ષના સુખો સ્વાધીન કરી લીધાં છે."**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી જ અમૃત સમાન સદુપદેશના સારને પ્રગટ કરનાર, બુદ્ધિ દ્વારા બૃહસ્પતિને હરાવનાર આ પ્રકરણના રચનાર કોઈક પૂર્વાચાર્ય સમસ્ત દુર્મતિઓના મહાદંભનો નાશ કરનાર એવા સમ્યક્ત્વ - સપ્તતિકા નામના આ શાસ્ત્રના પ્રારંભમાં વિઘ્નસમૂહના નાશને માટે પ્રથમ મંગલ કરે છે કારણ કે કલ્યાણકારી કાર્યો બહુ વિઘ્નોવાળા હોય છે, કહ્યું પણ છે, "મોટાઓને (મહાપુરુષોને) પણ કલ્યાણકારી કાર્યોમાં ઘણા વિઘ્નો આવે છે. અકલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો ક્યાંય ભાગી જાય છે." વળી આદિ-મધ્ય-અંતિમ એમ ત્રણ મંગલ શાસ્ત્રોમાં હોય છે. તથા કહ્યું છે, "તે મંગલ શાસ્ત્રની આદિમાં, મધ્યમાં ને અંતે હોય છે. તેમાં પ્રથમ મંગલ શાસ્ત્રના અર્થને નિર્વિઘ્ને પાર પમાડવાને માટે બતાવેલું છે." માટે આ પ્રથમ મંગલ આ શાસ્ત્રસાગરને નિર્વિઘ્ને પાર પમાડવા માટે કરાયું છે.

વળી શિષ્ટ પુરૂષો ખરેખર શુભ પ્રવૃત્તિ કરનારા હોય છે. જે કહ્યું છે કે, "શિષ્ટ પુરૂષોનો આ આચાર છે કે તેઓ દૂષણોનો સારી રીતે ત્યાગ કરી હંમેશા શુભ પ્રયોજનમાં જ પ્રવર્તે છે." તેથી આ ગાથામાં **શિષ્ટ પુરૂષોના સમય (આચાર)ના પ્રતિપાલન** માટે અભિધેય આદિ કહેવાયા છે તથા બુદ્ધિમાન જીવો ફલના અભિલાષવાળા જ હોય છે. કહ્યું પણ છે, "બુદ્ધિમાન પુરૂષો અર્થહીન એવા પ્રયોજનનો દૂરથી જ ત્યાગ કરીને હંમેશા ફલવાન - સાધ્યને વિષે જ તેઓ વ્યક્ત રીતે પ્રવૃત્તિ કરનારા હોય છે." આમ વિઘ્નોના ઉપશમ માટે, શિષ્ટાચારના પાલન માટે અને બુદ્ધિમાન પુરૂષોની પ્રવૃત્તિને માટે ઉચિત - ઈષ્ટદેવતાના નમસ્કાર પૂર્વકની, સંબંધ, અભિધેય - પ્રયોજનને સૂચવનારી એવી **પ્રથમ ગાથા** કહેવાય છે.

**दंसणसुद्धिपयासं, तित्थयरमपच्छिमं नमंसित्ता ।**
**दंसणसुद्धिसरुवं, कित्तेमि सुयाणुसारेणं ॥ १ ॥**

**ગાથાર્થ :- દર્શનશુદ્ધિથી પ્રાપ્ત થયેલા પ્રકાશને ધારણ કરનાર, ચરમ તીર્થંકરને (શ્રી મહાવીર પ્રભુને) નમસ્કાર કરીને, સૂત્રાનુસારે દર્શનશુદ્ધિના સ્વરૂપને હું કહીશ - વર્ણવીશ. ॥ ૧ ॥**

**ટીકાર્થ :-** "**दंसणसुद्धि**" એટલે જેનાથી સમસ્ત પદાર્થસમૂહ યથાવત્ રૂપે = જે રૂપે છે તે રૂપે જણાય તે દર્શન. તે દર્શન સમ્યક્ત્વ મોહનીયકર્મના ક્ષયોપશમથી દેવ - ગુરૂ - ધર્મના સમ્યગ્જ્ઞાનથી ઉત્પન્ન થયેલ શુભ અધ્યવસાયરૂપ છે. આગમમાં પણ કહ્યું છે કે, "સમ્યક્ત્વ મોહનીય કર્મના ઉપશમ-ક્ષયથી ઉત્પન્ન થયેલો જે શુભ આત્મપરિણામ તેને જ **સમ્યક્ત્વ** કહ્યું છે." તેની શુદ્ધિ એટલે કે મિથ્યાત્વ મોહનીય, કષાય - નોકષાય રૂપ કમલનું શુક્લધ્યાન રૂપી જલ વડે પ્રક્ષાલન થવાથી ઉત્પન્ન થયેલી જે નિર્મલતા, તેનાથી ઘાતિકર્મોનો ક્ષય થવાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ રૂપ પ્રકાશ જેને છે એવા પ્રકારના તેમને, કોને ? તો કહે છે કે તીર્થંકરને. જેનાથી સંસાર-સાગર તરી શકાય તે તીર્થ. પ્રવચનના આધારભૂત ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર એ તીર્થ કહેવાય છે. આગમમાં પણ કહ્યું છે કે, "હે ભગવન્ ! તીર્થ એ તીર્થ છે કે તીર્થંકર એ તીર્થ છે ? હે ગૌતમ ! અરિહંતો તો તીર્થંકર જ છે. પણ તીર્થ તો ચાર પ્રકારનો શ્રમણપ્રધાન સંઘ અથવા પ્રથમ ગણધર છે." તે તીર્થને કરે તે **તીર્થંકર** કહેવાય. આવા પ્રકારના ગુણસમુહથી યુક્ત એવા કયા તીર્થંકરને ?... તો કહે છે કે "**अपच्छिमं**"

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે કે આ અવસર્પિણીમાં શ્રી યુગાદિદેવથી માંડીને શ્રી પાર્શ્વનાથ સુધીના ૨૩ તીર્થંકરોની પછી ઉત્પન્ન થયેલા હોવાથી અપશ્ચિમ એટલે જે છેલ્લા છે કારણ કે હવે એમના પછી કોઈ તીર્થંકર થવાના નથી એવા ચરમ - ચોવીશમા તીર્થંકરને, શ્રી સિદ્ધાર્થ રાજાના કુળમાં તિલક સમાન, ત્રિશલામાતાની કુક્ષિ રૂપી છીપમાં ઉત્પન્ન થયેલ મુક્તાફલ (મોતી) સમાન શ્રી **વર્ધમાનસ્વામીને**, અહીં અપશ્ચિમ શબ્દ ચરમવાચી છે તેથી તેનું મંગલાર્થે ઉપાદાન કર્યું છે.

"**નમંસિત્તા**" એટલે નમસ્કાર કરીને = ઉપહાસના ત્યાગપૂર્વક ત્રિકરણ શુદ્ધિથી પ્રણામ કરીને. અહીં પરમાત્માના ચાર અતિશયો જણાવ્યા છે. તે આ રીતે :- "**દર્શનશુદ્ધિપ્રકાશ**" એ વિશેષણ દ્વારા લોકાલોકને જાણવાથી શ્રી મહાવીર પ્રભુનો જ્ઞાનાતિશય બતાવ્યો છે. અને તે દુઃખપૂર્વક નાશ કરી શકાય એવા અંતરંગ-શત્રુના નાશથી જ ઉત્પન્ન થાય છે માટે આ જ વિશેષણથી પ્રભુનો અપાયાપગમાતિશય પણ બતાવેલ છે. "**તીર્થંકર**" આ વિશેષણથી પ્રભુ નિરૂપમ એવા ઉપદેશવચનોની રચના વડે ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે તેથી તે દ્વારા વચનાતિશય જણાવેલ છે. વળી તે તીર્થંકર પ્રભુ જઘન્યથી પણ કરોડો સુર-અસુરો વડે સેવાય છે તેથી આ જ વિશેષણથી પ્રભુનો પૂજાતિશય જણાવેલ છે. તેથી આવા પ્રકારના અતિશયોથી યુક્ત એવા પરમાત્માને નમસ્કાર કરવો તે યોગ્ય છે. આ પ્રમાણે ભાવમંગલ કર્યા પછી ગાથાના ઉત્તરાર્ધ વડે ગ્રન્થના વિષયને (સમ્યગ્દર્શનને) કહે છે.

"**दंसणसुद्धि**" આ શબ્દમાં **दर्शन** = પહેલા વર્ણવેલ સ્વરૂપવાળું સમ્યક્ત્વ. તેની શુદ્ધિ = નિર્દૂષણતા, તેનું ભેદ - પ્રભેદ રૂપ જે સ્વરૂપ. તે **कित्तेमि** = કહીશ, પ્રતિપાદન કરીશ. તે પણ પોતાની બુદ્ધિ વડે નહિ, પણ શ્રુતાનુસાર, સિદ્ધાંતયુક્તિ વડે કરીશ. અહીં વાચ્ય-વાચક રૂપ સંબંધ છે. વાચ્ય પ્રકરણાર્થ છે, વાચક સૂત્ર છે. અભિધેય સમ્યક્ત્વના મૂલ બાર ભેદ અને તેના ૬૭ પ્રતિભેદના સ્વરૂપનું વર્ણન છે. પ્રયોજન બે પ્રકારે છે - પ્રકરણ કરનારનું અને સાંભળનારનું. તે પણ બે પ્રકારે - કર્તાનું પરંપર પ્રયોજન પરમપદ રૂપી લક્ષ્મીની પ્રાપ્તિ અને અપર (અનંતર) પ્રયોજન ભવ્ય જીવોને બોધ દ્વારા અનુગ્રહ કરવાનું છે. શ્રોતાનું પણ પરંપર પ્રયોજન સ્વર્ગ - અપવર્ગ રૂપી આંતરા વગરની લક્ષ્મીની લીલાની લાલસા છે અને અપર (તત્કાળ) પ્રયોજન શાસ્ત્રના તત્ત્વનો બોધ છે. તેથી આવા પ્રકારનું શાસ્ત્ર બુદ્ધિમાનોના ચિત્તને ચમત્કાર કરનારૂં થાય છે. હવે **સમ્યગ્દર્શન**ના સ્વરૂપને કહે છે.

**दंसणमिह सम्मत्तं, तं पुण तत्तत्थसद्दहणरूवं ।**
**खइयं खओवसमियं, तहोवसमियं च नायव्वं ॥ २ ॥**

**ગાથાર્થ :- અહીં દર્શન એટલે સમ્યક્ત્વ. વળી તે તત્ત્વાર્થની શ્રદ્ધારૂપ છે. તે ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક એમ ૩ પ્રકારે જાણવું. ॥ ૨ ॥**

**ટીકાર્થ :-** "**दंसणम्**" જો કે દર્શન શબ્દથી નેત્ર જોવું - વિલોકવું, પરતીર્થિકોનું શાસન વગેરે અર્થ કહેવાય છે તો પણ અહીં શાસ્ત્રમાં મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા શુભ આત્મ-પરિણામ રૂપ સમ્યક્ત્વને જ દર્શન તરીકે અંગીકાર કરાયું છે, કારણ કે તેના વિના સમગ્ર ક્રિયાસમૂહનું આરાધન નિરર્થક છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આગમમાં પણ કહ્યું છે કે, "ચારિત્રથી ભ્રષ્ટ થયેલા જીવે દર્શનને દઢતર ગ્રહણ કરવું જોઈએ. ચારિત્રરહિત જીવો મુક્તિ પામે છે પણ દર્શનરહિત જીવો મુક્તિ પામતા નથી." તેના (સમ્યગ્દર્શનના) પરિપૂર્ણ જ્ઞાનથી ચિદાનંદ પદવી (સિદ્ધિગતિ) જીવને દૂર રહેતી નથી. વળી કહ્યું છે કે "તત્ત્વોના સમ્યગ્જ્ઞાનથી હેય અને ઉપાદેયને જાણનારા જીવો ઉપાદેયને સ્વીકારીને મુક્તિમાં જાય છે." તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જીવે શું શું પ્રાપ્ત કર્યું નથી ? અર્થાત્ બધું જ મેળવ્યું છે. કહ્યું છે કે-

**"સમ્યક્ત્વરૂપી રત્નથી શ્રેષ્ઠ કોઈ રત્ન નથી.**
**સમ્યક્ત્વરૂપી બંધુથી શ્રેષ્ઠ કોઈ બાંધવ નથી.**
**સમ્યક્ત્વરૂપી મિત્રથી શ્રેષ્ઠ કોઈ મિત્ર નથી.**
**સમ્યક્ત્વના લાભથી શ્રેષ્ઠ કોઈ લાભ નથી."**

તે સમ્યક્ત્વનું શું લક્ષણ છે ? તો તેના જવાબમાં કહે છે કે–

**"तं पुणत्ति"** = તે વળી સમ્યક્ત્વ તત્ત્વાર્થ શ્રદ્ધારૂપ છે. કોઈ શંકા કરે કે - શાક્ય, કણભક્ષ, અક્ષપાદ, કપિલ, વેદાંતવાદી, બાર્હસ્પત્યાદિ દર્શનોમાં પણ પ્રમાણભૂત એવા તત્ત્વો છે. પરંતુ તેમની આ શંકા બરાબર નથી કારણ કે સર્વ ભૂતોની જીવોની હિંસા ન કરવી એમ પૂર્વે કહીને પાછળથી તેઓ કહે છે કે એક ગાડું ભરાય એટલા હાડકા વિનાના (એકેન્દ્રિય વગેરે) જીવોના વધમાં એક જ હિંસા છે એમ પૂર્વાપર વિરૂદ્ધ વાક્યોથી અને પરીક્ષામાં અસમર્થપણાથી તેઓનું (તત્ત્વોનું) તત્ત્વાભાસપણું નક્કી થાય છે તેથી પ્રમાણભૂત નથી.

વળી તેઓના શાસ્ત્રમાં કહ્યું છે કે, "પુરાણો[1], મનુએ કહેલ ધર્મ[2], અંગસહિત વેદો[3] અને ચિકિત્સાશાસ્ત્રો[4] આ ચાર આજ્ઞાસિદ્ધ છે તેથી હેતુઓથી તેમનું ખંડન ન કરવું જોઈએ." ખરેખર તત્ત્વ તો તેને જ કહેવાય કે જેને પરીક્ષક લાખો પરીક્ષા કરવા છતાં જાત્યરત્નની જેમ દૂષિત કરવા સમર્થ ન બને. વળી કહ્યું છે કે, "યુક્તિ અને સિદ્ધાન્તથી સિદ્ધ હોવાથી જ તાપ-છેદ-કષની પરીક્ષામાં સુવર્ણની જેમ શુદ્ધ સાબિત થાય તેને તત્ત્વ કહેવાય." આથી જ જિનેશ્વર ભગવંતે સારી રીતે નિરૂપણ કરેલ જીવ-અજીવ આદિ પદાર્થોનું જ્ઞાન રૂપ તત્ત્વ તેના અનંત ધર્માત્મક સ્વરૂપનો બોધ એ તેનો અર્થ છે. અર્થાત્ પદાર્થ અનંત ધર્માત્મક છે. તેનું દ્રવ્ય - ગુણ - પર્યાય વડે, નય - નિક્ષેપા વડે વિસ્તૃત જાણવું તે **તત્ત્વાર્થ. તેમાં "આ જ તત્ત્વ છે"** એમ પરમાર્થવૃત્તિથી શ્રદ્ધાને **નિશ્ચલ કરવી જોઈએ.** આગમમાં પણ કહ્યું છે કે, "આ જિનેશ્વર ભગવાનનું વચન જ અર્થ છે, તે જ પરમાર્થ છે, બાકી બધા અનર્થ છે." આમ આવા પ્રકારનું લક્ષણ છે જેનું તે. (સમ્યક્ત્વ) અને કહ્યું પણ છે કે, "ત્રણે કાળને જાણનારા, ત્રણે જગતના જીવો માટે શરણ્ય એવા જિનેશ્વર ભગવંતોએ જીવાદિ જે પદાર્થો કહ્યા છે, તે પદાર્થોની પરમ-વિશુદ્ધિથી શ્રદ્ધા કરવી તેને **સમ્યગ્દર્શન** કહે છે." અને તે સમ્યક્ત્વ જો કે એક પ્રકારે, બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે, પાંચ પ્રકારે, દશ પ્રકારે છે.

**એક પ્રકારે સમ્યક્ત્વ :-** જીવાદિ પદાર્થોને વિષે તત્ત્વરૂચિ. અર્થાત્ "**तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं**" એવી પરમાર્થ બુદ્ધિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બે પ્રકારે સમ્યક્ત્વ :-** (૧) **દ્રવ્ય - ભાવ** એ બે ભેદથી બે પ્રકારનું સમ્યક્ત્વ છે. તેમાં (શુદ્ધ મિથ્યાત્ત્વપુંજમાં રહેલા) મિથ્યાત્વના શુદ્ધ કરાએલ કર્મદલિકો જ **દ્રવ્યથી સમ્યક્ત્વ** છે અને એ કર્મદલિકોની સહાયથી થયેલ જીવનો તત્ત્વરૂચિરૂપ પરિણામ તે **ભાવથી સમ્યક્ત્વ** છે.

**(૨) નિશ્ચય અને વ્યવહાર :-** નિશ્ચયથી તો જે (મૌન) ચારિત્ર છે તે જ **સમ્યક્ત્વ** છે અને તે **સમ્યક્ત્વ** તે જ (મૌન) ચારિત્ર છે. (આથી આ સમ્યક્ત્વ ચારિત્રીને હોય છે) બીજાઓને નિશ્ચય સમ્યક્ત્વના હેતુભૂત સમ્યક્ત્વના સડસઠ ભેદ રૂપ વ્યવહાર સમ્યક્ત્વ હોય છે.

**(૩) નૈસર્ગિક અને આધિગમિક :-** નિસર્ગ = સ્વભાવ. ઉપદેશ આદિ નિમિત્ત વિના સ્વભાવથી = સ્વાભાવિકપણે પૂર્વભવાદિના સ્મરણ વડે થતું સમ્યક્ત્વ **નૈસર્ગિક** છે. પરના ઉપદેશરૂપ નિમિત્તથી થતું સમ્યક્ત્વ આધિગમિક છે. પરોપદેશના ઉપલક્ષણથી શાસ્ત્રવાંચન, જિનપૂજા, ગુરુવંદન, સુપાત્રદાન વિગેરે નિમિત્તો પણ સમજવા.

**(૪) પૌદગલિક અને અપૌદ્ગલિક :-** ક્ષાયોપશમિકભાવથી થતું સમ્યક્ત્વ પૌદ્ગલિક છે. ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ અપૌદ્ગલિક છે.

**ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ :-** કારક - રોચક અને દીપક એ ત્રણ ભેદથી છે.

**કારક સમ્યક્ત્વ :-** જિનેશ્વરોએ જે જે પ્રમાણે કહ્યું છે તે તે પ્રમાણે સદા કરે તે કારક સમ્યક્ત્વ. (આ સમ્યક્ત્વ વિશુદ્ધ સંયમીને હોય.)

**રોચક સમ્યક્ત્વ :-** સમ્યક્ક્રિયામાં માત્ર રુચિ-પ્રીતિ કરે, પણ ક્રિયા ન કરે તે રોચક સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ **શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા** વિગેરે અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.

**દિપક સમ્યક્ત્વ :-** દિવા પાછળ અંધારાની જેમ મિથ્યાદષ્ટિ, અભવ્ય, દુર્ભવ્ય જીવો **અંગારમર્દકાદિની** જેમ ધર્મક્રિયા કરીને, ધર્મકથા વગેરેથી બીજાને દિપાવે = સમ્યક્ત્વ પમાડે તે જીવમાં દિપક સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ કાર્ય-કારણ ભાવથી જાણવું અર્થાત્ મિથ્યાત્વીનો શુદ્ધ ઉપદેશ બીજાઓના સમ્યક્ત્વનું કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી તે ઉપદેશ **દિપક સમ્યક્ત્વ** છે એમ જાણવું.

**ચાર પ્રકારે સમ્યક્ત્વ :-** તે **ક્ષાયોપશમિક, ઉપશમ, ક્ષાયિક** અને **સાસ્વાદન** એમ ચાર પ્રકારે છે.

**ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :-** પૂર્વે ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય કર્યો. સત્તામાં રહેલા મિથ્યાત્વપુંજ તથા મિશ્રપુંજ રૂપ મિથ્યાત્વનો ઉદય અટકાવ્યો અને વર્તમાનમાં સમકિતપુંજ રૂપે ઉદયમાં આવેલા મિથ્યાત્વના દલિકોમાંથી મિથ્યાસ્વભાવને (= રસને) દૂર કરવા રૂપ ઉપશમ કર્યો. આમ ક્ષય અને ઉપશમ વડે મિશ્રભાવને પામેલા, વર્તમાનમાં વેદાતા અને રસરહિત બનેલા સમ્યક્ત્વ મોહનીય નામના શુદ્ધપુંજરૂપ કર્મનો ઉદય, ક્ષય-ઉપશમયુક્ત હોવાથી તે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** કહેવાય છે. (વિશેષાવશ્યક-શ્લોક-૫૩૨) સિદ્ધાંતકારના મતે સર્વે પ્રથમ પ્રાપ્ત થતું અને કર્મગ્રંથકારના મતે ઉપશમ સમ્યક્ત્વ આવ્યા પછી ત્રણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુંજમાંથી સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી અને મિથ્યાત્વમોહનીયના ઉપશમથી થતું સમ્યક્ત્વ તે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ.**

**ઉપશમ સમ્યક્ત્વ :-** કર્મગ્રંથના મતે સંસારચક્રમાં સર્વ પ્રથમ મિથ્યાત્વ મોહનીયના ઉપશમથી અંતરકરણના કાળમાં પ્રાપ્ત થતું સમ્યક્ત્વ તે **ઉપશમ સમ્યક્ત્વ.**

ઉપશમ શ્રેણિમાં વર્તતા જીવને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે અથવા જેણે ત્રણપુંજ કર્યા નથી અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી તે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે. (વિશેષાવશ્યક શ્લોક - ૫૨૯)

**ક્ષાયિક સમ્યક્ત્વ :** સંસારના કારણભૂત ત્રણેય પ્રકારનું દર્શનમોહનીયકર્મ ક્ષીણ થતાં અવિનાશી, અનુપમ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે. (ધર્મસંગ્રહ શ્લોક - ૮૦૧)

ક્ષાયિક સમકિતીજીવ જો પૂર્વે આયુષ્ય બાંધી દીધું હોય તો અનંતાનુબંધી ચતુષ્ક, દર્શનમોહનીયની ૩ પ્રકૃતિ = દર્શનસપ્તકનો ક્ષય કરી ત્યાં જ રહે છે પણ ક્ષપકશ્રેણિ માંડે નહિ. તે જીવનો ૩ કે ૪ ભવમાં નિયમા મોક્ષ થાય. અને જો પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી **મોક્ષપદ**ને પામે.

**સાસ્વાદન સમ્યક્ત્વ :-** આ સમ્યક્ત્વ ગોળ - ખીરાદિના વમન જેવું છે. ખાધેલા ગોળ કે ખીરની જ્યારે ઉલટી થાય છે ત્યારે તેનો મીઠો સ્વાદ આવે છે. તેમ સમકિતનું વમન કરી મિથ્યાત્વે જતાં વચ્ચે છ આવલિકા સુધી સમ્યક્ત્વનો સ્વાદ આવે છે. સમકિતી જીવ અનંતાનુબંધીના ઉદયે સમકિતમાં ટકી શકતો નથી એટલે ત્યાંથી પડતો મિથ્યાત્વે આવ્યો નથી તે દરમ્યાન સાસ્વાદન સમ્યક્ત્વનો ઉદય હોય છે.

**પાંચ પ્રકારે સમ્યક્ત્વ :-** પૂર્વોક્ત ચાર ઉપરાંત પાંચમો પ્રકાર. વેદક **સમ્યક્ત્વનો** છે.ખંડ ક્ષપકશ્રેણિમાં અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ છ પ્રકૃતિનો સર્વથા ક્ષય થતાં મોહનીય બાવીશ પ્રકૃતિના ઉદયવાળા જીવને સમ્યક્ત્વ મોહનીયને ખપાવતાં ખપાવતાં જે સમયે સંપૂર્ણ દલિકો ખપી જાય તે છેલ્લા સમયમાં તેના દલિકોને ભોગવતી વખતે **વેદક સમ્યક્ત્વ** હોય છે.

| પાંચ સમ્યક્ત્વનો | ઉત્કૃષ્ટકાળ : |
|---|---|
| (૧) ઉપશમ સમ્યક્ત્વનો | ૧ અંતર્મુહૂર્ત |
| (૨) સાસ્વાદન સમ્યક્ત્વનો | ૬ આવલિકા |
| (૩) વેદક સમ્યક્ત્વનો | ૧ સમય |
| (૪) ક્ષાયિક સમ્યક્ત્વનો | સાધિક ૩૩ સાગરોપમ |
| (૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો | સાધિક ૬૬ સાગરોપમ |

**જીવ કયું સમકિત કેટલી વાર પામે ?**

સંસાર પરિભ્રમણ કરતાં ઉત્કૃષ્ટપણે **સાસ્વાદન** તથા **ઉપશમ** સમ્યક્ત્વ પાંચ વાર પામી શકે. વેદક તથા **ક્ષાયિક** સમ્યક્ત્વ એક વાર પામી શકે અને **ક્ષાયોપશમિક** સમ્યક્ત્વ અસંખ્યવાર પામી શકે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કયા ગુણઠાણે કયું સમ્યક્ત્વ હોય ?**

૨ જા ગુણસ્થાનકે સાસ્વાદન સમ્યક્ત્વ હોય. ૪ થી ૧૧ મા ગુણઠાણા સુધી ઉપશમ સમ્યક્ત્વ હોય. ૪ થી ૧૪ મા ગુણસ્થાનક સુધી ક્ષાયિક સમ્યક્ત્વ હોય. ૪ થી ૭ મા ગુણઠાણા સુધી વેદક તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય.

**સમ્યક્ત્વના ૧૦ પ્રકાર**

**(૧) નિસર્ગ રુચિ :** બીજાના ઉપદેશ વિના સ્વયમેવ જિનોક્ત નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર પ્રકારના જીવાદિ પદાર્થોની "જિને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ છે, એમાં કાંઈ ફેરફાર નથી." એવી શ્રદ્ધા કરનાર જીવને નિસર્ગ રુચિ સમ્યક્ત્વ છે એમ કહેવામાં આવે છે.

**(૨) ઉપદેશ રુચિ :** આ જ જીવાદિ પદાર્થોની અન્ય કોઈ છદ્મસ્થના કે કેવલજ્ઞાનીના ઉપદેશથી શ્રદ્ધા કરનાર જીવ ઉપદેશ રુચિ છે.

**(૩) આજ્ઞા રુચિ :** રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાન નબળા બની જવાથી આચાર્ય વગેરેની આજ્ઞાથી જીવાદિ પદાર્થોની રુચિ = શ્રદ્ધા કરનાર જીવ માષતુષ મુનિ વગેરેની જેમ આજ્ઞારુચિ છે.

**(૪) સૂત્ર રુચિ :** સૂત્રને ભણતો જે જીવ આચારાંગાદિ અંગસૂત્રથી કે ઉત્તરાધ્યયનાદિ અંગબાહ્યસૂત્રથી જીવાદિ પદાર્થોનું અવગાહન કરે છે. ઊંડા ઉતરીને સૂક્ષ્મજ્ઞાન મેળવે છે અને એથી સમ્યક્ત્વ પામે છે. તો તે જીવને ગોવિંદ વાચકની જેમ સૂત્ર-રુચિ સમ્યક્ત્વ છે તેમ કહેવાય.

**(૫) બીજ રુચિ :** જે જીવની જીવાદિ કોઈ એક તત્ત્વમાં થયેલી રુચિ (શ્રદ્ધા) જેમ પાણીમાં પડેલું તેલબિંદુ સઘળા પાણીમાં ફેલાઈ જાય છે તેમ બધા પદાર્થોમાં ફેલાઈ જાય. અથવા એક બીજ બીજા અનેક બીજોને ઉત્પન્ન કરે તેમ એક પદાર્થમાં થયેલી રુચિ સઘળા પદાર્થોમાં રુચિ ઉત્પન્ન કરાવે તો તે જીવને બીજ રુચિ સમ્યક્ત્વવાળો જાણવો.

**(૬) અભિગમ રુચિ :** આચારાંગ વગેરે ૧૧ અંગો, ઔપપાતિક વગેરે ઉપાંગો, ઉત્તરાધ્યયન વગેરે પ્રકીર્ણકો અને દૃષ્ટિવાદ = (ચૌદપૂર્વો) રૂપ શ્રુતજ્ઞાનને અર્થથી જાણનાર જીવ અભિગમ રુચિ સમ્યક્ત્વવાળો જાણવો.

**(૭) વિસ્તાર રુચિ :** પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ નયભેદોથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના એકત્વ, પૃથક્ત્વ વગેરે સર્વ પર્યાયોને જાણનાર જીવ વિસ્તાર રુચિ સમ્યક્ત્વવાળો જાણવો.

**(૮) ક્રિયા રુચિ :** દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ, વિનય અને સદ્ભૂત સમિતિ ગુપ્તિની ક્રિયામાં ભાવપૂર્વક રુચિવાળો છે અર્થાત્ દર્શનાચાર આદિ અનુષ્ઠાનોમાં ભાવથી રુચિવાળો છે તે નિશ્ચિત ક્રિયારુચિ સમ્યક્ત્વવાળો છે.

**(૯) સંક્ષેપરુચિ :** જે જિનવચનમાં કુશળ નથી, જે કપિલાદિ મતોનો પણ જાણકાર નથી અને જેણે બૌદ્ધાદિ મિથ્યાદર્શનોનો સ્વીકાર કર્યો નથી તે ચિલાતીપુત્રની જેમ સંક્ષેપથી જ તત્ત્વરુચિને પામનાર તે જીવ સંક્ષેપ રુચિ સમ્યક્ત્વવાળો જાણવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૧૦) ધર્મ રુચિ :** જિનોક્ત ધર્માસ્તિકાય વગેરેના ગતિસહાયકતા વગેરે ધર્મની, અંગપ્રવિષ્ટ વગેરે આગમરુપ શ્રુતધર્મની અને સામાયિક વગેરે ચારિત્રધર્મની શ્રદ્ધા કરનાર જીવ ધર્મરુચિ સમ્યક્ત્વવાળો જાણવો.

આમ સમ્યક્ત્વના ઘણા ભેદો છે તો પણ તેના મુખ્ય ત્રણ ભેદ ગાથાના ઉત્તરાર્ધ વડે બતાવતા કહે છે કે '**खइयन्ति**' = ક્ષાયિક, ક્ષાયોપશમિક તથા ઔપશમિક '**ચ**' સમુચ્ચયના અર્થમાં છે. જો કે અહીં સૂત્રમાં ક્ષાયિકાદિ ક્રમ કહ્યો છે તો પણ જીવને પહેલા ઔપશમિક સમ્યક્ત્વ, ત્યાર પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અને ત્યાર પછી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે તેથી અહીં આદિમાં ઔપશમિક સમ્યક્ત્વનું વર્ણન કરે છે.

તે બે પ્રકારે છે નૈસર્ગિક અને આધિગમિક. ત્યાં નૈસર્ગિક સમ્યક્ત્વ બીજાના ઉપદેશની અપેક્ષા વગર, પૂર્વભવના સ્મરણ આદિ વડે થાય છે અને આધિગમિક સમ્યક્ત્વ પરોપદેશાદિ વડે થાય છે. આથી ઔપશમિક સમ્યક્ત્વની જ ઉત્પત્તિ હવે કહે છે. તે આ પ્રમાણે - કોઈક જીવ અનાદિ કાળથી ગાઢ મિથ્યાદર્શનથી વાસિત, સાંસારિક દુઃખને સુખની જેમ માનતો, કુદર્શનને પણ સદ્દર્શનની જેમ માનતો, નરકાદિ ચાર ગતિમાંથી કોઈ પણ એક ગતિમાં વર્તતો, યથાપ્રવૃત્તિકરણથી, નદી-પાષાણ ઘોલના ન્યાયે અનાભોગથી (આયુષ્ય સિવાય) જ્ઞાનાવરણીયાદિ સાતે કર્મોની અંતઃકોડાકોડિ પ્રમાણ સ્થિતિ કરનાર, પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાનમાંથી કોઈ પણ એક અજ્ઞાનના સાકારોપયોગમાં વર્તતો, મન-વચન-કાયા એ ત્રણ યોગમાંથી કોઈ પણ એક યોગમાં વર્તમાન, તેજોલેશ્યાનો જઘન્ય પરિણામ, પદ્મલેશ્યાનો મધ્યમ પરિણામ, શુક્લ લેશ્યાનો ઉત્કૃષ્ટ પરિણામ એમ એ ત્રણ લેશ્યાના પરિણામમાંથી કોઈ એક લેશ્યા પરિણામમાં વર્તમાન, અશુભપ્રકૃતિના ચતુઃસ્થાનક રસને દ્વિસ્થાનક કરતો અને શુભ પ્રકૃતિના દ્વિસ્થાનક રસને ચતુઃસ્થાનક કરતો, જ્ઞાનાવરણીય - અંતરાય (કુલ-૧૦) દર્શનાવરણીય, ૯ મિથ્યાત્વ, ૧૬ કષાયો, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ એ ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓ (તથા) આયુષ્ય સિવાયની બીજી સંભવિત ભવપ્રાયોગ્ય પ્રકૃતિઓને બાંધતો, અંતર્મુહૂર્ત માત્ર કાળ પ્રમાણ એવા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના વિશુદ્ધિવિશેષોથી વિશેષ શુદ્ધ બનતો અને અપૂર્વ-અપૂર્વતર (એવા) સ્થિતિઘાત-રસઘાત-સ્થિતિબંધ-ગુણશ્રેણીને પ્રવર્તાવતો, કર્કશ, રુઢ, ગૂઢ એવી કર્મગ્રંથિનું ભેદન કરવા અંતરકરણ કરે છે. ત્યાં પહેલી સ્થિતિમાં રહેલો જીવ મિથ્યાત્વના દલિકોને ભોગવતો હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. અંતર્મુહૂર્ત બાદ પ્રથમસ્થિતિ દૂર થતાં અંતરકરણના પહેલા સમયે જ નિસર્ગથી કે અધિગમથી ઔપશમિક સમ્યક્ત્વને પામે છે.

**હવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે :**

જે જીવ અંતરકરણ નથી કરતો તે જીવ પહેલા જ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિ કરણોથી જ મદનકોદ્રવ ન્યાયે પૂર્વોક્ત રીતે જ મિથ્યાત્વદલિકના ત્રણ પુંજ કરે છે (અને) તે રીતે જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને તેનો લાભ થતાં સમ્યગ્જ્ઞાનાદિનો લાભ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હવે ક્ષાયિક સમ્યક્ત્વનું વર્ણન કરે છે :**

મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, ક્ષાયોપશમિકસમ્યક્ત્વ = (સમ્યક્ત્વ મોહનીય), મહાકટુક વિપાકવાળા અનંતાનુબંધી પ્રથમ કષાય ચતુષ્ક, એ (દર્શન સપ્તક)ના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને તે પ્રાપ્ત થતાં જ જીવ તે ભવમાં અથવા ત્રીજા કે ચોથા ભવમાં મોક્ષ પામે છે. પંચસંગ્રહમાં પણ કહ્યું છે કે, "દર્શનસપ્તકનો ક્ષય થયે છતે જીવ ત્રીજા, ચોથા કે તે જ ભવમાં સિદ્ધ થાય છે. જે (ક્ષાયિક સમકિતી જીવ) એક ભવ કરે તો ચરમદેહી ત્રણ ભવ કરે તો વચ્ચે દેવ કે નારકમાં, અને ૪ ભવ કરે તો બીજાભવમાં અસંખ્યવર્ષના આયુષ્યવાળા યુગલિક મનુષ્ય કે તિર્યંચમાં" ઔપશમિક સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શુદ્ધ કરેલા મિથ્યાત્વ પુદ્ગલમય હોવાથી (તે બંને) પૌદ્ગલિક છે. ક્ષાયિક સમ્યક્ત્વ તો અપૌદ્ગલિક છે તેથી મુક્તિમાં = મોક્ષમાં પણ તેનો સંભવ છે. ॥૨॥

**હવે તે સમ્યક્ત્વ કેવા પ્રકારના ગુણવાળા જીવોમાં હોય છે તેને જણાવે છે :**

**अवउज्झियमिच्छत्तो, जिणचेइयसाहुपूअणुज्जुत्तो ।**
**आयारमट्ठभेअं, जो पालइ तस्स सम्मत्तं ॥ ३ ॥**

**ગાથાર્થ :- જે જીવે મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે, જિન, ચૈત્ય, સાધુની પૂજામાં ઉદ્યમવંત છે, વળી દર્શનાચારના આઠ આચારનું જે પાલન કરે છે તેનામાં સમ્યક્ત્વ છે.**

**ટીકાર્થ :-** "अवउज्झिय" अव = સમસ્ત રીતે उज्झितं = ત્યાગ કર્યો છે = મિથ્યાદર્શનાભિનિવેશનો જેણે સમસ્ત રીતે ત્યાગ કર્યો છે એવો તે (જીવ). મિથ્યાત્વ આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક, અનાભોગિક એમ પાંચ પ્રકારે છે. જે કહ્યું છે કે, "આભિગ્રહિક, અનાભિગ્રહિક તથા આભિનિવેશિક, સાંશયિક, અનાભોગ એમ મિથ્યાત્વ પાંચ પ્રકારે છે. ॥ ૧ ॥

"આભિગ્રહિક મિથ્યાત્વ દીક્ષિતોને અને અનાભિગ્રહિક મિથ્યાત્વ બીજાઓને (અન્ય દર્શનવાળાઓને) હોય છે. ગોષ્ઠામાહિલ વગેરેમાં આભિનિવેશિક મિથ્યાત્વ જાણવું."... ॥૨॥

"જિનેશ્વર ભગવંતે કહેલા જીવાદિ તત્ત્વોમાં જે શંકા થાય તે સાંશયિક મિથ્યાત્વ છે. વળી વિકલેન્દ્રિય વગેરે જીવોમાં અનાભોગ મિથ્યાત્વ કહેલું છે." ॥ ૩ ॥

તેથી આવા પ્રકારના મિથ્યાત્વથી વ્યામોહ પામેલા જીવો રાગ-દ્વેષ-મોહથી પરાભવ પામેલા કુદેવોને સુદેવ તરીકે સ્વીકારે છે, અનેક પ્રકારના પરિગ્રહ આરંભ-સમારંભ રૂપી સાગરમાં મગ્ન થયેલા કુગુરુઓને સુગુરુ તરીકે અંગીકાર કરે છે, હિંસારૂપી કિલ્લા પરથી દુષ્ટ દુર્ગતિમાં પાડવામાં કારણભૂત એવા (હિંસાત્મક) કુશાસ્ત્રથી પ્રણિત કુધર્મને પણ સુધર્મ તરીકે જાણે છે. વળી કહ્યું છે કે, "રાગી દેવ, દ્વેષી દેવ, માની દેવ, અજ્ઞાની પણ દેવ છે. મદ્યપાનમાં ધર્મ, માંસભોજનમાં ધર્મ, જીવહિંસાદિમાં પણ ધર્મ છે. વળી રક્ત, મદોન્મત્ત, સ્ત્રીમાં આસક્ત ગુરુ પણ પૂજ્ય છે. હા. હા ખેદની વાત છે કે વિચાર્યા વગર આડું-અવળું ગમે તેમ કરતો મુગ્ધ લોક લુંટાય છે."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી અનંત સંસારરૂપી માર્ગને વિષે પાથેય સમાન આવા પ્રકારના મિથ્યાત્વનો પરિહાર કરવો તે જ શ્રેયસ્કર છે તેથી "**अवोज्झितमिथ्यात्व**" એ વિશેષણ યુક્ત જ છે. હવે "**जिणचेइय**" = રાગાદિ અંતરંગ શત્રુઓને જીતનારા તે જિનતીર્થંકરો... તે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ ભેદથી ચાર પ્રકારે છે. વળી આગમમાં કહ્યું છે કે, "જિનેશ્વર ભગવંતના નામો તે નામજિન છે, વળી જિનેશ્વરની પ્રતિમા તે સ્થાપના જિન છે, જિનેશ્વર ભગવંતનો જીવ તે દ્રવ્યજિન અને સમવસરણમાં રહેલા જિન તે ભાવજિન છે."

"**चैत्यानि**" = ચિત્તને સમાધિ આપનાર જિનભવનો. તે ૧ ભક્તિચૈત્ય, ૨ મંગલચૈત્ય, ૩ નિશ્રાકૃતચૈત્ય, ૪ અનિશ્રાકૃતચૈત્ય અને ૫ શાશ્વતચૈત્યના ભેદથી પાંચ પ્રકારે છે. આગમમાં પણ કહ્યું છે કે, "ભક્તિ ચૈત્ય, મંગલ ચૈત્ય, નિશ્રાકૃત ચૈત્ય, અનિશ્રાકૃત ચૈત્ય અને શાશ્વત ચૈત્ય એમ પાંચ પ્રકારના ચૈત્યો જિનેશ્વરોએ કહેલા છે." ॥ ૧ ॥

"સિદ્ધાંતને જાણનારા પુરુષો કહે છે કે, "ઘરમાં જે જિનપ્રતિમા રખાય છે તે **ભક્તિ ચૈત્ય** છે. બારણાની બારશાખ પર જે પ્રતિમા રખાય છે તે **મંગલ ચૈત્ય** છે. ॥ ૨ ॥

જે કોઈપણ ગચ્છને આશ્રિત હોય તે **નિશ્રાકૃત ચૈત્ય** છે. જે ગચ્છાધીન ન હોય પણ સકલ સંઘનું હોય તે **અનિશ્રાકૃત ચૈત્ય** છે અને **શાશ્વત સિદ્ધાયતનો** એમ પાંચ પ્રકારના ચૈત્યો કહ્યા છે." ॥ ૩ ॥

વળી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર વડે જે પરમપદને સાધે તે સાધુ છે. વળી કહ્યું છે કે, "જે દશવિધ યતિધર્મમાં રક્ત છે, શત્રુ-મિત્રમાં, તૃણ-મણિમાં પણ જે સમપરિણામી છે, જીવાદિ તત્ત્વોને જાણનારા છે તેને પરમાત્મા સાધુ કહે છે." આ જિન-ચૈત્ય-સાધુનું દ્રવ્ય-ભાવથી દરરોજ યથાયોગ્ય પૂજન (તેમનું ગૌરવ-આદર-સત્કાર) કરવામાં ઉદ્યમવંત સાવધાન હોય, તેવા પૂજક ભવિક જીવનો જન્મ સફળ થાય છે. વળી કહ્યું છે કે, "જિનેશ્વર ભગવંતના ચરણકમળની પૂજા કરવામાં નિશ્ચલ ચિત્તવાળો, હંમેશા સુપાત્રને દાન આપનારો ગૃહસ્થવાસમાં વસવા છતાં પણ ધન્યવાદને પાત્ર છે. તેનો જન્મ સફળ છે. તે સુકૃતાર્થ છે." ઉપર કહેલા આવા વિશેષણોથી યુક્ત એવો જીવ "**आयारत्ति**" = આચરણમ્ = શુભ ક્રિયાના વ્યાપાર રૂપ આચાર (દર્શનાચાર) તેને "**अट्ठभेयन्ति**" = આઠ પ્રકારે = નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના રૂપ આઠ ભેદો, પ્રકારો છે જેના એવા તે દર્શનાચારના આચારને પાળે છે = સમ્યગ્ રીતે તેને આરાધે છે તેને સુદેવ - સુગુરુ - સુધર્મના સમ્યગ્જ્ઞાનરૂપ સમ્યક્ત્વ હોય છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

જો કે અહીં પ્રકરણમાં પ્રકરણકારે દૃષ્ટાંતો નથી આપ્યા તોપણ સમ્યક્ત્વના અર્થને દઢ કરવા માટે અને ભવ્ય જીવોના અનુગ્રહ માટે યથાયોગ્ય દૃષ્ટાંતો અમે બતાવીશું. ત્યાં પ્રથમ સમ્યક્ત્વશુદ્ધિના વિષયમાં **આરામનંદનકથા** કહેવાય છે. તે આ પ્રમાણે :-

અહીં જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં અર્ધચંદ્રમા સમાન, પૃથ્વીરૂપી સ્ત્રીના ભાલ સમાન ભરત નામનું ક્ષેત્ર છે. ત્યાં જાણે લક્ષ્મીનું ક્રીડાગૃહ ન હોય તેવું લક્ષ્મીપુર નામનું નગર છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે જેના બાહ્ય પ્રદેશમાં સારા ફળવાળા એવા પુંનાગના (જાયફળના) વૃક્ષો છે અને અભ્યંતર પ્રદેશમાં શ્રેષ્ઠ પુરૂષો છે. ત્યાં શત્રુઓના પરાક્રમને જીતનારો વિક્રમ નામનો રાજા હતો કે જેના પ્રતાપથી જીતાયેલો સૂર્ય આજે પણ આકાશને સેવે છે. તેની કૃપારૂપી આવાસમાં નિર્વિવાદપણે રહેનારા ચાર ઉપાયના જેવા ચાર વણિક ભાઈઓ હતા. પ્રથમ **વિમલબુદ્ધિ** નામે, બીજો **બુદ્ધિસાગર,** ત્રીજો **સુબુદ્ધિ** ને ચોથો **વિશાલબુદ્ધિ** નામે હતા. વિશાલબુદ્ધિ નામના ભાઈને પોતાના પ્રાણથી પણ અતિપ્રિય, મુખથી જીતી લીધી છે કમળની શોભા જેણે એવી **પદ્મશ્રી** નામની પ્રિયા હતી. હવે એકવાર તે જ્યેષ્ઠ (જેઠની) પત્નીઓના (જેઠાણીઓના) પુત્રોના વર્ષે-વર્ષે ઉજવાતા જન્મ-વિવાહાદિ મહોત્સવને જોઈ વિચારવા લાગી કે, "આ બધામાં હું અધન્યા છું કેમ કે - એક પણ પુત્ર મારે નથી જેનાથી મંદભાગી એવી મારા મનોરથો પૂર્ણ થાય. તેથી પુત્રના અભાવથી દુઃખ પામેલી એવી પદ્મશ્રી હંમેશા ગૃહઉદ્યાનમાં જઈને અત્યંત રૂદન કરતી હતી. રડતી, સુંદર દાંતવાળી એવી તેણીની પાસે ત્યારે કોઈ એક વાંદરી આવીને જાણે તેના દુઃખે દુઃખી થઈ હોય તેમ પૂછે છે, "હે સખિ ! તું શા માટે રડે છે ?" ત્યારે પદ્મશ્રીએ કહ્યું, "હે સખિ ! કલાવાન એવા ચંદ્રમાને પણ જેમ કલંક છે તેમ મારી પાસે સમગ્ર કલા હોવા છતાં વંધ્યાપણાનું કલંક મને પીડે છે." તેથી તેની ઉપર દયા આવવાથી મહારણ્યમાંથી મહૌષધિ લાવીને વાંદરીએ તેને આપી અને આ પ્રમાણે કહ્યું, "હે સખિ ! ઋતુસ્નાતા સમયે પાણીમાં પીસીને આ મહૌષધિનું પાન કરવાથી તને ગર્ભ રહેશે." ત્યારે પદ્મશ્રીએ કહ્યું, "જો આ તારી ઔષધિના પ્રભાવથી મને પુત્ર થશે તો હે સખિ ! તને મારો નવસેરો હાર આપીશ." પછી પદ્મશ્રીએ પૂછ્યું કે, "તું માનવભાષામાં શી રીતે બોલે છે ?" ત્યારે તે વાંદરી બોલી કે, "નિર્દોષ એવી વાનરીવિદ્યાના બળે બોલું છું."

હવે પદ્મશ્રીએ પોતાના આવાસમાં આવીને ઋતુસ્નાનાવસરે આનંદપૂર્વક દેવ જેમ અમૃતનું પાન કરે તેમ ઔષધિનું પાન કર્યું. તેના પ્રભાવથી તેને ગર્ભ રહ્યો. તેણે પૂર્ણ માસે તેણીએ દુઃખથી વાંદરાને જન્મ આપ્યો. અહો ! વિધિની કેવી વિડંબના ! પછી પ્રસૂતિ કરનારીના મુખથી વાંદરાનો જન્મ જાણી દુઃખથી તે મૂર્ચ્છા પામી અને છેદાયેલી વેલડીની જેમ જમીન ઉપર પડી. શીતોપચારથી કાંઈ ચેતનાને પામી અહો ! કેવું ભાગ્ય ! એમ બોલતી તેણીએ શરીરના મલની જેમ ગૃહોદ્યાનમાં તે વાંદરાને છોડી દીધો. ત્યાર પછી તે વાંદરી જન્મેલા તે વાંદરાને લઈ ગઈ અને બોલી કે, "ગૂઢગર્ભા એવી મને હાલમાં પ્રસૂતિ થઈ છે. હાલમાં તેવા પ્રકારનું (મારા) સ્તનમાં દૂધ નથી તો તેના (સ્તનપાન) વિના આ બાળક મરી જશે" એમ કહીને તેણે બીજી સખી વાંદરીઓ પાસે બાળક એવા વાંદરાને સ્તનપાન કરાવ્યું.

ફરીથી તે જ ગૃહોદ્યાનમાં આવીને તે વાંદરીએ કરૂણ રૂદન કરતી પદ્મશ્રીને જોઈને કહ્યું, "હે સખિ ! તું રડીશ નહિ. મારી વાત સાંભળ. વંધ્યા એવી મેં જ મારા સ્વાર્થથી તારા દ્વારા આ પ્રથમ વાનર પુત્ર ઉત્પન્ન કરાવ્યો છે. હાલમાં માનવપુત્ર આપનારી બીજી મૂલિકાને આપું છું તે તું ગ્રહણ કર. ખરેખર ! જિનેશ્વર ભગવંતની વાણીની જેમ આમાં સંશય કરવા યોગ્ય નથી. ફરીથી તેના વચનમાં વિશ્વાસને પામેલી, પ્રશસ્ત એવી તે વણિકપ્રિયાએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાની જેમ મૂલિકાના પાનથી (વનસ્પતિ વિશેષ) ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. વિશાલબુદ્ધિએ આનંદપૂર્વક મહાન મહોત્સવ કરી તે બાળકનું **"આરામનંદન"** એવું નામ પાડ્યું. બગીચાની માલણો વડે પાણીથી સિંચન કરાતા વૃક્ષની જેમ ધાત્રીઓ વડે લાલન-પાલન કરાતો તે ક્રમથી વૃદ્ધિને પામ્યો. ઉપાધ્યાય પાસેથી ભણેલી કલાઓ જેમ સ્પર્ધા કરતી હોય તેમ યૌવન રૂપી લક્ષ્મીનો તેણે આશ્રય કર્યો. રાજહંસી જેમ માનસ સરોવરનો આશ્રય કરે તેમ હવે ધરણેન્દ્રની જેમ માતા-પિતા વડે કરાયેલા મહામહોત્સવપૂર્વક **પદ્માવતી**ને પરણ્યો. ઇન્દ્ર જેમ ઇન્દ્રાણીની સાથે તેમ આરામનંદન તેની સાથે સ્થિર ભોગો ભોગવતા સમય પસાર કરવા લાગ્યો.

આ બાજુ સુસ્વામિની જેમ વસંતઋતુ વડે આનંદિત કરાયેલી સકલ પ્રજાને વ્યથા પમાડવા માટે કુમંત્રીની જેમ પ્રચંડ ગ્રીષ્મઋતુ આવી. તે અવસરે સૂર્યનારાયણ લલાટને તપ્ત કરી રહ્યા છે એવા સમયે નર્મદાના જળમાં ક્રીડા કરવા માટે આરામનંદન પ્રિયા સાથે ગયો. તે બંને જળક્રીડા કરતા હતા ત્યારે પદ્માવતીએ નદીના જળમાં હંસની જેમ તરતું, એક પુષ્પનું કંચુક (બ્લાઉઝ) જોયું. અને તેણે કહ્યું, "હે નાથ ! જુઓ... જુઓ. નર્મદાના જળને સુગંધી બનાવતું આ પુષ્પનું કંચુક કેવું પ્રવાહની મધ્યમાં જઈ રહ્યું છે ? તેથી હે જીવેશ ! તે મને લાવીને આપો. તેને પહેરવાને માટે મારું મન ઉત્કંઠિત થયું છે. હે પ્રિયે ! અગાધ જળમાં જતાં તેને કેવી રીતે ગ્રહણ કરી શકાય ? આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તેણીએ કહ્યું, "જો મને નહીં લાવી આપો તો મારે મૃત્યુનું શરણ હો." બાળકોની અને સ્ત્રીઓની હઠ દુઃખે કરીને નિવારી શકાય છે એમ વિચારીને તેને ગ્રહણ કરવાની ઈચ્છાથી તે એક નાવડીમાં બેઠો. જેમ જેમ તેની પાછળ શ્રેષ્ઠિપુત્ર જવા લાગ્યો તેમ તેમ તે કંચુક પણ આગળ જવા લાગ્યું. આ પ્રમાણે સ્પર્ધા વડે તે બન્ને આગળ જતા હતા તેવામાં રાત્રિ થઈ ગઈ. ત્યારે તે કંચુક પણ જાણે થાકી ગયો હોય તેમ ક્ષણમાત્ર થંભી ગયો.

જેટલામાં આરામનંદને તેને ગ્રહણ કરવા હાથ લાંબો કર્યો તેટલામાં તો તે કંચુકને શિર પર ધરનારી કોઈ સ્ત્રી જળમાંથી બહાર નીકળી. અહો ! અકસ્માત્ આ સ્ત્રી કેવી રીતે પ્રગટ થઈ ? એ પ્રમાણે વિચારતો, વિસ્મય પામેલો આરામનંદન ક્ષણવાર ત્યાં રહ્યો. કૌતુકને જોઉં તો ખરો કે આ સ્ત્રી અહીંથી ક્યાં જાય છે એમ વિચારી નાવિક અને નાવને છોડીને આરામનંદન તેની પાછળ ચાલવા લાગ્યો. તેણી પણ જલ્દીથી નદીના કિનારા ઉપર રહેલા કાલિકાદેવીના મંદિરમાં ગઈ. અને તેને અનુસરતાં આરામનંદન પણ ત્યાં ગયો. તેણીએ તે કંચુક દેવીને પહેરાવ્યું અને કહ્યું, **"મારું કલ્યાણ કરનારી થાઓ"** એમ કહી દેવીને નમસ્કાર કર્યો. પછી તે સ્થાનથી નીકળીને તે સ્ત્રી ક્યાંક ગઈ. આરામનંદને પણ આ દેવીનું નિર્માલ્ય છે એમ વિચારી તે કંચુક ગ્રહણ કર્યો. તે લાભથી હર્ષ પામેલો જેટલામાં તે નદી કિનારે આવ્યો તેટલામાં તો ત્યાં નાવ તથા નાવિકને પણ ના જોઈ.

અહીં તહીં ભમતો એવો તે નાવિકને મોટેથી બૂમ પાડવા લાગ્યો. પછી તેના કાંઈ સમાચાર ન મળતાં તે મનમાં આ પ્રમાણે ચિંતવવા લાગ્યો, "અહો ! દુષ્ટ એવો તે દુર્જનની જેમ મને મૂકીને ક્યાંય ચાલ્યો ગયો. પૂર્ણ ઈચ્છાવાળો એવો પણ હું હવે રાત્રિના સમયે ક્યાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાઉં ?" ત્યારપછી ભયભીત થયેલો તે કોઈ નગરની બહારની પરબડીમાં સૂઈ ગયો. અને (આ બાજુ) કેટલાક ચોરો ભટકતા ભટકતા ત્યાં આવ્યા. એમાંથી એક બોલ્યો કે, "પુષ્પની સુગંધથી અનુમાન કરાય છે કે કોઈ ભોગી પુરુષ પ્રિયાની સાથે અહીં સુતેલો લાગે છે. તેથી સજ્જ થઈને વૃંદ સાથે તે પુરુષને ગ્રહણ કરો જેથી આજે ઈષ્ટ લાભની પ્રાપ્તિથી આપણી રાત્રિ સફળ થાય. આ પ્રમાણે વિચાર કરીને ચોરો અંદર જઈ તેને શોધવા લાગ્યા અને ધનની પ્રાપ્તિ ન થવાથી તે કંચુકને લઈને જલ્દીથી નીકળી ગયા.

હવે સૂર્યોદય થતાં સૂતેલો આરામનંદન ઊઠ્યો અને તેના જીવિતની જેમ કંચુક ન મળતાં તે મહામોહને (મૂર્છા) પામ્યો, મૂર્ચ્છા દૂર થતાં પછી નિઃસાસા નાંખતો તે પરબડી આદિ સ્થાનોમાં કંચુકને શોધવા લાગ્યો પણ ક્યાંય તેનો પત્તો લાગ્યો નહિ." તેના વિના હું પત્નીને મુખ કેવી રીતે બતાવીશ ? વળી તે કંચુક સુગંધથી કલ્પવૃક્ષના પુષ્પોનો બનેલો હોય તેમ જણાય છે તેથી તે સેંકડો વર્ષે પણ કરમાય તેમ નથી તેથી તેની પ્રાપ્તિ માટે પુર - ગ્રામ-ઉદ્યાનમાં શોધખોળ કરું." આમ વિચારી તે આરામનંદન નંદનવન જેવા વન વડે શોભિત **રમાનિલયપત્તન**ે આવ્યો.

સ્વર્ગ સમાન તેની શોભાને જોતો જોતો તે શ્રેષ્ઠિપુત્ર **આરામનંદન** આકાશને સ્પર્શતા એવા ઉત્તુંગ જિનમંદિરમાં જિનેશ્વરોને વંદન કરવા ગયો. ત્યાં પૂર્વે આવેલ સાગર શ્રેષ્ઠિએ અનેક પ્રકારની સ્તવના વડે આનંદથી દેવોને વંદન કરતા આરામનંદનને જોયો. દેવવંદનની પૂર્ણાહુતિ થતાં સાગરે તેને કહ્યું, "હે સાધર્મિક ! તને નમસ્કાર થાઓ. મારા આવાસમાં પધારો." ત્યાર પછી ઘેર લઈ જઈને સાગરે આરામનંદનને સ્નાન પૂર્વક ભોજન કરાવ્યું અને આ પ્રમાણે કહ્યું કે, "પુત્રની જેમ મારી લક્ષ્મીને ભોગવ." એટલે તે પણ આ સાગરના ઘરમાં પિતાના ઘરની જેમ રહ્યો. તેટલામાં તો ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપથી તપેલી ધરતીને શીતલ કરવા માટે વર્ષાઋતુ આવી. જેમાં ભૂમિ અત્યંત અપશુકનવાલી, નદી મલિન (પાણીવાળી) અને મેઘમાલા શ્યામ થઈ છે પણ લોકો એવા નથી થયા. તેવા સમયે શ્રી લક્ષ્મીધર રાજાનો પટ્ટહસ્તિ સરોવરમાં પાણી પીને પાછા ફરતાં કાદવમાં ખૂંપી ગયો. મહાવતો, મહામાત્યો, પૌરજનો અને રાજા વડે ઘણા ઉપાયો કરાયા છતાં હાથી કાદવમાંથી બહાર કાઢી શકાયો નહિ. "જે કાદવમાંથી આ હાથીને બહાર કાઢી આપશે તેને ઈચ્છિત આપીશ." એમ રાજાએ નગરમાં પડહો વગડાવ્યો. તે સાંભળી બુદ્ધિશાળી આરામનંદને તે પડહો સ્વીકાર્યો. તેથી રાજાના પુરુષો તેને રાજાની પાસે લાવ્યા. રાજાને પ્રણામ કરી તે બોલ્યો, "હે રાજન્ ! પટ્ટહસ્તિ બહાર કાઢવામાં સહાયી = સહાય કરનાર, (મારા આદેશને કરનાર) મંત્રીને આદેશ કરો. ત્યારપછી પદ્મશ્રીનો પુત્ર, નરેન્દ્રે આદેશ કરેલા મંત્રીની સાથે ત્યાં ગયો કે જ્યાં પટ્ટહસ્તી ખૂંપી ગયો હતો. ત્યાં કંઠ સુધી ખૂંપેલો, સીત્કાર કરતો, બળ વિનાનો, જાંગુલી મંત્રથી સ્તંભિત સર્પરાજની જેમ સ્થંભિત થયેલા હાથીને તેણે જોયો. પછી મંત્રી દ્વારા કામ કરતાં તેણે તે હાથીની ચારે બાજુ સો હાથ સુધીની ભૂમિ પાકી ઈંટોથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચણી લીધી. **"બુદ્ધિને પણ અગોચર કાર્ય આ કેવી રીતે કરશે ?"** એમ આદરપૂર્વક બુદ્ધિશાળીઓ વડે જોવાતા એવા તેણે મંત્રીને આદેશ કર્યો, કે આ ગજેન્દ્રને બળસંપત્તિ માટે શલ્લકી (વનસ્પતિ વિશેષ) આદિ ભોજન આપો. તેણે પણ તે પ્રમાણે કર્યું. પછી તે આરામનંદને હાથીની ચારેબાજુના સ્થાનને નીક વડે સરોવરમાંથી લવાયેલા જળ વડે જલ્દીથી પૂર્ણ કરાવ્યું પછી બુદ્ધિશાળી એવા તેવો અત્યંત દેદીપ્યમાન શૃંગારવાળી હાથણી હાથી પાસે લાવ્યો. તે હાથણી પોતાની સૂંઢ વડે તે હાથીને ધીમે ધીમે સ્પર્શ કરવા લાગી. શલ્લકીને ખાવાથી બળ પ્રાપ્ત થતાં હવે તે મદોન્મત્ત થયો અને જળથી ભીંજાયેલા કાદવના બંધનમાંથી જલ્દીથી મુક્ત થયો. તે હાથિણીના સ્પર્શથી કામવિકાર ઉત્પન્ન થતાં મહાઉદ્યમવાળો તે હાથી તેની સાથે રમવાની ઈચ્છાવાળો ધીરે ધીરે ઊભો થયો.

"અરે મહાવતો ! પાણીમાંથી ધીમે ધીમે હાથણીને ખેંચો." તેઓએ પણ તેમ કરતાં કામવાસનાથી હાથી પણ તેની પાછળ ચાલ્યો. આકૃષ્ટિ વિદ્યા વડે જાણે ખેંચાતો હોય તેમ તે હાથીને ખેંચતો આરામનંદન લોકોને આશ્ચર્ય પમાડતો ગજશાળામાં લાવ્યો. **"બૃહસ્પતિને પણ જીતી લે એવી આની બુદ્ધિ છે"** એમ આરામનંદનની લક્ષ્મીધર રાજાની પાસે લોકો પ્રશંસા કરવા લાગ્યા.

તેની બુદ્ધિથી રંજિત થયેલા રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો ને પાંચે અંગના આભૂષણાદિ આપી "વર" માંગવા કહ્યું. ત્યારે આરામનંદને સાગર શ્રેષ્ઠિને બોલાવી રાજાને વિનંતિ કરી કે, "હે દેવ ! મારું વરદાન આમને આપો." પછી લક્ષ્મીધર રાજાએ પણ આરામનંદનના વચનથી હર્ષ પામી સાગરશ્રેષ્ઠિને ઉચિત "શ્રેષ્ઠિ" પદવી આપી. આણે રાજા પાસે મને શેઠ પદવી અપાવી તો હું પણ ખરેખર તેને મારી પુત્રી આપી કાંઈક ઋણમુક્ત બનું. એમ વિચારી તે સાગરશ્રેષ્ઠિએ કન્યાનો સ્વીકાર કરવા પ્રાર્થના કરી ત્યારે વનપુત્રે કહ્યું, "તાત ! આગળની પરણેલી મારે પ્રિયા છે. વળી તમને મેં પિતા તરીકે ગણ્યા છે તેથી તમારી કન્યા એ મારી બેન છે.

**"સદ્‌વિચારવાળો પુરુષ ઉન્માર્ગમાં પગલું કેવી રીતે માંડે ?"**

હવે એક વાર સમુદ્રયાત્રા માટે તૈયાર થયેલા વહાણોને જોઈને તેણે (આરામનંદને) સાગરશ્રેષ્ઠિને કહ્યું, "હે તાત ! મને દ્રવ્ય આપો. તેનાથી થતો લાભ પણ તમારે જ ગ્રહણ કરવાનો છે. મને તો ફક્ત જલયાત્રા કરવા જવાનું કુતુહલ જ છે." તેથી સાગરશ્રેષ્ઠિએ તેને એક લાખ ધન આપ્યું.

તે લાખ રૂપિયા દ્વારા તેણે અનેક પ્રકારના ધાન્યો, મધુર દૂધ દેનારી આઠ ભેંસો, સાકર, કપૂર, સોપારી, નાગલતા આદિ પદાર્થો મુશલ, ઉદૂખલ (ખાંડણી) ધાન્યને પિસવા માટે એવા આઠ યંત્રો, તથા રાંધવા માટે થાલીઓ, ભોગોપભોગની સામગ્રી, શસ્ત્રો, શ્રેષ્ઠ વસ્ત્રો, આઠ દાસ, આઠ દાસી, અંગશુશ્રૂષા કરનારી અર્ધવૃદ્ધ એક સ્ત્રી, સાત શઢવાળું ભાડાથી એક વહાણ વિગેરે વસ્તુઓ લીધી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા શ્રેષ્ઠિઓએ પણ બીજા કિનારા પર ઉપયોગી થાય તેવા વિવિધ કરિયાણા વડે વહાણો ભર્યા. આરામનંદને હસતા એવા સર્વે નગરજનોની સમક્ષ ચોખા આદિ પોતાના વાહનમાં ભર્યા. પછી સાગર શ્રેષ્ઠિની રજા લઈ શુભ દિવસે વનપુત્ર વહાણમાં ચઢ્યો. સાથે બીજાઓએ પણ પોતપોતાના વાહનનો આશ્રય કર્યો. શુભ મુહૂર્તે, વાયુ અનુકૂલ થતાં કોલાહલ કરનારા નિર્યામકોએ ઝડપથી વહાણો હંકાર્યા. ધનુષ્યથી છૂટેલા બાણની જેમ વહાણો સમુદ્રમાં ચાલવા લાગ્યા. અને કોઈક અનૂપ નામના મહાદ્વીપે નિર્યામકોએ વહાણ થંભાવ્યા. ત્યાં ઉતરીને તેઓએ દ્વીપ ઉપરના કૂવામાંથી મીઠા જળને પોતાના જીવિતની જેમ ગ્રહણ કરી ભાજનો ભરપૂર ભર્યા. હું પહેલો થાઉં એવું કરનારા લોકોએ વેગથી વહાણોને હંકાર્યા પરંતુ આરામનંદન તો ત્યાં પોતાના ઘરની જેમ રહ્યો. વહાણમાંના વણિકપુત્રોએ કહ્યું કે, “હે શુભમતિ ! હમણાં તું કેમ તારા વહાણને હંકારતો નથી ?” ત્યારે તેણે કહ્યું કે, “મારું શરીર સ્વસ્થ નથી તેથી હું અહીં જ રહીશ, તમે જાવ.” ત્યારે તેઓએ કહ્યું કે, “સાથે આવનાર એવા તમારૂં અમે પાલન કરીશું.” “આ પહેલા હું કદી પણ વહાણમાં બેઠો નથી તેથી વહાણમાં બેસતા મને ચક્કર આવે છે તેથી યુદ્ધમાં કાયર પુરુષની જેમ આગળ જવા માટે મને ઉત્સાહ થતો નથી. અહીંથી આગળ એક પગલું પણ ચાલવા હું સમર્થ નથી માટે તમે જાવ. દયાળુ એવા તમો પાછા વળતાં મને સાથે લઈને જજો.” એમ પ્રેમપૂર્વક કહીને આરામનંદને તે સહુને વિસર્જિત કર્યા. તેઓ પણ ત્યાંથી પ્રસ્થાન કરીને પોતપોતાને જવા યોગ્ય દ્વીપમાં ક્ષેમપૂર્વક ગયા.

હવે ત્યાં પોતાના મહાન લાભને જાણનારા આરામનંદને વાહનમાંથી પોતાના નોકરો દ્વારા બધો માલ-સામાન ઉતરાવ્યો. દ્વીપને ચારે બાજુથી જોઈને પોતાના માટે ઘરો કરાવ્યા. અને તેની નજીકમાં (બહુ દૂર નહિ) દિશા-વિદિશામાં બુદ્ધિશાળી એવા તેણે નોકરોના ઘરો કરાવ્યા. પછી તેણે દાસોને ધાન્ય દળવા માટે પ્રેરણા કરી અને દાસીઓને ચોખા રાંધવા માટે તથા ગાયોને દોહવા માટે પ્રેરણા કરી. રાંધવા આદિની ક્રિયાથી તે દ્વીપ જાણે એક ગામ હોય તેમ જણાતો હતો અને તેઓને ખીર ખાવાથી રોજ શરદપૂર્ણિમા જણાતી હતી.

એકવાર તે સાંજના સમયે સમુદ્રકિનારે ભમીને અને કાંઈક વિચારીને સમુદ્રની ભરતીના સમયે દાસીની પાસે ગરમ રાખ નંખાવી. તે ભસ્મની સુગંધ લેવા માટે જળચર જીવો આવવા ને જવા લાગ્યા. અને ખંજવાળ દૂર કરવા માટે નિર્ભયપણે ત્યાં આળોટવા લાગ્યા. કપૂર આદિથી સુગંધવાળો દહીં અને ભાતનો કરંબો (દહીંભાત) તામ્રપાત્રમાં નાંખી પોતે જાતે ત્યાં મૂકતો. તેથી જળચર જીવો નાસિકાને ઊંચી કરી તેની સુગંધ લેવા માટે કમળ ઉપર જેમ ભમરો આવે તેમ આવવા લાગ્યા. આમ વારંવાર આવતા આરામનંદન પાસે કરંબાને ચાટતા, વિશ્વાસ પામેલા તેઓને કેટલાક દિવસોમાં જ નિર્ભય બનાવ્યા. પછી ધીમે ધીમે પોતાની ગંધને સહન કરાવતો તે જાતે જ હાથમાં થાળી લઈ પુત્રોની જેમ તેમને કરંબો ખવડાવતો હતો. એમાંથી એક બળવાન જળચર પુરુષ લોલુપી હતો. તે બધાથી પહેલા આવી થાળીમાં પોતાનો હાથ નાંખતો. આ અવસરે આરામનંદને પોતાનો હાથ પ્રસાર્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ભાવને જાણતા તેણે (જળચરે) સમુદ્રમાં ઝંપાપાત કર્યો અને (કરંબો ખાવાને આવતા) બીજા બીજા જળચરોને "આજે ખાવાની સામગ્રી નથી" એમ નિવારીને દાંભિક એવો તે, હાથમાં રત્ન લઈને તેની પાસે આવ્યો. આરામનંદનના હાથમાં રત્ન આપીને થાળીમાં રહેલા કરંબાને કંઠ સુધી ખાઈને આનંદથી તેણે પેટ પંપાળ્યું.

તે મહા કિંમતી રત્નને જોઈ આરામનંદન હર્ષ પામ્યો. ખરેખર ! ઉપાય સિદ્ધ થતાં કોણ હર્ષને પામતું નથી ? તે જળચરની ચેષ્ટા જોઈ બીજા પણ મગરમચ્છો સમુદ્રમાંથી રત્નો લાવીને તેને આપીને કરંબો ખાતા હતા. આ ઉપાયથી તેણે ઘણા રત્નો ભેગા કર્યા અને લીલા છાણની અંદર અનુક્રમે એક એક રત્ન નાંખ્યું. તેણે રત્નોવાળા છાણા અને રત્ન વિનાના છાણા એમ બે જાતના છાણાના પોતે અલગ-અલગ ઢગલા કરીને હંમેશા તે તેની રક્ષા કરવા લાગ્યો.

હવે આ બાજુ આરામનંદન પુષ્પકંચુક લેવા માટે નાવમાંથી ઉતર્યો ત્યારે નાવિક નાવને નદીના કિનારા ઉપર બાંધીને સૂતો હતો. નર્મદાના પ્રવાહથી અધિક પ્રેરાયેલી, છેદાયેલા બંધનવાળી તે નાવડી અને નાવિક ભાગ્યયોગે સમુદ્રમાં પડ્યા. જળની ઉર્મિ વડે હણાતી, અનૂપદ્વીપે આવેલી તેને આરામનંદને જોઈ માતાની જેમ નિરખીને તેની સન્મુખ ગયો. ત્યાર પછી ઉતરેલા નાવિકને સ્નેહથી બંધુની જેમ આલિંગન કરીને આરામનંદન પોતાના ઘરે લાવીને શાલી. ચોખાનું ભોજન કરાવ્યું. નાવિકે પોતાનો વૃતાન્ત જણાવ્યો પછી આરામનંદને પણ રત્નની પ્રાપ્તિ સિવાય સર્વ વૃતાન્ત તેની આગળ જણાવ્યો. પછી ધનોપાર્જન કરી તે શ્રેષ્ઠીપુત્રોના વહાણો પાછા વળતાં, પ્રતિજ્ઞા યાદ આવતા ત્યારે જ જલ્દીથી અનૂપદ્વીપે આવ્યા. ત્યાંથી તેઓએ જળ ભરીને પોતાના નગર ભણી જતાં આરામનંદનને આહ્વાન કર્યું. ત્યારે તે પણ આવવા તૈયાર થયો. નાવડી તથા પોતાના વહાણમાં રત્ન વિનાના છાણા તથા રત્નવાળા છાણા અનુક્રમે નોકરો પાસે મૂકાવ્યા. ત્યારે તેઓ બોલ્યા કે, "અરે ! આ શું છે ?" ત્યારે આરામનંદને તેમને કહ્યું કે, હે ભદ્ર ! ઉપાયના અભાવથી અજ્ઞાની એવા મારા વડે ભાણેજની જેમ સાગરશ્રેષ્ઠિનું ઘણું ધન ભક્ષણ (નષ્ટ) કરાયું છે. વળી આ નિર્જન જંગલમાં છોડેલા છાણા શું ઉપયોગમાં આવે ? માટે સાથે જ લઈ જઉં છું." ત્યારે તેઓએ કહ્યું કે, "તું આ બધું છોડી દે, અમારૂં કરીયાણું ગ્રહણ કરીને તારા વહાણમાં જલ્દીથી ભરી લે. અમે તને તેનું ભાડુ આપીશું." આ રીતે તત્ત્વ નહિ જાણનારા તેઓથી હસાતો હોવા છતાં પણ તે પોતાના વહાણમાં ચઢ્યો અને તેઓની સાથે તે પોતાના નગર ભણી ચાલ્યો. જતા એવા વહાણો સમુદ્રના અર્ધે માર્ગે પહોંચ્યા ત્યારે દુષ્ટ ભાગ્યના વશથી પ્રતિકૂલ વાયુ વાવા લાગ્યો. તેનાથી એકદમ જ ખેંચાયેલા, શઢ વગરના થયેલા વહાણો નિર્યામકોએ ધારણ કરવા છતાં મંડલાવર્તમાં પડ્યા. ત્યાં તો વહાણો ભ્રમણ કરવાથી ઘણો સમય વ્યતીત થવાથી સાંયાત્રિકોનું (સાથે યાત્રા કરનારાઓનું) ઈંધન ખૂટવા લાગ્યું તેથી સાંયાત્રિકોએ તેની પાસે છાણાની માંગણી કરી ત્યારે તેણે કહ્યું, "આ છાણા હું નહિ વેચું કારણ કે છાણાથી ખાલી થયેલું વહાણ ડૂબી જાય." પછી છાણાના અભાવે કાચું અન્ન ખાવાથી તેઓના પેટમાં પીડા ઊભી થઈ તેથી ફરીથી તેઓએ કહ્યું કે, "તું ધન લઈને બદલામાં અમને છાણા આપ." તો પણ તેણે આપ્યા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. તેઓમાંથી એક વાચાળ બોલ્યો કે, "અમને તું ઉધાર આપ, પછી પોતાના નગરમાં ગયેલા એવા અમે તેના ચાર ગણા તને આપીશું." ત્યારે તેણે કહ્યું કે, "અહીં તમે જેવા છાણા ગ્રહણ કરો તેવા જ મને આપવાના તેવું સાક્ષીપત્ર મને લખી આપો." અને કાંઈક કરીયાણું મારી પાસે ગીરવે મૂકો કારણ કે વેપાર કરતા વિદ્વાનોએ લજ્જા ન કરવી જોઈએ." તેઓએ પણ તેની વાત સ્વીકારી એટલે આરામનંદને તેઓની પાસેથી જલ્દીથી સાક્ષી ખત લખાવી દીધો. પછી તેણે કહ્યું કે, "વહાણમાં અને નાવડીમાં મારા છાણાઓ છે. તો તમે તમારી ઈચ્છા પ્રમાણે સંખ્યા લખીને છાણા લઈ લો." આળસથી વહાણમાંથી છાણા લાવવાને અસમર્થ તેઓએ નાવડીમાંથી સર્વ છાણા ગ્રહણ કર્યા. ખરેખર ! અજ્ઞાનીઓને ક્યાંથી મતિ હોય ? હવે તેને બાળીને તેની રાખ સમુદ્રના પાણીમાં નાંખતા જડ આશયવાળા તેઓ ખરેખર પોતે ઠગાયા છે એમ જાણતા નથી. વળી તેઓ તેની પ્રશંસા કરવા લાગ્યા કે, જો આની પાસે છાણાનો ઢગલો ન હોત તો આપણે કેવી રીતે પ્રાણ ધારણ કરી શકત ? પછી ભાગ્ય યોગે અનુકૂળ પવન વાવા લાગ્યો. તેથી વાણિયા વેપારીઓએ જલ્દીથી વહાણોને નગર તરફ હંકાર્યા. પોતાના નગર સુધી આવતા સુધીમાં તો છાણાના ઢગલા ખલાસ થઈ ગયા. આમ ક્રમ વડે જતાં હર્ષ પામેલા તેઓ પોતાના નગરની સમીપના સમુદ્ર કિનારે આવ્યા.

કેટલાક વાણિકોએ વહાણમાંથી ઊતરીને સ્વેચ્છાથી શેઠિયાઓને વધામણી આપી. તેઓ પણ મહોત્સવ કરાવવા પૂર્વક સન્મુખ આવ્યા. તેઓએ વેચવા યોગ્ય વસ્તુના ઢગલા સમુદ્ર કિનારે કર્યા. આરામનંદને તો છાણાના ઢગલા કર્યા. તે જોઈ લોકો ખૂબ હસવા લાગ્યા. અને સાગરશ્રેષ્ઠિને સમાચાર આપ્યા કે, "સાગર ! તારો વણિકપુત્ર તો છાણાનું કરિયાણું લઈને આવ્યો છે. અરે ! તમે વધામણી પામો." એમ માણસો પાસે સાંભળી સાગર તેની સમીપે ના આવ્યો. હવે શ્રેષ્ઠિપુત્રો જકાત ઓછી કરાવવાના હેતુથી ઉત્તમ વસ્તુઓ લઈને લક્ષ્મીધર રાજાની પાસે આવી હર્ષથી ભેટણું ધર્યું. જ્યારે રાજાને મળવાની ઈચ્છાવાળો એવો આરામનંદન તો નોકરના માથા ઉપર છાણાથી ભરપૂર ચંગેરી (ટોપલી) લઈને આવ્યો. આ રક્ષક પુરુષે તેને જોયો. તેણે પૂછ્યું, "આ શું છે ?" તે બોલ્યો કે, "આની ભસ્મ રોગનાશક છે." એમ કહી તેને એક છાણું આપ્યું. પછી મંડપમાં ગયો ત્યાં પંચકુલને પાંચ છાણા આપ્યા. આ જોઈ લોકો પણ હસતાં હસતાં તેને વીંટળાઈ વળ્યા. દ્વારપાળે રાજાને તેનું આગમન જણાવ્યું. પછી તે રાજાની પાસે આવ્યો. તેને આવતો જોઈ પૂર્વે આવેલા શ્રેષ્ઠિપુત્રોએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે, "હે વિભો ! આરામનંદનનું વાણિજ્ય ચાતુર્ય તો જુઓ !" આરામનંદને ચંગેરીને આગળ મૂકાવી રાજાને પ્રણામ કર્યા. પછી રાજાએ અપાવેલા આસન ઉપર સિંહની જેમ તે બેઠો. ધનેશ્વરોએ ભેટણારૂપે આપેલા મોતી આદિ વસ્તુઓને જોતા રાજાની દૃષ્ટિ છાણાના સ્થાન પર પડી. આશ્ચર્યથી અને રોષથી રાજાએ કહ્યું, "અરે ! કયા વાણિયાએ મારી આગળ દુષ્પ્રાપ્ય આ ભેટણું ધર્યું છે ?" ત્યારે પ્રતિહારે અંજલિ કરીને કહ્યું કે, "આ આરામનંદને." તેને જોઈને રાજાને હાથીની રક્ષા કરનારી તેની બુદ્ધિ સ્મરણમાં આવી. આવા પ્રકારનો બુદ્ધિશાળી માણસ નિરર્થક ચેષ્ટા કરે નહિ એમ વિચારી રાજાએ હાથમાં એક છાણું ગ્રહણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું.' ત્યારે આરામનંદન ખુશ થયો અને બીજા લોકો હાસ્ય કરવા લાગ્યા. (સહુના જોતાં) રાજાએ છાણું ભાંગવાથી નીકળેલા રત્નને રાજાએ ગ્રહણ કર્યું. રાજાએ બીજા પણ છાણાઓ ભાંગી રત્નના ઢગલાને ગ્રહણ કર્યો, હર્ષ પામ્યો. જ્યારે મશ્કરી કરનાર લોકો ખેદ પામ્યા. સર્વ પૃથ્વી પર રત્નોનો પ્રકાશ પ્રસરે છતે આશ્ચર્ય છે કે સાંયાત્રિક લોકોના મુખ કાળા થયા.

પછી હર્ષ પામેલા રાજાએ પૂછ્યું કે, "તારૂં કુશળ વર્તે છે ને ?" ત્યારે તેણે કહ્યું કે, "મહારાજ ! આપની કૃપાથી મને કુશળતા છે." પછી રાજાએ પૂછ્યું કે, "તારૂં સર્વ કરિયાણું આવા જ પ્રકારનું છે કે ?" "હા" એ પ્રમાણે કહીને તેણે આરક્ષક પુરુષો દ્વારા છાણાઓ મંગાવ્યા. ને શ્રેષ્ઠિપુત્રોના હૃદયોની જેમ છાણાઓને ભાંગીને, રત્નોને બતાવીને તેણે રાજાને આ પ્રમાણે કહ્યું, "રાજન્ ! મહેરબાની કરીને અમારા મનની સંતુષ્ટિ માટે સમુદ્રના તટે પધારો."

તેના કથનથી ખુશ થયેલો રાજા સાંયાત્રિક લોકોની સાથે, પટ્ટ અશ્વ ઉપર બેસીને જલ્દીથી સમુદ્ર કિનારે આવ્યો. આરામનંદનના ભયથી કરમાઈ ગયેલા મુખવાળા લોકોએ પોતપોતાના વહાણો રાજાને બતાવ્યા. સર્વે વહાણોને ક્ષણવાર ચક્ષુ વડે જોતો રાજા જલ્દીથી જ્યાં છાણાના ઢગલા હતા ત્યાં આવ્યો. ત્યારે રાજાએ આરામનંદનની પાસે તે છાણાઓને ભંગાવીને રોહણગિરિ સરખો રત્નોનો ઢગલો કરાવ્યો. પછી આરામનંદે રાજાને ઉધારપત્ર બતાવ્યો. રાજાએ પણ કહ્યું "આમની પાસેથી કેટલું ધન તને અપાવું ?" ત્યારે વિશાલબુદ્ધિનો પુત્ર (આરામનંદન) બોલ્યો, "દેવ ! જો એ લોકો મારૂં લીધેલું ધન નહિ આપે તો હું આપને વિનંતિ કરીશ." ત્યાર પછી સર્વે વણિજોને કરમુક્તિ કરીને અને આરામનંદનને કૃપાનું દાન કરીને રાજા રાજમંદિરે આવ્યો. ત્યાર પછી આરામનંદન રત્નોના અનેક ગાડાઓ ભરીને યાચકોને દાન આપતો સાગરશ્રેષ્ઠિના આવાસે આવ્યો. આ બાજુ સાગરશ્રેષ્ઠિ પણ લજ્જા અને અમંદ આનંદને એકી સાથે ધારણ કરતો સામે આવ્યો ને હર્ષથી સરળ હૃદય વડે (તેને) નમસ્કાર કર્યા. શ્રેષ્ઠિએ તેને કુશલવાર્તા પૂછી. તેણે પણ અંજલિ જોડી કહ્યું, "હે પિતા ! આપના પુણ્યથી ખરીદાયેલી લક્ષ્મીનો સ્વીકાર કરો. સાગર શ્રેષ્ઠિએ પણ તેના વાક્યને નિષ્પાપ ગુરુના વચન જેવું જ માન્યું. કેમ કે સ્ત્રીની જેમ આવતી લક્ષ્મીને કોણ નિવારે ? હવે બીજા વણિકપુત્રોએ વ્યવહારીઓને પોતાનું વૃત્તાંત કહે છતે વજ્રપાતની જેમ તેઓ ચિંતારૂપી સાગરમાં પડ્યા. તેથી બધા વ્યવહારીઓ ભેગા થઈ મનમાં કાંઈક વિચારીને સાગરશ્રેષ્ઠિના ઘરે આવ્યા. ત્યારે આરામનંદનની સાથે શ્રેષ્ઠિ તે વ્યવહારીઓની સન્મુખ ગયો. આસન ઉપર બેસાડી તેઓને આગમનનું કારણ પૂછ્યું.

તેઓ પણ આસન ઉપરથી ઉઠીને, હાથ જોડીને નોકરની જેમ આરામનંદનની પાસે બેઠા. અત્યંત દીનતાપૂર્વક આ પ્રમાણે બોલ્યા કે, "વત્સ ! તેં છાણા લેવા માટે નિષેધ કરેલ છતાં તેના રહસ્યને નહી જાણતા અમારા માણસોએ છાણા ગ્રહણ કર્યા અને તેની રાખ સમુદ્રમાં નાંખી. તેમણે રત્નની વાત પણ નથી સાંભળી. અહો ! તારા એક રત્ન જેટલું ધન પણ અમે મેળવ્યું નથી. વળી ઉધારપત્રમાં લખેલા અક્ષરો વાંચીને અમે ખિન્ન મુખવાળા થયા છીએ. જો કે તારી રજા વગર અમે કરીયાણું ઘેર નહિ લઈ જઈએ. પરંતુ ત્રિશુદ્ધિ વડે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(મન, વચન, કાયાથી) પણ જો રત્નોની શુદ્ધિ જણાય અર્થાત્ અમારી પાસે તારા રત્નો હોય તો હે અનઘ ? અમે તું જે કહે તે શપથ લઈએ." છાણાના સ્વરૂપને જાણતો, કપટથી રહિત, કેવળ કંચુકનો અર્થી, તેઓની પાસેથી ધન મેળવવાની ઈચ્છા રહિત એવા તેણે હસીને આ પ્રમાણે તેઓને કહ્યું, "દરિદ્રની જેમ તમે આવું દીનતાપૂર્વક કેમ બોલો છો ? કારણ કે ધન કરતાં મને તમે વધારે ઈષ્ટ છો ! તેથી મારો ભય ન રાખો." એમ કહી તેમને આપેલા (ઉધાર) પત્રને ફાડી તેઓને નિર્ભય બનાવીને કૃત્યને જાણનારા એવા તેણે તાંબૂલાદિથી સત્કાર કરીને તેઓને વિસર્જિત કર્યા. તે વેપારીઓ ભાટ-ચારણની જેમ તેના ગુણની પ્રશંસા કરવા લાગ્યા. તેના આદેશથી તેઓ કરીયાણાને પોતપોતાના ઘરમાં લાવ્યા. પછી સાગરશ્રેષ્ઠિએ આરામનંદનને કહ્યું કે, "હે વત્સ ! બહુ કષ્ટથી ઉપાર્જન કરેલા આ ધનને અક્ષય એવા દાન અને ભોગમાં વાપરી તેને તું સફળ કર." ત્યારે આરામનંદને પણ કહ્યું, "હે તાત ! પુષ્પકંચુક મેળવવા માટે જ મેં સમુદ્રયાત્રા ખેડી હતી પણ જેમ અભવ્યને બોધિબીજની પ્રાપ્તિ નથી થતી તેમ મને પણ પુષ્પકંચુકની પ્રાપ્તિ ના થઈ. હું તો મારા દુઃખને દૂર કરવા જ વહાણ ઉપર આરૂઢ થયો હતો પણ રત્નોપાર્જન કરી રાજાદિના ચિત્તને રંજન કર્યું. ચંદ્ર વડે જેમ સર્વ જગત ઉજ્જવળ કરાય છે તેમ મેં યશ વડે સર્વ જગતને ઉજ્જવળ કર્યું તો પણ તે કંચુકની પ્રાપ્તિ થઈ નહી. તેથી ધર્મમાં પ્રયત્ન કરું." આ પ્રમાણે સદ્‌ભાવનાના ઉલ્લાસથી આરામનંદને શક્રની જેમ ચૈત્યોમાં શ્રી અરિહંત ભગવંતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. આખા નગરમાં દ્રવ્યનો વ્યય કરી તેણે અમારિની ઉદ્‌ઘોષણા કરાવી. અમર્યાદિત મહાદાનનો પડહો વગડાવ્યો. (રાજાને) ઘણા સાર દ્રવ્યો આપવાપૂર્વક તેણે કારાગૃહમાંથી કેદીઓને છોડાવ્યા. અને રોમાંચિત થયેલા તેણે સુસાધુઓને અન્ન-પાનાદિથી પડિલાભ્યા." હું ધન્ય બન્યો, મારો જન્મ સફળ થયો" એમ આનંદપૂર્વક બોલતા આરામનંદને જંગમ કલ્પવૃક્ષ જેવા સંઘની પૂજા કરી અને મહોત્સવપૂર્વક જિનચૈત્યોના જીર્ણોદ્ધાર, જિનબિંબોની સ્થાપના કરાવતા તેણે પોતાના જન્મની સફળતાને વિસ્તારી.

એકવાર પથારીમાં સુખે સુતેલા આરામનંદને રાત્રીના છેલ્લા પ્રહરમાં આવા પ્રકારનું સ્વપ્ન જોયું. લક્ષ્મીપુર નગરમાં નર્મદા નદીના તીરે ચંદનના લાકડાઓ વડે પદ્માવતી દેવીએ પોતાના નોકરો પાસે ચિતા જલ્દીથી કરાવી. પછી તેણે નર્મદાના પ્રાસુક જળ વડે સ્નાન કરી જિનેશ્વર ભગવંતોની પૂજા કરી ચિતાની સમીપમાં આવી અને બોલી કે, "જો કે અગ્નિપ્રવેશ જૈન સિદ્ધાંતમાં નિષેધ હોવા છતાં પતિના વિયોગથી દુઃખી થયેલી હું અગ્નિમાં પ્રવેશ કરીશ. કેમકે કદાગ્રહવાળી દુષ્ટબુદ્ધિવાળી મેં હઠથી મારા પ્રિયતમને પુષ્પકંચુકની આકાંક્ષાથી મોકલ્યા. જે હજી સુધી આવ્યા નથી તો તેમનું અશુભ થયું છે એમ હું માનું છું, કારણ કે મારા વિના મારા સ્વામી ક્ષણમાત્ર પણ જીવી શકે નહિ. વળી પતિ વિનાની સતી એવી પણ નારીને લોકો ગમે તેમ બોલે. જ્યારે પતિ સહિતની નારીને લોકો અહીં દેવીની જેમ માને છે. આથી જ દુઃખી થયેલી હું મૃત્યુને ભેટવા હાલમાં અગ્નિમાં પ્રવેશ કરું છું." એમ કહીને સ્વજનોને કહીને તે ચિતા તરફ ચાલી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે જાણે સાક્ષાત્ જોતો હોય તેમ જોઈને આરામનંદન ઉઠ્યો અને બોલવા લાગ્યો, "હે પ્રિયે ! હું આગળ (જીવતો) હોવા છતાં આવું સાહસ કરવું તને યુક્ત નથી." આ શબ્દો સાંભળી એકાએક સઘળો તેનો પરિવાર જાગી ગયો અને "આ શું ? આ શું સ્વામી ?" આ પ્રમાણે ભ્રાન્તિથી તેઓ બોલવા લાગ્યા. "અરે નોકરો ! તમે જાવ, જાવ. જલ્દીથી માંત્રિકોને અહીં લઈ આવો." આ પ્રમાણે શ્રેષ્ઠિ બોલ્યા. તે સાંભળી પ્રાપ્ત સંજ્ઞાવાળા તેણે તેઓને કહ્યું, "અરે ! મારું શરીર તો સારૂં છે. અહીં માંત્રિકોથી શું સાધ્ય થશે ? જે મેં ઉંચા સ્વરે વિલાપ કર્યો તે તો સ્વપ્નના આવેશનો પ્રભાવ છે." એ પ્રમાણે સ્વજનોને સંતોષ પમાડીને તેણે વિચાર્યું કે હમણા તો મારી પુષ્પકંચુક લાવવાની ઈચ્છા પણ વિલય પામી છે કેમકે મારા વિયોગથી મારી પ્રિયા ચિતામાં પ્રવેશ કરશે. ખરેખર ! અતર્કિત-(જેની કલ્પના પણ કરી નથી એવું) સ્વપ્ન દર્શન કદી મિથ્યા થતું નથી. તેથી પત્નીની હત્યાના પાપવાળો એવો હું કોઈક પર્વત ઉપર, અનશન સ્વીકારી, દુર્જનોની જેમ આ પ્રાણોને છોડું" આ પ્રમાણે ચિત્તમાં વિચારીને, સાગર શ્રેષ્ઠિની રજા લઈને પર્વત પાસે ગયો. ત્યાં તળેટીમાં એક યોગીપુરુષને તેણે જોયો. આરામનંદન તેની પાસે ગયો. "આ સર્વ લક્ષણથી પૂર્ણ છે." એમ માની યોગીરાજ્ પણ તેની સન્મુખ ગયો. સ્નેહથી જ હોય તેમ નિરંતર આંસુને મૂકતો તે બોલ્યો કે, "હે ભદ્ર ! જાણે મારા ભાગ્યથી જ ખેંચાઈને તું અહીં આવ્યો છે.અહીં સિદ્ધક્ષેત્રમાં મેં મંત્રની પૂર્વસેવા કરી હતી પણ સાત્ત્વિક ઉત્તરસાધક નહી મળતાં ઉત્તરસેવાનો પ્રારંભ મેં કર્યો નથી. આથી હે પુરુષરત્ન ! યાચક પ્રત્યે વાત્સલ્યવાળા તારી પાસે માંગુ છું કે વિદ્યાને સાધતા એવા મને સહાયક બનવા પ્રયત્ન કર." આ પ્રમાણે યોગી વડે પ્રાર્થના કરાયેલા તેણે મનમાં વિચાર્યું કે, "ખરેખર ! વિદ્યા સાધતા એવા આ યોગીની ભૂતવેતાલાદિથી ઉત્પન્ન થયેલા વિઘ્નોથી રક્ષા કરતાં એવા મારો મૃત્યુનો મનોરથ અનાયાસે અવશ્ય પૂર્ણ થશે તેમાં કોઈ સંશય નથી." એમ વિચારી આરામનંદને તેની વાત સ્વીકારી. ત્યારે યોગી પણ જાણે હર્ષરૂપી સાગરમાં સ્નાન કર્યું હોય તેવો થયો. અને તેને આદેશ કર્યો કે, "હે સાત્ત્વિક શિરોમણી ! મંત્રમાં વિઘ્ન કરનારા ભૂત, પ્રેત કે રાક્ષસ આવે તો તેને તારે વારવા."

પછી તે યોગીએ જલ્દીથી હોમ કરવા યોગ્ય સામગ્રી લાવીને ખાદિરાંગારથી પૂર્ણ ઊંડો કુંડ બનાવ્યો. ત્યાં માંડલું આલેખી, તેને ઉત્તરસાધક બનાવી, મંત્રનું વારંવાર સ્મરણ કરી આનંદથી યોગી આહુતિ આપવા લાગ્યો. મંત્રદેવી ક્ષોભ પામે તે પહેલાં ભૂત-વેતાલ રાક્ષસો અટ્ટહાસ્ય કરવા પૂર્વક ચારે દિશામાં પ્રગટ થયા. તેમાંથી એક સહજ વિકરાળ વેતાલ આરામનંદનની પાસે આવીને કહેવા લાગ્યો, "અરે ! દુષ્ટ ! તું મારા વડે જોવાયો છે. ખરેખર ! હવે તું ક્યાં જઈશ ? માટે હાથમાં શસ્ત્ર લે અથવા ઈષ્ટદેવતાનું સ્મરણ કરી લે. મારા ક્રોધરૂપી અગ્નિમાં નિશ્ચે તું ભસ્મીભૂત થઈશ." આ પ્રમાણે તે વેતાલના વચન સાંભળી આરામનંદન તેની સામે દોડ્યો. વેતાલના ઘાતને સ્ખલના પમાડીને તેના શરીર ઉપર ચડી બેઠો. તેને તીક્ષ્ણ મુષ્ટિઘાત વડે મર્મસ્થાનમાં હણી-હણીને ભૂમિ ઉપર પાડ્યો. એટલે તે વેતાલ બોલ્યો કે, "હું તને સિદ્ધ થયો છું" તેથી તેને છોડી દીધો. પછી તે વેતાલે તેને નમીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિનંતી કરી કે, "ગુણથી ખરીદાયેલો હું તારો દાસ છું તો બોલ તારૂં હું શું કરું ?" ત્યારે આરામનંદને કહ્યં કે, "હે વેતાલ ! જ્યારે હું તારું સ્મરણ કરું ત્યારે તારે આવીને મને નિશ્ચિત સહાય કરવી." "સારૂં" એ પ્રમાણે સ્વીકારી, નમસ્કાર કરી તે અદશ્ય થયો.

પરન્તુ ફરી જલ્દીથી પાછા આવીને વેતાલે, આપ્ત પુરુષની જેમ તેને એકાંતમાં જણાવ્યું કે, "આ પાપી યોગીની વાણીથી તું અગ્નિની ફરતે ભમીશ ત્યારે તે દાંભિક પોતાની સિદ્ધિને માટે તને અગ્નિકુંડમાં નાંખશે." એમ કહીને નમસ્કાર કરી તે વેતાલ પોતાના સ્થાને ગયો.

હવે સાહસિક આરામનંદન પણ સાધકની પાસે ઊભો હતો. એટલામાં યોગી વડે આકર્ષણ કરાયેલી મંત્રની અધિષ્ઠાતા દેવી આવી અને બોલી, "હે યોગી ! હવેથી તારું હું શું કરું ? તે જણાવ." ત્યારે યોગીએ પણ કહ્યું કે, "હે દેવી ! મારે સુવર્ણપુરુષની સિદ્ધિ કરવી છે." ત્યારે "આ કુંડના અગ્નિમાં જે માનવ પ્રવેશ કરશે તે સુવર્ણ પુરુષ થશે." એમ કહી ઘીના છાંટણા અગ્નિમાં નાંખીને દેવી ત્યાંથી ચાલી ગઈ. પછી તે યોગીએ પણ આરામનંદનના મસ્તક ઉપર શિખા બાંધી. તેના અંગને રક્તચંદનથી વિલેપન કર્યું. તથા કંઠમાં (ગળે) રક્ત કરવીરની (કણેર) માળા નાંખી. પછી તેણે આરામનંદનને કહ્યું, "હે ભદ્ર ! અગ્નિની ચારે બાજુ હવે ફર. હે સાત્ત્વિક ! જેથી તારા પ્રભાવથી મને વિદ્યા સિદ્ધ થાય." તે સાંભળી આરામનંદન વેતાલના વચનોને યાદ કરતો અને હૃદયમાં પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતો અગ્નિકુંડની ચારે બાજુ ફરવા લાગ્યો. તેને ગ્રહણ કરવા માટે કપટથી તે યોગી પણ તેની પાછળ ભમવા લાગ્યો. પછી ખરાબ બુદ્ધિવાળા તેણે તેને ઉપાડીને અગ્નિકુંડમાં નાંખ્યો. દેહની લઘુતાથી તે અગ્નિમાંથી ઉછળ્યો અને બે હાથ વડે યોગીને ગ્રહણ કરી અગ્નિકુંડમાં નાંખ્યો. તે યોગી બળી ગયો અને સુવર્ણપુરુષ થયો. પછી નિઃસ્પૃહી એવો આરામનંદન તેને ભૂમિમાં દાટીને આગળ ચાલ્યો.

પછી દક્ષિણ દિશા તરફ જતાં તેણે "હે હલા ! ત્યાં તમને વિલંબ કેમ થયો ?" એ પ્રમાણે યોગીનીઓનો વાર્તાલાપ સાંભળ્યો. ભયભીત થયેલી તેઓએ સ્વામિનીને પ્રણામ કર્યા અને કહેવા લાગી કે, "અહીં જ વિલંબ થયો તેમાં કારણ અમે વિકથા સાંભળવા ઊભી રહી હતી. તે અમારી ચંચળતા જ અપરાધરૂપ છે." ત્યારે યોગિનીઓની સ્વામિની બોલી કે, "તે કઈ વિકથા તમે સાંભળી ?" ત્યારે તેઓએ કહ્યું કે, "હે પરમેશ્વરી ! અમારી ઉપર કૃપા કરી તે સાંભળો. તે **આ પ્રમાણે :-**

પૃથ્વીનો જાણે માનદંડ હોય તેવો ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વત છે. તેની દક્ષિણશ્રેણીમાં **મંગલાવતી** નામની નગરી છે. **વિદ્યુન્માલી** નામનો વિદ્યાધરપતિ ત્યાં રાજ્ય કરે છે. એકવાર તે અષ્ટાપદ ગિરિ જતાં **હ્રીપુર** નામના નગરમાં આવ્યો. ત્યાં ઉદ્યાનમાં **મહેન્દ્ર રાજા**ની પત્ની **રતિસુંદરી**ને સખીઓ સાથે જલક્રીડા કરતી જોઈ. "આની સ્વૈરક્રીડાને હું નયનનો અતિથિ બનાવું." એ પ્રમાણે (વિચારી) તે વિદ્યાધર વૃક્ષની ટોચ ઉપર છૂપાઈને રહ્યો.

હવે રાજરાણીએ કહ્યું, "હે ક્ષેમંકરી ! મારા પ્રિયે દુષ્પ્રાપ્ય એવું પુષ્પકંચુક ક્યાંકથી પણ મેળવ્યું છે કે નહી ?" ત્યારે ક્ષેમંકરીએ કહ્યું, "હે દેવી ! જેમ કૃષ્ણ કૌસ્તુભને મેળવે તેમ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તારા ભાગ્યયોગે તારા પ્રિયતમે કંચુક મેળવ્યું છે." તેણે કહ્યું કે, "તે કેવી રીતે મેળવ્યું ? તે તું મને કહે. તે જાણવાનું મારું કૌતુક છે." ત્યારે સખીએ કહ્યું કે, "(સાંભળ) - તારા પુણ્યયોગે નગરમાં ચોરોએ ચોરી કરી. તે ચોરોને નગરના આરક્ષક પુરુષો બાંધીને રાજાની પાસે લાવ્યા. નગરજનો પણ તે ચોરોને જોઈને રાજાને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે, "હે રાજેન્દ્ર ! ખરેખર ! આ લોકો દરરોજ અમારા ઘરો લૂંટે છે તેથી સંભાવના છે કે એ લોકોના ઘરમાં અમારૂં ધનાદિ દ્રવ્ય હશે." તેથી ન્યાયી રાજાએ તે ચોરોના ઘરમાંથી સર્વસ્વ લેવડાવીને જેની જે વસ્તુ હતી તેને તે આપી. ખરેખર ! રાજાનો આ જ ધર્મ છે. પછી લોભથી આરક્ષક પુરુષ ચોરોના ઘરોમાં શોધખોળ કરવા લાગ્યો. તે વખતે હે દેવી ! સુગંધથી નાસિકાને ખુશ કરતું એવું કંચુક પ્રાપ્ત થયું. તેણે તે લાવીને રાજાને આપ્યું. તે જોઈને આનંદિત હૃદયવાળા રાજાએ જાણે સાક્ષાત્ પ્રેમ જ હોય તેમ તને તે કંચુક મોકલ્યું. અંતઃપુરની સ્ત્રીઓના જોતાં મારા પ્રિયે મને તે કંચુક મોકલ્યું. તેથી આ પોતાના ઉત્કર્ષથી શરીરમાં સમાતી નથી. અને તેને (ક્ષેમંકરીને) આદેશ કર્યો, "હે સખિ ! તે લાવીને મને આપ. તે પહેરીને હું રાજસભામાં રાજાની બાજુમાં અર્ધાસને બેસું." જેટલામાં ક્ષેમંકરી કંચુક લઈને ઘરથી આવતી હતી તે વખતે તેના હાથમાંથી પેલા વિદ્યાધરે તે કંચુક હરી લીધું. તેને જોઈ તેણે વિચાર કર્યો કે, "રોષાયમાન થયેલી મારી પ્રિયાને આ કંચુક આપીને હું સંતોષ પમાડીશ અને પોતાને વશ કરીશ." આ પ્રમાણે વિચાર કરી વિદ્યાધર પોતાના ઘરે જઈ તે પત્નીને જેટલામાં કંચુક આપવાની ઈચ્છાવાળો થયો તેટલામાં તો તેની બીજી પ્રિયાએ પતિએ લાવેલાં કંચુકને જાણીને દાસી દ્વારા પોતાના પ્રિયતમને વિનંતિ કરાવી કે, "જો તમે મને આ કંચુક નહી આપો તો નક્કી હું ચિતામાં પ્રવેશ કરીશ." પ્રિયાની આ પ્રાર્થના સાંભળી વિદ્યાધરાધિપ સમુદ્રમાં ભાંગેલા વહાણની જેમ આપત્તિરૂપી ખારા સમુદ્રમાં પડ્યો. પરસ્પર પુષ્પકંચુકને ગ્રહણ કરવાની ઈચ્છાવાળી બંને સપત્ની પોતાના પ્રિયતમ તથા અન્ય લોકો વડે પણ વારવા છતાં શાંત થઈ નહિ. તેને ગ્રહણ કરવાની ઈચ્છાથી તે બંને ભોજન કરતી નથી, શયન પણ કરતી નથી. આ પ્રમાણે બંને પ્રિયાને જોઈ ચિત્તમાં ચિંતાવાળો તે વિદ્યાધર વિચારવા લાગ્યો, "જો એકને આ કંચુક આપીશ તો બીજી પ્રાણોને ત્યજી દેશે અને આ તો દુર્યશની સાથે મારાથી કરાયેલો અનર્થ થશે. તેથી હું આને ક્યાંક મૂકીને જાઉં" આ પ્રમાણે નિશ્ચય કરેલો વિદ્યાધરેન્દ્ર દેવોને વંદન કરવાની ઈચ્છાવાળો અષ્ટાપદ પર્વત ઉપર ગયો. આ વાર્તાલાપ સાંભળવા અમે ત્યાં ઘણો સમય રોકાયા (તેથી આવતા મોડું થયું) તો હે પરમેશ્વરી ! કૃપા કરી અમારા અપરાધને ક્ષમા કરો." આ પ્રમાણે તે વાક્ય સાંભળીને આરામનંદને વિચાર્યું કે "તે મારું કંચુક આજે પણ વૈતાઢ્ય પર્વત ઉપર છે પરંતુ દુર્લભ છે. વળી જેના માટે આ કંચુક લેવાનો છે તે મારી પ્રિયા તો મૃત્યુ પામી છે. તેથી હવે તો પ્રિયાઘાતનું પાપ કરાવનારા આ કંચુકથી સર્યું.

રાત્રીમાં જ અહીંથી પાછા વળીને જ્યાં યોગીરાજને મેં અગ્નિકુંડમાં નાંખ્યો હતો ત્યાં જાઉં અને તેમાં (અગ્નિમાં) હું પણ જલ્દીથી પ્રવેશ કરું." એમ વિચારી તે ત્યાં અગ્નિની પાસે આવ્યો. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું, ૧૮ પાપસ્થાનકોને વોસિરાવી, સર્વ જીવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ક્ષમાપના કરી, સુકૃતોની અનુમોદના કરીને જેટલામાં આરામનંદને અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરી તેટલામાં તો તેની આગળ નજીકના વૃક્ષ ઉપરથી એક પત્ર પડ્યો. તે પત્રને હાથથી ગ્રહણ કરીને, ક્ષણવારમાં જ તેને ઉઘાડીને આશ્ચર્ય ચિત્તવાળા આરામનંદને આ પ્રમાણે લેખ વાંચ્યો.

**(તે લેખ આ પ્રમાણે)** - સ્વસ્તિ લક્ષ્મીપુરથી શ્રીમાન શ્રી વિક્રમ નરેશ્વરઃ જે કોઈ પણ સ્થાનમાં આરામનંદન હોય તેને પ્રીતિથી આલિંગન કરી આદેશ કરે છે કે તારા વિયોગથી તારી પત્ની અગ્નિમાં પડતી મેં રોકી છે અને આઠ દિવસની મુદત આપી છે. આથી સમાચાર મળતાં જ તારે જલ્દી આવવું. મેં તારી ભાળ મેળવવા સર્વત્ર પોપટ અને વાંદરાદિને મોકલ્યા છે અને તું પણ તેઓના હાથમાં અમારી તુષ્ટિ-પુષ્ટિ માટે વળતો જવાબ લખીને મોકલજે."

આ પ્રમાણે સંદેશો વાંચીને તે આ પ્રમાણે વિચારવા લાગ્યો, "અહો ! સજ્જનોની બુદ્ધિ પરોપકાર માટે જ હોય છે કે જેથી અગ્નિમાં પ્રવેશ કરતી મારી પ્રિયાનું રાજાએ રક્ષણ કર્યું અને મને પણ જીવિતદાન આપ્યું. વળી શ્રેષ્ઠિના ઘરે જે સ્વપ્ન જોયેલું તે પણ સત્ય થયું. તેથી હું માનું છું કે સુપ્રસન્ન થયેલી ઈષ્ટ દેવીએ જ મને તે સ્વપ્ન બતાવ્યું છે." પછી આકાશમાંથી આ લેખ કેવી રીતે પડ્યો ? (એ વિચારથી) આંખોથી વૃક્ષને જોતાં તેણે વાંદરાને જોયો. અને તેણે પણ તેને પ્રણામ કર્યા. હર્ષથી તેને આલિંગન કરી તેણે વિચાર્યું કે "દૈવયોગે મારી પ્રિયાના સમાચાર અને કંચુકની ભાળ પણ આજે મળી છે હવે જો હું કંચુક લાવીને પ્રિયાને ન આપું તો નિશ્ચે તેનું મૃત્યુ થશે અને મારું પણ મૃત્યુ થશે. આથી રાજાને શીઘ્ર કુશળતા સૂચક એક પત્ર વેલડીના રસથી લખીને રાજાના ક્રીડા માટેના આ વાંદરાના હાથમાં આપું જેથી તેને જોઈને રાજા તેણીને મૃત્યુથી નિષેધ કરે." તે પ્રમાણે કરીને તેણે તે વાંદરાને રાજા પાસે મોકલ્યો અને પોતે કંચુક લેવા માટે આગળ ચાલ્યો.

એકવાર જંગલમાં વાંદરા બનીને ક્રીડા કરતા વ્યંતરોનું વાંદરા જેવું ચાપલ્યપણું જોઈને તે વિસ્મય પામ્યો. તેમાંના કાલમુખ નામના એક વાંદરાને રાજા પદે સ્થાપ્યો હતો અને તે સામંત, અમાત્ય, પદાતિ પદે રહેલા વાનરોથી વીંટળાયેલો હતો. તેણે દ્વારપાલને આદેશ કર્યો કે, "તું જાતે લુહારને ત્યાં જઈને ખીલાથી યુક્ત લાકડાના મોરોને (મોરની મૂર્તિઓને) કરાવ." તેણે પણ તે જ રીતે ખીલીના પ્રભાવથી આકાશમાં ગમન કરતી લાકડાના મોરોની મૂર્તિઓ કરાવીને દ્વારપાલે વાનરેન્દ્રને જણાવ્યું. હવે પ્રયાણઢક્કા વગડાવીને સ્વજનો સહિત તે કાલમુખ તેના ઉપર આરૂઢ થયો અને વાંદરશત્રુને જીતવા ચાલ્યો. અશ્વવારોની જેમ આકાશમાં જતા મોરવાહનવાળા તે વાંદરાઓની પાછળ આરામનંદન પણ પગપાળા ચાલ્યો. વાંદરાઓ પણ વનને પ્રાપ્ત કરીને, મયૂરવાહન ઉપરથી જલ્દીથી ઉતરીને કાયરોને પીડા આપનારી મોટી ઢક્કાઓ વગાડવા લાગ્યા અને એકાંતમાં મયૂરવાહન મૂકીને વાનરશત્રુ ભણી ચાલ્યા. તેમને જોઈને વાયુથી જેમ સમુદ્ર ખળભળે તેમ શત્રુસૈન્ય ખળભળી ઊઠ્યું. કેટલાક' વનમાં નાશી ગયા તો કેટલાક ગિરિની ગુફામાં સંતાઈ ગયા. કેટલાક શત્રુને જોવા આવ્યા અને ભયભીત થયેલા પાછા વળી ગયા અને પોતાના સ્વામી નીલમુખને કહેવા લાગ્યા, "દેવ !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે જ સૈન્યસહિત આપણે શત્રુ સાથે લડીએ. અન્યથા આપણો વિજય નહિ થાય." ત્યારે નીલમુખે કહ્યું, "અંતઃપુરની સ્ત્રીઓને ભૂગર્ભમાં મૂકીને અને નગરની રક્ષા કરીને આપણે શત્રુસૈન્યને જીતવા જઈએ." તે પ્રમાણે વ્યવસ્થા કરીને યુદ્ધની સર્વ સામગ્રી અને સૈન્ય સહિત તે નીકળ્યો. પછી બંને પક્ષવાળા વચ્ચે એક-બીજાના નામ ગ્રહણ કરવા પૂર્વક મોટું યુદ્ધ થયું.

સામસામે દાંત વડે અને નખ વડે (દંતાદંતી, નખાનખિ) યુદ્ધ કરતા વાનર સુભટોમાંથી કેટલાક તો કુહાડાથી છેદાયેલા વૃક્ષની જેમ પૃથ્વી ઉપર પડ્યા. તો કોપાતુર થયેલા કેટલાકે પોતાની શક્તિના પૂંજ સમાન વારંવાર ચપેટા મારવા વડે શત્રુના મુખોને દાંત વગરના કર્યા. દુષ્ટ મેઘની જેમ પથ્થરોના ગોળાઓને વર્ષાવતા કેટલાકે તો એકબીજાના શરીરોને ચૂર્ણ કરી નાખ્યા. એ પ્રમાણે પરસ્પર સમરાંગણમાં લડતા વાનરો કાગડાની જેમ દિશાઓમાં ભાગી ગયા. "તેવાઓમાં સ્થિરતા ક્યાંથી હોય ?" હવે પોતપોતાના સુભટોને ભાગી ગયેલા જોઈ કોપ પામેલા તે બંને નીલમુખ અને કાલમુખ પરસ્પર ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. નીલમુખે કાલમુખ વાનરેન્દ્રને જીતી લીધો તેથી તે ભાગી ગયો. ખરેખર ! વિધિ પ્રતિકૂળ હોય ત્યારે જય ક્યાંથી થાય ?

હવે આ બાજુ આરામનંદન પણ જ્યાં વાનરોએ આકાશમાં ગમન કરનારા લાકડાના મયૂરવાહનો સ્થાપિત કર્યા હતા ત્યાં ગયો. તેમાંના એક મયૂરવાહન ઉપર બેસીને, ખીલીના રહસ્યને જાણતો તે આરામનંદન વેગથી વૈતાઢ્ય પર્વત ઉપર મંગલાવતી નગરીમાં ગયો. પછી ક્યાંકથી પણ વિદ્યુન્માલીના ઘરના ચોથા માળે ગવાક્ષમાં સુવર્ણની શય્યામાં રહેલ પુષ્પકંચુકને જાણીને અને તેને લઈને રાજકુળના લોકો સમક્ષ તે બોલ્યો, "હંહો ! હાલમાં આરામનંદન પોતાનું જ આ પુષ્પકંચુક લઈ જાય છે." તે એમ ઉંચા સ્વરે વારંવાર બોલતો નગરની બહાર નીકળ્યો અને પોતાના નગર ભણી તેણે પ્રસ્થાન કર્યું.

(હવે આ બાજુ વિદ્યુન્માલીના મહેલમાં કોલાહલ થયો કે) "મયૂર વાહન ઉપર આરૂઢ થયેલો કોઈ પુરુષ ઘરમાં આવીને, પુષ્પકંચુક લઈને આકાશમાર્ગે જઈ રહ્યો છે." તે સાંભળીને જેમને કંચુક અતિ પ્રિય હતું તે વિદ્યુન્માલીની બંને પ્રિયા હૃદય તાડનપૂર્વક પોતાના નોકરોને કહે છે, "અરે ! જલ્દી દોડો... દોડો..." વળી વિદ્યુન્માલી પતિ તો અષ્ટાપદગિરિ ગયેલો હતો તેથી તે બંનેએ સ્વયં કંચુકના વાદનો નિર્ણય આ પ્રમાણે કર્યો. આપણા બંનેમાંથી જે આ કંચુક હરણ કરનારને જીતે તેણે આ કંચુક ગ્રહણ કરવું. આ નિર્ણયમાં ઈષ્ટદેવતાના સોગંદ છે. પછી પોતપોતાના પિતાના વિદ્યાધર સૈન્યથી યુક્ત અને વિદ્યાથી વિકુર્વીત થયેલા પોતાના સૈન્યથી પણ યુક્ત તેઓ બંને તેની પાછળ ગઈ. આરામનંદનને આગળ જતાં દૂરથી જોઈને તેઓ બોલવા લાગી, "અરે ! ચોરની જેમ અમારા પુષ્પકંચુકને હરીને તું ક્યાં જાય છે ?" આરામનંદન પણ આકાશમાર્ગે પાછળ આવતા તે બંનેના સૈન્યને જોઈને પુષ્પકંચુકના રક્ષણ માટે વ્યાકુળ થયો. અને વિચારવા લાગ્યો, "હવે હું આગળ જવા માટે સમર્થ નથી કારણ વિદ્યાધર સુભટોથી ચારેબાજુથી વીંટલાઈ ગયો છું. હું એકલો શત્રુઓની સાથે કેવી રીતે લડું ? અથવા શી રીતે કંચુકને રાખી શકું ? વળી વિદ્યાધરીના સૈન્યોથી સૂર્યમંડલ આચ્છાદિત થવાથી અંધકારનું એકછત્રી રાજય થતાં હું આગળ કાંઈ જોઈ શકતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. વળી દિગ્મૂઢ થયેલો ભમી ભમીને વિદ્યાધર સૈન્યમાં પડેલો હું શું કરીશ ? હવે હું કેવી રીતે જીવીશ ?" આ પ્રમાણે તે જેટલામાં ચિંતાતુર થયો તેટલામાં જ તેને તે વેતાલ યાદ આવ્યો. ખરેખર ! અવસરે સજ્જનોની બુદ્ધિ કામ લાગે છે. તેથી મુખમાંથી નીકળતી અગ્નિજવાળા વડે, અંધકારને દૂર કરતો, અટ્ટહાસ્ય વડે શત્રુસૈન્યને ત્રાસ પમાડતો વેતાલ પ્રગટ થયો અને આરામનંદનને પ્રણામ કરી બોલ્યો, "હે મહાશય ! બોલ, હું તારું શું કરું ?" તેણે કહ્યું, "હે વેતાલ ! આ વિદ્યાધરીઓના સમગ્ર સૈન્યને તું સ્ખલના પમાડ જેટલામાં હું મારી પત્નીને કંચુક આપીને ફરીથી અહીં આવું. જો હું હમણાં પોતાના નગરમાં ન જાઉં અને અહીં વિલંબ કરું તો મારા વડે કરાયેલી પ્રતિજ્ઞા અપૂર્ણ થાય, તેથી મારી પ્રિયા અગ્નિમાં પ્રાણોને હોમી દેશે. માટે તારે મારી પાછળ આવતા વિદ્યાધરના સૈન્યને નિવારવું."

ત્યારે વેતાલ પણ બોલ્યો, "હે ભદ્ર ! કોઈક નગરની અંદર અગ્નિમાં પ્રવેશ કરવા જતી કોઈ સ્ત્રીને મેં પણ જોઈ છે. તેથી હું માનું છું કે તે તારી જ પ્રાણપ્રિયા હશે. તેથી જલ્દી તું ત્યાં જા. હું તારી પાછળ રક્ષક બનીને રહું છું." વેતાલના તે વચનથી તથા ડાબી આંખ ફરકવાથી પ્રાણેશ્વરીના મૃત્યુને જાણતો એવો આરામનંદન ચાલ્યો.

હવે પદ્માવતી પત્ની, પોતાના પતિના આગમનના દિવસો નર્મદાના કિનારે પૂરા કરીને, હાથ જોડી રાજાને કહે છે, "ચિતા તરફ જતી એવી હું સ્વજનોએ વારવા છતાં પાછી ના વળી પણ વાનરે આપેલ સમાચારથી તમે મને લાંબા સમય સુધી અગ્નિ પ્રવેશ કરતાં અટકાવી રાખી. પણ હવે અવધિ પૂર્ણ થવા છતાં પણ મારા પ્રિયતમ આવ્યા નથી તેથી હું માનું છું કે તેમનું કાંઈક અમંગલ થયું હશે કેમકે તે સત્ય પ્રતિજ્ઞાવાન્ છે તેથી મને ચિતામાં પડવાની તમે રજા આપો." એમ કહીને તે રાજાની રજા લઈને પોતાના ઘરે આવી. પછી પોતાના બંને પક્ષની અનુજ્ઞા લઈ, દેવતાની પૂજા કરી, દીનજનોને દાન આપી, સખીજનોને અનુકૂળ કરી, પૂર્વનાં કરાયેલા પુણ્યની અનુમોદના કરી તથા દુષ્કૃતોની નિંદા કરી. હા... હા... એ પ્રમાણે લોકો આક્રંદ કરતાં રહ્યા અને તે ચિતા તરફ જલ્દીથી ચાલી. પછી સર્વ લોકો જોતાં પંચ-નમસ્કારના સ્મરણપૂર્વક તેણે સ્વજનોના અશ્રુજલની સાથે ચિતાના અગ્નિમાં ઝંપાપાત કર્યો.

આ બાજુ આરામનંદન ઝડપથી નર્મદાના તીરે આવ્યો. ત્યાં ધૂમાડાથી વ્યાપ્ત થયેલા આકાશને અને બળતા અગ્નિવાળી ચિતાને તેણે જોઈ. વળી આક્રંદ કરતા સ્વજનોને જોઈ તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો, "નક્કી મારી પ્રિયાએ અગ્નિપ્રવેશ કર્યો લાગે છે અને મારો મનોરથ રૂપી રથ ખાડામાં પડ્યો છે." પછી જલ્દી મયૂરવાહનથી ઉતરીને, કંચુકને બાજુમાં મૂકીને, પત્નીની ચિતા સમીપે રહેલો આરામનંદન આ પ્રમાણે બોલવા લાગ્યો, "જો આ મારી પ્રાણપ્રિયા સતીવ્રતધરા હોય તો તેની અને મારી પણ કલ્યાણ પરંપરા થાઓ." એમ બોલીને પ્રિયાના મૃત્યુથી લાગેલા પાપનો નાશ કરવા માટે સમજુ એવા તેણે સ્વજનોથી અજ્ઞાત રહીને અગ્નિમાં ઝંપાપાત કર્યો.

હવે તેની પાછળ યુદ્ધ કરતાં આવતા વિદ્યાધર સુભટો તથા વેતાલના સુભટોએ તેવા સ્વરૂપવાળા તેને જોયો. ત્યારે આશ્ચર્ય પામેલી તે બંને વિદ્યાધરીઓ બોલી કે, "કંચુક અને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મયૂરવાહનને મૂકીને ચોરે આ શું કર્યું ?" વેતાલ પણ બોલ્યો કે, "હા ! જેને માટે યુદ્ધ કરીને હું ક્લેશ પામ્યો તે આ પ્રાણપ્રિય મિત્રે એકદમ જ અગ્નિની ચિતામાં પ્રવેશ કર્યો ? (એમ ખેદ વ્યક્ત કર્યો).

આ બાજુ ચિતાની પાસે આવતા વેતાલ અને ખેચરોને જોઈને 'આ શું છે ?' એમ સંભ્રમથી લોકો દૂર ગયા. ચતુરંગ સેનાથી યુક્ત, લડવાની ઈચ્છાવાળો રાજા પણ ઝડપથી વેતાલ-ખેચરોના સૈન્ય તરફ ચાલ્યો. હવે તે ચિતાની આજુબાજુ ભમતા વિદ્યાધરીના સૈન્યે પૃથ્વી ઉપર રહેલા મયૂરવાહન અને કંચુકને ગ્રહણ કર્યા. અમારા ભયથી અથવા અન્ય હેતુથી આ ચોરે ચિતામાં પ્રવેશ કર્યો છે એ પ્રમાણે જેટલામાં તે બંને વિદ્યાધરપ્રિયા તેના તરફ જોવા લાગી તેટલામાં તો પ્રિયા પદ્માવતી સહિત અક્ષત અંગવાળા આરામનંદનને ત્યાં જોઈને બંને વિદ્યાધરીઓ આ પ્રમાણે બોલવા લાગી, "અહો ! અહો ! જે આ અગ્નિમાં પ્રવેશ કરવા છતાં પણ કમળમાં રહેલું હંસ-યુગલ જેમ શોભે છે તેમ પ્રિયા સહિત સુવર્ણ આસને રહેલો કેવો શોભે છે." આ પ્રમાણે તે બંનેની વાણી સાંભળીને કૌતુકથી આશ્ચર્યચકિત મનવાળા વેતાલ, વિદ્યાધરો, રાજા અને સ્વજનો ત્યાં ગયા. "અહો ! પદ્માવતીના શીલનો પ્રભાવ તો જુઓ ! કે જેથી બળતા અગ્નિની જ્વાલાવાળી આ ચિતા પણ શીતલ થઈ ગઈ." એ પ્રમાણે ભાટ ચારણોની જેમ તેઓ બોલતે છતે આરામનંદને ત્યાંથી બહાર આવીને પ્રિયાસહિત હર્ષથી રાજાને જુહાર કર્યા. રાજાએ પણ તેને સ્નેહથી આલિંગન કર્યું અને સર્વ કંચુકવૃત્તાંત પૂછ્યો ત્યારે તેણે પણ જેવો હતો તેવો તે વૃત્તાંત કહી સંભળાવ્યો. માતાપિતા તથા સ્વજનોએ પણ આલિંગન કર્યું અને તેને અભિનંદન આપ્યા. "હે વત્સે ! તું પુત્રવતી થા." એમ પદ્માવતીને પણ અભિનંદન આપ્યા.

હવે કંચુકના વૃત્તાંતને જાણીને તે બંને વિદ્યાધર-પ્રિયાએ તેનો (કંચુક માટેનો) આગ્રહ છોડી દીધો અને ચિત્તમાં આ પ્રમાણે વિચાર કરવા લાગી, "અહો ! આ દંપતીની પરસ્પર કેવી પ્રીતિ ! કે વિરહથી બંનેએ જ્વાળાથી વ્યાપ્ત અગ્નિમાં ઝંપાપાત કર્યો." તેના સંગમથી અત્યંત પ્રમોદવાળા સ્વજનોને જોઈને બંને વિદ્યાધરીનો રોષ દૂર થઈ ગયો અને ઔચિત્યથી તે બંનેની પાસે આવીને, દિવ્ય સુગંધથી નાસિકાને આનંદ પમાડનારું પુષ્પકંચુક નોકરો પાસે મંગાવીને પદ્માવતીને પહેરાવ્યું. પછી વેતાલ - વિદ્યાધરી વર્ગ - રાજા - સ્વજનોથી પરિવરેલો આરામનંદન ગજ ઉપર આરૂઢ થયો અને મહોત્સવપૂર્વક પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. રત્નનું આભૂષણ આપીને તેણે રાજાનો સત્કાર કર્યો. દેવદૂષ્ય જેવા વસ્ત્રોથી સ્વજનોને સંતોષ પમાડ્યો. અંજલીપૂર્વક પ્રણામ કરી તે બંને ખેચરીઓને અને યાચકોને દાનાદિથી પોષીને વિસર્જિત કર્યા. વેતાલ પાસેથી પણ સુવર્ણપુરુષ મંગાવીને પોતાના આવાસમાં સ્થાપન કર્યો. પછી ભક્તિપૂર્વક આરામનંદને તે વેતાલને વિસર્જિત કર્યો. ત્યારપછી સ્નાન કરીને જિનેશ્વર ભગવંતોની પૂજા કરીને, સુપાત્રોને દાન આપીને સ્વજનોની સાથે ભોજન કર્યું. પોતાના પુણ્યની જેણે પરીક્ષા કરી છે એવા પોતાની પત્નીના સતીવ્રતને જોનારા તે આરામનંદને ગૃહસ્થપણાને સફળ કર્યું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એકવાર ઉદ્યાનમાં સજ્જનોરૂપી ચક્રવાકને પ્રતિબોધ કરનાર, જ્ઞાનરૂપી કિરણોવાળા, સૂર્ય જેવા કેવલી ભગવંત પધાર્યા. તેમના આગમનને સાંભળી પદ્માવતી સહિત આરામનંદન જઈને, કેવલી ભગવંતને ભક્તિપૂર્વક નમીને તેમની પાસે બેઠો. તે મુનિપુંગવે પણ મુક્તિપ્રિયાની જાણે દૂતી હોય તેવી સર્વ જીવ હિતકારી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

સર્વ ધર્મકરણીનું મૂળ સમ્યગ્દર્શન છે. અને તે દેવ-ગુરુ-તત્ત્વમાં સમ્યક્ શ્રદ્ધા કરવાથી થાય છે. અઢાર દોષોને હણનારા, શિવલક્ષ્મીને પ્રાપ્ત કરનારા દેવ છે. નિરવદ્ય ક્રિયા અને જ્ઞાનને ધરનારા ગુરુ કહેલા છે. અને તત્ત્વ તો તે કહેવાય કે જેનાથી જીવોને વિષે સમતા ભાવ પેદા થાય. આવા પ્રકારનું સદદર્શન જીવો કર્મની લઘુતાથી પ્રાપ્ત કરે છે. પછી શ્રાવકધર્મ અને સાધુધર્મનું આરાધન કરી શુદ્ધ બુદ્ધિવાળો તે જીવ અનુક્રમે કર્મનો ક્ષય કરી પરમપદને પામે છે.

આ પ્રમાણે કાનરૂપી છીપથી વ્યાખ્યાન રૂપી અમૃતનું પાન કરીને આરામનંદને પત્ની સહિત ગુરુની પાસે સમ્યક્ત્વ ગ્રહણ કર્યું અને પોતાના ઘરે ગયો. જેમાં છેદાયેલા અંગો ફરી પાછા નવા આવી જાય છે એવા સુવર્ણ પુરુષના અંગથી પ્રાપ્ત કરેલા સોના વડે ધર્મસ્થાનકોને અને ભોગોને તે હંમેશા પોષતો હતો. પછી આરામનંદનની અનુજ્ઞા લઈને સંસારથી ઉદ્વિગ્ન મનવાળા તેના માતા-પિતા સુગુરુની પાસે સંયમ સ્વીકારી દેવલોકમાં ગયા.

પછી બુદ્ધિશાળી આરામનંદને ભાવથી જિનપૂજાદિ મહોત્સવ વડે લક્ષ્મીપુર નગરને ધર્મમય બનાવ્યું. અનુક્રમે કમલાવતીએ રત્ન-સુવર્ણ-રૂપાના પૂર્ણ કળશના સ્વપ્નથી સૂચિત અદ્ભૂત પુત્રને જન્મ આપ્યો. આરામનંદને પુત્રનો જન્મ-મહોત્સવ કર્યો પછી બારમા દિવસે સ્વપ્ન અનુસાર પુત્રનું "પૂર્ણ કળશ" એ પ્રમાણે નામ પાડ્યું. હર્ષ પામેલા માતા-પિતાથી પાલન કરાતો તે પુત્ર અનુક્રમે સર્વ શાસ્ત્રોના અર્થને ભણ્યો ને પવિત્ર તારુણ્યવયને પામ્યો. સદ્ગુરુ જેમ શિષ્યને વિદ્યાઓ આપે તેમ પિતાએ તે પુત્રને શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થયેલી કન્યાઓ સાથે પરણાવ્યો.

હવે તેના વિવાહ પછી આરામનંદને લીધેલા સમ્યક્ત્વની પરીક્ષાં કરવા માટે કોઈ એક દેવીએ પૂર્ણકળશના શરીરમાં તાવ ઉત્પન્ન કર્યો. તેનાથી પીડાતો, ચેતના વિનાનો, ભૂમિ ઉપર આળોટતો અને વૈદ્ય વગેરેથી પણ આસાધ્ય રોગવાળો તે કાંઈક પ્રલાપ કરવા લાગ્યો. આ બાજુ આરામનંદને પુત્રના રોગને દૂર કરવા માટે નગરમાં ભમતો, અહંકારવાળો કોઈક માંત્રિક બોલાવ્યો. તેણે પણ મંડલને આલેખીને તેમાં કન્યાને બેસાડીને મંત્રના આહ્વાન પૂર્વક દેવીને તલવારમાં જલ્દીથી ઉતારી. "આ પાત્રના શરીરમાં શું છે ? કોઈ રોગ છે કે કોઈ દોષ છે ?" આ પ્રમાણે તે માંત્રિકે પૂછયું ત્યારે તે દેવીએ કન્યાના મુખ દ્વારા જવાબ આપ્યો કે, "આ પૂર્ણકળશ તો સર્વથા દોષથી ગ્રસ્ત થયેલો છે આથી તેને ખરેખર ! મૃત્યુ જ શરણ છે." આ પ્રમાણે તેનું વાક્ય સાંભળી શોકથી પદ્માવતી મૂર્છા પામી. ત્યારે આરામનંદને સાહસને ધારણ કરી માંત્રિકને કહ્યું, "અરે...! તું પૂછ તો ખરો કે આ પુત્ર કોઈપણ ઉપાયથી જીવશે કે નહિ ?" ત્યારે માંત્રિક વડે પૂછાયેલી દેવીએ કન્યાના મુખથી આ પ્રમાણે કહ્યું કે, "આરામનંદન પોતે જો પદ્મયક્ષની પૂજા કરશે તો પુત્ર આ મહાદોષથી મુક્ત થશે અન્યથા મરણ પામશે." આ સાંભળી સમ્યક્ત્વની સ્થિરતામાં મેરુ સમાન એવો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આરામનંદન બોલ્યો કે, "મારા પ્રાણ જાય તો પણ હું અન્ય દેવતાની પૂજા કરું નહિ. પૂર્વે બાંધેલું આયુષ્ય ક્ષય થતાં મરતા પ્રાણીને રાજાઓ - દેવો કે દાનવો પણ બચાવી શકતા નથી. વળી જેનું આયુષ્ય બાકી છે તે પ્રાણી સેંકડો રોગો કે દોષોથી ઘેરાવા છતાં પણ વજ્રપંજરની મધ્યમાં રહેલાની જેમ ક્યારેય મરતો નથી. પ્રાણથી પણ અધિક પ્રિય એવા આ પુત્રનું હિત થાય કે અહિત થાય તો પણ હું લીધેલા સમ્યક્ત્વને મલિન નહી કરું. અરિહંત ભગવંતો, સુગુરુઓ તથા સાધર્મિક બંધુઓ સિવાય અન્યને હું મસ્તક નમાવીશ નહિ. આ મારો અફર નિશ્ચય છે. વળી પુત્રો તો એક ભવમાં પણ સુખ આપનારા થાય કે ન પણ થાય પરંતુ આ સમ્યગ્દષ્ટિ તો દરેક ભવમાં મનુષ્યોનું કલ્યાણ કરનારી છે. તેથી હે માંત્રિકશ્રેષ્ઠ ! તું જલ્દીથી આ માંડલાનું વિસર્જન કર. જો એનું આયુષ્ય વિપુલ હશે તો તે સ્વયં જીવશે."

આ પ્રમાણે તેના કહેવાથી જેટલામાં માંત્રિક મંડલ વિસર્જન કરવા લાગ્યો તેટલામાં તો તે દેવી પ્રગટ થઈ અને બોલી કે, "હે આરામનંદન ! ખરેખર ! તું ધન્ય છે. આ બધી માયાજાળ મેં જ તારા સમ્યક્ત્વની પરીક્ષા માટે કરેલી છે. તારો પુત્ર તો નિરોગી જ છે." આ પ્રમાણે કહી દેવી અદૃશ્ય થઈ, પૂર્ણકળશ પ્રેયસીની સાથે ભોગોને ભોગવતો કાળ પસાર કરવા લાગ્યો. આરામનંદન પણ દૂષણ વગરના (નિર્મલ) સમ્યક્ત્વનું પાલન કરીને, શુભ ધ્યાનવાળો આયુષ્ય પૂર્ણ થતાં પ્રિયાસહિત દેવલોકમાં ગયો.

એ પ્રમાણે હે ભવ્ય જીવો ! અત્યંત આશ્ચર્યકારી આરામનંદનનું ચરિત્ર સાંભળી હંમેશા સમ્યક્ત્વનો સ્વીકાર કરો જેથી જલ્દીથી ભવનો અંત પામો.

આ પ્રમાણે સમ્યક્ત્વના વિષયમાં આરામનંદનની કથા સંપૂર્ણ થઈ.

## સમ્યક્ત્વની શુદ્ધિને કહે છે :-

**तस्स विसुद्धिनिमित्तं, नाऊणं सत्तसट्ठिठाणाइं ।**
**पालिज्ज परिहरिज्जव, जहारिहं इत्थ गाहाओ ॥ ४ ॥**

**ગાથાર્થ :- સમ્યક્ત્વની વિશુદ્ધિ નિમિત્તે તેના ૬૭ સ્થાનોને અહીં ગાથાઓથી યથાર્થ જાણીને તેનું પાલન કરવું જોઈએ અને ત્યાગ કરવા યોગ્ય સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ.**

**ટીકાર્થ :-** "**तस्स**" = પૂર્વે વર્ણન કરાયેલા તે સમ્યક્ત્વની "**विशुद्धि निमित्तं**" = વિશુદ્ધપણું પ્રાપ્ત કરવા માટે, આગળ કહેવાશે તે શ્રદ્ધાદિ ૬૭ સ્થાનોને "**नाऊणं**" = સારી રીતે જાણીને "**पालयेत्**" = તેનું સેવન કરવું જોઈએ. માત્ર પાલન કરવું એમ નહિ પણ "**परिहरेत्**"= ત્યાગ પણ કરવો જોઈએ. કેવી રીતે ત્યાગ કરવાનો ? તો "**यथार्हं**"= શ્રદ્ધાદિનું સેવન કરવા વડે શંકાદિ દોષના પરિહાર વડે. તેથી "**अत्र**" પૂર્વાચાર્યોએ કરેલી ૬૭ ભેદને સૂચવનારી એવી બે ગાથાથી. અહીં જે દ્વિવચનના સ્થાને બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે તે દોષરૂપ નથી કેમકે પ્રાકૃતમાં આ રીતે પ્રયોગ થાય છે અને કહ્યું પણ છે કે, "બહુવચનથી દ્વિવચન અને છઠ્ઠી વિભક્તિથી ચતુર્થી વિભક્તિનો ભાવ કાઢી શકાય છે. જેટલા હાથ તેટલા જ પગો. (બે હાથ અને બે પગ હોવા છતાં બહુવચન) જેમકે દેવાધિદેવને નમસ્કાર થાઓ. (नमस् અવ્યયના યોગમાં)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તે સમ્યક્ત્વની દ્વારગાથા કઈ ?** તો તેના અનુસંધાનમાં જણાવે છે કે –

**चउसद्दहणतिलिङ्गं, दसविणयतिसुद्धिपञ्चगयदोसं ।**
**अट्ठपभावणभूसण - लक्खणपञ्चविहसंजुत्तं ॥ ५ ॥**
**छव्विहजयणागारं, छभावणाभावियञ्च छट्ठाणं ।**
**इह सत्तसट्ठिलक्खण - भेयविसुद्धं च सम्मत्तं ॥ ६ ॥**

ગાથાર્થ :- ૪ શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવના, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ ભાવના, છ સ્થાન આ પ્રમાણે સડસઠ ભેદથી વિશુદ્ધ એવું સમ્યક્ત્વ હોય છે.

**ટીકાર્થ :-** '**चउसद्दहणतिलिंग**'' = ચાર શ્રદ્ધા અને ત્રણ લિંગ છે જેમાં તે ચાર શ્રદ્ધા ત્રણ લિંગ. '**दसविणय**' = દશ વિનય અને ત્રણ શુદ્ધિ અને આર્ષપણાથી ગયા છે પાંચ દોષો જેમાંથી તે दशविनयत्रिशुद्धिपञ्चगतदोषम् । '**अट्ठपभावण**' = આઠ પ્રભાવક અને ભૂષણો અને લક્ષણો તેઓના એક એકના પાંચ પ્રકારો. તેનાથી યુક્ત. '**छव्विह**' = છ પ્રકારે યતના અને આગાર છે જ્યાં તે षड्विधयतनाकारं, '**छब्भावण**' = છ ભાવનાથી વાસિત. '**छट्ठाण**' = છ સ્થાનો છે જ્યાં તે षट्स्थानम्. '**इय सत्तसट्ठि**' આ પ્રમાણે સડસઠ ભેદોથી વિશુદ્ધ દોષ વગરનું સમ્યક્ત્વ હોય છે. એ પ્રમાણે જાણવું. અહીં ચકાર તે સમુચ્ચયના અર્થમાં છે. એ પ્રમાણે બે ગાથાનો અર્થ (કહ્યો).

**આ દ્વાર ગાથા કોણે કરી છે ? તે જણાવે છે**

**पुव्वमुणीहिँ कयाणं गाहाणमिमाण कमवि भावत्थं ।**
**थोवक्खरेहिँ पयडं, वुच्छं सङ्खेवरुइपत्थं ॥ ७ ॥**

ગાથાર્થ :- પૂર્વમુનિઓએ કરેલ આ બંને ગાથાના કાંઈક ભાવાર્થને હું પ્રગટપણે થોડા અક્ષરો વડે સંક્ષેપથી સાંભળવાની રૂચિવાળા જીવોને હિતકારી થાય તેવી રીતે કહીશ.

**ટીકાર્થ :-** અહીં પ્રકરણકર્તા अहम् એ પ્રમાણે પોતાને જણાવે છે. તેથી હું '**कमपि**' = રહસ્યભૂત '**भावार्थं**' = પરમ તત્ત્વને. '**अनयोः गाथयोः**' આ બંને ગાથાઓનો. પૂર્વ મુનિઓએ કરેલી... તેને હું કહીશ. એ પ્રમાણે સંબંધ છે. ત્યાં ત્રિકાલ અવસ્થાને જે માને છે તે મુનિ. પૂર્વ એવા તે મુનિઓ તે પૂર્વમુનિઓ - પૂર્વાચાર્યો. તેઓના વડે કરાયેલી, '**स्तोकाक्षरैः**' અલ્પ વર્ણ વડે, '**प्रकटं**' = સારી રીતે બોધ થાય, '**सङ्क्षेपरुचीनां**' = થોડા ગ્રંથને સાંભળવાની ઈચ્છાવાળાઓને, '**पथ्यं**' = હિતને, '**वक्ष्ये**' = કહીશ. એ પ્રમાણે ગાથાર્થ છે.

## શ્રદ્ધાદ્વારનો પ્રથમ અધિકાર

**તે ભેદોમાંથી પ્રથમ શ્રદ્ધાના ચાર ભેદોને કહે છે.**

**परमत्थसन्थवो खलु, सुमुणियपरमत्थजइजणनिसेवा ।**
**वावन्नकुदिट्ठीण य, वज्जणमिह चउहसद्दहणं ॥ ८ ॥**

**ગાથાર્થ :- [1]પરમાર્થ સંસ્તવ, [2]સુદૃષ્ટ પરમાર્થ એવા ગુરુ ભગવંતની સેવા, [3]વ્યાપન્ન દર્શન વર્જન, [4]કુદર્શન વર્જન એમ સમ્યક્ત્વની સદહણા ચાર ભેદે છે.**



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :-** '**खलु**' = નિશ્ચિત '**परमत्थ**' = પરમાર્થના, પરમ રહસ્યનું '**संस्तवः**' = પરિચય આ એક ભેદ. '**सुमुणिय**' = સારી રીતે જાણ્યો છે પરમાર્થ તેવા યતિજનોનું, અરિહંતના સાધુઓનું સેવન. તેમની પર્યુપાસ્તિ કરવી તે બીજો ભેદ. '**वावन्न**' = વ્યાપન્નો અને કુદૃષ્ટિઓ તે व्यापन्न कुदृष्टयः તેઓનું વર્જન. એટલે આનો શું અર્થ થાય ? તો કહે છે કે જેઓ સમ્યક્ત્વથી ચ્યુત થયેલા છે = જેમનું સમ્યક્ત્વ નાશ પામ્યું છે તેઓનો અને મિથ્યાદૃષ્ટિઓનો ત્યાગ આ પ્રમાણે ત્રીજો-ચોથો ભેદ છે. '**च**' સમુચ્ચયના અર્થમાં છે. '**इह**' = આ ગ્રંથમાં ચાર પ્રકારે શ્રદ્ધા છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

**તે જ શ્રદ્ધાના પરમાર્થ સંસ્તવ રૂપ પ્રથમ ભેદનું વર્ણન કરતાં કહે છે :-**

**जीवाइपयत्थाणं, सन्तपयाईहिं सत्तहिं पएहिं ।**
**बुद्धाणवि पुण पुण सवणचिन्तणं सन्थवो होई ॥ ९ ॥**

**ગાથાર્થ :- જાણેલા જીવાદિ તત્ત્વોનું સત્ વગેરે સાત પદો વડે વારંવાર શ્રવણ અને ચિંતન કરવું તે પરમાર્થ સંસ્તવ નામની પ્રથમ શ્રદ્ધા કહેવાય છે.**

**ટીકાર્થ :-** '**जीव**' = જે જીવે છે, પ્રાણોને ધારણ કરે છે તે જીવો. સર્વ વક્તવ્ય (કહેવા યોગ્ય) પદાર્થનું મૂળ જીવ છે માટે તેનું પ્રથમ ઉપાદાન કરેલ છે. **આદિ** શબ્દથી અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ એ તત્ત્વો પણ ગ્રહણ કરવા. તે પદાર્થોનું - તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન શી રીતે થાય ? તો કહે છે કે '**सन्तपयाइहिन्ति**' = સત્પદાદિ વડે = સત્[૧] (તે તત્ત્વોનું હોવાપણું), સંખ્યા[૨], ક્ષેત્રસ્પર્શ[૩], કાલ[૪], અંતર[૫], ભાવ[૬] અને અલ્પ બહુત્વ[૭] તે સાત પદો વડે તે તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન થાય છે. અને તે સત્પદાદિની પ્રરૂપણા ગુણસ્થાનકને વિષે વર્તતા જીવાદિ પદાર્થોની ચૌદ માર્ગણા સ્થાન વડે કરાય છે.

**તે આ પ્રમાણે :-** જો કે '**સત્**' શબ્દ પ્રશંસાદિમાં વપરાય છે તો પણ અહીં અસ્તિત્વવાચક રૂપે ગ્રહણ કરાય છે. તેથી જીવાદિ પદાર્થો છે. કેમકે તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી માંડીને અયોગી ગુણસ્થાનક પર્યંત હોય છે. અહીં તેઓનું સત્ત્વ (હોવાપણું) માર્ગણા સ્થાન વડે પ્રગટ કરાય છે.

**તે માર્ગણા સ્થાનો આ પ્રમાણે છે :-** (૧) ગતિ (૨) ઇન્દ્રિય (૩) કાય (૪) યોગ (૫) વેદ (૬) કષાય (૭) જ્ઞાન (૮) સંયમ (૯) દર્શન (૧૦) લેશ્યા (૧૧) ભવ્ય (૧૨) સમ્યક્ત્વ (૧૩) સંજ્ઞિ (૧૪) અણાહારી. તે માર્ગણા સ્થાન વડે સત્પદપ્રરૂપણા સામાન્યથી અને વિશેષથી એમ બે પ્રકારે છે.

**સામાન્યથી જીવ મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદનાદિ ગુણસ્થાનકવાળો, અને વિશેષથી ગત્યાદિ અપેક્ષા વડે કહેવાય છે. તે આ પ્રમાણે :-**

(૧) દેવ - નરકગતિમાં પ્રથમના ચાર ગુણસ્થાનકો છે, તિર્યંચગતિમાં પાંચ અને મનુષ્યગતિમાં ચૌદ ગુણસ્થાનક છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) ઇન્દ્રિયાદિની અપેક્ષાએ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયને વિષે પહેલું અને બીજું પણ ગુણસ્થાનક છે. પંચેન્દ્રિયને વિષે ચૌદ ગુણસ્થાનક છે.

(૩) કાયની અપેક્ષાએ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાયને વિષે પહેલું, તેઉકાય, વાયુકાયને છોડી બીજામાં બીજું પણ ગુણસ્થાનક છે. ત્રસકાયમાં સર્વ ગુણસ્થાનક હોય છે.

(૪) યોગની અપેક્ષાએ મન-વચન-કાયયોગમાં તેર ગુણસ્થાનકો છે. ચૌદમું નથી. તેનો નિરોધ કરવાથી અયોગિપણું હોવાથી.

(૫) વેદની અપેક્ષાએ પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદને વિષે પ્રથમના નવ ગુણસ્થાનકો છે. બાકીના આગળના ગુણસ્થાનકો અવેદી છે.

(૬) કષાયની અપેક્ષાએ ક્રોધ, માન, માયાને વિષે નવ ગુણસ્થાનકો છે. લોભને વિષે દશ ગુણસ્થાનકો છે. તેની આગળના ગુણસ્થાનકો અકષાયી છે.

(૭) જ્ઞાનની અપેક્ષાએ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનને વિષે પ્રથમના બે અથવા ત્રણ ગુણસ્થાનકો હોય છે. મતિ-શ્રુત-અવધિજ્ઞાનને વિષે અવિરત સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનકથી બારમા ક્ષીણકષાય સુધીના નવ ગુણસ્થાનકો છે. મનઃપર્યવજ્ઞાનને વિષે છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકથી બારમા ક્ષીણકષાય સુધીના સાત ગુણસ્થાનકો છે. કેવલજ્ઞાનને વિષે છેલ્લા બે ગુણસ્થાનક હોય છે.

(૮) સંયમની અપેક્ષાએ સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રને વિષે પ્રમત્તાદિ ચાર ગુણસ્થાનકો છે. પરિહારવિશુદ્ધિને વિષે પ્રમત્ત-અપ્રમત્ત બે ગુણસ્થાનક છે. સૂક્ષ્મસંપરાય ચારિત્રને વિષે એક સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક છે. યથાખ્યાત ચારિત્રને વિષે ઉપશાંતમોહથી છેલ્લા ચાર ગુણસ્થાનકો છે. દેશવિરતિને વિષે એક દેશવિરતિ ગુણસ્થાનક છે. અવિરતિને વિષે મિથ્યાદષ્ટિ આદિ ચાર ગુણસ્થાનકો છે.

(૯) દર્શનની અપેક્ષાએ ચક્ષુ અને અચક્ષુ દર્શનને વિષે પ્રથમના બાર ગુણસ્થાનકો હોય છે. અવધિદર્શનને વિષે અવિરતિ આદિ ૯ ગુણસ્થાનક, કેવલદર્શનમાં છેલ્લા બે ગુણસ્થાનક હોય છે.

(૧૦) લેશ્યાની અપેક્ષાએ કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યામાં પ્રથમના ચાર ગુણસ્થાનકો છે. તેજો-પદ્મલેશ્યામાં ૧ થી ૭, શુક્લ લેશ્યામાં ૧ થી ૧૩ ગુણસ્થાનકો હોય છે. ૧૪ મું ગુણસ્થાનક તો લેશ્યા વગરનું છે.

(૧૧) ભવ્યની અપેક્ષાએ ભવ્યમાં ચૌદ ગુણસ્થાનકને અભવ્યમાં પ્રથમ જ ગુણસ્થાનક હોય છે.

(૧૨) સમ્યક્ત્વની અપેક્ષાએ ક્ષાયિક સમકિતને વિષે ચારથી ચૌદ એમ ૧૧ ગુણસ્થાનકો, ઔપશમિક સમ્યક્ત્વને વિષે ૪ થી ૧૧ એમ આઠ ગુણસ્થાનક, ક્ષાયોમશમિક સમ્યક્ત્વને વિષે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ થી ૭ એમ ચાર ગુણસ્થાનક, સાસ્વાદન અને મિશ્ર સમ્યક્ત્વને વિષે પોત-પોતાનું ગુણસ્થાનક હોય છે.

(૧૩) સંજ્ઞાની અપેક્ષાએ સંજ્ઞિને વિષે ૧૪ ગુણસ્થાનક જ્યારે અસંજ્ઞીને વિષે પ્રથમના બે ગુણસ્થાનક હોય છે.

**(૧૪)** આહારકની અપેક્ષાએ આહારકને વિષે ૧ થી ૧૩ ગુણસ્થાનકો અને અનાહારક જીવોને વિષે તો વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા, કેવલિ સમુદ્ઘાતને કરતા સયોગિ કેવલિઓ અને અયોગિ કેવલિઓ આવે.

આ પ્રમાણે ગુણસ્થાનક અને માર્ગણાસ્થાનના સંયોગથી જીવોની સત્પદપ્રરૂપણા જાણવી. એવી રીતે અજીવાદિ શેષ પદાર્થોની પ્રરૂપણા બુદ્ધિશાલીઓએ પોતાની બુદ્ધિથી જાણવી. ગ્રંથ ગૌરવના ભયથી અહીં તેનો વિસ્તાર કર્યો નથી.

**(૧) સંખ્યા દ્વાર :-** વળી જીવાદિ તત્ત્વોના ભેદની ગણના. જે કહ્યું છે કે, "જીવના ૧૪ ભેદ, અજીવના ૧૪ ભેદ, પુણ્યના ૪૨ ભેદ, પાપના ૮૨ ભેદ, આશ્રવના ૪૨ ભેદ, સંવરના ૫૭ ભેદ, નિર્જરાના ૧૨ ભેદ, બંધના ૪ ભેદ, મોક્ષના ૯ ભેદ જાણવા.

**(૨) ક્ષેત્ર સ્પર્શના દ્વાર :-** વર્તમાનકાળ સંબંધી જીવાજીવાદિના નિવાસભૂત છે. તે ક્ષેત્ર અને તે જ ત્રિકાલના વિષયવાળું, ચૌદ રાજલોક પ્રમાણ, શ્રુતમાં કહેલા સ્વરૂપવાળું, જીવાજીવાદિના આધારભૂત એવું ક્ષેત્ર તે સ્પર્શના જાણવી.

**(૩) કાલદ્વાર :-** હવે જીવાદિની અપેક્ષા વડે (૧) સાદિ સાંત (૨) સાદિ અનંત (૩) અનાદિ અનંત (૪) અનાદિ સાંત આદિ ભેદથી કાલ ચાર પ્રકારે છે. આગમમાં પણ જે કહ્યું છે કે,

**જીવ - અજીવની સ્થિતિ ચાર પ્રકારની છે.**

જીવમાં (૧) ગતિ - તે તે ગતિને આશ્રયીને અર્થાત્ (નરકાદિ ગતિમાં રહેલા) જીવોની સ્થિતિ સાદિ સાન્ત છે.
(૨) સિદ્ધની સ્થિતિ સાદિ અનંત છે.
(૩) અભવ્યની સ્થિતિ અનાદિ અનંત છે.
(૪) ભવ્યોની સ્થિતિ અનાદિ સાંત છે.

અજીવમાં (૧) પુદ્ગલની સ્થિતિ સાદિ સાંત છે કારણ કે પુદ્ગલમાં સતત પર્યાયો બદલાઈને પરિવર્તન થયા કરે છે.
(૨) ભવિષ્યકાળની સ્થિતિ અનાદિ સાંત છે.
(૩) ભૂતકાળની સ્થિતિ સાદિ અનંત છે.
(૪) ત્રણ કાયો ધર્માસ્તિકાય[1], અધર્માસ્તિકાય[2], આકાશાસ્તિકાય[3] ની સ્થિતિ અનાદિ અનંત છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૪) અંતરદ્વાર :-** જીવ-અજીવ આદિની ઉત્પત્તિ - વિનાશનો વિરહકાલ.

**(૫) ભાવદ્વાર :-** [૧]ઔદયિક, [૨]ઔપશમિક, [૩]ક્ષાયિક, [૪]ક્ષાયોપશમિક, [૫]પારિણામિક, [૬]સાંનિપાતિક ભેદથી ૬ પ્રકારના ભાવો જીવાદિને વિષે સંભવે છે. વળી કહ્યું છે કે, "સિદ્ધોને (ક્ષાયિક-પારિણામિક બે ભેદ ઘટે છે.) કેવલીને (ઔદયિક-ક્ષાયિક અને પારિણામિક એમ ૩ ભેદ) અને સંસારી જીવોને (ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક એમ ૩ ભેદ ઘટે છે.) ચારે ગતિને વિષે (ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક એમ ચાર ભેદ ઘટે છે.) જ્યારે મનુષ્યને પાંચ ભાવો ઘટે છે.

**(૬) અલ્પ બહુત્વ :-** પરસ્પર જીવોની અપેક્ષાએ સવિશેષ પ્રતિપત્તિ. જેમકે સંખ્યાતા મનુષ્યો છે. તેનાથી અસંખ્યાતગુણા નારકો છે. તેનાથી દેવો સવિશેષ છે. તેનાથી અનંતગુણા તિર્યંચો છે.

'**સત્**'આદિ આ સાત પદો વડે જાણેલા પણ જીવાદિ પદાર્થોનું વારંવાર શ્રવણ, ચિંતન - પર્યાલોચન કરવું તે **પરમાર્થ સંસ્તવ** નામની પહેલી શ્રદ્ધા છે એ પ્રમાણે ગાથાર્થ જાણવો.

## આ વિષયમાં જિનદાસ શ્રાવકનું દૃષ્ટાંત કહેવાય છે તે આ પ્રમાણે :-

અહીં જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, નિવાસી લોકોએ ઉત્પન્ન કરેલા હર્ષના પ્રકર્ષવાળા શ્રી ભરત નામના ક્ષેત્રમાં, સમસ્ત વસ્તુના વિસ્તારથી મધુર એવી બાહ્ય વન જેવી (ઉપવન) મથુરા નામની નગરી છે. જેમાં મનુષ્યના કર્ણને સુખકારી હંસ સમાન મધુર અવાજવાળી ઉન્નત પયોધરવાળી સ્ત્રીની શ્રેણી (હંસોની જેમ) શોભે છે. તેમાં સતત સુગુરુના મુખથી નીકળતી અમૃત સમાન વિશુદ્ધ સિદ્ધાંતની દેશનાના શ્રવણથી જિનશાસન ઉપર અત્યંત અનુરાગી થયેલો **શ્રી જિનદાસ** નામનો શ્રાવક રહેતો હતો. જ્યાં સદ્ગુરુની અપૂર્વ ભક્તિરૂપી જળતરંગો ઉછળી રહ્યા છે એવા તેના મનરૂપી સરોવરની મધ્યમાં, સારા વિચારોમાં ચતુર, **પવિત્રતારૂપી પાંખવાળો** જિનરૂપી હંસ ક્રીડા કરતો હતો. નિરંતર દેવ-ગુરુના ચરણની સેવાથી ઉપાર્જન કરેલ અગણિત પુણ્યના સ્થાનભૂત એવી **'સાધુદાસી'** નામની તેની પત્ની હતી. "શ્રી જિનાજ્ઞા રૂપી વાટથી યુક્ત, પુણ્યક્રિયારૂપી સ્નેહ (તેલ)થી સુંદર, શીલ રૂપી પ્રજ્વલિત દીપમાં કામદેવ પતંગબાળનું આચરણ પામે છે."

એકવાર સદ્ગુરુની પાસે સમ્યક્ત્વ મૂલ બાર વ્રતો સ્વીકાર કરતા તેમણે પાપભીરૂપણા વડે સર્વથા ચતુષ્પદ પરિગ્રહ પરિહાર રૂપ અભિગ્રહ ગ્રહણ કર્યો અને તેનું નિરતિચાર પાલન કરતા તે બંનેનો સમય સુખપૂર્વક પસાર થઈ રહ્યો હતો.

ક્યારેક કોઈ એક ભરવાડણી મસ્તક ઉપર સ્નિગ્ધ-મધુર દહીંનું માટલું લઈ જિનદાસના આવાસે આવી. સાધુદાસીએ પણ સમુદ્રના ફીણ જેવું અતિ ઉજ્જવલ દહીં લઈને આદરપૂર્વક ભરવાડણીને કહેવા લાગી કે, 'હે સખિ ! રોજ તારે અમારા ઘરે દહીં લાવીને વેંચવું. હું તને ઈચ્છિત દ્રવ્ય આપીશ. તે ભરવાડણીએ પણ ઉપદેશની જેમ તેનું વચન સ્વીકાર્યું. ત્યારથી તે રોજ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દહીં આદિ લાવીને આપતી. સાધુદાસી પણ તેને શ્રેષ્ઠ વસ્ત્રાદિ આપીને સત્કાર કરતી હતી. આમ બંને વચ્ચે મિત્રતા બંધાઈ. **જે કારણથી :-** "દાનથી જીવો વશ થાય છે, દાનથી વૈર નાશ પામે છે, દાનથી પારકો એવો પણ ભાઈપણાને પામે છે. તે કારણથી દાન સતત આપવું જોઈએ."

એકવાર ભરવાડણીએ પોતાની પુત્રીના વિવાહ-મહોત્સવમાં પત્ની સહિત જિનદાસને આમંત્રણ આપ્યું. તેણે પણ **"મને ક્ષણમાત્ર આવવાનો સમય નથી"** એમ નિષેધ કરીને બદલાની ઈચ્છા વગર જ વિવાહ ઉપયોગી વસ્તુ તેને આપી, તે વસ્તુઓ વડે રંગપૂર્વક પાણિગ્રહણ મહોત્સવ થયો.

પોતાના ઋણમાંથી મુક્ત થવાની ઈચ્છાવાળી, પોતાના પરિવારથી યુક્ત એવી તે ભરવાડણીએ ત્રણ વર્ષની વયવાળા, ગંગાના જલ-તરંગ જેવા ઉજ્જવલ, કંબલ-શંબલ નામના બે બળદ શ્રેષ્ઠીને ભેટ આપ્યા. **"મારો નિયમ ભંગ ન થાઓ"** એમ શ્રેષ્ઠીએ નિવારવા છતાં તેના ઘરે ખીલે બંને બળદોને બાંધીને તે પોતાના ઘરે ગઈ. પોતાના ઘરે આવેલા શ્રેષ્ઠી પણ તે પ્રકારે રહેલા તે બંને બળદોને જોઈને ક્ષણવાર વિષાદ પામીને આ પ્રમાણે વિચારવા લાગ્યા, "જો તેને છૂટા મૂકી દઈશ તો પામર લોકો એને જોતરશે અને ચાબુકના પ્રહારથી જર્જરિત શરીરવાળા તે બંને હળ અને ગાડાના વાહનની વ્યથાને અનુભવશે. અને જો ઘરમાં રાખું તો મારા નિયમનો ભંગ થશે. આથી કેમે કરીને હું તે ભરવાડણીના મૂર્ખસ્નેહથી સંકટરૂપી ખાડામાં પડાયો છું. તો પણ આ બંને અનુકંપાથી મારે પાલન કરવા યોગ્ય છે. એમ વિચારીને શ્રેષ્ઠી તે બંને બળદોનું પ્રાસુક ઘાસ-જલાદિથી રોજ પોષવા લાગ્યા.

હવે એકવાર પર્વતિથિમાં ઉપવાસ કરેલા, પૌષધને ગ્રહણ કરેલા, પૂર્વે અભ્યાસ કરેલા ધર્મશાસ્ત્રના પુસ્તક વાંચનમાં તત્પર એવા જિનદાસને જોઈને તે બંને બળદ પણ સત્સંગના પ્રતાપે ચૈતન્યવાળા થતાં, આપેલા પણ ઘાસને ખાતા નથી. વળી કહ્યું છે કે :- "સર્વ પ્રકારે સંગનો ત્યાગ કરવો જોઈએ. જો તે છોડી શકવાને માટે શક્તિમાન ન હોય તો સજ્જનોની સાથે સંગ કરવો જોઈએ **સંગનું ઔષધ સંતપુરુષો છે."** તેથી શ્રેષ્ઠી તે બંને બળદોનું આવું સ્વરૂપ જાણીને કૃપા વડે આટલા સમય સુધી મેં તેમનું પાલન કર્યું પરંતુ હાલમાં તો વિશિષ્ટ ધર્મના બોધથી મારા સાધર્મિક થયા છે એ પ્રમાણે વિચાર કરીને અને તે બંને બળદોને જાણે ભાઈ જ હોય તેમ મનોહર આહાર વડે પોષ્યા. બંને પ્રકારે બંને બળદોનું પોષણ કરવામાં રક્ત એવા તેના દિવસો પસાર થવા લાગ્યા.

હવે એકવાર ભિન્ડીરગણયક્ષનો યાત્રા મહોત્સવ થયે છતે નગરના લોકોએ **"હું પહેલો થઈ જાઉં"** એ પૂર્વક વાહનક્રીડાનો પ્રારંભ કર્યો. ત્યારે જિનદાસનો પરમમિત્ર કોઈક પુરુષ તેને પૂછ્યા વિના એક ઉદરથી જન્મેલા, ગિરિશ્રૃંગ જેવા ઉત્તુંગ, ઉન્નત સ્કંધવાળા, શ્રેષ્ઠ રત્ન જેવા સુસ્નિગ્ધ, સુંદર શૃંગવાળા, દડાની જેમ ગોળાકાર અંગવાળા, ચામરની જેમ ચળકતા પૂંછડાવાળા, વાયુથી પણ અધિક વેગવાળા, પુંડરીક કમલ જેવા ઉજ્જવલ એવા તે બંને બળદોને કૌતુકથી લઈને ગાડા સાથે જોડ્યા. ત્યાર પછી દયાવિહીન તેણે તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળદની સુકુમારતાને જાણ્યા વિના, પરોણા મારીને ઘોડાથી પણ અધિક વેગથી ખૂબ દોડાવ્યા. અને પૂર્વે પ્રતિજ્ઞા કરેલા નગરલોકમાં અગ્રિમતા પ્રાપ્ત કરી અને સર્વત્ર જયપતાકા મેળવીને શ્રેષ્ઠીના ઘરે જેમ લાવેલા તેમ પાછા બળદો મૂકી દીધા.

આ બાજુ જિનદાસ પણ જિનપૂજા કરી, સુપાત્રની ભક્તિમાં દ્રવ્યનો વ્યય કરી, પરિવારને ભોજન કરાવી ધુરંધર તે બંને બળદોનું પોષણ કરવા માટે હાથમાં મનોહર ચારો લઈને આવ્યો. ત્યાં તો તે બંને બળદને આરાના પ્રહારથી નીકળતી લોહીની ધારાથી ખરડાયેલા શરીરવાળા, દીર્ઘ નિઃશ્વાસને મૂકતા, નિઃસહાય, આંખોમાંથી અશ્રુની ધારાને વહાવતા જોઈને દુઃખ સહિત શ્રેષ્ઠી બોલ્યો, "હા.. કોણ પાપીએ મારી રજા લીધા વિના આ બંને બળદની આવી અવસ્થા કરી ?" ત્યાર પછી શ્રેષ્ઠીએ જાણે શોક સહિત જ હોય તેમ તે બંનેના સંતાપને દૂર કરવા માટે શર્કરાથી મિશ્રિત શીતલ દહીંથી મેળવેલ સાથવો વિગેરે વસ્તુ તેમની આગળ મૂકી અત્યંત વ્યથાથી પીડિત શરીરવાળા તે બંને તેની ઉપર દૃષ્ટિપાત પણ કરતા નથી. શ્રેષ્ઠીએ પણ અનુમાનથી તે બંને બળદો અનશન કરવાની બુદ્ધિવાળા તથા આહાર કરવાની ઈચ્છાથી પરાઙ્મુખ જાણી તેમને ભક્ત પ્રત્યાખ્યાન કરાવ્યું. તે બંને બળદોએ પણ ભાવિમાં શુભસૂચક જાણી પથ્યની જેમ તેનો સ્વીકાર કર્યો. શ્રેષ્ઠીએ પણ બીજા બધા વ્યાપારોને છોડીને, સંસારની અસારતા પ્રગટ કરવા પૂર્વક આરાધના પૂર્વક પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને તે બંનેના કર્ણમાર્ગના મુસાફિરપણાને પમાડ્યા. તે બંને પણ પોતાના કર્ણપુટથી અમૃતની જેમ તેનું પાન કરીને સમાધિ વડે આયુષ્ય પૂર્ણ કરી નાગકુમાર નિકાયમાં દેવપણે ઉત્પન્ન થયા.

હવે તે **કંબલ-શંબલ** નાગકુમાર દેવોએ અવધિજ્ઞાનથી હોડીમાં બેઠેલા શ્રી વર્ધમાનસ્વામી ભગવાનને, મિથ્યાદૃષ્ટિ એવા સુદંઢ નાગકુમાર દેવે કરેલા જીવિતાન્ત ઉપદ્રવને જાણીને અને જન્મકૃત્ય મૂકીને જલ્દીથી ત્યાં ગયો. તેમાંના એક દેવે સુદંઢ સાથે યુદ્ધ કર્યું અને બીજા દેવે ભગવાનથી અધિષ્ઠિત નાવને કમળની જેમ કરસંપુટથી ઉદ્ધાર કરીને નદીના બીજા કાંઠે લઈ ગયો. પછી અત્યંત નજીકમાં જ ચ્યવન સમય હોવાથી બળહીન થયેલા તે મહર્ધિક સુદંઢ નાગકુમાર દેવને નૂતન બંને નાગકુમાર દેવોએ જીતી લીધો અને તે શિયાળની જેમ ભાગી ગયો. પછી તે કંબલ-શંબલ નાગકુમાર દેવો ભગવાન શ્રી મહાવીર સ્વામી ઉપર સુગંધીપાણીને પુષ્પવૃષ્ટિ કરીને ભક્તિથી તેમના બંને ચરણકમલને વંદના કરીને મેઘધારાથી પુષ્પિત કદંબ પુષ્પની જેમ રોમાંચિત શરીરવાળા થયેલા તે બંને પોતપોતાના સ્થાને ગયા. ત્યારપછી જિનદાસ શ્રેષ્ઠી પણ તે બંને બળદના મરણ પછી વિશેષ રીતે હંમેશા જિનેશ્વર ભગવંતે કહેલા શાસ્ત્રના પરિશીલનથી (અભ્યાસથી) કતકચૂર્ણ નાંખતા જેમ જલની વિશુદ્ધિ થાય તેમ આત્માને નિર્મળ કરી, અંતે સમાધિમાં રક્ત એવા તેણે પત્ની સહિત દેવલોકને શોભાવ્યું.

જેમ જિનદાસ શ્રાવકે પરમાર્થ સંસ્તવ કર્યું. તેમ જો તમને પણ શિવવહુ પરણવાની ઈચ્છા હોય તો તેની જેમ પરમાર્થ સંસ્તવ કરો.

**આમ પરમાર્થ સંસ્તવના વિષયમાં જિનદાસની કથા સંપૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર શ્રદ્ધામાંથી પરમાર્થ સંસ્તવ રૂપ પ્રથમ શ્રદ્ધાનું વર્ણન કરીને હવે સુદૃષ્ટિ પરમાર્થ સંસ્તવરૂપ બીજી સદહણાનું વર્ણન કરવાની ઈચ્છાવાળા પ્રકરણકાર કહે છે :-

## ગીતાર્થ ગુરુની સેવા કરીએ, જિમ પીજીએ સમતા સુધા

**गीयत्थचरित्तीण य, सेवा बहुमाणविणयपरिसुद्धा ।**
**तत्तावबोहजोगा, सम्मत्तं निम्मलं कुणइ ॥ १० ॥**

**ગાથાર્થ :- ગીતાર્થ મુનિઓની તથા સમ્યગ્જ્ઞાની-સમ્યગ્દર્શનીની બહુમાન, વિનયથી કરેલી નિર્મલ સેવાથી પ્રાપ્ત થયેલ તત્ત્વનો બોધ સમ્યક્ત્વને નિર્મલ બનાવે છે.**

**ટીકાર્થ :-** "**गीयत्थ**" = **गीतं** = સૂત્ર અને **અર્થ** = તે સૂત્રના અર્થનો વિચાર. આગમમાં પણ કહ્યું છે કે, "ગીત એટલે સૂત્ર, અર્થ = તે સૂત્રનો જ અર્થ. આ બંનેથી જે યુક્ત છે તે ગીતાર્થ કહેવાય છે." આ બંને જેઓમાં વિદ્યમાન છે તે ગીતાર્થ છે = સારી રીતે જાણ્યા છે આગમના અર્થો જેમણે તે ગીતાર્થ. "**चारित्रं**" = સર્વ વિરતિ રૂપ, પૃથ્વીકાય આદિ જીવોનું રક્ષણ કરવા રૂપ સત્તર ભેદવાળું જે આગમમાં કહ્યું છે કે, "પૃથ્વીકાય[1], અપ્કાય[2], તેઉકાય[3], વાયુકાય[4], વનસ્પતિકાય[5], (ત્રસકાયની) બેઈન્દ્રિય[6], તેઈન્દ્રિય[7], ચઉરિન્દ્રિય[8], પંચેન્દ્રિય[9] ની રક્ષા, અજીવરક્ષા[10], પ્રેક્ષા સંયમ[11], ઉપેક્ષા સંયમ[12], પ્રમાર્જના સંયમ[13], પરિસ્થાપના સંયમ[14], મન[15] - વચન[16] અને કાયા[17] નો સંયમ એમ સત્તર ભેદે સંયમ જાણવું. અથવા પાંચ આશ્રવોથી અટકવું, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ કરવો, ચાર કષાયનો જય કરવો તથા ત્રણ દંડથી વિરામ પામવું એમ સંયમ સત્તર પ્રકારે છે." તે સત્તર પ્રકારના સંયમથી યુક્ત ગીતાર્થો અને ચારિત્રીઓ. તેમની '**च**' શબ્દથી સમ્યગ્જ્ઞાનીઓની, સમ્યગ્દર્શનીઓની પણ સેવા કરવી. કેવા પ્રકારની સેવા ? '**बहुमानविनयपरिशुद्ध** ત્યાં **बहुमान** = અંતરંગ પ્રીતિ, **વિનય** = મન વચન કાયા વડે પ્રણામ કરવો તે બંને વડે **परिशुद्ध** = નિર્મલ કરેલી, (થયેલી) સેવા સફળ થાય છે અન્યથા હિંસા કરનાર શિકારી (વાઘરી) પણ શિકાર ઉપર તાકીને નમન કરે છે અર્થાત્ નીચે નમે છે તેની જેમ નમવું તે નિષ્ફળ જાણવું. '**तत्तावबोह**' = તત્ત્વોનો = પહેલા પ્રતિપાદિત સ્વરૂપવાળા જીવાદિ પદાર્થોનો '**अवबोध**' = યથાર્થ પણે સમ્યગ્જ્ઞાન. તેનો '**जोग**' = સંબંધ થવો. તેનાથી '**सम्मत्तं**' = સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન '**निर्मलं**' = આકાશ - સ્ફટિકની જેમ સ્વચ્છ કરે છે.

## તે ઉપર પુષ્પચૂલા સાધ્વીનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે :-

આ ભરતક્ષેત્રને વિષે બહુ કલ્યાણકારી **પુષ્પભદ્રિકા** નગરી છે. તે નગરીના સમીપ દેશે તરૂણિની જેમ નદીઓને ધારણ કરતી ગંગા નદી વહેતી હતી. ત્યાં પોતાના કુલને વિષે ધ્વજ સમાન, શત્રુ સમૂહને વિષે ધૂમકેતુ સમાન **પુષ્પકેતુ** નામે **રાજા** હતો. તેના હાથમાં શોભતી તલવાર જાણે વિજયલક્ષ્મીનો કેશપાસ જ ન હોય તેવી લાગતી હતી. તેને શુદ્ધમતિવાળી, હંસના જેવી ગતિવાળી, વિનયવાળી, નીતિવાળી, સુશીલવતી, દેવ-ગુરુને નમન કરનારી **પુષ્પવતી** નામે **પ્રિયા** હતી. વિષયસુખને અનુભવતાં તેણીએ **પુષ્પચૂલ** નામે **પુત્ર** તથા **પુષ્પચૂલા** નામે **પુત્રી** એમ મનોહર યુગલને જન્મ આપ્યો. સાથે રમતાં, સરખા રૂપવાલા, નિરૂપમ પ્રેમમાં પરાયણ, વૃદ્ધિ પામતાં એવા તેઓના દિવસો પસાર થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર કામલીલાના વન સમાન તારૂણ્યવયમાં વર્તતા તેઓને જોઈને રાજા પોતાના મનમાં ચિંતવવા લાગ્યો કે, પરસ્પર પ્રેમમાં પરાયણ, સમાન રૂપવાળા આ બંને ભાઈ બહેન વચ્ચે જો કેમે કરીને વિરહ થશે તો તે બંને પરસ્પરના વિયોગથી નક્કી મૃત્યુ પામશે. તેથી તે બંનેને પરસ્પર પરણાવું જેથી વિધાતા વડે પ્રગટ કરેલ અપૂર્વ વિજ્ઞાન સફળ થાય. વળી હું પણ તેમના વિરહને ક્ષણમાત્ર પણ જોવા સમર્થ નથી તેથી તે બંનેનું પાણિગ્રહણ કરાવું.

એમ વિચારી રાજાએ મંત્રી તથા પૌરજનોને બોલાવીને પ્રશ્ન કર્યો કે, "મારા અંતઃપુરમાં જે રત્ન ઉત્પન્ન થાય તેનો સ્વામી કોણ ?" તે સાંભળીને સર્વે બોલ્યા, "હે સ્વામી ! આપના સમગ્ર રાજ્યમાં કોઈપણ સ્થાને ઉત્પન્ન થયેલા રત્નના આપ સ્વામી છો, તો પછી અંતઃપુરમાં ઉત્પન્ન થયેલ રત્નના તો આપ જ સ્વામી હો, તેમાં શું કહેવું ? પોતાના દેશમાં ઉત્પન્ન થયેલ રત્નને ઈચ્છા મુજબ હંમેશા ઉપયોગ કરતાં રાજાને કોણ વારી શકે ?"

આ પ્રમાણે કપટ વચન વડે તે સર્વેની સંમતિ મેળવીને છલપ્રધાન રાજા હર્ષ પામ્યો અને લોક સમક્ષ પોતાના પુત્ર-પુત્રીના પરસ્પર લગ્ન કર્યા. શ્રાવક ધર્મમાં રક્ત પુષ્પવતી રાણીએ અકાર્યથી વારવા છતાં કુગ્રહથી ગ્રસ્ત તે રાજાએ તેને (રાણીને) ગણી નહિ.

શ્રી પુષ્પચૂલકુમાર તે પુષ્પચૂલાની સાથે દેવની જેમ વિષયસુખને અનુભવતો આંખના પલકારાની જેમ કાળ નિર્ગમન કરવા લાગ્યો. અપકીર્તિરૂપી કાદવથી મલિન થયેલો પુષ્પકેતુ રાજા મૃત્યુ પામ્યો. એટલે પુષ્પચૂલરાજા નીતિથી રાજ્યનું પાલન કરે છે.

આ બાજુ અકાર્ય કરવાથી અપમાનિત કરાએલી પુષ્પવતી રાણી વૈરાગ્ય પામી, ચારિત્રને સ્વીકારી, તેનું નિરવદ્ય પાલન કરી, પ્રમાદરૂપી મલને દૂર કરી શુભ ધ્યાનમાં મરીને સ્વર્ગલોકમાં દેવ થઈ. દેવ થયેલી તેણીએ અવધિજ્ઞાનથી પુત્ર-પુત્રીને ભોગમાં તત્પર જોઈ વિચાર્યું કે, "પૂર્વભવમાં મને આ પુત્રી પ્રાણથી પણ અધિક વ્હાલી હતી. તો હમણાં એવું કરું કે જેથી તે નરકમાં ન જાય." એમ ચિંતવીને પ્રતિબોધ કરવાની બુદ્ધિવાળા તે દેવે રાત્રીએ સૂતેલી તેણીને નરકના દુઃખો દેખાડ્યા.

પ્રથમની ત્રણ નરકમાં ઉષ્ણવેદના, ચોથીમાં ઉષ્ણ-શીત એમ મિશ્ર વેદના, ને પછીની ત્રણ નરકમાં શીતવેદના તથા અન્યોન્યકૃત વેદના અને પરમાધામીકૃત વેદના હોય છે. કુંભીમાં ઉત્પન્ન થયો કે તરત જ પરમાધામી અસુરો ત્યાં આવી ચડે છે અને પછી કુંભીના સાંકડા મુખમાંથી, યંત્રમાંથી જેમ લોહું કાઢે તેમ જીવને ખેંચી કાઢે છે. કેટલાક પરમાધામી તેના પગ પકડી વજ્રકંટકથી વ્યાપ્ત શીલા ઉપર અફાળે છે. વળી યંત્રમાં જેમ શેરડી પીલે તેમ તેને ઘાણીમાં પીલે છે. વળી લાકડાની જેમ કરવત વડે છેદે છે. વળી લોઢાની તપાવેલી સ્ત્રીના પૂતળા સાથે આલિંગન કરાવે છે. કેટલાક છરી વડે છેદીને માંસ ખવડાવે છે તૃષ્ણાથી વ્યાપ્ત તેને કેટલાક પરમાધામી તપાવેલું શીશુ પીવડાવે છે. ભૂખથી પીડાતા તેને કોઈક ખેરના અંગારા ખવડાવે છે. ભયંકર દાંતવાળા કેટલાક રાઈ જેવા ટુકડા કરી, પાપીઓને કુંભીપાકમાં સાગના પાંદડાની જેમ પકાવે છે. અતિ ઉષ્ણ કડાઈમાં પાપડની જેમ તળે છે. મુદ્‌ગર પ્રહાર વડે કેટલાક ઘડાની જેમ ચૂરો કરી નાંખે છે. કેટલાક તપેલા તાંબાના રસથી ભરપૂર વૈતરણી નદીમાં પુકાર કરવા છતાં ઉતારે છે. કેટલાક તે જ નદીને કાંઠે, વૃષભની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ ભારને વહન કરતાં પ્રલય કાળના પ્રજ્વલિત અગ્નિની જ્વાળાથી વ્યાપ્ત ભઠ્ઠીમાં ચણાની જેમ ફોડે છે. છાયા માટે અસિવનમાં જાય છે તો ત્યાં પવનથી પડતા તલવાર (પ્રહરણ) જેવા તીક્ષ્ણ અસિપત્રથી સર્વાંગે છેદાય છે.

આ પ્રમાણે સુદારૂણ નારકીના સ્વરૂપને જોઈને પુષ્પચૂલા પ્રતિબોધ પામી.વ્યગ્રતાથી ભયવાળી ગાય, પરપુરુષના હાથથી સ્પર્શ પામેલી સતી સ્ત્રી, બાજપક્ષીથી નાશ પામેલી હંસી, બિલાડીના દર્શનથી ભાગેલી ઉંદરડીની જેમ પુષ્પચૂલની બહેન પણ ત્યારે ભયથી કંપિત શરીરવાળી થઈ. નરકના જીવોને જોઈ મનમાં બોધ પામેલી તેણે સર્વસ્વપ્નોનું સ્વરૂપ પતિને કહ્યું.

તે રાજાએ પણ તેણીના દુઃસ્વપ્નની શાન્તિ માટે ઘણા વૈભવ વડે શાન્તિ કર્મ કરવામાં નિપુણ લોકો પાસે શાન્તિકર્મ કરાવ્યું. પુષ્પવતી દેવ પણ પુષ્પચૂલા પુત્રીને પ્રતિબોધ કરવા પૂર્વની જેમ વારંવાર નરક બતાવે છે. તે પણ પોતાના પતિને જણાવે છે. પછી તે રાજાએ પ્રાતઃકાલે પ્રિયતમા સહિત સભામાં જઈ બૌદ્ધ વગેરે સર્વ દર્શનીઓને બોલાવીને નરકનું સ્વરૂપ પૂછે છે. તેઓએ પણ કહ્યું, “હે નરનાથ ! દારિદ્ર, રોગ, શોક, સંતાપ, પરતંત્રતા, કેદખાનું એ નરકના ચિન્હો છે. સ્વપ્નની સાથે વિસંવાદ ધરાવનારા તેમના વચનોને અસત્ય જાણીને, તેઓને વચનથી તોડીને, રાણીએ તેઓને વિસર્જન કર્યા.

હવે રાજાએ અર્ણિકાપુત્ર આચાર્યને બોલાવીને નરકનું સ્વરૂપ પૂછ્યું. તેમણે નારકીનું જેવું સ્વરૂપ હતું તેવું વર્ણવ્યું. દેવીએ કહ્યું, “હે ભગવન્ ! મારી જેમ તમે પણ સ્વપ્નમાં સમગ્ર નારકીનું સ્વરૂપ જોયું કે કેમ ?” ગુરુએ કહ્યું કે, “હે ભદ્રે ! અમને કાંઈ સ્વપ્ન આવ્યું નથી, પણ જિનેશ્વરે કહેલા આગમથી અમે સમગ્ર લોકનું સ્વરૂપ જાણીએ છીએ.” રાણીએ પૂછ્યું કે, “હે ભગવન્ ! કયા કર્મથી પ્રાણી નરકના તીવ્ર દુઃખોને પામે છે ?” અર્ણિકાપુત્ર આચાર્યે કહ્યું કે, “માંસનું ભોજન કરવામાં હંમેશા આસક્ત, મહારંભ-મહાપરિગ્રહમાં આસક્ત, પંચેન્દ્રિયનો ઘાત કરનાર, ગુરુ પ્રત્યનીક, રૌદ્રધ્યાન કરનાર એવા જીવો ઉછાળેલા દંડની જેમ નરકમાં જાય છે.” આ પ્રમાણે કહીને અર્ણિકાપુત્ર આચાર્ય પોતાના સ્થાને ગયા.

ત્યાર પછી જનનીદેવે (દેવ બનેલી માતાએ) પુષ્પચૂલાને સ્વપ્નમાં સ્વર્ગના સુખો બતાવ્યા. ત્યાં મણિમય વિમાનની શ્રેણીઓમાં રહેવાના સુખથી સુખિયા, કલ્પવૃક્ષના સમૂહથી પૂરાયેલા ઈચ્છિત અર્થવાળા અતિ પ્રશસ્ત, કુંડલ-મુગુટ-હાર વિગેરે આભૂષણોથી શોભતા શરીરવાળા, પોતાની દિવ્ય કાંતિથી દિશા-વિદિશાને પ્રકાશિત કરનાર, શ્વેત વસ્ત્રને ધારણ કરનારા, વિકસિત કમળ સમાન નયણવાળા, અમ્લાન (ન કરમાય) પુષ્પમાલાને ધારણ કરનારા હંમેશને માટે ગળામાં તેને આમ-તેમ ભમાવતા દેવાંગનાઓ સાથે સદા વિષયસુખને માણનારા, અનેક પ્રકારની જલાદિ ક્રીડામાં મગ્ન ચિત્તવાળા, દુઃખ રહિત, ગ્રામ-સ્વર-તાન-મૂર્ચ્છનાથી મૂર્ચ્છિત એવું શ્રેષ્ઠ ગીત સાંભળવામાં લયલીન, તાલ-લયથી યુક્ત નાટ્યારંભને જોતાં, સકલ જગને ડોલાવનારા - કરોડો જીભવાળો ઈન્દ્ર પણ દેવના સુખને વર્ણવવા શક્તિમાન નથી. આવા દિવ્ય સુખોને અનુભવતાં, અત્યંત તુષ્ટ મનવાળા દેવો દેવલોકમાં રહે છે.

આ પ્રમાણે સ્વપ્નમાં દેવના સ્વરૂપને જોઈને કૌતુકસહિત દેવીએ જાગીને પતિને તે વૃત્તાંત જે પ્રમાણે જોયો તેવો જણાવ્યો. તેથી હર્ષ પામેલા તે રાજાએ સવારે સર્વ દર્શનીઓને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલાવીને "સ્વર્ગનું શું સ્વરૂપ છે ?" એમ પૂછ્યું. ત્યારે તેઓમાંથી એકે આ પ્રમાણે કહ્યું, "આ જગમાં પ્રિયના સંગમથી બીજું કોઈ સ્વર્ગ નથી." તો બીજાએ કહ્યું કે, "જે જે સુખને ઉત્પન્ન કરનાર છે તે તે સ્વર્ગ છે." આ પ્રમાણે તેઓએ કહેલા સ્વર્ગના સ્વરૂપને પુષ્પચૂલ રાજાની પત્ની માનતી નથી કેમકે તેણે સ્વપ્નમાં સ્વયં સ્વર્ગને જોયેલ છે. હવે રાજાએ અર્ણિકાપુત્ર આચાર્યને બોલાવી, નમન કરીને દેવલોકનું સ્વરૂપ પૂછ્યું ત્યારે તેમણે જેવું સ્વર્ગનું સ્વરૂપ હતું તેવું યથાર્થ સ્વરૂપ કહ્યું.

તે સાંભળી ગુરુ પાસે આવી, વિનયપૂર્વક નમીને પુષ્પચૂલા કહે છે, "હે ભગવન્ ! મારી જેમ તમે પણ શું સ્વપ્નમાં સ્વર્ગને જોયેલ ?" ત્યારે ગુરુએ કહ્યું કે, "હે કલ્યાણકારી ! જિનવચનરૂપી દિપકથી પ્રકાશિત મનવાળા જીવોને સ્વર્ગનું સ્વરૂપ તો શું ? પણ સર્વ સ્વરૂપ અમને પ્રગટ રૂપે જણાય છે." **"ખરેખર ! જિનવચન પ્રમાણ છે"** એમ મનમાં જાણતી = શ્રદ્ધા કરતી રાણીએ ગુરુને પૂછ્યું, "હે ગુરુદેવ ! તે સ્વર્ગના સુખો કેવી રીતે પ્રાપ્ત થાય ?" ત્યારે ગુરુએ પણ કહ્યું કે, "હે કલ્યાણકારી ! જિનેશ્વર ભગવંતે બતાવેલ સાધુધર્મનું સારી રીતે સેવન કરવાથી સર્વ સુખના સ્થાનભૂત સ્વર્ગ-અપવર્ગ (મોક્ષ) પણ મળે છે."

એમ સાંભળી દુર્ગતિમાર્ગથી ભગ્ન થયેલી, વૈરાગી બનેલી શ્રી પુષ્પચૂલ રાજાની પ્રાણપ્રિયા ગુરુભગવંતને વિનવે છે કે, "હે ભગવન્ ! મારા પતિને પૂછીને, આપની પાસે ચારિત્ર ગ્રહણ કરી માનવ-જન્મનું ફલ સુખરૂપી ફલથી યુક્ત કરીશ." એમ કહીને રાણીએ ગુરુને પ્રણામ કરી હર્ષથી તેમને વિસર્જન કર્યા. પછી મધુર વાણીથી પોતાના સ્વામીને કહ્યું, "હે સ્વામી ! તમારી કૃપાથી મેં હંમેશા ભોગ-ઉપભોગ ભોગવ્યા છે તો હવે એવી કૃપા કરો જેથી હું સંયમ ગ્રહણ કરું." તેણીના અકાંડે (અકસ્માત) વજ્રપાત જેવા વચનને સાંભળી રાજાએ કહ્યું, "હે સુતનુ ! મારા પ્રેમરૂપી પદ્મને (કમળ) હાથિણીની જેમ ઉખેડી નાંખ નહિ. વળી હે ચન્દ્રમુખી ! તારા વિરહમાં મને સપ્તાંગ રાજ્ય, અંતઃપુર તથા નગર શૂન્ય અરણ્ય જેવું લાગશે."

રાણીએ ઘણો આગ્રહ કર્યો ત્યારે રાજાએ કહ્યું કે, "હે પ્રિયા ! જો તું હંમેશા અહીં જ રહે, બીજે ક્યાંય નહિ અને મારા ઘરેથી જ ભિક્ષા ગ્રહણ કરવાનું કબૂલ કરે તો જ હું તને ચારિત્રની અનુમતિ આપું." (તે વચનને રાણીએ તહત્તિ કર્યું.) એટલે અમૃતપાન સરખા તેના વચનને સ્વીકારી રાજાએ કલ્પવૃક્ષની જેમ દીન-અનાથાદિને દાન આપ્યું, સર્વત્ર અભયદાનની ઉદ્‌ઘોષણા કરાવી. જિનમંદિરમાં પૂજા રચાવી. એ રીતે નિષ્ક્રમણ મહોત્સવ રાજાએ કર્યો અને તે પુષ્પચૂલા રાણીએ, અર્ણિકાપુત્ર ગણધર પાસે જઈ, મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન એવી પ્રવ્રજ્યા - દીક્ષા ગ્રહણ કરી. ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષાને સારી રીતે શીખીને તે મહાદક્ષ બની. ખરેખર ! ગિરૂઆનો સંગ ગુણને લાવનારો હોય છે.

હવે કેટલાક કાળ પછી શ્રુતજ્ઞાનના ઉપયોગથી બાર વર્ષીય દુષ્કાળને જાણીને અર્ણિકાપુત્ર આચાર્યે ગચ્છના સાધુઓને એ પ્રમાણે કહ્યું કે, "હે વત્સો ! દુષ્કાળના ક્ષેત્રમાંથી નીકળી તમે સુકાળવાળા ક્ષેત્રમાં જાવો. જંઘાબલ ક્ષીણ થવાથી હું તો અહીં જ રહીશ." ત્યારે પૃથ્વીતલ ઉપર લલાટને લગાડી શિષ્યોએ કહ્યું કે, "અમને તમારા ચરણ-કમલને છોડીને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજે જવું યુક્ત નથી." ત્યારે પુષ્પચૂલા સાધ્વી નમન કરીને ગુરુ ભગવંતને વિનવણી કરે છે કે, "હે મુનિન્દ્ર ! તમારા પુણ્યોદયથી મને આ સેવા પ્રાપ્ત થઈ છે. તો હું ગુરુ પરિચર્યા કરીશ." ઉત્સર્ગ-અપવાદના જ્ઞાતા આચાર્ય ભગવંતે અનુચિત એવી પણ તે સાધ્વીની વાણીને સ્વીકારીને, ગચ્છને સુકાળવાળા દેશમાં મોકલ્યો.

હવે પુષ્પચૂલા સાધ્વી પુષ્પચૂલ રાજાના અંતઃપુરમાંથી શુદ્ધ આહાર લાવીને પરમ ભક્તિથી ગુરુને આપે છે. આ પ્રમાણે સદા એકાગ્ર મનથી ગુરુની પરમ ભક્તિ કરતાં, શુભ ધ્યાન વડે તે શ્રેષ્ઠ કેવલજ્ઞાનને પામી. આગમમાં કહેલા અર્થોને સત્ય ઠરાવતી કેવલી થવા છતાં પણ વિશેષ પ્રકારે ગુરુની સેવા કરવા લાગી. જે જેની જેવા પ્રકારે પૂર્વે ભક્તિ કરતાં હોય છે, તે તેની તેવા પ્રકારે જ ભક્તિ કરે છે. ત્યાં જ્ઞાનીને ખબર પડતી નથી. તેણી જ્ઞાન વડે ગુરુના સર્વ મનોવાંછિતને પૂરે છે. (ગુરુની ઈચ્છાનુસાર આહાર લાવી આપે છે.)

તેથી એક દિવસ ગુરુએ તેને પૂછ્યું કે, "હે વત્સા ! તું મારા મનની ઈચ્છાને હંમેશા શી રીતે જાણે છે ?" પુષ્પૂચલાએ કહ્યું, "હે ભગવન્ ! હું આપની પ્રકૃતિને જાણું છું. ખરેખર ! **જે જેની સદા સેવા કરે છે તે તેના સ્વભાવને જાણે છે.**

એકવાર ઘણો વરસાદ વરસતે છતે તેણીએ આહાર આણ્યો ત્યારે ગુરુએ પૂછ્યું કે, "હે વત્સા ! તું શ્રુતને જાણે છે છતાં તું આવા વરસાદમાં આહાર કેમ લાવી ? શું તું ભૂલી ગઈ ?" તેણીએ કહ્યું કે, "જે જે પ્રદેશમાં અચિત્ત અપ્કાયની વૃષ્ટિ થતી હતી તે તે માર્ગે ચાલીને હું આહાર લાવી છું. તેથી તેમાં કોઈ દોષ નથી." ગુરુએ પૂછ્યું, "અચિત્ત પ્રદેશને તેં શી રીતે જાણ્યો ?" તેણીએ કહ્યું કે, "કેવલજ્ઞાનથી મને સર્વ વસ્તુ પ્રત્યક્ષ છે." આ સાંભળી સૂરિ વિચારવા લાગ્યા કે, "દુષ્ટાત્મા એવા મેં કેવળીની આશાતના કરી. પછી આચાર્યે પૂછ્યું કે, "હું ભવ્ય છું કે દુર્ભવ્ય છું ?

ત્યારે ગુરુના અભિપ્રાયને જાણી તે સાધ્વીએ કહ્યું, "તમને ગંગા નદી ઉતરતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થશે. તે સાંભળીને ગંગા નદી ઉતરવા માટે ઘણા લોકોની સાથે પરિવરેલા સૂરિ નાવમાં બેઠા. લાભ માટે કોણ ઉદ્યમ ન કરે ? પરંતુ જે બાજુ સૂરિ બેસે તે બાજુ નાવ નમવા લાગી. આથી પોતાના જીવિતમાં લુબ્ધ લોકોએ તેમને જળમાં નાંખ્યા. ત્યાં પડતાં તેમને પ્રવચન પ્રત્યનીક એવી ક્ષુદ્ર વ્યન્તરીદેવીએ ત્રિશૂલમાં પરોવ્યા." જે દુર્જન છે તેને કરૂણા ક્યાંથી હોય ? સૂરિ પણ પોતાની પીડાને અવગણીને વિચારવા લાગ્યા, "અપ્કાયના જીવોનો નાશ કરનારો મારો દેહ કેવો છે ?" એમ જીવદયાના સારને ભાવતા સૂરિ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈ અંતકૃત્ કેવલી થયા. શુક્લધ્યાનના ચોથા પાયામાં વર્તતા આચાર્ય ભગવંત ત્યારપછી મોક્ષે ગયા. ત્યાં દેવ-દેવીઓએ નિર્વાણ મહોત્સવ કર્યો. ત્યારથી તે સ્થાન લોકમાં ઈચ્છિત આપનાર લૌકિકતીર્થ પ્રયાગ એ નામે સુપ્રસિદ્ધ થયું.

આ બાજુ પુષ્પચૂલા સાધ્વી પણ શુક્લધ્યાન વડે કર્મોને ખપાવી અનંત સુખના ભાજનને = મોક્ષને જલ્દીથી પામી. હે વિવેકી લોકો ! આ પ્રશસ્ત પુષ્પચૂલાનું ચરિત્ર સાંભળીને સદા ગુરુચરણોની સેવા કરો. જેથી મોક્ષને મેળવી શકો.

**આ પ્રમાણે સુદૃષ્ટિ પરમાર્થ સંસ્તવ વિષયમાં પુષ્પચૂલાની કથા સંપૂર્ણ**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સુદૃષ્ટ પરમાર્થ સંસ્તવ રૂપ** શ્રદ્ધાના બીજા ભેદનું વર્ણન કરીને હવે **વ્યાપન્નદર્શનવર્જન** રૂપ ત્રીજા ભેદને વર્ણવવાની ઈચ્છાથી કહે છે :-

**वावन्नदंसणाणं, निण्हवहाच्छन्दकुग्गहहयाणं ।**
**उम्मग्गुवएसेहिं, बलावि मइलिज्जए सम्मं ॥ ११ ॥**

ગાથાર્થ :- **(કદાગ્રહ વડે) જેમનું સમ્યગ્દર્શન નાશ પામ્યું છે એવા નિહ્નવ, યથાછંદ, કુગ્રહથી હણાયેલાની ઉન્માર્ગ દેશના હઠથી પણ સમ્યક્ત્વને મલિન કરે છે.**

**ટીકાર્થ :- 'वावन्न'** = અનંત ધર્મવાળી વસ્તુમાં, અન્ય ધર્મનો વિરોધ કરીને કોઈ એક જ ધર્મને સ્વીકારવાના અધ્યવસાયથી ઉત્પન્ન થયેલા એક એક નયના વ્યામોહના વશથી ઉત્પન્ન થયેલા મિથ્યાત્વના ઉદયથી **व्यापन्नं** = નષ્ટ થયું છે **'दर्शनं'** = સર્વ નયોથી યુક્ત વસ્તુનો બોધ થવા રૂપ સમ્યક્ત્વ જેઓનું તે વ્યાપન્ન - દર્શનવાળા કહેવાય. તેઓનો પ્રત્યેક નયનો સ્વીકાર તે જ મિથ્યાત્વ છે. વળી કહ્યું છે કે, "જેટલા વચનના માર્ગો છે તેટલા જ નયવાદો છે. અને જેટલા નયવાદો છે તેટલા જ મિથ્યાત્વો છે." **'निहूणव'** = સમસ્ત વસ્તુઓમાં યથાવસ્થિત પ્રતિપત્તિ (શ્રદ્ધા) હોવા છતાં પણ કોઈ એકાદ અર્થમાં અન્યથા (વિપરીત) શ્રદ્ધા વડે જિનેશ્વર ભગવંતના મુખમાંથી નીકળતા વચનનો જે અપલાપ કરે છે તે નિહ્નવો-મિથ્યાદષ્ટિઓ છે. વળી કહ્યું છે કે, "સૂત્રમાં કહેલા એક પણ પદની કે અક્ષરની જે શ્રદ્ધા નથી કરતો, બાકી સર્વની શ્રદ્ધા કરતો હોવા છતાં પણ તે જીવ **મિથ્યાદષ્ટિ** જાણવો." **'अहाच्छन्द' = यथा** = કાંઈક પોતાની બુદ્ધિ વડે અને ગુરુએ બતાવેલ સિદ્ધાંતથી નિરપેક્ષપણા વડે સર્વ ધર્મકાર્યોમાં **'च्छन्दो'** = મનનો અભિપ્રાય છે જેઓનો તે યથાછન્દ છે. કહ્યું છે કે, "ઉત્સૂત્રના સ્વભાવવાળો, પોતાની ઈચ્છા મુજબ કલ્પના કરનારો, ગુરુને નહિ અનુસરનારો, પરતીર્થમાં પ્રવર્તતો **યથાછંદ** કહેવાય છે. कुग्गह = શાક્ય આદિ કુદર્શનીઓએ ચલાવેલા મતની મહા વાસનારૂપ મલથી મલિન થયેલા ચિત્તવાળા જીવોને, હેતુ-યુક્તિથી સ્પષ્ટ હજારો દષ્ટાંતો વડે સમજાવવામાં આવે છતાં જેમ ગળીથી રંગાયેલું વસ્ત્ર ઘણીવાર ધોવા છતાં તેનો નીલરંગ નીકળી જતો નથી, તેનો સંસ્કાર રહે છે તેમ આવા જીવોને કદાગ્રહ રૂપ મતનો સંસ્કાર રહે છે તે કુગ્રહ... ને તેનાથી હણાયેલા. અર્થાપત્તિથી દુષ્ટ એવી દુર્ગતિમાં પાડી નાશ કરનારા. નિહ્નવો અને યથાછન્દો અને કુગ્રહથી હણાયેલા તે निह्नवयथाछन्द-कुग्रहहताः તેઓની. **'उमग्ग'** = અરિહંત ભગવંતે કહેલા ક્ષાયોપશમિક ભાવ રૂપ સન્માર્ગના ત્યાગરૂપ અને શાક્ય (બૌદ્ધ) શિવ (શૈવ) નાસ્તિક આદિ શાસનના સ્વીકારરૂપ જે ઉન્માર્ગ અને તેનો ઉપદેશ **તે આ** :- "મૃદુ શય્યા, સવારે ઉઠીને પેય કરવું, મધ્યાહ્ને ભોજન-પાન, અપરાહ્ને દ્રાક્ષાખંડ, મધ્યરાત્રે સાકર અને અંતે મોક્ષ એમ **શાક્યસિંહ** કહે છે." માંસભક્ષણમાં, મદ્ય-મદિરાપાન કરવામાં અને મૈથુનમાં કોઈ દોષ નથી. કારણકે પ્રાણીઓની આ પ્રવૃત્તિ છે. પરંતુ તેનાથી નિવૃત્તિ લેવામાં તો મોટું ફળ છે. તેઓ કોઈ યુવતીને ઉદ્દેશીને કહે છે કે, "હે સુંદર સ્ત્રી ! તું યથેચ્છ ખા અને પી. હે સુંદર ગાત્રવાળી ! જે આ તારી યુવાવસ્થા વ્યતીત થઈ તે તારી નથી. હે ભીરુ સ્ત્રી ! જે કાંઈ ગયું છે તે પાછું આવતું નથી. આ શરીર તો માત્ર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચભૂતના સમુદાય જેવું છે." આ રીતે મુગ્ધ જનોને છેતરવા રૂપ ઉપદેશ. તેના વડે '**बलादपि**' = હઠથી પણ '**सम्यक्त्वं मलिनीक्रियते**' = તેના સંપર્કથી દર્શનનો નાશ જ થાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. અહીં **રોહગુપ્તની કથા** જાણવી.

આ જ ભરતક્ષેત્રમાં જન-મનને આનંદકારી **અંતરંજિકા** નામની નગરી છે. તેમાં જિનમંદિરના શિખર ઉપર રહેલા સુવર્ણકળશની કાંતિથી મુસાફરો રાત્રિમાં જાણે સહસ્રકિરણવાળો સૂર્ય જ ન હોય ! તેવી શંકા કરતા હતા. તે નગરીમાં શત્રુ રાજાની રાજ્ય લક્ષ્મીને હરી લેનાર **બલશ્રી** નામે રાજા રાજ્ય કરતો હતો. શત્રુ રાજાઓની રાણીઓના આંખોમાંથી ઝરતા ઊના જળથી તેની યશરૂપી વેલડી સિંચાયેલી હતી. છતાં આશ્ચર્ય એ છે કે તે વિશદ રીતે ઉલ્લાસને પામતી વધી રહી હતી.

તે નગરમાં અનેક પ્રકારની લબ્ધિથી સમૃદ્ધ અને વિદ્યાથી દેવ-દેવીને પણ હરાવનાર **શ્રીગુપ્ત** નામના **આચાર્ય** હતા. ભવ્ય જીવો તેમના કુંદ જેવા ઉજ્જવલ ગુણરૂપી મુક્તાફળને ગ્રહણ કરીને દેશોમાં વહેંચતા અને પરમલક્ષ્મીને ઉપાર્જન કરતા હતા.

એક વાર શ્રીગુપ્તસૂરિના ભાઈ અને સમગ્ર કલાવાન્ શિષ્ય રોહગુપ્ત નામના મુનિવર ગુરુદેવને વંદન કરવા માટે બીજા દેશમાંથી અંતરંજિકા નગરીમાં આવ્યા. તે નગરમાં ઘણી વિદ્યાના બળથી ગર્વિષ્ઠ થયેલો કોઈ એક પરિવ્રાજક આવ્યો. તેણે પોતાના પેટ ઉપર લોઢાનો પાટો બાંધ્યો હતો અને હાથમાં જંબૂવૃક્ષની શાખા રાખી હતી, ને લોકોમાં બોલતો હતો કે, "આ જંબૂદ્વીપમાં મારા જેવો અન્ય કોઈ વાદી નથી. વળી વિદ્યાથી મારૂં પેટ ભરપૂર છે અને ત્રણ ભુવનમાં સમગ્ર કલાવાન પુરુષ મારા જેવો કોઈ નથી" એમ નગરમાં પડહો વગડાવતો ત્રણ-ચાર રસ્તા ઉપર ફરે છે. પોતાના મનથી ઉત્પન્ન કરેલો ગર્વ કોને હર્ષ કરનારો હોતો નથી ? વળી કહ્યું છે કે, "પેલી ટીંટોડી ધરતી ઉપર પડી જવાના ભયથી ઊંચા પગ રાખી ઊંઘે છે. તેમ પોતાના મનથી ઉત્પન્ન કરેલો ગર્વ કોને સુખદાયી થતો નથી ?" તે કારણથી લોકોએ તેનું '**પોટ્ટશાલ**' એવું નામ પાડ્યું.

એકવાર ગુરુભગવંત પાસે ગમણાગમણે આલોવતા રોહગુપ્તે પડહ ગ્રહણની વાત કરી. તે સાંભળી ગુરુએ કહ્યું કે, "હે વત્સ ! હાલમાં તેં આ સારું કર્યું નથી કેમકે તે વાદી કદાચ વાદમાં જિતાય તો પણ તે વિદ્યાના બળવાળો છે. તેથી દેવથી અધિષ્ઠિત ક્ષુદ્ર વિદ્યાનો પ્રયોગ કરતાં તેને કોણ ધારણ કરી શકે ? અને મહારુદ્ર એવો તે સાત વ્યસન જેવી (૧) વીંછી (૨) સર્પ (૩) ઉંદર (૪) મૃગ (૫) શુકર (૬) કાગડો (૭) શકુનિ પ્રમુખ સાત વિદ્યા વડે વાદમાં હારી જતાં પ્રતિવાદીને ઉપદ્રવ કરે છે." ત્યારે રોહગુપ્તે કહ્યું કે, "હે ભગવંત ! વાદનો સ્વીકાર કરીને હવે કેમ છૂટી જવાય ? વિઘ્નના ભયથી આરંભેલું કાર્ય મૂકી દેવાથી મારું મન પણ લજ્જા પામે છે. વળી કહ્યું છે કે, "ખરેખર ! દુર્જનો વિઘ્નના ભયથી કાર્યનો પ્રારંભ જ કરતા નથી. મધ્યમ પુરુષો કાર્યનો આરંભ કરીને વિઘ્ન આવતાં અટકી જાય છે. ઉત્તમ પુરુષો વારંવાર વિઘ્ન આવવા છતાં આરંભેલા કાર્યને છોડતા નથી." એ પ્રમાણે તેને એકાગ્ર ચિત્તવાળો જોઈ ગુરુએ વિચાર્યું કે, "આ દ્રવ્યાનુયોગ રૂપ સિદ્ધાંતને યોગ્ય નથી" વળી કહ્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે, "જેમ કાચી માટીના ઘડામાં રાખેલું જળ તે ઘડાનો વિનાશ કરે છે તેમ અલ્પજ્ઞાની આ સિદ્ધાંતના રહસ્યને નાશ કરશે." તો પણ જિનશાસનની સર્વથા અપભ્રાજના દૂર કરવી જોઈએ અને પ્રભાવના કરવી જોઈએ. નહિતર અનંત સંસારમાં પડવા રૂપ દંડ થાય છે.

ત્યારે ગુરુએ તે વાદીની વિદ્યાની પ્રતિપક્ષ વિદ્યા કે જે માત્ર પાઠ કરવાથી જ સિદ્ધ થાય એવી (૧) મોર (૨) નોળીયો (૩) બિલાડો (૪) વાઘ (૫) સિંહ (૬) ઘુવડ અને (૭) શ્યેન (સિંચાણો) ૭ વિદ્યાઓ અને મંત્રેલો ઓઘો આપીને કહ્યું કે, "આટલાથી વધારે ભયંકર કોઈ ઉપસર્ગ-ઉપદ્રવ જો વાદી કરે તો આ રજોહરણથી તાડન પામેલો તે પલકમાં ભાગી જશે. આના પ્રહારથી શક્ર પણ સ્વર્ગથી ખળભળીને દડાની જેમ પડી જાય છે તો બીજાની તો શી વાત ? એ પ્રમાણે ગુરુએ આપેલી વિદ્યાઓને તથા રજોહરણને ગ્રહણ કરી હર્ષથી પ્રફુલ્લિત ગાત્રવાળો રોહગુપ્ત શ્રીબલ રાજાની રાજસભામાં ગયો.

ત્યાં પરિવ્રાજકના માનને મલિન કરવા માટે વાદી-પ્રતિવાદી સભ્યોથી યુક્ત ચતુરંગ સભા મળી. તે વખતે ક્ષુદ્ર મનવાળો પરિવ્રાજક ચિંતવવા લાગ્યો કે, "જો હું બીજો પક્ષ ગ્રહણ કરીશ તો મને આ હરાવશે તેથી તેના જ સિદ્ધાંતને ગ્રહણ કરી હું મારો પક્ષ સ્થાપન કરું. જેથી આ જૈન સાધુને હું સુખેથી જીતી શકું." એમ વિચારી તે પરિવ્રાજક બોલ્યો કે, "આ જગતમાં જીવ અને અજીવ એમ બે જ રાશિ છે. એમ હું માનું છું." તે સાંભળી રોહગુપ્તે વિચાર્યું કે, "આ દુષ્ટે અમારા સિદ્ધાંતનો જ આશ્રય કર્યો છે. તેથી જો હું પણ તે સ્વીકાર કરીશ તો સભાના લોકો જાણશે કે આ રોહગુપ્તે પણ પરિવ્રાજકનો જ મત સ્વીકાર્યો માટે મારે અત્યારે તેના વચનનું ખંડન કરવું જોઈએ.

એમ વિચારી રોહગુપ્તે કહ્યું કે, "હે વાદી ! તારું એમ માનવું તે અસત્ય છે. કેમકે જીવ-અજીવ ને નોજીવ એમ ત્રણ રાશિ છે. ત્યાં ચેતના લક્ષણવાળા એકેન્દ્રિયાદિ જીવો જાણવા. ચેતના વિનાના ઘટ-પટ-કટ વિગેરે જડ પદાર્થો અજીવ છે. તથા ચેતન-અચેતન રૂપ છેદાયેલા પૂંછડાવાળી ગરોળી વિગેરે નોજીવ કહેવાય છે. એ જ પ્રમાણે સ્વર્ગ-મૃત્યુને પાતાલ એમ ત્રણ લોક છે. અતીત-અનાગત-વર્તમાન ભેદથી કાલ પણ ત્રણ પ્રકારે છે. આદિ-મધ્ય-અંત ભેદથી દંડાદિ પણ ત્રણ પ્રકારે છે. આમ સર્વે પદાર્થોની ત્રણ રીતે સ્થાપના કરીને રોહગુપ્તે પરિવ્રાજકને નિરૂત્તર કર્યો = પરાજય કર્યો.

તે વખતે સમગ્ર લોક સમક્ષ એણે મને વાદમાં જીત્યો તો હવે હું બીજી વિદ્યાઓ વડે તેને જીતું એમ વિચારી તે પોટ્ટશાલે તેના ભક્ષણ માટે તીક્ષ્ણ કાંટાવાળા વીંછીઓ વિકુર્વ્યા એટલે રોહગુપ્તે તેને ચૂર્ણ કરનારા, અતિ તીક્ષ્ણ ચાંચવાળા મોર વિકુર્વ્યા. તે મોરોએ વીંછીઓનો નાશ કર્યો. તે પછી જિનશાસનના શત્રુ સમાન તે પોટ્ટશાલે તેને ડંશ દેવામાં પ્રવીણ, ફૂંફાડા મારતા, ભીષણ એવા મોટા સર્પો વિકુર્વ્યા. ત્યારે રોહગુપ્તે પણ તેને ભક્ષણ કરનારા, તીક્ષ્ણ દાંતવાળા નોળીયા વિકુર્વ્યા અને સર્પોનો નાશ કર્યો. પછી ભ્રુકૂટીથી ભીષણ ભાલવાળા પરિવ્રાજકે તેનો નાશ કરવા કૃતાંતના દૂત સમાન તીક્ષ્ણ દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા. ત્યારે રોહગુપ્તે અતિ ભયંકર બિલાડા વિકુર્વી તેનો નાશ કર્યો. ત્યાર પછી કુદૃષ્ટિ તે પરિવ્રાજકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ભય પમાડવા ઊંચા, કુટિલ, તીક્ષ્ણ શીંગડાવાળા હરણીયા (મૃગો) વિકુર્વ્યા ત્યારે રોહગુપ્તે પણ તેનો નાશ કરવા માટે ફાડેલા મુખવાળા, ઘુરઘુર એવો અવાજ કરતા વાઘો વિકુર્વ્યા. ત્યાર પછી પાપી એવા તેણે તેને પ્રતિકુલ અતિતીક્ષ્ણ દાંતની શ્રેણિવાળા શૂકર વિકુર્વ્યા ત્યારે મુનિઓમાં સિંહ સમાન એવા રોહગુપ્તે પહોળા મુખવાળા સિંહો વિકુર્વી તેનો નાશ કર્યો. પછી તે પાખંડીએ તેનો નાશ કરવા સમર્થ વજ્ર જેવી ચાંચવાળા કાગડાઓ વિકુર્વ્યા ત્યારે મુનિએ પણ તે વિઘ્નના નાશ માટે ઘોર ધુત્કારથી દશે દિશાને પૂરતા ઘુવડો વિકુર્વી તેનો નાશ કર્યો. ત્યાર પછી દુષ્ટ અધ્યવસાયવાળા તે પરિવ્રાજકે તીક્ષ્ણ ચાંચથી પ્રતિપક્ષીના વક્ષસ્થળને (છાતીને) ફાડનારી શકુનિકા - સમડીઓ વિકુર્વી ત્યારે તે શ્રમણે પણ તેના ભયને નાશ કરવામાં અતિશય સમર્થ શ્યેન પક્ષી (સિંચાણો) વિકુર્વી તેનો વિનાશ કર્યો. ત્યાર પછી દ્વેષથી ભરેલા મનવાળો, ઉષ્ણ નિસાસાને મૂકતો, આ પ્રતિવાદી મને જીતી જશે એમ માનતા તે પરિવ્રાજકે શ્વેતાંબર મુનિના નાશ માટે, તીક્ષ્ણ પ્રહારથી પૃથ્વીતલને ઉખેડતી ગધેડી વિકુર્વી. તેને આવતી જોઈને તે શ્રમણે પણ ગુરુએ કૃપા કરીને આપેલા રજોહરણ વડે તે ગધેડીને મસ્તક ઉપર તાડન કર્યું તેથી રોષથી ભરેલા હૈયાવાળી તે ગધેડી પરિવ્રાજક તરફ દોડી અને તેના મસ્તક ઉપર મૂત્ર અને વિષ્ટા કરીને, સર્વે પણ રાજલોકોના દેખતે છતે ભયથી ત્રસ્ત થયેલી તે નાશી ગઈ. (આ રીતે સર્વ વિદ્યાઓમાં પણ પરિવ્રાજક હાર્યો.) એટલે લોકોએ તેનો તિરસ્કાર કર્યો અને **જિનશાસનનો જયજયકાર કર્યો**, જિનશાસન જયવંતુ વર્તો એમ પ્રશંસા કરતા રાજાએ પણ તે પરિવ્રાજકને પોતાના નગરમાંથી વિશાદપૂર્વક બહાર કાઢી મૂક્યો.

હવે વિજયપતાકાને પ્રાપ્ત કરી રોહગુપ્ત શ્રીગુપ્તાચાર્ય પાસે આવ્યા અને રાજસભામાં બનેલો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળીને ગુરુએ કહ્યું કે, "હે વત્સ ! તે વાદીનો પરાજય કર્યો તે સારું કર્યું પણ ત્રણ રાશિનું સ્થાપન કર્યું તે ઉત્સૂત્ર છે. કેમકે જિનમતમાં જીવ-અજીવ રૂપ બે રાશિ જ પ્રરૂપેલી છે. મેં પરવાદીના વિજય નિમિત્તે મિથ્યારૂપ એવી જીવ-અજીવ-નોજીવ રૂપ ત્રણ રાશિની પ્રરૂપણા કરી છે તે મારું પાપ મિથ્યાદુષ્કૃત થાઓ. એ પ્રમાણે હમણા પણ રાજસભામાં જઈને યથાર્થ વ્યાખ્યાન કરી આવ." પણ રોહગુપ્તે ના પાડી. અને કહેવા લાગ્યા કે, "મેં ચતુરંગી રાજસભામાં આ અર્થ સ્થાપન કર્યો છે ત્યાં આ ત્રિરાશિ નથી એમ કહેતા મારી મોટી અપભ્રાજના થશે." ગુરુ પણ વારંવાર તેમને મિથ્યાદુષ્કૃત માટે કહે છે પણ તે માનતા નથી પરંતુ મત્સરથી બોલ્યા કે, "મેં યથાસ્થિત આ પ્રરૂપણા કરી તેમાં શું દોષ છે?"

ગુરુએ કહ્યું, "આ પ્રમાણે અસત્ પ્રરૂપણા કરવાથી જિનશાસનની આશાતના થાય છે. ત્યારે કુગ્રહથી યુક્ત એવો તે ગુરુની સાથે વિવાદ કરવા લાગ્યો. હવે આચાર્યે પણ રાજસભામાં જઈને કહ્યું કે, "મારા શિષ્યે ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે. અમારા જૈનમતમાં જીવ-અજીવ રૂપ બે જ રાશિ છે પણ નોજીવરૂપ રાશિ નથી." એ સાંભળીને અંતરમાં રોષનો અંકુરો ઉગેલા એવા રોહગુપ્તે ત્યાં સભામાં આવીને આચાર્યની સાથે વાદ કરવા તૈયાર થયો. આ પ્રમાણે વાદ કરતાં ગુરુ-શિષ્યના એક દિવસની જેમ છ માસ પસાર થઈ ગયાં. તેથી રાજાએ સૂરીને કહ્યું કે, "તમારા વાદથી અમારા સર્વ રાજ્યકાર્યો સીદાય છે. અનિષ્ટ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી આ વાદગોષ્ઠિથી તૃપ્તિ થતી નથી. ત્યારે સૂરિજીએ કહ્યું કે, "મહારાજ ! નિરર્થક મેં આટલા કાલ સુધી વાદ ચાલુ રાખ્યો, પણ હવે કાલે હું તેની સાથે વાદ કરી તેનું સર્વસ્વ નાશ કરીશ અને જયપતાકા ગ્રહણ કરીશ." એમ કહી ગુરુ - શિષ્ય પોતાને સ્થાનકે ગયા.

પછી બીજે દિવસે પ્રભાતે બંને ગુરુ-શિષ્ય રાજસભામાં ગયા. ત્યાં આચાર્યે રાજાને કહ્યું કે, "મહારાજ ! અમારી પરીક્ષા કુત્રિકાપણમાં જઈને કરો, કેમકે ત્યાં સર્વ વસ્તુ વિદ્યમાન હોય છે. આ બાજુ સૂરિએ રાજાની સમક્ષ શાસનદેવીને પ્રગટ કરી અને કહ્યું કે, "જીવ - અજીવાદિ પદાર્થો લાવીને બતાવ." ત્યારે તેણે પણ જીવ - અજીવ પદાર્થ બતાવ્યા પણ **"નોજીવ નામનો પદાર્થ ક્યાંય નથી"** એમ કહી શાસનદેવી અદૃશ્ય થઈ ગઈ. ત્યાર પછી બીજા એકસો ને ચુમ્માલીશ પ્રશ્નો આવશ્યક મહાગ્રંથ વિવરણમાંથી પૂછીને સૂરિએ રોહગુપ્તને નિરુત્તર કર્યો. તેથી **"જય જય શ્રી મહાવીરસ્વામી"** ની એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરતાં ચતુર્વિધ શ્રી શ્રમણસંઘે જિનભવનમાં ઘણી પ્રભાવના કરી. પછી રોષ પામેલા તે ગુરુએ તે કુશિષ્યના મસ્તક ઉપર કફ નાંખવાની કુંડીની રાખ નાંખી, તેને નિન્હવ કરી ગચ્છમાંથી બહાર કાઢી મૂક્યો. ત્યાર પછી તે દુષ્ટાત્માએ વૈશેષિક મત પ્રવર્તાવવાથી ઉલૂકગુપ્તનો પુત્ર આ ઉલૂક છે એ પ્રમાણે લોકો કહેવા લાગ્યા. શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી પાંચસો ચુમ્માલીશ વર્ષે છટ્ઠો નિન્હવ રોહગુપ્ત થયો.

આ પ્રમાણે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલા આત્માઓની કર્ણપથને વિષે ગયેલી પણ કુદેશના સમ્યક્ત્વને મલીન કરે છે. તેથી મોક્ષસુખના અર્થીએ તેનો સંગ ત્યજવો જોઈએ. આમ વ્યાપન્નદર્શનવર્જન વિષયમાં રોહગુપ્તની કથા કહી.

**આ પ્રમાણે વ્યાપન્નાદિ રૂપ શ્રદ્ધાના વિષયમાં રોહગુપ્તની કથા સંપૂર્ણ.**

## હવે કુદર્શન દેશના પરિહાર રૂપ ચોથા ભેદને કહે છે.

**मोहिज्जइ मंदमई, कुदिट्ठिवयणेहिँ गुविलढंढेहिं ।**
**दूरेण वज्जियव्वा, तेण इमे सुद्धबुद्धीहिं ॥ १२ ॥**

**ગાથાર્થ :-** અત્યંત દંભ-સંરભ પ્રતિપાદન કરવામાં પ્રવિણ એવા કુદૃષ્ટિઓના વચનથી મંદમતિવાળા જીવો મોહ પામે છે. તેથી શુદ્ધબુદ્ધિવાળા જીવોએ તેમને દૂરથી જ પરિહરવા જોઈએ.

**ટીકાર્થ :-'कुदिट्ठि'** = ખરાબ (નિંદ્ય) છે દૃષ્ટિ-દર્શન (શાસન) જેઓનું તે કુદૃષ્ટિઓ - ત્રણસો ને ત્રેસઠની સંખ્યાવાળા પાખંડીઓ. આગમમાં પણ કહ્યું છે કે, "ક્રિયાવાદીના ૧૮૦ ભેદ, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ ભેદ છે." (આ પ્રમાણે પાખંડીના કુલ ૩૬૩ ભેદ થાય છે.)

આ સંખ્યાની ઉત્પત્તિ આ પ્રમાણે છે. તેમાં ક્રિયાવાદીના ૧૮૦ ભેદ તે **આ પ્રમાણે :-** પુણ્ય-બંધ આદિ રૂપ ક્રિયા કર્તા વગર હોતી નથી આ પ્રમાણે જાણી તે ક્રિયાઓ આત્મ સમવાયિની = આત્માશ્રયી છે એમ જેઓ બોલે છે અને એમ કહેવાનો સ્વભાવ છે જેમનો તે **ક્રિયાવાદીઓ** છે. વળી તેઓની આત્માદિના અસ્તિત્વની શ્રદ્ધાવાળા તેઓના આ ઉપાયથી

૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૦ સંખ્યા જાણવી. જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષ રૂપ નવ પદાર્થોને ક્રમથી મૂકીને સ્વ-પર ભેદવડે ગુણતાં ૯ x ૨ = ૧૮ ભેદ થયા. તેને નિત્ય-અનિત્ય વડે ગુણતાં ૧૮ x ૨ = ૩૬ ભેદ થયા. તેને કાળ, ઈશ્વર, આત્મ, નિયતિ, સ્વભાવ એ પાંચ ભેદે ગુણતા ૩૬ x ૫ = ૧૮૦ ભેદ થાય.*

**હવે અક્રિયાવાદીનું સ્વરૂપ કહે છે :-**

ક્ષણવાર રહેનાર કોઈ પણ પદાર્થને ક્રિયા હોતી નથી. કારણ કે ઉત્પન્ન થયા પછી તરત જ પદાર્થ નાશ પામે છે એ પ્રમાણે બોલનારાઓ અને આત્માદિના નાસ્તિત્વની શ્રદ્ધાવાળા તેઓની આ ઉપાયથી (પ્રકારથી) ૮૪ સંખ્યા છે.

પુણ્ય-પાપ રહિત સાત તત્ત્વોને સ્વ અને પર ભેદે ગુણતાં ૭ x ૨ = ૧૪ થાય અને તે કાળ, ઈશ્વર, આત્મા, નિયતિ, સ્વભાવ, યદચ્છા એ છ ભેદે ગુણતાં ૧૪ x ૬ = ૮૪ ભેદ અક્રિયાવાદીના થાય.[૧]

**હવે અજ્ઞાનવાદીનું સ્વરૂપ કહે છે :-**

જ્ઞાન હોવાથી અભિનિવેશપણાનો (આગ્રહ રહિત) સંભવ છે. તેથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર મુમુક્ષુઓએ અજ્ઞાનને જ સ્વીકારવું, જ્ઞાનને નહિ. તેના ભેદોને કહે છે :- (૧) સત્ત્વ (૨) અસત્ત્વ (૩) સત્ત્વાસત્ત્વ (૪) અવક્તવ્ય (૫) સત્ અવક્તવ્ય (૬) અસત્ અવક્તવ્ય (૭) સત્ - અસત્ વક્તવ્ય આ સાત ભેદો વડે જીવાદિ નવ તત્ત્વોને ગુણતાં ૯ x ૭ = ૬૩ ભેદો થાય. તથા (૧) આ ભાવોત્પત્તિ છે. એમ કોણ જાણે છે ? એને જાણવાથી શું ? (૨) આ ભાવોત્પત્તિ નથી. એમ કોણ જાણે છે ? એને જાણવાથી શું ? (૩) આ ભાવોત્પત્તિ સત્-અસત્ છે. એમ કોણ જાણે છે ? એને જાણવાથી શું ? (૪) આ ભાવોત્પત્તિ અવક્તવ્ય છે. એમ કોણ જાણે છે ? એને જાણવાથી શું ? આ ચાર ભાંગા ત્રેસઠ ભાંગાઓમાં મેળવતાં અજ્ઞાનવાદીઓના **સડસઠ** ભેદો થાય છે.

**હવે વિનયવાદીના સ્વરૂપને કહે છે :-**

વિનયપૂર્વક ચરનારા એટલે વિનયાચાર પાળનારને વૈનયિકો કહેવાય. એઓ કોઈ લિંગ, આચાર કે શાસ્ત્રને ધરનારા અર્થાત્ માનનારા નથી. ફક્ત વિનયને જ સ્વીકારનારા છે. **તેના ભેદોને કહે છે :-** દેવ, રાજા, યતિ, જ્ઞાતિજન, સ્થવિર, દયનીય માણસ, માતા, પિતા આ આઠનો મન-વચન-કાયા-દાન વડે વિનય કરવો જોઈએ એટલે ૮ x ૪ કરતાં ૩૨ થાય.

---

* અહીં જીવ છે, તે સ્વતઃ છે, નિત્ય છે, કાળથી છે - **આ પહેલો ભાંગો.** જીવ છે, સ્વતઃ છે, અનિત્ય છે અને કાળથી છે - **આ બીજો ભાંગો.** જીવ છે, પરતઃ છે, નિત્ય છે અને કાળથી છે - **આ ત્રીજો ભાંગો.** જીવ છે, પરતઃ છે, અનિત્ય છે અને કાળથી છે - **આ ચોથો ભાંગો.** આ કાળના ચાર ભાંગા થયા. એ પ્રમાણે ઈશ્વર, આત્મા, નિયતિ, સ્વભાવ વિગેરેના પણ ચાર-ચાર ભાંગા ગણતા જીવ પદાર્થના વીશ ભાંગા થાય. એ પ્રમાણે અજીવ વિગેરે બાકીના આઠે પદાર્થના ભેદો ગણતાં ક્રિયાવાદીના એકસો એંશી ભેદો થાય.

૧. પ્રથમ ભાંગામાં જીવ નથી સ્વથી કાળથી. બીજા ભાંગામાં જીવ નથી, પરથી કાળથી. એ બે ભાંગા કાળને આશ્રયીને થયા. હવે યદચ્છા વિગેરે પાંચે પદોના પણ દરેકના સ્વ-પરથી બબ્બે ગણતાં જીવપદના બાર ભેદો થાય. તેમ અજીવાદિના ગણતાં ૧૨ x ૭ = ૮૪ ભાંગા થાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે સ્યાદ્વાદમુદ્રાથી નહિ શોભવાથી અને એક એક નયનું આલંબન લેનારા હોવાથી (તે સર્વે ૩૬૩ પાખંડીઓ) મિથ્યાદષ્ટિ છે. તેઓએ કહેલા વચનો વડે. અથવા પ્રાયઃ અસત્ય પ્રલાપ છે જેમાં એવા વાલ્મીક અને વ્યાસ મુનિએ રચેલા રામાયણ - મહાભારત આદિ શાસ્ત્રો વડે.

'**गुपिलढण्ढैः**' = અત્યંત દંભ, સંરંભ પ્રતિપાદન કરવામાં પ્રવીણ શાસ્ત્રો વડે '**मन्दमतिः**' = જિનાગમથી અજાણ જીવ મોહ પામે છે, ધતુરાના ભોજનની જેમ હૃદયમાં મોહ પામે છે. તેથી આવા મિથ્યાદષ્ટિનો સંગ '**शुद्धबुद्धिभिः**' સમ્યગ્દર્શનથી નિર્મલ કરેલી બુદ્ધિવાળા જીવોએ '**दूरेण वर्ज्जनीयाः**' = સર્વથા તજવા યોગ્ય જ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. એ જણાવવા માટે વૈશ્રમણ શ્રેષ્ઠિનું દૃષ્ટાંત મૂલદેવાદિ પાંચ ધૂર્તના સ્વરૂપથી જણાવાય છે. **તે આ પ્રમાણે :-** સજ્જનોને હર્ષનો ઉત્કર્ષ કરનારા ભરત ક્ષેત્રમાં **અવંતિ** નામનો દેશ છે. જ્યાં પાપીઓ લેશમાત્ર નથી. ત્યાં સ્વર્ગપુરીને જીતનારી **ઉજ્જયિની** નગરી છે. જાણે તેને જોવાને માટે જે દેવોએ નિર્નિમેષપણું પ્રાપ્ત કર્યું જણાય છે. તે નગરની ઉત્તર દિશાના ભાગમાં તમાલ-તાલ-હિંતાલના વૃક્ષોની વિશાળ (રસાલ) શ્રેણીથી શોભતું **જીર્ણોદ્યાન** નામનું વન છે. નંદનાદિ ઉદ્યાનના અભોગ્ય ફલોથી સર્યું પણ હું તો ભોગ્યફળવાળું છું એમ વાયુથી હાલતા પાંદડા રૂપી હાથથી જાણે તે ઉદ્યાન નાચી રહ્યું છે.

ત્યાં એક વાર વૃક્ષોની નીચે ઘણા દેશમાંથી વાચાળ, કપટી ધૂર્તમાં શ્રેષ્ઠ એવા ઘણા ધૂર્તો આવ્યા. અવસ્વાપિની - રૂપપરાવર્તિની - મોહિની વિગેરે વિદ્યાઓ તથા ધૂપયોગ - અંજનયોગ આદિરૂપ દંભથી કોણ કોણ ઠગતું નથી ? આ ધૂર્તલોકોના અગ્રણી **મૂલદેવ, કંડરીક, એલાષાઢ, શશ** નામના પુરુષો તથા **ખંડાપા** નામની સ્ત્રી હતી. તે દરેક ધૂર્તાગ્રણીઓ ૫૦૦ પુરુષોથી પરિવરેલા હતા. ખંડાપા નામની સ્ત્રી પણ ૫૦૦ નારીઓથી પરિવરેલી હતી.

મેઘની વર્ષાથી (જાણે) પોતાના એક છત્રી રાજ્યને જણાવતો, તાપને દૂર કરતો ત્યારે વર્ષાકાલ આવ્યો. સાત દિવસ સુધી ઉત્તરોત્તર અધિક વર્ષાવૃષ્ટિથી પૃથ્વી લીલી સેવાળથી - કાદવથી આચ્છાદિત થઈ. ત્યારે ભૂખથી પીડાતા, ઠંડીથી પીડાતા, ધૂર્તો પરસ્પર બોલવા લાગ્યા કે, "આજે આપણને કોણ ભોજન આપશે ?" ત્યારે મૂળદેવે કહ્યું કે, "પોતાનું અનુભવેલું અથવા સાંભળેલું જે જે વૃત્તાંત હોય તે તે તેમણે ધૂર્તોની આગળ કહેવું. જે તેના વચનને સત્ય ન માને તેણે સર્વ ધૂતારાઓને આજે ભોજન આપવું. વળી શ્રી ભારત પુરાણમાં જણાવેલ તથા રામાયણમાં કહેલા સંવાદિ વચનો વડે ધૂર્ત એવા અમને વિશ્વાસ પમાડે તે ભોજન નહીં આપવા છતાં પણ **ધૂર્ત શિરોમણી** કહેવાશે. એમ કહી પ્રથમ મૂલદેવે તેઓને કહ્યું, "મેં યૌવનવયમાં જે અનુભવ્યું હતું તે અહીં કહેવાતા તેને (તે વૃત્તાંતને) હે બુદ્ધિશાળીઓ ! ઉંચા કાન કરી (એકાગ્ર ચિત્તે) તમે હમણાં સાંભળો.

"એકવાર યૌવનવયમાં સુખાસિકાને ઈચ્છતો, હાથમાં કમંડલુ - છત્ર ધારણ કરવાવાળો, ખભા ઉપર શાલ મૂકેલો, ગંગાને ધારણ કરવાની ઈચ્છાવાળો હું જેટલામાં સ્કંદમંદિર તરફ ગયો તેટલામાં આગળ મદોન્મત્ત એક હાથી આવ્યો. મેઘની જેમ ગર્જના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો, મદરૂપી જળથી પૃથ્વીને સિંચતો, સામે આવતા હાથીને જોતો હું પીડાથી વ્યાકુલ થયો. કોપાયમાન થયેલા યમરાજા જેવા આનાથી હું કેવી રીતે ભાગી છૂટું ? એમ ભયના આવેશથી મેં કુંડિકાની અંદર પ્રવેશ કર્યો. મદોન્મત્ત હાથી પણ હાથિણીની ઉપર હાથને પ્રસારતો મારી પાછળ નળીના (પાઈપ)ના માર્ગે કુંડીમાં પ્રવેશ્યો. પછી પરમાધામીની જેમ રોષથી ફૂંફાડા મારતો મારી પાછળ લાગેલો અને ભમતો એવો તે હાથી ત્યાં છ માસ સુધી મારાથી ઠગાયો. તો પણ હજી સુધી તે મારી પૂંઠે જ ફરે છે એમ વિચારતો હું નરકમાંથી નારકનો જીવ નીકળે તેમ કુંડિકાના દ્વારમાંથી બહાર નીકળ્યો. મદોન્મત્ત તે હાથી પણ મારી પાછળ બહાર નીકળવા લાગ્યો પણ કુંડિકાના છિદ્રમાં તેનું પૂછડું ભરાઈ જતાં તે સ્ખલના પામ્યો. પછી હું ઉન્નત સ્તનવાળી નારીની જેમ સ્વર્ગનદીને જોઈને ખાબોચિયાની જેમ તેને તરીને સ્કંદના મંદિરે આવ્યો. ત્યાં રહેતા એવા મેં ભૂખ વિગેરે છોડી છ માસ વ્યતીત કર્યા અને આકાશમાંથી પડતી ગંગાની ધારાને મેં ધારણ કરી. ત્યાંથી તેના સાત પ્રવાહ થયા. અને તેનો એક પ્રવાહ ઉજ્જયિની નગરીમાં કુશળતાપૂર્વક આવીને આજે તમને મળ્યો. જો આ વાત સત્ય જાણો તો હેતુ વડે મને માનો અને જો અસત્ય માનો તો આ સર્વેને ભોજન આપો.

તે સાંભળી કંડરીક બોલ્યો, "ભાઈ ! રામાયણ - ભારત - પુરાણને જાણતાં તને કોણ અસત્ય કરે ? વળી જે તે કહ્યું કે, "હું હાથી સહિત કુંડમાં કેવી રીતે સમાયો ? તો તેની પ્રતીતિ માટે બ્રાહ્મણોનો જે વાદ છે તે સાંભળ. બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણો, બાહુયુગલમાંથી ક્ષત્રિયો, ઉરુ યુગલમાંથી વૈશ્યો અને પગમાંથી ક્ષુદ્રો ઉત્પન્ન થયાં. આટલા બધા લોકો જો બ્રહ્માના જઠરમાં સમાઈ ગયા તો પછી કુંડમાં તું અને હાથી કેમ ન સમાય ? વળી બીજી જગ્યાએ કહ્યું છે કે બ્રહ્મા અને વિષ્ણુ ઉપર અને નીચે દોડતા હતા. હજારો વર્ષો પછી પણ તેઓ પાર પામ્યા નહીં. પછી મોટા પ્રમાણવાળું તેનું લિંગ ઉમાની યોનીમાં સમાઈ ગયું તેવી રીતે તું પણ હાથી સહિત કુંડીમાં પ્રવેશ્યો. તેમાં અહીં તને કોણ દોષ દે ? વળી મહાભારત શાસ્ત્રમાં વ્યાસ ઋષિએ કહેલ **"કીચકશતોત્પત્તિ"** પ્રસિદ્ધ છે. તેને પણ તું સાંભળ.

એક વાર **વિરાટ રાજાની પટ્ટરાણી** પુત્રની પ્રાપ્તિ માટે આશ્રમમાં જઈ ગાંગલિ નામના ઋષિની આરાધના કરવા લાગી. તેમણે પણ સાધના કરીને તેને ચરુ આપીને આ પ્રમાણે કહ્યું, "નિકુંજમાં (લતામંડપ) આનું તું ભક્ષણ કરીશ તો તને સો પુત્રો થશે." પછી તેણીએ પણ **નિકુંજ**માં જઈને તે ચરુનું ભક્ષણ કર્યું. આ બાજુ ગાંગલિ ઋષિ પણ ત્યાં રહી અધિક તપ તપવા લાગ્યો. ત્યાં સરોવરમાં વસ્ત્રવિહીન અપ્સરાઓ સ્નાન કરતી હતી. તેને જોઈ ઋષિ કામરૂપી બાણથી વિંધાયો. કામથી પીડાતા તેનું શુક્રબિંદુ કીચકમાં (વાંસમાં) પડ્યું. તેમાંથી મહાપરાક્રમી ઉત્તમ એક કીચક ઉત્પન્ન થયો. તેણે અપ્સરાઓના દેખતાં જ શુક્રબિંદુઓ ગળ્યા. જે નળીમાં પડ્યા. તેમાંથી સો કીચક ઉત્પન્ન થયા. પછી તે નળીને ત્યાં સ્થાપન કરી તે ઋષિ પોતાના સ્થાને ગયો. રાજા પણ વાંસની નળીનું રક્ષણ કરવા લાગ્યો. તે નળીમાંથી રાણીએ સંપૂર્ણ સર્વાંગવાળા બાળકોને ગ્રહણ કર્યા. તેથી તેઓ તેના પુત્ર થયા અને લોકો તેઓને **'કીચક'** નામથી બોલાવવા લાગ્યા. જો આટલા મોટા કીચકો તેવી નળીમાં સમાઈ ગયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો પછી હાથી સહિત તું કુંડીમાં કેમ ન સમાઈ શકે ? વળી શંકરે મોહ પામેલી ગંગાને હજાર વર્ષ સુધી જટામાં ધારણ કરી તેમ આ હાથી પણ છ માસ સુધી તારા વડે કુંડીમાં ધારણ કરાયો.

વળી કુંડીના નાળચામાંથી હું અને મને સૂંઢનો સ્પર્શ કરનાર હાથી કેવી રીતે બહાર નીકળ્યા ? (એમ જે તારો પ્રશ્ન છે) તો હે ભાઈ ! અહીં પણ તું પુરાણમાં કહેલા વચનને સાંભળ.

એક વાર સર્વ જીવોનો નાશ થયો. આખી પૃથ્વી જલમય બની ગઈ. ત્રણે જગત પાણીમાં ડૂબી ગયું અને એક જળાશય રહ્યું. તેના નાભિ કમલમાંથી જગત સર્જનહાર દંડ અને કમંડલુ ધારણ કરનારા બ્રહ્માજી નીકળ્યા. ત્યાં કમળની નાળ ઉત્પન્ન થઈ. એવી રીતે કુંડીના મુખથી હે ભાઈ ! હાથી સહિત તું નીકળ્યો. ત્યાં તેની સૂંઢના વાળ લાગ્યા. તેથી શું અયુક્ત થયું ? વળી તેં જે કહ્યું કે કુંડીના મુખમાંથી હું કેવી રીતે નીકળ્યો ? તો તે સંબંધમાં મહાભારતમાં કહેલા સંવાદને તું સાંભળ.

વિધાતાએ દેવતાઈ એક હજાર વર્ષ સુધી તપ કર્યો. તેથી ક્ષુબ્ધ થયેલા દેવો બોલવા લાગ્યા, "આને કેવી રીતે વિઘ્ન થાય ?" ત્યારે ઇંદ્રે કહ્યું કે, "આ સ્ત્રીમાં લોલુપી છે જે ગૌરીના વિવાહ સમયે અગ્નિકર્મમાં જોડાયેલા તેણે દૂષિત વસ્ત્રવાળી ગૌરીને જોઈને ક્ષુબ્ધ થયેલા તેણે બીજસર્ગ (વીર્યપાત) કરીને વસ્ત્રને હલાવ્યું. પછી તે કુંભમાં પડ્યું અને તેમાંથી દ્રોણાચાર્ય થયા. એક શ્રી મહાવીરસ્વામીને છોડીને સપ્તર્ષિઓ, ઇન્દ્રો, હરિહરાદિ દેવોને પણ કામદેવે વિડંબના પમાડી છે. ઉગ્રવ્રતધારી, તીવ્ર તપ તથા ચારિત્રને પાળનારા બીજા પણ જે જીવો કે જેઓ કામદેવના બાણથી પીડાયેલા સ્ત્રીઓ વડે કોને દાસ બનાવાયા નથી ?

વળી સર્વ દેવીઓમાં નામથી જ ઉત્તમ તિલોત્તમાએ બ્રહ્માને કામના ઉદ્રેકથી તપથી ચ્યુત કર્યા. હવે ઇન્દ્રના આદેશથી તિલોત્તમા પોતાના પરિવારથી યુક્ત જલ્દીથી વિધાતા પાસે જઈને નૃત્યનો પ્રારંભ કર્યો. હાથ વડે પાલવની કળાને બતાવતી, વિધાતાને પોતાના અંગો દેખાડતી એવી તિલોત્તમા જેમ જેમ નાચે છે તેમ તેમ તે ક્ષોભ પામ્યા. ત્યારે તેના અંગોને જોતા નિર્નિમેષ દૃષ્ટિવાળા વિધાતા કામી પુરુષની જેમ અન્ય સર્વ વ્યાપારોને છોડીને તેની સ્પૃહાવાળા થયા. લાવણ્ય રૂપી અમૃતની નીક સમાન એવી તેણીએ પણ બ્રહ્માના ભાવને જાણીને, બ્રહ્માની જમણી બાજુ થઈને (દક્ષિણ દિશા) નૃત્યનો પ્રારંભ કર્યો. તેણીના રૂપથી મોહિત થયું છે અંતર અને કામ રૂપી જ્વરથી પીડાતા બ્રહ્માએ પણ તેણીને જોવાને માટે ત્યારે બીજું મુખ કર્યું. એવી રીતે વારૂણી (પશ્ચિમ) દિશામાં ત્રીજું મુખ, કૌબેરી (ઉત્તર) દિશામાં ચોથું મુખ અને તેણી ઉપર ગયે છતે પાંચમું મુખ કર્યું, તિલોત્તમામાં અનુરક્ત બ્રહ્માના પાંચમા મુખને કુહાડી જેવા તીક્ષ્ણ નખ વડે રુદ્રે જલ્દીથી છેદી નાંખ્યું.

બ્રહ્માએ ક્રોધથી શંકરને હણવા માટે સિતકુંડલિને તેની પાછળ દોડાવ્યો. તેના ભયથી નાશતા એવા શંકર બદરિકાશ્રમમાં જઈને નિયમમાં રહેલા હરિને "મને ભિક્ષા આપો." એમ કહેવા લાગ્યા. તેથી તેણે પોતાના કપાળમાંથી રક્તધારા છોડી. તેની નીચે તેણે બ્રહ્માનું પાંચમું મસ્તક સ્થાપન કર્યું. રક્તથી પરિપૂર્ણ તેને હજાર વર્ષ સુધી હાથની એક આંગળી વડે વલોવ્યું. બ્રહ્માનું માથું (અને) શંકરની આંગળીના યોગથી રક્તકુંડલી નામનો એક મહાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ ઉત્પન્ન થયો. શંકરે તેને સિતકુંડલીની સાથે યુદ્ધ કરવા માટે આદેશ કર્યો. તે બંનેનું યુદ્ધ એક હજાર વર્ષ સુધી ચાલ્યું. તે યુદ્ધ નિવારવા માટે ઇન્દ્રને એક માણસ આપ્યો અને બીજો માણસ સૂર્યને આપ્યો. દેવોએ સૂર્યને આ પ્રમાણે કહ્યું, "હે સૂર્ય ! વરદાન અવસરે તારે ભારત ક્ષેત્રમાં વિષ્ણુના જન્મ સમયે આને મનુષ્યજન્મમાં ઉત્પન્ન કરવો. તે સમયે ઋતુસ્નાતા કુંતીને ભોગવીને સૂર્યે તેની કુક્ષીમાં તે માણસને જલ્દીથી ગર્ભ પણે ઉત્પન્ન કર્યો. પછી સંનદ્ધ બદ્ધ સન્નાહવાળો (બખ્તર અને કુંડલ) તે કુંતીના કાનમાંથી નીકળ્યો. તેવી રીતે તું પણ આ કુંડીના છિદ્રમાંથી નીકળ્યો.

વળી તેં જે કહ્યું કે, "હું કેવી રીતે અપાર ગંગાને તરી ગયો ? તો તે વિષયમાં હે ભદ્ર ! રામાયણમાં કહેલ સાધકને તું સાંભળ.

રામના આદેશથી હનુમાન જાનકીની શોધ માટે હાથ વડે સમુદ્ર તરીને ક્ષણવારમાં લંકામાં ગયા. પ્રિયના સંદેશાથી તુષ્ટ થયેલી સીતાએ તેને પૂછ્યું કે, "તું આ સમુદ્ર કેવી રીતે તર્યો ?" ત્યારે હનુમાને પણ કહ્યું કે, "આપની કૃપાથી તથા આપના સ્વામીની કૃપાથી. ખાબોચિયાની જેમ સમુદ્ર હું તરી ગયો. તિર્યંચ એવો પણ જો તે વિશાળ સમુદ્ર તરી ગયો તો હે નરોત્તમ ! તું ગંગાને કેમ ન તરી શકે ?

વળી જે તેં કહ્યું કે, "મેં છ માસ સુધી તેની ધારા મસ્તક ઉપર કેવી રીતે ધારણ કરી ?" તો આ વિષયમાં પણ બ્રાહ્મણોએ કહેલ કારણને તું સાંભળ. દેવોએ લોકોના હિતને માટે ગંગાને પ્રાર્થના કરી તેથી સ્વર્ગથી ભૂમિ ઉપર ઉતરતી ગંગાએ પણ તેઓને કહ્યું કે, "ધરતી ઉપર પડતી મને તમારામાંથી કોણ ધારણ કરશે ?" ત્યારે તેણે કહ્યું કે, "હું ગંગાને ધારણ કરીશ." અને તેણે ગંગાને મસ્તક ઉપર ધારણ કરી. એક હજાર વર્ષ સુધી તેણે ગંગાને ધારણ કરી તો તું છ મહિના સુધી જલધારાને શું ધારણ ન કરી શકે ? આ પ્રમાણે નિરૂત્તર થયેલા મૂળદેવે કંડરિકને કહ્યું, "તું પણ તે જે કાંઈ અનુભવ્યું હોય તે કાંઈક કહે." ત્યારે કંડરિક બોલ્યો કે, "બાલ્યવયમાં હું ખૂબ દુર્વિર્નિત હતો તેથી મા-બાપે મને હઠથી ઘરની બહાર કાઢ્યો. તેથી દેશ-દેશોમાં ભમતો એવો હું ગાય-ભેંસોથી યુક્ત, કૂવા, બગીચા, તળાવ કમળોથી શોભતા ગામમાં આવ્યો. તેની મધ્યમાં વિશાળ, સારી છાયાવાળું વડનું વૃક્ષ હતું. તેના મૂળમાં કમલ નામનો મહાયક્ષ રહેતો હતો. પંચોપચાર (પાંચ પ્રકારની) બલિ વડે તેને લોકો હંમેશા પૂજતા હતા અને તે પણ ઈચ્છિત વરને આપતો હતો. ખરેખર ! ગુણો વડે કોણ માનનીય બનતું નથી ? તેથી કૌતુકથી તે યક્ષને નમીને હું પણ જેટલામાં ગ્રામ્ય લોકોની સાથે વિવિધ ક્રીડા વડે આત્માને આનંદ પમાડતો હતો તેટલામાં તો સારી રીતે બાંધેલા કવચવાળા હાથમાં વિવિધ હથિયારવાળા, અત્યંત ભયંકર ચોરો ત્યાં આવી ચડ્યા. તે ચોરોના ભયથી બાલ સહિત વૃદ્ધો, સ્ત્રીઓ, ગામથી યુક્ત ગ્રામ્ય લોકો પશુઓની સાથે જલ્દીથી વાલુંકી (કાકડી) ની અંદર પ્રવેશ કર્યો. ત્યાં રહેલા પણ તે ગ્રામ્યજનોને આંધળાની જેમ નહિ દેખતા ચોરો ત્યાંથી પાછા વળ્યા. નષ્ટ થયેલું ગામ પાછું વાલુંકીમાંથી બહાર નીકળ્યું. ત્યાં ચરતું પશુવૃંદ પણ વિશ્વાસને પામ્યું. તેમાંથી એક બકરીએ વાલુંકીને ગ્રહણ કરી. તેને વળી અજગરે ગ્રહણ કરી. અજગરને ઢીંકે ગ્રહણ કરી. તે ઉડીને વટવૃક્ષ ઉપર રહી પણ તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગ ભૂમિ ઉપર રાખ્યા. ત્યાં કોઈક રાજાએ સૈન્યની છાંવણી રચી ત્યારે થાંભલાની ભ્રાંતિથી હસ્તિપાલકે ઢિંકના પગે હાથી બાંધ્યો. ઢીંક ઊડતા તે હાથી પણ તેની સાથે જવા લાગ્યો. તે જોઈ હસ્તિપાલકે પુત્કાર કર્યો કે, "અરે... ઓ ! કોઈ આ હાથીને હરી જાય છે." તેઓના આ અવાજને સાંભળીને શબ્દવેધી સુભટો હાથમાં બાણ ધારણ કરીને આકુળ-વ્યાકુળ થતાં જલ્દીથી ત્યાં આવ્યા. સુભટોના બાણોની શ્રેણીથી મસ્તક છેદાતા વટવૃક્ષ ઉપરથી ઢિંક પક્ષી વજ્રપાતની જેમ પૃથ્વી ઉપર પડ્યું. તે પક્ષીના અંગને છેદતા તેમાંથી અજગર નીકળ્યો. તેમાંથી બકરી નીકળી ને બકરીમાંથી કાકડી નીકળી. તેમાંથી ગ્રામાદિ સમગ્ર વસ્તુઓ બહાર નીકળી. તે સર્વે લોકો રાજાને નમસ્કાર કરી પોતપોતાની વસ્તુ સહિત પોતાના સ્થાને ગયા અને હું હાલમાં અહીં આવ્યો છું. આ પ્રમાણે જે મેં અનુભવ્યું તે તમારી આગળ કહ્યું. જે (સત્ય) ન માને તેણે સર્વ ધૂર્તોને આજે ભોજન આપવું. ત્યારે એલાષાઢે કહ્યું કે, "અહીં અમને કોઈ સંશય જણાતો નથી." તે સાંભળી કંડરીક બોલ્યો "આખું ગામ કાકડીની અંદર કેવી રીતે સમાયું ?" હવે એલાષાઢે તેને કહ્યું, "હે ભાઈ ! તે વિષ્ણુપુરાણ અને મહાભારતમાં શું આવા પ્રકારના દૃષ્ટાન્તો નથી સાંભળ્યા ? પહેલા પંચમહાભૂત રહિત જગત હતું. તે જલ વડે એક સમુદ્ર જેવું થઈ ગયું. ત્યાં એક ઇંડુ ઉત્પન્ન થયું. પછી જળકલ્લોલ વડે તે ઇંડુ ભાંગતા ત્રણ ભાગ થયા. તે ત્રિવીષ્ટપ (સ્વર્ગલોક), મહીપીઠ (મૃત્યુલોક) અને રસાતલ (પાતાલલોક) નામથી ઓળખાવા લાગ્યા. જો ઇંડામાં તેવા પ્રકારનું સર્વ જગત સમાઈ ગયું તો પછી હે ભાઈ ! વાલુંકીમાં ગામ સહિત લોકો કેમ ન સમાય ? વળી અરણ્યપથ નામના શાસ્ત્રમાં માર્કંડેય મુનિએ ધર્મપુત્રનું અન્યયુગમાં અનુભવેલું કહ્યું છે તે તું સાંભળ. એકવાર આકાશમાંથી પડતી જલધારા વડે સમગ્ર લોક એક સમુદ્ર સમાન થઈ ગયું. ચપળ કલ્લોલ માળાથી પ્રેરાતો તે સમુદ્રમાં ગયો. સર્વશૂન્ય અને જલથી વ્યાપ્ત જગતને જોતા ઋષિએ ત્યાં એક મહાકાયવાળું એક વડવૃક્ષ જોયું. તેની શાખામાં એક પલંગ જોયો. તેમાં સર્વાંગ સુંદર આકારવાળો, સૂર્યથી પણ અધિક તેજસ્વી એક બાળકને જોયો. લાંબા હાથ કરેલા તે બાળકને ઋષિએ કહ્યું, "હે બાળક ! તું અહીં આવ. મારા ખભા ઉપર ચઢી જા. જળમાં પડવાથી તારું મૃત્યુ ન થાઓ." આ સાંભળીને બાળક તેના ખભાનું આલંબન લઈ ઊતર્યો. પછી તેના પહોળા કરેલા મુખમાં ઋષિએ જોયું તો તેના પેટમાં સમગ્ર વિશ્વ હતું. તેમાં ઋષિએ પ્રવેશ કર્યો ને હજાર વર્ષ સુધી તેમાં ભમ્યા છતાં પણ તેનો પાર પામ્યા નહિ. પછી ઋષિ ત્યાંથી બહાર નીકળી ગયા. બાળકના પેટમાં જો પર્વત - જંગલ વિગેરે સમગ્ર વિશ્વ સમાઈ ગયું તો હે કંડરીક ! વાલુંકીમાં ગામ કેમ ન સમાય ?

વળી પૂર્વે જે તે કહ્યું કે ઢિંકના પેટમાં અજગર, અજગરના પેટમાં બકરી, બકરીના પેટમાં ચીભડું ને તેમાં ગામ કેવી રીતે સમાય ? તો તે વિષયમાં હું કહું છું તે તું સાંભળ. જો ત્રણે લોક વિષ્ણુના પેટમાં સમાઈ ગયા, વિષ્ણુ દેવકીની કુક્ષિમાં સમાયા, દેવકીજી શય્યાની અંદર સમાઈ ગયા. જો પુરાણમાં કહેલ આ વચન જો તને સત્ય લાગે તો પછી વાલુંકી આદિમાં ગ્રામાદિનો પ્રવેશ દોષદાયક નથી.

વળી વાલુંકી અજગરના પેટમાં રહી છતાં મરી કેમ ન ગઈ ? એમ તેણે પ્રશ્ન કર્યો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે એલાષાઢે આ પ્રમાણે કહ્યું, "તે દિવસે તું જીવતો નીકળ્યો પણ મરી ન ગયો ને ? વળી લાંબા કાળ સુધી વિષ્ણુના પેટમાં જગત રહ્યું તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પણ આશ્ચર્ય તો તે છે કે તેના ઉદરમાં વાણિજય - યોદ્ધાઓનું યુદ્ધ, વ્યવહારનો આરંભ અને વૈવાહિકાદિ ઉત્સવો થયા. વળી તું પૂછે છે કે તેના ઉદરમાં વિશ્વ કેવી રીતે ? તો તે વિષયમાં પણ તું સાંભળ.

પૂર્વે કેશવ અને બ્રહ્માની વચ્ચે પરસ્પર યુદ્ધ થયું. દીન બ્રહ્માએ હરિને કહ્યું, "મારા મુખ અને બાહુથી સર્વ જગત ઉત્પન્ન થયું. તથા તેમાંથી ચાર વર્ણની ઉત્પત્તિ થઈ." તે સાંભળી કઠીન વચનોથી કૃષ્ણે વિધાતા ઉપર આક્ષેપ કર્યો "રે... રે... નટની જેમ આ રીતે મને કહેતા તને શું લજ્જા નથી આવતી ? કંઠમાં શેષનાગ, પૃથ્વીને ફાડી નાંખનારી દાઢ અને સાગર જેવી જીભવાળા મારા મુખમાં પ્રવેશીને જલ્દીથી તું ચરાચર વિશ્વને જો. મારી નાભિમાંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી તું ઉત્પન્ન થયો. આથી મારી આગળ આ રીતે બોલવું ઉચિત નથી. વળી જેના પ્રભાવથી કૌમુદીવન પ્રકાશિત થયું. અહો ! તે કુમુદિની પોતાના ઉત્કર્ષથી ચંદ્રને "કલંકી" એમ કહીને હસે છે. વળી કંડરિક બોલ્યો કે, "શું પુરાણાદિમાં તેં ક્યાંક સાંભળ્યું છે ખરું કે આવા પ્રમાણવાળા ઢિંકપક્ષીઓ હોય છે કે જેમાં આ બધા સમાઈ જાય ? તે સાંભળી એલાષાઢે પણ તેને કહ્યું કે, "દ્રૌપદીના સ્વયંવરમાં પણ ધનુષ્યમાં રાજાઓ, અગ્નિ, સર્પોએ પ્રવેશ કર્યો હતો. જે શ્રી દ્રુપદ રાજાના દેવતાથી અધિષ્ઠિત ધનુષ્ય ચઢાવીને રાધાને ભેદે તે કૃષ્ણાને - (દ્રૌપદીને) પરણશે. એ પ્રમાણેની ઉદ્‌ઘોષણા સાંભળીને ત્યાં આવેલા બળવાન રાજાઓ ધનુષ્યની પણછ ચડાવે છે પણ બધા પડી જતાં લોકો હસે છે. હવે માનથી ઉન્નત - શૂરવીર એવા શિશુપાલ રાજાએ રાધાવેધ માટે જેટલામાં ધનુષ્ય ચઢાવવાનો પ્રારંભ કર્યો તેટલામાં ત્યાં હરિએ મેરુ, ગરૂડ, મુશલ, હલ, નાગો (સર્પો), શંખ, ગદા, ચક્ર, મુદ્‌ગરને ફેંક્યાં. ધનુષ્ય પર બાણ ચઢાવવાના અવસરે સૂર, નિર્ધૂમઅગ્નિ, સમુદ્ર, પર્વત સહિત પૃથ્વી ત્યાં ધનુષ્ય ઉપર કેશવે નાંખી. અર્ધાંગુલી પ્રમાણ તેણે બાણ ચઢાવ્યું ત્યાં કૃષ્ણે કપટથી બાણ છોડતાં બાણ સહિત તે ચેદિ દેશનો રાજા પડ્યો. હવે પૃથ્વી તેનો ભાર નહી સહન થવાથી ભીમના હાથ ઉપર ચઢીને અર્જુને બાણ ચઢાવ્યું. અર્જુને કાન સુધી બાણ ખેંચીને રાધાને ભેદીને લોકમાં યશ પ્રાપ્ત કર્યો અને દ્રૌપદીને પરણ્યો. જો ચાપની અંદર તે તે સર્વે પદાર્થો સમાઈ ગયા તો મોટી કાયાવાળા ઢિંકમાં અજગરાદિ કેમ ન સમાય ?

વળી રામાયણમાં પ્રસંગ આવે છે કે રાવણે જ્યારે સીતાનું અપહરણ કર્યું ત્યારે પક્ષીરાજ જટાયુએ તેની સાથે યુદ્ધ કર્યું. રુષ્ટ થયેલા રાવણે ચન્દ્રહાસ તલવાર વડે તેની બંને પાંખો છેદી નાંખી તેથી તે ભૂમિ ઉપર ઝાડની જેમ પડ્યો. તે વખતે સીતાએ તેને કહ્યું કે, "મારા શીલના પ્રભાવથી અને રામદૂતના દર્શનથી તારી પાંખો ફરી આવશે."

આ બાજુ જાનકીની ભાળ મેળવવા રામે હનુમાનને આદેશ કર્યો. તે પણ ભમતો ભમતો ત્યાં આવ્યો. અહો ! આ ઊંચો પર્વત જણાય છે. તેના ઉપર ચઢીને ચારે બાજુથી પૃથ્વીનું નિરીક્ષણ કરું. આ પ્રમાણે હનુમાને વિચાર્યું. ત્યારે જટાયુએ પૂછ્યું કે, "અરે ! તું કોણ છે ?" ત્યારે તેણે કહ્યું કે, "હું રામદૂત છું. સીતાની શોધ માટે હું અહીં આવ્યો છું. તે સાંભળી જટાયુએ કહ્યું કે, "રાવણ સીતાનું અપહરણ કરી, વિલાપ કરતી સીતાને આ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગેથી લંકાનગરીમાં લઈ ગયો છે. હે હનુમાન ! તું જંગલમાં ફોગટ શા માટે ભટકે છે ? તું અહીંથી જલ્દી જા અને રામને મારો આ સંદેશો કહેજે. સીતા માટે મેં દુષ્ટાત્મા રાવણની સાથે યુદ્ધ કર્યું પણ તેણે પોતાની તલવારથી મારી બંને પાંખો છેદીને મને મૂકી દીધો તેથી હું આવી દશાને પામ્યો છું." ત્યારે વાયુસુતે (હનુમાને) કહ્યું કે, "જે રાક્ષસની સાથે તેં યુદ્ધ કર્યું તે તારું વૃત્તાંત કહે. તેથી હે મિત્ર ! તારું પણ હિત થાય. આ પ્રમાણે દૂતના વચન સાંભળી જટાયુની પાંખ ઉત્પન્ન થઈ તેથી આકાશમાર્ગે ઊડીને તે દેવલોકને પામ્યો. જેમ પર્વત સમાન મોટું જટાયુ પક્ષી પહેલા થયું હતું તેમ હે કંડરીક ! તો શું ઢિંક મહાકાયવાળો ન થાય ?" નિરૂત્તર થયેલા કંડરીકે એલાષાઢને કહ્યું, "તું પણ પોતે અનુભવેલું મહા આશ્ચર્યકારી વૃત્તાંત કહે."

ત્યારે એલાષાઢે કહ્યું કે, "ભાઈ ! યૌવનવયમાં હું લોલુપી હતો. ધાતુવાદાદિ વ્યસનો વડે નાચતા મેં ઘરબાર છોડ્યા. બિલ જોઈ વિચારતો કે અહીં રસ છે, તો પર્વત જોઈ વિચારતો કે અહીં સોનુ આદિ ધાતુ હશે. એ પ્રમાણે આશાના ગ્રહથી બંધાયેલો હું પૃથ્વી ઉપર ખૂબ ભમ્યો. એકવાર અહીં આવીને સમાચાર મળ્યા કે અહીંથી પૂર્વ દિશામાં એક હજાર યોજન દૂર ગયા પછી એક પર્વત છે ત્યાં સહસ્રવેધી રસકૂપિકા છે. તેનું મુખ એક યોજન પ્રમાણવાળી શિલાથી આચ્છાદિત છે. તેને ઉપાડીને ધીરપુરુષો સ્વર્ણકુંડથી રસને ગ્રહણ કરે છે. હું પણ એ આશયથી સેંકડો યોજન પસાર કરતો ત્યાં ગયો. પર્વત ઉપર ચઢીને, શિલા ઉપાડીને, કુંડમાંથી રસને ગ્રહણ કર્યો. પછી તેના ઉપર ફરીથી તે શિલા ઢાંકી દીધી અને ઘરે આવ્યો. ત્યાં રસથી ઘણું સોનું ઉપાર્જન કર્યું અને "કુબેર" ની ઉપમાને પામ્યો. સુંદર ભોગોને ભોગવવા લાગ્યો. યાચકોને દાન આપવા લાગ્યો. તેથી જાણે સાક્ષાત્ લોકેશ (ઈશ્વર) જ ન હોઉં તેમ લોકોમાં મારી પ્રસિદ્ધિ થઈ. વળી પ્રેયસીની સાથે ગીત-નૃત્ય-વાજિંત્ર આદિથી ક્રીડા કરતો હું સંપદા વડે ઇંદ્રને તૃણ સરખો પણ માનતો ન હતો. મારી પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ જાણીને રાત્રિમાં હાથમાં શસ્ત્રોને ધારણ કર્યા છે એવા ભયંકર ચોર ઘરે આવ્યા. પાંચશો જેટલા તે ચોરોએ સિંહનાદ કર્યો અને દુષ્ટાશયવાળા તેઓ જેટલામાં ઘરમાંથી સારભૂત વસ્તુ લૂંટવા લાગ્યા તેટલામાં તો ન્યાયથી પ્રાપ્ત કરેલું મારું આ ધન મારા જીવતા છતાં આ ચોરો શી રીતે ગ્રહણ કરશે ? એ પ્રમાણે વિચાર કરતાં મેં સાહસ કર્યું. પછી શસ્ત્રો તૈયાર કરીને ચોરોની સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. તે જોઈ દેવો પણ અભિનંદન આપવા લાગ્યા. એક જ બાણના ઘાતથી ૧૦-૧૨-૫૦ ચોરોને યમરાજાના અતિથિ કર્યા. આંખના પલકારા માત્રમાં સેંકડો ચોરોનો ઘાત કર્યો તેથી તેઓ પણ ભેગા થઈ કોપથી મારી ઉપર યમરાજાના ચાકરની જેમ ઘાત કરવા લાગ્યા. મારા મસ્તકના ચૂરેચૂરા કરી, બોરના ઝાડ ઉપર તેને બાંધીને, મારા ઘરનું સર્વસ્વ હરીને ચોરો જેવી રીતે આવ્યા હતા તેમ પાછા ગયા. બોરના ઝાડ ઉપર રહેલું મારું મસ્તક રક્તથી ભીના કુંડલની જેમ ઉલ્લસિત થયું. ત્યાં પીડા રહિત, સુખપૂર્વક બોરોને ખાતો હું રહ્યો. સૂર્યોદય થતાં બોરડીના ઝાડમાં રહેલું, બોરના સ્વાદવાળા મારા મસ્તકને સજીવ જાણીને નગર લોકોએ ગ્રહણ કર્યું. સર્વ અંગોપાંગ ભેગા કરીને તેની ઉપર નાંખ્યા. તેથી ફરીથી હું રૂપલાવણ્યથી યુક્ત થયો. મેં જાતે અનુભવેલ વાત તમારી આગળ પ્રતિપાદન કરી. જે તે ન માને તેણે આજે ધૂર્તોને ભોજન આપવું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે શશે કહ્યું, "તારા આ વચનને કોણ જુઠુ માને ? કેમકે સ્મૃતિ રામાયણમાં જે પૂર્વે કહેલું છે તે પ્રમાણ છે. તે આ પ્રમાણે :- પૂર્વે યમદગ્નિ નામે ઋષિ હતા. તેમની રેણુકા નામની પત્ની હતી. તેના શીલના પ્રભાવથી પુષ્પાર્થિ એવા (પુષ્પવાળા) વૃક્ષો તેને નમન કરતા હતા.

હવે એક વાર અશ્વની સાથે અપહરણ કરાયેલા, સર્વાંગસુંદર રાજાને જોઈને રેણુકા તેના ઉપર અનુરાગી થઈ. હવે નહિ નમતા એવા વૃક્ષોને જોઈને અને શીલથી ચ્યુત થયેલી સમજીને યમદગ્નિએ જલ્દીથી પરશુરામને આદેશ કર્યો, "પાપી એવી તારી આ માતાનું મસ્તક તારી પરશુ (કુહાડી) થી છેદી નાંખ." ક્ષણવારમાં તેણે પણ પિતાના આદેશ મુજબ કર્યું. ત્યારે યમદગ્નિ તેના ઉપર સંતુષ્ટ થયો અને રામને કહ્યું, "વરદાન માંગ" ત્યારે તેણે પણ કહ્યું, "હે પિતાજી ! મારી માતા જલ્દીથી ફરી જીવતી થાઓ." "સારુ એમ થાઓ" એમ ઋષિએ કહે છતે રેણુકા સજીવ થઈ. જો આ સત્ય હોય તો પછી હે ભાઈ ! તું પણ અહીં જીવતો થયો તેમાં કોઈ આશ્ચર્ય નથી.

જરા (વૃધ્ધાવસ્થા)થી શરીરના બે ખંડ થઈ ગયા છે એવો પણ જરાસન્ધ રાજા તે બે ખંડોના જોડાવાથી હજારો રાજાઓનો સ્વામી થયો. વળી બીજી જગ્યાએ સાંભળવા મળે છે કે સુંદ અને નિસુંદ નામના બે અસુર ભાઈઓ દેવોની પાસે પ્રલયકાળની જેમ ઉપસ્થિત થયા. દેવોએ વિચારણા કરીને તેઓના વધ માટે પોતાના દેહમાંથી અલ્પ-અલ્પ ભાગને ગ્રહણ કરીને તિલોત્તમાની રચના કરી. સર્વાંગ સુંદર આકારવાળી, સર્વ કામી પુરુષોને મોહ પમાડનારી તેણીએ દેવોને નમસ્કાર કરીને અમૃત જેવી મધુર વાણીથી બોલી, "મારે કરવા યોગ્ય જે કર્તવ્ય હોય તે હે દેવો ! મને ફરમાવો." દેવોએ પણ તેને સુંદ-નિસુંદ નામના અસુરોના ઉપદ્રવથી ઉદ્ધાર કરવા માટે જણાવ્યું. તેઓની આજ્ઞા શિરોધાર્ય કરી તિલોત્તમા ત્યાં ગઈ કે જ્યાં સુંદ-નિસુંદ રહ્યા હતા. હાર-અર્ધહાર-બાજુબંધ-ઝાંઝર આદિથી શોભતી, અત્યંત દેદીપ્યમાન, ઉંચા સ્તનવાળી, ચંદ્ર જેવા મુખવાળી, નક્ષત્ર-તારા જેવા નેત્રોવાળી, આંખોને માટે અમૃતના પાન સમાન એવી તેને તે બંનેએ એકી સાથે જોઈ. તેથી તે બંને તેણીને વિષે જ અનુરાગવાળા થયા. તેને મેળવવા માટે ભયંકર શસ્ત્રો વડે લડતા બંને ભાઈઓ મરણ પામ્યા. ખરેખર ! સ્ત્રીઓએ કોને વિડંબના નથી પમાડી ? કહ્યું છે કે, "સ્ત્રીઓના કારણે જ બે ભાઈઓ વચ્ચે ભેદભાવ ઉત્પન્ન થાય છે, સંબંધ તોડાવવામાં પણ મૂળ કારણ સ્ત્રીઓ છે. ઈચ્છાઓ પૂરી ન થતાં ઘણા રાજાઓના રાજ્યવંશને પણ સ્ત્રીઓએ ઉખેડી નાંખ્યા છે." દેવના થોડા અંગના સંયોગથી જો તિલોત્તમા ઉત્પન્ન થઈ તો છેદાયેલા તારા અંગોપાંગ ભેગા થવાથી તારું શરીર શું ન બને ?"

સંભળાય છે કે બાલ્યકાળમાં વાયુસુતે માતા અંજનાને પૂછ્યું કે, "હે માતા ! ભૂખ્યા એવા મને કેવો (કેવા પ્રકારનો) આહાર મળશે ? માતાએ કહ્યું, "હે બેટા ! પાકી ગયેલા ફળો તને ભોજનમાં મળશે." હવે તેણે પણ ઉગતા સૂર્યને પાકા ફળની ભ્રાંતિથી ગ્રહણ કર્યો. સૂર્યે પણ તેનું (હનુમાનનું) ચૂર્ણ કર્યું. તે જોઈ માતા શોકાતુર બની. કરૂણ આક્રંદ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતી તે પતિને જણાવે છે. આક્રંદ કરતી પત્નીને તથા મરેલા પુત્રને જોઈ કોપથી તે પૃથ્વીમાં પ્રવેશીને રહ્યો. પવનના નિરોધથી દેવ-માનવ-અસુર સહિત સર્વ જગત અતિ પીડાને પામ્યું. લોકો મરવા લાગ્યા. તેથી દીન મુખવાળા દેવો તેને (વાયુસુતને) ખુશ કરવા ગયા અને અવયવોને જોડીને હનુમાનને સજીવ કર્યો. ત્યારે દેવોએ શોધવા છતાં પણ (હનુમાનના) એના એક પણ વિભાગને જોયો નહિ. ત્યારે અવયવો જોડેલા હોવા છતાં પણ **'હનુમાન'** એ પ્રમાણે દેવોએ તેનું નામ કર્યું. ચૂર્ણ થયેલો પણ પવનંજયનો પુત્ર હનુમાન જો મળ્યો (સજીવ થયો) તો પછી હે ભાઈ ! તારી વાણીમાં અપૂર્વ અમે શું કહીએ ?

વળી રામ બળભદ્રની કથામાં એક પ્રસંગ આવે છે. જ્યારે રાવણ સીતાનું અપહરણ કરી ગયો તે ક્ષણે (અવસરે) પુલ કરે છતે રામ લંકાનગરીમાં ગયા. રામ - રાવણનું ભયંકર યુદ્ધ થયું ત્યારે સમુદ્રો પણ ખળભળી ઉઠ્યા. સિંહનાદથી પર્વતો પણ ફાટવા લાગ્યા. રાવણના સુભટોએ ભાલા આદિ જુદા જુદા શસ્ત્રો છોડ્યા. શક્તિઓ વડે અને તલવારો વડે વાનર સૈનિકોના અંગોપાંગ છેદ્યા. શક્તિના પ્રહારથી હણાયેલા લક્ષ્મણ ભૂમિ ઉપર ઢળી પડ્યા. તેથી રામના પ્રલાપના શબ્દોથી પર્વતો પણ જાણે ગુંજવા લાગ્યા. તેથી દ્રોણ પર્વત પરથી વાયુપુત્ર (હનુમાન) વિશલ્યાને લઈ આવ્યા. વિશલ્યાના પગના જળથી લક્ષ્મણની છાતીમાંથી પાપબુદ્ધિની જેમ શક્તિ નીકળી ગઈ. પછી વિશલ્યાના પગના જળથી સિંચન કરાયેલા છેદાયેલા અંગવાળા પણ વાનરો સજીવન થયા. એકાએક અવયવોના સમુહો મળતા સર્વે ઊભા થયા. છેદાયેલા અંગવાળા પણ વાનરો જો સજીવન થયા તો હે ભાઈ ! ખંડ-ખંડ કરાયેલો તું હાલમાં સજીવન કેમ ન થાય ?

વળી હે ભાઈ ! પંડિતોએ રચેલા ઘણા ગ્રંથોમાં જગપ્રસિદ્ધ કાર્તિકેયની ઉત્પત્તિ વિષે શું તેં સાંભળ્યું નથી ? હિમાચલની ગુફાની મધ્યમાં રહેતા, મૈથુનમાં આસક્ત પાર્વતી-શંકરના એક હજાર વર્ષ પસાર થયા. તે વખતે તારકાસુરથી પીડાયેલા અને તેના વધ માટે અશક્ત દેવો અન્યોન્ય વિચારણા કરી રહ્યા હતા. તારકને હણવા માટે શંભુના વીર્ય વિના કોઈ સમર્થ નથી. વળી સંભોગમાં લીન એવા તે હિમાચલ પર્વતની ગુફામાં છે. વળી તેની પાસે અનલ વિના અન્ય કોઈ પણ, ભયથી નહિ જાય. તેથી આપણે અનલને પ્રાર્થના કરીએ." એમ વિચારી તેઓ અનલ પાસે જઈને કહેવા લાગ્યા, "પરોપકારી જીવો એકના પણ કાર્યને કરે છે તો વિશેષ રીતે સર્વ દેવોના કાર્ય માટે કોણ પરાઙ્મુખ થાય ? જેને માટે સર્વ દેવો ચિંતારૂપી મહાસાગરમાં મગ્ન થયા છે ત્યાં હે અનલ ! તારા વિના જવાને માટે બીજો કોઈ સમર્થ નથી. તેથી ત્યાં જઈને હિમાચલ પર્વતની ગુફામાં રહેલા શંકરને તું તારો આત્મા બતાવ. કદાચ તને જોઈને શંકર કામક્રીડાને છોડી દેશે." હવે અનલે કહ્યું, "પોતાના કલ્યાણને ઈચ્છતો એવો કોણ વિશેષ રીતે આવી અવસ્થામાં રહેલા શંકરની સંમુખ જાય ? ખટ્વાંગધારી (તલવારધારી), હાથમાં ત્રિશૂલવાળા, માણસની ખોપડીવાળા, સ્મશાનમાં વસતા એવા તેની પાસે જીવવાની ઈચ્છાવાળો કોણ જાય ? જે લિંગને ઉંચે ઉછાળી તાંડવ નૃત્ય કરે છે તેવો બળવાન શત્રુ પણ તેની પાસે જવા સમર્થ નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(અને જો હું ત્યાં જાઉં, પણ) ગુફામાં રહેલા, હાથમાં ત્રિશૂલવાળા એવા તે મને મારી નાંખે તો મારી શી ગતિ થાય ? તેથી હે દેવો ! તમે મને ત્યાં મોકલો નહી." ત્યારે દેવોએ કહ્યું, "તું ભય પામીશ નહિ. કારણ શંકર પાર્વતીને વશ છે. ખરેખર ! આ જગત સ્ત્રીઓ વડે સારી રીતે દમન કરાય છે. વળી કહ્યું પણ છે, "એક મહિને ઘોડો વશ કરાય છે. એક વર્ષે ઉન્મત્ત હાથી વશ કરાય છે પણ ફક્ત આંખના પલકારા માત્રમાં સ્ત્રીઓ પુરુષને વશ કરી લે છે." તેથી પાર્વતીને જે ગમે છે તે જ શંકર કરે છે. શંકરે અર્ધાંગે તેને ધારણ કરી છે એ શું અનલ ! તેં જોયું નથી ? તેથી તારી આશંકાને તું છોડી દે કારણ કુપિત થયેલા શંકર પણ પાર્વતીના અંતરને અનુસરતા હોવાથી તને પીડા નહિ કરે."

**"સારું એ પ્રમાણે થાઓ"** એમ કહી અનલ એ હિમાલયની ગુફામાં ગયો. ત્યાં કામક્રીડાથી અસ્વસ્થ શંકરને જોયા. તેને નજીકમાં આવેલો જોઈ શંકરે ક્રોધ કર્યો. પાર્વતીએ તેને નિષેધ કર્યો. ત્યારે ઉર્ધ્વ લિંગવાળા શંકરે અનલને કહ્યું, "રે... રે... તારું મુક પહોળું કર... આ તું વીર્ય પાન કર" એમ કહી શંકરે તેને સૂર્યના તેજ જેવું પ્રચંડ રેતસ (વીર્ય)નું પાન કરાવ્યું. રેતસથી અનલ બળવા લાગ્યો તેથી કેમે કરીને સમુદ્રને પ્રાપ્ત કરીને ત્યાં તેણે રેતસનું વમન કર્યું. તેથી કાંઈક સુખી થયો. ત્યારથી માંડીને લોકોમાં "સમુદ્રમાં રેતસથી સ્ફુરાયમાન તેજવાળા રત્નો થયા." એમ પ્રસિદ્ધિ થઈ. કમળોથી શોભિત પદ્માકરના (સરોવરના) શીતલ જલમાં અગ્નિએ બાકી રહેલ રેતસ પણ વમી નાંખ્યું અને તે શીતલ થયો. ત્યાં કામદેવના મંદિરમાં છ કૃતિકા સ્નાન કરતી હતી. ત્યાં શુક્ર પ્રવેશ થતાં તેઓ એક સાથે ગર્ભવાળી થઈ. કાલાંતરે કૃતિકાઓએ એકી સાથે મસ્તક[૧], બે હાથ[૩], સાથળ[૪], સણ્ડ (ધડ) ને ક્રમથી જન્મ આપ્યો. તેથી વિસ્મિત થયેલા હૃદયવાળી તેઓ જેટલામાં પરસ્પર બતાવવા લાગી તેટલામાં તે અંગો પારાની જેમ ભેગા થઈ ગયા. પોતપોતાના સ્થાને અંગોનો સંયોગ થતાં છ મુખવાળા કાર્તિકેય થયા. જે બાલ્યવયથી જ બ્રહ્મવ્રતધારી હતા. જેણે યુદ્ધમાં તારક નામના મહાસુરને જીત્યો. મહા તેજસ્વી એવો તે રાત્રિમાં બ્રહ્મરક્ષા માટે રહ્યો. જુદા જુદા ગર્ભમાં ઉત્પન્ન થયેલા સ્વામીના અંગો જો મળ્યા તો તારા પણ અંગોપાંગ ભેગા થયાં તે વાત કેમ સંગત ન થાય ?

હવે એલાષાઢે કહ્યું, "હે ધૂર્ત ! છેદાયેલું આ મસ્તક કેવી રીતે ભમીને કેવી રીતે ઉલ્લાસપૂર્વક તેણે ફળો ખાધા તે તું કહે." તે સાંભળી શશ બોલ્યો, "શું તેં સાંભળ્યું નથી કે ચક્રીના ચક્ર વડે રાહુનું મસ્તક છેદાયું અને તે ફરતું ચંદ્રને ગળી ગયું. વળી કહ્યું છે કે, "સેંકડો યોજન પ્રમાણ ગાયને એક પગ વડે ઉલ્લંઘીને વિષમ પર્વત ઉપર ગયા. ત્યાં ઉત્તર સાંભળ. વિષ્ણુએ યજ્ઞમાં બ્રાહ્મણ બનીને ત્રણ પગલા બલિની માંગણી કરીને, પર્વત-જંગલ સહિત પૃથ્વીને ઉલ્લંઘીને અને તેને ગ્રહણ કરી જેમ વિષ્ણુએ ત્રણ પગથી આખી પૃથ્વીને ઓળંગી તેમ સેંકડો યોજન પ્રમાણ તારી ગતિને કોણ નહી માને ?

વળી તેં જે કહ્યું કે, યોજન પ્રમાણ શીલા મેં કેવી રીતે ઉપાડી ? તે પ્રશ્નનું સમાધાન પણ તું સાંભળ... રામાયણમાં પ્રસંગ આવે છે કે રામ-રાવણનું યુદ્ધ થયે છતે લક્ષ્મણ ઉપર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાવણે શક્તિ છોડી. તે વખતે વિશલ્યાને માટે હનુમાને જલ્દીથી દ્રોણ પર્વતને ઉપાડ્યો. પછી વિશાલ શિલાવાળા તે પર્વતને હનુમાને ફેંકી દીધો. તો પછી યોજન પ્રમાણવાળી શિલા તારા વડે કેમ ન ઉપાડાય ? એલાષાઢને તેણે યુક્તિ-પ્રયુક્તિ વડે નિરૂત્તર કર્યો ત્યારે તેણે શશને કહ્યું, "તું પણ હવે પોતે જે અનુભવ્યું હોય તે જલ્દીથી કહે."

ત્યારે તેણે પણ કહ્યું, "હું કોઈ એક ગામમાં કૌટુંબિક હતો. ખેતી ઉપર જ આજીવિકાવાળા મેં વર્ષાઋતુમાં ખેતી કરી. શરદઋતુ આવતાં ગિરિની તળેટીમાં રહેલા મારા ખેતરને જોવા માટે હું, ગામથી દૂર રહેતા મારા સ્થાનથી આનંદપૂર્વક (ત્યાં) ગયો. ત્યાં પર્વત ઉપરથી ઉતરીને પર્વત જેવો મોટો, મદોન્મત્ત, ક્રોધથી લાલચોળ આંખોવાળો હાથી જલ્દીથી મારી પાછળ દોડ્યો. તેના ભયથી કંપતા અંગવાળા, અહીં-તહીં ભમતા એવા મેં, પર્વતની સાથે જાણે મિત્રતા બાંધેલી હોય તેવા તિલવૃક્ષને આગળ જોયું. તે વૃક્ષની શાખા ઉપર ચઢેલા મને ખેંચવાને માટે અસમર્થ એવો તે હાથી પાંદડા વિગેરેથી યુક્ત તિલવૃક્ષને ક્ષેત્રપાલની જેમ હલાવવા લાગ્યો. તેના હલાવવાથી તિલવૃક્ષ ઉપરથી તિલો પૃથ્વી ઉપર પડ્યા. (તેના ઉપર) ભમતા તેણે તિલયંત્રની જેમ તેને ચૂર્ણ કરી નાંખ્યા. તેથી ત્યાં કુંડમાંથી નદી નીકળે તેમ તૈલની નદી બની ગઈ. જેના કલ્લોલની શ્રેણીઓથી સમુદ્રમાં ઉર્મિઓ ઉછળતી હતી. તે તૈલરૂપી કાદવમાં ડૂબેલો, ક્ષુધા-તૃષાથી પીડાતો, વિરસ અવાજને કરતો તે હાથી કીડાની જેમ મરણ પામ્યો.

આ બાજુ હું પણ હાથીના સંકટમાંથી ઉગરી જવાથી જાણે મને ફરી જન્મ મળ્યો હોય તેમ માનતો પ્રદોષકાળે હું તિલવૃક્ષ ઉપરથી કેમે કરીને ઉતર્યો. પછી તે હાથીના ચામડામાંથી મેં મશક બનાવીને ચારેબાજુથી તેને તેલથી પૂરી દીધી. ત્યાં ડૂબી ગયેલો, ક્ષુધાથી પીડાતો હું ખલભારને (ખોળ) ખાવા લાગ્યો અને તૃષાતુર એવો હું રોજ તેલના દશ ઘડા પી જતો. પછી તૈલથી પૂર્ણ તે મશક સ્કંધ ઉપર આકડાના રૂની જેમ ઉંચકીને, ગામ તરફ જતાં પર્વતની નીચે, ઝાડ ઉપર મશક લટકાવીને હું ઘરે આવ્યો. સંકેત કરેલા મહાવૃક્ષ ઉપર લટકાવેલી તે મશકને લાવવા માટે મારા પુત્રને મોકલ્યો. તેણે પણ ત્યાં મશક જોઈ નહી. આથી તેણે હાથીની જેમ તે ઝાડને ગામ લોકોના દેખતાં ઉખેડી નાંખ્યું અને ઝાડ લઈને ઘરે આવ્યો. હું પણ મારા ઘરથી ઉઠીને અહીં આવ્યો. જો મારું આ વચન અસત્ય લાગે તો તેણે આ બધાને ભોજન આપવું.

હવે મહાદક્ષ એવી ધૂર્તિકા ખંડાપાનાએ શશને કહ્યું, "મહાભારતમાં સુપ્રસિદ્ધ અર્થ રામાયણમાં પણ તેં સાંભળ્યો છે." શશે કહ્યું, "આવા તિલવૃક્ષની વાત ક્યાંય જોયેલી છે? અથવા સાંભળી છે ખરી ?" ત્યારે ખંડાપાનાએ પણ તેને કહ્યું, "અરે ! લોકોના મુખથી શું તેં સાંભળ્યું નથી ? કે પાટલીપુર નગરમાં કોઈ પુરુષે માષવૃક્ષથી મોટી ભેરી બનાવી હતી તો પછી તે તિલવૃક્ષ મોટું કેમ ન સંભવે ? તૈલનદી વહન કરી તો અહીં પણ તું મહાભારતની વાત સાંભળ. હાથીના મદજળથી ઉત્પન્ન થયેલી નદી ગાયને ભીંજવે છે. વળી કહ્યું છે કે, "તે હાથીઓના ગંડસ્થળમાંથી ઝરતા મદજળની મહાઘોર નદી થઈ. જેમાં હાથી-રથ-ઘોડા પણ વહેવા લાગ્યા." જો હાથીના મદજળથી કાંઠાવાળી નદી ઉત્પન્ન થઈ તો પછી તૈલથી વૃક્ષને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહન કરનારી નદી કેમ ન ઉત્પન્ન થાય ? વળી જે તેં કહ્યું કે મેં તેવા પ્રકારના ખલ-તૈલાદિનું ભક્ષણ કર્યું તો ત્યાં પણ મહાભારત ગ્રંથમાં આવેલા આ દૃષ્ટાંતને સાંભળ.

એક વાર ભીમ રાજ્યને છોડીને **એકચક્રા** નગરીમાં ગયો. ત્યાં મહાબળવાન બક નામના રાક્ષસ રાજાને રોષથી તેણે મારી નાંખ્યો અને બકને માટે લાવેલા હજાર મદ્યના કુંભો, ૧૬ આહારની થાળી ભીમ એકલો ત્યારે તે ખાઈ ગયો. એકલો પણ ભીમ જો તે પી ગયો, ખાઈ ગયો, તો તે જ રીતે તેં પણ ખલ-તેલનું ભોજન કર્યું તે સંગત જ છે. જો કુંભકર્ણ હંમેશા હજાર ઘડાનું પાન કરે તો તે તૈલના દશ ઘડાનું પાન કર્યું તે કાંઈ આશ્ચર્યકારી નથી. વળી અન્ય વાત પુરાણમાં સંભળાય છે કે અગસ્તિ ઋષિએ દાનવોના નાશ માટે લવણસમુદ્રનું પાન કર્યું હતું. સ્વર્ગથી ઉતરેલી ગંગા શંકરની જટામાંથી નીકળી. વહેતી-વહેતી તે જહ્નુમુનિના આશ્રમ આગળ આવી. મુનિએ તેનું પાન કર્યું અને હજાર વર્ષ સુધી પેટમાં જ તેને ફેરવી પછી તેને છોડી દીધી. એટલે તે લોકમાં જાહ્નવી એ નામે પ્રસિદ્ધિ પામી. અરે ! જો તે બંને ઋષિઓએ સમુદ્રનું તથા ગંગા નદીનું પાન કર્યું તો તેં દશ તૈલના ઘડાનું પાન કર્યું તે વાત કોણ ન માને ?

વળી તેં જે કહ્યું કે, "હાથીના ચામડાની મશક મેં એકલાએ કેવી રીતે વહન કરી ? અને (કેવી રીતે) ગામમાં લઈ આવ્યો ? તો તે સંબંધમાં ગરૂડની વાત સાંભળ. **કશ્યપ ઋષિ**ની **કદ્રુ** અને **વિનતા** નામની બે પત્ની હતી. એકવાર તે બંનેએ પરસ્પર આવા પ્રકારની પ્રતિજ્ઞા કરી કે જે પણ (જુગાર) વડે જીતાય તેણે અન્યનું દાસીપણું કરવાનું અથવા અહીં જલ્દીથી અમૃત લાવીને આપવું. પછી કદ્રુએ વિનતાને જીતી લીધી અને વિનતા તેની દાસી બનીને રહી. કદ્રુ પણ તેને આ મારી સપત્ની છે એમ વિરોધથી હંમેશા માનતી હતી. આ જન્મ દાસીપણાથી વિનતા ખૂબ દુઃખી હતી. એકવાર ગર્ભના ભારથી આલસ અંગવાળી તેણીએ ત્રણ ઇંડાને જન્મ આપ્યો. ઉત્સુકતાથી દાસ્યભાવથી મુક્ત થવા તેણે એક ઇંડુ ફોડ્યું. તેમાંથી નીકળેલા વીંછીઓને જોઈને તે ખૂબ વિષાદ પામી. અરે ! ભાગ્યથી હણાયેલી મારી આવી પ્રસૂતિ થઈ ! હું આ દાસ્યપણાના સમુદ્રથી કેવી રીતે પાર પામીશ ? એમ વિચારી તેણે કેટલોક કાળ અતિ દુઃખથી પસાર કર્યો.

પછી આશાથી બંધાયેલા હૃદયવાળી તેણીએ બીજું ઇંડુ ફોડ્યું. તેમાંથી નીકળેલા અનુરુએ માતાને ખેદસહિત કહ્યું, "ઉત્સુકતાથી અકાળે બીજુ ઇંડુ તેં કેમ ફોડ્યું ? હે માતા ! જ્યાં સુધી હું તારા અભાગ્યથી સ્થિર કાયાવાળો ન થાઉં ત્યાં સુધી હું તારા મનોરથોને અવશ્ય પૂર્ણ કરીશ. તેથી હે વિચક્ષણા ! તું ત્રીજા ઇંડાનું લાંબા કાળ સુધી રક્ષણ કર. એમાંથી જે પુત્ર થશે તે તારા દુઃખને હરશે. તે અનુરુને કિરણમાલિએ રથમાં સારથિ કર્યો. વિનતાએ પણ ત્રીજા ઇંડાને પૂર્ણ જાણી જાતે જ ફોડી નાંખ્યું. તેમાંથી સર્પના કુલને વિષે કાલ સમાન, મહા બલવાન, વિનતાના હૃદયસાગર વિષે ચંદ્રમા સમાન ગરૂડ ઉત્પન્ન થયો. બાલ્યવયમાં પણ ક્રીડા કરતો તે પોતાના સર્પ રૂપી પુત્રના મૃત્યુને કરનારો જોઈને કદ્રૂવા વિનતા ઉપર ખૂબ ક્લેશ કરવા લાગી. અશ્રુજલથી પૃથ્વીને ભીની કરતી વિનતાને જોઈને ગરૂડે પૂછ્યું,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે માતા ! તું શા માટે રડે છે ?" તેણીએ પણ કહ્યું, "જીવિતાર્થી હું સપત્નીનું દાસીપણું કરું છું. ભયથી ભ્રાન્ત થયેલી હું રોજ તેના આદેશને કરું છું." તે સાંભળી ગરૂડ બોલ્યો, "હે માતા ! દાસ્યભાવથી તું કેવી રીતે મુક્ત થઈ શકે ?" તેણીએ પણ કહ્યું, "હે વત્સ ! તું પ્રગટ અમૃતને લાવ." "હે માતા ! તે અમૃત ક્યાં છે ?" એ પ્રમાણે ગરૂડે પૂછવાથી તેણીએ કહ્યું, "તે વાત તારા પિતા જાણે છે અને તે બદરી આશ્રમમાં દુસ્તપ તપી રહ્યા છે." તે જ ક્ષણે ગરૂડ ત્યાં ગયો અને પિતાના પગમાં પડી નમસ્કાર કર્યા. પિતાએ પણ પરોક્ષ જ્ઞાનથી, હાથના સ્પર્શથી આ મારો પુત્ર છે એમ જાણ્યું. પછી ગરૂડે કહ્યું, "હે પિતા ! હું ભૂખથી પીડાઉં છું તેથી મને ભોજન આપો." ત્યારે કશ્યપે તેને કહ્યું, જો.. આ બાજુ સમીપમાં પદ્મ સરોવરમાં ૧૨ યોજન વિસ્તારવાળો એક હાથી તથા તેટલા જ પ્રમાણવાળો કાચબો છે. ક્રોધના આવેશથી ઉત્કટ, જાણે જંગમ મેરૂપર્વત જેવા, પરસ્પર લડતા તે બંને સરોવરને ક્ષોભ પમાડે છે. તે બંનેને મારીને ઈચ્છા મુજબ તું ખા અને તારી ભૂખની પીડાને દૂર કર. એક જ પગલા વડે ત્યાં જઈને, તે બંનેને હણીને તેનું તેણે ભક્ષણ કર્યું. ત્યાંથી પાછા ફરતા તેણે પ્રલયકાળના મેઘની ગર્જના જેવા પક્ષીઓના કોલાહલથી વ્યાપ્ત એક વટવૃક્ષ જોયું. તેની નીચે બ્રહ્મબીજથી ઉત્પન્ન થયેલા વાલિ-ખીલ નામના કરોડો ઋષિઓ તપ કરતા હતા. જેટલામાં ગરૂડ તે વૃક્ષ ઉપર ચઢ્યો તેટલામાં તે વટવૃક્ષ ભાંગી ગયું. તે પડવાથી **"મુનિઓનું મૃત્યુ ન થાઓ"** એમ વિચારી ગરૂડે ચાંચમાં તેને ગ્રહણ કર્યું. વટવૃક્ષને ઉપાડીને જતા, આકાશને ઢાંકતા, સુર-અસુરોને આશ્ચર્ય પમાડતા તેણે તે વટવૃક્ષને સિન્ધુ નદીના જંગલમાં મૂક્યું. તે વટવૃક્ષથી અલંકૃત ભૂમિને લોકો **'લંકા'** ના નામથી ઓળખવા લાગ્યા. જે રાક્ષસોના રાજાની પ્રસિદ્ધ મહાનગરી છે. પછી ગરૂડે હિમાચલે જઈને પિતાને કહ્યું, "હાથી અને કાચબા વડે પણ (ખાવા છતાં પણ) મારી ભૂખ પૂરી નથી થઈ. "ચંડાળને ખા" એ પ્રમાણે પિતાએ કહ્યું ત્યારે તેને હણી - આહાર કરીને આવીને કશ્યપ ઋષિને પૂછ્યું, "હે તાત ! અમૃત ક્યાં છે તે મને જણાવો."

ત્યારે તેણે કહ્યું, "બેટા ! સાત નરકની નીચે રહેલા કુંડમાં ધગ્ ધગ્ એવા જાજ્વલ્યમાન અગ્નિમાં અમૃત છે. અને ત્યાં દેવો સ્વયં તેનું રક્ષણ કરે છે. તેથી હે વત્સ ! તે અમૃત ગ્રહણ કરવા કોઈ શક્તિમાન નથી. તો પણ હે પિતાજી ! મને તેની પ્રાપ્તિનો ઉપાય કહો. ત્યારે તેણે કહ્યું, "ઘી-મધ-દહીંનું પાણીનું અગ્નિમાં સતત તર્પણ કરવા છતાં પણ હે વત્સ ! તે મળે કે ન પણ મળે. કદાચ અમૃત પ્રાપ્ત થાય તો પણ ત્યાં અત્યંત ઉગ્ર વિઘ્નોના સમૂહો ઉત્પન્ન થાય. એ પ્રમાણે કશ્યપના વચનથી ગરૂડે જલ્દીથી ત્યાં જઈને, મધ આદિથી અગ્નિને તર્પણ કરીને સંતોષ પમાડ્યો. ખુશ થયેલા અગ્નિએ તેને અમૃતકુંડ બતાવ્યો. તે પણ (તેમાંથી) અમૃત લઈને ત્યાંથી જલ્દીથી નીકળી ગયો.

ત્યાંના આરક્ષક દેવો બોલવા લાગ્યા, "કોઈક પક્ષી કુંડમાંથી અમૃતને લઈને જાય છે." તે સાંભળી દેવો વિગેરે ક્ષોભ પામ્યા. સર્વ શસ્ત્રો વડે લડવાને માટે તૈયાર થયેલા દેવો કોલાહલના અવાજથી ચારે બાજુથી દિશાઓને પૂરવા લાગ્યા. અરે ! આણે કેટલાને ભેદ્યા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાને છેદ્યા, કેટલાને હણ્યા છે અને હજી કેટલાને હણશે માટે તેને છોડો નહી એમ બોલતા ક્રૂર, સંભ્રમવાળા તે દેવો તેની પાછળ દોડ્યા. તેત્રીશ કરોડ દેવોએ ઘેરીને હવે તેને કહ્યું, "રે અમૃતને ચોરનારા ! તું હવે હણાયેલો જ છે, તું અમારી આગળથી (હવે) ક્યાં જઈશ ?" એક બાજુ સમગ્ર વિશ્વ તો બીજી બાજુ એકલા તેણે કાયરોને ભગાડવામાં ઔષધ સમાન એવા યુદ્ધ કરવાનો પ્રારંભ કર્યો. આ બાજુ તે પક્ષીએ પાંખના ઘાતથી ચારે દિશામાં હજાર-લાખ-કરોડો દેવોને યમરાજાના અતિથિ બનાવ્યા. ગરૂડ અને દેવોનું અમૃત માટે યુદ્ધ થયું તે માનને નાશ કરનારું તથા વિશ્વને આશ્ચર્ય કરનારું થયું. ત્યાં એકલા ગરૂડે દેવોના સર્વ સમૂહને ત્રાસ પમાડ્યો, રણના આંગણથી ચારે દિશામાં બલિની જેમ ફેંક્યા.

હવે આ બાજુ ભગ્ન થયેલા દેવોને જોઈને ઇંદ્રે સેંકડો જ્વાલાથી વ્યાપ્ત એવા ભયંકર વજ્રને ગરૂડના નાશ માટે છોડ્યું. વજ્ર જેવી પાંખવાળા તે પક્ષી ઉપર તે વજ્ર પડતા ભાગ્યયોગે તેના હજારો ટૂકડા ન થયા. હે દેવો ! શું હું આ વજ્ર વડે છેદાયો ? તે જણાવવા તેણે ચાંચ વડે પાંખ ઉપાડીને બતાવી. તેથી કોપાગ્નિથી બળતા કૃષ્ણ બાર સૂર્યની કાંતિવાળું ચક્ર લાવીને તેના વધ માટે ચાલ્યા. તે જોઈ ભયભીત થયેલા, સંભ્રાંત થયેલા, હા... હા... એમ બોલતા મહર્ષિઓએ ત્યાં જઈ વિષ્ણુને આ પ્રમાણે વિનંતિ કરી, "ઓ સુરાસુર લોકના સ્વામી ! આપ સર્વગત છો. અપેક્ષા વગરના આપ નીચ પુરુષની જેમ ગરૂડ તરફ કેમ દોડો છો ? વળી હે પ્રભો ! આ ગરૂડ તારો ભાઈ છે. માટે કોપ છોડી દે. હે વ્યામૂઢ ! મ્લેચ્છની જેમ પોતાના ગોત્રનો નાશ ના કર. ઋષિઓના તે વચનને સાંભળીને અચ્યુત આ પ્રમાણે હૃદયમાં ચિંતવવા લાગ્યા, "અરે ! ક્રોધથી મારા વડે ભાઈનો વધ થઈ જાત ! વળી ક્રોધાગ્નિથી વિહ્વલ થયેલા જ્ઞાની પુરુષો પણ કૃત્યાકૃત્યને જાણતા નથી. તેથી સારું કર્યું કે એ લોકોએ મને જાગૃત કર્યો. પછી તે બંને વચ્ચે સંધિ થઈ. ત્યારપછી ચક્રી વડે તે સારથી કરાયો. પછી પક્ષીએ માતાને અમૃત આપીને તેને દાસીભાવથી મુક્ત કરી. જેમ તે પક્ષીએ હાથી, કાચબો, વટવૃક્ષ ઉપાડ્યા તેમ તેં મશક ઉપાડી એવી તારી વાત સાંભળતા એવા કોણ ન માને ? શશ બોલ્યો, "દુર્દિનમાં વિષ્ણુએ ગોવર્ધન પર્વતને ધારણ કર્યો તો પછી હે ભાઈ ! તું તેલથી ભરેલી મશકને કેમ ધારણ કરી શકે નહિ ? વળી વાનરોએ પુલ બાંધવાના અવસરે પર્વતો ઉખેડી ઉખેડીને બહુ દૂર-દૂરથી લાવીને સમુદ્રમાં નાંખ્યા હતા. અશોકવાટિકા ભાંગી ત્યારે હનુમાને ક્રોધથી ઊંચા ઊંચા વૃક્ષોને રમત માત્રમાં ભાંગી નાંખ્યા હતા તે તું વિચાર. વૃક્ષનું ઉન્મૂલન કરી તારો પુત્ર મશકને લઈ આવ્યો એમાં હે ધૂર્ત શિરોમણિ ! તું શું વિસ્મય ધારણ કરે છે ? આ પ્રમાણે નિરૂત્તર થયેલા શશે ખંડાપાને કીધું કે, "હે ધૂર્તિકા ! તું પણ પોતે અનુભવેલું કાંઈ કહે. તેણે કહ્યું, "હું પણ તમારી આગળ કહીશ જ પણ જો તમે મારા પગમાં પડો તો હું તમને ભોજન કરાવું." તે સાંભળી ધૂર્તો બોલ્યા, "અમે પુરુષોમાં અગ્રેસર છીએ તો તારા જેવી સ્ત્રીની આગળ ભોજન માટે શું દીન વચનો ઉચ્ચારીએ ?"

સ્હેજ હસીને પછી તેણીએ કહ્યું, "હે કર્ણધારી ! મેં આચરેલું અને સાચું કહેવાતું મારું વૃત્તાંત સાંભળો. યૌવનવયમાં લાવણ્યથી શોભતી, રતિના જેવી રૂપવાળી, કામદેવના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્માદથી યુક્ત, પહેલા હું રાંડી હતી. એકવાર ઋતુસ્નાતા હું પવિત્ર મંડપમાં સુતી હતી. ત્યાં પવને ઈચ્છા મુજબ વિલાસિની જેમ મને ભોગવી. તેનાથી મને પુત્ર થયો. તે પણ તત્કાળ બળથી મને છોડીને જોયેલા સ્વપ્નની જેમ ક્યાંય ચાલ્યો ગયો તો તમે બોલો કે શું આ વાત સત્ય છે ? જો એ પ્રમાણે હોય તો હે પંડિતો પણ જેને માન આપે છે એવા પંડિતમાનિઓ ! કોઈ પણ સ્ત્રી રાંડે નહિ. હવે મૂલદેવે તેને કહ્યું, "શ્રુતિમાં સાંભળેલું છે કે અનિલથી કુંતીએ ભીમસેનને જન્મ આપ્યો, અંજનાએ હનુમાનને પણ જન્મ આપ્યો. પરાસર મુનિ દ્વારા માછીમારની કુક્ષિથી વ્યાસ ઉત્પન્ન થયા. પછી હે મા ! જ્યારે મારું કામ પડે ત્યારે મને યાદ કરજે એમ કહી તે વનમાં ગયા. યોજનગંધા પણ મુનિની વાણીથી અક્ષત યોનિવાળી થઈ. સાંતનુની પ્રાણપ્રિયા થઈ તેણે વિચિત્રવીર્યને જન્મ આપ્યો. વિચિત્રવીર્ય મરી જતાં યોજનગંધા માતાએ સ્મરણ કરતાં કૃષ્ણ-દ્વિપાયન મુનિ ત્યાં આવ્યા. ત્યારે વ્યાસે કહ્યું, "પુત્રના અભાવથી તારો વંશ નાશ પામશે. તેથી હે વત્સ ! તું જેમ કુલની વૃદ્ધિ થાય તેમ કર. અને તેના વડે વંશનો ઉદ્ધાર થાય. વ્યાસે ત્રણ વાર પ્રજાવતીને ભોગવી. તેનાથી પાંડુરાજ, રાષ્ટ્રના સ્વામી ધૃતરાષ્ટ્ર, હોંશિયારોમાં શ્રેષ્ઠ વિદૂર જન્મ્યા. તેથી (વ્યાસને) તેને શાપ આપ્યો, તપથી ભ્રષ્ટ કર્યો. કહ્યું છે, "જેનો આહાર પવિત્ર હોય, જેની યોનિ પવિત્ર હોય, જેનું કર્મ, બીજ પવિત્ર હોય તેને સઘળું મળવા છતાં પાપમાં બુદ્ધિ લેપાતી નથી."

જો ભીમની, હનુમાનની, વ્યાસની ઉત્પત્તિ સત્ય હોય તો આપણા બંનેથી પુત્રની પ્રાપ્તિ થઈ તે કેમ ન માની શકાય ? ફરીથી ખંડાપાના બોલી કે, "ગૌરી દેવી મારી સખી હતી. તેણે મને દેવાદિને આકર્ષણ કરનારો એક મંત્ર આપ્યો. તે સૌભાગ્યમંત્રથી તીવ્ર કિરણવાળા સૂર્યને મેં આકર્ષિત કર્યો. તેણે વેગથી મારી સાથે રમીને બળવાન પુત્ર ઉત્પન્ન કર્યો. ૬૦ હજાર યોજન પ્રમાણ પૃથ્વીને સૂર્ય બાળે છે. તો મારા અંગની સાથે સંગત થયેલા તેણે મને કેમ ના બાળી ?" ત્યારે કંડરીકે કહ્યું, "કુંતી જો સૂર્યના સંગથી બળી નહી તો હે રાંડ ખંડા ! આના વડે તું કેવી રીતે બળાય ?" ફરીથી તે બોલી, "મેં એકવાર પ્રજ્વલિત અગ્નિને આકર્ષ્યો. તેણે મને આલિંગન કરીને મહાપરાક્રમી પુત્રને ઉત્પન્ન કર્યો. દૂર રહેલો સૂર્ય પણ બાળે છે તો શરીરે સ્પર્શેલો અગ્નિ કેમ ના બાળે ?" તે સાંભળી એલાષાઢ બોલ્યો, "યમરાજની પત્ની ધૂમોર્ણા હોમવાને માટે અગ્નિના આવાસે ગઈ અને અગ્નિની સાથે તે રમતી હતી. તેવામાં પોતાની પાછળ આવતા યમને જોઈને, ક્રીડા અપૂર્ણ હોવાથી, દૂર સરકવા અસમર્થ, આતુર, એવી તેણીએ ત્યારે પાણીની જેમ અગ્નિનું પાન કર્યું. પછી રતિ-ક્રીડા અપૂર્ણ હતી તેવી શિથિલ અવસ્થામાં રહેલી તેને ગળીને પ્રેતરાજ પણ દેવલોકની પર્ષદામાં ગયો. ત્યારે દેવોએ સ્વતૃતીયસ્ય તારું સ્વાગત થાઓ એમ કહ્યું. તે સમયે યમરાજાએ ધૂમોર્ણાનું વમન કર્યું. તો તેણીના મુખમાંથી અગ્નિનું વમન થયું. તેથી યમ અગ્નિની પાછળ દોડ્યો પણ અગ્નિ વનમાં ભાગી છૂટ્યો. ત્યારે હાથીને અગ્નીએ કહ્યું. તેણે તેના વચનનો લોપ કર્યો. જો યમરાજની પત્ની અગ્નિ વડે સેવાતા છતાં બળી ન ગઈ તેમ હે ખંડે ! અગ્નિ વડે ભોગવાતી તું પણ કેમ બળી શકે ?" ફરીથી ખંડા બોલી, "મેં ઐરાવણ વાહન આકર્ષ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની સંગતિથી મને પુત્ર થયો. દેવીને ત્યજીને ઇંદ્રે મને કેમ ભોગવી ? શશ બોલ્યો, "તે ગૌતમપત્ની અહલ્યાની સાથે શું રમ્યો ન હતો ? ત્યારે ગૌતમે રોષથી તેના શરીરના ટૂકડા કરીને તે દુષ્ટાત્માને ઉપભોગ કરવા માટે બટુને આદેશ આપ્યો. કામરૂપી અગ્નિથી બળતા અવિવેકી બટુ પાસે ઇંદ્રે તેને ખૂબ વિડંબના પમાડી. પછી દેવોએ ગૌતમની ખૂબ ભક્તિ કરી, કૃપા મેળવી તેથી તેણે તે સ્થાને હજાર આંખો કરી.

વળી કુંતીએ પણ ઇંદ્રના સંભોગથી અર્જુનને જન્મ આપ્યો. તેની સાથેના ભોગથી તેને પુત્ર થયો તે વાત શાસ્ત્રને જાણનાર એવો કોણ ન માને ? પછી ખંડાએ મૂલદેવને કહ્યું, "તું મારા માતા-પિતા-વંશના નામ, ધનાદિને જણાવ. ત્યારે મૂળદેવે કહ્યું, "તું પાટલીપુત્રમાં નાગશર્મા બ્રાહ્મણની પત્ની સોમશ્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી, ગૌતમ ગોત્રીય ખંડા નામની પુત્રી છે." ત્યારે તેણીએ કહ્યું કે, "હું તે નથી, સરખા રૂપથી તમે ભ્રાંતિ પામ્યા છો. પરંતુ હું તો રાજાના ધોબીની "દગ્ધિકા" નામની પુત્રી છું. ઘણા ધન-ધાન્યથી ભરપૂર, અનેક વાહનોથી શોભતું, અગણિત ધન-સંપદાથી ભરપૂર, રાજમહેલ જેવું મારું ઘર છે. રાજાના, રાજલોકના તથા અંતઃપુરની સ્ત્રીઓના વસ્ત્રોને હું હજારો શિલ્પીઓની સાથે ધોતી હતી.

એકવાર વસ્ત્રનું ગાડું ભરીને હજારો શિલ્પીની સ્ત્રીઓ સાથે હું તરંગોથી તરંગિત નદીએ ગઈ. છટ્ છટ્ વિગેરે શબ્દો પૂર્વક મારા શિલ્પી સેવકો વસ્ત્રો ધોવા લાગ્યા. પછી પૃથ્વી ઉપર તડકામાં તે વસ્ત્રો સૂકાવા માટે પાથર્યા. ત્યારે ભયંકર વાયુએ તે વસ્ત્રોને હરીને ક્યાંક મૂક્યા. તેથી મેં નોકરોને જલ્દી દોડો... દોડો વસ્ત્રાપહાર દોષ ઉત્પન્ન થયો છે એમ મેં કહ્યું તેથી તેઓ પણ દોડ્યા. આ બાજુ રાજાની બીકથી મેં ગોધાનું (સર્પની એક જાતિ) રૂપ કર્યું. અને નગરના છાયાવાળા ઉદ્યાનમાં રાત્રીએ ગઈ. ત્યાં સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરવા લાગી. રાત્રીના પાછલા પ્રહરે મને વિચાર આવ્યો "માંસ અને ચામડાના અર્થી લોકો મને હણશે. તેથી નિર્ભયતાથી હું ક્યાં રહું ?" એ પ્રમાણે વિચારતી હું બાગમાં ફરવા લાગી. ખરેખર ! મોતની બીક કોને નથી હોતી ? એટલે મેં ગોધાનું રૂપ છોડી દીધું અને રાતા અશોકના વૃક્ષ નીચે આમ્રની લતાનું રૂપ કરીને હું રહી. વિલાસિની અસતીની જેમ અંધકારમય રાત્રી મેં પસાર કરી. અંતે કમળને ખીલવનારો સૂર્યોદય થયો.

આ બાજુ લોકોના મુખથી વસ્ત્ર-અપહરણની વાત રાજાએ સાંભળી અને પડહો વગાડવા પૂર્વક ધોબીઓને અભયદાન આપ્યું. મેં પણ કર્ણને માટે અમૃત સમાન એવા પડહના અવાજને સાંભળીને, આમ્રલતાનું રૂપ છોડી દીધું અને ફરીથી પોતાના રૂપને પ્રાપ્ત કર્યું.

આ બાજુ ગાડાના ચર્મમય દોરડાને શિયાળીયાઓએ રાત્રીના ભક્ષણ કર્યા. પિતાએ તેની શોધ કરી. ત્યાં મને એક ઉંદરનું પૂંછડું મળ્યું મેં તેમાંથી દોરડા બનાવ્યા. તો શું આ સત્ય નથી ? ત્યારે શશ બોલ્યો, "લિંગની અંદર બ્રહ્મા-વિષ્ણુ શું રહ્યા ન હતા ? તો પછી અહીં આશ્ચર્ય શું ? રામાયણમાં પણ પ્રસંગ આવે છે કે હનુમાનનું પૂછડું ખૂબ લાંબુ હતું. તેણે અગ્નિથી બળતા પૂંછડાથી સમગ્ર લંકાને ઘેરીને બાળી હતી. જો વાયુપુત્રનું આટલું લાંબુ પૂંછડુ હતું તો પછી ઉંદરના પૂંછડામાંથી દોરડા કેમ ન બનાવી શકાય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી શ્રુતિગ્રંથમાં પણ સાંભળવા મળે છે કે અરણ્યમાં ગંધારિકાવર રાજા માનવદેહ છોડીને કુરુબકવૃક્ષ બન્યો. વળી પરાક્રમથી શત્રુઓને આક્રાંત કરનાર નઘુષ નામનો રાજા હતો. યુદ્ધમાં કાયરની જેમ વજ્રધારી શક્રને પણ તેણે હરાવ્યો. ફરીથી તેણે શક્ર ઉપર આક્ષેપ કર્યો ત્યારે રોષથી દેવીએ તેને શ્રાપ આપ્યો. તેથી તે જંગલમાં મહાકાયા વાળો અજગર બન્યો. એકવાર રાજયભ્રષ્ટ થયેલા પાંડવો ત્યાં વનમાં આવ્યા. જંગલમાં ભમતા ભીમને તે અજગર ગળી ગયો. યુધિષ્ઠિરે તે વાત જાણી અને તે તેની પાસે ગયો. યુધિષ્ઠિરે પૂછેલા સાત પ્રશ્નોના જવાબ તે અજગરે આપ્યા. ભીમને વમીને, શાપથી મુક્ત થયેલા તેણે અજગરનું રૂપ છોડી દીધું અને ભુવનને આશ્ચર્યકારી એવું નઘુષ રાજાનું રૂપ ફરીથી ધારણ કર્યું. જો આ વાત સત્ય છે તો હે ખંડે ! તું પણ ગોધા, આમ્રલતાભાવથી નારી બની તેમાં શું આશ્ચર્ય ?"

ફરીથી તેણી બોલી, "હે ધૂર્તરાજો ! જો તમે મારું વચન માનો તો હું તમારા સર્વેનું ઘણા ભોજન-પાનાદિથી સત્કાર કરું. વળી જો હું કદાચિત્ બુદ્ધિબળે તમને જીતી લઉં તો કોડીમાત્ર મૂલ્ય પણ તમને નહીં મળે." તેઓએ પણ અભિમાનથી તેણીને કહ્યું, "પરમેષ્ઠી શંભુ વિષ્ણુ સમાન પણ ધૂર્ત શિરોમણી એવા અમને જીતવા સમર્થ નથી." પછી તેઓને ખંડાએ કહ્યું, "પૂર્વે હું રાજાને છોડીને પોપટ માટે ચારે દિશામાં ભમી. વળી મારા ચાર દાસો ત્યારે નાશીને ક્યાંય જતા રહ્યા. તેમને શોધતાં હાલ હું અહીં આવી છું. તમે જ મારા દાસો છો, તમે જ વસ્ત્રો ચોરી લીધા હતા. જો તમે આ ન માનો તો આજે તમારે ભોજન આપવું." ત્યાર પછી લજ્જાથી શરમાયેલા તેઓએ ખંડાને કહ્યું કે, "ખરેખર ! વિશ્વના લોકોને ઠગનારા અખંડ એવા અમને તેં ખંડિત કર્યા છે. હે શ્રેષ્ઠ નારી ! તું જ આ ભારને વહન કરવા યોગ્ય છે. જેણે પ્રજ્ઞાથી મદોન્મત્ત પુરુષોને પણ જીતી લીધા છે. ઔત્પાતિકી બુદ્ધિથી તેં અમને જીતી લીધા છે. તેથી અમે તને પ્રાર્થના કરીએ છીએ કે ધૂર્તોને પાનભોજન આપ."

"સારું" એમ કહીને તે ભૂત-પ્રેત-પિશાચથી વ્યાપ્ત, ઘુવડોના ઘૂત્કાર ને શિયાળીયાઓના ફેત્કારથી ભયંકર, કલેવરમાંથી નીકળતા માંસ-રુધિરથી દુર્ગંધમય, બળતી ચિત્તાના અગ્નિથી વ્યાપ્ત, ગીધપક્ષીઓના યુદ્ધથી યુક્ત, શૂળમાં પરોવાયેલા પ્રાણીઓના આંતરડાથી લોકોને ત્રાસ પમાડનાર, દુર્ગંધથી અત્યંત ભયંકર એવા સ્મશાનમાં ગઈ.

ત્યાં અખંડ, સર્વ અંગવાળું, તે જ સમયે ત્યાં કોઈએ મૂકેલું, મરેલુ એક બાળક પડેલું હતું. તેને લઈને ખંડાએ પાણીથી સ્નાન કરાવ્યું. પછી વસ્ત્રથી તેને ઢાંકીને, સારો દેખાવ કરીને ઉજ્જયિની નગરીમાં મહાધનાઢ્ય શ્રેષ્ઠીના ઘરે તે ગઈ. ત્યાં અનેક શ્રેષ્ઠીઓથી પરિવરેલા ઈન્દ્ર સમાન શ્રેષ્ઠીને જોઈને તેણે કહ્યું, "હું દરિદ્રી બ્રાહ્મણની પુત્રી છું. બાંધવ વિનાની છું, અશરણ્ય છું. પરદેશી બ્રાહ્મણી છું. તેથી હું તમને પ્રાર્થના કરું છું કે બાળકની વૃદ્ધિ માટે ધન મને આપો." તે શ્રેષ્ઠી કાર્યમાં વ્યાકુળ હતા તેથી તે વારંવાર પ્રાર્થના કરતી હતી. તેથી ક્રોધથી શેઠે નોકરને કહ્યું, "આ નીચ સ્ત્રીને બહાર કાઢો." વારંવાર દીન વચનો ઉચ્ચારતી તેને નોકરોએ પકડી પણ તે ભૂમિ પર પડીને આક્રંદ કરવા લાગી, "અરે... અરે... મારા પુત્રને આ શેઠે મારી નાંખ્યો. અનાથ એવી મારો તે આધાર થશે આવો મારો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોરથ હતો પણ હા... હા... આ દુષ્ટાત્માએ હાથી જેમ વૃક્ષને ઉખેડી નાંખે તેમ મારા મનોરથને ભાંગી નાંખ્યો. હે લોકો ! તમે આવીને જુઓ તો ખરા ! કે વાણીયા કેવા ધનગર્વિષ્ઠ હોય છે ! બ્રાહ્મણી એવી મારા શુદ્ધ પુત્રને આ પાપીએ મારી નાંખ્યો." મસ્તક, છાતી, પેટને વારંવાર તાડન કરતી તે વિલાપ કરવા લાગી, "આ પાપીએ મારું ભિક્ષારૂપી પાત્ર ભાંગી નાંખ્યું." આ સાંભળી આકુળ-વ્યાકુળ થયેલો શ્રેષ્ઠી ત્યાંથી ઉઠીને પરિવાર સહિત ત્યાં આવ્યો અને વિલાપ કરતી તેને કહે છે કે, "તું કોલાહલ ના કર. મારી આ મુદ્રિકા લે અને બાળક લઈને ચાલવા માંડ. હવે તું શોક છોડી દે. મેં તને મોટી આજીવિકા આપી છે." તે પણ મુદ્રિકા અને બાળકને લઈને ઘરથી બહાર ગઈ. દાનના પ્રભાવથી શ્રેષ્ઠીનું વિઘ્ન પણ ટળી ગયું. હવે અંતરમાં ખુશ થતી ખંડા પણ તે મૃત બાળકને જંગલમાં છોડી આવી.

પછી શહેરમાં દેદીપ્યમાન મણિ-માણેક-રત્નોની હાટડી પાસે આવી. અને ત્યાં મુદ્રિકાને વેંચીને વિવિધ વસ્તુઓ ખરીદી. પછી શ્રાદ્ધમાં જેમ બ્રાહ્મણોને જમાડે તેમ ખંડાએ ધૂર્તોને ઈચ્છા મુજબ ભોજન કરાવ્યું. તેથી સંતોષ મનવાળા તે સર્વે તેની આ પ્રમાણે પ્રશંસા કરવા લાગ્યા, "હે ખંડે ! તારું જીવન સુંદર છે એમ અમે નિશ્ચે જાણીએ છીએ. જે તેં આ ધૂતારાઓને બુદ્ધિથી જીતીને ભૂખથી પીડાતા સર્વેને પુષ્કળ ભોજન પાન વડે ઘણા ખુશ કર્યા. અભણ સ્ત્રીઓ જે શબ્દો બોલે છે તેને કહેવા માટે સુશિક્ષિત પંડિતો પણ જાણતા નથી. વળી કહ્યું છે કે, "શાસ્ત્રો ભણીને, અર્થોની વિચારણા કરીને તેને કહેવા માટે પુરુષો સમર્થ થતા નથી પણ લીલાપૂર્વક રચાયેલા અક્ષરોને કહેવાના સમયે સ્ત્રીઓ કહે છે."

વળી લોકમાં ચન્દ્ર, ઈન્દ્ર, વાયુ, સૂર્ય, ધર્મ, અગ્નિ, મુનિઓ પણ કામદેવ રૂપી વાઈના રોગથી દૂષિત છે. સ્થૂલ અને સૂક્ષ્મ ભેદથી જીવોને વિષે વ્યાપીને સર્વગત ભગવાન વિષ્ણુ રહેલા છે. એ પ્રમાણે શ્રુતિગ્રંથમાં કહ્યું છે. જો ભગવાન વિષ્ણુ સર્વગત છે એ જો સત્ય વચન હોય તો કામાતુર ગોપીઓ કામીની જેમ તેમને કેમ ચિંતવે ? લોકમાં સંભળાય છે કે પાર્વતીના મલમાંથી ઉત્પન્ન થયેલા અને ચૈતન્ય પામેલા પ્રથમ ગણાધિપ તે થયા. આ બધું અસંભાવ્ય છે. આ બધા પુરાણાદિમાંથી ઉત્પન્ન થયેલા લૌકિક આલાપો છે. વિચક્ષણ પુરુષો વડે વિચારતાં તે પદે પદે વિનાશ પામે છે. તેથી જ લૌકિક વાક્યો ગધેડાના ઉચ્ચારની જેમ બાહ્યથી રમ્ય અને અંદરથી વિચારતા અનાજના ફોતરા જેવા નિઃસાર જાણવા.

આ પ્રમાણે ધર્મ-અધર્મ કરવામાં વિવેકી, શાસ્ત્ર સાંભળવામાં રસિક, સાકેતપુરવાસી વૈશ્રમણની પાસે ત્રણ જ્ઞાનથી શોભતા સુસ્થિત આચાર્યે પદે પદે વિરૂદ્ધ, મદોન્મત્ત પુરુષના પ્રલાપની જેમ અસત્ય પ્રલાપવાળા લૌકિક ગ્રંથના વાક્યો કહીને હવે લોકોત્તર ધર્મ વિચારણા કહે છે.

પૂર્વાપર વિરોધ વિનાનું જે તીર્થ તે લોકોત્તર તીર્થ કહેવાય છે. સુવિશુદ્ધ સુવર્ણની જેમ તેની પરીક્ષા કરવી અસમર્થ છે. જયાં પાંચ મહાવ્રતો એ મૂળગુણો છે અને પિંડશુદ્ધિ આદિ ૭૦ ઉત્તરગુણો કહેલા છે. મુખ્ય એવા આ જૈનધર્મને આરાધ્યા વગર કોઈ પણ માનવ બોધિબીજની પ્રાપ્તિ વિના મોક્ષફલને પામતો નથી. વળી સમ્યકૃત્વ યુક્ત બારવ્રતથી શોભતા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજા (નંબરના) શ્રાવક ધર્મનું સારી રીતે સેવન કરીને પુરુષ સ્વર્ગના સુખને પામે છે. ગુરુમુખથી અરિહંતના ધર્મની મૂળશુદ્ધિ સાંભળીને તેના મનરૂપી પૂર્વાચલ ઉપર વિવેકરૂપી સૂર્ય ઉગ્યો ત્યાર પછી વૈશ્રમણે સૂરીને નમસ્કાર કરીને કહ્યું, "હું અત્યારે દીક્ષા લેવા માટે અસમર્થ છું તેથી સુખના સ્થાનભૂત સુશ્રાવક ધર્મ મને હવે આપો." ગુરૂ ભગવંતે પણ જ્ઞાનથી યોગ્યતા જાણીને વિશુદ્ધદર્શનથી યુક્ત શ્રાવકના બાર વ્રતો તેને આપ્યા. પછી ખુશ થયેલો એવો તે સૂરિને નમીને અને ઘરે આવીને પોતાની પત્ની ધનવતીને તે ધર્મપ્રાપ્તિની વાત કરી. તેણે પણ કહ્યું, "મારા સર્વાંગને શાશ્વત રત્નત્રયમય ધર્મ ભૂષણથી વિભૂષિત કરો. દીનજનોનો ઉદ્ધાર કરીને, સુપાત્રમાં દાન આપીને, શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને તેણે શ્રી અરિહંત ભગવાનના શાશ્વત એવા શાસનની પ્રભાવના કરી.

એકવાર તેની પત્ની ધનવતીને દુષ્ટ વ્યંતરે અત્યંત ગાઢ પીડા કરી. તે કારણે તે ક્યારેક પડતી તો ક્યારેક ઉછળતી હતી. ક્યારેક આક્રંદ કરતી તો ક્યારેક દોડતી હતી. તો ક્યારેક ઉન્માદથી નૃત્ય કરતી હતી. તો ક્યારેક દોષના આવેશથી મૂર્ચ્છા પામતી હતી. તેની આવી અવસ્થા જોઈને ક્ષણવારમાં તો વૈશ્રમણે વૈદ્યોને તથા મંત્રવાદીઓને બોલાવ્યા. મંત્રવાદીઓએ મંડળ આલેખી તેના દેહમાં અવતરણ કર્યું. ત્યારે તે દુષ્ટ વ્યંતર બોલ્યો, "હું આને ક્યારે પણ છોડીશ નહિ." ફરી ફરી તેને આકર્ષણ કરતાં તે દુષ્ટ બોલ્યો કે, "આ શ્રેષ્ઠિ હંમેશા જિનપૂજા કરે છે. મને પૂજતો નથી માટે તેની આ પત્નીને હું યમસદનમાં પહોંચાડીશ. અને આ ધૃષ્ટ શ્રેષ્ઠિને પણ જીવતાં જ ચાવી જઈશ." તેના વચનને સાંભળી શ્રેષ્ઠિ બોલ્યો, "આ જન્મમાં વીતરાગ વિના અન્ય દેવની હું મનથી પણ પૂજા કરીશ નહિ. અરે ! કાચના ટુકડા માટે કોણ હાથમાંથી ચિંતામણી રત્નને છોડી દે ? તેથી નાશવંત એવા દેહને માટે હું વ્રતભંગ તો નહીં જ કરું. કદાચ કોઈ શત્રુ મારા મસ્તકના હજાર ટુકડા કરી નાંખે તો પણ જિનેશ્વર ભગવંતને મૂકીને અન્ય દેવોને હું નમન નહિ જ કરું.

આ પ્રમાણે તેના નિશ્ચયને જાણીને વ્યંતર પણ આનંદ પામ્યો. અને તેની પ્રશંસા કરવા લાગ્યો કે, "ખરેખર ! તું ધન્ય છે કે જેની વ્રતમાં દૃઢ મતિ છે." આ પ્રમાણે કહીને તે થોભ્યો. તેટલામાં તો ધનવતી પણ સારી થઈ ને ચિત્તમાં ચિંતવવા લાગી કે જિનેશ્વર વિના જગતમાં અન્ય કાંઈ સારભૂત નથી. પુરાણાદિમાં કહેલા મિથ્યાદૃષ્ટિઓના વચનો મિથ્યા છે એમ માનતો તે શ્રેષ્ઠી જિનધર્મમાં વિશેષથી દૃઢ થયો. સુખના કારણભૂત સુશ્રાવકધર્મનું પાલન કરીને, અંતે અનશન કરીને, મરીને તે અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી મનુષ્ય ભવને પ્રાપ્ત કરી, સંયમ સ્વીકારી, ધ્યાન રૂપી તલવારથી કર્મવનને છેદીને મુક્તિ પામશે.

આ પ્રમાણે વૈશ્રમણના કર્ણપ્રિય સુંદર ચારિત્રને સાંભળી રામાયણ - મહાભારત - શ્રુતિગ્રંથોના વિચારમાં અસમર્થ વાક્યો વડે પવિત્ર - અતિનિર્મલ સમ્યગ્દર્શનને મલિન ના કરો. જેથી જિનાગમના જ્ઞાતા તમને સુસ્થિર મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

**કુદર્શન વર્જન વિષયમાં વૈશ્રમણની કથા સંપૂર્ણ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડલને વિષે સૂર્ય સમાન **શ્રી ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર **શ્રી સંઘતિલકસૂરિ** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વ સપ્તતિ વૃત્તિમાં સમ્યક્ત્વની શ્રદ્ધાને જણાવનારો **શ્રદ્ધાદ્વારનો પ્રથમ અધિકાર** સમાપ્ત થયો.

❁ ❁ ❁

# લિંગદ્વારનો બીજો અધિકાર

## આગમ શુશ્રુષારૂપ પ્રથમ લિંગ

**परमागमसुस्सूसा, अणुराओ धम्मसाहणे परमो ।**
**जिणगुरुवेयावच्चे, नियमो सम्मत्तलिंगाइं ॥ १३ ॥**

**ગાથાર્થ :- જિનાગમ સાંભળવાની ઈચ્છા, જિનેશ્વરે કહેલા ધર્મ ઉપર પરમ પ્રીતિ, જિનેશ્વર તથા સાધુઓનું વૈયાવૃત્ય આ ત્રણે સમકિતના લિંગ છે.**

**ટીકાર્થ :- 'परमागम'** = વિશ્વના સઘળા પદાર્થોને યથાવસ્થિત બતાવવાના કારણે જે પરમાર્થ રૂપ છે તેવા આગમ = દ્વાદશાંગીરૂપ સિદ્ધાંત. તેને સાંભળવાની ઈચ્છા તે શુશ્રૂષા. જિનવચન શ્રવણ કર્યા વિના કાંઈ પણ જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત થતાં નથી. પરંતુ આગમના શ્રવણથી જ પ્રાપ્ત થાય છે. વળી આગમમાં કહ્યું છે કે, "શાસ્ત્ર શ્રવણ કરવાથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, વિજ્ઞાનથી પચ્ચક્ખાણ થાય, પચ્ચક્ખાણથી સંયમ થાય, સંયમથી દોષ રહિત તપ થાય, તપથી ક્રિયારહિતપણું પ્રાપ્ત થાય. અને ક્રિયારહિત થવાથી નિર્વાણ - (મોક્ષ) પ્રાપ્ત થાય." તેથી આ શુશ્રૂષા સમકિતનું પ્રથમ લિંગ છે.

**'अणुराग'** = મનથી પરમ પ્રીતિ હોય. ક્યાં ? તો કહે છે **'धर्म्मसाधने'** = સાધુ અને શ્રાવકના પ્રકારવાળા ધર્મનું સાધન = કારણ છે તેનું અત્યંત સેવન કરવાથી શ્રેષ્ઠ કોટી પ્રાપ્ત કરી છે તે બીજુ લિંગ છે. **'जिणगुरु'** = રાગાદિ અઢાર દોષોને જીતવાથી જિન. અને તે વર્તમાન-ભૂતકાળ-ભવિષ્યકાળના સર્વ જિનેશ્વર ભગવંતો. જે ધર્મતત્ત્વને પ્રકાશિત કરે છે તે ગુરુઓ - પાંચ પ્રકારના આચારપાલનમાં તત્પર છે તે. આમ જિનેશ્વરો અને ગુરુ ભગવંતો એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ છે. તેઓની **'वैयावृत्त्यं'** = વૈયાવૃત્ય કરવી - વિનય કરવો તેનો નિયમ હોવો જોઈએ = અવશ્ય તેનું પાલન કરવું જોઈએ. અને તે જીવોને મોટા ગુણનું કારણ બને છે. વળી કહ્યું છે કે, "જિનેશ્વર ભગવંતના ચરણમાં નમતા પુરુષોને ભવભય હોતો નથી, એને આત્મા માટે અહિતકારી એવી કામવાસના ભય પેદા કરતી નથી, એની ઈચ્છાઓ તૂર્ત જ ફળે છે. વળી ગુરુસેવામાં તત્પર માનવ રોગો વડે પરાભવ પામતો નથી. અને જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સદ્‌ગુણોના સમૂહથી સમૃદ્ધ બને છે. આ પ્રમાણે દેવ-ગુરુની સેવા એ ત્રીજુ લિંગ જાણવું. આ ત્રણે ક્ષાયિકાદિ સમ્યક્ત્વના લિંગ છે. અહીં લિંગ એટલે નિશાની. આ જીવ સમ્યગ્દર્શનની છે એવું જેના વડે જણાય છે તે લિંગ જાણવું. સાધન વિના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્વય - વ્યતિરેકથી સાધ્યની સિદ્ધિ ક્યારેય થતી નથી. **અન્વય દૃષ્ટાંત :-** અસ્તિ સ્વરૂપે, અહીં સમ્યગ્દષ્ટિ જીવો છે. કેમકે પરમાગમની શુશ્રૂષા, ધર્માનુરાગ, જિનગુરુનું વેયાવચ્ચ તેઓ કરનારા છે. જે જે પરમાગમાદિનું વેયાવચ્ચ કરનારા છે તે તે સમ્યગ્દષ્ટિ જીવો છે જેમ ભરત ચક્રવર્તી આદિ તેમ આ જીવો પણ છે. તેથી પરમાગમ-વેયાવચ્ચ કરનારા સમ્યગ્દષ્ટિ જીવો અહીં છે. **વ્યતિરેક દૃષ્ટાંત :-** નાસ્તિ સ્વરૂપે. જે જીવો પરમાગમશુશ્રૂષા, ધર્મરાગ-દેવગુરુ સેવા કરનારા નથી તે સમ્યગ્દષ્ટિ જીવો નથી. જેમકે માધ્યમિકાદિ જીવો આ પ્રમાણે ગાથાર્થ છે. ત્યાં પ્રથમ શુશ્રૂષા રૂપ લિંગને જણાવે છે :-

**तरुणो सुही वियड्ढो, रागी पियपणइणीजुओ सोउं ।**
**इच्छइ जह सुरगीयं, तओऽहिया समयसुस्सूसा ॥ १४ ॥**

**ગાથાર્થ :- ચતુરાઈ વિગેરે ગુણયુક્ત સુખી યુવાન પુરુષ રાગી તથા પોતાની પ્રિય પત્ની યુક્ત જેમ કિન્નરીના ગીતો સાંભળવાની ઈચ્છા કરે છે તેથી પણ અધિક આગમ સાંભળવાની ઈચ્છા થાય છે.**

**ટીકાર્થ :- 'तारुण्य'** = તારુણ્ય અવસ્થામાં યુવાન પ્રાયઃ કામ-ઉન્માદાદિ વિકારવાળા હોય છે. વળી કહ્યું છે કે, "પ્રાયઃ ત્રણભુવનમાં યૌવન અવસ્થામાં રહેલો જીવ સદા વિકાર રહિત હોય તેવું હોતું નથી અને હોઈ શકે પણ નહિ." આવો તરુણ (યુવાન) પુરુષ ક્યારેક દારિદ્ર, દુઃખ, શોકાદિથી વ્યાકુલ હોય છે તેથી 'સુખી' એવું વિશેષણ તેનું મૂક્યું. સુખી અર્થાત્ સ્વાભાવિક જ ભોગના યોગવાળો જીવ. વળી સુખી એવો પણ તે તરૂણ ક્યારેક નિર્વિચારપણારૂપી કારાગારમાં પડેલો હોય તેથી **'विदग्ध'** એવું વિશેષણ મૂક્યું. એટલે કે બુદ્ધિથી તિરસ્કાર કર્યો છે બૃહસ્પતિની બુદ્ધિનો જેણે... આવો પણ જીવ ક્યારેક વિરાગી પણ હોઈ શકે છે તેથી **'रागी'** વિશેષણ મૂક્યું. રાગી = કામક્રીડામાં પ્રવીણ અથવા તો રાગ અને સંગીતના સ્વરાદિના જ્ઞાનવાળો... વળી કહ્યું છે કે, "સ્વરો સાત છે, ત્રણ ગ્રામ, એકવીશ મૂર્ચ્છના, ઓગણપચાશ તાન, ૩૦ માત્રા અને ત્રણ લય છે. વળી યતીના ત્રણ સ્થાનો છે, છ પ્રકારની ભાષા, ષડ્રસ, ૩૬ વર્ણાદિથી યુક્ત ભાષાના ૬૭ ગુણો છે. વળી આ બંને પ્રકારના રાગાદિનું જ્ઞાન પણ પ્રિયારહિત યુવાનને માટે નિરર્થક છે. તેથી **'प्रियप्रणयिनीयुतः'** આવું વિશેષણ મૂક્યું. અર્થાત્ પ્રાણથી પણ અધિક વલ્લભ પ્રેયસી તે પ્રિયા. ને તેનાથી યુક્ત યુવાન. આવા પ્રકારનો પણ યુવાન જે રીતે **'सुरगीतं'** = અખર્વ, ગાંધર્વ, સર્વકલા, સગર્વ, હહાહૂહૂ વિગેરે ગાંધર્વ દેવોના ગાયનને સાંભળવાની ઈચ્છા રાખે છે તેનાથી પણ અધિક પ્રકૃષ્ટ **'समयशुश्रूषा'** = જિનેશ્વર ભગવંતે કહેલા આગમને સાંભળવાની ઈચ્છા હોય છે. આ સમ્યક્ત્વનું પ્રથમ લિંગ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. અહીં સુદર્શન શ્રેષ્ઠીનું દૃષ્ટાંત જણાવાય છે. તે આ પ્રમાણે :-

જાણે સુંદર નયનવાળું યુવતીનું મુખ હોય તેવું, જાણે પાર્વતીથી યુક્ત શંકરનું અંગ જ ન હોય ! વળી લક્ષ્મી સહિત વિષ્ણુનું વક્ષસ્થળ જ ન હોય ! ઘણા દેવોથી શોભિત જાણે દેવનગર જ ન હોય તેવું મગધ દેશના અલંકારભૂત રાજગૃહ નામનું નગર હતું. જ્યાં ઉત્તુંગ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ફુરાયમાન ચૈત્યની કાંતિથી અંધકાર દૂર થવાથી કુમુદિનીને વિકસિત કરનાર ચંદ્રમા હોવા છતાં હજી પણ રાત્રી જણાતી નથી. ત્યાં બહુદ્રવ્યગુણ ક્રિયાવાળા કણાદની જેમ, પ્રધાન પુરુષને માનનાર સાંખ્યની જેમ, આયતનને જાણનાર બુદ્ધની જેમ, શ્રી મહાવીર જિનની આરાધના કરી સુકૃતની શ્રેણિને ઉપાર્જન કરનાર શ્રી શ્રેણિક રાજા હતો. જેના સમ્યક્ત્વનું વર્ણન સૌધર્માધિપતિ પોતે સુધર્મા સભામાં દેવોની આગળ કરે છે. તે નગરીમાં સજ્જનોને આનંદ પમાડનાર અર્જુન નામનો એક માળી રહેતો હતો. તેને સૌંદર્યથી દેવાંગનાને પણ તર્જના કરનારી બંધુમતી નામની પ્રિયતમા હતી. હંમેશા તે અર્જુનમાળી પ્રિયતમાની સાથે સુગંધી શ્રેષ્ઠ પુષ્પો વડે બાગની નજીકના એક દેવળમાં પ્રાતિહાર્યથી યુક્ત પોતાના કુલદેવતા મુદ્ગરપાણિ નામના યક્ષની પૂજા કરતો હતો.

એકવાર ત્યાં દાનવીર લોકો વડે કોઈક મહોત્સવનો પ્રારંભ થયો. ત્યારે 'પ્રાતઃકાલે મને પુષ્પોનું ઘણું મૂલ્ય મળશે' એમ વિચારી પત્ની સહિત અર્જુનમાળીએ સાયંકાળે કરંડિયાને પુષ્પોથી ભરી યક્ષમંદિરમાં પ્રવેશ કર્યો. ત્યારે તેને છ પુરુષોએ જોયો. દુષ્ટ આશયવાળા તેઓએ પરસ્પર વિચાર કર્યો કે, "આ નિરૂપમ સૌભાગ્યથી અલંકૃત કાયાવાળી આ માળીની સ્ત્રીને, માળીને બાંધીને, તેની સમક્ષ જ ઈચ્છા મુજબ ભોગવીએ." એમ નિશ્ચય કરીને તેઓ છૂપી રીતે બારણાની પાછળ ઊભા રહ્યા.

આ બાજુ અર્જુનમાળી પણ જેલમાં પ્રવેશ કરનારની જેમ મંદિરમાં પ્રવેશીને એકાગ્ર મનથી યક્ષની પૂજા કરવા લાગ્યો. ત્યારે તે દુષ્ટ ગોઠિયાઓ એકદમ બહાર આવીને તેને બંધનથી બાંધીને, તેની પ્રિયા બંધુમતીની સાથે ઈચ્છા મુજબ વિલાસ કરવા લાગ્યા. તેથી તેણીને તેવા પ્રકારની જોઈને જાણે જાંગુલીમંત્રથી નિયંત્રિત કરેલ સર્પ જ ન હોય તેમ પ્રહાર કરવાને અસમર્થ એવો તે ક્રોધથી યુક્ત થયો. કેમકે પિતૃઘાતાદિ દુઃખો કદાચ બળવાન પણ સહન કરે પણ પ્રિયાના ધર્ષણથી ઉત્પન્ન થયેલું દુઃખ રાંક પણ સહન કરતો નથી. વળી પ્રાણીઓ પિતાના કે માતાના પરાભવને સહન કરી શકે છે પણ સ્ત્રીના પરાભવને સહન કરવામાં તિર્યંચો પણ સમર્થ નથી.

અર્જુનમાળી પણ અત્યંત અમર્ષથી કઠોર વચનથી યક્ષને ઉપાલંભ દેવા લાગ્યો કે, "હે યક્ષ ! તું ખરેખર ! પથ્થરમય જ છે પણ સાચો દેવ નથી. કેમકે જેના દેખતાં પાપી એવા આ ગોઠીયાઓ પશુની જેમ પશુધર્મનું આચરણ કરે છે. જો તું કંઈ પણ થાત તો તારી પૂજક એવી મારી પત્નીની, તારી સમક્ષ જ આવી વિડંબના ન થાત." તેના વચનને સાંભળીને અત્યંત કોપાયમાન થયેલા યક્ષે પણ અર્જુનમાળીના શરીરમાં પ્રવેશીને, બાંધેલા સર્વ બંધનોને કાચા સૂતરના તાંતણાની જેમ તોડીને, એક હજાર પલના માનવાળું લોઢાનું મુદ્ગર (એક શસ્ત્ર) ઉપાડીને બંધુમતી સહિત છ એ મિત્રોને ચૂર્ણ કરી નાંખ્યા. ત્યારથી આરંભીને હંમેશા સ્ત્રી સહિત છ પુરુષોને જ્યાં સુધી તે મારતો નથી ત્યાં સુધી તેનો ક્રોધ શાંત થતો નથી. તેનું આવા પ્રકારનું સ્વરૂપ સાંભળીને શ્રેણિક રાજાએ પડહ વગડાવીને સર્વ નગરજનોને ખબર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી કે, "જ્યાં સુધી તે અર્જુને સાત માણસો માર્યા ન હોય ત્યાં સુધી કોઈએ નગર બહાર નીકળવું નહિ."

આ અવસરે મુનિવરોથી પરિવરેલા શ્રી વર્ધમાનસ્વામી નગરના ઉદ્યાનમાં સમવસર્યા. ત્યારે અર્જુનના ભયથી ભગવાનને વંદન કરવા માટે કોઈ પણ ઈચ્છા નથી કરતા. આ બાજુ તે જ નગરમાં સુવિશુદ્ધ દર્શન ગુણનો ધારક સુદર્શન નામનો શ્રેષ્ઠી રહેતો હતો. જે શ્રી જિનેશ્વરના ચરણકમલની સેવામાં મધુકર (ભમરો) જેવી વૃત્તિવાળો, શ્રુતવચન સાંભળવાની રુચિવાળો, શ્રમણોપાસકમાં અગ્રેસર હતો. શ્રી વીરસ્વામીના વચનામૃત પીવાની ઈચ્છાવાળા તેણે માતા-પિતાને વિનંતિ કરી, "હે માતા-પિતા ! અહીં ઉદ્યાનમાં પધારેલા ત્રિશલાના પુત્રની પાંત્રીશ ગુણથી પવિત્ર, સંશયરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યના કિરણ સમાન દેશનાને સાંભળવાની મારી ઈચ્છા છે અને તેમના બંને ચરણકમલને નમવાની મારી ઈચ્છા છે." ત્યારે માતા-પિતાએ તેને કહ્યું, "હે બેટા ! હાલ ત્યાં જતા તને અર્જુનનો મોટો ઉપસર્ગ થશે. માટે છેલ્લા શ્રી જિનેશ્વર ભગવંતના ચરણને વાંદવાની ઈચ્છાથી તું અટકી જા, અહીં જ રહીને ભાવથી પ્રભુને વંદન કર. પૂર્વે સાંભળેલી તેમની દેશનાનું ચિંતન કર."

ત્યારે સુદર્શન પણ ધર્માનુરાગવાળી ચતુર વાણીથી બોલ્યો, "હે માતા-પિતા ! ત્રણ જગતના ગુરુ એવા પ્રભુ પોતે અહીં આવે છતે અને તેમનો ઉપદેશ શ્રવણ કર્યા વિના મારે ભોજન કરવું પણ કલ્પે નહિ. વળી તે અર્જુને કરેલો ઉપસર્ગ પણ મને શું કરશે ? કેમકે શ્રી વર્ધમાનસ્વામીના વચનામૃતના પાનથી પુષ્ટ થયેલી શરીરરૂપી લાકડીવાળા મારા વિશે વિષ જેવો વિષમ પણ આ ઉપસર્ગ શું કરશે ?" તેથી જે થવાનું હશે તે થશે." એમ કહી, માતા-પિતાની અનુજ્ઞા લઈને, ત્રિભુવનગુરુને નમવાને માટે રસ્તામાં જતાં તેણે ક્રોધથી મુદ્‌ગર ઉંચું કરીને જાણે કોપ પામેલો યમરાજ જ ન હોય ! તેવા આવતા અર્જુનમાળીને જોતા, નિર્ભય ચિત્તવાળા તેણે પૃથ્વીને વસ્ત્રના છેડાથી પ્રમાર્જન કરીને, જિનેશ્વરોને નમસ્કાર કરીને, કૃત્યને જાણનારા એવા તેણે વિધિપૂર્વક ફરીથી વ્રતોને ઉચ્ચારીને, ચાર શરણ સ્વીકારીને, સર્વ જીવોને ખમાવીને, દુષ્કૃતગર્હાને, સુકૃત અનુમોદનાને તથા સાગારી અનશન કરીને, ઉપસર્ગ નષ્ટ થયા પછી જ પારીશ એમ નિશ્ચય કરીને પંચપરમેષ્ઠિ મહામંત્રનું સ્મરણ કરતાં તેણે કાયોત્સર્ગ કર્યો.

ત્યારે અર્જુન તેની પાસે આવ્યો પણ મંત્રથી વિષ રહિત કરેલા સર્પની જેમ તે તેનો પરાભવ કરવા સમર્થ થયો નહીં. તેનો રોષ નષ્ટ થઈ ગયો. પછી ભય પામી, પોતાનું મુદ્‌ગર લઈ તે યક્ષ અર્જુનના શરીરમાંથી નીકળી ગયો. યક્ષથી મુક્ત થયેલો અર્જુન પણ કાપેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો. પછી થોડીવારે ચૈતન્ય પ્રાપ્ત થતાં મૃત્યુથી જીવન પામેલો હોય તેમ આંખો ઉઘાડી. ત્યાં તો અર્જુને સુદર્શન શ્રેષ્ઠીને જોયા. શ્રેષ્ઠીએ પણ પોતાનો ઉપસર્ગ નષ્ટ થયેલો જાણી કાયોત્સર્ગ પાર્યો. હવે અર્જુને તેને પૂછ્યું, "તું કોણ છે ? ક્યાં જાય છે ?" ત્યારે સુદર્શને કહ્યું, "હું શ્રમણોપાસક છું, શ્રી વીરપ્રભુને વાંદવા અને તેમની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશના સાંભળવા જાઉં છું." ત્યારે અર્જુને પણ તેને કહ્યું, "હે ભદ્ર ! મને પણ મનમાં આવો મનોરથ જાગે છે." ત્યાર પછી તે બંને ભગવાનના સમવસરણમાં ગયા.

ત્યાં જિનેશ્વરને પંચાંગ પ્રણામ કરી ભગવાનની દેશના સાંભળે છે. **તે આ પ્રમાણે :-** મોહથી અંધ થયેલા આ જગતમાં મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમકુળમાં જન્મ, શ્રદ્ધાળુપણું, ગુરુ-વચનનું શ્રવણ, કૃત્યાકૃત્યનો વિવેક એ મોક્ષરૂપી મહેલ પર ચઢવાના પગથિયાની પંક્તિ છે. ને પૂર્વે કરેલા સુકૃતથી જ તે પમાય છે. જન્મ-મૃત્યુ-જરારૂપી મહાક્ષાર જલથી પૂર્ણ સંસારરૂપી કૂવામાં ડૂબેલા જીવોને ઉદ્ધાર કરવા જિનવચનરૂપી દોરડા વિના અન્ય કોઈ સમર્થ નથી." ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને ખુશ થયેલા સુદર્શન શેઠ યથાશક્તિ નિયમો ગ્રહણ કરીને, આત્માને કૃતકૃત્ય માનતો, જિનેશ્વરને નમીને પોતાના ઘરે ગયો.

અર્જુનમાળીએ પણ બંને કાનો વડે પ્રભુની દેશનારૂપી અમૃતનું પાન કરીને, વૈરાગી બની શ્રી વીરપ્રભુની પાસે જઘન્યથી પણ છઠ્ઠ તપના અભિગ્રહપૂર્વક દીક્ષાને ગ્રહણ કરી, કોપથી લોકોએ કરેલા તાડન, તર્જન, આક્રોશ, કદર્થના આદિ પરિષહોને સહન કરી, (એવી રીતે) છ માસ પસાર કરી, અંતે બે માસની સંલેખના કરીને શુક્લધ્યાનરૂપી અગ્નિથી કર્મ-ઈન્ધનને બાળીને મોક્ષને પ્રાપ્ત કર્યું.

સુદર્શન શ્રેષ્ઠી પણ લાંબા કાળ સુધી વિશિષ્ટતર ધર્મપ્રભાવના કરવા વડે જિનશાસનની પ્રભાવના કરીને, વિધિપૂર્વક શ્રમણોપાસક વ્રતોને પાળીને સ્વર્ગના સુખોને પામ્યા.

તેથી હે ભવ્ય જીવો ! આગમનું શ્રવણ કરવામાં જેનું ચિત્ત આદરવાળું છે એવા વણિક સુદર્શનશ્રેષ્ઠીનું ચરિત્ર સાંભળીને ભવસાગર તરવામાં નૌકા સમાન ધર્મનું શ્રવણ કરવામાં નિરંતર પ્રયત્ન કરો.

**આગમને સાંભળવાની ઈચ્છા રૂપ પ્રથમ લિંગના વિષયમાં સુદર્શન શ્રેષ્ઠીની કથા સંપૂર્ણ થઈ.**

## ધર્મરાગ નામનું (સમ્યક્ત્વનું) બીજું લિંગ

**कंतारुत्तिन्नदिओ घयपुण्णे भुत्तुमिच्छई छुहिओ ।**
**जह तह सदणुट्ठाणे, अणुराओ धम्मराओत्ति ॥ १५ ॥**

**ગાથાર્થ :-** ભૂખથી પીડાતો, જંગલ ઉતરીને આવેલો બ્રાહ્મણ જેમ ઘી થી પૂર્ણ ઘેબર ખાવાની ઈચ્છા રાખે છે. તેવી રીતે સદનુષ્ઠાનમાં પરમ પ્રીતિ તે ધર્મરાગ જાણવો.

**ટીકાર્થ :- 'कान्तारात्'** = ફળ-જળથી રહિત મહા અટવીથી ઉતરીને = કોઈ પણ રીતે પાર પામીને, કોઈ પણ અનિર્દિષ્ટ નામવાળો **द्विज** = બ્રાહ્મણ, અહીં બ્રાહ્મણ એટલે વિશેષથી જે સ્વભાવથી જ ભોજનલંપટ જીવો છે તે સૂચવાયા છે. વળી કહ્યું છે કે, "આવા જીવોને જો વડા ખાવા મળતાં હોય તો પાંચ યોજન દૂર જવું પણ દૂર લાગતું નથી અને જો લાડવા મળતાં હોય તો ૧૦ યોજન પણ એના માટે દૂર નથી. તે પણ પાછો ભૂખ્યો = અત્યંત ભૂખથી પીડિતને, સારા દળેલા લોટના, સારી રીતે દ્રવ્યો મેળવેલા, સારા ગળપણવાળા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે તળેલા અને સુંદર લાગતાં એવા એમ પાંચ 'લકાર' થી યુક્ત, વળી શ્વેત ઘીવાળા, સ્થૂળ સ્થળ ઉપર લસરી પડે એવા ઘીના બનાવેલા, (વળી દાલચીની, એલાયચી, તમાલપત્ર, નાગકેસર એ) ચારથી યુક્ત, વળી નિઃસ્પૃહને પણ સ્પૃહા જગાડે તેવા ઘેબરો ખાવાને માટે જેમ બ્રાહ્મણ ઈચ્છે છે, આ વિશેષણો પરમ આદરને જણાવવા માટે મૂકાયા છે. **'तथा'** = તેવી જ રીતે **'सदनुष्ठाने'** = વિશિષ્ટ ક્રિયાયુક્ત અનુષ્ઠાનને વિષે જે અનુરાગ = પરમ પ્રીતિ હોય તે ધર્મરાગ કહેવાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો આરોગ્યદ્વિજના દષ્ટાંતથી જાણવું.

**તે આ પ્રમાણે :-** ભરતક્ષેત્રમાં પૃથ્વીને વિષે વિખ્યાત એવી **ઉજ્જૈની નગરી** છે. જેમાં સ્વર્ગની શોભાને પણ તર્જના કરનારી સ્ફટિકના મંદિરોની શ્રેણી શોભતી હતી. ત્યાં રહસ્યને જાણનારો, ધર્મમાં રક્ત **દેવગુપ્ત** નામનો **બ્રાહ્મણ** હતો. તેની જનસમૂહને આનંદ પમાડનારી **નંદા** નામની શ્રેષ્ઠ ધર્મપત્ની હતી. દેવની જેમ વિષયસુખને ભોગવતા તેઓને અનુક્રમે એક પુત્ર થયો. પણ પૂર્વે કરેલા પાપના ઉદયથી તેની કાયા રોગથી ઘેરાયેલી હતી. તેના તેવા પ્રકારના સ્વરૂપને જોઈને પિતા હંમેશા દુઃખી રહેતો હતો. તેથી તેનું નામ પણ પાડ્યું નહોતું. તે બાલ્યાવસ્થાથી જ અત્યંત રોગી હોવાથી સહુ કોઈ તેને 'રોગદ્વિજ' કહીને બોલાવતા હતા. તે પણ રોગની ઉગ્ર વેદના અનુભવતો હતો. કોઈ વખત કોઈ મુનિપ્રવર ભિક્ષા માટે તેના ઘરમાં પ્રવેશ્યા. ત્યારે દેવગુપ્ત બ્રાહ્મણે તે પુત્રને તેમના ચરણકમલમાં નમાવી, મસ્તક ઉપર અંજલિ જોડીને મુનિવરને આ પ્રમાણે વિનંતિ કરી, "હે ભગવન્ ! મારા આ પુત્રની રોગની ઉપશાંતિનો કોઈ ઉપાય કહો." ત્યારે તેમણે કહ્યું, "ગોચરી ગયેલા મુનિઓ ગૃહસ્થના ઘરે કાંઈ પણ કહેતા નથી." તે સાંભળીને મધ્યાહ્ન સમયે પુત્ર સહિત વનમાં જઈને, મુનિ ભગવંતને વંદન કરીને બેઠો. પુત્રના વૃત્તાંતને પૂછે છે.

હવે મુનિએ કહ્યું, **"પાપ રૂપી પાણીના સંગથી દુઃખરૂપી કાદવ ઉત્પન્ન થાય છે અને આગમરૂપી સૂર્યના પ્રચંડ કિરણના સંસર્ગથી તે સૂકાઈ જાય છે. ધર્મની આરાધનાથી સમગ્ર દુઃખો દૂર થાય છે. તત્ત્વને જાણનારા જીવોને પરભવમાં ફરી એવા દુઃખો પ્રાપ્ત થતા નથી."** આ પ્રમાણે મુનિના વચનોને સાંભળી બંને પ્રતિબોધ પામ્યા અને સમકિત સહિત બારવ્રતથી શોભતા શ્રેષ્ઠ ગૃહસ્થધર્મને સ્વીકારે છે.

અતિશય સુકૃતની રૂચિવાળો, મિથ્યાત્વથી રહિત બનેલો, દઢપરિણામી એવો બ્રાહ્મણપુત્ર ચિંતામણિ રત્નની જેમ પ્રાપ્ત કરેલા ધર્મનું સેવન કરે છે. જળકલ્લોલથી ભેદાયેલ તટવાળો સાગર ધારણ કરી શકાય પણ અન્ય જન્મમાં કરેલ શુભાશુભ કર્મપરિણામ ધારી શકાતા નથી. એ પ્રમાણે ચિંતવી, વિષાદને દૂર કરી, રોગની વેદનાને સહન કરે છે. ધર્મરૂચિવાળો તે પાપકારી ચિકિત્સાને મનથી પણ ચિંતવતો નથી.

એક વાર ઈંદ્ર મહારાજાએ પોતાની સભામાં તેની પ્રશંસા કરી કે, "અહો, અહો ! આ રોગદ્વિજની ધર્મતત્ત્વરૂચિ ! મહાસત્ત્વશાળી છે કે ધર્મથી તેને કોઈ ચલાયમાન કરી શકતું નથી." તે વચન સાંભળીને અસહિષ્ણુ બે દેવો વૈદ્યનું રૂપ કરી તેની પાસે આવ્યા. અને તેના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વજનોને કહે છે કે, "જો આ પરિણતમતિવાળો બાળક અમે બતાવેલા ઉપચારને કરે તો નિરોગી થશે." તેઓએ પણ કહ્યું કે, "હાલમાં કૃપા કરી તમે અમને ઉપાય જણાવો." ત્યારે વૈદ્યે કહ્યું, "આ સાવદ્ય ક્રિયા છે. પ્રથમ પ્રહરે મધનું ચાટણ કરવું, પાછલા પહોરે સુરાપાન (દારૂ) કરવું. ત્યાર પછી માખણથી મિશ્રિત ભાત અને રાત્રિએ માંસથી યુક્ત ભોજન કરવું." વૈદ્યોએ કહેલી તે પાપકારી ક્રિયાને સાંભળી બ્રાહ્મણપુત્રે કહ્યું, "જીવહિંસાના કારણભૂત આ ઉપચારને હું નહીં કરું. કેમકે આગમમાં પણ કહ્યું છે કે, "મદ્યમાં (મદિરા) - મધમાં - માંસમાં અને ચોથા છાશથી છૂટા પડેલા માખણમાં તેના જેવા જ વર્ણવાળા અસંખ્ય જીવો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. એ જીવોનો ઘાત કરનારી એવી ક્રિયાનું મારે કામ નથી. તેના સેવનથી જીવ અત્યંત ઘોર નરકમાં પડે છે."

ત્યારે કરૂણા સહિત તે વૈદ્યો તેને કહે છે, "હે ભદ્ર ! તું કુવિકલ્પને છોડી દે. કારણ કે ધર્મનું પ્રથમ સાધન શરીર છે એમ શાસ્ત્રમાં કહેલું છે. તેથી તેનું સાવદ્ય ક્રિયા દ્વારા પણ રક્ષણ કરવું જોઈએ. પાછળથી તે પાપની શુદ્ધિ તપ વડે કરવી. તે સાંભળી તે બ્રાહ્મણે કહ્યું, "જો અતિ પાપકારી ક્રિયા કરવી અને પાછળથી તેની શુદ્ધિ કરવી તો એવી ક્રિયાથી મારે સર્યું. જો એક જીવન માટે ક્રોડો જીવોની હિંસા કરવી પડે તો તે શાશ્વત ભાવવાળા આત્માને કોણ છોડે ? તે વખતે સ્વજનોએ-રાજાએ તે બ્રાહ્મણપુત્રને ઘણી રીતે સમજાવ્યો છતાં મેરૂપર્વતની જેમ તે અડોલ રહ્યો, ધર્મથી ચલાયમાન થયો નહી અને આ પ્રમાણે તેઓને કહેવા લાગ્યો કે, "બળતા અગ્નિમાં પ્રવેશ કરી મરવું સારું, પણ લાંબા કાળથી પાળેલા વ્રતનું ખંડન કરવું સારું નથી. સુવિશુદ્ધ કર્મથી મૃત્યુ પામવું શ્રેષ્ઠ છે પણ શીલનું ખંડન કરવું તે યોગ્ય નથી. જ્યારે ધર્મની રૂચિવાળો તે બ્રાહ્મણપુત્ર તેઓના વચનોને માનતો નથી ત્યારે વૈદ્યોએ સહસા પોતાનું દેવ સ્વરૂપ પ્રગટ કર્યું અને કહેવા લાગ્યા, "તું ધન્ય છે, પુન્યશાલી છે કે ઈંદ્ર મહારાજાએ સમગ્ર દેવોની સમક્ષ તારા દઢધર્મની પ્રશંસા કરી છે." એમ કહી તેના શરીરને નિરોગી કરી, ઘરને રત્નોથી પૂર્ણ કરીને, આનંદ પામેલા તે દેવો દેવલોકમાં પોતાના સ્થાને ગયા.

એનું તેવા પ્રકારનું ચારિત્ર જોઈને રાજા આશ્ચર્યચકિત થયો. સૂર્યના દર્શનથી જેમ કમળો વિકસિત થાય તેમ સ્વજનો પણ વિકસિત મુખવાળા થયા. જેનું આવું માહાત્મ્ય છે તે જિનધર્મ જગતમાં જય પામો. એ પ્રમાણે સ્તવના કરતાં ઘણા જીવોએ વ્રત ગ્રહણ કર્યા. વળી દેવોએ તેની કાયા નિરોગી કરી તેથી ત્યારથી તેનું નામ લોકમાં **'આરોગ્યદ્વિજ'** પ્રખ્યાત થયું. ધર્મરાગમાં તત્પર તે બ્રાહ્મણપુત્ર પોતે લીધેલા વ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરી, સ્વર્ગના સુખને પામી અનુક્રમે તે મોક્ષે જશે.

દ્રઢવ્રતવાળા આરોગ્યદ્વિજના ચારિત્રને સાંભળીને જિનેશ્વર ભગવંતના ધર્મની રુચિ કરો. જેથી જલ્દી મોક્ષલક્ષ્મી વરે.

**ધર્માનુરાગરૂપ બીજા લિંગના વિષયમાં આરોગ્યદ્વિજની કથા સંપૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દેવ-ગુરુની વૈયાવચ્ચ નામનું ત્રીજું લિંગ

**पूयाइए जिणाणं, गुरुण विस्सामणाइए विविहे ।**
**अंगीकारो नियमो, वेयावच्चे जहासत्ती ॥ १६ ॥**

**ગાથાર્થ :- જિનેશ્વર ભગવંતની પૂજા, ગુરુની વિવિધ પ્રકારની વિશ્રામણાદિ સેવાનો યથાશક્તિ નિયમ અંગીકાર કરવો તે ત્રીજું લિંગ જાણવું.**

ટીકાર્થ :- '**पूयाइए**' = (પ્રભુની) પૂજા. તે દ્રવ્ય અને ભાવ ભેદથી બે પ્રકારે છે. ત્યાં દ્રવ્યપૂજા આઠ પ્રકારે છે. વળી કહ્યું છે કે, "શ્રેષ્ઠ ચંદન, સુગંધી ધૂપ, અક્ષતચોખા, પુષ્પ, શ્રેષ્ઠ દિપક, નૈવેદ્ય, ફળ, જલ વડે જિનપૂજા આઠ પ્રકારની કહી છે." અને ભાવપૂજા તો સ્તુતિ, સ્તોત્ર, ગીત, નૃત્ય, વાજિંત્રાદિ ભેદ વડે અનેક પ્રકારે છે. તેનું માહાત્મ્ય કેવી રીતે વર્ણવી શકાય ? આગમમાં કહ્યું છે કે, "મેરૂ અને સરસવ વચ્ચે જેટલું અંતર છે તેટલું અંતર દ્રવ્યપૂજા અને ભાવપૂજા વચ્ચે જાણવું. વળી ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવને આરાધીને જીવ અચ્યુત દેવલોક સુધી જાય છે ત્યારે ભાવસ્તવથી તો અંતર્મુહૂર્ત કાળમાં મુક્તિને પામે છે." આદિ શબ્દથી જિનબિંબ-જિનભવન કરાવવા એ પણ દેવની ભક્તિ છે. કોની (પૂજા) ? તો કહે છે જિનેશ્વરોની - અરિહંત ભગવાનની તથા ગુરુઓની = યથાવસ્થિત ધર્મમાર્ગનો ઉપદેશ આપનારા ધર્માચાર્યોની. વિશ્રામણાદિ = અંગશુશ્રૂષાદિ. '**विविधे**' = અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્રાદિ બહુ પ્રકારથી. '**अंगीकार**' = સ્વીકાર કરવો. '**नियमो**' = નિશ્ચય કરવો. ક્યાં ? તો કહે છે '**वैयावृत्त्ये**' = વિનય કરવામાં કેવી રીતે ? '**यथाशक्ति**' = શક્તિને ઓળંગ્યા વગર તે યથાશક્તિ, ઉત્સર્ગ-અપવાદ વડે સેવા કરવી. એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો આરામશોભાની કથાથી જાણવો. તે આ પ્રમાણે.

અહીં જંબૂવૃક્ષથી અલંકૃત જંબૂદ્વીપ મધ્યે, અખંડ છ ખંડથી શોભતાં, અનેક પ્રકારના સુખના સ્થાનભૂત એવા ભરતક્ષેત્રમાં સકલ લક્ષ્મીના આવાસભૂત કુશાવર્ત નામે દેશ આવેલો છે. ત્યાં આનંદપૂર્વક ક્રીડા કરતા લોકોથી મનોહર, તેજસ્વી શરીરધારી એવો સાક્ષાત્ શંકર ન હોય સૌભાગ્યવંતી નારીઓથી સુંદર, (ગૌરીપતિથી સુંદર) (સઘળા ભાગ્યશાળીઓના પ્રકારોથી સુંદર) એવું સકલ ધાન્ય ઉત્પન્ન થતું હોવાથી મનોહર, **બલાસક** નામે ગામ છે. જેની ચારે દિશાએ જોજન સુધીના ભૂમિભાગ ઉપર કોઈ પણ ઝાડ ઉગ્યું ન હતું. તે ગામમાં ચાર વેદોને જાણનારો, છ કર્મનો સાધક **અગ્નિશર્મા** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને શીલાદિ ગુણથી અલંકૃત **અગ્નિશિખા** નામે પત્ની હતી. વિષયસુખ ભોગવતાં તેમને એક પુત્રી થઈ. માતા-પિતાએ તેનું **'વિદ્યુત્પ્રભા'** નામ પાડ્યું. તેના ચપળ નયનોની આગળ નીલકમલ સેવકપણું સ્વીકારતો હતો, રાત્રીપતી પૂર્ણિમાનો ચંદ્ર પણ હંમેશા એના મુખની નિર્મલ લીલાને ધારણ કરે છે. તેની નાસિકા પાસે પોપટના અતિતીક્ષ્ણ ચંચુપુટ પણ ક્ષય પામે છે. અપાર રૂપથી સુરાંગનાઓને પણ તેણે જીતી લીધી છે. ગતિ અને વાણીથી શ્રેષ્ઠ હંસોને જીતી લીધા છે. જ્યારે તેના આઠ વર્ષ પૂરા થયા ત્યારે તેની માતા ભાગ્યવશાત્ રોગથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાભૂત થયેલી મૃત્યુના મુખમાં પ્રવેશી. ત્યારે તેણે સર્વ ઘરકામ કરવું શરૂ કર્યું. જેમકે પ્રભાતે ઉઠીને ગાયો દોહે છે, તે પછી છાણ વાળવું વિગેરે ઘરશોભાના કામો કરી ગાયો ચરાવવા જાય છે. મધ્યાહ્ને ફરીથી ગાયો દોહે છે. પિતાની દેવપૂજાની સામગ્રી તૈયાર કરી, પિતાને જમાડી, પછી પોતે જમીને ફરીથી ગાયોની રક્ષા માટે જાય છે. સાંજે ગાયોને ચરાવીને પાછી ફરે છે. સાંજનું બધું કામકાજ કરી ક્ષણમાત્ર નિદ્રાસુખ અનુભવે છે. આ પ્રમાણે રોજ કરતી, ઘરકામથી થાકેલી તે બાળા શરમ છોડી પિતાને કહે છે, "હે પિતાજી ! હું ઘરકામ કરતાં ખૂબ થાકી જાઉં છું તો કૃપા કરી તમે બીજી સ્ત્રીનો સંગ કરો.' તેનું વચન સારું માનીને તેણે વિષવૃક્ષને વિષે નીક સમાન એક બ્રાહ્મણીને પત્ની બનાવી. પણ તે સુખશીલ, આળસુ અને કુટિલા હતી. તેથી તે છોકરી ઉપર ઘરનો ભાર નાંખીને પોતે સ્નાન - વિલેપન - વિભૂષણ વિગેરેમાં રચીપચી રહે છે. ઘાસનું તણખલું પણ એ તોડતી નથી. ત્યારે વિજળીની જેમ બળતી **વિદ્યુત્પ્રભા** ચિંતવે છે, "સુખને માટે મેં આ કાર્ય કર્યું હતું પરંતુ તેનાથી તો મારો સંતાપ બેવડાયો. ખરેખર ! દુષ્ટ કર્મો ભોગવ્યા વિના છૂટતા નથી. બીજા તો નિમિત્તમાત્ર બને છે. જે કારણથી, જેના વડે, જે રીતે, જ્યારે, જે શુભાશુભ કર્મ જેટલા સમય સુધીનું, જે સ્થળે બાંધ્યું હોય તે શુભાશુભ કર્મો તે કારણથી, તેના વડે, તે રીતે, તેટલા સમય સુધીનું, તે સ્થળે, તે શુભાશુભ કર્મ કૃતાંતના વશથી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ચિંતવી સવારે તે ગાયોને ચરાવવા માટે જાય છે અને મધ્યાહ્ને ઘરે આવે છે ત્યારે અરસ - વિરસ - શીતલ - લુખું, સેંકડો માખીઓથી વ્યાપ્ત (ઘરના) જમ્યા પછી વધેલું - ઘટેલું એવું ભોજન ખાય છે. આ પ્રમાણે દુઃખને અનુભવતાં તેના બાર વર્ષ પસાર થયા. એક દિવસ મધ્યાહ્ન સમયે ગાયો ચરતી હોય છે ને પોતે ગ્રીષ્મઋતુના સૂર્યના પ્રખર તાપમાં વૃક્ષના અભાવથી છાયાથી વર્જિત ખડની વચ્ચે તે સૂતેલી હોય છે. તે સમયે તેની પાસે એક નાગ આવી પહોંચ્યો. તે નાગ રાતી આંખવાળો, બે ચંચળ જીભવાળો, શ્યામવર્ણો, ઉત્કૃષ્ટ ફુંફાડાના અવાજથી સર્વ જીવોને ભય પમાડતો તેની પાસે આવ્યો. જેના શરીરમાં નાગકુમાર દેવ રહેલ છે એવો તે મનુષ્ય ભાષામાં મનોહર વચનોથી તેને જગાડે છે. તે જાગે છે ત્યારે તેની આગળ નાગ આ પ્રમાણે કહે છે, "હે દિકરી ! ભયભીત બનેલો હું તારી પાસે આવ્યો છું. મારી પાછળ ગારૂડિકો પડ્યા છે. જે મને બાંધીને ગ્રહણ કરશે. તેથી હે બાળા ! તારા ખોળામાં ઓઢણીથી ઢાંકીને મારી રક્ષા કર. ક્ષણમાત્ર પણ વિલંબ ના કર. નાગકુમારના દેહમાં અધિષ્ઠિત હોવાથી ગારૂડિકોના મંત્રદેવતાની આજ્ઞા ભંગ કરવા માટે સમર્થ નથી. તેથી હે પુત્રી ! મારુ રક્ષણ કર. ને હે બેટી ! ભય-ભ્રાંતિ છોડીને મારા વચનને સારી રીતે કર." ત્યાર પછી દયાળુ એવી તેણીએ તે નાગને ખોળામાં છૂપાવી દીધો.

એટલામાં જ જડીબુટ્ટીઓ હાથમાં લઈને જલ્દી જલ્દી ગારૂડિકો આવી પહોંચ્યા. તેઓએ તે છોકરીને પૂછ્યું, "હે બાલા ! તેં કોઈ એક મહાસર્પને આ રસ્તેથી જતો જોયો ?" તેણે કહ્યું, "હે પુરુષો ! હું તો ઓઢણી ઓઢીને સૂઈ ગઈ'તી. તો મને શું પૂછો છો ?" ત્યારે તેઓ પરસ્પર બોલવા લાગ્યા, "અરે ! આ તો બાલિકા છે. જો તેવા મહાનાગને તેણે જોયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોત તો ભયભીત થયેલી તે હરિણીની જેમ અહીંથી નાસી ગઈ હોત. તેથી ચોક્કસ આ બાલિકાએ નાગને જોયો નથી. તો ચાલો, આગળ તપાસ કરીએ એમ વિચારી આગળ-પાછળ તપાસ કરતાં ક્યાંય નાગ મળ્યો નહિ. તેથી હાથ ઘસતા, હોઠ પીસતા, ઝાંખા મુખે પાછા ફરીને તે ગારૂડિકો પોતાના આવાસે આવ્યા.

પછી તે છોકરીએ તે સર્પને કહ્યું, "હવે બહાર નીકળો, તમારા વૈરીઓ ગયા." ત્યારે સર્પ પણ ખોળામાંથી બહાર આવી, નાગના રૂપને છોડીને ઝૂલતા કુંડલાભરણવાળા દેવનું રૂપ પ્રગટ કરી તેને કહ્યું, "બેટી ! હું તારા ઉપકારથી અને તારા સાહસથી તારા પર પ્રસન્ન થયો છું તો વરદાન માંગ." તેણે પણ તેવા પ્રકારના દેદીપ્યમાન શરીરવાળા દેવને જોઈને હર્ષભેર જણાવે છે કે, "હે તાત ! જો તમે સાચે મારા પર પ્રસન્ન થયા હો તો મારી ઉપર છાંયો કરો. જેથી તાપથી પીડાતી હું સુખપૂર્વક છાયામાં બેસી ગાયોને ચરાવી શકું." ત્યારે તે દેવે મનમાં વિચાર કર્યો, "અરે ! આ બિચારી કેવી સરલ સ્વભાવી છે ! જે મારી આગળ પણ આવું જ માંગે છે ! તો હું એના પર ઉપકાર કરું." એમ વિચારી દેવે તેની ઉપર મોટા શાલવૃક્ષના ફળ-ફૂલોની સુગંધથી મત્ત ભ્રમરાઓના ગુંજારવથી યુક્ત, છાયાથી મનોહર, સરસ ફળોથી જે હંમેશા લોકોને આનંદ પમાડે છે તેવો બગીચો કર્યો.

ત્યાર પછી દેવે તેને કહ્યું, "બેટા ! જ્યાં જ્યાં તું જઈશ ત્યાં ત્યાં આ બગીચો પણ મારા પ્રભાવથી આવશે, અને તારા ઉપર છાયા કરીને રહેશે. ઘેર જઈશ ત્યારે તારી ઈચ્છાથી સંકુચિત થઈને તારા ઘરની છત ઉપર રહેશે. વળી આપત્તિ સમય આવે કે કામ પડે તો મારું સ્મરણ કરજે." એમ કહી તે નાગકુમાર પોતાના સ્થાને ગયો. તે બગીચાના અમૃતરસ સરખા ફળોને ઈચ્છા મુજબ ખાઈને, ભૂખ તરસ જેની શાંત થઈ ગઈ છે એવી તે છોકરી પણ આખો દિવસ ત્યાં જ રહી. પછી રાત્રી થતાં ગાયોને લઈને ઘરે ગઈ. બગીચો પણ તેના ઘર ઉપર ચારે બાજુ પ્રસરીને રહ્યો. તેની માતાએ કહ્યું, "હે બેટી ! ભોજન કરી લે." ત્યારે "ભૂખ નથી." એમ ઉત્તર આપીને તે પોતાની શય્યામાં નિદ્રાસુખ અનુભવવા લાગી. પ્રભાત સમય થતાં તે ગાયોને લઈને વનમાં ગઈ. બગીચો પણ તેની પાછળ ચાલ્યો. એમ કરતાં તેના કેટલાક દિવસો પસાર થયા.

એક વખત વન-વગડામાં મધ્યાહ્ને તે ઉદ્યાન નીચે નિરાંતે સૂતી હતી ત્યારે વિજયયાત્રાથી પાછો ફરતો, ચતુરંગ સેનાથી યુક્ત શ્રી પાટલિપુત્રનો જિતશત્રુ નામે રાજા ત્યાં આવી પહોંચ્યો. રાજાએ તે ઉદ્યાન જોયું. અને મંત્રીને કહ્યું, "અહીં જ રમ્ય ઉદ્યાન નીચે પડાવ નાંખીએ." ત્યારે મંત્રીએ પણ "જેવી આપની આજ્ઞા" એમ કહી સુંદર આમ્રવૃક્ષની નીચે રાજાનું સિંહાસન મૂકાવ્યું. ત્યાં રાજા બેઠો. સૈન્ય પણ તેની ચારે દિશામાં ગોઠવાઈ ગયું. વૃક્ષો નીચે ચંચળ ઘોડાઓના તબેલાઓ ઊભા કરવામાં આવ્યા. પલાણ-ચોકડું વિગેરે ડાળીએ લટકાવ્યા. મજબૂત ડાળીઓવાળા ઝાડ સાથે મદોન્મત્ત હાથીઓને બાંધવામાં આવ્યા. વૃષભ-ઊંટ વિગેરે વાહનોને જેમ યોગ્ય લાગે તેમ ઊભા રાખવામાં આવ્યા.

હવે આ બાજુ સૈન્યના પડાવના કોલાહલથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ અને ઊઠીને હાથીઓ વિગેરેના ભયથી ત્રસ્ત થઈને ગાયોને દૂર ગયેલી જોઈ. તેથી રાજાદિ લોકોના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખતાં જ તે ગાયોને વાળવાને માટે જલ્દી-જલ્દી દોડી ગઈ. ત્યારે તેની સાથે હાથી, ઘોડા સહિત બગીચો પણ ગયો. તેથી સંભ્રમ સહિત, પરિવારથી યુક્ત રાજા ઉઠ્યો અને "અહો ! આ શું આશ્ચર્ય થયું ?" એમ મંત્રીને પૂછે છે. ત્યારે બંને હાથ જોડીને મંત્રી રાજાને કહે છે, "દેવ ! હું આવું માનું છું કે ઊંઘ ઉડી જતાં ઉઠીને હથેળીથી બંને આંખોને ચોળતી તે બાળા આ જગ્યાએથી જતી રહી. (ચાલી નીકળી) તેની સાથે આ ઉદ્યાન પણ ગયું. તો તે આ બાળાનો કોઈ પ્રભાવ જણાય છે. આ કોઈ દેવાંગના હોવાનો સંભવ નથી. કારણ નિમેષ-ઉન્મેષ ભાવથી તે નક્કી માનુષી છે." ત્યારે રાજાએ મંત્રીને કહ્યું, "તેને મારી પાસે લાવો."

મંત્રીએ પણ દોડીને તેને સાદ કર્યો. (દીધો.) "શું કહો છો ?" એમ બોલતી તે બાળા ત્યાં જ તે ઉદ્યાન સાથે ઊભી રહી. "અહીં આવ." એમ મંત્રીએ સાદ પાડ્યો. ત્યારે તેણે કહ્યું, "મારી ગાયો દૂર ચાલી ગયેલી છે." ત્યારે મંત્રીએ કહ્યું, "અમારા ઘોડેસવારોને મોકલી તારી ગાયો લાવી આપીશું." એમ કહી ઘોડેસવારોને મોકલી તેની ગાયોને લાવી આપી. પછી તે પણ રાજાની પાસે આવી. ઉદ્યાન પણ એની સાથે આવ્યું.

પછી રાજાએ તેના આ પ્રભાવને જોઈને તેના સર્વ સુંદર અંગોને જોઈને "આ કુમારીકા છે" એમ અનુમાન કરીને, તેના ઉપર અનુરાગ થતાં મંત્રીના મુખ સામે જોયું. મંત્રીએ પણ રાજાના મનના ભાવો જાણીને વિદ્યુત્પ્રભાને કહ્યું, "હે વિદ્યુત્પ્રભા ! નમિત નરેસરોના મુગુટોના અમંદ મકરંદથી જેના પદાગ્ર વાસિત છે (= જેના ચરણકમળને અનેક સામંતો - રાજાઓ નમે છે.) એવા રાજાઓના પણ રાજાનો તું ભર્તાર તરીકે સ્વીકાર કર."

ત્યારે તેણે કહ્યું, "હું સ્વતંત્ર નથી પરંતુ માતા-પિતાને હું આધીન છું." મંત્રીએ કહ્યું, "તારા પિતા કોણ છે ? ક્યાં રહે છે ?" તે બોલી, "આ જ ગામમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ વસે છે. (તે જ મારા પિતા છે.) ત્યારે રાજાએ મંત્રીને ત્યાં જવા માટે આદેશ કર્યો. તે પણ ગામમાં જઈને તેના ઘરે દાખલ થયો. બ્રાહ્મણે પણ સ્વાગતના વચનપૂર્વક તેને આસને બેસાડીને કહ્યું, "જે કરવા યોગ્ય છે તે કાર્ય મને કૃપા કરીને કહો. ત્યારે મંત્રીએ કહ્યું, "તારે કોઈ કન્યા છે ? જો હોય તો અમારા સ્વામીને આપી દે." બ્રાહ્મણે પણ કહ્યું, "લો - આપી." અમારા પ્રાણ પણ જો દેવના (તેમના) છે તો કન્યાની ક્યાં વાત છે ?"

મંત્રીએ કહ્યું, "તે રાજાની પાસે ચાલ." બ્રાહ્મણે પણ રાજાની પાસે જઈને તેને આશીર્વચન આપ્યા. મંત્રીએ બધી વાત રાજાને કરી. તે બ્રાહ્મણ પણ રાજાની સાથે, આપેલા આસન ઉપર બેઠો. પછી કાલનો વિલંબ નહી સહન કરતા રાજાએ ગાંધર્વવિવાહથી તે કન્યા સાથે લગ્ન કર્યા. પહેલાનું નામ બદલાવીને તેનું **'આરામશોભા'** એવું નામ રાખ્યું.

પછી રાજાએ બ્રાહ્મણને સરસ બાર ગામો આપીને, આરામ શોભાને હાથીના કંધે બેસાડીને, આનંદ પામતો તે રાજા પોતાના નગર ભણી ચાલ્યો. કલ્પલતાની જેમ તેને મેળવીને રાજા પોતાને કૃતાર્થ માને છે. અથવા ઈચ્છિત એવા લાભથી કોણ સંતુષ્ટ ન થાય ? એક તો અતિ રૂપવતી અને બીજું દેવના અનુગ્રહવાળી એવી તે રાજાના હૃદયને હરી લે તેમાં શું આશ્ચર્ય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી નાના-મોટા અનેક મંચોથી શોભતા, કાલાગુરુ-કુંદુરુ વિગેરે સુગંધી ધૂપોથી મઘમઘાયમાન, સર્વત્ર ધ્વજા-પતાકાઓ ફરકી રહી છે એવા, સુખડની માળાઓથી ઉલ્લસિત થતા, ત્રણ રસ્તા-ચાર રસ્તા વિગેરે સ્થાને જ્યાં અપૂર્વ નાટકો થઈ રહ્યા છે, નગરમાં ઘણે ઠેકાણે પૂર્ણકળશો સ્થાપન કરેલા છે તેવા પાટલિપુરમાં આરામશોભાદિ પરિવાર સહિત, હજારો નર-નારીઓના સમુહો પ્રફુલ્લિત નયન કમલથી જોતે છતે, પત્નીથી શોભતા રાજાએ મહાવિભૂતિથી નગર પ્રવેશ કર્યો.

આરામશોભા પહેલા પોતાના આવાસમાં ગઈ ત્યારે તે બગીચો પણ દેવના પ્રભાવથી તેના આવાસને ચારેબાજુ આવરીને રહ્યો. હવે જેણે બીજા સર્વ વ્યાપારો છોડી દીધા છે એવો તે રાજા પણ તેની સાથે ભોગોને ભોગવતો દોગુંદક સુરની જેમ નિમેષમાત્રમાં તે કાળને પસાર કરે છે.

આ બાજુ આરામશોભાની સાવકી માતાને પુત્રી જન્મી. અનુક્રમે તે યૌવનવય પામી. આરામશોભાની તેવા પ્રકારની (સુખી) અવસ્થાને જોઈને દુષ્ટ એવી તેની (સાવકી) માતા વિચારે છે, “જો કોઈ પણ પ્રયોગ વડે આરામશોભા મરે તો ગુણાનુરાગી એવો રાજા મારી આ પુત્રીને પરણે તેથી મારો મનોરથ સફળ થાય.” આ પ્રમાણે વિચારી તેણે પોતાના પતિને કહ્યું, “હે નાથ ! બેટીને પરણ્યાને ઘણો કાળ પસાર થઈ ગયો. તો તેના માટે કાંઈક ભાતું મોકલાવીએ. અને પિયરના આ પ્રસાદથી તેનું મન પણ આનંદિત થશે.” ત્યારે તેના પતિએ કહ્યું, “હે પ્રિયા ! તેને સાસરામાં કાંઈ ઓછું નથી. તથા તેને આપણું ભાતું મોકલવું એટલે કલ્પવૃક્ષને બોર-કેરડાના ફળ મોકલવા જેવું છે, વજ્રરત્નોને કાચખંડોથી વિભૂષિત કરવા જેવું છે, મેરૂપર્વતને શિલાથી દઢ કરવા જેવું છે, સૂર્યને ઉદ્યોતની સાથે સરખાવવા જેવું છે. એમ હું માનું છું. અને વળી વિશેષમાં જે રાજલોકો મુખે હાથ દઈને હસશે એ જુદું.” ત્યારે પાપી એવી તેણીએ કહ્યું, “ભલે તેને ત્યાં કાંઈ ઓછું નથી એ સાચું, પણ ભાતુ મોકલવાથી આપણા ચિત્તને શાંતિ થાય.” ત્યારે તેના આગ્રહને જાણીને બ્રાહ્મણે પણ તેનું વચન તહત્તિ કરી સ્વીકાર્યું.

ત્યારે હર્ષિત મનવાળી તેણીએ ઘણા દ્રવ્યોના સંયોગથી સિંહ કેશરીયા લાડુ બનાવ્યા અને તેમાં ઝેર ભાવિત કર્યું. (ભેળવ્યું) નવા માટલામાં તેને મૂકી, તેનું મુખ બરાબર બંધ કરી તેણીએ પતિને કહ્યું, “રસ્તામાં કોઈ પણ વિઘ્ન ન આવે માટે તમે જાતે જ લાડુ લઈને જાવ. ત્યારે વેદથી જડ બનેલો બ્રાહ્મણ મીંઢા શિંગ જેવી તેની કુટિલતાને નહિ જાણતો તે ઘડાને માથે મૂકીને જ્યારે જવા લાગ્યો ત્યારે તેણીએ કહ્યું, “આ ભાતુ આરામશોભાને જ આપજો અને તેને કહેજો કે, “બેટી ! તારે જ આ લાડવા ખાવાના છે, બીજા કોઈને આપવાના નથી. જેથી મારી આવી તુચ્છતાને કારણે હું રાજકુળમાં હાંસીપાત્ર ન બનું.” તે બ્રાહ્મણ પણ ‘સારું’ એમ કહીને રસ્તે ચાલ્યો.

મંદગતિથી ચાલતાં, સંધ્યા સમયે ઓશિકા નીચે તે ઘડાને મૂકતો, કેટલાક દિવસે તે પાટલીપુત્ર નગરની બાજુમાં, અતિ મોટા વડના ઝાડની નીચે, તે ઘડાને ઓશિકા નીચે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકીને સૂતો હતો. હવે આ બાજુ દિવ્ય યોગે ત્યાં ક્રીડા કરવા આવેલ તે નાગકુમાર દેવે તે બ્રાહ્મણને જોયો અને વિચારવા લાગ્યો, "આ માનવ કોણ છે ? આ ઘડામાં કઈ વસ્તુ છે ?" અને જ્ઞાનનો ઉપયોગ મૂકીને તે દેવે પાપી એવી તે બ્રાહ્મણીનો સર્વ વૃત્તાંત જાણ્યો. અહો ! એની સાવકી માતાની કેવી આ દુષ્ટતા ! કે જેથી સરલ સ્વભાવી આને (આરામશોભાને) તે મારી નાંખશે. પરંતુ હું હોતે છતે ક્યારે પણ તેનું મોત થાય નહિ. એમ વિચારીને તે દેવે વિષના લાડવા દૂર કરી, અમૃતના લાડવાથી તે ઘડો ભર્યો.

પછી સવારે ઊંઘમાંથી જાગેલો તે ઉઠીને અનુક્રમે રાજદ્વારે ગયો અને દ્વારપાળથી નિવેદન કરાયેલો બ્રાહ્મણ રાજાની પાસે જઈને, આશીર્વાદ આપીને, રાજાની ડાબી બાજુએ બેઠેલી આરામશોભાને ભાતાનો ઘડો આપ્યો. ત્યારે બ્રાહ્મણે રાજાને કહ્યું, "હે રાજન્ ! દીકરીની માતાએ વિનંતી કરી છે કે, "આ ભાતુ મેં માતૃપ્રેમથી જેવું આવડ્યું તેવું કરીને મોકલ્યું છે તેથી દીકરીને જ તે ભાતુ ખાવાનું છે. બીજાને આપવાનું નથી. જેથી હું રાજલોકમાં હાંસીપાત્ર ન બનું. એ પ્રમાણે મનમાં ક્ષોભ ધરવો નહિ." ત્યારે રાજાએ રાણીની સન્મુખ જોયું. તેણે દાસીના માથે ચઢાવી પોતાના ભવનમાં તે ઘડો મૂકાવ્યો. રાજાએ બ્રાહ્મણને પણ કનક-રત્ન-વસ્ત્રો વિગેરેના દાનથી સંતોષ્યો. સભા પૂરી થતાં રાજા ઉઠીને રાણીના આવાસે ગયો. ત્યાં સુખાસનમાં બેઠેલા રાજાને આરામશોભાએ કહ્યું, "હે પ્રિયતમ ! મારા પર કૃપા કરીને આ ઘડામાં નયનોથી દૃષ્ટિ કરો. જેથી એ ઘડો અત્યારે ઉઘાડીએ." તે સાંભળી રાજાએ પણ કહ્યું, "હે દેવી ! તું હૃદયમાં કોઈપણ કુવિકલ્પો કરીશ નહિ. તું જે કરે છે તે અમારે પ્રમાણ છે, તેથી આ ઘડાને ઉઘાડ."

તેથી તેણે તે ઘડો ઉઘાડતાં કોઈ દિવ્ય, મનુષ્યલોકમાં દુર્લભ એવી સુગંધ પ્રસરી. જેનાથી સમગ્ર રાજભવન મઘમઘાયમાન થઈ ગયું. ત્યારે રાજાએ મોટા પ્રમાણવાળા મોદકો જોઈને સંતુષ્ટ થયો અને લાડુને ખાતો તેની પ્રશંસા કરતો કહે છે કે, "રાજા થઈને પણ મેં આવા સરસ લાડુનો આસ્વાદ ક્યારે પણ કર્યો નથી." પછી રાજાએ આરામશોભાને કહ્યું, "આ લાડુઓમાંથી એક એક લાડુ તારી બ્હેનોને મોકલ." તેણે પણ રાજાના આદેશને તે પ્રમાણે કર્યો. ત્યારે રાજલોકમાં તેની માની ઘણી પ્રશંસા થવા લાગી કે, "અહો ! તે કેવી હોંશિયાર છે કે જેણે દેવોને પણ દુર્લભ એવા લાડુ કરીને દીકરીને મોકલ્યા." આ પ્રમાણે પ્રશંસા સાંભળી આરામશોભાને પરમ સંતોષ થયો.

તે સમયે અગ્નિશર્માએ રાજાને કહ્યું, "રાજન્ ! મારી પુત્રીને પિયર મોકલો, જેથી માતાને મળીને થોડા સમયમાં જ તમારી પાસે આવી જશે." ત્યારે રાજાએ તેનો નિષેધ કર્યો કે, "રાજરાણીઓ સૂર્યમંડલને જોતી પણ નથી તો પછી ત્યાં જવાની તો શું વાત ? એ પ્રમાણે કહેવાયેલો બ્રાહ્મણ પોતાના ઘરે ગયો અને સકલ વૃત્તાંત પોતાની પત્નીને કહ્યો. ત્યારે પાપી એવી તે, જાણે વજ્રથી હણાયેલી હોય તેમ ચિંતવવા લાગી, "અરેરે ! મારો પ્રયાસ ઈક્ષુપુષ્પની જેમ નિષ્ફળ ગયો. તેથી નક્કી તે ઝેર નહીં હોય. કેટલાક દિવસો ગયા પછી ફરીથી હલાહલથી મિશ્રિત ફીણીનો કરંડિયો આપીને તેજ રીતે તેણે પોતાના પતિને ત્યાં મોકલ્યો. પહેલાની જેમ જ, તે જ દેવે તેમાંથી વિષ હરી લીધું અને પહેલાની જેમ જ તેની પ્રશંસા થઈ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરીથી ત્રીજી વખત સુપરિક્ષિત તાલપુટ વિષથી યુક્ત માંડાથી ભરેલો કરંડિયો આપીને તેણે બ્રાહ્મણને કહ્યું, "હમણા દિકરી સગર્ભા છે તેથી આવો ત્યારે તેને સાથે લઈને જ આવજો. જેથી તેની પ્રથમ સુવાવડ અહીં થાય. જો રાજા કેમે કરીને ન માને તો બ્રાહ્મણનું સ્વરૂપ દેખાડજો." તેનું વચન અંગીકાર કરીને બ્રાહ્મણ ગયો અને રસ્તે જતાં તે જ વડના ઝાડ નીચે સૂતો. દેવે પણ પહેલાની જેમ તે તાલપુટ વિષ મિઠાઈમાંથી હરી લીધું. પછી પૂર્વની રીતિએ પુત્રીને ભાતુ આપીને બ્રાહ્મણે રાજાને વિનંતિ કરી કે, "પુત્રીને મારા ઘરે મોકલો." જયારે રાજાએ જરા પણ તેનું વચન ન માન્યું ત્યારે તેણે જમરાજાની જીભ સમાન છરીને પેટ ઉપર ધરીને કહ્યું, "જો આ વખતે પુત્રીને નહિ મોકલો તો હું આત્મઘાત કરીશ." ત્યારે રાજા તેના નિશ્ચયને જાણીને મંત્રીની સાથે, ઘણા પરિવારથી યુક્ત આરામશોભાને મોકલી.

ત્યાર પછી 'આરામશોભા આવે છે' એમ સાંભળીને હર્ષ પામેલી, (પણ) તેના પુણ્ય પ્રભાવને નહી જાણતી એવી તેની સાવકી માતાએ પોતાના ઘરની પાછળના ભાગમાં મોટો કૂવો ખોદાવીને, કાંઈક પ્રપંચ મનમાં લાવીને પોતાની દીકરીને ઘરના ભોંયરામાં રાખી. હવે આરામશોભા પરિવાર સહિત આવી. પોતાના અભિપ્રાયને પ્રગટ નહી કરતી તેની સાવકી માતા પણ તેની આગળ નોકરની જેમ કાર્યોને કરતી રહે છે. હવે પ્રસૂતિનો સમય થતાં દેવકુમાર જેવા બાળકને તેણે જન્મ આપ્યો.

હવે એક વાર ભાગ્ય યોગે તેની અંગત પરિચારિકા દૂર હતી ત્યારે બાજુમાં રહેલી તેની સાવકી માતા કુદરતી હાજત માટે આરામશોભાને પાછલા દ્વારે લઈ ગઈ તે પણ ત્યાં કૂવાને જોઈને બોલી, "અરે, મા ! આ કૂવો ક્યારે કરાવ્યો ? આ અપૂર્વ કૂવો છે. ત્યારે પરમ પ્રેમને જાણે પ્રગટ કરતી તે બોલી, "બેટા ! તારું આગમન જાણીને મેં આ કૂવો કરાવ્યો છે. જેથી દૂરથી પાણી લાવવામાં ઝેર આદિનો ભય ન થાય." ત્યારે તે આરામશોભા કુતુહલથી કૂવામાં જોવા લાગી કે દુષ્ટ એવી તેણે નિર્દયતાપૂર્વક તેને કૂવામાં નાંખી. તે ઊંધે મુખે કૂવામાં પડી. તે જ સમયે કૂવામાં પડતી એવી તેણે નાગકુમાર દેવનું સ્મરણ કર્યું. ત્યારે તે દેવે પણ પ્રગટ થઈને હથેળીના સંપુટમાં આકાશમાં જ અદ્ધર ઝીલી લીધી અને કૂવાની અંદર જ પાતાલ ભવન બનાવીને તેને રાખી. ઉદ્યાન પણ દેવના પ્રભાવથી ત્યાં જ રહ્યું. દેવ પણ બ્રાહ્મણીની ઉપર ગુસ્સે થયો. ત્યારે આરામશોભાએ 'માતા છે' એમ સમજાવી દેવને શાંત કર્યો. પછી દેવ પોતાના સ્થાને ગયો.

ત્યારે પ્રમુદિત થયેલી તે બ્રાહ્મણીએ તે પલંગમાં પોતાની પુત્રીને જાણે નવી જ પ્રસૂતિ થઈ હોય તેમ તેને સુવાડી. થોડીવારમાં આરામશોભાની પરિચારિકાઓ આવી પહોંચી. અલ્પ લાવણ્યવાળી અને કાંઈક જ સરખા આકારવાળી તેને જોઈને હૈયામાં ધ્રાસકો પડતા તેઓ બોલી, "હે સ્વામિનિ ! હમણાં તમે કેમ જુદા જ દેખાવ છો ? ત્યારે તેણે કહ્યું, "હું કાંઈ પણ જાણતી નથી. પરંતુ મારું શરીર સારું નથી. ત્યારે ભયભીત થયેલી તે પરિચારિકાઓએ બ્રાહ્મણી એવી તેની માતાની આગળ આ વાત જણાવી. ત્યારે કુડ-કપટના નાચથી નાચતી એવી તે હાથ વડે છાતીને કૂટતી બોલવા લાગી, "ખરેખર ! દુષ્ટ દૈવ વડે હું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હણાઈ ગઈ છું - હાય ! હું મરી ગઈ. જેથી આ દીકરીની રૂપશોભા કાંઈક જુદી જ દેખાય છે. હવે રાજાને હું કેવી રીતે મુખ બતાવીશ ?"

ત્યારે રાજાના ભયથી પરિચારિકાઓ વિષાદમાં ડૂબી ગઈ. હવે તે જ સમયે રાજાએ મોકલેલો મંત્રી આવી પહોંચ્યો અને તેણે કહ્યું, રાજાએ મને આજ્ઞા કરી છે કે દેવી સહિત કુમારને લઈને જલ્દી લાવવા માટે જ મને મોકલ્યો છે." તેનું વચન સાંભળીને પછી પ્રસ્થાનની સર્વ સામગ્રી તૈયાર કરવામાં આવી. તે અવસરે પરિજનોએ દેવીને કહ્યું, બગીચો ક્યાં છે ? હજી પણ નથી આવ્યો ?" તેણે કહ્યું, "ઘરના કૂવામાં પાણી પીવા માટે મેં મૂક્યો છે. પાછળથી તે આવશે." ત્યારે તેની સાથે પ્રસ્થાન કરીને સકલ પરિવાર પાટલીપુત્ર પહોંચ્યો.

તે વખતે રાજાને વધામણી આપવામાં આવી. ત્યારે હર્ષિત મનવાળા રાજાએ બજારોની શોભાને કરાવી. વધામણી ઉજવવાનો આદેશ આપ્યો અને સન્મુખ ગમનની સાથે જ તેણે દેવી અને કુમારને જોયા. ત્યારે પ્રિયાનું જુદુ જ રૂપ જોઈને સંભ્રાંત થયેલા રાજાએ પૂછ્યું, "દેવી ! તારું શરીર કેમ મને જુદુ જ લાગે છે ? તેનું શું કારણ છે ?" ત્યારે દાસીઓએ કહ્યું, "હે રાજન્ ! પ્રસૂતિ થયા પછી કોઈક દૃષ્ટિ દોષથી કે પ્રસૂતિ રોગને લીધે તેનું આવું શરીર થઈ ગયું છે. બરાબર તો અમે પણ જાણતા નથી." ત્યારે પુત્રના જન્મથી ખુશ થયેલો પણ રાજા દેવીનું આ વૃત્તાંત સાંભળીને વિષાદને પામ્યો. તો પણ ધીરજને ધારણ કરી રાજા તેની સાથે નગરમાં પ્રવેશ્યો. એકવાર રાજાએ તેને પૂછ્યું, "હે પ્રિયે ! જે તારી સાથે જ બગીચો રહેતો હતો તે કેમ હમણા દેખાતો નથી ?" તેણે કહ્યું, "હે આર્યપુત્ર ! પાછળ પાણીને પીતો કૂવામાં તે રહેલો છે. સ્મરણ કરતાં જ તે આવી પહોંચશે."

રાજા પણ જેમ જેમ તેના સર્વ અંગોને જુએ છે તેમ તેમ સંદેહ રૂપી પિશાચ તેના પર આક્રમણ કરે છે. "શું આ તે જ છે કે બીજી કોઈ છે ?" એકવાર રાજાએ તેને કહ્યું, "મનોરમ એવા તે બગીચાને લાવી દે." તેણે પણ કહ્યું, "હે પ્રિયતમ ! પાછળથી લાવીશું." તેથી વિશેષ રીતે રાજાના મનમાં શંકા ઉત્પન્ન થઈ.

હવે આ બાજુ આરામશોભાએ પેલા દેવને કહ્યું કે, "હે તાત ! પુત્રનો વિરહ મને ખૂબ પીડી રહ્યો છે. તો કૃપા કરી તેવું કરો જેથી હું પુત્રને જોઈ શકું. ત્યારે તે દેવે કીધું, "જો એમ જ હોય તો મારા પ્રભાવથી તું ત્યાં જા, પરંતુ પુત્રને જોઈને તરત તારે પાછા ફરવું." તેણે પણ તે દેવનું વચન 'તહત્તિ' કરીને અંગીકાર કર્યું. ત્યારે ફરીથી તે દેવે કહ્યું, "જો તું સૂર્યોદય સુધી ત્યાં રહીશ તો પછી તું મારું દર્શન નહી કરી શકે. ને એનો આ સંકેત છે કે - જ્યારે તું પોતાના કેશપાસમાંથી મરેલા નાગને પડતો જોશે ત્યાર પછી તને મારા દર્શન નહી થાય." તેણે કહ્યું, "ભલે. એકવાર તો કેમે કરીને પુત્રના મુખને મારે જોવું છે." તેથી દેવે તેને મોકલી. અને તેના પ્રભાવથી તે ક્ષણમાત્રમાં પાટલિપુત્રમાં પહોંચી ગઈ. વાસભુવન ઉઘાડીને તેણે અંદર પ્રવેશ કર્યો. તે વાસભુવન કેવું છે ? તો કહે છે કે જ્યાં રત્નદિપકો બળી રહ્યા છે, સુવર્ણની કાંતિથી સારી રીતે દીપતું, સારા પાકેલા ફળોથી ભરેલું, મઘમઘિત સુંદર ધૂપસેરો છે, ખીલેલા પુષ્પોના સમૂહવાળું, અગર ધૂપની સુગંધથી યુક્ત, સજાવટથી સુંદર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનેલું, પાંચ સુગંધી પદાર્થોના આડંબરવાળું છે. આવા તે વાસભવનને જોઈને કાંઈક પૂર્વે અનુભવેલી ક્રીડાના સ્મરણથી ઉત્પન્ન થયેલા કામના વિકારવાળી, પોતાના પ્રિયતમની પાસે સુતેલી ભગિનિને જોઈને ઉત્પન્ન થયેલી ઈર્ષ્યાના વશથી વિવશ બનેલી, સાવકી માતાએ કરેલા કૂવામાં પોતે ફેંકાઈ એવું યાદ કરવાથી ઉત્પન્ન થયેલા કોપવાળી, દીકરાના મુખને જોવાની ઈચ્છાથી ઉત્પન્ન થયેલા પ્રમોદથી ભરપૂર એવી તે એક ક્ષણ ઊભી રહીને, ધાવમાતાની મધ્યમાં જ્યાં પુત્ર સૂતો છે ત્યાં ગઈ. કમળ જેવા કોમળ હાથથી તે પુત્રને ગ્રહણ કરીને, ક્ષણ વાર રમાડીને, પુત્રની ચારે બાજુ પોતાના બગીચાના ફળ-ફૂલના સમૂહને વેરીને આરામશોભા પોતાના સ્થાને ગઈ.

પછી પ્રભાત સમયે ધાવમાતાએ રાજાને કહ્યું, "હે સ્વામિ ! આજે કોઈએ કુમારને ફળ-ફુલથી પૂજા કરી દેખાય છે." તે સાંભળી રાજા પણ તેની પાસે આવ્યો. તેને તેવા પ્રકારનો જોઈને રાજાએ જૂઠી એવી આરામશોભાને પૂછ્યું ત્યારે તેણે પણ કહ્યું, "મેં મારા બગીચામાંથી સ્મરણ કરીને આ પુષ્પફળ વિગેરે આણ્યા છે." ત્યારે રાજાએ કહ્યું, "તો અત્યારે હાલમાં કેમ નથી લાવતી ?" તેણે કહ્યું, "દિવસે લાવવું તે શક્ય નથી." ત્યારે વિલખા મુખવાળી તેને જોઈને રાજાએ વિચાર્યું, "અવશ્ય આ કોઈક પ્રપંચ છે."

આ પ્રમાણે ત્રણ દિવસ પસાર થયા. ત્યારે રાજાએ કહ્યું, "આજે બગીચાને લાવ." ત્યારે અત્યંત વિલખામુખવાળી થઈ. દંભ કેટલા દિવસ છૂપાય ? ચોથી રાત્રિએ આરામશોભા પૂર્વની જેમ જ સર્વ કાર્ય કરીને જ્યારે પાછી ફરી ત્યારે રાજાએ તેનો હાથ પકડીને કહ્યું, "હે પ્રાણપ્રિયે ! પ્રેમરસથી ભરેલા પ્રિય જન એવા મારી તું કેમ વંચના કરે છે ?" તેણે કહ્યું, "હે પ્રાણેશ્વર ! હું વંચના નથી કરતી, પણ એમાં બીજુ કંઈક કારણ છે." રાજાએ કહ્યું, "શું કારણ છે મને કહે. અન્યથા તું મળશે નહિ. તે પણ પ્રેમપૂર્વક કહે છે, "નાથ ! હમણા મને છોડો કાલે હું તમને જરૂર કહીશ." ત્યારે રાજાએ કહ્યું, "મૂર્ખ એવો પણ શું શું હાથમાં આવેલા ચિંતામણિરત્નને છોડી દે ખરો ?" તેણે કહ્યું, "નાથ ! એમ કરવામાં તમને પણ પસ્તાવો થશે." તો પણ રાજા તેને છોડતો નથી. તેથી તેણે પણ મૂળથી માંડીને માતાએ કરેલા દુર્વ્યવહારને કહ્યો. એ કહેતા કહેતા તો સૂર્યોદય થઈ ગયો.

તે સમયે વિખરાયેલા વાળને સમારતા તેમાંથી મરેલો નાગ પડ્યો. તેને જોઈને વિષાદરૂપી પિશાચથી જાણે ગ્રહણ કરાઈ હોય તેમ જલ્દીથી તે બાળા છેદાયેલી શાખાની જેમ મૂર્ચ્છા ખાઈને પૃથ્વી પર ઢળી પડી. પછી શીત પવન ઢોળવા વગેરે દ્વારા ચેતના પ્રાપ્ત થતાં રાજા કહે છે, "હે પ્રાણેશ્વરી ! શા કારણે જાતને વિષાદરૂપી સાગરમાં નાંખે છે ?" ત્યારે તેણે કહ્યું, "હે નાથ ! પિતાની જેમ હિતકારી આ નાગકુમાર દેવ છે કે જે મારા સાનિધ્યને હંમેશા કરતો હતો. તેણે જ મારી આગળ કહ્યું હતું કે, "જો મારી આજ્ઞા વગર સૂર્યોદય સુધી બીજે સ્થાને રહેશે તો પછી મારું દર્શન તને નહી થાય અને તારા કેશપાસમાંથી મરેલો સાપ પડશે. હે નાથ ! તમે મને રજા ન આપી. તેથી મારે પણ હાલમાં તે જ થયું." ત્યાર પછી તે ત્યાં જ રહી. સવારે રાજાએ ગુસ્સે થઈને તેની બહેનને મજબૂત બંધનમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાંધીને જેટલામાં ચાબૂક લઈને તેને મારવા માટે તૈયાર થયો તેટલામાં જ સરલ સ્વભાવી આરામશોભાએ રાજાના પગમાં પડીને વિનંતિ કરી કે, "હે સ્વામી ! મારી ઉપર જો આપની કૃપા હોય તો તે કરો કે મારી બહેનને તમે છોડી દો. દયા કરીને હીન ભાગ્યવાળી તેને પહેલાની જેમ જુઓ. ત્યારે રાજાએ કહ્યું, "હે દેવી ! દુષ્ટ ચિત્તવાળી એવી આને જીવતી રાખવી પણ યોગ્ય નથી છતાં તારું વચન હું ઉત્થાપન નહી કરું." આમ તેને છોડાવી અને 'ભગિનિ છે' એમ ગણી સજ્જન-દુર્જનનો ભેદ બતાવતી હોય તેમ પોતાની પાસે રાખી.

ત્યાર પછી પ્રલયકાળના અગ્નિની જેમ બળતા રાજાએ પોતાના માણસોને બોલાવી આદેશ કર્યો કે, "અરે, બારે ગામો પાછા લઈને, અગ્નિશર્મા બ્રાહ્મણ તથા તેની પત્નીને હોઠ, નાક, કાન કાપીને મારા દેશમાંથી હાંકી કાઢો." આ પ્રમાણે વજ્રાગ્નિસ્ફુલ્લિંગ ઉગ્ર સમાન રાજાના વચનને સાંભળી આરામશોભાએ સ્વામીના પગમાં પડીને વિનવણી કરી કે, "જો કદાપિ કૂતરો કરડે તો શું તેને સામું કરડાય ? એવું જાણીને હે નાથ ! મારા ઉપર કૃપા કરી મારા પિતાને છોડો." આ પ્રમાણે દેવીના કહેવાથી રાજાએ તેના ચિત્તના ખેદને દૂર કરવા તેને પૂર્વના ગામો પાછા આપે છે.

પછી વિષયસુખોને અનુભવતા તેઓનો સુખપૂર્વક કાળ પસાર થાય છે. એક વખત પરસ્પર ધર્મવિચારને કરતા આવા પ્રકારનો સંલાપ કરતાં આરામશોભાએ કહ્યું, "હે પ્રિયતમ ! પહેલા હું દુઃખી હતી, પછી હું સમગ્ર સુખને પાત્ર બની. તો હું માનું છું કે કોઈક કર્મનો આ પરિણામ છે. જો કોઈ જ્ઞાની ભગવંત અહીં આવે તો હું આ અર્થ (વાત) તેમને પૂછું." આમ જ્યારે તે બોલી રહી હતી ત્યાં જ ઉદ્યાનપાલકે આવીને પ્રણામપૂર્વક રાજાને કહ્યું, "હે દેવ ! નંદન ઉદ્યાનમાં હાથમાં રાખેલ વિમલ મોતીની જેમ જે સકલ ભાવોને જાણે છે એવા **શ્રી વીરચંદ્રસૂરિ** ભગવંત પાંચસો સાધુઓ સાથે પધાર્યા છે." તે સાંભળીને હર્ષથી ભરેલા રોમાંચિત થયેલા રાજાએ તેને પ્રીતિદાન આપીને વિસર્જન કર્યો. પછી રાજાએ કહ્યું, "હે પ્રિયે ! ઉઠ, તારો મનોરથ પૂર્ણ થયો છે કે આજે જ મહાત્મા પધાર્યા છે." ત્યાર પછી આરામશોભા સહિત, સકલ લોકથી પરિવરેલો રાજા ઉદ્યાનમાં જઈને, ત્રણ પ્રદક્ષિણા પૂર્વક મુનીન્દ્રને વંદન કરી યથોચિત સ્થાને બેઠો. મુનિ ભગવંતે પણ દેશનાનો પ્રારંભ કર્યો - "અનંત અપાર સંસારમાં પરિભ્રમણ કરતો જીવ પાપથી દુઃખની પરંપરાને પામે છે અને ધર્મથી સુખ પામે છે." ઈત્યાદિ ધર્મદેશનાને અંતે કરસંપુટ જોડીને આરામશોભાએ ગુરુને વિનંતિ કરી કે, "હે ભગવંત ! આપે જે રીતે જેમ કહ્યું તે તેમ જ છે. પણ મેં પૂર્વભવમાં શું કર્યું ? તે કૃપા કરી હમણાં મને કહો." ત્યારે સૂરિ ભગવંત પણ જલપૂર્ણ વાદળ જેવા ગંભીર સ્વરથી બોલવા લાગ્યા -

"આ જ **જંબૂદ્વીપ** નામના **દ્વીપ**માં, ભરત ખંડમાં, ચંપા નગરીમાં કુબેર જેવા વૈભવવાળો સકલ લોકમાં પ્રસિદ્ધ **કુલધર** નામનો શ્રેષ્ઠી હતો. તેની **કુલાનંદા** નામની સ્ત્રી હતી. તેની સાથે વિષયસુખને અનુભવતાં અનુક્રમે તેની રૂપ-ગુણથી ભરેલી, લાવણ્યથી પૂર્ણ એવી સાત પુત્રીઓ થઈ. તેઓના નામ આ પ્રમાણે હતા - **કમલશ્રી, કમલવતી, કમલા, લક્ષ્મી,**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી, યશોદેવી, પ્રિયકારિણી.** ધનવંતકુલમાં પરણાવેલી તે સાતે ભોગોને ભોગવતી સુખેથી વિચરે છે. હવે ભાગ્યયોગે આઠમી પણ કન્યા જન્મી. તે સમયે માતા-પિતા અતી દુઃખી થયા. તેનું નામ પણ નથી પાડ્યું. અનાદરપૂર્વક મોટી થતી તે પણ યુવાવસ્થાને પામી. **"નિર્ભાગી"** એ પ્રમાણે લોકમાં તેનું નામ પ્રગટ થયું. તેને જોતા માતા-પિતાને અતિ ઉદ્વેગ થતો.

એક દિવસ લોકોએ શેઠને કહ્યું, "તમારી આ દીકરીને હજી નહિ પરણાવવાથી લોકમાં તમારી ભારે અપકીર્તિ થઈ રહી છે." આ પ્રમાણે સાંભળી મનમાં ખેદને અનુભવતો શ્રેષ્ઠી દુઃખેથી રહે છે.

એકવાર ચિંતાગ્રસ્ત શ્રેષ્ઠી હાટમાં બેઠા હતા ત્યારે, તેને મલથી ખરડાયેલા કપડા-શરીરવાળો અને લાંબો માર્ગ ઉલ્લંઘીને આવેલો હોવાથી થાકેલો એક મુસાફર દષ્ટિગોચર થયો. તેથી શ્રેષ્ઠીએ પૂછ્યું, "તું ક્યાંથી આવ્યો છે ? તું કોણ છે ? તારી જાતિ કઈ ? તારું નામ શું ? અહીં શા માટે આવ્યો છે ?" ત્યારે તે કહે છે, "હું સાગરના તીરને શોભાવતા એવા ચૌડદેશથી આવ્યો છું. તેમાં પણ કોશલ દેશના ભૂષણરૂપ એવી **કોશલા નગરીના** નિવાસી **નંદ શ્રેષ્ઠીની સોમા** નામની **ભાર્યાની** કુક્ષિથી ઉત્પન્ન થયેલો **નંદન** નામનો હું તેનો પુત્ર છું. ક્રમથી વૈભવક્ષીણ થતાં હું ચૌડદેશમાં ગયો. ત્યાં પણ ગરીબાઈમાં ડૂબેલો, દારિદ્રથી ઉપદ્રવ પામેલો અભિમાન નડવાથી પોતાના નગરે ન ગયો. તેથી ત્યાં જ પારકાના ઘરોમાં કામ કરતો હું મારા ઉદરભરણને કરું છું. આ જ નગરથી ગયેલા વસંતદેવે, કંઈક કામ નીકળતાં પોતાના ઘરે ચિઠ્ઠી આપવા માટે મને મોકલ્યો છે. તો કૃપા કરી તેનું ઘર મને બતાડો જેથી હું આ ચિઠ્ઠી તેના પિતા **શ્રીદત્ત** શ્રેષ્ઠિને આપું."

ત્યારે કુલંધરે પણ વિચાર્યું - મારી પુત્રી નિર્ભાગી માટે નિર્ભાગ્ય શેખર - પરદેશી એવો આ વર યોગ્ય છે. અને આને પરણીને આ ફરીથી પણ અહીં આવશે નહિ કારણ કે તે અહંકારથી નડેલો હોય તેમ જણાય છે. તેથી ક્યારે પણ સાસરાના ઘર પાસે આ આવશે નહિ." આમ વિચારી તેને કહે છે, "હે વત્સ ! તું મારા ઘરે ચાલ. કેમકે તારા પિતા મારા પરમ મિત્ર હતા." તેણે પણ કહ્યું, "હે તાત ! જે કાર્ય માટે હું આવ્યો છું તે પહેલા કરીને પછી તમારા ઘરે આવીશ." ત્યારે શ્રેષ્ઠીએ પોતાના માણસને શિખવાડીને તેની સાથે મોકલ્યો કે ભાઈ ! આ ચિઠ્ઠી આપી દે પછી આને મારી પાસે લઈ આવજે. પછી તેની સાથે તે શ્રીદત્ત શ્રેષ્ઠીના ઘરે ગયો. તેને પ્રણામ કરીને, સર્વ સંદેશપૂર્વક તે ચિઠ્ઠી શ્રેષ્ઠીને આપી. તેણે પણ તે ચિઠ્ઠી વાંચી. પછી નંદને શ્રીદત્તને કહ્યું, "મારા પિતાના મિત્ર કુલંધર શ્રેષ્ઠી જે અહીં રહે છે તેમણે આ માણસને મને પાછો ત્યાં લઈ જવા માટે મોકલ્યો છે તો હું તેમને મળીને ફરીથી તમારી પાસે આવીશ."

પછી તે માણસની સાથે તે શેઠના ઘરે ગયો. તે પછી શેઠે પણ તેને સ્નાન કરાવી, નવા કપડા પહેરાવીને, વિશિષ્ટ ભોજન જમાડીને, તંબોલ આપીને કહ્યું, "બેટા ! મારી દીકરીને પરણ." તેણે કહ્યું, "મારે આજે જ ચૌડદેશમાં જવું છે. કુલંધરે કહ્યું, "આ પુત્રીને પરણાવીને, મિલ્કત આપીને તારી સાથે જ મોકલું છું." ત્યારે નંદને તેનું વચન સ્વીકાર્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે નિર્ભાગી નામની કન્યાને તેની સાથે પરણાવી. હવે શ્રીદત્તે નંદનને કહ્યું, "જો તું અહીં રહે તો બીજા માણસને ચિઠ્ઠી આપીને ત્યાં મોકલું કેમકે અમારે ત્યાં ઘણું કામ હોય છે." ત્યારે નંદને પણ કહ્યું, "સસરાને પૂછીને ત્યાં જઈશ." તેથી જઈને સસરાને પૂછે છે, "હે તાત ! મારે ઘણું કામ છે તેથી ચૌડદેશ તરફ મને મોકલો. શ્રેષ્ઠી વિચારે છે કે મારા મનોરથને ઉચિત જ આણે કહ્યું છે. તેથી શ્રેષ્ઠીએ કહ્યું, "હે વત્સ ! તારી પત્ની સહિત તું જા. તારી મિલ્કત, વાસણ હું ત્યાં જ તને મોકલાવીશ." તેથી તેણે શ્રીદત્તને વાત કરી કે મારી આગળ તમારે જે કહેવું હોય તે કહી દો. ત્યારે તેણે પણ તેને ચિઠ્ઠી આપી અને સંદેશો જણાવ્યો. પછી તે સ્ત્રીને લઈને ભાથારૂપી મિત્રની સાથે એકલો ચાલ્યો.

અનુક્રમે ઉજ્જયિની નગરીમાં પહોંચ્યો. ત્યાં તેણે વિચાર્યું - ધીમું ધીમું ચાલવાથી ભાથુ ઘણું બધુ ખવાઈ ગયું છે. ને સ્ત્રી સાથે જવાથી માર્ગનો પાર નહી આવે = જલ્દી પહોંચાશે નહિ. તેથી સૂતેલી મારી સ્ત્રીને મૂકીને હું જલ્દીથી મારા ઈચ્છિત દેશમાં જાઉં. પછી તેણે કહ્યું, "પ્રિયે ! ભાતું તો ખૂટી ગયું છે હવે શું કરશું ? જેથી ભીખ માંગીને પેટ પુરવું પડશે. તો તું પણ મારી સાથે ભીખને માટે ભમશે કે નહિ ?" ત્યારે તેણે કહ્યું, "નાથ ! તમારી પાછળ લાગેલી એવી મને ભીખ પણ મધ જેવી મીઠી લાગશે. આમ પરસ્પર બોલતા તે બંને નગરની બહાર કોઈ એક પથિકશાળામાં સૂઈ ગયા. હવે ભિક્ષા માંગવા માટે શરમાતો એવો તે સૂતેલી એવી પોતાની નારીને ત્યાં જ છોડીને, ભાતાનું પોટલું લઈને, ધીમે ધીમે ઉઠીને બીજા જ માર્ગે ઝડપથી ચાલ્યો ગયો.

હવે પ્રભાત સમય થતાં પોતાના સ્વામીને નહિ જોતાં અહીં-તહીં ચારે બાજુ ચંચળ આંખોથી જોતી અને ભાતાના પોટલાને નહી જોતી તે વિચારે છે - નક્કી મને છોડીને મારા પતિ ગયા છે. તેથી તે વારંવાર હાહારવને કરતી, અશ્રુપ્રવાહથી સ્તનકલશયુગલને પખાળતી, સંતાપિત હરિણીની જેમ દીનવચનથી પ્રલાપ કરવા લાગી, "એકાકી, અનાથ, અબલા એવી મને છોડીને હે સ્વામી ! પોતાના કુલમર્યાદાનું ઉલ્લંઘન કરીને હમણા તમે ક્યાં ગયા છો ? અરે ! નિર્લજ્જશેખર ! નિર્દયી ! અપૂર્વ લાવણ્યવાળી, પ્રેમથી ભરેલી, તરૂણી તારી સ્ત્રી એવી મને છોડીને તું તારું મુખ કોને બતાવશે ? નવયૌવનથી મનોહર અંગવાળી મને જો કોઈક પુરુષ ક્યારેક પણ બલાત્કારથી પણ જો સ્પર્શે તો હે નિર્લજ્જ ! તારા કુળમાં એ શું નિંદનીય નહિ બને ? અથવા આ સંતાપથી શું ?કારણ કે પૂર્વે કરેલા કર્મોથી છુટાતું નથી. તેથી તેવા પ્રકારનો હું કાંઈક ઉપાય કરું જેથી મારા જીવિતનું અને સુદૃઢ હૃદયવાળી બની દુઃશીલ પુરુષોથી અભ્યર્થિત શીલનું રક્ષણ કરું. તો હું પિતાના ઘરે જાઉં. અથવા તો ત્યાં જવાથી મારું કોઈ ગૌરવ રહેતું નથી. તો અહીં જ ધર્મધનથી ધનિક એવા કોઈ વાણિયાને પિતા કરીને તેના ઘરે નિરવદ્ય કામોને કરી હું મારું જીવન ગુજારું આમ વિચારી હૃદયમાં ધીરજ ધરીને તે બાળા ઉજ્જયિની નગરીમાં પ્રવેશીને, ચારે બાજુ દિશાઓ જોતી મહાપુરુષ સમાન વાણિયાને જુએ છે ને તેના પગમાં પડીને કરૂણ સ્વરે તે કહે છે, "હે તાત ! અનાથ એવી મારે આપનું ચરણ જ શરણ છે. ખરેખર ! સ્વચ્છંદ એવી સ્ત્રી ખલપુરુષોથી પીડા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે. કારણ કે બાલ્યકાળમાં પિતા, યૌવનમાં ભર્તાર અને વૃદ્ધાવસ્થામાં પુત્ર હોય છે. નારીનું સ્વચ્છંદપણું ક્યારેય હોતું નથી." ત્યારે તે માણિભદ્ર શ્રેષ્ઠીએ પૂછ્યું, "હે દિકરી ! તું કોણ છે ? ત્યારે તે કહે છે, "હે તાત ! ચંપા નગરીમાં કુલંધર વ્યવહારીની હું પુત્રી છું. મારા સ્વામીની સાથે ચૌડદેશમાં જતાં રસ્તામાં સાર્થથી છૂટી પડેલી હું અહીં આવી છું. હવે તમે જ મારા પિતા છો." તેના વચન રૂપી અમૃતથી સિંચાયો ન હોય ! તેમ આનંદિત થયેલા તે શ્રેષ્ઠીએ કહ્યું, "હે દિકરી ! મારા ઘરે તું આવ અને પુત્રીની જેમ જ રહે. સાર્થની શોધ, તારો નિર્વાહ વિગેરે સર્વ હું કરીશ. આમ કહી શ્રેષ્ઠીએ પોતાના માણસોને ચારે બાજુ મોકલ્યા પણ સાર્થના કોઈ સમાચાર ન મળ્યા. ત્યારે શ્રેષ્ઠીના મનમાં શંકા થઈ કે આનું વચન સાચું છે કે ખોટું ? તે જાણવા માટે ચંપા નગરમાં કુલંધર શ્રેષ્ઠી પાસે, કાંઈક શિખવાડીને માણસ ત્યાં મોકલ્યો. તેણે પણ ત્યાં જઈને શ્રેષ્ઠીને કહ્યું, "માણિભદ્ર શ્રેષ્ઠીએ મને તમારી પાસે મોકલ્યો છે. જો તમારી કોઈ કન્યા હોય તો સંબંધ કરો." ત્યારે કુલંધરે કહ્યું, "આ જ નગરમાં પરણાવેલી મારી સાત પુત્રીઓ, પોતપોતાના સ્વામીની સાથે ઘરમાં વિલાસ કરતી રહે છે. વળી આઠમી પુત્રી તો હમણાં જ પરણાવીને પતિ સાથે ચૌડદેશમાં મોકલી છે. હવે બીજી કોઈ કન્યા નથી કે જેથી તારી સાથે સંબંધ કરું.

પછી તે માણસે પણ પોતાના નગરમાં આવીને સર્વ વૃત્તાંત માણિભદ્રને કહ્યો. તે પણ વૃત્તાંતને જાણીને તેનું વિશેષથી ગૌરવ કરે છે. તે પણ પ્રતિદિન વિનયાદિ ગુણ વડે પરિવાર સહિત તેને ખુશ કરે છે. કારણ ગુણો ગૌરવને માટે જ હોય છે નહિ કે જ્ઞાતિનો આડંબર. વનમાં ઉત્પન્ન થયેલું પુષ્પ ગ્રહણ કરાય છે પણ પુત્રનો મલ તો ત્યજી દેવાય જ છે.

હવે જિનમતથી ભાવિતમનવાળા માણિભદ્રે ઉત્તુંગ જિનભવન કરાવ્યું ત્યાં પ્રભુના ચરણકમલની સેવા કરવામાં પ્રવીણ એવી તે લિંપણ કરવું, સંમાર્જન કરવું વિગેરે હંમેશા કરે છે અને જે જે દ્રવ્ય શેઠ ભાતા વિગેરેના અંગત ઉપયોગ માટે આપે છે તેના વડે તે જિનાલયમાં રથ વગેરે કરાવે છે. તેથી વિશેષ રીતે ખુશ થયેલો શ્રેષ્ઠી ઘણા ઘણા પૈસા આપે છે. તેના વડે તેણે પ્રભુના ત્રણ છત્ર કરાવ્યા. વળી તે છત્ર કેવા ? માણેક રત્નોના સમૂહથી જડિત ઉજ્જવલ સોનાના દંડવાળું, મોતીઓની શેરોથી પ્રધાન કરાઈ છે શિખા જેની, ચીનાઈ વસ્ત્રથી ઢંકાયેલા ઉપરના ભાગવાળું, ચપળ અને મનોહર એવા મણીઓની કાંતિથી શોભતા એવા છત્રોને તે પ્રભુની ઉપર સ્થાપન કરે છે. અન્ય પણ ચામર, ભૃંગાર, અલંકારાદિ જિનચરણે ધરે છે. આ પ્રમાણે ત્રિભુવન ગુરુની વૈયાવચ્ચ કરતી રહે છે અને વળી ચાર પ્રકારના આહાર, વસ્ત્ર, શયન, આસનાદિથી ગુરુ ભગવંતોની શ્રેષ્ઠ ભક્તિ કરે છે અને સાધર્મિક વાત્સલ્ય પણ કરે છે આ પ્રમાણે જિનેશ્વર ભગવંતની અને સુગુરુઓની સેવા કરતી તેણે સમ્યકૃત્વ રૂપી સંપત્તિને પ્રાપ્ત કરી અને સુખપૂર્વક કાળને પસાર કરે છે.

હવે એકવાર ખિન્ન થયેલા માણિભદ્રને જોઈને તે પૂછે છે, "હે તાત ! કયા કારણે ચિત્તમાં વિષાદને વહન કરો છો ?" તેણે કહ્યું, "હે પુત્રી ! કોઈક કારણથી આપણા મંદિરની વાડી કે જે ફળફુલોથી ભરેલી અને અત્યંત રમ્ય હતી તે વાડીને પૂર્વની જેમ હમણાં સિંચવા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં પણ વધારે સૂકાય છે, પણ ખીલતી નથી આ કારણથી હું ખૂબ ચિંતાતુર છું." તે કહે છે, "હે પિતાજી ! આ માટે તમે ખેદ ના કરો. હું મારા શીલના પ્રભાવથી જ્યાં સુધી આ વાડીને પહેલાની જેમ ફળ-ફુલથી સહિત ના કરું ત્યાં સુધી ચારે પ્રકારનો આહાર લઈશ નહિ. આ મારો નિશ્ચય છે."

ત્યારે શ્રેષ્ઠીએ વારવા છતાં પણ તે શાસનદેવીને મનમાં ધરીને જિનમંદિરમાં બેસી ગઈ. ત્યારે ત્રીજી રાત્રીએ શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને તેને કહ્યું, "હે વત્સ ! તું ખેદ ના કર. આજે જ પ્રભાત સમયે તારા શીલના પ્રભાવથી નાસી ગયેલા વૈરી વ્યંતરની જેમ ઉજ્જડપણાથી આ વાડી ફરી નવી થશે. આ પ્રમાણે કહીને જેટલામાં શાસનદેવી પોતાના સ્થાને ગઈ તેટલામાં તો રાત્રી પૂર્ણ થઈ. તેણે પણ આ વૃત્તાંત શેઠની આગળ કહ્યો તેથી હર્ષથી પ્રફુલ્લિત આંખવાળો તે પણ તે જ સમયે જિનમંદિરની વાડીમાં ગયો તે વાડી કેવી છે ? તો કહે છે કે અપૂર્વ પલ્લવિત, ખીલેલા ફુલોના સમુહની સૌરભથી ઉજ્જવલ, પાકા ફળોથી હંમેશા મનોહર એવી વાડી જગને વિષે કોને મનોહર ન હોય ? તેને જોઈને શ્રેષ્ઠીએ કહ્યું, "મારો મનોરથ સફળ થયો છે." અને પાંચ પ્રકારના નાદપૂર્વક, સમસ્ત શ્રમણસંઘની સાથે તેને પોતાના ભવનમાં લઈ ગયો. તેના શીલના પ્રભાવથી આશ્ચર્ય પામતા લોકો પણ કહેવા લાગ્યા, "આનો શીલનો પ્રભાવ તો જુઓ કે જેથી શુષ્ક વાડી પણ ફરીથી નવપલ્લવિત બની ગઈ ! તેથી તે જિનશાસન જય પામો, જય પામો કે જ્યાં આવા નર-નારી રત્નો ઉત્પન્ન થાય છે." પછી સંઘની ઉચિત ભક્તિ કરીને (પ્રતિલાભીને) તે પારણું કરે છે.

હવે એકવાર રાત્રીના પાછલા પહોરમાં સૂઈને જાગેલી તે પોતાના પૂર્વ વૃત્તાંતનું સ્મરણ કરીને વિચારે છે કે આ જગતમાં તે ધન્ય છે કે જે પરિણામે વિરસ, આપાતે મધુર ખાવામાં કિંપાક ફલ જેવા વિષયસુખોને છોડીને અનંત-અપાર સંસાર સાગર તરવામાં નાવ સમાન એવી પ્રવજ્યાને સ્વીકારે છે. પરંતુ હું તો અધન્ય છું કે વિષયસુખમાં લુબ્ધ છું, વિષયોને ઈચ્છવા છતાં તે ભોગો મને મળ્યા નથી. પરંતુ હવે જિનેશ્વર ભગવંતના સિદ્ધાંતના રહસ્યને પ્રાપ્ત કરવા છતાં પણ દીક્ષા લેવા માટે અસમર્થ હું ગૃહસ્થધર્મને પાલતી વિશિષ્ટ તપ અનુષ્ઠાનમાં ઉદ્યમ કરીશ. ત્યાર પછી અનેક પ્રકારના અભિગ્રહ સહિત તપકર્મ વડે ધર્મશરીરને પોસવા છતાં તેનું શરીર અતિ સૂકાઈ ગયું. ત્યારે અંતિમ મારણાંતિક સંલેખના કરીને અનશન સ્વીકારીને, પંચ પરમેષ્ઠીના સ્મરણ પૂર્વક મરીને તે સૌધર્મ દેવલોકમાં દેવપણું પામી. ત્યાં દિવ્ય ભોગસુખોને ભોગવીને ત્યાંથી ચ્યવીને તું અગ્નિશર્મા બ્રાહ્મણની વિદ્યુત્પ્રભા નામની પુત્રી થઈ. બાળપણમાં કાંઈક દુઃખી થઈ. માણિભદ્ર શેઠ પણ દેવપણાને અનુભવી, મનુષ્યજન્મ પામી, પછી નાગકુમાર દેવ થયો અને મિથ્યાત્વી એવા પિતાના ઘરે રહીને, કુદર્શનથી મોહિત થઈને તેં જે પાપ કર્યું તેથી તું પ્રથમ દુઃખી થઈ. પછી માણિભદ્રના ઘરમાં રહીને જે કાંઈ દેવ-ગુરુની વૈયાવચ્ચ કરી - સત્કર્મ કર્યું તે પુણ્યના પ્રભાવથી બીજા કરતા ચઢિયાતું સુખ મળ્યું. વળી તે જિનમંદિરની વાડી છાયા સહિત કરી = નવપલ્લવિત કરી તેથી તારી સાથે બગીચો ફરે છે. વળી તે સર્વજ્ઞ ભગવંતને છત્રત્રય મુગુટ આભરણ ધર્યા તેથી સર્વ અંગોથી શોભિત એવી તું શીત છત્રછાયા સાથે ભમે છે. વળી તે જિનેશ્વરને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રથાદિ આપ્યા તેથી તને ઘણા ભોગો મળ્યા. આમ આ જિનેશ્વર ભગવંતની તથા ગુરુ ભગવંતની વૈયાવચ્ચ કરવાથી ઉપાર્જન કરેલા સુકૃતરૂપી વૃક્ષના ફળ રૂપે તું દેવસુખોને અનુભવીને, મનુષ્યભવમાં રાજ્યલક્ષ્મીને ભોગવી અનુક્રમે શિવસંપત્તિને પ્રાપ્ત કરશે."

આ પ્રમાણે જ્ઞાનીના વચન સાંભળીને આરામશોભાને મૂર્ચ્છા આવી. પરિજનોએ પવન નાંખવાથી ચેતના પ્રાપ્ત કરેલી તેણે ઉઠીને ગુરુને પ્રણામ કરી કહે છે, "ભગવંત ! આપે જે કહ્યું તે સર્વ જાતિસ્મરણથી મને પ્રત્યક્ષ છે. તેથી મારું ચિત્ત સંસારવાસથી ઉદ્વિગ્ન થયું છે તો હમણાં જ મારા પતિદેવને પૂછીને તમારા ચરણે દીક્ષા ગ્રહણ કરવી છે.

આ પ્રમાણે આરામશોભાના વચન સાંભળીને રાજા કહે છે, "હે પ્રિયા ! ઉત્સુક ન થા. સંસારથી અત્યંત ઉદ્વિગ્ન થયેલો હું પણ **મલ્લસુંદરકુમાર**ને રાજ્ય પર સ્થાપીને, તારી સાથે દીક્ષા ગ્રહણ કરીશ. તે પછી ગુરુને નમીને રાજા, દેવી સહિત ઘરે આવીને, પુત્રનો રાજ્યાભિષેક કરીને, જિનશાસનની પ્રભાવના કરીને, દેવીની સાથે મહા આડંબર પૂર્વક ગુરુચરણોમાં દીક્ષાને ગ્રહણ કરી પછી બંને પ્રકારની શિક્ષાને ગ્રહણ કરતાં અનુક્રમે તે ગીતાર્થ થયા. ત્યારે આચાર્ય ભગવંતે તે રાજર્ષિને ગણધરપદે અને આરામશોભાને પ્રવર્તિનિ પદે સ્થાપન કર્યા. ત્યાર પછી બંને જણા ઘણા દિવસો સુધી ભવ્ય જનોને પ્રતિબોધ કરીને, છેલ્લે અણસણ કરીને સ્વર્ગમાં ગયા. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવમાં સર્વવિરતિ લઈને સકલ કર્મોનો ક્ષય કરી **શિવપદ**ને પ્રાપ્ત કરશે.

કાનને અમૃત સમાન એવું આરામશોભાનું આ ચરિત્ર સાંભળીને હંમેશા દેવ-ગુરુની વૈયાવચ્ચ કરો જેથી મોક્ષને પ્રાપ્ત કરો.

**આ પ્રમાણે દેવ-ગુરુની વૈયાવચ્ચ રૂપ ત્રીજા લિંગને વિષે આરામશોભાની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે રૂદ્રપલ્લીય ગચ્છરૂપી આકાશને વિષે સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** - પટ્ટધર **શ્રી સંઘતિલકાચાર્ય** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વસપ્તતિકા વૃત્તિમાં સમ્યક્ત્વના ત્રણ લિંગના સ્વરૂપને જણાવતો **લિંગદ્વારનો બીજો અધિકાર** પૂરો થયો.

# વિનયદ્વારનો ત્રીજો અધિકાર

## સમજો વિનય પ્રકાર

**अरहंत सिद्ध चेइय सुए य धम्मे य साहुवग्गे य ।**
**आयरिय उवज्झाए पवयणे दंसणे विणओ ॥ १७ ॥**

**ગાથાર્થ :-** અરિહંત, સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુવર્ગ, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવચન, દર્શનને વિષે વિનય કરવો.

**ટીકાર્થ :-** અહીં વિભક્તિના લોપથી અરિહંત પરમાત્મા વિષે, સિદ્ધ ભગવંત વિષે, ચૈત્યને વિષે, શ્રુતને વિષે, ધર્મને વિષે, સાધુવર્ગને વિષે, આચાર્ય ભગવંત વિષે, ઉપાધ્યાય ભગવંત વિષે, પ્રવચન વિષે, દર્શન વિષે (આ બધાનો) વિનય દશ પ્રકારે થાય છે. **'ચકાર'** તે સમુચ્ચયના અર્થમાં છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે '**વિનય**' શબ્દનો શું અર્થ થાય ? તો કહે છે કે જેના વડે જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મો નાશ કરાય, દૂર કરાય અથવા વિલીન કરાય તે વિનય કહેવાય. એ આગમિકી વ્યુત્પત્તિ છે. વળી કહ્યું છે કે, "ચારગતિમાં ભટકાવનાર આઠ પ્રકારના કર્મો જેનાથી નાશ થાય છે તેને જિનેશ્વરો **વિનય** કહે છે." અને તે વિનય દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક ભેદથી પાંચ પ્રકારે છે. વળી કહ્યું છે કે, "દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક એમ પાંચ પ્રકારે મોક્ષ માટે વિનય કહેલો છે. ષટ્ દ્રવ્યાદિની શ્રદ્ધા કરવાથી, જ્ઞાન વડે કાર્યોને કરવાથી, સમ્યક્ પ્રકારે ચારિત્ર અને તપ કરવાથી તે સંબંધી (= અનુક્રમે દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય અને તપવિનય) વિનય થાય છે. હવે ઔપચારિક વિનયના સંક્ષેપથી બે પ્રકાર છે :- (૧) પ્રતિરૂપયોગમાં (પ્રશસ્તયોગમાં) જોડાવવું. (૨) આશાતનાનો ત્યાગ કરવો. પ્રતિરૂપ વિનયની કાયા, વચન, મનના યોગ વડે અનુક્રમે આઠ, ચાર, બે પ્રકારે પ્રરૂપણા છે.

(૧) ગુરુ મહારાજ આવે ત્યારે ઊભા થવું. (૨) તેમને હાથ જોડવા. (૩) તેમને આસન આપવું. (૪) અભિગ્રહ કરવા. (૫) તેમનું કૃતિકર્મ (વંદન) કરવું. (૬) તેમની સેવા કરવી. (૭) તેઓ જાય ત્યારે પાછળ મૂકવા જવું. (૮) તેમણે કહેલા આદર્શોને સાધવા પ્રયત્ન કરવો. આ આઠ પ્રકારે ઔપચારિક કાયા સંબંધી પ્રતિપત્તિરૂપ વિનય જાણવો.

હવે (૧) હિતવચન બોલવું. (૨) મિતવચન બોલવું. (૩) મૃદુવચન બોલવું. (૪) ગુરુ ભગવંતના વચનને અનુસારે બોલવું. આ ચાર પ્રકારે ઔપચારિક વચન સંબંધી પ્રતિપત્તિરૂપ વિનય જાણવો.

(૧) અકુશલ = અશુભ મનનો નિરોધ. (૨) શુભ મનની ઉદીરણા. આ બે પ્રકારે ઔપચારિક મન સંબંધી પ્રતિપત્તી રૂપ વિનય જાણવો. આમ પ્રતિપત્તિ રૂપ વિનય તે પરાનુવૃત્તિમતિવાળાનો જાણવો. અપ્રતિપત્તિ રૂપ વિનય કેવલી ભગવંતોનો જાણવો.

આ પ્રમાણે પ્રતિપત્તિરૂપ ત્રણ પ્રકારનો વિનય કહ્યો. હવે અનાશાતના રૂપ બાવન પ્રકારનો વિનય કહું છું. તે આ પ્રમાણે :- (૧) તીર્થંકર (૨) સિદ્ધ (૩) કુલ (૪) ગણ (૫) સંઘ (૬) ક્રિયા (૭) ધર્મ (૮) જ્ઞાન (૯) જ્ઞાની (૧૦) આચાર્ય (૧૧) સ્થવિર (૧૨) ઉપાધ્યાય અને (૧૩) ગણિવર્ય આ તેર પદોની આહાર - વસતિ૧, ભક્તિ૨, બહુમાન૩ તથા વર્ણોજ્વલન૪ (ગુણગાન કરવા) એમ ચાર પ્રકારે વિનય કરતાં કુલ બાવન ભેદ થાય છે. આવા પ્રકારનો વિનય સર્વગુણના મૂળરૂપ હોવાથી પ્રવચનવેત્તાઓએ સ્વીકાર્યો છે. વળી કહ્યું છે કે, "વિનય એ જિનશાસનનું મૂળ છે વિનિત સંયત હોય છે. વિનય રહિત જીવને ધર્મ ક્યાંથી અને તપ પણ ક્યાંથી હોય ?" જો કે પ્રવચનમાં વિનયના અનેક પ્રકાર કહેલા છે. તો પણ અહીં ગ્રંથકારે દશ પ્રકારનો જ વિનય સ્વીકારેલ છે. તેનું સ્વરૂપ આગળની ત્રણ ગાથા વડે કહે છે.

**अरिहंता विहरंता, सिद्धा कम्मक्खया सिवं पत्ता ।**
**पडिमाओ चेइयाइं, सुयंति सामाइयाईयं ॥ १८ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**धम्मो चरित्तधम्मो, आहारो तस्स साहुवग्गत्ति ।**
**आयरियउवज्झाया, विसेसगुणसंगया तत्थ ॥ १९ ॥**
**पवयणमसेससंघो दंसणमिच्छंति इत्थ सम्मत्तं ।**
**विणओ दसण्हमेसिं, कायव्वो होइ एवं तु ॥ २० ॥**

**ગાથાર્થ :- વિચરતા એવા અરિહંત ભગવંતો, કર્મક્ષયથી શિવપદ પામેલા સિદ્ધ ભગવંતો, પ્રતિમા તે ચૈત્યો, શ્રુત તે સામાયિકાદિ, ધર્મ તે ચારિત્રધર્મ, તે ધર્મનો આધાર તે સાધુસમૂહ, શ્રમણસંઘમાં વિશિષ્ટ ગુણ સંપન્ન આચાર્ય ભગવંત તથા ઉપાધ્યાય ભગવંત, પ્રવચન એટલે ચતુર્વિધ સંઘ, દર્શન એટલે સમ્યક્ત્વ. આ દશ સ્થાનોનો આ રીતે વિનય કરવાનો છે.**

**ટીકાર્થ :-'अरिहन्त'** = સુર, અસુરાદિ વડે કરાયેલ પૂજાને જે યોગ્ય હોય તે અરિહંતો છે. આગમમાં પણ કહ્યું છે કે, "જેઓ વંદનીય અને નમસ્કરણીય છે, જે પૂજા અને સત્કારને યોગ્ય છે, વળી જે સિદ્ધિગમનને યોગ્ય છે તેથી તે અરિહંતો કહેવાય છે." અહીં **'અર્હત્'** શબ્દથી શું ગ્રહણ કરાય છે ? તો કહે છે કે **'विहरंत'** = ઉત્કૃષ્ટ, જઘન્ય ભેદથી, પૃથ્વીમંડલને શોભાવનારા શ્રી સીમંધરસ્વામી વિગેરે હાલમાં વિચરતા એવા જિનેશ્વર ભગવંતો જાણવા. આગમમાં પણ કહ્યું છે કે, "ઉત્કૃષ્ટથી ૧૭૦ વિચરંતા ભગવંતો જાણવા અને જઘન્યથી (મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ) વીશ અને દસ (ભરત-ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ) વિચરતા ભગવંતો જાણવા. ઉત્કૃષ્ટથી વીશ અને જઘન્યથી દસ ભગવંતનો જન્મ થાય છે. **'सिद्ध'** = જેણે કર્મને બાળી નાંખ્યા છે તે સિદ્ધ આગમમાં પણ કહ્યું છે કે, "લાંબા કાળથી આઠ પ્રકારની કર્મરજ (આત્માપર) રહેલી છે. તે સિદ્ધ (સ્થિત) કર્મરજને બાળીને સિદ્ધપણું જેમણે પ્રાપ્ત કર્યું. જો કે કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, અભિપ્રાયસિદ્ધ, તપસિદ્ધ, કર્મક્ષયસિદ્ધ... આ પ્રમાણે ઘણા સિદ્ધો છે, પરંતુ અહીંયા તે લેવાના નથી. તેથીજ **'कम्मक्खय'** = કર્મક્ષયથી, સકલ કર્મના નાશથી **'शिवं'** = મુક્તિને = હવે ફરીથી સંસારમાં આવવાનું નથી તે રૂપ મુક્તિને પ્રાપ્ત કરી છે તે સિદ્ધો. તે પણ પંદર પ્રકારે જાણવા. આગમમાં કહ્યું છે કે, "જિનસિદ્ધ[૧], અજિનસિદ્ધ[૨], તિર્થસિદ્ધ[૩], અતિર્થસિદ્ધ[૪], ગૃહસ્થલિંગસિદ્ધ[૫], અન્યલિંગસિદ્ધ[૬], સ્વલિંગસિદ્ધ[૭], સ્ત્રીલિંગસિદ્ધ[૮], પુરુષલિંગસિદ્ધ[૯], નપુંસકલિંગસિદ્ધ[૧૦], પ્રત્યેકબુદ્ધસિદ્ધ[૧૧], સ્વયંસંબુદ્ધસિદ્ધ[૧૨], બુદ્ધબોધિતસિદ્ધ[૧૩], એકસિદ્ધ[૧૪] અને અનેકસિદ્ધ[૧૫]." આ પંદર ભેદ જાણવા.

**'पडिमा'** પ્રતિમા એટલે જિનબિંબો. તે ઉર્ધ્વલોક, તિર્ચ્છાલોક, અધોલોકમાં રહેલા શાશ્વતા - અશાશ્વતા જિનભવનોમાં રહેલી જિનપ્રતિમા જાણવી. ત્યાં શાશ્વત પ્રતિમાઓની સંખ્યા આ પ્રમાણે છે :- દેવલોકને વિષે (વૈમાનિકમાં) એક અબજ બાવન કરોડ, નવાણું લાખ, ચુમ્માલીશ હજાર, સાતસો ને સાઠ શાશ્વતા જિનબિંબો છે. ત્રણ લાખ એકાણું હજાર, ત્રણસો ને વીશ શાશ્વત જિનબિંબો જ્યોતિષ સિવાય તિર્ચ્છાલોકમાં છે. તેરશો ને નેવ્યાશી કરોડ ને સાઠ લાખ શાશ્વતા જિનબિંબો ભવનપતિમાં છે. ને જ્યોતિષીના વિમાનમાં તો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસંખ્યાતા શાશ્વતા જિનબિંબો છે. તેવી જ રીતે વ્યંતરનિકાયમાં પણ અસંખ્યાતા જિનબિંબો છે. પંદર અબજ, બેંતાલીસ કરોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર ને એંશી એટલી કુલ સંખ્યા શાશ્વતા જિનબિંબોની છે. અશાશ્વત પ્રતિમા તો શ્રી ભરત ચક્રવર્તી આદિએ કરાવેલ જાણવી. પણ ગ્રંથગૌરવના ભયથી અહીં તે પ્રતિમાઓનું વર્ણન કર્યું નથી. '**सुयन्ति**' = શ્રુત સામાયિકાદિ જાણવું અને તે સમ્યક્ત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિક, સર્વવિરતિ સામાયિક ભેદથી ચાર પ્રકારે છે. ત્યાં સમ્યક્ત્વ સામાયિક તે ઔપશમિકાદિ સમ્યક્ત્વની પ્રાપ્તિ સ્વરૂપ જાણવું. શ્રુત સામાયિક તે ઉત્કૃષ્ટ અને જઘન્ય ભેદથી બે પ્રકારે છે. જઘન્યથી અષ્ટ પ્રવચન માતાના પઠન રૂપ અને ઉત્કૃષ્ટથી દ્વાદશાંગીના પઠન રૂપ તે જાણવું. દેશવિરતિ સામાયિક તે ગૃહસ્થના બાર વ્રતના પાલન સ્વરૂપ જાણવું અને સર્વવિરતિ સામાયિક તે સર્વ સાવદ્ય યોગોના ત્યાગરૂપ જાણવું.

'**धम्मत्ति**' = ધર્મ. તે એકથી માંડીને દશ પ્રકારનો છે. વળી કહ્યું છે કે, "(૧) શ્રી ધર્મ દયા સ્વરૂપે એક પ્રકારે છે. (૨) જ્ઞાન અને ક્રિયા વડે બે પ્રકારે છે. (૩) જ્ઞાન - દર્શન અને ચારિત્રની અપેક્ષાએ ત્રણ પ્રકારે છે. (૪) દાન - શીલ - તપ અને ભાવથી ચાર પ્રકારે છે. (૫) પ્રાણાતિપાત આદિ પાંચ વ્રતની અપેક્ષાએ ધર્મ પાંચ પ્રકારે છે. (૬) છક્કાય જીવની રક્ષા રૂપે છ પ્રકારે છે. (૭) સાત નયની અપેક્ષાએ સાત પ્રકારે છે. (૮) અષ્ટ પ્રવચન માતાની અપેક્ષાએ આઠ પ્રકારે છે. (૯) નવતત્ત્વની અપેક્ષાએ નવ પ્રકારે છે. (૧૦) ક્ષમા આદિ દશ ગુણો વડે ધર્મ દશ પ્રકારે છે." આ દશ પ્રકારનો ધર્મ તે **ચારિત્રધર્મ** છે.

'**तस्सत्ति**' = તે ચારિત્રધર્મનો આધાર-ભારને સહન કરવાના સ્વભાવવાળો તે સાધુવર્ગ (સાધુ સમુદાય) છે. મોક્ષમાર્ગને જે સાધે તે સાધુ કહેવાય. આગમમાં પણ કહ્યું છે કે, "જે કારણથી નિર્વાણને સાધનારા યોગને સાધુઓ સાધે છે અને સર્વ પ્રાણીઓને વિષે જે સમાન છે તે કારણથી તે સર્વ ભાવસાધુ કહેવાય છે. તેનો વર્ગ = સમૂહ તે સાધુવર્ગ. '**आयरियत्ति**' = પાંચ પ્રકારના આચારોને જે પાળે છે - પ્રગટ કરે છે તે આચાર્યો. વળી આગમમાં કહ્યું છે કે, "પાંચ પ્રકારના આચારોનું પાલન કરનારા તેમજ તેના પ્રકાશક અને આચારોને દેખાડનારા હોવાથી આચાર્ય કહેવાય છે." '**उवज्झायत्ति**' = સમીપમાં આવીને જેમની પાસેથી સૂત્ર ભણી શકાય તે ઉપાધ્યાય ભગવંતો જાણવા. આગમમાં પણ કહ્યું છે કે, "જ્ઞાનીઓ વડે જિનેશ્વર ભગવંતે કહેલા બાર અંગનો સ્વાધ્યાય કહેવાયો છે. તેનો ઉપદેશ આપે છે તેથી ઉપાધ્યાય કહેવાય છે. આચાર્ય તથા ઉપાધ્યાય ભગવંતનું વિશેષણ કહે છે કે '**विसेसगुणत्ति**' = જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ વિશેષ ગુણોથી યુક્ત = સદારાધનાથી યુક્ત હોય છે. ક્યાં ? તો શ્રી જિનશાસનમાં. જે કારણથી તેઓ વડે જ પ્રવચન પ્રવર્તે છે. વળી કહ્યું છે કે, "ક્યારે પણ જિનેશ્વર ભગવંતો અજરામર પદને પામે છે. ત્યારે આચાર્યોને પ્રવચન (જિનશાસન) આપે. વર્તમાનમાં સઘળું પ્રવચન આચાર્યો ધારણ કરે છે." '**पवयणत्ति**' = પ્રવચન. સર્વ એવો ચતુર્વિધ શ્રી શ્રમણસંઘ તે પ્રવચન સ્વરૂપ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'दंसणन्ति'** = અહીં શ્રી જિનશાસનમાં 'દર્શન' શબ્દથી આગમજ્ઞાતાઓ ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિકાદિ સમ્યક્ત્વને ઈચ્છે છે - તેની પ્રરૂપણા કરે છે. હવે ઉપસંહાર કરતાં કહે છે કે 'विणयत्ति' = પૂર્વે જણાવેલા આ અરિહંતાદિ દશ પદનો આ પ્રકારે વિનય કરવો જોઈએ. 'तु' = નિશ્ચયના અર્થમાં છે. આ પ્રમાણે ચાર ગાથાનો અર્થ થયો.

**હવે તે વિનયનું સ્વરૂપ કેવું છે ? અને તેનું ફળ શું છે ? તે ચાર ગાથા દ્વારા જણાવે છે.**

**भत्ती बहुमाणो वन्नजणण नासणमवण्णवायस्स ।**
**आसायणपरिहारो, विणओ संखेवओ एसो ॥ २१ ॥**
**भत्ती बहिपडिवत्ती, बहुमाणो मणसि निब्भरा पीई ।**
**वण्णजणणं तु तेसिं, अइसयगुणकित्तणाईहिं ॥ २२ ॥**
**उड्डाहगोवणाई भणियं, नासणमवण्णवायस्स ।**
**आसायणपरिहरणं, उचियासणसेवणाइयं ॥ २३ ॥**
**दसभेयविणयमेयं, कुणमाणो माणवो निहयमाणो ।**
**सद्दहइ विणयमूलं, धम्मंति विसोहए संमं ॥ २४ ॥**

ગાથાર્થ :- ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ, અવર્ણવાદનો ત્યાગ, આશાતનાનો પરિહાર આ પાંચ પ્રકારે સંક્ષેપથી વિનય જાણવો. ॥ ૨૧ ॥

બાહ્ય પ્રતિપત્તિ (આદરયુક્ત વ્યવહાર) એ ભક્તિ છે. મનથી અત્યંત પ્રીતિ એ બહુમાન છે. અતિશય ગુણકીર્તનાદિ વડે તેઓની ગુણસ્તુતિ જાણવી. ॥ ૨૨ ॥

અવર્ણવાદનો નાશ તે જિનશાસનની અપભ્રાજનાને અટકાવનાર કહ્યું છે. આશાતનાનો પરિહાર એટલે ઉચિત આસનાદિથી સેવા કરવી. ॥ ૨૩ ॥

આમ દશ પ્રકારના વિનયને કરતો જીવ, જાતિ આદિ મદથી રહિત બનેલો વિનય મૂળ એવા ધર્મની શ્રદ્ધા કરે છે અને સમ્યગ્દર્શનને શોભાવે છે. (નિર્મલ બનાવે છે.) ॥ ૨૪ ॥

**ટીકાર્થ :-'भत्तित्ति'**= ભક્તિ, બહુમાન, ગુણસ્તુતિ, અવર્ણવાદનો ત્યાગ, આશાતના પરિહાર આ સંક્ષેપથી પાંચ પ્રકારે વિનય છે.

હવે ભક્તિ આદિ ભેદોની વ્યાખ્યા કરતાં કહે છે કે **'भत्तित्ति'** = ભક્તિ = બાહ્ય પ્રતિપત્તિ = જેમ કે ગુરુની સન્મુખ જવું, આસન આપવું, નમસ્કાર કરવો, તેમની સેવા કરવી, તેમના અભિપ્રાયને અનુસરવું. **'बहुमाणत्ति'** = બહુમાન = મનથી અત્યંત પ્રીતિ. જેમકે ગુરુભગવંતના દર્શન માત્રથી જ પરમાનંદ - ઉલ્લાસની પ્રાપ્તિ થાય. **'वण्णजणणंति'** = ગુણોની સ્તુતિ. અરિહંતાદિની પ્રશંસા કરવામાં, પ્રશંસા કરનારને મહાન બોધિલાભની પ્રાપ્તિ થાય છે. જે ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે, "અરિહંત ભગવંતની ગુણસ્તુતિ કરવાથી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંત ભગવંતે પ્રરૂપેલા ધર્મની પ્રશંસા કરવાથી, આચાર્ય ભગવંત અને ઉપાધ્યાય ભગવંતની પ્રશંસા કરવાથી, ચતુર્વિધ સંઘની પ્રશંસા કરવાથી, તપ અને બ્રહ્મચર્યથી રહિત એવા દેવોની પ્રશંસા કરવાથી... આમ પાંચ પ્રકારે જીવ બોધિલાભને પ્રાપ્ત કરે છે.

**'तु'**= વળીના અર્થમાં છે. **'उड्डाहत्ति'**= નાશ કરવો. કોનો ? અરિહંતાદિની અશ્લાઘા રૂપ અવર્ણવાદનો. તે નાશ અને રક્ષણ એ શું છે ? તો કહે છે કે જિનશાસનની અપકીર્તિ થાય તેવા કાર્યથી રક્ષા કરવી. એમ તીર્થંકર ભગવંતો તથા ગણધર ભગવંતોએ કહ્યું છે. વળી કહ્યું છે કે, "સાધુ અને ચૈત્યના પ્રત્યનીક (શત્રુને) ને તેમજ તેમના અવર્ણવાદને અને જિનપ્રવચનના અવર્ણવાદને સર્વ પ્રયત્ન વડે વારવો જોઈએ. **'आसायणत्ति'**= આશાતનાનો પરિહાર કરવો. એટલે શું ? ઉચિત આસનનું સેવન કરવું = જિનમંદિરમાં ઔચિત્ય જાળવીને રહેવું. અનુચિત આસનાદિનું સેવન કરનાર લોકમાં નિંદાપાત્ર બને છે. એ પ્રમાણે ભાવ છે. તે આશાતના જઘન્યથી (સંખ્યામાં ઓછી પણ મોટી) દશ, મધ્યમ આશાતના ચાલીશ અને (સંખ્યામાં) ઉત્કૃષ્ટથી ૮૪ આશાતના છે. હવે તે આશાતના ક્રમથી કહેવાય છે.

**જઘન્ય આશાતના :-** (૧) દેરાસરમાં પાન સોપારી ખાવા, (૨) પાણી પીવું, (૩) ભોજન કરવું, (૪) બુટ-ચંપલ પહેરી જવું, (૫) સ્ત્રી સાથે ભોગ કરવો, (૬) શયન કરવું, (૭) થુંકવું, (૮) પેશાબ કરવો, (૯) વડીનીતિ કરવી અને (૧૦) જુગાર રમત કરવી. આ દશ આશાતના ટાળવી.

**મધ્યમ આશાતના :-** (૧) મૂત્ર, (૨) વડીનીતિ, (૩) જોડા, (૪) પાણી પીવું, (૫) ભોજન, (૬) સુવું, (૭) સ્ત્રી ભોગ, (૮) તંબોલ, (૯) થુંકવું, (૧૦) જુગાર આદિ કરવા, (૧૧) જૂ-માંકડ વીણવા, (૧૨) વિકથા કરવી, (૧૩) પલાંઠી વાળી બેસવું, (૧૪) પગ લાંબા કરી બેસવું, (૧૫) પરસ્પર વિવાદ કરવો, (૧૬) હાંસી કરવી, (૧૭) ઈર્ષ્યા કરવી (૧૮) સિંહાસન (પાટ-પાટલા) નો ઉપયોગ કરવો, (૧૯) વાળ તથા શરીરની શોભા કરવી, (૨૦) છત્ર ધરવું, (૨૧) તલવાર વિગેરે રાખવું, (૨૨) મુગટ રાખવો, (૨૩) ચામર ઢોળાવવા (૨૪) લેણદારને પકડવા (૨૫) સ્ત્રી વિગેરે સાથે હાસ્ય વિનોદ કરવો, (૨૬) સ્ત્રી આદિ સાથે રમત રમવી, ક્રીડા કરવી (૨૭) મુખકોશ બાંધ્યા વિના પૂજા કરવી, (૨૮) મલીન શરીર તથા મલીન વસ્ત્રથી પૂજા કરવી, અપવિત્ર દ્રવ્ય વાપરવા (૨૯) મનની એકાગ્રતા ન રાખી (૩૦) મંદિરમાં પ્રવેશતાં ફુલમાળાદિ સચિત્ત વસ્તુનો ત્યાગ ન કરવો, (૩૧) અલંકારાદિ અચિત્ત પદાર્થોને દૂર કરવા. (૩૨) અખંડ વસ્ત્રનું ઉત્તરાસણ પહેર્યા વિના જવું, (૩૩) પ્રભુના દર્શન થવા છતાં અંજલિ ન જોડવી. (૩૪) રિદ્ધિ હોવા છતાં પૂજા ન કરવી, (૩૫) અનિષ્ટ પુષ્પ આદિથી પૂજા કરવી, (૩૬) બહુમાન - આદર વગરની પૂજા કરવી, (૩૭) જિનેશ્વર ભગવંતના વૈરીનું નિવારણ કરવું નહિ, (૩૮) દેવદ્રવ્યનો નાશ થતો હોય ત્યાં ઉપેક્ષા કરવી, (૩૯) સામર્થ્ય હોવા છતાં જોડા પહેરીને મંદિરે ગયા, (૪૦) જોડા પહેરીને ચૈત્યવંદનાદિ સ્તોત્ર પાઠાદિ કર્યા.

**જિનભવનમાં રહેલાઓની આ ચાલીશ આશાતના છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્કૃષ્ટ આશાતના :-**

(૧) खेलं = કફ, થુંક નાંખવું, (૨) केलि =ક્રીડા, હાસ્ય, મશ્કરી કરવી, (૩) किलं = ખોટું બોલવું, (૪) कलाकुल = કળાઓ વિધ-વિધ પ્રકારની શીખવી, (૫) लयं = વાચાલપણું કરવું, (૬) तंबोलं = મુખવાસ ખાવો, (૭) उग्गालयं = પાનાદિની પિચકારી મારવી, (૮) गाली = ગાળ આપવી, (૯) कंगुलिया = દેરાસરમાં કે તેની નજીકમાં વડીનીતિ કે લઘુનીતિ કરી, (૧૦) सरीरधुयणं = હાથ-પગ વગેરે ધુવે, (૧૧) केसे = વાળ ઓળે, (૧૨) नहे = નખ ઉતારે, (૧૩) लोहियं = લોહી પાડે, (૧૪) भत्तोसं = સુખડી વગેરે ખાય, (૧૫) तप = ચામડી નાંખે, (૧૬) पित्त = પિત્ત નાંખે, (૧૭) वंत = ઉલ્ટી કરે, (૧૮) दसणे = દાંત પડે કે પાડે, (૧૯) विस्सामणं = વિશ્રામ કરે, (૨૦) दामणं = પશુઓનું દમન કરે, (૨૧) दंत = દાંતનો મેલ નાંખે, (૨૨) च्छी = આંખનો મેલ નાંખે, (૨૩) नह = નખનો મેલ નાંખે, (૨૪) गंड = ગાલ પરનો મેલ કાઢીને નાંખે, (૨૫) नासय = નાકનો મેલ નાંખે, (૨૬) सिरो = માથાનો મેલ નાંખે, (૨૭) सुत्त = કાનનો મેલ નાંખે, (૨૮) च्छवीणं गलं = શરીરના અન્ય કોઈપણ ભાગનો મેલ નાંખે, (૨૯) मंत = ભૂતાદિના નિગ્રહ માટે મંત્રસાધના કરે, (૩૦) मीलण = રાજયના કે વિવાહાદિક કાર્ય માટે પંચ ભેગું થાય, (૩૧) लिक्खयं = ઘરના કે વેપારાદિના નામા-લેખા કરવા, (૩૨) विभजणं = ધનના ભાગની વહેંચણી કરવી, (૩૩) भंडार = પોતાના પૈસા દેરાસરના ભંડારમાં રાખ્યા, પોતાનો જુદો ભંડાર મૂક્યો, (૩૪) दुट्ठासणं = ખરાબ આસનમાં (પગ પર પગ ચઢાવી) બેસવું, (૩૫) छाणी = દેરાસરની ભીંત, ઓટલા, જમીન પર છાણા થાપવા, (૩૬) कप्पड = દેરાસરની ભીંત, ઓટલા, જમીન પર કપડા સુકવવા, (૩૭) दालि = દેરાસરની ભીંત, ઓટલા, જમીન પર ચણા-તુવેરની દાળો સુકવવી, (૩૮) पप्पड = દેરાસરની ભીંત, ઓટલા, જમીન પર પાપડ સુકવવા, (૩૯) वडी (विस्सारण) = દેરાસરની ભીંત, ઓટલા, જમીન પર વડીઓ સુકવવી, (૪૦) नासणं = રાજાદિના ભયથી દેરાસરમાં નાશભાગ કરવી, સંતાવું, (૪૧) अकयं = રૂદન કરવું, આક્રંદ કરવો, (૪૨) विकहं = સ્ત્રી, રાજ, ભક્ત, દેશાદિની વિકથા કરવી, (૪૩) सरिच्छुघडणं = દેરાસરમાં રાખેલા મજૂરો પાસે પોતાના ઘરની સામગ્રી ઘડાવવી, (૪૪) तेरिच्छसंढावणं = પશુ પક્ષીઓને દેરાસરમાં રાખવા, (૪૫) अग्गीसेवण = ઠંડીમાં અગ્નિનું સેવન કરવું, (૪૬) रंधणं = રસોઈ રાંધવી, (૪૭) परिखणं = ધનાદિ દ્રવ્યની પરીક્ષા કરવી, (૪૮) निस्सीहियाभञ्जणं = નિસીહિનો ભંગ કર્યો, બોલવાની રહી ગઈ, (૪૯) छत्त = માથે છત્ર ધારણ કર્યું, (૫૦) उवाणह = પગમાં જોડા પહેરી રાખ્યા, (૫૧) सत्थ = શસ્ત્ર રાખ્યા, (૫૨) चामर = ચામર ઢોળાવ્યા, (૫૩) मणोऽणेगत्तं = મનને ભટકતું રાખ્યું, (૫૪) अब्भंगणं = તેલાદિ શરીરે ચોપડ્યું, (૫૫) सच्चित्ताणमचाय = પુષ્પમાળ વગેરે પોતાના ઊપભોગમાં આવતા સચિત્તનો ત્યાગ ન કરે, (૫૬) चायमजिए = શોભા માટેના અલંકારો જેમકે વીંટી, હાર વગેરેનો ત્યાગ કરે, (૫૭) दिट्ठीइ नो अंजली = પરમાત્માને જોતા મસ્તકે અંજલિ ન કરી, (૫૮) साडिगुत्तरसंगभंग = અખંડ, દશીવાળું ઉત્તરાસંગ (ખેસ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન રાખ્યો, (૫૯) मउडं= મસ્તકે મુગટ રાખવો, (૬૦) मोलिं= પાઘડી, ટોપી વગેરે રાખવી, (૬૧) सिरोसेहरं= ફુલના હાર-તોરા મસ્તકે રાખ્યા, (૬૨) हुड्डा= હોડ કરવી, શરત બકવી, (૬૩) गिंडुअगेड्डियाइ = ગેડી-દડાની રમત રમવી, (૬૪) रमणं = વર-વહુની રમત કરે, (૬૫) जोहारं = કોઈ પણ મોટા માણસને જુહાર (સલામ) કરવી, (૬૬) भंडक्कियं = ભાંડ જેવી ચેષ્ટા કરવી, (૬૭) रेक्कारं= તિરસ્કારવાળા વચનો બોલવા, (૬૮) धरणं= લેણદારાદિને પકડવો, (૬૯) रणं = રણસંગ્રામ કરવો, (૭૦) विवरणं = વિગતવાર સમજાવવા બેસવું, વ્યાખ્યાન કરવું, (૭૧) वालाण = હલકું ધાન્ય દેરાસરમાં ચઢાવ્યું, (૭૨) पल्हत्थियं = બે હાથે ઢીંચણથી બે પગ બાંધીને બેસવું, (૭૩) पाऊ = વાછૂટ કરવી, (૭૪) पायपसारणं = પગ લાંબા કરીને બેસવું, (૭૫) पुडुपुडी= પગચંપી કરાવવી, (૭૬) पंकं रओ= કાદવ અને રજથી ખરડાયેલા પગે પ્રવેશ કરવો, (૭૭) मेहुणं = મૈથુન સેવવું, (૭૮) जेमण = જમણ કરવું, (૭૯) जुज्झ = ઝઘડો કરવો, (૮૦) विज्ज = વૈદુ કરવું, (૮૧) वणिजं = વેપાર કરવો, (૮૨) सिज्जं= સૂઈ જવું, (૮૩) जलं= પાણી પીવું, (૮૪) मज्जणं= સ્નાન કરવું,

**સંયમી એવો તે જિનાલયે આ પાપકાર્યોનો ત્યાગ કરવાપૂર્વક જાય.**

આ આશાતનાનું વર્જન મોટા ગુણનું કારણ બને છે જયારે આશાતના કરવી એ દોષનું કારણ બને છે. વળી કહ્યું છે કે, "આશાતના કરવી તે મિથ્યાત્વ છે. જયારે આશાતનાનો પરિહાર કરવો તે સમકિત છે. આશાતનાના કારણે દીર્ઘ સંસાર વધે છે.

**'दसभेयत्ति'** = આ દશ પ્રકારના વિનયને = અરિહંતાદિની ભક્તિ રૂપે આ દશ પ્રકારના વિનયને કરતો માનવ જાતિ આદિ મદથી રહિત બની શ્રદ્ધા કરે છે = સમ્યક્ પ્રકારે ચિત્તમાં સ્થાપન કરે છે. કોને ? તો કહે છે કે અરિહંત ભગવંતે કહેલા ધર્મને. તે ધર્મ કેવો છે ? વિનય જેનું મૂળ છે - વિનય જેનો આધાર છે એવા ધર્મને ચિત્તમાં સ્થાપન કરે છે. આ રીતે પૂર્વે કહેલા પ્રકાર વડે, મિથ્યાત્વ રૂપી કાદવનું પ્રક્ષાલન કરી, સમ્યગ્દર્શનને શુદ્ધ કરે છે - નિર્મલ કરે છે. એ પ્રમાણે ૪ ગાથાનો અર્થ છે. ભાવાર્થ તો ભુવનતિલક મુનિના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :-

પવિત્રપત્રોની શોભાથી યુક્ત, ઈચ્છિતને આપનાર, સુરભિથી યુક્ત, પુષ્પ સમાન, ધનાઢ્યોથી વ્યાપ્ત **કુસુમપુર** નામનું **નગર** હતું. ત્યાં **ધનદ** નામનો **રાજા** હતો. તેની લક્ષ્મી આગળ વૈશ્રમણ (કુબેર) પણ ભિક્ષુકનું આચરણ કરતો હતો. વિષ્ણુને જેમ લક્ષ્મી પ્રિયા હતી તેમ તેને **પદ્માવતી** પ્રિયા હતી. તેણીના રૂપને મેળવવાની ઈચ્છાવાળી દેવીઓ ચિંતાથી સૂતી પણ નથી. તેઓનો અત્યંત રૂપવાળો, સૌભાગ્યવાન, ભવ્ય અંગવાળો, સુબુદ્ધિવાળો, સત્ત્વશાળી જીવોમાં તિલક સમાન એવો **'ભુવનતિલક'** નામે પુત્ર હતો. જાણે પરસ્પર સ્પર્ધા જ ન કરતી હોય ! તેમ સર્વ કલાઓ તેનામાં વધતી હતી. તો પણ તેનામાં વિનય ગુણ અતિ અદ્ભુત હતો. જેમ તીક્ષ્ણ તલવાર વડે વૃક્ષને મૂળથી કાપી શકાય છે તેમ વિનયરૂપી ઉત્તમ શાણ (હથિયાર સજવાનું યંત્ર) ઉપર વિદ્યા રૂપી તલવાર અત્યંત તેજસ્વી બને છે. અને તે દ્વારા જડતા રૂપી વૃક્ષનું ઉન્મૂલન કરી શકાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર **ધનદ રાજા** પોતાની સભામાં બેઠો હતો તે વખતે સુવર્ણની છડી ધારણ કરનાર વિશદાનંદ નામના છડીદારે આવીને વિનંતિ કરી કે, "હે રાજન્ ! આપના દ્વારે **રત્નસ્થલ** નગરના રાજા **અમરચંદ્ર**નો વિકસિત મુખવાળો, કામદેવ સમાન રૂપવાળો એવો પ્રધાન પુરુષ આવ્યો છે. તેને શું આદેશ કરવો ? તે કૃપા કરી જણાવો. તે સાંભળી રાજાએ જલ્દીથી કહ્યું કે, "મારા ચિત્તરૂપી સાગરને વિષે ચંદ્રમા સમાન તે રાજાના પ્રધાન પુરુષને મારી પાસે લાવો." દ્વારપાળ વડે રાજાની પાસે લવાયેલો તે રાજાને પ્રણામ કરી, પ્રાપ્ત કરેલા આસન ઉપર બેઠેલા એવા તેણે આ પ્રમાણે કહેવાને માટે પ્રારંભ કર્યો :- "હે સ્વામિન્ ! શત્રુઓને જેમણે નમાવ્યા છે એવા **અમરચંદ્ર રાજા** અમારા સ્વામી છે. તે પ્રેમ અને આદર પૂર્વક આપને નમસ્કાર પૂર્વક જણાવે છે કે, અમારી નામથી અને ગુણથી **યશોમતી** નામની પુત્રી છે. જેના રૂપનું નિરૂપણ કરવામાં દેવીઓ પણ અનિમેષતાને પામે છે. એકવાર તે રમત કરતી સખીઓની સાથે મકરંદ નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઈ હતી ત્યારે વિદ્યાધરીઓના મુખથી ગવાતા તમારા પુત્રના ગુણસમૂહના તેજથી જાણે કુમાર જ હોય તેમ શ્રવણ કર્યું. ત્યારથી તમારા કુમારમાં જ આસક્ત કામદેવના બાણોથી હણાયેલી એવી તેના ઉપર કરૂણા કેમ નહી ? યોગિની જેમ પરબ્રહ્મને ધ્યાવે તેમ ચિત્તમાં તમારા કુમારને જ ધ્યાવતી એવી તેણીએ ઘરે આવીને મહાકષ્ટે કેટલાક દિવસો પસાર કર્યા. વિયોગથી પીડાતી તે બાલા જ્યાં સુધી પ્રાણને ત્યજી ન દે ત્યાં સુધી હે રાજા ! તમારા પુત્રનું ભાગ્ય ઝળહળી રહ્યું છે એમ હું માનું છું. તેથી કુમારને જલ્દી મોકલી, તેની સાથે પાણિગ્રહણ કરી, અમારી આ પ્રાર્થનાને સફળ કરો."

હવે રાજાએ **બુદ્ધિવિશાલ** નામના **મંત્રી** સન્મુખ જોયું ત્યારે તેણે પણ કીધું, "હે પ્રભો ! આ બરાબર છે." તેના વાક્યને પ્રમાણ કરીને તે પ્રધાનપુરુષને સત્કાર કરીને રાજાએ તેને સુંદર આવાસમાં સ્થાપન કર્યો. હવે રાજાની આજ્ઞાથી મંત્રી અને સામંત રાજાઓ સહિત રાજકુમાર **ભુવનતિલકે**, શુભ દિવસે, ઘોડા પર આરૂઢ થઈને (લગ્ન માટે) પ્રયાણ કર્યું. વેગથી માર્ગને કાપીને સિદ્ધપુર નગરની બહાર આવ્યા ત્યાં તો મૂર્ચ્છાથી બીડાયેલા લોચનવાળો તે કુમાર રથના ખોળામાં પડ્યો. તેને તેવા પ્રકારનો જોઈને હા ! હા ! એમ કોલાહલ કરવામાં તત્પર એવો સકલ પરિવાર જલ્દીથી ભેગો થઈ ગયો. ત્યારે મંત્રી મુખ્ય લોકોએ કોમળ આલાપપૂર્વક તેને બોલાવવા છતાં તે પથ્થરના ટૂકડાની જેમ કાંઈ પણ ઉત્તર ન આપ્યો. તેથી હિમ વડે કરમાઈ ગયેલા કમળના જેવા મુખવાળા મંત્રીઓએ સર્વ માંત્રિકોને લાવીને તેનો ઉપચાર કરાવ્યો. પરંતુ તેમના સર્વ ઉપચારો ઉખર ભૂમિમાં મેઘની વૃષ્ટિની જેમ નિષ્ફળ ગયા. જ્યારે વિધિ પ્રતિકૂલ હોય છે ત્યારે ખરેખર ક્રિયા નિષ્ફળ જાય છે.

પાણીમાં જેમ તેલબિંદુ વિસ્તાર પામે તેમ તેના દરેક અંગમાં ઘણી વેદના વૃદ્ધિ પામી અને ઈન્દ્રિયની વિકલતાને પામ્યો. ત્યારે તેના દુઃખથી દુઃખી થયેલા મંત્રી વિગેરે લોક જાણે કુંભીમાં રહેલ નારકની જેમ વિરસપણે આક્રંદ કરવા લાગ્યા. હા ! હા ! પુરુષ માણિક્ય ! હા હા ! દાક્ષિણ્યના સાગર ! હા હા ! નમનારને ઈચ્છિત આપનાર કલ્પવૃક્ષ ! હા ! વિનીત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિરોમણિ ! હા વીર ! ધીર ! સંસારના સારભૂત ! હા ! વિદ્યાના ધામ ! હે શ્રેષ્ઠ કુમાર ! ભાગ્યવશ આવી દુર્દશાને તું કેમ પામ્યો ? વળી જાણે હત્યા કરી હોય એવા અમે અતુચ્છ = ઉદાર પુત્ર ઉપર વાત્સલ્યના સાગર એવા સ્વામીને અમારું મુખ કેવી રીતે બતાડશું ? સિદ્ધપુરના ઉદ્યાનમાં અનેક પ્રકારના આક્રંદથી જેટલામાં પાણીના બિંદુના બહાનાથી તે વૃક્ષો પણ અવશ્ય રડતા હતા તેટલામાં તો સુરાસુર વડે પૂજાયેલ છે ચરણ જેમના, શ્રમણોમાં અગ્રણી, શરદ ઋતુના સૂર્ય સમાન એવા મહાજ્ઞાની ત્યાં આવીને સમોસર્યા. દેવોએ રચેલા સુવર્ણ પત્રના કમળમાં બેસીને મુનિ ભગવંતે અમૃત સમાન દેશનાને આપી. તે સામંત-મંત્રી વિગેરે પણ કેવલીની પાસે જઈ, પ્રણામપૂર્વક બેસી આ પ્રમાણે દેશના સાંભળવા લાગ્યા :- "હે ભવ્ય પ્રાણીઓ ! આ સંસાર રૂપી અગાધ સાગરમાં મત્સ્યાદિકના સમૂહની જેમ સંભ્રમથી ભટકતા એવા જીવો, સત્કૃત્યો વડે કેમે કરીને અદ્ભૂત એવા મનુષ્ય જન્મને પ્રાપ્ત કરીને, તેને સફળ કરવા માટે મોક્ષસુખ રૂપી વૃક્ષની વૃદ્ધિ કરવામાં મેઘ સમાન એવા વિનય વડે શ્રી સિદ્ધાદિ પરમેષ્ઠિનું આરાધન કરો."

દેશનાના અંતે સ્વચ્છ બુદ્ધિવાળા કંઠીરવ નામના સામંતના અગ્રણીએ, મુગુટને હાથના સંપુટમાં રાખી મુનિને પૂછ્યું કે, "હે ભગવન્ ! મહા બુદ્ધિશાળી એવા **ભુવનતિલક** નામના આ કુમારને અણચિંતી દુઃખની પ્રાપ્તિ થવાનું શું કારણ છે ? ત્યારે આચાર્ય ભગવંત બોલ્યા કે, હે મહાભાગ્યશાળી ! ધાતકી ખંડની શોભાવાળા ભરતક્ષેત્રમાં દેવનગર સમાન ભુવનાગાર નામનું નગર છે. એકવાર ત્યાં ગુણોથી યુક્ત, મુક્તાફળની જેવા નિર્મલ, પાપના સમૂહને જેણે દૂર કર્યો છે એવા આચાર્ય ભગવંત ગચ્છ સહિત પધાર્યા. તે સૂરિનો નિર્ધર્મ શિરોમણી એવો વાસવ નામનો શિષ્ય, મુનિરાજ રૂપી હંસોને વિષે બગલાની જેમ વર્તતો હતો. સંક્લિષ્ટ અધ્યવસાયવાળો, મહાત્માઓને શત્રુ એવો તે હંમેશા દુર્વિનયરૂપ સમુદ્રમાં દુષ્ટ માછલાની જેમ નિમગ્ન રહેતો હતો. એકવાર આચાર્ય ભગવંતે શિષ્ટ પુરુષની જેમ તેને ઉપદેશ આપ્યો કે, "હે વત્સ ! તું વિનયને કર. ખરેખર, તે જ માનવને કલ્યાણકારી છે. કહ્યું છે કે, "વિનયનું ફળ ગુરુની સેવા કરવી તે છે. ગુરુસેવાનું ફળ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ છે. જ્ઞાનનું ફળ વિરતિ અને વિરતિનું ફળ આશ્રવનો નિરોધ છે. સંવરનું ફળ તપોબળ છે. તપથી નિર્જરારૂપી ફળ દેખાયું છે. કર્મનિર્જરાથી ક્રિયાનિવૃત્તિ અને ક્રિયાનિવૃત્તિથી અયોગિપણું પ્રાપ્ત થાય છે. યોગના નિરોધથી ભવપરંપરાનો નાશ થાય છે. ભવપરંપરાના નાશથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે વિનય એ સર્વ પ્રકારના કલ્યાણોનું ભાજન છે." વળી કહ્યું છે કે, "મૂળ થકી વૃક્ષનો સ્કંધ પેદા થાય છે. સ્કંધ પછી શાખા પેદા થાય છે. શાખાથી પ્રશાખા પેદા થાય છે. પછી પાંદડાઓ ઉગે છે, ત્યાર પછી પુષ્પ અને પછી ફળ અને પછી રસ પેદા થાય છે. એ પ્રમાણે ધર્મનું મૂળ વિનય છે અને ફળ તે મોક્ષ છે. જેનાથી કીર્તિ, શ્રુતજ્ઞાન અને સર્વ સિદ્ધિને તે પામે છે."

આ પ્રમાણે વિનય ગુણના ઉપદેશ રૂપી અમૃતથી સિંચાવા છતાં પાપી મનવાળા એવા તેણે મનરૂપી સગડીમાં કોપરૂપી અગ્નિને સળગાવ્યો. વક્રઘોડાને ચાબૂકનો પ્રહાર જેમ અત્યંત દ્વેષને માટે થાય છે તેમ ઉદ્ધત એવા તે શિષ્યને ગુરુનો ઉપદેશ ઉલ્ટો દ્વેષને પોષનારો થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અકાર્યમાં આસક્ત એવા તેને એકવાર મુનિઓએ પ્રેરણા કરી તો દુષ્ટ હાથીની જેમ તેઓને મારવા તે દોડ્યો. મારા છિદ્રોને જોનાર દુર્જનો જેવા સાધુઓથી સર્યું. તેઓ મને પીડા આપે છે તો હું પણ તેમને મારવા માટે પ્રયત્ન કરું. ક્ષુદ્ર, પુણ્ય-પાપપણાથી નિરપેક્ષ એવા તેણે શત્રુની જેમ તેઓને મારી નાંખવા માટે પાણીના ઘડામાં તાલપુટ વિષ નાંખ્યું. દુર્જનશિરોમણિ એવો તે પોતે ભયથી ભાગી ગયો. ખરેખર ! નરકગામી જીવોની મતિ આવા પ્રકારની હોય છે.

હવે આ બાજુ તે પાણીનો ઉપભોગ કરતા નિર્મલ આશયવાળા સાધુઓને, ગચ્છને વિષે અનુરક્ત એવી શાસનદેવીએ માની જેમ અટકાવ્યા-નિવાર્યા. તે શિષ્ય પણ ત્યાંથી નાસી કષ્ટોથી વ્યાપ્ત કોઈક જંગલમાં ભમતાં, ક્ષુધા, તૃષ્ણા, શીત, ઉષ્ણ વેદનાથી પીડાતો, દાવાનલની સળગતી જ્વાલાઓથી આખું ય શરીર બળતા, રૌદ્રધ્યાનથી મરીને સાતમી નરકે ગયો. માછલા પકડવાનું યંત્ર જેમ ગ્રાહ (માછલાની જાતિ) ને પકડે તેમ ત્યાં સુતીવ્રતર વજ્રના ઉગ્ર કંટકાગ્ર વડે ભેદાવા રૂપ આતિથ્યને પામ્યો. ત્યાંથી નીકળીને મત્સ્યાદિ તિર્યંચ યોનિમાં અવતરીને, નરકમાં મહાદુઃખોને ઘણીવાર તેણે ભોગવ્યા. ખરેખર ! તે તેવા પ્રકારના સ્થાનને ઉચિત હતો. ઘણા ભવોમાં ભમી-ભમીને, બાલતપોને કરીને અકામ નિર્જરાથી કાંઈક કર્મની લઘુતાને પામ્યો અને હાલમાં તે પિતાના અતિશય સ્નેહપાત્રરૂપ, ધનદ રાજાનો **ભુવનતિલક** નામનો પુત્ર થયો છે. પહેલા ઋષિઘાતના પરિણામથી જે કુકર્મ ઉપાર્જન કર્યું તે ભોગવતા બાકી રહેલા કર્મથી આજે આવી દુર્દશાને પામ્યો છે."

તે વૃત્તાંત સાંભળીને ભયભીત થયેલા કંઠીરવે કેવલી ભગવંતને પૂછ્યું કે, "હે પ્રભો ! કેવી રીતે આ રાજકુમાર નિરોગી થશે ?" જ્ઞાની ભગવંતે કહ્યું કે, "હમણાં એનું કર્મ પ્રાયઃ ક્ષીણ થઈ ગયું છે તેથી વ્યથાથી મૂકાતો તે અહીં જ નિશ્ચિતપણે રોગથી મુક્ત થશે - નિરોગી થશે." એ પ્રમાણે સૂરિ ભગવંતના વચનને કર્ણના આભૂષણની જેમ સાંભળીને સૈનિકો સૈન્યને વિષે ગયા અને પ્રાયઃ કરીને ઘણી પીડા જેની નષ્ટ થઈ ગઈ છે એવા તે કુમારને જોયો. પછી મહાદક્ષ એવા મંત્રીઓએ જ્ઞાની ભગવંતના વચનામૃતથી તેને સિંચ્યો તેથી મોહોદયના ક્ષયથી તે ચૈતન્યપણાને પામ્યો. મંત્રી આદિ પાસેથી હોંશિયાર એવા તેણે જાતે જ પૂર્વજન્મનું તે વૃત્તાંત સાંભળીને ભય પામેલો અને હર્ષ પામેલો રાજાનો તે કુંવર તે કેવલી ભગવંતને વંદન કરવા માટે જલ્દીથી ગયો. કુમારે મસ્તકની માળાના વિકસિત ખરતા પુષ્પોની શ્રેણી વડે ગુરુ ભગવંતના ચરણકમલને પૂજીને વિનંતિ કરી, "હે પ્રભો ! જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત કરેલો એવો હું, પાશના બંધનથી બંધાયેલા મૃગ જેમ ગાઢ પાપ રૂપી કષ્ટથી કેવી રીતે મુક્ત થાઉં ?" સૂરિ ભગવંતે કહ્યું, "હે મહાભાગ્યશાળી ! કર્મબંધનના સમૂહને જિનદીક્ષા રૂપી તલવાર વિના છેદવાને કોઈ સમર્થ નથી." તે સાંભળીને સંવેગ ઉત્પન્ન થયેલા કુમારે કંઠીરવ આદિ લોકોની સાથે ગુરુ ભગવંત પાસે દીક્ષા ગ્રહણ કરી.

**યશોમતી** રાજકુમારી પણ પોતાના પતિના તે વૃત્તાંતને સાંભળીને તેના વિયોગથી વિલાપ કરવા લાગી કે, "હે નાથ ! તમારામાં જ રાગી એવી મને છોડીને આપે દીક્ષા કેમ ગ્રહણ કરી ?" એમ વારંવાર વિલાપ કરતી કાચબીની જેમ પૃથ્વી ઉપર આળોટવા લાગી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગાઢ મૂર્ચ્છાને પામી. શીતોપચારથી મૂર્ચ્છા દૂર થતાં રડતી, સુંદર દાંતવાળી તેને સખીઓ કહેવા લાગી કે, "હે સખી ! તું વિષાદ ન કર." ત્યારે તેણીએ પણ કહ્યું, "વિધિ વડે હણાયેલી એવી હું હે સખીઓ ! તેના વિરહ રૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલા અત્યંત દુઃસ્સહ દાહને, શરીરને વિષે કેમ સહન કરીશ ?" ત્યારે સખીઓએ પણ કહ્યું, "હે સખી ! નિરાગી ચિત્તવાળા તેના વડે શું ? તેથી તારા હૃદયને આનંદ પમાડે એવા બીજા શ્રેષ્ઠ વરને તું કર." ત્યારે તેણીએ કહ્યું, "હે સખી ! પતિવ્રતા નારીને માટે વ્રતરૂપી મેઘને માટે પ્રલયકાળના પવન સમાન, અપયશકારી આવા વચન તું ન બોલ. હું તેના સિવાય અન્ય વરને કરવાની નથી. તેના જ માર્ગને અનુસરીને હું મારા મનોરથોને પૂર્ણ કરીશ." આ પ્રમાણે કહીને, માતા-પિતાને પૂછીને, જ્ઞાની ભગવંત પાસે જઈને, વૈરાગ્યવાસિત અંતઃકરણવાળી **યશોમતી**એ દીક્ષા ગ્રહણ કરી. બ્રાહ્મી આદિની સાથે યશોમતીની સમાનતા થઈ કે જેણે વિશ્વનેતા કામદેવને પણ જલ્દીથી જીતી લીધો. હવે બાકીના સૈન્યના લોકો પોતાના નગરે પાછા વળ્યા અને ધનદ રાજાને કુમારનું ચરિત્ર કહ્યું.

હવે **ભુવનતિલક મુનિ** દુર્વિનીતપણાથી પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા પોતાના પાપોનું વારંવાર સ્મરણ કરી, અરિહંત-સિદ્ધ-ચૈત્ય-આચાર્ય-ઉપાધ્યાય-સાધુને વિષે અને ધર્મ-શ્રુત-પ્રવચન-દર્શન વિગેરેની નિર્વેદ મનોવૃત્તિવાળા તેમણે, હંમેશા, આદરપૂર્વક તેવા પ્રકારની વૈયાવચ્ચ કરી કે જેથી તે દેવોની સભામાં પણ પ્રશંસનીય બન્યા. આશ્ચર્યકારી ચારિત્રથી યુક્ત તેના વિનય સેવનથી સુગુણોથી યુક્ત એવા ગુરુ ભગવંતો પણ વિસ્મયને પામ્યા. જેમ ચક્રવર્તીઓમાં ભરતચક્રી અગ્રેસરતાને પામ્યા, તેમ **ભુવનતિલકમુનિ** વિનયગુણથી વિનયવાનોની અંદર અગ્રેસરતાને પામ્યા. તેના ગુણના સમૂહથી ખુશ થયેલા ઋષિઓ-મહર્ષિઓ આ પ્રમાણે તેની પ્રશંસા કરવા લાગ્યા કે, "તમે ધન્ય છો ! તમે કૃતપુણ્ય છો ! તમારૂં જીવન પ્રશંસનીય છે !" કેવલજ્ઞાની ભગવંત વડે પણ ગુણોની પ્રશંસા પામેલ તે મુનિએ બોંતેર લાખ પૂર્વ સુધી ચારિત્રનું પાલન કર્યું અને ઍંશી લાખ પૂર્વનું સર્વ આયુષ્ય પૂર્ણ કરીને અંતે પાદપોગમન (અનશનને)ને કર્યું. અંતઃકરણમાં ઉપાયોને પ્રાપ્ત કરીને, શુક્લધ્યાનરૂપી મહારસને ઉત્પન્ન કરીને, કેવલજ્ઞાન રૂપી કલ્યાણને તે મુનિએ સાધ્યું. ત્યાર પછી વિનયી **ભુવનમુનિ** સર્વ કર્મનો ક્ષય કરી, અનંત આનંદના મહાસામ્રાજ્ય રૂપ **મોક્ષપદ**ને પામ્યા. હે ભવ્ય જીવો ! આ પ્રમાણે ભુવનતિલક મુનિના આ ચારિત્રને શ્રોત્રદ્વયના કુંડલ રૂપ કરીને, અરિહંત આદિ દશ પદની નિરંતર વિનય - સેવા કરો કે જેથી શીઘ્ર પણે મોક્ષલક્ષ્મી તમારા ઉત્સંગમાં આવીને બેસે.

**દશ પ્રકારના વિનયના અધિકારમાં ભુવનતિલક સાધુની કથા સંપૂર્ણ થઈ.**

આ પ્રમાણે રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડળને વિષે સૂર્ય સમાન **શ્રી ગુણશેખરસૂરિ - પટ્ટધર શ્રી સંઘતિલકસૂરિ** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિ વિષે દશ પ્રકારના વિનયના સ્વરૂપને જણાવતો **વિનયદ્વારનો ત્રીજો અધિકાર** સમાપ્ત થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ત્રિશુદ્ધિદ્વારનો ચોથો અધિકાર

## પ્રથમ મનઃશુદ્ધિદ્વાર

**मणवायाकायाणं सुद्धी संमत्तसोहिणी तत्थ ।**
**मणसुद्धी जिणजिणमयवज्जमसारं मुणइ लोयं ॥ २५ ॥**

ગાથાર્થ :- મન-વચન-કાયાની શુદ્ધિ સમ્યક્ત્વને નિર્મલ કરે છે. તેમાં જિનેશ્વર અને જિનમતને છોડીને સર્વ લોકને અસાર માને તે મનશુદ્ધિ જાણવી.

**ટીકાર્થ :-** **'मणत्ति'** = મન-વચન-કાયાની શુદ્ધિ સમ્યક્ત્વને નિર્મલ કરનારી છે એ પ્રમાણે સંબંધ છે. તેમાં પ્રથમ મનશુદ્ધિના સ્વરૂપને શ્લોકના ઉત્તરાર્ધ વડે કહે છે. **'मणसुद्धित्ति'** = જિન = વીતરાગ ભગવંતો અને જિનમત = અરિહંત ભગવંતે કહેલા, સકલ ભાવોને પ્રગટ કરનારું દ્વાદશાંગીરૂપ શાસ્ત્ર. તેમાં જે ભાવો કહેલા છે તે સ્થૂલદૃષ્ટિ આત્મા શી રીતે જાણી શકે ? કહી શકે ? વળી કહ્યું છે કે, "જીવોની ગતિ, કર્મની પરિણતિ અને પુદ્ગલના પરિણામને જિનેશ્વર ભગવંત અને જિનાગમ વિના કહેવાને માટે કોણ સમર્થ છે ? આથી તે બંને વિના અન્ય સર્વ લોક = પરતીર્થિક શાસન અસાર અને નિષ્ફળ છે એમ જે માને છે - જાણે છે તેની મનશુદ્ધિ હોય છે. એ પ્રમાણે ગાથાર્થ છે ભાવાર્થ તો **નરવર્મ રાજા**ના દૃષ્ટાંતથી કહે છે તે આ પ્રમાણે :-

અનુક્રમે બમણા - બમણા વિસ્તારવાળા સંખ્યાતીત દ્વીપસમુદ્રોની મધ્યમાં રહેલા, લાખ યોજન વિસ્તારવાળો, વર્ષધર પર્વતોથી મનોહર શ્રી જંબૂદ્વીપ છે. તેના દક્ષિણ દિશાના પ્રાન્ત ભાગે ૧૯૦ ભાગ પ્રમાણ વિસ્તારવાળો ભરતક્ષેત્ર છે. તેના મધ્યખંડની શોભાભૂત, ધન-કનક-મણિ આદિ વસ્તુથી ભરપૂર, પોતાની લક્ષ્મીથી ભોગાવતીને જીતનારી **વિજયવતી** નામની નગરી છે. જે પ્રાસાદોની શુદ્ધ કાંતિથી મિશ્રિત છે. જ્યાં રહેલા ઘોડાઓ મધ્યાહ્ન સમયે સુવર્ણના ઘોડાઓનો વિભ્રમ સૂર્યના સારથીને પણ કરાવે છે.

ત્યાં વૈરી રૂપી હાથીના સમૂહને દૂર કરવામાં સિંહ સમાન, જાણે કલ્પવૃક્ષ જ ન હોય તેવો અને ખેંચાયેલા ધનુષ્યના દંડની જેમ યાચકોની આશાને પૂરનાર, સદ્ધર્મકર્મને જેણે સારી રીતે અભ્યસ્ત કર્યો છે તેવો **નરવર્મા** નામનો રાજા રાજ્યને પાળતો હતો. જેની લાવણ્યથી સુરસુંદરીને તિરસ્કાર કરનારી **રતિસુંદરી** નામની **પ્રાણેશ્વરી** હતી. તે બંનેને સેંકડો દેવ-દેવીની માનતા દ્વારા પ્રાપ્ત થયેલ **'હરિદત્ત'** નામનો પુત્ર હતો. તેના આધારને પામી રાજા કાચબાની જેમ હર્ષ પામતો હતો અને લીલામાત્રથી દુઃખે વહન કરી શકાય એવા પૃથ્વીના ભારને વહન કરતો હતો.

તે રાજાના કષ્ટોને જાણનારા, બુદ્ધિશાળી, સારા નયવાળા અત્યંત વિનીત, ચતુરાઈથી બૃહસ્પતિની પણ તર્જના કરનાર, સર્વજન સુખકારી, નિર્દોષ વિદ્યાના સ્વામી **મતિસાગર** આદિ મહામંત્રીઓ હતા. તેઓ ઉપર રાજ્યભાર નાંખીને ઈંદ્ર મહારાજાની જેમ તે સુંદર ભોગોને ભોગવતો હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર વિદ્વાનોથી આનંદ પામેલી રાજ્યસભામાં રાજા સિંહાસન ઉપર બેઠો હતો. તે સમયે સજ્જનોને આનંદ પમાડનારા સંવાદો પરસ્પર થઈ રહ્યા હતા. તેમાં મંત્રીઓ પણ ધર્મવાદ કરતા હતા. તેમાંના એક વાચાળ પુરુષે કહ્યું કે, "અરે ! અરે ! દક્ષ, દાક્ષિણ્યતા, વદાન્યતા, પરાક્રમ, ધીરતા, પરોપકારાદિ વ્યાપાર સ્વરૂપ લોકાચારનું પાલન કરવું એ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી, એમ કોઈક વિદ્વાન સ્વીકારે છે." તે પછી પોતાને જ્ઞાની માનતો, બુદ્ધિશાળી બીજો પુરુષ બોલ્યો કે, "વેદમાં કહેલ પવિત્ર અગ્નિહોત્રનું આચરણ કરવું એ જ ધર્મ છે." ત્યારે બીજો પામર માનવના જેવી બુદ્ધિવાળો બોલ્યો કે, "પોતાના કુલપરંપરાગત પૂર્વ પુરુષોએ આચરેલ વ્યાપાર કર્મ જ ધર્મ છે." ત્યારે બીજો મિથ્યા કહેવાથી વિકલ્પિત બુદ્ધિવાળો નાસ્તિક બોલ્યો કે, "પ્રમાણશાસ્ત્રમાં પ્રવીણ પુરુષો પ્રામાણિક વસ્તુને જ પ્રમાણ માને છે. કારણ કે ધર્મ અને અધર્મ તો પ્રત્યક્ષના વિપક્ષ રૂપ = પરોક્ષ રૂપ હોવાથી જણાતા નથી. માટે ચતુર નર તેને સ્વીકારતો નથી. આથી તે બંને આકાશપુષ્પ અને વંધ્યાપુત્રની જેમ નિષ્ફળ છે. આ પ્રમાણે ઘણા વાચાળ પુરુષોના કોલાહલને, પ્રબળ વાયુથી આંદોલિત રૂના સમૂહની લીલા સરખા આલાપને સાંભળીને રાજા મનમાં વિચારવા લાગ્યો કે, એક પુરુષે દાક્ષિણ્યતા, પરાક્રમ, સ્થૂલલક્ષતાદિને ધર્મ કહ્યો. પણ તે તો પુરુષાર્થના ઉત્કર્ષ સ્વરૂપ છે. માટે તે ધર્મ નથી. વળી બીજાએ જે વેદોક્ત યજ્ઞાદિકને ધર્મ કહ્યો. તો તે પણ નિર્દય હિંસાના ઉપદેશ સ્વરૂપ મલીન હોવાથી ધર્મ તરીકે તેનો સ્વીકાર કરવો યોગ્ય નથી અને પોતાને વિદ્વાન માનતા બીજા પુરુષે જે કુલક્રમાગતને જ ધર્મ કહ્યો તો તે પણ ચતુર પુરુષોને વિચારતા સુંદરતાને યોગ્ય નથી. કારણ કે જીવોના સમૂહનો નાશ કરવાથી ઉત્પન્ન થયેલા મહાપાપ રૂપી સમુદ્રની મધ્યમાં મગ્ન થયેલા દુષ્ટાત્મા એવા ચંડાલાદિ શિકારીઓ પણ 'આ અમારો કુલધર્મ છે' એ પ્રમાણે સ્વીકારે છે. તેથી તે પણ પ્રમાણભૂત નથી. વળી લોકાયતિક - નાસ્તિક વાચાળની જેમ પોતાની મેળે પ્રલાપ કરનાર છે. તેથી તેઓની વાત પણ બંધબેસતી નથી કારણ સુખ-દુઃખને ભોગવતા જગતને જોઈએ છીએ. તે કારણ વિના ન સંભવે. તેથી તેનું કારણ ધર્મ - અધર્મ જ છે.

આમ સેંકડો સંશય રૂપી હિંડોળાના આંદોલનને અનુભવતા રાજાની પાસે, ત્યારે હૃદય ઉપર કંપતી મોતીની માળાવાળો પ્રતીહાર આવી, નમસ્કાર કરી કહે છે કે, "હે દેવ ! આપનો બાલ્યકાળનો મિત્ર, આપના ચરણના દર્શનનો અભિલાષી મદનદત્ત નામનો શ્રેષ્ઠી સિંહદ્વારે ઉભો છે." ત્યારે રાજાએ તેને કહ્યું, "મારા પરમમિત્રને જલ્દીથી પ્રવેશ કરાવ જેથી મારા મનને પરમ પ્રીતિની અનુભૂતિ થાય." તેણે પણ આદરપૂર્વક તેનો પ્રવેશ કરાવ્યો. રાજાએ પણ નમસ્કાર કરેલા તેને સ્નેહથી આલિંગન કરી, પ્રણામ કરી, પ્રધાન આસન ઉપર બેસાડીને પૂછ્યું કે, "હે પરમમિત્ર ! તું આટલા દિવસ ક્યાં ક્યાં રહ્યો ? કયા કયા દેશોમાં ભ્રમણ કર્યું અને કેટલું કેટલું ધન ઉપાર્જન કર્યું ?" ત્યારે મસ્તક નમાવી તેણે રાજાને કહ્યું, "હે દેવ ! ઘણા ઘણા દેશોમાં સંભ્રમ સહિત ભમ્યો, ઘણા ઘણા આશ્ચર્યો દીઠા અને ઘણું ઘણું ધન ઉપાર્જન કર્યું અને વળી ગુણથી મનોહર, સદ્વૃત્તિ રૂપી ભાવથી ઉત્પન્ન થયેલા તેજના વિસ્તારવાળો, તમારા યશના કણની જેવો મનોહર (ઉજ્જવલ) આ એક હાર મને પ્રાપ્ત થયો છે." તેના વચનને સાંભળીને રાજાએ ફરી કહ્યું, "હે મિત્ર ! એકાવલિ હારની પ્રાપ્તિનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમૂલચૂલ સ્વરૂપ તું મને કહે. જેના માટે મારા મનમાં મોટુ કૌતુક ઉત્પન્ન થયું છે. ત્યારે તેણે પણ કહેવાને માટે પ્રારંભ કર્યો :-

હે દેવ ! આ નગરથી નીકળેલો હું, પૃથ્વીને જોતો જોતો દ્રુપદિકા નામની અટવીમાં ભમતો, મધ્યાહ્ને તૃષ્ણાથી ગળુ અને તાળવું શોષાઈ ગયું છે એવો બંને પ્રકારે જીવનાર્થી એવા મેં (ત્યારે) ચંદ્રના કિરણો જેવા શીતલેશ્યાવાળા, શેષનાગની જેમ ક્ષમાને ધારણ કરનારા, સાગર જેવા ગંભીર, ચંદ્રને જેમ સજ્જનો સેવે તેમ સમ્યગ્દ્રષ્ટિઓ દ્વારા સેવાતા, ઇંદ્રની જેમ વિવિધ દેવોથી સેવિત ચરણયુગલવાળા, મેઘની જેમ અમૃત સરખી ઉપદેશ-વૃષ્ટિથી વિવેકીજનોની મનોભૂમિને સીંચતા **શ્રી ગુણધર** નામના સૂરિ ભગવંતને જોયા અને ત્યાં દેવી સહિત, દેદીપ્યમાન કાંતિવાળા હારથી શોભતા ગળાવાલા, સર્વાંગે આભૂષણ ધારણ કરેલા એક દેવને જોયો. ત્યારે ભગવાનના વચનરૂપી અમૃતના પાનથી બંને પ્રકારની તૃષ્ણારહિત થયેલો હું પણ મુનિવૃંદના ચરણકમલને વંદન કરી જેટલામાં બેઠો, તેટલામાં તો વારંવાર મને પરમ પ્રેમથી જોતા તે દેવે સૂરિ ભગવંતને પૂછ્યું, "હે ભગવંત ! મને આ પુરુષની ઉપર પરમ બાંધવની જેમ કુદરતી પ્રેમ કયા કારણથી પ્રગટ થાય છે ?" ત્યારે દાંતની કાંતિથી દિશાને ઉજ્જવલ બનાવતા ગુરુ ભગવંત પણ બોલ્યા કે, "હે શ્રેષ્ઠ દેવ ! સાવધાન થઈ કર્ણને સુખકર એના સ્વરૂપને તું સાંભળ... તે આ પ્રમાણે :- કલ્યાણના કણને માટે શીંગ સમાન **કૌશાંબી** નામની નગરી છે. ત્યાં શત્રુ ઉપર વિજયને કરનારો **વિજય** નામનો **રાજા** હતો. તેને અશ્વિનીકુમાર જેવા **વિજય-વૈજયન્ત** નામના બે પુત્રો હતા. ભાગ્યયોગે બાલ્યવયમાં જ તે બંનેની માતા યમને આધીન થઈ. ત્યાર પછી ધાવ-માતા વડે લાલન-પાલન કરાતા, સકલ કલાના જ્ઞાતા તે બંને અનુક્રમે કામદેવના ક્રીડાવન સમાન યૌવનને પામ્યા. તેઓના ઉદારતા, ધીરતા, પરાક્રમાદિ ગુણોથી આકર્ષિત થયેલો રાજા, તેમનો યુવરાજ પદે અભિષેક કરવા તૈયાર થયો. તે જાણી ઈર્ષ્યાથી બળતા અંતરવાળી સાવકી માતાએ, ક્રીડા ઉદ્યાનમાં ક્રીડા કરતાં વિજય-વૈજયન્ત માટે વિષમ વિષથી બનાવેલા લાડવા મોકલ્યા. સરલ આશયવાળા તે બંનેએ તે લાડવા ખાધા. બહુ ઝેરથી વ્યાપેલા હોવાથી તે બંને મૂર્ચ્છા પામી નીલમણિથી બનાવેલ પુતળાની જેમ ભૂમિ ઉપર આળોટવા લાગ્યા.

ત્યારે ત્યાં અશોક વૃક્ષની નીચે જાણે તેના બંધુ જ ન હોય તેમ કુદરતી રીતે જ ઉપકાર કરવાના સ્વભાવવાળા, ઉત્કૃષ્ટ ધ્યાનમાં રહ્યું છે સાવધાન મનવાળા, ગરૂડોપપાત અધ્યયનને ગણતા, માસક્ષમણના તપસ્વી **દિવાકર** નામના મહર્ષિ હતા. તે વખતે આસન કંપવાથી વીજળીના પાત જેવા પીળા વર્ણવાળું, પાંખોની સ્ફુરાયમાન કાંતિથી દિગ્મંડલને પ્રકાશિત કરતું ગરૂડ ત્યાં આવીને, મુનિને નમસ્કાર કરી, અંજલિ જોડી આગળ બેઠું. તેમના નિરતિશય (અત્યંત) અતિશયથી, તે બંને રાજપુત્રોના શરીરમાંથી તીવ્ર સૂર્યકિરણના પ્રસરવાથી જેમ અંધકારનો સમૂહ દૂર થાય તેમ વિષ વિકાર દૂર કર્યો. પછી ગરૂડ પણ એકાગ્ર મનથી મહાત્મા વડે ગણાતા ગરુડોપપાત અધ્યયનને સાંભળવા લાગ્યું. પછી સર્વ વિષાવેગ દૂર થતાં વેગથી ઉઠીને આશ્ચર્ય પામેલા તે બંને રાજપુત્રો મુનિની પાસે આવીને જેટલામાં ઉભા રહ્યા તેટલામાં તો ગરૂડે કહ્યું, "હે રાજપુત્રો ! જો અહીં આ મહર્ષિ ન હોત તો તમારી સાવકી માતાએ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપેલ ઝેરથી તમે મરણ પામ્યા હોત. તેથી શિષ્યોની જેમ એમની જ સમ્યક્ રીતે સેવા કરો. એમ શિખવાડીને ગરૂડ પોતે મુનિને નમસ્કાર કરી પોતાના સ્થાને ગયું.

આ બંને રાજપુત્રોએ સાવકી માતાનું મરણદશાને પ્રાપ્ત કરાવનારું દુષ્ચારિત્ર જાણીને સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્દર્શનને પામ્યા, અને અપાર એવી સંસાર રૂપી અટવીને ઉતરવાની ઈચ્છાવાળા, વૈરાગી બનેલા **દિવાકર મહર્ષિ**ની પાસે પ્રવજ્યા ગ્રહણ કરીને, લાંબા કાળ સુધી દુષ્કર તપધર્મનું આરાધન કરીને, વિશુદ્ધ અધ્યવસાયવાળા તે બંને મરીને પ્રથમ દેવલોકમાં **વિદ્યુત્પ્રભ** અને **વિદ્યુત્સુંદર** નામના વિમાનવાસી દેવ થયા. તે પછી વિદ્યુત્પ્રભ દેવોના સુખોને અનુભવીને, ત્યાંથી ચ્યવીને **વિજયવતી** નગરીમાં **મદનવર્મ રાજાનો** (તું) પરમમિત્ર **મદનદત્ત** થયો. તે પણ ધનોપાર્જન કરવા માટે ભમતો ભમતો અહીં આવ્યો. તેથી તેના દર્શનમાત્રથી જ, તારા પૂર્વભવના અભ્યાસના વશથી તને અત્યંત પ્રેમ ઉત્પન્ન થયો છે." સૂરિ ભગવંતના મુખેથી આ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલા તે વૈમાનિક દેવે પણ પોતે જાતે મારા ગળામાં આ હાર નાંખ્યો.

ત્યાર પછી તે દેવે મસ્તક નમાવી સૂરિને કહ્યું, "હે ભગવન્ ! મારી આંખોમાં અત્યારે શા કારણથી નિદ્રા આવે છે ? નિષ્પ્રકંપ એવું પણ આ કલ્પવૃક્ષ કેમ કંપે છે ? નિરજ એવું આકાશ પણ કેમ રજથી વ્યાપ્ત જણાય છે ? તે કૃપા કરી મારી આગળ કહો." ત્યારે મુનિ ભગવંતે પણ પ્રત્યુત્તર આપ્યો કે, "હે શ્રેષ્ઠ દેવ ! તારા ચ્યવનનો સમય નજીક આવ્યો છે." દેવે પણ પૂછ્યું, "હે નાથ ! મારી ઉત્પત્તિ ક્યાં થશે ? મને બોધિલાભ કેવી રીતે થશે ? હે દમીશ્વર ! મારા મનની તુષ્ટિ-પુષ્ટિ માટે એ સર્વ મને કહો." ત્યારે ઋષિવર પણ બોલ્યા, "હે સુરોત્તમ ! આ દેવભવથી દૈવી શરીરને છોડીને શ્રી નરવર્મ રાજાનો **'હરિદત્ત'** નામનો તું પુત્ર થઈશ. ત્યાં આ જ હારના દર્શનથી તને બોધિની પ્રાપ્તિ થશે. એમાં જરા પણ સંશય નથી." આ પ્રમાણે ખેદ દૂર થતાં, તે દેવ સૂરિને નમીને સ્વર્ગે ગયો. હે મહારાજ ! પૃથ્વીતલ ઉપર મસ્તક નમાવી મેં આ હારની ઉત્પત્તિનો સંબંધ પૂછતાં મુનિવરે જવાબ આપ્યો :-
"પૂર્વે વિશાલ લક્ષ્મીથી વિસ્તાર પામેલી **શ્રી અમરચંચા** નામની મહાનગરીમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમના આયુષ્યવાળો **ચમરેન્દ્ર** ઉત્પન્ન થયો. તે ઉત્પત્તિ સંબંધી સર્વ કાર્યો કરીને લોકપાલ, સેનાના અધિપતિ, ત્રાયસ્ત્રિંશત્ દેવો, મંત્રી, આત્મરક્ષક પ્રમુખ પરિવારથી પરિવરેલો પોતાની સભામાં સિંહની જેમ સિંહાસન ઉપર બેઠો. ત્યારે તેણે ઉપર જોતાં પોતાના મસ્તક ઉપર સિંહાસન ઉપર બેઠેલા સૌધર્મેન્દ્રને જોઈને ઉત્પન્ન થયેલા અમર્ષના પ્રકર્ષવાળો, અસમાન સાથે યુદ્ધ કરવાથી પરિવારે વાર્યા છતાં અભિમાની એવો તે, તેની સાથે યુદ્ધ કરવાની ઈચ્છાથી, અલ્પ બુદ્ધિવાળો તે પ્રથમ દેવલોકમાં ગયો. તેથી તેના ભયથી દેવાંગનાઓ ભયભીત થઈ. આથી કોપના આટોપથી કાળું થયું છે મુખ એવા ઈંદ્રે તેના ઉપર વજ્ર છોડ્યું. તેના ભયથી નીચું મોઢું કરીને ચમરેન્દ્ર ભાગ્યો ત્યારે તેના ગળામાંથી આ હાર પૃથ્વી ઉપર, અહીંથી અસંખ્યાતા દ્વીપ વટાવી કોઈ દ્વીપમાં પડ્યો અને તે ભાગ્યયોગે મારા પૂર્વભવના ભાઈ-વિદ્યુત્પ્રભદેવને મળ્યો. અને તેણે મને પ્રીતિથી આપ્યો. એ પ્રમાણે હારના વૃત્તાંતને જાણી, ગુરુને પ્રણામ કરી, ૨૫ વર્ષ સુધી ઘણું ધન ઉપાર્જન કરીને હે રાજન્ ! તમારી પાસે હું આવ્યો છું. એ દેવ તમારો પુત્ર થયો કે નહીં તેનો નિર્ણય કરો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાએ કહ્યું, "હે મિત્ર ! જો એમ જ હોય તો રહસ્યની જેમ તે હાર હરિદત્ત કુમારને બતાવ." પછી તે રાજપુત્રને સભામાં બોલાવીને હાર બતાવ્યો. હારને જોતાં જ ઉત્પન્ન થયેલા જાતિસ્મરણ જ્ઞાનવાળા તેણે પણ મદનદત્તે કહેલા અનુવાદની જેમ આદિથી અંત સુધીનું પૂર્વભવનું સ્વરૂપ રાજાની આગળ કહ્યું, તે સાંભળીને તરત જ રાજા પણ આશ્ચર્ય પામ્યો, અને પૂર્વે વિવાદના સ્થાનભૂત ઘણા પંડિતોએ વર્ણવેલ કલ્પિત ધર્મના વિવાદનો છેદ થવાથી આનંદ પામ્યો અને પરમાર્થથી તો સ્વર્ગ અને મોક્ષના માર્ગને પ્રકાશ કરવામાં દિપક સમાન જિનેશ્વરનો ધર્મ જ છે એમ જેટલામાં મનમાં વિચારે છે તેટલામાં અકસ્માત જ ઉદ્યાનપાલકે આવીને, અંજલિ જોડીને રાજાને કહ્યું, "હે દેવ ! આજે યથાર્થ નામવાળા પુષ્પાવતંસક નામના આપના ઉદ્યાનમાં વિનયી શિષ્યોથી સેવાતા ચરણ-કમળવાળા, સુરાસુરથી વંદન કરાયેલા, ચાર જ્ઞાનવાળા શ્રી ગુણંધરસૂરિ ભગવંત સમવસર્યા છે. આ પ્રમાણે સાંભળી તેને ઈનામ આપીને, રાજહસ્તિ ઉપર આરૂઢ થઈને, મિત્ર-પુત્ર-પત્ની-મંત્રી પ્રમુખ પરિવારથી પરિવરેલો રાજા, તે ઉદ્યાનમાં આવીને, હાથી ઉપરથી ઉતરીને, અને ગુરુના ચરણને વંદન કરીને, યથોચિત સ્થાને બેઠેલા રાજાએ આ ધર્મદેશનાને સાંભળી :-

મિથ્યાત્વના મહત્ત્વનો ઉચ્છેદ કરી, અત્યંત રીતે જિનમાર્ગના તત્ત્વને જલ્દીથી સ્વીકારી, સ્વર્ગ અને મોક્ષના અદ્‌ભૂત સુખોને આપનારા એવા સમ્યક્ત્વને ત્રણ શુદ્ધિપૂર્વક ગ્રહણ કરો. શ્રી વીતરાગમાં જ દેવ બુદ્ધિ, નિઃસંગથી સુંદર એવા ગુરુમાં ગુરુપણાની બુદ્ધિ અને જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મમાં ધર્મ બુદ્ધિ... આ સમ્યક્ત્વ છે. આનાથી વિપરીત તે જ મિથ્યાત્વ છે. નિર્મલ આશયવાળા જે જીવો સમ્યક્ત્વ રૂપી દિવ્ય રત્નને (ચિંતામણી રત્નને) આરાધે છે, તેઓના દેહને ભયથી જાણે ચાંડાલની જેમ દુર્ગતિ રૂપી દોષ સ્પર્શ કરતો નથી. જેઓ આ ઔપશમિકાદિ સમ્યક્ત્વની આદરપૂર્વક અંતર્મુહૂર્ત કાળ સુધી પણ ઉપાસના કરે છે તેઓ અર્ધ પુદ્‌ગલ પરાવર્તનકાળ પણ ઓળંગતા નથી અને તે કાળની મધ્યમાં શિવરૂપી લક્ષ્મીને પામે છે."

આ પ્રમાણે ગુરુમુખથી અમૃત ઝરતી દેશનાને સાંભળી રાજાએ પુત્ર સાથે સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મનો સ્વીકાર કરીને, સૂરીશ્વરને પ્રણામ કરી પોતાના આવાસે આવ્યો. ત્યાર પછી શ્રી જિનશાસનની પ્રભાવના કરવામાં હોંશિયાર તે રાજા અત્યંત વિશુદ્ધ ધર્મને આરાધવા લાગ્યો.

એક વાર સુધર્મા સભામાં શક્ર સિંહાસન ઉપર બેઠેલા, વિમાનવાસી દેવોથી સેવાતા પદયુગલવાળા, ધર્મના પક્ષપાતી એવા સૌધર્મેન્દ્રે સર્વ દેવોની સમક્ષ નરવર્મ રાજાના મનથી પણ, સુરાસુર વડે ચલાયમાન ન થાય તેવા સમ્યક્ત્વની પ્રશંસા કરી. ત્યારે તેમના વચનરૂપી દોરીના પ્રહારથી અવળી શિક્ષાવાળા ઘોડાની જેમ ઉછળીને, પર્ષદાની સમક્ષ આંગળી ઉંચી કરીને 'તેના નિયમનો ભંગ કરીશ.' એવી પ્રતિજ્ઞા કરેલો, વૈક્રિયાદિ લબ્ધિથી દુર્મદવાળો સુવેગ નામનો દેવ જલ્દીથી પૃથ્વી ઉપર આવ્યો. તે સમયે રાજવાટિકાથી પાછા ફરતાં નરવર્મ રાજાને (માર્ગમાં) તે દેવે, તેના સમ્યક્ત્વની નિશ્ચલતા નષ્ટ કરવા, આબાલગોપાલ - સ્ત્રી વડે નિંદા કરાતા, નરકમાં પતન સ્વરૂપ સાવદ્ય વ્યાપારને સેવતા મુનિઓને બતાવ્યા. રાજા પણ અનગારપણામાં પણ અસાધ્વાચારને જોવા છતાં પણ મનથી જરા પણ વિપરીત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણતિને પામ્યા નહી, અને ફક્ત આ પ્રમાણે વિચારવા લાગ્યા, "કષાદિ પરીક્ષાથી શુદ્ધ થયેલા સુવર્ણ જેવું શ્રી જિનશાસન ક્યારે પણ સદોષપણાને પામતું નથી, પરંતુ ભારેકર્મીપણાથી, વિશુદ્ધ પણ શ્વેત વસ્ત્રની જેમ શ્રી જિનેશ્વર ભગવંતના મતમાં, દુષ્ટ વૃત્તિવાળા જીવો મલિનતાને પેદા કરે છે. તેથી મારે સર્વ પ્રયત્નથી શાસનનું માલિન્ય દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ." એ પ્રમાણે વિચારીને રાજાએ અમૃત જેવી મીઠી વાણીથી દુર્વ્યાપારથી તેઓને નિવાર્યા. હવે તેની શિક્ષા સંબંધી વિચક્ષણતાથી, સમ્યગ્દર્શનના અચલપણાથી અને ઈંદ્રની પ્રશંસાની સત્યતાથી ખુશ થયેલો સુવેગ સુર પણ પ્રત્યક્ષ થઈને શ્રી નરવર્મ રાજાની પ્રશંસા કરવા લાગ્યો, "હે રાજન્ ! તું જ ધન્ય છે કે જેની ઈંદ્ર મહારાજાએ જાતે સમ્યફ્ત્વ સંબંધી મનશુદ્ધિની યથાર્થ પ્રશંસા કરી છે." આમ કહી, પોતાના મસ્તક ઉપરથી મુગટ ઉતારીને, રાજાને આપીને ભાટચારણની જેમ પ્રશંસા કરી કાળા મુખવાળો તે દેવલોકે ગયો. ત્યારથી નરવર્મ રાજા પણ સમ્યફ્ત્વ મૂળ શ્રાવકધર્મનું વિશેષ પ્રકારે, લાંબાકાળ સુધી સેવન કરી, પુત્રની સાથે દીક્ષા સ્વીકારી, સદ્ગતિ માર્ગના મુસાફર બની, અનુક્રમે મુક્તિપુરી સામ્રાજ્યના વિશાળ સુખોને પામશે.

આ પ્રમાણે પુન્યથી પવિત્ર મતિવાળા શ્રી નરવર્મરાજાનું વૃત્તાંત કર્ણરૂપી છીપલાને વિષે મોતીરૂપ બનાવી હે ભવ્યો ! સમ્યફ્ત્વને વિષે પવિત્ર વિશુદ્ધિ મનથી આદરો. જેથી શિવસુંદરીનો ઉત્સંગે નિવાસ થાય.

**આ પ્રમાણે મનવિશુદ્ધિ વિષે નરવર્મ રાજાની કથા પૂર્ણ થઈ.**

## બીજું વચનશુદ્ધિદ્વાર

**तित्थंकरचलणाराहणेण जं मज्झ सिज्झइ न कज्जं ।**
**पत्थेमि तत्थ नन्नं देवविसेसेहिं वयसुद्धि ॥ २६ ॥**

ગાથાર્થ :- **તિર્થંકર ભગવંતના ચરણકમલની આરાધના વડે જે મારું કાર્ય સિદ્ધ થતું નથી, તે કાર્ય માટે અન્ય દેવની પ્રાર્થના પણ ન કરું તે વચનશુદ્ધિ જાણવી.**

**ટીકાર્થ :- 'तीर्थंकरचरणाराधनेन'** = જિનેશ્વર ભગવંતના ચરણોની સેવાથી, અર્થાપત્તિથી મનનું ઈચ્છિત કાર્ય સિદ્ધ ન થાય, પૂર્ણ ન થાય, **'तत्र'** = તો તે કાર્ય માટે **'अन्यं'** = બીજા દેવને હું પ્રાર્થના નહિ કરું, સ્તુતિરૂપે હું યાચના નહિ કરું, કયા દેવો ? તો કહે છે કે **देवविशेषैः** = હરિ - હર - વિરંચ - સ્કંદાદિ દેવો, બીજા દેવોની સ્તુતિ કરવામાં સમ્યફ્ત્વ મલિન બને છે. તેથી તીર્થંકર ભગવંતની જ પ્રાર્થના = સ્તુતિ કરીશ. આવું સત્ય નિરૂપણ કરવું તે વચનશુદ્ધિ જાણવી. એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો ધનપાલ પંડિતના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે છે :-

માલવ દેશ રૂપી પૃથ્વીના વિશાલ ભાલતલને વિષે તિલક સમાન **ઉજ્જૈની** નામની શ્રેષ્ઠ નગરી, જે શ્રેષ્ઠ લક્ષ્મીથી દેવનગરી જેવી હતી. જ્યાં ઉંચા જિનમંદિરોના મનોહર શિખરો ઉપર સ્ફટિક રત્નોના કલશની લીલાને ધારણ કરતો તારાનો સમૂહ શોભી રહ્યો છે. ત્યાં શત્રુને જીતીને યશ પ્રાપ્ત કરનાર પુરુષોત્તમ **શ્રી ભોજરાજ** નામનો રાજા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરસ્વતિ અને **લક્ષ્મી** પરસ્પર વૈર વગરની બની આ ઉત્તમ છે એમ જાણી જેને પોતપોતાના કાર્યોમાં અધિકારી બનાવ્યો એવો વેદોને જાણનાર, છ કર્મમાં તત્પર, પરોપકારમાં પરાયણ, વિદ્વાનોમાં અગ્રેસર મહા ગુણવાન **સોમચંદ્ર** નામનો બ્રાહ્મણ હતો. તેની નિર્દોષ ઈંદ્રાણી જેવા રૂપવાળી **સોમશ્રી** નામની પત્ની હતી. જેનું ચંદ્રમા સમાન મુખ ત્રણે જગતને આનંદ પમાડે છે. તેની કુક્ષિરૂપી સરોવરને વિષે હંસીના વંશમાં સમાન વયવાળા, ગુણોના સ્થાનભૂત, પંડિતોથી નમાતા, જાત્ય કાંચનની કાંતિવાળા બે પુત્રો થયા.

પ્રથમ શ્રી **ધનપાલ** નામનો પુત્ર હતો, જેની બુદ્ધિ આગળ વિદ્વાન સચિવોત્તમ પણ બાલની જેમ શોભતો હતો. તે ખરેખર ! બૃહસ્પતિ જ હતો. બીજો **શોભન** નામનો પુત્ર હતો, જેની વિશિષ્ટ પ્રકારની કવિતા સાંભળીને કેટલાય પંડિતો વિસ્મયભર્યા હૃદયથી મસ્તક ધૂણાવતા હતા. ઘણા પરિવારથી પરિવરેલા, અખંડ પાંડિત્યના દર્પથી શોભતા તે બન્ને શ્રી ભોજરાજાના રાજગણના મુખમંડણ રૂપ થયા.

આ બાજુ મધ્યદેશના ભૂષણ સમાન **વાણારસી** નગરીમાં ગૌતમગોત્રીય કૃષ્ણગુપ્ત બ્રાહ્મણના બે પુત્રો હતા. પ્રથમ **શ્રીધર** નામનો પુત્ર હતો, જે અઢાર વિદ્યાસ્થાનનો પારગામી હતો. બીજો **શ્રીપતિ** નામનો પુત્ર હતો, જે અદ્વિતીય ગુણવાળો - વિષ્ણુ જેવો હતો. તે બંને ભાઈઓ બ્રહ્મકાર્યમાં નિપુણ, બે નયનની જેમ પરમ પ્રેમના સંબંધથી બંધાયેલા હતા. હંમેશા ગંગા નદીમાં સ્નાન કરી, મલરહિત શરીરવાળા એવા તે બંને, વિશ્વેશ્વર દેવના ચરણકમલને અનેક પ્રકારે પૂજતા હતા. હવે એકવાર તેમને, જન્મ-જરા-મરણને હરવા માટે સોમેશ્વર દેવની યાત્રા કરવાનો અભિલાષ ઉત્પન્ન થયો. તેથી પોતાના ખભાને ફાડી, તેમાં પ્રજ્વલિત દિપકને સ્થાપીને, બંને ભાઈઓ સોમેશ્વર દેવની યાત્રા કરવા ચાલ્યા. કાળક્રમે દુર્લંઘ્ય પણ ઘણો માર્ગ ઓળંગીને, ગુર્જર દેશના શ્રી **વર્ધમાનનગર**ને પ્રાપ્ત કર્યું. હર્ષિત હૃદયવાળા, દિપકની પીડાને નહી ગણતા, સોમેશ્વર દેવના દર્શનની ઉત્સુકતાથી જેટલામાં રાત્રિને વિષે રહે છે, તેટલામાં તો મધ્યરાત્રિના સમયે જેણે જટા ધારણ કરેલી છે, શરીર ઉપર રાખ ચોળેલી છે, ગળામાં શ્રેષ્ઠ માળા ધારણ કરેલી છે, ભાલતલમાં ચંદ્રકલાને ધારણ કરેલી છે, જેનો આંખનો અગ્રભાગ તેજસ્વી છે, સર્પ કંઠસૂત્ર રૂપે છે, ગૌરીને અર્ધ અંગમાં ધારણ કરેલી છે, હાથમાં અસ્ત્ર અને ત્રિશૂલને ધારણ કરેલા છે, ઉન્નત શ્રેષ્ઠ ઋષભના વાહન ઉપર આરૂઢ થયેલા, શરીરની કાંતિથી ચોમેર દિશાને પ્રકાશિત કરનાર એવા એક પુરુષને પોતાની આગળ તે બંને જુએ છે. મકાનમાં જ રહેલા તે બંને બ્રાહ્મણપુત્રો તે મહાદેવને ઓળખીને ખુશ થયેલા મનવાળા તેઓ ભૂમિતલે મસ્તક સ્થાપન કરી પ્રણામ કરે છે, સ્તુતિ કરે છે. ત્યારે આનંદપૂર્વક શંકર કહે છે, "હે વત્સો ! હું તમારી ઉપર સંતુષ્ઠ થયો છું. વળી તમારી યાત્રા અહીં જ સફળ થાય છે. તમે મનમાં જે સાંસારિક લાભનો સંકલ્પ કરીને આવ્યા હો તે જણાવો, જેથી કલ્પવૃક્ષની જેમ તમને ઇચ્છિત ફળ આપું." ત્યારે તે બંનેએ હાથ જોડીને કહ્યું કે, "હે સ્વામી ! અમારી સંસારિક કોઈ પણ અભિલાષા નથી પણ કૃપા કરી અમને જલ્દી શિવવાસ આપો." ત્યારે શંકરે કહ્યું, "હે વત્સ ! તે આપવાનું મારું સામર્થ્ય નથી. દુર્ગત એવો હું બીજાને તેવું ઐશ્વર્ય આપવા અસમર્થ છું. જો તમારી આ જ ઇચ્છા હોય તો આ નગરની મધ્યમાં શ્રી વર્ધમાન જિનશાસન શિરોમણિ, સકલ પાપકર્મને દૂર કરનાર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેના ચરણકમલનો સેવક ધરણેન્દ્ર છે, ચારિત્રાચારમાં નિપુણ બુદ્ધિવાળા **શ્રી વર્ધમાનસૂરિ** છે. જેમ તેજસ્વી તારાઓથી શોભતા આકાશમાં દેદીપ્યમાન સૂર્ય સમાન શિવશાસન-જિનશાસનની મધ્યમાં આવો કોઈ પુરુષ થયો નથી. જો તમારી શિવપુર લક્ષ્મી મેળવવાની ઈચ્છા હોય તો મનના વિભ્રમને દૂર કરીને તે આચાર્યના વચનને સતત આરાધો." એમ કહી શિવ અદૃશ્ય થઈ ગયા.

પ્રભાત સમય થતાં બંને ભાઈઓ **વર્ધમાનપુરમાં** પ્રવેશીને, પૌષધશાળા શોધીને, આચાર્યની પાસે આવ્યા. ત્યાં તપ-ચારિત્રથી શોષિત શરીરવાળા, સ્વાધ્યાય-ધ્યાનમાં મસ્ત, મુનિવરો જેમના ચરણોની સેવા કરી રહ્યા છે, સિંહાસન ઉપર બેઠેલા, સૂર્ય જેવા તીવ્ર તેજવાળા, ગણધારી, **વર્ધમાનસૂરિને** હર્ષિત મનથી કષ્ટ રહિત જુવે છે. હર્ષથી રોમાંચિત થયેલા અંગોપાંગવાળા તેઓએ ખંધથી દીવીઓ બહાર કાઢીને વિકસિત નયનવાળા ગુરુના ચરણકમલને પ્રણામ કરે છે અને કહે છે, "હે **સૂરિશેખર** ! તમારા દર્શનરૂપી સહસ્રકિરણના ઉદ્‌ગમથી ચિર પરિચિત અમારો મહા અંધકાર જલ્દીથી દૂર કરાયો. અમારી ઉપર કૃપા કરી કદાગ્રહરૂપી - કુગ્રાહરૂપી જળજંતુથી ભવસમુદ્રથી, તમારી દીક્ષા રૂપી નાવમાં બેસાડી અમને પાર પમાડો. ત્યારે સૂરિ ભગવંતે કહ્યું, "હે વત્સ ! પ્રથમ જિનાગમ ભણો, તેને તમારા હૃદયમાં વિચારો પછી અમારી દીક્ષા ગ્રહણ કરજો." હવે સૂરિજી પાસેથી જેમ જેમ તે બંને જિનમતને સાંભળે છે તેમ તેમ પાપસ્થાનકની જેમ વિદ્યાસ્થાનકની રૂચિ (માત્ર જ્ઞાનની રૂચી) તેમની જલ્દી દૂર થવા લાગી. સિદ્ધાંતરૂપ અમૃતના પાનથી તેઓનું મિથ્યાત્વ રૂપી વિષ દૂર થતાં (નષ્ટ થતાં) ગુરુની પાસે બંને પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. ગુરુએ પ્રથમનું નામ **જિનેશ્વર** અને બીજાનું નામ **બુદ્ધિસાગર** એવું નામ આપ્યું. દીક્ષા દિવસથી જ બંને પ્રકારની શિક્ષા (ગ્રહણ - આસેવન) તથા અભિગ્રહશિક્ષા પામી, તે બંને સકલાગમ રહસ્યવેદી થયા. તે બંનેને છત્રીશ ગુણથી સમૃદ્ધ ગીતાર્થ જાણી ગુરુએ સૂરિપદે સ્થાપન કર્યા અને તે બંને સૂર્ય-ચંદ્રની જેમ શોભવા લાગ્યા. **જિનેશ્વરસૂરિ** અને **બુદ્ધિસાગરસૂરિને** ગુરુએ ગણધર કર્યા.

હવે શ્રી વર્ધમાનસૂરિએ આ પ્રમાણે તેઓને આદેશ કર્યો કે, "હે વત્સો ! તમે અણહિલ્લપુર પાટણ જાવો. હાલમાં ત્યાં ચૈત્યવાસી મુનિઓ સુવિહિત યતિઓને પ્રવેશ કરવા દેતા નથી. શક્તિ અને બુદ્ધિથી ત્યાં સુવિહિત સાધુનો પ્રવેશ તમે કરાવો. કેમકે તમારા જેવા અન્ય કોઈ વિદ્વાન નથી. પછી ગુરુની આજ્ઞા મસ્તકે ચઢાવી ક્રમથી તેઓ ગુર્જર-ધરાવતંસ અણહિલ્લપુર પાટણમાં આવ્યા. ગીતાર્થ મુનિઓની સાથે તેઓ વસતિ માટે મંદિર મંદિરે ભમ્યા પણ વસતિ મળી નહી. ત્યારે તેમને ગુરુનું વચન સ્મરણમાં આવ્યું. ત્યાં સર્વકલાયુક્ત ચંદ્રની જેમ **દુલ્લહરાજ** નામનો રાજા શોભતો હતો. તેનો **સોમેશ્વર** નામનો પુરોહિત હતો. તેના ઘરે તેઓ ગયા. તે સમયે તે તેના પુત્રોને વેદપાઠો ભણાવતો હતો. સૂરીશ્વરે કહ્યું, "શ્રેષ્ઠનીતિથી પરિશુદ્ધ એવા આ વેદના વ્યાખ્યાનને સાંભળો... સાંભળતા વિકસિત નયનવાળા તે પણ વિસ્મય પામ્યા. શું બ્રહ્મા આ બંનેનું રૂપ કરી અહીં અવતર્યા કે કેમ ? એમ વિચારતો તે બ્રાહ્મણ તેના ચરણકમલને વંદન કરે છે. ત્યારે શિવશાસન-જિનશાસનના સારને ગ્રહણ કરો જેથી તમારા કાર્યની સિદ્ધિ થાય" એમ સૂરિએ આશિષ આપી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી હાથ-પગ રહિત, મન વિના પણ જે ગ્રહણ કરે છે, ચક્ષુ વિના પણ જે જુએ છે, કાન વિના પણ જે સાંભળે છે, તે વિશ્વને જાણે છે પણ તેને કોઈ જાણતું નથી તે શિવ-અરૂપી જિનેશ્વર ભગવંત તમારું રક્ષણ કરો. "તે સાંભળી બ્રાહ્મણે કહ્યું કે તમે અહીં રહો, તમારી સાથે જ્ઞાન ગોષ્ઠિ કરીએ. તમારી કૃપાથી મારા બે પુત્રો વેદના જ્ઞાતા બને." સ્થાનના અભાવે તમારા નગરમાં અમે કેવી રીતે રહીએ ? કેમકે ચૈત્યવાસી મુનિઓ સુવિહિત મુનિઓને વસતિ આપતા નથી. તેણે પણ **સચંદ્રશાલા** (ઘરના ઉપરના ભાગ ઉપર અગાશી) ઉપર તેઓને રાખ્યા અને શુદ્ધ આહાર વડે પ્રતિલાભી મધ્યાહ્ન સમયે સર્વ શાસ્ત્રોને વિષે તેમની પરીક્ષા કરી. તે જોઈ શિવમંદિરવાસીઓ આવી તેઓને કહે છે, તમે નગરમાંથી બહાર નીકળો. ચૈત્યવાસી સિવાય અહીં કોઈ નહીં રહી શકે." આ વૃત્તાંતને સાંભળી પુરોહિત રાજાની આગળ સર્વ હકીકત જણાવે છે. રાજા પણ સર્વ શિવસંન્યાસીઓને કહે છે કે, "જો કોઈ પણ, આ ગુણવાન પુરુષોની આગળ ગમે તે બોલશે તેને મારા રાજ્યમાંથી કૃમિથી વ્યાપ્ત કૂતરાની જેમ બહાર કાઢીશ. આથી રાજાના આદેશથી વસતિને મેળવીને ત્યાં ચાતુર્માસ રહ્યા. ત્યારથી સુવિહિત મુનિઓ ઇચ્છાનુસાર ત્યાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી **જિનેશ્વરસૂરિ** વિહાર કરતાં માલવ દેશમાં **ઉજ્જૈની** નગરીને પોતાના ચરણકમલની શ્રેણી વડે શોભાવતા પધાર્યા. ત્યાં એક દિવસ શ્રી **સોમચંદ્ર** નામના બ્રાહ્મણની સાથે માયારહિત સૂરિજીને પરમ પ્રીતિ થઈ. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ વિગેરે સકલ વિદ્યાસ્થાનોના વિષમ પદાર્થોના વિચારને જાણીને બ્રાહ્મણ મસ્તક ડોલાવવા લાગ્યો. અતિપરિચયથી આકાશ અને સૂર્યની જેમ પરસ્પર તેમની પ્રીતિ અપરાહનકાળની છાયા જેમ પરમ વૃદ્ધિને પામી. કહ્યું છે કે, "પ્રારંભમાં મોટી છાયા અને પછી ક્ષય પામનારી દિવસના પૂર્વભાગની છાયા હોય છે. જ્યારે પ્રથમ નાની અને પછી વૃદ્ધિ પામતી છાયા દિવસના પાછલા ભાગની હોય છે. તેવી જ દુર્જન અને સજ્જનોની મૈત્રી હોય છે.

એક વાર સોમચંદ્ર બ્રાહ્મણે સ્નેહથી સૂરિભગવંતને પૂછ્યું, "ચૂડામણિ જ્યોતિષ શાસ્ત્રને વિષે તમારું જ્ઞાન છે ?" ગુરુએ કહ્યું, "તે ત્રણ જગતમાં પ્રસિદ્ધ સિદ્ધાંત વચનના અનુવાદ સરખું છે." સોમચંદ્રે પણ કહ્યું, "તો મારા પ્રશ્નોનો જવાબ કૃપા કરી, વિચારીને મને કહો." હિમથી પણ ધવલ તેના ગુણોથી રંજિત મનવાળા ગુરુએ કહ્યું, "હે બાંધવ ! તારે જે પૂછવું હોય તે પૂછ." ત્યારે આનંદ પામેલા તે બ્રાહ્મણે ગુરુને નમસ્કાર કરીને પૂછ્યું કે, "મારા ઘરમાં પૂર્વ પુરુષોએ કોઈ સ્થળે રત્નોથી ભરપૂર મહાનિધાન દાટેલો છે. તેની જરૂર પડતાં ઘણી જગ્યાએ શોધતાં પણ તે હાથ લાગ્યો નહીં. તેનું સ્થાન હું જાણતો નથી, તો કહો જેથી ફરીથી ખોદીને ગ્રહણ કરું. સર્વના અભાવે અર્ધા વડે પણ કાર્ય થાય છે. કારણ કે સર્વ નાશ થતાં પંડિત પુરુષો અર્ધું છોડે છે, અર્ધા ભાગ વડે કાર્ય કરે છે. ખરેખર ! સર્વનાશ જ દુસ્ત્યાજ્ય છે. સૂરિએ પણ મનમાં કાંઈક વિચારીને તેના વચનને સ્વીકાર્યું. હૃદયના સદ્ભાવને કોણ જાણે ?

હવે સૂરિએ પણ સમ્યક્ પ્રકારે શ્રુતજ્ઞાનથી ક્ષણમાં જ જાણીને નિધાનનું સ્થાન-માન-દ્રવ્ય કેટલું છે તે બધું તેને કહ્યું. તેણે પણ વેદવાક્યની જેમ તેમનું વચન સત્ય માન્યું. તત્ક્ષણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણે પૃથ્વી ખોદાવી અને નિધાન પ્રગટ કર્યું અને મુનિપતિ પાસે જઈ, નમસ્કાર કરી કહે છે, "પધારો અને નિધાનના અર્ધાભાગને ગ્રહણ કરો." ત્યારે ગુરુએ કહ્યું, "હે સોમચંદ્ર ! અમે દ્રવ્ય વડે શું કરીએ ? પહેલા અમારા ઘરે પણ તે હતું અને તેને છોડીને અમે વ્રત ગ્રહણ કર્યું છે. વળી રાગ-દ્વેષ-મોહથી રહિત અમારા જિનેશ્વરોએ દ્રવ્યનો પરિહાર કરવા કહ્યો છે. કેમકે તે અનર્થની પરંપરાનો વિસ્તાર છે. વળી કહ્યું છે કે, "સેંકડો દોષોના મૂળભૂત, પૂર્વઋષિઓએ અર્થને (ધનને) છોડેલું છે, તો પછી અનર્થકારી ધનને મુનિઓ વહન કરે તો પછી તપશ્ચર્યા કરવી પણ નિરર્થક છે."

ધનના અર્ધા ભાગને ગ્રહણ કરવામાં પરાંમુખ તે સૂરિના વચન સાંભળી તે બોલ્યો, "અરે ! મારી વાણી જીવતા પણ અસફળ ગઈ." અને કહ્યું છે કે, "તેટલું જ બોલો જેટલા માત્રથી તમારો નિર્વાહ થાય. પણ જો વાણીનું મૌન રાખતા જીવિતનો નાશ થતો હોય તો મુંગા ન રહેવું." અશ્રુપૂર્ણ નયનથી ફરી ફરી તે મુનિપતિના પદ કમલમાં મસ્તક નમાવીને દીન એવો કરૂણ સ્વરે કહે છે ત્યારે નિરીહ ચૂડામણિ મુનિવર પણ તેના વચનને માનતા નથી. તે ફરી ફરી રડે છે ત્યારે તેના પ્રતિ ગુરુ ફરીથી કહે છે, "હે મિત્ર ! જો તારો અર્થને વિષે આવો આગ્રહ છે તો તું પણ રહસ્યને સાંભળ કે હું ક્યારે પણ ધનને ગ્રહણ નહી કરું. વચનના છળ વડે મેં ત્યારે અર્ધું ગ્રહણ કરવા કહેલ તેનો આ પરમાર્થ છે. તેને ઇચ્છા મુજબ કરીને તું કૃતાર્થ થા. બે પુત્રની મધ્યમાંથી સર્વસ્વના અર્ધ સ્વરૂપ એવા એક પુત્રને અમને તું આપ. તો તારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે. અતિદુષ્કર એવા મુનિવરના તે વચનને મનમાં સ્થાપન કરીને નિધાનનું સમગ્ર ધન બ્રાહ્મણે પુત્રને આપ્યું. પણ સૂરિના તે વચનને મનમાં શલ્યની જેમ વહન કરતાં તે પુત્રની આગળ કહી શક્યો નહી. તેના પુત્રો વિદ્યાબલી, રાજાની કૃપાવાળા, શિવમાર્ગના તત્ત્વથી અજાણ, મિથ્યાત્વરૂપી પંકમાં પડ્યા.

આ બાજુ સોમચંદ્ર બ્રાહ્મણ તે પ્રતિજ્ઞાને મનમાં સ્મરણ કરતો, રોગથી પીડિત શરીરવાળો મરણની નજીક અવસ્થાને પામ્યો. તે સમયે પુત્રો પ્રેમથી કહે છે, "પિતાજી ! ઋણમુક્ત થવા માટે ગાય, ભૂમિ, કનકાદિ કાર્યમાં ઉદ્યમ કરો. આઠ મહાદાનોને આપો. દેવગણની પૂજા કરો." અંતિમ સમયે તે સૂરિના ઋણને યાદ કરે છે. વળી કહ્યું પણ છે કે, "પ્રલયકાળમાં પર્વતો ચલાયમાન થાય, સાગરો પણ મર્યાદાનું ઉલ્લંઘન કરે પરંતુ મહાપુરુષો તે સમયે જે પ્રતિજ્ઞા કરેલ હોય તેનું પાલન કરવામાં શિથિલ થતાં નથી." કાંઈક કહેવાને માટે ઉદ્યત થયેલા તેના સદ્ભાવને જાણીને પુત્રો પૂછે છે, "તમારે કાંઈ કહેવા યોગ્ય જે કાંઈ તમારા મનમાં હોય તે જણાવો." ધીરતાને અવલંબીને તે સોમચંદ્ર બ્રાહ્મણે ગદ્ગદ્ સ્વરે કહ્યું, "મારે એક ઋણ (દેવું) છે. જો તમે આપો તો હું કહું." ત્યારે પુત્રોએ કહ્યું, "કૃપા કરીને કહો જેથી અમે તે કરીશું." બે કાનમાં કહેલા મંત્રતત્ત્વને પરમેષ્ઠી પણ જાણતા નથી તેમ તેણે કહ્યું, "હે વત્સો ! જિનેશ્વરસૂરિ મારા મિત્ર છે. તેની સાથે નિધિ પ્રાપ્તિ માટે મેં પ્રતિજ્ઞા કરેલી કે તેનો અર્ધોભાગ આપવો. એમ વચનના છળથી તેમણે મને છેતર્યો. મેં તેનો અર્ધો ભાગ આપવા છતાં નિરીહ મનવાળા તેમણે તે ગ્રહણ કર્યો નહી. પણ મને કહ્યું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે તું તારા બે પુત્રોમાંથી એક પુત્ર આપ, બાકી અન્ય વૈભવ વડે મારે સર્યું. હે વત્સો ! આ તેમનું ઋણ આજે પણ મને શલ્યની જેમ હૃદયને પીડે છે. આ વાત મેં તમારી આગળ કહી હવે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો." આ પ્રમાણે તેમના વચનને સાંભળી બંને પુત્રોએ હાથ જોડીને કહ્યું, "હે તાત ! તમને ઋણથી મુક્ત કરીશું, તમે ખેદ કરો નહી. તેથી સોમદેવ બ્રાહ્મણ સંતોષ પામી, તે સમયે દેહ છોડી દીધો અને પરલોક માર્ગે તેણે પ્રયાણ કર્યું.

પછી કુટુંબ સહિત ધનપાલ અને શોભને શોકાગ્રમને પિતાની સમગ્ર ઉત્તરક્રિયા કરી. પછી દુઃખથી સંતપ્ત બંને ભાઈઓ પરસ્પર બોલે છે કે અહો ! શ્વેતાંબર મહાધૂર્તે કેવા છેતર્યા ! એ કારણથી તેઓને, પીડા પામતા હોય તો પણ ચૈત્યમાં કે મઠમાં પ્રવેશ કરવા દેવો નહી. ત્યારે ધનપાલ નાના ભાઈને કહે છે, "હે વત્સ ! તું ઘરકામ સંભાળ, હું પિતાનું ઋણ ઉતારવા માટે સૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરીશ." ત્યારે શોભને કહ્યું, "હે ભાઈ ! મારાથી ઘરનો ભાર વહન કરી શકાતો નથી તેથી હું શ્વેતાંબર મુનિનું વચન પાળીશ."

હવે રડતા સ્વજનોને મૂકીને, જિનધર્મ ઉપર રોષ કરતો શોભન બ્રાહ્મણ જિનેશ્વરસૂરિની પાસે આવ્યો અને અવજ્ઞાપૂર્વક ગુરુને કહે છે, "પિતાના પ્રતિજ્ઞા રૂપી સાગરને તરવા માટે પ્રવહણની જેમ તમારી પાસે આવ્યો છું તો જે કરવા યોગ્ય હોય તે આદેશ કરો." તે સમયે ગુરુએ કહ્યું કે, "હઠથી અમારા ધર્મકાર્યો થતાં નથી, પણ પોતાના મનના ભાવથી તે સફલ થાય છે. માટે પ્રથમ તું જિનાગમ સાંભળ, પછી તેના અર્થને જાણ. પછી જો તારી ભવસાગર તરવાની ઇચ્છા થાય તો દીક્ષા ગ્રહણ કર, અન્યથા (અત્યારે) તારા ઘરે જા."

આ પ્રમાણે ગુરુના વચનરૂપી અમૃતથી સિંચાતા અને કુગ્રહરૂપી અગ્નિ બુઝાતા, તે બ્રાહ્મણ સૂરિની પાસે જેમ જેમ પૂર્વાપર અવિરૂદ્ધ એવા જિનમતને અર્થ સહિત ભણે છે, તેમ તેમ સૂર્યોદયે જેમ ઝાકળબિંદુ ગળી જાય તેમ તેનું મિથ્યાત્વ નાશ પામે છે. અર્થને પામી, અર્થને ગ્રહણ કરી, અર્થનો વિનિશ્ચય કરી, પરમાર્થને જાણી, ગુરુને પૂછીને તે શોભને દીક્ષા લીધી. ગુરુ પાસે બંને પ્રકારની શિક્ષા પામી, નિરપેક્ષ એવો તે તીવ્રતપનું આચરણ કરે છે. શ્રુતને ભણીને કવિચક્રમાં ચક્રીપણાને પામ્યા.

અહીં ધારાનગરીમાં રાજા ભોજની સભામાં પંડિતોને જીતીને ધનપાલે ચંદ્રની સાક્ષાત્ મૂર્તિ જેવી કીર્તિ પ્રાપ્ત કરી. તેથી પોતાના ભાઈના વિરહથી આતુર મનવાળા તે બ્રાહ્મણે પોતાના દેશમાં બાર વર્ષ સુધી મુનિઓનો પ્રવેશ નિવાર્યો. તે દેશના વાસી એવા (કોઈક) શ્રાવકની અત્યંત પ્રાર્થનાના વશથી આચાર્ય ભગવંત સકલાગમપારગામી એવા શોભનમુનિને આગળ કરીને, માલવદેશમાં, ધારાનગરીની બહાર જેટલામાં પહોંચે છે તેટલામાં તેને જોઈને બંધુને નહી ઓળખતો ધનપાલ આ પ્રમાણે હસે છે, "હે ગધેડાના દાંત સરખા દાંતવાળા ભગવંત ! તમને નમસ્કાર હો !" ત્યારે શોભનમુનિએ પણ તેને કહ્યું કે, "વાંદરાના જેવા મુખવાળા હે મિત્ર ! હમણાં તું સુખી છે ને ?" ત્યારે ધનપાલ વિચારે છે હું આના પ્રગટ વચનથી જિતાયો છું." શત્રુએ પણ અવસરે આપેલો ઘા પ્રશંસા પામે છે." તેથી તેણે કહ્યું,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે સાધુ ! તમે કોના મહેમાન થવાના છો ?" ત્યારે શોભને જવાબ આપ્યો કે, "હે પંડિત રાજ ! તમારા જ મહેમાન થઈશું." તે સાંભળી ધનપાલે નાના બાળકની સાથે તેમને પોતાના આવાસે મોકલ્યા અને જંગમ પુણ્યના કલ્પવૃક્ષ સમાન સૂરિવરને તેણે ત્યાં રાખ્યા. ત્યારે શોભન બાંધવના સ્નેહથી ધનપાલ પરિવાર સહિત સૂરિને કહે છે કે, "મારા ઘરે અશનાદિ સર્વ ગ્રહણ કરો." ત્યારે તેમણે કહ્યું, "હે પંડિત ! એક ઘરેથી ભિક્ષા લેવી અમને કલ્પે નહી. શિવશાસનમાં અને જિનશાસનમાં પણ તેનો પ્રતિષેધ કરેલો છે. વળી કહ્યું છે કે, "મ્લેચ્છ કુલથી કે બૃહસ્પતિના કુલથી પણ એક જ ઘરથી ભિક્ષા ગ્રહણ કરવી નહી પણ માધુકરવૃત્તિથી ભિક્ષા ગ્રહણ કરવી. જે બુદ્ધ = તત્ત્વના જાણકાર ભમરા સરખા, અનિશ્રિત, અનેક પિંડને વિષે રક્ત, ઇન્દ્રિય-મનનું દમન કરનારા હોય છે તેથી તે સાધુ કહેવાય છે." આ પ્રમાણે કલ્પિત ભિક્ષાગ્રહણમાં પરાઙ્મુખ તેમના વચનને જાણીને હર્ષિત હૃદયવાળો પોતાના ઘરે જઈ પોતાની પત્નીને કહે છે કે, "પ્રેમથી ભક્તિપૂર્વક તારે શુદ્ધ આહાર શોભન મુનિને વહોરાવવો."

હવે શોભન મુનિ ભિક્ષા માટે પધાર્યા. તેઓએ પણ પ્રણામ કર્યા. પ્રતિલાભીને ઘરની અંદર ભિક્ષા માટે લઈ ગઈ. તેના બોધ માટે ગુરુ શુદ્ધ આહાર ગ્રહણ કરે છે. ત્રણ દિવસનું દહીં વિદ્યમાન હોવા છતાં ગ્રહણ કરતાં નથી. ત્યારે ધનપાલે હસીને કહ્યું કે, "તમારા ગુરુજીને ખાટા દહીંની રૂચિ નહીં હોય તેથી મીઠા રસના (દહીંના) રસિયા (આ દહીંને) આને ગ્રહણ કરતા નથી. તે સાંભળી સાધુ પણ બોલ્યા કે, "અમારા સિદ્ધાંતમાં ત્રણ દિવસનું દહીં તે જીવથી યુક્ત કહેલું છે તેથી અમારે કલ્પે નહિ." ત્યારે ધનપાલે કહ્યું, "અહો ! અહો ! આમનો દંભનો વિલાસ તો જુઓ ! કે જેથી દહીંમા પણ જીવડા છે એમ કહે છે. ફરીથી તે આક્ષેપ સહિત કહે છે કે, "તમારા ગુરુજીને પૂછીને, આનો અર્થ વિચારી, મધ્યાહ્ને મને આનો ઉત્તર આપજો." તે દહીંનું ભાજન ત્યાં જ રહેવા દઈ તે મુનિ ગુરુની પાસે ગયા અને સર્વ વાત જણાવી.

હવે ધનપાલ પણ ભોજનાદિ કાર્ય પતાવી, ઘણા લોકોની સાથે, બુદ્ધિબલથી સૂરિને જીતવાની ઇચ્છાથી ત્યાં ગયો. ઘણા મિથ્યાત્વના ઉદયથી મૂર્ચ્છા પામેલો તે દહીંનું સ્વરૂપ પૂછે છે ત્યારે સૂરિએ પણ કહ્યું કે, "તેમાં સંમૂર્ચ્છિમ જીવો હોય છે. વળી આગમમાં પણ કહ્યું છે કે, "મગ-અડદાદિ સાથે કાચું ગોરસ ખાતાં દ્વિદલ થાય છે તેથી તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ કહેલી છે. તેમજ ત્રણ દિવસ ઉપરના દહીંમાં પણ ત્રસ જીવોની ઉત્પત્તિ કહેલી છે." તે સાંભળી જાણે ભૂતના આવેગવાળો હોય તેમ સ્તક ધૂણાવતો તે બ્રાહ્મણ બોલવા લાગ્યો, "અહો ! અસંબંદ્ધ બોલનારા એવા આમની આ વાત કેમ મનાય ? ત્યારે તેની સાબિતી માટે ગુરુએ તે દહીંનું ભાજન ત્યાં મંગાવ્યું. તેમાં અલતાનો રસ નાંખી દહીંના ભાજનનું મોઢુ બાંધી સૂર્યના તાપમાં મૂકાવ્યું. ત્યારે સૂર્યના તીવ્ર તાપથી સંતપ્ત થયેલા દહીંની અંદર રહેલા જીવો ચારે બાજુ ચાલવા લાગ્યા.

તે જીવોને જોઈ ધનપાલ પોતાના મનમાં ચિંતવવા લાગ્યો, "અહાહા ! સર્વ ધર્મોમાં સત્ય આ જિનધર્મ જ છે ! જેવા ભાવો અરિહંતોએ જાતે કહેલા છે તેવો આ ધર્મ જ પ્રમાણભૂત છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય ધર્મ વડે શું ?" એમ વિચારતાં તેના મનરૂપી વનમાંથી મિથ્યાત્વરૂપી ઉન્મત્ત હાથી ભાગી ગયો અને ત્યાં અતિ ગરિષ્ઠ એવા સમ્યક્ત્વ રૂપી સિંહે પ્રવેશ કર્યો. ખરેખર ! તેઓને ધન્ય છે કે જેઓ સદા જિનધર્મમાં ઉદ્યમવંત છે. તેનાથી ઉલ્ટુ અમે ખરેખર ! અધન્ય છીએ કે સ્વપ્નમાં પણ તે ધર્મને જોયો નથી." એમ ચિંતવી ગુરુને નમસ્કાર કરી ધનપાલે કહ્યું, "હે ભગવંત ! ધર્મનું રહસ્ય જણાવો." ત્યારે ગુરુએ કહ્યું, "સચરાચર જીવો ઉપર દયા સહિતનો ધર્મ તે જ સાચો ધર્મ છે, તે જ ગુરુ છે જે ઘર-પત્ની-વિષયસંગમથી રહિત છે. વિષય-કષાયનો જેમણે ત્યાગ કર્યો છે અને જે કર્મમલથી મૂકાંએલો છે અને મૂકાવનારા છે તેઓ જ ચિંતામણિરત્ન સવિશેષ રૂપે આ પ્રમાણે ગુરુના વચનામૃતથી તેનું મન સિંચાયું. તેથી કલ્પવૃક્ષ, કામધેનુ એ રત્નત્રયીની જેમ ચિંતિત ફળને આપનારા બને છે. તેનું મિથ્યાત્વરૂપી વિષ નષ્ટ થયું જે ફરીથી તેમાં પ્રવેશી જ ન શકે. દેવ-ગુરુ-ધર્મતત્ત્વને જાણી હવે તે ચિંતવે છે, "અહો ! હિંસાદિ દોષોથી મલીન એવા આ શાસ્ત્રોમાં હું કેમ પડ્યો ?" ત્યાર પછી ગુરુની પાસે, પરિવાર સહિત ધનપાલે, સમ્યક્ત્વમૂલ બાર વ્રતો પરમ ભાવથી ગ્રહણ કર્યા અને આજન્મ સુધી જિનશાસનના દેવ-ગુરુને છોડીને, પરતીર્થિક દેવોની હું પ્રશંસા નહી કરું" એવો અભિગ્રહ ગ્રહણ કર્યો. પછી સુગુરુના વચનથી અતિદુર્ગમ અર્થવાળા કમ્મપયડી વિગેરે શાસ્ત્રોને બુદ્ધિબળથી લીલામાત્રમાં ગ્રહણ કર્યા. રોમાંચિત દેહવાળો, અનન્ય ચિત્તવાળો તે પ્રતિદિન ત્રિકાલ જિનેશ્વરના પદકમળને પૂજે છે. પછી પ્રભુ આગળ કહે છે કે, "પૂર્વે કેટલાક નગરના સ્વામીને કાયાના વ્યય વડે દુઃખે ગ્રહણ કરી શકાય તેવા અને થોડું આપનારા તેમને મોહથી હું ત્રિભુવનગુરુની બુદ્ધિથી અનુસર્યો, હાલમાં સ્વપદ આપનારા એવા પ્રભુને (તને) પામ્યો, તેથી ખરેખર ! પહેલાના મારા દિવસો વ્યર્થ ગયા. તેમ વિચારતાં મારું મન દુઃખી થાય છે. "સર્વત્ર ધર્મ છે, એમ માનીને હે જિન ! તમારું શાસન ન જાણ્યું. કમળાના રોગથી પીડાતા પીળીયાવાળાને જેમ ચંદ્રપદ ઓળખાતું નથી." આ પ્રમાણે જિનવર પ્રવચનની પ્રભાવના કરવામાં બુદ્ધિમાન, પાપમલનું પ્રક્ષાલન કરનાર એવા ધનપાલના દિવસો જઈ રહ્યા છે.

એકવાર ભોજરાજા હાથી-ઘોડા-પાયદળ-પંડિતોની સાથે શિકાર આસક્ત મંડલથી સહિત શિકાર કરવા વનમાં ગયો. ત્યાં ભયથી ઉંચા ઝંપાપાત કરતા હરણયુગલને જોઈ, ઘોડાને દોડાવી રાજાએ એક બાણથી તે હરણને માર્યું. તે બાણથી તે હરિણી એવી વિંધાઈ કે ત્યાંથી એક ડગલું પણ ચાલી શકતી નથી. તે જોઈ રાજા કવિઓની સામે જુએ છે ત્યારે કવિઓ આ પ્રમાણે કહે છે કે, "શ્રીભોજ શિકાર કરવા ગયેલ ત્યારે એકાએક ધનુષ્ય ઉપર આરોપણ કરેલા બાણની પણછ કર્ણસુધી ખેંચેલી, તેને લક્ષ્ય ઉપર સ્થાપિ, બાણ મૂકતા તે હરણના ખોળામાં રહેલ હરણિને વાગ્યું ત્યારે હરણ જાણે એવા આશયથી કે 'આ કામદેવ શીકાર વડે મારી પત્નીને (હરણીને) મારે વશ કરી રહ્યો છે તેથી હરણ ત્રાસ પામ્યું નહિ, ન ભાગી ગયું કે ન ચાલ્યું, ન વિલાસ કર્યો કે ન ઉછલ્યું." અને વળી "હે કવિરાજ ! આ મૃગલાઓ આકાશમાં કૂદે છે અને આ ભૂંડો પૃથ્વીને ખોદે છે તેનું શું કારણ ?" ત્યારે એક કવિએ જવાબમાં કહ્યું, "આપના શસ્ત્રથી ભય પામેલા આ મૃગો, પોતાની જાતિવાળા એવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રમામાં રહેલા મૃગનો આશ્રય લેવા ઉંચે કૂદે છે અને વરાહ-ભૂંડ આદિ વરાહનો આશ્રય લેવા માટે પાતાળે જવા ઇચ્છે છે." આ પ્રમાણે કવિઓએ કરેલી પ્રશંસા સાંભળીને ભોજરાજા સમગ્ર પૃથ્વીને પોતાની આગળ તૃણ જેમ માને છે.

હવે એક વાર સુવિષાદીમનવાળા, કરૂણારસસાગર એવા ધનપાલને બોલાવીને રાજા કહે છે, "તું મારી મૃગયાનું (શિકારનું) વર્ણન કેમ કરતો નથી?" ત્યારે ધનપાલ બોલ્યો કે, "હે રાજન્! તારું આ પૌરુષ રસાતલમાં જાઓ. આ પ્રત્યક્ષ અનીતિ છે કેમકે શરણરહિત અને નિર્દોષ એવા દુર્બલ પ્રાણી બળવાન વડે હણાય છે. અહો! મહા સંકટ છે કે આ જગત રાજા વિનાનું (ન ધણીયાતું) છે." આ પ્રમાણે ધિક્કારના વચનથી, કોપથી વિકરાળ મુખવાળા રાજાએ તેને પૂછ્યું, "આ શું છે?" ત્યારે પંડિતે કહ્યું, "હે રાજન્! સાંભળો... જ્યારે પ્રાણનાશનો વખત આવે ત્યારે શત્રુઓ પણ જો તૃણનું ભક્ષણ કરે - તૃણ મુખમાં લે તો તે શત્રુ હોવા છતાં પણ છોડી મૂકવામાં આવે છે. તો આ તો નિરપરાધી પશુઓ તો નિરંતર તૃણનો જ આહાર કરનારા છે, તેમને શી રીતે હણી શકાય?" આ સાંભળીને રાજાના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ, તેથી તેણે પોતાનું ધનુષ્ય તથા બાણ ભાંગી નાંખ્યું અને આજન્મ શિકાર ન કરવાની પ્રતિજ્ઞા ભોજરાજાએ કરી.

વનથી પાછા ફરીને, સરોવરથી નગર તરફ જતાં માર્ગમાં રાજાનો યજ્ઞમંડપ આવ્યો. ત્યાં ભયથી કંપતો બકરો કરૂણ સ્વરે પોકાર કરતો હતો. તે સાંભળીને રાજાએ કવિઓને પૂછ્યું, "હે પંડિત! આ શું બોલે છે?" અવસરને જાણનાર તે પંડિત રાજાને પ્રતિબોધ કરવા સત્ય કહે છે કે, "હે દેવ! મરણના ભયથી કંપતો આ બકરો એમ કહે છે કે, "હે રાજા! મને સ્વર્ગના ભોગ ભોગવવાની તૃષ્ણા નથી, તેમજ તેના માટે મેં તમારી પાસે પ્રાર્થના પણ કરી નથી. પરંતુ હું તો નિરંતર તૃણના ભક્ષણથી સંતુષ્ટ જ છું, માટે તમારે મને હણવો યોગ્ય નથી. જો તમારા યજ્ઞમાં હણાયેલા પ્રાણીઓ અવશ્ય સ્વર્ગે જ જતા હોય તો તમે માતા-પિતા-પુત્રો અને બાંધવો વડે યજ્ઞ કેમ કરતા નથી?"

આ પ્રમાણે સાંભળીને રાજાએ ક્રોધથી ધનપાલને કહ્યું, "અરે! આ તું શું બોલે છે?" ત્યારે ફરીથી ધનપાલ નિઃશંકપણે બોલ્યો કે, "હે સ્વામી! હું સત્ય કહું છું. કેમકે હે રાજન્! યજ્ઞસ્તંભ રોપીને, પશુઓનો વધ કરીને, રૂધિરનો કીચડ કરીને જો કદાચ સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે કોણ જશે? સત્ય રૂપી યજ્ઞસ્તંભ કરીને, તપ રૂપી અગ્નિ સળગાવીને, તેમાં પ્રાણોરૂપી સમિધ (લાકડા) નાંખી, અહિંસા રૂપી આહુતિ દેવી... આ જ સનાતન યજ્ઞ છે.

શાસ્ત્રાનુવાદીની વાણીથી રંજિત થયેલો તે રાજા યજ્ઞ કરાવનારાઓને રાક્ષસની જેમ માનતો જિનાગમની પ્રશંસા કરે છે. પછી આનંદ પામેલો રાજા તેને પૂછે છે કે, "દયામય જિનધર્મ બીજાઓને કેમ ગમતો નથી? તેનું શું કારણ?" ત્યારે તે કહે છે કે, "નરકને આપનારી હિંસા છોડવી જોઈએ, સત્ય બોલવું જોઈએ, ચોરી ન કરવી, મૈથુનનો ત્યાગ, સર્વસંગથી નિવૃત્તિ સ્વરૂપ આ જૈનધર્મ છે. તે પાપપંકમાં ડૂબેલાને ગમતો નથી. ઘીને પ્રમેહી (ડાયાબિટીશ) રોગવાળો નથી ખાતો! તેટલા માત્રથી શું તે દુષ્ટ થઈ જાય.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એકવાર રાજાએ બંધાવેલ સરસ્વતી કંઠાભરણ નામના શિવપ્રાસાદમાં રાજા સાથે ધનપાલ ગયો. તે જિનાગમમાં રહેલા જ્ઞાનની પ્રશંસા કરે છે. તે સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો અને કહ્યું, "શું આજે પણ તે છે કે કેવળ નામમાત્ર જ છે ?" ત્યારે તેણે કહ્યું કે, હે નરવર ! કેવલી પ્રણિત, અતિશય પ્રશસ્ત એવા અરિહંત શ્રી ચૂડામણિ ગ્રંથમાં આજે પણ તે જ્ઞાન છે. જેમાં સદ્‌ગુરુઓએ ત્રિકાલવર્તી સર્વ વસ્તુઓનું જ્ઞાન ઘણા પ્રમાણમાં પ્રરૂપેલું છે." તે સાંભળી તેના ઉપર કલંક આરોપણ કરવા ઇચ્છતા રાજા કહે છે, "હે પંડિત ! તિદુવારમંડપથી હું કયા માર્ગે બહાર નીકળીશ ?" ત્યારે ધનપાલે પ્રશ્નનો વિચાર કરી, બુદ્ધિના પ્રપંચથી તેનું પ્રગટ ફલ પત્રમાં લખીને, માટીના ગોળામાં નાંખીને સ્થગિધરને આપ્યું અને કહ્યું, "હે રાજન્ ! આ બાજુ પધારો."

આ બાજુ રાજા પણ વિચારે છે કે, "આ પંડિતે મને તિદુવાર મંડપથી નિશ્ચિતથી એક દ્વારથી નિર્ગમન લખેલ હશે, પણ હું એવું કરું કે જેથી એના ગુરુદેવ-આગમની સાથે વિસંવાદ ઊભો થાય અને હું તેને અસત્યવાદી ઠરાવું."

એમ વિચારી તેણે સુથારને બોલાવ્યો અને મંડપની પદ્મશીલા દૂર કરાવી, તે માર્ગે રાજા બહાર નીકળ્યા અને પત્રને વાંચ્યો. તો તેમાં લખેલું હતું કે, "શ્રી ભોજરાજા કપટથી પદ્મશીલા ખોલાવીને ઉર્ધ્વમાર્ગે થઈ તે જ મંડપમાંથી નીકળશે." તેનું તે વચન સત્ય જાણીને રાજા મનમાં અત્યંત સંતુષ્ટ થયો, અને સર્વધર્મમાં સારભૂત જિનશાસનની પ્રશંસા કરવા લાગ્યો.

એક વાર શિવશ્રી આલિંગન કરવાને ઇચ્છુક બુદ્ધિમાન ધનપાલે શ્રી ઋષભદેવ ભગવાનના ગુણસ્તવના સ્વરૂપ પંચાશિકાની (ઋષભ પંચાશિકા) રચના કરી. પછી રાજાએ બનાવેલા સરસ્વતી કંઠાભરણ પ્રાસાદની ભીંત ઉપર કોરીને ત્યાં તે રાખી. પછી રાજાને આ પ્રમાણે વિનંતિ કરી કે, "આ રાજાએ શત્રુના હૃદયને તોડીને પૃથ્વીનું રક્ષણ કર્યું, અને બળવાનોની રાજ્યલક્ષ્મી પણ પોતાને સ્વાધીન કરી. ખરેખર ! જે કાર્ય ત્રણ જન્મમાં પુરાણ પુરુષ કરે, તે કાર્ય આ યુવાન રાજાએ એક જ જન્મમાં કર્યું છે." પોતાના ગુણની સ્તવનાથી રાજા પરિતોષ-સંતુષ્ટ થયો અને તે ઋષભ પંચાશિકા પટ્ટી ઉપર મણિનો કલશ સ્થાપન કર્યો.

એક વાર શિવભવનમાં દ્વારદેશે લઈ જવાયેલા; રાજાએ ભમરીઓના સમુદાયને જોઈને પૂછ્યું, "આ દુર્બલ કેમ છે ?" ત્યારે ધનપાલે કહ્યું, "જો દિશા રૂપ વસ્ત્ર છે તો એને ધનુષ્યની શી જરૂર છે ? અને સશસ્ત્ર છે તો ભસ્મની શી જરૂર છે ? વળી શરીરે ભસ્મ લગાવે છે તો એને સ્ત્રીની શી જરૂર છે ? અને રમણી છે તો એ કામ પર દ્વેષ શા માટે લાવે છે ? એમ અન્યોન્ય વિરૂદ્ધ પોતાના સ્વામીની ચેષ્ટા જોતાં ભ્રમરીનું શરીર ઝાડી જેવી નસોથી કઠોર, હાડપિંજર જેવું ધારણ કર્યું છે. એવામાં હસતા મુખવાળી, રતિયુક્ત અને તાળી દેવાને ઉંચે હાથ કરેલ એવી કામદેવની મૂર્તિને જોતાં રાજા કૌતુક પામીને તે પ્રખર પંડિતને કહેવા લાગ્યો કે, "આ તાળી દેતો હસતો એવો કામદેવ સ્પષ્ટ શું કહેવા માંગે છે ?"

ત્યારે ધનપાલ કવિએ કહ્યું, "હે નરનાથ ! તમે તે કાન દઈને સાંભળો." આ શંકરનો સંયમ ત્રણે ભુવનમાં પ્રસિદ્ધ છે, પણ અત્યારે વિરહથી કાયર બનીને કામિનીને સાથે રાખે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેથી ખરેખર ! "આનાથી આપણે જીતાયા નથી" એમ હાસ્યથી પ્રિયાના હાથમાં તાળી દેતાં કામદેવ જયવંત વર્તે છે."

શિવાલયમાં શિવને અષ્ટાંગ પ્રણામથી નમસ્કાર કરીને ભોજરાજા કવીશ્વરને કહે છે, "તું શંકરને કેમ નમસ્કાર કરતો નથી ?" "જિનેશ્વરને છોડી અન્ય દેવની સ્તવના વચનથી પણ ન કરું." (એવી મારી પ્રતિજ્ઞા છે) આ પ્રમાણે ચિત્તમાં વિચારીને ધનપાલે રાજાને કહ્યું, "હે રાજન્ ! જિનેન્દ્રરૂપી ચંદ્રને નમસ્કાર કરવામાં લાલસાવાળું મારું મસ્તક હું બીજા કોઈ પાસે નમાવતો નથી. કેમકે મદોન્મત્ત હસ્તિના ગંડસ્થળમાંથી ઝરતા મદમાં લંપટ એવો ભ્રમરનો સમૂહ કદાપિ કૂતરીના મુખમાંથી નીકળતી લાળમાં લીન થતો નથી."

આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ એવા ધનપાલના તે અસમંજસ વચનને સાંભળીને, રોષ રૂપી મહા ઉગ્ર સર્પના ડંશથી છંછેડાયેલો તે રાજા ચિંતવે છે, "અમારા શિવાદિ દેવોનું વિપ્રિય (અપ્રિય) બોલનાર એવો આ "બ્રાહ્મણ" હોવાથી અવધ્ય છે, તો પણ એને ચક્ષુરહિત તો કરવો જ જોઈએ." રાજાના અત્યંત વિરુદ્ધ એવા અભિપ્રાયને જાણીને ધનપાલે ચિંતવ્યું કે, "યુગાંતકાળે પણ હું મારી પ્રતિજ્ઞાનો ભંગ નહી કરું."

હવે આગળ ચાલતાં સર્વે પુરના દ્વાર પાસે આવ્યા. ત્યાં એક વૃદ્ધાને, વૃદ્ધપણાના કારણે મસ્તક ધુણાવતી જોઈ. ત્યારે રાજાએ સાથે આવેલા વિદ્વાનોને તેનું મસ્તક ધુણાવવાનું કારણ પૂછ્યું. ત્યારે તે વિદ્વાનો કાંઈક જુદુ જુદુ કહે છે પણ તેથી રાજાનું ચિત્ત ખુશ નથી થતું. ત્યારે રાજાએ ધનપાલને પૂછ્યું એટલે આ બરાબર અવસર છે એમ જાણી ધનપાલ કહે છે, "હે દેવ ! આ વૃદ્ધાના સિરકંપનું કારણ કૃપા કરી સાંભળો. શું આ નંદી છે ? હે હલે ! શું આ કૃષ્ણ છે ? શું આ કામદેવ છે ? શું આ ચંદ્ર છે ? શું આ બ્રહ્મા છે ? શું આ વિદ્યાધર છે ? અથવા શું દેવેન્દ્ર છે ? શું આ કિન્નર છે ? શું આ કુબેર છે ? આ નથી, આ પણ નથી, નિશ્ચે આ પણ નથી, ના, ના તે પણ નથી... પરંતુ હે હલે ! ક્રીડા કરવાને જાતે જ પ્રવૃત્ત થયેલા રાજા ભોજ પોતે જ છે. એ પ્રમાણે ધનપાલ મહાકવિના કાવ્યમય પ્રશંસારૂપી અમૃતના પાનથી ભોજરાજાના રોષ રૂપી સર્પનું ઝેર ઉતરી ગયું. ત્યારે હર્ષિત વદનવાળા રાજાએ 'વરદાનને માંગ' એ પ્રમાણે પંડિતને કહ્યું. ત્યારે તે ધનપાલે પણ કહ્યું, "હે નરવર ! કૃપા કરી મને બે નેત્રો મારા પાછા આપો." તેનું વચન સ્વીકારીને પાપરહિત, ધર્મી એવા તેને અનેક પ્રકારનું સોનું વિગેરેનું દાન પ્રેમથી આપ્યું.

હવે એકવાર રાજા પંડિત-સામંત-મંત્રીથી યુક્ત રાજપર્ષદામાં બેઠો હતો, ત્યારે પ્રતીહાર આવી, નમીને કહે છે, "હે દેવ ! વહાણમાંથી આવેલો કોઈ શ્રેષ્ઠી દ્વારદેશે ઉભો છે અને તે આપના દર્શન કરવાને ઇચ્છે છે તો શું આદેશ છે ?" ત્યારે રાજાએ આદેશ આપ્યો કે "સભામાં આવવા દો." પછી રાજાનો આદેશ પામી શ્રેષ્ઠિ રાજસભામાં આવી, મસ્તકે બે હાથ જોડી, રાજાના ચરણકમલમાં પ્રણામ કરે છે. રાજાએ આપેલા આસન ઉપર તે બેઠો અને મીણની પાટી ઉપર રહેલી પ્રશસ્તિ રાજાને બતાવી. રાજાએ પૂછ્યું, "તમે આ કેવી રીતે મેળવી ?" શ્રેષ્ઠીએ પણ કહ્યું, "હે સ્વામી ! પ્રસન્નચિત્તે તમે તે અવધારો. અમારું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વહાણ સમુદ્રમાંથી પસાર થતું હતું ત્યારે મધ્યમાર્ગે તે અકસ્માત સ્ખલના પામ્યું. નિર્યામકોએ શોધ કરતાં જેમ ગિરિ ઉપર શિવભવન હોય તેમ પાણીમાં શિવભવન જોયું. તેની ભીંતના એક ભાગમાં અપૂર્વવર્ણથી લખેલી અક્ષરપંક્તિ જોઈ. તે અક્ષર ગ્રહણ કરવા મેં મીણની તૈલયુક્ત લાખની પાટી બનાવી, તે પ્રશસ્તિ ઉપર સારી રીતે દબાવી, એટલે અક્ષરો તેના પર સંક્રાંત થયા અને પછી તે પાટી લઈ, તમારી પાસે આવ્યો છું. પછી રાજાએ તેની પાછળ માટીમય પટ્ટી લગાડી, અક્ષરો સરખા બનાવી, પંડિતોને વાંચવા આપી.

(પંડિતો ત્યારે તે આ પ્રમાણે વાંચવા લાગ્યા) બાલ્યકાળથી કોટિ દ્રવ્યની પ્રાપ્તિથી મેં ઉન્નતિની પરાકાષ્ઠાને પમાડેલી, તેની વાત કરતાં આ રાજપુત્ર પણ હાલમાં લજ્જા પામે છે. આ પ્રમાણે જાણે ખેદ પામેલો તે, પુત્રના યશથી આધાર પામેલો, તપથી વૃદ્ધ ગુણવાન એવો તે સમુદ્ર કિનારે રહેલા તપોવનમાં ગયો. વળી હે દેવી ! દિગ્વિજય માટે ધારણ કરેલા બાણો શત્રુ-સ્ત્રીઓને વૈધવ્ય દેનારા ક્રોધથી ચારે દિશામાં ભમે છે.અન્ય સ્ત્રીઓ તો દૂર રહો. પણ પોતાના સ્વામીને આપવા મદથી મદાંધ બનેલા ભ્રમરોના સમુદાયથી શ્યામ બનેલ એવા પુષ્પધનુષ્યને ત્રાસથી તે હાથમાં ધારણ કરતી નથી. ચિંતારૂપી ગંભીર કુવામાંથી સતત શોકરૂપી રહેંટથી ખેંચાતી નિઃશ્વાસ મૂકતી હતી અને વિશાલ નયનરૂપી ઘટીયંત્રથી અશ્રુની ધારા છોડતી હતી. નાશિકારૂપી નાળચાના વિષમમાર્ગથી બાષ્પજળને, તારા શત્રુની નારીઓ બે સ્તન રૂપી કળશ વડે સતત વહન કરે છે. ખરેખર ! પૂર્વે કરેલા કર્મોના વિપાકો જીવોના વિષમ હોય છે." રાજાએ પંડિતોના મુખથી આ ખંડિત કાવ્યને જાણ્યું, પણ તેના ચિત્તમાં તેનો અર્થ સમજાતો નથી. ત્યારે રાજાએ ધનપાલને કહ્યું, "શું તું આ સમસ્યા ન પૂરે ?" ત્યારે ધનપાલે પણ કહ્યું, "હે રાજન્ ! આ પદયુગલને કર્ણના ભૂષણ રૂપ કરો = સાંભળો. "જે શંકરના મસ્તકો શંકરના શિર પર શોભતાં હતા, તે વિષ્ણુથી હણાતા ગીધપક્ષીના પગ તળે ચગદાય છે." આ પ્રમાણે સાંભળી રાજા ચમત્કાર પામ્યો અને કહ્યું, "આ જ અર્થ છે." પણ વજ્રથી હણાયેલા હોય તેમ અન્ય વિદ્વાનો વિષાદવાળા થયા. (અને અર્થની સંવાદિતા કરવા લાગ્યા.) ત્યારે ધનપાલે કહ્યું કે, "હે રાજન્ ! જો રામેશ્વરની ભીંત ઉપર આવા પ્રકારની રચના ન હોય તો આ જન્મ મારે કાવ્ય કરવાનું છોડી દેવું. આ પ્રમાણે ધનપાલની પ્રતિજ્ઞાને જાણી, રાજાએ નિર્યામકોને વહાણમાં બેસી સમુદ્રની મધ્યમાં પ્રવેશ કરાવ્યો. તેઓએ પણ છ માસ બાદ તે મુજબ જ લખાણ લાવીને આપ્યું. વિદ્વાનોએ તે વાંચ્યું અને ધનપાલ ઉપર ઈર્ષ્યા કરવા લાગ્યા. તે ખંડકાવ્યના ઉત્તરપદયુગલને તેવા પ્રકારના જાણી રાજાએ પણ ધનકનકના દાનપૂર્વક ધનપાલની પ્રશંસા કરી.

એકવાર પોતાની સેવાથી વિમુખ જોઈને રાજાએ તેને કહ્યું, "હે પંડિતશિરોમણિ ! મારી સભાને બે વાર કેમ અલંકૃત કરતા નથી ?" તેણે કહ્યું, "હે રાજન્ ! મેં હમણા ભરતરાયની કથા રચવાનો પ્રારંભ કર્યો છે તેથી સમય મળતો નથી ને તેથી તમારી સેવાનો સમય નથી મળતો." રાજાએ કહ્યું, "તે (કથા) મને શિતલ રાત્રીના પાછલા પ્રહરે રમણી સહિત સંભળાવજે, કેમકે ત્યારે બીજા કામો પણ હોતા નથી." તે પણ રાજાએ કહેલા સમયે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્ય સંભળાવતો અને રાજા પણ સમગ્ર ઇંદ્રિયોના વ્યાપારને છોડીને તે સાંભળે છે. તે પુસ્તક (કથા) સાંભળવાથી હર્ષિત થયેલા રાજાએ, "આ કથાનો રસ બીજે ક્યાંય ન જાઓ." એમ વિચારી તે પુસ્તકની નીચે કચોલા સહિત સુવર્ણનો થાળ મૂકાવ્યો. અલંકારથી યુક્ત, છંદ-લક્ષણથી યુક્ત, મોટા રસવાળી, સુવર્ણના જેવી પવિત્ર ઉત્તમ કથા, તરૂણ સ્ત્રીની જેમ કોના હૃદયને હરતી નથી ! તે વિચિત્ર કવિતાથી ચિત્રિત (સ્થિર) ચિત્તવાળા રાજાએ કહ્યું, "હે પંડિત ! વિકલ્પને મૂકી દે, ને અહીં મારું કીધેલું તું કર. જો તું આ ગ્રંથમાં ભરત ચક્રીના સ્થાને મારું નામ, વિનીતા નગરીના સ્થાને ઉજ્જૈનનગરી અને શક્રાવતારના સ્થાને (અષ્ટાપદ પર રહેલ શ્રીજિનપ્રાસાદ) મહાકાળનું (ઉજ્જૈનમાં આવેલ તે સમયનું મહાદેવનું મંદિર) નામ સ્થાપન કરે તો તને ખૂબ સન્માન, ધન અને મન ઇચ્છિતને આપીશ. આ પ્રમાણે રાજાએ કહ્યું ત્યારે ધનપાલ આ પ્રમાણે ચિંતવે છે કે, "જિનેશ્વરના ચરણકમલની સેવા-આરાધનાથી અધિક કાંઈ પણ મારા મનને ઇષ્ટ નથી. તેથી મને આની કાંઈ જરૂર નથી." આ પ્રમાણે ચિંતવી ધનપાલે રાજાને કહ્યું, "જેમ રંક અને રાજામાં, આગિયા અને સૂર્યમાં, સરસવ અને મેરૂમાં, ખાબોચિયા અને સમુદ્રમાં, ધત્તુરાના વૃક્ષમાં અને કલ્પવૃક્ષમાં, કાચ અને રત્નમાં જેટલું અંતર છે તેટલું જ અંતર આ પ્રમાણે કહેતા એવા તારું અને તેઓની વચ્ચે છે. (ઉજ્જૈની - તું - મહાદેવ અને અયોધ્યા - ભરતાદિ - આદીશ્વરમાં છે.) હે દુષ્ટ, ખળ, નિરક્ષર, હે લોહમતિવાળા ! અમે તે તને કેટલું કહીએ ? ચણોઠીની સાથે સુવર્ણની તુલના કરતાં તું પાતાલમાં કેમ ન ગયો ?"

આ પ્રમાણે પોતાની નિંદાના ભયંકર વચનરૂપી કસથી ઘોડાની જેમ હણાયેલો, કોપને પ્રાપ્ત થયેલા રાજાએ મૂલપ્રતને (ગ્રંથને) અગ્નિમાં નાંખી દીધો. હવે મહાનિર્વેદથી રક્ત એવો તે આવીને, પોતાના ઘરના પાછળના ભાગમાં, જીર્ણ ખાટલામાં પડેલો ધનપાલ આ પ્રમાણે વિચારે છે કે, "ફરીથી કેવી રીતે આવા પ્રકારના કથાકાવ્યને હું કરીશ ? અહો, દુષ્ટરાજાએ કેવી રીતે (કેમ) મને શોકસમુદ્રમાં નાંખી દીધો ?" આમ દીર્ઘ નિઃશ્વાસ મૂકતો, અન્ય સર્વ વ્યાપારોને છોડી દીધેલો એવા તે ધનપાલને તિલકમંજરીએ જોયો અને પિતાને પૂછ્યું ત્યારે તેણે પણ પોતાની પુત્રી આગળ દુઃખનું કારણ કહ્યું. ત્યારે પુત્રીએ પણ કહ્યું, "હે તાત ! આ કાર્યને વિષે તમે ખેદ ના કરો. આ કથારહસ્ય (ગ્રંથ) મારા મનરૂપી પાટિયાને વિષે સંક્રાંત થયેલો છે. તેથી હે તાત ! કૃપા કરી ઉભા થાવ અને મનમાં નિર્વેદને શાન્ત કરો. તે સાંભળી ધનપાલ સંતુષ્ટ થયો. પછી ઉઠી, સ્નાન કરી, જિનરાજને પણ નવરાવીને = પ્રભુનો પક્ષાલ આદિ પૂજા કરીને, ભોજન કરીને, તેના મુખથી તે કથારત્નને લખાવ્યું અને તે ગ્રંથ **"તિલકમંજરી કથા"** એ પ્રમાણે તેના નામથી લોકોને વિષે પ્રસિદ્ધિ પામ્યો. અને તે કથા સહકાર મંજરીની જેમ પંડિતો રૂપી મધુકરોથી સેવાઈ. રાજાના પરાભવથી રુષ્ટ થયેલો ધનપાલ તે રાજ્યને છોડીને જ્યાં સારું ચારિત્ર છે તેવા **સત્યપુર નગરે** જઈને રહ્યો. ત્યાં તે ઘણું બહુમાન પામ્યો.

તે સમયે કોઈ ધર્મવાદી ઉજ્જૈની નગરીમાં આવ્યો અને ભોજરાજાના વિદ્વાનોને જીતવા માટે સિંહની જેમ ગર્જના કરવા લાગ્યો. તે જોઈ વિષાદચિત્ત વાળો રાજા વિચાર કરવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો, "હહા ! મારી સભા ધનપાલરૂપી સૂર્ય વિના અંધકારથી પ્રભા વિનાની નિસ્તેજ લાગે છે. તેથી તેને બોલાવવા માટે રાજાએ પ્રધાન પુરુષોને મોકલ્યા. તેણે પણ આ પ્રમાણે લખીને પાછા રાજાની પાસે તેઓને મોકલ્યા, "હે રાજન્ ! અત્યારે આપણા બંનેનું સદન (ઘર) સમાન છે. કારણ કે તારા ઘરમાં સુવર્ણના વિશાલ પાત્રો છે અને મારા ઘરમાં વિસ્તૃત આર્તનાદ થઈ રહ્યા છે. તારું ભવન બધા પરિજનથી વિભૂષિત છે અને મારું ઘર સમસ્ત પરિજનથી રહિત છે. વળી તારું ભવન હાથી-હાથીણીઓથી ગહન છે અને મારું ઘર રજ-ધૂળથી વ્યાપ્ત છે. જો રાજા આવીને મને મનાવે તો જ આવું, નહિતર નહીં એવો મારો નિયમ છે." તેથી રાજા સ્વયં જઈને, અનેક યુક્તિથી પંડિતને (ધનપાલને) સંતોષ પમાડી, ધનથી પોષીને, પોતાની સાથે લાવે છે. રાજાની પર્ષદામાં આવેલા તે કવિરાજને નહી જાણતો એવો તે ધર્મવાદી ગર્વપૂર્વક આ પ્રમાણે કહે છે કે, "લક્ષ્મીની કાન્તી સરખા તપતા, કર્દમ રાજપુત્ર, સભામાં બેઠેલા ભોજદેવ રાજા સભાપતિ હોતે છતે ઘાસતુલ્ય ધનપાલની વાણી મારા સારસ્વત પ્રવાહમાં ડૂબતી થાઓ." તે સાંભળીને અખંડમતિવાળો તે પંડિત (ધનપાલ) તેના વચનનું ખંડન કરતાં કહે છે કે, "હે અત્યંત તુચ્છ વાણીવાળા ! મારા વાણીના પ્રવાહમાં જલ્દીથી જંતુની જેમ તું જ તણાઈ જઈશ." રાજા ભોજદેવ ધનપાલને કહે છે, "હે પંડિત શિરોમણિ ! મારી આ પૂછેલી સમસ્યા તું પૂરી કર. સમસ્યાનો પૂર્વાર્ધ આ રીતે :- इयं ....... विघटिता ! "આકાશ અને સમુદ્રનાં તટ (છેડા)ને જલ્દીથી સૂર્ય પ્રાપ્ત કરે છે (ઉદય વખતે) ત્યારે અત્યંત જોડાયેલા મજબૂત ઘડેલા લાકડાઓવાળી રાત્રીરૂપી નૌકા નાશ પામે છે." ત્યારે પંડિતે કહ્યું, સમસ્યા પૂર્તિ = ઉત્તરાર્ધ આ પ્રમાણે :- वणिक् ....... गिरयः । "વણિકરૂપી ચક્રવાક પક્ષીઓને આનંદ કરનારા સૂર્યના કિરણો, અને પક્ષીઓના કોલાહલથી આ સારા પણ તારાઓ ત્યારપછી વાણીરૂપી ગિરિઓમાં ડૂબી જાય છે."

આ બાજુ ધનપાલને આવેલો જોઈ પવનથી જેમ સમુદ્રમાં ખળભળાટ થાય તેમ ધર્મવાદીરાજ ચિંતવવા લાગ્યો, એક ધનપાલને છોડીને જ તારો વાદમાં જય થાય. (ધનપાલની હાજરીમાં તારો જય ન થાય.) એમ સરસ્વતી વચન સાંભળી રાત્રીએ તે ભાગી ગયો. પ્રભાત સમય થતાં તેના જય માટે સભામાં આવેલા વિદ્વાનો તેનું ચરિત્ર જાણી રાજા સમક્ષ આ પ્રમાણે કહે છે, "ધર્મ જય પામે છે, પણ અધર્મ નહિ." એ પ્રમાણેનું વચન જૂઠું કરાયું અને વચન ધનપાલે સત્ય કરી બતાવ્યું. ખરેખર ! "ધર્મની ગતિ ઉતાવળી હોય છે" આ વચનને સાચું કરાયું (ધર્મવાદીને જલ્દીથી રાતોરાત ભગાડી મૂક્યો તેથી આમ સમજવું) ને તેથી જ પાપના કારણભૂત એવી મિથ્યાત્વી દેવોની કવિતા રચે નહિ, જિનેશ્વર ભગવંતનું વર્ણન કરતાં વચનવિશુદ્ધિ ઉત્કર્ષ પામે છે. સમ્યક્ત્વપૂર્વક શ્રાવકના વ્રતોને સમ્યક્ પ્રકારે પાલન કરી દેવરાજ ગુરુને આરાધી, ધનપાલ સ્વર્ગમાં ગયો.

આ પ્રમાણે હે ભવ્યો ! સમ્યક્ત્વની શુદ્ધિમય, મહાપવિત્ર એવું ધનપાલનું ચરિત્ર સાંભળીને વચનશુદ્ધિ કરો જેથી જલ્દી સિદ્ધિસુખને પામો.

**આ પ્રમાણે વચનવિશુદ્ધિ વિષે ધનપાલ પંડિતની કથા પૂર્ણ થઈ.**

૧૭

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્રીજું કાયશુદ્ધિદ્વાર

**छिज्जंतो भिज्जंतो पीलिज्जंतो य डज्झमाणोऽवि ।**
**जिणवज्जदेवयाणं, न नमइ जो तस्स तणुसुद्धी ॥ २७ ॥**

**ગાથાર્થ :- છેદન, ભેદન, પિલણ, દહનને પામવા છતાં પણ જે મનુષ્ય શ્રી જિનેશ્વરદેવ વિના બીજા દેવને ન નમે, તેને કાયશુદ્ધિ હોય છે.**

**ટીકાર્થ :- છિદ્યમાનઃ** તલવારાદિથી છેદાવા છતાં, **ભિદ્યમાનઃ** કરવત તથા શૂળી વડે ભેદાવા છતાં **પીડ્યમાનો** દોરી વિગેરે બંધનો અને યંત્રો વડે પીડાવા છતાં **દહ્યમાનઃ** અગ્નિથી તપેલા તેલવડે બળાવા છતાં અને "अपि" શબ્દથી મહાસંકટમાં આવી પડવા છતાં જે મનુષ્ય શ્રી જિનેશ્વર દેવ વિના બુદ્ધ, શંકર, શાક્ય વિગેરે દેવોને નમસ્કાર ન કરે. તે સમ્યગ્દૃષ્ટિ જીવને કાયશુદ્ધિ = શરીરની નિર્મલતા હોય છે. અહીં પ્રાકૃતપણાથી ચતુર્થીના સ્થાને ષષ્ઠી છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો **વજ્રકર્ણરાજા**ના દૃષ્ટાંતથી જાણવો. **તે આ પ્રમાણે :-**

સુપ્રશસ્ત વસ્તુના વિસ્તારથી સુંદર, નિરૂપમ કાંતિવાળા મણિમય મંદિરોવાળી, લક્ષ્મીવાનોથી વિશાળ એવી **કોશલા** નામની નગરી છે. ત્યાં ઈક્ષ્વાકુવંશાવતંસ, ભુજાબળથી ભારતદેશને જીતનાર, મહાપરાક્રમી **દશરથ** નામનો **રાજા** રાજ્ય કરતો હતો. તેમણે એક વાર **કૈકેયીરાણી**ના વરદાનના વશથી, **સીતા** સહિત **રામ-લક્ષ્મણ**ને બાર વર્ષનો વનવાસ અપાવ્યો. તેઓ ફરતાં ફરતાં અનુક્રમે પંચવટીમાં કેટલોક વખત રહીને, આગળ ચાલતાં **'અવંતી'** દેશમાં આવ્યા. ત્યાં એક નવો વસાવેલ દેશ જુએ છે.

પણ તે દેશમાં સર્વજાતની વસ્તુથી ભરપૂર દુકાનો ખુલ્લી પડી હતી, ધન-કંચનથી પરિપૂર્ણ છતાં ઘરો ઉઘાડા હતા, ખેતરમાં ધાન્યાદિ ખુલ્લા પડ્યા હતા, બાગોમાં ફળ-ફૂલ ઘણા પાકેલા હતા. અર્ધપથમાં મૂકાયેલા દુર્બલ અશ્વો, બળદો વિગેરે પશુઓ ગાડા વિના સ્વેચ્છાએ ફરતા હતા. પણ કોઈ પણ જગ્યાએ માનવ દૃષ્ટિએ પડ્યો નહોતો. ત્યાંથી વિશ્રામ કરવા એક વિશાળ - શ્રેષ્ઠ તરુની છાયામાં તેઓ બેસે છે. ત્યારે રામે લક્ષ્મણને કહ્યું, "હે વત્સ ! કિંમતી વસ્તુથી સંકીર્ણ, નવા વસાવેલા દેશ જેવું આ ગામ દેખાય છે તો કોઈક પુરુષને આ નગરનું સ્વરૂપ પૂછ." તેથી તે એક ઉંચા ઝાડ ઉપર ચઢીને ચારે તરફ જોવા લાગ્યો. ત્યારે એક પુરુષને તેણે આવતો જોયો. પછી તેને બોલાવીને રામ પાસે લઈ આવ્યો. તે પુરુષે પણ રામને પ્રણામ કર્યા. પછી રામે નગરની વાત પૂછતા તે પુરુષે પોતાના દેશના ઉજ્જડ થવાનું કારણ કહે છે, "સારા કિરણોવાળું, સો ચંદ્રની શોભાવાળું, ધનગુણથી અલંકૃત શોભતી કલાવાળા ચંદ્રના બિંબ જેવું **દશપુર** નામનું નગર છે. ત્યાં સામંતોમાં અગ્રણી **વજ્રકર્ણ** નામનો **રાજા** છે. જે સુગુણ રત્નોની ગહન ભૂમિ જેવો, ગંભીર, સત્ત્વશાળી, સંપત્તિથી યુક્ત, દુર્લંઘ્ય, સુવિશાલ એવો તે સમુદ્રલીલાને વહન કરે છે. સમગ્ર કલાથી યુક્ત, અમૃત ઝરતા કિરણોવાળો, કુમુદને અત્યંત વલ્લભ એવો પણ ચંદ્રમા જેમ મૃગલંછનથી કલંકિત છે તેમ આ રાજા પણ શિકારના વ્યસનથી કલંકિત હતો. એકવાર અધર્મની બુદ્ધિવાળા એવા પારધીઓની સાથે શૂન્ય એવા અરણ્યમાં ગયો. ત્યાં હરણોના ઘાતમાં આસક્ત એવા તેણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક બાણ વડે સગર્ભા હરિણીને વીંધી. બાણના પ્રહારની વેદનાથી દુઃખી થયેલી તેના ઉદરને વિદારીને ગર્ભ પૃથ્વી ઉપર પડ્યો. રાજા પણ વેદનાથી તરફડતા તે ગર્ભને જોઈને શરીરે કંપવા લાગ્યો અને વિષાદને પામેલો તે ચિંતવે છે, "અરે ! મેં ગર્ભના ઘાતથી ભયંકર પાપ ઉપાર્જન કર્યું છે." વળી કહ્યું છે કે, "શ્રમણને, બ્રાહ્મણને તથા સંપૂર્ણ માસવાલી સ્ત્રીને, વળી ગર્ભને, નિષ્કરૂણ મનવાળા જે જીવોને હણે છે તે નરકરૂપી કાદવમાં ડૂબે છે." આ પ્રમાણે કરૂણા ઉત્પન્ન થયેલો રાજા જેટલામાં વૈરાગ્યથી રંજિત હૃદયવાળો તે આમ-તેમ ભમે છે તેટલામાં તેણે એક શિલાતલ ઉપર આતાપના કરતા મુનિને જોયા. "આ કોઈ દર્શન કરવા યોગ્ય છે." એમ વિચારી, મુનિને નમન કરી, રાજાએ પૂછ્યું, "આ શૂન્ય અરણ્યમાં એકાકી આપ શું કરો છો ?" ત્યારે મુનીએ કહ્યું, "હે મહારાજ ! હું આત્મહિત કરું છું." ત્યારે રાજાએ કહ્યું, "શીત-ઉષ્ણ-ભૂખ-તરસની વેદના સહન કરતાં તમારાં આત્માનું અહિત છે કે હિત છે ?" ત્યારે મુનીએ પણ તેના પ્રતિ કહ્યું, "હે રાજન્ ! આત્માના બે પ્રકાર છે. શાશ્વત અને અશાશ્વત. ત્યાં જીવ સ્વરૂપે તે શાશ્વત છે અને દેહરૂપે અશાશ્વત છે. તે કારણથી જો તેને આ લોકના ભોગ વડે સુખી કરે છે, તે પરભવમાં અધિકતર દુઃખી થાય છે. અને જે તપ-નિયમ-સંયમ વડે આત્માને શોષે છે તે પરલોકમાં પરમ સુખ મેળવવા વડે સુખી થાય છે. તેથી હે નરનાથ ! જે નિર્દયપણે જીવહિંસા કરે છે તે ખરેખર ! નરકમાં ઉત્પન્ન થાય છે અને દીર્ઘકાળ તીવ્રતર વેદનાને અનુભવે છે."

આ પ્રમાણે તેમના વચનને સાંભળી રાજા પ્રતિબોધ પામ્યો અને મહર્ષિને વિનવે છે, "હે ભગવંત ! સંસાર સાગરમાં પડતાં એવા મને ધર્મરૂપી હાથનું આલંબન આપી મારો નિસ્તાર કરો." ત્યારે મુની પણ ઉપદેશ દાન વડે તેના ઉપર અનુગ્રહ કરે છે કે, "રાગ-દ્વેષ રહિત જિનેશ્વર તે દેવ, ચારિત્ર રહસ્યના નિધિ સમાન સાધુઓ તે ગુરુ, અને જીવાદિ તત્ત્વોની જે સદહણા (શ્રદ્ધા) રાખવી તે પ્રધાન એવું સમકિત કહેવાય છે. વળી જે અરિહંત અને ઉત્તમ સાધુઓ સિવાય બીજા કોઈને પણ નમસ્કાર કરતો નથી તેને જ નિર્વાણ સુખના નિધાન સ્થાન રૂપ વિશુદ્ધ સમકિત છે. (એમ જાણવું.) વળી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહનો ત્યાગ કરવો. એવું વિસ્તારપૂર્વક વર્ણન જ્યાં છે તે ધર્મ જ જગતમાં સારભૂત છે. વળી જે ધર્મમાં નિંદનીય કષાયના જયનો રાગ નથી, જીવરક્ષાની બુદ્ધિ નથી તેમાં આકાશપુષ્પની જેમ અલ્પ પણ ધર્મ નથી." ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને શ્રદ્ધા ઉત્પન્ન થયેલા તથા પરમ વૈરાગ્ય પ્રાપ્ત થયેલા વજ્રકર્ણરાજાએ સમ્યગ્દર્શન સહિત બાર વ્રત ગ્રહણ કરી આ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો, "કદાચ કોઈ મારા શરીરના સો ટુકડા કરે તો પણ જિનેશ્વર ભગવંત તથા ગુણમણિરત્નના કરંડિયા સમાન સુગુરુ સિવાય અન્ય કોઈને પણ મારું મસ્તક નમાવું નહિ." આ પ્રમાણે મેરૂગિરિની જેમ અડગ, સુદુષ્કર નિયમને ગ્રહણ કરી, મુનિવરને નમન કરી, જાણે ત્રૈલોક્યનું રાજ્ય પામ્યો હોય તેમ આત્માને માનતો, નગરમાં પ્રવેશીને, જિનેશ્વર ભગવંત, ગુરુજનની પૂજા તથા શાસન પ્રભાવનામાં આસક્ત ચિત્તવાળો તે (એક દિવસ) ચિંતવે છે કે, "મેં એકાએક આ નિયમ ગુરુ પાસે ગ્રહણ તો કર્યો પણ તેનું પાલન કેવી રીતે કરીશ ? કેમકે હું ઉજ્જૈયિની નગરીના સ્વામી સિંહરથ રાજાનો સેવક છું તેથી ત્યાં ગયેલા મારે તેને પ્રણામ કરવો પડશે. ને તેમ કરવાથી ગ્રહણ કરેલા મારા નિયમનો ભંગ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે. તેથી મારા અભિગ્રહના રક્ષણ માટે અંગુઠી ઉપર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંતનું રત્નમય બિંબ કોતરાવું અને તેને આગળ કરીને, પરમાર્થથી મનથી તેને નમસ્કાર કરતો હું તે રાજાના પગે પ્રણામ કરીશ." આ પ્રમાણે કરતા તેના દિવસો પસાર થતા હતા.

એકવાર દુર્જનતા પ્રગટ કરતાં કોઈક દુર્જને, સિંહરથ રાજાને તે વૃત્તાંત કહ્યો. જે કારણથી દુર્જન પુરુષો આવા પ્રકારના જ હોય છે. બે જીભવાળા, કુટિલગતિ, પરછિદ્ર શોધવામાં તલ્લીન એવા દુર્જન લોકો સર્પની જેમ કોને ભયના કારણ રૂપ હોતા નથી ? ઉપકાર વડે, પરિચય વડે કે પ્રેમભાવથી પણ તે જાણી શકાતો નથી. ખલ પુરુષ ખીરાદિથી પોષેલા સર્પની જેમ અપકાર કરે છે. તેની પાસેથી વિજળીના પાત સરખા તેના ચારિત્રને સાંભળીને તેના પ્રતિ કોપાયમાન થયેલો રાજા આ પ્રમાણે કુવિકલ્પ-સંકલ્પને કરે છે કે, "અહો ! કૃતઘ્નશિરોમણિ એવો આ જે મારા રાજ્યને ભોગવતો છતાં પણ મને પ્રણામ પણ કરતો નથી તેથી દુષ્ટ આશયવાળા તેને દંડ કરું." એમ વિચારીને, પ્રયાણભેરી વગડાવીને, ચતુરંગી સેનાથી યુક્ત એવા સિંહરથ રાજાએ વજ્રકર્ણરાજા ઉપર (તરફ) પ્રસ્થાન કર્યું.

આ બાજુ એક પુરુષ આવીને, વજ્રકર્ણ રાજાને પ્રણામ કરી કહે છે, "હે દેવ ! મારે તમારી આગળ કાંઈક કહેવું છે." ત્યારે રાજાએ તેની સન્મુખ કહ્યું, "તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? અને તારે શું કહેવું છે ?" આ પ્રમાણે રાજાએ પૂછ્યું ત્યારે તે પુરુષ કહેવા લાગ્યો, "હે દેવ ! **કુંડપુર** નગરમાં **ગુણસમુદ્ર** નામના વણિકની પત્ની **જમના**ની કુક્ષિથી હું **વિદ્યુત** નામનો પુત્ર થયો. આજન્મ જિનધર્મમાં રક્ત, સર્વ કલાને ગ્રહણ કરેલો એવો હું (તે) યૌવનને પામ્યો. એકવાર ઘણું કરિયાણું લઈને ઉજ્જૈયિની નગરીમાં ગયો હતો. ત્યાં ચાલતા વસંતોત્સવમાં પાપના સ્થાનભૂત, વિવેક વિહીન, નાજુક શરીરવાળી શ્રી વિજય ચંપકલતા ગણિકાની **અનંગલતા** નામની ગણિકા મારે ચક્ષુગોચર થઈ (મેં જોઈ.) તેના દર્શન માત્રથી પણ જાણે મદિરાપાન કર્યું હોય તેવા મેં તેના ઉપર મોહ કર્યો, અને તેની સાથે વિષયસુખ અનુભવતા મારા વડે સર્વ પણ ધન નિર્ધન કરાયું. (સર્વ ધન તેને આપી દીધું. આથી હું નિર્ધન બની ગયો. )

હવે એક વાર તે ગણિકા સિંહરથરાજાની અગ્રમહિષીના ચૌદ તિલકવાળા આભૂષણની પ્રશંસા કરતી અને પોતાના આભૂષણની નિંદા કરતી મારી આગળ રડવા લાગી. તેથી મને તેનો મનોરથ પૂર્ણ કરવાની ચિંતા થઈ. અહો ! કામુકજનનો કેવો મતિવિપર્યાસ ! અથવા બળવાન - દૃઢ સ્ત્રીએ કોને કોને ભમાડ્યા નથી ? કહ્યું છે કે, "માનવ ત્યાં સુધી જ ઋણી છે, ત્યાં સુધી જ માની છે, ત્યાં સુધી જ વિચક્ષણ છે અને ત્યાં સુધી જ પંડિત છે કે જ્યાં સુધી બળવાન નારીથી અરઘટ્ટ (રહેંટ)ની જેમ ભમાડાયો નથી." તેથી તેના મનોવાંછિતને પૂરવા માટે, રાત્રીના સમયે રાજમહેલમાં પટ્ટરાણીના આભરણોને ચોરવા માટે હું દાખલ થયો.

તે વખતે તેઓનો (રાજા-રાણીનો) પરસ્પર આલાપ સાંભળતો હું ઉભો રહ્યો. તે સમયે રાણીએ રાજાને પૂછ્યું, "જાણે ચિંતાતુર હો એમ આજે કેમ જણાવ છો ?" ત્યારે રાજાએ કહ્યું, "હે પ્રિયા ! મારો સેવક એવો પણ વજ્રકર્ણ રાજા અંગુઠીમાં રહેલ જિનપ્રતિમાને જ નમસ્કાર કરે છે, મને મસ્તક પણ નમાવતો નથી તેથી તે દુરાત્મા મારે સાધવો છે." એ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે તેઓનો આલાપ સાંભળીને મને મોટી ચિંતા થઈ. ધન્ય છે તે રાજા કે જે મિથ્યાદષ્ટિને મસ્તક નમાવવા માત્રથી પણ સમ્યક્ત્વને મલિન કરતો નથી. પણ હું દુરાત્મા છું કે જે જિનમતને જાણવા છતાં ક્રોડો વિટ પુરુષોને નચાવનારી, અતીવ દુષ્ટા, વિષ્ટાની જેમ પારિષ્ઠાપનીય યોગ્ય એવી વેશ્યાના વ્યસનમાં પરવશ બનેલા મેં ઘણું ધન ખોયું. અરે ! મેં મનુષ્યજન્મ ગુમાવ્યો ! ધર્મ પણ ગુમાવ્યો ! અને ચોરી કરવા માટે પ્રવેશ કર્યો !" તેથી તે વેશ્યાના કાર્યને છોડીને, જલ્દીથી જઈને ધાર્મિક શિરોમણિ, સાધર્મિક, નિરવદ્ય એવા પોતાના નિયમ પાળવામાં વજ્રરેખા સમાન તે શ્રી વજ્રકર્ણ રાજાને આ સર્વ વૃત્તાંત કહું, જેથી તે સાવધાન બને" એમ વિચારીને, ચોરીના વ્યાપારને છોડીને, તે જ પગલે પાછા ફરીને જલ્દીથી અહીં આવીને, તમારી આગળ મેં આ પ્રમાણે કહ્યું. તેથી હે રાજન્ ! હવે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો. આ પ્રમાણે સાંભળીને ત્યારે વજ્રકર્ણ રાજાએ પણ તેને આલિંગન કરીને કહ્યું, "હે ભદ્ર ! તું મારો સાધર્મિક-ધર્મબંધુ-હિતકારી છો." એમ સન્માન કરીને, દેશને નિર્જન કરીને, કિલ્લાની અંદર સર્વ લોકને રાખી ત્યાં જલ, ધાન્ય, લાકડા આદિનો સંગ્રહ રાજાએ કર્યો. તે પછી દ્વાર બંધ કરીને, શસ્ત્રધારી સુભટોને તૈયાર કરીને, બખ્તરથી સજ્જ થયેલો રાજા નગરની અંદર જ રહ્યો. તે સમયે હાથમાં પહેરવાના કડાની જેમ સૈન્ય સહિત દશપુર નગરને સિંહરથ રાજાએ ઘેરો ઘાલ્યો. અને તેણે દૂતને મોકલાવીને વજ્રકર્ણ રાજાને કહેવરાવ્યું કે, "અરે ! જલ્દીથી આવીને મારા ચરણે નમસ્કાર કરી રાજ્યલક્ષ્મીને ભોગવ. અન્યથા યમરાજાને વશવર્તી તને કરીશ. ત્યારે વજ્રકર્ણ પણ દૂતના વચન સાંભળી આ પ્રમાણે કહે છે, "અરે ! દૂત ! મારે સર્વથા રાજ્યથી કાર્ય નથી. (પ્રયોજન નથી.) મારી નિયમ મર્યાદા પાપ રહિત થાઓ. વળી શું ? મને માત્ર ધર્મદ્વાર આપ. જેથી હું બીજે સ્થાને જઈને મારા નિયમનું પાલન કરું." પછી પ્રત્યુત્તર પ્રાપ્ત કરેલા તે દૂતે પોતાના સ્વામી આગળ જઈને સર્વ તે વૃત્તાંત કહ્યો. ત્યારે અત્યંત રુષ્ટ થયેલો તે તેની નગરીને ઘેરો ઘાલીને રહ્યો. આ પ્રમાણે હે દેવ ! (રામચંદ્ર !) આ દેશ ઉજ્જડ થવાનું કારણ મેં તમારી આગળ જણાવ્યું. જો તમારો આદેશ હોય તો હમણા હું મારું કાર્ય સાધવા માટે જલ્દી જાઉં" ત્યારે રામે પણ તેને કટિસૂત્ર (કંદોરો) આપી વિસર્જન કર્યો.

તે પછી રામે લક્ષ્મણને આ પ્રમાણે કહ્યું, "હે વત્સ ! આપણે પણ દશપુર નગરમાં જઈએ, ત્યાં આશ્ચર્યને જોઈએ અને વિપક્ષથી પરાભૂત તે સાધર્મિકને સહાય કરીને, અતુલ્ય સાધર્મિક વાત્સલ્યના પુણ્યને ઉપાર્જન કરીએ. આના જેવો અન્ય કોઈ ધર્મલાભ નથી. કહ્યું છે કે, "साहम्मियाण वच्छल्लं, कायव्वं भित्तिणिब्भरं। देसियं सव्वदंसीहिं, सासणस्स पभावणं ॥ સર્વજ્ઞ ભગવંતે બતાવેલ શાસનપ્રભાવક એવું સાધર્મિક વાત્સલ્ય ભક્તિથી કરવું જોઈએ." એમ કહી રામ-સીતા-લક્ષ્મણ દશપુર તરફ ચાલ્યા. ત્યાં દશપુર નગરની બહાર શ્રી ચંદ્રપ્રભસ્વામીના પ્રાસાદમાં ગયા. ત્યાં લક્ષ્મણાદેવીના નંદનની પ્રતિમાને વંદન કરી ક્ષણભર રહ્યા. અને લક્ષ્મણને ભોજન માટે નગરમાં મોકલ્યો. અનુક્રમે ભમતાં ભમતાં તે રાજમહેલે આવ્યો. ત્યારે વજ્રકર્ણ રાજાએ તેમને જોઈને પોતાના રસોઈયાને આદેશ કર્યો કે, "આ મહાપુરુષને ભોજન કરાવો." ત્યારે લક્ષ્મણે કહ્યું, "અમારા સ્વામી પત્ની સહિત ગામ બહાર રહેલા છે. તેઓના જમ્યા વિના હું જમું નહીં. તેથી રાજાએ સર્વને માટે સરસ આહાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યો. તે પણ આહાર લઈ રામની પાસે આવ્યા. ભોજન કર્યા પછી રામ પણ વજ્રકર્ણની પ્રશંસા કરે છે કે, "અહો ! આ મહાનુભાવની ઉદારતા ! કે જેથી તને અને નહિ ઓળખતા અમારે વિષે આ પ્રમાણે વ્યવહાર કર્યો. તો ખરેખર ! આપણે પણ તેને સહાય કરવી જોઈએ.

એમ રામના વચન સાંભળીને તત્ક્ષણ જ સિંહની જેમ લક્ષ્મણ સિંહરથ રાજાની પાસે ગયો અને તેને આ પ્રમાણે કહ્યું, "હે સિંહરથ ! સાગર પર્યંત ભૂમિના જે સ્વામી છે એવા દશરથ રાજાના પુત્ર ભરત રાજાએ મને તારી પાસે મોકલ્યો છે. અરે ! તેં વજ્રકર્ણની સાથે યુદ્ધનો આરંભ શા માટે કર્યો છે ? હવે યુદ્ધનો આરંભ બંધ કર, તારા નગરમાં ચાલ્યો જા. નહિતર તારું જીવિત નથી." આ સાંભળી સિંહરથે જવાબ આપ્યો, "ઓ દૂત ! તારો ભરત આ વજ્રકર્ણના ગુણ-અવગુણને જાણતો નથી. જે આ મારો સેવક થઈને મને પ્રણામ માત્ર પણ કરતો નથી. તો દુષ્ટ એવા તેનો નાશ કર્યા વિના કેમ છોડું ? વળી આ કાર્યમાં ભરતની કઈ શક્તિ ?" ત્યારે લક્ષ્મણે ભીષણ ભ્રકુટિ કરીને હુંકાર કર્યો, "અરે ! જો તું ભરત રાજાની આજ્ઞાની અવજ્ઞા કરે છે તો મારી આજ્ઞાથી વજ્રકર્ણની સાથેના વૈરને છોડી દે. અન્યથા કૃતાંતના દાંત રૂપી યંત્રમાં તને નાંખીશ" = યમશરણ કરીશ. તેણે આ પ્રમાણે કહ્યું ત્યારે ક્રોધથી ધમધમતા સિંહરથે પોતાના સુભટોને આદેશ કર્યો કે, "રે રે ! આ મારા શત્રુના મિત્ર એવા મારા શત્રુને ગ્રહણ કરીને મારો, મારો. જલ્દીથી બાંધીને મારા ચરણ આગળ લાવો." આ પ્રમાણે તેના વડે આદેશ કરાયેલા, સારી રીતે બાંધેલા કવચવાળા તે યોદ્ધાઓ તેની સાથે સંગ્રામ કરવા લાગ્યા. ત્યારે તેના (લક્ષ્મણના) કરતલના ચપેટા તથા પાદતલના પ્રહારો વડે જર્જરિત બનેલા કેટલાક વૃધ્ધની જેમ પૃથ્વી ઉપર પડ્યા, તો કેટલાક યમપુરીના અતિથિ થયા, તો કેટલાક રૂધિરના પ્રવાહથી જાણે અલતાના રસથી ભૂમિમંડલને શોભાવવાના કારણપણાને પ્રાપ્ત થયા, તો કેટલાક ભાંગેલા ગાડાની જેમ ભાંગેલા અંગોપાંગવાળા થયા, કેટલાક સિંહના દર્શનથી ત્રસ્ત હરણિયા ભાગે તેમ ચારે દિશામાં ભાગી ગયા. તે પ્રમાણે જોઈને સકલ બલથી યુક્ત એવો સિંહરથી મદોન્મત્ત હાથીના સ્કંધ ઉપર આરૂઢ થઈને તેના પ્રતિ લડવા લાગ્યો. તે ક્ષણે લક્ષ્મણ પણ પોતાને પ્રબળ એવી પર સેનાથી વીંટળાયેલો જોઈને, પ્રલયકાળની જેમ ભીષણ આલાનસ્તંભને ઉખેડીને, ઘંટીના કાણાની મધ્યભાગમાં પડેલા ચણાની જેમ સેનાને ચૂર્ણ કરતો, સિંહની જેમ સિંહનાદ કરતો જેટલામાં રહે છે, તેટલામાં તો નગરના કિલ્લાના દ્વાર ઉપર રહેલા વજ્રકર્ણ રાજા ભાગતા એવા વૈરી સૈન્યને જોતાં આશ્ચર્ય પામી, વિસ્ફારિત નયનવાળો તે પોતાના સામંત મંત્રીઓને કહે છે, "અરે, અરે ! આ આશ્ચર્યને જુઓ ! જુઓ ! કે જે કોઈક એકલા એવા વીરશિરોમણિએ પવનની જેમ ધડાધડ સમગ્ર પરસૈન્યને ભાંગી નાંખ્યું. તો હું માનું છું કે આ કોઈ દેવ, વિદ્યાધર અથવા સિદ્ધપુરુષ હશે." એમ વાતો કરતા હતા ત્યાં તો એકાએક સિંહરથ હાથીના સ્કંધથી પાડીને, બે હાથ પાછળ કરીને, વસ્ત્રના છેડાથી બાંધીને, દોરડાથી નિયંત્રિત કરેલા વૃષભની જેમ આગળ કરીને રામની પાસે લાવવામાં આવ્યો. ત્યારે ત્યાં 'મારા સ્વામીની ભિક્ષા આપો' એમ કરૂણ સ્વરે વિલાપ કરતી સિંહરથ રાજાના અંતઃપુરની સ્ત્રીઓ તેની પાછળ પાછળ ત્યાં આવી. સિંહરથ પણ રામને ઓળખીને જમીન ઉપર ભાલતલ સ્પર્શીને વિનવે છે, "હે સ્વામી ! અહીં આવેલા તમને મેં જાણ્યા નહીં. તો કૃપા કરી મારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપરાધને ખમો. અને તમે જે આદેશ કરશો, તે પ્રમાણે તે કરીશ.'' રામે પણ તેના પ્રતિ કહ્યું, ''મારા ધર્મસાધર્મિક વજ્રકર્ણ રાજા સાથે સંધિ કરો. એ સમયે વજ્રકર્ણ રાજા પણ ત્યાં આવીને લક્ષ્મણ, સીતા સહિત રામને 'સાધર્મિક છે' એમ માની હાથ જોડી કુશલ પૂછે છે. તેના ગુણથી રંજિત થયેલા રામ પણ તેને આ પ્રમાણે કહે છે, ''સાધર્મિક, સત્ય પ્રતિજ્ઞાવાન્, જિનાજ્ઞાધારક, ધન્ય, પરમબંધુ એવા તારા કુશલથી અમારું પણ કુશલ જ વર્તે છે. ત્યાર પછી રામ તેઓને (સિંહરથ-વજ્રકર્ણને) પરસ્પર કંઠના આલિગંન વડે (ભેટવા વડે) પ્રીતિ કરાવે છે અને હાથી-ઘોડા-રથ સહિત અર્ધું રાજ્ય સિંહરથ પાસેથી વજ્રકર્ણને અપાવે છે. પછી દશપુરના સ્વામીએ પોતાની **'વનમાલા'** નામની કન્યા **લક્ષ્મણ**ને પરણાવી ત્યાર પછી હર્ષ પામેલા સર્વે પણ પોત પોતાના સ્થાને ગયા. ત્યાર પછી તે વજ્રકર્ણ રાજા દર્શનશુદ્ધિ યુક્ત પોતાના (લીધેલા) વ્રતનું બરાબર પાલન કરી, સર્વ જીવરાશિને ખમાવી, સર્વ આહારનો ત્યાગ કરી સ્વર્ગે ગયા અને ત્યાંથી ચ્યવીને સિદ્ધિપદને પામશે.

આ પ્રમાણે વજ્રકર્ણ રાજાનું મનોજ્ઞ ચરિત્ર પરિભાવીને જલ્દીથી કાયાની શુદ્ધિ કરો જેથી જલ્દીથી મુક્તિ રૂપી સ્ત્રી આલિંગન કરે.

**આમ કાયશુદ્ધિને વિષે વજ્રકર્ણ રાજાની કથા સંપૂર્ણ થઈ.**

આ પ્રમાણે રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડલમાં સૂર્ય સમાન શ્રી ગુણશેખરસૂરિ પટ્ટાલંકાર શ્રી સંઘતિલકસૂરિ વિરચિત **''તત્ત્વકૌમુદી''** નામની સમ્યક્ત્વ સપ્તતિ વૃત્તિને વિષે **ત્રિશુદ્ધિદ્વારનો ચોથો અધિકાર** પૂરો થયો.

❁ ❁ ❁

# પાંચ દૂષણ પરિહાર દ્વારનો પાંચમો અધિકાર

## પ્રથમ શંકા દોષ

**दूसिज्जइ जेहि इमं, ते दोसा पंच वज्जणिज्जा उ ।**
**संका कंख विगिच्छा, परतित्थिसंससंथवणं ॥ २८ ॥**

**ગાથાર્થ :-** જેના વડે સમ્યક્ત્વ દૂષિત થાય છે તે શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય તીર્થિક પ્રશંસા અને પરતીર્થિક સંસ્તવ આ પાંચ દોષો વર્જવા જોઈએ.

**ટીકાર્થ :-** જેના વડે इदं = સમ્યક્ત્વ दूष्यते = દોષપણાને પામે છે તે दोषा = દૂષણો છે. તેની કેટલી સંખ્યા છે ? पञ्च = પાંચ પ્રકારે છે. वर्जनीयाः = તે છોડવા યોગ્ય છે. કારણ સજ્જન પુરુષો વડે નિર્દૂષણ વસ્તુ જ ગ્રહણ કરાય છે અને દૂષણવાળી વસ્તુ છોડાય છે એવો ભાવ છે. તેના નામો કહે છે :- શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરતીર્થિક પ્રશંસા અને પરતીર્થિક સંસ્તવ. એ પ્રમાણે ગાથાર્થ છે. એના સ્વરૂપનું વર્ણન આગળની ગાથા વડે વિસ્તાર કરતાં ગ્રંથકાર પ્રથમ ગાથાના પૂર્વાર્ધ વડે શંકાના લક્ષણને કહે છે.

**देवे गुरुंमि तत्ते अत्थि नवत्थित्ति संसओ संका ।**

દેવ-ગુરુ-તત્ત્વને વિષે ''આ આ પ્રમાણે છે કે નહિ ?'' એ પ્રમાણે સંશય કરવો તે **શંકા.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વ્યાખ્યા :-** 'देवे' = કેવલજ્ઞાન વડે લોકાલોકને જોનારા, રાગ-દ્વેષ-મોહનો નાશ કરનારા, સદ્દ્ભૂત અર્થોને કહેનારા એવા પરમાત્મા તે દેવને વિષે. 'गुरौ' = અને પંચ મહાવ્રતધારી, શત્રુ-મિત્ર વિષે સમ પરિણામી, સદ્ધર્મોપદેશ દેનારા ધર્માચાર્ય તે ગુરુને વિષે. 'तत्त्वे' = અને જીવાદિ નવપદાર્થના સ્વરૂપને બતાવનાર, સર્વ નયના આશ્રય ભૂત એવા શ્રી અરિહંતના ધર્મને વિષે (આ દેવ-ગુરુ-ધર્મતત્ત્વને વિષે) આ, આ પ્રમાણે છે કે નહિ એમ સંશય કરો = સંદેહને કરનારી બુદ્ધિ તે શંકા અને તે શંકા સર્વવિષયક અને દેશવિષયક એમ બે પ્રકારે છે. ત્યાં ધર્મ છે કે નહિ ? તે સર્વવિષયક શંકા છે. દેશવિષયક શંકા એટલે એક વસ્તુના ધર્મ વિષયવાળી શંકા.

જેમકે આત્મા છે, પણ તે સર્વ વ્યાપી છે કે અસર્વવ્યાપી છે ? સપ્રદેશી છે કે અપ્રદેશી છે ? આમ બંને પ્રકારની શંકા જિનેશ્વરે કહેલ પ્રવચનને વિષે અશ્રદ્ધા ઉત્પન્ન કરનારી છે તેથી તે સમ્યક્ત્વની દૂષિકા છે. કેટલાક પદાર્થો કેવલ આગમ પ્રમાણથી જ ગમ્ય = જાણી શકાય એવા કેટલાક પદાર્થો, આપણા પ્રમાણોની પરીક્ષાથી નિરપેક્ષ, પરંતુ આપ્ત પુરુષ (વીતરાગ) પ્રણીત હોવાથી સંદેહ કરવાને યોગ્ય નથી. જો કે ક્યારેક પણ મોહના વશથી સંશય ઉત્પન્ન થાય તો તેને રોકવા માટે આ અર્ગલા છે. જેમ કે (તીર્થંકરના પ્રવચનને વિષે) ક્યારેક મતિની દુર્બલતાથી, અથવા તેના જ્ઞાતા એવા આચાર્યના વિરહથી, જ્ઞેયનું ગ્રહણ યથાર્થ ન થવાથી, અથવા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી હેતુ-ઉદાહરણ વિગેરેનો સંભવ છતાં પણ જો સારી રીતે સમજવામાં ન આવે તો પણ બુદ્ધિશાળી જીવોએ એવું જ ચિંતવવું કે, "સર્વજ્ઞનું વચન અવિતથ જ છે." જે કારણથી અનુપકૃત પરને વિષે અનુગ્રહ કરવામાં પરાયણ, રાગ-દ્વેષ-મોહને જીતનારા, યુગપ્રધાન એવા જિનેશ્વરો છે. તેથી તેઓ કદાપિ અન્યથાવાદી ન હોય. વળી કહ્યું છે કે, "સૂત્રોક્ત એક અક્ષર પણ ન રૂચે તો તે આત્મા મિથ્યાદૃષ્ટિ કહેવાય. તેથી જિનેશ્વરે કહેલું સૂત્ર અમારે પ્રમાણ છે." તેથી જ શંકા પરિહાર કરવા યોગ્ય છે. એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ જણાવ્યો. ભાવાર્થ તો **શ્રી આષાઢાભૂતિ**ના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :-

આ ભરત ક્ષેત્રમાં જ સજ્જનોને હર્ષનો ઉત્કર્ષ કરનારી, બીજા વડે નહિ જિતાયેલી, લક્ષ્મીથી (શોભાથી) સ્વર્ગપુરીને જિતનારી **અયોધ્યા** નામે નગરી છે. તે નગરીમાં એકવાર શ્રી આર્યઅષાઢાભૂતિસૂરિ ઘણી નામનાવાળા, મુનિઓની શ્રેણીમાં અગ્રેસર, સુશિષ્યોથી પરિવરેલા, દેશનારૂપી અમૃતને વર્ષાવનારા, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, પંચ સમિતિથી યુક્ત, રત્નત્રયી વિભૂષિત **આચાર્યશ્રી આષાઢાભૂતિ** આવ્યા. જે જે સાધુ ભગવંત આહારનો ત્યાગ કરે છે તેને તેને તેઓ નિર્વેદકારી વાણીથી નિર્યામણા કરાવતા હતા અને અનશન કરેલા એવા તે સાધુઓને સૂરીજી આ પ્રમાણે કહેતા કે, "દેવ થયેલા એવા તમારે, અમને પોતાનું (તમારું) દર્શન આપવું." "તેમ કરશું" એમ વચનને સ્વીકારેલા તે સાધુઓ પણ સ્વર્ગે જતા હતા. પરંતુ દેવકૃત્યોમાં વ્યગ્ર બનવાથી, તેમાંના કોઈએ પણ ગુરુને દર્શન આપ્યા નહીં.

હવે એકવાર ગુરુને બહુ માન્ય, વિરાગતાને પોષતો, અનશન કરેલા એક શિષ્યને સૂરિ ભગવંતે ઘણી પ્રાર્થના કરી કે, "હે વત્સ ! જો તું સ્વર્ગમાં જાય તો હે મહાશય !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલ્દીથી અહીં આવીને અવશ્ય મને તારું દર્શન આપજે." દેવલોકમાં જઈને, દિવ્ય લોકની દેવાંગનાઓના ભોગમાં આસક્ત થયેલા, પ્રતિજ્ઞા કરેલ તેં શિષ્યે પણ ગુરુને દર્શન આપ્યા નહી. ત્યારે તેવા પ્રકારના તત્ત્વજ્ઞાની એવા પણ સૂરિજીએ આ પ્રમાણે વિચાર્યું કે પરલોકની કથા જૂઠી છે - નકામી છે. ખરેખર ! જો પરલોક હોય તો દેવ થયેલા તે મારા શિષ્યો અહીં આવીને મને દર્શન આપે. તેથી આકાશપુષ્પની જેમ પરલોક નથી. મૂઢ લોકોએ માનેલો શરીરથી જુદો બીજો કોઈ જીવ નથી, તેથી જ મૃત્યુ પામેલા મારા કોઈપણ શિષ્યે મને દર્શન આપ્યા નથી. તેથી ખરેખર ! જીવના અસદ્‌ભાવથી પરલોક પણ વિદ્યમાન નથી. તો શા માટે આ વ્રત સંબંધી દુઃખો સહન કરવા ? તેથી પરસ્પર વિરૂદ્ધ એવા અન્ય દર્શનોથી મારે સર્યું. નિર્વાણને માટે આજથી માંડી હું સ્ત્રીઓનાં દર્શન કરીશ. અને વળી કહ્યું છે કે, "જે કારણથી સરાગી ચિત્તથી પણ નિર્વાણ પ્રાપ્ત કરાય છે તે પ્રિયાનું દર્શન જ મને હો, બીજા દર્શનો વડે શું ?" એમ વિચારી દુર્વાસનાના વશથી તે અષાઢાભૂતિ, સૂતેલા સાધુ સમુદાયને મૂકીને, રાત્રિમાં એકલા ચાલી નીકળ્યા. ખરેખર ! વિમૂઢતા દુઃખે કરીને દૂર કરી શકાય છે.

હવે આ બાજુ દેવ થયેલા તે શિષ્યે, અવધિજ્ઞાનના ઉપયોગ વડે વ્રતને છોડવાવાળા ગુરુને જાણીને માર્ગમાં એક ગામ વિકુર્વ્યુ. ત્યાં અત્યંત રમણીય નૃત્યનો તેણે પ્રારંભ કર્યો. તેને જોતાં સ્થિર આશયવાળા તે સૂરિ એક પગે ઉભા રહ્યા. દિવ્ય પ્રભાવથી ભૂખ-તૃષ્ણાને પણ તે જાણતા નથી. આમ પ્રેક્ષણીય = જોવા યોગ્ય એવા નૃત્યને વિષે જેની આંખો રહી છે એવા તેના છ માસ પસાર થઈ ગયા. નૃત્ય સંહરે છતે, આગળ જતાં ગુરુની આગળ, તે દેવે પૃથ્વીકાય નામનો બાળક રસ્તામાં બતાવ્યો. નિર્જન વનમાં અલંકારોથી શોભતા તે બાળકને જોઈને સૂરિએ વિચાર્યું, "આ બાળકના હરણ કરેલા અલંકારો વડે હું ભોગોને સારી રીતે ભોગવીશ." આ પ્રમાણે તે બાળકના અલંકારોને લેવાની ઇચ્છાવાળા તે સૂરિએ જેટલામાં હાથને લાંબો કર્યો, તેટલામાં તો તે બાળકે સૂરિને કહ્યું, "હે પ્રભો ! પહેલા એક કથા સાંભળો, ત્યાર પછી હે વિભો ! મારા આ અલંકારો તમને આધીન છે." ત્યાર પછી તેમનાથી અનુજ્ઞા પામેલા પૃથ્વીકાય નામના તે બાળકે કહ્યું.

"કોઈ એક ગામમાં કલાવાન, પ્રખ્યાત એક કુંભાર હતો. માટીથી બનાવેલા વાસણોથી તે કુટુંબનું ભરણ પોષણ કરતો હતો. એક વાર માટીને ખોદતાં, પડતી એવી તે ભેખડથી અધિક દટાયેલો તે તટને વિષે રહેલા મનુષ્ય પ્રતિ આ પ્રમાણે કહેવા લાગ્યો, "જેનાથી હું બલિને, ભિક્ષાને આપું છું તથા કુટુંબનું પોષણ કરું છું તે પૃથ્વી જ આજે મને દાટી રહી છે = મારા પર આક્રમણ કરી રહી છે. શરણથી જ ભય ઉત્પન્ન થયો છે. ચોરોના ભયથી પૃથ્વીકાય નામનો કુમાર એવો તે હું, તમારા શરણને પ્રાપ્ત થયો છું, અને તમે જ મને હમણાં લૂંટો છો." "હે બાળક ! તું તો મહાપંડિત છો !" એમ કહીને અને તેનું ગળુ કાપીને = ડોક મરડીને સૂરિએ ગ્રહણ કરેલા અલંકારો વડે પોતાનું પાત્રુ ભર્યું = પાત્રમાં નાંખ્યા.

આગળ જતાં તેવા જ અલંકારવાળા બીજા બાળકને પોતાની આગળ જોઈને, દુષ્ટ બુદ્ધિવાળા તે આચાર્ય, તેના પણ આભૂષણ લેવા માટે હાથને લાંબો કરે છે, ત્યાં તો તે બાળક પણ તે આચાર્ય પ્રતિ એક દૃષ્ટાંત કહેવાને માટે તૈયાર થયો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર વાણીવાળો (કથાને કહેનારો) પાટલક નામનો એક તાલાચર (ચારણ) હતો. એકવાર ગંગાના બીજા કિનારે જવાની ઇચ્છાવાળા તેણે ગંગામાં પ્રવેશ કર્યો અને તેમાં (નદીમાં) ઉપરથી વૃષ્ટિ થવાથી = વરસાદ થવાથી ત્યારે તેમાં દુઃખે કરીને તરી શકાય એવું પૂર આવ્યું. પાણીના પ્રવાહમાં તણાતા તેને જોઈને અત્યંત સ્મિતથી પવિત્ર હોઠવાળા કાંઠે ઊભેલા લોકોએ કહ્યું, "હે પ્રાજ્ઞ પાટલ ! ગંગા નદી તને તાણી જાય છે તો કાંઈક સુભાષિત સંભળાવ." આ પ્રમાણે તેઓ વડે કહેવાયું ત્યારે તે પણ બોલ્યો, "જેના વડે બીજો ઉગે છે, જેના વડે ખેડૂતો જીવે છે, તે જ જળની મધ્યમાં હું મરું છું. માટે મને જેનું શરણ હતું તેનાથી જ ભય થયો." આ પ્રમાણે પાટલકનું વૃત્તાંત કહીને તે બાળકે તેમને કહ્યું, "અપ્કાય નામના બાળક એવા મને પણ તમારા આશ્રયથી એવું જ થયું." તેની પણ ડોક મરડીને અને અલંકારોને ગ્રહણ કરીને આગળ જતાં એવા તેમણે અગ્નિકાય નામના બાળકને જોયો. આભૂષણોને લેતા એવા તે સૂરીને, તે બાળકે વાર્યા - અટકાવ્યા અને કહ્યું, "કહેવાતી એક કથાને તમે સાંભળો."

"એક આશ્રમમાં મૂલ (કંદમૂલ) અને ફળોને ખાનારો કોઈક તાપસોનો અગ્રણી હતો. હંમેશા તે આહુતિ વડે અગ્નિને પોષતો હતો. (એક વાર) ગ્રીષ્મ ઋતુના વાયુથી પ્રજ્વલિત તે અગ્નિથી પોતાની બળતી ઝૂંપડીને જોઈને તે તટે રહેલા લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યો, "જે અગ્નિને હું હંમેશા મધ, ઘૃતાદિ વડે તૃપ્ત કરું છું તે જ અગ્નિએ આજે મારી ઝૂંપડી બાળી. તેથી મારે જેનું શરણ હતું તેનાથી જ ભય થયો. અથવા ખરેખર ! કોઈ પણ માણસે વાઘના ભયથી અગ્નિનું શરણ લીધું, તો તે અગ્નિએ જ તેનું શરીર બાળી નાંખ્યું. આમ શરણથી જ ભય ઉત્પન્ન થયો. તેવી રીતે હે પ્રભો ! અગ્નિકાય નામના બાળક એવા મને, હમણાં તમે એવા જ જણાવ છો." આ પ્રમાણે બોલતાં એવા તે બાળકના ગળાને કાપીને સૂરિએ તેના (પણ) આભૂષણો લઈ લીધા.

હવે આગળ જતાં સૂરિએ ચોથા બાળકને જોયો. ચોરાતા એવા તેણે પણ તેમને કહ્યું, "હે પ્રભો ! એક કથાને સાંભળો. મહા બળવાન, નીરોગી, સૌભાગ્યશાળી કોઈ એક પુરુષ હંમેશા ખાડીના અગાધ જળમાં તરતો હતો. એક વાર વાયુના રોગને કારણે ભાંગી ગયેલા અંગવાળા, લાકડીને ધારણ કરેલા એવા તેને જોઈને કોઈકે પૂછ્યું, "પહેલાં તો તું મજબૂત શરીરવાળો હતો, હમણાં લાકડીવાળો (લાકડીનો ટેકો દઈને ચાલનારો) કેવી રીતે થઈ ગયો ?" ત્યારે તેણે પણ કહ્યું, "જે પવન ગ્રીષ્મઋતુમાં મને સુખકારી હતો, તે જ વાયુ વડે મારી કાયા આજે ભંગાઈ છે = કાયામાં રોગ પેદા કર્યો છે. તેથી મને જેનું શરણ હતું તેનાથી જ ભય ઉત્પન્ન થયો છે. હે પ્રભો ! વાયુકાય નામના બાળક એવા મારે પણ હાલમાં તેવું જ થયું છે." પહેલાની જેમ બોલતાં એવા તે બાળકને પણ, શ્રમણ કહેવાતા એવા સૂરિએ ચોર્યો = આભૂષણો લઈ લીધા.

ત્યાર પછી આગળ જતાં સૂરિએ પાંચમા બાળકને જોયો. આભૂષણોને લેતા એવા સૂરિને, તેણે પણ કથા કહી. પક્ષીઓની શ્રેણીના નિવાસવાળા વિશાલ વૃક્ષની નીચે, મૂળમાંથી ઉગેલી લતાએ-વેલડીએ અનુક્રમે તે સર્વે પક્ષીઓને ઘેરી લીધા. (કોઈ એક વિશાળ વૃક્ષ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કેટલાક પક્ષીઓ રહેતા હતા. એક વખત તે વૃક્ષના મૂળમાંથી એક વેલડીનો અંકુર નીકળ્યો. અનુક્રમે તે વેલ વધીને વીંટાતી વીંટાતી જ્યાં સર્વ પક્ષીઓ રહેલા છે તે શિખા સુધી પહોંચી.) એક વખત તે વેલડી દ્વારા ચડીને અનુક્રમે સર્પે તે વૃક્ષની તે શાખાને પ્રાપ્ત કરી. ત્યાં માળામાં રહેલા પક્ષીઓના બચ્ચાને તે ખાઈ ગયો. તે જોઈ પાંખવાળા બીજા પક્ષીઓ ઉડીને બીજા ઝાડ ઉપર આવી ગયા. શોક અને ભયથી આતુર એવા તે પક્ષીઓ, તે વૃક્ષને ઉદ્દેશીને આ પ્રમાણે કહેવા લાગ્યા, "આ વૃક્ષ ઉપર અમે આટલો કાળ સુખેથી રહ્યા હતા, તે જ વૃક્ષના મૂળમાંથી ઉઠેલી વેલડીના યોગથી, અમને જેનું (વૃક્ષનું) શરણ હતું તેનાથી જ આજે ભય ઉત્પન્ન થયો છે." તો વનસ્પતિકાય નામના બાળક એવા મારે પણ હાલમાં પક્ષિની જેમ જ થયું છે." આ પ્રમાણે બોલતા એવા તે બાળકના પણ આભૂષણો પહેલાની જેમ જ તે સૂરિએ લઈ લીધા.

ત્યાર પછી આગળ જતાં સૂરિએ અન્ય બાળકને જોયું. તેના આભૂષણોને લેવાની ઇચ્છાવાળા તેમને તે બાળકે પણ કહ્યું, "મારું વચન સાંભળો. હે ભગવંત ! આ ભરત ક્ષેત્રમાં **વસંતપુર** નામનું નગર છે. જેણે શત્રુઓને જીતી લીધા છે એવો **જીતશત્રુરાજા** તે નગરનું પાલન કરતો હતો. એક વાર દુશ્મન રાજાએ તેનું નગર ચારે બાજુથી ઘેરી લીધું ત્યારે વૈરીના મારથી ભય પામેલા, નગરની બહાર રહેનારા ચંડાલો નગરમાં પેસી ગયા. અશૌચની બીકથી નગરના માણસો તેઓને નગરની બહાર કાઢવા લાગ્યા. તે જોઈને કેટલાક ઉદાસીન લોકોએ આ પ્રમાણે કહ્યું, "હે ચંડાલો ! નગરની અંદર રહેલા, ભય પામેલા લોકો તમને બહાર કાઢે છે. તેથી તમે બીજી દિશામાં (બીજા સ્થાને) જાવો. કારણ કે તમને જેનું શરણ છે તેનાથી જ ભય ઉત્પન્ન થયો છે.

અથવા તો કોઈ એક નગરમાં કોઈક રાજા છે. ત્યાં પુરોહિત દિવસે (નગરના માણસોને) દંડતો હતો અને રાત્રીએ સ્વયં રાજા ચોરી કરતો હતો. આ પ્રમાણે જાણીને લોકો કહેવા લાગ્યા, "હે નગરજનો ! જ્યાં રાજા સ્વયં ચોર છે, વળી પુરોહિત પણ લોકોને દંડે છે તેથી જંગલમાં ચાલ્યા જાઓ. કારણ કે અહીં તો જેનું શરણ છે તેનાથી જ ભય ઉત્પન્ન થયો છે.

અથવા તો કોઈ એક નગરમાં ત્રિવિક્રમ નામનો બ્રાહ્મણ (યજ્ઞકર્તા) હતો. તેણે સુંદર જળવાળું, વૃક્ષોની હારમાળાથી શોભતી પાળવાળું એક સરોવર કરાવ્યું. પરમાધામી જેવું આચરણ કરતા એવા તેણે નરકમાં ન હોય એની જેમ પાળની ઉપર વાવેલા વૃક્ષોની અંદર (સરોવરની બાજુમાં કરાવેલા ઉદ્યાનમાં) કુંડોમાં ત્રણ અગ્નિ પ્રગટાવ્યા. નરપશુ એવો તે પોતાના હાથે જ પશુઓને છેદી-છેદીને હોમતો હતો અને તે આકાશમાં જતા હોમના ધૂમાડા જેવા પાપોથી પોતાની જાતને લીંપતો હતો. પાપી આર્તધ્યાનથી મરીને તે બ્રાહ્મણ (તે જ ગામમાં) બકરો થયો. અને યજ્ઞ કરવાની ઇચ્છાવાળા પોતાના તે પુત્રોની સાથે રમવા લાગ્યો.

એક વાર યજ્ઞને માટે લવાયેલો તે, ભય પામેલો, બેં બેં એવા સ્વરના બ્હાનાથી "મારા બંને ભવ વ્યર્થ ગયા" એ પ્રમાણે વ્યક્ત રીતે કહેવા લાગ્યો. ત્યારે ત્યાં રસ્તામાં નીકળેલા કોઈ અતિશય જ્ઞાની મુનિએ મરણથી પીડા પામતા તે બકરાના બોધ માટે અને તેના પુત્રોના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોધને માટે આ પ્રમાણે વાણીને ઉચ્ચારી, "તેં જાતે જ વૃક્ષો વાવ્યા છે, કુંડો પણ તેં જાતે જ ખોદાવ્યા છે, તેં જાતે જ સરોવર કરાવ્યું છે. તો હે બકરા ! હમણાં તું બેં બેં કેમ કરે છે ?" તે વચનો સાંભળવાથી આ બકરાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને તેથી પોતે જ કરેલા તે સર્વ અનર્થોને જાણતો એવો તે મૌન રહ્યો. તેના મૌન રહેવાના કારણ રૂપ આશ્ચર્યને પૂછતાં તેના પુત્રોને, જગતને આનંદ આપનારા તે જ્ઞાની મુનિએ, પ્રથમથી માંડીને સર્વ વૃત્તાંત કહ્યો. તેવા પ્રકારના યજ્ઞાદિ કૃત્યોને વિષે આસક્ત જીવોની આવી જ ગતિ થાય છે. કેમ આવી ગતિ થાય ? તેની ખાતરી (વિશ્વાસ) થાય તેવું કાંઈ કહો." તેઓએ કહ્યું ત્યારે મુનિએ કહ્યું, "તમારા ઘરની અંદર દાટેલા નિધિને આ બકરો બતાવશે." ત્યારે પુત્રો તે બકરાને ત્યાં (ઘરની અંદર) લઈ ગયા, અને પગની અગ્ર સંજ્ઞા વડે તે નિધિને બતાવ્યું. આ પ્રમાણે વિશ્વાસને પામેલા તેના તે પુત્રોએ શ્રાવકધર્મને સ્વીકાર્યો, અને બકરાએ અનશન સ્વીકાર્યું. મરીને તે બકરો સ્વર્ગે ગયો. (તેવી રીતે) ત્રસકાય નામનો બાળક એવો હું તમારા શરણે રહેલો છું. (પણ હમણા) મારા આભરણોને લુંટતા એવા તમે જ અશરણ થયા છો. અરે બાળક ! તારું પાંડિત્ય અપૂર્વ છે !" એમ બોલતા સૂરિએ તેના પણ અલંકારો ઝૂંટવીને, પાત્રામાં નાંખી દીધા.

આગળ જતાં આંખો આંજેલી, કંકણ આદિ અલંકારોથી વિભૂષિત એક સાધ્વીને જોઈને, દુષ્ટબુદ્ધિવાળા તે આચાર્યે તેને કહ્યું, "બે કુંડલ, હાર, બે કડા, વીંટીને ધારણ કરનારી, હે શાસનનો નાશ કરનારી ! તું મારા દૃષ્ટિપથથી દૂર જા." ત્યારે તેણીએ પણ તે આચાર્યને કહ્યું, "તમે શ્રમણ છો, ગણી છો, ગુણી છો. તો હે જયેષ્ઠાર્ય ! મને આજે કહો તો ખરા કે આ તમારા પાત્રામાં શું છે ? સરસવ માત્ર જેટલા પણ પર છિદ્રોને તમે જુઓ છો, પરંતુ પોતાના બિલીપત્ર જેટલા દોષોને જોવા છતાં પણ જોતાં નથી. આ પ્રમાણે તે સાધ્વી વડે મર્મ સ્થાનને વિષે વિંધાયેલા તે મૌની (આચાર્ય) આગળ ચાલ્યા.

ત્યાં સૈન્ય સહિત આવતા એક રાજાને જોયો. નમન કરીને તે રાજાએ ભોજનને માટે સૂરિને આમંત્રણ આપ્યું. "આ મારા અલંકારોને ન જુવે" એમ વિચારી સૂરિએ તેનું વચન માન્યું નહીં. ત્યારે રાજાએ હઠથી (બલાત્કારથી) તેમનું પાત્ર ખેંચ્યું અને ભ્રમરના ભંગથી કુટિલ મુખવાળા રાજાએ તે સૂરિની તર્જના કરી કે, " હા-હા ! સર્વે પણ તે મારા બાળકો શું તેં હણી નાંખ્યા ? જે કારણથી આ તારા પાત્રામાં તેઓના અલંકારો દેખાય છે." હવે વિલખા મુખવાળા, પોતાના કર્મોથી ભયભીત થયેલા સૂરિને, રાજા થયેલો તે દેવ, ક્ષુલ્લકનું (સાધુનું) રૂપ કરીને કહે છે, "તમે ડરશો નહિ. આ બાળક આદિ તમારા બોધને માટે મેં કરેલા. ગણધારી છતાં ચારિત્રના ત્યાગી કેમ થયા ? તે કહો." આચાર્યે પણ કહ્યું, "પ્રિય, ભક્ત એવો પણ તું પ્રતિજ્ઞા કરવા છતાં પણ (સ્વર્ગથી) ન આવ્યો. તે કારણથી સત્ય વિધિમાં મને ભ્રાંતિ થઈ." તેથી તેમની ધર્મશંકાને દૂર કરવા માટે ક્ષુલ્લક એવા તે દેવે પોતાનું રૂપ બતાડીને સૂરિને આ પ્રમાણે કહ્યું, "દેવો હંમેશા નાશ નહીં થનારા એવા મહાભોગમાં આસક્ત હોય છે તેથી અત્યંત દુર્ગંધથી વ્યાપ્ત એવી પૃથ્વીને વિષે કારણ વગર આવતા નથી. મેં વિકુર્વેલા નાટકને છ માસ પર્યંત રસિકતાથી જોતાં એવા તમે તરસ-ભૂખ આદિને પણ જાણ્યા નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરેખર ! સંગીત આદિ દિવ્ય એવો આ વિષયોનો સમૂહ અત્યંત દુઃત્યજ્ય છે. હે વિભો ! તેને છોડીને દેવો અહીં શા માટે આવે ? તેથી ખરેખર ! તમારે અરિહંત પ્રભુના માર્ગમાં શંકા રૂપી કાદવના લેપથી સમ્યગ્દર્શનને ક્યારે પણ મલિન ન કરવું જોઈએ. "જિનેશ્વર ભગવંતે જે જે કહ્યું છે તે તેમ જ છે" એવું ચિત્તમાં ધારણ કરવા યોગ્ય છે, જેથી મુક્તી રમણી તમને વરે." આ પ્રમાણે પ્રમાદી થયેલા એવા પોતાના ગુરુને પ્રતિબોધ પમાડી તે દેવ દેવલોકમાં ગયો અને તે સૂરિપુંગવ પણ (ફરીથી) ગચ્છનો આશ્રય કરી, દીક્ષાને આરાધી, કૃતકૃત્ય થયા.

આ પ્રમાણે શ્રમણનાયક અષાઢાભૂતિનાં સુંદર - ચિત્ર ચરિત્રને પુષ્ટ કરતાં અમૃતરસની જેમ, શ્રોત્રરૂપી પાત્ર વડે પાન કરીને, શંકા દોષને દૂર કરીને હે ભવ્ય જીવો ! જિનમતમાં સન્મતિને ધારણ કરો. જેથી સર્વદા આનંદદાયી ત્રૈલોક્યલક્ષ્મી શીઘ્ર તમારો આશ્રય કરે.

**શંકા દોષને વિષે આર્ય અષાઢાભૂતિની કથા પૂર્ણ થઈ.**

## બીજા કાંક્ષા સ્વરૂપ દૂષણને ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે.

## कंखा कुमयभिलासो दयाइगुणलेसदंसणओ ॥ २९ ॥

**ગાથાર્થ :- કોઈ પણ દર્શનમાં લેશ માત્ર દયાદિ ગુણ જોઈને કુમતનો અભિલાષ કરવો તે કાંક્ષા.**

**ટીકાર્થ :-** "कांक्षा कुमताभिलाषः" = અન્ય - અન્ય દર્શન ગ્રહણ કરવાની ઈચ્છા તે કાંક્ષા કહેવાય છે. (તે) શેનાથી થાય છે ? 'दयादिगुणलेशदर्शनात्' = કોઈક દર્શનમાં જીવદયાદિ કાંઈક પણ ગુણને જોઈને, તે જ દર્શનની અભિલાષા કરે અને તે કાંક્ષા બે પ્રકારે છે. સર્વવિષયક અને દેશવિષયક સર્વ પાખંડીઓના ધર્મની અભિલાષા સ્વરૂપ સર્વવિષયક કાંક્ષા અને કોઈ એક દર્શન સંબંધી કાંક્ષા તે દેશવિષયક કાંક્ષા. જેમ કે સ્નાન, અન્ન પાન, વિલેપન, આચ્છાદન, શયનાદિમાં સુખના અનુભવ દ્વારા (આવો) અકલેશકારી ધર્મ, બુદ્ધે ભિક્ષુઓને કહ્યો છે. તથા પરિવ્રાજક, લોકાયતિક, બ્રાહ્મણ આદિ પણ વિષયોને ભોગવતાં જ પરલોકમાં પણ સુખ પામે છે. તેથી આ ધર્મ પણ સાધવા યોગ્ય છે. આવી આકાંક્ષા પણ પરમાર્થથી અર્હત્ પ્રણીત આગમમાં અવિશ્વાસરૂપ હોવાથી સમ્યક્ત્વને દૂષિત કરે છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો જિતશત્રુ રાજાને તેના મતિસાગર મંત્રીના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે.

સર્વ પ્રકારના કલ્યાણ અને સંપદાના આવાસભૂત, ઈન્દ્રની નગરી સમાન, સજ્જનોની માન્ય પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ **વસંતપુર** નામનું નગર છે. જ્યાં આકાશગંગાના નીરથી સંપર્ક પામેલી ધનાઢ્યોના ઉંચા મહેલોના શિખરો ઉપર ફરકતી ધ્વજાઓ પંડિતો પણ ઓળખી શકતા નહોતા. ત્યાં યથાર્થ નામવાળો **જિતશત્રુ** નામનો **રાજા** રાજ્યનું પાલન કરતો હતો. જેની તલવાર, પોતાના સ્વામીની જગતને જીતવાથી ઉત્પન્ન થયેલી પ્રશસ્તિને પ્રશસ્તવર્ણના સમૂહથી નિરંતર પ્રગટ કરતી હતી. તેને ઘણા વિચાર અને ચતુરાઈ રૂપી લહરીના સાગર સમાન **મતિસાગર** નામનો **મંત્રી** હતો. ઉપાયમાં ચતુર, સર્વતોમુખી જેની બુદ્ધિરોહક-અભયકુમારાદિની બુદ્ધિને અનુસરતી હતી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર સુધર્મા સભા જેવી સામંત-અમાત્યોથી શોભતી સભામાં બેઠેલા રાજાને પ્રતિહારે નિવેદન કર્યું કે, "કોઈક અશ્વ વેપારી કાંબોજ, પારસીક, વાહલીક પ્રમુખ દેશમાં ઉત્પન્ન થયેલા, અને અત્યંત કુશળગતિથી ઇંદ્રના અશ્વોનો પણ પરાભવ કરનારા એવા તેજસ્વી ઘોડાઓ લઈને આવ્યો છે. રાજા પણ અશ્વોની પરીક્ષા કરવામાં કુશળ હોવાથી અસાર એવા સર્વ ઘોડાઓ છોડીને, ચિંતામણિ આદિ આવર્ત - વિવર્તથી મનોહર, ચપલ એવી વીજળીના વિલાસને હાસ્ય કરનારી ગતિના પ્રસારવાળા, ચંદ્રના કિરણ જેવા શ્વેત બે અશ્વો ગ્રહણ કર્યા. ત્યાર પછી તેની રહસ્યમય પરીક્ષા જોવા માટે, ક્ષણવારમાં જ અશ્વવારને લઈને, અમાન્ય વિગેરે રાજલોકના પ્રતિષેધવાળા વચનોને અવગણીને, મુખ્ય મંત્રી સાથે, સાર સૈન્યના પરીવારવાળો રાજા પોતે, અશ્વ ઉપર બેસીને, અશ્વ ખેલાવવાની ભૂમિમાં આવ્યા.

ત્યાં અધોરિત, વલ્ગિત, ઉપ્લુત્ય, ઉત્તેજિત, ઉત્તેરિત, મંડલી-ભ્રમાદિ ગતિના દર્શનથી રાજલોક આશ્ચર્ય પામે છે તે, રાજા-અમાત્યે અશ્વોની વેગવત્તા (ઝડપ) જોવાને માટે રમતની જેમ (ચાબુકના) પ્રહાર વડે પવનને પણ તિરસ્કૃત કરનારી ગતિવાળા, સ્વભાવથી જ વક્ર, કુશિષ્યની જેમ વિપરીત શિક્ષાને પામેલા તે બંને ઘોડાઓએ, પોતાના સૈન્ય-સ્વજનોથી દૂર કરાયેલા રાજા-અમાત્યને, મનુષ્ય વિનાના દીનતાને આપનારા કોઈક શૂન્ય જંગલમાં નાંખી દીધા. (લગામને છોડતા ઘોડાઓ પણ ત્યાં ઉભા રહી ગયા.) તે વખતે શ્રમ-ભૂખ-તરસથી કંપતા શરીર વાળા તે ઘોડાઓ અત્યંત મૂર્ચ્છા પામીને, શિશિર ઋતુના પવનની લહેરથી ચેતના નહિ પામેલા, જાણે સંસારને જોતાં હોય તેમ અસાર વૃક્ષોના સમૂહથી ભરપૂર એવા ભયંકર જંગલને ચારે બાજુથી આંખો પહોળી કરીને જોતાં તે બંને અશ્વો મૃત્યુ પામ્યા. સર્પાદિ હિંસક પશુઓને જોવાથી ક્યાં જઉં - એમ ભયથી વિહ્વળ થયેલા જલ-ફલની શોધ માટે ફરતાં જાણે પોતાનું જીવિત મળ્યું હોય તેમ કોઈક એક ઝરણાને પ્રાપ્ત કર્યું. ત્યાં સ્નાન-પાન આદિ વડે સ્વસ્થ ચિત્તવાળા થયા. ત્યાં નજીકમાં રહેલા વૃક્ષના ફળ-મૂલ-કંદ આદિ ખાતાં, ભાગ્યની સ્થિતિને ચિંતવતા, મનને ધીરજ આપતાં એવા તે બંનેનો કેટલોક કાળ પસાર થયો.

હવે આ બાજુ રાજાના સૈનિકો (સૈન્ય) પણ ઘણા દિવસોથી રાજાની શોધ કરતાં કરતાં અનુક્રમે ત્યાં પોતાના સ્વામીને મળ્યા. ત્યાર પછી રાજા અને મંત્રીએ સૈન્ય સહિત, મહોત્સવપૂર્વક પોતાના નગરમાં પ્રવેશ કર્યો. પછી જંગલમાં લાગેલી ભૂખથી પીડાતા રાજાએ જડતાના કારણે - જડતાથી રસોઈયાને આદેશ કર્યો કે, "મારા માટે ચપળ (જલ્દી ખવાઈ જાય તેવા) ચણા-વાલ આદિથી માંડીને, મોદક આદિ સરસ રસવતી સુધીનો સર્વ રસવાળો આહાર તૈયાર કર, જેથી હું સર્વ આહારના રસાસ્વાદને લાંબા કાળ સુધી અનુભવી શકું. ત્યારે રસોઈયાઓએ પણ જુદા જુદા સર્વજાતિના પકવાન વિગેરે બનાવીને રાજાની આગળ મૂક્યા.

અત્યંત ભૂખથી સંકોચાયેલી કુક્ષિવાળો, પોતાના દેહની સ્થિતિને નહી જાણતો રાજા, શ્રાદ્ધ ક્રિયા માટે બેઠેલા બ્રાહ્મણની જેમ અને સર્વ ખાવા છતાં પણ અતૃપ્ત એવા વડવાગ્નિની જેમ ત્યારે જુદા જુદા રસની લોલુપતાથી ઇચ્છા પ્રમાણે આહારાદિને ખાવા છતાં અસુરની જેમ તૃપ્તિને ન પામ્યો. પછી પેટમાં નહી સમાતા એવા આહારને પણ અતિ લોલુપતાથી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોઢાની અંદર નાંખીને આંગળીથી આગળ આગળ દાબતો, અતૃપ્તિનો મિત્ર જ ન હોય ! તેમ ખાવા લાગ્યો = આકંઠ ખાધું. તેથી અજીર્ણ થવાથી તરત જ પેટમાં અત્યંત શૂળ ઉત્પન્ન થતા કંપતા શરીરવાળો, અહીં-તહીં આળોટવા છતાં શાતાને નહિ પામતો, અસાધારણ વેદનાને અનુભવી, આર્તધ્યાનમાં રક્ત તે રાજા તૂર્ત જ મરીને દુર્ગતિનો અતિથિ થયો.

હવે ચિકિત્સાદિ ક્રિયામાં કુશલ, પોતાના શરીરની સ્થિતિને જાણતા, યથાર્થ નામવાળા મતિસાગર મંત્રીએ, વમન-વિરેચન આદિ વડે કાયાની શુદ્ધિ કરીને, ઉચિત આહારને સ્વીકારી શરીરને પોષતાં લાંબા કાળે આરોગ્ય પામી તે સુખી થયો.

આ વાર્તાનો ઉપનય આ પ્રમાણે છે :- જે પ્રમાણે રાજા-અમાત્ય છે તે રીતે સંસારી જીવો છે.ત્યાં કાંઈક તપ-ચારિત્ર આદિ માત્ર બાહ્ય ગુણને જોઈને જુદા જુદા દર્શનની અભિલાષા કરનારા, પવનથી ચલાયમાન ધ્વજાની જેમ સ્થિરતાને નહીં પામેલા જે જીવો છે તેઓ આહારલંપટ, અતૃપ્ત રાજાની જેમ દુર્ગતિના ભાજન બને છે.

વળી પરમાર્થને જાણનારા, ક્રિયા-આચારથી શુદ્ધિ કરનારા, સમ્યક્ત્વ દ્વારા ગુણ દોષનો નિર્ણય કરનારા, નિઃસારપણાથી પરદર્શનને છોડનારા જે જીવો છે, તેઓ અમાત્યની જેમ પરમસુખને ભજનારા બને છે. આ પ્રમાણે રાજા અને મંત્રીનું ચરિત્ર સાંભળીને, કાંક્ષા નામના આ દૂષણને સમ્યક્ પ્રકારે દૂર કરી, સમ્યક્ત્વ શુદ્ધિ કરવામાં અધિક પ્રયત્ન કરો. જેથી શિવપુરની લક્ષ્મી વશ થાય.

**આ પ્રમાણે કાંક્ષાને વિષે રાજા-મંત્રીની કથા પૂર્ણ થઈ.**

## ત્રીજા વિચિકિત્સા દોષને ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :-

## विचिगिच्छा सफलं पइ संदेहो मुणिजणम्मि उ दुगंछा ।

**ગાથાર્થ :- વિચિકિત્સા એટલે ધર્મક્રિયાના ફળને વિષે સંદેહ અને મુનિના મલીન શરીરની નિંદા કરવી તે દુગંછા છે.**

**ટીકાર્થ :-** "विचिकित्सा" = જિનવચનની આરાધનાના ફલને વિષે સંદેહ, ખરેખર ! યુક્તિ-આગમથી યુક્ત જિનધર્મ હોતે છતે તે (વિચિકિત્સા) થાય કે, નિઃસ્વાદ એવા કલેશ રૂપ આ મહાન તપનું, રેતીના કણના કોળિયાની જેમ ભવિષ્યમાં તેનું ફળ મળશે કે કેમ ? કર્મનિર્જરાના ફળને નિષ્ફળ બનાવનાર શું આ કાયક્લેશ માત્ર જ છે ? કારણ કે જગતમાં બે પ્રકારની ક્રિયા દેખાય છે :- સફળ અને નિષ્ફળ. ખેડૂતાદિની ક્રિયાની જેમ આ ક્રિયા પણ તે પ્રકારે જણાય છે. જે કહ્યું છે કે, "બીજા પુરુષો યથોચિત માર્ગને આચરનારા તેના ફળના જોગને પામે છે. અમારા જેવા બુદ્ધિ અને સંઘયણ વિનાના તેવા પ્રકારનું ફલ પામતા નથી." આ વિચિકિત્સા પણ શ્રી ભગવંતના વચનોના અવિશ્વાસ રૂપ હોવાથી સમકિતને દૂષિત કરે છે. વળી આ (વિચિકિત્સા) શંકાથી જૂદી છે. ખરેખર ! શંકા તો સકલ પદાર્થને ભજવા વડે દ્રવ્ય-ગુણ વિષયવાળી છે. જ્યારે વિચિકિત્સા તો (માત્ર) ક્રિયાવિષયવાળી જ છે. એટલે સ્વફલ પ્રતિ સંદેહ હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા (બીજી રીતે વિચિકિત્સા) = મુનિજનને વિષે જુગુપ્સા. અને તે મુનિના સદાચાર વિષયક છે. જેમ કે આ સાધુઓ સ્નાન નહિ કરવાથી, પરસેવાનાં પાણીથી વ્યાપ્ત થયેલા મેલથી દુર્ગંધી શરીરવાળા છે. જો તેઓ નિર્દોષ પાણીથી શરીરનું પ્રક્ષાલન કરે તો તેમને શું દોષ લાગે ? (તો આ પણ વિચિકિત્સા કહેવાય.) તેથી આ પણ ભગવાનના ધર્મ ઉપર અવિશ્વાસ રૂપ હોવાથી સમકિતને દૂષિત કરનાર છે. આ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ છે. ભાવાર્થ તો શુભમતિના દૃષ્ટાંતથી જાણવો. તે આ પ્રમાણે :-

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના માપદંડ સમાન શ્રી વૈતાઢ્ય પર્વત છે. જે ૨૫ યોજન ઉંચો, ૫૦ યોજન વિસ્તારવાળો તથા ભૂમિથી ૧૦ યોજન ઉપર જતાં તેટલા જ વિસ્તારવાળો સુપ્રશસ્ત શ્રેણિથી યુક્ત છે. ત્યાં દક્ષિણશ્રેણીના ભૂષણરૂપ **ગજપુર** નામનું મહાનગર છે. જય (વિજય) માં પરાક્રમી એવો **જયસૂર** નામનો વિદ્યાધરપતિ તે નગરનું પાલન કરે છે. સકલ અંતઃપુરમાં તિલક સમાન **શુભમતિ** નામની તેને પત્ની છે. તેની સાથે ભોગોને ભોગવતો રાજા પોતાના સમયને પસાર કરે છે. હવે એક વાર દેવલોકથી ચ્યવીને કોઈક સમ્યગ્દષ્ટિ દેવ, શુભમતિની કુક્ષિ રૂપી સરોવરમાં રાજહંસની લીલાને ધારણ કરે છે. તે ગર્ભના પ્રભાવથી તેણીને દોહલો ઉત્પન્ન થાય છે. એકવાર પ્રિયતમે તેને પૂછ્યું ત્યારે તેણીએ કહ્યું, "હે પ્રિય ! તમારી સાથે અષ્ટાપદાદિ તીર્થે જઈ, ભાવપૂર્વક જિનેશ્વર ભગવંતોની ગંધાદિથી પૂજા કરી મારા મનોરથને પૂર્ણ કરું."

આ પ્રમાણે સાંભળીને વિદ્યાધરપતિ પત્નીને વિમાનમાં બેસાડી, દેવપૂજા કરવા માટે અષ્ટાપદ ગિરિના શિખર ઉપર આવ્યો. પાંચ પ્રકારના શબ્દોના નાદ પૂર્વક, નૃત્ય-ગીતથી યુક્ત, રાજાની પ્રિયા પરમાત્માનો પ્રક્ષાલ કરીને, શ્રેષ્ઠ ગંધાદિ દ્રવ્યોથી વિલેપન કરે છે. પછી મનોરથ પૂર્ણ થયેલી, હરિણાક્ષી એવી તેણી જેટલામાં પર્વત ઉપરથી ઉતરે છે, તેટલામાં તો ઘ્રાણેન્દ્રિયને દુઃસ્સહ એવી દુર્ગંધ વનમાં ઉછળે છે. તેથી વિસ્મિત હૃદયવાળી તેણી પોતાના સ્વામીને પૂછે છે, "સુગંધી વૃક્ષો અને કુસુમોથી રમણીય આ વનખંડમાં, દુર્ગંધ ક્યાંથી ઉછળે છે ?" ત્યારે ખેચર તેના પ્રતિ કહે છે, "હે પ્રિયે ! આગળ શિલાતટ ઉપર હાથ ઉંચા કરેલા, સૂર્ય તરફ દૃષ્ટિ રાખેલા મુનિને શું તું નથી જોતી ? આ મહર્ષિના સૂર્યના તીવ્ર કિરણો પડવાથી તપેલા શરીરના ચિકણામલની દુર્ગંધ વનમાં ચારે બાજુ પ્રસરી રહી છે." ત્યારે તેણી કહે છે, "ખરેખર ! જિનેશ્વર ભગવંતોએ સર્વ સુંદર કહ્યું છે, પરંતુ જે મુનિઓને પ્રાસુક જલ વડે સ્નાન કરવાનો આદેશ ન દીધો એ સુંદર નથી." ત્યારે રાજાએ પણ કહ્યું, "હે દયિતા ! તું આવું વચન ના બોલ, કેમકે ચારિત્ર રૂપી જલથી સર્વાંગે પવિત્ર એવા મુનિઓ હંમેશા શુદ્ધ જ હોય છે."

તો પણ તેણીએ કહ્યું, "હે પ્રિયતમ ! તો પણ નિર્દોષ જલ વડે તમે મુનિના અંગનું પ્રક્ષાલન કરો જેથી દુર્ગંધ અગ્નિથી કચરાની જેમ દૂર થઈ જાય." આ પ્રમાણે તેના આગ્રહથી વિદ્યાધર સરોવરમાંથી કમલપત્રના પડીયા વડે નિર્દોષ જલ લાવીને મુનિવરના અંગનું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રક્ષાલન કરે છે. તેથી પત્ની સહિત પ્રમોદ ઉત્પન્ન થયેલો તે વિદ્યાધર પતિ શ્રેષ્ઠ ગંધાદિ વડે મુનિવરના સર્વ અંગ ઉપર વિલેપન કરે છે. પછી તે બંને, મુનિને વંદન કરી, વેગથી વિમાનમાં ચઢી, આકાશમાં ભ્રમણ કરતાં (વિમાનમાંથી જ) ભાવથી તીર્થોને વંદન કરે છે.

(પાછા ફરતાં) જ્યાં તે મુનિ હતા, તે જ પ્રદેશે આવ્યા. ત્યાં (મુનિને) નહી જોતી તેણી કહે છે, "હે પ્રિય ! તે મુનિ દેખાતા નથી. વિદ્યાધરપતિએ પણ તેને ઉત્તર આપ્યો, "આ તે જ મુનિવર દઢ ખીલાની જેમ ભ્રમરના સમૂહથી શ્યામલ શરીરવાળા દેખાય છે. આપણે, જેમને સુગંધી ચંદનાદિથી વિલેપન કરેલું, ખરેખર ! તેના પ્રભાવથી સુગંધી વનપુષ્પોને છોડીને, ગંધમાં અંધ બનેલા ભમરાઓ ચંદનવૃક્ષની જેમ મહાત્માને ચારે બાજુ વીંટળાઈને પીડા કરે છે. અરેરે ! ગુણ જ અવગુણ કરનારું થયું. ખરેખર ! મદોન્મત્ત અને અકાર્ય કરવામાં ઉદ્યત થયેલા આપણે મુનિને દુઃખમાં નાંખીને આત્માને નરકગામી બનાવ્યો છે. પછી તે વિદ્યાધર જલ્દીથી જાણે પોતાના કુકર્મોને દૂર કરતો હોય તેમ મુનિવરના દેહ ઉપરથી, ઘણા દુઃખને દેનારા ભમરોના સમૂહને ઉડાડે છે. (દૂર કરે છે.) તે સમયે દુસ્સહ પરીષહ સહન કરતા તે મુનિને, ચાર ઘાતીકર્મ ક્ષીણ થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેથી મુનિના કેવલજ્ઞાનનો મહિમા કરતાં ચારે નિકાયના દેવો સુગંધી પાણી સહિત, મુનિના મસ્તક ઉપર સુગંધી પુષ્પવૃષ્ટિ કરે છે.

આ બાજુ જયસૂર વિદ્યાધર પણ પત્ની સહિત મુનિના ચરણકમલમાં નમીને કહે છે, "હે સ્વામી ! અમે જે દુરાચરણ કર્યું તે અમારો અપરાધ ખમો." ત્યારે મુનિ પણ કહે છે, "હે વિદ્યાધર ! તું ખેદ રૂપી સાગરમાં ન પડ. જેણે જે કર્મ કર્યા હોય તેનું ફળ તે મેળવે છે એમ સૂત્રમાં કહેલું છે." પૂર્વ જન્મોમાં દુષ્પરાક્રાંતથી (=મિથ્યાત્વ અવિરતિ વિગેરેના યોગે બીજાને મારવો, બાંધવો, ઉન્માર્ગસેવન આદિથી) દુરાચરણ રૂપે (મદ્યપાન કરવું, અસત્ય-દુર્વચન બોલવું વિ.) કરેલા કર્મોને (કર્મોના તે તે ફળોને) ભોગવીને અથવા તપ દ્વારા ખપાવીને જ મોક્ષ થાય છે, પરંતુ કર્મોના ફળોને ભોગવ્યા વિના (કે તપ દ્વારા ખપાવ્યા વિના મોક્ષ થતો નથી." મલથી મલિન ગાત્રવાળા મુનિને જોઈને મનમાં જે જિનમતની દુગંછા (જુગુપ્સા) કરે છે તે સમ્યક્ત્વને દૂષિત કરે છે. જેઓ સંયમ જલ વડે સમ્યક્ પ્રકારે અંતરંગ મલનું પ્રક્ષાલન કરે છે, તેઓ જ આ ભુવનમાં આકાશ અને સ્ફટિકની જેમ અતિ નિર્મલ છે." આવું મુનિનું વચન સાંભળી સંભ્રાંત મનવાળી શુભમતિ કહે છે, "હે ભગવંત ! હા ! પાપી એવી મેં પૂર્વે તમારી દુગંછા કરી હતી." આ પ્રમાણે વારંવાર પોતાના આત્માની નિંદા કરતી અને વારંવાર મુનિવરને ખમાવતી શુભમતિને મુનિવર પ્રત્યુત્તર આપે છે, "હે વત્સા ! તું ખેદ ના કર. આ પ્રમાણે નિંદા કરતાં તારું તે સર્વ કર્મ ખપી ગયું છે, પણ એક ભવમાં અવશ્ય ભોગવવું પડે એટલું જ કર્મ બાકી છે." પછી સમ્યગ્ પ્રકારે કેવલીની ધર્મદેશના સાંભળીને અને કેવલીને નમીને તે વિદ્યાધર પ્રિયા સહિત પોતાના નગરમાં આવ્યો. પછી નિરવદ્ય પ્રવજ્યાનું પાલન કરી, મરીને તે જયસૂર વિદ્યાધર સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. શુભમતિ પણ તેની દેવી થઈ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી ત્યાંથી ચ્યવીને તેણી **સુરપુરનગરમાં સિંહરથ રાજાની મદનાવલી** નામની પ્રખ્યાત એવી પત્ની થઈ. તેણીને તે જ રાજા ઈષ્ટ લાગતાં ખેચરેન્દ્રોને મૂકી સ્નેહથી પાદચારી એવા સિંહરથ રાજાને સ્વયંવરમાં વરી. અતિશય પ્રિય તે પત્નીની સાથે વિષયસુખ ભોગવતે છતે એકાએક, પૂર્વભવમાં મુનિની દુગંછા કરવાથી ઉપાર્જન કરેલું કર્મ ઉદયમાં આવ્યું અને વ્રણરહિત છતાં તેના દેહમાંથી દુર્ગંધ ઉછળવા લાગી તેથી સર્વે લોકો થુ - થુ એ પ્રમાણે કરવા લાગ્યા. તેવા પ્રકારની ગંધવાળી તેને જોઈને પોતાના મનમાં અતિ દુઃખી થયેલો રાજા વૈદ્યોને બતાવે છે. તો તેઓ પણ "આ અસાધ્ય રોગ છે" એમ કહી (ચિકિત્સા કર્યા વિના) મૂકીને ચાલ્યા ગયા. પછી (અસહ્ય દુર્ગંધને કારણે) રાજા અરણ્યમાં એક મહેલ બનાવી, તેમાં તેને રાખે છે. અસહાય એવી તેણીની રક્ષા માટે ચારે દિશામાં સુભટોને રાખ્યા. "અવશ્ય ભોગવવા યોગ્ય પાપકર્મના ઉદયમાં ખેદ કરવાથી શું ? હે જીવ ! તું ગમે ત્યાં ભાગી જઈશ તેથી કાંઈ કર્મથી નહીં છૂટે." આ પ્રમાણે દુઃખથી હણાયેલી આત્માને ધીરતા આપતી તે જેટલામાં રહે છે તેટલામાં તો પ્રાસાદના ગવાક્ષ (ઝરૂખા)માં રાજાની રાણી પોપટના યુગલને જુવે છે.

રાત્રિના પ્રથમ પ્રહરમાં પોપટીએ પોપટને આ પ્રમાણે કહ્યું, "મનને આનંદ કરનારી કોઈ અપૂર્વ કથા કહો." પોપટીનું વચન સાંભળી મદનાવલી પણ હૃદયમાં ચિંતવવા લાગી." આ પોપટીએ સારું કહ્યું જેથી (તે સાંભળતા) મારો ખેદ પણ દૂર થશે. ત્યારે પોપટે પોપટીને કહ્યું, "હે પ્રિયા ! કથા બે પ્રકારે હોય છે. એક ચરિત (આચરણમાં આવેલી = સત્ય કથા) કથા અને બીજી કલ્પિત કથા. તો કહે તને કેવી કથા સાંભળવાની ઈચ્છા છે ? તેણીએ કહ્યું "હે પ્રિયતમ ! આચરેલી એવી ચરિત્ર કથા કહો."

ત્યારે પોપટે કહ્યું, "જયસૂર નામનો વિદ્યાધર હતો. શુભમતિ નામની તેની પત્ની હતી. એકવાર તે પ્રિયસહિત અષ્ટાપદ પર્વત ઉપર જિનપૂજા કરીને, વનમાં પૂર્વે મુનિના મલિન શરીરની દુગંછા કરેલી અને પાછળથી મુનિની પૂજા કરી, શ્રાવકધર્મનું પાલન કરી સૌધર્મ દેવલોકમાં દેવી થઈ. ત્યાંથી ચ્યવીને તે મદનાવલી નામની રાજાની પત્ની થઈ. પોપટના મુખેથી આ પ્રમાણે પૂર્વભવ સાંભળીને મદનાવલીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું અને વારંવાર પોતાના આત્માની નિંદા કરવા લાગી. હવે પોપટીએ પૂછ્યું, "હે નાથ ! હાલમાં તે ક્યાં રહે છે ?" પોપટે કહ્યું, "હે દયિતા ! તારી આગળ જ આ મદનાવલી છે. પૂર્વભવમાં અજ્ઞાનથી મુનિની દુગંછા કરેલી તે પાપથી આ જન્મમાં દુસ્સહ દુર્ગંધી શરીરવાળી થઈ છે. સમ્યક્ત્વમાં નિશ્ચલ એવી તે જો સાત દિવસ સુધી ત્રણે સંધ્યાએ સુગંધી દ્રવ્યો વડે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરે તો તે દુર્ગંધથી મુક્ત થશે.

તે પોપટના વચનને સાંભળી ચિત્તમાં તુષ્ટ થયેલી મદનાવલીએ પણ કીરયુગલની આગળ પોતાનું આભરણ નાંખ્યું. ત્યાં તો સહસા એ કીરયુગલ અદૃશ્ય થઈ ગયું. તેથી તે મનમાં વિચારવા લાગી, "આ પોપટ મારા ચરિત્રને કેવી રીતે જાણે ? આ પોપટના વૃત્તાંતને કોઈ જ્ઞાનીને પૂછીને નિર્ણય કરીશ, ત્યાં સુધી સુગંધી દ્રવ્યો વડે પ્રથમ જિનેશ્વરની પૂજા કરું." એમ વિચારી સુગંધી પદાર્થોથી પ્રભુની પૂજા કરતાં દુઃસ્વપ્નની જેમ તેના શરીરમાંથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગંધ દૂર થઈ. મદનાવલી પણ પોતાના શરીરમાંથી દુર્ગંધ નષ્ટ થયેલી જાણીને જાણે આનંદ રૂપી અમૃતના સાગરમાં મગ્ન થવાના સ્વભાવવાળી થઈ ત્યારે આરક્ષક પુરુષોએ રાજાને વધામણી આપી, "હે મહારાજ ! પુણ્યોદયથી દેવીના શરીરમાંથી દુર્ગંધ નષ્ટ થઈ ગઈ છે." કર્ણને વિષે અમૃતના પાન સમાન તે વચનને સાંભળીને રાજાએ પ્રીતિદાનથી તેઓને સંતોષીને પછી તે રાજા દેવીની પાસે આવ્યો. સુંદર રૂપવાળી તેને જોઈને પરમ આનંદના સંગમવાળા તે રાજાએ ગજસ્કંધ ઉપર બેસાડીને પોતાના મહેલમાં લાવ્યો અને જેટલામાં રાજા તેણીનો આગમન મહોત્સવ કરાવે છે તેટલામાં તો ઉદ્યાનપાલકે નમીને આ પ્રમાણે કહ્યું, "હે દેવ ! તમારા મનોરમ ઉદ્યાનમાં **'અમિતતેજ'** મુનીશ્વરને લોકાલોક પ્રકાશકર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે." ત્યારે દેવીએ રાજાને કહ્યું, "હે હૃદયેશ્વર ! ઉત્સવની મધ્યમાં આ (વધામણી રૂપ) પરમોત્સવ થયો, જે અતિરમ્ય છે. તેથી આપણે ત્યાં જઈ મુનિના ચરણકમલને વંદન કરીએ." તેથી હર્ષ પામેલો રાજા મદનાવલીની સાથે કેવલી ભગવંતની પાસે પહોંચ્યો. કેવલી મુનિના ચરણકમલને પ્રણામ કરી સપરિવાર રાજા યથાસ્થાને બેઠો અને અતિ સાવધાન મનથી તે કેવલી ભગવંત પાસેથી ધર્મકથા સાંભળે છે. અવસર પામીને મદનાવલી પણ જ્ઞાની ભગવંતને નમીને પૂછે છે, "હે ભગવન્ ! તે પોપટ કોણ હતો કે જેણે દુઃખી એવી મને પ્રતિબોધ કર્યો હતો ?" કેવલી ભગવંતે તેને કહ્યું, "હે કલ્યાણી ! જે તારો પૂર્વ ભવનો ભર્તાર કે જે દેવ થયો હતો તે પોપટ રૂપે તારી પાસે આવ્યો હતો." પ્રમુદિત હૃદયવાળી તે ફરીથી પૂછે છે, "હે ભગવન્ ! તમારી આ સભામાં તે દેવ પોપટ છે કે નહી તે કૃપા કરી કહો." તેમણે પણ કહ્યું, "અલંકારોથી સજ્જ થયેલો આ શ્રેષ્ઠ દેવ જે તારી આગળ ઉભો છે તે પૂર્વભવનો તારો પ્રાણપ્રિય (ભર્તાર) છે." હાથ જોડી તે દેવને કહે છે, "તમે ખૂબ જ ઉપકાર કર્યો. જે હજારો જન્મોમાં પણ તમારા ઋણને ઉતારી નહી શકું." ત્યારે દેવે પણ તેને કહ્યું, "આજથી સાતમા દિવસે હું દેવલોકમાંથી ચ્યવીને ખેચરપુત્ર થઈશ તો ત્યાં તારે મને પ્રતિબોધ પમાડવો." ત્યારે તેણીએ કહ્યું, "જો મને જ્ઞાન થશે તો જરૂર હું તમને પ્રતિબોધ કરીશ." આવું સાંભળીને પરિવારસહિત દેવ જલ્દીથી દેવનગરે (સ્વર્ગમાં) ગયો.

નિર્વેદના સંગવાળી (નિર્વેદ પામેલી) મદનાવલી પણ રાજાને કહે છે, "હે દેવ ! મનુષ્યાદિ ભવોમાં ઘણીવાર વિવિધ એવા વિષય સુખોને જીવે અનુભવ્યા, તો પણ મનને તૃપ્તિ ના થઈ. દેવભવમાં તમારી સાથે ભોગો ભોગવ્યા, તો મનુષ્ય ભવમાં પણ ભોગો ભોગવ્યા. તો હવે આ ભોગસુખથી સર્યું. તેથી હે સ્વામી ! શિવમાર્ગે (જવાની) કૃપા કરો." ત્યારે રાજાએ કહ્યું, "હે સુંદરી ! સ્વપ્નમાં પણ જેનો ત્યાગ ન કરે તેવી હસ્તકમલમાં રહેલી કલ્પલતાને હે પ્રિયે ! કોઈ પણ કુશલ પુરુષ શું ક્યારે પણ છોડે ? દેવીએ કહ્યું, "હે સ્વામી ! હું તમારા વિધવિધ પ્રેમને જાણું છું. તો પણ કૃપા કરી મને જલ્દીથી દીક્ષા માટે રજા આપો." તેના સ્નેહથી મોહિત મતિવાળો રાજા જેટલામાં ઉત્તર આપતો નથી ત્યાં તો તેણી પણ સહસા ગુરુ પાસે જઈ પ્રવજ્યા ગ્રહણ કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાજુ રાજા અશ્રુપૂર્ણ નયનથી પ્રથમ મુનિપુંગવને નમસ્કાર કરે છે, પછી દુઃખપૂર્ણ-ગદ્‌ગદ્ વચનથી મદનાવલી સાધ્વીને વંદન કરે છે. શ્રી કેવલીની પાસે રાજા શ્રાવકધર્મ સ્વીકારે છે અને પછી પોતાના નગરમાં આવી જિનશાસનની ઉન્નતિ કરે છે. તે મદનાવલી સાધ્વી પણ શ્રમણીઓની સાથે વિહાર કરતી ગ્રહણ શિક્ષા-આસેવનશિક્ષાનો અભ્યાસ કરે છે અને ઉગ્રતપને કરતી એવી તે પાપકર્મોનો નાશ કરે છે.

હવે તે દેવ (દેવલોકથી) ચ્યવીને મયંક (મૃગાંક) નામે વિદ્યાધર થયો. અનેક પ્રકારની નિરવદ્ય વિદ્યાનો અભ્યાસ કરી અનુક્રમે યૌવનલીલાને પામ્યો. હવે એકવાર રાત્રીના સમયે વસતિના દ્વાર દેશે મદનાવલી આર્યા પ્રતિમા વહન કરી રહેલી છે. ત્યારે જતા એવા તે ખેચરે સહસા તેને જોઈને, અવસરને પ્રાપ્ત થયેલો તે કામબાણથી યુદ્ધમાં સુભટની જેમ સર્વાંગે વિંધાયો અને વિમાનવાસી દેવની જેમ શ્રેષ્ઠ વિમાનમાં રહેલો પોતાની ઋદ્ધિને બતાડતો, જાણે કંદર્પ (કામ) રૂપી સર્પના વિષને ધારણ કરતો તે શ્રમણીને કહે છે, "હે ગજગામિની ! કમલના પત્ર જેવી સુકુમાલ, દેવોને પણ મનોહર એવી કાયાને તપ રૂપી કઠણ (કુહાડા) વડે શા માટે વિનાશ પમાડે છે ? હે આ તપ વડે જો આ ભોગોની ઈચ્છા હોય તો હે સુંદરી ! મારા વચનને તું સાંભળ. રત્નમાલાને પરણવા જઈ રહેલા મયંક નામના વિદ્યાધર કુમાર એવા મેં તને જોઈને હું રાગી થયો છું. તો હે તરૂણી ! તું આ વિમાનમાં આરૂઢ થા અને મારી સાથે ભોગોને ભોગવ. વળી જો તું મને મળતી હોય તો રત્નમાલાનો પણ હું ત્યાગ કરું." એમ બહુ પ્રકારે વિદ્યાધર ચાટુ વચન બોલે છતે પણ તિલતુસમાત્ર પણ તેણીનું મન ધ્યાનથી ચલાયમાન ન થયું. પૂર્વ ભવના સ્નેહથી જેમ જેમ વિદ્યાધર રાગ બતાવે છે, તેમ તેમ તે શ્રમણી પરગૃહમાં પ્રવેશેલા શ્વાનની જેમ તેની તર્જના કરે છે. પછી વિદ્યાધર અનુકૂલ ઉપસર્ગ કરવા પ્રવૃત્ત થયો ત્યાં તો શુભધ્યાનમાં મગ્ન આર્યાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કેવલજ્ઞાનના મહિમાને કરતાં દેવોને જોઈને આશ્ચર્યથી વિસ્ફારિત નયનવાળો તે મયંક વારંવાર તેને જુએ છે. ત્યારે ભગવતીએ કહ્યું, "હે વિદ્યાધર ! તું દેવભવમાં મારી સાથે રમ્યો, વળી તું વિદ્યાધર થયો તો પણ તું સ્નેહને કેમ છોડતો નથી ? તો સાંસારિક મોહને છોડી, જિનધર્મમાં પ્રેમ કર." આ સાંભળતા મયંકને જાતિસ્મરણજ્ઞાન થયું.

પછી સંવેગ મહારસથી શુભધ્યાનને પોષણ કરતાં તેણે એકદમ જાણે ક્લેશ રૂપી જાલનું ઉન્મૂલન કરતો હોય તેમ માથાના વાળનું ઉન્મૂલન કર્યું. પછી તે ભગવતીના ચરણકમલમાં પડીને કહે છે, "હે ભગવતી ! તમે તમારું વચન પાલન કરી મારા ઉપર ઉપકાર કર્યો." એમ કહીને વિદ્યાધર સમ્યક્ પ્રકારે જિનપ્રવ્રજ્યા અંગીકાર કરે છે. તપથી સકલકર્મોનો ક્ષય કરી શાશ્વત ધામને પામ્યો. મદનાવલી આર્યા પણ કેવલીપર્યાયનું પરિપાલન કરી, કર્મમલનું પ્રક્ષાલન કરી, શિવસુખ રૂપી લક્ષ્મીના સુખને પામી.

આ પ્રમાણે શુભમતિના ચરિત્રને સાંભળીને દુગંછાને સતત ત્યજો અને સમ્યક્ત્વની અતિ નિર્મલતા કરો જેથી શિવવાસના સુખને પામો.

**આમ જુગુપ્સા વિષે શુભમતિની કથા પૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મિથ્યાદષ્ટિ પ્રશંસા સ્વરૂપ ચોથા દોષને ગાથાના ત્રીજા ચરણ વડે કહે છે :-**

**'गुणकित्तणं पशंसा ।'**

**અર્થ :- મિથ્યાદષ્ટિના ગુણનું કીર્તન તે પ્રશંસા કહેવાય છે.**

**ટીકાર્થ :-** गुणानाम् = જ્ઞાનાદી ગુણોનું कीर्तनम् = બોલવું. प्रशंसा = વખાણ કરવા. અર્થાપત્તિથી મિથ્યાદષ્ટિઓના (ગુણોનું કીર્તન કરવું તે પ્રશંસા કહેવાય છે.) અને તે બે પ્રકારે છે સર્વવિષયક અને દેશવિષયક. ત્યાં સર્વે પણ કપિલાદિ દર્શનો યુક્તિથી યુક્ત છે એ પ્રમાણે માધ્યસ્થ ભાવથી (તેઓની) સ્તુતિ કરવી તે સર્વવિષયક પ્રશંસા દોષ જાણવો અને દેશવિષયક તો બુદ્ધનું અથવા સાંખ્યકણાદ આદિનું આ (અમુક) વચન તત્ત્વરૂપ છે એ પ્રમાણે સ્તુતિ કરવી. બંને પ્રકારની પણ આ પ્રશંસા સમ્યક્ત્વનું દૂષણ છે એ પ્રમાણે ગાથાના ત્રીજા ચરણનો અર્થ છે. ભાવાર્થ તો ભીમકુમારના દષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :-

સુપ્રશસ્ત શોભામય ભરતક્ષેત્રની લક્ષ્મીના સ્થાનભૂત એવું **કમલપુર** નામનું નગર છે. ખરેખર ! જ્યાં ઉત્પન્ન થયેલ બુદ્ધિના વિસ્તારવાળી જડના સંગથી દૂષિત થયેલી કમલા (લક્ષ્મીદેવી) કમલને પરિહરીને જ્યાં સ્વેચ્છાએ નિવાસ કરે છે. ત્યાં પરાક્રમી શત્રુઓરૂપી અંધકારના સમૂહને દૂર કરવામાં હરિવાહન (સૂર્ય સમાન) **હરિવાહન** નામે રાજા છે. જેના પ્રતાપ રૂપી પ્રકાશને નહી સહન કરતો તે સૂર્ય પણ કાયર પુરુષની જેમ સમુદ્રમાં વાસ આજે પણ મૂકતો નથી. તેની શીલાદિ ગુણરૂપી પરિમલથી વિજય મેળવનારી **માલતી** નામની પ્રાણપ્રિયા છે. તેની કુક્ષીરૂપી સરોવરને વિષે રાજહંસ સમાન, પોતાના વંશને વિષે મુગુટ સમાન, અત્યંત દુર્દ્ધર વૈરી રૂપી પરાક્રમી કૌરવોને મારવામાં ભીમ સમાન, **ભીમ** નામનો મહાકુમાર હતો. તેનો અતિ પ્રજ્ઞાવાન બુદ્ધિલ મંત્રીનો પુત્ર, વિનયાદિ ગુણરત્નોના સાગર સમાન **મદનહર** નામનો પરમમિત્ર હતો.

એકવાર પ્રભાત સમયે ભીમકુમારે કુમારની જેમ દઢ પ્રતિજ્ઞાવાળો, મિત્રોથી પરિવરેલો રાજસભામાં પ્રવેશીને, પરમભક્તિથી પિતાના ચરણકમલને નમસ્કાર કર્યા. પિતાએ પણ પરમપ્રીતિથી તેને આલિંગન કરીને, ક્ષણમાત્ર ખોળામાં બેસાડીને, કમલદલ જેવા કોમળ હાથ વડે ચરણકમલને સંવાહન કરતો, ભદ્રાસને બેસાડીને જેટલામાં પુત્રને હિતશિક્ષા આપવાનો પ્રારંભ કર્યો.

તેટલામાં તો ઉદ્યાનપાલકે પ્રણામ કરી કહ્યું, "હે દેવ ! વિદ્વાનોના સમૂહથી જેમના પાદારવિંદ વંદન કરાયેલા છે એવા **અરવિંદ** નામના મુણિંદ આપના કુસુમાકર ઉદ્યાનને અલંકૃત કરી રહ્યા છે." આ પ્રમાણે તેના વચનને સાંભળી હર્ષ પામેલા રાજાએ તેને પ્રીતિદાન આપ્યું. પછી અનેક મંત્રી - સામંત - કુમાર - નગરલોકથી પરિવરેલો રાજા મુનિની પાસે આવ્યો. ત્યાર પછી વિધિપૂર્વક સુવિહિત મુનિયુક્ત **અરવિંદ** નામના મુનિરાજને પ્રણામ કરી રાજા બેઠો. ત્યારે ગુરુ ભગવંતે પણ તેને પ્રતિબોધ કરવા ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. તે આ પ્રમાણે :-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવક્ષેત્ર, ઉત્તમજાતિ, ઉત્તમકુલ, સુરૂપ, આરોગ્ય, આયુષ્ય, શુભમતિ મળવા છતાં શ્રદ્ધા-સંયમનો સમાગમ લોકમાં ચિંતામણી રત્નની જેમ દુર્લભ છે. તો તે મેળવવા યત્ન કરવો જોઈએ. વળી શુદ્ધરત્નની ઉપમાવાળા દેવ-ગુરુ-ધર્મ તત્ત્વથી જેઓ હંમેશા આત્માને વિભૂષિત કરે છે તેઓ પરમ શોભાને પામે છે. વળી જે નિર્દોષ સમ્યગ્દર્શન સહિત સાધુના અને શ્રાવકના વ્રતોને સદા ધારણ કરે છે તે જીવ દેવ-મનુષ્યના સુખોને અનુભવીને શિવશ્રીને પણ પ્રિય થાય છે." આ પ્રમાણે ગુરુમુખકમલથી ધર્મોપદેશના રહસ્યને સાંભળીને ભીમકુમારાદિ સહિત રાજાએ સમ્યગ્દર્શન પૂર્વક શ્રાવકધર્મને સ્વીકારીને, ગુરુચરણને નમસ્કાર કરી, રાજમહેલે આવ્યો. ગુરુ ભગવંત પણ ભવ્ય જીવોના પ્રતિબોધ માટે અન્યત્ર વિહાર કરી ગયા.

એકવાર પોતાના ભવનમાં બેઠેલા, બુદ્ધિ મદનહર આદિ મિત્રોના સમીપપણાથી શોભતો, સૂરી ભગવંતના જ્ઞાનાદિ ગુણની વારંવાર પ્રશંસા કરતા ભીમકુમારને નમસ્કાર કરીને પ્રતિહારીએ કહ્યું, "હે કુમારશેખર ! પ્રચંડ માણસના માથાની માળાથી જેનો કંઠ ભરેલો છે એવો સુરૂપ, તરૂણ એક કાપાલિક દ્વારદેશે રહેલો તમારા દર્શનને ઈચ્છે છે." ત્યારે કુમારના આદેશથી તેણે પણ પ્રવેશ કર્યો. આશીર્વાદ આપી, ઉચિત આસન ઉપર બેસી, અવસર પામી જોગીશ્વર એકાંતમાં ભીમને કહે છે, "હે રાજપુત્ર ! મેં પૂર્વે બાર વર્ષ સુધી પૂર્વસેવા દ્વારા ભુવનક્ષોભિણી વિદ્યા સાધેલી હતી. અત્યારે તેને કાળી ચૌદશે ઉત્તરસેવા દ્વારા સાધવાને ઈચ્છું છું. તેમાં સાહસિક શિરોમણિ તને ઉત્તરસાધક બનાવવાની ઈચ્છા રાખું છું. ઈંદ્ર સમાન પણ બીજો કોઈ મારા ઉપર આવો ઉપકાર કરવા સમર્થ નથી. તો હે પરોપકાર રસિક ! કૃપા કરી તું મારા મનોરથને પૂર્ણ કર." પછી આ અર્થને સ્મરણ કરતાં ભીમકુમારે તેનું વચન સ્વીકાર્યું.

"માંગણી કરતા લોકોની મનોવૃત્તિને પૂરવા જેનો જન્મ નથી તેવા જીવો વડે આ પૃથ્વી અતિભારવાળી છે, પણ વૃક્ષો વડે, પર્વતો વડે કે સમુદ્રો વડે ભારવાળી નથી."

પછી કુમારે તે યોગીને કહ્યું, "આજથી દસમે દિવસે તે રાત્રી આવે છે. તો (હમણાં) તું તારા સ્થાને જા." ત્યારે યોગીએ કહ્યું, "હે દેવ ! તમારી પાસે જ રહીશ." કુમારે પણ અનુજ્ઞા આપી. (તેથી) તે યોગી પણ રાજપુત્ર સાથે શયન-ભોજનાદિ કરતો, અનેક પ્રકારની કલા વડે કુમારને ખુશ કરતો રહે છે. તેના ગુણોથી ખુશ થયેલો કુમાર પણ બુદ્ધિ મદનહરને કહે છે, "હે મિત્ર ! આ કાપાલિક પાસે અપૂર્વ જ્ઞાન - વિજ્ઞાનાદિ કલાઓ છે. જેનાથી મન આશ્ચર્ય પામે છે." ત્યારે મંત્રીપુત્રે કહ્યું, "સ્વામિ ! પાખંડીઓની પ્રશંસા કરીને સમ્યક્ત્વને મલિન ના કર = કલંકિત ના કર. વળી કહ્યું છે કે, "મિથ્યાદષ્ટિ મનુષ્યના રજમાત્ર ગુણની પ્રશંસા કરવાથી નિર્મલ પણ સમ્યક્ત્વ રૂપી શ્રેષ્ઠ રત્ન મલિન થાય છે."

ત્યારે કુમારે કહ્યું, "હે મિત્ર ! વિદ્યમાન ગુણની પ્રશંસા કરવાથી સમ્યક્ત્વનો નાશ થતો નથી. પરંતુ દાક્ષિણ્યતાથી મેં એનું કોઈક કામ સ્વીકારેલું છે અને તે યેન કેન રીતે પણ મારે કરવું જ જોઈએ. અને કહ્યું છે કે, "મસ્તક છેદાઈ જાય, (અથવા) બંધન મળે (અથવા) સર્વથા લક્ષ્મી છોડી દે.. તો પણ પ્રતિજ્ઞાના પાલનમાં સજ્જન પુરુષોનું જે થવું હોય તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય." (પ્રતિજ્ઞાના પાલનમાં તત્પર બને છે) ત્યારે આવું સાંભળીને મંત્રીપુત્ર મૌન રહ્યો, તો પણ રાજપુત્ર પાખંડીની પ્રશંસા મુકતો નથી.

આ બાજુ કાલીચૌદશ આવતાં, સ્વજન-પરિજનોની દૃષ્ટિને ચૂકવીને, હાથમાં વિકરાળ તલવાર લઈને રાત્રિને વિષે તે રાજપુત્ર અતિભીષણ સ્મશાનમાં તે પાખંડિની સાથે ગયો. ત્યાં મંડલને આલેખીને, મંત્રદેવતાને નમસ્કાર કરીને, શિખાબંધના બ્હાનાથી તેને (રાજપુત્રને) મારવા માટે, કપટમાં પ્રવીણ એવો યોગી જયાં ઉઠ્યો ત્યાં જ કુમારે કહ્યું, "હે કાપાલિક ! આ સંભ્રમથી સર્યું. મારું પોતાનું સત્ત્વ જ શિખાબંધ છે, તો હવે બીજાથી શું ? તો તું ભયરહિત થઈ તારું કાર્ય કર." ત્યારે હાથમાં તલવાર લઈને કુમાર તેની પાસે ઉભો રહ્યો. ત્યારે યોગી પણ વિચારવા લાગ્યો, "મારી શિખાબંધની માયા નિષ્ફળ ગઈ. તો પણ એનું મસ્તક હઠથી પણ ગ્રહણ કરીશ" એમ વિચારી પર્વત સમાન આકાર, વિકરાલ કેશ, કૂવા જેવા લાંબા કાન, વિકરાલ છરી યુક્ત હાથ, રૌદ્ર અવાજથી પૃથ્વીતલને ખળભળાવતું અતિ વિરૂપ એવું રૂપ તેણે વિકુર્વ્યુ. કુમાર પણ તેની દુષ્ટ ચેષ્ટાને જોઈને સિંહની જેમ ચિત્તમાં ભય વિનાનો જેટલી વારમાં તેની ઉપર તલવાર ઉગામે છે તેટલામાં યોગી બોલ્યો, "અરે બાલ ! તારા મસ્તક વડે આજે કુલદેવીની પૂજા કરી મારા મનોરથને પૂરીશ."

તે સાંભળી ક્રોધથી લાલચોળ આંખ કરી કુમાર તેને પડકાર કરે છે, "રે રે અધમ પાખંડિ ! રે ચંડાલ જેવું આચરનારા વિશ્વાસથી વિશ્વસિત માણસના વધેરેલા મસ્તકની માળાના સમૂહની સાથે તારું મસ્તક છેદીશ." ત્યારે રોષથી જોગી તેનો વધ કરવા માટે છરી ઉગામે છે. ભીમે પણ તેને પોતાની તલવાર વડે સ્ખલના પમાડીને, તેના ખભા ઉપર વાંદરાની જેમ ચઢીને ચિંતવવા લાગ્યો, "શું આનું મસ્તક તલવાર વડે છેદુ ? અથવા જો આ મારી સેવા કોઈ પણ રીતે સ્વીકારે તો મારે તેવું કરવું યોગ્ય નથી. તેથી જિનશાસનની ઉન્નતિ કરીને આત્માને સંસાર સાગરથી તારું" એમ વિચારી મૂર્ધન્ય સ્થાને તેને કુમારે તેને વજ્રથી પણ કઠીન મુષ્ટિઘાત વડે તાડન કર્યો. એટલે તેને મારવાની ઈચ્છાવાળો યોગી પણ જેટલામાં તેને બે હાથ વડે ગ્રહણ કરવા ઈચ્છે છે તેટલામાં તો તે તેના કર્ણરૂપી કૂવાના કાણામાં, હાથમાં તલવારવાળો એવો તે રાજપુત્ર તેમાં પ્રવેશીને ભૂંડ જેમ તીક્ષ્ણ નખ વડે પ્રહાર કરે તેમ પ્રહાર કરવા લાગ્યો. ત્યારે દુસ્સહ કાનની વેદનાથી વ્યાકુળ થયેલો, અત્યંત વિરસ રૂદન કરતા યોગીએ કેમે કરીને હાથ વડે કાનમાંથી કુમારને કાઢી, તેને પગમાં ધરીને, ક્રોધાગ્નિથી પ્રજ્વલિત શરીરવાળા યોગીએ દડાની જેમ કુમારને ગગનમાં ઉછાળ્યો. ત્યારે પૂર્વે કરેલાં પુણ્યના પ્રભાવથી ભૂમિ ઉપર પડતાં પૂર્વે જ કમલક્ષા જક્ષિણી રત્નની જેમ કરસંપુટથી તેને ગ્રહણ કરીને પોતાના ભવનમાં લાવી અને ત્યાં દેવની જેમ ભીમ પોતાને સિંહાસન પર બેઠેલો જોઈને 'આ શું છે ?' એમ વિસ્મિત થયેલો જેટલામાં વિચારે છે તેટલામાં તો કમલક્ષા હાથ જોડી, તેની આગળ રહી કહેવા લાગી, "હે કુમાર ! આ વિંધ્યપર્વત સમીપવર્તી વિંધ્યાટવી છે. તેની આ મોટી ગુફામાં મારું મણિમય મોટું ભવન છે. એની સ્વામિની હું કમલક્ષા નામની જક્ષિણી છું. આજે હું અષ્ટાપદ પર્વત ઉપર ઋષભદેવ પ્રમુખ ચોવીશે જિનેશ્વરોને પ્રણામ કરી પાછી ફરી રહી હતી ત્યારે કાપાલિકે આકાશમાં ઉછાળેલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પૃથ્વી ઉપર પડતા એવા તમને ગ્રહણ કરી હું અહીં આવી છું. તો હાલ કામાગ્નિથી પ્રદીપ્ત મને તારા દેહના સંગથી ઉલ્લસિત કર." ત્યારે કાંઈક હસીને કુમાર બોલ્યો, "હે દેવી ! કિંપાકફલના આસ્વાદ સમાન, પરિણામે વિરસ, નરકગતિમાં લઈ જવામાં મૂળમંત્ર સમાન, ધર્મીજનને નિંદનીય એવા વિષયસુખમાં કોણ સચેતન રમણ કરે ? વળી કહ્યું છે કે, "વિષયરૂપી વિષથી મોહિત થયેલા, કામગજેન્દ્રથી નાશ પામેલા સત્ત્વવાળા જીવો અવશ્ય બહુ વેદના યુક્ત નરકમાં પતન પામે છે." વળી કહ્યું છે કે ક્ષણમાત્ર સુખવાળા, બહુકાલ દુઃખવાળા, અત્યંત દુઃખવાળા, નહી જેવા સુખવાળા, સંસારથી મુક્ત થવાની ઈચ્છાવાળાઓ માટે વિપક્ષભૂત એવા કામભોગો અનર્થની ખાણ છે. વિષયસુખોનું સેવન ઘણીવાર કરવા છતાં ક્યારે પણ જીવને તૃપ્તિ થઈ નથી. અને કહ્યું છે કે, "કામી જીવોની કામવાસના ઉપભોગથી શમતી નથી પણ ઈંધન વડે જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ ફરી ફરી વધે છે. તેથી અશુચિમય, સાત ધાતુથી વ્યાપ્ત મારા દેહમાં તારા દિવ્ય દેહની કાદવથી વ્યાપ્ત નગરના ખાબોચિયાના પાણીમાં રાજહંસીની જેમ રમવાની ઈચ્છા કરવી તે અયોગ્ય છે. તેથી વિષયમાં આસક્તિને તજો ને જિનેશ્વરના વચનમાં બુદ્ધિ ધારણ કરો."

આ પ્રમાણે તેના વચનરૂપી અમૃતના પાનથી વિષયપિપાસા નષ્ટ થયેલી જક્ષિણી કહે છે, "હે કુમાર ! તારી મહેરબાનીથી મારી કામેચ્છા દૂર થઈ તેથી પરભવમાં મારી સદ્‌ગતિ સુલભ જ બનશે. આજથી ત્રિભુવનજનને પૂજનીય જિનેશ્વર ભગવંત જ મારા દેવ હો, અને સુસાધુ તે જ મારા ગુરુ હો.. એવું હંમેશા મારા મનમાં રમો.

આ વાત ચાલતી હતી તે સમયે મધુર અવાજ વડે શ્રુતના પઠનનો ગણગણાટ સાંભળી કુમારે દેવીને પૂછ્યું, "કર્ણને માટે અમૃત સમાન આ મધુરધ્વનિ કોનો છે ?" ત્યારે તેણે પણ કહ્યું, "હે નૃપનંદન ! સ્વાધ્યાય-ધ્યાનમાં મગ્ન, ચાર માસક્ષમણને ધરનારા તપસ્વી મહાત્માઓ અહીં બિરાજમાન છે." તે સાંભળી કુમાર વિચારે છે, "બહુ સારું થયું કે અહીં પણ મને મહાત્માનો સમાગમ થયો. આથી આ આપત્તિ પણ મને તો મહોત્સવ રૂપ થઈ. તેથી તેઓની પાસે શેષ રાત્રિ પસાર કરું" એમ વિચારી, દેવીની રજા લઈ, કુમાર તેમની પાસે ગયો. દેવી પણ વિચારે છે કે, "પ્રભાત સમય થતાં હું પણ પરિવાર સહિત મહાત્માઓને વંદન કરીશ." અને કુમારના ઉપદેશને મનમાં સ્મરણ કરતી ત્યાં જ રહી. રાજપુત્ર પણ ગુફાના પ્રવેશ ભાગમાં બેઠેલા સૂરિને વંદન કરી, ધર્મલાભ પ્રાપ્ત થયેલો તે બેસીને સૂરિને પૂછે છે, "હે ભગવંત ! આ અતિ ભયાનક, અશનાદિથી રહિત આ અટવીમાં તમારું રહેવાનું કેવી રીતે થયું છે ?" ત્યારે જેટલામાં ગુરુ ભગવંત પણ કાંઈક જવાબ આપે તેટલામાં જ કુમારે આકાશ માર્ગેથી ઉતરતો, કાજલ જેવો શ્યામ, અતિવિશાલ, યમદંડ સરખો, રક્ત ચંદનના રસથી લેપાયેલો એક ભુજાદંડ સાધુની આગળ પૃથ્વી પર પડીને કુમારની તલવારને મુષ્ઠિ વડે ગ્રહણ કરી આકાશમાં ઉછળતો જોયો. ત્યારે કુતૂહલ ઉત્પન્ન થયેલો ભીમ મનમાં વિચારવા લાગ્યો, "આ હાથ કોનો હશે ? મારી તલવારથી તે શું કરશે ?" એમ વિચારી ઉઠીને ગુરુને પ્રણામ કરી, કૃષ્ણ જેમ કાળા નાગ ઉપર ચડ્યા તેમ વિદ્યુક્ષિપ્તકરણ વડે તે હાથ ઉપર ચઢીને, આકાશમાર્ગે જતાં, સચરાચર પૃથ્વીને જોતો, એક અતિવિકટ મહાટવીમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલિકાદેવીના ભવનની અંદર પાડાના વાહનવાળી, માનવના મસ્તકની માળાથી શોભતી, એક હાથ રહિત એવા પૂર્વ પરિચિત કાપાલિકના ડાબા હાથે ગ્રહણ કરાયેલા પુરુષની સમીપમાં કાલિકાદેવીને જોઈ. પછી તે ભુજદંડ કુમારને ઉતારીને, કાપાલિકને તલવાર આપીને જમણા ખભે જોડાઈ ગયો. ત્યારે ભીમ ચિંતવે છે કે, "આ નિકૃષ્ટ પાખંડી શું કરશે ? હાથમાં કેશપાશથી ગ્રહણ કરેલા પુરુષનું શું કરશે ? તેથી અદશ્ય રહીને જ એની ચેષ્ટાને જોઉં. પછી જે કરવા યોગ્ય હશે તે કરીશ." એ પ્રમાણે વિચારી રાજપુત્ર કાપાલિકની પાછળ ઉભો રહ્યો.

હવે તે પાખંડી પણ તે પુરુષને આક્ષેપપૂર્વક કહે છે, "અરે ! તારા ઈષ્ટદેવતાનું સ્મરણ કર. કોઈ પણ દેવનું શરણ સ્વીકાર. આ તલવારથી તારું મસ્તક છેદીને દેવીની પૂજા કરીશ." ત્યારે તે પુરુષે પણ કહ્યું, "ઓ દુષ્ટ પાખંડિ ! મને તો પ્રશસ્ત અવસ્થા હોય કે અપ્રશસ્ત અવસ્થા હોય (પણ તે દરેકમાં) મારે તો સ્મરણ કરવા યોગ્ય કરૂણા-રસસાગર જિનેશ્વર ભગવંત જ છે. તથા કોઈક પાખંડીના સહવાસથી ભોળવાયેલો, ક્યાંક લઈ જવાયેલો કુલસ્વામી, ભીમકુમાર જ અશરણ એવા મારે શરણ છે. ત્યારે હાસ્યપૂર્વક જોગીએ તેને કહ્યું, "હે વરાક ! તારો સ્વામી મારા ભયથી કાયરપુરુષની જેમ ભાગી ગયેલો તને શરણ રૂપ કેવી રીતે થશે ? હાલમાં કાલિકાદેવીએ મને કહ્યું કે, "તારો તે શરણદાતા વિંધ્યાચલની અટવીમાં શ્વેતભિક્ષુ (સાધુ)ની પાસે બેઠો છે. તેની આ તલવાર છે. હે રાંકડા ! તેના સ્થાને હાલમાં તારું મસ્તક છેદીશ." આ પ્રમાણે પરસ્પર તે બંનેના વાર્તાલાપને સાંભળીને ભીષણ ભ્રકુટિથી વિકટ ભાલતલવાળો ભીમ ચિંતવે છે, "હા ! આ દુષ્ટાત્મા મારા પ્રાણસમાન મિત્ર બુદ્ધિમદનહરને કેવી રીતે (શું) વિડંબના પમાડશે ?" એમ વિચારી ઉલ્લસિત પુરુષાર્થના બળે કુમાર તેને આહ્વાન કરે છે, "અરે ઓ પાપી ! પાખંડીઓમાં અધમ ! હાલમાં સજ્જ થા, આ તારું માથું જ હું છેદું છું."

તેના વચનને સાંભળી સંભ્રાંત ચિત્તવાળો જોગી તે નરને છોડીને, તલવાર ઉગામીને કુમારની સન્મુખ દોડ્યો. ભીમે પણ દ્વારના કપાટના ઘાતથી તેના હાથમાંથી તલાવર પડાવી, જમણા હાથે તેને ગ્રહણ કરી, ડાબા હાથે કેશથી તેને ગ્રહણ કરીને કાલીદેવીની પાસે પાડી તેના હૃદય ઉપર પગ મૂકી જેટલામાં કાપાલિકના મસ્તકને છેદવા તૈયાર થયો ત્યાં તો કાલીદેવી વચ્ચે ઉભી રહીને કહે છે, "હે વીરશિરોમણિ ! મને પ્રિય એવા આને તું માર નહીં. જે કારણથી આ પુરુષે ૧૦૭ માનવ મસ્તકથી મારી પૂજા કરી છે. આજે ૧૦૮ મા આ મસ્તક વડે પૂજા કરી તે મને સંતોષ પમાડવાનો હતો, અને તેથી હું પણ તેને પ્રગટ થઈ જેટલામાં સિદ્ધ થવાની હતી ત્યાં તો હે વીરાધિવીર ! તું અહીં આવી ચડ્યો. તારા પ્રચંડ સાહસથી હું સંતુષ્ટ થઈ છું તેથી વરદાન માંગ." ત્યારે ભીમે પણ કહ્યું, "હે દેવી ! જો તું મને સમ્યક્ પ્રકારે વરદાન આપવા માંગતી હો તો તું ત્રિકરણ શુદ્ધિથી સર્વ જીવોની હિંસાથી વિરામ પામ. અર્થાત્ સર્વ જીવોને અભય આપ. વળી હે દેવી ! તેં પૂર્વભવમાં કરૂણામય જિનેશ્વર ભગવંતના મતને (અહિંસાધર્મને) સેવ્યો હોત તો તારે આવા કુત્સિત દેવના ભવમાં ન પડવું પડત. તેથી જ તું જીવહિંસા છોડી દે, તારા સેવકો પણ દયાળુ થાઓ, જિનેશ્વરની પૂજા કર, સુશાસનની પ્રભાવના કર, સમ્યક્ત્વને ધારણ કર." ત્યારે આજથી માંડીને સર્વે જીવોની આત્માની જેમ હું રક્ષા કરીશ. એમ કહી કાલિકાદેવી અદશ્ય થઈ ગઈ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે પ્રણામ કરવામાં તત્પર મંત્રીપુત્રને આલિંગન કરી ભીમ તેને પૂછે છે, "હે મિત્ર ! આની દુષ્ટ ચેષ્ટા જાણવા છતાં તું એના પાશમાં કેવી રીતે પડ્યો ? તેણે પણ કહ્યું, "સ્વામિ ! તમે સાંભળો. આજની જ રાત્રીએ પ્રથમ પ્રહરમાં તમારું વાસભવન શૂન્ય જોઈ પ્રિયાએ ચોકીદારને પૂછ્યું કે, "તમારા સ્વામી આજે કયા કારણથી દેખાતા નથી ?" તેણે પણ સસંભ્રમ જવાબ આપ્યો કે, "અમે જાગતા હોવા છતાં કોઈક એનું અપહરણ કરી ગયું." તેથી સર્વે પણ શોધ કરવા લાગ્યા પરંતુ ક્યાંય પણ તારો પત્તો લાગ્યો નહી. તેથી મેં પિતાની પાસે જઈને નિવેદન કર્યું, "હે દેવ ! કોઈક કુમારનું અપહરણ કરી ગયું છે પણ તેની ભાળ મળતી નથી. તે સાંભળી રાજા સર્વ અંતઃપુર સહિત આકુળ-વ્યાકુળ બની પ્રલાપ કવા લાગ્યા. નગરજનો પણ વિલાપ કરવા લાગ્યા. તે સમયે યોગ્ય વ્યક્તિના શરીરમાં સંક્રમીને કુલદેવતાએ કહ્યું, "હે મહારાજ ! તમે અધીરા ન બનો. તમારા પુત્રને પાપી યોગીએ ઉત્તરસાધકના બ્હાનાથી, તેનું મસ્તક ગ્રહણ કરવાની ઈચ્છાથી તેનું અપહરણ કરેલ, પરંતુ પુણ્યના પ્રભાવથી કમલક્ષા જક્ષિણી પોતાના ભવનમાં લઈ ગઈ છે. થોડા દિવસ પછી મહાવિભૂતિથી આવીને તમારા નયનોને આનંદ પમાડશે." એમ કહી દેવી પોતાના સ્થાને ગઈ. હું પણ તે દેવીના વચનની પરીક્ષા માટે ઉપશ્રુતિ ગ્રહણ કરીને (સાંભળેલાને અનુસારે) મારા ઘરથી નીકળ્યો ત્યારે કોઈક પુરુષે કહ્યું, "તારી શીઘ્ર કાર્યસિદ્ધિ થશે." એ પ્રમાણે પ્રશસ્ત ઉપશ્રુતિનું વચન સાંભળીને રંજિત થયેલો હું જેટલામાં મારા ઘરની સામે ચાલ્યો તેટલામાં તો આકાશમાં રહેલો આ યોગી મને ઉપાડીને અહીં લાવ્યો. પુન્યપ્રભાવથી વળી તારો મેળાપ થયો. તેથી આ કાપાલિક મારો પરમ ઉપકારી છે તેથી ધર્મોપદેશના દાન વડે તેના પર ઉપકાર કરું.

ત્યારે યોગી પણ હાથ જોડીને કહે છે, "હે કુમાર ! જો કાલીદેવીએ જીવદયા પરિપાલનરૂપ ધર્મ અંગીકાર કર્યો છે, તો પવિત્ર એવો ધર્મ મેં પણ અંગીકાર કર્યો છે. તેથી તેના પ્રરૂપક એવા જિનેશ્વરદેવનું મને શરણ હો. પરમોપકારી ભીમકુમાર જ મારા સ્વામી થાઓ." એ પ્રમાણે પરસ્પર વાર્તાલાપ ચાલતો હતો તેટલામાં તો સૂર્યોદય થતાં ભયંકર સૂંઢવાળો જક્ષ નામનો હાથી ત્યાં આવીને સૂંઢ વડે મિત્ર સહિત કુમારને ઉપાડીને, પોતાના સ્કંધ ઉપર બેસાડીને, કાલીભવનથી આકાશ માર્ગે ઉપાડીને, એક શૂન્ય નગરના દ્વારે મૂકીને પોતે ક્યાંક ચાલ્યો ગયો.

પછી ભીમ મિત્રને ત્યાં જ મૂકીને પોતે શૂન્યનગરની મધ્યમાં જતાં 'મને મારો નહી' એ પ્રમાણે વિરસ શબ્દો બોલતા, અત્યંત સુંદર એક પુરુષને મુખ રૂપી ગુફામાં ધરતા નરસિંહના રૂપવાળા જીવને જોઈને કુતુહલ ઉત્પન્ન થયેલો, કરૂણારસથી ભરેલો ભીમ તેને કહે છે, "આ પુરુષને તું મૂકી દે. તમારા જેવા ઉત્તમ પુરુષોને આવું અકાર્ય કરવું યોગ્ય નથી." ત્યારે તેણે કાંઈક આંખો ખોલી કુમારને જોઈને જાણે કોપ દૂર થયો હોય તેમ મુખથી તે નરને ગ્રહણ કરીને કુમારના પગમાં સ્થાપન કરી કહેવા લાગ્યો, "હે ભદ્ર ! સાત દિવસથી ભૂખ્યા એવા મને આ ભક્ષ્ય મળ્યો છે તો તેને કેવી રીતે છોડું ?" ત્યારે કુમારે પણ કહ્યું, "હે ભાવિભદ્ર ! કરેલી વિકૃત કાયા ઉપરથી તું દેવ જેવો જણાય છે, વળી દેવો ઓજાહારી હોય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કવલાહારી હોતા નથી. વળી કહ્યું છે કે, "ઓજાહાર અને મનથી ભક્ષણ કરનારા સર્વે દેવો હોય છે. બાકીના સર્વે જીવો લોમાહારી જાણવા." તેથી મરણથી ભયભીત બનેલા આ રાંકડાને સર્વ દાનમાં પ્રધાન એવું અભયદાન આપ. જે કારણથી, "જે સમુદ્રના બિંદુની ગણત્રી કરી શકે, જે આકાશમાં રહેલા નક્ષત્રની ગણત્રી કરી શકે, તે અભયદાનના પુણ્યને વર્ણવવા શક્તિમાન નથી." વળી જીવવધના પાપથી જીવ ભયંકર એવી દુર્ગતિના દુઃખોને ઘણી વાર અનુભવે છે. અને કહ્યું છે, "જીવોનો વધ દુઃખના ફળવાળો, દુઃખાનુબંધી, અત્યંત ભયંકર છે. નરકાદિ તીક્ષ્ણ દુઃખોનું પ્રથમ કારણ આ જીવહિંસા છે. "અતિ તપ્ત સીસાના રસવાળી અને માંસથી કુત્સિત એવી વૈતરણી નદીના વિરસ પાણીને જીવો પીએ છે તેવી નરકને, પ્રાણીઘાતના ફલથી જીવો પ્રાપ્ત કરે છે." "કરવતથી છેદન, શસ્ત્ર વડે ઘાત, નરકમાં કુંભીમાં પડવું, અસિપત્ર વડે છેદન, આદિ જીવઘાતના મુળ કારણો છે." "જીવવધના ફલથી ખાંસી, શ્વાસ, શરદી, તૃષાદિથી શોષાયેલા મનુષ્યો પણ અલ્પ આયુવાળા, વિયોગવાળા દેખાય છે." "જેવી પીડા પોતાના દેહને હણવાથી કે ભાર લાદવાથી થાય છે તેવી જ પીડા બીજા જીવને પણ થાય છે તેથી જીવોનો વધ ન કરવો જોઈએ."

ત્યારે કરૂણારસથી પૂરાયેલા અંગવાળો તે પણ ભીમને કહે છે, "તારું વચન સત્ય જ છે. પરંતુ આ દુષ્ટાત્માએ પૂર્વે મને ખૂબ કદર્થના કરી છે તેથી તેને હજાર વાર પછાડી ચૂર્ણ કરીશ. આવો મારો ક્રોધ મારા હૃદયમાંથી ઓસરતો નથી. તેથી ઘણી કદર્થનાપૂર્વક હું તેને મારીશ." ત્યારે ભીમે કહ્યું, "અપકારી ઉપર પણ ઉપકાર કરવો જોઈએ એમ જાણતા એવા તારે એને છોડી દેવો જોઈએ. વળી કહ્યું છે કે, "ઉપકારી અને મત્સર રહિત જીવ ઉપર દયા કરવી તેમાં શું અતિરેક છે ? પણ અપકારી તથા સેંકડો અપરાધ કરનાર ઉપર પણ જેનું મન દયાવાળું છે = દયા કરે છે તે જ સજ્જનોમાં અગ્રેસર છે.

આ પ્રમાણે હિતશિક્ષા આપવા છતાં, તે પુરુષને મારવા માટે પાછળ મુકીને, ભીમકુમારને પણ ગળવા માટે કૂવા સરખા આકારવાળા મુખને પહોળું કરી જેટલામાં દોડ્યો, તેટલામાં તો કુમારે તેના બે પગ પકડીને મસ્તક ઉપર ચક્રની જેમ ભમાડતો, સૂક્ષ્મ શરીરવાળો થઈને, નીસરીને, અદશ્ય થઈને, તેના પરાક્રમથી ખુશ થયેલો તે ત્યાં જ રહ્યો.

પછી ફરીથી જીવનને પામેલા તે માણસ સાથે, તેનો હાથ પકડી રાજપુત્ર નગરના ઘરોની શોભાને જોતો કૌતુકથી રાજભવનમાં પ્રવેશ કરે છે. ત્યાં તે સાતભૂમિવાળા પ્રાસાદના શિખરે પહોંચ્યો. ત્યાં 'સ્વાગતમ્' શબ્દોથી આદર કરતી પુતળીએ આપેલ આસન ઉપર તે પુરુષની સાથે જેટલામાં બેઠો, ત્યાં તો આકાશમાર્ગે સ્નાન-ભોજન આદિની સામગ્રી આગળ ઉતરતી જુએ છે. તે પુતળીએ સ્નાન કરવા વિનંતિ કરી ત્યારે કુમારે કહ્યું, "મારો મિત્ર નગરના દ્વારદેશે રહેલો છે. તેના વિના કાંઈ પણ કરવા યોગ્ય કાર્ય હું કરું નહી." ત્યારે તેણે પણ તત્ક્ષણે તેના મિત્રને લાવી આપ્યો. પછી મિત્રની સાથે કુમારને સ્નાન કરાવ્યું, મધુર આહાર વડે ભોજન કરાવ્યું. આ બધું જોઈ ભીમ તો આશ્ચર્ય પામી રેશમી વસ્ત્રથી આચ્છાદિત સુંદર પલંગ ઉપર જેટલામાં બેઠો ત્યાં તો તેની આગળ હાથ જોડી એક દેવ વિનવે છે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે કુમાર ! તારા પરાક્રમથી હું ખુશ થયો છું તો વરદાન માંગ." ત્યારે ભીમે પણ તેને કહ્યું, "જો તું મારા પર સંતુષ્ટ થયો છે તો કહે તું કોણ છે ? અને ક્યાંથી આવ્યો ? કયા કારણથી આ નગર શૂન્ય થયું છે ?"

ત્યારે દેવે કહ્યું, "હે કુમાર ! એનું સ્વરૂપ તું સાંભળ... તે આ પ્રમાણે :- **કનકપુર** નામનું આ નગર છે. આ જે તારા વડે મરતા પુરુષને રક્ષણ કરાયો છે તે **કનકરથ** આ નગરનો રાજા છે. તેનો હું ચંડ નામનો પુરોહિત છું. સ્વભાવથી જ હું કઠોર ભાષી, અકારણ રોષી, તેથી સર્વે નગર લોકો મારા ઉપર શત્રુતા રાખે છે, કોઈ મને મિત્ર તરીકે ગણતું નથી. અને આ રાજા પણ કાચા કાનનો, વિચાર્યા વગર કાર્ય કરનારો છે. એક વાર મારા કોઈક વૈરીએ તેના કાન ભંભેર્યા કે, "તમારો પુરોહિત ડુંબજાતિની સ્ત્રી સાથે ભોગ ભોગવે છે." તે પણ તેના વચનને સાંભળી તૂર્ત જ યોગ્ય અયોગ્ય વિચાર્યા વગર દિવ્યશુદ્ધિની માંગણી કરવા છતાં પણ જલ્દીથી દોરડાથી વીંટી, શરીર ઉપર તેલ છંટાવી, ખૂબ રડતા એવા મને બાળી નાંખ્યો. ત્યાર પછી તેને મારવાને માટે નિયાણુ કરેલો એવો હું સર્વગિલ નામનો રાક્ષસ થયો. ત્યારે પૂર્વ વૈરને સંભારીને મેં સકલ નગરજનોને અદૃશ્ય કરીને ભયંકર રાક્ષસનું (નરસિંહનું) રૂપ કરીને જેટલામાં આને વિડંબના કરવા માટે તૈયાર થયો તેટલામાં તો કરૂણારસથી ભરેલા તે પોતાના ઉત્કૃષ્ટ પરાક્રમને પ્રકાશ કરતા તે આ પુરુષને છોડાવ્યો. તારા આ ગુણથી વિસ્મય પામેલા મેં અદૃશ્ય રીતે દિવ્યશક્તિથી પરમભક્તિ દ્વારા સ્નાન-ભોજનાદિ કરાવી આ ઉપકાર કર્યો, આ નગર લોકોને પ્રગટ કર્યા. તો હે કુમાર ! નગરની ચારે બાજુ દૃષ્ટિ કરી નગરને કૃતાર્થ કર. તે સાંભળી કુમાર ચારે બાજુથી નગરને જોવા લાગ્યો.

તે સમયે આકાશમાર્ગે ઉતરતા નગરના ગોપુરદ્વારે દેવોએ રચેલા સુવર્ણકમલ ઉપર બેઠેલા ચારણશ્રમણને કુમારે જોયા. તેમને વંદન કરવા માટે ભીમ મિત્ર, સર્વગિલ, કનકરથ તથા નગર લોકો સાથે ગયો. મુનિવરને નમન કરી યોગ્યસ્થાને બેસીને આ પ્રમાણે ધર્મદેશના સાંભળે છે :- "ક્રોધ સંતાપને કરનારો છે, ક્રોધ સર્વને ઉદ્વેગ કરાવનારો છે, વૈરની પરંપરા વધારનારો છે અને આ ક્રોધ સદ્ગતિને હણનારો છે. તેથી હે ભવ્યો ! જો તમે શિવપુર નગર જવા ઈચ્છતા હો તો અનર્થના મૂળ એવા ક્રોધનો ત્યાગ કરો, ઉપશમથી રમ્ય એવા જિનધર્મમાં પ્રયત્ન કરો." આ પ્રમાણે સાંભળી **'સર્વગિલ'** મુનિને પ્રણામ કરી કહે છે, "હે ભગવન્ ! આજથી હું કનકરથ રાજા ઉપરનો ક્રોધ ત્યજું છું. આ ભીમકુમાર જ મારે ગુરુની જેમ આરાધવા યોગ્ય છે કે જેણે આવા પ્રકારના અકાર્યથી મને વાર્યો છે.

તે સમયે મેઘગર્જના કરતો એક ગજવર આવ્યો. જાણે સાક્ષાત્ રૌદ્રરસની જેમ તેને જોઈને સભામાં ખળભળાટ ઉત્પન્ન થયો. ત્યારે ભીમે તેને પડકાર કરી શાંત કર્યો. તે હાથી પણ હાથ જોડી, ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક પરિવાર સહિત મુનિરાજને પ્રણામ કરે છે. ત્યારે મુનિ ભગવંત તેના (હાથીના) વૃત્તાંતને કહે છે :- હાથીના રૂપને ધારણ કરવાવાળો આ મહાજક્ષ કાલિકાભવનથી ભીમને, પોતાના પૌત્ર કનકરથની રક્ષાને માટે અહીં લાવીને હવે પોતાના નગરને નિહાળવા (ભીમને) ઉત્સાહિત કરે છે." આ પ્રમાણે મુનિવચનને સાંભળી, હાથીનું રૂપ છોડીને દિવ્ય શરીરધારી ચલાયમાન કુંડલના આભરણવાળો જક્ષ થયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(રૂપ પ્રગટ કર્યું) અને કહે છે, "હે ભગવન્ ! જેમ આપે કહ્યું તે તેમ જ છે પરંતુ હવે મારી આ વિનંતિ સાંભળો :- પૂર્વભવમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા છતાં પણ કુલિંગિના સંસર્ગથી સમકિત દૂષિત થતાં હું અલ્પ ઋદ્ધિવાળા વ્યંતરમાં જક્ષ થયો. તો મારા પર કૃપા કરી સિદ્ધિ રૂપી લક્ષ્મીને વશ કરવા સુવિશુદ્ધ સમ્યગ્દર્શનનું આરોપણ કરો." ત્યારે કનકરથ-રાક્ષસાદિએ પણ વિનંતિ કરી, "હે ભગવન્ ! અમને પણ આ જ સમ્યક્ત્વની પ્રાપ્તિ હો" ત્યારે ગુરુ પાસે સર્વેએ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો. ભીમ પણ કુલિંગિ સંસ્તવ (પાખંડી પ્રશંસા) થી ઉત્પન્ન અતિચારને સમ્યગ્ પ્રકારે આલોચના કરીને, મુનિને વંદન કરીને, તે પરિવારથી પરિવરેલો કનકરથ રાજાના મહેલે આવ્યો. ત્યારે સામંતાદિથી યુક્ત કનકરથ રાજા રાજપુત્રને વિનવે છે કે, "હે કુમાર ! રાજ્ય, જીવિત, ઋદ્ધિ-સિદ્ધિ અને સમ્યગ્દર્શન રૂપી સંપત્તિ જે મને પ્રાપ્ત થઈ તે સમગ્ર પણ તારી કૃપા રૂપી વૃક્ષના અંકુરા (સમાન) છે. તેથી આ સેવકને કોઈ પણ કાર્યમાં જોડી, (તેના ઉપર) અનુગ્રહ કરવા યોગ્ય છે." ત્યારે કુમારે પણ તેને કહ્યું, "સર્વે જીવો પોતપોતાના કર્માનુસાર સુખ-દુઃખને અનુભવે છે. કેવળ અન્ય જીવ તો નિમિત્તમાત્ર જ હોય છે. પરંતુ તારે આ કાર્ય હંમેશા જ કરવા યોગ્ય છે :- "સાધર્મિક વાત્સલ્ય, જિનેશ્વર ભગવંત તથા સુસાધુની હંમેશા સેવા, પરહિતકરણ અને સમ્યક્ત્વના પાલનમાં પ્રયત્ન કરવો." ત્યારે અંજલિ જોડી પરિવાર સહિત રાજા વિનવે છે, "હે કુમાર ! જો તમે અહીં કેટલાક દિવસ રહો તો હું જિનધર્મ ક્રિયામાં કુશલ થાઉં." તે સાંભળીને જેટલામાં ભીમ પ્રત્યુત્તર આપવા જાય છે તેટલામાં તો ડમ-ડમ-ડમ ડમરૂના રૌદ્ર શબ્દ સાથે, કાપાલિક યુક્ત, ઉલ્લસિત વીશ હાથવાળી, કાલિકા દેવી ત્યાં આવીને, કુમારને નમન કરીને, તેણે આપેલા આસન ઉપર બેસીને આ પ્રમાણે કહેવા લાગી, "જ્યારે હાથીએ તારું અપહરણ કર્યું તે વાત હું જાણતી હતી છતાં તેનું પરિણામ સુંદર-સુખકારી જાણી તારી પાસે હું આવી નહિ. પણ હાલમાં હું કાર્યવિશેષથી તારા નગરે ગઈ હતી ત્યાં તારા વિરહરૂપી સાગરમાં મગ્ન થયેલા નગરજનોની સાથે માતાપિતાને તારા ચરિત્ર કથનરૂપી હસ્તાવલંબન દાન વડે મેં ઉદ્ધાર કર્યો છે. અને વળી હમણાં કર્યો છે જય જેણે, અને કર્યો છે ઉપકાર જેણે, એવા મિત્ર સહિત તારો પુત્ર કનકપુરમાં રહે છે, બે દિવસની અંદર અવશ્ય તારી પાસે લાવીશ. એમ પ્રતિજ્ઞા કરીને તારી પાસે આવી છું." કુમાર પણ તેના વચનને સાંભળીને જેટલામાં પ્રસ્થાન કરવા ઉત્સાહિત થયો તેટલામાં તો આકાશમાં ભેરી-ભંભાદી વાજિંત્રના શબ્દો ઉછળ્યા, પછી વિમાનની શ્રેણીની મધ્યમાં રહેલા મહાવિમાનમાં કમલમુખી, દેદીપ્યમાન શરીરવાળી એક દેવી જોઈ. "અહો ! આ શું" એ પ્રમાણે બોલતો રાક્ષસ શસ્ત્ર ગ્રહણ કરી ઉઠ્યો, જક્ષ પણ હાથમાં મુદ્ગર ઉછાળતો સજ્જ થયો. કાપાલિક સહિત કાલિકા દેવી પણ તીક્ષ્ણ છરી આદિ હથિયાર ધારણ કરી સાવધાન બની, કુમાર પણ અસંભ્રાંત ચિત્તવાળો જ્યાં રહ્યો છે તેટલામાં તો જય જય ! લાંબો કાળ સુધી આનંદ પામ ! હે હરિવાહન નૃપનંદન ! એમ જયજયારવ કરતાં દેવોએ કમલક્ષા જક્ષિણીનું આગમન જણાવ્યું. તે દેવી પણ વિમાનથી ઉતરીને, કુમારને નમસ્કાર કરી, તેણે આપેલા આસન ઉપર બેસીને આ પ્રમાણે બોલી, "હે સાધર્મિક ! મને સમ્યક્ત્વ આપીને ત્યારે તમે વિંધ્યાચલની ગુફામાં સૂરિ પાસે રહ્યા. ત્યાર પછી પ્રભાત થતાં પરિવાર સહિત હું મુણિંદ પાસે ગઈ, પણ ત્યાં તમને જોયા નહીં. તેથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવધિજ્ઞાનથી અહીં તમને સ્નાન-ભોજનાદિ કરતાં જોયા. ત્યાર પછી બીજું કોઈ કામ ઉપસ્થિત થતાં સ્ખલના પામી. વળી અત્યારે પુણ્યયોગે તમારા મુખકમલના દર્શન થયા.

ત્યાર પછી જક્ષે મોટું વિમાન રચીને કુમારને કહ્યું, "હે સ્વામી ! આ વિમાનમાં આરૂઢ થાઓ જેથી કમલપુરે જઈએ." તેથી ભીમ ઉઠીને, વિનયમાં તત્પર કનકરથ રાજાને તે જ નગરે સ્થાપન કરીને મંત્રીપુત્ર સાથે વિમાનમાં બેઠો. તેની આગળ હર્ષના ઉત્કર્ષથી નાચતા દેવો-દેવાંગનાઓ (ક્યારેક) ઘોડાની જેમ હેંસારવ કરતા તો (ક્યારેક) હાથીની જેમ ગર્જારવ કરતા તથા ભેરી-ભંભા પ્રમુખ પંચ શબ્દના નાદ વડે આકાશને શબ્દમય કરતાં પલકમાત્રમાં કમલાપુરની નજીકના ગામે આવી પહોંચ્યા. ત્યાં જિનભવનમાં જક્ષાદિ વડે આપેલી સમર્થ, સુંદર અવાજવાળા તાલ, કંસાલ, મૃદંગ, ઝલ્લરી, ભેરી, ઢક્કા, બુક્ક, ત્રંબક, પ્રમુખ વાજિંત્રના નાદપૂર્વક કુમાર પૂજા કરવા માટે પેઠો. ત્યાં તે સમયે તેનો એવો નાદ ઉત્પન્ન થયો કે રાજસભામાં બેઠેલા રાજાએ કર્ણ વડે તે સાંભળ્યો. તેથી રાજા મંત્રીગણને પૂછે છે "શું આજે કોઈ મુનિને જ્ઞાન ઉત્પન્ન થયું છે ? અથવા નગરમાં કોઈ મહોત્સવ ચાલે છે કે જેનો આ પાંચ પ્રકારનો નાદ સંભળાય છે ?" આમ રાજા બોલતા હતા ત્યાં જ નજીકના ગામનો સ્વામી આવીને, રાજાને નમન કરી કહે છે, "હે દેવ ! દેવ-દેવીના સમૂહથી યુક્ત તમારો પુત્ર અમારા ગામમાં જિનભવનમાં મિત્ર સહિત પૂજા કરી રહ્યો છે." તે જાણીને રાજા તેને સર્વ અંગના આભૂષણો આપીને પ્રતીહારને કહે છે, "સામંતાદિને આદેશ કરો કે સમગ્ર સામગ્રી સાથે કુમારની સામે જવાનું છે. ત્યાર પછી હટ્ટશોભાદિ કરાવીને પ્રભાત સમયે પરિવાર સહિત રાજા તેની સન્મુખ જઈને શક્રની જેમ આવતા, વિમાનમાં બેઠેલા પુત્રને જુએ છે. તે પણ વિમાનમાંથી ઉતરીને માતા-પિતાના ચરણકમલને નમસ્કાર કરે છે. પિતાએ પણ આનંદપૂર્વક આલિંગન કરીને મંત્રી-પુત્ર યુક્ત કુમારને હાથીના સ્કંધ ઉપર આરૂઢ કરી મહોત્સવ પૂર્વક રાજમહેલમાં લાવ્યા. ભોજનાદિ પછી પિતાએ ભીમને વૃત્તાંત પૂછ્યો. ત્યારે મંત્રીપુત્રે સર્વ વાત કહી.

આ બાજુ ઉદ્યાનપાલકે રાજાને અરવિંદ મુણિંદનું આગમન જણાવ્યું. તેમના વંદનને માટે ભીમ આદિ પરિવારથી પરિવરેલો રાજા પણ પોતાના ઉદ્યાનમાં ગયો. ત્યાં મુનિવરને વંદન કરી રાજા ઉચિત સ્થાને બેઠો. મુનિ ભગવંતે પણ ધર્મદેશના દ્વારા અનુગ્રહ કર્યો. ત્યારે સંસારથી ઉદ્વિગ્ન ચિત્તવાળા રાજાએ ભીમને રાજ્ય ઉપર સ્થાપન કરી, મહાઋષિ પાસે દીક્ષા ગ્રહણ કરીને, શુભધ્યાન રૂપી અગ્નિ વડે કર્મ રૂપી ઈંધનને બાળીને, કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા, ભીમ રાજાએ પણ લાંબા કાળ સુધી જિનશાસનની પ્રભાવના કરી, વૈરાગ્ય પામી, પુત્રને રાજ્ય ભાર આપી, દીક્ષા ગ્રહણ કરી, આઠ કર્મોનો નાશ કરી, શિવસુંદરીનું આલિંગન કર્યું = શિવ વર્યા.

આ પ્રમાણે ભીમનું ચરિત્ર સાંભળીને હંમેશા પાખંડીનો સંગ છોડો. જેથી વિશુદ્ધ સમ્યક્ત્વથી વિભૂષિત અંગવાળા તમે સિદ્ધિરૂપી લક્ષ્મીને વરો.

**આમ મિથ્યાદૃષ્ટિ પ્રશંસામાં ભીમકુમારની કથા સંપૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મિથ્યાદષ્ટિ પરિચય રૂપ પાંચમા દોષને ગાથાના ચોથા પાદ વડે કહે છે :-

**परिचयकरणं तु संथवणं ॥ ३० ॥**

**અર્થ :- મિથ્યાદષ્ટિનો પરિચય કરવો તે સંસ્તવ નામે દોષ છે.**

**ટીકાર્થ :-** તે મિથ્યાદષ્ટિઓની સાથે એક જ જગ્યાએ (એક સાથે) રહેવાથી પરસ્પર બોલવા (આલાપ-સંલાપ) આદિથી તેનો પરિચય કરવો તે સંસ્તવ દોષ છે. ખરેખર ! તેમની સાથે રહેવાથી તેમની ક્રિયાઓ સાંભળવાથી, જોવાથી દઢ સમ્યક્ત્વીને પણ દર્શનભેદ (નાશ)ની સંભાવના છે તો પછી મંદબુદ્ધિવાળાની, નવીનધર્મ પામેલાની તો શી વાત કરવી ? આથી તેનું સંસ્તવ પણ સમ્યક્ત્વનું દૂષણ છે એ પ્રમાણે ગાથાર્થ છે. ભાવાર્થ તો સુરાષ્ટ્રવાસિ શ્રાવકના દષ્ટાંતથી જાણવા યોગ્ય છે.

અને તે આ પ્રમાણે :- સર્વ રાષ્ટ્રના અલંકારભૂત શ્રી સૌરાષ્ટ્ર દેશમાં સમ્યગ્જ્ઞાનાદિ તત્ત્વને જાણનારો કોઈક સુશ્રાવક રહેતો હતો. એકવાર ભાગ્યયોગે ત્યાં દુષ્પ્રાપ્ય ભિક્ષાવાળો દુષ્કાળ થતાં તે બૌદ્ધ સાધુઓની સાથે અવંતિ દેશ તરફ ચાલ્યો. તે બૌદ્ધ સાધુઓએ એક વાર તેને કહ્યું, "જો તું રસ્તામાં અમારી ઉપધિ ઉપાડી લે તો અમે તને ભોજનાદિ આપીશું." ભૂખ્યા એવા તેણે તેમનું વચન અંગીકાર કરીને, તેઓના વાસણોને ઉપાડીને રસ્તામાં ચાલતો અને ખાતો એવો તે તેઓના ભાવથી અત્યંત ભાવિત આત્માવાળો થયો. બૌદ્ધશાસનમાં અતિ પ્રીતિને ધારણ કરતાં માર્ગમાં જતાં એવા તેને શરીરમાં અસાધ્ય રોગ ઉત્પન્ન થયો. સાર્થની સાથે જવાને માટે અસમર્થ તે માર્ગમાં જ રહ્યો. બૌદ્ધ સાધુઓ પણ ગેરૂ જેવા લાલ રંગથી રંગેલા વસ્ત્રથી તેને ઢાંકીને જતા રહ્યા. દૂષિત સમ્યક્ત્વવાળો તે પણ રોગથી મૃત્યુ પામ્યો અને યક્ષ થઈને અવ્યક્ત ચેતનવાળા તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો કે "મેં પૂર્વભવમાં એવું ક્યું અદ્ભૂત સુકૃત કર્યું કે જેથી સંપદાથી ઉજ્જ્વલ આવા પ્રકારની યક્ષપદવી મને પ્રાપ્ત થઈ ? ત્યારે લાલ વસ્ત્રથી ઢાંકેલા પોતાના કલેવરનેમાર્ગમાં જોઈને બહિર્દષ્ટિ એવો તે હૃદયને વિષે આ પ્રમાણે વિચારવા લાગ્યો, "બૌદ્ધ સાધુઓની કૃપાથી આ દેવની લક્ષ્મી મને પ્રાપ્ત થઈ છે તેથી હું પણ તેમનો પ્રભાવ શાસનમાં વિસ્તારું." એમ વિચારી વડવાસી તે યક્ષ જ્યાં બૌદ્ધ સાધુઓ મઠમાં વાપરે છે ત્યાં કંકણ, બાજુબંધ, વીંટી વિગેરેથી શોભતા હાથને પ્રગટ કરીને બૌદ્ધ સાધુઓને લાડુ વિગેરે આપતા એવા તેણે સમસ્ત લોકને બૌદ્ધ શાસનમાં આદરવાળો કર્યો. તે પ્રભાવના મદથી ઉન્માદ અને ઉલ્લંઠ બનેલા, શઠ ચિત્તવાળા બૌદ્ધો અનિંદનીય (પ્રશંસનીય) એવા જૈનશાસનની નિંદા કરવા લાગ્યા. અરે લોકો ! અન્ય દર્શન વડે શું ? બૌદ્ધ શાસનને સેવો કે જ્યાં દેવો પણ સદા સેવા કરવા તત્પર છે.

એક વાર વિદ્યાસિદ્ધ, મહાતેજસ્વી કેટલાક આચાર્યો પૃથ્વી ઉપર વિચરતા - વિચરતા ઉજ્જૈની નગરીમાં આવ્યા. શ્રાવકોએ બૌદ્ધોનો સર્વ વૃત્તાંત જણાવ્યો ત્યારે જ્ઞાની આચાર્યોએ બે ગીતાર્થ મહામુનિને આ પ્રમાણે શિખવાડીને - શિક્ષા આપીને ત્યાં મોકલ્યા. "જ્યારે ભાગ્યયોગે બૌદ્ધોના મઠમાં હાથ બહાર નીકળે ત્યારે તેને પકડીને તમારે બંનેએ મોટે સાદે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ કહેવું કે, "અહો ! તું બોધ પામ, બોધ પામ. હે યક્ષોત્તમ ! તું મોહ પામ નહીં. મોક્ષમાર્ગના પાથેયભૂત પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કર."

મઠમાં બે મુનિઓ આવ્યા. મદોન્મત્ત બૌદ્ધોએ તેમને આમંત્રણ આપ્યું. તેથી અંદર પ્રવેશેલા તેમણે બહાર નીકળતા હાથને જોયો. તે હાથને પકડીને તે બંનેએ ગુરુએ કહેલો સંદેશો પ્રગટપણે કહ્યો તે સાંભળવાથી તે જ ક્ષણે યક્ષ પ્રતિબોધ પામ્યો અને વિચારવા લાગ્યો, "હા ! મને ધિક્કાર છે કે જૈનશાસનને જાણનારા એવા મને મિથ્યાદષ્ટિના સંસર્ગથી કેમ મોહ ઉત્પન્ન થયો ! ત્યાર પછી યક્ષે પ્રત્યક્ષ થઈને બૌદ્ધોને, તેના ઉપાસકોને તથા અન્ય જીવોને પણ મોટેથી કહ્યું, "અરે ! મારું વચન સાંભળો. અન્ય સર્વ દર્શનીઓ મિથ્યારૂપ કહેલા છે, તથ્ય તો એક માત્ર જિનેશ્વરશાસન જ છે. તેથી હે ભવ્ય જીવો ! મિથ્યાદષ્ટિઓને છોડીને જિનશાસનનો આશ્રય કરો. જેથી સ્વર્ગ-અપવર્ગની લક્ષ્મી હસ્તગત થાય." આ પ્રમાણે કહીને ત્યાં જઈને, સૂરિને નમીને, અતિચારથી ઉત્પન્ન થયેલા પાપને આલોચીને, જૈનમાર્ગ પ્રકાશિત કરી પોતાના સ્થાને ગયો. તેના વચનરૂપી મકરંદનું, ભ્રમરની જેમ પાન કરી કેટલાક શ્રી જિનમત રૂપ ઉદ્યાનમાં જિનેશ્વરના ગુણોની શ્રેણીને ગાવા લાગ્યા.

હે ભવ્યો ! સૌરાષ્ટ્રના વણિકનું ચારિત્ર સાંભળીને કુલિંગિના સંગને જલ્દીથી ત્યજો. જેથી નિશ્ચે દર્શનશુદ્ધિને પામી સ્વર્ગાદિ સુખથી યુક્ત બનો.

**આમ મિથ્યાદષ્ટિ-પરિચયને વિષે સૌરાષ્ટ્રના શ્રાવકની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે રુદ્રપલ્લીય ગચ્છરૂપી આકાશને વિષે સૂર્ય સમાન શ્રી ગુણશેખરસૂરિ પટ્ટાલંકાર શ્રી સંઘતિલકસૂરિ વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિને વિષે શંકાદિ **પાંચ દૂષણ પરિહારદ્વારનો પાંચમો અધિકાર** પૂરો થયો.

# પ્રભાવક સંબંધી છટ્ઠો અધિકાર

**પ્રભાવક આઠ પ્રકારના :**

**सम्मदंसणजुत्तो, सइ सामत्थे पभावगो होइ ।**
**सो पुण इत्थ विसिट्ठो, निद्दिट्ठो अट्ठहा सुत्ते ॥ ३१ ॥**

**અર્થ :- સમ્યગ્દર્શનથી યુક્ત મુનિ, સામર્થ્ય હોતે છતે પ્રભાવક થાય છે. વળી તે અહીં સૂત્રમાં જ્ઞાનાદિ ગુણોથી વિશિષ્ટ આઠ પ્રકારના કહેલા છે.**

**ટીકાર્થ :-** 'सम्यग्दर्शनयुक्तः' = અતિચારથી રહિત, સમ્યક્ત્વથી સહિત. 'सामर्थ्ये विद्यमाने' = તેવા તેવા પ્રકારની વિશિષ્ટ લબ્ધિનું બળ હોતે છતે, 'प्रभावकः' = શ્રી જિનશાસનની પ્રભાવના કરવામાં પ્રવીણ બુદ્ધિવાળા 'भवति' = થાય છે. તે વળી અહીં સૂત્રમાં = જિનપ્રણીત સિદ્ધાંતમાં 'विशिष्टः' = ઉલ્લસિત જ્ઞાનાદિ ગુણોથી પ્રકૃષ્ટ 'अष्टधा' = આઠ પ્રકારે 'निर्दिष्टः' = કહેલા છે. એ પ્રમાણે ગાથાર્થ છે. તે જ આઠ ભેદોને સ્પષ્ટ કરતાં હવે કહે છે :-

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રથમ પ્રાવચનિક પ્રભાવક :-**

**पावयणी धम्मकही वाई नेमित्तिओ तवस्सी य ।**
**विज्जा सिद्धो य कवी, अट्ठेव पभावगा भणिया ॥ ३२ ॥**

**અર્થ :- પ્રવચન પ્રભાવક, ધર્મકથક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાપ્રભાવક, સિદ્ધપ્રભાવક, કવિપ્રભાવક એમ આઠ પ્રકારે પ્રભાવક કહેલા છે.**

**ટીકાર્થ :-** પ્રાવચનિક પહેલો, ધર્મકથિક બીજો, વાદી ત્રીજો, નૈમિત્તિક ચોથો, તપસ્વી પાંચમો, વિદ્યાવાન્ છઠ્ઠો, સિદ્ધ સાતમો અને કવિ આઠમો એમ આઠ પ્રકારે પ્રભાવક જાણવા. પ્રભાવકના સ્વરૂપને હવે ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે.

**कालोचियसुत्तधरो, पावयणी तित्थवाहगो सूरी ।**

**ગાથાર્થ :- કાલોચિત સૂત્રના ધારક, તીર્થને વહન કરનાર આચાર્ય ભગવંત પ્રવચન પ્રભાવક છે.**

**ટીકાર્થ :-** 'कालोचियत्ति' = काले = સુષમ-દુષમાદિક સમયને વિષે 'उचितं' = યોગ્ય. 'सूत्रं' = સિદ્ધાન્તને. શ્રી પુંડરિક, શ્રી ગૌતમાદિ ગણધરની જેમ ધારણ કરે છે = જાણે છે તે કાલોચિતસૂત્રધાર કહેવાય. 'पावयणीत्ति' = પ્રવચનં = ગણિપિટક રૂપ દ્વાદશાંગી જેની પાસે છે તે પ્રવચનીયુગપ્રધાન આગમ કહેવાય. તેથી મુક્તિમાર્ગના અભિલાષી જીવોએ પ્રવચનમાં કહેલ ધર્મમાર્ગની આરાધનામાં પ્રયત્ન કરવો જોઈએ. વળી આગમમાં કહ્યું છે કે, "જેથી છદ્મસ્થ જીવોને આગમને મૂકીને મુક્તિમાર્ગમાં બીજું કોઈ પ્રમાણ નથી, તેથી તેને વિષે જ પ્રયત્ન કરવો જોઈએ. 'तित्थत्ति' = ચતુર્વિધ સંઘ રૂપી તીર્થ, તેના 'वाहकः' = તેને શુભ માર્ગમાં પ્રવર્તાવનાર. 'सूरिः' = આચાર્ય હોય છે. એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ થયો.

**બીજા ધર્મકથિક પ્રભાવકનું સ્વરૂપ ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે :-**

**पडिबोहियभव्वजणो धम्मकही कहणलद्धिल्लो ॥ ३३ ॥**

**ગાથાર્થ :- કથા લબ્ધિવાળા, ભવ્ય જીવોના પ્રતિબોધક ધર્મકથીક નામના (બીજા) પ્રભાવક જાણવા.**

**ટીકાર્થ :-** 'पडिबोहिय' = પ્રતિબોધ કરાયેલા = જેમણે મિથ્યાત્વ રૂપી ગાઢ નિદ્રામાં પોઢેલા ભવ્ય જીવોને = મોક્ષમાં જનારા જીવોને, સમ્યગ્જ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશ વડે જાગૃત કર્યા છે તે પ્રતિબોધિત ભવ્યજન કહેવાય. ખરેખર, જો ભવ્યજીવો મુક્તિગામી છે તો તેઓ સરખા સમયે જ = એક જ સમયમાં - એક સાથે બધા જ સાથે મોક્ષે કેમ જતા નથી ? આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે તમારી વાત સાચી છે, પણ સામગ્રીના અભાવથી તેઓ એક સમયે મુક્તિ પામતા નથી. વળી કહ્યું છે કે, "વ્યવહારરાશીમાં પ્રવેશેલા અનંતા ભવ્ય જીવો પણ સામગ્રીના અભાવથી મુક્તિસુખને પામતા નથી." અભવ્ય જીવોને તો મુક્તિની વાત પણ દૂર છે તેથી જ ભવ્ય શબ્દનું ઉપાદાન કરેલ છે.

'धम्मकहि' = ધર્મકથા જેની છે તે ધર્મકથીક. 'कहणलद्धिलुत्ति' = કહેવામાં લબ્ધિ જેને છે તે કથનલબ્ધિક કહેવાય. વળી કેટલાક ઘટ-પ્રદીપની જેમ પોતે બોધ પામેલો હોવા છતાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાને બોધ પમાડવા માટે સમર્થ હોતા નથી તેથી તેઓ પ્રવચન કહેવા માટે યોગ્ય નથી. વળી જે ક્ષીરાશ્રવમધ્વાશ્રવાદિલબ્ધિ સંપન્ન સૂરિ હેતુ-યુક્તિ-દૃષ્ટાંત વડે બીજા જીવોને પ્રતિબોધ પમાડે છે તે જ ધર્મકથાનુયોગને માટે યોગ્ય છે. વળી આગમમાં પણ કહ્યું છે, "જે હેતુવાદપક્ષ વિષે હેતુથી અને આગમવાદમાં આગમથી ધર્મ પમાડે છે તે આગમ જ્ઞાતા છે, બીજા સિદ્ધાંત વિરાધક છે." તેથી જ 'કથનલબ્ધિક' વિશેષણ યુક્તિયુક્ત જ છે. એ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ છે. ભાવાર્થ તો પ્રાવચનિક પ્રભાવક અને ધર્મકથિક પ્રભાવક ઉપર શ્રી વજ્રસ્વામી ચરિત્ર વડે જ વિસ્તારથી કહેવાય છે.

તે આ પ્રમાણે :- સમસ્ત ક્લેશની તર્જના કરનાર શ્રી અવંતિ નામનો દેશ છે. ત્યાં ઘણી લક્ષ્મીના સ્થાન રૂપ તુંબક નામનું ગામ છે. અને ત્યાં યશની ઉજ્જવલતાથી ધનદગિરિને (કુબેરને) પણ હરાવનાર ગુણોના સ્થાનભૂત **ધનગિરિ** નામનો વેપારી શ્રીમંતપુત્ર રહેતો હતો. બાળપણથી જ તે સર્વજ્ઞ ભગવંતના પ્રવચનના સારનો જ્ઞાતા, વિષયોથી પરાંમુખ, દીક્ષાભિમુખ હતો. તેથી જ માતા-પિતા જે જે શ્રીમંત કન્યાને બતાવતાં, તેને-તેને તે વારતો કે "હું તો દીક્ષા લેવાનો છું અને આ પ્રમાણે વિરાગસૂચક વચનોને કહેતો કે, "જેમાં હંમેશા હર્ષ પામેલી માયા રૂપી મહારાક્ષસી નૃત્ય કરે છે, જેમાં મોહ રૂપી અધમ એવો પ્રેત પ્રાણીઓને ચારે બાજુથી છલે છે, જેમાં કામરૂપી અગ્નિ હંમેશા બળી રહ્યો છે તેવી સ્મશાન જેવી વિષમ એવી તે કામિનીને હોંશિયાર - કલ્યાણી એવો પુરુષ ? ક્યારે પણ શું સેવે ?"

આ બાજુ ત્યાં જ સ્વજનોને આનંદ પમાડનારી ધનપાલ શ્રેષ્ઠીની સુનંદા નામની પુત્રીએ માતા-પિતાને આ પ્રમાણે કહ્યું કે, "તમારે મને ધનગિરિને આપવી જેથી હું તેને વશ કરીશ." ત્યારે ધનગિરિએ તેને કહ્યું, "હે ભદ્રે ! તું મારા વચનને ફોગટ માન નહીં અને જ્યાં તમારા ભાઈ આર્યસમિતે દીક્ષા લીધી છે ત્યાં હું પણ દીક્ષા લઈશ, તેમાં કોઈ સંશય નથી. તેથી તે સાંભળી તેના રાગના વશથી સુનંદા ધનગિરિને જ પરણી. વિવાહ બાદ તરત જ ધનગિરિએ સુનંદાને કહ્યું, "હે પ્રિયે ! હાલમાં હું પ્રતિજ્ઞા કરાયેલા વ્રતને લઈને મારું વચન સફળ કરું." ત્યારે તેણી પણ તેના વચનને સાંભળી વિષાદથી આંખમાંથી અશ્રુ વહાવવા પૂર્વક બોલી, "હે નાથ ! અનાથ - એકલી મને મૂકીને તમે શા માટે જાવ છો ? તેથી મને સહાયક પુત્રને ઉત્પન્ન કરીને પછી તમને જે ગમે તે કરજો." 'ભોગાવલી કર્મોના ઉદયથી અવશ્ય છુટાતું નથી' એમ જાણીને તે સુનંદાની સાથે ભોગોને ભોગવતો, પુત્રના લાભની સન્મુખ થયેલો તે દિવસો પસાર કરે છે.

હવે એક વાર સુનંદાની કુક્ષિ રૂપી છીપમાં, સુસ્વપ્નથી સૂચિત, શ્રી અષ્ટાપદ મહાતીર્થની યાત્રાએ આવેલા શ્રી ગૌતમસ્વામીથી બોધ પામેલા તિર્યગ્જૃંભક દેવ, દિવ્ય શરીરને છોડીને મુક્તાફલની જેમ અવતર્યો. તેથી પ્રશસ્ત પુત્રના લાભરૂપ મંગલને જાણીને ધનગિરિએ સુનંદાને આ પ્રમાણે કહ્યું, "હે પ્રિયા ! સારા લક્ષણવાળો, વિચક્ષણ અને નયનને આનંદદાયી તારો પુત્ર થશે. તેને જોવાથી હું પણ મોહ રૂપી સમુદ્રમાં ડૂબી જઈશ. વળી કહ્યું છે કે, "(પત્ની આદિ બંધનથી) બાંધીને સંસારસાગરમાં પડેલો ગૃહસ્થ કુશલ ક્યાંથી હોય ?

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાચ તે વહાણને પ્રાપ્ત કરે તો તેનાથી પણ તે અત્યંત ડૂબી જાય છે. તેથી પુત્રજન્મની પહેલાં જ હું પ્રવ્રજ્યા લઈશ" એમ કહીને, ગમે તે રીતે સુનંદાને સમજાવીને મહા મહોત્સવપૂર્વક **શ્રી સિંહગિરિ** ગુરુ ભગવંતના ચરણકમલમાં **ધનગિરિએ દીક્ષા** ગ્રહણ કરી.

આ બાજુ નવ માસ પૂર્ણ થતાં સુનંદાએ પણ પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ પુત્રને જન્મ આપ્યો. ત્યારે સૂતિકાગૃહમાં કામદેવની પત્ની સમાન લાવણ્યવાળી સ્ત્રીઓ પરસ્પર મળીને આ પ્રમાણે બોલવા લાગી કે, "જો આ બાળકના પિતાએ દીક્ષા ન લીધી હોત તો હમણાં તેનો જન્મમહોત્સવ ખૂબ જ સુંદર થાત." તે અબલાઓના આલાપને સાંભળતા પ્રૌઢ મતિવાળો તે બાલ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયેલ તે બાલ આ પ્રમાણે વિચારવા લાગ્યો, 'મોક્ષસુખને આપનારી એવી સર્વ સંગની વિરતિ મને ક્યારે પ્રાપ્ત થશે ? વળી માતા પણ મારા ઉપર મોહવાળી છે તેથી માતાને દુઃખ આપવું તે અનુચિત હોવા છતાં પણ પરમ સુખના લાભને માટે કરાતું તે દોષના પોષણને માટે નથી થતું. તેથી માતાને તેવી રીતે ક્લેશ પમાડું જેથી કંટાળીને માતા મને છોડી દે. વળી 'બાળકોનું બળ રૂદન છે.' એમ વિચારીને તેવી રીતે બાળક રડવા લાગ્યો કે જેથી માતા (શાંતિથી) સૂઈ શકતી નથી, ખાઈ શકતી નથી, બેસી શકતી નથી અને શાંતિથી ઘરકામ પણ કરી શકતી નથી. એમ દુષ્ટ કષ્ટ રૂપી સમુદ્રમાં પડેલી માતાના ક્રમે કરીને છ માસ પસાર થયા.

આ બાજુ નગરના સીમાડાના ઉદ્યાનમાં પરિવાર સહિત શ્રી સિંહગિરિ આચાર્ય ભગવંત સમવસર્યા. સ્વાધ્યાય કરીને ઉપયોગવાળા ધનગિરિમુનિ, આર્યસમિતમુનિ ગોચરીનો સમય થતાં ગોચરી માટે પ્રવૃત્ત થયા ત્યારે ગુરુ ભગવંતે તેમને કહ્યું, "હે વત્સ ! આજે આપણને ઉત્તમ શુભસૂચક શુકન થયું છે. તેથી આજે તમને ગોચરીમાં અચિત્ત કે સચિત્ત કાંઈ પણ વસ્તુ મળે તે ગ્રહણ કરવી." આ પ્રમાણે ગુરુ વડે અનુજ્ઞા અપાયેલા તે બંને જ્ઞાતીજનોના ઘરોને વિષે ભમતાં તેઓ સુનંદાના ઘરમાં પ્રવેશ્યા.

ત્યારે દુઃખથી કંટાળેલી એવી સુનંદાએ હાથમાં પુત્રને ગ્રહણ કરી ધનગિરિજી મ. ને કહ્યું, "આ તમારા પુત્રનું છ માસ પર્યંત મહાદુઃખથી મેં પાલન પોષણ કર્યું છે, પણ હાલમાં તમે એને ગ્રહણ કરો જેથી તમે પણ મારી જેમ સુખને અનુભવો. હવે હું તેનું પાલન કરવા ક્ષણમાત્ર પણ સમર્થ નથી." ત્યાર પછી ધનગિરિએ કહ્યું, "હે ભદ્રે ! જો હું આને લઈ જઈશ તો પછીથી તને પશ્ચાત્તાપ થશે. તેથી આ બાળકને તું આપ નહી. ખરેખર ! ઉતાવળથી કરેલું કાર્ય સંતાપને માટે થાય છે. વળી કહ્યું છે કે, "ગુણકારી કે ગુણ વિનાનું કોઈ પણ કાર્ય કરતાં પંડિત પુરુષોએ યત્નપૂર્વક પરિણતિને (પરિણામને) વિચારવી જોઈએ. અતિ ઉતાવળથી કરેલા કાર્યોના પરિણામે હૃદયદાહી શલ્યતુલ્ય વિપાકની પ્રાપ્તિ થાય છે."

એમ કહેવા છતાં પણ તે આગ્રહથી અટકી નહી અને સમીપમાં રહેલા સાક્ષીઓને કહ્યું, "મારે આ બાળકની સાથે કોઈ પ્રયોજન નથી તેથી તેના પિતા એવા આ જ તેને ગ્રહણ કરો." આ પ્રમાણે તેણે નિશ્ચય કર્યે છતે ધનગિરિએ સાક્ષીદારોની સમક્ષ ચિંતામણિ રત્નની જેમ તે બાળકને ગ્રહણ કરીને ઝોળીમાં મૂક્યો. ત્યારે તે બાળક પણ 'હવે હું જ્ઞાની ભાવશ્રમણ થયો છું.' એમ જાણી રોતો બંધ થઈ ગયો = શાંત થઈ ગયો. (હવે) તે બાળકના ભારથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમેલા હાથવાળા ધનગિરિજી તેને સિંહગિરિજીગુરુની પાસે લાવ્યા. તેઓ પણ ધનગિરિજીને તેવા પ્રકારના જોઈને જલ્દીથી ઉઠીને ભરેલા પાત્રની બુદ્ધિથી જેટલામાં ઝોળીને ગ્રહણ કરે છે તેટલામાં તો તે બાળકને જોઈને મહાભાર હોવાથી 'આ વજ્ર જેવો જણાય છે' એ પ્રમાણે બોલ્યા, તેથી તેનું 'વજ્ર' એવું નામ જગતમાં પ્રસિદ્ધિને પામ્યું. ત્યારે દેવકુમાર જેવા ઉત્તમ લક્ષણથી લક્ષિત અંગવાળા તે બાળકને જોઈને સૂરિ ભગવંતે આ પ્રમાણે કહ્યું, "આ બાળક પ્રવચનનો = જિનશાસનનો આધાર થશે તેથી સારી રીતે તેનું રક્ષણ કરવા યોગ્ય છે." આમ નિશ્ચય કરીને ગુરુ ભગવંતે તે બાળક લાલન-પાલન માટે તપરૂપી ધનવાળા સાધ્વીજી ભગવંતોને આપ્યો.

તે આર્યાઓએ પણ સ્તનપાનાદિ માટે શય્યાતરીઓને સોંપ્યો, તેથી તેઓ જ્યારે જ્યારે પોતાના પુત્રોનું સ્તનપાન - શોભા વિગેરે કરતી, ત્યારે ત્યારે તે બાળકનું પણ નિર્દોષ સામગ્રીથી પાલન-પોષણ કરે છે. આ બાજુ ગુરુ ભગવંત પણ તેમને શિખામણ આપી અન્ય સ્થાને વિહાર કરી ગયા.

શય્યાતરના ઘરો વિષે વારંવાર આવ-જા કરતી સુનંદાએ પુત્રના સ્નેહથી એકવાર શય્યાતરીઓની પાસે તે બાળકની માંગણી કરી. ત્યારે તેઓએ પણ તેને કહ્યું, "આ તો ગુરુ ભગવંતની થાપણ છે તેથી બીજાઓને ક્યારે પણ આપી શકાય નહીં." આમ તેઓએ નિષેધ કરવા છતાં તે રોજ આવીને બાળકને સ્તનપાનાદિ કરાવતી હતી. આ પ્રમાણે ત્રણ વર્ષ પસાર થતાં સૂરિ ભગવંત ત્યાં પધાર્યા.

ત્યારે બંને પક્ષનો (પક્ષ વચ્ચે) રાજાની સમક્ષ, બાળકને માટે મોટો ઝઘડો થયો. ત્યારે રાજાએ ધનગિરિજીને પૂછ્યું, "તમે શા માટે આ બાળક સુનંદાને આપતા નથી ?" ત્યારે તેમણે પણ કહ્યું, "હે રાજન્ ! મેં આ બાળકને જાતે ગ્રહણ કર્યો નથી, પરંતુ આ સુનંદાએ જ લોકોની સમક્ષ અમને આપ્યો છે, તેથી અહીં વિવાદ શો ?" રાજા પણ તે સાંભળીને, સર્વ લોકોને તેના પક્ષપાતી જાણીને અને હૃદયમાં કાંઈક વિચારીને સભા સમક્ષ આ રીતે આદેશ કર્યો, "ભો ભો ! તમે ન્યાયને સાંભળો. જેના બોલાવવાથી આ બાળક (જેની પાસે) જશે, તેનો જ એ બાળક થશે, બીજાનો નહીં, પરંતુ પહેલા અબળા એવી તેની માતા તેને બોલાવે, ત્યાર પછી પિતા બોલાવે."

ત્યાર પછી રાજસભામાં રાજાની ડાબી બાજુ બેઠેલી માતા સુનંદા અનેક પ્રકારના રમકડા અને વિવિધ પ્રકારની ખાવા યોગ્ય, ભોગવવા યોગ્ય વસ્તુઓને, મનને આનંદ કરનારા મીઠા ચાટુ વચન પૂર્વક કરૂણાથી ગદ્ગદ્ સ્વર પૂર્વક બતાવતી બતાવતી વજ્રને બોલાવે છે, વજ્ર પણ 'માતા-પિતા (જેમનો ઉપકાર દુઃખે કરીને વાળી શકાય) દુષ્પ્રતિકારક છે' એમ જાણવા છતાં પણ 'સંઘના ઉલ્લંઘનનું પાપ અનંત સંસારના પરિભ્રમણ માટે થાય છે' એમ માનીને તે વસ્તુઓને આંખથી પરમયોગીની જેમ જોતો પણ નથી.

ત્યાર પછી રાજાની જમણી તરફ બેઠેલા શ્રી સંઘની મધ્યમાં રહેલા ધનગિરિજીએ ચારિત્ર રૂપી મહારાજાના વિજયને જણાવનારી રજોહરણ મુદ્રાને બતાવીને બાળકને કહ્યું,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે વત્સ ! જો તારી દીક્ષાને ગ્રહણ કરવાની ઈચ્છા હોય તો આ જિનમુદ્રાને = રજોહરણને ગ્રહણ કર." ત્યારે વજ્રકુમારે વજ્રની જેમ મોહરૂપી વૃક્ષને છેદીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઈચ્છાવાળા અને સંઘની ઉન્નતિ કરવાની ઈચ્છાવાળા રજોહરણને ગ્રહણ કર્યું. સંઘે પણ 'જિનશાસન જય પામો ! જય પામો !' એમ આનંદપૂર્વક સિંહનાદ કર્યો. હવે આનંદ રહિત બનેલી સુનંદાએ પણ મનમાં આ પ્રમાણે વિચાર્યું, "મારા પતિ, મારા ભાઈ તથા મારા પુત્રે દીક્ષા લીધી તો હવે હું કયા કારણથી સંસારમાં રહું ?" એમ વૈરાગ્ય પામી, સાત ક્ષેત્રોમાં ધનને વાપરી શ્રી સિંહગિરિસૂરીશ્વરના ચરણકમળમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સ્તનપાન છોડી દીધેલો વજ્ર પણ વિહાર માટે અસમર્થ હોવાથી ગુરુ ભગવંતે તેને સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયે રાખ્યો, ઉપાંગ સહિત અગ્યાર અંગનો અભ્યાસ કરતા તે સાધ્વીજી ભગવંતના મુખથી સૂત્રને સાંભળતા બુદ્ધિના નિધાન રૂપ એવા તેણે પણ (અગ્યાર અંગને) સુખેથી ગ્રહણ કર્યા. અનુક્રમે આઠ વર્ષના થયા ત્યારબાદ ગુરુએ દીક્ષા આપી, પોતાની પાસે રાખ્યા.

તેઓ પણ અનુક્રમે વિહાર કરતાં અવંતીના ઉદ્યાનના મઠમાં રહ્યા. ત્યારે વરસાદ વરસતે છતે સાધુ ભગવંતો ભિક્ષા ગ્રહણ કરવામાં પરાઙ્મુખ થયા ત્યારે તે દેશને વિષે રહેલા વજ્રમુનિના પૂર્વભવના મિત્ર એવા તિર્યગ્જૃંભક દેવો તે મુનિને જોઈને હર્ષ પામ્યા અને આનો સંયમમાં કેવો (કેટલો) પરિણામ છે ? એ વિચારીને તેની પરીક્ષા માટે વણિકનો સાર્થ વિકુર્વીને ત્યાં રહ્યા. ત્યાં રસવતી આદિ બનાવીને ગુરુને અને વજ્રમુનિને વંદન કરી ભિક્ષા માટે નિમંત્રણ કર્યું. ગુરુ વડે આદેશ કરાયેલા, વહોરવા માટે તૈયાર થયેલા તે પણ આકાશમાંથી પડતા વરસાદના છાંટાઓને જોઈને વ્રતભંગના ભયથી (ભયવાળા) તે પાછા ફર્યા. તેઓએ પણ દેવમાયાથી વૃષ્ટિને રોકીને, ફરીથી આગ્રહ કરીને, ભિક્ષા ગ્રહણ કરવા માટે તેમને નિમંત્રણ આપ્યું. મૂક્યો છે ઉપયોગ જેમણે એવા તે પણ તે સાર્થમાં આવીને દ્રવ્ય-ક્ષેત્ર-કાલ આદિ ઉપયોગને આપતા હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું, "આ સાર્થમાં હાલમાં આ પુષ્પ - ફલાદિ જોવા મળે છે તેનો આ સમયે અસંભવ છે, વળી ક્ષેત્રથી ઉજ્જૈની જેવા ક્ષેત્રને વિષે અને કાળથી વર્ષાસમયે આનો (પુષ્પ-ફલાદિ દ્રવ્યોનો) સંભવ નથી. અને ભાવથી તો ભૂમિને નહી સ્પર્શતા આ લોકો અનિમેષ લોચનવાળા હોવાથી અવશ્ય તેઓ દેવો છે. આમ દ્રવ્યાદિથી અવિશુદ્ધ એવો દેવપિંડ મહાત્માઓને ગ્રહણ કરવા યોગ્ય નથી, એમ ભગવાને કહ્યું છે તેથી તેઓ સાદરપૂર્વક આપવા છતાં મારે તે ગ્રહણ કરવા યોગ્ય નથી." આમ વિચારીને ભિક્ષા લીધા વિના જ વજ્રસ્વામી જેટલામાં પાછા વળ્યા તેટલામાં તો તેમના ચારિત્રથી ખુશ થયેલા તે દેવો તેમને નમીને કહેવા લાગ્યા, "હે શ્રેષ્ઠમુનિ ! પ્રીતિથી પ્રેરાયેલા અમે આપના દર્શન માટે અહીં આવ્યા છીએ, તો કૃપા કરો, બહુરૂપિણી વિદ્યાને ગ્રહણ કરો, અમને અનુગૃહિત કરો. પછી વિનયથી નમેલા તે દેવો વિદ્યાને આપીને અદૃશ્ય થઈ ગયા.

ફરીથી એક વાર જેઠ માસમાં વાણિયાનું રૂપ કરેલા તે જ દેવોએ સ્થંડિલભૂમિ ગયેલા વજ્રને ઘેબરનું નિમંત્રણ કર્યું. ત્યારે પહેલાની જેમ જ ઉપયોગવાળા તેમણે પણ ઘેબરને ગ્રહણ કર્યા નહિ. અહો ! બાળક હોવા છતાં આનો કેવો નિરતિચાર ચારિત્રનો પરિણામ છે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ પ્રશંસા કરવામાં વાચાળ એવા તિર્યગ્જૃંભક દેવોએ માનુષોત્તર પર્વત સુધી જઈ શકાય એવી વિદ્યાને આપીને અદૃશ્ય થઈ ગયા.

આ પ્રમાણે શૈશવ વયમાં હોવા છતાં પણ ગામ-આકર-નગરાદિમાં ગુરુની સાથે વિહાર કરતાં તે મુનિજનને સ્પૃહણીય થયા. જે કારણથી બાલ એવા પણ સૂર્યના કિરણો પર્વત ઉપર પડે છે. (તેવી રીતે) તેજની સાથે જ જન્મેલાનો (જીવોનો) વયની સાથે શું સંબંધ ?"

વળી પૂર્વે સાધ્વીજી ભગવંતના મુખેથી (પાસેથી) અગ્યાર અંગાદિ શ્રુત ભણ્યા હતા. તેને પદાનુસારી લબ્ધિથી શ્રુતને વધાર્યું. ત્યાર પછી સાધુઓની સાથે પૂર્વગતશ્રુતને સાંભળવા માત્રથી અભ્યાસ કરીને બહુશ્રુત થઈને (થયા છતાં પણ) પોતાના આત્માને નહી પ્રકાશતા, તેમના સ્વરૂપથી અજ્ઞાત એવા સ્થવિરો ભણવાને માટે તેમને પ્રેરણા કરતા ત્યારે સ્થવિરોની પાસે આળસુની જેમ કાંઈક ગુણ-ગુણ અવાજ કરતા એવા વજ્રમુનિનો કેટલોક સમય પસાર થયો.

એકવાર બપોરે સાધુઓ ભિક્ષા માટે ગયા હતા અને ગુરુ ભગવંત શરીરની ચિંતા માટે સ્થંડિલભૂમિએ ગયા હતા ત્યારે વસતિમાં એકલા રહેલા વજ્રમુનિ સાધુઓની ઉપધિને મંડલાકારે ગોઠવીને, અધ્યયનની પરિપાટીને સ્મરણ કરીને = અધ્યયન વખતે શિષ્યોની મધ્યમાં જેમ આચાર્ય બેસે તેમ ઉપધિઓની મધ્યમાં બેસીને, મેઘ જેવા ગંભીર અવાજથી વાચના આપવા લાગ્યા. હવે પૂર્વે નહિ સાંભળેલા સાધુની શંકાવાળા બારણામાં ઊભા રહેલા ગુરુ ક્ષણમાત્ર ઉપયોગ મૂકીને જેટલામાં ત્યાં રહ્યા. તેટલામાં તો પૂર્વ અંગ-ઉપાંગના અધ્યયનને ભણાવવા રૂપ વજ્રમુનિનો જ અવાજ સાંભળ્યો. તેથી ચિત્તમાં ચમત્કાર પામેલા ગુરુ વિચારવા લાગ્યા, "મને એકાએક જોઈને આ લજ્જાને ન પામે માટે દૂર રહીને જ મોટેથી તેમણે 'નિસીહિ' શબ્દ કર્યો = બોલ્યા. તેથી વજ્રમુનિ પણ જલ્દી જલ્દી ઉપધિઓ યથાસ્થાને મૂકીને, ગુરુના ચરણોને રજોહરણથી પ્રમાર્જીને, કરકમલમાંથી દાંડાને લઈને યથાસ્થાને બેઠા.

હવે શ્રી સિંહગિરિસૂરિ હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા, "ગુણરત્નોના સાગર એવા આનો સાધુઓ પરાભવ ન કરે = અવજ્ઞા ન કરે." એમ વિચારીને તેના ગુણોને જણાવવા માટે અન્ય ગામ જવાના બ્હાનાથી સાધુઓને કહ્યું, "હે વત્સો ! કોઈક કારણસર અમને કેટલાક દિવસ વિહાર કરવાની ઈચ્છા છે. ત્યારે અધ્યયન કરનારા સાધુઓ ગુરુને કહેવા લાગ્યા, "હે પૂજ્યો ! તો અમારા વાચનાચાર્ય કોણ થશે ?" ત્યારે સૂરિએ કહ્યું, "તમારો વાચનાચાર્ય આ વજ્રમુનિ, વાચનાના મનોરથરૂપી રથના સારથીપણાનો આશ્રય કરશે." આશ્ચર્ય પામેલા તેઓ પણ વિનિત હોવાથી 'તહત્તિ' એમ કહીને ગુરુના વચનનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી ગુરુ વિહાર કર્યે છતે, ગુરુની જેમ તેને વાચનાચાર્ય કરીને, તેમની પાસેથી અંગ-પૂર્વની અધિક-અધિક વાચના લેતા સાધુઓ વિસ્મય પામ્યા. અને તેઓમાં જે મંદબુદ્ધિવાળા હતા તેઓ પણ તેમના પ્રભાવથી વિષમ એવા પણ આલાવાને રમતમાં જ સમજતા હતા. અને તે સમયે આ પ્રમાણે વિચારવા લાગ્યા, "જો ગુરુ ભગવંતો ત્યાં ઘણો કાળ સ્થિરતા કરે તો અમારું અંગનું અધ્યયન જલ્દીથી પૂર્ણ થાય."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક દિવસો ગયા બાદ ગુરુઓ આવ્યા અને સુખપૂર્વકની વાચના સંબંધી સાધુઓને પૂછ્યું ત્યારે વિકસિત મુખકમળવાળા તેઓએ પણ વાચનાચાર્ય તરીકે વજ્રની જ માંગણી કરી. ગુરુએ પણ કહ્યું, "હે વત્સો ! અવશ્ય આ તમારી પ્રાર્થના પૂર્ણ થશે, પરંતુ હાલમાં તેણે યોગોદ્વહન ન કર્યા હોવાથી વાચનાચાર્ય માટે યોગ્ય નથી, પરંતુ તમને જણાવવા માટે જ હું બીજે સ્થળે ગયો હતો જેથી સ્થવિર એવા તમે એનો પરાભવ ન કરો જે માટે કહ્યું છે, "શક્તિમાન પુરુષ પણ પોતાની શક્તિ પ્રગટ નહી કરતો તિરસ્કાર પામે છે, લાકડાની અંદર રહેલો અગ્નિ ઉલ્લંઘન કરાય છે, પણ બળતો એવો અગ્નિ ઉલ્લંઘન કરાતો નથી." ત્યાર પછી સૂત્રપોરિસિ અને અર્થપોરિસિના ક્રમથી ગુરુ ભગવંત યોગોદ્વહન કરેલા તેને ભણાવવા લાગ્યા. અને વજ્રમુનિએ પણ બુદ્ધિના પ્રકર્ષથી અને પદાનુસારિ લબ્ધિના યોગથી ગુરુથી પણ અધિકતમ અભ્યાસ કર્યો = જાણ્યું.

વળી આગમમાં પણ શિષ્યોના ચાર પ્રકાર કહેલા છે. (૧) અતિજાત (૨) સુજાત (૩) અનુજાત (૪) કુલિંગાલ - કુલાંગાર. એ જ પ્રમાણે સંસારીને પુત્રો પણ ચાર પ્રકારના કહેલા છે. ચાર પ્રકારના શિષ્યો હોય છે. તેમાં અતિજાત, સુજાત, હીનજાત એ ત્રણે અનુક્રમે હીન ગુણવાળા છે. જ્યારે કુલાંગાર તો સર્વથી હીન છે. ગુરુના ગુણથી અધિક ગુણવાન હોય તે પ્રથમ અતિજાત કહેવાય. ગુરુની સમાન ગુણવાળો તે બીજા પ્રકારનો સુજાત શિષ્ય કહેવાય. ગુરુના ગુણથી કાંઈક ન્યૂન ગુણવાળો તે ત્રીજા પ્રકારનો અનુજાત શિષ્ય કહેવાય જ્યારે સર્વગુણથી રહિત કુલાંગાર ચોથા પ્રકારનો શિષ્ય કહેવાય છે.

ત્યારપછી વિહાર કરતા કરતા સૂરિભગવંત **દશપુર** નગરે પધાર્યા. તે વખતે ઉજ્જૈનીમાં દશ પૂર્વધારી **શ્રી ભદ્રગુપ્તસૂરિ** ભગવંત સ્થિરવાસને સ્વીકારેલા રહ્યા હતા. તેમની પાસે સંપૂર્ણ દશપૂર્વ ભણવા માટે ગુરુ ભગવંતે **શ્રી વજ્રમુનિ**ને સંઘાટકની સાથે મોકલ્યા. શ્રી ભદ્રગુપ્ત આચાર્ય ભગવંતે પણ પાછલી રાત્રિમાં એક સ્વપ્ન જોયું કે, "કોઈ પણ એવો આગંતુક (આવીને) મારા પાત્રામાંથી સર્વે પણ ખીર પી ગયો." સવારે તે સ્વપ્ન પોતાના સાધુઓને કહ્યું. ત્યારે તેના રહસ્યને નહિ જાણતા તેઓ પણ કાંઈક કહેવા લાગ્યા ત્યારે ગુરુએ કહ્યું, "હે વત્સો ! આ સ્વપ્નનો અર્થ તમે જાણતા નથી પરંતુ હવે કાન દઈને સાંભળો કે કોઈ પણ અતિથિ એવો પરોણો સાધુ આજે અહીં આવશે અને તે મારી પાસે રહેલા દશપૂર્વ શ્રુતને ગ્રહણ કરશે આ સ્વપ્નનું ફલ છે." **વજ્રમુનિ** પણ તે રાત્રિમાં તે નગરીની બહાર જ રહ્યા હતા. અત્યંત ઉત્કંઠાવાળા તેઓની વસતિમાં (પછી) તે ગયા. તેમણે પણ આનંદ રૂપ અમૃતને વરસાવતી દૃષ્ટિથી તેમને જોયા, અને 'આ શ્રી વજ્રમુનિ છે' એમ તેમને ઓળખી લીધા. ત્યાર પછી સૂરિ ભગવંત તેમની સન્મુખ જઈને તેમને આલિંગન કર્યું. મુનિઓએ પણ તેમનું વિધિપૂર્વક આતિથ્ય કર્યું. વિનયથી વિનીત એવા તેમણે પણ ભદ્રગુપ્ત ગુરુ પાસે દશ પૂર્વોનો અભ્યાસ કર્યો, અને તે અધ્યયનમાં આવી યુક્તિ (રીત) છે. પૂર્વોમાં જ્યાં ઉદ્દેશ[1] હોય ત્યાં અનુજ્ઞા[2] કરાય છે. જેથી, "જ્યાં ઉદ્દેશ હોય ત્યાં અનુજ્ઞા પણ કરાય છે. અહીં આ

(૧) ઉદ્દેશ = આ શાસ્ત્ર કે અધ્યયન તમે ભણો. (૨) અનુજ્ઞા = હવે તમે બીજાને ભણાવો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમ છે. તે પછી દષ્ટિવાદ મહા આગમસૂત્રના અર્થની પૃચ્છા થાય છે." તે કારણથી વજસ્વામિને સર્વ દ્રવ્ય-પર્યાયની અનુજ્ઞા રૂપ આચાર્યપદવીને આપવાની ઈચ્છાવાળા શ્રી સિંહગિરિસૂરિ ભગવંત દશપુર નગરે પધાર્યા. ત્યારે અવસરને જાણનારા તેમના મિત્ર એવા તિર્યગ્જૃંભક દેવોએ શ્રી વજસ્વામીના સૂરિપદ સ્થાપનાનો, દિવ્ય સુગંધી જલ પુષ્પવૃષ્ટિ વિગેરેથી મહામહોત્સવ કર્યો. ત્યાર પછી સિંહગિરિ ગુરુ ભગવંત પણ શ્રી વજસ્વામિને પ્રશસ્ત ગણભાર-સમુદાય સોંપીને, અનશન ગ્રહણ કરી મહર્ધિક દેવપદવીને પામ્યા.

હવે યુગપ્રધાન એવા ભગવાન **શ્રી વજસ્વામી** પાંચસો સાધુઓથી યુક્ત, રૂપાદિ ગુણોથી લોકોને ખુશ કરતા ગામ-નગર આદિને વિષે વિહાર કરવા લાગ્યા. આ બાજુ **કુસુમપુર**માં **ધન** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેની શીલાદિ ગુણોથી મનોજ્ઞ એવી **મનોજ્ઞા** નામની **પત્ની** હતી. તેમની લાવણ્યથી જાણે રૂક્ષ્મણીને પણ તર્જના કરનારી **રૂક્ષ્મણી** નામની કન્યા હતી અને તે અનુક્રમે કામદેવના લીલાવન સમાન યૌવનને પામી. ક્યારેક તે પોતાની યાનશાળામાં (રથાદિ મૂકવાની શાળામાં) રહેલા સાધ્વીજી ભગવંતની પાસે ગઈ. ત્યારે તેઓ પાસેથી સર્વકલામાં કુશલ વજસ્વામિની દરરોજ પ્રશંસા સાંભળીને, તેમને વિષે જેનું ચિત્ત રહેલું છે એવી અને તેને જ પતિ કરવાને માટે ઈચ્છતી રૂક્ષ્મણીને સાધ્વીજી ભગવંતે અટકાવી કે, "હે વત્સે ! આવા કદાગ્રહને તું ન કર. વળી તે મહાત્માએ તો સર્વથા વિષયો ઉપર વિજય મેળવેલ છે તેથી રાગદષ્ટિથી તને જુવે તેમ પણ નથી. તે સાંભળીને તે તેમના પર હજારગુણી અનુરાગવાળી બની અને પ્રતિજ્ઞા કરી કે, "જો તેઓ મને નહિ પરણે તો મારે અગ્નિનું શરણ હો. અથવા તેના ચરણોનું શરણ સ્વીકારી પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ."

આ બાજુ શ્રી વજસ્વામી (વિહાર કરતા) પાટલીપુત્ર નગરના સીમાડાની ભૂમિને પોતાના ચરણકમલથી શોભાવતા હતા. સૂરિજીના ઘણા ગુણોના શ્રવણથી ઉત્પન્ન થયેલી ઉત્કંઠાવાળો રાજા પણ પોતાના પરિવારથી યુક્ત સામે (સન્મુખ) ગયો. ત્યારે થોડા થોડાના સમૂહમાં (ટુકડીઓના ક્રમથી) આવતા મુનિને જોતાં, તેઓમાં જે જે રૂપાળા સાધુઓને જુએ છે તેને - તેને શ્રી વજસ્વામિ તરીકે માનતો રાજા તેઓને પૂછે છે, "શું આ ગુણથી ગિરૂઆ (મોટા) એવા ગુરુ (વજસ્વામી) છે કે નહિ ?" ત્યારે તેઓ પણ કહેતા કે, "અમે સૂરિજી નથી, પરંતુ તેઓ પાછળ આવી રહ્યા છે." આમ ઉત્કંઠિત થયેલા તે રાજાની દષ્ટિપથમાં, ચારેબાજુથી મુનિઓરૂપી રાજહંસોથી શોભતા એવા સૂરિજી આવ્યા ત્યારે પ્રફુલ્લિત નયનવાળા રાજાએ તેઓને પ્રણામ કર્યા અને સ્તુતિ કરી. પછી તેઓએ નગરના ઉદ્યાનને શોભાવ્યું = સ્થિરતા કરી. ત્યાં સંસાર ઉપર વૈરાગ્ય જગાડનારી દેશના આપી, "જીવોને આ જન્મમાં પ્રથમ દુઃખ તો સ્ત્રીની કુક્ષિ મધ્યે ગર્ભવાસમાં છે, અને તે પછી બાળપણમાં પણ મલથી ખરડાયેલું શરીર તથા **સ્ત્રીનું સ્તનપાન કરવાનું દુઃખ**, તે પછી યૌવનવયમાં પણ વિરહરૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલું દુઃખ છે, તો વૃદ્ધાવસ્થા પણ અસાર છે. તો રે મનુષ્યો ! બોલો, સંસારમાં અલ્પ પણ સુખ છે ખરું ?" આ દેશનાથી જેનું હૃદય પીગળી ગયું છે. એવો સહૃદયી રાજા પૌરજનોથી પરિવરેલો પોતાના મહેલે આવીને શ્રી વજસ્વામિના રૂપાદિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપને પોતાના અંતઃપુરની આગળ કહ્યું. ત્યારે આશ્ચર્યથી ચકિત મનવાળી રાણીઓ (તેઓ) પણ પ્રાણેશ્વરને કહેવા લાગી, "હે સ્વામિન્ ! અમે પણ તેમના રૂપને જોવા માટે ઈચ્છીએ છીએ અને વંદન કરવા માટે જઈએ છીએ. રાજાની આજ્ઞાથી તે સર્વે સ્ત્રીઓ લાવણ્યરૂપી અમૃતનું સર્જન કરનારા સૂરિને જોઈને આશ્ચર્ય ચકિત થયેલી, પરમાનંદથી પુષ્ટ થયેલીએ સૂરિજીને વંદન કર્યું.

આ બાજુ તેમના દર્શનને ઈચ્છતી ધનશેઠની પુત્રી શ્રી વજ્રસ્વામીનું આગમન જાણીને ઝંકૃત થયેલા અંતઃકરણથી આનંદ પામેલી, પિતા-માતા-ભાઈ વિગેરે સ્વજનોને દાંતની કાંતિથી પ્રકાશિત વાણીથી કહ્યું કે, "સૌભાગ્ય શિરોમણિ એવા શ્રી વજ્રસ્વામિને મને આપો = મને એની સાથે પરણાવો, જો નહિ આપો તો પ્રજ્વલિત અગ્નિમાં મારા પ્રાણોને ત્યાગીશ." આવું તેનું વચન કાનને માટે આભરણ સમાન કરીને, પરિવાર સહિત ધનશ્રેષ્ઠી, ક્રોડ ધનને સાથે લઈને અને દૃષ્ટિના કટાક્ષની છટાથી સજ્જનોને આનંદ કરનારી એવી પુત્રીને સાથે લઈને શ્રી વજ્રસ્વામિની પર્ષદામાં આવ્યો.

તે ક્ષણે ધર્મદેશનાથી પ્રતિબોધ પામેલા ઘણા લોકો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા, "ગુરુ ભગવંતના સ્વરાદિ ગુણ જેવા સરસ છે, તેવા જ જો તેમનાં રૂપ, સૌભાગ્યદિ ગુણો સરસ હોત તો સુવર્ણમાં સુગંધ ભળત." આ રીતે સભાજનોના અભિપ્રાયને જાણીને ભગવાન શ્રી વજ્રસ્વામિ હજાર પાંખડીવાળા સોનાના કમલને વિષે રહેલા સિંહાસન ઉપર સૂર્યના જેવું તેજસ્વી રૂપ વિકુર્વીને રહ્યા. ત્યારે આશ્ચર્યથી વિસ્તારિત આંખવાળા લોકો કહેવા લાગ્યા, "અહો, અહો ! બંને પ્રકારે કામનો જય કરનારા ભગવંતનું સ્વાભાવિક રૂપને જુઓ, જુઓ. હું સ્ત્રીજનોના ક્ષોભને માટે ન થાઉં એમ વિચારી પહેલા પોતાનું કુરૂપ બતાવ્યું. આથી આ મહાત્માના માહાત્મ્યનું શું વર્ણન કરીએ ?" એમ પ્રશંસામાં વાચાળમુખવાળો લોક થયો. ત્યારે ભગવંતે પણ કહ્યું, "અરે, અરે ! તમે આશ્ચર્ય ન પામો. જે મહાત્માઓ છે તે વિવિધ રૂપોથી જંબૂદ્વિપ આદિ અસંખ્ય દ્વીપોને પણ પૂરે છે = અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં ન સમાઈ શકે એટલા અદ્ભૂત રૂપો વૈક્રિયલબ્ધિથી વિકુર્વે છે, તો અહીં આશ્ચર્ય શું છે ?"

આ બાજુ દેશના પૂર્ણ થતા પૃથ્વી ઉપર મસ્તકને સ્પર્શી = નમસ્કાર કરીને ધનશ્રેષ્ઠિએ કોમલ વચનો વડે ક્રોડ ધન સહિત પોતાની પુત્રીના વિવાહને માટે યાચના કરી. ત્યારે નિઃસ્પૃહ શિરોમણિ વજ્રસ્વામિએ વિષયની વિમુખતાને આ પ્રમાણે કહી, "મુખને વિષે મધુર પણ કટુક વિપાકવાળા કિંપાક ફલ સમાન આ ભોગો સ્મશાનભૂમિની જેમ ચારેબાજુથી અત્યંત ભયને ઉત્પન્ન કરનારા છે." વધુ કહેવા વડે શું ? વિષયોને દુઃખનું કારણ માનીને, એક માત્ર મોક્ષપદનો અભિલાષી એવો કોણ વિષયોને સેવે ? વળી આ કન્યા જો એકાંતે મારા ઉપર અનુરાગ ધરાવતી હોય તો (મેં ગ્રહણ કરેલી) આ સર્વવિરતિને તે પણ આચરે - અંગીકાર કરે. આ પ્રમાણે સાંભળીને પ્રકૃષ્ટ રીતે જેના વિષયો ક્ષીણ થઈ ગયા છે તેવી **રૂક્ષ્મિણીએ** પણ મહોત્સવપૂર્વક પ્રવ્રજ્યા સ્વીકારી. શ્રી વજ્રસ્વામિ પણ પદાનુસારી લબ્ધિથી, મહાપરિજ્ઞા અધ્યયનમાંથી ઉદ્ધરેલી ગગનગામિની વિદ્યા વડે અને તિર્યગ્જૃંભક દેવોએ આપેલી વિદ્યા વડે ઈચ્છાપૂર્વક વિચરતા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર સૂરિ ભગવંત પૂર્વદેશથી ઉત્તર દિશા તરફ વિહાર કરવા લાગ્યા. તે વખતે ત્યાં ભાગ્યયોગે ભયંકર દુકાળ પ્રવર્તી રહ્યો હતો. બહાર નીકળવા માટે પણ કોઈ સમર્થ ન્હોતું. બધા માર્ગો પણ બંધ થઈ ગયા હતા. ત્યારે ભૂખના કારણે જેમના પ્રાણ કંઠ સુધી આવી ગયા છે તેવો સંઘ શ્રી વજ્રસ્વામિને કહેવા લાગ્યો, "હે નાથ ! આપ જેવા તીર્થના આધાર હોવા છતાં વેદનાથી પીડા પામતો સંઘ જો મરણપામશે તો તેમાં તમારી જ **લજ્જા** (લાજ) જશે. વળી કહ્યું છે કે, **"રત્નાકર તીર ઉપર રહેલા પુરુષોનું જે દારિદ્ર છે તેમાં લજ્જા રત્નાકરને હોય, અન્ય પુરુષોને નહી."** સૂરિ ભગવંત પણ તેમના વચનને અવધારીને (વિશાળ) પટ ઉપર સંઘને બેસાડીને જેટલામાં આકાશમાં ચાલ્યા ત્યાં તો તેવું જોતા એવા શય્યાતર બ્રાહ્મણે દાંતરડાથી દાંતો વડે તણખલાને છેદતા શ્રી વજ્રસ્વામિને આ પ્રમાણે કહ્યું, "હું પણ હમણા તમારો સાધર્મિક થયો છું" ત્યારે "સાધર્મિક વાત્સલ્યમાં ઉદ્યત, સ્વાધ્યાયમાં ઉદ્યમવંત અને ચરણસિત્તરી, કરણસિત્તરીમાં રત એવા (સાધુઓ) તીર્થના પ્રભાવક થાય છે (હોય છે)." આવા આગમ વચનનું સ્મરણ કરતા એવા કરૂણા રૂપી અમૃતના સાગર શ્રી વજ્રસ્વામિ ભગવંતે તે બ્રાહ્મણને પણ પટ ઉપર બેસવાની રજા આપી. ત્યાર પછી ગુરુ ભગવંત આકાશ માર્ગે પૃથ્વીને પસાર કરતા - કરતા સુભિક્ષ = સુકાળવાળા દેશમાં **મહાપુરી** નામની નગરીમાં ઉતર્યા. ત્યાં રાજા - પ્રજા આદિ સર્વે પણ લોકો બૌદ્ધધર્મને જાણનારા (પાળનારા) હતા. જૈનધર્મને લેશમાત્ર પણ માનતા ન હતા. અનુક્રમે શ્રાવકો અને બૌદ્ધના ઉપાસકોની પોત-પોતાના ચૈત્યોને વિષે સ્પર્ધાથી અહંકારપૂર્વકની પુષ્પાદિ પૂજા કરાઈ. ત્યાર પછી રાજાને માન્ય એવા બૌદ્ધોએ શ્રાવકોનો પરાભવ કર્યો, અને તેઓને પુષ્પો લેવાની મનાઈ કરી.

એટલામાં હવે સાંવત્સરિક પર્વ આવ્યે છતે બૌદ્ધોએ રાજાને ઠગીને, રાજાની આજ્ઞાને ગ્રહણ કરવા પૂર્વક શ્રાવકોને સર્વથા પુષ્પગ્રહણ માટે નિવાર્યા. તેથી પરાભવ પામેલા શ્રાવકોએ શ્રી વજ્રસ્વામીને કહ્યું ત્યારે સૂરિ ભગવંતે પણ સાવદ્યનું સેવન એ ભવમાં પડવાનું કારણ છે એમ જાણવા છતાં પણ શાસનની ઉન્નતિ માટે સેવાયેલું તે પણ મહાગુણને માટે થાય છે એમ વિચારીને શ્રાવકોને સંતોષ પમાડ્યો કે તમે આ માટે ખેદને ધારણ ના કરો, અમે તમારા મનોરથોને પૂરીશું.

ત્યાર બાદ સૂરિ ભગવંત આકાશ માર્ગે ઉડીને, માલવ દેશના મંડનભૂત રેવા નદીના તટ ઉપર આવેલી માહેશ્વરી નગરીમાં, હુતાશન નામના વ્યંતર દેવના મંદિરની બાજુમાં રહેલા, જ્યાં દરરોજ ઉત્પન્ન થતા ફુલોની સુગંધથી આવેલી ભમરીઓના ગુંજારવથી મનોહર પુષ્પકુંજવાળા ઉદ્યાનમાં ગયા ત્યાં પિતાના મિત્ર એવા **તડિત** નામના માળીને તેમણે બોલાવ્યો. સંભ્રમ સહિત તેણે પણ તેઓને નમસ્કાર કરીને પૂછ્યું, "આપ અહીં શા કારણે પધાર્યા છો ? તે જલ્દીથી કૃપા કરી મને કહો." સૂરિ ભગવંતે પણ કહ્યું, "મારે પુષ્પોની જરૂર છે. અને તેને તું તૈયાર કર, પાછા ફરતાં હું તેને ગ્રહણ કરીશ. એમ કહીને લઘુ હિમવંત પર્વત ઉપર રહેલા પદ્મ સરોવરમાં શ્રી દેવીની પાસે ગયા. તેણે પણ દેવની પૂજા કરવા માટે (જે) ભમરાઓની શ્રેણીથી ગુંજારવ કરતું હજાર પાંખડીવાળું કમળ તૈયાર કર્યું હતું (તે) સૂરિને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમસ્કાર કરી (તેમના ચરણે ધર્યું) અર્પણ કર્યું. ત્યારે સૂરિ ભગવંતે પણ તે લઈને, જ્વલન ગૃહમાં (હુતાશન ઉદ્યાનમાં) આવીને, પુષ્પોને લઈને, મોટા મણિઓવાળું (રત્નોવાળું) અને રણકાર કરતી ઘુઘરીઓના અવાજથી કાનને સુખકારી, ફરકતી સુંદર ધ્વજાઓથી શ્રેષ્ઠ વિમાન વિકુર્વીને અને તેમાં બેસીને, સ્મરણ માત્રથી ઉપસ્થિત થયેલા તિર્યગ્જૃંભક દેવોએ રચેલા ગીત, નૃત્ય, વાજિંત્રના નાદથી આકાશને ભરી દેતા, મસ્તક ઉપર હજાર પત્રવાળા કમળને ધારણ કરનારા તે સૂરિજી ક્ષણમાત્રમાં મહાપુરી નગરીની ઉપર આવ્યા. તે વિમાનને જોઈને સંભ્રમને પામેલા ભિક્ષુઓ અને તેના ઉપાસકો હર્ષથી પોતાના દેવના પ્રભાવના ઉત્કર્ષને ભાવતા "બૌદ્ધશાસન જય પામો, જય પામો" એમ સ્તુતિ કરતાં, વાજિંત્રના નાદ પૂર્વક, કમંડળ હાથમાં લઈને જેટલામાં નગરની બહાર નીકળ્યા, તેટલામાં તો તેમના મઠને (મંદિરને) ચાંડાલના ઘરની જેમ દૂરથી જ છોડીને, વૈરીઓના માનનો નાશ કરનારા એવા સૂરિ ભગવંત વિમાન સહિત શ્રી જિનમંદિરમાં આવ્યા. ત્યાં દેવોએ મનોહર એવો મહોત્સવ કર્યો. તે જોઈને ઘણા લોકોથી પરિવરેલા રાજાએ બૌદ્ધધર્મનો (આચારનો) ત્યાગ કરી, શ્રાવકપણાને અંગીકાર કરીને, આ પ્રમાણે સ્તુતિ કરી કે, "પ્રવચનરહસ્યવિદ્યા, ધર્મકથા, શ્રેષ્ઠ મંત્ર-તંત્રાદિ વડે શ્રી વજ્રસ્વામિથી બીજા કોણ અહીં શાસનની પ્રભાવના કરે ?"

હવે દક્ષિણ દેશમાં વિચરતા શ્રી વજ્રસ્વામીને એક વાર મસ્તકમાં પીડા થતાં, તેના નાશને માટે ગીતાર્થ ભગવંતે સુંઠ આપી. આહાર કર્યા પછી વાપરવા માટે તેમણે પણ કાન ઉપર સુંઠને રાખી. પરંતુ ત્યાં રહેલી સુંઠને તેઓ ભૂલી ગયા. ત્યાર પછી સાંજના પ્રતિક્રમણ આવશ્યકમાં મુખવસ્ત્રિકાથી પડિલેહણ કરતાં પોતાની આગળ ખટત્કાર પૂર્વક સુંઠ પડવાથી ગુરુ ભગવંત વિચારવા લાગ્યા, "અહો ! આ મારો મોટો પ્રમાદ છે. આવો પ્રમાદ થયે છતે સંયમ ક્યાંથી પળાય ? તેથી અનશનને હવે સ્વીકારું. તેના પછી બાર વર્ષના દુષ્કાળને જાણીને સૂરિજીએ વજ્રસેન નામના શિષ્યને પ્રથમથી જ દૂર દેશાંતરે મોકલ્યા અને તેને આ પ્રમાણે કહ્યું, "હે વત્સ ! જે દિવસે તું લાખ સોનામહોરના ભાવથી બનેલી ખીરની થાળીને તું જોશે તેના બીજા દિવસે પ્રભાતે સુકાળ થશે આ વચન તું હૃદયમાં ધારણ કર."

હવે ભયંકર દુષ્કાળ પ્રવૃત્ત થયે છતે વિદ્યાબળથી લાવેલા પિંડથી સાધુઓને પોષતાં ગુરુ ભગવંતે એકવાર આ પ્રમાણે કહ્યું, "હે વત્સો ! જો તમે સંયમયાત્રાનો વિનાશ ઈચ્છતા હો તો આ અભ્યાહૃત પિંડનો ઉપયોગ કરો. અને જો સંયમની અપેક્ષાવાળા હો તો અનશનને આદરો." ત્યારે તેઓએ નમીને કહ્યું, "હે ભગવંત ! અમારે ચારિત્રના નાશનું કોઈ પ્રયોજન નથી. પરંતુ ભોજનનો ત્યાગ કરીને પરભવને અમે સાધીશું." ત્યાર પછી શ્રી વજ્રસ્વામી પાંચશો શિષ્યો સહિત એક પર્વત ઉપર આવીને અને પર્વતદેવતાની અનુજ્ઞા લઈને, દેવ-ગુરુના ચરણના સ્મરણમાં રક્ત, સંવેગિત મનવાળા, દેશનારૂપી અમૃતથી જેમણે સાધુઓને સારી રીતે સંતોષ્યા છે એવા, સમાધિમાં રહેલા, અનશનને કરેલા એવા તેઓ શિલાતલને વિષે રહ્યા. આલોચના વડે પાપથી પાછા ફરેલા સાધુઓ પણ મેરૂની જેમ નિષ્પ્રકંપ, ભોજનનો ત્યાગ કરેલા, અદીન મનવાળા શીલા ઉપર સ્થિર રહ્યા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શ્રી વજ્રસેનસૂરી ભગવંત અનશન કરવા માટે જતા હતા ત્યારે અનશનના અર્થી એક ક્ષુલ્લકમુનિને તેમણે વારવા છતાં પણ તેમની નજર ચૂકવીને પાછળ આવતા તે મુનિ પર્વતની નીચે અનશન કરીને, તપેલી શિલાતલને વિષે માખણની જેમ ઓગળીને ભાવોલ્લાસથી અચ્યુત દેવલોકને પામ્યા. તે સ્થાને દેવોએ આનંદથી વાજિંત્રના નાદપૂર્વક (તેમનો) મહોત્સવ કર્યો. તે જાણીને ચમત્કાર પામેલા મહાત્માઓ વિચારવા લાગ્યા, "અનશન કરેલા ક્ષુલ્લક મુનિએ અવશ્ય પોતાનું સાધ્ય સાધી લીધું." તેથી વિશિષ્ટ રીતે ઉલ્લસિત સંવેગ રંગવાળા સાધુ ભગવંતો ચિત્તમાં વિચારવા લાગ્યા, "જો આ બાલમુનિએ થોડા દિવસ પાલન કરેલા સંયમ વડે સાધુમાર્ગ સાધી લીધો, તો લાંબાકાળથી સારૂં ચારિત્ર પાળતા આપણે કેમ ન સાધીએ ?"

આ બાજુ મિથ્યાદૃષ્ટિ એક દેવતાએ શ્રાવિકાનું રૂપ કરીને, આગળ થઈને ભક્તની જેમ સાધુઓને આમંત્રણ આપ્યું, "હે ભગવંત ! પ્રસન્ન થઈને આજે મારા ઘરે પારણું કરો, મારા પર અનુગ્રહ કરો." ત્યારે વજ્રસ્વામીએ તે પર્વતને અયોગ્ય સ્થાન જાણીને પાસે રહેલા બીજા પર્વત ઉપર સાધુઓની સાથે ગયા. ત્યાં સર્વે પણ સાધુ ભગવંતોએ ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કર્યો. તેણી પણ પ્રત્યક્ષ જઈને, નમીને ગુરુ ભગવંતને કહ્યું, "તમે જલ્દીથી અવિઘ્નપણે અનશનને સાધો. મારા ભાગ્યથી જાણે આકર્ષાયેલા તમે અહીં પધાર્યા છો." ત્યારે તેઓએ પણ યથાયોગ્ય શિલાતલને શોભાવી = અનશન કર્યું. ત્યારે રથમાં બેસેલા ઈન્દ્ર મહારાજે પ્રદક્ષિણા કરીને તેઓને નમસ્કાર કર્યા. ત્યાં રથ વડે વૃક્ષના જે શિખરો (અગ્રભાગ) નમાવ્યા હતા, તે આજે પણ જેવા હતા તેવા છે. તેથી પર્વતનું રથાવર્ત એ પ્રમાણે નામ પ્રસિદ્ધિને પામ્યું. શ્રી વજ્રસ્વામિ અને સ્થવિર ભગવંતો સારી રીતે અનશનને સાધીને દેવલોકની આભૂષણ સમાન થયા. શ્રી વજ્રસ્વામી સ્વર્ગે જતાં દશમું પૂર્વ અને અર્ધનારાચ સંઘયણ વ્યુચ્છેદ = નાશ પામ્યા. હવે વજ્રસેન નામના મુનિ સોપારકપત્તનમાં ચાર ગણની સ્થાપના કરીને જિનશાસનના પ્રભાવક થયા.

આ પ્રમાણે શ્રી વજ્રસ્વામીના રૂડા ચારિત્રને હૃદયરૂપી કમળમાં ભ્રમરની જેમ ધારણ કરીને સિદ્ધાંતના પાઠને વિષે અને સુકૃતના એક સારરૂપ કથાપ્રબંધમાં યત્ન કરો.

**આમ પ્રાવચનિક પ્રભાવક અને ધર્મકથિક પ્રભાવક એમ બંને પ્રભાવકના વિષયમાં શ્રી વજ્રસ્વામિની કથા સંપૂર્ણ થઈ.**

## ત્રીજા વાદિ પ્રભાવકનું સ્વરૂપ

ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :

**वाई पमाणकुसलो, रायदुवारेऽवि लद्धमाहप्पो ।**

**ગાથાર્થ : જે સૂરિ પ્રમાણ ગ્રંથોને વિષે કુશલ છે અને જેમણે રાજદ્વારે પણ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી છે તે વાદી પ્રભાવક જાણવા.**

**ટીકાર્થ : 'वाइत्ति'** = તે વાદી પ્રભાવક કહેવાય છે એ પ્રમાણે સંબંધ છે. જે **'प्रमाणकुशलः'** = બૌદ્ધ આદિ મતને સંમત એવા પ્રત્યક્ષાદિ પ્રમાણો, વળી કહ્યું છે કે,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ચાર્વાક માત્ર એક પ્રત્યક્ષ પ્રમાણ જ માને છે, બૌદ્ધ પ્રત્યક્ષ પ્રમાણ તથા અનુમાન પ્રમાણ એ બે પ્રમાણ માને છે. કણાદ મતવાળા પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ એ ત્રણ પ્રમાણ માને છે. તેમજ પારમર્ષ (સાંખ્ય) પણ ત્રણ પ્રમાણ માને છે. અક્ષપાદ (ન્યાય) મતવાળા ઉપમા સાથે એ ત્રણ પ્રમાણને = ૪ પ્રમાણને માને છે. પ્રભાકર મતવાળા અર્થાપત્તિ સહિત પાંચ પ્રમાણ માને છે. ભટ્ટ મતવાળા અભાવ સહિત તે સર્વે પ્રમાણને = ૬ પ્રમાણને માને છે. અને જૈન મતવાળા તો સ્પષ્ટ અને અસ્પષ્ટ એ બે જ પ્રમાણ માને છે. (અહીં સ્પષ્ટ = પ્રત્યક્ષ અને અસ્પષ્ટ = પરોક્ષ પ્રમાણ) तत्र= આવા પ્રમાણ ગ્રંથોમાં જે **कुशल:** = પ્રવીણ છે. ખરેખર ! પ્રમાણ ગ્રંથોને નહિ જાણનારો, વાદને માટે પ્રવૃત્ત થયે છતે હાસ્યાસ્પદ બને છે. આથી જ પ્રમાણગ્રંથોને વિષે પ્રવીણ જ હોવો જોઈએ. વળી તે વાદી કેવો વિશિષ્ટ હોય ? તો કહે છે કે '**लब्धमाहात्म्य:**'= પ્રાપ્ત કરાઈ છે પ્રતિષ્ઠા જેના વડે તે. માત્ર લોકમાં નહિ પરંતુ રાજદરબારમાં પંડિતોથી યુક્ત સભામાં પણ પ્રતિષ્ઠા પામેલા હોય છે. તેથી જ '**लब्धमाहात्म्य**' આ વિશેષણ સાર્થક છે. ખરેખર ! જેણે પ્રતિષ્ઠાને પ્રાપ્ત નથી કરી તે લોકોમાં વાયડાની જેમ ગમે તેમ પ્રલાપ કરતો ગૌરવના સ્થાનને પામતો નથી. માટે બે વિશેષણવાળો જે હોય તે વાદી જાણવો. વાદી, પ્રતિવાદી, સભ્ય, સભાપતિવાળી સભામાં, વિરોધી પક્ષના ખંડનપૂર્વક અવશ્ય પોતાના પક્ષનું સ્થાપન બોલે (કરે) તો તે વાદી પ્રભાવક જાણવા. આ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ જાણવો. ભાવાર્થ તો **મલ્લવાદિસૂરીજી**ના ચરિત્રથી જાણવો અને તે આ પ્રમાણે છે :-

અહીં ભરતક્ષેત્રમાં ભરૂચ નામનું શ્રેષ્ઠ નગર છે. અશ્વાવબોધ ચૈત્યની ધજાના બ્હાનાથી સ્વર્ગની પણ તે મશ્કરી કરતું હતું. ત્યાં જિનશાસનના શણગાર **જિનાનંદ** નામના ગણધર હતા. એકવાર બુદ્ધવાદી એવા બુદ્ધાનંદે તેમને આ પ્રમાણે કહ્યું, "પરસ્પર વાદ વડે જે જીતે તેણે અહીં (ભરૂચમાં) રહેવું અને બીજો (હારેલો વાદી) (ભરૂચની બહાર) જાય. આ પ્રમાણે કહીને તે પછી બંને વચ્ચે વાદ શરૂ થયો. વાદ કરતા કરતા ભાગ્યયોગે સૂરિ ભગવંત તેની આગળ હારી ગયા. તેથી ત્યાંથી નીકળીને સંઘ સહિત આચાર્ય ભગવંત વલ્લભીપુરે ગયા. બુદ્ધાનંદ નામના ભિક્ષુએ જીતવાથી તે અપમાનના કારણે ખીલે બંધાયેલી ગાયની જેમ આચાર્ય ભગવંત દુ:ખપૂર્વક રહે છે.

આ બાજુ **વલ્લભીપુર**માં આચાર્ય ભગવંતની નાની બહેન **દુર્લભદેવી** હતી. અને તેને **અજિતયશ, યક્ષ** અને **મલ્લ** નામના ત્રણ પુત્રો હતા. તે શ્રી દુર્લભદેવીએ રત્નાદિ છોડીને, ત્રણે પુત્રો સહિત વિસ્મયકારી રત્નત્રયને લીધા = દીક્ષા લીધી. તે આચાર્ય ભગવંતની કૃપાથી સમગ્ર ગુણરત્નના ભાજન રૂપ થઈ. કરેલી કલ્પતરૂની સેવા શું ક્યારે પણ નિષ્ફળ થાય ? તેણીનું સમગ્ર ધર્મકાર્યમાં વિચારણા પૂર્વકનું સામર્થ્ય જાણીને સંઘે વિચાર્યું કે, "આ આર્યા જ્ઞાનભંડારના કાર્ય માટે ઉચિત છે." તેથી સંઘની સંમતિથી, આચાર્ય ભગવંત વડે જ્ઞાન ભંડાર આદિના સઘળા કાર્યોને માટે સ્થપાયેલી એવી તે ગુણો વડે પરમ ઉન્નતિને પામી.

તેણીના ત્રણે પુત્ર મુનિઓ પણ સિદ્ધાંતના સાર રૂપ મકરંદને ભ્રમરની જેમ હંમેશા ગુરુમુખકમલથી આકંઠ પાન કરી રહ્યા છે. આચાર્ય ભગવંતે તેમને પૂર્વગત નયચક્રવાલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામના પ્રમાણગ્રંથને છોડીને સર્વશાસ્ત્રો (વિદ્યાઓ) ભણાવ્યા. પ્રમાણવાદના નામના પૂર્વના સારનો ઉદ્ધાર કરીને આચાર્ય ભગવંતે જે નયચક્ર નામનું શાસ્ત્ર નિર્માણ કર્યું તેને ભણવાને માટે તેની આદિ-મધ્ય અને અંતમાં પરિવાર સહિત અતિ મહોત્સવપૂર્વક ગુરુ-ચૈત્ય-સંઘની પૂજા કરવી. દેવોથી અધિષ્ઠિત એવા આ ગ્રંથની પૂર્વમાં કહેલી આ રીત (વિધિ) કલ્યાણને માટે કરવા યોગ્ય છે. અન્યથા મહા અનર્થ માટે થાય છે. સૂરિ પણ અદ્‌ભૂત પ્રજ્ઞાવાળા બાળ મલ્લને જાણીને ખરેખર આ પુસ્તકને તે જાતે જ વાંચશે તેથી ગુરુ ભગવંતે તેની માતા આર્યાને સાક્ષી રાખી તેને કહ્યું, "નયચક્ર ગ્રંથ નામના આ પુસ્તકને તું વાંચીશ નહી. (ભણતો નહી.) એમ હિતશિક્ષા આપી, તેને આર્યાની પાસે મૂકીને લોકોને પ્રતિબોધ કરવા અન્યત્ર વિહાર કર્યો.

ત્યારે મલ્લમુનિ ચિંતવે છે કે, "શ્રુતસાગર એવા સૂરિ ભગવંતે શા માટે મને નયચક્ર નામનો તર્કગ્રંથ વાંચવા માટે નિષેધ કર્યો ? અભિલાપ્ય શ્રુતના અક્ષરો સર્વત્ર સરખા હોય છે. રાક્ષસથી બાળકને બીવડાવે તેમ મને કેમ આનાથી બીવડાવ્યો ? અહીં કોઈ અપૂર્વ કારણ હશે તેથી મને નિષેધ કર્યો લાગે છે. તેથી એને વાંચીને હું ક્યારે કૃતાર્થ બનીશ ? વળી કહ્યું છે કે, "ખરાબ આચરણવાળી સ્ત્રી અને બાળચેષ્ટાને કરતો એવો બાળક નિશ્ચયથી યોગ્યાયોગ્યના વિચારને કદાગ્રહથી છોડતા નથી. વળી દિવ્ય શક્તિથી બાહુ વડે કદાચ અપાર એવો પણ સાગર તરી જવાય પરંતુ પોતાના મનમાં પેદા થયેલો અસદ્‌ગ્રહ કામની (ઈચ્છાની) જેમ ક્યારે પણ મુકાતો નથી.

તેથી તેને વાંચવાને માટે મનમાં નિશ્ચય કરેલા મલ્લમુનિએ, વાંચવામાં વિઘ્ન ન થાય માટે ભંડારના રક્ષણ કાર્યમાં સજ્જ એવી માતાને પૂછ્યું નહિ. તેથી અવસરને પ્રાપ્ત થયેલા તેમણે માતા આર્યાની નજર ચૂકવી, તે પુસ્તકને લઈને આ પ્રમાણે વાંચવાને લાગ્યો. હર્ષથી (ગ્રંથના) પહેલા પાનાને હાથમાં લઈ ગ્રંથ વિસ્તારના પરમાર્થને જણાવનારો પ્રથમ શ્લોક આ પ્રમાણે વાંચ્યો, "વિધિ, નિયમ, ભાંગા અને વૃત્તિથી રહિત હોવાથી જૈન દર્શનથી અન્ય શાસન અનર્થકારી છે, અબોધવાળું છે, સાચું નથી. આ પ્રમાણે વૈધર્મ્યપણું છે.

જેટલામાં મલ્લમુનિ આંખ બંધ કરી પ્રથમ શ્લોકનું ચિંતન કરે છે તેટલામાં તો શાસનદેવીએ સહસા તે પુસ્તકને હરી લીધું. આંખ ઉઘાડીને તે પુસ્તકને નહીં જોતાં નિધાન ચાલ્યું ગયું હોય એવા રાંકડાની જેમ વ્યગ્ર ચિત્તવાળા તે હાથોને ઘસે છે. હા.. હા..! ધિઠ્ઠાઈ વડે ગુરુની આ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી મેં પુસ્તકરત્ન ગુમાવ્યું, વળી ચારિત્રરત્ન પણ ગુમાવ્યું. અવિધિમાં તત્પર એવા મેં જેવું અકાર્ય કરવાનો પ્રારંભ કર્યો તેવું જ તેનું અવિકલ સેંકડો દુઃખ ઉત્પન્ન કરનારું ફળ મળ્યું. આમ પશ્ચાતાપથી દીનમુખવાળા મુનિને જોઈને આર્યાએ પૂછ્યું, "હે વત્સ ! જાણે તારી સાર વસ્તુ લૂંટાઈ ગઈ હોય તેમ વિષાદવાળો (ખિન્ન) કેમ દેખાય છે ?"

ત્યારે મલ્લમુનિએ પોતાનો સર્વ વૃત્તાંત માતાની આગળ કહ્યો. માતાએ પણ અતિ દુઃખકારી તે વાત સંઘની આગળ કહી. તે સાંભળીને અતિ વિષાદને પામેલો સંઘ પણ ઝૂરવા લાગ્યો કે, **'ચિંતામણિ રત્નની જેમ આ નયચક્ર પુસ્તક જગતમાં બીજે ક્યાંય નથી.'** ત્યારે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મલ્લમુનિએ કહ્યું, "જ્યાં સુધી નયચક્ર ગ્રંથની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી હું વાલનું ભોજન કરીશ = છ વિગઈઓનો ત્યાગ કરીશ અને પર્વત ઉપર (ગુફામાં) હું રહીશ.** સાધુઓમાં મલ્લ સમાન એવા મલ્લ મુનિના આ ઉગ્ર અભિગ્રહને જાણીને સંઘ પણ મનને વિષે રહેલા શલ્યની જેમ અતિ દુઃખને ધારણ કરે છે. અતિ દુઃખ પામેલા સંઘે તેમના ચરણમાં પડીને મુનિને કહ્યું (વિનંતિ કરી) કે, "માત્ર વાલના આહારથી વાયુથી તમારું શરીર વિનાશ પામશે. તેથી કૃપા કરીને દેહની રક્ષા માટે તમે વિગઈને ગ્રહણ કરો." આમ સંઘના આગ્રહથી તેમણે તે વચન સ્વીકાર્યું (અને) શાસ્ત્રમાં કહ્યું પણ છે, "કૃતકૃત્ય હોવા છતાં પણ ત્રિભુવન ગુરુ (એવા જિનેશ્વર ભગવંત) મસ્તકને વિષે હસ્તકમલને ધારીને (જોડીને) જે સંઘને માને છે = સંઘને પ્રણામ કરે છે તો તે સંઘની આજ્ઞાનું કોણ ઉલ્લંઘન કરે ?" અને ચઉમાસીના પારણાના દિવસે તે વચનને સ્વીકારીને, વલ્લભીપુર નગરની સમીપમાં આવેલી ગિરિગુફામાં તે મુનિ રહ્યા અને ત્યાં નયચક્ર ગ્રંથના પ્રથમ શ્લોકના અર્થને ચિંતવતા હતા, સાધુઓ ત્યાં જઈ ભાત-પાણીથી તેમની ભક્તિ કરતા હતા.

તે પછી ચતુર્વિધ સંઘે પણ પૂજન વડે શ્રુતદેવીની આરાધના કરી. ઉપયોગ મૂકેલી તે દેવીએ પણ રાત્રિમાં મલ્લમુનિને આ પ્રમાણે પૂછ્યું, "કઈ ચીજ સ્વાદિષ્ટ છે ?" મલ્લમુનિએ કહ્યું, **"વાલ."** વળી પણ છ માસ ગયે છતે શ્રુતદેવીએ તે જ પ્રમાણે પૂછ્યું કે, "કોની સાથે ?" ત્યારે અવધારણ કરવામાં અગ્રેસર તેમણે પણ કહ્યું, "ઘી-ગોળની સાથે." આવા પ્રત્યુત્તર સાંભળીને ચિત્તમાં ચમત્કાર પામેલી તે શ્રુતદેવીએ પ્રત્યક્ષ થઈને કહ્યું, "હે મલ્લ ! મારી પાસે વાંછિત અર્થને માંગ જેથી તેને કલ્પવેલડીની જેમ હું પુરૂં.." ત્યારે તેણે કહ્યું, "જો તું સાચી જ પ્રસન્ન થઈ હોય તો જિનરહસ્યમય નયચક્ર ગ્રંથ નામના પુસ્તકરત્નને મારા કરકમલમાં આપ." શ્રુતદેવીએ પણ કહ્યું, "તારા મુખકમળથી નીકળતા પહેલા શ્લોકથી જ તું સવિશેષ રીતે અગ્રીમતાને પામીશ = સર્વ વાદીઓમાં અગ્રેસર થઈશ." આ નયચક્ર ગ્રંથરત્નને આપીને અને તેના શ્રેષ્ઠ અર્થ સંઘને કહીને શાસનદેવી અદશ્ય થઈ ગઈ. ત્યાર પછી મલ્લમુનિના મુખરૂપી કુંડમાંથી સરસ્વતીના પ્રવાહની જેમ નીકળીને નયચક્ર મહા સમુદ્રમાં અવતર્યો અને તેના માહાત્મ્યથી તે જગમાં શ્રેષ્ઠ યશ પામ્યા. સંઘે મોટા મહોત્સવપૂર્વક વલ્લભીપુર નગરમાં તેમનો પ્રવેશ કરાવ્યો. પછી મુનિપ્રવર મલ્લમુનિને પ્રાર્થના કરીને પ્રસન્ન થયેલા સંઘે નયચક્ર વિવરણમાં પ્રથમ આ શ્લોક લખ્યો, "નયચક્રથી સમસ્ત વિપક્ષના પરાક્રમને જીતનાર, જિનવચન રૂપી આકાશને વિષે સૂર્ય સમાન એવા શ્રી મલ્લવાદીસૂરિ જય પામે છે."

ત્યાર પછી સંઘે વિનંતિ કરીને **જિણાણંદ** ગુરુને બોલાવ્યા. (લાવ્યા) અને **અજિતયશ, જક્ષ અને મલ્લમુનિને સૂરિપદે સ્થાપન કર્યા.** ગુણ રૂપી મણિના નિધાન એવા એ ત્રણેએ પ્રતિપક્ષને જીતીને મહાનતા પ્રાપ્ત કરી. તેમાં પણ અજિતયશ આચાર્ય ભગવંતે શ્રેષ્ઠ પ્રમાણશાસ્ત્રની રચના કરી. પૂર્વગત સૂત્રોને ધરનારા, પ્રમાણ વિદ્યાથી દેવ-દેવીને જીતનારા, વાદીઓને માટે શલ્ય સમાન એવા મલ્લમુનિ (એકવાર) મનમાં આ પ્રમાણે વિચરવા લાગ્યા,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જે બુદ્ધાનંદે અમારા ગુરુને જીતીને, જે શાસનનું માલિન્ય કર્યું છે તે શલ્યની જેમ ચિત્તમાં ખટકે છે. ક્યારે એ ધન્ય દિવસ આવશે કે જેથી ગુરુના વૈરીને જીતીને જિનશાસન રૂપી આકાશને સૂર્યની જેમ પ્રકાશિત કરીશ ?"

આ પ્રમાણે વિચારીને ભૃગુકચ્છ નગરમાં જઈને રાજાને કહેવડાવ્યું કે, "મલ્લની જેમ બળવાન મલ્લસૂરિ બુદ્ધના શિષ્ય બુદ્ધાનંદ સાથે વાદ કરવા ઈચ્છે છે. તેથી તત્ક્ષણ રાજાએ બુદ્ધાનંદને બોલાવવા માટે કહ્યું. તેણે ઉત્તર આપ્યો, "શૂરવીર શું યુદ્ધથી પરાઙ્મુખ બને ?" જેમાં સદ્ભૂત વચન અને ગુણને જાણવામાં કુશળ સભ્યો છે, સપક્ષથી શોભતા વાદી-પ્રતિવાદી જ્યાં ઉપસ્થિત થયા છે એવી સભામાં રાજા સ્વયં બેઠા.

સભ્યોએ તેમને કહ્યું કે, "તમારામાંથી પ્રથમ વાદ કોણ કરશે ?" ત્યારે બુદ્ધાનંદે કહ્યું, "આ મલ્લસૂરિ જ વાદ કરે, કેમ કે પૂર્વે પંડિતો સમક્ષ આના ગુરુનું માન મેં ખંડિત કર્યું હતું તો અત્યારે આ બાળની સાથે વિવાદ કરવો એ લજ્જા રૂપ છે. વળી તેને હું વાદમાં જીતીશ એટલે તે લજ્જા પામશે." તેથી હાથીની જેમ ગર્જારવ કરતા મલ્લસૂરિએ નિઃશંકપણે પ્રથમ વાદની શરૂઆત કરી. જૈનદર્શનને માન્ય પાંચ પ્રકારના પ્રત્યક્ષ અને પાંચ પ્રકારના પરોક્ષ પ્રમાણ રૂપી તીક્ષ્ણ બાણો વડે રણમાં મલ્લ (યોદ્ધો) જેમ સેનાનું ખંડન કરે તેમ મલ્લસૂરિ બુદ્ધના બળને ખંડન કરે છે. પ્રલયકાળના પવનથી ઉછળેલી નયચક્રરૂપી મહાસમુદ્રની લહરીમાં બૌદ્ધમતરૂપી પૃથ્વીવલયને તેમણે ચારેબાજુથી ડૂબાડી દીધું. ૮૪ પ્રમાણરૂપી બાણોથી પ્રાપ્ત થયેલા મહા કાદવમાં બુદ્ધ રૂપી ગાય તેવી રીતે ખૂંપી ગઈ કે જેથી તે બહાર નીકળવા સમર્થ ન બની. રાજાની સમક્ષ બહુ હેતુ - યુક્તિથી યુક્ત, અતિ ગૂઢાર્થવાળા પ્રશસ્ત વર્ણ વડે છ દિવસ સુધી પૂર્વપક્ષ કહીને સાતમા દિવસે મલ્લે બુદ્ધાનંદને કહ્યું, "મારા વચનોનો તું અનુવાદ કર." ત્યારે "હું કહું છું" એમ કહીને બુદ્ધાનંદ મૌન રહ્યા.

પછી સર્વ રાજાદિ લોકો ઉઠીને પોતાના ઘરે ગયા. બૌદ્ધાનંદ પણ પોતાના મકાને ગયા અને રાત્રિમાં વાદીના પૂર્વપક્ષનું ચિંતન કરવા લાગ્યા. મલ્લવાદી રૂપી સૂર્યએ કહેલા વિકલ્પો રૂપી કિરણની અંદર ઘૂવડની જેમ અતિ અંધ બનેલો, તે સ્થાનને નહિ પામતો એવો તે ભમે છે. ઓરડીની મધ્યમાં દીવો કરીને જે - જે વાદીના વચનોને તેણે લખ્યા, તેને માત્ર બુદ્ધાનંદ જ જાણે છે, અન્ય કોઈ જાણતું નથી. ત્યારે સર્વે પણ પૂર્વપક્ષના વચનોને તે ભૂલી ગયો. અરે ! રાજસભામાં તેને હું શું ઉત્તર આપીશ ? આમ વિચારતાં બુદ્ધાનંદના હાથમાં ખડી રહી ગઈ અને અપયશથી ભયભીત બનેલા તેણે સજ્જન જેમ દુર્જનનો ત્યાગ કરે તેમ પ્રાણોનો ત્યાગ કર્યો.

હવે બીજા દિવસે રાજસભામાં મલ્લવાદી સહિત સમગ્ર પ્રજાજન આવ્યા, પરંતુ ત્યાં ફક્ત આ બુદ્ધાનંદ જ આવ્યો ન્હોતો. હજી સુધી પણ પ્રતિવાદી કેમ નથી આવ્યો ? એમ રાજાએ પૂછતાં તેના ભક્તોએ કહ્યું, "નક્કી તે નિશ્ચિત રીતે નિદ્રાસુખને અનુભવતો હશે. શું હજુ સુધી બુદ્ધાનંદ જાગ્યો નથી ? એમ રાજાએ કહ્યું. કદાચ તેને સારું નહીં હોય તો જ દીર્ઘનિદ્રામાં સૂતો હશે. એટલે રાજાએ પોતાના માણસોને તેની તપાસ કરવા મોકલ્યા ને કહ્યું, "તેને જોઈને આવો." તેઓ ત્યાં જઈને અને દ્વાર ઉઘાડીને જુએ છે તો બંને પ્રકારના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણ જેના ચાલ્યા ગયા છે તેવો, ઉર્ધ્વ મુખવાળો, ખડી વડે જમીન ઉપર કાંઈક લખતો એવા બુદ્ધાનંદને જોયો. ત્યાંથી આવીને રાજપુરુષોએ રાજાની આગળ બુદ્ધાનંદની આ સર્વ હકીકત જણાવી. તે જ સમયે આકાશમાંથી **શાસનદેવીએ શ્રી મલ્લવાદીની** ઉપર **પુષ્પવૃષ્ટિ** કરી અને આ પ્રમાણે રાજાને કહ્યું, "હે નરેસર ! આ બુદ્ધાનંદ તો, શ્રી મલ્લવાદીએ કહેલી ગૂઢ ભાંગાવાળી જાળમાં મત્સ્યની જેમ પડ્યો, અને તેમાંથી નીકળવાનો માર્ગ નહી જાણવાથી ચિંતાથી સંતપ્ત થયેલો અને લજ્જાથી જલથી સિંચાયેલા ચૂર્ણના ઢગલાની જેમ હૃદય ફાટી જતા મરણ પામ્યો છે." આ વૃત્તાંતને સાંભળીને રાજાએ સર્વ બૌદ્ધોને તે રીતે પોતાના દેશમાંથી કાઢી મૂક્યા કે જેથી જઈને ફરી પાછા મારા બોધ માટે ન આવે. પછી ભક્તિથી ભરેલા રાજાએ અત્યંત મહોત્સવપૂર્વક ભરૂચમાં આચાર્ય જિણાણંદ પ્રમુખ ચતુર્વિધ સંઘને બોલાવ્યો. ત્યાર પછી શ્રી મલ્લવાદી ગુરુએ, (પોતાના) ગુરુએ કહેલી વિધિ મુજબ પૂજન કરીને નયચક્ર નામના ગ્રંથને સારી રીતે વાંચ્યો. શ્રી વર્ધમાન શાસનના પ્રભાવક તે મલ્લવાદી અહીં વાદીઓના સમૂહને જીતીને અને બૃહસ્પતિને જીતવાને માટે તે મલ્લવાદી સ્વર્ગમાં ગયા. કાંતિથી સૂર્ય સરખા દેદીપ્યમાન વાણીના તેજવાળા નયચક્રગ્રંથને પ્રાપ્ત કરીને ભરતક્ષેત્રમાં ચક્રવર્તીની જેમ લાખો પ્રતિપક્ષના મતનું જેમણે ખંડન કર્યું છે એવા તે શ્રી મલ્લવાદી ગુરુના શ્રેષ્ઠ ચરિત્રને જાણીને હે બુધજનો ! જિનશાસનની ઉન્નતિ કરવા માટે વાદને વિષે આદર કરો.

**વાદિ પ્રભાવક વિષયને વિષે શ્રી મલ્લવાદિની કથા પૂર્ણ થઈ.**

## ચોથા નૈમિત્તિક પ્રભાવકનું સ્વરૂપ

**ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે :**

**नेमित्तिओ निमित्तं कज्जंमि पउंजए निउणं ॥ ३८ ॥**

**ગાથાર્થ : જે મુનિ અષ્ટાંગ નિમિત્તનો શાસનની ઉન્નતિ માટે સુનિશ્ચિત રીતે ઉપયોગ કરે છે તે નૈમિત્તિક પ્રભાવક જાણવો.**

**ટીકાર્થ :** 'नेमित्तिओत्ति' = દિવ્ય[૧], ઔત્પાતિક[૨], અંતરીક્ષ[૩], ભૌમ[૪], અંગ[૫], સ્વર[૬], લક્ષણ[૭] અને વ્યંજન[૮]ના શ્રેષ્ઠ જ્ઞાન રૂપ અષ્ટાંગ નિમિત્તને જે જાણે છે તે નૈમિત્તિક જાણવો. અને તે અતીત, અનાગત અને વર્તમાનકાળને પ્રકાશિત કરે છે. 'कार्ये' = જિનશાસનની ઉન્નતિ માટે જે કરાય છે. **અકાર્ય** માટે નિમિત્તનો ઉપયોગ કરવામાં આવે તો મહાત્માઓને મહા અનર્થને માટે અને તપના ક્ષય માટે થાય છે. વળી **ધર્મદાસગણિએ** કહ્યું છે કે, "જ્યોતિષ, નિમિત્ત, અક્ષર, કૌતુક, આદેશ, ભૂતિકર્મ કરવાથી કે, તેની અનુમોદના કરવાથી સાધુને તપનો ક્ષય થાય છે." તો પછી કેવી રીતે તેનો ઉપયોગ કરવો ? તો કહે છે કે જેથી સુનિશ્ચિત અર્થવાળું થાય તેમ નિમિત્ત કહેવું. ઉલ્ટું ઈચ્છા પ્રમાણે જેમ તેમ પ્રલાપ કરવાથી શાસનની અપભ્રાજના જ થાય છે એ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ જાણવો. ભાવાર્થ તો શ્રી **ભદ્રબાહુસ્વામિના** દૃષ્ટાંતથી જણાવાય છે. તે આ પ્રમાણે :-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમૃદ્ધિથી શ્રેષ્ઠ**, સકલ પદાર્થોથી ગરિષ્ઠ મહારાષ્ટ્રદેશમાં, ધર્મીજનોના અગણ્યપુન્યથી પ્રતિપૂર્ણ તેમજ કરિયાણાથી ભરેલા વહાણોના બંદરવાળું શ્રી **પ્રતિષ્ઠાન** નામનું નગર છે. જ્યાં શ્રેષ્ઠ મુનિઓ અને શ્રી મુનિસુવ્રતજિનના વચનરૂપી અમૃતના પાનથી આજે પણ લોકોમાં વિદ્વાનપણું પ્રગટપણે દેખાય છે. ત્યાં ચૌદ વિદ્યાના સ્થાનનો પારગામી, ષટ્કર્મના મર્મને જાણનાર, સ્વભાવથી ભદ્રિક **ભદ્રબાહુ** નામનો બ્રાહ્મણ હતો. પ્રેમરૂપી કમળને વિષે ભ્રમર સમ **વરાહમિહિર** નામનો ભાઈ હતો.

એક વાર ત્યાં ચૌદ પૂર્વ રૂપી રત્નોના સ્વામી, નવતત્ત્વરૂપી શ્રેષ્ઠ નિધાનથી પ્રાપ્ત કર્યું છે. મહાભદ્રપણું એવા **શ્રી યશોભદ્રસૂરિ** ચક્રવર્તી ઉદ્યાનના વનમાં સમોસર્યા. તેમને વંદન કરવા માટે 'હું જાઉં' 'હું જાઉં' એમ જતા એવા સમગ્ર લોકને જોઈને, કાંઈક હર્ષ પામેલા ભદ્રબાહુ વરાહમિહિરની સાથે સૂરિને વંદન કરવા ગયા. તેમને વંદન કરી કાંઈક પરમાનંદની અનુભૂતિ કરતો તે ઉચિતસ્થાને બેઠો. ત્યારે સૂરિ ભગવંતે નિર્વેદને ઉત્પન્ન કરનારી દેશના આપી, "ચાર ગતિ રૂપ ગહન, ૮૪ લાખ યોનિથી પ્રધાન એવો સંસાર દુઃખ રૂપ છે. અહીં જીવોને ક્ષણમાત્ર પણ થોડુંય શ્રેષ્ઠ સુખ નથી. તેથી તે સંસારના ઉચ્છેદ માટે જિનેશ્વર ભગવંતે કહેલા સાર રૂપ એવા ક્ષમાદિ ગુણવાળા સાધુધર્મને વિષે અને અનેક ગુણોથી યુક્ત એવા શ્રાવકધર્મને વિષે પ્રયત્ન કરવો જોઈએ." તે સાંભળીને વૈરાગ્યના તરંગોથી રંગાયેલા, ભાવિમાં જેનું કલ્યાણ છે, જેની મોહનિદ્રા નષ્ટ થઈ ગઈ છે એવા ભદ્રબાહુ પોતાના ભાઈ વરાહમિહિરને કહે છે, "હે વત્સ ! સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થયેલો હું આ ગુરુના ચરણકમળમાં સર્વ સંગનો ત્યાગ કરી નિર્દોષ એવી પ્રવજ્યા સ્વીકારીશ. તારે વળી ઘરકાર્યમાં સજ્જ રહેવું." ત્યારે વરાહમિહિરે તેને કહ્યું, "હે ભાઈ ! જો તમે સંસાર સાગર તરવા માટે ઈચ્છો છો, તો પછી વહાણ ભાંગી પડવાથી સમુદ્રમાં ડૂબતા માણસની જેમ હું શા માટે તેમાં ડૂબું ? વળી કહ્યું છે કે, સાકર સહિત ખીર જો બ્રાહ્મણોને અતિ પ્રિય છે તો તે શું બીજા માણસોને રૂચિકર ન હોય ?" આ પ્રમાણે દિક્ષાના અભિલાષવાળા તેને જાણીને 'આ પણ ભવાટવીમાં ન પડે' એમ વિચારી ભદ્રબાહુએ તેને પણ અનુજ્ઞા આપી. તેથી બંને ભાઈઓએ ગુરુ પાસે સર્વ સાવદ્યના ત્યાગના પચ્ચક્ખાણ કર્યા = દીક્ષા લીધી. ત્યાર પછી બંને પ્રકારની શિક્ષાને ગ્રહણ કરી ભદ્રબાહુ મુનિ અનુક્રમે ગુરુમુખ રૂપી કમળથી ભ્રમરની જેમ ચૌદપૂર્વના સૂત્રાર્થના રહસ્ય રૂપી મકરંદને પ્રાપ્ત કરીને સારા હિતવાળા સુવિહિત ચૂડામણી થયા.

આ બાજુ **શ્રીમદ્ યશોભદ્રસૂરિ**ના તેની (ભદ્રબાહુની) સમાન વિદ્યાના સ્થાન રૂપ, સુંદર ચારિત્રવાન્ એવા આર્ય **સંભૂતિવિજય** નામના શ્રેષ્ઠ બીજા શિષ્ય હતા. એક દિવસ શ્રુતકેવલી એવા સંભૂતિવિજય અને ભદ્રબાહુ નામના મુનિવરને સૂરિપદને યોગ્ય જાણીને, તેમને ગણધર પદે સ્થાપીને, શ્રી યશોભદ્રસૂરિ પોતે સંલેખના કરીને દેવલોકની લક્ષ્મીને શોભાવવા સ્વર્ગવાસી થયા. ત્યાર પછી ચંદ્ર-સૂર્યની જેમ વાણીના વિસ્તારથી મિથ્યાત્વ અંધકારનો નાશ કરતાં તેઓ બંને પૃથ્વી ઉપર જુદા જુદા વિચરવા લાગ્યા. હવે અલ્પ બુદ્ધિવાળા તે વરાહમિહિર મુની ચંદ્રપ્રજ્ઞપ્તિ - સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રમુખ કેટલાક ગ્રંથને જાણીને અહંકાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપી વિકારથી પીડાતા અને સૂરિપદની ઈચ્છા કરતા હતા ત્યારે "ગૌતમાદિ ધીરપુરુષોએ કહ્યું છે કે, 'વૃદ્ધ (ભારવાળો) એવો ગણધર શબ્દ જાણવા છતાં અપાત્રને વિષે જે સ્થાપન કરે છે તે મહાપાપી થાય છે..." આ શ્રુતવચનને સ્મરણ કરતાં એવા ગુરુએ 'આ અયોગ્ય છે' એમ જાણીને ગણધર પદે સ્થાપન કર્યા નહીં. તેથી વરાહમિહિરને શ્રી ભદ્રબાહુ ગણધર પોતાના મોટા ભાઈ હોવા છતાં તેના ઉપર પરમ અપ્રીતિ થઈ. જેથી આમણે મારા માનનું ખંડન કર્યું છે તેથી અહીં રહેવું યોગ્ય નથી અને કહ્યું છે કે, માનભંગ થતાં જો દેહનો ત્યાગ ન કરી શકે તો દેશનો ત્યાગ કરવો જોઈએ. (પણ) લોકોના કરપલ્લવ વડે ડંખ પામતા ભમવું યોગ્ય નથી." તે પાપકર્મના ઉદયથી ગુણ પર્વત ઉપર ચઢેલો એવો પણ આત્મા દોષ રૂપી ખાડામાં પડ્યો. અહો ! કર્મોનું કેવું દુષ્ટપણું છે કે જેથી તીવ્ર કષાયના ઉદયથી ઉત્તમ ગુણઠાણેથી મિથ્યાત્વ ગુણઠાણે પડેલો, બાર વર્ષ ચારિત્રનું પાલન કરેલા એવા વરાહમિહિર, રજોહરણને છોડીને ફરીથી સ્વભાવથી સિદ્ધ બ્રાહ્મણપણાને પ્રાપ્ત કર્યું. બ્રાહ્મણનો વેષ સ્વીકાર્યો. વળી કહ્યું છે કે, "સ્વભાવથી શીતલ એવું પાણી અગ્નિના યોગથી ગરમ થાય છે તો ફરીથી શું તે શીતલ થતું નથી ? જે કારણથી સ્વભાવ દુસ્ત્યાજ્ય છે."

ત્યાર પછી ચંદ્રપ્રજ્ઞપ્તિ - સૂર્યપ્રજ્ઞપ્તિ પ્રમુખ આગમ ગ્રંથોમાંથી કેટલાક - કેટલાક રહસ્યો ગ્રહણ કરી પોતાના નામ વડે **'વરાહસંહિતા'** એ નામના સવા લાખ શ્લોક પ્રમાણ જ્યોતિષ ગ્રંથની રચના કરી અને તે સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલું હોવાથી પ્રાયઃ સત્ય છે અને તેથી લોકને વિષે તે પ્રસિદ્ધ થયું. અને વળી અંગ-ઉપાંગમાંથી દ્રવ્યાનુયોગ વડે મંત્ર-તંત્રાદિ જાણીને અને તેનો ઉપયોગ કરીને લોકોના મનને રંજિત કરે છે. મિથ્યાદષ્ટિઓની આગળ પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહે છે કે, "હું બાર વર્ષ સૂર્યના માંડલામાં રહ્યો. ભગવાન સૂર્યે પણ પ્રસન્ન થઈ મને સમગ્ર ગ્રહમંડલના ઉદય-અસ્ત, વક્રાદિગતિ નક્ષત્રોનો સંચાર સ્થિતિ, યોગ, વિપાકાદિને બતાડ્યો અને પછી મને આ પૃથ્વી ઉપર મોકલ્યો. ત્યાર પછી મેં આ જ્યોતિષ શાસ્ત્રની રચના કરી. જો તે અસત્ય હોય તો શું હું પરિમિત કહી શકું ? (અર્થાત્ હું જે અપરિમિત કહું છું એ જ તેના સત્યપણાની સાક્ષી છે) મિથ્યાત્વથી અંધ બુદ્ધિવાળા બ્રાહ્મણો વજ્રપાત સરખા પણ તેના વચનોને તે રીતે (તહત્તિ કરીને) સ્વીકારે છે. અહો ! તેઓનો અજ્ઞાનનો વિલાસ તો જુઓ ! જે કારણથી વસ્ત્રના છેડે પથ્થરનો ટુકડો બાંધીને "આ લાડુ છે" એમ બોલતા ધૂર્તો વડે બાળકો જલ્દીથી ભોળવાઈ જાય છે. તેવી રીતે બ્રાહ્મણો તેના વચનને દેવના વચનની જેમ કરતા (માનતા) રહે છે. આ વરાહમિહિર મોહિત કરનારી એવી આકાશગામિની આદિ બહુ રૂપવાળી વિદ્યા વડે શોભતો, ગ્રહોના સમુદાય સાથે બાર વર્ષ ભમીને અને જ્યોતિષ શાસ્ત્રની રચના કરીને પૃથ્વી ઉપર અવતર્યો. ૧૪ વિદ્યાસ્થાનનો પારગામી થયો. આજ સુધી તેની આ પ્રમાણે પ્રસિદ્ધિ લોકમાં વિસ્તારને પામે છે. પ્રતિષ્ઠાન પુરના રાજા પણ 'આ વિચક્ષણ છે' એમ માની તેને પૂજે છે. જે કારણથી પૂજિતનો પૂજક એવો લોક પરમાર્થને જાણતો નથી. કાચના ટુકડા જેવો પણ તે 'ઈંદ્રનીલમણિ' એમ માનીને રાજાએ તેને રાજપુરોહિત કર્યો. રાજાઓ સાર વિચારવાળા હોતા નથી. અને રાજાની કૃપાને પામેલા એવા તેને પાત્ર જાણીને લોકો વિશેષથી તેને સન્માને છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એક વાર **શ્રી ભદ્રબાહુસ્વામી** સકલ પૃથ્વીને વચનામૃતથી સિંચન કરતાં પ્રતિષ્ઠાનપુરની બહારના ઉદ્યાનમાં સમોસર્યા. ત્યાં આવેલા સૂરીશ્વરને જાણીને નગરજનોથી પરિવરેલો રાજા વંદન કરવા ગયો. રાજાને અનુસરતો વરાહમિહિર પણ ગયો. તે સમયે રાજાની સમક્ષ એક પુરુષે વરાહમિહિરને વધામણી આપી કે, "હે દેવ ! હમણાં જ તમારા ઘરે પુત્ર ઉત્પન્ન થયો છે." તે સાંભળી હર્ષિત થયેલા રાજા વધામણી લાવનાર પુરુષને પારિતોષિક દાન આપી પુરોહિતને કહે છે, "તમે કહો કે આ તમારો પુત્ર કેવા પ્રકારનો થશે ? વળી તેનું આયુષ્ય કેટલું છે ? અને અમને તે પૂજનિક થશે કે નહિ ? હાલમાં સર્વજ્ઞપુત્ર, શત્રુ-મિત્ર ઉપર સમભાવવાળા **શ્રી ભદ્રબાહુસૂરી** પધાર્યા છે, અને જ્યોતિષચક્ર જોવામાં વિચક્ષણ એવા તમે પણ છો તેથી જ્ઞાનચૂડામણિ એવા તમે બંને પણ આ વિચારીને કહો."

ત્યારે સ્વભાવથી ચંચળ, બ્રાહ્મણ જાતિપણાના કારણે અને પોતાના જ્ઞાનનો ઉત્કર્ષ બતાવતો વરાહમિહર કહે છે, "હે મહારાજ ! મેં આ બાળકના જન્મકાલ, લગ્ન, ગ્રહ આદિ વિચાર કર્યો છે. (તે ઉપરથી) આ બાળક સો વર્ષના આયુષ્યવાળો થશે, તમને અને તમારા પુત્રોને પણ પૂજનીક બનશે, ૧૮ વિદ્યાસ્થાનનો પારગામી થશે. આવા સમયે જિનમતમાં નિમિત્ત કહેવાનો નિષેધ કરેલો છે એમ જાણવા છતાં પણ રાજાદિ લોકથી જિનશાસનની પ્રભાવના કરવા માટે 'રોગના નાશ માટે કરાયેલું કડવા ઔષધનું પાન ગુણને માટે થાય છે' એમ વિચારીને ગીતાર્થ શિરોમણી **શ્રી ભદ્રબાહુસ્વામી** તે પુત્રનું સાત દિવસને અંતે બિલાડાથી મરણ કહે છે.

તે વચનને સાંભળીને કોપથી પ્રજ્વલિત એવો વરાહમિહર રાજાને કહે છે, "હે દેવ ! જો એમનું આ વચન અન્યથા થાય તો તમારે આ પાખંડીને પ્રચંડ દંડ કરવો." આ પ્રમાણે કહીને રોષથી લાલચોળ આંખવાળો વરાહમિહર રાજાની સાથે પોતાના ઘરે ગયો. ત્યાર પછી તેણે જલ્દીથી જઈને તે બાળકને ઘરની અંદર ગુપ્તસ્થાને રાખ્યો અને ઘરની બહાર ચારે દિશામાં હાથમાં શસ્ત્રવાળા ઉદ્ભટ સુભટો સ્થાપન કર્યા. વળી ભોજનાદિ સામગ્રીથી સહિત ધાત્રી પણ અંદર જ ગાઢ રીતે બંને બારણાને બંધ કરીને જાગતી એવી તે બાળકનું રક્ષણ કરે છે. સાતમો દિવસ થયે છતે તે જ રીતે તેઓ રક્ષણ કરવા છતાં જેમાં બિલાડો કોતરેલો છે એવો અત્યંત મોટો દ્વારનો આગળીયો બાળક ઉપર અચાનક પડ્યો. તેના ઘાતથી બાળક મરણ પામ્યો. ધાત્રીએ હા ! હા ! એમ કોલાહલ કર્યો. કે હું રક્ષણ કરતી હોવા છતાં પણ ખોળામાં રહેલો આ બાળક અગ્નિ સમાન યમરાજા વડે હણાયો. વજ્રપાત સરખા તે વચનને સાંભળીને મૂર્ચ્છાથી બંધ આંખવાળો પુરોહિત ધસ... ધસ... અવાજ કરતો પૃથ્વી ઉપર પડ્યો. શીતલ ઉપચારથી ફરીથી ચેતનાને પામેલો પુરોહિત બંને બારણાને ખોલીને, મરેલા તે પુત્રને જોઈને, હૃદયને તાડન કરતો રડવા લાગ્યો, "હા... હા... રે દુષ્ટ ભાગ્ય ! કલ્પવૃક્ષને રોપીને મદોન્મત્ત હાથીની જેમ મારા પુત્રનું હે પાપી ! કેમ ઉન્મૂલન કરે છે ? વળી આ દુઃખથી પણ મારા જ્ઞાનનું અસત્યપણું થયું તે મારા હૃદયને શલ્યની જેમ વધારે દુઃખી કરે છે. આમ શોક કરતાં તેણે લોકોને પણ રોવડાવ્યા. તે વૃત્તાંતને જાણતાં રાજા પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં આવીને તેને પુરાણાદિમાં કહેલા સંસારની અનિત્યાદિ વચનો વડે પ્રતિબોધ કરે છે અને કહે છે, "હે વરાહમિહર ! **શ્રી ભદ્રબાહુસ્વામી**એ કહેલું જ્ઞાન સત્ય થયું, પરંતુ તેનું બિલાડાથી જે મરણ કહ્યું હતું તે અસત્ય લાગે છે તેથી તેના મરણના કારણને ધાત્રીને પૂછે છે. ધાત્રીએ પણ તે અર્ગલા લાવીને રાજાને બતાવી. તેના અગ્રભાગે કોતરેલા બિલાડાને જોઈને વિસ્મય પામેલો રાજા સૂરિરાજના ગુણકીર્તન કરવામાં વાચાળ મુખવાળો કહે છે કે, અહો ! લોકો ! શ્વેતાંબર મુનિઓની જ્ઞાન-લબ્ધિ રૂપી લક્ષ્મીને જુઓ જુઓ ! સત્યવચનવાળા સર્વજ્ઞપુત્રે જે કહ્યું હતું તે સત્ય જ થયું છે."

એમ ચમત્કાર પામેલો રાજા ઉઠીને **શ્રી ભદ્રબાહુ** ગુરુને પ્રણામ કરી પૂછે છે, "હે ભગવંત ! કયા કારણથી પુરોહિતનું વચન અસત્ય થયું ?" ત્યારે ગુરુભગવંતે કહ્યું, "હે મહારાજ ! આ તારો પુરોહિત તો ગુરુનો વિરોધિ = ગુરુદ્રોહી છે, વ્રતથી પતિત થયેલો, વિનષ્ટ બુદ્ધિવાળો છે, તે કારણથી તેનું વચન સત્ય થયું નહી (હોય નહિ) અને સર્વજ્ઞ ભગવંતે કહેલું જે વચન છે તે યુગાંતે પણ અન્યથા હોય નહિ." ત્યારે પરમાર્થને જાણેલો રાજા બોલ્યો, "હા ! મિથ્યાત્વરૂપી ધત્તુરાના પાનથી વ્યામોહિત મતિ વડે સર્વ પણ પૃથ્વીતલને સુવર્ણમય માનતા એવા મેં માનવજન્મને નિરર્થક ગુમાવ્યો તો હે ભગવંત ! કૃપા કરી મને શિક્ષા આપો, જેથી હું સુકૃતાર્થ થાઉં." ત્યારે ગુરુ ભગવંત પણ સભા સમક્ષ દુર્ગતિગમનના પ્રતિપક્ષ એવી ધર્મશિક્ષા રાજાને કહે છે. તે પણ તેને શેષની જેમ મસ્તક ઉપર વહન કરે છે. જ્યારથી માંડીને રાજા મૃત ક્લેવરની જેમ પુરોહિતની મતિને છોડીને જિનધર્મને સ્વીકારે છે ત્યારથી માંડીને લોકો તેને હસે છે.

તે વરાહમિહર પણ પોતાના પુત્રના મરણથી, પોતાનું જ્ઞાન જુઠું પડવાથી અને લોકોપવાદથી, સંસાર ઉપરથી નિર્વેદ પામેલો (પામી) સર્વથા સમ્યક્ત્વથી રહિત, મિથ્યાત્વને ગ્રહણ કરેલો, પરિવ્રાજક દીક્ષાને (સંન્યાસને) ગ્રહણ કરીને, મુનિઓ ઉપર પ્રદ્વેષને ધારણ કરતો, લાંબા કાળ સુધી અજ્ઞાન કષ્ટ-તપાદિને આચરીને, પાપશલ્યનો ઉદ્ધાર કર્યા વિના, મરીને, અલ્પઋદ્ધિવાળો વ્યંતર દેવ થયો. હવે તે વાણવ્યંતર દેવ વિભંગજ્ઞાનથી પોતાના પૂર્વભવને જાણીને, મિથ્યાત્વના ઉદયથી, જિનશાસન ઉપર ઘણો દ્વેષ ધારણ કરતો ચિંતવે છે કે, "ક્યારે હું પૂર્વભવના વૈરરૂપી સાગરને પવનપુત્ર (હનુમાન)ની જેમ ઉલ્લંઘન કરીને સુખી થઈશ ?" તેથી દેવકૃત્યને નહી કરતો, જિનભક્તિમાં રક્ત સાધુ-શ્રાવકાદિને ઉપસર્ગ કરવાની ઈચ્છાવાળો એવો તે તેઓના છિદ્રોને (દોષોને) શોધે છે. ત્યારે હંમેશા અપ્રમત્ત સાવદ્ય યોગથી વિરક્ત એવા સાધુ-સાધ્વીના આંધળાની જેમ કાંઈ પણ દોષો તેને દેખાયા નહિ અને તેઓના વાળને પણ મસળવાને અસમર્થ એવો તે હાથથી હાથને ઘસતો, દાંતથી હોઠને પીસતો, મુઠ્ઠીથી હૃદયને તાડન કરતો, ભીંત ઉપર મસ્તક અફાળતો વ્યથિત થયો. તેથી તેઓની પૂંઠ છોડીને ક્રિયા કલાપમાં શિથિલ એવા શ્રાવકોના છિદ્રોને શોધીને દુષ્ટ એવો તે વાણવ્યંતર તેમને વિવિધ ઉપસર્ગોને કરે છે. ત્યારે શાસ્ત્રજ્ઞ એવા શ્રાવકો બુદ્ધિથી વ્યંતરે કરેલા તે ઉપસર્ગને જાણીને પરસ્પર વિચારવા લાગ્યા કે, "જેમ સિંહ વિના હાથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વશ ન થાય, જેમ સૂર્ય વિના અંધકાર પડલ દૂર ન થાય, જેમ વહાણ વિના સાગર ન તરાય, જેમ ઔષધ વિના રોગ ક્ષય ન પામે તેમ (ભદ્રબાહુસ્વામી) ગુરુજી વિના આ ઉપદ્રવ નાશ નહી પામે. તેથી તેઓમાંથી કેટલાક સારી રીતે સૂચન કરી શકે તેવા શ્રાવકોને ઉપદ્રવ દૂર થાય માટે **શ્રી ભદ્રબાહુસ્વામી** પાસે મોકલ્યા અને વિનંતિ કરાઈ. ત્યારે તેઓએ પણ જ્ઞાનના બળથી વરાહમિહર-વ્યંતરની આ દુષ્ટ ચેષ્ટા જાણીને, શ્રી પાર્શ્વનાથ ભગવાનનું **'ઉવસગ્ગહરં સ્તોત્ર'** બનાવીને સંઘના કલ્યાણ માટે મોકલ્યું. સર્વે પણ તેનો પાઠ કરવા લાગ્યા. તેથી તે સ્તોત્રના પ્રભાવથી **પવનથી ઊડાડેલા પાંદડાની જેમ** તેણે કરેલો ઉપદ્રવ નાશ પામ્યો. કલ્પવેલડીની જેમ મનોવાંછિત અર્થને પૂરનારી શાંતિ થઈ. આજે પણ પ્રભાવશાળી એવા તે સ્તોત્રનો પાઠ કરતાં સર્વ ઈચ્છિત પ્રાપ્ત થાય છે.

હવે યુગપ્રધાનાચાર્ય **શ્રી ભદ્રબાહુસ્વામી** આચારાંગ[૧], સૂયગડાંગ[૨], આવશ્યકસૂત્ર[૩], દશવૈકાલિકસૂત્ર[૪], ઉત્તરાધ્યયન[૫], દશાકલ્પ[૬], વ્યવહારસૂત્ર[૭], સૂર્યપ્રજ્ઞપ્તિ[૮], ઉપાંગ[૯] અને ઋષિભાષિત[૧૦] એમ દશ શાસ્ત્રો ઉપર નિર્યુક્તિ કરીને, જિનશાસનની પ્રભાવના કરીને, પંચમ શ્રુતકેવલી પદને અનુભવીને અને અવસર આવ્યો ત્યારે અણસણ આદરીને **સ્વર્ગવાસી** થયા.

જેમ નિમિત્તના બળ વડે **શ્રી ભદ્રબાહુસ્વામીએ** રાજાને પ્રતિબોધ કર્યો તેવી રીતે હે ભવ્ય જીવો ! શાસનોન્નતિ માટે નાનો પણ ઉદ્યમ કરો.

**'નૈમિત્તિક પ્રભાવક'ના વિષયમાં શ્રી ભદ્રબાહુસ્વામીની કથા પૂર્ણ થઈ.**

# પાંચમા તપસ્વી પ્રભાવકનું સ્વરૂપ

ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :

**जिणमयमुब्भासंतो विगिट्ठखमणेहि भण्णइ तवस्सी ।**

**ગાથાર્થ :** જે વિકૃષ્ટ પ્રકારની તપસ્યા વડે જિનશાસનની પ્રભાવના કરે છે તે **પાંચમા 'તપસ્વી' પ્રભાવક** કહેવાય છે.

**ટીકાર્થ :** અટ્ઠમ આદિથી માંડીને એક વર્ષ સુધીના વિકૃષ્ટ પ્રકારના જે તપો અથવા અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ બાહ્યતપ તથા પ્રાયશ્ચિત્ત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ એ અભ્યંતરતપ એમ બાર પ્રકારના ઉત્કૃષ્ટ તપ વડે 'जिनमतं' = શ્રી અરિહંત પ્રભુના શાસનની 'उद्भासयन्' = પ્રભાવના કરનાર तपस्वी = તપને વિષે આચરણ કરનારો (તપમાં જ રમનારો) = તપસ્વી કહેવાય છે. એમ ગાથાના પૂર્વાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો વિષ્ણુકુમારના ચરિત્રથી જાણવો અને તે આ પ્રમાણે :

ભરતક્ષેત્રમાં જાણે ધનના ભંડારો ભૂમિમાં સ્થિર ન થયા હોય એવું કુરૂદેશની શોભા રૂપ **હસ્તિનાગપુર** નગર શોભે છે. ત્યાં ઉજ્જવલ એવા ઈક્ષ્વાકુ વંશ રૂપી કમળને વિકસિત કરનાર સૂર્ય સમાન, ક્ષત્રિયોના ક્ષેત્રમાં જય રૂપી અંકુરો પ્રગટાવનાર **પદ્મોત્તર** નામનો **રાજા** હતો. વિશ્વવિજેતા તેણે મોતીની માળા જેવા ચિત્તાકર્ષક યશ વડે અનેક વર્ણમય વિશ્વને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવર્ણમય બનાવ્યું. તેની **જ્વાલા** નામની પત્ની હતી. હું માનું છું કે અગ્નિની જ્વાલાની શ્રેણી જેવી ઉજ્જવલ કાંતિવાળી એવી તેણી વડે જિતાયેલી વીજળીની જ્વાલા જાણે વાદળમાં છૂપાઈ ગઈ. સારી પાંખવાળી, વિશાળ કાન્તીવાળી, વિવેક આદિ ગુણોથી શોભતી એવી તે જિનધર્મ રૂપી સરોવરને વિષે રાજહંસીની શોભા ધારણ કરતી હતી.

એકવાર ગર્જના કરતા સિંહના સ્વપ્નથી સૂચિત પરાક્રમી એવા પુત્રને તેણે જન્મ આપ્યો કે જે (મોટો થતા) **વિષ્ણુકુમાર** એ પ્રમાણે પ્રખ્યાત થયો. તે પછી ચૌદ સ્વપ્નોથી સૂચિત, સજ્જનોને પ્રશંસનીય, સૂર્ય જેવા તેજસ્વી એવા **મહાપદ્મ** નામના બીજા પુત્રને પણ તેણીએ જન્મ આપ્યો. અનુક્રમે તે બંને કલાઓથી, શરીરથી, શોભાથી વધવા લાગ્યા અને કામદેવની કામક્રીડાના ઉદ્યાન સરખા યૌવનને પામ્યા. ત્યાર પછી નિઃસ્પૃહપણાથી વિષ્ણુકુમારે યુવરાજપદ ન લીધું ત્યારે પિતાએ મહાપદ્મને યુવરાજ પદે બેસાડ્યો.

આ બાજુ ઉજ્જૈની નગરીમાં નરવર્મ રાજાનો મિથ્યાત્વને પોષનારી મતિવાળો નમુચિ નામનો ઉત્તમ મંત્રી હતો. એકવાર સારા વ્રતવાળા = સુંદર ચારિત્રવાળા એવા શ્રી મુનિસુવ્રતસ્વામીના **સુવ્રત** નામના શિષ્ય, પૃથ્વીતલને પાવન કરતા કરતા તે નગરીના ઉદ્યાનમાં પધાર્યા. તેમના ચરણોને નમસ્કાર કરવા માટે જતા એવા નગરજનોને જોઈને, "ઉત્કંઠાવાળા આ નગરજનો ક્યાં જાય છે ?" એ પ્રમાણે રાજાએ નમુચિને પૂછ્યું. તેણે પણ રાજાને કહ્યું કે આજે ઉદ્યાનમાં કેટલાક શ્વેતાંબર મુનિઓ આવ્યા છે. તેમને વંદન કરવા માટે આ નગરજનો જાય છે." હવે પૂર્વસંસ્કારના ઉદયથી રાજાએ મંત્રીને કહ્યું, "આપણે પણ જઈએ અને મુનીશ્વરને નમન કરીએ." રાજાના તે વચન સાંભળવાથી અંતરમાં ક્રોધ પામેલો નમુચિ બોલ્યો, "હે મહારાજ ! જો એમ જ હોય તો ત્યાં જઈને તેઓની સાથે હું વાદ કરું, પરંતુ તમારે તો ત્યાં માધ્યસ્થભાવ રાખીને રહેવું." આમ નિશ્ચય કરીને તેઓને નમન કરવા માટે રાજા અને મંત્રી ગયા. જેટલામાં રાજા સુવ્રતાચાર્યને નમીને યથાસ્થાને બેઠા, તેટલામાં તો રોષાયમાન થયેલા મંત્રીએ કહ્યું, "અરે ! અરે ! ત્રણે લોકમાં ન પ્રાપ્ત થાય એવા અલૌકિક દાંભિક શિરોમણી જો તું (સાચું) ધર્મતત્ત્વ જાણતો હોય તો મારી આગળ તું કહે. દુષ્ટ ચેષ્ટાવાળા તેને જાણીને આચાર્ય મૌન રહ્યા. શિયાળના અવાજથી સિંહ શું ક્યારે પણ ક્ષોભ પામે ખરો ? વળી કહ્યું છે કે, "ક્ષુદ્ર ઉપદ્રવોમાં મહાપુરુષો ક્ષોભ પામતા નથી. માછલાઓની દોડાદોડીથી શું સમુદ્ર ચલાયમાન થાય ખરો ? (ગુરુજી મૌન રહે છે તેથી) આ પ્રમાણે ગુરુનો પરાભવ થાય છે એમ સમજીને એક ક્ષુલ્લક મુનિ બોલ્યા કે, "જો તારી વાદ કરવાની ઈચ્છા હોય તો તારી એ ખણજને હું દૂર કરું. ક્યાં ખાબોચિયું અને ક્યાં મહાસાગર ? ક્યાં અંગારો અને ક્યાં સોનુ ? એમ ક્યાં જડ એવો તું અને ક્યાં સકલાગમપારગામી આચાર્ય ભગવંત ? તેથી તારા જેવા મૂર્ખની સાથે કેવી રીતે આચાર્ય ભગવંત વાદ કરે ? ખરેખર ! શિયાળની સાથે યુદ્ધ કરવું તે સિંહને માટે શરમજનક છે. તેથી ક્ષુલ્લક મુનિએ જ પ્રત્યક્ષ - અનુમાન પ્રમાણો વડે અને આગમમાં કહેલી યુક્તિઓ વડે ધર્મતત્ત્વને સારી રીતે સ્થાપીને - કહીને નમુચિને નિરુત્તર કર્યો. જાણે પાતાલમાં પ્રવેશવાની ઈચ્છાવાળો થયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તેમ લજ્જાના વશથી નમુચિ અધોમુખવાળો થયો અને જાણે મુનિએ તેનું સર્વસ્વ લઈ લીધું હોય તેમ (ઝંખવાણો થતો) પોતાના ઘરે ગયો.

મુનિ ઉપર અત્યંત ક્રોધને ધારણ કરતો એવો તે સાધુઓને મારવા માટે અર્ધરાત્રિએ તીક્ષ્ણ તલવાર લઈને ઉદ્યાનમાં ગયો, અને સાધુઓને હણવામાં આતુર થયેલો નમુચિ જેટલામાં તલવાર ખેંચીને દોડ્યો તેટલામાં તો શાસનદેવીએ તેને સ્તંભિત કરી દીધો. પાપના ભારેપણાથી જાણે તે ચેષ્ટા રહિત અને દુષ્ટ બુદ્ધિવાળો થયો. તેના ચરિત્રને જણાવવા માટે જ ન હોય તેમ ત્યારે સૂર્યોદય થયો. સવારે દેવી દ્વારા તેના વૃત્તાંતને સાંભળીને લોકો પાપી એવા નમુચિને હા-હા ! ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ એમ નિંદવા લાગ્યા. દયાળુ આચાર્ય ભગવંતે દેવીને કહીને બંધનમાંથી મુક્ત કરાવ્યો. જે કારણથી સંત પુરુષો સહુનું કલ્યાણ કરનારા હોય છે. નમુચિનું આ ચરિત્ર જાણીને રાજાએ પણ દુષ્ટ વૃત્તિવાળા તે મંત્રીને પોતાના દેશમાંથી કોહી ગયેલા કાનવાળી કૂતરીને જેમ ઘરમાંથી બહાર કાઢે તેમ કાઢ્યો. ત્યાંથી કઢાયેલો (છૂટો થયેલો) નમુચિમંત્રી શ્રી હસ્તિનાપુરમાં જઈને મહાપદ્મકુમારના (રાજાના) મંત્રી તરીકે ગોઠવાયો.

આ બાજુ કુરુદેશના સીમાડે **સિંહબલ** નામનો રાજા સ્વભાવથી ખરાબ ચાલવાળો કિલ્લાથી સિંહની જેમ નીકળીને હંમેશા હુમલાઓ કરવા વડે બાજપક્ષીની જેમ અત્યંત કપટથી મહાપદ્મ કુમારના ગામોને તે ભાંગતો હતો. એકવાર શ્રી મહાપદ્મ રાજાએ નમુચિને કહ્યું, “આપણા યોદ્ધાઓમાં મહાન યોદ્ધો કોણ છે ? કે જે આ સિંહબલને જીતી શકે ?” ત્યારે બે હાથ જોડીને તેણે મહાપદ્મ રાજાને કહ્યું, “હે સ્વામી ! (દાસ) નોકર એવો હું આપને આધીન હોતે છતે (આ કાર્ય માટે) બીજાને શા માટે આદેશ આપવો ?” ત્યારે આજ્ઞા અપાયેલા બુદ્ધિમાન, બલ અને છલની કળાના ઘર સમાન એવા તેણે કિલ્લાને ભાંગીને અને સિંહબલ રાજાને બાંધીને મહાપદ્મ રાજા પાસે લાવ્યો. ત્યારે ખુશ થયેલા રાજાએ, “હે મંત્રી ! વરદાનને માંગ.” એ પ્રમાણે કહ્યું. ત્યારે તેણે પણ રાજાને કહ્યું, “હે પ્રભો ! કોઈક અવસરે માંગીશ.”

આ બાજુ જિનશાસન ભક્તા એવી શ્રી જ્વાલાદેવીએ (જૈનતીર્થોની) યાત્રા કરવા માટે અરિહંત પ્રભુનો રથ તૈયાર કરાવ્યો. મિથ્યાદૃષ્ટિ એવી લક્ષ્મી નામની તેની શોક્ય, ઈર્ષ્યાથી બ્રહ્માના રથને નગરમાં પહેલા ફેરવવા ઈચ્છે છે. “જેવું વૈર શોક્યોના હૃદયમાં સાક્ષાત્ હોય છે તેવું વૈર તો દેવ-દાનવો વચ્ચે કે સાપ-ગરૂડ વચ્ચે પણ નથી હોતું.” શોક્યની તેવા પ્રકારની ચેષ્ટા જોઈને કોપ રૂપી વાયુથી જ્વાલાની જેમ જ્વાલાદેવી બળવા લાગી અને તેણે રાજાને કહ્યું, “જો લક્ષ્મી દ્વારા બ્રહ્માનો રથ નગરમાં પહેલા ફેરવવામાં આવશે તો હે નાથ ! હું મરણને શરણ થઈશ. હે નાથ ! મારું વચન ફોગટ ન માનો.” અનર્થ રૂપી માર્ગમાં લઈ જનાર તે બંનેની સ્પર્ધાને જાણીને બુદ્ધિમાન એવા રાજાએ બંનેની રથયાત્રાનો નિષેધ કર્યો. હવે માતાના તે અપમાનને જાણીને મહાપદ્મકુમાર વિચારવા લાગ્યો કે, “ખરેખર ! મને ધિક્કાર છે કે જેની માતા આ પ્રમાણે અત્યંત દુઃખી છે.” મારી માતા અને શોક્યમાતાનું જ્યાં પિત્તળ અને સોના જેવું સામ્ય છે ત્યાં રહેવું તે મારા માટે ઊચિત નથી. મુક્તાત્માની જેમ જલ્દીથી હું અન્યત્ર ચાલ્યો જાઉં. આમ વિચારીને મહાપદ્મકુમાર કમળના વનના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવાસમાંથી જેમ હાથી નીકળે તેમ જલ્દીથી નીકળીને વન-પૃથ્વીને વિષે વિચરવા લાગ્યો. તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં વિદ્યુતની ધારા જેમ વાદળને વરે તેમ લક્ષ્મી અને સ્ત્રીઓ તેને વરતી હતી. પૃથ્વીને વશ કરી તે નવમો ચક્રવર્તી થયો. પિતાના ચરણોને જોવાની ઈચ્છાથી તે હસ્તિનાપુર આવ્યો.

તેને રાજ્ય ઉપર સ્થાપન કરીને, વૈરાગ્ય રસથી રંગાયેલા વિષ્ણુકુમારની સાથે તે પદ્મોત્તર રાજાએ વિશાળ રાજ્યને છોડીને, મુક્તિની અભિલાષાથી શ્રી સુવ્રતગુરુના ચરણકમલમાં દીક્ષા અંગીકાર કરી. આ બાજુ મહાઉદ્યમી એવા સાધુ જેમ પાંચ ઈન્દ્રિય અને મનને સાધે તેમ મહાપદ્મ રાજાએ ભરતના છ ખંડોને સાધ્યા. (આથી તે નવમો ચક્રવર્તી થયો.) જેમ જિનેશ્વરોનો સુર-અસુરો જન્માભિષેક કરે તેમ રાજાઓએ તેનો ચક્રીપદની પ્રાપ્તિસૂચક એવો બાર વર્ષનો રાજ્યાભિષેક કર્યો. તે કાળે (પૂર્વે) તૈયાર કરેલો જ્વાલાનો અને લક્ષ્મીનો એમ બંને રથો રાજાની આજ્ઞાથી સર્પની જેમ નિયંત્રિત રાખેલા હતા. (તે હજી સુધી નગરમાં ફેરવવામાં આવ્યા ન્હોતા.) તે અત્યારે નરકમાર્ગે લઈ જનારા લક્ષ્મીના રથને રોકીને, શિવરૂપી લક્ષ્મીને આપનાર માતાના રથને નગરમાં પહેલો ફેરવ્યો. (આમ માતાના ચિત્તને ખુશ કર્યું.) અને સ્થાને સ્થાને શ્રી અરિહંત પરમાત્માના કીર્તિસ્તંભ જેવા અત્યંત ઉંચા એવા મંદિરો બનાવ્યા.

આ બાજુ પદ્મોત્તર મુનિ પણ ઈન્દ્રિય વિજેતા બની, ધ્યાનાગ્નિથી કર્મ રૂપી ઈંધનને બાળીને શાશ્વત સુખને પામ્યા. તપ રૂપી લક્ષ્મી સાથે જાણે સ્પર્ધા કરતી હોય તેમ વૈક્રિયશરીરાદિ લબ્ધિઓ તે વિષ્ણુકુમાર ઋષિના સર્વ અંગોને આલિંગન કરતી હતી.

હવે શ્રી હસ્તિનાપુરમાં ચોમાસામાં રહેલા પૂર્વના શત્રુ એવા સુવ્રતાચાર્ય આદિને જાણીને નમુચિ વિચારવા લાગ્યો, "ક્યા ઉપાયથી મારા વૈરી એવા આ શ્વેતાંબર મુનિઓને હણીને હું મારા મનોરથને પૂર્ણ કરું ? વળી આ રાજા પણ તેઓનો ભક્ત છે તેથી મારો મનોરથ દુઃખે કરીને પૂરી શકાય તેવો છે. ખરેખર ! પોતાનો પક્ષપાત બળવાન હોય છે. તેને શું કોઈ મૂકે (છોડે) ખરો ? અરે... હા...! આનો ઉપાય મેં જાણ્યો... કે પૂર્વે રાજાએ આપેલું વરદાન કે જેને મેં થાપણ રૂપે રાખ્યું હતું તેનાથી આજે મારા ઈચ્છિતને સાધું." એમ વિચારી નમુચિએ વરદાનને માંગ્યું અને તે ચક્રવર્તીએ પણ હર્ષથી વરદાન આપ્યું. મહાપુરુષો પોતાના આપેલા વચનને શું (ક્યારે પણ) લોપે ખરા ? તેથી સાત દિવસનું રાજ્ય તેને આપીને રાજા અંદર રહ્યો. (કોઈ ગુપ્ત સ્થાનમાં રહ્યો.) યજ્ઞ કરવાની ઈચ્છાવાળા તેણે પણ ત્યાં (યજ્ઞ = આત્મશુદ્ધિ કરવાની ઈચ્છા દેખીતી હોવા છતાં) પોતાનો કૂતરાની જેમ રાજ્યાભિષેક કરાવ્યો.

તેથી તેને આશિષ આપવા માટે એક તે નિર્મમત્વી જૈન સાધુઓને છોડીને બધા ધર્મના સાધુઓ (પાખંડીઓ) આવ્યા.

અરે.. અરે ! મારા આ ઉત્સવમાં અહીં માત્ર જૈન મુનિઓ જ નથી આવ્યા" આ પ્રમાણે તેઓના છિદ્રને (દોષને) મેળવીને તેણે સુવ્રતાચાર્યને બોલાવ્યા અને કહ્યું, "જ્યારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે બ્રાહ્મણાદિક રાજ્યનું પાલન કરતાં હોય ત્યારે તે સર્વ દર્શનો વડે સેવનીય છે કેમકે તેઓ વિઘ્નનો વિનાશ કરનારા છે. પરંતુ તમે તો લોકવ્યવહારથી બાહ્ય, અન્ય દર્શનના નિંદકો છો તેથી જલ્દીથી મારા નગરમાંથી રાજ્યમાંથી ચાલ્યા જાઓ, અન્યથા મરણને શરણ થશો." ત્યારે સૂરિ ભગવંતે તે દુષ્ટને કહ્યું, "જૈન મુનિઓનો ગૃહસ્થોનો વિનય કરવાનો આચાર નથી, તેમજ નિર્મમત્વને ધરતા તેઓ કોઈની નિંદા પણ કરતા નથી. શીતલ એવી પણ તે વાણી સુધાથી, ઉષ્ણ તેલની જેમ બળતા એવા નમુચિએ અગ્નિ જેવી વાણીમાં કહ્યું, "સાત દિવસ સુધી જ અહીં (મારા રાજ્યમાં) રહેવાનું મેં તમને કીધું છે, પણ આઠમા દિવસે મારા રાજ્યમાં જે જે મુનિઓ દેખાશે તેને તેને હું યમના ઘરે પહોંચાડીશ." તેથી વિલખા થયેલા સૂરી ભગવંતે ત્યાંથી ઉઠીને, મુનિઓને બોલાવીને કહ્યું, "આ અનર્થ આવી પડતા આપણે હવે શું શું કરીશું ?" ત્યારે તેઓએ ગુરુને કહ્યું, "સારો વૈદ્ય જેમ રોગીનો (રોગીના રોગનો) પ્રતીકાર કરે તેમ આપણામાં એવો કોઈ લબ્ધિધારી મુનિ નથી કે જે તેનો સામનો કરે ? પરંતુ હે પ્રભો ! વિશાળ લબ્ધિના સાગર, આ ચક્રીના ભાઈ એવા **વિષ્ણુકુમાર મુનિ** એક જ તેને જીતવા માટે સમર્થ છે. ૬૦,૦૦૦ વર્ષ સુધી મહાન ભયંકર તપો તપીને જેણે વૈક્રિયાદિ ઘણી લબ્ધિઓ મેળવેલી છે. તે અત્યારે મેરૂપર્વત ઉપર ચાતુર્માસ રહેલા છે. તેના વિના અન્ય કોઈ મુનિ અધમ એવા નમુચિને શિક્ષા કરવા સમર્થ નથી." ગુરુએ કહ્યું, "પણ આકાશગામિની વિદ્યા વગર કોણ તેને અહીં લાવે ? સુખેથી મેળવી શકાય તેવું ફળ પણ શું પાંગળો હાથથી લઈ શકે ?" ત્યારે એક સાધુએ કહ્યું, "મારી પાસે મેરૂપર્વત સુધી જવાની લબ્ધિ છે, પરંતુ પાછા આવવાની લબ્ધિ નથી." ત્યારે સૂરિજીએ કહ્યું, "અહીં આવતા એવા વિષ્ણુમુનિ જ તમને લઈ આવશે." આ પ્રમાણે સાંભળીને, આકાશમાં ઉડીને, જ્યાં તે વિષ્ણુમુનિ છે ત્યાં તે આવ્યા. તેને જોઈને વિષ્ણુમુનિ વિચારવા લાગ્યા, અવશ્ય સંઘને મારું કાંઈક કામ હશે તો જ આ મુનિ ચોમાસાની અંદર (ચોમાસામાં જ) આવ્યા છે. તે મુનિએ શ્રી વિષ્ણુકુમાર મુનિને પ્રણામ કરીને સંઘના કાર્ય માટે નિવેદન કર્યું ત્યારે વિષ્ણુમુનિ પણ આવેલા મુનિને સાથે લઈને ગુરુચરણોને નમસ્કાર કર્યા.

સુવ્રતાચાર્ય ભગવંતે આજ્ઞા કરી એટલે વિષ્ણુમુનિ નમુચિની રાજ્યસભામાં ગયા. ત્યારે નમુચિ વિના અન્ય રાજાઓએ (સભાજનોએ) વિષ્ણુમુનિને વંદન કર્યું અને તેમને આસન ઉપર બેસાડ્યા. તે મુનિએ સન્મુખ નહિ જોતા એવા પણ તેને (નમુચિને) કહ્યું, "પોતાના કાર્યમાં શું ગધેડાના પણ ચરણોની સેવા નથી કરાતી ?"

તેથી હે રાજન્ ! અહીં અમે મુનિઓ વર્ષાકાળને પુરો કરીએ, ચાતુર્માસ પછી બીજે વિહાર કરીશું આ મારું વચન તમે સ્વીકારો. (આટલી અમારી આ વાત તમે ધ્યાનમાં લો.)" આ પ્રમાણે મુનિએ કહ્યું, એટલે નમુચિએ કહ્યું પાંચ દિવસ જ રહેવું. ત્યારે મુનિએ કહ્યું, "પાંચ દિવસ પૂરા થયા બાદ તમારી નગરી છોડીને મુનિઓ વનમાં રહે તે બરાબર છે ને ?" ત્યારે રોષવાળા નમુચિએ કહ્યું, "વન વિગેરેની શું વાત કરવી ? જો તમારે જીવવાની ઈચ્છા હોય તો મારા રાજ્યની કોઈ પણ ભૂમિમાં તમારે રહેવાનું નથી."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે વિષ્ણુકુમારે હસીને કહ્યું, "હે રાજન્ ! તમારું રાજ્ય તો આખા ભારતમાં છે તેથી આટલા બધા મુનિઓને રહેવા માટે માત્ર ત્રણ ડગલા જેટલી ભૂમિ આપો. ત્યારે તે નમુચિએ (બ્રાહ્મણે) કહ્યું, "ત્રણ ડગલા જેટલી ભૂમિ તમને આપું છું, પણ તે ત્રણ ડગલાની બહાર કોઈ પણ મુનિને હું જોઈશ તો તેને ચોક્કસ અપરાધીની જેમ હણી નાંખશ." ત્યારે ક્રોધથી અગ્નિમય બનેલા વિષ્ણુમુનિ જાણે સૂર્યની જ્યોતિ સાથે સ્પર્ધા કરતા હોય તેવા આકાશને આંબતા શરીર વડે પ્રજ્વલિત અગ્નિની જેમ વધવા લાગ્યા. વધતા વધતા એક લાખ યોજન પ્રમાણ શરીર વાળા વિષ્ણુમુનિએ બંને પગ વડે પૃથ્વીને રોકી લીધી (ભરી દીધી). (જંબૂદ્વીપના બંને છેડે બે પગ મૂકી પૃથ્વીને ભરી દીધી) હવે ત્રીજુ ડગલું તે નમુચિના મસ્તક ઉપર મૂક્યું. ઔચિત્યને જાણનારા વિષ્ણુમુનિએ નમુચિ ઉપર પગ મૂકી, તેને સારી રીતે કીડાની જેમ દબાવીને તે બ્રાહ્મણને નરકનો અતિથિ બનાવ્યો.

આ પાપી મારા ખોળામાં અહીં (ક્યાં) ધારણ કરાયો ! આવા ભયથી જાણે અચલ એવી પૃથ્વી પણ મુનિના પગના ભારથી ધ્રુજવા લાગી. મેરૂપર્વત કંપાયમાન થયો, ગ્રહો પૃથ્વી ઉપર પડ્યા, વનના વૃક્ષો ભાંગવા લાગ્યા, સમુદ્રો ખળભળવા લાગ્યા, સર્વે દિશાઓ ત્રાસી ગઈ, સિન્ધુ નદીનું પાણી જલ્દીથી ઉછળવા માંડ્યું, પર્વતો પૃથ્વી ઉપર પડવા લાગ્યા, ચન્દ્ર-સૂર્ય પણ પીડિત કરાયા. દેદીપ્યમાન એવા તારાના સમૂહો વિષ્ણુમુનિના બંને પગને વિષે જાણે નખનું આચરણ કરતા હતા. = (નખની જેમ તારાઓ શોભી રહ્યા હતા.) નમુચિના આ આતંકથી હું વિષ્ણુમુનિની પૂજા કરું એ પ્રમાણે જાણે ગંગા તેની આગળ વહેવા લાગી. દેવોનો પણ દેવ એવો સૌધર્મેન્દ્ર તે મુનિના મેરૂપર્વત સરખા માથાને જોઈને આશ્ચર્યચકિત થયો.

હવે અવધિજ્ઞાનથી સૌધર્મેન્દ્રો અત્યંત ગુસ્સે થયેલા વિષ્ણુમુનિને જાણીને તેને બોધ કરવા માટે = તેના કોપની શાંતિ માટે ગાંધર્વ જાતિની ગાયિકા એવી દેવીઓને બુદ્ધિમાન એવા તેણે મોકલી. તેઓએ આવીને મુનિના કાન પાસે આવીને, રોષરૂપી સર્પના વિષના આવેગનો નાશ કરવા અમૃતની નીક સમાન એવા ગીતોને મોટેથી ગાવા લાગી કે હે ક્ષમાધાર ! તું ક્રોધને મૂકી દે. જે કારણથી (જેના માટે) તમે આ ક્રોધ કર્યો છે તે પાપી એવો નમુચિને તો તમે નરકનો અતિથિ બનાવ્યો છે. હે કુરુવંશ શિરોમણિ ! ઉપશમને વિષે તમે બુદ્ધિ કરો. ક્રોધ કરવો એ મુનિઓનો માર્ગ નથી કેમકે સાધુઓ તો ક્ષમાવાળા જ હોય છે. વળી ક્રોધ તો અનર્થરૂપી વૃક્ષનું મૂળ છે, વિપત્તિ રૂપી વેલડીને સીંચવામાં મેઘ સમાન છે, ભવરૂપી સમુદ્રને ઉલ્લસિત કરવામાં ચંદ્ર સમાન છે, મોક્ષરૂપી દ્વારની સાંકળ રૂપ છે." આ પ્રમાણે ગંધર્વ નારીઓના ગીતો સાંભળવા છતાં પણ મુનિના ક્રોધનો ઉપશમ ન થયો. તેથી સંઘ સહિત સુવ્રતાચાર્ય ભગવંતે ક્રોધ રૂપી અગ્નિને ઠારવામાં પાણીના પૂર જેવી અમૃત સરખી વાણી વડે તે મુનિને શાંત કર્યા. મહાપદ્મ ચક્રવર્તી પણ આ વૃત્તાંતને જાણી, તેમને શાંત કરવા માટે મુનિના ચરણે લાગ્યો ત્યારે તે પર્વત ઉપર જાણે કીડી હોય તેવો શોભતો હતો. ત્યાર પછી ચૈતન્યને પ્રાપ્ત કરેલા તે મુનિએ વૈક્રિય રૂપને છોડીને, સહજ શરીર = મૂળ શરીરને પ્રાપ્ત કર્યું. કેમકે સહજ સ્વરૂપ દુઃખે કરીને તજવા યોગ્ય છે. પછી વિષ્ણુમુનિએ રાજાને આ પ્રમાણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઠપકો આપ્યો કે, "હે નરાધિપ ! પદ્મોત્તર રાજાના પુત્ર એવા તને આવી ખરાબ ચેષ્ટા શું યોગ્ય છે ? હે રાજન્ ! શું તું જાણતો નથી કે જિનેશ્વરની અવજ્ઞા અને સાધુઓનો પરાભવ દુષ્ટ એવી દુર્ગતિના કારણભૂત છે ?" રાજાએ મુનિના ચરણોમાં પડી પોતાના અપરાધને ખમાવ્યો અને કહ્યું, "તેની આ ચેષ્ટાને હું જાણતો નથી. ખરેખર ! દુષ્ટાત્મા એવા તેણે, પૂર્વે આપેલા વરદાનથી મને ઠગ્યો છે. ખરેખર ! દુર્જનોની અને સર્પોની કુટિલતાને કોણ જાણી શકે છે ?" આ પ્રમાણે મુનિને પ્રસન્ન કરી અને પ્રણામ કરીને રાજા નગરમાં ગયો. ત્યારથી વિષ્ણુકુમારનું **'ત્રિવિક્રમ'** એવું નામ પ્રસિદ્ધ થયું.

હવે વિષ્ણુકુમાર પણ ગુરુની પાસે પાપની સારી રીતે આલોચના કરીને, પ્રાયશ્ચિત્ત કરીને સ્ફટિક પાષાણની જેમ શુદ્ધ થયા. વળી આગમમાં કહ્યું છે કે, "જે આચાર્યના ગચ્છમાં કુલ, ગણ, સંઘ અને ચૈત્યના વિનાશની આલોચના લઈ પ્રતિક્રમણ કરે છે, તે વિપુલ નિર્જરા કરી શુદ્ધ થાય છે." લાંબા કાળ સુધી ચારિત્રનું પાલન કરી, કેવલજ્ઞાનને પામીને વિષ્ણુકુમાર મુનિએ જલ્દીથી મુક્તિરમણીની સાથે પ્રીતિ બાંધી.

હે સદાચારી જીવો ! વિષ્ણુકુમાર મુનિનું આ પ્રમાણે અદ્દ્ભૂત ચરિત્ર સાંભળીને, ભવભય તોડવા માટે, સંઘના કાર્ય માટે, હંમેશા તમે તપને વિષે શક્તિને જોડો.

**આમ તપના પ્રભાવના વિષયમાં વિષ્ણુકુમારની કથા પૂર્ણ થઈ.**

## છઠ્ઠા વિદ્યાપ્રભાવકનું લક્ષણ

**ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે :**

**सिद्धो बहुविज्जमंतो, विज्जावन्तो य उचियन्नू ॥ ३५ ॥**

**ગાથાર્થ : જે મંત્ર-તંત્ર વિગેરે વિદ્યાથી યુક્ત હોય તે વિદ્યા પ્રભાવક છે. તેઓ સંઘ વિગેરેના કાર્યને માટે મહાવિદ્યાનો ઉપયોગ કરે છે.**

**ટીકાર્થ : सिद्धाः** જાપ - હોમાદિ પૂર્વસેવા - ઉત્તરસેવા વડે (વિદ્યા-મંત્રાદિની) સિદ્ધિ પામેલા હોય તે, **बह्वयः** = રોહિણી આદિ સોળ વિદ્યાદેવીથી અધિષ્ઠિત ૪૮૦૦૦ પ્રમાણ વિદ્યાઓ અને સિદ્ધ-શાબરાદિ પુરુષદેવતાથી અધિષ્ઠિત મંત્રો જેના છે તે **'सिद्धः बहुविद्यामन्त्र'** વાળા કહેવાય છે. વળી તે કેવા છે ? તો કહે છે કે **'उचितज्ञः'** = ઉચિતને જાણનારા = આ વિદ્યાવાન્ સંઘાદિના પ્રયોજનમાં કુશલ હોય છે. **'च'** સમુચ્ચયના અર્થમાં છે.આ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ છે. ભાવાર્થ તો ખપુટાચાર્યના દૃષ્ટાંતથી જાણવો. તે આ પ્રમાણે :

પરદર્શનોથી અજેયશાસન એવા શ્રી વર્ધમાનસ્વામીના શાસનમાં અનાર્યોનું (અધર્મીઓનું) ખંડન કરનારા શ્રીમદ્દ્ આર્ય **ખપુટાચાર્ય** નામના આચાર્ય હતા. શેષનાગ, ક્ષીરોદધિ સમુદ્ર તથા સ્વર્ગીય નદીના પ્રવાહના બ્હાનાથી જેઓની વિદ્યાથી ઉત્પન્ન થયેલી કીર્તિ ત્રણે જગતને શોભાવતી હતી. તેઓનો અપરિમિત પુણ્યવાન, અન્યવાદી વડે **અજેય ભુવન** નામનો ભાણેજ એવો પરમ વિનયી શિષ્ય હતો. જે ભવિષ્યમાં અહીં અમારા નિરાબાધ સ્થાનને પામશે એમ જાણે સર્વ નિર્દોષ વિદ્યાઓએ ભુવનમાં આવાસ કર્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર કપટરૂપી હાથીના કુંભસ્થળને ભેદવામાં સમર્થ સિંહ સમાન શ્રી આર્ય ખપટસૂરિ સૂર્યની જેમ ભવ્ય જીવોના મનના અંધકારને દૂર કરતા, પૃથ્વી તલ ઉપર વિચરતા વિચરતા શરીરરૂપી લતાના સુખનું દાન કરવામાં કારણભૂત નર્મદાનદીના જલપ્રવાહથી ઉલ્લસિત વેલડીઓના મંડપવાળા, અખૂટ લક્ષ્મીથી ભરપૂર શ્રી ભૃગુકચ્છ દેશમાં નિર્મલ પરિવારવાળા અને શ્વેત વસ્ત્રવાળા એવા તેઓ સમોસર્યા. ત્યાં બૌદ્ધમતથી વાસિત અંતઃકરણવાળો, તેજથી સૂર્યને પણ તિરસ્કાર કરનાર **બલમિત્ર** નામનો **રાજા** પ્રજાનું પાલન કરતો હતો. અને ત્યાં ભક્તિપૂર્વક રાજા જેને માન આપે છે તેવા, ઉન્માદવાળા, વાદ વિદ્યામાં વિશારદ, બૌદ્ધશાસનની માન્યતા ફેલાવનારા, શ્રી જિનશાસનની નિંદા કરવામાં વાચાળ મુખવાળા, પોતાની આજ્ઞાને ઐશ્વર્યની જેમ સર્વત્ર ફેલાવતા એવા બુદ્ધના અનુયાયીઓ હતા. ત્યારે વિવેકી એવા શ્રાવકો ગુણવંત ગુરુઓને પ્રણામ કરી વિનંતિ કરવા લાગ્યા, "હે ભગવન્ ! શઠ અને ઉલ્લંઠોથી અકુંઠિત જિનશાસન હોવા છતાં આ બોધિસત્વો સ્વતત્ત્વ રૂપી બાણ વડે જિનશાસનની નિંદા કરતાં અમને વીંધી રહ્યા છે. તેની પીડાથી કષ્ટપૂર્વક અમે રહીએ છીએ. તેથી કૂતરાની જેમ ભસતા તેમને કોઈ પણ ઉપાયથી વારવા જોઈએ. કારણ કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "દુર્જનો અને કંટકોનો પ્રતિકાર બે પ્રકારે થાય છે. (૧) કાં તો તેમને બોલતા અટકાવવા અને (૨) અથવા તેમનાથી દૂર જ રહેવું." ત્યારે દાંતની નિર્મલ કાંતિથી પ્રકાશિત હોઠવાળા આચાર્ય ભગવંત બોલ્યા, "અરે શ્રાવકો ! ક્ષમારૂપી ધનવાળા એવા અમે નરકમાં પતનના કારણભૂત એવો બીજાની સાથે વાદ કરતા નથી." આ પ્રમાણે કહીને આચાર્ય ભગવંત અટક્યા ત્યારે યમની જેમ દુર્ધર, સ્પર્ધા કરનાર બૌદ્ધ રૂપી શિયાળને વિષે શાર્દૂલ સમાન, નિંદાને સહન નહી કરતા એવા ભાણેજ **ભુવન** નામના મુનિ, વાદ કરવા નહી ઈચ્છતા એવા પણ આચાર્ય ભગવંતની આજ્ઞાને ગ્રહણ કરીને સમ્રાટની જેમ વાદરૂપી સમરાંગણમાં વચન રચનારૂપી તીક્ષ્ણ બાણના પ્રહારો વડે બૌદ્ધરૂપી શત્રુઓને જર્જરિત કરી જીતી લીધા. તે અસહ્ય અપમાનને સાંભળીને જિનશાસનને જીતવાની મૃગતૃષ્ણા વાળા 'વૃદ્ધકર' નામના બૌદ્ધાચાર્ય 'ગુડશસ્ત્ર' નગર થકી ત્યાં આવ્યા અને આત્માને નહી જાણતા એવા તે બૌદ્ધાચાર્ય સર્વજ્ઞપુત્ર ભુવનર્ષિની સાથે રાજસભામાં વાદ કરવાને ઈચ્છતા એવા તેમણે પોતાને ઈચ્છિત સ્વમતનું આ પ્રમાણે પૂર્વપક્ષરૂપે સ્થાપન કર્યું કે—

"જે - જે વિદ્યમાન પદાર્થો છે તે - તે ક્ષણિક છે જેમ કે જલધર." આ વિદ્યમાન ભાવો છે. આ પ્રમાણે સૌગતમતના અનુમાનને સત્ય માનતા તે બોલવા લાગ્યા કે ક્ષણિક વસ્તુ જ પદાર્થપણાને વહન કરે છે. ચતુર પુરુષો વડે વિચારતા નિત્ય વસ્તુ તો પ્રબળ પવનના ઝપાટાથી નહિ વિખરાતી વાદળની લીલાને ધારણ કરે છે. તે આ પ્રમાણે "નાશ ન પામે, ઉત્પન્ન ન થાય સ્થિર એક સ્વભાવવાળું તે નિત્ય" અને તે ક્રમથી અર્થક્રિયા કરે છે કે એકી સાથે અર્થક્રિયા કરે છે ? તે ક્રમથી અર્થક્રિયાને નથી કરતો. કેમ કે પૂર્વ-અપર ક્રમ છે. અને તે વાત પ્રમાણથી વિચારીએ તો સ્વભાવભેદ ઉત્પન્ન થશે. અને સ્વભાવભેદ થયે છતે સ્વભાવભેદથી જ અનિત્યપણું થશે. પણ એકી સાથે નહિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે જો એકી સાથે સમકાલે સર્વાર્થક્રિયા કરે છે તો તે પણ યુક્ત નથી કેમકે જો ઘટ સ્વરૂપથી અને પરરૂપથી સત્ હોય તો વિશ્વમાં ઘટની જ સર્વપદાર્થરૂપ સત્તા થાય. એથી ભિન્ન ભિન્ન પદાર્થોથી સાધ્ય સર્વ અર્થક્રિયાઓ ઘટથી જ થઈ જાય. તેથી ઘટ સિવાય અન્ય પદાર્થો માનવાની આવશ્યકતા રહેતી નથી. જો ઘટ પરરૂપથી પણ સત્ હોય તો સ્વરૂપથી પણ અસત્ હોવો જોઈએ. એમ થાય તો ઘટનો સર્વથા અભાવ થાય. તેથી સર્વ વસ્તુઓનો અભાવ થાય. અને ભાવ-સ્વભાવના અભાવે વિશ્વ પણ સર્વશૂન્ય થાય. તેથી ક્ષણિકપણાની આપત્તિ આવી પડી. વળી એક જ વસ્તુ સત્-અસત્રૂપ તથા નિત્ય-અનિત્ય છે એ પક્ષ પણ અસંભવ છે કેમકે તેથી વિરોધ ઉત્પન્ન થાય છે તેથી તે પક્ષ પણ દૂર થયો."

આ પ્રમાણે બોલીને વૃદ્ધકર બૌદ્ધાચાર્ય થોભ્યા ત્યાં તો વિશાળ કલ્પાંત કાલના પવન તુલ્ય વાણીથી ભુવનર્ષિએ તેમને આક્ષેપ કર્યો કે, "અરે ! ઓ મૂર્ખ ! જે તે નિત્ય વસ્તુમાં અર્થક્રિયાકારીપણાનું દૂષણ જણાવ્યું તે દૂષણ તમે સ્વીકારેલા ક્ષણિક મતમાં પણ સરખું જ છે કેમકે ક્ષણિક પદાર્થ પણ અર્થક્રિયામાં પ્રવર્તતા ક્રમથી કે એકીસાથે અવશ્ય સહકારિકારણ સાથે જ વર્તે છે. તેથી સામગ્રીથી જન્ય છે. તેથી એકમાંથી એકની ઉત્પત્તિ થતી નથી. વળી સહકારિ કારણ કોઈપણ અતિશય કરવાને સમર્થ નથી. પદાર્થના અવિવેકમાં અનેક પ્રકારના અતિશયો ઉત્પન્ન થાય. તેથી પદાર્થોના પરસ્પર ઉપકારક - ઉપકાર્યની સંગતિ થતી નથી કારણ કે ત્યાં સહકારિપણાનો અભાવ છે. અને સહકારિના અભાવમાં વિશિષ્ટ કાર્યની ઉત્પત્તિ થતી નથી તેથી "અનિત્ય કારણથી પદાર્થ ઉત્પન્ન થાય છે" ત્યાં પણ વિચારણીય છે. શું પદાર્થના ક્ષયથી અનિત્યપણું કે પરિણામના નાશથી અનિત્યપણું માનો છો ? જો પદાર્થના નાશમાં અનિત્યપણું માનશો તો કાર્ય-કારણનો અભાવ થશે. પરિણામે કારકનો વ્યાપાર જ થશે નહીં. તો પછી પદાર્થના અનિત્યકારણથી ઉત્પાદ ક્યાંથી સંભવે ?

હવે પૂર્વક્ષણનો નાશ થાય છે અને ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે. તુલામાં અંદરની વસ્તુની નમવાની અને ઉંચી થવાની ક્રિયાની જેમ જાણવું. તો પછી નમવાની અને ઉંચી થવાની ક્રિયાનો કાળ એક જ થશે. તે આ પ્રમાણે :- જે પૂર્વ વિનાશી ક્ષણ તે પદાર્થથી અભિન્ન છે. તેમ ઉત્પાદ અવસ્થા પણ ઉત્પન્ન પદાર્થથી અભિન્ન છે. તેથી નાશ અને ઉત્પત્તિ અવસ્થાનો એકી સાથે સ્વીકાર કરતાં તેના પૂર્વોત્તર સ્થાયી ધર્મીનો પણ એક જ કાલ થશે. જો તે ધર્મનો સ્વીકાર નહીં કરો તો વિનાશ અને ઉત્પાદ બંનેમાં અવસ્તુત્વની આપત્તિ આવશે. આ પ્રમાણે તમારો ક્ષણિકવાદ નષ્ટ થયો.

આ પ્રમાણે સર્વથા નિરુત્તર કરાયેલો (હારેલો) વૃદ્ધકર બૌદ્ધાચાર્ય વૃદ્ધના હાથની જેમ કંપતા, અપમાન રૂપી સાગરમાં મગ્ન થયેલો ચિંતવવા લાગ્યો કે, "અહો ! વિદ્યાથી મદોન્મત્ત હાથી જેવો હું આ બાળસિંહ વડે કેવી રીતે પરાજય પમાડ્યો ? હવે લોકોમાં મારું મુખ કેવી રીતે બતાડીશ ? તેથી મરણ જ મારે શરણ હો." એમ વિચારી જૈન મુનિઓ ઉપર રોષને ધારણ કરતા તેણે અનશન સ્વીકાર્યું. તેથી મરીને ગુડપુરમાં વૃદ્ધકર નામનો યક્ષ થઈને જિનશાસન ઉપર બાંધેલા વૈરના અનુબંધવાળો તે યક્ષ, પ્રભુના ભક્તજનોને ઉપદ્રવ કરવા લાગ્યો. કેમકે વૈરનો અનુબંધ ક્યારે પણ પુરાણતાને (નાશને) પામતો નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ઉપદ્રવથી પીડિત થયેલો સંઘ પણ શ્રી આર્યખપુટાચાર્યને વિનંતિ કરવા લાગ્યો કે, "હે ભગવન્ ! અહીં આ બાબતનું નિવારણ કરવા આપ જ સમર્થ છો. જેમ છીંક નષ્ટ થતાં સૂર્યનું સ્મરણ (છીંક મુર્જાઈ જતા સૂર્યની સામે જોવાય છે) સર્પદંશ થતા ગરૂડનું ધ્યાન કરાય છે તેમ આ બાબતમાં આપ જ સ્મરણીય છો."

આવા સંઘના વચનને હૃદયમાં ધારણ કરીને પોતાનો શ્રેષ્ઠ પણ અલ્પ પરિવારને લઈને, યક્ષના મંદિરમાં એકલા જ પ્રવેશીને તે દુષ્ટના દમનને માટે જીર્ણ થયેલા સડેલા એવા પગના બન્ને જોડા તે યક્ષની મૂર્તિના કાન ઉપર કુંડલની જેમ ભરાવ્યા અને તેની છાતી ઉપર પગ મૂકીને ચારે બાજુથી સંપૂર્ણ વસ્ત્ર ઓઢીને આચાર્ય ભગવંત સૂઈ ગયા. ત્યારે તે યક્ષના ઉપાસકો આવ્યા અને પોતાના સ્વામીનું અપમાન થયેલું જોઈ યક્ષના પરમ ભક્ત એવા રાજાને તે નિવેદન કર્યું. ત્યારે રાજા પણ ભીષણ ભ્રકુટીને ધારણ કરતો, દાંતથી હોઠોને પીસતો એકદમ ઉઠીને યક્ષના મંદિરમાં પ્રવેશીને આચાર્યને કહેવા લાગ્યો, "અરે ! તું કોણ છે ? શા માટે આવી ધૃષ્ટ ચેષ્ટા કરે છે ?" એમ વારંવાર પૂછવા છતાં ઉત્તર ન મળતાં તેને જગાડવાને માટે જે જે ભાગથી વસ્ત્રને ખેંચે છે તે તે ભાગે રાજા પુરુષની ગુદાને જ દેખે છે. તેથી વધુ ગુસ્સે થયેલો રાજા લાકડી વડે, મુઠ્ઠી વડે તેને પ્રહાર કરે છે. (મંત્ર અને વિદ્યાના બળે) તે પ્રહારો આચાર્યને નથી લાગતાં પરંતુ રાજાના અંતઃપુરમાં રહેલી રાણીઓના શરીરે હજારગણા થઈને પીડા કરવા લાગ્યા. તેઓ જોરશોરથી પોકાર કરવા લાગી. અતિશય કરૂણપણે રડવા લાગી કે, "હા... હા... હે અંતઃપુરરક્ષકો ! કોઈક એવા અદૃષ્ટ દુષ્ટ વડે જોરદાર પ્રહારો વડે પડહની જેમ અમે તાડન પામીએ છીએ. આવું અમારું સ્વરૂપ તમે રાજાની પાસે જઈને કહો. જેથી રાજા અમને બચાવે." તેઓએ પણ જલ્દીથી જઈને રાજાને તે સર્વ વાત જણાવી. તેથી રાજા પણ મનમાં વિચારવા લાગ્યો, "અવશ્ય આ કોઈ વિદ્યાસિદ્ધ પુરુષ છે તેથી આ બધું બન્યું છે. અન્યથા આવું બને નહીં." તેથી ચકિત થયેલો રાજા સૂરિના ચરણમાં પડી ક્ષમા માંગવા લાગ્યો, "મારા પર કૃપા કરી ક્રોધને સંહરી લો." આવા વચનોથી રાજાએ સૂરિજીને ઉપશાંત કર્યા. ત્યારે આર્યખપુટાચાર્ય પણ ઉઠીને જવાની ઈચ્છાવાળા તેમણે તે યક્ષને કહ્યું, "હે યક્ષ ! જલ્દીથી તું પણ મારી સાથે ચાલ." ત્યારે તે પણ બાળકની જેમ તેમની પાછળ પાછળ ચાલ્યો. લોકો પણ પૂર્વે ક્યારેય નહીં જોયેલ આ ઘટનાને જોઈને વિસ્મયરૂપી નદીમાં સ્નાન કરવા લાગ્યા. હવે યક્ષના મંદિરની બહાર પડેલા શીલા જેવા મોટા બે પત્થર પણ સૂરિ ભગવંતની શક્તિ વડે યક્ષની પાછળ ચાલવા લાગ્યા. તેથી કૌતુકથી વિસ્ફારિત પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખવાળો અને અંતઃકરણવાળો થયેલો રાજા પણ સૂરિના ચરણકમળમાં મુગુટવાળા શીર્ષને નમાવીને ગુરુને વિનંતિ કરે છે કે, "હે પ્રભો ! આ બંને પથ્થરના ભારથી ઘંટીની અંદર પડેલા ચણાની જેમ નગરના લોકો દબાઈ જશે ને મરી જશે તેથી મારા પર કૃપા કરીને તે બંને પથ્થરને અહીં જ રહેવા દો, ઉખેડીને ફરી સ્થાપન કરાયેલા વૃક્ષની જેમ આ યક્ષને પણ સ્વસ્થાને સ્થાપન કરો." રાજાના તે વચનથી સૂરિએ પણ તે પ્રમાણે કર્યું. તેમણે પણ આ બધું શાસન પ્રભાવના માટે કર્યું પણ કોપથી નહિ. ખરેખર ! તેવા પ્રકારના મહાત્માઓ કષાય વડે પરાભવ પામતા નથી. જે કારણથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિ-વૈભવાદિકનો ગર્વ તુચ્છ જીવોને હોય છે પણ મહાત્માને હોતો નથી. જેમ ક્ષીરોદધિના ઉત્તમ દૂધમાં ફીણ હોતુ નથી પણ બકરીના દૂધમાં ઘણું ફીણ જોવા મળે છે. પછી રાજાએ મહોત્સવપૂર્વક સૂરિનો નગરપ્રવેશ કરાવ્યો અને નગરજન સહિત રાજા શ્રી જિનધર્મની આરાધનામાં સાવધાન બન્યો. આચાર્ય પણ શ્રી જિનશાસનરૂપી સામ્રાજયનું એકછત્રીય રીતે રક્ષણ કરતાં ત્યાં જ રહ્યા.

હવે એકવાર ભૃગુકચ્છ નગરથી સંઘની આજ્ઞાથી બે મુનિઓ સૂરિને બોલાવવા માટે આવ્યા. તેમણે આર્યખપુટાચાર્યને આ પ્રમાણે સંઘની વિનંતિ સંભળાવી કે, "આપણા નાના કોઈક સાધુએ દ્રવ્યાનુયોગના માહાત્મ્યવાળા, કબાટમાં રહેલા કેટલાક આગમપત્રો એકદમ ઉપાડીને વાંચ્યા. તેમાં રહેલી 'આકૃષ્ટિવિદ્યા' ને જાતે જ શીખીને, કલ્પવૃક્ષની વેલડી તુલ્ય તે વિદ્યા વડે દરરોજ મોદકાદિ સ્વાદિષ્ટ ભોજન મેળવીને વાપરતા તે મુનિને ગીતાર્થોએ વાર્યા છતાં પણ રસલોલુપી એવા તે ક્રોધાયમાન થઈને જૈન ઉપાશ્રય છોડીને બૌદ્ધોના મઠમાં તે શઠ ગયો છે. ત્યાં બૌદ્ધોના આશ્રમમાં રહેલો તે બૌદ્ધ સાધુઓના ભિક્ષાપાત્રો આકાશમાર્ગે મોકલીને અને સુંદર સ્વાદિષ્ટ ભોજનની વિવિધ સામગ્રીથી ભરેલા તે પાત્રો લાવીને યતિઓને માટે પાશ જેવો તે બૌદ્ધ સાધુઓને તેનાથી જમાડે છે. તેઓના આવા અતિ મહિમાને જોઈને ગતાનુગતિકથી સર્વે લોકો બુદ્ધના અનુયાયી બનવા લાગ્યા છે. ઐહિકસુખની લાલસાવાળા કેટલાક જૈનો પણ બૌદ્ધધર્મને સ્વીકારવા લાગ્યા છે. તેથી હે પ્રભો ! આપ ત્યાં જલ્દીથી આવીને આ જિનશાસનની થતી હીલનાને અટકાવો - દૂર કરો. અને આ કાર્ય કરવા બીજા કોઈ સાધુ સમર્થ નથી." આ પ્રમાણે સંઘના આદેશને પામીને તરત જ આચાર્ય ભગવંત તે જ સાધુસંઘાટકની સાથે, ચારે બાજુ જિનશાસનની પ્રભાવના કરવા માટે અને વિપક્ષના અનર્થને માટે ભૃગુકચ્છ નગરમાં આવ્યા

ત્યાં આવીને દુષ્ટ શિષ્યે જે ભિક્ષાપાત્રો મોકલ્યા હતા, આકાશમાર્ગે સુંદર - સ્વાદિષ્ટ ભોજનથી ભરેલા પાછા આવતા તે પાત્રોને આચાર્ય ભગવંતે આકાશમાં જ અત્યંત મોટી સ્ફટિકની શીલા વિકુર્વીને તેની સાથે પાત્રોને અફળાવીને મુદ્‌ગરથી ભંગાયેલા ઘડાની જેમ હજારો ટુકડા કરીને ભૂમિ ઉપર પાડ્યા. દુષ્ટ એવો તે શિષ્ય પણ પોતે મોકલેલા પાત્રાના ભાંગવાથી ગુરુના આગમનને જાણીને કાગડાની જેમ ભાગી ગયો.

હવે બીજા વડે નિવારી ન શકાય તેવા વીર્યવાળા શ્રી આર્યખપુટાચાર્ય પોતે જાતે જ બૌદ્ધોના મઠમાં ગયા ત્યારે ત્યાં રહેલા બૌદ્ધોએ કહ્યું, "અરે જૈન સાધુ ! સકલ દેવોમાં શ્રેષ્ઠ, રત્નત્રયના આધારભૂત, સકલ ગુણોની ખાણ એવા બુદ્ધને પૃથ્વી ઉપર મસ્તક નમાવીને તું વંદન કેમ કરતો નથી ?" ત્યારે દોરડાના પ્રહારથી ઉત્તેજિત થયેલા ઘોડાની જેમ ઉત્તેજના પામેલા સૂરિ તે વચનથી અત્યંત રોષને ધારણ કરતાં બોલ્યા, "અરે બોધિસત્ત્વ ! ઉઠીને મારા બંને ચરણારવિંદમાં વંદન કર." તેમના વચન રૂપી પરમ મંત્રશક્તિ વડે તે બુદ્ધની પ્રતિમા પણ નજીકમાં રહેલ સુશિક્ષિત કાપાલિકની જેમ તેમના ચરણકમળમાં આળોટવા લાગી. બુદ્ધના સેવકની મૂર્તિને પણ પ્રચંડ દંડપ્રણામ કરવાની ઈચ્છાવાળી જાણે હોય તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની શક્તિથી તેને પણ નમાવી. આજ સુધી તે બુદ્ધના સેવકની મૂર્તિ 'નિર્ગ્રંથનમિત' = સાધુ વડે નમાયેલી મૂર્તિ એ પ્રમાણે લોકને વિષે પ્રસિદ્ધિને પામેલી છે. આ પ્રમાણે ભૃગુકચ્છમાં જિનશાસનની ઉન્નતિ કરીને સૂરિજીએ અન્યત્ર વિહાર કર્યો.

આ બાજુ **પાટલિપુત્ર** નગરમાં **દાહડ** નામનો રાજા હતો. તે બ્રાહ્મણોના ભક્તોનો ભક્ત હતો. તેઓને જ દેવ-પિતા-ગુરુ સમાન માનતો હતો. અને હંમેશા તેઓની પૂજા કરતો હતો. તેમાં જ તન્મય ચિત્ત બન્યું છે એવા રાજાએ એકવાર સર્વે પણ અન્ય દર્શનીઓને બોલાવીને કહ્યું, "અરે ! જો તમે જીવવાને ઈચ્છતા હો તો સર્વ દેવમય, ગુરુતુલ્ય, બ્રહ્મમૂર્તિ સમાન આ બ્રાહ્મણોના ચરણોની સેવા કરો" આ પ્રમાણે રાજાની આજ્ઞા થવાથી જૈન સિવાયના જીવવાની ઈચ્છાવાળા સર્વે પણ અન્ય દર્શનીઓએ ભૂમિ ઉપર મસ્તક નમાવી બ્રાહ્મણોને પ્રણામ કર્યા.

જૈન મુનિઓ રાજાની પાસે સાત દિવસની યાચના કરીને ઉપાશ્રયમાં આવીને પરસ્પર મંત્રણા કરવા લાગ્યા, કે મૃત્યુને વરવું શ્રેષ્ઠ છે પરંતુ અવિરતિ બ્રાહ્મણોને વંદન કરવું નથી, કેમકે તેમને વંદન કરવાથી શ્રી અરિહંત ભગવાનની આજ્ઞાનો લોપ થાય છે, તેથી અનંત સંસારમાં પરિભ્રમણ જ થાય છે. વળી જિનશાસનની અપભ્રાજના પણ થાય છે. તેથી જો કોઈની પાસે કોઈ પણ શક્તિ હોય તો શક્તિને ફોરવો અને જિનશાસનની પ્રભાવના કરો." ત્યારે એક સાધુ મહાત્મા બોલ્યા, "અરે ! અહીં કોઈ તેવો અતિશયવાન નથી, પરંતુ શ્રી આર્ય ખપુટાચાર્યના શિષ્ય કલાવાનોમાં પ્રશંસનીય એવા **મહેન્દ્ર** નામના **ઉપાધ્યાય** છે અને તે ભરૂચથી આ દેશમાં આવેલા છે અને નજીકના જ કોઈક સન્નિવેશમાં તેઓ રહેલા છે. અને તેઓ જ આ આપત્તિનું નિવારણ કરવા સમર્થ છે, બીજા કોઈ નહી. કહ્યું છે કે, "કાદવમાં ખૂંપી ગયેલા હાથીઓને કાઢવા હાથીઓ જ ધુરંધર હોય છે તેમ સજ્જનોની નિત્ય આપત્તિ વારવા સંતો જ ધુરંધર હોય છે." એ પ્રમાણે તેમના મુખથી જાણીને શ્રી સંઘે બે સાધુ ભગવંતને તેમની પાસે મોકલ્યા.

હવે તેમણે પણ તે બે મુનિને અચાનક આવેલા જોઈ, ઊઠીને આદરપૂર્વક પૂછ્યું, "હે નિર્મલ બુદ્ધિવાળા ! સંઘના કયા પ્રયોજનથી અત્રે તમારું આગમન થયું ? તે તમે જલ્દીથી કહો." તેમણે પણ આમૂલચૂલ વૃત્તાંત કહી સંભળાવ્યો. જે રાજા દ્વારા વિપરીત આચર્યાયું હતું. ઉત્સુક મનવાળા તેઓ પણ સંઘના આદેશથી તે બંને મુનિઓની સાથે પાટલિપુત્ર નગરે આવ્યા. ત્યાં સર્વ મુનિઓને મળીને વિષાદને દૂર કરેલા તે વાચકવર ઉપાધ્યાય પ્રતિહાર દ્વારા રાજાને જણાવી રાજસભામાં આવ્યા. જૈન સાધુઓ આવે છે એવા સમાચાર મળવાથી રાજા પણ પોતાની સમાન આસનો ઉપર, પોતાની બંને બાજુએ **કૂતરાઓની જેવા** સુંદર અલંકાર અને પોષાકમાં સજ્જ થયેલા બ્રાહ્મણોને બેસાડ્યા.

હવે તે મહેન્દ્રોપાધ્યાયે બે કણેરની લતા બંને હાથમાં જુદી જુદી લઈને વિનયવાળાની જેમ રાજાને પૂછ્યું, "હે રાજન્ ! કહો, કઈ બાજુના બ્રાહ્મણોને અમે નમસ્કાર કરીએ ?" ત્યારે તેના અપાયને નહિ જાણતા રાજાએ પણ તેઓના ઉત્કર્ષને પ્રોત્સાહિત કરતા બોલ્યો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે, "આ સર્વે પણ પૂજ્ય જ છે. તેથી તમારી ઈચ્છા મુજબ આદરપૂર્વક બંને બાજુ બેઠેલા બ્રાહ્મણોને વંદન કરો." ત્યારે ઈન્દ્ર જેવા પરાક્રમી મહેન્દ્રોપાધ્યાયે પ્રાયઃ વજ્રપાત સરખી બંને ભુજા એક પક્ષથી (બાજુથી) બીજી બાજુ સુધી જેટલામાં લંબાવે છે તેટલામાં તો તે બ્રાહ્મણોના મસ્તકો દડાની જેમ ભૂમિ ઉપર પડ્યા. ત્યારે અકસ્માત જ રાજલોકમાં કોલાહલ થવાથી બ્રાહ્મણોનો સ્વજનવર્ગ જલ્દીથી આવીને વિલાપ કરવા લાગ્યા કે, "અરે ! આ દુષ્ટે પ્રભાવશાળી સોટીથી બ્રાહ્મણોને હણીને સૂતેલા કૃષ્ણસર્પને જાગૃત કર્યો છે. આ મહાત્મા મુનિઓની અવગણના કરી પોતાના હાથે જ અંગારાની વૃષ્ટિ કરી છે. વળી મુનિઓ બ્રાહ્મણોને નમે એવું ક્યારેય પણ બન્યું નથી તેથી અકૃત્ય કરનાર એવા આ રાજાને ધિક્કાર હો ! મુનિઓ બ્રાહ્મણોને નમસ્કાર ન કરત તો શું ન્યૂનતા થવાની હતી ? ફોગટ જ બ્રાહ્મણોના મસ્તક ઉપર અનર્થરૂપી વજ્રપાત કર્યો. તેથી અવશ્ય રાજાને બ્રહ્મહત્યાનું પાપ લાગશે. એટલું જ નહિ પણ આ હત્યાથી પણ અધિક પોતાના આત્માને પાપ રૂપી પંકમાં ડૂબાડશે."

તે સ્વરૂપને જાણીને ખેદથી ખિન્ન થયેલો રાજા પણ જાણે પાતાલમાં પ્રવેશવાની ઈચ્છાવાળો હોય તેમ (નીચા મુખવાળો) મુખને બતાવવાને અસમર્થ એવો રાજા વિપક્ષ રૂપી પર્વતના ભાગને છેદવામાં મહેન્દ્ર સમાન એવા શ્રી મહેન્દ્રોપાધ્યાયના ચરણકમલમાં નમીને કહેવા લાગ્યો, "હે મહાત્મન્ ! આ અકૃત્યથી અમારો નિસ્તાર કરો. હે ક્ષમાનિધિ ! મારા આ અપરાધની ક્ષમા આપો. મારા ઉપર કૃપા કરો કેમકે મહાપુરુષો જ માન રૂપી ધનવાળા હોય છે. વળી કહ્યું પણ છે કે, "અધમ પુરુષો ધનને ઈચ્છે છે, મધ્યમ પુરુષો ધન અને માન બંનેને ઈચ્છે છે, જ્યારે ઉત્તમ પુરુષો માનને ઈચ્છે છે, કારણ કે માન એ જ મોટું ધન છે." વળી હે મુનીશ્વર ! આથી વધારે હું શું કહું ? તમે જ મારી માતા છો, તમે જ મારા પિતા છો, તમે જ મારા સ્વામી તથા ગુરુ છો, તમે જ મારા બાંધવ પણ છો. તમે જ મારા જીવનદાતા છો, તમે જ શરણ કરવા યોગ્ય છો. માટે જ મારા ઉપર કૃપા કરી પાપરૂપી સમુદ્રથી મારો ઉદ્ધાર કરો. તેથી બ્રાહ્મણોને જીવિતદાન આપી કૃપા કરો અને હત્યાપાતક દોષ રૂપી કલંકથી મલિન થયેલા મને નિર્મલ કરો."

તે સમયે આકાશમાં દિવ્યવાણી પ્રગટી કે, "જો આ બ્રાહ્મણો જૈનદીક્ષા ગ્રહણ કરે તો જ તેઓ સજીવન થશે, અન્યથા નહિ." રાજાએ પણ તે વચન અંગીકાર કર્યું તેથી તે બધા બ્રાહ્મણો સજીવન થયા. ત્યાર પછી ભાવથી શૂન્ય હોવા છતાં પણ જીવવાની ઈચ્છાવાળા તે સર્વે બ્રાહ્મણોએ મહેન્દ્રોપાધ્યાય પાસે વ્રતને સ્વીકાર્યું = દીક્ષા લીધી. રાજાએ પણ પરમ શ્રાવકપણું અંગીકાર કરીને મિથ્યાત્વના અભિનિવેશનો ત્યાગ કરી, શ્રી જિનશાસનરૂપી પ્રાસાદમાં પ્રવેશ કર્યો = જિનધર્મ સ્વીકાર્યો અને તેને તીર્થયાત્રાદિ ધર્મકૃત્યો વડે દિપકની જેમ પ્રકાશિત બનાવ્યું = જિનશાસનની ખૂબ પ્રભાવના કરી.

હવે શ્રી મહેન્દ્રોપાધ્યાયે શ્રી જિનશાસનની પ્રભાવના કરીને, બ્રાહ્મણ - મુનિઓની સાથે ભરૂચ નગરે આવીને શ્રી આર્યખપટુચાર્યને વંદન કર્યા. તેઓ પણ ભરૂચ નગરમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના ચૈત્ય રૂપ મહાતીર્થને સ્થાપી, સર્વાનુયોગને યોગ્ય એવા શ્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહેન્દ્રોપાધ્યાયને પોતાની પાટે સ્થાપીને, વિવિધ પ્રભાવના વડે પૃથ્વી ઉપર જિનશાસનનું માહાત્મ્ય પ્રકાશીને, છેલ્લે અનશન સ્વીકારીને જાણે સ્વર્ગને પ્રભાવિત કરવા માટે જ જતા હોય તેમ સ્વર્ગ ભણી પ્રયાણ કર્યું.

આ પ્રમાણે ગણધરશ્રી આર્યખપુટાચાર્યનું જગવિશ્રુત, આશ્ચર્યકારી આ ચરિત્રને શ્રુતિપથને વિષે કમળની જેમ ધારણ કરી, શ્રી જિનશાસનની ઉન્નતિને માટે હે કૃતજ્ઞ ઉત્તમ પુરુષો ! તમે સર્વ કલાઓમાં આદરપૂર્વક પ્રયત્ન કરો.

**વિદ્યા પ્રભાવકના વિષયમાં શ્રી આર્યખપુટાચાર્યની કથા પૂર્ણ થઈ.**

# સાતમા સિદ્ધ પ્રભાવકનું સ્વરૂપ

**ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :**

**संघाइकज्जसाहग - चुण्णंजणजोगसिद्धओ सिद्धो ।**

**ગાથાર્થ : અંજન - ચૂર્ણ વિગેરે સિદ્ધ કરેલા યોગોથી શાસનની ઉન્નતિના કાર્યોને જે સાધે તે સિદ્ધપ્રભાવક કહેવાય છે.**

**ટીકાર્થ : संघस्य** = સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા રૂપ સંઘના અને आदि શબ્દથી જિનમંદિર, જિનબિંબ - જિનાગમ સંબંધી જે પણ કોઈ કાર્યો, તેને સાધનારા જે ચૂર્ણો જેમ કે સુવર્ણસિદ્ધિ આદિ ઉત્પત્તિજનક અન્ય ઔષધિઓથી બનાવેલા અંજનો અને નિધિના દર્શન માટે અદશ્ય થવામાં કારણભૂત એવા નેત્રાંજનો, અને योगाः = પગે લેપ કરવા દ્વારા આકાશમાં ઉડનારા એવા સૌભાગ્ય - દૌર્ભાગ્ય કરનારા યોગો. આમ અંજન - ચૂર્ણ - યોગોની સિદ્ધિ દ્વારા જ સિદ્ધ થયેલા = જગતમાં પ્રતિષ્ઠા પામેલા તે સિદ્ધ પ્રભાવક થાય છે. એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ છે. ભાવાર્થ તો શ્રી પાદલિપ્તાચાર્યના દષ્ટાંતથી દઢ કરવામાં આવે છે. તે આ પ્રમાણે :

શ્રી ભરત ક્ષેત્રમાં લક્ષ્મીથી અવંધ્યા = લક્ષ્મીથી ભરપૂર એવી **અયોધ્યા** નામની **નગરી** છે. જિનેશ્વર ભગવંતના જન્મના ગૌરવથી તે નગરી સ્વર્ગપુરીને પણ જીતનારી હતી. તેમાં **ફૂલ્લ** નામનો **શ્રેષ્ઠી** રહેતો હતો કે જે ગુણો વડે અને લક્ષ્મીથી પણ ભરપૂર હતો. તેની અપ્રતિમ સૌભાગ્યવાળી **પ્રતિમા** નામની **પ્રિયા** હતી. તે સાવદ્ય કાર્યોનો ત્યાગ કરી, ઉપવાસ સહિત પૌષધ કરી, પુત્રને માટે હંમેશા વૈરૂટ્યા દેવીની આરાધના કરતી હતી. એકાગ્ર મનથી તે જ્યારે ધર્મજાગરિકા કરે છે ત્યારે તેની ભક્તિથી ખુશ થયેલી દેવી પ્રગટ થાય છે અને સંતુષ્ટ થયેલી વૈરૂટ્યા દેવી તેને કહે છે કે, “શ્રી નાગહસ્તિ ગુરુના ચરણ ધોયેલા પાણીનું પાન કરવાથી તને પુત્ર થશે. વિઘ્નના નાશ માટે આજે તું તેમના પગનું પ્રક્ષાલન જલ આજે પીજે.” એમ કહી દેવી અદશ્ય થઈ ગઈ. પ્રતિમા પણ પ્રભાતના સર્વ કાર્યો કરીને એક પ્રહરમાં કાંઈક ન્યૂન સમયે જ્યાં ગુરુઓ રહેલા છે તે ઉપાશ્રયમાં ગઈ.

તે સમયે ગુરુના ચરણ ધોયેલું પાણીને લઈને આવતા એવા મુનિને તેણે જોયા અને તેમને પૂછ્યું, “આ કયું પાણી છે ?” તેમણે પણ તે વિષે કહ્યું ત્યારે તેણીએ તે જલ તેમની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે માંગ્યું. તે લઈને, હર્ષપૂર્વક તેનું પાન કરીને પછી તેણી ઉપાશ્રયના મધ્યભાગમાં ગઈ. તો ત્યાં દશાશ્રુત સ્કંધનું પરાવર્તન કરતા ગુરુદેવને-સૂરિદેવને જોયા ને હર્ષથી તેઓને વંદન કરે છે. તેઓએ પણ 'ધર્મલાભ' આપી તેણીને આગમનનું કારણ પૂછ્યું. તેણીએ પણ સર્વ કાર્ય જેવું હતું તેવું ગુરુભગવંતને જણાવ્યું. ગુરુએ જ્ઞાન ઉપયોગથી જાણીને તેણીને કહ્યું કે, "હે મહાસતી ! તને પુત્રો થશે. તેમાંના પ્રથમનું તું વૃત્તાંત સાંભળ. આ યમુના તીર છોડીને જો તું દશ વર્ષ ઉપર રહીશ તો તારો પુત્ર જીવશે." આ પ્રમાણે સાંભળીને પ્રતિમાએ ગુરુને કહ્યું, "તમને પ્રથમ પુત્ર આપીશ." ત્યારે ગુરુએ કહ્યું કે, "જો એમ જ છે તો અમે તેને ચિરંજીવી કરીશું." તે વચનને સ્વીકારી પ્રતિમા પોતાના આવાસે આવી. પ્રિયની આગળ તેણીએ સર્વ વાત કરી. તેણે પણ તે સ્વીકાર્યું.

તે જ રાત્રીએ નાગલોકથી ચ્યવીને કોઈ જીવ રત્નમય નાગના દર્શન કરાવવા પૂર્વક તેના ગર્ભમાં અવતર્યો. સાતમા મહિને તેણીને ગિરિ-જંગલમાં જઈ અનેક પ્રકારનું દાન દઉં એવો દોહલો ઉત્પન્ન થયો અને તેના પતિએ શીઘ્ર તે દોહલાને પૂર્ણ કર્યો. હવે ગર્ભકાળના દિવસો પૂર્ણ થતાં પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ પ્રતિમાએ અપૂર્વ તેજથી યુક્ત પુત્રને જન્મ આપ્યો. પુત્રનો જન્મ મહોત્સવ કરીને બારમા દિવસે પોતાના સ્વજન પરિવારને શ્રેષ્ઠ વસ્ત્રો-આભૂષણોથી સન્માન કરીને કહ્યું કે, "આ પુત્રની માતાએ સ્વપ્નમાં રત્નનો નાગ જોયો હતો તે અનુસારે આ પુત્રનું નામ "નાગેન્દ્ર" થાઓ. પછી તે પુત્રને સૂરિની પાસે લઈ જઈ તેમને સમર્પિત કરે છે ત્યારે ગુરુએ પુત્રના લક્ષણો જોઈને તેને કહ્યું કે, "આ તારો પુત્ર સંઘ-શિરોમણિ થશે તેથી તેનું સુંદર પ્રકારે પાલન કરી આઠમે વર્ષે આપજે. પછી ગુરુ વચનથી તેને ઘરે લાવી અનુક્રમે પાંચ ધાવમાતાથી લાલન-પાલન કરાતો કલ્પવૃક્ષની જેમ તે પુત્ર વૃદ્ધિને પામ્યો. હવે પુત્રને આઠ વર્ષ થતાં સારા મુહૂર્તે, ઉત્સવ કરીને પિતાએ પુત્ર ગુરુને આપ્યો. ગુરુએ પણ તેને જલ્દીથી દીક્ષા આપી. ત્યાર બાદ પ્રતિમાની કુક્ષિ રૂપી સરોવરમાં રાજહંસ સમાન, રૂપથી કામદેવ સરખા બીજા પણ પુત્રો થયા.

એક વાર તે ક્ષુલ્લક (બાલ) સાધુ શ્રાવકના ઘરેથી કાંજી (ભાતનું ઓસામણ) વહોરી લાવીને જેટલામાં ગુરુ પાસે ઉભા રહ્યા તેટલામાં ગુરુએ તેમને પૂછ્યું, "આની આલોચનાને તું જાણે છે ?" ત્યારે બાળસાધુએ કહ્યું, "હે ગુરુદેવ ! આપની કૃપાથી તે જાણું છું." "તો જણાવ." એમ ગુરુએ કહ્યું ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું, "લાલ વર્ણના વસ્ત્રવાળી, અપુષ્પિત (ૠતુમાં નહી આવેલી) અને પુષ્પની કળી સમાન દાંતવાળી નવોઢા સ્ત્રીએ આ નવી ડાંગરના ભાતની કાંજી મને પ્રફુલ્લિત મનથી આપી છે."

ગુરુએ તેના દ્વારા કહેવાયેલી વાતને સાંભળીને પોતાના તે મુનિને કહ્યું, "હે મુનિ ! તું શૃંગાર અગ્નિથી બળેલો હોઈ તારું પલિત્ત નામ કરાય ત્યારે તે ક્ષુલ્લક સાધુ ગુરુના ચરણકમલમાં નમીને બોલ્યા, "હે ભગવંત ! મારા ઉપર કૃપા કરીને પલિત્ત શબ્દમાં એક કાનો મને વધારી આપો જેથી હું "પાલિત્ત" (પાદલિપ્ત) થાઉં = પગે લેપ કરવાથી આકાશમાં ઉડી શકાય તેવી વિદ્યાવાળો થાઉં." તે સાંભળીને પ્રસન્ન મુખવાળા ગુરુએ તેનું તે પ્રમાણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ સ્વીકાર્યું. પછી ગુરુએ પૂછ્યું, "હે વત્સ ! તું છંદાદિ કાંઈ જાણે છે ?" ત્યારે બાળમુનિએ ભણતા મુનિઓના મુખેથી જે કાંઈ સૂત્રાદિ સાંભળ્યા હતા તે ભણેલાની જેમ સમગ્ર પણ અસ્ખલિત રીતે ગુરુની આગળ કહ્યું. અને અન્ય કોઈપણ શાસ્ત્રાદિ કે જે જોયેલા, સાંભળેલા કે ભણેલા હતા તેને બુદ્ધિના બળથી જાણે નવું જ સર્જન કર્યું હોય તેમ તે બોલી ગયા.

એક વાર **શ્રી નાગહસ્તિસૂરિ**એ શ્રી સંઘને બોલાવીને આ પ્રમાણે કહ્યું, "આ પાદલિપ્ત વયમાં નાનો છે સમ્યક્ ગુણોથી ભરપૂર છે તેથી આજથી સર્વે અવશ્ય તેમને બહુમાન દૃષ્ટિથી જોવો." એવું ગુરુવચન તેના ગુણોથી રંજિત થયેલા સંઘે પણ સ્વીકાર્યું. ઉપધાન કરીને જેમ સૂત્રાર્થને યોગ્ય બને તેમ એક વાર ભાવયોગી એવા તેમને ઉપવાસાદિ તપ રૂપ યોગોદ્વહન દ્વારા સર્વ સૂત્રાર્થની અનુજ્ઞા આપવામાં આવી. અનુક્રમે તેને યોગ્ય જાણી શ્રી સંઘને સંમત એવા પોતાના સ્થાને **(આચાર્ય પદવી આપી)** તેમને **સ્થાપન** કર્યા. તેઓ સકલ જગમાં પ્રસિદ્ધ એવા **પાદલિપ્તસૂરિ** થયા.

શ્રી નાગહસ્તિસૂરિજીએ સંઘને જણાવ્યું કે હું વિહાર કરવાને અસમર્થ છું તેથી આ સૂરિ (પાદલિપ્તસૂરિ) અન્યત્ર વિહાર કરશે. શાસનની ઉન્નતિ કરનારા આ આચાર્ય જમુના નદી પાર કરશે. જો જમુના નદી પાર નહિ કરે તો તેને મહા અનર્થ થશે. એમાં કોઈ સંદેહ નથી. તેથી સંઘ પ્રસાદ કરીને રજા આપે જેથી મથુરામાં જઈ આ (શ્રીપાદલિપ્તસૂરિ) સ્તૂપને નમે. ત્યારપછી સંઘે સૂરીજીને (નાગહસ્તિસૂરીજી) કહ્યું, "જ્યાં જ્યાં દેશ-મંડલમાં આ વિચરશે ત્યાં ત્યાં નિશ્ચે સંઘની ઉન્નતિ થશે. નિરૂપમ કલાવાળો, નિષ્કલંકી એવો બાલચંદ્ર પણ અહીં સર્વ લોક વડે વંદન કરાય છે. તેમ આ બાળ હોવા છતાં પણ ગુરૂજનોના પદને સદા પ્રકાશિત કરશે. ઉગેલો બાલસૂર્ય શું ગિરિના મસ્તક ઉપર ચરણ સ્થાપન નથી કરતો ? આ પ્રભાવક ચૂડારત્નનું પ્રયત્નથી રક્ષણ કરવા યોગ્ય છે. વળી ગુરુએ કહેલ અર્થ ક્યારેય અસત્ય હોતો નથી." આ પ્રમાણે વિચારીને સંઘે તેમના રક્ષણ માટે પ્રાર્થના કરી. ત્યારે નાગહસ્તિસૂરિએ મથુરા તરફ વિહાર કરવાની તેમને આજ્ઞા આપી અને આ પ્રમાણે કહ્યું, "હે વત્સ ! અમારા પૂર્વ સૂરિ ભગવંતોએ આ વિદ્યા અમને કહી છે (આપી છે.) તે વિદ્યા મેં તને આપી છે તો તારે તેનો સંઘના કાર્ય માટે ઉપયોગ કરવો. જે પાદલેપ વિદ્યા સુગુરુએ તેમને આપી ત્યારથી તેમનું નામ **પાદલિપ્તસૂરિ** પડ્યું. પછી આચાર્ય ભગવંતને પ્રણામ કરી સંઘ સહિત પ્રસ્થાન કરીને શ્રી પાદલિપ્તસૂરિ પાટલિપુત્ર નગરમાં આવ્યા.

તેને મહાબલી એવો **મુરંડ** નામનો **રાજા** પાલતો હતો = તે નગરીનો રાજા હતો. એક વાર કોઈ પુરુષે ગોળાકારે ગુંથેલ, આશ્ચર્યકારક એવો દડો રાજાને ભેટ ધર્યો પરંતુ તંતુઓથી બનેલ એવા તે દડાનો કોઈ પણ પુરુષ છેડો શોધી ન શક્યો. તેથી આખીય રાજસભા ખિન્ન થઈ = માનથી ખંડિત થઈ. ત્યારે વિદ્યાઓમાં પ્રસિદ્ધિ પામેલા પાદલિપ્તસૂરિ ભગવંતને રાજાએ બોલાવીને દડાનો તે સર્વ વૃત્તાંત કહ્યો. ત્યારે આચાર્ય ભગવંતે પણ (દડાને મીણથી મેળવેલ જોઈને) દડાને ગરમ પાણીમાં નાંખતા તે દડાના તંતુઓ વિચલિત થતા તેનો પહેલો તંતુ લઈને સર્વ તંતુઓ જલ્દીથી ઉકેલી નાંખ્યા. હવે એક વાર સમદંડ (ગંગા તીરના વૃક્ષની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક લાકડીને બંને બાજુ બરાબર પાલીસ કરાવી) તેનું મૂળ જાણવાને માટે ગુરુને મોકલી. કોઈ પણ પંડિતપુરુષે તેનો પરમાર્થ ન લહ્યો = મૂળ જાણી શક્યા ન હતા. ત્યારે સૂરિએ તે દંડને જળના પ્રવાહમાં નાંખતા મૂળ વજનદાર હોવાથી પાણીમાં ડૂબી ગયું. તેથી મૂળ ઓળખાઈ ગયું આમ શંસયનો નાશ થયો. ફરીથી એક વાર જેના હજાર વર્ષે પણ સાંધા જાણવામાં ન આવે એવી લાખથી ચારે બાજુ જડી દીધેલ ડાબલી રાજાએ ગુરુને મોકલી. તેને ગરમ પાણીમાં નાંખતા લાખ નાશ થવાથી, સાંધા દેખાતા ગુરુ ભગવંતે આ પ્રમાણે પોતાની બુદ્ધિનું માહાત્મ્ય બતાડ્યું.

પછી એક વાર પાદલિપ્તાચાર્યે ગોળ તુંબડાને રત્નોથી ભરીને, ગૂઢ સાંધાથી સીવીને તે સીવાયેલા ગુપ્ત સાંધાઓને જાણવાને માટે તે તુંબડુ રાજાને આપ્યું. ત્યારે ઘણા બુદ્ધિમાન પંડિતોએ ચિંતન કરવા છતાં તેઓ તે સાંધાને જાણી શક્યા નહી. આ પ્રમાણે પાદલિપ્તાચાર્યના ગુણોથી રાજા રંજિત થયો.

એક વખત રાજાને ભયંકર શિરવેદના થઈ. ઔષધ-મંત્રાદિ નિષ્ફળ ગયા ત્યારે રાજાએ મંત્રીઓને કહ્યું કે, "મારા આખાય માથામાં પીડતી એવી પીડાને ઉપશમાવવા પાદલિપ્તાચાર્યને બોલાવો." મંત્રીએ પણ ગુરુને કહ્યું, "હે ભગવન્ ! તીર્થની ઉન્નતિ માટે રાજાની શિરોવેદના દૂર કરો." ત્યારે ગુરુએ કહ્યું, "જઈને રાજાને સંઘની સન્મુખ સ્થાપન કરો." એ શિક્ષા ગ્રહણ કરી, જઈને તે પ્રમાણે મંત્રીએ કર્યું. પછી ગુરુએ ઉપાશ્રયમાં રહીને જ ત્રણ વાર પોતાના ઢીંચણ ઉપર ત્રણ વાર તર્જની આંગળી ફેરવી, જેથી રાજાની પીડા શાંત થઈ. ત્યારે કોઈકે આ ગાથા બનાવી કે, "**પાદલિપ્તસૂરિ** ભગવંત જેમ જેમ ઢીંચણ ઉપર તર્જની આંગળી ફેરવે છે તેમ તેમ **મુરંડ રાજાની** શિરવેદના નાશ પામે છે." આ પ્રમાણે સૂરિની શક્તિને સાંભળીને - જાણીને રાજા પ્રસન્ન થયો અને ભક્તિપૂર્વક જિનધર્મનો સ્વીકાર કરી, શાસનની પ્રભાવના કરી.

ત્યાર પછી પાટલિપુત્રના સંઘથી યુક્ત એવા સૂરી આગળ ચાલતા - ચાલતા મથુરા નગરીમાં આવ્યા. ત્યાં દેવનિર્મિત સ્તૂપને વિષે રહેલા શ્રી પાર્શ્વપ્રભુને તેમણે વંદન કર્યું, કીર્તન કરીને સંઘને ત્યાં જ રહેવા દઈને બીજા પરિવારથી યુક્ત એવા સૂરિ ગુર્જર દેશના શોભારૂપ એવા ચુકારપુરમાં આવ્યા. બધા સાધુ વિહાર કરી જતાં, અને શ્રાવક-શ્રાવિકાથી રહિત ત્યાંની વસતિને જોઈને, અને રમતા એવા બાળકોને જોઈને, કેડમાં રજોહરણ છુપાવીને બાળકોની સાથે સૂરિ રમવા લાગ્યા. તે સમયે કેટલાક અપૂર્વ શ્રાવકો દેશાંતરથી તેમને વંદન કરવાને માટે આવ્યા અને તેમને જ પૂછ્યું કે, "યુગપ્રધાન શ્રી પાદલિપ્તસૂરિ ભગવંતનો ઉપાશ્રય ક્યાં છે ?" ત્યારે ગુરુએ તેમને દૂરનો માર્ગ બતાવીને, પોતે બીજા વિશિષ્ટ માર્ગે ઉપાશ્રયમાં પ્રવેશી ઉન્નત આસન ઉપર બેઠા. એટલામાં તે શ્રાવકો આવ્યા અને અતિભક્તિથી ગુરુને વંદન કર્યું અને "આ તો આપણે જેને રમત રમતા જોયા હતા તે જ છે." એ પ્રમાણે જાણી અતિ હર્ષિત થયા. ત્યારે ગુરુ પણ તેમના ભાવોને જાણીને મધુરવાણીથી તેઓને કહે છે કે, વિદ્વાનોને પણ બાલપણામાં બલાત્કારે રમવાની મતિ થાય છે." ત્યારે આશ્ચર્યથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરેલા હૃદયવાળા તેઓ પરસ્પર બોલવા લાગ્યા કે, "આપણો ભાવ ગુરુએ કેવી રીતે જાણ્યો ?" ત્યાર પછી તેમની સેવા કરી શ્રાવકો પોતાના ઘરે ગયા.

એક દિવસ બાલસૂરિ નિર્જન શેરીમાં ગયા તો ત્યાં જતા ગાડાઓ પર કૂદકા મારવાની રમત રમતાં બાળકોની સાથે તે પણ મળી ગયા = રમત કરવા લાગ્યા. ને જેટલામાં તે ગાડા પર ચડીને કૂદકો મારે છે ત્યાં તો દૂર દેશથી આવેલા પરવાદીઓએ બાળકોને આ પ્રમાણે પૂછયું, "ઓ બાળકો ! પાદલિપ્તસૂરિનો ઉપાશ્રય ક્યાં છે ? ત્યારે સૂરિ ભગવંત પણ જાણી ગયા કે નક્કી આ કોઈ વાદીઓ છે. પછી તેઓની દૃષ્ટિને ચૂકવીને (ઠગીને), ઉપાશ્રયમાં જઈને, વસ્ત્ર ઓઢી, પગ પસારીને કપટથી સૂરિજી સૂઈ ગયા. તેટલીવારમાં વાદીઓ ઉપાશ્રયે આવ્યા અને નિર્જન એવા ઉપાશ્રયને જોઈને કુકડાના જેવો અવાજ કરતા જેટલામાં ઉપાશ્રયની મધ્યમાં આવ્યા ત્યાં તો તેમને હરાવવા માટે સૂરિએ પણ મોટો બિલાડાનો અવાજ કર્યો. તે સાંભળીને વાદીઓ બોલ્યા કે હમણા પણ આપણે આનાથી જીતાઈ ગયા છીએ. અંધકાર વડે જેમ સૂર્ય જીતાતો નથી તેમ અમારા વડે આ દુર્જય છે. તેથી સૂરિને નમન કરી વાદીઓએ આ ગાથા કહી, "હે પાદલિપ્ત ! તમે સ્પષ્ટ કહો કે સકલ પૃથ્વીતલમાં ભમતા એવા તમે ક્યાંય પણ સાંભળ્યુ છે અથવા જોયું છે કે ચંદનરસ જેવો શીતલ અગ્નિ હોય છે ?" ત્યારે શ્રી પાદલિપ્તસૂરિએ વાદીઓને કહ્યું, "હા, મેં એ જોયું છે, સાંભળ્યું છે, અનુભવ્યું છે... તો હું જે કહું છું તે હવે સાંભળો... અપયશના બળાત્કારે અત્યંત દૂખિત એવા શુદ્ધ હૃદયવાળા પુરુષને અગ્નિમાં નાંખીને બાળવામાં આવે, તો એ પણ જેના માટે ચંદનરસ જેવો શીતલ અગ્નિ થાય છે. આવો ઉત્તર સાંભળીને તે વાદીઓ વારંવાર તેમની પ્રશંસા કરવા લાગ્યા કે, "હે મુનિરાજ ! જગતમાં તમે જ કીર્તિને નટીની જેમ નચાવી છે." પછી તેઓને યોગ્ય જાણી ગુરુએ તેમની આગળ ધર્મદેશના કહી. તે સાંભળીને કેટલાકે દીક્ષા ગ્રહણ કરી તો કેટલાયે શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

ઘણા પ્રકારની શાસન પ્રભાવનાથી કીર્તિને પ્રાપ્ત કરેલા સૂરિજી, દિશામંડલને પ્રકાશિત કરતાં શ્રી શત્રુંજય - ગિરનાર આદિ તીર્થોની યાત્રા કરી હવે ખેટકપુર નગરે આવ્યા અને ત્યાં તેમને પુણ્યના યોગથી યોની પ્રાભૃત, નિમિત્ત પ્રાભૃત, વિદ્યા પ્રાભૃત અને સિદ્ધ પ્રાભૃત એ ચાર પ્રાભૃતની પ્રાપ્તિ થઈ. પ્રથમ યોની પ્રાભૃતમાં જીવો તથા અજીવોની વિવિધ ઔષધિના યોગથી ઉત્પત્તિ જણાવેલી છે. બીજા નિમિત્ત પ્રાભૃતમાં શ્રી દૃષ્ટિવાદનો સાર, આઠ પ્રકારના નિમિત્તનું વર્ણન છે. તે અહીં આશ્ચર્યકારી છે. ત્રીજા વિદ્યાપ્રાભૃતમાં વિદ્યા અને મંત્રોની ઉત્પત્તિ, સાધનાવિધિ-ફલપ્રાપ્તિનું વર્ણન કરેલું છે. ચોથા સિદ્ધપ્રાભૃતમાં સકલ સિદ્ધ લબ્ધિઓનું વર્ણન કરેલું છે. જે વિસ્મયરૂપી સાગરને ઉલ્લસિત કરનાર ચંદ્રના ઉદય સરખું છે. આ ચારે પ્રકારના પ્રાભૃતમાં કૌશલ્યપણાને પામી શ્રી પાદલિપ્તસૂરિ દેવોના મહિમાને પણ દળી નાંખતા હતા.

આ સૂરીશ્વરનું મુખકમલ જેમણે એકવાર પણ જોયું તેમને તેમના વિના જરા પણ તૃપ્તિ થતી નથી. સદાકાલ રાજા અને મંત્રીઓ પણ તેમની સેવા કરતા હતા તેથી સાધુઓની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે વાત માત્ર પણ કરવાનો સમય મલતો ન્હોતો. તેથી તેઓના અનુગ્રહને માટે મુનિઓએ **પાદલિપ્તી** નામની લિપિ બનાવી અને તેના વડે ગુરુની આગળ પોતાનું કાર્ય જણાવતા.

તે વખતે દક્ષિણ દેશમાં લક્ષ્મીવાળું **મન્નખેટક નગર**, લાટદેશમાં **ભરૂચ નગર; સૌરાષ્ટ્રમાં વલ્લભીપુર નગર** તથા **ગિરિનગર** અને શ્રી સૂરસેન દેશમાં **મથુરાનગરી.** આ બધા સ્થાનોમાં ગુણગરિષ્ઠ સંઘો વિદ્યમાન હતા. (જયારે ગુરુએ જવા રજા માંગી ત્યારે) મન્નખેટક સંઘ ગુરુને અન્યત્ર વિહાર કરવા દેતો નથી કેમકે ત્યાં **ઉગ્રરાજા** અન્યને તૃણ માત્ર પણ ગણતો નથી.

આ બાજુ સોરઠ દેશમાં ઢંક પર્વતના શિખર ઉપર ઢંક નામના નગરમાં **નાગાર્જુન યોગી** રહે છે. તેણે **સુવર્ણસિદ્ધિ** પ્રાપ્ત કરી હતી તેથી દાન દઈને સમગ્ર લોકને તેણે વશ કર્યો હતો અને "સર્વ-દર્શનો પ્રભાવ વગરના છે" એમ નિંદા કરતો હતો. અહીં યાત્રિકોને બ્રાહ્મણો સદા વિઘ્ન કરતા હતા. ભરૂચનગર - મથુરા નગરીમાં જિનભવનોમાં તેઓ મહા અનર્થ કરતા હતા. તેથી ત્યાંના સંઘોએ પાદલિપ્તસૂરિને તે સર્વ વૃત્તાંત જણાવી વિનંતિ કરી ત્યારે સૂરિએ પણ તેમને કૌમુદીયાત્રા કરવાનો આદેશ કર્યો. તેમના વચનથી કારતક સુદ એકમની પ્રભાતે સંઘે મહોત્સવપૂર્વક જિનયાત્રા - રથયાત્રા કાઢી. સૂરિએ પણ પોણો પ્રહર સંઘને ધર્મદેશના આપી. પછી સંઘને પૂછીને, પાદલેપ કરીને ભરૂચ નગરે ગયા. ત્યાં અશ્વાવબોધ ચૈત્યમાં અચાનક જ સૂરિને આવેલા જોઈ ત્યાંનો સંઘ આનંદિત થયો અને વંદન કર્યા. અને આખાય નગરમાં અનેક પ્રકારના નાટ્ય-ગીત-શંખાદિના શબ્દોથી મધુર વાતાવરણ બનાવી રાજાદિને સૂરિના આગમનના સમાચાર જણાવ્યા. એટલે તરત જ પૌરજન સહિત રાજા ત્યાં આવ્યો અને 'આ જંગમતીર્થ છે' એમ કહી તે આચાર્ય ભગવંતને નમસ્કાર કર્યા. પછી સંઘ અને રાજાએ વસ્ત્રાદિથી સૂરિનો સત્કાર કર્યો. સૂરિએ પણ તે સમગ્ર વસ્તુ બ્રાહ્મણોને આપી. પછી રાજા જાણે શાહુકાર બની સૂરિને વિનવે છે કે, "હે ભગવન્ ! મારો શો દોષ કે તમે ભરૂચનગરમાં આવતા નથી ?" ત્યારે સૂરિએ કહ્યું, "મને મન્નખેટક સંઘ વિહાર કરવા દેતો જ નથી. પણ સંઘને કેમે કરીને સમજાવી આજે એક પ્રહર સુધી યાત્રા કરવા માટે નીકળ્યો છું. પણ બીજા પ્રહરે તો ત્યાં પહોંચીને હે રાજન્ ! હું ભોજન કરીશ." ત્યારે રાજાએ કહ્યું, "કૃપા કરી અમારું એક વચન માનો. કાલથી આઠ દિવસનો જિનમહિમા કરતો મહોત્સવ કરીશ તો ભગવંત ! તમે રોજ આવીને અમારા પર કૃપા કરજો." સૂરિએ પણ તે સ્વીકારતાં કહ્યું, "હે રાજન્ ! તમે જિનનો મહોત્સવ કરજો, હું રોજ આવીને તમારા મનોરથોને પૂર્ણ કરીશ.

ત્યાર પછી સૂરિજી પ્રવચનની ઉન્નતિ માટે વલ્લભીપુર પધાર્યા. શત્રુંજય-રૈવતગિરિ આદિ તીર્થોને વંદન કરી ઢંકપુર નગરમાં જેટલામાં જિનમહોત્સવ કરાવ્યો તેટલામાં તો નાગાર્જુન યોગી સૂરિની પાસે આવે છે અને પોતાની મઢીમાં પધારવા વિનંતિ કરે છે. સૂરિજી ત્યાં ગયા ત્યારે બાળકની જેમ શુદ્ધ જલવડે તેમના ચરણોનું પ્રક્ષાલન કરે છે. પછી વિનંતિ કરે છે હે નાથ ! કૌમુદી મહોત્સવમાં જ્યાં સુધી તમે અહીં આવો ત્યાં સુધી તમારા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન વડે મારા નયનને કૃતાર્થ કરજો. હે સ્વામિ ! મને પણ સાથે જિનભવનમાં લઈ જજો." તેનું વચન અંગીકાર કરી પાદલિપ્તસૂરિ મથુરામાં આવ્યા. ત્યાં શાસનપ્રભાવના કરીને શ્રી મન્નખેટક નગરમાં બીજા પ્રહરે આવીને સૂરિજીએ આહાર ગ્રહણ કર્યો. આ પ્રમાણે પ્રતિદિન ગમન-આગમન કરતા સૂરિજીના ચરણોનું પ્રક્ષાલન નાગાર્જુન કરતો. તે પ્રક્ષાલન જલને ગંધ વડે અને પીવા વડે વિચક્ષણ એવા તેણે તે પાદલેપની ૧૦૭ ઔષધિઓ ઓળખી લીધી. પરંતુ એક ઔષધિને નહી જાણતો એવો તે સર્વ ઔષધિઓને જળ સાથે મેળવીને, વાટીને તેનો લેપ કરી આકાશમાં ઉડતા તરત જ તે પાછો પૃથ્વી ઉપર પડવા લાગ્યો = પડ્યો.

"ગુરુના ઉપદેશ વિના વિદ્યા ક્યારેય સિદ્ધ થતી નથી" એવું જાણવા છતાં પણ તે તેનો ઉપયોગ કરે છે. અરે... અરે ! તેની કેવી મૂઢતા ! વારંવાર પડવાથી તેના શરીર ઉપર સ્થાને સ્થાને ચાઠા પડ્યા. આ જોઈ ગુરુએ પૂછ્યું કે, "હે ભદ્ર ! આ તારા શરીરે શેના ઘા છે ? ત્યારે તેણે પણ સર્વ વાત કહી. ત્યારે સ્વભાવને ગોપવી પાદલિપ્તસૂરિએ હાસ્ય કર્યું કે, "મને અહીં શ્વેતાંબરોના (સત્ય શ્રાવકના) દર્શનનો યોગ સારો મળ્યો ! ત્યારે નાગાર્જુન પણ ચિંતવવા લાગ્યો કે, "વિદ્યાના દાનથી આ પાદલેપવિદ્યા મેળવું. તે સિવાય મારી પાસે કોઈ ઉપાય નથી. વળી કહ્યું છે કે, "વિનય વડે વિદ્યા ગ્રહણ કરવી. અથવા પુષ્કળ ધન વડે વિદ્યા ગ્રહણ કરવી અથવા વિદ્યાથી વિદ્યા ગ્રહણ કરવી. બાકી અન્ય કોઈ ચોથો ઉપાય નથી." એમ વિચારી તેણે સૂરિને કહ્યું, "હે ભગવન્ ! મારી આ ધાતુસિદ્ધિને ગ્રહણ કરો." તેનું તે વચન સાંભળીને સૂરિ અભિમાનથી ઉભા રહ્યા. અને શ્રી મથુરા નગરીથી ઉપર ચાલતા સૂરિને જોઈ નાગાર્જુન ચિંતવવા લાગ્યો, આજે આગમનનો છેલ્લો દિવસ છે. હવે ગુરુજી પાછા અહીં આવશે નહિ. એમ વિચારી તે સૂરિની પાછળ ચાલ્યો. તેને જોતાં જ આચાર્યે નગરની બહાર પકાવાતા ઈંટોડાના નિભાડા ઉપર ચૂર્ણ નાંખીને કહ્યું, "હે નાગાર્જુન ! પ્રભાતે આ ઘર જોજે." એમ કહી સૂરિજી ગગનમાર્ગે ઉપડ્યા. પ્રભાત સમયે ઈંટ નિભાડાવાળું પ્રથમ ઘર સુવર્ણમય જોઈને તે ચિત્તમાં વિસ્મય પામ્યો.

હવે એકવાર તે પાદલિપ્તસૂરિને વંદન કરવા માટે શ્રી આદિદેવથી મંડિત પુંડરિકગિરિ ઉપર મળ્યો. ત્યાં નાગાર્જુને વંદન કરીને કહ્યું, "હે ભગવન્ ! કૃપા કરી પાદલેપવિદ્યાસિદ્ધિ મને આપો. ત્યારે આચાર્ય પણ તેના ગુણથી રંજિત થઈને કહ્યું, "મોટા મહિમાના સ્થાનભૂત, પાપોનો પ્રલય કરનાર એવા વીતરાગમતને જો તું ગ્રહણ કરે તો વિચક્ષણ એવા તારામાં વિદ્યાનું આરોપણ કરું." તેણે પણ ગુરુચરણે શ્રાવકધર્મને અંગીકાર કર્યો. અને ગુરુએ પણ તેને પાદલેપવિદ્યાસિદ્ધિ આપી. નાગાર્જુને શ્રી શત્રુંજયની તળેટી બનાવી સૂરિના નામથી ત્યાં પાદલિપ્ત નગર વસાવ્યું. (જે પાલીતાણા નામે મોજૂદ છે.)

હવે એકવાર શાલિવાહન રાજા પર્ષદા સહિત સભામાં બેઠા હતા ત્યારે કોઈ ચાર ઋષિઓ ગ્રંથ રચીને ત્યાં આવ્યા. પ્રાતિહારના મુખથી ત્યાં જ રહેલા તેઓને રાજાએ પૂછાવ્યું કે, "કયું શાસ્ત્ર છે ? કેટલા શ્લોક પ્રમાણ છે ? અને કોણે રચના કરી છે ?" તેઓએ પણ કહ્યું, "દરેક ગ્રંથ લાખ-લાખ શ્લોક પ્રમાણ છે. તેમાં અત્રેય નામના ઋષિએ ચિકિત્સા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર, બીજા કપિલ નામના મહર્ષિએ ધર્મશાસ્ત્ર, ત્રીજા બૃહસ્પતિએ નીતિશાસ્ત્ર અને ચોથા પંચાલે કામશાસ્ત્રની રચના કરી છે." ત્યારે રાજાએ તેમની પરીક્ષા માટે ફરીથી કહ્યું કે, "એવડા મોટા ગ્રંથો સાંભળવાનો મને અવકાશ નથી તો તમે આ ગ્રંથનો સંક્ષેપ કરો." ત્યારે તેઓ અર્ધો-અર્ધો ગ્રંથ કરીને ફરીથી રાજા પાસે આવ્યા. એમ છેવટ ઓછું (અર્ધું) કરતાં કરતાં એક-એક શ્લોક પ્રમાણ ગ્રંથ કરીને લાવ્યા. તો પણ રાજાએ સાંભળવાની ના કહી ત્યારે તેઓ એક-એક પાદ કરીને લાવ્યા ત્યારે રાજાએ ચોરને પોતાની સભામાં પ્રવેશ કરાવ્યો અને પૂછે છે ત્યારે તેઓ પણ કહે છે, "હે દેવ ! પોત-પોતાના નામવાળું અમારા દરેકનું એક-એક પદ તમે આ સાંભળો -

ત્યારે પ્રથમ આત્રેય નામના ઋષિ ચિકિત્સાશાસ્ત્રના રહસ્ય રૂપ એક પદ બોલ્યા, "**जीर्णे भोजनमात्रेयः**" = આત્રેય ઋષિ કહે છે કે એકવાર જમેલું જીર્ણ થયા પછી = પચ્યા પછી બીજુ ભોજન કરવું. બીજા કપિલ ઋષિએ કહ્યું કે, "**कपिलः प्राणीनां दया**" = પ્રાણી માત્ર પર દયા રાખવી એ જ ખરો ધર્મ છે. એ પ્રમાણે ધર્મશાસ્ત્રનો સાર કહ્યો. ત્રીજા બૃહસ્પતિએ નીતિશાસ્ત્રનો સાર આ પ્રમાણે કહ્યું, "**बृस्पतिरविश्वासं**" = બૃહસ્પતિ કહે છે કે કોઈનો વિશ્વાસ કરવો નહિ. ચોથા પંચાલે કામશાસ્ત્રનો સાર આ પ્રમાણે કહ્યો કે, "**पञ्चालः स्त्रीषु मार्दवम्**" = પંચાલ કહે છે કે સ્ત્રીઓને વિષે મૃદુતા = કોમળતા રાખવી. આ પ્રમાણે ચાર લાખ શ્લોકનું રહસ્ય માત્ર એક જ શ્લોકમાં બતાવ્યું. તેથી રાજાએ સંતુષ્ટ થઈન તેઓને પ્રીતિદાન આપ્યું. ત્યારે આત્રેય ઋષિએ કહ્યું, "હે રાજન્ ! લુખ્ખા આ દાનથી શું ? અમે તો સુવર્ણના દાનથી નહિ પણ પ્રશંસાના દાનથી ખુશ થઈએ છીએ." ત્યારે રાજાએ કહ્યું, "અહો ! તમારું કેવું વિદ્વાનપણું !" પાસે રહેલા વિદ્વાનો ઉપર નજર કરીને હસતા રાજાને જોઈ પરમાર્થ જાણતા કપિલે કહ્યું, "જો તમે પ્રશંસા નહી કરો તો તમારા પરિવાર પાસેથી પ્રશંસા કરાવીશું." ત્યારે રાજાએ ભોગવતી નામની વારાંગનાના મુખ સામે જોયું. તે પણ પરમ શ્રાવિકા હતી. તેણે વિચાર્યું કે અત્યારે શાસન પ્રભાવનાનો અવસર છે તેથી તેને ઉચિત અને કુદૃષ્ટિ રૂપી વૃક્ષનું ઉન્મૂલન કરતી તેણી બોલી, "જ્યાં સુધી પાદલિપ્રાચાર્ય રૂપી સિંહનું લાંગૂલ (પૂંછડુ) ઉલ્લાસ પામ્યું નથી = (સિંહનાદ થયો નથી) ત્યાં સુધી જ મદના સમૂહ વડે ગર્વિષ્ઠ થયેલા, દુષ્પ્રેક્ષ્ય એવા મોટા વાદીઓ રૂપી હાથીઓના સમૂહો ગર્જના કરે છે." તે સાંભળી રાજા પૂછે છે, "હે કલ્યાણી ! તેં આ પ્રમાણે જેમનું વર્ણન કર્યું તે પાદલિપ્રસૂરિ કોણ છે ?" ત્યારે તેણીએ પણ સૂરિનો સર્વ વૃત્તાંત જણાવ્યો. ત્યારે રાજાએ કહ્યું, "હાલમાં તેઓ પોતાના વિહાર વડે કયા દેશને કૃતાર્થ બનાવી રહ્યા છે ?" ત્યારે તેણીએ કહ્યું, "શ્રીમાન ખેટપુર" તે સાંભળીને ઉત્કંઠિત થયેલા રાજાએ સૂરિને બોલાવવા માટે જેટલામાં શંકર નામના પ્રધાનને આદેશ કર્યો તેટલામાં તો મત્સરથી ઘવાયેલો બૃહસ્પતિ બોલ્યો કે, "હે મહારાજ ! મારા મહાપ્રતિભા રૂપી સમુદ્રમાં તેની બુદ્ધિ તો સરિતાની જેમ પડી જશે." પંચાલે પણ કહ્યું, "મારી કવિત્વ શક્તિ રૂપી તલવાર ફેરવતા, મારી બુદ્ધિ રૂપી સૂર્યથી લુપ્ત થયેલા કિરણવાળા ચંદ્રની જેમ તે સૂરિ અસ્ત પામશે." તેના વચનને સહન નહિ કરતી ગુણવતી એવી ભોગવતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલી, "અસ્ત થયેલો ચંદ્ર, ફરી ઉદય પામતાં પૂજાને પામે છે. ત્યારે રાજાએ કહ્યું, "આ શ્રેષ્ઠ વૃત્તાંત છે કે જે અસ્ત થયેલો પણ જીવે છે, સત્કારને પામે છે. તેનું પાંડિત્ય પણ અપૂર્વ છે. તેથી શંકર ! કૃષ્ણરાય પાસે તું જઈને, એમને કેમે કરીને ખુશ કરીને, કુમતના વિસ્તારને દૂર કરનાર સૂરિને અહીં લઈ આવ." તેથી તે પણ ત્યાં જઈને કૃષ્ણરાયને, પોતાના રાજાનો આદેશ જણાવે છે. તેથી કૃષ્ણરાયે પણ તૂર્ત જ સંઘ સાથે સૂરિજીને મોકલ્યા.

સૂર્યની જેમ સ્થાને સ્થાને જિનશાસનની પ્રભાવનાને કરતા કરતા સૂરીશ્વર આ નગરમાં આવ્યા. શંકરના મુખથી, પોતાના નગરની નજીકનાં રમ્ય ઉદ્યાનમાં સૂરીશ્વરના આગમનને જાણી રાજા રોમાંચિત થયો અને નગરની શોભા કરાવી અને પછી મહોત્સવપૂર્વક પરિવાર સહિત અને પંડિતો સહિત રાજા સૂરિજીની સન્મુખ જાય છે. ત્યારે બૃહસ્પતિ રાજા પાસે જઈને કહે છે કે, "હાલમાં જ હું પાદલિપ્તસૂરિની પરીક્ષા કરીશ." રાજાએ કહ્યું, "તારી વાત યોગ્ય છે. તો જલ્દીથી તેના બુદ્ધિવૈભવની પરીક્ષા કરો." ત્યારે તેણે કહ્યું કે, "રાજન્ ! સ્થિર હાથવાળો એવો તમારો કોઈ માણસ છે ?" ત્યારે રાજાએ પોતાના હીરક નામના સેવકને બોલાવી તેને બતાવ્યો. બૃહસ્પતિએ આદરપૂર્વક તેને કહ્યું, "હીરક ! ઘી ઘી ઠેઠ માથા સુધી ભરેલું આ ભાજન તારે સૂરિ પાસે જઈને બતાવવું અને પછી કહેવું કે, "આપના મંગલ માટે વિદ્વાનોએ આ ભાજન મોકલ્યું છે." અને તે પછી સૂરિ જે જે ચેષ્ટા કરે તે સર્વે તારે અમને જણાવવી." તેણે પણ તે પ્રમાણે કર્યું ત્યારે સૂરિજીએ પણ તેના ભાવને જાણીને ઘી થી ભરેલા તે ભાજનમાં અતિ સૂક્ષ્મ સોય નાંખીને તે ભાજન પાછુ મોકલ્યું. તેનો ભાવ આ હતો કે, "જેમ ઘીના ભાજનમાં સોયનો પ્રવેશ થયો તેમ હું પણ જલ્દીથી નગરમાં પ્રવેશીને તમારા મર્મનો ભેદ કરીશ." તેણે પણ સૂરિએ જે કહ્યું તે પંડિતોને કહ્યું અને સોય સહિત ભાજન રાજાને અર્પણ કર્યો. અને તેને જોઈને બૃહસ્પતિ તો કાષ્ઠની જેમ નિશ્ચેષ્ટ થયો અને ઘણો દુઃખી થયો. પછી ઘણા આડંબરથી રાજાએ પોતાના નગરમાં સૂરિનો પ્રવેશ કરાવ્યો. સંઘ સહિત પાદલિપ્તસૂરિનું સન્માન કરીને રાજા સૂરિએ બનાવેલી અમૃત સમાન તરંગલોલા કથાને સાંભળે છે. પાદલિપ્તસૂરિએ બનાવેલ અપૂર્વ રસવાળી કથાને સાંભળતા રાજા - પંડિત પ્રમુખ કોણે મસ્તક ન ધુણાવ્યા ? પણ મેઘ વરસતા સર્વ વનરાજી ખીલી ઉઠે પણ એક જવાસાનું વૃક્ષ સૂકાઈ જાય છે તેમ નીચ જાતિનો પંચાલ કે જે અવધારણ શક્તિમાં બળવાન હતો એવો તે ઈર્ષાથી વિંધાએલો, તેના ગુણરસિક લોકની વચ્ચે રાજાને કહેવા લાગ્યો, "આ કથા તો મારા જ ગ્રંથમાંથી તેમણે ચોરેલી છે." ત્યારે રાજાએ કહ્યું કે, "તેની જાણ કેવી રીતે ? તે મને બતાવો." ત્યારે તેણે પાદલિપ્તસૂરિએ કરેલી સુયુક્તિયુક્ત એવી પોતાની બનાવેલી તરંગવતી કથા બતાવી. ત્યારે સંઘ જાણે લજ્જા પામ્યો.

હવે આ દૃષ્ટ અનિષ્ટ નિવારવા માટે સૂરિએ સંઘને સમગ્ર કરવા યોગ્ય કાર્ય બતાવી પોતે કપટથી મૃત્યુ પામ્યા. તે જાણી દુષ્ટ આશયવાળા આનંદ પામ્યા અને શિબિકામાં ગુરુના શરીરને પધરાવી માર્ગમાં લઈ જવાતા સૂરિને જોઈને ગુણગ્રહણ કરવાવાળા લોકો અત્યંત રૂદન કરવા લાગ્યા. તે વખતે પંચાલ ભારે શોક બતાવતો કહેવા લાગ્યો કે, "જેના મુખ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપી કુંડમાંથી તરંગવતી કથા રૂપ નદી પ્રગટ થઈ તેવા આ પાદલિપ્તસૂરિને હરી જતાં યમરાજાનું મસ્તક કેમ ફુટી જતું નથી ?" આ પ્રમાણે પંચાલના વચન સાંભળીને સંઘ મહોત્સવની સાથે પાદલિપ્તસૂરિ જલ્દીથી ઉઠીને આ પ્રમાણે બોલવા લાગ્યા કે, "હે લોકો ! આ આશ્ચર્ય જુઓ... જુઓ ! પંચાલના સત્ય વચનથી મરેલા પણ મને પિયૂષરસથી સિંચાયેલાની જેમ જીવાડાયો છે." એ પ્રમાણે સૂરિએ તેને જીતી લીધો અને તેથી સંઘ પણ આનંદ પામ્યો. કોપાયમાન થયેલા રાજાએ પંચાલને દેશ બહાર કાઢ્યો, પણ તેમ કરતા રાજાને સૂરિએ નિવાર્યો. સૂરિના ઉપકારને અને પોતાના અપકારને જાણીને પંચાલ કર્મે શુભમતિ જાગતા (કર્મ વિવર આપતા) સૂરિનો ભક્ત સુશ્રાવક થયો. આ પ્રમાણે લાંબા કાળ સુધી શાસનપ્રભાવના કરી, જ્ઞાનથી પોતાનું આયુષ્ય જાણી, અણસણ કરી, શુભ ભાવોમાં મસ્ત બની, મનુષ્યક્ષેત્રને છોડી **શ્રી પાદલિપ્તસૂરિ ભગવંત સ્વર્ગે ગયા.**

આ પ્રમાણે પાદલિપ્ત ગુરુની શત્રુ વર્ગને જીતનારી મોટી રિદ્ધિ-સિદ્ધિ જોઈને હે ભવ્યો ! જિનશાસનની ઉન્નતિ માટે ધનનો સદુપયોગ કરો કે જેથી તમો સુજશને મેળવો.

**આ પ્રમાણે સિદ્ધ પ્રભાવકના વિષયમાં શ્રી પાદલિપ્તાચાર્યની કથા પૂર્ણ થઈ.**

# આઠમા કવિ પ્રભાવકનું સ્વરૂપ

## ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે.

## भूयत्थसत्थगन्थी, जिणसासणजाणओ सुकई ॥ ३६ ॥

ગાથાર્થ : **સદ્ભૂત અર્થવાળા શાસ્ત્રને ગદ્ય-પદ્ય વડે રચનાર, જિનશાસનના જ્ઞાતા તે "કવિ પ્રભાવક" જાણવા.**

**ટીકાર્થ :** સિદ્ધાંતમાં બતાવેલા (રચેલા) જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય સ્વરૂપ જે અર્થો (પદાર્થો), તેને જણાવનારું જે શાસ્ત્ર, તેને ગદ્ય-પદ્ય રૂપે જે રચના કરે તે **'ભૂતાર્થશાસ્ત્રગ્રન્થી'** કહેવાય. તથા સત્-અસત્, નિત્ય-અનિત્ય, અભિલાપ્ય-અનભિલાપ્યથી યુક્ત સામાન્ય - વિશેષમય એવા અનંત ધર્મવાળા, કુનયોથી રહિત, સકલ નયોથી યુક્ત અને પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણથી ઉત્પન્ન થયેલા જિનશાસનને જાણે છે તે 'जिनशासनज्ञाता કહેવાય છે. અને તેથી જ તેવા જ્ઞાતા જ સુંદર, સત્ય, ચાર અનુયોગથી શાસ્ત્રની કાવ્યમય રચના કરે છે તે **'सुकवि'** કહેવાય છે. નૃપાદિની ખુશામત કરનારા, અસદ્ભૂત ગુણોનું વર્ણન કરનારા કુકવિઓ તો નરકમાં જાય છે. તેથી અહીં **'सुष्ठु'** શબ્દનું ઉપાદાન સાર્થક છે. એ પ્રમાણે ગાથાનો ઉત્તરાર્ધાર્થ કહ્યો. ભાવાર્થ તો શ્રી **સિદ્ધસેન**દિવાકરસૂરિનું ચરિત્ર-વિસ્તારથી કહેવાય છે. તે આ પ્રમાણે :-

સમસ્ત પરમાર્થની પ્રશસ્ત વેલડી સમાન કચ્છદેશમાં શ્રી વિદ્યાધરગચ્છમાં શ્રી પાદલિપ્તસૂરિની શિષ્ય પરંપરારૂપી નભોમંડળમાં **સૂર્ય સમાન**, બહુ વિદ્યાવાળા **શ્રી સ્કંદિલાચાર્ય** હતા. તેઓ કોઈ દિવસે શિષ્યોથી પરિવરેલા, ઘણા દેશોમાં શાસનની પ્રભાવના કરતા કરતા, નિરૂપમ લક્ષ્મીના આવાસભૂત એવા **શ્રી ગૌડ દેશે** પધાર્યા. ત્યાં સમગ્ર ખેડૂતોના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છિતને પૂરનાર, **કોશલ** નામના ગામમાં, લોકોને આનંદ પમાડનારો **મુકુંદ** નામનો **બ્રાહ્મણ** વસે છે. તે એક વાર ગુણો રૂપી રત્નોની રોહણાચલ ભૂમિ સમાન **સ્કંદિલસૂરિ**ની પાસે આવ્યો. ત્યાં તેમના મુખકમલથી આવા પ્રકારનો ધર્મોપદેશ સાંભળ્યો કે, "ભોગમાં રોગનો ભય, સુખમાં નાશનો ભય, ધનમાં અગ્નિનો ભય, સેવકમાં સ્વામિનો ભય, ગુણવાનને દુર્જનનો ભય, વંશમાં કુલટા સ્ત્રીનો ભય, સ્નેહમાં વૈરનો ભય, નીતિમાં અન્યાયનો ભય, કાયામાં યમરાજાનો ભય છે. એમ આ સંસારમાં સર્વત્ર ભય જ છે. પણ એક **વૈરાગ્ય** એ જ અભયરૂપ છે."

આ પ્રમાણે સાંભળીને સકલ ભાવના ગુણ-દૂષણો જાણીને તે બ્રાહ્મણ ભવરૂપી લતાને છેદવામાં ખડગ સમાન, નિશ્ચલ રીતે પૂર્ણ નિવાસના કિલ્લા સમાન એવા વૈરાગ્યને પામીને ગુરુચરણકમલમાં નિરવદ્ય પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને તેમની સાથે જ વિહાર કરતા તે **ભરૂચ** નગરે આવ્યા. એક દિવસ મુકુંદમુનિ રાત્રિના સમયે મોટે સ્વરે પાઠ ગોખતા હતા. તેથી મુનિઓની નિદ્રામાં ભંગ થતો હોવાથી ગુરુએ તેમને કહ્યું કે, "હે વત્સ ! સકલ શ્રુતના સારભૂત એવા નવકારને તું ધીમા સ્વરે જ ગણ. વળી રાત્રિમાં મોટા સાદે ભણવાથી હિંસક જીવો જાગીને હિંસા કરે તેથી પ્રચંડ દંડ થાય છે. વળી કહ્યું છે કે, "ધર્મીઓ જાગતા સારા, પાપીઓ ઊંઘે તે સારા એમ જિનેશ્વરદેવે વત્સાધિપતિની બ્હેન જયંતિને કહ્યું હતું." પછી ગુરુના તે આદેશને શેષની જેમ મસ્તક ઉપર ધારણ કરીને તે દિવસના અતિ ઊંચા સ્વરે ગોખવા લાગ્યા. સદા સ્વાધ્યાય કરતા શ્રાવક-શ્રાવિકાઓ પણ તેમના અવાજને સાંભળતા તેથી કોઈક સાધુએ તેમની મશ્કરી કરી કે, "આ મુનિ આટલું જોરથી બોલે છે તો તે શું વૃદ્ધપણામાં સાંબેલુ ફુલાવશે કે શું ?" આ વચનથી અસહિષ્ણુતાનો કંદ જેમનો અંકુરિત થયો છે એવા (આઘાત પામેલા) મુકુંદ મુનિએ વિદ્યાપ્રાપ્તિ માટે એકવીસ ઉપવાસ કરીને સરસ્વતી દેવીને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલી સરસ્વતી દેવી પણ પ્રગટ થઈને વરદાન આપે છે કે, "હે વત્સ ! તું સર્વ વિદ્યાઓનો પારગામી થઈશ." તે વરદાનથી આનંદ પામેલા, વિદ્યાથી બળવાન એવા તે મુનિ ગુરુની પાસે આવી, સંઘ સમક્ષ, ઉપહાસ કરનારા મુમુક્ષુને કહ્યું કે, "હે ઉપહાસ કુશલ મુનિ ! રાજસભામાં ચાલો. જેથી ત્યાં હું નવપલ્લવિત સાંબેલું બતાવું." પછી એક સ્થૂલ સાંબેલું મંગાવી, જન સંચારવાળા ચૌટામાં જઈ, લોકોના દેખતા, મંત્રશક્તિથી સાંબેલુ ફુલાવ્યું (પુષ્પિત કર્યું.) અને પછી તેને ખભા ઉપર મૂકીને આ પ્રમાણે બોલતા - બોલતા ભમવા લાગ્યા કે, "જો આ મુશલ પત્રને આલંબીને પુષ્પિત ન થાય તો હું પણ પરાજિત થઈશ. પુષ્પિત મુશલ જ ત્યાં પ્રમાણ છે." વળી પ્રતિજ્ઞાવાન્, અપૂર્વ સામર્થ્યવાન્ તે કહે છે કે, "સસલાનું શિંગડુ, ઈન્દ્રધનુષ્યનું પ્રમાણ, શીતલ અગ્નિ અને નિષ્પ્રકંપ વાયુ. આ વાક્યમાં જે કોઈને કાંઈ ગમતું ન હોય તો વૃદ્ધવાદી કહે છે કે તે મારી સામે આવી બોલે." એવા તે મહાત્મા પ્રતિપક્ષના પક્ષરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન એવા નિરૂપમ વાદીરાજ થયા. તેથી જગતમાં 'વૃદ્ધવાદી' એમ તેમનું નામ વિખ્યાત થયું. ત્યાર પછી સ્કંદિલાચાર્યે પણ તે વૃદ્ધવાદીને યોગ્ય જાણી પોતાના પદે સ્થાપન કર્યા અને પોતે અણસણ કરીને દેવલોકમાં ગયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાજુ **શ્રી વૃદ્ધવાદીસૂરિ ભરૂચનગર** તરફ જતાં માર્ગમાં રહ્યા છે, તે સમયે અત્યંત ઉલ્લસિત ધ્વજા-પતાકાવાળી **અવંતી મહાનગરી**માં, સમરાંગણમાં વીરાધિવીરોને પણ હણીને વેરીઓનો નાશ કરનાર એવો **શ્રી વિક્રમ** નામનો **રાજા** હતો. તેની દાન-પરાક્રમની શક્તિને વર્ણવવા હજારો જિહ્વા પણ સમર્થ નથી. જેમકે, "૯૩ ક્રોડ મોતીના ઢગલાવાળા આટ હાટ (દુકાનો), મધુગંધમાં લુબ્ધ એવા ભમરાઓના ક્રોધથી મદોન્મત્ત ૫૦૦ હાથીઓ, લાવણ્યમય વિશાળ દૃષ્ટિવાળી ૧૦૦ વેશ્યાઓ. પાંડુ રાજાએ દંડમાં વૈતાલિકને (વિક્રમ રાજાને) આટલું આપ્યું હતું.

"વન્ય હાથી, સ્ફટિકની બનાવેલી ભીંતમાં પોતાનું પ્રતિબિંબ જોઈને, દૂરથી જ તેને પોતાનો શત્રુ જાણી, તેને મંદિરમાં હણી, કોપથી તૂટતા દાંતને ફરી ફરી જોતો, હાથિણીની શંકા વડે ધીમે ધીમે સ્પર્શ કરે છે." ઈત્યાદિ તેનો પ્રબંધ વિદ્વાનો વર્ણવે છે. તે રાજાના રાજ્યમાં માનનીય, બ્રાહ્મણકાર્યમાં કુશળ, કાત્યાયન ગોત્રી, જગતમાં રક્ષણ કરનારાઓમાં વિખ્યાત **'દેવઋષિ'** નામે **બ્રાહ્મણ** હતો. તેની લાવણ્ય લહરીથી લક્ષ્મીને હરાવનારી, કમળના પત્ર જેવી આંખવાળી **'દેવસિયા.** નામની **પ્રિયા** હતી. તેનો પરવાદી સૈન્યને વિશ્વાસ પમાડનાર **સિદ્ધસેન** નામનો પુત્ર હતો. તે અતુલ વિદ્યાબળ વડે આખાય જગતને તૃણ સમાન માનતો હતો. જેથી સંસારમાં સર્વ પાદર્થોનો પાર પામી શકાય છે પણ વિદ્યાનો પાર પામી શકાતો નથી. કહ્યું છે કે, "ભૂમિ પરિમિત છે. સમુદ્ર તેના કરતા ૧૦૦ યોજન વધુ વિસ્તારવાળો હોવા છતાં તે પણ પરિમિત છે. હંમેશને માટે મુસાફરીએ ફરતો સૂર્ય તેનાથી આકાશનું પરિમાણ નિયત છે. આ પ્રમાણે પ્રગટભાવો પણ મર્યાદાની મુદ્રાથી ઘડાયેલા છે. જ્યારે સજ્જનોની પ્રજ્ઞાનો વિકાસ અમર્યાદિત વિજય પામે છે."

એ **સિદ્ધસેને** એક વાર એવી પ્રતિજ્ઞા કરી કે, "જે મને કોઈ વાદમાં જીતે તો તેના ચરણની શુશ્રુષા કરવામાં રક્ત એવો શિષ્ય તેમનો હું થાઉં." એક વાર તે **સિદ્ધસેન,** મહામતિવંત એવા **વૃદ્ધવાદી**ની જગતમાં કીર્તિ સાંભળીને, પાલખીમાં બેસી, જેંટલામાં **ભરૂચ** તરફ તેમની સામે જાય છે તેટલામાં તો નગરથી નીકળતાં જ **વૃદ્ધવાદી** મળ્યા, પુષ્પિત સાંબેલાથી તેમને ઓળખ્યા. અન્યોન્ય મેળાપ, સંલાપ-વાતો પણ થઈ. પછી **સિદ્ધસેને** કહ્યું કે, "મારી સાથે વાદ કરો." ત્યારે સૂરિ બોલ્યા, "અહીં રાજા - સભા વિના જય - પરાજયની શી ખાત્રી થાય ?" તો સિદ્ધસેને કહ્યું, "આ ગોવાળીયાઓ જ વાદમાં સાક્ષી થશે." ત્યારે ગુરુએ પણ કહ્યું, "જો એમ જ હોય તો તું પૂર્વપક્ષ રજુ કર."

ત્યારે જાણે પાર પામી ગયો હોય તેમ **સિદ્ધસેન બ્રાહ્મણ** સંસ્કૃત ભાષામાં અલંકાર ભરેલા કાવ્યો બોલવા લાગ્યો. કે તર્ક, વિતર્કના સંપર્કવાળી, શબ્દોથી કઠોર લાગે તેવી સંસ્કૃત વાણી, ઉંચા સ્વરે, બહુ વખત સુધી બોલીને રહ્યા ત્યારે ગોવાળીયાઓએ કહ્યું, "આ અમને કાંઈ સમજાયું નહી. જાણે પિશાચથી ગ્રસિત હોય તેમ આ પોકાર કરે છે. વળી મોટા બરાડા પાડીને અમારા કાન પણ ફાડી નાંખ્યા. તેથી હે **વૃદ્ધવાદી રાજ !** હવે તમે જ બોલો." ત્યારે સમયજ્ઞ એવા તે **વૃદ્ધવાદીસૂરિ** પણ કેડ ઉપર કપડો બાંધીને, ગોવાળીયાની ભાષામાં જ રાસડો ગાતા ગાતા નાચવા લાગ્યા - "કોઈ પ્રાણીને મારવો નહિ, કોઈનું ધન ચોરવું

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહી, પરસ્ત્રીગમન કરવું નહી, અને થોડામાંથી થોડુ પણ દાન આપવું જેથી જીવ જલ્દી - જલ્દી સ્વર્ગે જાય છે. વારે વારે બોલતા-નાચે છે. વળી કહે છે "કાળી કાંબલ, વૃક્ષની છાલના વસ્ત્રો, છાસથી ભરેલી દોણી, આ પ્રમાણે સૂરિ બોલતા હતા. તે વખતે તેમના શબ્દોની સાથે તે ગોવાળિયા પણ આનંદ સહિત ગાયન કરતા છતાં નાચવા કૂદવા લાગ્યા અને હાથ ઉંચા કરી કરી (તાલી પાડીને) કહેવા લાગ્યા, "અહો ! આ **વૃદ્ધવાદી**ની વચન રચના કેવી શ્રેષ્ઠ છે ! જ્યારે બીજો તો શું બોલે છે તે સમજાતું જ નથી = તેની વચનરચના સુંદર નથી." આ પ્રમાણે ગોવાળીયાના વચનો સાંભળીને સૂરિના ચરણોમાં પડીને **સિદ્ધસેન** કહે છે કે, "**મને દીક્ષા આપો.** હવે હું **તમારો શિષ્ય** થયો છું, કેમકે તમે મને વાદમાં હરાવ્યો છે." ત્યારે **વૃદ્ધવાદીસૂરિ**એ કહ્યું, "આપણે ભરૂચ નગરમાં જઈએ. ત્યાં રાજાની સભામાં વિચક્ષણ લોકો તમારી ને અમારી વાદલીલાને જુએ = સાંભળે." ત્યારે **સિદ્ધસેન** પોતાના દોષોને જાતે જ બોલે છે કે, "હે ભગવન્ ! હું કાલને જાણતો નથી, જ્યારે આપ તો સમયજ્ઞ છો. તેથી જે સમયજ્ઞ છે તે જ સર્વવેદી છે." એમ બોલતા એવા તેને સૂરિએ **દીક્ષા આપી.**

ત્યારે તે સ્થાને, વૃત્તાંતને જાણનારા ભરૂચના રાજાએ **તાલરસ** નામનું ગામ વસાવ્યું. અને તેની મધ્યમાં **શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય** બનાવ્યું. ત્યાં **વૃદ્ધવાદીસૂરિ** ભગવંતે ઋષભદેવ ભગવાનની **પ્રતિષ્ઠા** કરાવી. સિદ્ધસેનનું દીક્ષા સમયે **'કુમુદચંદ્ર'** એવું નામ આપ્યું, અને ફરીથી **સૂરિપદ** પ્રદાન સમયે **'સિદ્ધસેનદિવાકર'** એવું નામ આપ્યું. પૂર્વગત સૂત્રો ભણવાથી 'દિવાકર' એ પ્રમાણે તેઓ જગતમાં પ્રસિદ્ધિને પામ્યા. કહ્યું છે કે, "વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર, વાચક એ બધા એકાર્થી નામ છે એમ પૂર્વગત સૂત્રમાં શબ્દ પ્રવર્તેલા છે."

ત્યાર પછી વૃદ્ધવાદીસૂરિએ અન્યત્ર વિહાર કર્યો અને આ બાજુ **સિદ્ધસેનદિવાકર સૂરિ** સૂર્યની જેમ ભવ્ય પ્રાણીઓ રૂપી કમલવનને પ્રતિબોધ પમાડતાં **ઉજ્જૈની નગરી**માં પધાર્યા. ત્યારે સન્મુખ આવી સંઘે મહોત્સવ પૂર્વક પ્રવેશ કરાવ્યો ત્યારે ચારણો વડે "સર્વજ્ઞપુત્ર" એ પ્રમાણે બિરૂદાવલી વડે સ્તવાતા એવા **સૂરિને** હાથીના સ્કંધ ઉપર બેઠેલા **શ્રી વિક્રમ રાજાએ** સન્મુખ આવતા જોયા. સર્વજ્ઞપુત્ર એવા તે સૂરિની પરીક્ષા કરવા માટે, ત્યાં રહેલા રાજાએ સૂરિને મનથી જ નમસ્કાર કર્યો, પણ શિરનમન કે વચનથી ન કર્યો. તે જાણી સૂરિએ સમીપમાં આવેલા રાજાને ધર્મલાભ આપ્યો. ત્યારે રાજાએ સૂરિને કહ્યું, "નહી નમતા એવા અમને કેમ ધર્મલાભ આપ્યો ? અથવા આ બધુ શું તમે જાણી ગયા છો. ત્યારે ગુરુએ કહ્યું, "હે મહારાજ ! ક્રોડ રત્નો કરતાં પણ આ ધર્મલાભ રૂપ આશીર્વાદ દુર્લભ છે. નહી નમતા એવાઓને તો તે સર્વથા મળતા નથી, પણ તમે તો મનથી અમને નમસ્કાર કર્યો છે. જે કારણથી સર્વત્ર શ્રેષ્ઠતા તો મનથી જ સ્ફુરાયમાન થાય છે. વળી કહ્યું છે કે, "જિનેશ્વર ભગવંતોએ વ્યાપારોની અંદર શ્રેષ્ઠ મનનો વ્યાપાર કહ્યો છે. જે સાતમી નરકમાં લઈ જાય છે અથવા મોક્ષમાં પણ પહોંચાડે છે."

ત્યાર પછી રાજા હાથીના સ્કંધ ઉપરથી ઉતરીને સંઘ સમક્ષ સૂરિને વંદન કરીને ક્રોડ સોનામહોર મંગાવીને આપે છે ત્યારે સૂરિએ કહ્યું, "અમે ધનને ગ્રહણ કરતા નથી." રાજાએ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કહ્યું, "મને પણ આ દ્રવ્ય કલ્પે નહીં, તો હવે આ દ્રવ્યથી શું કરું ?" ત્યારે સૂરિએ કહ્યું, "જિનમંદિરમાં, જીર્ણોદ્ધારમાં તે ધન વાપરવું." તેથી રાજાએ પણ તે કાર્ય માટે રાજવહિમાં લખાવ્યું કે, "દૂરથી ઉંચા હાથ કરી ધર્મલાભ દેતા **સિદ્ધસેનસૂરિ**ને રાજાએ કોટી દ્રવ્ય આપ્યું."

ત્યાર પછી અનુક્રમે વિહાર કરતા સૂરિ શ્રી **ચિત્રકુટ નગરે** પધાર્યા. ત્યાં સિદ્ધસેનસૂરિ ભગવંતે જુના ચૈત્યમાં ઔષધિઓથી લેપ કરાયેલો. મોટા પ્રમાણવાળો એક સ્થંભ (થાંભલો) જોઈને કોઈ એક પુરુષને પૂછ્યું કે, "આ સ્થંભ અહીં કેમ રાખ્યો છે ?" ત્યારે તેણે પણ જવાબ આપ્યો કે, "પૂર્વના આચાર્ય ભગવંતોએ પરમ રહસ્યવાળી એવી વિદ્યાઓથી ભરપૂર પુસ્તકો આ ઔષધિમય સ્થંભમાં ભંડારેલા છે. વળી આ સ્થંભ જાણે વજ્રથી જ બનેલો હોય તેમ જલ અને અગ્નિથી તે ભેદાતો નથી." તે વચન સાંભળીને **સિદ્ધસેનસૂરિ** ભગવંતે સ્થંભની ઔષધિઓને ગંધ વડે ઓળખીને, તેની પ્રતિસ્પર્ધી ઔષધિઓ વડે મિશ્રિત જળ વડે તે સ્થંભને સીંચે છે. પ્રભાતે પાકી પાપડીની જેમ તે સ્થંભને વિકસિત જુએ છે = પ્રભાતે સ્થંભ ચીરાયેલો જોયો. તેમાંથી એક પુસ્તક કાઢીને વાંચે છે. તેના પ્રથમ પાનામાં જ બે વિદ્યાઓ તેઓએ જાણી તેટલામાં જ તે સ્થંભ પુસ્તક સાથે જ અખંડિત બની ગયો, અને આકાશમાં દિવ્યવાણી આવી થઈ કે, "હે આચાર્ય ! તું આવી વિદ્યાઓ માટે અયોગ્ય છે. ચંચળ સ્વભાવ ત્યજી દે અન્યથા જીવિતના સંદેહમાં પડીશ = જીવન રહેશે નહી. તેથી તેઓ પાસે જે બે વિદ્યા પ્રાપ્ત કરી હતી તે રહી, પણ અધિક વિદ્યા પ્રાપ્ત ન થઈ. વળી કહ્યું છે કે, "જે જેટલામાં અર્થના ભાજનરૂપ હોય છે તેને તેટલા જ અર્થનું જ્ઞાન સ્થિર થાય છે. દ્રોણમેઘ (મોટી ધારાવાળો મેઘ) વરસવા છતાં ડુંગર ઉપર પાણી સ્થિર થતું નથી."

ત્યાર બાદ સિદ્ધસેનસૂરિ ભગવંત ચિત્રકૂટથી પૂર્વદિશા રૂપી વહુના ભાલતિલક તુલ્ય **કુમારપુર નગરે** પધાર્યા. ત્યાંના **શ્રીદેવ** નામના **રાજા**ને ઉપદેશ વડે પ્રતિબોધી જિનશાસનનો અનુરાગી બનાવ્યો. ત્યાં ઘણા વિદ્વાનો સાથે ગોષ્ઠિ કરતાં સૂરિનો ઘણો કાળ વ્યતીત થયો.

એકવાર રાજાએ એકાંતમાં અશ્રુજલથી યુક્ત નયનથી સૂરિને કહ્યું કે, "હે ભગવન્ ! અમે અભાગ્ય-શિરોમણિ છીએ, જેથી તમારા દર્શનને પણ યોગ્ય નથી. કેમ કે મહા આપત્તિ આવી પડી છે." ત્યારે સૂરિએ કહ્યું કે, "હે રાજન્ ! તે આપત્તિ કઈ ? કે જેથી તમારું મન આ પ્રમાણે દુઃખી થાય છે ?" ત્યારે રાજાએ પણ કહ્યું, "હે ભગવન્ ! મારું રાજ્ય લેવાની ઈચ્છાવાળા એવા મારા વૈરી સીમાડાના બધા રાજાઓ ભેગા થઈને સૈન્ય સહિત આવી રહ્યા છે." (તેથી તમારું દર્શન-વંદન કરી શકતો નથી.) ત્યારે સૂરિજીએ કહ્યું, "હે મહારાજ ! તમે ખેદ ના કરો. મારા જેવા પરમમિત્રને સ્વાધીન એવું તારું રાજ્ય શક્ર પણ લેવાને શક્તિમાન નથી. તું ધીર થા. મારું માહાત્મ્ય જો." તે જ સમયે પરસૈન્યે તે નગરને અચાનક ઘેરો ઘાલ્યો. ત્યારે સૂરિએ જળથી ભરેલા કુંડમાં, તે વિદ્યાથી અભિમંત્રિત સરસવ નાંખ્યા. દરેક સરસવે અશ્વવારો ઉત્પન્ન થયા. તેઓ સમગ્ર પરસૈન્યને હત-પ્રહત કરીને સ્વયં અદશ્ય થઈ ગયા. તેથી આ રાજાએ તે શત્રુ રાજાઓનું સર્વસ્વ લઈ લીધું. વિજયભંભા વગાડી. ત્યારથી રાજા સૂરિનો પરમ ભક્ત થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે રાજકુલના સહવાસથી (રાજકીય માન-સન્માન મળવાથી) શિષ્ય પરિવાર સહિત સૂરિજી ચરણ-કરણ યોગમાં અતિ શિથિલ થયા. હંમેશા રાજા તરફથી મળતા બહુમાનથી અહંકારી બનેલા અને ભાટ-ચારણોથી થતી તેમની બિરૂદાવલીથી તે સૂરી પોતાની આગળ ત્રિભુવનને પણ તૃણ સમાન માનતા, સુખશીલીયા શીથિલવિહારી થયા. શિષ્યો તેમને વારતા તો પણ તેઓ નિરાદરવાળા થયા. જે કારણથી, "ગુરુ નિશ્ચિત સુવે છે તો તેના શિષ્યો પણ અનુક્રમે સુવે છે. હોડાહોડી કરતાં તેઓ મોક્ષને પણ દૂર કરે છે." તેથી શ્રાવક-શ્રાવિકા લોકો પૌષધશાળામાં પ્રવેશ પણ કરતા નથી. એ પૂર્વ ઋષિ ભાષિત ભાવ થયા," કાચુપાણી, પુષ્પ ફળ અનેષણીય ગૃહસ્થ કૃત્યોને જે અજયણાએ સેવે છે, તે યતિવેષની વિડંબના કરનાર છે." અને કહ્યું છે કે, "કુશીલલિંગને ધારણ કરી, રજોહરણને આજીવિકા માટે વહન કરતા. અસંયમીને સંયમી તરીકે કહેતા (વેષ વિડંબકો) લાંબા કાળ સુધી પતનને પામે છે."

આ પ્રમાણે તે સૂરિના ઉન્માર્ગને સેવનની = શિથિલાચારની વાતો ચારે બાજુએ પ્રસરતી તે વાતોને સાંભળીને, તેમને પ્રતિબોધ કરવા માટે શ્રી વૃદ્ધવાદીસૂરિજી, ગીતાર્થ એવા મુનિઓને ગચ્છ સંબંધી શિક્ષા આપીને = ગીતાર્થ મુનિઓને પોતાનો પરિવાર ભળાવીને એકલા તેઓ તેની પાસે ગયા. ત્યારે સૂરિએ પણ સિંહાસન ઉપર બેઠેલા, ઘણા વાદી-વૃંદોથી વંદાતા ચરણ કમળવાળા સિદ્ધસેનસૂરિને જોયા. પરંતુ ઋદ્ધિગારવના અંધકારથી આચ્છાદિત નયનવાળા સિદ્ધસેનસૂરિએ ગુરુને ઓળખ્યા નહિ. આ કોઈક ગરીબ હશે એમ તે માને છે. અહો ! લક્ષ્મીના વિકારો તો જુઓ ! કે જે મુનિજનને પણ વિકારનું કારણ બને છે. અને કહ્યું પણ છે કે, "લક્ષ્મીનો મદ પ્રાણીઓને અચૈતન્યના કારણભૂત, નિદ્રાની મુદ્રા વિનાની પ્રગટ એવી બીજી નિદ્રા છે. તો છતી આંખે પાટા વગરનો અંધાપો છે. તો વળી ત્રણ (વાત-પિત-કફ) ના દોષ વિનાનો સંનિપાત છે. તથા ક્ષીરસમુદ્રમાં વસનારી (લક્ષ્મી) હોવાથી પાણીના સ્વભાવને અનુસરતી નીચી ગતિને પામે છે. તો કલ્લોલો વડે ચપળપણાને અને કાલકૂટ વિષની છટાથી સ્મૃતિ મતિને હરણ કરે છે. ત્યારે ગુરુ. ભ. ને નહિ ઓળખવાથી તેમના વચનો વડે પણ બોધ નહિ પામતા, તેમની મહામોહ રૂપી નિદ્રાને ઉડાડવા માટે હાથ જોડીને તેમણે કહ્યું, "વિદ્યાના અર્થી એવા મને એક વ્યાખ્યાન આપો." ત્યારે અવજ્ઞા પૂર્વક સિદ્ધસેનસૂરિજીએ કહ્યું, "અમે રાજયકાર્યમાં સદા વ્યસ્ત છીએ એટલે સર્વથા ભણાવવાનો સમય નથી, પણ એક અવસર છે કે જે સમયે હું સુખાસનમાં બેસી રાજયસભામાં જાઉં તે સમયે તમે કાંઈ પણ પૂછશો તો કહીશું." આ સાંભળીને વદ્ધવાદીસૂરિજી હર્ષિત થયેલાની જેમ નાચી ઉઠ્યા અને 'તહત્તિ' કરી તેમનું વચન અંગીકાર કર્યું.

(રાજયસભાનો અવસર થયો ત્યારે) હવે અનેક ઉદ્‌ભટ સુભટોથી વીંટળાયેલી, તૂર્યાદિ પાંચ વાજિંત્રના શબ્દોથી યુક્ત એવી શિબિકા રાજાએ સિદ્ધસેનસૂરિજી માટે મોકલી. સિદ્ધસેનજી પણ શિબિકામાં આરૂઢ થઈને, મોટી ઋદ્ધિથી રાજકુલ તરફ જવા લાગ્યા, તે સમયે તેમણે આર્યને (વૃદ્ધવાદીને) કહ્યું, "હે ખડક્ષર ! જે કાંઈ કહેવું હોય તે કહો." ત્યારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમણે પણ કહ્યું, "અણવિકસિત વૃક્ષને (ફૂલને ?) તોડ નહિ, બાગના રોપાનું મર્દન કર નહીં, મન રૂપી પુષ્પો વડે નિરંજન એવા અરિહંતની પૂજા કરો, કયા કારણથી એક વનથી બીજા વનમાં ભટક્યા કરો છો ?" (સિદ્ધસેનસૂરિજી આ શ્લોકનો અર્થ સમજી - સમજાવી શકતા નથી તેથી તે વાતને ઉડાડી નાંખવા માટે) આ સાંભળીને તે કહેવા લાગ્યા કે, "આ શ્લોક તો ખૂબ સુગમ - સહેલો છે. (આમાં સમજાવવા જેવું શું છે તેથી બીજું કાંઈક પૂછો) તમે જે પણ કાંઈ પૂછશો તે તમારી આગળ વ્યાખ્યાન કરીશ, તેથી અતિવિષમ એવા શાસ્ત્રના અર્થને પૂછો, જેથી તમારા હૃદયમાં રહેલા સંશયને હું દૂર કરું." આર્યે કહ્યું, "અમારા જેવાને તો આ જ ગાથા - શ્લોક ઘણી વિષમ છે તેથી અમારા આગ્રહથી તે જ સમજાવો." ત્યારે 'अणहुल्लियाए' પદનો પણ અર્થ બરાબર ન જણાવતા વૃદ્ધવાદીજીએ કહ્યું, "તમે કહેલો પ્રથમ પદનો લેશમાત્ર અર્થ પણ અમે નથી સમજ્યા. જેથી આ અણપઢ વાચક ઘણા અર્થવાળા શાસ્ત્રને થોડો પણ જાણતો નથી તો અમારી આગળ શું વ્યાખ્યાન કરશે ?" ત્યારે સિદ્ધસેનસૂરિજીએ વિચાર્યું કે, "આ કોઈ અજ્ઞાની નહિ પણ મહાજ્ઞાની છે, જે મને પણ આક્ષેપ કરે છે. તો ખરેખર ! મારા ગુરુ વૃદ્ધવાદીને છોડીને બીજા કોઈના પણ આવા બુદ્ધિ રૂપી સાગરના તરંગો ઉછળે નહિ = મારા ગુરુ જેવા કોઈ બુદ્ધિમાન નથી." આમ અહંકાર દૂર થતા, શિબિકાથી ઉતરી, પોતાના જ ગુરુ એવા તેમને જાણીને, તેમના ચરણકમલમાં નમીને સિદ્ધસેનસૂરિજીએ પોતાના અપરાધની ક્ષમા માંગી. પછી તેઓ 'अणहुल्लियाए' પદનો વિસ્તાર પૂછે છે ત્યારે વૃદ્ધવાદીસૂરિજી પણ તેનો વિસ્તાર કહે છે કે 'अणहुल्लिय' = એ વૃક્ષનો બહુ પ્રચારપણાથી ફળ-ફુલ વિનાના વૃક્ષને ન તોડો. અહીં એનો શું ભાવાર્થ છે ? તો કહે છે કે આ કલ્પતરૂ તુલ્ય યોગ છે. કેવી રીતે ? જ્યાં યમ અને નિયમો એ મૂલ છે, ધ્યાન એ થડ છે, સમભાવ એ સ્કંધ છે, કાવ્યો રચવા, મધુરવાણી પ્રકાશવી, જનરંજન = જનને પ્રતિબોધ કરવો, પ્રતાપ, યશ, વશીકરણાદિ છ કર્મ શક્તિ રૂપ ફૂલ છે, કેવલજ્ઞાન ફલ છે. તે યોગ કલ્પવૃક્ષના આજે પણ ફૂલો ઉગ્યા છે અને ભાવિમાં (આગળ) તે કેવલજ્ઞાન રૂપી ફળવડે ફળવાળું બનશે. અત્યારે ફળ આવ્યા નથી તો શા કારણથી તું તોડે છે ? એનું ઉન્મૂલન ન કર. એ પ્રમાણે ભાવ છે. 'રોપાનું મર્દન કર નહીં' તો તેનો ભાવ અહીં એવો છે કે પાંચ મહાવ્રત એ એના રોપા છે તેને મરડો નહીં. 'मणकुसुम' તેનો અર્થ સુવ્યાપારરૂપી મનપુષ્પોથી निरंजणं = રાગ-દ્વેષ રહિત એવા અરિહંતને પૂજ. કયા હેતુથી ભમે છે ? 'वणाओ वणं' = પરમાર્થથી રાજસેવાદિ વિરસ એવા દુઃખોને શા માટે કરે છે ?" આ પ્રમાણે ગુરુની શિક્ષાથી સિદ્ધસેનસૂરિજી સંવેગ પામી, પોતાના દુશ્ચરિત્રની આલોચના કરે છે. ત્યાર બાદ રાજાને કેમે કરીને સમજાવીને, પોતાના ગુરુ વૃદ્ધવાદીસૂરિજી સાથે સિદ્ધસેનસૂરિજીએ વિહાર કર્યો.

ત્યાર પછી પૂર્વગત શ્રુતને અન્ય-અન્ય સૂરિવરો પાસેથી ભણીને તેઓ શ્રુતધર થયા. એ સમયે વૃદ્ધવાદીસૂરિ સ્વર્ગવાસ પામ્યા. એક વાર પ્રાકૃત ભાષામાં સૂત્રો બોલવાથી લોકોમાં લજ્જા પામેલા અને પોતાની મહત્તાને પ્રગટ કરવા માટે સિદ્ધસેનસૂરિજીએ સંઘને કહ્યું કે, "જો તમે આદેશ આપો તો સર્વે પણ સિદ્ધાંતને સંસ્કૃત ભાષા રૂપ કરું, જેથી લોકો મશ્કરી ન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે." ત્યારે સંઘે કહ્યું કે, "એ પાપથી સર્યું. શું અરિહંતભગવંત, અને સર્વ અક્ષરોના સંયોજનને જાણનારા ગણધરદેવો સંસ્કૃત ભાષામાં સિદ્ધાંત કરવામાં અસમર્થ હતા ? પણ બાલ-વૃદ્ધ-સ્ત્રી આદિના અનુગ્રહ માટે પ્રાકૃત ભાષામાં સિદ્ધાંત કર્યા છે. વળી કહ્યું છે કે, "ચારિત્રની ઈચ્છાવાળા બાલ-સ્ત્રી-મંદ-મૂર્ખ જીવોના અનુગ્રહને માટે તત્ત્વજ્ઞોએ સિદ્ધાંતને પ્રાકૃત ભાષામાં કર્યા છે." પરંતુ આ પ્રમાણે બોલતા એવા તમારે દશમું પારાંચિત નામનું પ્રાયશ્ચિત કરવું પડશે." એ પ્રમાણે સંઘના વચનને સાંભળીને પશ્ચાતાપ થતાં, હાથ જોડીને સૂરિએ સંઘને કહ્યું, "જો કે હાલમાં દશમું પ્રાયશ્ચિત્ત તો સંઘયણ અને બુદ્ધિબલના અભાવથી વ્યવચ્છેદ પામેલું છે. તો પણ સંઘ મારા ઉપર કૃપા કરી બાર વર્ષના પ્રમાણવાળું પ્રાયશ્ચિત્ત આપે. હું પણ યથાશક્તિ તેનો અભ્યાસ કરી શકું એ યુક્તિથી મૌન ધારણ કરી, મુહપત્તિ - રજોહરણાદિ સાધુવેષને ગોપવી, અવક્તવ્ય રૂપ બનાવીને (ગુપ્તવેશવાળા થઈને) પાંડુરાજાની જેમ બાર વર્ષ ભમીશ. ત્યાં સુધી વચ્ચે મને કોઈ ઓળખી જાય તો ફરીથી તે દિવસથી આરંભી બાર વર્ષ સુધી પૂર્વયુક્તિથી સંયમયોગમાં ઉપયોગવાળો થઈને વિહરીશ."

ત્યાર પછી સંઘની અનુજ્ઞાથી ગચ્છનો ત્યાગ કરી, અવધૂતનો વેષ ધારણ કરી સિદ્ધસેનસૂરિજી લોકો ઓળખી ન શકે તેમ વિચરવા લાગ્યા. એમ વ્રત-તપ-જપાદિ કૃત્યોને આચરતા તે **સિદ્ધસેનસૂરિજી** આઠ વર્ષ બાદ **ઉજ્જૈયિની નગરી**માં મહાકાલના મંદિરમાં આવીને રહ્યા. પારાંચિત તપને યોગ્ય તપને સેવતા એવા તે, લોકો પૂછવા છતાં મૌનના કારણે કાંઈ પણ બોલતા નથી. ત્યારે લોકોએ જઈને રાજાને નિવેદન કર્યું કે, "હે દેવ ! કોઈક પરદેશી તમારા દેવાલયમાં રહે છે, પણ તે (તમારા) દેવને - ભગવાનને પ્રણામ પણ કરતો નથી." તેથી આશ્ચર્ય પામેલા રાજાએ પણ ત્યાં આવીને તેને પૂછ્યું, "તું કોણ છે ?" તેણે પણ કહ્યું, "હું ધર્મી છું." "જો એમ જ છે તો મહાદેવને કેમ પ્રણામ કરતા નથી ?" ત્યારે સૂરિએ પણ "અત્યારે જિનશાસનની પ્રભાવના કરવા યોગ્ય છે" એમ વિચારીને રાજાને કહ્યું, "મારી સ્તુતિ આ મહાદેવ સહી શકશે નહિ તેથી તેની સ્તુતિ (વંદનાદિ) હું નથી કરતો." આ સાંભળીને રાજા વિચારે છે કે, "અહો ! આ અસંબંદ્ધપ્રલાપી ઉન્મત્તની જેમ શું બોલે છે ?" પછી રાજાએ કહ્યું, "અરે ! અમે કેવી રીતે માનીએ કે તારું વચન સાચું છે કે ખોટું ?" તેણે પણ અભિમાનથી કહ્યું, "હે રાજન્ ! કદાચ લિંગ ફાટે તો ?" ત્યારે રાજાએ કહ્યું, "જે થવાનું હોય તે થાય પણ તમે મહાદેવને પ્રણામ કરો - તેમની સ્તુતિ કરો."

ત્યારે સૂરિજીએ જિનગુણથી ગર્ભિત બત્રીશી બનાવવાનો પ્રારંભ કર્યો. તેમાં પ્રથમ બત્રીશીમાં પ્રથમ શ્લોક આ પ્રમાણે, "સ્વયમ્ભુવં = પોતાની મેળે બોધ પામેલા, भूतसहस्रनेत्रं = જ્ઞાનરૂપી હજારો નેત્રને ધારણ કરનારા, અનેકં = જાણવા યોગ્ય અનેક પ્રદાર્થોને જાણનારા હોવાથી અનેક છે. एकाक्षरभावलिङ्गम् = અદ્વિતીય અને અવિનાશી ભાવલિંગવાળા, अव्यक्तं = અવ્યક્ત, अव्याहतविश्वलोकं = કોઈથી ન હણાય એવા જ્ઞાન દર્શનવાળા, अनादिमध्यान्तं = આદિ, મધ્ય, અને અંત રહિત, पुण्यपापं = પુણ્ય-પાપથી રહિત એવા દેવને નમસ્કાર હો." એ પ્રમાણે બત્રીશ બત્રીશ શ્લોક રચવા લાગ્યા. તેમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ કાવ્ય (શ્લોક) ભણતા જ શિવલિંગમાંથી કાજલ જેવી કોમળ અગ્નિની જવાળાઓ ફાટી. ત્યારે મહાદેવના ભક્ત લોકો તાલી વગાડી કોલાહલ કરવા લાગ્યા કે, "નક્કી કાળ રૂપી અગ્નિથી રુદ્ર બનેલા આ રુદ્ર (શંકર) તૃતીય નયનરૂપી અનલથી આ ભિક્ષુકને બાળી નાંખશે." ત્યાં તો તેની મધ્યમાંથી ધરણેન્દ્રના પ્રભાવથી તડ્-તડ્ એમ અવાજ કરતું શિવલિંગ ફાટ્યું અને તેમાંથી પ્રથમ તેજ જ્વાલા નીકળી. અને તેની અંદરથી અપ્રતિમ રૂપવાળી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા નીકળી. ત્યારે લોકો બોલવા લાગ્યા, "આ કોઈ અપૂર્વ દેવ દેખાય છે.".ત્યારે રાજાને સૂરિએ કહ્યું, "હે મહારાજ ! જેની કૃપાથી જીવો મનુષ્ય-દેવના સુખોને અનુભવીને મોક્ષસુખ પામે છે વળી સુર-અસુર-મનષ્ય-વિદ્યાધરાદિ રાજાઓ પણ જેમના ચરણપંકજને સેવે છે. તે આ ધરણેન્દ્રે કરેલા ફણાના આડંબરવાળા ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુ જે મારી સ્તવનાને સહન કરે છે તો તેની સાથે બીજા દેવો કેવી રીતે સ્પર્ધા કરી શકે ?" એ પ્રમાણે સિદ્ધસેને કરેલી પ્રભાવનાને જોઈને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા અને કહેવા લાગ્યા, "આ જિનશાસન જય પામો કે જેમાં આવા પ્રકારના મહા અતિશયવાળા મહાપુરુષો પોતાની કીર્તિ રૂપી સુધાથી ભુવનના પ્રદેશોને ઉજ્જવલ બનાવે છે."

ત્યાર પછી રાજા પણ આશ્ચર્ય પામ્યો અને જિનમતનો અનુરાગી એવો તે અન્યોન્યયુક્તિથી સૂરિની આ પ્રમાણે પ્રશંસા કરવા લાગ્યો કે, "દેડકાનું ભક્ષણ કરવામાં પ્રવીણ એવા સર્પો તો દુનિયામાં ઘણા હોય છે, પરંતુ પૃથ્વીને ધારણ કરવામાં સમર્થ એવો શેષનાગ તો એક જ છે. તેથી અપૂર્વ કવિત્વ શક્તિવાળા સૂરિને અન્ય કોઈ કવિ શું વર્ણવી શકે ? (ના.) કેમકે તેઓના તેવા ભાવો હોતા નથી. (કારણ કે તેમના વાક્યોની રચના નવી નવી ભંગીઓને કરતી નથી, શેરડીના જેવી મીઠાશ જેમાંથી ઝરે એવો પદનો પરિપાક પણ નથી, વળી અમૃતની ધારાસમાન વરસાદને હલકો પાડે તેવી રસની ઉર્મિઓ પણ નથી તેમ છતાં (જે કવિઓ) નવા પ્રબન્ધની રચના કરવા ઈચ્છે છે) તે ખરેખર ! ખેદની વાત છે.

આ પ્રમાણે સૂરિની પ્રશંસા કરીને વિસ્મય પામેલો વિક્રમ રાજા પોતાના સ્થાને ગયો. ત્યાર પછી ધરણેન્દ્રે જય જય શબ્દારવ કર્યો. સંઘે પણ પારાંચિત પ્રાયશ્ચિતના શેષ ચાર વર્ષ બાકી હતા તે માફ કરીને, સૂરિનો મહોત્સવપૂર્વક ઉજ્જૈયિની નગરીમાં પ્રવેશ કરાવ્યો. આજે પણ વિદ્વાનોમાં તે બત્રીશ - બત્રીશી ભણાતી સંભળાય છે.

ત્યાર પછી સૂરિજી પરિવાર સહિત પૃથ્વીતલને સૂર્ય સમાન પોતાની વાણીના વિસ્તારથી પ્રકાશ કરતા **શ્રીચુંકારપુર**ને પદકમલ વડે પવિત્ર કરે છે. ત્યાં રહેતા શ્રાવકોએ **શ્રી સિદ્ધસેનસૂરિજી**ને વિનંતી કરી, "હે ભગવન્ ! આ નગરની નજીકના ગામમાં **સુંદર** નામનો **ઓરાયપુત્ર** (નાનો રાજકુમાર) હતો. તેની બંને ભાર્યા પરસ્પર ઈર્ષ્યા કરતી હતી. તેમાંની એકે પુત્રીને જન્મ આપ્યો. તેથી તે વધારે ઈર્ષ્યા કરતી. તેની શોક્યને પણ નજીકમાં જ પ્રસૂતિકાલ હતો. તેથી પહેલી પત્નીએ વિચાર્યું કે, "આને પુત્ર ન થાઓ, નહિતર તે પતિને પ્રિય થશે. તેથી એવું કરું કે જેથી તે પણ દુઃખી થાય." તેથી દુશ્ચારિત્રી એવી તેણીએ દાયણને ઘણું દ્રવ્ય આપીને કહ્યું, "જ્યારે મારી આ શોક્ય પ્રસૂતિ સમયે તને દાયણ તરીકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખે, ત્યારે તારે પૂર્વે સંગ્રહ કરેલું મરેલું બાળક તેના પુત્રના સ્થાને સ્થાપન કરવું અને તેનો પુત્ર દૂર દૂર દેશમાં મૂકીને પછી મને જણાવવું. ભાગ્યયોગે તે સર્વ તેમ જ બન્યું. હવે તે રાજપુત્ર પૂર્વકૃત પુણ્યના પ્રભાવથી કુલદેવીએ ગાયનું રૂપ કરીને, દૂધ આપીને દૂધથી પોષતા આઠ વર્ષનો થયો. ત્યાર પછી એક વાર આ જ નગરમાં શિવમંદિરના અધિકારી સંન્યાસીએ જોઈને તે બાળકને બોલાવ્યો, "હે વત્સ ! મારી પાસે દીક્ષા ગ્રહણ કર." એમ તેને પ્રતિબોધી (તાપસી) દીક્ષા આપી.

એ સમયે જાત્યંધ **કાન્યકુબ્જનો રાજા** વિવિધ દેશોને જીતતો, તે નગરની પાસે આવાસ કરીને રહ્યો. તે સમયે નાના સંન્યાસીને શિવનો આદેશ થયો કે, "તે કાન્યકુબ્જ રાજાને મારી શેષ આપવી. તે શેષ આંખમાં લાગવા માત્રથી તેના નેત્રો વિકસિત થશે." તેણે પણ તે વાત વૃદ્ધ સંન્યાસીને કહી. તેથી તે પણ શિવનિર્માલ્ય લઈને, તે રાજાની છાવણીમાં જઈને, મંત્રી - સામંતોની આગળ હાથ ઉંચા કરી બોલવા લાગ્યો, "અરે... અરે... તમારા સ્વામીને મારી સન્મુખ લાવો. જેથી તેમની વિકસિત કમળના જેવી, સર્વ પદાર્થ સમૂહ જોવામાં સમર્થ એવી આંખો બનાવું." તેથી તેના તે વચનથી પ્રેરાયેલો રાજા તેની સન્મુખ આવ્યો. વૃદ્ધ સંન્યાસીએ આપેલું નિર્માલ્ય (મૂર્તિ પરથી ઉતારેલ પૂજાની વાસી સામગ્રી) આંખે બાંધતા તે દેખતો થયો. તેથી ખુશ થયેલા રાજાએ તેને શાસન કરવા ૧૦૦ ગામ આપ્યા. ઋષિઓ (સંન્યાસીઓ) સહિત તે અહીં ચંકારપુરમાં જ શિવપ્રાસાદ કરીને રહ્યો છે. રાજાને અતિ માન્ય એવો તે શ્રાવકોને પ્રાસાદ કરવા દેતા નથી. અતિ પ્રબલ મિથ્યાદૃષ્ટિ તેઓ છે. તો હે ભગવન્ ! તો તમે એવું કરો કે જેથી એનો માનભંગ થાય અને અત્યંત ઉત્તુંગ મનોહર જિનચૈત્ય અમે કરાવીએ. અન્યનું એવા પ્રકારનું બળ નથી." એ પ્રમાણે તેમના વચન (સાંભળીને) ચિત્તમાં રાખીને **સૂરિજી** પણ **અવંતીનગરીમાં** જઈને, ચાર શ્લોક હાથમાં લઈને, **શ્રી વિક્રમાદિત્ય રાજાના** સભાદ્વારે જાતે જઈને, દ્વારપાળ દ્વારા રાજાની આગળ એક શ્લોક મોકલાવ્યો. તે આ પ્રમાણે - **"તમારા દર્શનની ઈચ્છાવાળો કોઈક ભિક્ષુક આપને મળવા આવ્યો છે, પણ તે દ્વારપાલના અટકાવવાથી દ્વારે ઉભો છે. તેના હાથમાં ચાર શ્લોક છે તો તે સભામાં આવે કે જાય ?"** એ પ્રમાણે તે શ્લોકને વાંચીને રાજાએ જવાબમાં એક શ્લોક લખીને મોકલ્યો, **"જેના હાથમાં ચાર શ્લોક છે તેને દશ લાખ રૂપિયા અને ચૌદ ગામ આપવામાં આવે છે હવે જો આવવું હોય તો આવો ને જવું હોય તો જાવ."**

કવિરાજે પણ તે શ્લોક વાંચીને દ્વારપાલ દ્વારા રાજાને જણાવ્યું કે, "હે રાજન્ ! તે ભિક્ષુક તમારા દર્શનને જ ઈચ્છે છે, પણ દ્રવ્યને નહીં" ત્યારે રાજાએ પોતાની પાસે બોલાવીને, સૂરિને ઓળખીને, પ્રણામ કરીને, સિંહાસન ઉપર બેસાડીને પૂછ્યું, "હે ભગવન્ ! લાંબા કાળે તમારું દર્શન શા કારણથી થયું ?" ત્યારે સૂરિએ કહ્યું, "હે રાજન્ ! ધર્મકાર્ય સમાચારથી (આવી વાતો કરવાથી) ન થાય. તે **ચાર શ્લોક** તમે અવધારો તે આ પ્રમાણે :

**(૧) હે રાજન્ ! તમે આવી અપૂર્વ ધનુર્વિદ્યા ક્યાંથી શીખ્યા ? કે જેથી માર્ગણ (બાણ)નો સમૂહ સમીપે આવે છે અને ગુણો દિગંતમાં જાય છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૨) હે રાજન્ ! સરસ્વતી તો તમારા મુખમાં રહી છે અને લક્ષ્મી તમારા હસ્તકમલમાં રહી છે, પરંતુ કીર્તિ તમારા ઉપર કોપાયમાન કેમ થઈ કે જેથી તે દેશાંતરમાં ગઈ.**

**(૩) હે ધરાનાથ ! તમારી કીર્તિ ચાર સમુદ્રમાં સ્નાન કરવાને કારણે જાણે જડતા ન પામી હોય, તેમ તે આતપ લેવા માટે સૂર્યમંડલમાં ગઈ છે. અર્થાત્ સમુદ્ર પર્યંત વિસ્તરેલી તમારી કીર્તિ સ્વર્ગલોકમાં પણ ગવાય છે.**

**(૪) વળી હે રાજન્ ! તમે હંમેશા સર્વનું દાન કરો છો એવી તમારી પ્રશંસા પંડિત લોકો કરે છે તે ખોટી છે કારણ કે તમારા શત્રુઓ તમારી પીઠને મેળવતા નથી = શત્રુઓને પીઠ આપતો નથી અને પરસ્ત્રીને છાતી નથી આપતો = પરસ્ત્રીને ચાહતો નથી.**

એ અપૂર્વ **ચાર** શ્લોકની વક્રોક્તિની યુક્તિને સાંભળીને ખુશ થયેલા રાજાએ અનુક્રમે શ્રેષ્ઠ વસ્ત્રોથી ભરેલો, સુગંધિત વસ્તુના સમૂહથી ભરેલો, સુવર્ણ વડે ભરેલો, હાર આદિ આભૂષણોથી ભરેલો... એમ ચાર હાથી લાવીને સૂરિજીને કહે છે, "આ ચારે હાથીને આપ ગ્રહણ કરો." ત્યારે સૂરિએ કહ્યું, "હું આ દ્રવ્ય માટે નથી આવ્યો." ત્યારે રાજા ચાર દેશમાં ચાર સન્નિવેશ આપવા લાગ્યો તો તે પણ સૂરિજી ગ્રહણ કરતા નથી. ત્યારે રાજાએ કહ્યું, "તો તમે શું ઈચ્છો છો ? ત્યારે સૂરિએ કહ્યું, "હે મહારાજ ! સાંભળો. ચંકારપુરમાં મહાદેવના પ્રાસાદથી ઉંચો એવો ચાર દ્વારોનું જિનવર ચૈત્ય કરાવો અને તમે સ્વયં સપરિવાર ત્યાં જઈને પ્રતિષ્ઠા મહોત્સવ કરાવો. પુણ્યના અર્થી રાજાએ પણ તે પ્રમાણે તેમનું વચન સ્વીકાર્યું અને ત્યાં ઉત્તુંગ શિખરવાળું જિનભવન કરાવ્યું. રાજાએ કરેલી પ્રભાવનાથી મિથ્યાદષ્ટિઓનું મર્દન થવાથી સંઘ પણ અતીવ સંતુષ્ટ થયો. આ પ્રમાણે સૂરિજી પગલે પગલે જિનશાસનની પ્રભાવના કરતા અને વાદીને જીતતા **પ્રતિષ્ઠાનપુરે** પધાર્યા. ત્યાં જ્ઞાન વડે પોતાના આયુષ્યનો અંત જાણીને અણસણ ગ્રહણ કરી, શુભ ધ્યાનમાં રહી, સ્વર્ગલોકના લોકોને જોવાને માટે, આ પૃથ્વીને છોડી દેવલોકમાં ગયા.

આ બાજુ **સિદ્ધસેનદિવાકરસૂરિ**ના સ્વર્ગવાસના સમાચાર જણાવવા માટે સંઘે વચનરચનામાં હોંશિયાર એવા એક બ્રાહ્મણને ચિત્રકૂટ મોકલ્યો. તે પણ ત્યાં જઈને સૂરિની સભામાં આ અર્ધો શ્લોક વારંવાર બોલે છે કે, "હમણાં વાદી રૂપી આગિયાઓ (ખજુઆ) દક્ષિણ દેશમાં પ્રકાશ કરે છે." તે અર્ધ શ્લોક સાંભળીને શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીની બેન **'બાળસરસ્વતી'** તે શ્લોકનો ઉત્તરાર્ધ કહે છે કે, "તો નક્કી વાદી એવા **સિદ્ધસેનદિવાકરસૂરિ** રૂપી સૂર્ય અસ્ત પામ્યો લાગે છે." પછી બ્રાહ્મણે વિસ્તારથી સર્વ વાત જણાવી. તે સાંભળી સંઘ ઘણો શોકાતુર થયો. તે બ્રાહ્મણને પણ સન્માની વિસર્જન કર્યો.

**ત્રણે ભુવનના લોકોને આનંદ પમાડનાર, શ્રેષ્ઠ મહાકાવ્ય વિદ્યાના નિધાન એવા સૂરિ સિદ્ધસેનના આ આશ્ચર્યકારી ચરિત્રને પોતાના હૃદયકમલમાં ભ્રમરની જેમ પામીને હે સજ્જનો ! સર્વથા એ માટે પ્રયત્ન કરો જેથી અમિત ગુણોને આપનારી એવી કીર્તિને તમે પામો.**

**કવિ પ્રભાવકના વિષયમાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિની કથા પૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભાવકોનું સામાન્ય લક્ષણ

## બીજા પ્રકારના પ્રભાવકો

**सव्वे पभावगा ए जिणसासणसंसकारिणो जे उ ।**
**भंगंतरेणवि जओ, एए भणिया जिणमयम्मि ॥ ३७ ॥**

**ગાથાર્થ : જિનશાસનની પ્રભાવના કરનારા સર્વે જે પ્રભાવકો છે, તો પણ બીજા પ્રકારો વડે જિનાગમમાં પ્રભાવકો કહેલા છે.**

**ટીકાર્થ :** 'जिनशासनशंसाकारिणो' = જિનશાસનની પ્રભાવના (પ્રશંસા) કરનારા જે પણ મુનિઓ છે તે 'सर्वे' = સમસ્ત 'प्रभावका' = જિનમતના ઉલ્લાસક = ફેલાવનારા છે. પહેલા આઠ પ્રભાવકને કહીને ફરીથી આવું કેમ કહો છો ? એમ પ્રશ્ન થતા જવાબ આપતા કહે છે કે 'यतो' = જે કારણથી 'जिनमते' = સિદ્ધાંતમાં આ પ્રભાવકો 'भङ्गयन्तरेणापि' = બીજા પ્રકાર વડે પણ 'भणित्ता' = કહેવાયા છે. એ પ્રમાણે ગાથાર્થ છે. તેની જ વિશિષ્ટતા બતાવતા કહે છે.

**अइसेसिइड्ढि धम्मकहि वाइ आयरिय खवग नेमित्ती ।**
**विज्जारायागणसम्मओ य तित्थं पभावंति ॥ ३८ ॥**

**ગાથાર્થ : અતિશેષ ઋદ્ધિવાળા = અતિશય લબ્ધિવાળા, ધર્મકથક (વ્યાખ્યાનકાર) વાદી, આચાર્ય, ક્ષપક (તપસ્વી), નૈમિત્તિક, વિદ્યાવંત, રાજગણસંમત (રાજમાન્ય) આ આઠ તીર્થને પ્રભાવિત કરે છે.**

**ટીકાર્થ :** 'अतिशेषिता' = બીજા મુનિઓ કરતા પરમ ઉત્કર્ષને પામેલી ઋદ્ધિવાળા મુનિઓ. જેમકે જંઘાચારણ, વિદ્યાચારણ, આશીવિષ, જલૌષધિ, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન આદિ લબ્ધિવાળા મુનિભગવંતો તે अतिशेषतर्द्धि કહેવાય છે. 'धर्म्मकथी' = વ્યાખ્યાનની લબ્ધિવાળા, 'वादी' = પરવાદીને જિતનારા મુનિ, 'आचार्यः' = ૧૨૯૬ (૩૬x૩૬) ગુણથી શોભિત, 'क्षपक' = ઉત્કૃષ્ટ તપસ્વી મુનિ, 'नैमित्तिकः' = ત્રિકાલ જ્ઞાનવેત્તા, 'विद्यावान्' = વિદ્યા અને મંત્રોને સિદ્ધ કરનારા મુનિ, 'रायगणसम्मतो' = રાજા પ્રમુખ લોકને ઈષ્ટ એવા મુનિ. એમ બીજા પ્રકારે પણ આઠ પ્રભાવકો 'तीर्थं' = જિનશાસનને 'प्रभावयन्ति' = પ્રકાશિત કરે છે. 'च' તે સમુચ્ચયના અર્થમાં છે. આ પ્રમાણે ગાથાર્થ છે.

જ્યારે કાલાદિની વિષમતાથી આવા પ્રભાવકો થતા નથી ત્યારે કેવી રીતે તીર્થ પ્રભાવના થાય છે ? તો તે કહે છે.

**इय संपत्तिअभावे, जत्तापूयाइ जणमणोरमणं ।**
**जिणजइविसयं सयलं, पभावणा सुद्धभावेणं ॥ ३९ ॥**

**ગાથાર્થ : એવા પ્રકારની લબ્ધિના અભાવમાં, જિનેશ્વર ભગવંત સંબંધી (વિષયક) કે ગુરુભગવંત સંબંધી લોકોના મનને આનંદ પમાડનારી એવી યાત્રા-પૂજાદિ કરણી શુદ્ધભાવથી કરવાથી જિનશાસનની પ્રભાવના થાય છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :** 'इति' = પૂર્વે કહેલા પ્રકારની **'सम्पदभावे'** = લબ્ધિનો અભાવ હોય તો શું કરવું ? કારણ કે સર્વ કાળમાં પૂર્વે કહેલી લબ્ધિઓ હોતી નથી, અને વળી આ (પંચમ આરામાં) નિરતિશય કાલ છે તો તેમાં શું કરવું તે બતાવે છે કે - **'जत्तत्ति'** = યાત્રા કરવી = શ્રી શત્રુંજય આદિ મહાતીર્થોમાં ચતુર્વિધ સંઘની સાથે ઉત્સાહપૂર્વક જવું. અથવા યુગપ્રધાનાદિને વંદન કરવા મોટી ઋદ્ધિ સહિત સન્મુખ જવું. **'पूजा'** = પુષ્પાદિ વડે જિનેશ્વર ભગવંતની પૂજા કરવી, વળી ગુરુ ભગવંતોની વંદનાદિ - શુશ્રૂષા કરવી. આદિ શબ્દથી અભયદાન આપવું, દાનશાળા ખોલવી, પડહો વગડાવવા પૂર્વક દાન દેવું. આવા પ્રકારના કૃત્યો કરવાથી શું થાય તો કહે છે કે લોકોના મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય. અને વળી બીજું એ કે જિનધર્મની સન્મુખ થવાય( પ્રતિ અહોભાવ - ભક્તિ આદિ) પણ થાય. યાત્રા - પૂજા આદિ કોની કરવી ? તો તેના જવાબમાં કહે છે કે **'जिनाः'** = અરિહંત પરમાત્મા સંબંધી અને **'यतयः'** = ગુરુ ભગવંત **'विषयं'** = સંબંધી **'सकलं'** = સર્વ અનુષ્ઠાનો જિનશાસનની પ્રભાવના કરે છે. આ બધા અનુષ્ઠાનો પણ કેવી રીતે કરવાના ? તો કહે છે કે **'शुद्धभावेन'** = (મન-વચન-કાયા) ત્રિકરણ શુદ્ધિથી કરવાથી જિનશાસનનો મહિમા વધે છે. એ પ્રમાણે ગાથાર્થ થયો. ભાવાર્થ તો **સંઘપતિ શ્રી રત્નશ્રાવકના** દૃષ્ટાંત વડે વિસ્તારાય છે અને તે આ પ્રમાણે :

કાશ્મીરમંડલ નામના દેશમાં ઉત્તર દિશામાં મદોન્મત્ત કામીજનોને ક્રીડાના સ્થાનભૂત **નવફૂલ્લક** નામનું નગર છે. ત્યાં પરાક્રમી દિશાચક્રને ધ્રુજાવનાર, શત્રુનો ક્ષય કરનાર, પોતાના વંશ રૂપી સરોવરને વિષે હંસ સમાન **'નવહંસ'** નામનો **રાજા** હતો. અત્યંત નિર્દયમાં નિર્દય પણ મિત્રોને તે આનંદ પમાડતો હતો. એટલું જ નહિ પણ જેના ઉપર ઉલ્લાસ પામતો તેવા શત્રુને પણ આનંદ પમાડતો હતો. તેને રંભાને પણ જીતનારી, કોમલ વાણીથી કોયલની જેવી મનોહર **'વિજયાદેવી'** નામની **પત્ની** હતી. આ જ નગરમાં અનન્ય લક્ષ્મીવાન્ = અતિ ધનાઢ્ય, સૌભાગ્યશાળી, ભાવુક, કલા વડે પૂર્ણિમાના ચંદ્રને પણ જીતનારો એવો **પૂર્ણચંદ્ર** નામનો **શ્રેષ્ઠી** હતો. તેને રાજમાન્ય રત્નત્રયની જેમ અદ્‌ભૂત પુરુષરત્ન એવા ત્રણ પુત્રો હતા. તેમાં પહેલાનું નામ **શ્રીરત્ન**, બીજાનું નામ **મદન** અને ત્રીજાનું નામ **પૂર્ણસિંહ** હતું. તેમાં પ્રથમ પુત્ર શ્રી રત્નની લોકપ્રિય ગુણવાળી **પોમિણી** નામની **પ્રિયા** હતી. તેને ગુણવાન એવો **કોમલ** નામનો પુત્ર હતો. શ્રી નેમિકુમારના નિર્વાણ પછી ૮૦૦૦ વર્ષ ગયા પછી મુનિપ્રવર શ્રી **પદ્મમહાદેવ** નામના કેવલજ્ઞાની ભગવંત સાધુ પરિવાર સાથે નવફુલ્લપુરના **ઉદ્યાનમાં** સમોસર્યા. ત્યાં દેવે કરેલા **સુવર્ણકમલમાં** વિમલ આશયવાળા, મુનિઓના સ્વામી **સિંહાસન** ઉપર બેઠા. ત્યારે ઉદ્યાનપાલકે રાજાને ગુરુના આગમનની જાણ કરી. તેથી રાજા પણ નગરજનો અને પરિવાર સહિત વંદન કરવા આવ્યો. રત્ન પ્રમુખ ત્રણે બાંધવો પરિવાર સહિત પાપનાશક એવા સૂરિને વંદન કરવા આવ્યા.

સુર-અસુર-નરેન્દ્રોથી પૂર્ણ પર્ષદામાં પ્રભુએ જગતના લોકોના હિતને માટે આ પ્રમાણે ધર્મદેશના આપી કે, "હું દેરાસરે જઈશ" એમ વિચારતાં એક ઉપવાસનું ફલ મળે, જિનવર જુહારવા ઉઠતા છઠ્ઠ = ૨ ઉપવાસનું ફલ મલે, માર્ગમાં જવા પ્રવૃત્ત થતા અઠ્ઠમનું ફળ મલે, શ્રદ્ધા થતાં ૪ ઉપવાસનું ફલ મલે, જિનમંદિરની બહાર સુધી આવતા પાંચ ઉપવાસનું ફલ મલે, જિનમંદિરની મધ્યે આવતા ૧૫ ઉપવાસનું ફલ મલે અને જિનેશ્વરને જોવા માત્રથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મહિનાના ઉપવાસનું ફલ મલે, જિનની પ્રમાર્જના કરતા ૧૦૦ ઉપવાસનું ફળ, જિનેશ્વરને વિલેપન કરતા ૧૦૦૦ ઉપવાસનું ફલ મલે. તેનાથી ૧૦૦ ઘણું ફળ (૧૦૦ x ૧૦૦૦ = ૧૦૦૦૦૦ ઉપવાસનું ફળ) પ્રભુને માલારોપણ કરતા પામે, ગીત - નૃત્યાદિ કરતા અનંતગણું ફળ પામે છે. એક વાર સ્તોત્રપાઠ કરતા ક્રોડ પૂજાનું ફળ મળે, ક્રોડ સ્તોત્રપાઠ સમાન એક વારના જપનું ફળ છે, ક્રોડ જાપ સમાન એક વારના ધ્યાનનું ફળ છે અને ક્રોડ વારના ધ્યાન સમાન એક લય જાણવો. આ પ્રમાણે સામાન્યથી જિનસેવાનું ફળ મળે, પરંતુ **શ્રી શત્રુંજય તીર્થ**માં તો એ જ સેવાથી મહાન ફળ થાય. આગમમાં પણ કહ્યું છે કે, "ત્યાં ધૂપપૂજા કરતાં ૧૫ ઉપવાસનું ફળ મળે, કપૂરનો ધૂપ કરતા માસક્ષમણનું ફળ પામે, સાધુને ગોચરી વહોરાવતા પ્રશંસા કરેલ માસક્ષમણનું ફળ પામે છે. અહો ! શ્રી પુંડરિક મહાગિરિ તીર્થનો મહિમા તો જુઓ કે જ્યાં રહેલા પશુઓ પણ દેવપણાને પામે છે. તેનાથી પણ રૈવતગિરિની કરેલી સેવા મહાન ફળવાળી છે. કારણ કે તે પણ (રૈવતગિરિ પણ) વિમલાચલનો અંશ જ હોવાથી મહાન જ છે. અને વિશેષમાં તે ગિરિ શ્રી નેમનાથ ભગવાનના દીક્ષા - કેવલજ્ઞાન - નિર્વાણ કલ્યાણકોના મહા મહોત્સવથી પાવન બનેલી છે. વળી પ્રભાસાર નામના પુરાણમાં શિવના મહિમાને બોલતા લોકો સંભાળાય પણ છે કે, "પદ્માસને રહેલી, શ્યામમૂર્તિ, દિગંબર એવા નેમિનાથનું 'શિવ' એ પ્રમાણે નામ કર્યું છે. મહાઘોર કલિકાલમાં સર્વ પાપનાશક, જેમના દર્શન-સ્પર્શનથી જ ક્રોડો યજ્ઞના ફળને આપનારા છે તેથી જ શિવાદેવીના જાયા એવા નેમિનાથ પ્રભુ રૈવતગિરિમાં નમસ્કાર કરાયા છે. તેવી શ્રદ્ધાવાળાને નક્કી શિવસુંદરી પરણે છે." આ પ્રમાણે ગુરુના મુખથી દેશનાને સાંભળીને શ્રાવકોમાં અગ્રણી એવા **રત્નશ્રાવકે** સભા સમક્ષ આ પ્રમાણે અત્યંત આકરી પ્રતિજ્ઞા કરી કે, "જ્યાં સુધી હું સંઘ સહિત ગિરનારના દર્શન કરું નહિ, ત્યાં બિરાજમાન પ્રભુના રૂપને નિહાળું નહિ ત્યાં સુધી બીજા નંબરની વિગઈ = દહીં હું નક્કી નહી વાપરું. નિત્ય એકાશન, ભૂમિશયન, બ્રહ્મચર્યનું પાલન, વિધિપૂર્વક આવશ્યકાદિ ક્રિયા કરીશ. હું ત્યારે જ આહારાદિ વાપરીશ કે જ્યારે નેમિશ્વરને નમન કરીશ." ત્યાર પછી રાજાદિ સર્વે પોત-પોતાના સ્થાને ગયા. ત્યાર પછી રત્નશ્રાવકે સૂરીશ્વરોને ત્યાં જ રહેવાની ભલામણ કરી. અને ત્યાં જ રાખ્યા.

હવે **શ્રી રત્નશ્રાવક** રત્નાદિ વસ્તુ ભેટણા રૂપે લઈ રાજાની પાસે આવી વિનંતિ કરે છે કે, "હે દેવ ! શ્રી નેમિજિનેશ્વરની યાત્રા કરવા માટે રજા આપો." રાજાએ પણ કહ્યું, "બહુ સારું, બહુ સારું. તારી ઈચ્છા પૂર્ણ કર." આ પ્રમાણે રાજાનો આદેશ મળતા રત્નશ્રાવક હર્ષ પામ્યો અને પોતાના ઘરે આવ્યો, અને જલ્દીથી સંઘને મળીને, શુભલગ્ને દેવાલયમાં જિનબિંબને સ્થાપન કરીને (રથમાં પ્રભુને પધરાવીને) રાજાએ આપેલ સૈન્ય સાથે સંઘ સાથે તેણે રૈવતાચલ ભણી પ્રયાણ કર્યું. ત્યારે સંઘના મંગલ પ્રસ્થાન વેળાએ અમારિ ઘોષણા, સંઘપૂજાદિ ઉત્સવપૂર્વક રાજાએ પોતે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. શ્રી રત્નશ્રાવકની યાત્રા કરવાની ઈચ્છાવાળી એવી ધર્મપત્ની **પોમિની** પોતાની બાલ્યકાળની સખી એવી રાજાની પત્ની વિજયાની પાસે જાય છે અને તેના ચરણકમલમાં પડી કહે છે કે, "હે સ્વામિનિ ! તારા વિયોગને સહન કરવા હું અસમર્થ છું તો પણ હું તારી કૃપાથી રૈવતાચલ પર્વત ઉપર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિરાજમાન શ્રી નેમિનાથની યાત્રા હું કરીશ." ત્યારે રાણીએ પણ કહ્યું, "હે સખિ! ખરેખર! તું ધન્ય છે! તારો મનોરથ પૂર્ણ થાઓ, પરંતુ ક્યારે પણ કૃપણતાથી મને લજ્જા પમાડીશ નહી." એમ કહી ધર્મકાર્યમાં વાપરવા માટે ઘણું - ઘણું સુવર્ણાદિ આપી તેને વિસર્જન કરી અને **પોમિની** પાછળથી વાહન દ્વારા સંઘમાં ભેગી થઈ.

સંઘની સાથે વિચરતા શ્રીમાન્ **પટ્ટ મહાદેવસૂરિ** ધર્મોપદેશ દાન વડે માનવોના ભાવોની પુષ્ટિ કરતા હતા. ધનાદિથી ભરેલા ઉંટ - ઘોડા - ઋષભને જોઈને પ્રાતઃકાળના ગળી પડતા ઝાકળબિંદુની જેમ ધનનો મદ કોનો ગળતો નથી? અર્થાત્ લોકોનો ધનનો મદ ગળવા માંડ્યો. વળી હાથી, ઘોડા, રથ, પદાતિ, તંબુ આદિની શોભા જોઈ જોઈને કયા લોકોએ હૃદયમાં આશ્ચર્ય ધારણ ન કર્યું? = બધા જ વિસ્મય પામ્યા. **શ્રી રત્નશ્રેષ્ઠી** સંઘની આગળ, **મદન** અને **પૂર્ણસિંહ** સંઘની બંને બાજુ અને **કોમલ** સંઘની પાછળ રક્ષણ કરતા કરતા આગળ ચાલતા હતા. સ્થાને સ્થાને ચૈત્યપૂજા, સાધર્મિકવાત્સલ્ય, દાન આદિ દ્વારા સંઘ સહિત સંઘપતિ **શ્રી રત્નશ્રાવક** શ્રી જિનશાસનની પ્રભાવના કરતો હતો. સંઘ, ભાઈઓ, પ્રિયા, પુત્રથી યુક્ત **શ્રી રત્ન** માર્ગમાં આગળ જતા જતા રોલાતોલ મહાપર્વતની તળેટીએ આવ્યા અને ત્યાં જ પડાવ નાંખ્યો. ત્યાં જિનપૂજા, ગીત - નૃત્ય, ભોજનાદિ કાર્ય કરીને સંઘે દિવસ અને રાત્રિ આનંદપૂર્વક પસાર કરી.

ત્યાં રહેલો સંઘ પ્રાતઃકાળે પર્વતના સંગમ સ્થાને જવાના માટે જેટલામાં માર્ગમાં પ્રવૃત્ત થયો તેટલામાં તો કાજલ જેવી શ્યામ કાયાવાળો, પહોળા મુખવાળો, વિકરાલ દાંતવાળો, અટ્ટહાસ્ય કરતો, અંકુશ જેવા તીક્ષ્ણ નખવાળો અને રક્ત કાંતિમય એવો એક રાક્ષસ કે જે હું ભૂખ્યો છું માટે તમને ખાઈ જઈશ. એવી બૂમો પાડતો હતો તેને જોયો. તેથી ભયભીત બનેલા, સંઘના અગ્રભાગમાં રહેલા એવા પાછા ફરતા ગ્રામીણ લોકોએ રક્ષા કરતા રાજપુત્રોની આગળ તે હકીકત જણાવી. નિર્ભય એવા તેઓએ પણ રાક્ષસને કહ્યું, "તું કોણ છે? તું શા માટે અમને ઉપદ્રવ કરે છે? અથવા સંઘનું તો સુર - અસુરો પણ રક્ષણ કરે છે કે નહી તે તું અમને કહે." ત્યારે તે વેતાલ બોલ્યો, "જો તમે લોકો આગળ જશો તો નક્કી સર્વ લોકોને તલપાપડીની જેમ ચાવી જઈશ." આ પ્રમાણે તેનું યથાસ્થિત સ્વરૂપ સંઘરક્ષા કરનારા સુભટોએ જલ્દીથી **રત્નસંઘપતિ**ને જણાવ્યું.

ત્યારે **રત્નસંઘપતિ** પણ કર્ણને માટે કરવત જેવા તે સમાચાર સાંભળીને કિંકર્તવ્યમૂઢ (હવે હું શું કરું?) બનેલો આ પ્રમાણે ચિંતા કરવા લાગ્યો કે, "અહીં કયો ઉપાય કરવા યોગ્ય છે?" અથવા કઈ બુદ્ધિ ફોરવવી? આ વિઘ્ન આવી પડતા હવે સંઘની શી ગતિ થશે?" આ પરિસ્થિતિ ઉપસ્થિત થતા જીવિત જેમને પ્રિય છે એવા જીવો કહેવા લાગ્યા કે, "ચાલો... પાછા વળી જઈએ નહિતર નક્કી આ રાક્ષસ આપણું ભક્ષણ કરી જશે તેના કરતા તો આત્માનું રક્ષણ કરીએ (પાછા વળીને). તો કેટલાક સાહસિકો બોલવા લાગ્યા કે, "જીવીએ કે મરીએ પણ શ્રી નેમિજિનનું શરણ સ્વીકારી નિશ્ચે આગળ જઈએ." તો ભયથી અતિકાયર બનેલા સ્ત્રી-પુરુષોના પરસ્પર બોલવાથી સંઘમાં વ્યાકુળતા વ્યાપતાં **શ્રી રત્નશ્રાવકે** ભટ્ટોને કહ્યું, "ઓ માગધો! તમે ત્યાં જઈ તે રાક્ષસને પૂછો કે તું કેવી રીતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસન્ન થઈશ? તે જણાવ તો તે કરીને અમે આગળ જઈએ." એ પ્રમાણે શ્રી રત્નના આદેશથી તેઓ ત્યાં ગયા અને તેને કહ્યું.

તે સાંભળી તે રાક્ષસે પણ કહ્યું, "હું આ પર્વતનો **સુદાઢ** નામનો **રાક્ષસ** છું. જો તમે મને એક સંઘનો પુરુષ ખાવા માટે આપો તો તેના માંસભક્ષણથી અત્યંત ખુશ થયેલો હું બીજા કોઈને પણ ક્લેશ નહી આપું. હું મારી પ્રતિજ્ઞાનો લોપ નહી કરું. અને તે પછી તમે બધા સુખેથી આગળ પ્રયાણ કરો." આ પ્રમાણે તેના વચનોને સાંભળીને માગધોએ રત્નશ્રેષ્ઠીને તે પ્રમાણે કહ્યું. ત્યારે રત્નશ્રેષ્ઠી પણ સંઘને બોલાવીને કહે છે કે, "આજે મારી મહાન પુન્ય સંપત્તિ ઉદય પામી છે કે જે આ રાક્ષસ એક પુરુષનું ભક્ષણ કર્યા પછી બીજાઓને મારશે નહી. તેથી તમે સર્વે જાઓ અને શ્રી નેમિજિનને વંદન કરો." આ પ્રમાણે કહી શ્રી રત્નશ્રેષ્ઠી મૌન રહ્યા ત્યારે રાજપુત્રો, ભાઈઓ, ધર્મપત્ની, પુત્ર આદિ સર્વે હર્ષ પામી કહેવા લાગ્યા, "હે સંઘાધીશ ! સંઘપતિ ! અમારા એકના જીવિતના ભોગ વડે તમે લાંબો કાળ જીવો. તમારા વિના અનાથ એવા સંઘનું રક્ષણ કરવા કોણ બીજો સમર્થ છે ? ત્યારે વાચાળમાં ચતુર એવા **શ્રી રત્નશ્રાવકે** પણ અનેક યુક્તિઓ વડે (ઘણી સમજાવટ કરીને) મરણને માટે સાહસ કરેલા તે સર્વેને વાર્યા અને સંઘને આગળ મોકલ્યો. મરણ માટે નિશ્ચય કરેલા એવા **શ્રી રત્ન** રાક્ષસની પાસે ગયો અને સર્વે લોકોને ઉપદ્રવ વિનાના કર્યા. સંઘનું રક્ષણ કરવા વડે પોતાના આત્માને કૃતાર્થ માનતો બુદ્ધિશાળી એવો તે **શ્રી નેમિજિન**નું શરણું સ્વીકારી રાક્ષસની પાસે ગિરિની જેમ સ્થિર રહ્યો. હવે પોતાના પતિનું પ્રિય કરનારી એવી **પોમિણી** મહાસતી પણ પતિની દૃષ્ટિથી દૂર કાયોત્સર્ગ કરીને ત્યાં જ રહી. ધીર પુરુષોમાં અગ્રણી, પિતાના દુઃખને નહી સહન કરતો **કોમલ** પણ તેની પાસે (માતાની પાસે) કાયોત્સર્ગ કરીને રહ્યો. તે રાક્ષસે પણ **રત્નશ્રેષ્ઠી**ને રત્નની જેમ કોઈ પર્વતની ગુફામાં નાંખીને અને તેનું દ્વાર શીલાથી બંધ કરી, પોતે ગુફાની બહાર બેઠો. દુષ્ટ એવો તે પૂછડાને પછાડતો, સિંહનાદ કરતો તેને ભય પમાડવા લાગ્યો તો પણ ધર્મી એવો તે ધર્મધ્યાનથી ચલાયમાન થયો નહી.

હવે તે અવસરે રૈવતાચલ પર્વત ઉપર રહેલી અંબિકાદેવીને નમસ્કાર કરવા માટે મેઘનાદની સંજ્ઞાવાળા કાલ, મેઘ, ગિરિવિદારણ, કપાટ, સિંહનાદ, ખાટિક અને રૈવત એ નામના સાત ક્ષેત્રપાલો જતા હતા. અંબિકાદેવીને નમસ્કાર કરી સર્વે એકત્ર થઈને અંબાને વિનંતિ કરવા લાગ્યા, "હે મહાદેવી ! શા કારણથી આ પર્વત કંપાયમાન થાય છે ? અમે અહીં રહેતા છતાં અત્યાર સુધી ક્યારેય આવું વિકૃત વાતાવરણ થયું નથી જે હાલમાં થયું છે તો હે સ્વામિનિ ! તમે તે બતાવો (જુઓ) જ્ઞાનનો ઉપયોગ મૂકતા દેવીને જણાયું કે કોઈ દુષ્ટ એવો રાક્ષસ કોઈ ઉત્તમ માનવને ગુફામાં ક્લેશ પમાડી રહ્યો છે. તેને મુક્ત કરવા સાત્ત ક્ષેત્રપાલ સહિત દેવી જલ્દીથી ત્યાં ગઈ. તે પ્રકારે ત્યાં રહેલા પોમિની અને કોમલને પણ દેવીએ જોયા અને તે બંનેના તેવા મહાસત્ત્વને જોઈને અંબિકાદેવી હર્ષ પામી અને ગુફાના દ્વારે આવીને તે રાક્ષસને તર્જના કરતી બોલી, "અરે ક્રૂર ! શા માટે આવું દુષ્ટ આચરણ કરે છે ? જો તારી પાસે શક્તિ હોય તો યુદ્ધ કરવા તૈયાર થા." તે સાંભળીને તે રાક્ષસે ક્ષેત્રપાલોની સાથે ઘર્ઘર શબ્દ કરતા, વીરરસને પ્રગટ કરી અત્યંત ભીષણ યુદ્ધ કર્યું. અંબાદેવી પણ રાક્ષસને પગથી પકડી, ચારે બાજુ તેનું માથુ ભમાડીને, તેને શિલા ઉપર અફાળીને જેટલામાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૂર્ણ કરવા જાય છે ત્યાં તો અંબાદેવી પોતાની આગળ રહેલા એક દિવ્ય પુરુષને જુએ છે અને સ્વસ્થ રહેલા એવા **પત્ની - પુત્ર યુક્ત શ્રી રત્નશ્રેષ્ઠીને** પણ જુએ છે. પછી સંતુષ્ટ થયેલો દિવ્ય રૂપધારી તે પુરુષ શ્રીરત્નને, અંબિકાદેવીને તથા સાત ક્ષેત્રપાલોને કહે છે કે, "અરે... અરે... તમે મારા વચનને સાંભળો. એક વાર જ્યારે વ્યાખ્યાન અવસરે સૂરિજીએ સજ્જનોના ચિત્તને ચમત્કાર પમાડનાર શ્રી રૈવતાચલ તીર્થનો મહિમા વર્ણવ્યો, ત્યારે નરરત્ન એવા આ રત્ને આ પ્રતિજ્ઞા કરી હતી કે ભલે મારા પ્રાણ ચાલ્યા જાય તો પણ હું નિશ્ચે શ્રી નેમિજિનને વંદન કરીશ જ. તે સમયે શંકર નામનો વૈમાનિક દેવ એવો હું ગુરુની આગળ જ બેઠો હતો. અને તેના તે પ્રતિજ્ઞાવચનને હું સહન કરી શક્યો નહીં. તેથી મેં તેની પરીક્ષા કરી અને તેમાં તેની આ પત્ની તથા પુત્રની સ્થિરતા જોઈ હું ચિત્તમાં વિસ્મય પામ્યો છું. પોતાની પ્રતિજ્ઞા પૂરી કરનાર તેઓ કૃતપુણ્ય છે. આવું કષ્ટ ઉપસ્થિત થવા છતાં તેમનું એક રૂંવાડુ પણ ફરક્યું નથી. સત્યની સાથે યુદ્ધ કરતા એવા તમોને અમારા જેવા દેવો પણ જીતી શકતા નથી. વળી સંઘની રક્ષા કરનાર એવા તમે આ પૃથ્વી ઉપર અત્યંત ધન્ય છો." પછી પ્રિયા - પુત્ર સહિત શ્રી રત્નને ખમાવીને, તેને આલિંગન કરીને, આનંદ પામેલા સંઘની મધ્યમાં **શ્રીરત્નને** મૂકીને તે દેવ **દિવ્યલોકે** ગયો આનંદિત થયેલા અંબિકાદેવી તથા ક્ષેત્રપાલાદિ દેવો પણ પોતપોતાના સ્થાને ગયા. અને સંઘ પણ ઉછળતા ઉલ્લાસથી રૈવતાચલ પર્વત ઉપર ચઢવા લાગ્યો.

હર્ષથી વિકસિત થયેલા નયનકમળવાળા, રોમાંચિત દેહવાળા સંઘપતિ આદિ લોકોએ શિવાદેવી જાયાના દર્શન કર્યા. પ્રભુને નમન કરી, ગજેન્દ્રપદ કુંડમાં સ્નાન કરી અને નિર્મલ જલથી સુવર્ણના કલશોને ભરીને, વૃદ્ધિ પામતા ભાવોલ્લાસ પૂર્વક, લેપવાળા બિંબની સ્નાત્રયુક્તિને (અભિષેક વિધિને) જરા પણ નહી જાણતા એવા રત્નશ્રેષ્ઠી આદિ લોકોએ **શ્રી નેમિજિનને** (લેપમય શ્રી નેમિજિનના બિંબને) આદરપૂર્વક સુગંધમય પાણીથી અત્યંત **અભિષેક** કર્યો. જેથી એકાએક તે મૂર્તિ તૂટી ગઈ અને માટી રૂપ બની ગઈ. તેથી સમગ્ર સંઘ વિષાદ પામ્યો. એમાં પણ **શ્રી રત્નને** વધુ ખેદ થયો કે, "હા.. તીર્થના નાશરૂપ પાપથી દેહને કલંકિત કરનાર એવા મને ધિક્કાર થાઓ !" અને તૂર્ત જ તેણે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી હું આ તીર્થનો ઉદ્ધાર નહી કરું ત્યાં સુધી હું ભોજન કરીશ નહિ." આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી બંને ભાઈઓને સંઘની રક્ષા માટે જોડીને અને પોતે મનમાં અંબિકાદેવીનું ધ્યાન ધરીને ઉપવાસ કરીને રહ્યો. હવે નિષ્પ્રકંપ મેરૂની જેમ તે **રત્ન** એકાગ્ર મનવાળો બન્યો. અને તેથી જ સ્વચ્છ મતિવાળા તેણે અન્નની સ્પૃહા પણ છોડી દીધી. એમ કરતા કરતા બે મહિનાના ઉપવાસ થયા ત્યારે તેના મહાસત્ત્વ અને નિશ્ચલતાથી અંબિકાદેવી પ્રગટ થયા અને કહે છે, "હે વત્સ ! તું ઊભો થા. હે સત્ત્વના સાગર ! ઈંદ્ર મહારાજે નિર્માણ કરેલી શ્રી કાંચનબલાનક ટૂંક ઉપર તું મારી સાથે ચાલ." પછી **રત્ને** પણ દેવીને પ્રણામ કર્યા. તેને લઈને દેવી રાત્રે ત્યાં ગઈ અને ત્યાં પોતાના શ્રી નેમિનાથની ૭૨ સંખ્યા પ્રમાણ મૂર્તિઓ બતાવી. રત્નની, સુવર્ણની, ચાંદીની અને પાષાણની એમ અનુક્રમે ૧૮-૧૮ પ્રતિમાઓ મળી કુલ ૭૨ પ્રતિમાઓને જોઈને **શ્રીરત્ન** હર્ષ પામ્યો. સ્ફુરાયમાન કાંતિવાળાં એક રત્નના બિંબને સ્પર્શ કરી **શ્રીરત્ને** અંબિકાદેવીને કહ્યું કે, "હે માતા ! મને આ બિંબ આપો જેથી હું તે બિંબને મંદિરમાં સ્થાપન કરું."

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સાંભળીને અંબાદેવીએ નિષેધ કર્યો કે, "હે વત્સ ! હવે પછી ભયંકર કલિકાલ આવશે. લોકો પણ અત્યંત ધનલોલુપી થશે. પાપમાં રક્ત અને ધર્મબાહ્ય લોકો આ રત્નમય પ્રતિમાને પણ છોડશે નહિ, અને તેથી અત્યંત આશાતના થશે. માટે વજ્ર જેવું આ વજ્રમયબિંબ તું ગ્રહણ કર." શુભ ભાવિને વિચારતા તેણે પણ દેવીનું વચન માન્ય કર્યું અને કહ્યું, "હે માતા ! આ બિંબ હું ત્યાં કેવી રીતે લઈ જાઉં ?" ત્યારે દેવીએ પણ કહ્યું, "આ દોરડાથી પ્રતિમાને વીંટાળી દે. તું ભય પામીશ નહીં અને અહીંથી જલ્દી પ્રયાણ કર. માર્ગમાં જતા પાછું ફરીને જોઈશ નહીં અને જો તું પાછુ વળીને જ્યાં આ બિંબ જોશે તો ત્યાં જ એ બિંબ સ્થિર થઈ જશે." આ પ્રમાણે દેવીના વચનને સ્વીકારી, બિંબને લઈને **શ્રીરત્ન** તરત જ ત્યાંથી ચાલ્યો અને આંખના પલકારામાં તો કેટલીય ભૂમિનું ઉલ્લંઘન કરી ગયો અને પછી શું બિંબ પાછળ આવે છે કે નહિ એ શંકાથી વ્યાકુળ મનવાળો તે જેટલામાં પાછળ મુખ કરીને આંખોથી જુએ છે તેટલામાં તો શ્રીનેમિજિનનું તે બિંબ ત્યાં જ સુનિશ્ચલ થઈ ગયું. તેથી શ્રીરત્ને ત્યાં જ જિનમંદિર-દ્વારાદિની રચના કરાવી. તે સમયે લોકો પણ તેને આશીર્વાદ આપવા લાગ્યા કે, "હે રત્ન ! ખરેખર ! તીર્થોદ્ધાર કરતા એવા તેં તારા આત્માનો અને સંઘનો પાપ રૂપી સાગરથી ઉદ્ધાર કર્યો છે. ત્યારે ત્યાં હર્ષ પામેલા સંઘે શ્રી સંઘપતિનીસાથે સ્નાત્રાદિ ઉત્સવ કર્યો અને અખૂટ પુણ્યોપાર્જન કર્યું.

આ પ્રમાણે પ્રતિજ્ઞા પૂર્ણ કરી સંઘની સાથે શ્રીરત્ન રૈવતાચલથી નીચે ઉતરીને સંઘપૂજાદિ મહોત્સવ કર્યો. ત્યારપછી શ્રીપુંડરિક ગિરિ ઉપર સંઘની સાથે બે પુંડરિકથી યુક્ત (૧) શ્રી પુંડરીક સ્વામી (૨) શ્વેત કમળવાળા શ્રી નાભિપુત્ર શ્રી ઋષભદેવને અત્યંતભાવથી વંદના કરી. પછી બીજા પણ તીર્થોને પ્રણામ કરી **શ્રીરત્ન** જલ્દીથી **નવફુલ્લક નગરમાં** આવ્યો. ત્યારે રાજાએ પણ તનો પ્રવેશ - મહોત્સવ કર્યો. અમારી ઘોષણા, ચૈત્યપરિપાટી વિગેરે મહામહોત્સવો તથા સાધર્મિકાદિ - વાત્સલ્ય કરવા દ્વારા **શ્રીરત્નશ્રેષ્ઠી** જગતના જીવોને આશ્ચર્ય પમાડવા લાગ્યો. આ પ્રમાણે રત્ન શ્રાવક દરેક પ્રાતઃકાળે હાર-નીહાર જેવા (મોતીની માળા અને હિમની ઉજ્જવળતાવાળા) યશ વડે અને પુણ્ય વડે જગતમાં પુણ્યના કોશોને પૂરતો હતો. આ પ્રમાણે અનેક આવા ધર્મકાર્યો વડે શ્રી જિનશાસનની પ્રભાવના કરી શ્રાવકોત્તમ એવા **શ્રીરત્ન** અનુક્રમે સદ્‌ગતિને પામ્યા.

આ પ્રમાણે **શ્રીરત્ન સંઘપતિ**ના ઉત્તમ ચરિત્રને કર્ણ રૂપી પાત્ર વડે પાન કરીને, યાત્રાદિ કૃત્યો તથા ગુરુવરોના ચરણકમલની સેવા અતિમાત્રામાં કરીને, તેવા પ્રકારની લબ્ધિનો અભાવ હોવા છતાં પણ જૈનધર્મ વિષે મહોત્સવ કરો કે જેથી બોધિબીજના ઉદયથી તીર્થંકરની લક્ષ્મી તમે પામો.

**લબ્ધિનો અભાવ હોવા છતાં પણ જિનશાસનની પ્રભાવનાના વિષયમાં શ્રીરત્ન શ્રાવકની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે શ્રી રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનાંગણે સૂર્ય સમાન **શ્રી ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર **શ્રી સંઘતિલકસૂરિ** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિ વિષે આઠ પ્રભાવકાદિ સ્વરૂપને જણાવનારો **આઠ પ્રભાવકોનો છટ્ઠો અધિકાર** પૂરો થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાતમા સમ્યક્ત્વના પાંચ ભૂષણ દ્વાર

## સમ્યક્ત્વના પાંચ દેદીપ્યમાન ભૂષણો :

**सम्मत्तभूसणाइं, कोसल्लं तित्थसेवणं भत्ती ।**
**थिरया पभावणाविय भावत्थं तेसि वुच्छामि ॥ ४० ॥**

**ગાથાર્થ : જિનશાસનમાં કુશળતા, પ્રભાવના, તીર્થસેવા, ભક્તિ (દેવ-ગુરુની), અને સ્થિરતા આ પાંચે સમ્યક્ત્વને દેદીપ્યમાન કરનારા ગુણો છે. તેઓના ભાવાર્થને હું કહીશ.**

**ટીકાર્થ :** **'सम्मत्तत्ति'** = આ સમ્યક્ત્વના ભૂષણો છે એ પ્રમાણે સંબંધ છે. કારક, રોચક, દિપક આદિ ભેદવાળું સમ્યક્ત્વ અથવા ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, સાસ્વાદનાદિ રૂપ સમ્યક્ત્વ. તે જ સર્વધર્મનું મૂળ છે. **'भूष्यते'** = અને તેની શોભા જેનાથી પમાડાય તે ભૂષણો કહેવાય છે. ક્રમથી તેના નામો કહે છે. **'कौशल्यं'** = દિવસ સંબંધી સર્વકૃત્યોમાં જે નિપુણતા તે કુશળતારૂપ ભૂષણ જાણવું. (આવશ્યકાદિ ક્રિયાઓઓને વિષે જેની કુશળતા હોય તે સમકિતનું ક્રિયાકુશળતા રૂપ ભૂષણ કહેવાય છે.) **'तीर्थसेवनं'** = નદીની જેમ જેનાથી સંસાર રૂપી સાગર તરી શકાય તે તીર્થ કહેવાય છે. તે તીર્થ બે પ્રકારે છે દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ. ત્યાં દ્રવ્યતીર્થમાં જિનેશ્વર ભગવંતોની જન્માદિ ભૂમિઓ જાણવી. અને કહ્યું પણ છે કે, "પરમ મહાનુભાવ એવા શ્રી તીર્થંકર ભગવંતોની જ્યાં જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન તથા નિર્વાણ નિશ્ચે થયેલા છે તે કલ્યાણકભૂમિઓ સમ્યગ્દર્શનનું પ્રબળ કારણ છે. અને ભાવતીર્થ તો શ્રી ચતુર્વિધ શ્રમણસંઘ અથવા પ્રથમ ગણધર. તેની સેવા કરવી તે તીર્થસેવા રૂપ બીજું ભૂષણ જાણવું.

**'भक्ति'** = પ્રવચન = શાસનની વિનય - વેયાવચ્ચ રૂપ સેવા કરવી તે ભક્તિ રૂપ ત્રીજું ભૂષણ જાણવું. **'स्थिरता'** = જિનધર્મમાં અસ્થિર ચિત્તવાળા બનેલા બીજાને સ્થિર કરવા અથવા અન્ય ધર્મીઓની ઋદ્ધિ-સમૃદ્ધિ-ચમત્કાર જોવા છતાં પણ પોતે જિનશાસનમાં સ્થિર રહેવું તે સ્થિરતા રૂપ ચોથું ભૂષણ જાણવું. **'प्रभावना'** = અનેક પ્રકારના તે તે ધર્મકાર્યો વડે જિનશાસનની ઉન્નતિ કરવી તે પ્રભાવના રૂપ પાંચમું ભૂષણ જાણવું. अपि च તે સમુચ્ચયના અર્થમાં છે. આ પાંચ સમકિતના ભૂષણો છે. તેઓનો ભાવાર્થ આગળની ગાથાઓ વડે કહીશ. એ પ્રમાણે ગાથાર્થ છે.

# કુશળતા નામનું પ્રથમ ભૂષણ

## ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :

**वन्दणसंवरणाई किरियानिउणत्तणं तु कोसल्लं ।**

**ગાથાર્થ : વંદન - સંવરણ - દાનાદિક ક્રિયામાં જે નિપુણતા તે જિનશાસન કૌશલ્ય જાણવું. (એ જિનશાસનમાં કુશળતા રૂપ ભૂષણ છે.)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :** 'वन्दनं' = દેવપૂજા - છ આવશ્યકાદિનું આરાધન રૂપ વંદન ક્રિયા અને 'संवरणं' = પાપ વ્યાપારના નિવારણ માટે અતિચાર રહિત બાર વ્રતને અંગીકાર કરવા તે સંવરણ ક્રિયા. આદિ શબ્દથી દાન - શીલ - તપ - ભાવનાદિનું વિધિપૂર્વક સેવન કરવું. વંદન અને સંવરણ એમ દ્વન્દ્વ સમાસ છે અને તે સંબંધી સર્વે ક્રિયાઓમાં 'निपुणत्वं' = કુશળપણું, વિધિનું જાણપણું તે જિનશાસનમાં **'कौशल्यं'** = કુશળતા રૂપ ભૂષણ કહેવાય છે. 'तु' પાદપૂર્તિ માટે છે. એમ ગાથાના પૂર્વાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો **ઉદાયિ રાજાના** વૃત્તાંતથી જાણવું. અને તે આ પ્રમાણે છે :

સમસ્ત આશ્ચર્યથી પૂર્ણ શ્રી ભરત ક્ષેત્રમાં ઘણી લક્ષ્મીના વિલાસથી શોભતા ધનવાનોના ઘરોથી પૂર્ણ એવું **રાજગૃહ** નામનું **નગર** છે. જયાં પ્રાસાદોના શિખરો ઉપર વાયુથી ઉડતી શ્વેત ધજાઓ આકાશગંગાના તરંગોના મદને હરતી હતી. ત્યાં શત્રુ-સ્ત્રીઓના મુખ રૂપી કમળને વિષે ચંદ્રમા સમાન અને **શ્રી કોણિક** એવું જેનું બીજુ નામ છે તેવો **શ્રી અશોકચન્દ્ર** નામનો **રાજા** રાજય કરતો હતો. જેણે પોતાના પુરુષાર્થરૂપી પ્રજવલિત અગ્નિ દ્વારા શત્રુવનને બાળીને ભરતાર્ધની લક્ષ્મી પોતાને હસ્તગત કરી હતી. તેની અગ્રગણ્ય લાવણ્યરૂપી કરિયાણાથી પૂર્ણ દુકાન જ ન હોય તેવી અસીમ શીલાદિ ગુણવાળી **પદ્માવતી** નામની **પ્રિયા** હતી. હું શંકા કરું છું કે જગતની સર્વ સ્ત્રીઓ જેની આગળ દાસી સમાન છે એવા તેણીના રૂપને જોઈને, તેને વિષે તન્મય બનેલો કામદેવ રતિ પ્રીતીને યાદ પણ કરતો નથી. ઈંદ્ર અને ઈંદ્રાણીની જેમ નિત્ય ભોગ ભોગવતા કોઈક ઉત્તમ જીવ દેવલોકથી ચ્યવીને પદ્માવતીની કુક્ષિ રૂપી છીપમાં મુક્તાફલની જેમ અવતર્યો. રાણીના સર્વ દોહલાઓ પૂર્ણ થયે છતે પૂર્ણ માસે તેણીએ **પુત્રરત્નને જન્મ** આપ્યો. દાસીએ આવીને પુત્રજન્મની વધામણી આપી ત્યારે **કોણિક રાજાએ** તેને ક્રોડો રૂપિયાનું દાન આપી ખુશ કરી.

પછી રાજા પોતે હૃદયને આનંદ આપનાર પુત્રના મુખને જોવાને માટે ચપળ નયનવાળો થતો અંતઃપુરમાં ગયો, અને પુત્રને હસ્તરૂપી કમળ વડે ગ્રહણ કરી સ્નેહરૂપી સાગરને ઉલ્લસિત કરનાર ચંદ્ર જેવા નિરવદ્ય પદ્ય (કાવ્ય) વડે આ પ્રમાણે બોલ્યો, "તું એક ખોળામાંથી બીજા ખોળામાં રમશે, તું હૃદયમાંથી ઉત્પન્ન થયો છે, પુત્ર નામે તું આત્મા જ છે તેથી સો વર્ષ જીવ." આ પ્રમાણે તે પુત્રને વારંવાર જોતા, વારંવાર બોલતા એવા રાજાના હસ્તકમલમાંથી કુમારની દાસી રૂપ વિચક્ષણ વૃદ્ધસ્ત્રીએ (ધાવમાતાએ) તેને લીધો અને રત્નોની શ્રેષ્ઠ શય્યામાં તેને મૂક્યો. અને તે પુત્રનો રાજાએ યથારૂચિ યાચક - બ્રાહ્મણાદિને દાન દેવા પૂર્વક એક મહિનાનો મોટો જન્મ - મહોત્સવ કર્યો. તે જ દિવસને સારો દિવસ માનતા એવા રાજાએ તે પુત્રનું **"ઉદાયી"** એ પ્રમાણે નામ પાડ્યું. તે બાળક પણ શુક્લ પક્ષના ચંદ્રની કળાની જેમ શરીરની વૃદ્ધિ અને કલાની વૃદ્ધિ વડે સમકાળે જ વધવા લાગ્યો. સ્નેહાધીન રાજા પણ કેડ ઉપર (ખોળામાં) બેસાડેલા તે પુત્રથી પુતળીથી શોભતા સ્તંભની જેમ સ્વાભાવિક શોભાને ધારણ કરતો હતો. મુનિ ભગવંતો જેમ રજોહરણને દૂર કરતા નથી તેમ રાજા પણ આસન, શયન, યાન, ભોજન આદિ સર્વે કાર્યોમાં તે પુત્રને દૂર કરતો નથી = હર ઘડી પાસે જ રાખે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એક વાર **કોણિક રાજા** પોતાની ડાબી જંઘા ઉપર **ઉદાયીને** બેસાડીને ભોજન માટે બેઠો હતો. અર્ધું ભોજન કર્યું એટલામાં તો તે બાળકે ઘીની ધારાની જેમ **મૂત્રની ધારા રાજાની થાળીમાં** કરી. પુત્ર પ્રત્યેના વાત્સલ્ય ભાવના કારણે મૂત્રધારા રોકવાથી કદાચ બાળકને રોગ થઈ જાય એવા ભયથી રાજાએ મૂત્રધારા અટકાવી નહીં. તેથી જ રાજાએ તે મૂત્રવાળું ભોજન હાથ વડે દૂર કરી બાકીનું ભોજન જાણે રસવતી જ હોય તેમ કર્યું. ખરેખર ! મોહનો કેવો વિલાસ છે !

હવે તે અવસરે પુત્રના સ્નેહથી મોહ પામેલા રાજાએ પોતાની માતા **ચેલ્લણાદેવીને** કહ્યું, "હે માતા ! આ પુત્ર ઉપર મારો જેવો સ્નેહ છે તેવો સ્નેહ કોઈને હતો નહી, છે નહિ અને થશે પણ નહી." તે સાંભળી **ચેલ્લણાદેવીએ** પણ કહ્યું, "હે વત્સ ! તારો સ્નેહ તો શી ગણત્રીનો છે ? તારા પિતાનો જેવો તારા ઉપર સ્નેહ હતો તે સ્નેહના કરોડમા ભાગે પણ તારો તારા પુત્ર ઉપરનો સ્નેહ નથી." "તે કેવી રીતે ?" એમ **કોણિકે** પૂછવાથી માતાએ કહ્યું, "હે વત્સ ! તું જ્યારે મારા ગર્ભમાં હતો ત્યારે મને તારા પિતાના આંતરડા ખાવાનો દોહલો થયો. અને **અભયકુમારે** (કોઈક યુક્તિથી) તેને પૂર્ણ કર્યો. પૂર્ણ સમયે તારો જન્મ થયો ત્યારે મને થયું કે, "નક્કી આ પુત્ર તેના પિતાને અનર્થનું કારણ થશે." એટલે મેં તને દાસી દ્વારા પોતાના જ ઉદ્યાનની ઉજ્જડ ભૂમિમાં તને ફેંકાવી દીધો. ત્યાં એક કુકડાએ તારી ટચલી આંગળીને ચાંચથી કરડી, અને તેથી તેમાં કીડા પડવાથી તે આંગળી પાકી ગઈ. (દુર્ગંધવાળી થઈ)

હવે તે અવસરે પુત્રજન્મથી આનંદિત હૃદયવાળા અને તને રત્નના ઘરમાં (ઘોડિયામાં) નહીં જોવાથી તે હકીકતને જાણનારા તારા પિતાએ મારો તિરસ્કાર કર્યો = મને ઘણો ઠપકો આપ્યો, અને ઉદ્યાનની ઉજ્જડ ભૂમિમાંથી દાસીઓ દ્વારા તને પાછો લેવરાવીને, રાજ્યના બીજા સર્વ કાર્યો ત્યજીને સ્નેહાધીન તારા પિતા, (અતિશય પીડાના કારણે) રોવાથી કેમે કરીને નહી અટકતા તને જોઈને (રોગ, જીવાત, દુર્ગંધવાળી) તારી આંગળીને રાજાએ મુખમાં ચુસીને જ્યાં સુધી તને પીડા દૂર ન થઈ, તારું રૂદન બંધ ન થયું ત્યાં સુધી તે આંગળીને મુખમાં જ રાખી, મારા વારવા છતાં તારા પિતાએ આમ રાત્રિ - દિવસ કરતા તારી આંગળી રૂઝાઈ, નિરોગી થઈ - પીડા દૂર થઈ, તું રોગમુક્ત થયો."

આ સાંભળીને પશ્ચાતાપ ઉત્પન્ન થવાથી કોણિક પોતાના પિતાને પાંજરામાંથી મુક્ત કરવા માટે ખભા ઉપર મોટો દંડ લઈને જેટલામાં દોડે છે = જાય છે, તેટલામાં તો યમરાજની જેમ ખભા ઉપર મૂકેલા દંડવાળા તેને આવતો જોઈને, પિતાની હત્યા કર્યાનો અપયશ પુત્રને લાગશે એવા અપમૃત્યુના ભયથી પોતાની જ વીંટીમાં રહેલા **તાલપુટ વિષનું** પાન કર્યું અને **મૃત્યુ પામ્યા.** પિતાને આપઘાતથી મૃત્યુ પામેલા જોઈને પોતાના દુષ્ટ આચરણની નિંદા કરતો અને પિતાના સ્નેહનું સ્મરણ કરતો કોણિક અત્યંત વિલાપ કરવા લાગ્યો, અને પિતાના રાજ્યચિહ્નોને વારંવાર જોઈ જોઈને મહાદુઃખને અનુભવતો હતો તેથી મંત્રીઓએ રાજગૃહીને બદલે ચંપાનગરીને રાજધાની બનાવી કોણિકને શોક રહિત કર્યો.

કાળાન્તરે આ જ કોણિક રાજા "આ ભરત ક્ષેત્રમાં હું તેરમો ચક્રવર્તી થયો છું." એમ મતિનો ક્ષય થવાથી બોલતો, વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફાના દ્વારને (દ્વાર ઉઘાડવા માટે)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દંડ વડે તાડન કરવા લાગ્યો. તેથી કોપાયમાન થયેલા ગુફાના અધિષ્ઠાયક કૃતમાલદેવે પ્રજ્વલિત જ્વાલા વડે સૈન્ય સહિત કોણિકને બાળીને ભસ્મીભૂત કર્યો. વળી કહ્યું છે કે, "યમના પાશથી બંધાયેલા અને ભાગ્યથી હણાઈ ગયેલી ચેતનાવાળા મહાપુરુષોની પણ બુદ્ધિ નીચગામિની બને છે."

હવે કોણિકનો વૃત્તાંત જાણીને મંત્રીઓએ તેની ગાદી ઉપર = પદ ઉપર બાળક હોવા છતાં **ઉદાયીનો રાજ્યાભિષેક** કર્યો તે ઉદાયી રાજા પણ પિતાના તે તે સ્નેહને યાદ કરતો રડી રડીને દિવસો પસાર કરે છે = શોકાતુર રહે છે. તેથી તેના શોકને દૂર કરવા માટે બીજી નવી રાજધાની કરવાની ઈચ્છાવાળા મંત્રીઓએ શિલ્પશાસ્ત્રમાં નિપુણ એવા શિલ્પીઓને અને સૂત્રધારોને, રાજધાનીને યોગ્ય એવા ક્ષેત્રની શોધ કરવા માટે મોકલ્યા. તેઓ પણ ઉદયવાળી ભૂમિને શોધતાં શોધતાં ગંગા નદીના કાંઠે આવ્યા. ત્યાં (કાળધર્મ પામેલા) અર્ણિકાપુત્ર નામના મુનિના અસ્થિ ઉપર ઉગેલા પાટલ નામના વૃક્ષ ઉપર પોપટ બેઠા હતા. તે પોપટના મુખમાં સ્વયમેવ આવીને પડતા પતંગિયાઓના આસ્વાદથી લાલચિત મુખવાળા પોપટને જોઈને તે શિલ્પીઓએ વિચાર કર્યો કે, "જેમ આ પતંગિયાઓ પોતાની મેળે જ પોપટોના આહાર માટે આવે છે તેમ (જો અહીં નગર કર્યું હોય તો) આ નગરના રાજાને પણ શત્રુઓની લક્ષ્મી પણ અનાયાસે ભોગવવા મળશે." એમ વિચારી તે શિલ્પીઓએ તે જ સ્થાને રાજધાનીનું ખાતમુહૂર્ત કરીને પાટલિ વૃક્ષના નામથી **પાટલિપુર** નામનું નગર વસાવ્યું. ત્યાં **શ્રી ઉદાયી રાજા** જાતે આવીને રાજયનું પાલન કરવા લાગ્યા.

અહો ! તેના પ્રતાપ રૂપી સૂર્યનો કેવો પ્રચંડ તાપ ! કે જેથી સ્થાને રહેલા વૈરીઓ પણ ભયભીત બનેલા ઘૂવડની જેમ ગુફામાં પ્રવેશવા લાગ્યા ! તે ઉદાયી રાજાએ દિવસે - દિવસે દાનવીર - યુદ્ધવીર - ધર્મવીર બનીને પૃથ્વી ઉપર પણ ધર્મનો પ્રવાહ વિસ્તાર્યો. અને વળી તે રાજાને સદ્ગુરુના ચરણોમાં સ્વીકારેલા બાર વ્રતોના ખંડન સિવાય બીજો કોઈ પણ ભય સતાવતો ન હતો, અને દઢ સમ્યક્ત્વી એવો તે ચાર પર્વોમાં ઉપવાસ કરવો, દેવ ગુરુને વંદન કરવું, છ આવશ્યકનું આચરણ કરવું, પૌષધ કરવો આદિ ધર્મક્રિયા વડે આત્માને પવિત્ર કરતો, અંતઃપુરમાં જ બનાવેલી પૌષધશાળામાં રાત્રિના સમયે શ્રમણની જેમ ક્ષણવાર (થોડો સમય જ) આરામ કરતો હતો. આ પ્રમાણે તે જૈનધર્મની સર્વ ક્રિયાઓમાં કુશળ થયો હતો.

આ બાજુ **ઉદાયી રાજાએ** રણસંગ્રામમાં કોઈ એક રાજાને મારી તેનું સર્વસ્વ હરી લીધું. તેથી **એકાકી** એવો તેનો પુત્ર, બીજે ક્યાંય પણ સ્થાન નહીં મળવાથી, પિતાના વૈરને વાળવાને માટે, ઉદાયી રાજાને મારવાની ઈચ્છાવાળો તે ઉજ્જૈની નગરીમાં આવીને, ત્યાંના રાજાને સેવાથી સંતોષ પમાડીને એકવાર તેણે રાજાને કહ્યું, "હે સ્વામી ! જો આપની આજ્ઞા હોય તો હું, આપનો શત્રુ એવા ઉદાયી રાજાને મારી નાંખું. હે રાજન્ ! જો તમે મારા ઉપર પ્રસન્ન હો તો ઉદાયી રાજાને હણવાના મારા કાર્યમાં મદદ કરો અને મારા પિતાનું રાજય મને પાછું અપાવો." એ પ્રમાણે તેના વચનો સાંભળીને ઉજ્જૈનીનો રાજા ખુશ થયો. કેમ કે પ્રયત્ન વિના જ શત્રુનો વધ થતો હોય તો કોણ આનંદ ન પામે ? તેથી તે રાજાએ તેનું વચન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વીકારીને તેને (થોડુંક લશ્કર) - ભાતુ આપીને મોકલ્યો. પછી ખભા ઉપર કંબલ નાંખી, સર્વથા નિર્બલ, એકલો, હાથમાં કંકપત્ર અને તલવાર હોવાથી જાણે મરકત રૂપવાળો એવો તે અનુક્રમે પાટલિપુત્ર નગરમાં ઉદાયી રાજાને મારવાની ઈચ્છા વડે પ્રવેશ કર્યો. રાજદ્વારાદિ સ્થાનોમાં લોકોની અવરજવર ઘણી હોવાથી, વજ્રની ભીંતમાં જેમ ટાંકણી ન ઘૂસે તેમ તે કેમે કરીને પણ ત્યાં પ્રવેશ પામી શક્યો નહિ. (રાજદ્વારાદિ સ્થાનોમાં ગમનાગમન કરવા છતાં, અનેક સ્થાનોમાં છિદ્ર શોધવા છતાં, વજ્રની ભીંતમાં જેમ ટાંકણી ઘુસે નહિ તેમ ઉદાયી રાજાને હણવાનો કોઈ ઉપાય તેને મળ્યો નહીં) પોતાના મનોરથને આકાશ પુષ્પ સમાન માનતો હવે તે ચિંતવવા લાગ્યો, "આ રાજાને મારીને હું કેવી રીતે મારી પ્રતિજ્ઞા પૂરી કરીશ ? એવો કોઈ પણ ઉપાય નથી કે જેનાથી મારું આ સાધ્ય હું સાધી શકું અથવા અહીં ભાગ્ય એ જ પ્રમાણે છે. વળી કહ્યું પણ છે કે, "વિધિ (ભાગ્ય - નસીબ - કુદરત - કર્મ) જ અઘટિત કાર્યોને ઘડે છે અને સારી રીતે ઘડાયેલા કાર્યોને જર્જરીભૂત કરે છે. તેથી વિધિ જ તે કાર્યો કરે છે કે જે કાર્યો પુરુષે વિચાર્યા જ ન હોય ! (વિધિ તેને જ ઘડે છે જેને પુરુષે ચિંતવ્યું જ ન હોય !") અરે હા ! તેને મારવાનો એક ઉપાય સૂઝે છે કે આ રાજા જૈન શ્વેતાંબર મુનિઓનો પરમ ભક્ત છે. તેને ધર્મક્રિયા કરાવવા માટે મુનિઓ જતા આવતા હોય છે તો કપટપૂર્વકનું યતિપણું સ્વીકારી, કોઈ પણ ઉપાય વડે તે રાજાને હું મારીશ." એમ વિચાર કરીને ગુરુ પાસે જઈને, ગુરુને વંદન કરીને તેણે કહ્યું, "હે ભગવન્ ! સંસારથી વૈરાગ્ય પામેલા એવા મને તમારી દીક્ષા આપીને મારા ઉપર અનુગ્રહ કરો." તેના હૃદયના દુષ્ટ ભાવોને નહી જાણતા હોવાથી તે મહાત્માઓએ પણ તેને દીક્ષા આપી. ત્યારે તેણે પણ કંકલોહની છરીને ગુપ્તપણે ક્યાંક રાખીને, ગુરુજીના મનને આનંદિત કરવા = ગુરુજીનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે, કપટી નાટકના સૂત્રધાર એવા તેણે પઠન - પાઠન - કઠિન તપ - ચારિત્ર આદિ ક્રિયા રૂપી નાચ વડે તે નાચવા લાગ્યો = કઠિન તપ - આદિ પાળવા લાગ્યો. ગીતાર્થ મૂર્ધન્ય બનેલા તેણે આ રીતે ૧૬ વર્ષ સુધી વ્રતનું પાલન કર્યું. અનન્ય ચિત્તથી વ્રત પાળવા છતાં પણ મગસેલીયા પથ્થરની જેમ કૃપારસ વડે તેનું રૂંવાડું પણ ભીંજાયું નહિ. (ઉદાયી રાજાને હણવાની બુદ્ધિમાં લેશ માત્ર ફરક ન પડ્યો.)

એક વખત ગુરુ ભગવંત પાટલીપુરે પધાર્યા. તે સાંભળીને ભક્તિથી ભરેલા અંતઃકરણવાળા ઉદાયી રાજાએ પણ ત્યાં આવીને ગુરુને વંદન કર્યા, અને ધર્મદેશના સાંભળી. એક વાર પર્વના દિવસે રાજા પ્રાતઃકાળે ઉઠીને, વિધિપૂર્વક આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) કરીને, અષ્ટપ્રકારી પૂજા વડે શ્રી વર્ધમાન જિનવરને પૂજીને ગુરુજીને પાસે ગયો. ત્યાં સૂરિજીને ૧૯૨ સ્થાન વડે શોભિત દ્વાદશાવર્ત વંદન કરીને, અતિચાર આલોવીને, ગુરુને ખમાવીને, ઉપવાસનું પચ્ચક્ખાણ કરીને (લઈને), ધર્મદેશના સાંભળીને, ચતુર્વિધ સંઘની સાથે વિધિપૂર્વક ચૈત્ય પરિપાટી વડે જિનેશ્વર ભગવંતની પૂજા કરી. અને પછી સાંજના સમયે પોતાના અંતઃપુરની પૌષધશાળામાં પૌષધ ગ્રહણ કરવાની ઈચ્છાથી "સર્વ ક્રિયા કૌશલત્વ શાલી" એમ જિનવચનનું સ્મરણ કરતા તેણે ગુરુને બોલાવ્યા (આમંત્રણ આપ્યું.) કેમકે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમમાં પણ કહ્યું છે કે, "પંચવિધ આચારની વિશુદ્ધિને માટે સાધુ અને શ્રાવકે ગુરુની સાથે પ્રતિક્રમણ કરવું જોઈએ. ગુરુના વિરહે એકલો પણ કરી શકે. વળી ચારિત્રના હેતુભૂત આવશ્યકાદિ જે કોઈ પણ અનુષ્ઠાન કરવું હોય તે ગુરુની સમક્ષ કરવું જોઈએ. અને ગુરુના વિરહમાં સ્થાપનાચાર્યની સન્મુખ કરવું જોઈએ."

ગુરુજીએ પણ તે રાજાને પૌષધ અને ધર્મક્રિયા કરાવવાના શુભ આશયથી તે આમંત્રણ સ્વીકાર્યું અને ભાગ્ય યોગે ઉદાયી રાજાના વૈરી એવો આ રાજપુત્રર્ષિ બહુ તપસ્વી (અને કૃત્રિમ ગાઢ વૈરાગ્યવાળો હોવાથી) જાણે ગીતાર્થ જ છે એમ જાણી ગુરુજીએ તેને સાથે આવવાનો આદેશ આપ્યો. અવસર પ્રાપ્ત થતાં તે પણ પોતાની ગીતાર્થતાને બતાવતો, બગલાની જેમ પોતાના આત્માને પરમ ધાર્મિક બતાવતો, પરમ અધર્મી એવો તે સાથે રાખેલી લોઢાની તીક્ષ્ણ છૂરિવાળો તે ગુરુજીની સાથે રાજકુલમાં ગયો. રાજા પણ ચિંતામણિ રત્નની જેમ દુર્લભ એવા ધર્મને આરાધવાની ઈચ્છાથી, ભાવપૂર્વક ગુરુને વંદન કરી, સૂત્રમાં કહેલ યુક્તિ વડે = (સૂત્રમાં કહેલી વિધિપૂર્વક) પૌષધ લીધો, અને ગુરુજીને સાથે પ્રતિક્રમણ કરીને શુભધ્યાની તેણે અદ્ભૂત સ્વાધ્યાય કર્યો. પછી રાત્રિનો પ્રથમ પ્રહર વીત્યા પછી પ્રતિલેખના કરીને, સંથારો પાથરીને, સામાયિક સૂત્ર, ચાર શરણાનું શરણ, પરમેષ્ઠી - મહામંત્રાદિના સ્મરણ પૂર્વક કેટલોક કાળ ધર્મ - જાગરિકામાં પસાર કર્યો અને પછી સંવેગના તરંગોમાં ઝીલવાથી પવિત્ર અંગવાળો તે રાજા કુકડાની જેમ પગ સંકોચીને સૂઈ ગયો. ગુરુજી પણ પોતાનો સ્વાધ્યાય આદિ પૂર્ણ કરી રાજાની બાજુમાં જ સૂઈ ગયા. હવે આ અવસરે દુષ્ટાત્મા એવો તે કપટથી થોડીવાર સૂઈને મધ્યરાત્રિએ ઉઠ્યો અને "મારા પિતાની હત્યાનો બદલો લેવાનો આ જ અવસર છે." એમ વિચારી અનાર્ય શિરોમણિ એવો તેણે લોઢાની છરીથી રાજાની ગર્દન કાપી નાખી. અને પાપી - અભવ્ય એવો તે પોતે (સ્થંડિલ જવાનું બહાનું બતાવવાથી) રાજાના કુશળ એવા દ્વારપાલોએ નહીં રોકવાથી રાજમહેલમાંથી... અરે... નગરની પણ બહાર ચાલી ગયો.

રાજાના કંઠભાગથી નીકળેલી રૂધિરની ધારા વહેતી - વહેતી ગુરુના સંથારાને સ્પર્શી. જાણે તે આપત્તિનો જ પ્રવાહ હોય તેમ તે રૂધિરની ધારાના સ્પર્શથી ગુરુજી પણ જાગૃત થઈ ગયા અને તેવા પ્રકારના (મૃત્યુ પામેલા) તે રાજાને જોઈને અને કુશિષ્યને નહી જોતા વિસ્મય પામેલા તેઓ આ પ્રમાણે વિચારવા લાગ્યા, "અહો ! તે દુરાત્માએ જિનશાસનને મલિન કરનાર અને યુગાન્ત સુધી અપકીર્તિ કરાવનાર એવું આ દુષ્ટ કાર્ય કર્યું છે. તેથી હું પણ આત્મહત્યા કરી શ્રી જિનશાસનની આ મલિનતાનો નાશ કરું, બીજો કોઈ ઉપાય નથી." એમ વિચારી અનશન કરી. પંચ પરમેષ્ઠી ભગવંતના સ્મરણમાં મસ્ત બનેલા સૂરિજીએ તે જ છરી પોતાના કંઠ ઉપર મૂકી દીધી. તેથી તત્કાળ દેહ છોડી તેઓ સ્વર્ગે સિધાવ્યા. પ્રભાત થતાં રાજા અને ગુરુના મૃત્યુને જાણી રાજલોકો પાપી એવા તેની નિંદા કરવા લાગ્યા. ઘણી શોધ કરવા છતાં તેનો પત્તો લાગ્યો નહીં.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર બાદ દુષ્ટ એવો તે ત્યાંથી નાશીને ઉજ્જૈની નગરીમાં ગયો અને ત્યાંના રાજાની આગળ ઉદાયી રાજાને મારીને આવ્યા સુધીનું સર્વ વૃત્તાંત યથાવત્ રીતે કહ્યું. તે સાંભળી ઉજ્જૈની નગરીના રાજાએ પણ ધર્મકુશળ એવા ઉદાયિ રાજાને જેણે હણ્યો એવા આ પાપીનું મુખ પણ જોવા લાયક નથી એમ સમજી પોતાની નગરીમાંથી કાઢી મૂક્યો. ખરેખર ! પાપીઓને ક્યારે પણ ઈચ્છિતની પ્રાપ્તિ થતી નથી. ઉદાયી રાજા તો તેવા પ્રકારની ધર્મક્રિયામાં કુશલ હોવાથી મૃત્યુ પામી દેવલોકમાં ગયા.

આ પ્રમાણે પૃથ્વીને વિષે ઈન્દ્રસમાન ઉદાયી રાજાના સંપૂર્ણ આશ્ચર્યકારી, મનોહર ચરિત્રને કમળની જેમ કર્ણને વિષે ધારણ કરીને હે પંડિત પુરુષો ! શ્રી જૈનધર્મની સર્વક્રિયાને વિષે કુશલતાનો વિસ્તાર કરી તમે સમ્યક્ત્વને શોભાવો કે જેથી તમને મનોવાંછિત લક્ષ્મી આનંદપૂર્વક આલિંગન આપે.

**કુશલતાના વિષયમાં શ્રી ઉદાયિ રાજાની કથા સંપૂર્ણ થઈ.**

## તીર્થસેવા નામનું બીજું ભૂષણ

**ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે.**

**तित्थनिसेवा य सयं संविग्गजणेण संसग्गी ॥ ૪૧ ॥**

**ગાથાર્થ :** નિરંતર તીર્થોની સેવા કરવી તથા સંવિગ્ન મુનિઓનો સંગ કરવો તે તીર્થસેવા નામનું બીજું ભૂષણ છે.

**ટીકાર્થ :** જેનાથી સંસાર રૂપી સાગર તરી શકાય તે **તીર્થ** કહેવાય છે. તે યુગાદિ દેવ વિગેરે જિનમંદિરથી વિભૂષિત શ્રી શત્રુંજય - અષ્ટાપદ આદિ એક જગ્યાએ સ્થિર રહેનારા જે તીર્થો તે સ્થાવર તીર્થોની સેવા કરવી = નિરંતર અશ્રાંતપણે = વારંવાર યાત્રા કરવી. વારંવાર કરાતી આ યાત્રાએ મહાન ગુણને માટે થાય છે. કહ્યું છે કે, "પૂર્વે ઉપાર્જન કરેલા પુણ્યથી વશ થયેલી ત્રણ લોકની લક્ષ્મી તેઓને જ ફળે છે, તે જ ધનવાનોમાં ધન્ય છે અને તેઓના જ જન્મ અને જીવિત સફળ છે કે જેમણે સ્વર્ગ અને મોક્ષના સુખને દેનારી એવી જિનેશ્વર ભગવંતની યાત્રા કરીને કીર્તિ ઉપાર્જન કરેલ છે." 'च' સમુચ્ચયના અર્થમાં છે. ફક્ત તીર્થયાત્રા કરવી એ જ તીર્થસેવા છે એમ નથી પરંતુ સંવિગ્ન જનનો સંસર્ગ કરવો તે પણ તીર્થસેવા છે.

સંવિગ્ન એટલે જેઓ ૭૨ પ્રકારના સ્થાનને સેવનારા છે તે મુનિજન સંવિગ્ન કહેવાય છે. તે ૭૨ સ્થાનો નીચે મુજબ છે.

(૧) संवेग = તીવ્ર મોક્ષાભિલાષ (૨) निर्वेद = સંસારનો અતિશય કંટાળો (૩) धर्मश्रद्धा = વિષયોમાં વિરાગ, ધર્મમાં પ્રચૂર રાગ (૪) गुरु साधर्मिक शुश्रूषा = વિનય-સેવા (૫) आलोचना = દોષોની શુદ્ધિ (૬) निन्दा = સ્વદોષોની આત્મસાક્ષીએ (૭) गर्हा = પરસમક્ષ દોષોનું ઉદ્ભાવન (૮) सामायिक = સમતાભાવની સાધના (૯) चतुर्विंशस्ति स्तव = ૨૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંકરોની સ્તુતિ (૧૦) वन्दन = ગુરુભગવંતને (૧૧) प्रतिक्रमण = અતિચારોની શુદ્ધિ (૧૨) कायोत्सर्ग = કાયાનો ત્યાગ (૧૩) प्रत्याख्यान = શક્તિ મુજબનું અનશન (૧૪) स्तवस्तुतिमङ्गल = પરમાત્માની ભક્તિ વચન દ્વારા (૧૫) कालप्रत्युपेक्षणा = કાલનું ગ્રહણ કરવું (૧૬) प्रायश्चितकरण = તે કાલના ગ્રહણમાં જે દોષ થયા હોય તેનું પ્રાયશ્ચિત્ત કરવું (૧૭) आमणा = સર્વ જીવો સાથે મૈત્રી (૧૮) स्वाध्याय = જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ (૧૯) वाचना = જ્ઞાનની આરાધના (૨૦) परिपृच्छना = મોહનીયનો ક્ષયોપશમ કરવા વારે-વારે પૂછવું (૨૧) परावर्तना = સૂત્રાર્થ સ્થિર કરવા (૨૨) अनुप्रेक्षा = સૂત્રની જેમ અર્થનું અવિસ્મરણ (૨૩) धर्मकथा = અભ્યસ્ત સૂત્રાર્થવાળાએ (૨૪) श्रुताराधना = અજ્ઞાનનો ક્ષય (૨૫) एकाग्रमनः संनिवेशना = શુભ આલંબનમાં મનની સ્થાપના (૨૬) संयम = આશ્રવ નિરોધ (૨૭) तपः = ૧૨ પ્રકારનો તપ (૨૮) व्यवदानं = પૂર્વબદ્ધ કર્મમલનો ક્ષય (૨૯) सुखाशय = વિષયોમાં સર્વથા નિઃસ્પૃહ (૩૦) अप्रतिबन्धता = નવ કલ્પી વિહારથી વિચરે (૩૧) विविक्तशयनासन सेवना = સ્ત્રી, પશુ, પંડક રહિત વસતિમાં રહેવું (૩૨) विनिवर्त्तना = વિષયોથી પરાઙ્મુખ (૩૩) सम्भोगप्रत्याख्यान = પોતે લાવેલા જ આહારાદિ વાપરવા (૩૪) उपधिप्रत्याख्यान = વધુ ઉપધિથી સ્વાધ્યાયાદિનો વ્યાઘાત થાય (૩૫) आहार प्रत्याख्यान = જીવિતની આશાનો ત્યાગ (૩૬) कषाय प्रत्याख्यान = સુખ કે દુઃખમાં સમાન ભાવવાળા થાય (૩૭) योग प्रत्याख्यान = અયોગીપણાને પ્રાપ્ત કરે (૩૮) शरीर प्रत्याख्यान = સિદ્ધના અશરીરી ગુણને પામે (૩૯) सहाय प्रत्याख्यान = સંયમ અને સંવરની બહુલતા એ સમાધિવાન થાય છે (૪૦) भक्त प्रत्याख्यान = અંતે અનશન કરનાર બને (૪૧) सद्भाव प्रत्याख्यान = બધા પ્રત્યાખ્યાનોમાં ઉત્તમ સર્વ સંવર રૂપ શૈલશી પામે (૪૨) प्रतिरूपता = પૂર્વ પુરૂષો સ્થવિર કલ્પિકો અલ્પ ઉપધિ, અપ્રતિબદ્ધતાદિ ગુણવાન (૪૩) वैयावृत्य = આ ગુણ જ મારા ઈષ્ટની સિદ્ધિ કરાવનાર છે (૪૪) सर्वगुणसम्पूर्णता = આ ગુણથી અપુનરાવૃત્તિને જીવ પામે છે (૪૫) वीतरागता = મનોજ્ઞ કે અમનોજ્ઞ વિષયોમાં વિરાગી (૪૬) क्षान्ति = ક્રોધનો વિજય, વીતરાગતાનું પણ મૂળ જે છે (૪૭) मुक्ति = લોભનો વિજય, અકિંચનતા, નિષ્પરિગ્રહતા (૪૮) मार्दव = વિનયવાન, માનનો ત્યાગ (૪૯) आर्जव = સરળતા વિસંવાદિતાનો ત્યાગ, બીજાને ઠગવાનું કામ નહિ (૫૦) भावसत्य = તત્ત્વથી સત્યમાં સ્થિર (૫૧) करणसत्य = પ્રતિલેખનાદિ ક્રિયાઓમાં અત્યંત યથાવાદી તથાકારી થાય (૫૨) योगसत्य = મન, વચન, કાયાના યથાર્થ વ્યાપારથી ક્લિષ્ટ કર્મબંધ અટકી જાય (૫૩) मनोगुप्तता = ધર્મમાં એકતાન ચિત્તતાવાળો સંયમનો આરાધક થાય (૫૪) वागुप्तता = વિકથાના ત્યાગથી નિર્વિકાર બને, અધ્યાત્મયોગ સાધનાયુક્ત બને (૫૫) कायगुप्तता = શુભયોગના પ્રવર્તન દ્વારે અશુભયોગનો નિરોધ, પાપાશ્રવનો નિરોધ (૫૬) मनः समाधारणा = મનની એકાગ્રતાથી વિશિષ્ટ વિશિષ્ટતર શ્રુતતત્ત્વના બોધને પામે (૫૭) वाक् समाधारणा = દ્રવ્યાનુયોગના અભ્યાસથી શંકાદિ દોષોનો પરિહાર કરે (૫૮) कायसमाधारणा = સંયમયોગોમાં પ્રવર્તવા દ્વારા ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કરે (૫૯) ज्ञानसम्पन्नता = જેમ દોરાવાળી સોઈ ખોવાતી નથી તેમ આવા જીવો પણ સંસારમાં ખોવાઈ જતા નથી (૬૦) दर्शन सम्पन्नता = ભવ સંસારના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણભૂત મિથ્યાત્વનો ત્યાગ કરી ક્ષાયિક સમ્યકૃત્વને પામે (૬૧) **चारित्र सम्पन्नता** = મેરૂની જેમ નિષ્પ્રકંપ બનાવે (૬૨) **श्रोत्रनिग्रह** = ગમતા, અણગમતા શબ્દ વિષયોમાં રાગ દ્વેષનો નિગ્રહ (૬૩) **चक्षुर्निग्रह** = ગમતા, અણગમતા રૂપ વિષયોમાં રાગ દ્વેષનો નિગ્રહ (૬૪) **घ्राणनिग्रह** = ગમતા, અણગમતા ગંધ વિષયોમાં રાગ દ્વેષનો નિગ્રહ (૬૫) **जिह्वानिग्रह** = ગમતા, અણગમતા રસ વિષયોમાં રાગ દ્વેષનો નિગ્રહ (૬૬) **स्पर्शननिग्रह** = ગમતા, અણગમતા સ્પર્શ વિષયોમાં રાગ દ્વેષનો નિગ્રહ (૬૭) **क्रोधविजय** = ક્રોધના કારણભૂત કર્મપુદ્ગલોને તે આત્માઓ બાંધતા નથી (૬૮) **मानविजय** = માનના કારણભૂત કર્મપુદ્ગલોને તે આત્માઓ બાંધતા નથી (૬૯) **मायाविजय** = માયાના કારણભૂત કર્મપુદ્ગલોને તે આત્માઓ બાંધતા નથી (૭૦) **लोभ विजय** = લોભના કારણભૂત કર્મપુદ્ગલોને તે આત્માઓ બાંધતા નથી (૭૧) **प्रेमद्वेषमिथ्यादर्शनविजय** = પ્રીતિ, અપ્રીતિ, મિથ્યાત્વનો વિજય થતા રત્નત્રયીની આરાધના (૭૨) **शैलेश्यकर्मता** = શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરી અકર્મતા પામે છે. સર્વ કર્મોથી મુકાય છે. અને ફરી પાછા કર્મને ગ્રહણ પણ કરતા નથી.

**(આ સ્થાનોની વિશેષ જાણકારી માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનને ગુરુ ભગવંત પાસેથી યોગ્યતા મુજબ સમજવાનું રાખી શકાય.)**

એ ૭૨ સ્થાનના સેવક એવા સાધુ ભગવંતો તે **संविग्गजण** અને તેની સાથેનો **'संसग्गी'** = સંસર્ગ = પરિચય કરવો તે **"संविग्गजण संसग्गी"** એ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ જાણવો. ભાવાર્થ તો નાગદત્તના દૃષ્ટાંતથી જાણવું અને તે આ પ્રમાણે :- ઈંદ્રપુરી સમાન, શ્રીમંતોથી પરિપૂર્ણ એવા **કુસુમપુર નગરમાં** સુવિશિષ્ટ ગુણથી ગરિષ્ઠ **શ્રી નાગચંદ્ર** નામે **શ્રેષ્ઠી** હતો. રૂપથી પાર્વતીને પણ પરાજિત કરનારી એવી **નાગશ્રી** નામની તેની **પ્રિયા** હતી અને તેઓનો ઉપાસના વડે પ્રાપ્ત કરેલો **નાગદત્ત** નામનો **પુત્ર** હતો. સુંદર અંગોપાંગવાળો, સ્નેહથી ભરેલો, સુપાત્રના સંસર્ગનો રાગી એવો તે પોતાના ભવનમાં પ્રગટાવેલ દિપકની જેમ સદા શોભતો હતો. તે ચંદ્રની જેમ કલાથી યુક્ત, યૌવન વયમાં આવેલો છતાં ધર્મની રૂચિવાળો હતો.સજ્જનોની સેવા કરવા દ્વારા વિવેક રૂપી વૃક્ષ ઉપર આરોહણ કરનારો હતો. સમ્યકૃત્વથી પવિત્ર શ્રાવકધર્મના દિપક સમાન બાર વ્રતોને સમ્યક્ પ્રકારે ગુરુ પાસે તે ગ્રહણ કરે છે. માનસરોવરમાં જેમ હંસી વિલસે તેમ તેનામાં નિઃશંકપણે દેવભક્તિ ગુરુભક્તિ, નવતત્ત્વનું જ્ઞાન, દાનશક્તિ આદિ વિલાસ કરતી હતી.

હવે એકવાર ક્યારેક ચૈત્યપરિપાટી કરતો કરતો તે નગરમાં એક જિનમંદિરે જિનરાજની પૂજા કરવા માટે પ્રવેશ કરે છે. ત્યાં પુન્યથી પરિપૂર્ણ ઈંદ્રની સુંદર ઉપપાત શય્યા જ ન હોય તેવી શિવપુર લક્ષ્મીની દૂતી સમાન અપૂર્વ પૂજાને તે જુએ છે. વળી અવિરત સુગંધથી ખેંચાયેલા ભમરાઓની શ્રેણીના ઝંકારના સુંદર શબ્દો વડે અને વિકસિત પુષ્પોના સમૂહો વડે જાણે જિનેશ્વરના ગુણોને ગાતી હોય તેમ પૂજા શોભતી હતી. આમળા પ્રમાણ નિર્મલ મોતીઓથી ભરેલા થાળના બ્હાનાથી જિનેશ્વરના મુખરૂપી ચંદ્રમા ઉપર નિવાસ કરવા માટે જાણે આકાશમાંથી તારા આવ્યા હોય તેવી શોભા જણાતી હતી. આવી રત્ન-સુવર્ણની આશ્ચર્યકારી પૂજા જોઈને વ્યાક્ષિપ્ત ચિત્તવાળો નાગદત્ત પોતાને ઘરે ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પિતા પાસે આવી તેણે કહ્યું, "હે તાત ! શ્રેષ્ઠી ઋષભદત્તનો પુત્ર **જિનદત્ત** સાગરયાત્રા કરી પાછો આવ્યો છે. અને તેણે જિનમંદિરમાં સૌને અતિ આશ્ચર્ય પમાડનારી પૂજા કરાવી છે. તો તમે ત્યાં જઈને જોઈ આવો." તેના આવા વચનથી તે પણ ત્યાં ગયા. નાગચંદ્ર શ્રેષ્ઠીએ પણ અદ્ભૂત પૂજા જોઈ અને પછી જિનધર્મરાગી પોતાના પુત્રને આ પ્રમાણે કહ્યું, "હે વત્સ ! મેં તારા વચનથી જિનેશ્વર ભગવંતની પૂજા નિહાળી. તેથી ખરેખર ! બહુભવોમાં સંચિત કરેલા પાપો નષ્ટ થયા." જિનમતથી વાસિત હૃદયવાળા અને પ્રસન્ન દૃષ્ટિથી યુક્ત પિતાજીને જોઈને (જાણીને) પિતાજીને પ્રણામ કરીને વિકસિત મુખવાળા તે **નાગદત્તે** આ પ્રમાણે કહ્યું, "હે પિતાજી ! મારા પોતાના ભૂજાબળે બહુ ધનોપાર્જન કરી, જિનપૂજા કરાવવાની મારી પણ ઈચ્છા છે." ત્યારે નાગચંદ્રે તેને કહ્યું, "હે વત્સ ! પૂર્વે ઉપાર્જન કરેલું આપણું વિપુલ ધન છે. તેનાથી જિનવરની પૂજા રચાવી તારા મનોરથને પૂર્ણ કર."

ત્યારે **નાગદત્તે** કહ્યું કે, "હે પિતાજી ! મને વહાણયાત્રાએ મોકલો જેથી દ્રવ્યોપાર્જન કરી મારા સર્વ મનોવાંછિતને પૂર્ણ કરું." પિતાની અનુજ્ઞા પામેલા તેણે જાણે જગતમાં પોતાનો યશ ફેલાવતો હોય તેમ આનંદપૂર્વક આખા ય નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી (ઢંઢોરો પીટાવ્યો) કે, "**નાગદત્ત શ્રેષ્ઠી** સમુદ્રની સફરે જાય છે. જે કોઈને તેમની સાથે આવવું હોય તેઓને શ્રી નાગદત્ત શ્રેષ્ઠી બધા જ પ્રકારની સુવિધા આપશે. આ ઉદ્‌ઘોષણા સાંભળી ઘણા નગરજનો તૈયાર થયા, પછી પાંચસો વહાણો સાથે, નગરજન સહિત **શ્રી નાગદત્ત શ્રેષ્ઠી** સમુદ્રયાત્રાએ નીકળ્યો. અસ્ખલિત પ્રયાણ વડે ધનુષ્યથી છૂટેલા બાણની જેમ વેગથી વહાણો એક હજાર યોજન પ્રમાણ સમુદ્રને પસાર કરે છે. જ્યાં કોઈ નગર, વન, પર્વત કે ભૂમિ કાંઈ પણ દેખાતું નથી, કેવલ (માત્ર) ચારે બાજુ તરંગોથી વ્યાપ્ત જલ જ દેખાતું હતું. અને તે જલમાં ઉદય અને અસ્તને પામતા ચંદ્રમા, સૂર્ય, નક્ષત્ર, ગ્રહો આદિ દેખાતા હતા.

એક દિવસ આકાશમાં મોટું વાદળ છવાઈ ગયું, અને તેથી ગંભીર એવો સમુદ્ર પણ તુચ્છ પદાર્થની જેમ ક્ષોભ પામ્યો. (મધદરિયે પહોંચતા) પવનનું સખત તોફાન જાગ્યું અને દુર્જનોની સોબતથી સજ્જનો જેમ ઉન્માર્ગમાં (આપત્તિમાં) આવી પડે તેમ સમગ્ર વહાણો ઉન્માર્ગમાં ફસાયા. ઉન્માર્ગમાં જતા તે વહાણોને બહાર કાઢવા નિર્યામકોએ ઘણા પ્રયત્નો કર્યા પણ મદોન્મત્ત હાથીને મહાવત જેમ માર્ગે લાવી શકતો નથી તેમ તે વહાણો પણ માર્ગે આવ્યા નહી, અને અંતે મિથ્યાત્વની પ્રેરણાથી અભવ્ય જીવો જેમ કુગતિમાં પડે તેમ દુષ્કર્મના વશથી તે બધા ય વહાણો (દરિયાઈ મોજાઓથી ખેંચાતા) દુર્લંઘ્ય એવા શૈલકુંડેલમાં આવી પડ્યા. ત્યાં ભવ્ય જીવો, સમકિતથી ભગ્ન થયેલા લોકોને જોઈને જેમ ભય પામે તેમ પ્રાણ વિના તરતા જીવોને જોઈ લોકો ભયભીત થયા.

ત્યારે ત્યાં એક ખાલી વહાણમાં, કંઠ સુધી જેના પ્રાણ આવી ગયા છે એવો એક પુરુષ લોકોએ (નાગદત્તે) જોયો. શ્રી પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરતા તેને જોઈ "આ શ્રાવક છે" એમ અનુમાન કરીને શ્રેષ્ઠિપુત્રે તેને કહ્યું, "હે સાધર્મિક ! હું તમને નમસ્કાર-પ્રણામ કરું છું." તેના વચનથી તુષ્ટ થયેલા તેણે પણ શબ્દોચ્ચાર કરવાને અસમર્થ હોવાથી હાથની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંજ્ઞાથી (ઈશારાથી) પાણી માંગ્યું. નાગદત્તે પણ પાણી મંગાવીને તેને પાયુ પરંતુ કંઠની નાડીનું છિદ્ર બંધ થયેલું હોવાથી તે ભોજન ન કરી શક્યો. કાંઈક સ્વસ્થ થતાં તેને પૂછ્યું, "હે ભાઈ ! તમે અહીંયા ક્યાંથી આવ્યા ?" ત્યારે તેણે પણ મંદસ્વરે શ્રી નાગદત્તની આગળ કહ્યું, "**કૌશાંબી નગરીના ધનશ્રેષ્ઠિનો** હું પુત્ર છું. સો વહાણો લઈ હું સમુદ્રયાત્રાએ નીકળ્યો. પણ પાપોદયથી પ્રતિકુલ વાયુથી પ્રેરાયેલા વહાણો, અંધ જેમ અગાઢ કૂવામાં પડે તેમ ગિરિકુંડલમાં પડ્યા. પર્વતકુંડલ આવવાથી અહીં વાયુનો પ્રવેશ પણ સંભવતો નથી. તેથી તેના અભાવે સર્વે વહાણો (યાત્રિકો) ગયેલા પ્રાણ જેવા રહ્યા છે. ભોજન - જલસામગ્રી ક્ષય થતાં સર્વે પણ વહાણમાં રહેલા વણિકો ભૂખ-તૃષ્ણાથી પીડાતા અનુક્રમે યમરાજાના અતિથિ થયા. તેઓની મધ્યમાં ફક્ત પાપી એવો હું એક જ જીવું છું. તો તને પણ ખરેખર ! આવા પ્રકારનું દુઃખ આવશે. (સંભવશે) તેથી હે બાંધવ ! રાધાવેધ સમાન આરાધના કરાવ. ધન્ય જીવોને જ પરલોકનું ભાથુ આપનાર મળે છે, બીજાને તે મળતું નથી. વળી આગમમાં પણ કહ્યું છે કે, "પરમ પુન્યોદયથી જ જીવ વૈભવ, જિનેશ્વરનો ધર્મ, નિરોગી કાયા, પ્રિયજનનો સંયોગ ને અંતે સમાધિ મરણને પામે છે." પછી જિનમતનો - તત્ત્વ - જ્ઞાનનો જ્ઞાતા એવો નાગદત્ત અમૃત સરખી વાણીથી તેને કહે છે કે, "ચિંતામણિ રત્નની જેમ અતિ દુર્લભ એવા રાગ-દ્વેષરહિત દેવ, નિર્ગ્રંથ ગુરુ તથા નવતત્ત્વરૂપ ધર્મરૂપ સમ્યક્ત્વને તું ગ્રહણ કર. અરિહંત ભગવંત, સિદ્ધ ભગવંત, સાધુ ભગવંત અને જિનધર્મનું શરણ સ્વીકાર. વળી ત્રિવિધે ત્રિવિધે તેમને મિચ્છા મિ દુક્કડં આપ. કરેલા સુકૃતોની અનુમોદના કર. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને ધારણ કર. દોષનો ત્યાગ કર, મોહ છોડી નવકારનું સ્મરણ કર. અઢાર પાપસ્થાનકોને વોસિરાવી દે, નિરતિચાર અણસણને સ્વીકાર." આ પ્રમાણે નાગદત્તના વચનને તેણે સમ્યક્ પ્રકારે સ્વીકાર્યા. તેથી શુભધ્યાનમાં રક્ત એવો તે મરીને દેવલોકે દેવ થયો. ખરેખર ! શુભ ભાવનાથી જગતમાં કોઈ પણ વસ્તુ અસાધ્ય નથી. પછી તેના વૃત્તાંતને જાણીને ભયથી ઉદ્વિગ્ન બનેલા વહાણમાં રહેલા લોકો નાગદત્ત ઉપર આક્રોશ કરવા લાગ્યા. વળી કહ્યું છે કે, "ઉપકાર કરનારનું સ્થાન મેરૂથી પણ મહાન છે, જ્યારે તુચ્છ અને પ્રયત્ન વિના થનારા અપકારનું સ્થાન લોકોને વિષે પણ નથી." (અર્થાત્ ક્યાંય નથી) વહાણમાં બેઠેલા લોકો બોલી રહ્યા છે કે, "આ કપટીએ પરમ શત્રુની જેમ ઉદ્ઘોષણાના બ્હાનાથી અમને છેતરીને આપત્તિ રૂપી કૂવામાં નાંખ્યા છે." આવી તેઓની તીવ્ર વાણીના પ્રહારથી વિંધાવા છતાં યથાખ્યાત ચારિત્રીની જેમ તે નાગદત્તનાં મનમાં જરા પણ રોષ ઉત્પન્ન થયો નહીં. પરંતુ તે નિરર્થક કર્મબંધન કરતા તે લોકોને કરૂણાથી મધુર વાણી દ્વારા તે શાંત પાડે છે. સર્વે જીવો પોતાના કર્મથી પ્રાપ્ત થયેલા દુઃખ અથવા સુખને અનુભવીને જ છૂટે છે પછી ભલેને તે ઈંદ્ર - વિદ્યાધર - ચક્રવર્તી હોય. ખરેખર ! ધર્મ જ દુઃખને હરે છે. એમ ચિંતવીને નાગદત્ત શ્રેષ્ઠીએ ઉપવાસ પૂર્વક એક લાખ નવકારમંત્રનું સ્મરણ કર્યું.

હવે આ બાજુ સિંહલદ્વીપનો સ્વામી **જીવાહતારતિ** નામે છે. તે ગમે તેટલો ભૂખ્યો હોય તો પણ આપત્તિગતની વાત સાંભળીને તેનો ઉદ્ધાર કર્યા વિના જમતો નથી. તેણે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુ:ખી લોકોના રક્ષણ માટે જલ માર્ગે અને સ્થલમાર્ગે ઘણા દેશની ભાષામાં ચતુર એવા માણસો મોકલ્યા. શૈલકુંડલમાં ફસાયેલા ૫૦૦ વહાણો તથા તેમાં રહેલા માણસો ઘણા દુ:ખી છે તેવા સમાચાર માણસોએ આવીને સિંહલદ્વીપના રાજાને જણાવ્યા. તેથી તે રાજા પણ મંત્રીઓની સાથે યમના મુખમાંથી હોય તેમ શૈલકુંડલમાંથી તે પાંચશો વહાણોના ઉદ્ધારનો ઉપાય ચિંતવે છે. તેનો કોઈ ઉપાય ન મળતા રાજા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે ભોજન પણ કરતો નથી. ખરેખર ! મહાપુરુષો સમુદ્રની જેમ ક્યારેય પણ પોતાની પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

તેથી રાજાએ બીજા દિવસે પોતાના નગરમાં પડહો વગડાવ્યો કે, "જે કોઈ આ વહાણોને પાછા લાવશે તેને રાજા એક લાખ સોનામહોરો આપશે." તે સાંભળીને એક વૃદ્ધ નાવિકે મનમાં ચિંતવ્યું કે, "હું ઉપાય જાણું છું તો પછી રાજા પાસેથી ધન શા માટે ન મેળવું? વળી આ પ્રાણ અસ્થિર છે તો દુ:ખ રૂપી સમુદ્રમાંથી વહાણવાસીઓનો ક્ષણમાત્રમાં ઉદ્ધાર કરું." એમ વિચારી રાજાની પાસે ગયો અને પડહો ઝીલ્યો. પછી રાજાની કૃપાથી મળેલું સર્વ દ્રવ્ય પુત્રોને આપીને પોતે નાના વહાણ વડે નાગદત્તની સમીપે આવ્યો. પાંચશો વહાણોનો સ્વામી તે નાગદત્તને જાણીને, તેને પોતાના સ્વામીનું ચરિત્ર તે કહે છે. સુગુરુ જેમ ભવસાગરથી પાર ઉતારે તેમ માર્ગને જાણનાર તે વૃદ્ધ પુરુષે નાગદત્તની આગળ વહાણને બહાર કાઢવાનો ઉપાય બતાવ્યો. સર્વે પણ વહાણવાસીઓ ઉંચા કાન કરી તેના વચનને સાંભળે છે. તે પણ તેની આગળ વહાણ બહાર કાઢવાનો ઉપાય બતાવે છે, કે આ પર્વતના ઉંચા શિખર ઉપર એક સુંદર દેવમંદિર છે. તેમાં એક મોટી ઘંટા છે. તે વગાડવાથી આ ગુફામાં તેનો અવાજ સો ગણો વધારે સંભળાય છે. તેથી આકુલ-વ્યાકુલ થયેલા ભારંડ પક્ષીઓ આકાશમાં ઉડે છે. તેઓની પાંખોના વેગવાળા પવનથી આ વહાણો ગુફામાંથી બહાર આવશે, પરંતુ ઘંટ વગાડવા ઉપર ચડેલ માણસ ભૂખ-તરસથી પીડાતો પર્વત ઉપર મૃત્યુ પામશે. તો તમારામાંથી કોઈ એક પુરુષ સાહસ કરી પર્વત ઉપર ચઢે તો સર્વે લોકોને બહાર કાઢી, લોકમાં પોતાનો યશ વિસ્તારે." તે સાંભળી નાગદત્ત મૃત્યુના ભયથી જ જાણે કંપતો હોય તેમ કંપતા શરીરવાળા તે વૃદ્ધને મધુર વાણીથી કહે છે, "તમારું હવે થોડુ જ આયુષ્ય બાકી છે તો શેષ જીવનને બદલે આપત્તિમાં પડેલા આ બધાનો ઉદ્ધાર કરો અને દેવલોકની ઋદ્ધિને મેળવો." તે સાંભળી વૃદ્ધ બોલ્યો કે, "હે બાલ ! તું તો અમારું અપમંગલ બોલે છે. જો તું આ મનોજ્ઞ કાર્ય જાણે છે તો તું કેમ આ કાર્ય કરતો નથી ? બાલ, તરૂણ, વૃદ્ધ, પૈસાદાર, નિર્ધન, રોગી, નિરોગી કોઈ પણ લોકોને તું પૂછ તો તે સર્વે તારા વચનને માનશે નહીં." તે સાંભળી નાગદત્ત ચિંતવે છે કે, "ખરેખર ! દુનિયામાં સુખી કે દુ:ખી સર્વે જીવોને મરણનો ભય એક સરખો જ છે. વળી કહ્યું છે કે, "સર્વે જીવો સુખના અભિલાષી છે. સર્વે જીવો દુ:ખથી ડરે છે, સર્વે જીવોને જીવિત વહાલું છે, સર્વે જીવો મરણથી ભય પામે છે. અહીં જીવનો સ્વભાવ છે કે જે જન્મે છે તે અવશ્ય મરે છે પણ જે થોડો પણ ઉપકાર કરે છે તે જ જગતમાં જીવે છે = તેનું જીવન પ્રશંસનીય છે. પેલા વજ્રાયુધ રાજા પારેવાને બચાવવા માટે ત્રાજવામાં પોતે બેસી ગયા અને યશ વડે પોતાના આત્માને સજીવન કર્યો. તો હું પણ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રાણીઓને જીવાડું. ભલે મારું મરણ થાઓ, તેથી કોઈ આ દુનિયામાં મારે કોઈ શોચનીય નથી." એમ વિચારી "સાવધાન ચિત્તવાળા તમને સજ્જ કરેલા વહાણમાં હું સ્થાપન કરીશ." એમ કહીને **નાગદત્ત** પર્વત ઉપર ચઢ્યો.

ત્યાં જઈ ઢક્કા વગાડી. તેના પ્રબળ અવાજથી (અને ગુફામાં પડેલા પડઘાથી) ક્ષોભ પામેલા ભારંડ પક્ષીઓની પાંખો ફફડી. (પક્ષીઓ ઉડ્યા) તેઓની પાંખોના પવનથી વહાણો ગુફામાંથી બહાર આવ્યા અને સિંહલદ્વીપમાં પહોંચ્યા. રાજાએ કરવેરાથી મુક્ત કર્યા. તે સાર્થના લોકો વહાણનું કરીયાણું વેચી, બીજુ કરીયાણું ભરી સમુદ્ર રસ્તે પોતાને ગામ (**કુસુમપુર**) પહોંચ્યા.

પોતાનો પુત્ર તથા સાથેનો સાર્થ કમાઈને પરદેશથી આવ્યો છે એવા પુત્રના આગમનના સમાચાર સાંભળીને પોતાના પુત્રના દર્શન માટે ઉત્સુક બનેલો શ્રી નાગચંદ્ર શ્રેષ્ઠી ઝડપથી દરિયા કિનારે આવ્યો. પુત્રના ચરિત્રને (પુત્રના, સાર્થના, દરિયાઈ તોફાનના, આપત્તિમાંથી કેવી રીતે બહાર આવ્યા ઈત્યાદિ સમાચાર) સાંભળીને નાગચંદ્ર મૂર્છિત થયા. શીતલ ઉપચારોથી ચેતના આવી. ત્યારે પાછા પુત્રના ગુણો સંભારી સંભારીને તે ઘણો વિલાપ કરવા લાગ્યા. પુત્ર વિનાનું પોતાનું જીવન એને દુઃખદાયી લાગવાથી રડવા લાગ્યો. રત્નો વિનાના રત્નના નિધાનની શી કિંમત ? તેથી હું પણ અણસણ કરી પુત્રે જે ગતિ સાધી તે હું પણ સાધું. તેના વિરહાગ્નિના દાહને હું અહીં સહન કરી શકું તેમ નથી." આવી રીતે વિલાપ કરતા શ્રેષ્ઠીને જોઈ સહુ સંકુચિત મુખવાળા = ઉદાસીન થયા, લજ્જાથી જાણે પાતાળમાં પ્રવેશ કરવા ઈચ્છતા હોય તેમ સર્વે દીન થયા = સમગ્ર વાતાવરણ શોકમય બન્યું. ત્યારે વણિકોએ કહ્યું, "હે તાત ! તમારો તે પુત્ર નિશ્ચે જીવે છે. જેના યશ રૂપી મહાવૃક્ષના અમે તો અંકુરા સમાન છીએ. ખરેખર ! તમારા પુત્રે આ જીવન (સંસાર) અસારભૂત છે એમ જાણીને પોતાના જીવનને છોડી, વજ્ર જેવું સારભૂત સત્ત્વનું આલંબન લીધું છે."

આવો વાર્તાલાપ ચાલતો હતો તેવામાં આકાશમાર્ગે સુંદર ચમકતી ધ્વજાવાળું અને રણઝણ વાગતી ઘૂઘરીઓવાળું એક સુંદર દેવવિમાન આવતું જોયું. તેથી સૌની નજર ઉંચે ગઈ. વિકસિત નયનથી વિસ્મયપૂર્વક સહુ જોઈ રહ્યા છે એટલામાં તો પવનથી ફરકતી ધ્વજાવાળું તે વિમાન નાગચંદ્ર શ્રેષ્ઠી પાસે જ આવ્યું. (ત્યાં થોભ્યું) અને વિમાનમાંથી ઉતરીને, સહુ લોકોને આશ્ચર્ય પમાડતો, પ્રિયા સહિત એવો નાગદત્ત બંને હાથ જોડીને પિતાના ચરણકમલમાં પ્રણામ કરીને ભેટી પડે છે અને ત્યારે શોકમાંથી બધું આશ્ચર્ય સાથે આનંદમાં પલટાઈ જાય છે.

આનંદિત થયેલા અને વિસ્મય પામેલા પિતાએ નાગદત્તને પોતાનો સર્વ પ્રસંગ કહેવા કહ્યું ત્યારે નાગદત્તે પણ પોતાનો વૃત્તાંત કહેવાનો પ્રારંભ કર્યો કે, "હું તે પર્વતના શિખરે ચઢ્યો. ત્યાં ભક્ષ્ય મૂળ-ફળ ન હોવાથી (મળવાથી) હું પ્રતિ દિવસે છેદી નાંખ્યા છે, દુઃખના વાસને એવા ઉપવાસ કરવા લાગ્યો. અને ત્યાં શ્રી વિદ્યાધરે બનાવેલ જિનમંદિરમાં શ્રી ઋષભદેવ ભગવાનની રત્નની પ્રતિમાને હું આખો દિવસ ભક્તિથી પૂજતો. આમ દિવસો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસાર કરતો હતો અને હવે નક્કી ટૂંક સમયમાં મરણ આવવાનું જ છે એમ જાણતો એવો હું હૃદયથી જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વનું ધ્યાન ધરતો, જીવિત અને મરણમાં પણ અસ્ખલિત ચિત્તવાળો, શત્રુ તથા મિત્ર ઉપર સમભાવવાળો રહેતો હતો તેટલામાં તો દેદીપ્યમાન કાંતિવાળા, રત્નાભરણોથી સુશોભિત દેહવાળા ઈન્દ્ર સમાન એક પુરુષને મારી સામે ઉભેલો મેં જોયો. પછી મેં ઉઠીને, બે હાથ જોડી પ્રણામ કરી કહ્યું, "હું તમારા દર્શનથી તુષ્ટ થયો છું તો તમારું ચરિત્ર કહો." ત્યારે તે પુરુષ કહેવા લાગ્યો કે –

"હું વૈતાઢ્ય પર્વત ઉપર રહેવાવાળો વિદ્યુત્પ્રભ નામનો વિદ્યાધર છું. નંદીશ્વર દ્વીપમાં પ્રભુના દર્શન કરવા હું જતો હતો. આ પર્વત ઉપરથી જતાં તને જોયો. જ્યાં ખાવા-પીવાની સામગ્રીનો અભાવ છે એવા આ સ્થાન ઉપર તું ક્યાંથી ? એમ વિસ્મય ચિત્તવાળો હું થયો અને અવલોકની દેવીને તારું ચરિત્ર પૂછ્યું. તેના દ્વારા તારું સ્વરૂપ આદિ જાણીને હાલ હું અહીં આવ્યો છું. હું તારા સત્ત્વ વડે, જિનસેવા વડે અને તારા તપથી સંતુષ્ટ થયો છું. તેથી ગગનગામિની વિદ્યા સહિત મારી પુત્રી તને આપું છું." એમ કહી વિદ્યાના બળ વડે વેગથી પોતાની પુત્રી ત્યાં લાવી અને મધુર આહાર વડે તે વિદ્યાધરે મને ભોજન કરાવ્યું. પછી પોતાની કન્યા પરણાવી અને આકાશગામિની વિદ્યા મને આપી. ખરેખર ! જ્યારે મહાપુરુષો પ્રસન્ન થાય છે ત્યારે આ ભુવનમાં શું અદેય (આપવા યોગ્ય નહીં) હોય ? અર્થાત્ બધું જ આપી દે છે. મારા મનમાં એમ વિચાર આવ્યો કે વહાણ દ્વારા કુસુમપુર પહોંચેલા માણસો દ્વારા મારા મૃત્યુના સમાચાર સાંભળી પિતાજી ઘણા શોકાતુર થશે એટલે હું જલ્દી જલ્દી આ વિમાનમાં આરૂઢ થઈને અહીં આવ્યો છું." તે નાગદત્તની ઋદ્ધિ - કન્યા - વિદ્યા આદિ જોઈને વહાણ દ્વારા આવેલા ગામવાસીઓ મનમાં પસ્તાવો કરવા લાગ્યા કે જો આ વહાણો ચલાવવા માટે ઘંટા વગાડવા માટે અમે પર્વત ઉપર ચડ્યા હોત તો અમને આ સર્વ પ્રાપ્ત થાત. પરંતુ પુણ્ય વિના કાંઈ મળતું નથી. (ખરેખર ! અમે અભાગી છીએ તેથી જ તે પર્વત ઉપર ત્યારે ન ગયા. શ્રેષ્ઠીપુત્ર એવા નાગદત્તના સત્ત્વથી પામેલ લક્ષ્મીથી (રિદ્ધિ-સિદ્ધિથી) તેની મહાપ્રસિદ્ધિ થઈ. કરૂણારૂપી વૃક્ષના પુષ્પની સાથે જ ફલની ઉત્પત્તિ થઈ. જિનસેવા રૂપ વેલડીના ફુલનો ઉદ્‌ગમ એટલે જ આ રિદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ. વળી અવશ્ય સ્વર્ગ અને અપવર્ગની પ્રાપ્તિ રૂપ ફલ પણ પામશે.

અર્થીજનોને દાન દઈને ખુશ કરતાં કરતાં તેણે નગરમાં પ્રવેશ કર્યો. ત્યારે ધર્મી લોકોના મુખથી પ્રશંસા કરાતો તે પોતાના ઘરે આવ્યો. પછી નાગદત્તે રાત્રિના પાછલા પહોરમાં ચિત્તમાં ચિંતવ્યું કે, "જેને માટે મેં જલયાત્રા ખેડી તે જિનપૂજા હું હવે રચાવું." પછી તેણે પોતાના પુણ્યના પુંજ સમાન એવા કનક - મણિ - વસ્ત્ર - ચંદન - પુષ્પ વડે જિનમંદિરમાં દરરોજ અંગરચના કરી. (કરાવી) કહ્યું છે કે, "ધન્ય જીવોને વેલડીની જેમ પુણ્ય સંબંધી મનોરથો ઉત્પન્ન થાય છે. વળી તેથી પણ ધન્ય જીવો તો તે છે કે જેમને વિપુલ ફલ પ્રાપ્તિ દ્વારા તે મનોરથો ફળે છે." જિનદત્તે કરેલી પૂજાથી પણ ઉત્તમ પૂજા (અંગરચના) તેણે કરાવી કે જે દેવોને પણ આશ્ચર્ય પમાડનારી હતી. આ પ્રમાણે પ્રતિદિન જિનશાસનની સેવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા દ્વારા, પોતાના ધવલ-નિર્મલ યશ વડે સચરાચર વિશ્વને તેણે શોભાવ્યું. સંવિગ્ન મુનિઓને હંમેશા અશન - પાન - વસ્ત્રાદિનું દાન તથા સેવા શુશ્રૂષા કરવા વડે તેણે આત્માને કૃતાર્થ કર્યો છે. એકવાર **સુસ્થિતસૂરિજી** ભગવંતની પાસે તેણે દીક્ષા સ્વીકારી. તેનું સુંદર પાલન કરી તે દેવલોકે ગયા.

જેમ નાગચંદ્રના પુત્ર નાગદત્તે સમ્યક્ પ્રકારે તીર્થની સેવા કરી, તેમ હે ભવ્ય જીવો ! તમે પણ તે પ્રમાણે કરી, ભવસમુદ્ર તરીને નિર્વાણ લક્ષ્મીને પામો.

**આમ તીર્થસેવાના વિષયમાં નાગદત્તની કથા પૂર્ણ થઈ**

## ભક્તિ નામનું ત્રીજું ભૂષણ

### ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :

**भत्ती आयरकरणं जहुच्चियं जिणवरिंदसाहूणं ।**

**ગાથાર્થ : જિનેશ્વર ભગવંત અને સાધુ ભગવંતોનો યથોચિત આદર કરવો તે ભક્તિ.**

**ટીકાર્થ :** જિનેશ્વર ભગવંત અને સાધુનો યથોચિત આદર કરવો તે ભક્તિ કહેવાય. એ પ્રમાણે સંબંધ છે. ત્યાં 'जिनाः' = સામાન્ય કેવલી ભગવંતો. તેઓમાં જે 'वरा' = શ્રેષ્ઠ ગણધર ભગવંત આદિ. તેઓના પણ જે સ્વામી (ઈંદ્ર) અષ્ટ મહાપ્રાતીહાર્ય, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણોથી યુક્ત એવા તીર્થંકરો. તેઓના દર્શન થતાં જ આનંદથી આંખોમાં અશ્રુધારા વહેવી, વળી મુખકોશ આદિથી યુક્ત થઈને, વળી આગમમાં બતાવેલી ત્રણ નિસિહિ, દશત્રિક આદિ યથોચિત્ત વિધિ વડે (કયા દશત્રિક ?) તો કહે છે કે નિસીહી ત્રિક, પ્રદક્ષિણા ત્રિક, પ્રણામ ત્રિક, પૂજા ત્રિક, તથા અવસ્થા ત્રિક, ત્રણ દિશામાં જોવાનું વર્જન, ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન, વર્ણાદિ ત્રિક, મુદ્રા ત્રિક, પ્રણિધાન ત્રિક. આ દશત્રિકથી યુક્ત જિનેશ્વર ભગવંતને, ઉપયોગવંત જે પુરુષ ત્રિકાલ વંદન કરે છે તે શાશ્વત ધામને પામે છે. આ પ્રમાણે અરિહંત ભગવંતનો વિવેકી પુરુષો વડે જે આદર કરાય છે તે ભક્તિ કહેવાય છે.

તથા જે મોક્ષમાર્ગને સાધે છે તે સાધુઓ = જ્ઞાનાદિ ગુણથી યુક્ત એવા મહાત્માઓ. તેમના દર્શન માત્રથી ઉભા થવું, મત્થએણવંદામિ કહેવું, અંજલિ જોડી મસ્તક નમાવવું, પોતે આસન આપવું, વંદન કરવું, સેવા કરવી, તેમની સાથે જવું, દશ પ્રકારની વૈયાવચ્ચ કરવી, અન્ન - પાન - વસ્ત્ર - પાત્ર - વસતિ - પીઠ - ફલક - સંથારો આદિ ધર્મની સાધનાના ઉપકરણો આપવા, વળી તેમની શુશ્રૂષા કરવી, તેમને ઔષધાદિ આપવું, વળી વિષમ અટવી, કિલ્લા સંબંધી ઉપસર્ગો દૂર કરવા રૂપ આદર કરવો તે ભક્તિ કહેવાય છે. એ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો બાહ્ય - અભ્યંતર રૂપ કામિનીના દૃષ્ટાંતથી જાણવું અને તે આ પ્રમાણે.

સુસ્થિત લોકોના સુખ અને વિલાસના સ્થાનભૂત એવું **ક્રીડાગૃહ** નામનું **નગર** હતું. જ્યાં ધનવાનોના ધવલગૃહ ઉપર વાયુથી ઉડતી ધ્વજાની સંજ્ઞાથી "લક્ષ્મી અહીં લોકોને સુખ રૂપી સમુદ્રમાં વિષ્ણુની લીલાને ધારણ કરો." એમ આમંત્રણ આપતી હતી. તે નગરમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરીઓના પરાક્રમ રૂપી તેજને અસ્ત પમાડનાર **અમિતતેજ** નામનો **રાજા** હતો. ત્યાં વિદ્યા - મંત્ર - ઔષધિના પરમાર્થને જાણનાર કોઈ એક **પરિવ્રાજક** રહેતો હતો અને તે દિન - પ્રતિદિન વિદ્યાના બળે નગરની અંદર ભમીને રત્ન - સ્ત્રી વિગેરે વસ્તુ હરી જતો હતો. તેથી નગરના લોકો દુઃસહ દુઃખને સહન પણ કરી શકતા નહોતા તો આ મુંઝવણનો માર્ગ પણ મેળવી શકતા ન હતા તેથી તેઓએ રાજા આગળ જઈ પોકાર કર્યો કે, "હે રાજન્ ! લોકોના મનને હરનાર જે જે અતિશય રૂચિકર પદાર્થ સમૂહ તથા વસ્ત્રાભરણાદિ છે, તે તે વસ્તુ કોઈ ચોર આવીને ચોરી જાય છે. એટલું જ નહિ પણ ભમરા જેવા કાળા કેશના ચોટલાવાળી, ભાલસ્થલે અષ્ટમીના ચંદ્રની શોભા ધરનારી, કામદેવના હિંચકા જેવી કાનવાળી, નીલકમલના પાંદડા સરખી સુવિશાલ નયનવાળી, તલના ફૂલ સરખી નાસિકાને ધરનારી, શરદઋતુના ચંદ્રમા જેવી સુંદર મુખવાળી, સ્થૂલ કલશ જેવા ઉન્નત સ્તનને ધરનારી, અત્યંત પાતળા પેટવાળી, કેડ નીચેનો ભાગ જેનો અત્યંત સ્થૂલ છે એવી, હાથીની સૂંઢ સરખા સ્ફૂરાયમાન સાથળવાળી, કોમળ નવી કુંપળ સરખા હાથ-પગવાળી, નયન કટાક્ષથી સર્વેને મોહ પમાડનારી, રૂપસંપદાથી દેવાંગનાને જીતનારી, રતિના રસરૂપી સાગરને તરવામાં નાવડી સમાન, શરીરની કાંતિથી નવતરૂણીને દાસી સમાન કરતી એવી જે જે યુવાન સ્ત્રીઓને તે જુએ છે તે સર્વેને હે રાજન્ ! તે હરે છે. તે પાપી અહીં જ રહે છે. તો કૃપા કરી તેની શોધ કરો."

તે સાંભળી લજ્જાથી નીચા મુખવાળા થયેલા રાજાએ કહ્યું, "અરે પ્રજાજનો ! તમે તમારા ભવનમાં જાવ, ભય વિનાના રહો. જો પાંચ દિવસમાં તે દુષ્ટ ચોર શોધખોળ કરતાં પણ ન મળે તો હું અવશ્ય પ્રજવલિત અગ્નિમાં ઝંપાપાત કરીશ." આ પ્રમાણે રાજાની પ્રતિજ્ઞા સાંભળીને નગરજનો રાજાને પ્રણામ કરી પોતપોતાના સ્થાને ગયા. ત્યારે રાજાએ સર્વ સ્થાને વિશેષથી તેની શોધ કરવા આરક્ષક પુરુષોને આદેશ કર્યો અને પોતે એકલો હાથમાં તલવાર લઈ, નીડરપણે ચોરની શોધ કરતો સર્વે પણ ચોરના સ્થાનોમાં ભમ્યો, પણ તેના સમાચાર માત્ર પણ રાજા પામ્યો નહીં. આ પ્રમાણે ચાર દિવસ વ્યતીત થયા. પાંચમે દિવસે રાજાએ અધિક શોધ કરી ત્યારે ભોજન-ગંધ-તંબોલાદિ સામગ્રી ગ્રહણ કરતાં એક પરિવ્રાજકને જોઈને રાજા ચિંતવે છે કે, "આ અત્યારે રાત્રીના સમયે આવા પ્રકારના લોકોને ભોગ્ય એવા ગંધાદિ પદાર્થો ગ્રહણ કરે છે તેથી તે સારો માણસ જણાતો નથી. તેથી હું તેની ચેષ્ટાને અદશ્ય રહીને જોઉં." તેથી તેની પાછળ ચાલતા રાજાએ નગરના ઉદ્યાનની શોભારૂપ વડવૃક્ષની બખોલના છિદ્રમાં રહેલ તેના ઘરમાં પ્રવેશ કર્યો. તો ત્યાં એક બાજુ રત્નના ઢગલા તો બીજી બાજુ સુવર્ણના ઢગલા હતા, ક્યાંક વસ્ત્રાભરણાદિ તો ક્યાંક સુગંધી વસ્તુઓના ઢગલા પડ્યા હતા. તો ક્યાંક દેવાંગના જેવી સ્ત્રીરત્નો પણ હતી. આ બધું જોઈને "આ ચોર જ છે" તેવો નિશ્ચય થતાં રાજા તે ચોરને પડકાર કરે છે કે, "અરે દુષ્ટ ચેષ્ટાવાન્ ! શસ્ત્રને ગ્રહણ કર ને મારી સાથે તું યુદ્ધ કર. તારા ઈષ્ટ દેવતાનું સ્મરણ કરી લે. આ તારી કંઠ રૂપી નાળને હમણાં જ છેદીને પૃથ્વીતલ ઉપર પાડું છું." તે સાંભળીને પરિવ્રાજક એવો ચોર સંક્ષોભ પામ્યો અને અભિમાનના વશથી પોતાના પરાક્રમને નહીં જાણતો એવો તે તલવાર લઈને રાજાની પાસે આવ્યો અને રાજાની તર્જના કરવા લાગ્યો, "અરે... અરે...

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા ઘરમાં ચોરની જેમ તું કેવી રીતે આવ્યો ? આજે નિશ્ચે યમરાજા તારી ઉપર કોપાયમાન થયા છે" એમ બોલતા તેણે જેટલામાં પ્રહાર કરવાનો પ્રારંભ કર્યો તેટલામાં તો રાજાએ પોતાની તલવારથી તેનું મસ્તક છેદી કાઢ્યું. પછી તે રાત્રી ત્યાં જ પસાર કરી, પ્રભાત સમયે રાજાએ સમસ્ત નગરજનોને બોલાવ્યા અને કહ્યું, "અરે નગરજનો ! પોત-પોતાની વસ્તુ તથા પ્રિયાને ઓળખીને તે ગ્રહણ કરો." તે સાંભળીને કમલવનની જેમ વિકસિત થયેલા (ખુશ થયેલા) નગરજનો પોત-પોતાની વસ્તુ ગ્રહણ કરી ઘરે આવ્યા. પોતાની પ્રતિજ્ઞા રૂપી નાવથી તરી જનાર તે રાજા પણ ચારે વર્ણના લોકોથી પ્રશંસા કરાતો પોતાના મહેલે પહોંચ્યો. આ બાજુ કોઈ એક કામિની કામના ઉન્માદથી, પરિવ્રાજકે કરેલા કામણ-ટૂમણના વશથી તેના ઉપર અસ્થિમજ્જા રાગવાળી થયેલી હતી. તે પોતાના વ્હાલા પ્રિયતમને પણ ખરાબ શકુનની જેમ સર્વથા જોતી હતી. અત્યંત મધુર-પ્રેમપૂર્વકના આલાપથી વારંવાર બોલાવવા છતાં પણ તે મહેર કરતી નથી = તેના ઉપર ખુશ થતી નથી. ત્યારે જ્ઞાન-વિજ્ઞાનમાં વિચક્ષણ પુરુષોએ તેના પતિને કહ્યું કે, "ખરેખર ! તે પરિવ્રાજકે વશીકરણ વિદ્યાદિ દ્વારા તેને અસ્થિમજ્જાનુરાગી બનાવી, પોતાને વશ કરેલી છે. તો જ્યાં સુધી પરિવ્રાજકના અગ્નિથી બળેલા હાડકાને લાવી, તેનું દૂધથી પ્રક્ષાલન કરી તેને પિવડાવવામાં ન આવે ત્યાં સુધી તેના ઉપરનો તેનો તીવ્ર રાગ હટશે નહીં." આ સાંભળી તેના પ્રિયતમ વિગેરે સ્વજનોએ તે પ્રમાણે કર્યું અને તે સજ્જ થઈ ગઈ. તેનો પરિવ્રાજક પરનો રાગ પણ હટી ગયો અને પોતાના પતિ ઉપર અનુરાગ ઉત્પન્ન થયો.

આ કથાનો અંતરંગ ઉપનય આ પ્રમાણે જાણવો : જેમ તે કામિનીને પરિવ્રાજકે કામણ-ટૂમણ દ્વારા અત્યંત અનુરાગી બનાવી. તેથી તે તેને જ ચાહતી હતી, બીજા કોઈની પણ ઈચ્છા કરતી ન્હોતી. તેવી જ રીતે સુશ્રાવક લોકોએ પણ નિરંતર જિનેશ્વર, સુસાધુ, પ્રવચનની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વરૂપી પરમૌષધિથી ભાવિત મતિવાળા થવું. જેથી બીજા કોઈ પણ ધર્મથી ચલાયમાન થઈ શકે નહીં. તેમ જ મિથ્યાત્વમાં આસક્ત દેવ-ગુરુને વિષે ક્યારે પણ ભક્તિરાગ કરવો નહી. આવા પ્રકારનો ભક્તિરાગ સમ્યક્ત્વરૂપી દેહને સુશોભિત કરે છે.

આ પ્રમાણે જેમ તે કામિનીએ તે પરિવ્રાજક ઉપર મહાનુરાગ કર્યો તેમ મોક્ષમાર્ગમાં ચિત્ત જોડનારા હે ભવ્યો ! તમે પણ જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મ ઉપર રાગ ધારણ કરો.

**ભક્તિરાગના વિષયમાં બાહ્ય-અભ્યંતર રૂપ કામિનીની કથા પૂર્ણ થઈ.**

## ચોથું સ્થૈર્ય નામનું ભૂષણ

**ગાથાના તૃતીય ચરણ વડે કહે છે :**

**थिरया दढसम्मत्तं ।**

**ગાથાર્થ : દઢ સમ્યક્ત્વ તેનું નામ જ સ્થિરતા.**

**ટીકાર્થ :** દઢ સમ્યક્ત્વ આવતાં સ્થિરતા પ્રાપ્ત થાય છે એ પ્રમાણે સંબંધ છે. જે જીવોને જિનેશ્વર ભગવંતના ધર્મ પ્રતિ દઢતા નથી એવા જીવોને દઢતા ઉત્પન્ન કરવા વડે સમ્યક્ત્વની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારણા તે દઢ સમ્યક્ત્વ જાણવું. તથા કોઈ પણ શાક્યાદિ દર્શનના અલ્પ મહિમાને જોઈને બાહ્યદષ્ટિ જીવો ધર્મથી ચલાયમાન થાય, તો તેને સ્થિર કરવો તે સ્થૈર્ય જાણવું. જે કારણથી દઢ ધર્મની જ પ્રશંસા કરાય છે. સ્થાનાંગ સૂત્રમાં ચાર જાતના પુરુષો કહેલા છે. તે આ પ્રમાણે :

**(૧) નામથી પ્રિયધર્મી પણ દઢધર્મી નહિ.**

**(૨) દઢધર્મી પણ પ્રિયધર્મી નહિ.**

**(૩) પ્રિયધર્મી અને દઢધર્મી.**

**(૪) પ્રિયધર્મી પણ નહિ અને દઢધર્મી પણ નહિ.**

એ પ્રમાણે ગાથાના તૃતીય ચરણનો અર્થ થયો. ભાવાર્થ તો સુલસાના દષ્ટાંતથી જાણવો. તે આ પ્રમાણે :

આ જ જંબૂદ્વીપમાં ચંદ્રકલાની ઉપમાવાળું, હર્ષના સ્થાનભૂત **શ્રી ભરત** નામનું ક્ષેત્ર છે. ત્યાં **મગધ** નામનો દેશ છે. જ્યાં લેશમાત્ર પાપીઓનું સ્થાન નથી. જ્યાં સર્વ લક્ષ્મીના ક્રીડાગૃહ સરખું **રાજગૃહી** નામનું **નગર** છે. જ્યાં ઉન્નત જિનમંદિર ઉપર રહેલો મધ્યાહ્ન કાળનો સૂર્ય બીજના ચંદ્રમાની જેમ શોભતો હતો. જેમ ઈંદ્રનો સારથિ માતલિ છે તેમ ત્યાં **પ્રસેનજિત** રાજાનો સર્વકલાવાન્ એવો **નાગ** નામનો **સારથિ** હતો. તેની ધર્મમાં તત્પર એવી **સુલસા** નામની **પ્રિયતમા** હતી. જેનામાં પતિવ્રતા મુખ્ય એવા સર્વે ગુણો વસ્યા હતા. (પરંતુ દૈવયોગે તેને કોઈ સંતાન થયું નહોતું.)

એકવાર પુત્રના અભાવથી અત્યંત દુઃખ પામેલો **નાગસારથી** કપાળ ઉપર હાથ મૂકીને વિચારતો હતો કે, "હું મારા કરકમલમાં હંસની જેમ પુત્રોને રમાડીશ." પરંતુ આ તેની વિચારણા અરણ્યમાં રહેલ માલતીના પુષ્પ જેવી હતી. આ પ્રમાણે ચિંતાના સાગરમાં ડૂબેલા પોતાના પ્રિયતમને જોઈને વિચક્ષણ એવી **સુલસા**એ અમૃત સરખી વાણીથી આ પ્રમાણે કહ્યું, "હે નાથ ! શું (કઈ એવી ચિંતા) રાત્રિની જેમ આપના શૌર્યતેજને પણ હરી લે છે ? ત્યારે તેણે પણ કહ્યું કે, "હે દેવિ ! આ બધાની પાછળનું કારણ પુત્રનો અભાવ છે." ત્યારે **સુલસા**એ પણ પતિને કહ્યું, "તમે અનેક કન્યાઓને પરણી, તેઓ દ્વારા બુદ્ધિશાળી પુત્રોને ઉત્પન્ન કરો." ત્યારે નાગે કહ્યું, "હે જીવેશે ! આ જન્મની અંદર તું જ મને કલ્પવૃક્ષની કલ્પવેલડી સમાન છે. તેથી મારે અન્ય પ્રિયા વડે સર્યું. પરંતુ તારી કુક્ષિ રૂપી છીપમાંથી મોતી રૂપ પુત્રને ઈચ્છું છું કે જે પુત્ર આપણા સ્નેહરૂપી મહાસાગરની વૃદ્ધિ કરનાર ચંદ્ર જેવો હોય. મારા શરીરના અંગે અંગમાં તું જ જીવન સમાન છે તેથી દેવના આરાધન વડે પુત્રને ઉત્પન્ન કર." ત્યારે તેણીએ પણ કહ્યું, "હે દેવ ! ઈચ્છિતની પ્રાપ્તિ માટે, જીવિતનો નાશ થાય તો પણ મન-વચન-કાયાથી હું અન્ય દેવની આરાધના નહીં કરું. પરંતુ હે સ્વામી ! આપણા ઈષ્ટની સિદ્ધિ માટે હું દરરોજ અત્યંત મહિમાશાળી એવા જિનેશ્વર ભગવંતની પરમ આરાધના કરીશ." તેથી આયંબિલ આદિ તપ વડે પોતાના શરીરને પાવન કરતી, અનેક ધર્મકૃત્યોને કરતી તેણી બ્રહ્મચર્યનું પાલન કરે છે. રક્ત વસ્ત્રને પહેરી, અલ્પ આભૂષણવાળી તે ત્રણ સંધ્યાએ પ્રભુને પુષ્પાદિ વડે પૂજે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે કેટલોક સમય પસાર થયા પછી એક વાર ઇંદ્ર મહારાજે દેવોની સભામાં સુલસાની ધર્મ-સ્થિરતાની પ્રશંસા કરી. તે સાંભળીને આશ્ચર્યચકિત મનવાળો એક દેવ સુલસાની પરીક્ષા કરવા માટે પૃથ્વી ઉપર અવતર્યો = આવ્યો. યતિના વ્રતોથી દરિદ્ર હોવા છતાં માત્ર બાહ્યથી સાધુના વેષને ધારણ કરેલો તે દેવ નિસીહિ... નિસીહિ... એમ બોલી સુલસાના ઘરમાં પ્રવેશ્યો. અચાનક આવેલા તે મુનિને જોઈને, જિનેશ્વર ભગવંતની પૂજામાં મગ્ન એવી પણ સુલસાએ જલ્દીથી ઉઠીને તેના ચરણકમલમાં ભક્તિથી વંદન કર્યા. ને પછી ચતુર એવી તેણીએ મુનિને ઘરે આવવાનું કારણ પૂછ્યું. તો મુનિએ પણ કહ્યું, "ગ્લાન સાધુના રોગને દૂર કરવા માટે તેલનો ખપ છે માટે આવ્યો છું." તે સાંભળી તે અત્યંત હર્ષ પામી અને મહા આશયવાળી તે ચિંતવવા લાગી કે, લક્ષપાક મહાતેલ જે મેં બનાવ્યું છે તે આજે સાર્થક થશે. આ મહાત્માને કામમાં આવશે... તેથી મારી મહેનત સફળ થશે, હું ધન્ય બનીશ." એમ ચિંતવી ઘરની અંદર જઈને લક્ષપાક તેલનો ઘડો લઈને જેટલામાં સુલસા પાછી આવે છે તેટલામાં તો તે ઘડો દિવ્ય પ્રભાવથી ફૂટી જાય છે. છતાં પણ તે જરાય ખેદ પામતી નથી. એમ ક્રમશઃ ભરી રાખેલા એક પછી એક એમ કુલ સાત તેલના ઘડા તે ઘરમાંથી લાવી, પરંતુ તે સાતે ઘડા દૈવીશક્તિથી ફુટી ગયા. આટલા બધા ઘડા ફૂટવા છતાં વિષાદ - દુઃખ વડે તેણીનું મન વજ્રની જેમ ક્યારે પણ ભાંગ્યુ નહિ = તે જરા પણ ચિંતાતુર નહોતી. પણ તે મનમાં વિચારવા લાગી, "હું કેટલી મંદ ભાગ્યવાળી છું કે ગ્લાન સાધુની સેવા માટે તેલ ઉપકારી બની શક્યું નહિ અને પોતાની નિંદા કરવા લાગી.

ધર્મ પ્રત્યેની આવી દૃઢતા અખંડ ભાવ જોઈને દેવ વિસ્મય પામ્યો અને મૂળ રૂપે પ્રત્યક્ષ થઈ સુલસાને કહે છે, "હે ભદ્રે ! તારું જીવન ઘણું પવિત્ર છે. આજે જ પ્રથમ દેવલોકના ઈંદ્રે, દેવોની સભામાં સમકિતની સ્થિરતા રૂપ તારા ગુણની પ્રશંસા કરી. તેથી હું તારી પરીક્ષા કરવા આવ્યો હતો પણ ઈંદ્રે વખાણેલા ગુણથી પણ અધિક તારી સ્થિરતા - દૃઢતા જોઈને હું અત્યંત વિસ્મિત બન્યો છું, પ્રસન્ન થયો છું. માટે તું મારી પાસે કાંઈક વરદાન માંગ." ત્યારે અમૃતથી પણ અધિક મીઠી વાણીથી સુલસા બોલી કે, "હે દેવ ! જો તમે પ્રસન્ન જ થયા હો તો મને રત્નભૂત એવા પુત્રો આપો." પ્રસન્ન થયેલા દેવે તેને ચમત્કારિક ૩૨ ગુટિકાઓ આપી અને કહ્યું, "ક્રમશઃ એક એક ગુટિકા ખાજો જેથી તને ૩૨ પુત્રરત્નોની પ્રાપ્તિ થશે. તથા કોઈ સંકટ સમયે, જયારે કામ હોય ત્યારે મારું સ્મરણ કરજો." એમ કહી દેવ સ્વર્ગે ગયો.

પછી સુલસા વિચારવા લાગી, "આ ગુટિકા એક એક ખાવાથી બત્રીસ વખત પ્રસવપીડા સહન કરવી પડે માટે એક સાથે જ બત્રીશ ગુટિકા ખાઈ લઉં તો બત્રીશ લક્ષણવાળો એક જ પુત્ર થશે." એમ વિચારી એકી સાથે બત્રીશ ગુટિકાઓ તે ખાઈ ગઈ. ગુટિકાઓ પ્રભાવશાળી ને મંત્રાધિષ્ઠિત હોવાથી તેણીને એકી સાથે ૩૨ ગર્ભો રહ્યા. ગર્ભોના અત્યંત ભારને લીધે સુલસા દુઃખી થવા લાગી. એટલે સુલસાએ કાયોત્સર્ગ કરીને તે દેવનું સ્મરણ કર્યું. સ્મરણ માત્રથી પ્રત્યક્ષ થઈ, ત્યાં આવીને સુલસાને કહ્યું, "મને કયા કારણે યાદ કર્યો ?" ત્યારે સુલસાએ પણ સર્વ વાત જણાવી. ત્યારે દેવે કહ્યું, "આ ગુટિકાઓ ક્રમશઃ ખાવાની હતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તમે એકી સાથે લઈ લીધી તે બરાબર કર્યું નથી. તને ભવિષ્યમાં અમોઘશક્તિવાળા પુત્રો પ્રાપ્ત થશે એ સુનિશ્ચિત જ છે પરંતુ આ તારા ૩૨ પુત્રોનું આયુષ્ય સરખું હોવાથી સમકાળે = એકી સાથે જ તેઓ મૃત્યુ પામશે. ખરેખર ! ભવિતવ્યતા દુર્લંઘ્ય છે. તું વિષાદ ન કર. તારા ગર્ભની પીડા હું જલ્દીથી દૂર કરું છું." તે પ્રમાણે કરીને તે દેવ દેવલોકે ચાલ્યો ગયો.

ત્યાર પછી સ્વસ્થ દેહવાળી તે પૃથ્વી જેમ અંકુરાને વહન કરે તેમ ગર્ભને વહન કરવા લાગી. અહો ! પુણ્યનું માહાત્મ્ય તો જુઓ કે જેના દેવો પણ ચાકર બને છે. ગર્ભકાળ પૂર્ણ થતાં સાક્ષાત્ વીરરસ જ હોય તેવા બત્રીશ લક્ષણવાળા બત્રીશ પુત્રોને સુલસાએ જન્મ આપ્યો. ત્યારે નાગ સારથિએ લોકોને બોલાવી, પોતાના ઘરે શક્રને પણ સુદુર્લભ એવો પુત્રોનો જન્મ - મહોત્સવ કર્યો. પાંચ ધાવમાતા વડે લાલન-પાલન કરાતા તે પુત્રો મોટા થયા ને પિતાના મનોરથ રૂપી રથને આનંદથી પૂરવા લાગ્યા. યૌવન લક્ષ્મીને ધારણ કરતાં તે પુત્રો શ્રેણિક રાજાનું જીવન જ હોય તેવા અંગરક્ષક સેવકો થયા.

હવે એક વખત **ચંપા નગરીના ચેટક રાજાની સુજ્યેષ્ઠા** નામની **પુત્રીને** પરણવાની ઈચ્છાવાળા **શ્રેણિક રાજા**, સુજ્યેષ્ઠાએ આપેલા સંકેત પ્રમાણે, **શ્રી નાગરથિકના મહા પરાક્રમી** રથારૂઢ બત્રીસ પુત્રો સાથે - અનેક સુભટો સાથે સુરંગના માર્ગે ચંપાનગરીમાં આવી પહોંચ્યા. ચિત્રમાં જોયેલા મગધાધિપતિને અનુમાનથી સુજ્યેષ્ઠાએ ઓળખી કાઢ્યા અને તેનું આગમન જાણી તે રોમાંચિત થઈ. સાથે જ રહેનારી પોતાની નાની બહેન **ચેલણાને** તેણીએ સઘળી વાત કહી. ત્યારે ચેલણાએ કહ્યું, "હે બહેન ! તારો વિયોગ મારાથી ખમાશે નહીં માટે પ્રથમ મને શ્રેણિક રાજાના રથમાં બેસાડ, પછી તું બેસ ! તેથી સુજ્યેષ્ઠાએ પ્રથમ ચેલણાને રથમાં બેસાડી અને પોતે રત્નોનો ભરેલો કરંડિયો લેવા ઘરમાં ગઈ તેટલામાં સુલસાના પુત્રોએ રાજાને કહ્યું, "હે દેવ ! શત્રુના ઘરમાં વધુ સમય રહવું તે સારું નહિ." એવી સલાહથી રાજા ચેલણાને લઈને ચાલતા થયા. થોડી વારે જેટલામાં સુજ્યેષ્ઠા રત્નોનો કરંડિયો લઈને આવી તેટલામાં તો ઘડાની અંદર રહેલા દિપકની જેમ શ્રેણિક રાજાને તેણે જોયા નહીં. એટલે બેનના વિયોગથી દુઃખી થયલી, ઈચ્છાપૂર્તિ ન થવાથી વિષાદને પામેલી સુજ્યેષ્ઠાએ શોરબકોર કરી મૂક્યો કે, "દોડો... દોડો... મારી બેન ચેલણાને કોઈ હરી જાય છે." તે સાંભળીને ક્રોધથી **ચેટક રાજા** પોતે સૈન્ય સહિત **યુદ્ધ** માટે જવા તૈયાર થાય છે. ત્યારે **વૈરંગિક** નામના **સુભટે** રાજાને યુદ્ધ કરવા માટે નિષેધ કર્યો અને અરે ! આ કોણ નરાધમ છે જે હું હોવા છતાં સ્વામિને યુદ્ધ માટે આહ્‌વાન કરે છે ?" એમ બોલતો તે કન્યાને (ચેલણાને) પાછી લાવવા માટે ચાલ્યો અને લશ્કર સાથે સુરંગમાં યુદ્ધમાં ઉતરે છે. બળવાન એવો તે વૈરંગિક સુભટ સુલસાના બત્રીશે પુત્રો જે યુદ્ધમાં પ્રથમ લડી રહ્યા છે તેમાંના એકને હણે છે તેથી સમાયુષ્ક હોવાથી બત્રીસે મૃત્યુ પામે છે. હવે તે બત્રીસે પુત્રોના રથ પાછા કાઢે તો જ શ્રેણિક રાજા સુધી પહોંચી શકાય તેમ હતું. કારણ સુરંગ સાંકડી હતી. એક સાથે બે રથો આવ-જા કરી શકે તેમ ન હતું. તેથી આ વૈરંગિક સુભટ બત્રીસે રથોને બહાર કાઢે તેટલી વારમાં તો શ્રેણિક રાજાનો રથ ઘણો આગળ નીકળી ગયો. તેથી કાંઈક પૂર્ણ અને કાંઈક અપૂર્ણ મનોરથવાળો વૈરંગિક સુભટ ત્યાં આવ્યો અને તે સર્વ હકીકત ચેટક રાજાને જણાવી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાજુ શ્રેણિક રાજા પણ રાજગૃહી નગરીએ આવી ચેલણા રાણીની સાથે ગાંધર્વ વિધિથી પ્રેમપૂર્વક લગ્ન કર્યા. હવે નાગસારથિ અને સુલસાએ જ્યારે શ્રેણિક રાજાના મુખથી પોતાના બત્રીસે પુત્રોના મૃત્યુના અમંગલ સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ છાતીફાટ રૂદન કરવા લાગ્યા, ને બીજાને પણ રડાવવા લાગ્યા. પૃથ્વી ઉપર આળોટવા લાગ્યા અને દૈવને ધિક્કારવા લાગ્યા કે, "અરે નિર્દય યમરાજ ! તું અમારા બધા જ પુત્રોને કોળિયો કરી ગયો તો તારું પેટ ફાડતા શું એકે પુત્ર ન મળે ? હે મૃત્યુ ! તું તો જીવોને અનુક્રમે મૃત્યુ પમાડે છે તો તારી આ સ્થિતિ અમારા દુર્ભાગ્યથી શું તું ભૂલી ગયો ?" આ પ્રમાણે શોકસાગરમાં ડૂબેલા તેમને અભયકુમાર સહિત શ્રેણિક રાજા આવીને આ પ્રમાણે પ્રતિબોધ કરે છે કે, "તમે શોક ન કરો. પૃથ્વી પરના આ સર્વે ભાવો ક્ષણભંગુર છે. સર્વે જીવો મૃત્યુને પરવશ છે તો ત્યાં કોણ શોક કરે ? મૃત્યુ તો જગતમાં સર્વ પ્રાણીઓને નિશ્ચિત છે. જીવન એ તો વિકાર છે તેથી શોકને મૂકો. = ના કરો" આ પ્રમાણે વૈરાગ્યવાહિની દેશનાથી તે બંને વિવકીને પ્રતિબોધીને અભયકુમાર સહિત રાજા પોતાના મહેલે આવ્યા અને તે બંને દંપતી પણ (આ પુત્રોનું મરણ થયું તે) પૂર્વે કરેલા દુષ્ટ કર્મનો વિપાક છે એમ માની શોક રહિત થયા અને ધર્મમય જીવન ગાળે છે.

એક વાર સુર-અસુર-નરેન્દ્રોથી સેવાયેલા ચરણકમલવાળા ચરમ **તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ચંપાનગરીમાં** સમોસર્યા. ત્યાં દંડ-છત્રને ધારણ કરનારો, શ્રી વીર જિનનો ઉત્તમ શ્રાવક એવો **અંબડ** નામનો **પરિવ્રાજક** આવ્યો અને પ્રભુને નમસ્કાર કર્યા. અને યથાયોગ્ય સ્થાને બેસીને શ્રદ્ધાથી વિશુદ્ધ બુદ્ધિવાળા તેણે પાપ-નાશિની દેશના સાંભળી. (દેશના પૂર્ણ થયે છતે) ભક્તિપૂર્વક પ્રભુને પ્રણામ કરી (આકાશગામિની વિદ્યાથી) જેટલામાં રાજગૃહી નગરી આવવા પ્રયાણ કરે છે તેટલામાં પરમાત્માએ સ્વયં અંબડને કહ્યું કે, "ત્યાં નાગરથિકની પત્ની સુલસાને અમારા ધર્મલાભનાં આશીર્વાદથી આનંદિત કરજો." અંબડે "તહત્તિ" કહી ભગવાનની વાત સ્વીકારી અને આકાશમાર્ગે ઉડીને, રાજગૃહી નગરીમાં જઈને સુલસાના ઘરના દ્વારે ઉતરીને, ત્યાં ક્ષણવાર રહીને વિચાર્યું કે, "અહો ! જે શ્રાવિકાને પ્રભુએ ધર્મલાભ કહેવરાવ્યા છે તો આ પ્રભુનો મહા અદ્ભૂત પક્ષપાત છે તેથી આ સુલસાની હું આજે પરીક્ષા કરું."

એમ વિચારી વૈક્રિય નામની મહા લબ્ધિથી બીજું રૂપ કરી ઘરમાં પ્રવેશીને બુદ્ધિશાળી એવા તેણે સુલસા પાસે ભિક્ષાની માંગણી કરી. ત્યારે "સત્પાત્ર (સુપાત્ર) વિના હું કોઈને પણ (પૂજ્ય બુદ્ધિથી) દાન આપતી નથી" એ પ્રમાણે પોતાની લીધેલી પ્રતિજ્ઞાને સુલસા ભૂલી નહિ. તેથી જ ભિક્ષાની માંગણી કરવા છતાં, અક્ષીણ વૈભવવાળી સુલસાએ તેને ભિક્ષા આપી નહિ. ખરેખર ! સંત પુરુષો ક્યારે પણ પોતાની પ્રતિજ્ઞાનો લોપ કરતા નથી.

ત્યાર બાદ સુલસાના ઘરથી બહાર નીકળીને ગામની પૂર્વ દિશાની ભાગોળમાં ચાર મુખવાળું, ચાર ભુજાવાળું, જનોઈ અને જટાવાળું, અક્ષમાલાથી અંકિત, હંસના વાહનવાળું એવું બ્રહ્માનું રૂપ વિકુર્વ્યું. અને સાવિત્રી સહિત ઉંચાસને બેસી, રક્તવર્ણની કાંતિવાળા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણે બ્રહ્મા જ હોય તેમ અંબડ લોકોને ધર્મોપદેશ આપવા માંડ્યો. ત્યારે સમ્યક્ત્વમાં નિશ્ચલ આશયવાળી સુલસાને છોડી આખું ગામ, નગરજનો સર્વે તે બ્રહ્માને નમસ્કાર કરવા માટે આવ્યા. બીજા દિવસે દક્ષિણ દિશામાં શંખ-ચક્ર-ગદા-શાર્ગ આદિથી યુક્ત વિષ્ણુ ભગવાનનું રૂપ કરી વિશ્વને મોહ પમાડનારા અવાજથી ધર્મોપદેશ આપ્યો છતાં મિથ્યાદષ્ટિના સંગથી ભીરૂ એવી સુલસા ત્યાં ન આવી. હવે અંબડે ત્રીજા દિવસે પશ્ચિમ દિશામાં ચંદ્રમાથી યુક્ત, મૃગચર્મ આસનધારી, ત્રણ નયનવાળા, ત્રિશૂલધારી, મસ્તકના હારવાળા, રૂંડમાલી = ખોપડીઓની માળાવાળો અને ખટવાંગ શસ્ત્રને ધારણ કરનાર, ભસ્મથી આચ્છાદિત શરીરવાળા, અર્ધાંગમાં પાર્વતીને ધારણ કરનારા શંકરનું રૂપ વિકુર્વ્યું. આ પ્રમાણે તે ભગવાન બની લોકોની આગળ ધર્મોપદેશ આપવા લાગ્યો છતાં પણ શુદ્ધ શ્રદ્ધાવાળી સુલસાએ નજરથી પણ તેને જોયા નહિ. પછી ચોથા દિવસે ઉત્તર દિશામાં તોરણવાળું, ચતુર્મુખવાળું મહા અદ્દ્ભૂત એવું સમવસરણ વિકુર્વ્યું. ત્યાં જિનેશ્વર બની રહ્યો તેથી લોકોએ જઈને તેને વંદન કર્યા ને ધર્મોપદેશના દાન દ્વારા લોકોને પણ તેણે અનુગૃહીત કર્યા. ત્યાં પણ સુલસાને નહી આવેલી જાણીને તેણે તેણીના ક્ષોભને માટે એક માણસને મોકલ્યો. તે માણસે પણ સુલસાને કહ્યું, "હે સુલસા ! તને અતિ પ્રિય એવા અરિહંત પરમાત્મા સમવસર્યા છે તો હે વિજ્ઞે ! તેમને નમસ્કાર કરવા માટે તને કેમ આળસ થાય છે ? તું કેમ આળસુ બને છે ?" ત્યારે તેણીએ પણ કહ્યું, "હે મહાભાગ ! તે જિનેશ્વર ભગવંત નથી. શ્રી મહાવીરસ્વામીને છોડીને બીજા કોઈ અરિહંત ભગવાન આ પૃથ્વી ઉપર નથી." ત્યારે તેણે પણ કહ્યું, "હમણા આ પચ્ચીશમો તીર્થંકર ઉત્પન્ન થયો છે. તેથી હે મુગ્ધા ! તું જાતે જઈને તેમને કેમ વંદન કરતી નથી ? સુલસાએ કહ્યું, "હે ભદ્ર ! આવું ક્યારેય બને નહિ પચ્ચીશમા તીર્થંકર થયા નથી ને થશે નહિ પરંતુ કોઈક પાખંડી કપટ વડે મુગ્ધ લોકોને છેતરે છે." ત્યારે માયામૃગ (કપટી) એવો તે બોલ્યો, "માનો કે આ માયા હોય તો પણ આવા ધર્મોપદેશથી જૈનશાસનની તો પ્રભાવના જ થાય છે ને તો હે ભદ્રે ! તેમાં શો દોષ ગણાય ?" ત્યારે સુલસાએ પણ કહ્યું, "અરે ઓ ! તું પણ મુગ્ધ જ છે. શું જૂઠથી શાસન પ્રભાવના થાય ? પરંતુ લોકોના ઉપહાસથી ખરેખર ! અપભ્રાજના જ થાય છે." તે સાંભળી તે માણસ પણ અંબડ પાસે ગયો અને સુલસાનું સ્વરૂપ જણાવ્યું. તે સાંભળી અંબડ વિસ્મય પામ્યો અને મનમાં ચિંતવવા લાગ્યો, "ખરેખર ! શ્રી વીર પ્રભુએ સભામાં જાતે સુલસાને ધર્મલાભ કહેવડાવ્યા તે યુક્ત જ છે. માયાને કરનારા એવા મારા વડે પણ તે સમકિતથી ચલાયમાન થઈ નહીં." પછી અંબડે સર્વ માયાજાળ સંહરી લીધી અને પોતાનું સહજ રૂપ કરીને, નિસીહિ કરીને સુલસાના ઘરમાં પ્રવેશ કર્યો. એટલે સુલસા પણ સહસા ઉઠીને કહ્યું, "હે પુણ્યશાલી ! હે વીર પ્રભુના પરમ ઉપાસક ! તમારું સ્વાગત હો ! માતાની જેવા ઉદાર વાત્સલ્યથી તેના પગનું પ્રક્ષાલન કર્યું અને પોતાના ઘરમાં રહેલા જિનબિંબોના દર્શન-વંદન કરાવ્યા. અંબડે પણ ભક્તિપૂર્વક તેણીના (ગૃહમંદિરમાં રહેલ શાશ્વત નામવાળી) શાશ્વત - અશાશ્વત જિનબિંબોના વંદન-નમસ્કાર કર્યા અને હર્ષ પામી બોલ્યો, "ખરેખર ! તમે એક જ નિશ્ચિત રૂપે પુણ્યશાલી છો કે પરમાત્મા મહાવીર દેવે જાતે મારી સાથે તમને ધર્મલાભની શુભાશિષ કહેવરાવી છે." તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાંભળી સુલસાના** રોમ-રોમ વિકસિત થયા અને શ્રી વીર પ્રભુને પ્રણામ કરી પ્રશસ્ત વાણીથી પ્રભુની સ્તુતિ કરી. પછી તેના આશયને જાણવા માટે અંબડ બોલ્યો કે, "અહીં આવવા માત્રથી મેં લોકોના મુખેથી વાતો સાંભળી કે અહીં બ્રહ્મા વિગેરે દેવો નગરીમાં અવતર્યા છે. તે સાંભળીને લોકો તેની પાસે ગયા પણ તમે કેમ ન ગયા ? ત્યારે દુર્ગંધથી જેમ નાક મચકોડે તેમ તેની વાણી સાંભળીને નાસિકાને મચકોડતી સુલસા બોલી, "હે બાંધવ ! જાણવા છતાં પણ તું ભ્રાન્ત કેમ છે ? સ્ત્રી-સેવામાં આસક્ત, શત્રુના વધ-બંધનમાં લાલસુ એવા આ બ્રહ્માદિ દેવો અધર્મીઓને કેવો ધર્મ કહેશે ? હે ભાઈ ! શ્રી મહાવીર પ્રભુથી ધર્મ પામ્યા પછી મારું મન અનિષ્ટની જેમ તેઓને જોવાને માટે ક્યાંથી (કેમ) ઉત્સાહિત થાય ?" (ન જ થાય) પછી અંબડ પણ સુલસાની અત્યંત પ્રશંસા કરી પોતાના ઘરે ગયો. સુલસાએ પણ હૃદય કમલમાં પરમેશ્વરને ધારણ કર્યા.

શ્રી વર્ધમાન સ્વામિના મુખ થકી સ્થિરતા - ઉદારતા અને મહાનતાથી ભરપૂર, ત્રણ જગતને આશ્ચર્ય કરનારું સુલસાનું ચારિત્ર સાંભળીને હે ભવ્ય પ્રાણીઓ ! તમે પણ જિનધર્મને વિષે સ્થિરતા રાખો કે જેથી સમકિત વડે વિભૂષિત થયેલા તમે મુક્તિ રૂપી સ્ત્રીના આલિંગનથી સુખને પામો.

**સમ્યક્ત્વમાં સ્થિરતા વિષે સુલસાની કથા પૂર્ણ થઈ.**

## પાંચમું પ્રભાવના નામનું સમ્યક્ત્વ ભૂષણ

**ગાથાના ચતુર્થ ચરણ વડે કહે છે :**

**पभावणुस्सप्पणाकरणं ॥ ४२ ॥**

**ગાથાર્થ : જિનશાસનની ઉન્નતિ કરવી તે પ્રભાવના.**

**ટીકાર્થ :** અનેક પ્રકારના મહોત્સવો કરવા દ્વારા જિનશાસનની વિખ્યાતિ કરવી - ઉન્નતિ કરવી તે પ્રભાવના નામનું સમકિતનું પાંચમું ભૂષણ છે. ભાવાર્થ તો સિંહરાજના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :

સમસ્ત પ્રશસ્ત વસ્તુઓથી ભરપૂર દુકાનવાળું, સમગ્ર કૃપણોથી રહિત = ધનાઢ્યોથી વ્યાપ્ત, લક્ષ્મી અને સરસ્વતીના કુલઘર સમાન એવું **રાજગૃહ** નામનું નગર છે. જ્યાં પ્રાસાદોની ઉપર ચંદ્રમાના કિરણોથી વિસ્તાર પામતી ધવલિમાંથી પૌરજનો પોતાના કીર્તિસ્તંભને આરોપતા હતા. ત્યાં સમરાંગણમાં શત્રુ સમૂહને વારવામાં પ્રચંડ બળવાળો અને ઉન્નત ગ્રીવાવાળો **શ્રી સુગ્રીવ** નામનો **રાજા** રાજ્ય કરતો હતો. અત્યંત કલ્પાંત કાલના અગ્નિ સમાન તેનો પ્રતાપ જગતમાં પ્રસરતો હતો. તે દુર્જનોને માટે દાહકારી અને સજ્જનોને માટે શીતલકારી હતો અને તેના રાજ્યનાં બધા જ કાર્યો સંભાળવામાં પ્રવીણ, લોકોને માનનીય **અરિસિંહ** નામનો મુખ્ય **સેવક** હતો. તેને શૂરવીરતાથી સિંહને પણ જીતનાર એવો **સિંહ** નામનો બળવાન **પુત્ર** હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે એકવાર નિરંતર રાજસેવા કરતા પોતાના પિતાની દુઃખની પરંપરા નિહાળી વિચારે છે કે, "ધિક્કાર છે કે મૂઢ લોકો અલ્પ ધનની પ્રાપ્તિ માટે અનિયંત્રિત રાજસેવારૂપી સમુદ્રમાં પોતાના આત્માને પાડી મોટાઈને હારે છે = રાજાની આટલી ખુશામત કરવી પડે છે. જેથી કહ્યું છે કે, "જેઓએ સેવાને શ્વાનવૃત્તિ જેવી કહી છે તે બરાબર નથી = ધનવાનોની સેવા કુતરાની આજીવિકા તુલ્ય છે એવું જે પુરુષો વડે કહેવાયું છે તે બરાબર કહેવાયું નથી કારણ કે કૂતરાઓ તો દાતાર પાસે પૂંછડાથી કાલાવાલા કરે છે જ્યારે સેવકો તો દાતાર પાસે મુખથી કાલાવાલા કરે છે. (તેથી આ ઘણી હલકી આજીવિકા છે.) અને અલ્પ ધનમાં લુબ્ધ રાજસેવકોના જીવિતને પણ ધિક્કાર છે કારણ કે સ્વામિ હસે છે ત્યારે તે પણ હસે છે, સ્વામિ રડે છે તો તે પણ રૂદન કરે છે. પરસેવાથી રેબઝેબ શરીરવાળા તેઓ સ્વામી જેમ દોડાવે તેમ દોડે છે. ગુણીઓની પ્રશંસા કરે છે તો દોષવાનની નિંદા કરે છે. અલ્પ ધનથી ખરીદાયેલ જીવ (સેવક) સ્વામી જેમ નચાવે તેમ નાચે છે. પણ જો અન્ય નરની સેવા કરવામાં આવે તો પ્રાણીને મનોવાંછિત ફલની પ્રાપ્તિ થાય છે પણ રાજા તો વાંઝિયા વૃક્ષની જેમ ક્યારે પણ ફલદાયી થતા નથી. તો પણ ખરાબ આશયવાળા તેની સેવાને છોડતા નથી. વળી કહ્યું છે કે, "રાજાની સેવા કરીને, ધન મેળવીને પછી અમે સતત સુખને ભોગવશું એવા આશયથી વિમોહિત મનવાળા જીવોનો મરણાંત સુધીનો કાળ પસાર થાય છે."

એમ વિચારી, પિતાને પોતાના વિચારો જણાવી, રાજસેવા રૂપી ગુફામાંથી સિંહની જેમ નીકળીને સિંહ તે જ ગામમાં સુબંધુ નામના ધનવાન શ્રેષ્ઠીના ઘરે ગયો. શ્રેષ્ઠિ પણ તેનું સત્ય સત્ત્વ જાણી, હર્ષ પામી, આશ્ચર્યચકિત થયો અને સિંહને ગાયોની રક્ષાનું કામ સોંપ્યું. તે પણ દરરોજ ગોપાલક્રીડા કરતો આનંદથી જીવન જીવે છે. ત્યાં એક વાર વર્ષાઋતુ આવતા મેઘરાજા મુસલધારે વરસ્યા. આ બાજુ આખો દિવસ ગાયોને ચરાવી સંધ્યા સમયે જેટલામાં સિંહ પોતાના નગર ભણી ફરી રહ્યો હતો તેટલામાં તો વચમાં આવતી નદી તોફાની તરંગોથી ભરપૂર બની. પ્રબળ વેગે પાણી વહેવા માંડ્યું. આવી નદીને સિંહે જોઈ તેથી અન્યાયી રાજાની આજ્ઞાની જેમ અનુલંઘનીય સામો કિનારો જાણી સિંહ તે નદીના કાંઠા ઉપર જ સર્વ ગાયો સહિત રહ્યો. પ્રાતઃકાળે અન્યાયથી ઉપાર્જન કરેલ લક્ષ્મીની જેમ નદીના પૂર ઓસર્યા, પાણીની ગતિ મંદ થઈ. તેથી હવે નદી પાર થાય એમ છે કે નહિ ? તેની તપાસ કરવા તે કિનારા તરફ જાય છે ત્યારે ત્યાં આવેલા પાણીના પૂરથી નદીના કિનારાઓમાં મોટી-મોટી તિરાડ પડેલી હતી. તે તિરાડમાં એક સુંદર મણિમય એવી શ્રી ઋષભદેવની પ્રતિમાના મુખકમલને, પોતાના આગામી પુન્યોદયના અંકુરાની જેમ આંખો વડે જોઈ અને પોતાના આત્માનો ભવોદધિથી જાણે ઉદ્ધાર કરતો હોય તેમ પ્રભુની તે પ્રતિમાને પૃથ્વીતલમાંથી ઉદ્ધરી = બહાર કાઢી. તેને નદીના જલથી પ્રક્ષાલન વડે કાદવ રહિત કરી અને પોતાને પણ મૂર્તિના દર્શન વડે પાપ-પંકથી રહિત કર્યો. પછી પોતાની બુદ્ધિ અનુસારે ભગવંતની સ્તુતિ કરીને, પ્રણામ કરીને, ત્યાં જ એક ઘાસની ઝૂંપડી બનાવી, પત્થરની વેદિકા કરી, તેના ઉપર મૂર્તિનું સ્થાપન કરી ભક્તિપૂર્વક નમન-વંદન કરી પ્રતિદિન પૂજા-સેવા-જળાભિષેકાદિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં તત્પર થયો. ગાયોને ચરાવવા માટે નગરથી આવતા ને જતાં તે રોજ પ્રભુના દર્શન-વંદન કરતો અને પ્રભુની સ્તુતિ કરતા તે કહે છે, "હે ભગવન્ ! હું શાસ્ત્રાદિ પરમાર્થને કે તમારા ગુણોને જાણતો નથી પરંતુ આજથી પ્રતિજ્ઞા કરું છું કે તમારા દર્શન વિના ભોજન કરીશ નહિ." આ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરતા કરતા વિરહી જનને પ્રલયકાળ સમાન એવી વર્ષાઋતુ આવી.

તે સમયે સિંહ ગાયોને લઈને ચરાવવા ચાલ્યો તેટલામાં તો નદીના કિનારાને ફાડી નાંખનાર એવું પૂર આવ્યું = મેઘરાજા મૂસલધારે વરસ્યા. નદી બંને કિનારે છલોછલ વહેવા લાગી. તેથી દુર્જન રાજ્યસ્થિતિની જેમ સિંહ નદીના સામે કિનારે જઈ શક્યો નહિ. તેથી ઘર તરફના કિનારે જ ગાયોને ચરાવી સાયંકાળે ઘેર આવ્યો, પણ શ્રી નાભિદેવને નમસ્કાર કરવા રૂપ પ્રતિજ્ઞા અપૂર્ણ રહી હોવાથી, પોતાના ભાઈ વગેરે ઘરના સ્વજનોએ અનેક પ્રકારે સમજાવવા છતાં પણ તેણે ભોજન ન કર્યું, માત્ર પાણી પીધું. એમ ત્રણ દિવસો પસાર થયા.

ચોથા દિવસે નદીના પાણીના પૂર ઓસરતાં સામે કિનારે જઈ, અપૂર્વ ભાવોલ્લાસ પૂર્વક જિનને પ્રણામ કર્યા અને અસીમ આનંદના અશ્રુઓથી મિશ્ર નયનકમલવાળા તથા આનંદથી જેના રોમાંચ ખડા થઈ ગયા છે એવા તેણે શ્રી યુગાદિદેવના ચરણકમલમાં ભાવપૂર્વક નમસ્કાર કરી સ્તુતિ કરી કે, "હે સ્વામિન્ ! તમારા મુખરૂપી કમળના દર્શનના વિરહથી ઈક્ષુપુષ્પની જેમ મારા ત્રણ દિવસ વ્યર્થ ગયા. (ત્રણ દિવસ ત્રણ વર્ષ તુલ્ય થયા.) હવે એવો એક પણ દિવસ ન આવજો કે જે દિવસે સંસાર - સાગરથી તારનારું તમારું દર્શન ન થાય." આવી સિંહની ભક્તિથી ખુશ થયેલો તે બિંબનો અધિષ્ઠાયક દેવ (પ્રગટ થઈને) પ્રશંસા કરતા કહેવા લાગ્યો, "હે સિંહ ! હે સત્ત્વશાલીઓમાં સિંહ સમાન ! તારી ભક્તિથી હું તારા ઉપર પ્રસન્ન થયો છું તો તારું ઈચ્છિત કાંઈ પણ માંગ." ત્યારે તેણે પણ કહ્યું, "હે દેવ ! જો તમે ખરેખર ! પ્રસન્ન જ થયા હો તો મને રાજ્ય આપનારા થાઓ." દેવે કહ્યું, "ભલે, એમ હો. પરંતુ તારે છ મહિના રાહ જોવી પડશે. સિંહે પણ "ભલે, એમ હોજો." એ પ્રમાણે દેવનું વચન અંગીકાર કરી, પોતાના ઘરે આવી ભોજન-પાનાદિ કાર્ય કર્યું. આમ પ્રતિદિન શ્રી ઋષભદેવની પૂજા-સેવા-ભક્તિ કરતાં-કરતાં તેના છ મહિના એક દિવસની જેમ પસાર થયા.

હવે તે નગરમાં અપુત્રીયો રાજા અચાનક વિસૂચિકા રોગથી મૃત્યુ પામ્યો. તેથી પ્રાતઃ સમયે સર્વ પુરોહિતોએ અને મંત્રીઓએ (મંત્રણા કરીને) (૧) પટ્ટ ગજ (૨) પટ્ટ અશ્વ (૩) છત્ર (૪) ચામર યુગલ અને (૫) મંત્રપૂર્ણ કલશ પાંચ દિવ્યો કર્યા = (મંત્રિત કર્યા.) તે પાંચ દિવ્યો રાજમંદિરથી નીકળ્યા. ત્યારે (રાજમાર્ગો ઉપર બંને બાજુ માનવ-મેદની હોવા છતાં) સ્થાને સ્થાને શૌર્યાદિગુણોથી અલંકૃત (અમાત્ય-પુરોહિત અને બુદ્ધિજીવી) અનેક લોક હોવા છતાં તેઓને દુર્ભગની જેમ છોડીને, અને નગરની બહાર નીકળીને અનુક્રમે ઝાડ નીચે સૂતેલા, જીર્ણ - શીર્ણ વસ્ત્રધારી સિંહને જોઈને, પોત-પોતાનું કાર્ય કરવામાં તત્પર એવા પાંચ દિવ્યોએ સિંહ ઉપર અભિષેક કર્યો. તેથી મંત્રી-સામંત આદિ લોકોએ સિંહના જીર્ણ-શીર્ણ વસ્ત્રો બદલાવી, રાજાને યોગ્ય વસ્ત્રાલંકાર પહેરાવી, હાથીની અંબાડીએ બેસાડી,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છત્ર-ચામર આદિ શોભાથી અલંકૃત કરીને, મહામહોત્સવપૂર્વક તે **સિંહરાજાનો** નગર પ્રવેશ કરાવ્યો અને સિંહાસન ઉપર બેસાડી રાજ્યાભિષેક કર્યો.

આ બાજુ કેટલાક રાજપુત્રો, કે જેઓએ યુદ્ધોમાં ઘણીવાર વિજય મેળવ્યો છે તે (તથા બુદ્ધિજીવી કેટલાક પુરોહિતો - અમાત્યો વગેરે) પરસ્પર કહેવા લાગ્યા, "આવા ગાયો ચારનારા ભરવાડ એવા રાજાને અમે નમસ્કાર કેમ કરીએ ? (એ અમારે નમસ્કારને યોગ્ય શી રીતે થાય ?) આ શું રાજાના પદને યોગ્ય છે ?" એમ તેનો તિરસ્કાર અને અપમાન કરતા તેઓ **સિંહરાજાને** પ્રણામ પણ કરતા નથી અને રાજસભામાં આવીને રાજાની સમાન આસન ઉપર બેસવા લાગ્યા. એ પ્રમાણે તેઓ અવજ્ઞા કરવા લાગ્યા તેથી તે સિંહરાજા રાજઋદ્ધિ પ્રાપ્ત થવા છતાં પણ પરમ દરિદ્રીની જેમ દુ:ખને અનુભવતા અને અમર્ષને વહન કરતાં તેણે ભ્રકૂટીના ભંગપૂર્વક (ભૃકૂટી ચડાવીને) આ પ્રમાણે આદેશ કર્યો, "અરે છે કોઈ સુભટ ! કે જે મારું અપમાન કરનાર આ દુષ્ટોને બાંધી લે ?" આવું વચન સાંભળી બુદ્ધિજીવી લોકો હસવા લાગ્યા પરંતુ તે સમયે સિંહરાજાના પુણ્યના પ્રભાવથી, દ્વાર ઉપર રહેલા લાકડાના ચોકીદારો (સભામંડપના થાંભલામાં કોતરેલા લાકડાના સુભટો) સજીવન થઈને (= તેમાં યક્ષે પ્રવેશ કરીને) ઉઠ્યા અને અવજ્ઞા કરનાર સર્વેને દોરડાથી મજબૂત બાંધી લીધા. આથી આખી સભામાં હાહાકાર મચી ગયો. અત્યંત ભયભીત બનેલા તેઓ કહેવા લાગ્યા, "**હે સિંહ નરેશ્વર !** આ દુષ્ટ લાકડાના દ્વારપાલોથી અમારું રક્ષણ કરો, રક્ષણ કરો. અમારી ઉપર કૃપા કરો. અમે તમારા શરણે આવ્યા છીએ." આ પ્રમાણે રાજાની આજ્ઞા માનવાથી રાજાએ તે લાકડાના દ્વારપાલ પાસેથી તેમને છોડાવ્યા = મુક્ત કરાવ્યા.

ત્યાર પછી અપમાન પામેલા સર્વે પણ સામંત - મંત્રીઓએ ભેગા થઈ ફરીથી મંત્રણા કરી કે, "આપણે સિંહરાજાની સભામાં જવું નહિ. કયો એવો વણિક્ દાસને નમસ્કાર કરે ?" એમ અભિમાનથી તેઓ નાચવા લાગ્યા. પરિણામે રાજસભામાં સિંહાસન ઉપર એકલા જ રહેતા એવા સિંહરાજાએ, સુબંધુ શ્રેષ્ઠિને બોલાવવા માટે, પોતાના એક સેવકને મોકલ્યો. રાજાએ આદર સહિત બોલાવવા છતાં પણ પુરોહિતની જેમ પોતાના આત્માને માનતો મનમાં તે આ પ્રમાણે વિચારવા લાગ્યો, "આ દાસ તો મદોન્મત્ત લાગે છે, જેથી મારી પાસેથી પણ પૂજાની અભિલાષા રાખે છે, તેથી તેવું કાંઈક કરું કે જેથી સર્વ નગર લોકો પણ આશ્ચર્ય પામે."

તેથી ગાયોને પાછી વાળવાની લાકડી (ડાંગ) ઉપર, કંબલ અને પગમાં પહેરવાના બે જોડા લટકાવી, સિંહરાજાના રાજદ્વારે ધ્વજાની જેમ લટકાવી, કોઈ ન જાણે તેમ પોતાના ઘરે આવ્યો. અને તે જ માણસે આ દુષ્ટ ચેષ્ટાની વાત પછીથી રાજાને જણાવી. ત્યારે રાજા પણ (આમાં પોતાનું અપમાન જાણી) ઉઠીને રાજમહેલમાં શય્યામાં આળોટતા - આળોટતા, દુ:ખથી વ્યાકુળ ચિત્તવાળા તેણે વિચાર્યું, "જ્યાં આવા પ્રકારનું અપમાન થઈ રહ્યું છે તેવા રાજ્યને ધિક્કાર હો ! તેના કરતાં તો સ્વૈરવિહારી એવું મારું ગોપાળપણું પણ સુંદર હતું." આ પ્રમાણે ચિંતાતુર થયેલા તેણે દિવસ તો કેમે કરીને પસાર કર્યો અને રાત્રિમાં તે, તે જિનબિંબના અધિષ્ઠાયક દેવનું સ્મરણ કરી સૂતો. તે યક્ષ પણ રાત્રિના પાછલા પ્રહરે પ્રગટ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ તેને કહેવા લાગ્યો, "હે વત્સ ! તું વિષાદ ના કર. મારા જેવો તારો પક્ષપાતી હોય પછી આ પૃથ્વી ઉપર તારો પરાભવ કરવા કોણ સમર્થ છે ? પરંતુ તારે પ્રાતઃકાલે હું જેમ કહું તે પ્રમાણે કરવું. તારે સવારે કુંભારના કુટુંબને બોલાવી, પછી તેમની પાસેથી બનાવેલા માટીના, વિશાળ કુંભસ્થળવાળા, સપ્તાંગથી પ્રતિષ્ઠિત, સિંદૂરાદિ રંગ વડે મંડિત શરીરવાળા ગજરાજ ઉપર અત્યંત સ્વચ્છ હૃદય વડે તારે આરૂઢ થવું. પછી સપ્ત સ્થાનથી ઝરતી મદધારા વડે પૃથ્વીને સિંચતો તે હાથી સમગ્ર એવા દુષ્ટ સામંતો - અમાત્યોને હણશે." આ પ્રમાણે રાજાને શિખામણ આપી તે દેવ અદૃશ્ય થઈ ગયો.

ત્યાર પછી પ્રભાત થતાં રાજાએ કુંભકારોને બોલાવ્યા અને તેમની પાસેથી સર્વ લોકોને હાસ્યાસ્પદ એવો માટીનો હાથી બનાવડાવીને પડહો વગડાવ્યો કે, "આજે સિંહરાજા રાજવાટિકા માટીના હાથી ઉપર આરૂઢ થઈને કરશે તેથી સર્વે પણ આવીને રાજાને નમસ્કાર કરવા." આ ઉદ્‌ઘોષણા સાંભળીને સર્વે મંત્રી - સામંતો વગેરે હાથતાળી દઈને હસવા લાગ્યા અને પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા કે, "ખરેખર ! આવા આચારો (કૃત્યો) વડે આ ભરવાડ (એવો રાજા) પૃથ્વીનું પાલન કરશે માટે ઈચ્છા પ્રમાણે કરનાર, હાથી ઉપર આરૂઢ થયેલા આપણા વૈરી એવા તેનું વિરુઢની જેમ (નવા ઉગેલાની જેમ) ઉન્મૂલન કરવું જોઈએ" એ પ્રમાણે નિશ્ચય કરીને, નગરજનો સહિત તેઓ જેટલામાં એકત્ર થઈને રહ્યા, તેટલામાં તો ગંધહસ્તિની જેમ માટીના હાથીના સ્કંધ ઉપર બેસીને તે સિંહરાજા, યક્ષના પ્રભાવથી, અંકુશ વડે માટીના હાથીને સજીવની જેમ ઉત્તેજના પમાડતો, નગરમાં ચલાવ્યો. તેની ગંધને સહન નહી કરતા બીજા હાથીઓ તથા ઘોડાઓ પણ પલાયન થઈ ગયા. તેની સૂંઢથી ખંડિત થયેલા કેટલાક વૃક્ષની જેમ પૃથ્વી ઉપર પડ્યા અને મરણથી ભયભીત બનેલા બીજા લોકો પણ રાજાને વિજ્ઞપ્તિ કરે છે." હે સિંહરાજ ! તારા દાસ એવા અમારું તું રક્ષણ કર. આજથી હવે અમે તારા ચરણનું શરણ સ્વીકારી, તારી આજ્ઞાનું પાલન કરીશું." આ પ્રમાણે રાજાએ સામંતાદિને વશ કર્યા. પછી તેઓની સાથે જ નદીના કિનારે પોતે સ્થાપન કરેલા શ્રી ઋષભદેવ ભગવાનને ભક્તિથી નમસ્કાર કરી, યાચકોને દાન આપતા, હટ્ટાદિની શોભાથી અલંકૃત પોતાના નગરમાં, સિંહરાજાએ મહામહોત્સવપૂર્વક પ્રવેશ કર્યો. ત્યાર પછી હાથી ઉપરથી ઉતરી, સિંહાસનને શોભાવીને, પોતાની આજ્ઞા અને ઐશ્વર્યને જણાવી, સુબંધુ શ્રેષ્ઠિને બોલાવીને, સકલ રાજલોક સમક્ષ તેને રાજાએ આક્ષેપપૂર્વક કહ્યું, "અરે શ્રેષ્ઠિ ! તારી જો કોઈ શક્તિ હોય તો આ માટીના હાથી ઉપર આરૂઢ થઈ તેને નગરમાં ભમાડ, નહિતર વાંશની લાકડી ઉપર બાંધેલ કંબલ અને જોડા આદિ તારા હાથથી નીચે ઉતાર. જો એમ નહિ કરે તો તારું અહિત હું કરીશ." આ સાંભળીને ભયભીત બનેલો તે પણ, પોતાની ચેષ્ટાથી વિલખા મુખવાળો થયો, અને પછી તે વસ્તુઓને દૂર કરી, રાજાના ચરણોમાં પડીને, "હે નાથ ! કૃપા કરો - પ્રસન્ન થાવ." એમ વારંવાર બોલતો નોકરની જેમ રાજાને નમ્યો. પછી પૂર્વના ઉપકારને સંભારતા કૃતજ્ઞ એવા રાજાએ તે સુબંધુ શ્રેષ્ઠીને ભંડારીના સ્થાને સ્થાપ્યા. કહ્યું છે કે, "પૂર્વે ઉપકાર કરનારનો પ્રત્યુપકાર કરનાર (ઉપકારીના ઉપકારનો બદલો વાળનાર વ્યક્તિ) કેવી રીતે ઋણમુક્ત બને ? પ્રથમ ઉપકાર કરનારં કોઈપણ જાતના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બદલાની અપેક્ષા વગર ઉપકાર કરે છે. જ્યારે બીજો બદલો વાળવા પ્રત્યુપકાર કરનાર છે. આ પ્રમાણે અત્યંત સ્થિરતાપૂર્વક સ્વરાજ્યની જેમ (સ્વર્ગના રાજ્યની જેમ) પોતાના રાજ્યનું પાલન કરતા સિંહરાજાએ શત્રુ રાજાઓના રાજ્યો પણ અનુક્રમે સ્વીકાર્યા. પછી શ્રી ઋષભદેવ ભગવાનનું ઉત્તુંગ સુંદર મંદિર કરાવી, તે પ્રતિમાને જ તેમાં સ્થાપન કરાવીને, દરરોજ ત્રિકાળપૂજા કરવા દ્વારા આત્માને પાવન બનાવતા તે રાજાએ જિનશાસનની અદ્વિતીય પ્રભાવના કરી. ત્યાર પછી અનુક્રમે સદ્‌ગુરુની ઉપાસનાથી ચારિત્ર પ્રાપ્ત કરી, મરીને, સ્વર્ગના સુખને અનુભવીને, ફરીથી મનુષ્ય જન્મને પામી, આઠ કર્મોનો ક્ષય કરી, **મોક્ષસુખ** પામશે.

(આ પ્રમાણે અનેક રાજ્ય પરિવરેલો, મોક્ષમાર્ગની આરાધના કરનાર પૃથ્વીપતિ શ્રી **સિંહારાજા**ના સચ્ચારિત્રનું કર્ણયુગલ વડે પાન કરીને, શ્રીમાન જૈનેન્દ્ર માર્ગમાં પરમપદની આકાંક્ષા રૂપ ભાવનાને વિસ્તારો, જેથી વિશાળ સુખમય મોક્ષલક્ષ્મીનું સેવન કરાય.)

**આમ જિનશાસનની પ્રભાવનાના વિષયમાં સિંહરાજની કથા સંપૂર્ણ થઈ.**

આ પ્રમાણે શ્રી રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડલમાં સૂર્ય સમાન **શ્રી ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર **શ્રી સંઘતિલકસૂરિ** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વસપ્તતિ વૃત્તિ વિષે સમ્યક્ત્વ-ભૂષણ-સ્વરૂપ **નિરૂપણ નામનો સાતમો અધિકાર** પૂરો થયો.

## આઠમા સમકિતના પાંચ લક્ષણ નામનો અધિકાર

**સમકિતનાં પાંચ લક્ષણ :**

**लक्खिज्जइ सम्मत्तं, हिययगयं जेहि ताइं पंचेव ।**
**उवसम संवेगो तह निव्वेयणुकंपे अत्थिक्कं ॥ ४३ ॥**

**ગાથાર્થ : જેના વડે હૃદયગત સમ્યક્ત્વ જાણી શકાય તે લક્ષણ કહેવાય છે. તે સમ્યક્ત્વના ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એમ પાંચ લક્ષણો છે.**

**ટીકાર્થ :** જેના વડે હૃદયગત સમ્યક્ત્વ જણાય છે = અનુમાનથી જણાય છે તે લક્ષણો પાંચ જ છે પણ ન્યૂનાધિક નથી. તે પાંચ કઈ રીતે ? તો કહે છે કે

**(૧) ઉપશમ એટલે ક્ષમા.**

**(૨) સંવેગ એટલે ભવ (સંસાર) પરનો વૈરાગ્ય.**

**(૩) નિર્વેદ એટલે મોક્ષની ઈચ્છા.**

**(૪) અનુકંપા એટલે જીવો પર કરૂણા.**

**(૫) આસ્તિક્ય એટલે જીવાદિ તત્ત્વોને વિષે આસ્તિક્ય બુદ્ધિ.** આ પ્રમાણે ગાથાર્થ કહ્યો.

સમકિતના પાંચ લક્ષણોમાંથી પ્રથમ **'ઉપશમ'** ના સ્વરૂપને હવે ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अवरोहेऽवि महंते कोहाणुदओ वियाहिओवसमो ।

**ગાથાર્થ : જે મોટા અપરાધ કરનાર ઉપર પણ શમભાવ રાખીને ક્રોધાદિકને શાંત કરે તેનામાં ઉપશમ નામનું પહેલું લક્ષણ જાણવું.**

**ટીકાર્થ :** 'महत्यपि' = મોટો પણ 'अपराधे' = અપરાધ કરનાર વ્યક્તિ કે જે તાડનાદિ દ્વારા મરણતોલ દશામાં મૂકી દે, તો તેના પ્રત્યે પણ ક્રોધનો અનુદય તે જ ઉપશમ કહેવાય છે. તે કોઈકને સ્વભાવથી જ હોય છે, તો કોઈકને કષાયની પરિણતિના કડવા ફળ જોવાના કારણે હોય છે. આ વાત આગમમાં પણ કહી છે કે, "સ્વભાવથી કે કર્મના અશુભ વિપાકોને જાણીને, અપરાધી ઉપર પણ જે સર્વકાળને વિષે ગુસ્સો કરતા નથી તે ઉપશમ છે." વળી અન્ય મતવાળા પણ ક્રોધરૂપી ખણજ અને વિષયરૂપી તૃષ્ણાનાં શમનને જ ઉપશમ કહે છે.

ખરેખર ! તમે જ કહો છો કે સમ્યક્ત્વને પ્રાપ્ત કરેલો જીવ કે જે સાધુસેવામાં તત્પર છે તે ક્રોધની ખણજ અને વિષયની તૃષ્ણા વડે ચંચળ થતો નથી. તો પછી અપરાધી અને બીજા નિરપરાધી એવા જીવો ઉપર ક્રોધવાળા અને વિષય તૃષ્ણાને પરવશ બનેલા એવા કૃષ્ણ - શ્રેણિક આદિમાં ઉપશમ કેવી રીતે ઘટે ? કારણ કે ઉપશમના અભાવમાં સમ્યક્ત્વ જણાતું નથી = હોય નહિ. તેથી **સમ્યક્ત્વીને ક્રોધની સંગતિ હોય તે યોગ્ય નથી.**

તો આ પ્રશ્નનો જવાબ આપતા કહે છે કે તમારી વાત સત્ય છે. સમ્યગ્દર્શનરૂપ લિંગી હોવા છતાં હંમેશા ઉપશમરૂપ લિંગ હોય એવો નિશ્ચય નથી. લોહકારની શાળામાં ધૂમાડા વગરનો પણ અગ્નિ જોવા મળે છે, ભસ્મથી આચ્છાદિત અગ્નિ હોય ત્યાં થોડો પણ ધૂમાડો જોવા મળતો નથી. વળી અહીં નિયમ આ પ્રમાણે છે : સુપરિક્ષિત લિંગની હાજરીમાં લિંગીની હાજરી હોય જ, કહ્યું છે કે, "લિંગ હોય ત્યાં લિંગી હોય જ પણ લિંગી હોય ત્યાં તેથી ઉલ્ટુ પણ હોઈ શકે, ત્યાં લિંગ હોય જ એવું નથી. નિયમના વિપર્યાસથી લિંગ અને લિંગીના સંબંધો વિપર્યાસને પામે છે." એટલે સમ્યક્ત્વી એવા કૃષ્ણ - શ્રેણિકાદિમાં જે ક્રોધ અને વિષય તૃષ્ણા દેખાય છે તે સંજવલન કષાયના ઉદયથી છે. સંજવલન છતાં પણ તેના કેટલાક કષાય પુદ્ગલો તીવ્રતાના કારણે અનંતાનુબંધી કષાય જેવા વિપાકવાળા હોય છે. આ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો મેતાર્ય ચરિત્ર વડે કહેવાય છે. તે આ પ્રમાણે :

સ્વર્ગની લક્ષ્મીને જીતવામાં પ્રવીણ એવા **સાકેતપુર નગર**માં અતિ નિર્મલ કલાચંદ્ર જેવો **ચંદ્રાવતંસક** નામનો **રાજા** હતો. કામદેવની પત્ની રતિ-પ્રીતિની જેમ તે રાજાને પણ બે પત્નીઓ હતી. તેમાં પહેલીનું નામ **સુદર્શના** અને બીજીનું નામ **પ્રિયદર્શના** હતું. તેમાં પ્રથમ પત્નીએ મનોહર પુત્રયુગલને જન્મ આપ્યો. જેમાં એકનું નામ **સાગરચંદ્ર** અને બીજાનું નામ **મુનિચંદ્ર** હતું. પ્રિયદર્શનાએ પણ જેનું દર્શન પ્રિય છે એવા ચંદ્ર - સૂર્ય સરખા શ્રી **બાલચંદ્ર** અને **ગુણચંદ્ર** નામના પુત્રયુગલને જન્મ આપ્યો. જંબુદ્વીપમાં જેમ મેરૂપર્વત હંમેશા ચંદ્રયુગલ અને સૂર્યયુગલથી શોભે છે તેમ આ રાજા પણ આ બે પુત્રયુગલોથી શોભતો હતો. તેમાંથી રાજાએ **સાગરચંદ્ર**ને યુવરાજ પદ આપ્યું અને **મુનિચંદ્ર**ને ઉજ્જૈની નગરીનો સ્વામી બનાવ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એક વાર હેમંતઋતુમાં સંધ્યા સમયે પરિવારને વિસર્જન કરીને **ચંદ્રાવતંસક રાજા** પોતાના નિવાસગૃહમાં આવ્યા. અને ભવનમાં ચારે તરફ પ્રકાશને રેલાવતો એક દિપક જોવે છે. અને "જયાં સુધી આ દિપક પ્રકાશિત છે ત્યાં સુધી હું પ્રતિમાને પાળીશ નહિ = કાયોત્સર્ગમાં જ રહીશ." એવું પ્રણિધાન કરીને ધર્મરૂચિવાળા, સમભાવથી ભાવિત, ધીર એવા રાજા પાપના નિગ્રહને માટે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા. "મારા સ્વામિને અંધકારમાં ધ્યાનમાં ક્યાંય વિક્ષેપ ન થાવ" એમ સમજી રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થતાં શય્યાપાલિકાએ (દાસીએ) ઉઠીને દીવામાં તેલ પૂર્યું. જેમ જેમ તે દિપકની બાહ્ય શિખા પ્રજવલિત બની રહી છે તેમ તેમ સમભાવની જયોત વડે રાજાનો અભ્યંતર અંધકાર નાશ પામે છે. આ પ્રમાણે પોતાના સ્વામિની પ્રતિજ્ઞાને નહી જાણતી એવી દાસીએ બીજા-ત્રીજા-ચોથા એમ બાકીના ત્રણે પહોરમાં દીવામાં તેલ પૂર્યું.

હવે પ્રભાત થતાં તેલ પૂરવાનું કામ બંધ થતાં બાહ્ય દિપક બુઝાયો તેમ રાજાનો ધ્યાન રૂપી દિપક પણ બૂઝાયો = ધ્યાન પુરુ થયું. આમ પ્રતિજ્ઞા પૂરી થતાં જેટલામાં રાજાએ કાઉસ્સગ્ગ પાર્યો તેટલામાં તો તેનો આત્મા કાયોત્સર્ગની અભિમુખ થયો એટલે કે કાયાનું વિસર્જન કરનારો થયો. આખી રાત ઉભા રહેવાથી પગ જકડાઈ જવાથી સુકુમાળ શરીરવાળો એવો રાજા એક ડગલું પણ ચાલવાને સમર્થ ન હોવાથી, છેદાયેલા વૃક્ષની જેમ ત્યાં જ ભૂમિ ઉપર પડી ગયો. પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતો, શત્રુ-મિત્રને વિષે સમચિત્તવાળો તે રાજા તૂર્ત જ મૃત્યુ પામ્યો. ભારે વસ્તુ પણ લઘુ બને ત્યારે તે નિશ્ચિત ઉપર જાય છે તેમ પૃથ્વીપીઠ ઉપર શરીરને છોડી તેનો જીવ (આત્મા) દેવલોકે ગયો. મરણોત્તર કાર્ય કર્યા પછી સાગરચંદ્રે પોતાની (અપર) માતાને કહ્યું, "હે માતા ! રાજયગાદી ઉપર તમારા પુત્રને સ્થાપન કરો, હું પ્રવ્રજ્યા સ્વીકારી આત્મહિતને સાધું." ત્યારે માતાએ કહ્યું, "હે વત્સ ! તારામાં અને મારા પુત્રમાં મારે કાંઈ વિશેષતા નથી. શું જમણી અને ડાબી આંખમાં અંતર હોય ખરું ? માટે તું રાજય કર અને મારો પુત્ર તારો સેવક થશે. કેમકે મોટાભાઈની ભક્તિ કરવી તે યોગ્ય છે." (આવા જવાબથી) મંત્રીમંડલ આદિએ શુભ મૂર્હુતે સાગરચંદ્રનો **રાજયાભિષેક** કર્યો અને તે નીતિથી - સુંદર રીતે પ્રજાનું પાલન કરવા લાગ્યો.

**સાગરચંદ્ર રાજા**ની રાજયઋદ્ધિ અને માન-સન્માન જોઈને તેની અપરમાતા પ્રિયદર્શના, ચંદ્રમાની શોભાથી જેમ પોયણી-કમલિની મુરઝાઈ જાય તેમ પોતાના હૃદયમાં દુઃખી થવા લાગી અને મનમાં વિચારવા લાગી કે, "તે સમયે મારા પુત્રને અપાતું એવું રાજય લીધું નહિ ને હવે આ શોક્યપુત્રની આવી સુખસંપત્તિ મારાથી જોઈ શકાતી નથી તેથી સાગરચંદ્રને કોઈ પણ ઉપાયે મારીને, મારા પુત્રને રાજય મળે તેમ કરું, કેમકે તે જીવતો હોય તો મારા પુત્રને રાજયલક્ષ્મી મળે નહીં."

એક વખત સાવકી માતાના પુત્રો સાથે રાજા ઉદ્યાનમાં ગયા હતા ત્યારે રાજાના ભોજન માટે સુગંધી એવા લાડુ હાથમાં લઈને એક દાસી જતી હતી ત્યારે પ્રિયદર્શનાએ પૂછ્યું, "તું ક્યાં જાય છે ?" તેણે પણ કહ્યું, "ઉપવાસના પારણા માટે, રાજાને માટે બનાવેલો આ લાડુ લઈને હું જાઉં છું." હવે અવસરને પામી તેણીએ દાસીના હાથમાંથી લાડુ લઈને, વિષમિશ્રિત

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથ વડે, લાડુની ચારે બાજુ ઉપર ઝેરવાળો હાથ ફેરવીને = વિષથી ભાવિત કરીને ફરીથી દાસીના હાથમાં આપ્યો તે લઈને દાસી પણ વનમાં ગઈ અને રાજાને તે લાડુ આપ્યો.

ત્યારે રાજા પણ મનમાં વિચારે છે કે, "મારા લઘુબંધુઓને આપ્યા વિના, આવું મિષ્ટાન્નનું ઉત્તમ ભોજન, વિશેષથી પારણાના દિવસે મારાથી કેમ કરાય ? = મારે યોગ્ય નથી." એમ વિચારી ગુણવાન એવા તે રાજાએ નાના બંને ભાઈઓને અર્ધા - અર્ધા લાડુ આપ્યા. (લાડુના સ્વાદમાં આસક્ત એવા) લઘુબંધુઓ તો ઉતાવળે - ઉતાવળે તે લાડુ ખાવા મંડ્યા (રાજાએ તો હજુ આ લાડુનું ભોજન શરૂ પણ કર્યું નથી.) તેટલામાં તો લઘુબંધુઓ વિષના પ્રભાવથી ભૂમિ ઉપર પડ્યા અને મૂર્છિત થયા. રાજાએ તુરત જ મંત્ર-તંત્ર-ઔષધિના ઉપાયોથી તેઓને વિષરહિત કરી જીવાડ્યા. અને પછી દાસીના મુખથી અપરમાતાના હાથે સ્પર્શેલા તે લાડવાને જાણીને તેમાં (લાડવામાં) વિષમ એવા વિષનું મિશ્રણ કરેલું છે એમ રાજાએ નિર્ણય કર્યો અને પછી રાજા મનમાં ચિંતવે છે કે, "આ અવશ્ય અપરમાતાનું જ કર્તવ્ય છે. તે કાળે હું રાજ્ય આપતો હતો છતાં ન લીધું ને હવે પાપકર્મથી આવા ઉપાય કરે છે. જો મેં ભાગ્યયોગે આ લાડુ ખાધો હોત તો અવશ્ય હું મૃત્યુ પામી નરકમાં જ ગયો હોત. તેથી અનર્થના મૂલ એવા આ રાજય વડે મારે સર્યું, કે જેનો આવો વિપાક મેં જાતે જ અનુભવ્યો." ત્યાર પછી અપરમાતાના પુત્ર બાલચંદ્રને સમગ્ર રાજ્યસંપત્તિ આપી, નિર્વેદ પામેલા તે સાગરચંદ્ર રાજાએ દીક્ષા લીધી. પછી ગ્રહણ - આસેવન શિક્ષા પ્રાપ્ત કરી ઘણો જ શાસ્ત્રાભ્યાસ કરી ગીતાર્થ થયા. વિચરતા - વિચરતા અનુક્રમે તે ઉજ્જૈની નગરીમાં આવ્યા (કે જયાં પોતાના નાના ભાઈ **મુનિચંદ્ર** રાજા રાજય કરે છે.)

તે નગરીમાં પોતાને તપની આરાધના કરવી છે એટલે ત્યાંના સંઘને સાગરચંદ્ર મુનિ પૂછે છે કે, "આ ગામમાં તપનું આરાધન કરવામાં કોઈ વિઘ્ન તો નથી ને ?" ત્યારે સંઘે કહ્યું, "આ ગામના રાજાનો પુત્ર અને પુરોહિતનો પુત્ર એમ એ બે મિત્રો ધર્મીને વિઘ્ન કરનારા છે." એટલે તે રાજર્ષિ (લોકોએ રોકવા છતાં) પુરોહિતના ઘરે ગયા. અને મોટા-મોટા અવાજે ધર્મલાભ કહેવા લાગ્યા. ઘરના નોકરોએ નિષેધવા છતાં તેઓ મોટા અવાજે ધર્મલાભ બોલતા જ રહ્યા. તે સાંભળીને પુરોહિતના પુત્ર સહિત રાજપુત્ર ત્યાં આવ્યો અને આવીને બળાત્કારે મુનિને ઘરની ઉપર (ઘરમાં) લઈ ગયા અને કહેવા લાગ્યા, "હે મુંડ ! અમારી સામે હમણાં તમે નૃત્ય કરો." ત્યારે રાજર્ષિએ કહ્યું, "(વાજીંત્રોના તાલ વિના નૃત્ય શક્ય નથી.) માટે તમે તાલ આપો તો હું નૃત્ય કરું." તેથી બંને મિત્રો હાથ વડે તાળીઓના ગડગડાટથી તાલ આપવા લાગ્યા (અને મુનિ તેઓના બોધપાઠ માટે નાચવા લાગ્યા.) તાલ બરાબર ન આવવાથી મુનિ આ બંને મિત્રોની તર્જના કરે છે કે, "હે મૂઢ મિત્રો ! તાલનો ભંગ કેમ કરો છો ? હે કુળમાં કલંક જેવા ! તમારા મા-બાપે તમને તાલ પણ શું શિખવ્યો નથી ? કે જેથી આ નૃત્યમાં ભંગ પડાવો છો ?" તે સાંભળીને ક્રોધિત થયેલા તે પાપીઓ, દુષ્ટો "આ મુંડના મુંડને ભાંગી નાંખીએ" એમ બોલતા - બોલતા તે મુનિને હણવા જાય છે તેટલામાં તો ભુજા યુદ્ધ કરવામાં કુશળ એવા તે મુનિએ તે બંને મિત્રોના અંગ - ઉપાંગો મરડીને, શરીર અસ્ત - વ્યસ્ત કરીને મુનિ વનમાં ચાલ્યા ગયા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(વાયુવેગે આ વાત આખા ગામમાં પહોંચી ગઈ.) તેથી રાજા પણ આ વૃત્તાંત સાંભળીને ત્યાં આવ્યો અને પોતાના અને પુરોહિતના પુત્રની દયાજનક પરિસ્થિતિ જોઈ કે બંનેના દેહ અક્ષમ = ચાલવાને માટે પણ અસમર્થ હતા, માત્ર તે બંનેની આંખો હાલતી હતી. તે જોઈ રાજા વિચારે છે, "મારા ભાઈ સાગરચંદ્ર વિના આ ભુવનમાં બીજો કોઈ પણ ભૂજાયુદ્ધ કરવામાં કુશલ નથી." તેથી રાજા આચાર્ય ભગવંતના ઉપાશ્રયે આવ્યો. સૂરિજીને નમન કરીને કહ્યું, "કૃપા કરી તે બંને પાપીઓના દેહને સક્ષમ = સજ્જ કરો." સૂરિજીએ કહ્યું, "હે નરવર ! આ કામ અમે નથી કર્યું તથા તે દેહને સક્ષમ કરે એવા વિદ્યાસંપન્ન મુનિઓ અમારામાં કોઈ નથી, તેથી કોઈ પ્રાહુણા (મહેમાન) સાધુ કે જે ભુજાયુદ્ધમાં દક્ષ હશે, તેણે આ કર્યું હશે." રાજાએ પુરી તપાસ કરાવી, પોતે પણ વનમાં ગયો ને ત્યાં સાગરચંદ્ર મુનિને ઓળખીને લજ્જાથી અધોમુખવાળો થયો અને પ્રણામ કરતા તેને ભાઈ મુનિએ ઠપકો આપતા કહ્યું, હે રાજન્ ! ચંદ્રાવતંસકના વંશને ખરેખર તેં આજે (ઉજ્જવલ બનાવ્યું) પ્રકાશિત કર્યું છે... જે ખૂબ સારું - સારું કર્યું છે... કે જેથી સંયમી અને તપ - ત્યાગમાં ઉદ્યમી સાધુઓને વિઘ્નો કરતા તારા પુત્રને તું વારતો પણ નથી... અહો ! અહો... ખરેખર ! આવું તારું રાજ્ય !" ત્યારે રાજાએ કહ્યું, "હે ભગવન્ ! મારા અપરાધની ક્ષમા આપો. કૃપા કરી પુત્રને સાજો કરો જેથી ફરીથી તે વિઘ્ન નહી કરે." ત્યારે રાજર્ષિએ રાજાને કહ્યું, "જો તે બંને વીતરાગ પરમાત્મા પ્રણીત એવી પ્રવ્રજ્યા ગ્રહણ કરે, તો જ હું તેઓને નિરોગી કરું." રાજપુત્ર અને પુરોહિતપુત્રે તે મુનિનું વચન સ્વીકાર્યું એટલે મુનિએ તેઓને નિરોગી દેહવાળા - સ્વસ્થ શરીરવાળા કર્યા. બંનેને દીક્ષા આપી મુનિએ અન્યત્ર વિહાર કર્યો.

"ખરેખર ! મારા પિતાના ભાઈ મુનિએ મારો ભવસાગરથી ઉદ્ધાર કર્યો તે સારું કર્યું" એમ ચિંતવી મુનિચંદ્ર રાજાનો પુત્ર તીવ્રતપને તપે છે. જયારે બીજો પુરોહિતનો પુત્ર, "આ સાગરચંદ્ર મુનિએ મને છળ-કપટથી વચનબદ્ધ કરી દીક્ષા આપી છે (જે સારું નથી કર્યું. જૈન લોકો આવા જ હોય છે.) એમ મનમાં દુઃખ પામતો ને જિનધર્મ ઉપર દુર્ગંછા - તિરસ્કાર કરતો (મિત્રના સ્નેહથી) ઉગ્રતપને તપે છે. તે બંને પણ તપને કરીને, સમાધિ વડે મરણ પામીને, અન્યોન્ય સ્નેહવાળા હોવાથી બંને એક જ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં પણ સ્નેહના કારણે પરસ્પર તેઓએ પ્રતિજ્ઞા કરી કે, "જે પ્રથમ ચ્યવે તેને બીજાએ પ્રતિબોધ કરવો."

આ બાજુ ભરતક્ષેત્રની લક્ષ્મીના તિલક સમાન **રાજગૃહી** નામનું નગર છે, કે જેના ચરણકમલમાં રાજાઓની શ્રેણી નમેલી છે એવો શ્રી **શ્રેણિક** નામનો રાજા તે નગરનું પાલન કરે છે. તે નગરમાં જ પુરોહિત-પુત્રનો જીવ, દેવલોકથી (પ્રથમ) ચ્યવીને, ધર્મ ઉપરની દુર્ગંછાથી બાંધેલા કર્મના કારણે મેતની ભાર્યાની કુક્ષિમાં (ચંડાલની ભાર્યા = ચાંડાલણીની કુક્ષિમાં) ઉત્પન્ન થયો. તથા તે જ ગામમાં ધન સાર્થવાહને **નિંદુ** નામની સ્ત્રી હતી. મેતની સ્ત્રીને આ નિંદુ સાથે મિત્રતા હતી. તે નિંદુ હંમેશા પુત્રના (અભાવના) દુઃખથી તડપતી હતી. ક્યારેક તે ચાંડાલણીના ઘરે ગઈ ત્યારે તેણીએ પૂછ્યું, "હે સખી ! તું હંમેશા દુઃખી મનવાળી, મ્લાન મુખવાળી કેમ દેખાય છે ?" ત્યારે તેણે પણ કહ્યું, "મારા પુત્રના મરણના દુઃખથી દુઃખી છું." તેના વચનને સાંભળીને તેણીએ કહ્યું, "હે બ્હેન ! જો મને પુત્ર જન્મશે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો હું તને આપીશ.” ભાગ્યયોગે બંને એક જ સમયે ગર્ભિણી થઈ. કાળાન્તરે મેતની પત્નીને પ્રૌઢગુણવાળો પુત્ર જન્મ્યો અને નિંદુને મરેલી પુત્રી જન્મી. નિંદુએ તે મરેલી કન્યા મેતની પત્નીને આપીને, ચાંડાલણીના પુત્રને પોતાના નિકટના માણસોની સાક્ષિપૂર્વક લેવરાવ્યો.

ધનસાર્થવાહની પ્રિયા (નિંદુ) ઘરમાં આવેલી મેતની પત્નીના ચરણારવિંદમાં પુત્રને નમાવીને પ્રેમપૂર્વક કહે છે કે, “હે બ્હેન ! આ (તારો જ પુત્ર છે, મારો નથી માટે તે (દીર્ઘકાળ સુધી) જીવશે. આ બાળકનું નામ મેત આર્ય = મેતાર્ય એવું લોકસમક્ષ નામ રાખજે. ઉદ્યાનમાં વર્તતા હાથીની જેમ તે બાળક ધનસાર્થવાહના ઘરે, માતા પિતાના લાલન-પાલન સાથે આ મેતાર્ય માતા-પિતાને પરમ આનંદ આપે છે.)

તે ઉપાધ્યાયના મુખેથી કલારૂપ અમૃતનું પાન કરે છે તો ક્યારેક સમાન વયવાળા પોતાના મિત્રોથી પરિવરેલો તે ઉદ્યાનાદિમાં ક્રીડા કરે છે. અનુક્રમે તે તરૂણીજનના નયનરૂપી કોકિલને વિષે મનોહર અને કામદેવની વિશાળ લીલાના ઉદ્યાન સમાન યૌવનને પામ્યો. ત્યારે તેના પિતાએ પણ રતિ-પ્રીતિ સમાન રૂપ-લાવણ્યવાળી આઠ કન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. (પાણિગ્રહણનું નક્કી કર્યું.)

આ બાજુ પૂર્વભવના મિત્રદેવ અવધિજ્ઞાનથી જાણીને, પોતાના મિત્રને પ્રતિબોધ કરે છે, પણ કર્મવશાત્ તે બોધ પામતો નથી. ત્યારે તે દેવ વિચારે છે કે, “જ્યાં સુધી મિત્રને દુઃખમાં ન નાંખું, ત્યાં સુધી તે ધર્મમાં સમ્યક્ રીતે ઉદ્યમ નહીં કરે. તેથી તે મિત્રદેવે તેના મૂળ પિતા ચંડાલના શરીરમાં પ્રવેશ કર્યો. હવે આ બાજુ તે મેતાર્ય પણ જ્યારે શ્રેષ્ઠ ઘોડા ઉપર ચઢી, પોતાના પરિજનોથી પરિવરેલો, અતિ સુંદર શણગારથી શોભતો આઠ કન્યાઓને પરણવા માટે નીકળે છે અને તે વરઘોડો ધવલ-મંગલના ગીતો સાથે, વાજતે-ગાજતે રાજમાર્ગ ઉપર આવે છે (ચારે બાજુ સેંકડો લોકો આ વરઘોડો જોવા રાજમાર્ગ ઉપર ગોઠવાયા છે.) ત્યારે દેવે જેનામાં પ્રવેશ કર્યો છે તે મેત = ચંડાલ, મહારૂપવાન તે મેતાર્યને જોઈને, પોતાની બાજુમાં જ ઉભેલી પોતાની પત્નીને (લોકો સાંભળે તેમ ઉંચા અવાજે) કહેવા લાગ્યો, “જો તે આપણી છોકરી મરી ન હોત તો આ મેતાર્યની જેમ હું પણ તેનો લગ્ન-મહોત્સવ કરત.” સ્ત્રીનો સ્વભાવ ચંચળ હોવાથી તે પ્રિયતમને કહે છે, “હે પ્રિય ! તમે રડો નહિ. આ મેતાર્ય પણ તમારો જ પુત્ર છે, એમાં કોઈ સંદેહ નથી.” આવું સાંભળી પત્ની પાસેથી સઘળી સાચી વાત જાણી રોષાયમાન થયેલો તે દોડીને, (દેવાધિષ્ઠિત શરીર હોવાથી) તે મેતાર્યને પગથી પકડીને ઘોડા ઉપરથી મદોન્મત્ત હાથી જેમ વૃક્ષને પાડે તેમ નીચે પછાડે છે. અને તેની તર્જના કરે છે કે, “હે પાપી ! ચંડાલ કુળમાં જન્મેલ હોવા છતાં ઉત્તમ કુલમાં જન્મેલા લોકોને તું શા માટે મલીન કરે છે ? તને ધિક્કાર થાવ - ધિક્કાર થાવ.” એમ બોલી, હાથેથી પકડીને બળાત્કારે બહુ પાપકારી નરકમાં નાંખે તેમ મોટા ખાડામાં મેતાર્યને નાંખ્યો. લજ્જાથી દીનમુખવાળા મેતાર્યને જોઈ મિત્રદેવ દિવ્યરૂપ કરી તેને કહે છે, “આવી અવસ્થા પામવા છતાં હજુ પણ તું બોધ કેમ પામતો નથી ?” ત્યારે મેતાર્ય કહે છે કે, “પ્રથમ તું મારું જાતમાલિન્ય દૂર કર, પછી તારા કહેલા ધર્મ ઉપર હું પરમ આદર કરીશ.” મિત્રદેવે કહ્યું, “કેવી રીતે તારું કલંક દૂર કરું ? મેતાર્યે કહ્યું, “શ્રેણિક રાજાની કન્યા સાથે લગ્ન કરાવીને.”

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી દરરોજ વિષ્ટામાં રત્નો મુક્તો એવો એક બકરો મિત્રદેવે તેને આપ્યો. તેથી મેતાર્યનો મૂલપિતા (ચંડાલ) દરરોજ શ્રેષ્ઠ રત્નોથી થાળ ભરીને, શ્રેણિકરાજાને ભેટણું ધરીને પુત્ર માટે કન્યાની માંગણી કરતો. રાજા શ્રેણિક વડે તિરસ્કાર કરાવા છતાં અને લોકોએ વારવા છતાં તે રોજ રત્નોનો થાલ ભેટ ધરી, કન્યારત્નની માંગણી કરતો.

"દુર્જનને ગુણોના આગમનની જેમ આને રત્નો ક્યાંથી આવતા હશે ?" એમ વિચાર કરી એક વાર અભયકુમારે તેને પૂછયું કે, "હે માતંગ ! તારે ત્યાં દરરોજ આવા રત્નો ક્યાંથી આવે છે ?" ત્યારે તેણે કહ્યું, "હે દેવ ! અમારા બકરાના આ રત્નો છે." તેથી અભયકુમારે કહ્યું, "તું તે બકરો જ જો રાજાને આપી દે, તો રાજા તારો મનોરથ પૂરશે = રાજકન્યા આપશે. માતંગે પોતાનો બકરો રાજાને આપ્યો. પરંતુ રાજાના ઘરે બંધાયેલો તે બકરો વિષ્ટામાં મલોત્સર્ગ જ કરે છે, બીજું કાંઈ નહિ. તેથી ફરીથી તે બકરો માતંગના ઘરે બાંધ્યો તો તે પૂર્વ પ્રમાણે જ વિષ્ટામાં રત્નોને મૂકે છે. આ જોઈ અભયકુમારે પરમાર્થ જાણ્યો કે નક્કી આ કોઈ દૈવી પ્રભાવ છે. કેમ કે બુદ્ધિશાળીને જગતમાં કોઈપણ પદાર્થ અગોચર નથી. પછી અભયકુમારે તેને કહ્યું, "વૈભારગિરિ ઉપર શ્રેષ્ઠ રથમાર્ગ કરી આપ જેથી અમે ત્યાં સુખેથી વીરપ્રભુને વંદન કરવા માટે જઈ શકીએ." તે પ્રમાણે માર્ગ કરી આપ્યો. ફરીથી અભયકુમારે તે દેવ પાસે નગરની બહારના ભાગમાં સુવર્ણનો કિલ્લો કરાવ્યો. વળી ફરીથી પણ કહ્યું, "નગરની બહાર તારા પુત્રને સ્નાન કરવા માટે સુંદર (નીચા કુલના પુરુષોના સ્નાન માટે) જલાશય કરી આપ." તેણે પણ તે પ્રમાણે કર્યું. પછી રાજાએ પણ તે દૈવી-પવિત્ર જલાશયમાં મેતાર્યને સ્નાન કરાવી પોતાની પુત્રી પરણાવી. કેમકે મહાપુરુષો ક્યારેય વચનનો લોપ કરતા નથી. તથા (પૂર્વે નક્કી કરેલી) આઠે શ્રેષ્ઠી કન્યાઓને પરણીને, અત્યંત નેહથી ભરેલી નવ પત્નીઓની સાથે મેતાર્ય વિષયસુખને ભોગવે છે. મિત્રદેવ પાસે મેતાર્યે બાર વર્ષ સંસારમાં રહેવાની યાચના કરી, પરંતુ (ખુશ થયેલા) મિત્રદેવે તેને ચોવીસ વર્ષની છૂટ આપી. આમ ચોવીસ વર્ષ સુધી નવ કન્યાઓ સાથે મેતાર્યે દિવ્ય સુખો અનુભવ્યાં. પરંતુ આખરે તે રોગોની જેમ ભોગોથી કાળક્રમે કંટાળ્યો. આમ સંસારથી ઉદ્વેગ પામેલા મેતાર્ય ઘરવાસને તજી નવે કન્યાઓ સાથે પ્રવ્રજ્યા સ્વીકારી. ચક્રવર્તી રાજા જેમ નવનિધિ પ્રાપ્ત કરે તેમ આ મેતાર્ય મુનિએ ગુરુ પાસેથી નવ પૂર્વોનો અભ્યાસ કરી, સકલ બલથી યુક્ત એવા મોહરાજાનો વિજય પ્રાપ્ત કર્યો.

હવે રાજગૃહી નગરીમાં ઈર્યાસમિતિથી યુક્ત વિચરતા એવા તે મુનિ એક વાર સોનીના ઘરે આવ્યા. તે સોની શ્રેણિક રાજાના આદેશથી દરરોજ એકસો આઠ સોનાના જવલા ઘડે છે અને શ્રેણિક રાજા પ્રભુની પાસે દરરોજ તે એકસો આઠ સોનાના જવલાનો સાથિયો કરે છે. તે સમયે (મેતાર્ય મુનિ તેના ઘરે આવ્યા ત્યારે) આ સોની સોનાના જવલા ઘડીને (ત્યાં જ જવલા ખુલ્લા મૂકીને) આહાર વહોરાવવા આદિ કોઈ પણ કારણે અચાનક ઘરમાં ગયો, ત્યારે તેના જ આંગણામાં ક્રીડા કરતો ક્રૌંચ પક્ષી "આ કંઈક ભક્ષ્ય પદાર્થ છે" એમ સમજી જવલા મુનિ દેખતે છતે ગળી ગયો. ઘરમાંથી બહાર આવેલા સુવર્ણકારે તે જવલા ન દેખવાથી, રાજાથી ભય પામેલા તેણે મેતાર્ય મુનિને પૂછ્યું, "મારા આંગણામાંથી સુવર્ણના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવલા કોણે હરણ કર્યા છે ? દુર્ધર (દુઃખે સહન કરી શકાય પ્રતાપ જેનો) એવા શ્રેણિક રાજાનો પ્રભુ-પૂજાનો સમય પસાર થઈ રહ્યો છે....

તો કૃપા કરી મને કહો કેમકે સાધુઓ દયાળુ હોય છે." જો હું આ ક્રૌંચ પક્ષી જવલા ગળી ગયું છે એમ કહીશ તો તે પાપી સોની ક્રૌંચપક્ષીના પેટને ફાડી નાંખશે = મારી નાંખશે (ને તેના ઉદરમાંથી જવલા કાઢશે)" આવું વિચારીને તે મુનિ મૌન જ રહ્યા. મૌન રહેવાથી મૂઢ એવો સોની તે મુનિવરને જ ચોર માનતો પોતાના મનમાં વિચારે છે કે, "જ્યાં સુધી આને મારીશ નહિ ત્યાં સુધી તે સાચું કહેશે નહિ. કેમકે ચોરોનું આ લક્ષણ છે કે તેઓ મૌન જ રહે છે."

આમ વિચારીને તે સોનીએ મેતાર્ય મુનિના મસ્તકને, પાણીમાં ભીની કરેલી ચામડાની વાધર વડે એવું જોરથી બાંધ્યું કે સૂર્યના તાપથી તપવા દ્વારા મુનિને ઘણી જ વેદના થઈ. પાપાસક્ત-દુષ્ટાત્મા આનું મુખ પણ કેમ જોઉં ? એમ વિચારી જાણે બંને નેત્રો પણ બહાર નીકળી ગયા, અધોમુખી થયા. આટલી વેદના છતાં મુનિ એમ જ સમજે છે કે બંધુ સમાન આ સોનીએ તો મને આ સંયમરાજ્યનો પટ્ટો બાંધ્યો છે કે જે ભવતાપને હરનારો, કષાયને હરનારો, સુખને કરનારો છે. મુનિ મનમાં સુંદર ધ્યાન કરવા લાગ્યા કે, "શું આજે મે સુકૃતનું ઉપાર્જન નથી કર્યું ? મારા જીવનના ભોગે પણ આ પક્ષી તો જીવતો રહેશે. વળી કહ્યું છે કે, "સ્વસ્થ અવસ્થામાં જીવો ઉપર કોણ દયા કરતું નથી ? અર્થાત્ બધા જ કરે છે, પરંતુ પોતાના પ્રાણ જાય છતાં જે બીજા જીવ ઉપર કૃપા કરે તે જ સાચો કૃપાળુ કહેવાય છે. કેટલાક ધનવાનો ધન વડે ઉપકાર કરતા નથી, તે અહીં આશ્ચર્ય નથી, પણ પોતાના પ્રાણ આપવા વડે જે બીજા જીવ ઉપર ઉપકાર કરે છે તે મહાન છે. હે જીવ ! દુર્ગતિમાં પડવાથી શું તેં અનેક વેદનાઓ સહન નથી કરી ? તો આ તો પર જીવના રક્ષણ માટેની વેદના સહન કરવાની છે, જે અત્યંત પ્રશંસનીય છે." આ પ્રમાણે ઉપશમરસમાં લીન બનેલા મેતાર્ય મુનિને કેવલજ્ઞાન થયું. તે જ સમયે આયુષ્ય પણ ક્ષય થવાથી સિદ્ધિ (મોક્ષ) રૂપી લક્ષ્મી પણ જલ્દીથી તેની અનુરાગી થઈ = **મોક્ષ પામ્યા.**

તે જ સમયે તે સોનીના ઘરમાં કપાતા લાકડાનો એક ટુકડો ઉડીને ક્રૌંચ પક્ષીના ગળે વાગ્યો. તેની પીડાથી ક્રૌંચ પક્ષીએ (કરેલા મલોત્સર્ગમાં) તે જવલા ગળાથી ઓકી કાઢ્યા. તે જવલા જોઈને સોની ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "રાજા જાણશે તો મને શિક્ષા કરશે" એવા રાજાના ભયથી સોની દીક્ષા ગ્રહણ કરી, રાજાના ઘરે જઈ મોટેથી 'ધર્મલાભ' કહી રાજાને આશિષ આપે છે. રાજા પણ બધી વાત જાણીને કહે છે, "હમણા તો ભલે ભયથી તેં દિક્ષા લીધી છે, પણ હવે દીક્ષાનું પ્રયત્નપૂર્વક સુંદર પાલન કરજો." એમ શિક્ષા આપીને રાજાએ તે સુવર્ણકાર ઋષિને મોકલ્યા.

આ પ્રમાણે ત્રણે જગતને વિસ્મયકારી મેતાર્ય મુનિના સુંદર ચરિત્રને તત્ત્વની જેમ હૃદયમાં ધારણ કરીને, સમ્યક્ત્વને સૂચવનારી એવી અનુપમ ક્ષમા પ્રતિદિન ધારણ કરો, જેથી તમે શ્રેષ્ઠ નિર્વાણલક્ષ્મીના સુખને પામો.

**આમ 'ઉપશમ' ના વિષયમાં મેતાર્ય મુનિની કથા સંપૂર્ણ થઈ.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંવેગ નામનું સમ્યક્ત્વનું બીજું લક્ષણ

**ગાથાના ઉત્તરાર્ધ વડે કહે છે :**

**संवेगो मुक्खं पइ अहिलासो भवविरागो ऊ ॥ ४४ ॥**

**ગાથાર્થ : મોક્ષ પ્રાપ્તિ માટેની અતિશય ઈચ્છા અને ભવ ઉપરનો વૈરાગ્ય એટલે જ સંવેગ = એનું નામ જ સંવેગ.**

**ટીકાર્થ :** 'मोक्षं प्रत्यभिलाषः' = મોક્ષ પ્રતિ તીવ્ર અભિલાષ તે સંવેગ કહેવાય. '**तु**' શબ્દથી ભવવિરાગ પણ ગ્રહણ કરવાનું. સમ્યગ્દૃષ્ટિ જીવ દેવ અને માનવના વૈષયિક સુખને પણ, દુઃખયુક્ત હોવાથી દુઃખ જ માને છે અને મોક્ષસુખને જ સુખ રૂપ માને છે. વળી કહ્યું છે કે, "મનુષ્ય કે દેવલોકના સુખને ભાવથી દુઃખરૂપ જ માનતો સંવેગી એવો આત્મા મોક્ષને છોડીને બીજું કાંઈ પણ ઈચ્છતો નથી." એ પ્રમાણે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો દવદંત મુનિના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :

સોપારીઓથી શોભતા ઉપવનની જેમ પંડિત પુરુષોથી યુક્ત તથા મહેલોની ઉપર દેદીપ્યમાન રત્નોના કાંગરાથી જાણે અલકાપુરી જ હોય તેવું **હસ્તિશીર્ષ** નામનું **નગર** છે, કે (જ્યાં (વસતા) વ્યવહાર પરાયણ, ધનથી સમૃદ્ધ, સ્ત્રીઓમાં રક્ત એવા વણિકોની લીલાને કુબેરે પણ ક્યારે પ્રાપ્ત કરી નથી. ત્યાં જેણે યુદ્ધમાં વૈરીઓથી પ્રેરાયેલા હાથીઓના દાંત ભાંગી નાંખ્યા છે તેવો ત્યાં **દવદંત** નામનો **રાજા** હતો. યુદ્ધમાં દુશ્મનોનો નાશ કરવાથી પ્રાપ્ત થયેલી ચન્દ્રના કિરણ જેવી ઉજ્જવલ જેની કીર્તિ, દુર્જનના મન રૂપી વનને બાળવામાં દાવાનળ જેવી જગતને આશ્ચર્ય કરે છે.)

એક વખત દુર્ધર એવા વૈરી રાજાઓનો પરાજય કરવામાં હંમેશા કમ્મર બાંધેલા ભરતક્ષેત્રના ત્રણ ખંડના સ્વામી એવા **જરાસંઘ** નામના પ્રતિવાસુદેવ **રાજા**ની સેવા કરવા માટે આ દવદંત રાજા **રાજગૃહી નગરી**માં ગયો. તે સમયે હસ્તિનાપુર નગરથી આવીને (નીકળીને ?) પરિવાર સહિત પાંડવોએ (ગામમાં દવદંત રાજા ન હોવાથી) છળ પામીને (કરીને) તેનો દેશ = હસ્તિશીર્ષ ગામ લૂંટ્યું. રાજગૃહીથી પાછા ફરેલા દવદંત રાજાએ આ સમાચાર સાંભળ્યા અને તેથી અત્યંત ગુસ્સે થયેલા પણ દીનતાને નહિ પામેલા દવદંત રાજાએ જેમ લવણસમુદ્રથી જંબૂદ્વીપ વીંટળાયેલો છે તેમ પોતાના સૈન્ય વડે હસ્તિનાપુરને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. પછી (વાણીમાં ચતુર) એવા દૂતને પાંડવો પાસે મોકલી કહેવરાવ્યું કે, "વીર પુરુષો માટે નિંદનીય એવા છલ-કપટ વડે તમે અમારો દેશ લુંટ્યો છે, પણ બળથી નહિ. કહ્યું છે કે, "છલથી લુંટવું એ તો નપુંસકોને ઉચિત છે. તમે પણ આ નપુંસકની જેમ સ્વામી વિનાના દેશને લૂંટ્યો તે ઉત્તમ વંશમાં જન્મેલા બલવંત પુરુષોનો માર્ગ નથી. તેથી જો તમારામાં પ્રચંડ ભુજાદંડનું બલ હોય - પરાક્રમ હોય તો નગરની બહાર નીકળી, મારા પરાક્રમ રૂપી દિપકની શિખામાં પતંગીયાની લીલાને ધારણ કરો = મારી સાથે યુદ્ધ કરો." આમ દૂતના વચનથી તર્જના કરાવા છતાં પણ ભયભીત થયેલા તે પાંડવો ગુફામાંથી જેમ શિયાળ ન નીકળે તેમ પોતાના નગરમાંથી યુદ્ધ કરવા માટે બહાર ન આવ્યા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા દિવસ સુધી ઘેરો ઘાલવા છતાં પાંડવો લડવા ન આવવાથી ઉદ્વેગ પામેલો દવદંત રાજા પોતાના નગરમાં પાછો ફર્યો. મનમાં વિચાર્યું કે, "ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલા પુરુષોને સિંહના બાળકની જેમ સન્મુખ આવેલા પાત્રો સાથે જ યુદ્ધ કરવું ઉચિત છે. અન્યથા લોકમાં અપયશ જ પ્રાપ્ત થાય." એમ વિચારી ન્યાય અને નીતિપૂર્વક પોતાના રાજ્યનું પાલન કરે છે.

એમ કરતા-કરતા કેટલાક દિવસો પસાર થયે છતે તે ગામમાં શ્રી નેમિનાથ પ્રભુના શિષ્ય શ્રી ધર્મઘોષસૂરિજી ભગવંત પધાર્યા. તેમના વચન રૂપી મોટા દ્રહમાંથી નીકળેલી અને અતિશય સંવેગરસના ઉછળતા તરંગોવાળી ધર્મદેશના રૂપી નદીમાં સ્નાન કરીને દવદંત રાજા પાપસંતાપ વિનાનો થયો છતો

**(૧) રાજ્ય એ અકાર્ય છે.**

**(૨) ભંડારો એ કારાગાર છે.**

**(૩) પત્નીઓ (ચિત્ત-બલ અને વીર્યનું અપહરણ કરવામાં) રાક્ષસીઓ છે.**

**(૪) વિષયો એ વિષ છે.**

**(૫) ચતુરંગી લશ્કર એ દુર્ગતિમાં ભમવાનું સાધન છે.**

એમ માનતો, પરમ સંવેગને ધારણ કરતો, સંસાર-સુખને છોડીને, સર્વ સાવદ્ય કાર્યોનો ત્યાગ કરીને, રાજાએ અનવદ્ય એવી દીક્ષાને ગ્રહણ કરી. પછી ગુરુ પાસે અભ્યાસ કરી અનુક્રમે તે રાજર્ષિ ગીતાર્થ બન્યા.

એક વખત ગીતાર્થ બનેલા આ રાજર્ષિ વિહાર કરતા કરતા પાંડવો જેનું પાલન કરી રહ્યા છે તે હસ્તિનાપુર નગરમાં ગામની ભાગોળે મેરૂપર્વતની જેમ નિષ્પ્રકંપપણે પ્રતિમાધારી થઈ કાઉસ્સગ્ગમાં રહ્યા. તે સમયે રાજવાટિકામાં ફરવા નીકળેલા પાંચ પાંડવોએ તે મુનિને જોયા. (અને ઓળખ્યા). તેથી વાહનો ઉપરથી ઉતરીને, ભાવપૂર્વક મુનિશ્વરને નમસ્કાર કરી, "અહો ! આ રાજર્ષિ દુષ્કરકારક છે" એ પ્રમાણે રાજર્ષિને અભિનંદન આપીને તે પાંડવો આગળ ગયા. થોડા સમય પછી ત્યાં પરિવાર સહિત પ્રકૃતિથી જ દુર્જન એવો દુર્યોધન આવ્યો, અને તે મુનિને જોઈને "આ તે જ મુનિ છે કે (જેણે હસ્તિનાપુરને ઘેરો ઘાલ્યો હતો ને એમ કરીને) જેણે અમારા પૂર્વ પુરુષોની નિર્મળ એવી સર્વ કીર્તિનું અપહરણ કર્યું હતું." એમ પૂર્વ વૈરને સંભારતા દુર્યોધને બીજોરા વડે ઋષિને તાડન કરવા માંડ્યું. તેના હૈયાના ભાવ જાણીને તેના પરિવારે પણ આ ઋષિને એટલા બધા પત્થરો માર્યા કે પત્થરોના ઢગલાથી ઋષિ ઢંકાઈ ગયા. પછી રાજવાટિકાથી પાછા વળેલા પંડવોએ ત્યાં મુનિને નહીં જોતા પરંતુ તે સ્થાને પત્થરોનો ઢગલો જોતાં લોકોને પૂછ્યું, "ધર્મના કલ્પવૃક્ષ સમાન એવા તે મહાત્માએ ક્યાં વિહાર કર્યો ?" ત્યારે લોકોએ પણ પાંડવોની આગળ દુર્યોધનનો તે સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળીને અતિ અધૃતિને કરતા = તરત જ સેવકો દ્વારા પત્થરો દૂર કરાવ્યા. અંગોની પીડા દૂર થાય તે રીતે (તેલની માલિસ આદિ કરી) અંગોને સજ્જ = સ્વસ્થ બનાવીને, પોતે મુનિવરને ખમાવીને યુધિષ્ઠિર આદિ પાંડવો પોતાના મહેલે આવ્યા. દવદંત રાજર્ષિ પણ સંવેગના આવેગથી આ પ્રમાણે ભાવના ભાવવા લાગ્યા કે, "જ્ઞાન-દર્શનથી યુક્ત એવો એક મારો આત્મા જ શાશ્વત છે. બાકીના બધા જ આ બાહ્ય ભાવો (કર્મના) સંયોગમાત્રથી જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાપ્ત થયેલા છે. તેથી અપકાર કરનારા કૌરવો ઉપર અને ઉપકારમાં રક્ત એવા પાંડવો ઉપર સમાન ચિત્તવૃત્તિને ધારણ કરે છે."** (આવી ભાવનાપૂર્વક દવદંત રાજર્ષિ આ દુસ્સહ પીડા પરિષહને સહન કરે છે.)

આ બાજુ સેવાના અવસરે આવેલા દુર્યોધનને યુધિષ્ઠિરે આ પ્રમાણે ઠપકો આપ્યો, "અરે દુષ્ટ ! કુલકલંકી ! અરે... ચંડાલના આચારને આચરનારા ! આ ભવ અને પરભવમાં પણ દુર્ગંછા કરનારી એવી આ મુનિની આશાતના તેં શા માટે કરી ? (તેઓએ જ્યારે હસ્તિનાપુરને ઘેરો ઘાલ્યો હતો) ત્યારે તું ક્યાં ગયો હતો ? અથવા શું તેં તેઓનું (ગવાતું) પ્રસિદ્ધ પરાક્રમ નથી સાંભળ્યું ? જ્યારે પહેલાં તેમણે હસ્તિનાપુરને લશ્કરથી વીટ્યું = ઘેરો ઘાલ્યો હતો ત્યારે આપણે (અમે પાંચે) આ રાજર્ષિ વડે જીતાયા છીએ, અને હમણાં તેઓએ પાંચે ઈન્દ્રિયોને જીતી છે દુર્ધર એવા પાંચ મહાવ્રતનો ભાર વહન કર્યો છે તેથી હવે તેઓને જીતવા કોણ સમર્થ છે ?" (એ પ્રમાણે ઘણો ઠપકો આપ્યો.)

હવે તે રાજર્ષિ પણ તે દુસ્સહ પીડા પરિષહને સહન કરતા, અત્યંત સંવેગના પરિણામથી, આંતરિક ધ્યાનને પ્રાપ્ત કરી, ક્ષપકશ્રેણિ પર આરોહીને કેવલજ્ઞાન પામીને **મોક્ષે** ગયા.

આમ મિત્ર અને શત્રુ વિષે સમાન એવા દવદંત રાજર્ષિનું આ ચરિત્ર ચિત્તમાં ધારણ કરીને હે ભવ્ય જીવો ! તમે પણ સંવેગરંગના આંગણામાં નાચવાના સ્વભાવવાળા થાઓ. (સંવેગના પરિણામવાળા થાવ.) કે જેથી સિદ્ધિ રૂપી કન્યા લીલા માત્રમાં જ તમને પરણે = શિવસુખની પ્રાપ્તિ થાય.

**આમ સંવેગના વિષયમાં દવદંત રાજર્ષિની કથા પૂર્ણ થઈ.**

## નિર્વેદ નામનું સમ્યક્ત્વનું ત્રીજું લક્ષણ

### ગાથાના પૂર્વાર્ધ વડે કહે છે :

**निव्वेओ चागिच्छा तुरियं संसारचारयगिहस्स ।**

**ગાથાર્થ : સંસાર રૂપી કારાગૃહને જલ્દીથી છોડવાની જે તીવ્ર ઈચ્છા તે નિર્વેદ નામનું સમ્યક્ત્વનું ત્રીજું લક્ષણ છે.**

**ટીકાર્થ :** સંસાર રૂપી કારાગારને **'त्वरितं'** = જલ્દીથી છોડવાની જે તીવ્ર ઈચ્છા તે નિર્વેદ કહેવાય છે. સમ્યગ્દષ્ટિ જ દુઃખથી દુર્ગતિથી અતિ ગહન સંસાર રૂપી જેલમાં (કેદખાનામાં) કર્મદંડ રૂપ કોટવાલો વડે તેવા-તેવા પ્રકારે વિડંબના પામતા, તેનો પ્રતિકાર કરવાને માટે અસમર્થ અને મમતા વગરનો તે દુઃખથી વૈરાગ્ય પામે છે. અને આગમમાં પણ કહ્યું છે કે, "પરલોકનો માર્ગ જેણે કર્યો નથી એવો અને મમતા રૂપી વિષના વેગથી રહિત એવો જીવ નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ ભવોમાં નિર્વેદથી દુઃખપૂર્વક વસે છે." વળી અન્ય દર્શનમાં પણ સંવેગના અર્થ વિપર્યયને કહે છે કે સંવેગ એટલે ભવવિરાગ. આ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધનો અર્થ કહ્યો. ભાવાર્થ તો હરિવાહન રાજાના ચરિત્રથી કહેવાય છે. તે આ પ્રમાણે :

ભોગીઓથી વ્યાપ્ત, અનંત ભોગની સામગ્રીથી શોભતી, જાણે લક્ષ્મી સહિત ભોગાવતી જ હોય તેવી ભોગાવતી પુરી શોભે છે. જ્યાં લાખો ઝરૂખાઓમાંથી નીકળતી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૂપઘટાની શ્રેણીને આકાશમાં જોઈને મેઘની ભ્રાન્તિથી મોરો નૃત્ય કરે છે. ત્યાં દુઃખે કરી દમન કરી શકાય. એવા શત્રુ રૂપી નાગને વિષે ગરૂડ સમાન પરાક્રમી, ઈંદ્રના ઐશ્વર્યને પણ જીતનારો એવો **ઈન્દ્રદત્ત** નામનો **રાજા** હતો. સદાચારથી શોભતી તેની **મણિપ્રભા** નામની **પત્ની** હતી. હરિના વાહનની જેમ પ્રખ્યાત એવો **હરિવાહન** નામનો તેને **પુત્ર** હતો. તે જ નગરમાં **મંદર** નામનો **સુથાર** હતો. તેનો પણ બુદ્ધિશાળી એવો **નરવાહન** નામનો **પુત્ર** હતો. અને **વસુસાર** શ્રેષ્ઠિનો **ધનંજય** નામનો **પુત્ર** હતો. રાજપુત્ર આદિ તે ત્રણે પરસ્પર મિત્રો હતા. અન્ય કાર્યોને જેણે છોડી દીધા છે, ધન મેળવવામાં પરાંગ્મુખ થયેલા તેઓ પોત-પોતાના ઈશ્વરની કૃપાથી સુખપૂર્વક વિલસે છે.

એક વાર રાજાએ કઠોર વાણીથી પોતાના પુત્રનો તિરસ્કાર કર્યો કે, "છત્રીશ દંડ શાસ્ત્રોનો અભ્યાસ કેમ કરતો નથી ? જો તું મને માનતો હોય તો તારા મિત્રોને ક્યારે પણ મળ નહીં = છોડી દે અન્યથા મારો દેશ છોડી (દેશમાંથી) દૂર ચાલ્યો જા. એ પ્રમાણે સુથારે અને શ્રેષ્ઠીએ પણ પોત-પોતાના પુત્રોને કહ્યું તેથી એક વનમાં ત્રણે ભેગા થઈ મંત્રણા કરવા લાગ્યા કે, "જો પિતાની આજ્ઞા માનીશું તો આપણો પરસ્પર વિયોગ થશે. અન્યથા પોતાના દેશનો ત્યાગ કરવો પડશે. માતા-પિતાનો ત્યાગ કરવો સારો, ધનના નાશમાં મોતને વરવું તે સારું, વિદેશમાં ગમન કરવું તે પણ સારું, પરંતુ મિત્રોનો વિયોગ સહન કરવો તે સારું નથી." આમ વિચારીને માત-પિતાદિના સ્નેહનો જલ્દીથી ત્યાગ કરીને નીકળેલા અતિ ગાઢ મિત્રો એવા તેઓ કોઈક અરણ્યમાં આવી પહોંચ્યા. વાઘ-સિંહ આદિ જંગલી પ્રાણીઓથી વ્યાપ્ત એવા તે જંગલને તેઓ પસાર કરતા હતા ત્યાં તો મદોન્મત્ત એક હાથી સામે આવતો જોયો. સૂંઢને ઉછાળીને આ જંગલી હાથી જેટલામાં તેઓ તરફ દોડે છે તેટલામાં તો તક્ષપુત્ર અને વણિક્પુત્ર તો કાગડાની જેમ ક્યાંયને ક્યાંય દૂર-દૂર ભાગી ગયા. પરંતુ હરિવાહન તો હાથીને દમવાની કલામાં દક્ષ હતો તેથી (સિંહની જેમ ગર્જના કરતો) કૃષ્ણની જેમ સિંહનાદને કરતો, હાથીની સામે ધસ્યો અને મુષ્ટિઘાતાદિ વડે હાથીને નિશ્ચેષ્ટ કરીને, તે બંને મિત્રોની શોધ માટે આગળ ચાલ્યો. દરેક વૃક્ષે-વૃક્ષે, દરેક નદીએ-નદીએ, દરેક પર્વતે-પર્વતે શોધવા છતાં દરિદ્ર જેમ ધનને પામે નહિ તેમ મિત્રોની શુદ્ધિ (સમાચાર) તેને મળી નહિ.

અનુક્રમે ભમતાં-ભમતાં તેણે સજ્જન પુરુષના અંતઃકરણ જેવું નિર્મલ, જળ તરંગોથી ભરપૂર અને મનોહર એવું એક સરોવર જોયું. મિત્રના વિયોગથી દુઃખી બનેલા બુદ્ધિશાળી તેણે તે સરોવરનું પાણી પીધું અને કિનારા ઉપર રહેલા વૃક્ષોના ફળોનો આહાર કર્યો. પછી ત્યાં બેસી હૃદયમાં વિચારવા લાગ્યો, "જે બે મિત્રો માટે ઘર, માતા-પિતા, દેશ વિગેરે બધું છોડ્યું, પરંતુ અંતે તે બે મિત્રો પણ ગયા. અરે દૈવ ! આ શું થયું ? સુખ કે દુઃખની પ્રાપ્તિ જીવને કર્મથી પ્રાપ્ત થાય છે, તો પણ સંકટ સમયે ધીર પુરુષોએ ધીરતા છોડવી ન જોઈએ." એ પ્રમાણે આત્માને સમજાવીને બુદ્ધિશાળી તે રાજપુત્ર સરોવરની ઉત્તર દિશામાં રહેલા એક ઉદ્યાનમાં પેઠો. તે ઉદ્યાનમાં આગળ જતાં અંદર, આકાશને અડે એવું ઊંચું ક્ષેમંકર નામના યક્ષનું એક મંદિર જોયું કે જેના દ્વારા આગળ સુંદર નિર્મલ પાણીથી ભરેલી વાવડી છે. રાત્રિનો સમય થવાથી તે યક્ષમંદિરની અંદર જઈને, દ્વાર બંધ કરી (ગુપ્ત એક સ્થાનમાં) સૂઈ ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે અર્ધરાત્રિએ નૂપુરના રણઝણ અવાજ કરતી, દિવ્ય વસ્ત્રાદિને ધારણ કરવાવાળી અપ્સરાઓ દૈવીશક્તિથી ત્યાં મંદિરમાં આવી અને અલૌકિક દિવ્ય સંગીત તથા નૃત્ય કરવા લાગી. કેટલાક સમય પછી નૃત્યના શ્રમને દૂર કરવા માટે દિવ્ય વસ્ત્રોને કાઢી (ત્યાં જ ઢગલો કરી) સ્નાન-કાળના અન્ય વસ્ત્રો પહેરી, તે અપ્સરાઓ વાવડીમાં જલક્રીડા કરવા ગઈ. તે અવસરે આ હરિવાહન યક્ષમંદિરના દ્વાર ખોલી, ઢગલા રૂપે મૂકેલા તે દિવ્ય વસ્ત્રો ગ્રહણ કરી, મંદિરમાં જઈ, જલ્દીથી દ્વાર બંધ કરી, નિર્ભયતાથી ત્યાં રહ્યો. (છુપાઈ ગયો.) મહાપરાક્રમીઓને શું અસાધ્ય હોય ?

જલક્રીડા કરીને પાછી ફરેલી તે અપ્સરાઓ મંદિરની અંદર પોત-પોતાના વસ્ત્રોને નહીં જોતાં આજુ-બાજુ શોધવા લાગી. તે વખતે યક્ષમંદિરનું દ્વાર અંદરથી બંધ દેખતાં તે પરસ્પર કહેવા લાગી કે, "નક્કી કોઈક ધૂર્તે આપણા વસ્ત્રો ચોરી લીધા છે. (અને પછી તે મંદિરમાં છુપાઈ ગયો છે.) તેથી ગુસ્સાપૂર્વક અભિમાનથી કર્કશ થયેલી વાણીથી તેઓ બોલી કે, "હે નર ! જો તારી જીવવાની ઈચ્છા હોય તો મંદિરનું દ્વાર ઉઘાડ. જો તું અમારા વસ્ત્રો નહીં આપે તો નક્કી તારી સાથે આ આખુંય ભવન અમે સમુદ્રમાં નાંખી દઈશું." આવું કહેવા છતાં નિર્ભય એવો તે મૌન રહ્યો ત્યારે તેમાંથી એક અપ્સરા બોલી કે, "આ તો કોઈક ઉત્તમ પુરુષ છે તેથી તે દંડથી (ઉગ્ર વાણીથી) સાધી શકાશે નહિ." દમદાટીથી હરિવાહન ન માનતા અપ્સરાઓ સર્વને ઈચ્છિત એવી પ્રેમભરી વાણીથી પ્રલોભન પમાડીને તેને કહેવા લાગી." અમારા વસ્ત્રો કોણે ગ્રહણ કર્યા છે તે કહો અથવા અમારા વસ્ત્રો (જો તમે ગ્રહણ કર્યા હોય તો) આપી દો." ત્યારે હરિવાહને જલ્દીથી કહ્યું, "વાયુ તમારા વસ્ત્રો લઈને આગળ ગયો છે તેથી તમે તેની પાસે જાઓ." આવા સાહસવાળાં તેના વચનો સાંભળી પ્રસન્ન થયેલી અપ્સરાઓ કહેવા લાગી, "હે વત્સ ! અમે તારા પર ખુશ થયા છીએ તેથી વરદાન માંગ." ત્યારે હરિવાહને પણ દ્વાર ખોલીને કહ્યું, "તમારા વસ્ત્રો ગ્રહણ કરો અને કૃપા કરી મારા અપરાધની ક્ષમા કરો." અપ્સરાઓએ પણ તે વસ્ત્રો ગ્રહણ કરી, પહેરીને તેને કહ્યું, "હે વત્સ ! આવા ચરિત્ર વડે નક્કી જણાય છે કે તું કોઈ રાજપુત્ર છે. જગત ઉપર વિજયને અપાવનાર આ ખડ્ગ રત્નને તું ગ્રહણ કર, અને આ દિવ્ય કંચુક જે તારી ભાવિ પત્નીને આપજે. વળી હે પુત્ર ! અમારા વચનથી તું જલ્દીથી રાજ્યને પામીશ." આમ બંને દિવ્ય વસ્તુઓ આપી અપ્સરાઓ પોત-પોતાના સ્થાને ગઈ.

સવારે ખડ્ગસહાયી, સાહસિક શિરોમણી એવો હરિવાહન એકલો આગળ ચાલ્યો. ત્યાં લક્ષ્મીથી અલકાપુરી સમાન એક નગર જોયું. તેમાં પ્રવેશ કરતા તેણે સંપૂર્ણ માલ-સામાન-વસ્તુઓથી ભરેલી પરંતુ માનવોથી રહિત એવી દુકાન અને મકાનોની શ્રેણીઓને જોઈ. આશ્ચર્ય સહિત આગળ ચાલતાં-ચાલતાં રાજાનો મહેલ આવ્યો. તેમાં ઉપર ચઢતાં-ચઢતાં સાતમા માળે કમલ જેવા વિકસિત નયનવાળી એક સુંદર કન્યાને તેણે જોઈ. તેના દિવ્ય રૂપને જોઈ કુમાર વિચારવા લાગ્યો કે, "આ કન્યાને જોઈને હું બીજી-બીજી નારીઓનું સર્જન કરીશ એમ ધારીને વિધાતાએ શું આ કન્યા રૂપ પ્રથમ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે ?" એમ વિચાર કરતો હતો ત્યાં તો ગાલ ઉપર મૂક્યો છે હાથ જેણીએ એવી તે શોકાતુર કન્યાએ રૂપ અને લાવણ્યને દાસી રૂપ બનાવેલ એવા કામદેવ સમાન તે કુમારને જોયો. કંપતા દેહવાળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેણીએ પણ ઉઠીને સિંહ જેવા પરાક્રમી તેને આદરપૂર્વક સિંહાસન ઉપર બેસાડ્યો. (બેસવા કહ્યું.) પછી કુમારે તેને પૂછ્યું, "હે ભદ્રે ! તું શોકાતુર કેમ દેખાય છે ?"

તે સાંભળી તે કન્યાએ પણ કહ્યું, "હે સૌભાગ્યશાળી અને ભાગ્યશાળીમાં શ્રેષ્ઠ ! સાંભળ. **શ્રાવસ્તીનગર**ના **વિજયરાજા**ની યૌવનવયને પામેલી, **અનંગલેખા** નામની હું પુત્રી છું. એક વાર હું મારા મહેલના ઝરૂખામાં બેઠી હતી ત્યારે ત્યાંથી પસાર થતા જયંત નામના વિદ્યાધરે મને જોઈને, મારું અપહરણ કરીને, અહીં નગર વસાવીને મને અહીં રાખી છે. વળી તે વિદ્યાધરે મને કહ્યું છે કે, "તારી સાથે વિવાહ કરી, આ નગરમાં રાજ્યને કરતો એવો હું સુખપૂર્વક તારી સાથે ભોગોને ભોગવીશ." અત્યારે તે વિવાહની સામગ્રી લેવા ગયો છે. આજે કે કાલે તે આવશે અને બળાત્કારે મને પરણશે. કારણ કે જ્ઞાની મુનિએ વ્યાખ્યાન સમયે મારી સમક્ષ કહ્યું છે કે **ઈન્દ્રદત્ત રાજા**નો પુત્ર **હરિવાહન** તારો પતિ થશે. મુનિના તે વચનો સાથે વિસંવાદ થતો હોવાથી હું શોકાતુર છું. ખરેખર ! પૃથ્વી ઉપર નિર્ભાગી જીવોને ક્યારે પણ ચિંતામણિ રત્ન મળતું નથી."

ત્યારે હરિવાહને કાંઈક હાસ્ય સાથે કહ્યું, "હે સુભ્રુ ! આવા મનોહર વિદ્યાધરને વરવું શું ખોટું ? કારણ આકાશગામિ વિદ્યાધર ક્યાં ? અને ભૂમિચર એવો કુમાર ક્યાં ? આમ વિદ્યાધર અને કુમાર વચ્ચે સૂર્ય અને આગિયા જેવું અંતર છે. માટે મુનિના વચનથી તું મોહ પામ નહીં. વળી કુરૂપી, દૌર્ભાગ્યવાળા, અંગાર જેવા શ્યામ અને નિર્ગુણી પુરુષોમાં શિરોમણી એવા હરિવાહનમાં પતિત્વની બુદ્ધિ ના કર." તે કન્યા પણ કુમારને જુએ છે ને વિચારે છે કે શું આ તે જ મારો પ્રિય છે ? કેમકે સજ્જન પુરુષો ક્યારે પણ અન્ય જીવોની નિંદા કરતા નથી. સજ્જનોમાં આ કોઈ નવો મુસાફર લાગે છે કે જે પોતાની નિંદા કરે છે અને અન્યના ગુણોની પ્રશંસા કરે છે." આવું વિચારી તે બોલી કે, "હે સુભગ ! તમારા દર્શનથી મારું મન ઉલ્લસિત થાય છે તેથી મને લાગે છે કે નક્કી તમે જ **હરિવાહન** છો."

આવા પ્રકારનો બંનેનો વાર્તાલાપ જ્યાં ચાલે છે ત્યાં તો મદોન્મત્ત હાથીના કાનને પણ થંભાવી દે એવો ચારે બાજુ વાજિંત્રનો નાદ બહુ જોરથી વાગતો સંભળાયો તેથી કાયર અને ભયભીત બનેલી કન્યાએ કુમારને કહ્યું, "તમે કોઈ સ્થાને ચાલ્યા જાવ કારણ તે મહા બળવાન જયંત વિદ્યાધર આવી રહ્યા છે." આ વાર્તાલાપ ચાલી રહ્યો છે ત્યાં તો જયંત વિદ્યાધર પણ આવી પહોંચ્યો અને કુમારને જોઈ તેને ક્રોધથી કહેવા લાગ્યો, "અરે ઓ ! તું કોણ છે ? મારા અંતઃપુરમાં તું ક્યાંથી આવી ચડ્યો ?" ત્યારે પ્રત્યુત્તર આપતા કુમારે પણ કહ્યું, "હે વિદ્યાધર ! ઈન્દ્રદત્ત રાજાનો હરિવાહન નામે હું પુત્ર છું. તમારી સાથે યુદ્ધ કરવા માટે આવ્યો છું તો તૈયાર થઈ જાઓ." આવા વચનો સાંભળીને વિદ્યાધરે ગુસ્સાપૂર્વક ભયંકર ખડ્ગ હાથમાં ધારણ કરીને કુમારની સાથે યુદ્ધ શરૂ કર્યું. રામ-રાવણની જેમ તે બંનેનું યુદ્ધ થયું. કુમારે વિદ્યાધરની તલવાર ભાંગી નાંખી અને વિદ્યાધરને બાંધી, ભૂમિ ઉપર પછાડ્યો. આથી પરાજય પામેલા તે વિદ્યાધરે કહ્યું, "હે વીર ! તેં તારા અનુપમ ચરિત્ર વડે મારું મન અને તારા અનુપમ રૂપ વડે અનંગલેખાનું મન પણ તેં હરી લીધું છે. તેથી આ કન્યા સાથે વિવાહ કરીને, આ જ નગરીમાં તું રાજ્ય કર." એમ કહી વિદ્યાધર વૈતાઢ્ય પર્વત ઉપર ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી તે વિદ્યાધરે લાવેલી વિવાહની સામગ્રી વડે હરિવાહને અનંગલેખાની સાથે ગાંધર્વવિધિથી વિવાહ કરી, દિવ્ય કંચુક તે નવોઢાને આપી (તે નગરમાં ઘણા લોકોને વસવાટ કરાવી) ત્યાં હર્ષપૂર્વક રાજ્યનું પાલન કરવા લાગ્યો. (રામના જેવું ન્યાય અને નીતિવાળું) સારું રાજ્ય કરવાથી તે ગામમાં લોકોનો એવો વસવાટ થયો કે ક્યાંય તલ જેટલી પણ ખાલી જગ્યા રહી નહી. નદી, વન, બગીચા, ક્રીડાપર્વત ઉપર હરિવાહન અનંગલેખાની સાથે વિવિધ ક્રીડા કરે છે.

ગાંભીર્ય વડે, સુસત્ત્વ વડે અને લક્ષ્મી (શોભા) વડે હું જીતાઈ છું એ પ્રમાણે જાણે નર્મદાના બ્હાનાથી જેને સાગર પણ સેવે છે એવી રેવા નદીમાં એક વાર પ્રિયાની સાથે રાજા ગ્રીષ્મ ઋતુમાં પાણી ઉછાળવા વડે જલક્રીડા કરવા લાગ્યા. સ્નેહથી ભરેલી અનંગલેખા પણ રેવા નદીમાં પોતાના પ્રિયને જાણે પ્રેમ રસ વડે જ સિંચતી હોય તેમ શૃંગ જલ વડે સિંચતી હતી. (પછી પોતાની સખીઓ સાથે જલક્રીડા કરીને રેવા નદીના કિનારે ભીના વસ્ત્રો મૂકીને તેણીએ બીજા વસ્ત્રો પહેર્યા.)

એક વખત અનંગલેખા પોતાની સખીઓ સાથે જલક્રીડા કરવા જાય છે. ત્યારે પોતાના દિવ્ય વસ્ત્રો રેવા નદીના કિનારે મૂકી, સ્નાન કાળના વસ્ત્રો પહેરી, નદીમાં સ્નાનાર્થે જાય છે. હવે આ બાજુ કિનારે પડેલા વસ્ત્રોમાં અપ્સરાએ આપેલો દિવ્ય કંચુક પણ હતો. કે જે પદ્મરાગ નામના મણિની જેમ ચમકતો હતો. તે જોઈને ત્યાં આવેલા એક મોટા માછલાએ માંસની ભ્રાંતિથી તે કંચુકને ગળી ગયો. ભાલા-તલવારથી યુક્ત ઘણા તરવૈયાઓ - રાજપુરુષો જેટલામાં તે માછલાને પકડવા નદીમાં પડ્યા તેટલામાં તો માછલું ક્યાંય અદશ્ય થઈ ગયું. તે બધાના દેખતા છતાં મારો કંચુક હરાયો એટલે જરૂર અમંગલ થશે. એમ રાણી મનમાં અત્યંત શોક કરવા લાગી. અત્યંત ચિંતાતુર બનેલી રાણીને હરિવાહન રાજાએ પ્રેમપૂર્વક મધુર વાણીથી સમજાવી ઘરે લાવ્યા. હવે અનંગલેખા જિનેશ્વર પરમાત્માની સવિશેષ પૂજા કરે છે, સુપાત્રમાં દાન આપે છે, નગરમાં શાંતિને માટે અમારીની ઉદ્ઘોષણા કરાવે છે, હંમેશા પરમેષ્ઠિ મહામંત્રનો જાપ કરે છે અને ગુરુ પાસે ધર્મદેશના સાંભળતા કાળ પસાર કરે છે.

આ બાજુ આ નગરથી ઘણે દૂર બેન્નાતટ નામનું મોટું નગર છે. ત્યાં શત્રુ રૂપી વૃક્ષનું ઉન્મૂલન કરવામાં હાથી સમાન એવો નરકુંજર નામે રાજા હતો. એક વાર ભેરી - ભંભા - મહા ઢક્કાના નાદથી દિશાઓને ગજાવતો, બહુ સૈન્યથી પરિવરેલો તે રયવાડીએ ચાલ્યો. સામંત - મંત્રી આદિ લોકોની સાથે સરિતાના નિર્મલ જલમાં જલક્રીડા કરીને તે ક્રીડા પર્વત ઉપર બેઠો. ત્યારે પર્વતના શિખરે ચઢી કોઈક તરવૈયાએ પૃથ્વી ઉપર મસ્તક મૂકી = પ્રણામ કરી રાજાને કહ્યું, "હે નાથ ! મેં આજે નર્મદા નદીના નીરમાંથી એક માછલો પકડ્યો છે અને શસ્ત્રથી તેનું પેટ વિદાર્યું તો તેમાંથી રત્નોથી ભરપૂર એવો એક કંચુક નીકળ્યો છે. જલક્રીડા કરવા આવેલી કોઈ રાજરાણીનો આ કંચુક હોય એમ લાગે છે." એમ કહી સૂર્યના બિંબની જેમ ઝળહળતો તે કંચુક તરવૈયાએ રાજાને આપ્યો. શૃંગારના રસથી ભરેલો આ કંચુક જોઈને રાજાને તે કંચુકની માલિક સ્ત્રી પ્રત્યે વાસના જન્મી.

રાજા વિચારવા લાગ્યો, "વિશ્વને મોહ પમાડનારી, આ કંચુકને પહેરનારી કઈ નારી હશે ? કે જેનો આ કંચુક પણ મારું મન હરી લે છે. (તો તે સ્ત્રી તો કેવી ય હશે !) કયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાયથી તેને ઓળખવી ? અને તે સ્ત્રી મને કેમ પ્રાપ્ત થાય ?" ઈત્યાદિ ચિંતામાં મગ્ન એવો તે શૂરવીર છતાં પણ કામબાણોથી જર્જરિત થયેલો પોતાના આવાસે આવ્યો. વિરાગી બનેલા તે રાજાને હવે ક્યાંય રસ નથી માટે જ તેને હારમાં સર્પના ઝેરના દર્શન થતાં હતા, શૃંગાર પણ અંગારા જેવો લાગતો હતો, સ્વજન પરિવાર શત્રુસમૂહ જેવો લાગતો હતો, વસ્ત્રનો સમૂહ ખારો લાગતો હતો, ચંદનનું વિલેપન પણ તેના શરીરને બાળતું હતું, રાજમહેલ પણ સ્મશાનભૂમિ જેવો ભાસતો હતો. અંતઃપુર પણ અરતિને કરનારું બન્યું હતું. આમ વાસનાને આધીન બનેલા રાજાએ પોતાના મંત્રીને હવે કહ્યું, "જો તમારે મારા જીવિતનું પ્રયોજન હોય તો આ દિવ્ય કંચુકને પહેરનારી સ્ત્રીની શોધ કરી લાવો. તેથી મંત્રીએ મંત્રવાદી - જ્યોતિષીઓને પૂછ્યું પરંતુ તે શ્રેષ્ઠ નારીનો કોઈ પત્તો લાગ્યો નહીં.

તેથી મંત્રીએ સાત દિવસના ઉપવાસ કરી રાજ્યની અધિષ્ઠાયિકા લક્ષ્મી દેવીની અનેક પ્રકારે આરાધના કરી. તેથી કમળ જેવા મુખવાળી, જેના હાથમાં કમળ છે, કમળ ઉપર બેઠેલી, દેદીપ્યમાન કાંતિવાળી લક્ષ્મી દેવી પ્રગટ થયા અને કહ્યું, "હે મંત્રીશ્વર ! વરદાન માંગ." ત્યારે તેણે પણ કહ્યું, "હે રાજ્યની અધિષ્ઠાત્રી ! આ કંચુકને પહેરનારી સ્ત્રીને લાવીને મારા રાજાને આપ જેથી તે સુખી થાય." દેવીએ પણ તેને કહ્યું, "જે કાર્ય ફળદાયી હોય તે જ કરવું જોઈએ. નિષ્ફળ કાર્યનો આરંભ વાંદરાની જેમ અનર્થકારી છે. કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગે, કદાચ ચંદ્ર અંગારા વરસાવે તો પણ તે સતી સ્ત્રી પ્રાણાંતે પણ શીલનું ખંડન કરતી નથી. તો પણ હે મંત્રી ! તારો સ્વામી કદાગ્રહ જો ન જ મૂકતો હોય તો હું તે સ્ત્રી લાવી આપું છું પરંતુ હવે તારે ફરીથી મારું સ્મરણ ન કરવું."

એમ કહીને લક્ષ્મીદેવી વિદ્યાધરે બનાવેલા નગરમાં ગઈ અને ત્યાં જિનેશ્વર પરમાત્માની પૂજામાં લીન બનેલી અનંગલેખાને તેણે જોઈ. ક્ષણમાત્રમાં તેનું અપહરણ કરી, નરકુંજર રાજાના મહેલમાં મૂકીને, મંત્રીને જણાવીને દેવી અદૃશ્ય થઈ ગઈ. તે સ્ત્રીને આવેલી જાણી રાજાએ રાજસ ભાવથી અનંગલેખાને કહ્યું, "હે સ્વામિનિ ! તું મને પ્રેમાળ દૃષ્ટિથી જો. હું બેન્નાતટ નગરનો નરકુંજર નામનો રાજા છું. મેં જ્યારથી તારો કંચુક જોયો છે ત્યારથી તારા પ્રત્યે આસક્ત બન્યો છું ને તેથી જ તને અહીં લાવ્યો છું." અનંગલેખાએ વિચાર્યું, "નક્કી આ અમંગલ ઉપસ્થિત થયું છે. અથવા તો સતી સ્ત્રીઓને કંઈ અમંગલ થતું જ નથી." એમ વિચારી તે બોલી કે, "હે રાજન્ ! પરસ્ત્રીનો તું ત્યાગ કર કે જે મહા કર્મબંધનું કારણ છે અને જગતમાં અપયશ આપનાર છે. કદાચ સ્વર્ગ પૃથ્વીતલ ઉપર ઉતરી જાય, કે પૃથ્વી સ્વર્ગમાં જાય તો પણ હું મારું શીલ ખંડન કરીશ નહીં." તે સાંભળીને સ્વાર્થપ્રિય રાજા વિચારવા લાગ્યો, "ખરેખર ! આ સ્ત્રીને મારો (મારા પરાક્રમનો) પરિચય નથી એટલે જ આવું બોલે છે. (ધીરે-ધીરે પરિચય થવાથી તે મને વશ થશે.) વળી કહ્યું છે કે, "વિદ્યાવિહીન હોય, અકુલીન હોય, પ્રશંસા કરવા યોગ્ય ન હોય એવા પણ નજીકમાં રહેલા માનવને રાજા ભજે છે - સેવે છે. પ્રાયઃ કરીને રાજાઓ, સ્ત્રીઓ અને વેલડી, જે નજીકમાં હોય છે તેને વળગે છે." અનંગલેખા પણ પતિના વિયોગથી મેઘની જેમ અશ્રુઓ વડે ભૂમિને સીંચતી, પોતાના પતિ હરિવાહનનું પટાદિ ઉપર ચિત્ર દોરીને, તેને જોઈ-જોઈને સંતોષ માની દિવસો પસાર કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આ બાજુ હરિવાહન રાજાના પૂર્વના બે મિત્રો તક્ષપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર કે જે હાથીથી ત્રાસ પામીને નાશી ગયેલા તેઓ જંગલમાં ભમતાં ભમતાં, મિત્રના વિયોગથી દુઃખી થયેલા (હરિવાહનને શોધતાં શોધતાં) વિંધ્યાચલ પર્વત પાસે આવ્યા. ત્યાં એક પુરુષને તેઓએ જોયો કે જે વંશની જાળની મધ્યે ઉંચા પગ, નીચે મુખ રાખી, એક હાથમાં ધૂપ અને બીજા હાથમાં મંત્રસાધક અક્ષમાલા ધારણ કરી વિદ્યાની સાધના કરતો હતો. વિદ્યાસાધકે પણ અહીં મનુષ્યના પગનો સંચાર જાણી, જલ્દીથી જાપ પૂર્ણ કરી, વાંશની ઝૂંપડીમાંથી બહાર આવી તે બંને મિત્રોને મધુર સ્વરે પૂછ્યું કે, "તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? અહીં વિંધ્યાચલ પર્વત પાસે આવવાનું શું પ્રયોજન ? તમારા ગોત્રનું નામ શું ? તમારા પિતા કોણ ? તે મને જણાવો." તે મિત્રોએ કહ્યું, "હે વીર ! તમારે અમારા કુલાદિ જાણવાની શી જરૂર છે ? તમે આરંભેલા સત્કૃત્યની પૂર્તિ માટે ભાગ્યયોગે અમે અહીં આવ્યા છીએ." આશ્ચર્ય સહિત તેણે પણ કહ્યું, "તમારો - અમારો યોગ થયો એ બહુ જ સારું થયું. ખરેખર ! હું માનું છું કે સિદ્ધ થતી વિદ્યાનો આ પુષ્પોદ્ગમ છે = હવે મારી વિદ્યા જલ્દી સિદ્ધ થશે. ત્રિલોકી વિદ્યાની મેં પૂર્વ સેવા કરી છે ને હવે તમારી સહાયથી આજે જ ઉત્તર સેવા કરીશ. તમે મારા ઉત્તર સાધક થાઓ." એમ કહી તે બંનેને ઉત્તરસાધક બનાવી વિદ્યાસાધકે જલ્દીથી હોમપૂર્વક તે વિદ્યા સિદ્ધ કરી. (વિદ્યા સાધવામાં તત્પર થયો.) અને તે વિદ્યા સિદ્ધ થતાં સંતુષ્ટ થયેલા સાધકે તે બંનેને કહ્યું, "તમારા બંનેનો મારા ઉપર ઘણો ઉપકાર છે તો હવે તેનો પ્રત્યુપકાર શું કરું ?" બંને મિત્રોની ઈચ્છા ન હોવા છતાં **(૧) રૂપ પરાવર્તિની (૨) અંજન આંજતા જ અદૃશ્ય થવાની (૩) શત્રુના સૈન્યને વિમોહન કરનારી (૪) વિમાન બનાવવાની** એમ ચારે વિદ્યાઓ આપી અને પોતાના આત્માને આ પ્રત્યુપકારથી કૃતકૃત્ય માનવા લાગ્યો. પછી બંનેની રજા લઈ તે વિદ્યાધર ગગનવલ્લભ નગરે ગયો અને વૈરીઓને જીતીને પોતાનું વિશાળ રાજ્ય પાળવા લાગ્યો. આ બંને મિત્રો પણ કૌતુકથી પૃથ્વી ઉપર ફરતાં ફરતાં, રાજા અને લોકોને ગુણોથી આકર્ષણ કરતાં બેન્નાતટ નગરમાં આવ્યા.

ત્યાં લોકોના મુખથી કંચુકની અને કંચુકની સ્વામી એવી અનંગલેખાના અપહરણની વાર્તા સાંભળીને તેને જોવાને માટે ઉત્સુક થયેલા બંને મિત્રો અંજન આંજીને નરકુંજર રાજાના અંતઃપુરમાં ગયા. ત્યાં રડતી, પોતાની આગળ રહેલા (ચિત્રિત) કોઈક પુરુષનું ધ્યાન ધરતી, શીલાંગવાળી, અનંગલેખાને જોઈ. હરિવાહન નામવાળું અને પોતાના મિત્ર (હરિવાહન)ની સામ્યતાવાળું ચિત્રિત પટ જોઈને (વિદ્યાના બળે) તે ચિત્રનું અપહરણ કર્યું. ચિત્રનું અપહરણ થવાથી અશ્રુ ઝરતી આંખો વડે હતાશ થયેલી તે વિધાતાને ઠપકો આપવા લાગી કે, "હે વિધાતા ! મેં તારો શો અપરાધ કર્યો છે કે જેથી (પ્રાણપ્રિયનો તો વિયોગ કરાવ્યો પણ) પતિના ચિત્રપટનો પણ વિયોગ કરાવ્યો ? (હરિ લીધું.) આ કારણે મારી હત્યા થશે તો તેનો પણ ભય તને લાગ્યો નહિ ? હા... હા... મારા હાથમાંથી તો મારો પતિ છીનવી લીધો એટલું જ નહિ. પણ ચિત્રમાંથી પણ છીનવી લીધો. (ત્યાર પછી પોતાના પતિને સંબોધીને કહે છે) હે પ્રિય ! હું તને ત્યારે ચતુર માનું કે જ્યારે તું મારા હૃદયમાંથી જતો રહે.

તેને તેવા પ્રકારની દુઃખી જોઈ તે બંને મિત્રો મૂલ રૂપે પ્રગટ થઈને, તેને ચિત્રપટ આપીને, તેની પાસે આવી પૂછવા લાગ્યા કે, "તારો પ્રાણપ્રિય કોનો પુત્ર છે ? ક્યાં તારો

૩૪

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવાહ થયો છે ? તે તું નિઃશંકપણે કહે જેથી અમે તારા ઉપર ઉપકાર કરી શકીએ. હે ભીરૂ ! તું રડીશ નહિ. હે દાક્ષિણ્યશાલી ! જો તું અમારી આગળ સત્ય વાત કહીશ તો અમારી શક્તિથી તારા પતિની સાથે સંયોગ કરાવી આપીશું."

અનંગલેખાએ પણ કહ્યું, "ભોગાવતી નગરીના રાજા ઈંદ્રદત્તનો પુત્ર, જયંત વિદ્યાધરને જીતનાર, વિદ્યાધરોના સ્વામિ હરિવાહનની સાથે મને પરણાવેલી છે." આ પ્રમાણે બોલતી તેને પોતાના મિત્રની પત્ની જાણીને પુલકિત થયેલા તે બંને મિત્રોએ અનંગલેખાને નમસ્કાર કર્યા અને કહ્યું, "હે સતીરત્ન ! તું અમારા મિત્રની જ પત્ની છે. તેની સાથે નીકળેલા જે મિત્રો હતા, તે અમે જ છીએ એમ તું જાણ. તું વિષાદ ના કર. તું પ્રિયની પાસે જ છે એમ માન. હવે તું ક્ષણવાર રાહ જો કે જ્યાં સુધી અમે પોતાનું કાર્ય સાધી લઈએ." અનંગલેખા પણ પોતાના પતિના મિત્રોને જાણીને અત્યંત આનંદિત થઈ અને બોલી, "હે દિયરો ! તમે તમારા ઈચ્છિત કાર્યને કરો."

બંને મિત્રો અનંગલેખાને નમીને જરા પણ ક્ષોભ પામ્યા વિના રાજસભામાં ગયા. પૂર્વે જોયેલા નહિ એવા અજાણ્યા (તે બંનેને) માણસોને જોઈને રાજાએ પણ તે બંનેને કહ્યું, "કયા દેશથી તમે બંને અહીં આવ્યા છો ? કાંઈક અદ્ભૂત જ્ઞાન-વિજ્ઞાનને જાણો છો ? = (કાંઈક કૌતુક હોય તો કહો.)" બંને મિત્રોએ કહ્યું, "હે દેવ ! અમે સૂર્યને અર્ધ આકાશમાં સ્થિર કરી શકીએ છીએ, ઈંદ્ર-શંભુને પણ દાસ કરી શકીએ છીએ. વળી વશીકરણ, આકર્ષણ, વિદ્વેષ, મોહન, ઉચ્ચાટનાદિ અને તે સિવાય પણ જે જે જણાતું હોય તે કે પેલું બધું જ કરી શકીએ છીએ. રાજાએ કહ્યું, "જો તમારી પાસે આવી શક્તિ છે તો આ કંચુકને પહેરનારી સ્ત્રી અનંગલેખા આ જન્મ સુધી મને વશ થાય તેમ કરો." મિત્રોએ કહ્યું, "હે રાજન્ ! તમારે અલ્પ પણ ચિંતા ના કરવી. તમારા આ કાર્યમાં અમે તરત જ પ્રવૃત્તિ કરશું. હે રાજન્ ! તમે આ ચૂર્ણ લો અને તેના વડે તિલક કરો. આ ચૂર્ણના પ્રભાવથી તે સ્ત્રી સદા માટે તમને વશ થશે. અધમાધમ તે રાજાએ હર્ષિત થઈને ચૂર્ણનું તિલક કર્યું અને અનંગલેખા પાસે ગયો. બંને મિત્રોએ કરેલા સંકેત અનુસાર દૃષ્ટિથી ચકોર એવી અનંગલેખાએ પણ, રાજાને આવતો જોઈ રાજાની સામે જવું, આસન આપવું ઈત્યાદિ વિનય વડે રાજાને ખુશ કર્યો. હવે આ કન્યા મને નક્કી વશ થવાની જ છે એમ પોતાની જાતને કૃતકૃત્ય માનતા રાજાને અનંગલેખાએ કહ્યું, "મારી આવી પ્રતિજ્ઞા છે કે અષ્ટાપદ પર્વત ઉપર જઈને, પ્રભુના દર્શન વંદન કરીને પછી ભોજન કરીશ, નહીતર નહી." આ સાંભળી એક બાજુ આનંદ તો બીજી બાજુ ખેદથી પૂર્ણ એવો રાજા વિચારવા લાગ્યો, "ચૂર્ણના યોગથી આ કન્યા મને વશ તો થઈ પરંતુ અષ્ટાપદ ઉપર જવાનું અતિ દુષ્કર કાર્ય કરવાનું કહે છે." તેથી તે ચિંતામાં પડ્યો. બંને મિત્રોને બોલાવીને કહ્યું, "આ દુષ્કર કાર્ય કેમ થશે ?" બંને મિત્રોએ કહ્યું, "તમે જરા પણ ખેદ ના કરો. અમે તમારા હિતમાં ઉદ્યમી છીએ. આજે અથવા કાલે જ્યારે આપ આજ્ઞા કરશો ત્યારે અમે અષ્ટાપદ પર્વત ઉપર લઈ જઈશું." ત્યારે તે કામાંધ રાજાએ કહ્યું, "આજે જ અત્યારે જ તમે તેને અષ્ટાપદ પર્વત ઉપર જલ્દીથી લઈ જાવ = આજે જ તેની પ્રતિજ્ઞા પૂરી કરો." કામાંધ બનેલા રાજાએ આવું કહેવાથી રાજાની ઈચ્છા પ્રમાણે તે બંને મિત્રોએ વિદ્યાના બળથી કિંકિણી - ધ્વજાથી શોભતું એક સુંદર વિમાન બનાવ્યું અને રાજાને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું, "હે રાજન્ ! આ વિમાનમાં તમે પ્રિયાની સાથે બેસી, અષ્ટાપદ પર્વત ઉપર જઈને, મનની ઈચ્છા પ્રમાણે ઉદ્યાનોમાં તેની સાથે રમો. (આ રીતે રાજા બંને મિત્રોની વાતમાં પુરો વિશ્વાસવાળો બન્યો.) તેથી રાજાએ આદરપૂર્વક અનંગલેખાને કહ્યું, "હે ભામિનિ ! કૃપા કરી વિમાનમાં બેસી, તીર્થને પ્રણામ કરી તારો અભિગ્રહ પૂર્ણ કર." તે સાંભળી જેટલામાં અનંગલેખા વિમાનમાં ચઢે છે તેટલામાં જ બાજુમાંથી બંને મિત્રો પણ વિમાનમાં ચડ્યા અને રાજા વિમાનમાં ચડવા જાય તે પહેલાં જ વિમાન ઉડીને આકાશમાં ગયું.

સતીરત્ન એવી હરિવાહનની પત્ની અનંગલેખાએ આકાશમાંથી જ કહ્યું, "હરિવાહનના મિત્રો વડે, મંત્રશક્તિના બલથી મને હરિવાહન રાજા પાસે લઈ જવાય છે. તમારામાં કોઈ સાચો સુભટ હોય તો આવીને તે યુદ્ધ કરે. તેથી કોપાયમાન થયેલા રાજાએ પોતાના સુભટોને આદેશ કર્યો કે, "આ બગલા જેવા દાંભિક માંત્રિકોને પકડો-પકડો." તે વખતે રાજાના સુભટો અને તે બે મિત્રો વચ્ચે સુર-અસુરની જેમ સિંહનાદથી પણ ભયંકર એવું શરાશરી યુદ્ધ થયું. પરંતુ તે બંને મિત્રોએ વિદ્યાના બળથી રાજાના લશ્કરને સર્વ બાજુથી ભગાડી મૂક્યું અને રાજાના અંતઃપુરમાંથી બે કન્યા લઈને (અપહરણ કરીને) વિમાન ચાલ્યું ગયું.

હવે હરિવાહન રાજાના (મિત્રના) નગરના ઉદ્યાનમાં વિમાન ઉતર્યું. વિમાનમાંથી ઉતરીને નગરમાં જતાં તેઓએ ગામના સકલજનોને ઉદાસ - શોકમગ્ન જોયા. કોઈ એક માણસને આ શોકનું (દુઃખનું) કારણ પૂછતાં તેણે કહ્યું, "અમારા રાજા હરિવાહનની પ્રિયા અનંગલેખાનું કોઈ વિદ્યાધરે અપહરણ કર્યું છે. તેના વિરહથી રાજા દુઃખી છે. તેના દુઃખથી પ્રજા પણ દુઃખી - દુઃખી છે. આ અમંગળને દૂર કરવા માટે રાજા કુળદેવતાની સેવા કરે છે." તે સાંભળીને (આ બે મિત્રોમાંથી એક મિત્ર વિમાનમાં જ સ્ત્રીઓ પાસે રહ્યો અને બીજો મિત્ર કે જે) શ્રેષ્ઠીપુત્ર છે તે (વિદ્યાના બળે) સિદ્ધપુત્રનું રૂપ કરીને રાજા પાસે ગયો. રાજાને નમસ્કાર કરી હર્ષથી આશીર્વાદ આપ્યા. રાજાએ આપેલા આસન ઉપર બેસી તેણે કહ્યું, "હે રાજન્ ! તમે ચિંતા ન કરો. તમારું જે કાંઈ દુષ્કર કાર્ય હશે તે સર્વે હું કરી આપીશ." તે સાંભળીને ઉલ્લસિત થયેલા રાજાએ કહ્યું, "જો તમારી પાસે કોઈ શક્તિ હોય તો દેવી અનંગલેખાને હમણાં અહીં લાવી આપો." તે વખતે જાણે પોતાનો મહિમા બતાવતો હોય તેમ તે સિદ્ધપુત્રે પોતાના શરીર ઉપર ચારે બાજુથી મોટું વસ્ત્ર વીંટીને જાણે ધ્યાન કરતો હોય તેમ ચેષ્ટા કરીને બહુ જ ઉંચા અવાજે હુંકારો કર્યો., તે હુંકારો સાંભળતા જ કરેલા સંકેત પ્રમાણે ઉદ્યાનમાં વિમાનમાં બેઠેલી અનંગલેખા જલ્દી - જલ્દી રાજસભામાં આવી. ત્યારે પ્રાણ-પ્રિયાના દર્શનથી જાણે અમૃતથી સ્નાન કર્યું હોય તેમ ન વર્ણવી શકાય એવા આનંદને પામ્યા.

વિયોગી આત્માઓનું જે ફરી મિલન થાય તે વખતનું સુખ તો તે બંને જ જાણે છે, અથવા કેવલી ભગવંત જાણે, પણ બીજા કોઈ જાણી શકતા નથી. ફરીથી સિદ્ધપુત્રે પૂછ્યું, "હે રાજન્ ! બીજું તમારું ઈચ્છિત શું કરું ?" રાજાએ કહ્યું, "મારા આનંદ માટે (મારા બે મિત્રોનો કેટલાય સમયથી વિરહ થયો છે તો) તે બે મિત્રોનો મેલાપ કરી આપો." રાજાનો નિરૂપમ પ્રેમ જોઈને નટની જેમ ક્ષણવારમાં તે બંનેએ પોતાનું મૂળ રૂપ પ્રગટ કર્યું. (પોતાની પત્ની અને) બંને મિત્રોને જોઈ રાજા પોતાના આત્માને કૃતાર્થ-કૃતકૃત્ય માનવા લાગ્યો. (ધન્ય-ધન્ય માનવા લાગ્યો) ખરેખર ! વિધિ જ્યારે અનુકૂળ હોય છે ત્યારે સર્વ ઈચ્છિતની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થાય છે. પછી રાજાની આગળ અનંગલેખાએ પોતાની અને બંને મિત્રોએ પણ પોતાની આશ્ચર્યજનક વાતો કહી અને પછી પ્રજાને જણાવી. રાજા પણ તે સાંભળી આનંદિત થયો અને (અપહરણ કરીને લાવેલી) બે કન્યાઓ રાજાએ પોતાના બંને મિત્રોને યોગ્ય જાણી પરણાવી. જે કારણથી હેમ અને રત્નનો સંયોગ યોગ્ય કહેવાય છે. બંને મિત્રોની સહાયથી ઘણા દેશોને જીતીને (વિશાળ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું) તે દેશો તેમને આપ્યા અને પોતે ત્યાં રાજ્ય પાળવા લાગ્યો.

(આ બાજુ હરિવાહનનો યશ તેના પિતા ઈન્દ્રદત્તે પણ સાંભળ્યો.) તેથી પિતા ઈન્દ્રદત્તે તેને બોલાવીને, રાજ્યલક્ષ્મીથી શોભતા પોતાના રાજ્ય પર હરિવાહનને સ્થાપિત કર્યો, અને પોતે આર્ય સમુદ્રસૂરિ પાસે દીક્ષા લઈ મોક્ષની આરાધનામાં લીન થયા. બંને મિત્રોની સાથે હરિવાહન રાજાએ પણ ઉત્તમ સમ્યક્ત્વ રત્ન ગ્રહણ કરવા પૂર્વક શ્રાવકના બાર વ્રતો ગુરુજી પાસે લીધા. (હવે હરિવાહન રાજા અને અનંગલેખા ધર્મપરાયણ બન્યા.) તેથી પોતાના રાજ્યમાં રથયાત્રા - તીર્થયાત્રા - અષ્ટાહ્નિકા - અમારી ઘોષણા કરાવવા લાગ્યા. વળી જિનમંદિર - જિનબિંબની પ્રતિષ્ઠા પણ કરાવવા લાગ્યા. આમ એક હજાર વર્ષ ગયે છતે નગરના ઉદ્યાનમાં દેવોથી સેવાતા કેવલી ભગવંત પધાર્યા. તેમના આગમનના સમાચારથી હર્ષ પામેલો રાજા, પરિવારથી યુક્ત ઉદ્યાનમાં ગયો અને કેવલી ભગવંતને વંદન કર્યું. ત્યારે કેવલી ભગવાને પણ તેઓની આગળ ધર્મના સર્વસ્વપણાથી શોભતી એવી વૈરાગ્યજનક દેશના આપી કે રમણીય ભોગો, રૂપવતી સ્ત્રીઓ, વિશાલ એવા રાજ્યને પણ શું કરવાનું? કેમકે આયુષ્ય તો વીજળીના ચમકારા જેવું ચપળ છે. વિષયરૂપી માંસમાં લુબ્ધ બનેલા જીવો આ જગતને શાશ્વત માને છે પણ સમુદ્રના તરંગ જેવા ચપળ આયુષ્યને તેઓ જાણતા નથી." દેશનાના અંતે રાજાએ કેવલી ભગવંતને પૂછ્યું, "હે ભગવાન્! મારું આયુષ્ય કેટલું છે?" ત્યારે જ્ઞાની ભગવંતે પણ કહ્યું, "હે નરેશ્વર! તારું આયુષ્ય નવ પ્રહરનું = (૨૭ કલાક) છે." આ સાંભળી મરણના ભયથી રાજા કંપવા લાગ્યો. અરે! ઉન્માદમાં જ (ભોગમાં) મેં મારા ઘણા વર્ષો પસાર કર્યા, ને હવે મૃત્યુ મારી નજીકમાં છે. (હવે મારું શું થશે?) હવે હું કોના શરણે જાઉં?" આ પ્રમાણે ચિંતવતા તે ભવવિરાગી રાજાને રતિના સ્થાને નિર્વેદ ઉત્પન્ન થયો. ભવના ભયથી કંપતા રાજાને કેવલી ભગવંતે કહ્યું, "તું ખેદ ન કર. હજી પણ તારું કાંઈ બગડ્યું નથી. જો તું મૃત્યુથી ભયભીત થયો હોય, જો તું શાશ્વત સુખને ઈચ્છતો હોય તો સ્વયં જિનેશ્વર ભગવંતોએ સેવેલી દીક્ષાનો સ્વીકાર કર. વળી કહ્યું છે કે, "એક અંતર્મુહૂર્ત માત્ર પણ જો વિધિપૂર્વક દીક્ષાનું પાલન કરે તો તે સર્વ દુઃખોનો નાશ કરે છે. તો ચિરકાલ સુધી દીક્ષાનું પાલન કર્યું હોય તો તેને માટે તો શું કહેવું? જિનમંદિર બંધાવવા, જિનબિંબ ભરાવવા, રથયાત્રા કરાવવી ઈત્યાદિ સર્વ ધર્મોથી સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગભૂત એવી દીક્ષા મહાન છે. જે માણસ રત્ન - રૂપા - સુવર્ણના ૧૦૦૮ થાંભલા થી ઉંચુ - સુવર્ણના તળીયાવાળું જિનભવન કરાવે છે તેનાથી પણ તપ તથા સંયમ અધિક ફલવાન છે. જેઓ તપ - સંયમમાં ઉદ્યમ કરે છે તેમણે ચૈત્ય - કુલ - ગણ - સંઘ - આચાર્ય - પ્રવચન - શ્રુતની ભક્તિ કરેલ છે." એ પ્રમાણે જ્ઞાનીના વચન સાંભળી ભવથી નિર્વેદ પામેલા તે રાજાએ પોતાના પુત્ર **વિમલવાહનનો રાજ્યગાદી** ઉપર **અભિષેક** કર્યો, અને બે મિત્રો - અનંગલેખા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હરિવાહન રાજાએ ભવનિર્વેદથી ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરી. "ખરેખર ! હું ધન્ય છું કે ભોગ રૂપી કાદવમાં મગ્ન થયેલા મારો ઉદ્ધાર કરવા માટે જ આ કેવલી ભગવંત પધાર્યા." એમ વિચારી બાર ભાવના ભાવવા લાગ્યા અને જિનેશ્વર ભગવંતોના, મહાપુરુષોના ચરિત્રોને મનમાં યાદ કરવા લાગ્યા.

એક વાર તે રાજર્ષિને ઘોર શીર્ષવેદના ઉત્પન્ન થઈ, પણ તેની ચિકિત્સા ન કરાવી પણ આત્મચિકિત્સામાં મસ્ત બન્યા = ચિત્તમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા, "હે જીવ ! પૂર્વે રાજ્ય પાળતા તે ઘણા પાપો કર્યા છે. તે અત્યારે દુ:ખ રૂપે પ્રાપ્ત થયેલ છે તો તેને તું સહન કર. વળી આગમમાં કહ્યું છે કે, "આવી પડેલું આ દુ:ખ સહન કરવા યોગ્ય છે. કારણ કે એકઠા કરેલા કર્મોનો વિનાશ તેના સિવાય થતો નથી.

આ રીતે જે જે સુખ કે દુ:ખ (સારૂં કે નરસું) આવે છે તેને સમભાવે સહન કરીને તે કર્મોનો વિવેક (નાશ) કર, કેમકે અન્ય ભવમાં આવો વિવેક તને ફરી કેવી રીતે (ક્યાંથી) મળશે ?

આ પ્રમાણે ભાવતો અને સૂરિના વચનોને યાદ કરતો મરીને તે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મુક્તિને પામશે. તેના મિત્રો અને અનંગલેખા પણ અનુક્રમે સ્વર્ગમાં જઈને મોક્ષમાં જશે.

આ પ્રમાણે પુણ્યાત્માએ આચરેલું એવું શ્રી હરિવાહન રાજાનું અદ્ભૂત ચરિત્ર, ચિંતામણિ રત્નની જેમ મન રૂપી મહાકોશમાં સ્થાપન કરીને ભવ-ભીરૂ એવા હે ભવ્ય જીવો ! સદ્દર્શનને પ્રકાશિત કરનાર દીપક સમાન એવા નિર્વેદને તમે સેવો કે જેથી મોક્ષ રૂપી લક્ષ્મી તમારા હસ્તકમલમાં આવીને વસે.

**આમ નિર્વેદના વિષયમાં હરિવાહનની કથા પૂર્ણ થઈ.**

## ચોથા અનુકંપા નામના સમ્યક્ત્વના લક્ષણને કહે છે :

## दुहिए दयाणुकम्पा

**ગાથાર્થ : દુ:ખી જીવ ઉપર દયા તે અનુકંપા કહેવાય છે.**

**ટીકાર્થ :** નિષ્પક્ષપણે દુ:ખી જીવોના દુ:ખને દૂર કરવા રૂપ દયા તે અનુકંપા કહેવાય છે. પક્ષપાતથી તો પોતાના પુત્ર વગેરેના દુ:ખો દૂર કરવાની કરૂણા તો હિંસક એવા વાઘ-સિંહ આદિને પણ હોય છે. (માટે નિષ્પક્ષ પણે દયા કરે તે જ અનુકંપા કહેવાય.) તે અનુકંપા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. છતી શક્તિએ દુ:ખનો પ્રતિકાર કરવો તે દ્રવ્ય દયા. તથા દીન-દુ:ખી ને દરિદ્ર અવસ્થા જેનાથી આવે છે એવી ધર્મરહિત અવસ્થા છે તેને દૂર કરવાની અંતરમાં જે લાગણી થવી તે ભાવદયા છે. દુ:ખોનું મૂળ કારણ પાપ છે. તો લોકોમાંથી આ પાપો-કષાયો-હિંસા આદિ કેમ દૂર થાય તેવી કરૂણા હૃદયમાં થાય તથા તેવો પ્રયત્ન પણ કરે તો તે ભાવદયા છે.) વળી આગમમાં પણ કહ્યું છે કે, "આ ભયંકર ભવસાગરમાં દુ:ખથી પીડાતા પ્રાણી-સમૂહને જોઈને સામર્થ્યવાળા જીવોએ દુ:ખો દૂર કરવાની તથા દુ:ખના કારણભૂત એવા પાપો દૂર કરવા રૂપ બંને પ્રકારની અવિશેષે જે દયા કરવી તે અનુકંપા કહેવાય છે. આ પ્રમાણે ગાથાના તૃતીય પદનો અર્થ કહ્યો. ભાવાર્થ તો જયરાજના દૃષ્ટાંતથી જાણવો અને તે આ પ્રમાણે :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથ્વીરૂપી સ્ત્રીના ભાલતલને વિષે તિલક સમાન અને શ્રી જિનેશ્વર ભગવંતોના કલ્યાણકોના ઉત્કર્ષથી સ્વર્ગપુરીના અભિમાનને તિરસ્કાર કરનારું શ્રી **હસ્તિનાપુર** નામનું નગર હતું. ત્યાં રાજા-મંત્રી શ્રેષ્ઠ વેત્રિઓની વિચિત્ર ચિત્રશાલાના પાષાણોની શ્યામલ કાંતિથી અત્યંત અંધકારમય વાતાવરણમાં શંકા રહિત ચકવાકના યુગલો ક્રીડા કરે છે. ત્યાં ક્ષત્રિય રાજાઓને જીતી પ્રાપ્ત કરેલ યશ રૂપી કપૂરની સુરભિથી સુગંધિત કરેલી છે સર્વ દિશાઓ એવો શ્રી **જય** નામનો **રાજા** હતો. જે પૃથ્વીને વિષે શાસન કરતો છતો જાણે સૂર્ય જ ન હોય ! જાણે શૂરવીર રાજા જ ન હોય ! જાણે ચંદ્રમા જ ન હોય ! વળી વાણીનો સ્વામી એવો એક ગુરૂ (બૃહસ્પતિ) જ ન હોય ! અને ધનુર્ધારી એવો એક કામદેવ જ ન હોય તેવો તે શોભે છે.

તે એક વાર પ્રાતઃકાળે રાજસભામાં બેસી વિદ્વાનોની સાથે ગોષ્ઠીસુખ અનુભવી રહ્યો હતો ત્યારે હાથમાં ચંદન અને પંખા લઈને ચિત્રશાળા સન્મુખ જલ્દી-જલ્દી દોડતા એવા લોકોને જોઈને "આ શું છે ?" એમ જિજ્ઞાસાથી દ્વારપાલને પૂછે છે. ત્યારે તેણે પણ તે વૃત્તાંત પ્રગટ કરી સ્વામી એવા રાજાને જણાવ્યું કે, "હે રાજન્ ! તમારા જન્મ સમયે તમારા પિતાશ્રીએ સૂર્યોદય કાળે કોઈ એક સ્વપ્ન જોયેલું. અને તેણે આ પ્રમાણે આદેશ કર્યો હતો કે, "હે રાજન્ ! મારી મૂર્તિ ભીંતમાં ચીતરાવીને, તેને પટથી આચ્છાદિત કરીને દરરોજ પૂજવી." તે જ રીતે આ મૂર્તિ આજ સુધી પૂજાતી હતી. પરંતુ હમણા તે જ રીતે પૂજા કરતાં સ્વચ્છંદી અને કુતૂહલપ્રિય એવા શતાનંદ - ગોવિંદ - ધરણીધર વિગેરે કુમારો જેટલામાં તે પટને (વસ્ત્રને) દૂર કરીને મૂર્તિને જુએ છે તેટલામાં તો જાણે વજ્રથી હણાયા હોય તેમ નિશ્ચેષ્ટ બની પૃથ્વી ઉપર ઢળી પડ્યા = મૂર્છિત થઈ ગયા છે. તેથી તેઓના ઉપચાર માટે લોકો દોડી રહ્યા છે." આ સાંભળીને શોકાતુર થયેલ રાજા પણ વૈદ્ય, મંત્રવાદી, દૈવજ્ઞ આદિની સાથે તેના પ્રતિકાર નિમિત્તે જેટલામાં તે ચિત્રશાલામાં જાય છે તેટલામાં તે ચિત્રને જોઈને રાજા પણ મૂર્છિત થયા. શોકસહિત પરિવાર વડે કરાતા શીતલ ઉપચારો દ્વારા તે કુમારોની સાથે રાજા પણ મૂર્ચ્છા રહિત થયો. ત્યારે લોકો પૂછવા લાગ્યા, "હે રાજન્ ! આ આશ્ચર્ય શું છે ? જે સાંભળવા માટે અમારા કાન આતુર થયા છે તો કૃપા કરી અમને સર્વ હકીકત જણાવો." ત્યારે સિંહાસનને શોભાવતા એવા રાજાએ કહ્યું, "હા... તે તમે હવે સાવધાન મન કરીને સાંભળો.

લક્ષ્મી રૂપી વેલડીને ઉલ્લસિત કરનાર મેઘ સમાન એવું **વિજયવર્ધન** નામનું **નગર** છે. ત્યાં શત્રુરૂપી દીપડાને ત્રાસ પમાડવામાં (પરાભવ કરવામાં) શાર્દૂલ સમાન એવો **શાર્દૂલ** નામનો **રાજા** છે. તેની સર્વ લોકોને આનંદ પમાડનારી **આનંદા** નામની **પટ્ટરાણી** હતી. તે દંપતીને લોકોના મનના તાપને શમાવનારો બાવનાચંદન સમાન **ચંદન** નામનો **પુત્ર** હતો. તે ચંદનને વિષ્ણુ નામના પુરોહિત પુત્ર સાથે, સુધી નામના મંત્રીપુત્ર સાથે અને શંખ નામના શ્રેષ્ઠીપુત્રની સાથે બાળપણથી જ અતિ આનંદકારી એવી ગાઢ મિત્રતા હતી. હવે એક વાર ગુણોની જેમ તે ત્રણે મિત્રો સાથે તે રાજકુમાર ઘોડા ચલાવવાની ક્રીડા કરીને થાકેલો ઘટાદાર શાલવૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠો. ત્યાં એક કાપાલિકને જોઈને તેને નમસ્કાર કર્યા. તેણે પણ આશીર્વાદ આપ્યા કે, "નીચ સ્ત્રીના સુંદર લાવણ્યથી વિડંબના પામતા કામદેવ સમાન હે રાજપુત્ર ! તું નાગકન્યાઓનો સ્વામી થઈશ. (થા.)" તેના આશીર્વાદના વચન સાંભળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમારે તેને કહ્યું, "હે મહર્ષિ ! મનુષ્ય લોકમાં વસનારા એવા મને તમારા આશીર્વાદની સત્યતા કેવી રીતે સંભવે ? = મનુષ્ય એવો હું નાગલોકની કન્યાનો સ્વામી કેમ બની શકું ?" ત્રિદંડીએ પણ કહ્યું, "હે કુમાર ! તું એમ ના બોલ. મારા આશીર્વાદ જ સાક્ષી રૂપ છે. સાધકોમાં અગ્રણી એવા તારા મિત્રોની સહાય હોતે છતે અથવા નિર્વિકલ્પ કલ્પને જાણનારો હું હોતે છતે શું દુઃસાધ્ય છે તારે ? તો પણ તારે પરદેશગમન કરવું જોઈએ. ખરેખર ! જેઓ અનેક આશ્ચર્યમય પૃથ્વીને જોતા નથી તે તો કાયર પુરુષો જ છે. વળી કહ્યું છે કે, "જેઓ વિવિધ આશ્ચર્યમયી સમગ્ર પૃથ્વીને જોતા નથી તેવા કૂવાના દેડકા જેવા ઘરમાં જ ગર્જના કરનારાઓની સાથે ગોષ્ઠી કરવાથી શું ?" આ પ્રમાણે કાપાલિકની વચનરચનાના વિસ્તાર રૂપી ચંદ્રના ઉદયથી રાજપુત્રના મનમાં રાગ રૂપી સાગર ઉલ્લાસ પામવા લાગ્યો. ચંદન તેનો સત્કાર કરીને અને પછી તેને વિસર્જન કરી પોતાના મહેલમાં આવ્યો. હવે મિત્રોની સાથે તે રાજકુમાર રાત્રિમાં કાપાલિક પાસે જઈને નાગલોકની કન્યાના મિલાપના ઉપાયને પૂછે છે.

કાપાલિકે પણ કહ્યું, "હે કુમાર ! સાંભળ. અહીં જ પૃથ્વી રૂપી સ્ત્રીના સ્તનની ઉપમાને વિસ્તારનો વિંધ્યાચલ નામનો પર્વત છે. તેમાં નાગરવેલના સોપારીઓના વૃક્ષોના નિકુંજ વચ્ચે સુવેલ નામના યક્ષનું મંદિર છે. તેની જમણી બાજુની ભીતના ભાગમાં શ્રેષ્ઠ દ્વાર છે. તેમાં કામદેવના ઉન્માદને હરનારી અને યુવાનોને મોહ પમાડનારી પાતાલકન્યાઓ છે. તે સાહસિક શિરોમણી એવા તને ઉપભોગ કરવા યોગ્ય બનશે." કામવાસનાને ઉત્તેજિત કરનારી તેની વાણી સાંભળીને કુમાર વિષયાભિલાષી થયો અને પિતાને જણાવ્યા વિના મિત્રોથી યુક્ત એવો તે કાપાલિકની સાથે જવા ઉત્સુક થયો. ત્યારે તેના મિત્રોએ કહ્યું, "હે કુમાર ! હે પૃથ્વીના આધાર ! નીતિ વિચારમાં ચતુર ! આપણાથી અપરિચિત આ ત્રિદંડીનો વિશ્વાસ કરવો યોગ્ય નથી. વળી કહ્યું છે કે, "નારીનો, મૂર્ખનો, તિરસ્કાર કરેલા શત્રુનો અને જેના શીલ સદાચાર જાણ્યા નથી એવી વ્યક્તિઓનો વિદ્વાનો ક્યારેય વિશ્વાસ કરતા નથી." આ પ્રમાણે મિત્રોના વચન રૂપી શુકનને અવગણીને રાજકુમાર તે ત્રિદંડીની સાથે ચાલતા યક્ષના મંદિરે આવ્યો. (આ ચારે મિત્રો કાપાલિકની સાથે વિંધ્યાચલ પર્વતની ગુફામાં યક્ષ મંદિરે ગયા.) ત્યાં ધનથી ચાર બકરાને ખરીદી કાપાલિકે આ ચારે મિત્રોને એકેક આપ્યા અને અનાર્ય ચારિત્રવાળા તેણે તેઓને કહ્યું, "હે ઉત્તરસાધકો ! પ્રથમ તમારે સાધ્યની સિદ્ધિ માટે પૂર્વે પૂજા કરેલા આ યક્ષની આગળ ચંદનથી તિલક કરેલા આ એક-એક બોકડાનો યક્ષની સામે બલિ આપીને, બંને આંખો બંધ કરી નતમસ્તકે યક્ષના પગમાં નમીને ઉભા રહો. આ વચન તમારે અન્યથા કરવા યોગ્ય નથી." આ સાંભળીને અવિવેકી રાજપુત્રાદિ ત્રણે જણાએ કાપાલિકે કહ્યું તેમ કર્યું પરંતુ શંખ જેવા નિર્મલ આશયવાળો શ્રેષ્ઠીપુત્ર શંખ વિચારે છે, "હ હા ! જીવોની હિંસારૂપ પાપથી મૂઢ જીવોને વિદ્યાની સિદ્ધિ કેમ થાય ? ખરેખર ! સિદ્ધિ તો ધર્મથી જ થાય છે, બીજાથી નહિ. અહાહા ! પાપીઓ ક્ષણિક સુખને માટે શા માટે જીવોનો વધ કરે છે ? વળી કહ્યું પણ છે કે, "ક્ષણમાત્ર સાંસારિક સુખની ખાતર જે મહામૂઢ પુરુષો જીવોને હણે છે તે રાખ ખાતર હરિચંદનના વૃક્ષોને બાળે છે." એમ વિચારીને શંખ, કાપાલિક વડે પ્રેરણા કરવા છતાં પણ યક્ષની પૂજા કરતો નથી. કેમકે જે જીવોએ તત્ત્વજ્ઞાન મેળવ્યું છે તેઓ ક્યારે પણ ઉન્માર્ગમાં એક પગલું પણ ભરતા નથી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આ બાજુ રાજપુત્રાદિ ત્રણે આંખ બંધ કરી, યક્ષના ચરણમાં નમન કરવા માટે પૃથ્વીતલ ઉપર માથું મૂક્યું તેટલામાં તો માયાવી કાપાલિકે ભયંકર તલવાર વડે બકરાની જેમ તે ત્રણેના મસ્તક વધેરી નાંખ્યા અને પછી તે પાપી શંખનું મસ્તક છેદવા દોડે છે તેટલામાં તો તેના પુણ્ય બળથી યક્ષ પ્રત્યક્ષ થાય છે અને કહે છે, "અરે ઓ પાપી તાપસ ! દાંભિક શિરોમણિ ! તું અહીંથી દૂર ચાલ્યો જા. દ્રોહ વિના આને મારવા તું સમર્થ નહીં બની શકે." આમ કોપાયમાન થયેલા યક્ષને સંતોષ પમાડી પાખંડી ચાલ્યો ગયો અને આ બાજુ શંખે પણ બકરાને લઈને અન્ય સ્થાને છોડી દીધો. અને વિચારવા લાગ્યો, "હા ! આત્માને નહિ જાણનારા મારા મિત્રોએ આત્માનો કેમ નાશ કર્યો ? ખરેખર ! પાખંડીઓ ઠગવામાં જ ચાલાક હોય છે. નિર્દય ખલ પુરુષોની સંગતિ તેના સંગ કરનારનો જ નાશ કરે છે. મિત્રોનો ઘાત જોનારા એવા મને પણ હવે જીવવાથી શું ? હવે હું સ્વજનોને મારું મુખ કેમ બતાવીશ ? તેથી હવે હું તેવા સ્થાનમાં (દેશમાં) જાઉં છું કે જ્યાં કોઈ પોતાના સ્વજનો ન હોય." એમ વિચારી તે વત્સદેશમાં આવ્યો.

હવે માર્ગમાં આગળ ચાલતાં (કોઈ એક ગામમાં) સુબુદ્ધિ નામના શ્રાવકની સાથે મિત્રતા થઈ. એકવાર તેણે શંખને દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે શંખે પણ પોતાની સર્વ હકીકત તેને કહી. તત્ત્વજ્ઞ એવા તેણે તેને અભિનંદન આપ્યા." ખરેખર ! તું ધન્ય છે કે બકરાનું રક્ષણ કરવા દ્વારા તેં તારા આત્માનું અને ધર્મનું પણ રક્ષણ કર્યું છે. અને કહ્યું છે કે, "અર્થ અને કામના અર્થી લોકો, અર્થ-કામને ઉત્પન્ન કરનાર ધર્મનો નાશ કરે છે તો જાણે મત્સરથી જ ન હોય તેમ અર્થ-કામ, તેઓનો મૂળથી નાશ કરે છે. વળી તે ધર્મનું ફલ (હમણાં જ) જોયું છે તો તે ધર્મ જ તને કામ-અર્થ આપશે." પછી તે સુબુદ્ધિ શ્રાવકે ધર્મબંધુ શંખને દૃષ્ટિવાદ સૂત્રના સારભૂત પંચ પરમેષ્ઠી નમસ્કાર મંત્ર આપ્યો અને કહ્યું, "હે ભાઈ ! અવંધ્યફલવાળા, ચિંતામણી રત્નથી પણ અધિક વાંછિતને આપનારા, સર્વ ક્ષુદ્રોપદ્રવનો નાશ કરનારા એવા આ મહામંત્રનું તું હંમેશા ત્રણે સંધ્યાએ ધ્યાન કરજે. વળી હૃદયમાં જીવદયા ધારણ કરજે. કહ્યું છે કે, "પર્વતોમાં મેરૂપર્વત, દેવોમાં જેમ ઈંદ્ર મહારાજા પ્રધાન છે તેમ સર્વ ધર્મોમાં જીવદયા પ્રધાન છે. વળી સુવર્ણ-ગાય-પૃથ્વીનું દાન દેનારા દાતાઓ જગતમાં સુલભ છે પણ લોકમાં પ્રાણીઓને અભયદાન આપનાર પુરુષ દુર્લભ છે. મોટા દાનનું ફળ પણ કાળે ક્ષય પામે છે પણ ભયભીત બનેલા જીવોને અભયદાન દેવાથી મળતું ફળ ક્યારેય નાશ પામતું નથી." આ પ્રમાણે સુબુદ્ધિ શ્રાવકે સમજાવેલું ધર્મનું રહસ્ય હૃદયમાં સ્થિર કરી શંખ એક સાર્થની સાથે આગળ ચાલ્યો. કેટલોક રસ્તો પસાર કરી રાત્રિકાલે કોઈક જગ્યાએ પડાવ નાંખ્યો. ત્યાં ભિલ્લ લોકોએ ધાડ પાડી. તેથી કેટલાક પુરુષોના પ્રાણ ચાલ્યા ગયા. કેટલાક પુરુષો આકુળ-વ્યાકુળ થઈ ગયા, કેટલાક ત્રાસી ગયા, કેટલાક પ્રહારોથી જર્જરિત થયા. તો કેટલાક પુરુષોને બંદીવાન બનાવ્યા. એમાં અકૃત્ય કરનારા ભિલ્લોએ દશમાં શંખને બંદીવાન બનાવી ભીમ પલ્લી-પતિને બતાવ્યો. તેણે પણ તેમને આદેશ કર્યો કે, "જ્યાં સુધી હું અગિયારમો પુરુષ બાંધીને ન લાવું ત્યાં સુધી આ દશેને તમે બલિદાન માટે દેવીના મંદિરમાં રાખો." તેઓએ પણ સ્વામીના આદેશ મુજબ કર્યું. તે સમયે વિવેકી એવો શંખ તો (આપત્તિકાલ સમજીને) એકાગ્રમનથી પંચપરમેષ્ઠી નમસ્કાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહામંત્રનો જાપ કરતો આનંદમય જ રહે છે. આઠમના દિવસે અગ્યારમો પુરુષ બંદીવાન તરીકે પ્રાપ્ત થતાં ભીમ તે બધાને ચંડિકા દેવીના મંદિરમાં લાવ્યો, દેવીની પૂજા કરી અને પછી દેવીની આગળ પલ્લીપતિએ તલવાર ઊંચી કરીને તે બધાને કહ્યું, "અરે ! ભૂતથી પરાભવ પામેલા મારા પુત્રના જીવિત માટે ચામુંડા દેવીને અગિયાર માનવ મસ્તક વડે બલિ આપીશ." એવો અભિગ્રહ મેં ધારણ કર્યો હતો. તે આજે તમારા મસ્તકનું બલિદાન કરીને પૂર્ણ થશે. માટે હવે તમે તમારા ઈષ્ટ દેવનું સ્મરણ કરી લો. જીવવાનો અભિલાષ છોડી દો. આ નિર્દય એવી તલવાર તમારા ગળાને છેદવા તૈયાર છે." આ પ્રમાણે જ્યાં બોલી રહ્યો છે ત્યાં તો પલ્લીના લોકો દોડતા દોડતા પલ્લીપતિ પાસે આવ્યા અને મોટે-મોટેથી કહેવા લાગ્યા, "હે પલ્લીપતિ ! તમે જલ્દી-જલ્દી ઘરે આવો. તમારો પુત્ર ભૂત વડે (મૂર્છિત થયો છે) મરણ-દશાને પ્રાપ્ત થયો છે." તે સાંભળીને પલ્લીપતિ તે અગિયારે બંદીવાનોને તેમ જ મૂકી દઈને પુત્ર પાસે ગયો. (ઘણા ઉપાયો કર્યા પણ પુત્ર મૂર્ચ્છારહિત ન થયો.) ત્યારે નવકાર મંત્રના પ્રભાવને જાણતા એવા શંખે એક ભિલ્લને કહ્યું, "જો પલ્લીપતિ આદેશ કરે તો હું પલ્લીપતિના પુત્રને મંત્રના પ્રભાવથી સારો કરું." આ વાત તેણે પલ્લીપતિને જણાવી. પલ્લીપતિએ પણ તેને બહુમાનપૂર્વક બોલાવી પ્રાર્થના કરી, "હે નરવર ! મને પુત્રભિક્ષા આપ." પછી શંખે વિધિપૂર્વક એક વલય દોરી, તેમાં પલ્લીપતિના પુત્રને પોતાની આગળ બેસાડી, પોતે પદ્માસને બેઠો અને તે પુત્રના મસ્તકે હાથ મૂકી કુંભક ધ્યાન દ્વારા શ્વાસને પૂર્યો. પછી હૃદય કમલની કર્ણિકામાં અરિહંતને બિરાજમાન કરી અને બાકીની પાંદડીમાં સિદ્ધાદિની સ્થાપના કરી. તેના પ્રકાશથી જલ્દીથી તેના શરીરમાંથી ભૂતરૂપ અંધકાર દૂર કર્યો. તેથી સજીવન થયેલા પુત્રે "અરે ! આ શું થયું ?" એમ આશ્ચર્ય પામી પિતાને ભેટી પડ્યો. ત્યારે પલ્લીપતિએ શંખને કહ્યું, "હું તમારા ઉપર ખુશ થયો છું. હું તારો કિંકર છું. કહો ! તમારું પ્રિય શું કરું ?" શંખે કહ્યું, "હે પલ્લીપતિ ! આ બંદીવાન માણસોને છોડી દો." પલ્લીપતિએ પણ શંખના વચનથી તે સર્વેને ભોજન કરાવી, સત્કાર કરીને છોડી દીધા. અને તેના વચનથી "નિરપરાધી જીવોની હિંસા ન કરવી" એમ ઉદ્‌ઘોષણા કરાવતો પલ્લીપતિ શંખની પ્રશંસા કરવા લાગ્યો, "અહો ! આના મંત્રનો પ્રભાવ તો જુઓ ! અહો ! આનો સર્વ જીવો પરનો કેવો અતુલ્ય વાત્સલ્ય ભાવ ! અહો ! કેવો પરોપકારનો વ્યાપાર ! અહો ! કેવી નિરીહતા ! પછી તો પલ્લીપતિ શંખને તેને ત્યાં જ રાખે છે અને તેને ગુરુની જેમ આરાધે છે.

હવે એક વાર પિતાના દર્શન માટે ઉત્કંઠિત થયેલા શંખને પલ્લીપતિએ ઘણું ધન તથા સેવકો આપીને પિતાની પાસે પહોંચાડીને પોતે કૃતાર્થ થયો. ત્યાં શંખે પણ ત્રણે મિત્રોની તથા પોતાની સર્વ હકીકત જણાવી ત્યારે ઘરના સર્વે પરિવારો તે સાંભળી ઘણું જ દુઃખ અને આશ્ચર્ય પામ્યા. ત્યારપછી ઘણા ધનનો વ્યય કરી જૈનશાસનની ઉન્નતિને કરતો, નિરૂપમ કરૂણારસને પોષતો, તપ, શીલ, ભાવના વડે પુણ્યોપાર્જન કરીને દેવલોકમાં દેવ થયો.

હવે દેવભવનું થોડું આયુષ્ય બાકી રહ્યું ત્યારે તે દેવે ભૂમિ ઉપર વિચરતા કોઈ કેવલજ્ઞાની ગુરુને પૂછ્યું, "હે ભગવન્ ! મને (આવતા ભવમાં) મનુષ્ય ભવમાં બોધિબીજની પ્રાપ્તિ કેમ થશે ?" ત્યારે ગુરુજીએ કહ્યું, "તું હસ્તિનાપુર નગરમાં સુરનર રાજાનો પુત્ર જય નામે (રાજા) થઈશ. (અને આ ત્રણે તારા મિત્રો ત્યાં પણ તારા મિત્ર થશે. ત્યાં ચિત્રના



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવલોકનથી મિત્રોની સાથે તને બોધિબીજની પ્રાપ્તિ થશે." આવું સાંભળી તે દેવે જ સ્વપ્નમાં સુરનર રાજાને આદેશ કર્યો અને ભીંતમાં (આવું પૂર્વભવના વૃત્તાંતવાળું ચિત્ર બનાવરાવ્યું.) પૂર્વભવનો વૃત્તાંત લખાવ્યો. તે જ શંખનો જીવ હું જય નામે રાજા થયો છું અને આ ત્રણે મારા મિત્રો થયા છે. તેથી ચિત્રને જોતાં જ અમને મોહ અને જાતિસ્મરણ જ્ઞાન થવાથી અમને સર્વેને મૂર્છા આવી છે." આ પ્રમાણે મિત્ર સહિત જયરાજાનું ચરિત્ર સાંભળીને અનેક લોકોના ચિત્તમાં કરૂણા રૂપી અમૃતનો સાગર ઉત્પન્ન થયો. અને તે સર્વે ધર્મતત્ત્વને જાણકાર થયા. ચૈત્યોનો ઉદ્ધાર, પંચ પરમેષ્ઠી મહામંત્રનું સ્મરણ તથા અમારિ ઘોષણાને કરાવતા તે સર્વે દેવોની જેમ સુખોને અનુભવતા પરસ્પર પ્રીતિવાળા થઈને રહે છે.

હવે જયરાજા પણ મિત્રોની સાથે સદ્‌ગુરુના ચરણકમલમાં ચારિત્ર રૂપી ચિંતામણી રત્નને પ્રાપ્ત કરી, તેનું સુંદર આરાધન કરી, પછી અનંત સુખ રૂપી લક્ષ્મીને પામ્યા = **મોક્ષને પામ્યા.**

આ પ્રમાણે જયરાજ રાજવીના કૃપાના તત્ત્વભૂત એવા ચરિત્રને સાંભળીને હે ભવ્ય જીવો ! શિવરૂપી લક્ષ્મીના સંગમને માટે સમ્યક્ત્વ રહસ્યના લક્ષણભૂત (અનુકંપા) વિષે યત્ન કરો.

**અનુકંપાના વિષયમાં જયરાજની કથા પૂર્ણ થઈ.**

## પાંચમા આસ્તિક્ય નામના સમ્યક્ત્વના લક્ષણને કહે છે :

## अत्थिक्कं पच्चओ वयणे ॥ ४५ ॥

**ગાથાર્થ : પ્રભુએ કહેલા વચન ઉપર શ્રદ્ધા (વિશ્વાસ) તે પાંચમું આસ્તિક્ય નામનું લક્ષણ છે.**

**ટીકાર્થ :** જીવ-અજીવ-પુણ્ય-પાપ, પૂર્વભવ-પરભવ આદિ પરોક્ષ તત્ત્વો અવશ્ય છે જ એવી મતિ જેની છે તે આસ્તિક. તેનો જે ભાવ અથવા કર્મ તે આસ્તિક્ય. બીજા તત્ત્વોનું શ્રવણ કરવા છતાં પણ '*वचने*' = જિનેશ્વર ભગવંતે કહેલા તત્ત્વનો-વચનનો નિરાકાંક્ષભાવે જે સ્વીકાર કરવો તે આસ્તિકતા. ખરેખર ! ધર્મ રૂપ આસ્તિક્ય વડે જ જીવનું અપ્રત્યક્ષ એવું સમ્યક્ત્વ ઓળખાય છે

વળી આગમમાં પણ કહ્યું છે કે, "તે જ સાચું અને નિઃશંક છે જે જિનેશ્વર ભગવંતે કહેલ છે એવું જે માને છે અને શંકાદિ દોષથી રહિત એવો શુભ પરિણામ તે સમ્યક્ત્વ છે. આ પ્રમાણે ગાથાના ચતુર્થ પાદનો અર્થ કહ્યો. ભાવાર્થ તો **પદ્મશેખર** રાજાની કથાથી કહેવાય છે. અને તે આ પ્રમાણે :

ઉત્તમ પુરુષોએ જેમાં વાસ કર્યો છે એવું, સારા રત્નોથી શોભતું, ખાર ગુણથી રહિત તથા સાગરના નીર સરખું **પૃથ્વીપુર** નામનું શ્રેષ્ઠ નગર છે. ત્યાં સ્ત્રીઓથી શોભતા પડખાવાળો, લક્ષ્મીવાન, ચક્રથી ભુવનતલને જીતનાર, ઉત્તમ પુરુષોમાં શ્રેષ્ઠ એવો **પદ્મશેખર** નામે **રાજા** હતો. **વિનયંધર** આચાર્યની પાસે જીવાદિ નવતત્ત્વોના પરમાર્થને સમ્યક્ પ્રકારે જાણીને વજ્રલેપની જેમ તે તેને હૃદયમાં ધારણ કરે છે. જેમ શ્રેષ્ઠ સારથી વૃષભનું દમન કરી તેને માર્ગે લાવે તેમ તે રાજા પણ (પોતાના રાજ્યમાં) જે જીવોને (જૈનધર્મને) ન માને, તથા જૈનધર્મનું જે બહુમાન ન કરે તેને દમન અને શિક્ષા દ્વારા માર્ગમાં લાવે છે.

તે રાજા લોકો સમક્ષ ધર્મગુરુઓની આવી પ્રશંસા કરે છે કે જૈન ગુરુઓ અલ્પ પણ પ્રમાદ કર્યા વિના લોકોને જીવદયા સમજાવે છે. વળી જેના કષાયો ચાલ્યા ગયા છે એવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ નાસ્તિકોને વાદમાં સરસ્વતી દેવીની કૃપાથી જીતે છે. સર્વ જીવો ઉપર સર્વકાલે કરુણા કરવામાં જ ઉદ્યમશીલ હોય છે. દુર્ધર એવા પ્રમાદરૂપી હાથીને હણવામાં સિંહ જેવા ધર્મગુરુઓ હોય છે. કામવાસના નષ્ટ કરેલી હોવા છતાં સિદ્ધિરમણીને પરણનારા હોય છે. સર્વથા પરિગ્રહનો ત્યાગ કર્યો હોવા છતાં ચારિત્રરૂપી રત્નને ધારણ કરનારા હોય છે. નિરૂપમ ઉપશમ રસથી ભરેલા હૃદયવાળા સદા અનુકંપામાં તત્પર હોય છે. રાગ-દ્વેષથી મૂકાયેલા આ ગુરુઓ ભવથી વિરક્ત હોય છે. આવા પ્રકારે જૈનધર્મગુરુઓના ગુણોને લોકો સમક્ષ રાજા અત્યંત ભક્તિભાવથી વર્ણવે છે. વળી લોકોને સમજાવે છે કે મનુષ્યભવ, શ્રેષ્ઠ ધર્મ અને ચારિત્રસંપન્ન ગુરુ... આ બધું પણ આ સંસારમાં સર્વ પ્રાણીઓને બહુ દુર્લભ છે. આવા પ્રકારના ગુણગણથી ગુંફિત એવા ગુરુઓને જે સેવે છે તે ધન્ય છે. તેનાથી પણ અધિક ધન્ય તે છે કે જેઓ તેમના વચન રૂપી અમૃતનું પાન કરે છે." આવા પ્રકારના વચનરસથી કેટલાય જીવોના ચિત્તમાંથી પાપકર્મોનું પ્રક્ષાલન કરી રાજા લોકોને જિનધર્મમાં સ્થાપે છે = સ્થિર કરે છે.

રાજાની આવી બધી વાતો સર્વ લોકો માને છે પરંતુ તે જ ગામમાં રહેવાવાળો વિજય નામનો એક શ્રેષ્ઠીપુત્ર ન માનતો છતો રાજાને કહે છે, "ધર્મગુરુઓનું તમે જે જે વર્ણન કરો છો તે સર્વે તૃણતુલ્ય છે. કારણકે પવનથી લહેરાતી ધજા જેવું ચંચળ ચિત્ત કેમ સ્થિર કરી શકાય ? પોત પોતાના વિષયમાં આસક્ત એવી પાંચે ઈન્દ્રિયો કાબુમાં કેમ રહી શકે ? તથા દુઃખી માણસો અહીં પીડા અનુભવે તેના કરતાં મારવા સારા કારણકે તેઓ મરી જવાથી પોતાના કર્મો પણ પૂર્ણ થઈ જવાથી હે રાજન્ ! સદ્ગતિમાં જ જાય છે. વળી જીવો અપ્રમાદથી મોક્ષસુખને પામે છે આવી તારી મોક્ષની વાતો તો ઝેર હરનારા સર્પના મસ્તકના મણિને લેવાના ઉપદેશ તુલ્ય છે." આમ વાચાલ એવો આ શ્રેષ્ઠિપુત્ર ભદ્રિક લોકોને આવું આવું સમજાવીને સાચા માર્ગથી પતિત કરે છે. તેથી તેના પ્રતિબોધ નિમિત્તે રાજા પોતાના યક્ષ નામના એક પુરુષને આદેશ કરે છે કે, "તારે કોઈપણ રીતે વિજયની સાથે મૈત્રી કરીને, તેને વિશ્વાસમાં લઈને, મારા આ અલંકારો, તેના અલંકારો રાખવાની પેટીમાં તેના અલંકારો સાથે મિશ્ર કરી દેવા." રાજાની આજ્ઞાથી તેણે પણ વિજયની સાથે ગાઢ મૈત્રી કરીને, વિશ્વાસમાં લઈને અવસર આવે છતે તેમ કર્યું અને રાજાને કાર્ય કર્યાની જાણ કરી.

હવે રાજાએ પણ પડહ વગડાવવા પૂર્વક ઘોષણા કરાવી કે, "રાજાના આવા આવા અલંકારો ચોરાયા છે, તે જેને પણ મળ્યા હોય (જેના ઘરે આવ્યા હોય) તે જો રાજાને આપી જશે તો તેને કાંઈ પણ શિક્ષા નહીં થાય અને જે નહીં આપે ને પછીથી તપાસ કરતા તેના ઘરમાંથી નીકળશે તો તેને મહાદંડ કરવામાં આવશે." કોઈએ પણ રાજાના અલંકારો અર્પણ ન કર્યા એટલે રાજસેવકો ઘરે-ઘરે તપાસ કરે છે. અને તપાસતાં તપાસતાં અનુક્રમે વિજયના ઘરે આવે છે, અને વિજયની અલંકારની પેટીમાંથી તે રાજ અલંકારો કાઢીને (જોઈને) કહે છે, "હે શ્રેષ્ઠિ પુત્ર ! આ શું છે ?" ત્યારે શ્રેષ્ઠિપુત્ર કહે છે, "હું કાંઈ જાણતો નથી = આ અલંકારો અહીં કેવી રીતે આવ્યા તે મને ખબર નથી." તો રાજસેવકોએ કહ્યું, "તમે કેમ જાણતા નથી ? અર્થાત્ તમે ન જાણતા હો એમ કેમ બને ?" રાજસેવકો વિજયને પકડીને રાજા પાસે લાવ્યા. રાજાએ પણ ગુનો પુરવાર થવાથી તેને ફાંસીની સજા ફરમાવી અને વધ કરનારાઓને સોંપ્યો. ચોરીનો માલ સાક્ષાત્ નીકળવાથી નિશ્ચિતપણે તેને ચોર જાણીને કોઈ લોકોએ તેને છોડાવ્યો નહિ. હવે જીવિતથી નિરાશ બનેલો દીન એવો વિજય પોતાના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમમિત્ર યક્ષને કહે છે કે, "હે મિત્ર ! કોઈ પણ રીતે તમે રાજાને મનાવો ને મને પ્રચંડ દંડ આપો પણ મને જીવિતદાન અપાવો." ત્યારે યક્ષ પણ રાજાને સઘળી વાત કરે છે કે, "હે સ્વામી ! કાંઈક દંડ કરી મારા મિત્રને છોડી મૂકો." ત્યારે રાજા વિજયને કહે છે કે, "દુઃખી માણસોને મારીએ તો તે જીવો સદ્‌ગતિમાં જાય છે. આવું તું માને છે તો વધસ્થંભે તું મરીશ તો સદ્‌ગતિમાં જ જવાનો છે તો આનાથી બીજું શું સારું હોઈ શકે ?" ત્યારે વિજય કહે છે કે, "સદ્‌ગતિ કરતાં પણ જીવ જીવવાને જ ઈચ્છે છે, કારણ જીવતો નર ભદ્રા પામે. તેથી હે રાજન્ મને જીવિતદાન આપો." ત્યારે કોપાયમાન થયેલો રાજા કહે છે, "તેલથી સંપૂર્ણ ભરેલું પાત્ર બંને હાથમાં લઈને મારા ઘરથી નીકળી એક બિંદુ પણ ભૂમિતલ ઉપર પડે નહીં તે રીતે આખા નગરમાં ફરી પાછું મારી પાસે લાવે તો જ તને હું જીવિતદાન આપું." આ પ્રમાણે રાજાના વચનને વિજયે પણ જીવવાની ઈચ્છાથી સ્વીકાર્યું.

હવે પદ્મશેખર રાજા ગામના લોકોને કહે છે કે, "આ ગામના તમામ માર્ગો ઉપર બંને બાજુએ મનોહર વીણા - વેણુ - અને મૃદંગાદિ તમામ વાજિંત્રો વગાડો તથા રંભા - તિલોત્તમા - ઉમા જેવી રૂપવાન અને મનોહર શરીરવાળી નાચનારી સ્ત્રીઓના ગણનું નૃત્ય કરાવો. તથા સર્વના મનને તથા ચક્ષુ આદિ ઈંદ્રિયોને ખેંચે એવા ભોગના વિષયો રસ્તાની બંને બાજુ ગોઠવો." આ બધી વ્યવસ્થા થયે છતે વિજય તેલપાત્ર લઈને રાજમાર્ગો ઉપર નીકળે છે. રસ્તાઓ ઉપર સ્થાને સ્થાને અતિશય રસિક વિષયો હોવા છતાં મરણના ભયથી ઈન્દ્રિયોના અને મનના વ્યાપારને રૂંધીને નગરમાં ફરે છે. તેલનું એક પણ બિંદુ નીચે ન પડે તે રીતે સંપૂર્ણ સાવધાનીપૂર્વક નગરમાં ફરીને તેલનું પાત્ર રાજાની પાસે મૂકી, રાજાને નમસ્કાર કરે છે ત્યારે કાંઈક હસીને રાજા તેને કહે છે, "હે વિજય ! ચારે બાજુ મનોહર સંગીત અને નૃત્ય હોવા છતાં વીજળી જેવા ચંચળ મન અને ઈંદ્રિયોને તું કેમ રોકી શક્યો ?" ત્યારે વિજય પણ નમીને કહે છે, "હે સ્વામી ! મરણના ભયથી મન અને ઈન્દ્રિયો રોકી શકાય છે. કારણકે આ જગતમાં 'જીવન' સહુથી વધુ પ્રિય છે." ત્યારે રાજા તેને કહે છે, "જો એક ભવના મરણના ભયથી તું મન અને ઈંદ્રિયોને રૂંધી શકે છે = પ્રમાદનો ત્યાગ કરી શકે છે તો જે ધર્મગુરુઓને ભવોભવના મરણનો = અનંત ભવભ્રમણનો ભય લાગ્યો છે તેવા વૈરાગી મુનિઓ, તત્ત્વને જાણનારા મુનિઓ = ગુરુઓ મન અને ઈંદ્રિયોનો નિરોધ કેમ ન કરી શકે ? અનર્થ કરનારા એવા વિષયોનું શા માટે સેવન કરે ?" આવા રાજાના વચનો સાંભળીને વિલખો થયેલો અને જેનું મિથ્યાત્વ મોહ નાશ પામ્યું છે તેવો વિજય જૈનધર્મનો સ્વીકારનાર બન્યો અને શ્રાવકધર્મને સ્વીકાર્યો. આ પ્રમાણે ઘણા લોકોને જૈનધર્મી બનાવી, આસ્તિકતા ગુણનું પરમ આરાધન કરી **પદ્મશેખર રાજા દેવલોકમાં** ગયા.

પદ્મશેખર રાજાનું આ ચારિત્ર સાંભળીને હે ભવ્ય જીવો ! તમે પણ જીવાદિ તત્ત્વો વિષે આસ્તિકતાની મતિ = શુભ આસ્થા કરો જેથી તમે જલ્દીથી સ્વર્ગાદિ સુખને પામો.

**આસ્તિકતા લક્ષણને વિષે પદ્મશેખર રાજાની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે રૂદ્રપલ્લીય ગચ્છ રૂપી ગગનાંગણે સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર શ્રી **સંઘતિલકસૂરિ** વિરચિત સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિની તત્ત્વકૌમુદી નામની ટીકાને વિષે સમ્યક્ત્વ લક્ષણ સ્વરૂપ **નિરૂપણ નામે આઠમો અધિકાર** પૂર્ણ થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# છ પ્રકારની યતનાદ્વારનો નવમો અધિકાર

**परतित्थियाण तद्देवयाण तग्गहिय चेइयाणं च ।**
**जं छव्विहवावारं न कुणइ सा छव्विहा जयणा ॥ ४६ ॥**

**ગાથાર્થ : અન્ય તીર્થિકોને, અન્ય તીર્થિક દેવોને, તેમણે ગ્રહણ કરેલી પ્રતિમાને જે છ પ્રકારનો વ્યવહાર કરતો નથી તે જ છ પ્રકારની જયણા જાણવી.**

**ટીકાર્થ :** 'परतीर्थिकानां' = અન્યધર્મી લોકોના જે જે ધર્મગુરુઓ હોય જેવા કે (સંન્યાસી, જોગી, ફકીર, પાદરી, બાવા, યતિ વિગેરે) પરિવ્રાજક, ભિક્ષુક, અક્ષપાદ, કપિલ આદિ મિથ્યાદષ્ટિઓને તથા 'तद्देवतानां' = તેમના જે-જે દેવો હોય જેમ કે બુદ્ધ, શંકર, વિષ્ણુ, બ્રહ્મા, હનુમાનજી, ઈસુ વિગેરે તથા 'तद्गृहीतचैत्यानां' = તેઓની માલિકી થઈ ચુકી હોય એવી અર્થાત્ તેમની માન્યતા અનુસાર પૂજનવિધિ કરતા હોય તેવી જિનેશ્વર પરમાત્માની મૂર્તિ આદિ હોય તે ત્રણેની સાથે વંદનાદિ રૂપ છ પ્રકારનો વ્યવહાર કે જે આગળની ગાથામાં કહેવાશે તે ન કરવો, તે સમ્યક્ત્વ વ્રતની છ પ્રકારની જયણા શાસ્ત્રકારો કહે છે. એ પ્રમાણે ગાથાર્થ છે. તે યતનાના છ પ્રકારને કહે છે.

**वंदणनमंसणं वा दाणाणुपयाणमेसि वज्जेई ।**
**आलावं संलावं पुव्वमणालत्तगो न करे ॥ ४७ ॥**

**ગાથાર્થ : પૂર્વે કહેલા ત્રણે મિથ્યાદષ્ટિઓ સાથે વંદન-નમન-દાન-અનુપ્રદાનનો ત્યાગ કરે તથા તેઓએ પહેલા બોલાવ્યા વગર તેઓની સાથે આલાપ-સંલાપ ન કરે.**

**ટીકાર્થ :** 'वा' અહીં સમુચ્ચયના અર્થમાં છે. 'एतैः' પૂર્વે કહેલા મિથ્યાદષ્ટિઓની સાથે વંદન-નમન-દાન-અનુપ્રદાનનો ત્યાગ કરે તથા 'पूर्वमनालपितः' પહેલા તેઓએ બોલાવ્યા વિના તેઓની સાથે આલાપ-સંલાપ ન કરે એ પ્રમાણે દ્વાર ગાથાનો અર્થ છે. એના સ્વરૂપનું વર્ણન આગળની ગાથાઓ વડે કહે છે. તેમાં છ જયણામાંથી પ્રથમની બે પ્રકારની યતનાને હવે કહે છે.

**પહેલી - બીજી જયણાનું સ્વરૂપ કહે છે :**

**वंदणयं करजोडणसिरनामण पूयणं च इह नेयं ।**
**वायाइ नमुक्कारो नमंसणं मणपसाओ अ ॥ ४८ ॥**

**ગાથાર્થ : હાથ જોડવા, શીર્ષ નમન કરવું, પુષ્પાદિ વડે પૂજન કરવું તે પ્રથમ વંદના નામની જયણા કહેવાય છે. તથા વાણીથી તેઓની સ્તુતિ કરવી, તેઓને જોઈને મન પ્રસન્ન થવું, ગૌરવપૂર્વક આનંદિત થવું તે નમન નામની બીજી જયણા જાણવી.**

**ટીકાર્થ :** બે હાથ જોડી માથું નમાવી પ્રણામ કરવો તે વંદન કહેવાય છે તથા પુષ્પ-ધૂપ-દીપાદિ વડે પૂજા કરવી તે જિનશાસનમાં વંદન કહેવાય છે. તે પરતીર્થિકોને ન કરવું. વળી કહ્યું છે કે, "અન્યધર્મી લોકોના તાબામાં હોય તેવી જિનપ્રતિમાઓને વંદન-સ્તવના ભક્તિ વર્જવી જોઈએ તથા એવા તે અન્યધર્મીઓનો સત્કાર-સન્માન-દાન-વિનય પણ વર્જવો." આ વંદન નામની **પ્રથમ** જયણા છે. તથા સૂર્યાદિ દેવના તેવા તેવા પ્રકારના

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોવાળા ગદ્ય કે પદ્ય વડે વર્ણન=સ્તવના કરવી. માત્ર વાચિક સ્તવના નહીં પરંતુ **મનઃ પ્રસાદઃ** = મિથ્યાદૃષ્ટિ દેવોને-ગુરુ આદિને જોઈ ખૂબ આનંદિત થવું, પરમ પ્રીતિ થવી, મન પ્રસન્ન થવું. તે નમન નામની **બીજી જયણા** જાણવી. આ પ્રમાણે ગાથાર્થ કહેવાયો. ભાવાર્થ તો સંગ્રામસૂરના દૃષ્ટાંતથી સ્પષ્ટ જણાવાય છે અને તે આ પ્રમાણે :

આ જ જંબૂદ્વિપમાં ભરતક્ષેત્રના મંડનભૂત, સ્વર્ગપુરીની શોભા અને કંદર્પનું ખંડન કરનાર, ચારે બાજુ પ્રફુલ્લિત વનખંડોથી શોભિત એવું **પદ્મિનીસંડ નામનું નગર** છે. જ્યાં મણિમય ભવનોના રત્નોની પ્રભા વડે રાત્રિનો વિભાગ સર્વથા જણાતો નથી. અને તેથી જ ઘુવડાદિ પક્ષીઓનો પદસંચાર ક્યારે પણ જણાયો નથી. ત્યાં અતિશય પરાક્રમી એવો **સૂરસેન** નામે **રાજા** હતો, કે જેના જય-વિજયથી ઉત્તુંગ પ્રતાપ રૂપી વૃક્ષ તારાના બ્હાનાથી આજે પણ આકાશમાં પ્રફુલ્લિત દેખાય છે. તેનો નિરૂપમરૂપથી જયંતકુમારને પણ જીતનારો, બંને પ્રકારના સંગ્રામમાં શૂરવીર એવો **સંગ્રામસૂર** નામનો **કુમાર** હતો. તે પુત્ર બાલ્યાવસ્થાથી જ શિકારનો શોખીન થયો ને તેથી જ તે હલકા મિત્રોની સંગતિએ ચડ્યો. એકવાર તેણે પોતાના શિકારના વ્યસનને પોષવા માટે પરદેશથી કેટલાક કૂતરાઓને મંગાવ્યા. ત્યારે એકવાર તેના પિતાએ કહ્યું, "હે પુત્ર ! તું શિકાર ન કર. નિરપરાધી જીવોને હણવામાં શું પુરુષાર્થનું માહાત્મ્ય છે ? તેથી નરકનું કારણ અને પૂર્વપુરુષોના યશ રૂપી પ્રાસાદને મલીન કરનાર એવા શિકારનું વ્યસન તું તજી દે. જો એમ ન કરે તો મારું નગર ત્યજીને ચાંડાલની જેમ રહે કે જ્યાં હું તારું મુખ પણ જોઉં નહિ." પિતા વડે આ રીતે તિરસ્કારાયેલો તે ગામની બહાર એક સંનિવેષ કરીને રહે છે અને દરરોજ સવારે ઉઠીને ક્રૂર પ્રકૃતિવાળા મિત્રોની સાથે અરણ્યમાં જઈ અશરણ્ય એવા મૃગાદિ જીવોને હણીને આજીવિકા ચલાવે છે.

એક વખત શિકાર માટે ઘરે રાખેલા કેટલાક કૂતરાઓને ઘરમાં રાખીને તે સંગ્રામસૂર કોઈપણ પ્રયોજનના વશથી ગ્રામાન્તર ગયો. તે જ સમયે તેના ઘરની સમીપમાં જ રહેલા ઉપાશ્રયમાં શ્રુતકેવલી અને અવધિજ્ઞાની એવા શ્રી **શીલંધરાચાર્ય** સમોસર્યા. ત્યારે તે કૂતરાઓના પ્રતિબોધને માટે સૂરિજી મધુર વાણીથી આ પ્રમાણે સિદ્ધાંતના રહસ્યને બોલે છે, "ક્ષણમાત્રના સુખની ખાતર જે મહાપાપી જીવો નિરપરાધી જીવોને હણે છે તે રાખ જેવી તુચ્છ વસ્તુ માટે હરિચંદન વૃક્ષના વનને બાળે છે. જે જીવો દયારહિત થઈને બીજો ધર્મ કરે છે તે ઉત્તમ હાથીને છોડીને છેદાયેલા કર્ણવાળા ગધેડા ઉપર આરોહણ કરે છે. જે સમુદ્રના જલના બિંદુઓનું માપ જાણે છે, જે ગગનમાં રહેલા નક્ષત્રોનું પ્રમાણ જાણે છે તે જ જ્ઞાની અભયદાનમાં કેટલું પુણ્ય છે તે વર્ણવી શકે છે." આવા વચનોને સાંકળથી બંધાયેલા તે સર્વે કૂતરાઓ એકાગ્ર મનથી સાંભળતા ચૈતન્ય પ્રગટ થવાથી આ પ્રમાણે વિચારે છે કે, "અહાહા ! પુણ્ય-પાપના વિપાકોને નહીં જાણતા એવા મૂઢ અમારા વડે પારકાના (સંગ્રામસૂરનાં) કાર્યો કરવામાં તત્પર થઈને અમારો આત્મા નરકના અંધકૂવામાં કેમ પડાયો ? = અમારો આત્મા નરકનો અધિકારી કરાયો છે. આથી હવે સ્વામી આદેશ કરે તો પણ નરકના માર્ગના હેતુભૂત એવી હિંસા જીવનપર્યંત કરવી નથી. એ જ શ્રેષ્ઠ છે. એટલામાં સંગ્રામસૂર ગ્રામાંતરથી આવ્યો. બીજા દિવસે શિકારને માટે કુંડાળુ વળી બેઠેલા, સાંકળથી બાંધેલા કૂતરાઓને સાથે લઈને અરણ્યમાં જાય છે. ત્યાં હરણોના ટોળાને જોઈને, કૂતરાઓને સાંકળના બંધનથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્ત કરી, હરણોની સામે ધસવા સંગ્રામસૂર પ્રેરે છે, પરંતુ ચિત્રમાં દોરાયેલાની જેમ નિશ્ચેષ્ટ થઈને તે કૂતરાઓ ઉભા જ રહે છે. આ કૂતરાઓ જ્યારે હરણને ભસવા - કરડવા કે મારવા સામે જતા નથી ત્યારે પોતે આ કૂતરાના પાલક તરીકે રાખેલા પુરુષને પૂછે છે. પાલક પુરુષો કહે છે, "હે સ્વામી ! વિશેષ કારણ બીજું કાંઈપણ અમે જાણતાં નથી, પરંતુ આ કૂતરાઓને બાંધવાના સ્થાનની પાસે જ જૈન મુનિઓ વસે છે. તેઓ જીવદયાના શાસ્ત્રો સતત ભણે છે. તે વચનોને સાંભળતા તેઓમાં જીવદયાના પરિણામો ઉત્પન્ન થયા હોય એમ લાગે છે." આ સાંભળીને જેને ચેતના (ચૈતન્ય) પ્રાપ્ત થઈ છે એવો તે કુમાર વિચારવા લાગ્યો, "અહો ! અહો ! આ મહર્ષિઓનો મહિમા તો જુઓ... કે જેમણે આ પશુઓને પણ આ રીતે પ્રતિબોધ પમાડ્યો. એક હું જ મનુષ્ય હોવા છતાં પશુ જેવો છું કે જેથી નિરપરાધી જીવોને મારું છું." એમ વિચારી કૂતરાઓને બંધનથી મુક્ત કરી કુમારે કહ્યું, "ઓ કૂતરાઓ ! જેનાથી તમે પ્રતિબોધ પામ્યા તે ગુરુની પાસે મને પણ લઈ જાઓ = મેળાપ કરાવો.

ત્યારે ધનુષ્યની દોરીમાંથી જેમ બાણ છૂટે તેમ આ કૂતરાઓ ગુરુના ચરણ પાસે પહોંચી, નમન-વંદન કરી તેઓની પાસે હાથ જોડીને બેઠા. કૌતુકથી આશ્ચર્યવાળું થયું છે મન જેનું એવો તે કુમાર પણ તે કૂતરાઓની પાછળ-પાછળ, શિકારના શોખીન એવા મિત્રોની સાથે ગુરુ પાસે આવી, તેમને પ્રણામ કરી, ધર્મમાં જેને શ્રદ્ધા થઈ છે એવા તે કુમારે કહ્યું, "હે ભગવંત ! અમને પણ ધર્મનું રહસ્ય સમજાવો." ત્યારે ગુરુ ભગવંત પણ તેઓની આગળ આ પ્રમાણે ધર્મની પ્રરૂપણા કરે છે કે, "અઢાર દોષોથી વર્જિત જે દેવ છે તે જ સાચા દેવ છે, માટી અને કંચન જેને સમાન છે તે જ સુસાધુ = સાચા ગુરુ છે, જીવદયા એ જ સાચો સુંદર ધર્મ છે. હંમેશા આ રત્નત્રયીનું સેવન કરવું જોઈએ. જે ભૂતકાળમાં થઈ ગયા છે, વર્તમાનકાળે વિચરી રહ્યા છે, ભવિષ્યકાળે થવાના છે તે ત્રણે કાળના સર્વે અરિહંત ભગવંતો આ પ્રમાણે કહે છે, પ્રરૂપણા કરે છે કે સર્વે પ્રાણીઓ, સર્વે ભૂતો, સર્વે જીવો કે સર્વે સત્ત્વોની હિંસા કરવી નહિ, કરાવવી નહિ, અનુમોદવી નહિ." આ પ્રરૂપણા લોકાલોકના સ્વરૂપને જાણનારા એવા જિનેશ્વર ભગવંતોએ પોતાના શાસનમાં = જિનશાસનમાં કહેલ છે. જેઓએ "પરને પીડા આપવી નહિ" આટલું પણ જાણ્યું નથી તેઓ ક્રોડો પદો ભણે તો પણ તૃણ સમાન છે (તેવા ઘણા અભ્યાસ વડે પણ શું ?)" ગુરુજીએ આપેલા આવા ઉપદેશ રહસ્યને ચિંતામણિ-રત્નની જેમ ગ્રહણ કરીને, સંસાર રૂપી કેદખાનાથી ભયભીત થયેલા તેણે નિરતિચાર સમ્યક્ત્વ યુક્ત નિરપરાધી જીવોના વધની વિરતિનું વ્રત સ્વીકારીને, પોતાના આત્માને કૃતકૃત્ય = ધન્ય માનતો, ધર્મગુરુને નમસ્કાર કરી કુમાર પોતાના ઘરે ગયો. પ્રતિબોધ પામેલા કૂતરાઓ પણ બંધનમુક્ત થઈને તિર્યંચભવને ઉચિત ધર્મનું આરાધન કરતા સુખપૂર્વક રહે છે.

આ બાજુ **સૂરસેન રાજાએ** જાણ્યું કે **સંગ્રામસૂર કુમારે** શિકાર છોડી દીધો છે તેથી તેને બોલાવીને સન્માનપૂર્વક યુવરાજ પદે સ્થાપન કર્યો. તે પણ નીતિપૂર્વક પોતાના પદનું પાલન કરે છે. એક વાર સાગર નામનો કુમારનો મિત્ર દરિયાઈ મુસાફરી દ્વારા ઘણું ધન ઉપાર્જન કરીને ત્યાં આવ્યો અને રાજાને પ્રણામ કરી પોતાના મિત્ર સંગ્રામસૂર પાસે ગયો. તેણે પણ આલિંગન કરી, આસન ઉપર બેસાડી, કુશલ વાર્તા પૃચ્છાપૂર્વક કહ્યું, "હે મિત્ર ! પરદેશમાં ભમતા એવા તેં કોઈ આશ્ચર્ય જોયું ? સાંભળ્યું ?" ત્યારે તે પણ કુમારને કહે છે કે "હે રાજકુમાર ! મેં એક આશ્ચર્યકારી કૌતુક જોયું છે તે તું સાવધાન મનથી સાંભળ. તે આ પ્રમાણે :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગગનતલ સુધી ઉછળતા કલ્લોલોના સમૂહવાળા તથા મત્સ્ય અને કાચબાઓથી ભીષણ એવા મોટા સમુદ્રમાં અમારા વહાણો ચાલતે છતે એક ઉંચા પર્વતના શિખર ઉપર કલ્પવૃક્ષની એક શાખા ઉપર હીંચકા ઉપર રહેલી, અનેક સખીઓની સાથે આનંદ-ગોષ્ઠી કરતી, સર્વ સ્ત્રીઓમાં તિલકભૂત, સુંદર આભૂષણોથી સુશોભિત દેહવાળી = નવયૌવનવાળી, કમળદળ જેવા વિશાળ નેત્રવાળી, વીણાને વગાડતી, મધુર સંગીત વડે કિન્નરીઓને પણ પરાજિત કરતી એવી એક દિવ્ય તરૂણીને જોઈને જેટલામાં અમારા વહાણો ત્યાં પહોંચ્યા તેટલામાં તો અમારા મનોરથોની સાથે જ કલ્પવૃક્ષ સહિત તેણીએ સમુદ્રના પાણીમાં ઝંપાપાત કર્યો = અદશ્ય થઈ ગઈ. તેથી જાણે મારું સર્વસ્વ હરાઈ ગયું હોય, મારું જીવન જાણે નષ્ટ થઈ ગયું હોય તેમ હું ચિંતાતુર બને છતે મારા સેવકે મને પ્રતિબોધ કર્યો કે, “હે સ્વામી ! અહીં જ વસનારી આ કોઈક દેવાંગના મનુષ્યને જોઈને સમુદ્રમાં ડૂબી ગઈ છે = અદશ્ય થઈ ગઈ છે. આ કૌતુક જોઈને હે મિત્ર ! હું અહીં આવ્યો છું.” આવા તેના વચનો સાંભળીને સંગ્રામસૂર પણ કામદેવના બાણથી જર્જરિત શરીરવાળો થયો છતો વિચારવા લાગ્યો, “હું તેને કેવી રીતે (ક્યારે) જોઈશ ?” તેની આવી હઠ જોઈ પિતાએ તેને વાર્યો છતાં તેને જોવાને માટે તે જ મિત્રની સાથે ફરીથી વહાણો ભરીને દરિયાઈ માર્ગે જતાં અનુક્રમે ત્યાં આવ્યા કે જ્યાં તે દિવ્ય તરૂણી ક્રીડા કરતી હતી. તેણી પણ સકલ સંસારના સારભૂત, અતિશય લાવણ્યવંત, કામદેવ સરખા રૂપવાળા તેને જોઈને વ્યાક્ષિપ્ત ચિત્તવાળી થઈ છતી, સંગ્રામસૂરના મનને આકર્ષતી છતી પૂર્વની જેમ દરિયામાં પડી. ત્યારે કુમાર પણ જાણે તેનું સર્વસ્વ હરાઈ ગયું હોય તેમ સાગરને પ્રાર્થના કરવા લાગ્યો, “હે સાગર ! તારો જય થાઓ. સુરરમણીના નિધાન ! ત્રણે ભુવનના દારિદ્રને દૂર કરનાર ! હે સુસ્થિત દેવથી અધિષ્ઠિત સાગર ! કૃપા કરી મને મારી પત્ની આપો.” આ પ્રમાણે બોલતા એવા કુમારે મિત્રાદિ સ્વજનોએ વારવા છતાં, તલવારની સાથે, યંત્રથી છૂટા પડેલા ગોળાની જેમ તેણીની પાછળ જ સમુદ્રમાં ઝંપાપાત કર્યો.

દરિયાના પાણીમાં જ્યાં ઉંડો જાય છે તો જલકાંત મણિથી બનાવેલા સાત માળના પ્રાસાદ = મહેલ ઉપર પડ્યો છતો કુમાર વિચારવા લાગ્યો, “પાણીની અંદર આ સાત માળનો મહેલ અખંડ કેવી રીતે રહ્યો હશે ?” આવો વિચાર કરતાં જ તેને જલકાંત મણિનો પ્રભાવ સ્મૃતિગોચર થયો. તેથી નિર્ભય ચિત્તવાળો તે હવેલીના ઉપલા માળથી ઉતરીને નીચેના સાતમા માળે ગયો. ત્યાં કલ્પવૃક્ષની શાખા ઉપર શોભાયમાન પલંગ ઉપર સૂતેલી અને ઓઢેલા વસ્ત્રવાળી તે જ દિવ્ય રમણીને તેણે જોઈ. તેના દર્શનને માટે ચપળ નયનવાળા કુમારે ઓઢેલું તે વસ્ત્ર દૂર કરી તેના મુખકમલને જુએ છે. તેણી પણ તેના કરસ્પર્શના સુખને અનુભવીને એકદમ ખીલેલા કમળના (આંખો) મૂળમાંથી જાણે છોડાયેલ કટાક્ષથી વિક્ષોભ પામેલી ન હોય તેવી તેણી ઉઠીને કહી છે, “હે સાહસિક શિરોમણિ કુમાર ! તારું સ્વાગત થાઓ. પછી તેનામાં જ મસ્ત બનેલી તેણીએ કુમારને આસન ઉપર બેસાડીને નામ-કુળ-સ્થાનાદિ પૂછ્યા. ત્યારે ઉલ્લસિત આનંદવાળા રાજકુમારે પણ તેણીને કહ્યું, “હે કમલમુખી ! હું સૂરસેન રાજાનો સંગ્રામસૂર નામનો પુત્ર છું તારા દર્શન માટે ઉત્સુક બનેલો હું અહીં આવ્યો છું. હવે તું પણ તારા ચરિત્રને કહીને મારા કાનને આનંદિત બનાવ.” ત્યારે હર્ષથી ઉલ્લસિત શરીર થયું છે જેનું એવી તે બોલવા લાગી, “હે આર્યપુત્ર ! આ જ ભરતક્ષેત્રના રત્નમય વૈતાઢ્ય પર્વત ઉપર દશ યોજનના વિસ્તારવાળી અને સમુદ્ર પર્યંત ફેલાયેલી દક્ષિણ દિશાની શ્રેણી ઉપર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રથનુપૂર** ચક્રવાલ નગરના સ્વામી **વિદ્યુત્પ્રભ** નામના વિદ્યાધર ચક્રવર્તીની મણિમંજરી નામની હું પુત્રી છું. હું જ્યારે યુવાવસ્થા પામી ત્યારે વરની ચિંતાથી વ્યાપ્ત મારા પિતાએ એક નિમિત્તિયાને પૂછ્યું, "હે અષ્ટાંગ નિમિત્તમાં પાર પામેલા ! મારી પુત્રીનો યોગ્ય વર કોણ થશે ?" ત્યારે તેણે કહ્યું, "હે દેવ ! દરિયામાં તમારી કન્યા નિવાસ કરશે અને ત્યાંના પર્વતના શિખર ઉપર, કલ્પવૃક્ષની શાખા ઉપરના પલંગ ઉપર બેઠેલી તે વીણા વગાડતી હશે, ત્યારે તેણીને અનુરૂપ, રૂપથી કામદેવનો પણ તિરસ્કાર કરતો, (હસતો) તેની પાછળ દરિયામાં ઝંપાપાત કરનાર, મેરૂગિરિની જેમ નિષ્પ્રકંપ એવો **સંગ્રામસૂર** તેનો **પતિ** થશે." આવા તે નિમિત્તિયાના વચનથી મારા પિતાએ જલકાંત મણિની આ હવેલી બનાવી આપી છે. તેમાં વીણા વગાડતાં - વગાડતાં મારા ઘણા દિવસો પસાર થઈ ગયા. હવે તો તમે જ પ્રમાણ છો." આ પ્રમાણે પરસ્પર અતિશય પ્રેમપૂર્વક બંનેનો વાર્તાલાપ જ્યાં ચાલી રહ્યો છે ત્યાં અચાનક શું બન્યું તે હવે સાંભળો. **(ઈંદ્ર મહારાજા દેવસભામાં સંગ્રામસૂરના સમ્યક્ત્વ ગુણની પ્રશંસા કરે છે. તે પ્રશંસા સહન ન કરનાર એક દેવ રાક્ષસનું રૂપ કરીને ત્યાં આવે છે ને તેની પરીક્ષા કરે છે.)**

ઉગ્ર ધારવાળી તલવારોનો સમૂહ છે હાથમાં જેને એવો, તાલતમાલ વૃક્ષના પાંદડા સરખો અતિશય કાળા વર્ણવાળો, વિકરાલ એવા ભાલ (કપાળ)થી બીહામણો, એવો એક રાક્ષસ એકદમ પ્રગટ થઈને કુમારને કહેવા લાગ્યો, "હે રાજપુત્ર ! સાત દિવસથી ભૂખ્યા એવા મારું આ કન્યા તો ભક્ષ્ય છે. તેને તું પરણવાને કેમ ઈચ્છે છે ? જો તું એ માટે સાહસ કરીશ તો નક્કી હું તને મારી નાખીશ." એમ કહીને તે રાક્ષસ ભયથી કાંપતા શરીરવાળી તે મણિમંજરી બાળાને પગના તળીયાથી ગળવા લાગ્યો. તે જોઈને કુમાર પણ જેટલામાં ખડગ લઈને રાક્ષસને હણવા જાય છે તેટલામાં તો રાક્ષસે પોતાના ખડગ વડે કુમારનું ખડગ ભાંગી નાંખ્યું. તેથી બાહુયુદ્ધમાં કુશલ એવા કુમારે તેની સાથે બાહુયુદ્ધ કર્યું. તો તેમાં પણ રાક્ષસે તે કુમારને ભૂમિતલ ઉપર પાડીને બંને હાથ પાછળ વાળીને બાંધી લીધો. ત્યાર બાદ કાંઈક હસીને રાક્ષસ કુમારને કહે છે, "હે રાજપુત્ર ! હું આ તારી પત્નીને તો જ મુક્ત કરું કે જો તું મારી ક્ષુધા શાન્ત કરવા માટે બીજી સ્ત્રી આપે. અથવા તો તારા ગામમાં સ્થૂલ સ્તન વાળી ઘણી દાસીઓ છે, તેમાંથી કોઈ પણ એક દાસી મારી ક્ષુધા અગ્નિને ઠારવા માટે આપ. જો આવું કરવા તું સમર્થ ન હોય તો આ ગામની નજીકમાં જ ચરક અને પરિવ્રાજક એવા મારા ધર્મગુરુઓ છે. તેઓના ચરણરૂપી કમલમાં ભ્રમરની લીલાને ધારણ કર = તેઓના ચરણકમલમાં નમી તેમની સેવા કર, અથવા મેં બનાવેલા મંદિરમાં શોભતી એવી ત્રણે ભુવનનું સર્જન - સંહાર અને પાલન કરનારા હરિ - હર અને વિષ્ણુ આદિ ભગવાનની મૂર્તિ છે. તેમાંથી કોઈ પણ એક મૂર્તિને તું ભક્તિ યુક્ત ચિત્તથી પ્રણામ કર. અથવા મારી પ્રતિમા બનાવી તેની હંમેશા પૂજા કર. આમ ઉપરના કાર્યોમાંનું કોઈ પણ એક કાર્ય કરે તો જ આ તારી પત્નીને મુક્ત કરું, નહીંતર એને હું આખીને આખી ખાઈ જઈશ." ત્યારે કુમારે તેને કહ્યું, "હે રાક્ષસ ! મારા પ્રાણ જાય તો પણ જિનેશ્વર પરમાત્મા, સુસાધુ અને સાધર્મિકને છોડીને અન્ય દેવાદિને હું નમસ્કાર કરતો નથી તથા નરકગતિનું મૂળ કારણ એવો જીવવધ પણ સર્વથા કરતો નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે, "સમ્યક્ત્વની વિરાધના અને જીવોનો વધ, એ સર્વ જીવોને માટે અનંતી વાર નરકગતિમાં પતનનો હેતુ બને છે." તેથી હે રાક્ષસ ! તારે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આવું કાર્ય કરવું ઉચિત નથી." ત્યારે રાક્ષસે પણ કહ્યું, "જો એમ જ છે તો અહીં જ જિનાલયમાં વિતરાગની પ્રતિમા છે તેની તું પૂજા કર." આ સાંભળીને હર્ષિત થયેલો કુમાર જેટલામાં ત્યાં અરિહંત પ્રભુની મૂર્તિ જુએ છે તેટલામાં તો તે મૂર્તિની આગળ બૌદ્ધમતમાં વિચક્ષણ, બેંતાલીસ આયતન પ્રરૂપણામાં પ્રવીણ એવા બૌદ્ધ ભિક્ષુઓને તેઓની વિધિ પ્રમાણે તે અરિહંત પ્રભુની મૂર્તિની પૂજા કરતા જોયા. આવા પ્રકારની મિથ્યાદૃષ્ટિ વડે ગૃહીત જિન પ્રતિમાને વંદન-નમન કરવાથી સમ્યક્ત્વની હાનિ થશે એમ વિચારી કુમાર તરત જ રાક્ષસને કહે છે, તમે મારું મસ્તક છેદી નાખો તો પણ આ પ્રતિમાને હું નમીશ નહિ. તેથી વધારે કહેવાથી શું ? તેથી હે રાક્ષસ ! તને ઠીક લાગે તેમ તું કર. (પરંતુ હું ત્યાં નમન નહીં કરું.)

એ સમયે રાક્ષસ વડે વધુ ગળી જવાતી તે બાલા અતિ કરૂણ સ્વરે રડતી અને કંપતી એવી તે વિલાપ કરવા લાગી, "હે નાથ ! આ રાક્ષસ વડે મરાતી એવી તમારી પત્નીનું (મારું) રક્ષણ કેમ કરતા નથી ? જેમ તમે પૂર્વે દુસ્સહ વિરહથી મારું રક્ષણ કરેલું તેમ અત્યારે આ રાક્ષસના મુખથી મારું રક્ષણ કરો, રક્ષણ કરો." આ પ્રમાણે વિલાપ કરતી તે બાળાને કંઠપર્યંત ગળીને રાક્ષસે કુમારને કહ્યું, "હે મૂર્ખ ! **આટલા પ્રમાણમાં ગળે છતે પણ તારી પાસે હું રહસ્યને કહું છું.** જો તું દાસીને આપવાની પણ ના કહેતો હોય તો છેવટે એક બકરો મારા ભોજન માટે આપ. જો તું મારું કહેલું આ ન કરે તો તારી આ ભાર્યાને ગળીને તને પણ ગળી જઈશ. પછી પાછળથી બોલતો નહીં કે મારી આગળ રાક્ષસે હકીકત જણાવી નહીં." ત્યારે સંગ્રામસૂરે તેને કહ્યું, "પ્રલયકાળ આવે તો પણ હું જીવવધવાળું તારું વચન માનીશ નહિ. માટે તારે જેમ કરવું હોય તેમ કર."

જ્યારે કુમાર કોઈપણ રીતે સમ્યક્ત્વથી ચલિત થયો નહીં ત્યારે તે રાક્ષસ (સુંદર કુંડલોથી શોભતા ગંડસ્થલવાળું દિવ્ય રૂપ) પોતાનું મૂલ દૈવી રૂપ પ્રગટ કરીને કુમારની પ્રશંસા કરવા લાગ્યો, "ઉત્તમ પુરુષોમાં શિરોમણિ હે કુમાર ! તું ધન્ય છે, ધન્ય છે. પોતાના નિયમનો પ્રાણાન્તે પણ ત્યાગ કરતા નથી એવા સાહસિક પુરુષોમાં શિખરભૂત ધીર પુરુષોને (તને) લાખ લાખ નમસ્કાર. વળી હે કુમાર ! જે એક સ્ત્રીની ખાતર તેં નગર, સ્વજનો, રાજ્ય અને (દરિયામાં ઝંપાપાત કરવા દ્વારા) જીવન પણ ત્યજ્યું. તે જ તેં ગ્રહણ કરેલો નિયમ પ્રાણાંતે પણ ખંડિત ન કર્યો = ન ત્યજ્યો. તથા સ્ત્રી-ધન-રાજ્યાદિ ખાતર શૂરવીર પુરુષો દરિયામાં ઝંપાપાત કરનારા ઘણા છે, પણ ધર્મમાં નિશ્ચલ તારા સરખા કોઈ વિરલ જ હોય છે.

ખરેખર ! સુધર્મા સભામાં શક્ર સિંહાસન ઉપર બેઠેલા સૌધર્માધિપતિએ સર્વ દેવો સમક્ષ તારા ધર્મની નિશ્ચલતાના વખાણ કર્યા. દેવેન્દ્રના તે વચનની અશ્રદ્ધા કરતો = સહન નહી કરતો હું તારી પરીક્ષા કરવા અહીં આવ્યો. અને તને વહાણમાં બેઠેલો જોઈ વિચાર્યું કે, "જ્યારે આ રાજપુત્ર મણિમંજરીને જોઈને કામાતુર બનશે ત્યારે તેની પરીક્ષા કરીશ. જે કારણથી રાગ રૂપી સાગરમાં ડૂબેલો એવો પુરુષ સ્ત્રીને પ્રાપ્ત કરવા માટે કાર્ય-અકાર્ય કાંઈ પણ વિચારતો નથી. આ કારણથી જ તારા વિવાહ સમયે રાક્ષસનું રૂપ કરીને હું અહીં આવ્યો અને તારી પરીક્ષા પણ મેં સમ્યક્ પ્રકારે કરી છે. હું તારા ઉપર સંતુષ્ટ થયો છું તેથી તું કાંઈક વરદાન માંગ." ત્યારે અત્યંત નિસ્પૃહ એવો સંગ્રામસૂર તેને કહે છે, "હે સુરોત્તમ ! હમણાં મારે કાંઈપણ કામ નથી." પછી તે બંનેના ગાંધર્વ લગ્ન કરાવીને, કુમારની રજા લઈને તે રાક્ષસ (દેવ) પોતાના દેવલોકમાં ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજપુત્ર પણ મણિમંજરીની સાથે વિવિધ પ્રકારના ભોગોને ભોગવતો જલકાંત મણિથી બનાવેલા ભવનમાં રહે છે. તે સમયે પ્રજ્ઞપ્તિ દેવીએ જઈને મણિમંજરીના પિતા આગળ વિવાહ-વૃત્તાંત આદિ સમાચાર જણાવ્યા. મણિમંજરીના પિતા પણ આ સમાચાર જાણી ઘણા ખુશ થયા અને બહુ પરિવાર સાથે આવીને, ઘણા જ માન-સન્માન સાથે, મોટા મહોત્સવપૂર્વક પદ્મિનીસંડ નગરમાં સુખપૂર્વક પત્ની સહિત કુમારનો નગરપ્રવેશ કરાવ્યો.

આ બાજુ સંસારથી ઉદ્વિગ્ન ચિત્તવાળા એવા સૂરસેન રાજાએ પણ સંગ્રામસૂરનો રાજ્યાભિષેક કરી, દીક્ષા લઈને આત્માની સાધનામાં લીન બન્યા. સંગ્રામસૂર રાજા પણ ન્યાય-નીતિપૂર્વક નિરવદ્યપણે રાજ્યને પાળતો છતો અમારિ ઘોષણા તથા અનેક જિનમંદિરો કરાવતો, નિરતિચાર સમ્યક્ત્વયુક્ત શ્રાવકધર્મને પાળીને પાંચમા દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને મોક્ષે જશે.

આ પ્રમાણે સંગ્રામસૂર રાજાનું ચરિત્ર સાંભળીને હે ભવ્ય જીવો ! તમે પણ પરતીર્થિકોને નમસ્કારાદિનો ત્યાગ કરો, જેથી તમે તમારા ઈચ્છિતને પામો.

**પહેલી બે યતનાના વિષયમાં સંગ્રામસૂરની કથા પૂર્ણ થઈ.**

## ત્રીજી-ચોથી જયણાનું સ્વરૂપ

**યતનાના સ્વરૂપે કહે છે :**

**गउरवपिसुणं वियरणमिट्ठासणपाणखज्जसिज्जाणं ।**
**तं चिय दाणं बहुसो, अणुप्पयाणं मुणी बिंति ॥ ४९ ॥**

**ગાથાર્થ : ગૌરવ અને બહુમાનપૂર્વક ઈતરધર્મના સાધુ આદિને મિષ્ટ અશન, પાન, ખાદ્ય પદાર્થો-ઔષધ-નિવાસસ્થાન વિગેરે આપવા તે દાન. અને તેઓને વારંવાર દાન કરવું તે અનુપ્રદાન. (આ બે કાર્યો ન કરવાથી સમ્યક્ત્વ દીપે છે.)**

**ટીકાર્થ : इष्टं** = મનને ઈચ્છિત, આનંદકારી જે ઓદનાદિ રૂપ અશન, **पानं** = દ્રાક્ષનો રસ, શેરડીનો રસ આદિ પાણી. **खाद्यम्** = લીલા કે સૂકા ફળાદિ. **शय्या** = નિવાસ સ્થાન. આ બધું તેઓને ભક્તિપૂર્વક. **वितरणं** = આપવું તે. **गौरवपिशुनं** = તેના મહત્ત્વને વધારે છે. માટે મિથ્યાદષ્ટિઓને દાન ન આપવું જોઈએ તે **ત્રીજી** જયણા છે. ચોથી જયણાને હવે કહે છે - '**तं चियत्ति**' = તે જ = પહેલા કહેલું આ દાન. **बहुशः** = અનેક વાર = વારંવાર દેવું તે અનુપ્રદાન કહેવાય એમ **मुनयो** = મહર્ષિઓ કહે છે. આ **ચોથી** જયણા છે. એવો ગાથાર્થ છે.

**પાંચમી-છઠ્ઠી જયણાના સ્વરૂપને કહે છે :**

**सप्पणयं संभासणकुसलं वो सागयं व आलावो ।**
**संलावो पुणुरुत्तं सुहदुहगुणदोसपुच्छाओ ॥ ५० ॥**

**ગાથાર્થ : મિથ્યાદષ્ટિઓની સાથે સ્નેહપૂર્વક તેની કુશળતા પૂછવી, સ્વાગત કરવું તે આલાપ અને આવું વારંવાર બોલવું તે સંલાપ. તેઓને સુખ-દુઃખ, ગુણ-દોષની પૃચ્છા કરવી તે સંલાપ કહેવાય. (સમકિતી જીવોએ અન્યધર્મીઓની સાથે આવા આલાપ-સંલાપ વર્જી દેવા જોઈએ.)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ : सप्रणयं** = સ્નેહપૂર્વક, હૈયાના સદ્ભાવપૂર્વક **सम्भाषणम्** = બોલવું. **પ્રાકૃત હોવાથી દ્વન્દ્વભાવ તે દોષ માટે નથી.** તે શું બોલે ? તો કહે છે કે (મિથ્યાદષ્ટિ ધર્મગુરુઓની સાથે) "તમારું કુશળ થાઓ, તમારું મંગલ થાઓ, તમારું સ્વાગત હો, તમે ભલે પધાર્યા ઈત્યાદિ માન-સન્માનવાચક શબ્દોથી બોલવું તે આલાપ કહેવાય. તે મિથ્યાદષ્ટિઓની સાથે ન કરવો. મિથ્યાદષ્ટિઓના સંબંધથી-સંસર્ગથી **અત્યંત તીવ્ર લીંબડા જેવા કટુ વિપાકને પામવાનું** સમ્યગ્દર્શન રૂપી આંબાને પણ થવાનો પ્રસંગ આવે છે. વળી આગમમાં પણ કહ્યું છે કે, "આંબાનું વૃક્ષ અને લીમડાનું વૃક્ષ એ બંને વૃક્ષના મૂળિયા (એક જ ભૂમિમાં) ભેગા થયા. (તો આંબાના સંગથી લીમડો મીઠો તો ન થયો) પણ લીમડાના સંગથી આંબો કડવાપણાને પામ્યો = કડવા ફળવાળો થયો. (માટે મિથ્યાદષ્ટિનો સંસર્ગ દોષનું કારણ છે. વર્જ્ય છે.) આ **પાંચમી જયણા** જાણવી.

**હવે છટ્ઠી જયણાને કહે છે : 'संलावुत्ति'** = મિથ્યાદષ્ટિઓને સુખ-દુઃખ, ગુણ-દોષ સંબંધી પૃચ્છા કરવી તે સંલાપ=વારંવાર બોલવું તે કહેવાય છે. તે કેવી રીતે ? તો કહે છે કે, "સાત પ્રકારના સુખોથી શોભતા એવા તમે નિરૂપદ્રવી તો છો ને ?" આવું પૂછવું તે સુખપૃચ્છા કહેવાય. "જાણે રાજા, ચોર, લેણદાર આદિથી પીડાતા હો તમે અત્યારે તમે કયા કારણથી દુઃખી જણાવ છો ? દેખાવ છો ?" આવું પૂછવું તે દુઃખપૃચ્છા કહેવાય. "કયા કયા શાસ્ત્રોની સંગતિ-પરિચય કરો છો ? કયું દાન આપો છો ? ઉદારતા - ધીરતા - વિનય - નીતિ - દાક્ષિણ્યાદિ ગુણોને વિષે પ્રયત્ન કરો છો કે નહિ ?" આવું પૂછવું તે ગુણપૃચ્છા કહેવાય. "જ્વર, ભગંદર, શોષ, વાયુ, પિત્ત, કફ, અતિસાર આદિ કયા રોગ વડે તમે શરીરના કષ્ટને = પીડાને અનુભવો છો ? અથવા ભૂત-પ્રેત-પિશાચ-નાગ-ગ્રહ આદિ કોની પીડાથી શરીરના કષ્ટને અનુભવો છો ?" ઈત્યાદિ પૂછવું તે દોષપૃચ્છા કહેવાય. આ પ્રમાણે મિથ્યાદષ્ટિઓની સાથે સંલાપ કરવો તે ભયંકર દુર્ગતિના પતન માટે છે. માટે જ ભગવાને નિષેધ કરેલ છે કે, "આજથી માંડીને મારે અન્ય ધર્મીને, અન્યધર્મીના દેવને, અન્ય ધર્મીએ ગ્રહણ કરેલી અરિહંત પ્રભુની મૂર્તિને વંદન કરવું, નમસ્કાર કરવો, તેઓએ પહેલા બોલાવ્યા વગર તેઓની સાથે આલાપ કે સંલાપ કરવો, તેઓને અસન, પાન, ખાદ્ય પદાર્થો આદિનું દાન કે અનુપ્રદાન કરવું વિગેરે મારે કાંઈ પણ ન કલ્પે." આ **છટ્ઠી જયણા** જાણવી. એ પ્રમાણે ગાથાર્થ છે. એના માટે અહીં મંત્રીતિલકની કથા છે અને તે આ પ્રમાણે :-

પૃથ્વીરૂપી રમણીના ભાલસ્થલને વિષે તિલક સમાન તથા ભોગાવતીના વૈભવને જીતનાર એવું **વિજય** નામનું નગર હતું. ત્યાં શત્રુ રૂપી વનને બાળવામાં દાવાનલ સમાન એવો મહાપરાક્રમી **નલ** નામનો રાજા રાજ્યનું પાલન કરતો હતો. તેની સર્વ અંતઃપુરની શોભા રૂપ, સૌભાગ્ય રૂપી મંજરીથી પ્રાપ્ત થયેલા આમ્રફલ સમી **સૌભાગ્યમંજરી** નામની **પટ્ટરાણી** હતી. તે રાજાને સર્વસહા = પૃથ્વી સમાન, બુદ્ધિ રૂપી કમલિનીને વિકાસ કરવામાં સૂર્ય સમાન = બુદ્ધિનો ભંડાર, મંત્રીઓમાં તિલક સમાન એવો **મંત્રીતિલક** નામે **મંત્રી** હતો. બ્રહ્મા જેમ વિષ્ણુ ઉપર પૃથ્વીનો ભાર સ્થાપન કરે તેમ શ્રી નલરાજા પણ આ મંત્રી ઉપર રાજ્યનો ભાર નાંખીને સુખપૂર્વક દિવસો પસાર કરે છે.

હવે એક વખત નલરાજા સસૈન્ય મંત્રીઓની સાથે, ઘોડા ઉપર આરૂઢ થઈને શિકાર અર્થે અરણ્યમાં ગયો. જંગલમાં વનના પ્રાણીઓને દીનતા પમાડનારું સૈન્ય આગેકૂચ કરી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યું હતું ત્યાં મંત્રી સહિત રાજાએ એક હરણ જોયું. જેટલામાં રાજા ધનુષ્યની દોરી ઉપર બાણ ચઢાવે છે (બાણ ચઢાવી છોડે છે) તેટલામાં તે મૃગ મનુષ્યની ભાષામાં રાજાને કહેવા લાગ્યું, "હે રાજન્ ! શિકારના વ્યસનમાં આસક્ત એવો તું અમને = આ મૃગોને હણે છે પરંતુ ક્ષત્રિય પુરુષોના કુલમાં કલંક લાગે તેવું આ કાર્ય કરવું તે ક્ષત્રિય કુલમાં જન્મેલા તને યોગ્ય નથી. કારણ કે તૃણનું ભક્ષણ કરનારા, અશરણ્ય અને નિરપરાધી એવા વનના પ્રાણીઓને હણતાં હે રાજન્ ! શું તને લજ્જા આવતી નથી ? આ મૃગલા શું તારા શરીરના વૈરી છે ? તેઓએ શું તારો ભંડાર લૂંટ્યો છે ? અથવા શું તેઓએ તારા અંતઃપુરમાં પ્રવેશ કર્યો છે ? અથવા તેઓએ તારો શું અપરાધ કર્યો છે કે જેથી નિરપરાધી તેઓને તું હણે છે ? વળી બીજાને સંતાપ નહીં કરનારા, વનમાં ભમવાની લાલસાવાળા એવા મૃગલાઓનો વધ કરવા માટે પ્રાણી = મનુષ્ય શા માટે પ્રયત્ન કરે છે ?" આ પ્રમાણે સાંભળીને વિસ્મય પામેલો રાજા મંત્રીને પૂછવા લાગ્યો કે, "હે મંત્રીશ્વર ! આ મૃગ મનુષ્ય ભાષામાં કેમ બોલે છે ?" ત્યારે મંત્રીતિલક મંત્રીએ રાજાને કહ્યું, "હે રાજન્ ! આ કોઈ હરણ નથી, પણ કોઈ પણ હેતુથી અહીં આવેલ કોઈ દેવ કે દાનવ છે. તેથી હે રાજન્ ! હવે તે શું શું ચેષ્ટા કરે છે તે જાણવું હોય તો આપણે પણ જલ્દી-જલ્દી તેની પાછળ જઈએ અને જોઈએ." ત્યાં જ મોટો ઝંપાપાત દઈ હરણ બીજા વનમાં ગયું. અને સ્વામીની પાછળ નોકર જાય તેમ તે હરણની પાછળ રાજા અને અમાત્ય પણ ગયા. કંઈક આગળ ગયા ત્યાં તેમણે સુવર્ણ જેવી કાંતિવાળા, નાસિકાના અગ્ર ભાગ ઉપર સ્થાપન કરેલ નયનવાળા, કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા (લાંબા હાથ રાખનારા) રાગ-દ્વેષથી રહિત સમતાથી શોભતા, જાણે સાક્ષાત્ અગણ્ય પુણ્યની રાશિ જ હોય તેવા, પરમબ્રહ્મનું ધ્યાન કરતા એક મુનિને જોયા. તે મૃગે તેમને કહ્યું, "હે રાજન્ ! તમે બંને ઘોડા ઉપરથી ઉતરી પુણ્યથી મેળવેલા સમાગમ સરખા આ મુનિને વંદન કરો." તેઓએ પણ તે પ્રમાણે આનંદપૂર્વક મુનિને વંદન કર્યું. મુનિએ પણ ધ્યાન પાળીને ધર્મલાભ રૂપી આશીર્વાદથી તે બંનેનું અભિનંદન કર્યું = બંનેને ખુશ કર્યા. હર્ષ સહિત રાજા અને મંત્રી પણ પૃથ્વીપીઠ ઉપર ગુરુના ચરણ-કમલ આગળ બેઠા એટલે મુનિએ પણ ધર્મદેશના શરૂ કરી : નરકને આપનાર હિંસા તજવી જોઈએ, જૂઠું બોલવું નહિ, ચોરી છોડવા જેવી છે, મૈથુન (અબ્રહ્મ) રૂપી વનનો ઉચ્છેદ કરવા યોગ્ય છે, અને સંગ (પરિગ્રહ) છોડવા યોગ્ય છે. જિનેશ્વર પ્રભુના ચરણકમલની સેવા જ કરવા જેવી છે. હે ભવ્ય જીવો ! સમ્યક્ત્વને વિષે પરિચયવાળી ભક્તિનો રાગ કરવો જોઈએ = નિર્મળ એવું સમ્યક્ત્વ સ્વીકારવું જોઈએ." આ પ્રમાણે મુનિવર પાસેથી ધર્મદેશના સાંભળીને નલરાજા ધર્મ રૂપી કલ્પવૃક્ષના અત્યંત શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ માટે ઉત્સાહિત થયો.

ત્યાર બાદ કમળ, ઉર્ધ્વરેખાદિ શુભ લક્ષણોથી યુક્ત તથા રૂપથી કામદેવને પણ જીતનાર એવા મુનિને જોઈને રાજાએ પૂછ્યું કે, "હે ગુરુદેવ ! ઉત્તમ રાજ્યચિહ્નો - રાજ્યલક્ષણોથી સુશોભિત તમારું શરીર જણાય છે. તો તમે રાજકુમાર હોવા છતાં તમને વૈરાગ્ય શા કારણે થયો ? તે અમને કહો." મુનિએ કહ્યું, "હે રાજન્ ! સંસારની સર્વ સ્થિતિઓ (પ્રસંગો-ઘટના વિ.) જ એવી છે કે જો તેને સારી રીતે વિચારીએ તો સંસાર પ્રત્યે અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થાય. છતાં આ સંસારમાં મુક્તિ દેવાની શક્તિ જેનામાં રહેલી છે તેવો પ્રગટ વૈરાગ્ય મને જે રીતે થયો તે તમે સાંભળો :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશસ્ત લક્ષ્મીના સ્થાનભૂત એવું **સિદ્ધપુર** નામનું **નગર** છે. ત્યાં શત્રુનો નાશ કરનાર **ભુવનસાર** નામનો **રાજા** હતો. તેની સુવર્ણ સરખી કાંતિ વાળી **કનકશ્રી** નામની **પ્રિયા** હતી. તેને બુદ્ધિ રૂપી રત્નોનો સાગર સમાન **મતિસાગર** નામનો **મંત્રી** હતો. એક વાર દક્ષિણ દિશાથી રાજસભામાં શક્રના ગંધર્વાનીક સરખું = દૈવિક નૃત્ય કરતાં હોય તેવું ગંધર્વનટોનું ટોળું (સુંદર નૃત્ય કરનારાઓનો એક ગણ - સમૂહ) આવ્યું. રાજાની આજ્ઞા થતાં તેઓએ મૃદંગ - વેણુ - વીણાદિના સ્વરોથી યુક્ત ગીતવાદન પૂર્વક અત્યંત સુંદર (દેવોના મનને પણ લોભાવે) નૃત્ય શરૂ કર્યું. અંતઃપુરની સ્ત્રીઓએ પણ તે નૃત્ય જોવા માટે કંચુકી દ્વારા રાજાની પાસે આજ્ઞા મંગાવી. રાજાએ પણ તે નૃત્ય જોવાનો આદેશ આપતા અંતઃપુરની સર્વ સ્ત્રીઓ પણ સભામંડપમાં આવી. પડદાના છિદ્રોમાંથી હર્ષપૂર્વક નાટકને જોતી એવી તે સ્ત્રીઓ જાણે લેપમય પૂતળી જ હોય તેવી શોભતી હતી. (આખી રાજસભા-નગરજનો સર્વે આ નૃત્ય જોઈ રહ્યા છે.)

રતિના રૂપને જીતનારી, આભૂષણોથી શોભતી, પુષ્પમાલા ધારણ કરવાથી અપ્સરાની જેમ શોભતી એવી એક વારાંગના રાજાને સુંદર ચામરો વીંઝી રહી છે, બીજી વારાંગનાઓ રાજાના ચરણકમલની સંવાહન ક્રિયા કરી રહી છે, અને ખુદ રાજા સામંત-અમાત્ય-નગરજનોથી યુક્ત, સિંહાસન ઉપર બેસીને આ નૃત્ય જોવામાં અત્યંત લયલીન થયો તેવામાં અચાનક દરવાજેથી પ્રતિહારીએ આવીને, નમસ્કાર કરીને, હાથ જોડીને રાજાને કહ્યું, "હે રાજન્ ! શ્વેત વસ્ત્રધારી, અષ્ટાંગ નિમિત્તને જાણનાર, હાથમાં પુસ્તક ધારણ કરનાર એવો એક બ્રાહ્મણ (પંડિત) સિંહદ્વારે આવી ઉભો છે તો તેને રાજ્યસભામાં પ્રવેશ આપવો કે નહિ ? તે સંબંધી આપનો મને શો આદેશ છે ?" ત્યારે ઈર્ષ્યાપૂર્વક રાજાએ કહ્યું, "હે પ્રતિહારિ ! અત્યારે તો દેવોને પણ દુર્લભ એવું આ સુંદર નાટક જોવાનું ચાલે છે ત્યાં અત્યારે આ પંડિતનું શું કામ છે ? માટે તે પંડિતને જવા દે." તે સાંભળી મતિસાગર મંત્રીએ વિજ્ઞપ્તિ કરી, હે રાજન્ ! કૃપા કરી ખરેખર ! તે પંડિતને - બ્રાહ્મણને સભામાં આવવા દો. કારણ કે આવું નૃત્ય તો હે રાજન્ ! આપની કૃપાથી નિત્ય (ઘણી વાર) જોવા મળશે, પરંતુ આ પૃથ્વી ઉપર અષ્ટાંગ નિમિત્તજ્ઞ પુરુષ પ્રાયઃ કોઈ જોવા મળતો નથી. રાજાનો આદેશ થતાં પ્રતિહારીએ સિદ્ધપુત્રને = પંડિતને રાજ્યસભામાં પ્રવેશ આપ્યો. રાજાને આશિષ આપીને તે પંડિત પણ રાજાએ આપેલા આસન ઉપર બેઠો. પછી સંપૂર્ણ નાટક પૂર્ણ થતાં રાજાએ તે બ્રાહ્મણને પૂછ્યું, "તમે કુશળ છો ને ?" ત્યારે તેણે કહ્યું, "હે રાજન્ ! મને કુશળતા નથી = હું કુશળ નથી. તથા હે રાજેન્દ્ર ! તારું પણ કુશળ નથી અને આ નગરજનોને પણ કુશળ નથી. ક્ષણવારમાં જ મહા ભયંકર ઉપદ્રવ આવવાનો છે એવું હે રાજન્ ! હું જ્ઞાનથી જોઉં છું." તે સાંભળીને રાજાએ ગુસ્સાપૂર્વક તેને કહ્યું, "ગ્રહ-ચક્રથી યુક્ત એવું આકાશ (આકાશનું જ્યોતિષચક્ર) શું ભૂમિ ઉપર પડીને ભૂમિને = નગરને ચૂર્ણ કરી નાંખશે ? અથવા શું કોપાયમાન થયેલો કોઈ દેવ રાજાને સિંહાસન ઉપરથી પછાડશે ? અથવા શું પ્રલયકાળનો અગ્નિ ઉત્પન્ન થઈ જલ્દીથી આખી નગરીને ખતમ કરશે ? (શું કલિયુગની આગ ફાટી નીકળશે ?) હા... હા... આ પંડિતની જીભની ચંચળતા તો જુઓ." એમ કહી રાજાએ તેનો તિરસ્કાર કર્યો ત્યારે મંત્રીએ આદર પૂર્વક રાજાને કહ્યું, "હે સ્વામી ! અભિમાનથી યુક્ત આવા પાપી વચનો બોલવાથી શું ? (આવું ક્રોધ યુક્ત વચન બોલવાની શી જરૂર છે ?

For Private and Personal Use Only

અકુશલ કેમ છે ? તેનું માત્ર કારણ જ પૂછો ને !) ત્યારે રાજાએ શાંત થઈને કહ્યું, "હે વિપ્ર ! અકુશળતાનું કારણ કહો." એટલે પંડિતે કહ્યું, "હે રાજન્ ! મન શાંત કરીને તમે સાંભળો. જે થવાનું નથી તેને કરવા શક્ર પણ શક્તિમાન નથી અને જે થવાનું છે તે અન્યથા નથી જ થતું (થાય છે જ.) આ વાત સર્વને સંમત છે. તેથી હે રાજન્ ! હવે સત્ય વાતને કહેતા મારા ઉપર તમે રોષ ના કરતા." એટલું કહી તે બ્રાહ્મણે ફરીથી કહેવાનો પ્રારંભ કર્યો કે—

હે રાજન્ ! હમણાં જ થોડી જ ક્ષણોમાં મુશળધારે વરસાદ વરસશે અને આખી પૃથ્વીને એક મહાસાગર કરી નાંખશે." એવું બોલે છે ત્યાં જ આકાશમાં (મેઘઘટા દેખાઈ.) કુબેરની દિશામાં (ઉત્તર દિશામાં) કચોલા પ્રમાણનું વાદળું દેખાયું. એટલે સર્વે લોકો ઉંચું જોવા લાગ્યા. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું, "હે નગરજનો ! આ જ વાદળ આકાશમાં આક્રમણ કરી કરીને વરસશે અને પૃથ્વીને એક સાગર બનાવી દેશે." તે સાંભળી નગરજનો ભય પામ્યા. "અરે નગરજનો ! આ વાદળ ખૂબ ઝડપથી આકાશને આચ્છાદન કરી, ગર્જના વડે બ્રહ્માંડને બહેરું કરશે. પ્રચંડ વીજળીના કડાકાથી આકાશને પણ ભેદતું તે મુશળધારાએ વર્ષવા લાગશે." આ વાત ચાલતી હતી ત્યાં જ (વિજળીના કડાકા-ભડાકા થવા લાગ્યા. ગાજવીજ સાથે મુશળધારાએ મેઘ વર્ષવા લાગ્યો. ને થોડા જ સમયમાં) લોકો દેખતે છતે આખા ગામને પાણીથી ભરીને પાણીનું પૂર રાજયસભામાં પણ આવ્યું. તેથી ભયભીત થયેલો રાજા ત્યાંથી ઉઠીને મંત્રીગણ, નૈમિત્તિક (સભાજન) ની સાથે પોતાના મહેલના સાતમા માળે ચડ્યો. ત્યાં રહેલો રાજા મંથન કરાતા સમુદ્રમાંથી ઉઠતા અવાજ જેવા શબ્દોથી આક્રંદ કરતા લોકોને સાંભળે છે. (જુએ છે) (ત્યાં ચડીને રાજા ચારે દિશામાં પાણીનું તોફાન જુએ છે. પાણીમાં ડૂબતા ને તણાતા એવા લોકો) હે વત્સ ! હે તાત ! હે માત ! હે બન્ધુ ! હે ભગવાન ! આ ભયંકર ઉપદ્રવમાંથી અમને બચાવો ! બચાવો ! (આ ભયંકર ઉપદ્રવથી અમે કેમ છૂટીશું ?) લોકો આવી ચીસો પાડી રહ્યા છે. આ બધું રાજા જેટલામાં જુએ છે તેટલામાં તો પાણીનું પૂર સાતમા માળ સુધી આવ્યું. તે જોઈને રાજાએ મતિસાગર મંત્રીને કહ્યું, "હે મંત્રી ! કાંઈ પણ પુણ્ય કર્યું નથી એવા આપણું મૃત્યુ હવે નજીક આવ્યું. અહો ! શ્રાવક વંશમાં ઉત્પન્ન થવા છતાં ભોગમાં આસક્ત બનેલા મેં આ કાળ (મનુષ્ય જન્મ) ફોગટ ગુમાવ્યો. તેથી હવે હું શું કરું ? માનવભવ રૂપી ચિંતામણિરત્ન (હું હારી ગયો) મેં ફોગટ ગુમાવ્યું. રાજયભોગમાં આસક્ત થયેલા મેં કરોડો ગૂમાવી કંકરને જ ગ્રહણ કર્યા. હવે હું શું કરું ? કોનું સ્મરણ કરું ? કોની આગળ પોકાર કરું ? ખરેખર ! અમે અગાધ-અમર્યાદિત આપદ રૂપી સમુદ્રમાં પડ્યા." ઈત્યાદિ પોતાના જીવનનો પસ્તાવો કરતો રાજા બોલી રહ્યો છે ત્યાં તો પાણીનું પુર રાજાના પગ સુધી આવ્યું. તેથી ભયભીત થયેલો રાજા જેટલામાં શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું સ્મરણ કરે છે તેટલામાં ત્યાં આવતું એક મોટું વહાણ જોયું. (ધીમે-ધીમે) તે મહેલની આગળ આવેલું જોઈ મંત્રીશ્વરે રાજાને કહ્યું, "હે દેવ ! જલ્દીથી આ વહાણ ઉપર ચઢી જાઓ. આપણા અગણ્ય પુણ્યથી આકર્ષાયેલા કોઈક દેવે આપણી આપત્તિ દૂર કરવા માટે આ વહાણ મોકલ્યું લાગે છે." (તે દેવ આપણું રક્ષણ કરશે.) તે સાંભળી રાજા વહાણમાં આરૂઢ થવાને ઈચ્છે છે અને જેટલામાં જલ્દીથી વહાણમાં જમણો પગ મૂકી ચઢવા જાય છે તેટલામાં તો ત્યાં ન વાદળાને જોયા કે ન પાણીના પૂરને જોયું કે ન વહાણ જોયું, પરંતુ સ્વસ્થ અવસ્થામાં રહેલા નગરજનોને જોયાં. ક્યાંક ગીતના અવાજો સંભળાઈ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા હતા, તો ક્યાંક નૃત્યાદિ થઈ રહ્યા હતા, તો ક્યાંક લોકો ક્રીડા કરી રહ્યા હતા. આ બધું જોઈને આશ્ચર્ય પામેલા રાજાએ બ્રાહ્મણને પૂછ્યું, "હે સિદ્ધપુત્ર ! આ બધું શું છે ?" ત્યારે તેણે કહ્યું, "હે રાજન્ ! તમારા વિસ્મય માટે મારા વડે આ સર્વ ઈન્દ્રજાલ કરાઈ છે અને સંકેલી લેવાઈ છે." તે ઈંદ્રજાલિકને બે ક્રોડ સુવર્ણનું પ્રીતિદાન આપી રાજાએ તેને વિસર્જન કર્યો.

હવે રાજાએ એકાંતમાં પત્નીઓને કહ્યું, "તમોએ આ ઈન્દ્રજાળનો પ્રપંચ જોયો ?" (એ નાટક કેવું હતું ? તથા આ ઈન્દ્રજાલ કેવી હતી ?") ત્યારે રાણીઓએ કહ્યું, "અતિ અદ્ભૂત-અલૌકિક એવી ઈન્દ્રજાલ અમે આપની કૃપાથી જોઈ." રાજાએ કહ્યું, "હે રાણીઓ ! જેવી ઈન્દ્રજાલ તમે જોઈ તેવું જ આ સંસારનું સ્વરૂપ છે એમ ચિત્તમાં વિચારો. રૂપ, પ્રેમ, બળ, સંપત્તિ, આયુષ્ય, યૌવન, સ્ત્રી વિગેરે વાયુથી ફરતી ધ્વજાના છેડા જેવું ચંચળ છે. જ્યાં નિરંતર અત્યંત દુઃખો જ જોવા મળે એવા રંગભૂમિ સરખા આ સંસારમાં સુખની લાલસા કરવી તે ત્વરિત નાશ પામનારી છે. અત્યાર સુધી માનવભવાદિ ઉત્તમ સામગ્રી મેં વ્યર્થ ગુમાવી, પરંતુ હવે હું મુક્તિને માટે દીક્ષા ગ્રહણ કરીશ." એમ વિચારી થોડા જ સમયમાં શ્રી **વિક્રમ** નામના **પુત્રને** રાજ્ય ઉપર સ્થાપન કરીને, ઘણું દાન આપી, મહોત્સવ પૂર્વક **રાજાએ દીક્ષા લીધી.** હે નલરાજા ! તે જ હું પોતે છું. આ વાત સ્વાનુભૂત છે, તે કહેતાં લઘુતા થાય છે છતાં પણ તમારા ગુણોની વૃદ્ધિ થાય તે માટે મેં કહી છે." તેમના ચારિત્રરૂપી સૂર્યનો ઉદય નલરાજાના ચિત્તમાં થતાં જલ્દીથી તેનો અજ્ઞાન રૂપી અંધકાર દૂર થયો. નલરાજાએ કહ્યું, "હે મુનિરાજ ! તમારા જેવા ધીર પુરુષો જ રાજ્ય બંધનના દોરડાને તોડી શકે છે. વળી હું માનું છું કે મેં પૂર્વે કાંઈક પુન્ય કર્યું હશે તેથી જ હે પ્રભો ! તમારા ચરણકમલના મને દર્શન થયા. વળી કહ્યું છે કે, "પાપાત્માઓ મહાપુરુષોના સંગને ક્યારેક પણ પામતા નથી, જ્યારે પુણ્યશાળીઓને ક્ષણમાત્ર પણ મહાપુરુષોનો વિયોગ થતો નથી." (તો તમારી સાથેનો આ સંસર્ગ પણ મને ક્યાંથી હોય ? તો આટલો કાળ આપનો વિરહ પણ કેમ થયો ? લાગે છે કે (શંકા થાય છે કે) મેં જરૂર કાંઈક પુન્ય પણ બાંધ્યું છે તો ક્યાંક પાપ પણ કર્યું છે. તેથી હે ભગવન્ ! આજે કૃપા કરી, મારી યોગ્યતાને વિચારી, પાપની પીડાને નાશ કરનાર એવા ઉત્તમ ધર્મ કર્તવ્ય અમને સમજાવો.)

ત્યારે મુનિવરે કહ્યું, "હે રાજન્ ! જિનેશ્વર પરમાત્માને જ દેવ માનો. નિર્મમત્વ યુક્ત ગુરુને જ ગુરુ માનો અને જીવ-અજીવાદિ તત્ત્વોની શ્રદ્ધારૂપ ધર્મનો સ્વીકાર કરો. મિથ્યાદષ્ટિ સાધુઓનો સત્કાર, અશનાદિનું દાન વિગેરે સમ્યકૃત્વ રત્નની માલિન્યતા કરનારું છે માટે હંમેશા તેનો ત્યાગ કરો." તે સાંભળીને મંત્રી સહિત રાજાએ ગુરુજી પાસે ઈચ્છિતને આપનાર કલ્પવૃક્ષ સમાન એવું સમ્યકૃત્વ ગ્રહણ કર્યું. ત્યાર બાદ નલરાજાએ ગુરુદેવને પૂછ્યું, "હે ગુરુદેવ ! કલ્યાણના ભાજન સમો આ મૃગ કોણ છે ?" ત્યારે ગુરુદેવે કહ્યું, "હે રાજન્ ! આ મૃગ પૂર્વભવમાં તારો બ્રાહ્મણ મિત્ર હતો. અજ્ઞાન તપ કરવાથી મરીને તે યક્ષ થયો છે. તારા દર્શનથી તારા પ્રત્યે તેને અદ્ભૂત પ્રીતિ થઈ છે અને મારા દર્શનથી તે યક્ષને ભદ્રકપણું ઉદયમાં આવ્યું છે = ધર્મની પ્રાપ્તિ થઈ છે. તે યક્ષે જ મૃગનું રૂપ કરીને તને પ્રતિબોધ કરવા આ વ્યવસાય કર્યો છે." એટલામાં તો યક્ષ પણ પ્રગટ થઈને મુનિને નમીને કહેવા લાગ્યો, "હે યતિઓના સ્વામી ! (હે ગુરુદેવ !) આપની કૃપાથી મને પણ સમ્યકૃત્વની પ્રાપ્તિ થાઓ." યક્ષે પણ સમ્યકૃત્વ સ્વીકારી પછી રાજાને કહ્યું, "હે રાજન્ ! અવસરે (કોઈ પણ સંકટ સમય

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે ત્યારે) તું મારું સ્મરણ કરજે, જેથી તારા પુણ્ય-કાર્યોમાં હું ભાગીદાર થાઉં." ત્યાર પછી તરત અપાતી ધર્મશિક્ષાને મેળવીને, સદ્‌ગુરુની આજ્ઞા પામીને, ગુરુદેવને નમસ્કાર કરી સહુ પોત-પોતાના સ્થાને ગયા.

રાજાએ શ્રી તીર્થંકર ભગવંતની રત્નમય મૂર્તિ બનાવરાવી અને તેની શાસનની ઉન્નતિ કરનારી એવી ત્રિકાલ પૂજા રાજા કરે છે. વિશાલ પ્રજ્ઞાવાન્ તે રાજા ચંદ્રમા જેમ ચકોરનો સત્કાર કરે તેમ જૈન સાધુઓને સત્કારે છે, પરમ ભક્તિ કરે છે. સાધર્મિક વાત્સલ્યાદિ ઉત્તમ ઉત્તમ ધર્મકાર્યો પણ કરે છે. મંત્રીશ્વર પણ રાજાની જેમ જ જિનેશ્વરે કહેલા ધર્મને આચરતો અને રાજાના જે કાર્યો કરવાના છે તે તે કાર્યો કરીને દિવસો પસાર કરે છે.

હવે એક વખત મંત્રીતિલક મંત્રીને તીવ્ર રોગ થયો. સમગ્ર વૈદક જાણનાર ઘણા વૈદ્યોએ ઉપચાર કર્યા પરંતુ તે નિરોગી ન થયો, પરંતુ પરિવ્રાજકના વેષને ધારણ કરનારા એક વૈદ્યે તેને નિરોગી કર્યો તેથી મંત્રી ત્યારથી તે પરિવ્રાજકનો પક્ષપાતી થયો. તથા સદા તેની પ્રશંસા કરવા લાગ્યો અને પ્રથમ આલાપ પૂર્વક તેને હજારો વાર ઈષ્ટ આસન-અન્ન-પાન-વસ્ત્ર-પાત્રાદિ આપે છે. તથા તેની સાથે સ્નેહપૂર્વક આલાપ-સંલાપ પણ કરે છે. તે પરિવ્રાજક પણ માયાવી - ધૂર્ત હોવાથી અરિહંત ધર્મની પ્રશંસા કરતો છતો, કોમલ-મીઠા વચનોના આલાપથી મંત્રીને રંજિત કરતો હતો. તેના પ્રેમથી આનંદ પામેલો = પરિવ્રાજક તરફ અત્યંત આકર્ષાયેલો મંત્રી પરિવ્રાજકને પોતાની સાથે રાજસભામાં દરરોજ લઈ જાય છે અને રાજા સમક્ષ તેના ગુણોની વારંવાર (ઘણી-ઘણી) પ્રશંસા કરે છે. ત્યારે રાજાએ કહ્યું, "હે મંત્રી ! (આપણે ગુરુદેવ પાસે સમ્યક્ત્વ ગ્રહણ કર્યું છે) અને તમે આ શું કરો છો ?" મંત્રીએ હર્ષથી કહ્યું, "હે રાજન્ ! આ પૃથ્વી ઉપર આ પરિવ્રાજકના ગુણોની શી વાત કરું ? = તેના ગુણોનો કોઈ પાર નથી. તે ગુણો તો જીભથી પણ ન વર્ણવી શકાય તેટલા છે. જિનેશ્વરના ધર્મરૂપી વનને બાળવામાં પ્રજ્વલિત અગ્નિની વૃષ્ટિ સમાન મંત્રીના તે વચનો સાંભળીને મસ્તકને ધૂણાવતા રાજાએ તેને કહ્યું, "અરે ઓ જડ ! પાખંડી એવા પરિવ્રાજકના અસદ્‌ભૂત ગુણોની પ્રશંસા કરીને, સમ્યક્ત્વ રૂપી ચિંતામણિ રત્નને કાદવમાં શા માટે નાંખે છે ? = મલિન કેમ કરે છે ?" એમ રાજાએ સમજાવવા છતાં મંત્રી તેનો પક્ષપાત મૂકતો નથી, પણ ઉપરથી રાજાને કહેવા લાગ્યો, "હે રાજન્ ! તેનું સત્કીર્તન કરવાથી શું સમ્યક્ત્વમાં મલિનતા આવે ?"

એક વખત પૃથ્વીસ્થાન નામના નગરથી (કે જે નગરમાં આ નલરાજાનો અત્યંત દ્વેષી એવો નીલ નામનો રાજા છે,) ત્યાંથી આ નલરાજાના ગુપ્તચર પુરુષોએ એક કાગળ લખીને પોતાના સ્વામિને (નલરાજાને) મોકલ્યો. અંદર લખ્યું હતું કે, "હે સ્વામી ! આ ગામના નીલરાજાએ પરિવ્રાજકના વેષને ધારણ કરનારો, પાંત્રીશ વર્ષની વયવાળો, તમાલ વૃક્ષ જેવો કાળો, વાચાલ, વૈદ્યની વિદ્યાનો જાણકાર એવો એક પુરુષ તમારા ઘાત માટે મોકલ્યો છે તેથી તેના નિગ્રહ માટે પ્રયત્ન કરવો જોઈએ." એકાંતમાં તે લેખને વાંચીને પછી તેને ફાડીને (નાના-નાના ટુકડા કરીને) ગૂઢ મંત્રણાવાળા રાજાએ તે પરિવ્રાજકને પકડવા માટે પોતાના ભટ્ટોને આદેશ કર્યો. રાજસભામાં આવતા તે પરિવ્રાજકને જોઈને ભટ્ટો તેને બાંધીને કારાગૃહ સન્મુખ ઝડપથી લઈ જવા લાગ્યા તેટલામાં તો તેના કટિપ્રદેશથી કંકલોહમયી છરી નીચે પડી. જે છરી સર્વ લોકો દેખતે છતે સુભટોએ રાજાને આપી. રાજાએ પરિવ્રાજકને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું, "અરે ! ઓ ! આ શું છે ?" પરિવ્રાજકે કહ્યું, "આ જે છે તે ભગવાન જાણે છે." એટલે રાજાએ તર્જના કરતા મંત્રીને કહ્યું, "આ પાપીને તું દરરોજ મારી સભામાં લાવતો હતો અને નિર્મમ-નિસ્પૃહ ગુણીયલ એવા જૈન સાધુઓની સાથે તેની સરખામણી કરી પ્રશંસા કરતો હતો. અરે ! આ પાપીને ભોજન-પાણીનું દાન, તેની પ્રશંસા કરતા એવા તેં તારા સમ્યક્ત્વને નષ્ટ કર્યું, એટલું જ નહિ, પણ મારા પ્રાણોને પણ નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો." આ પ્રમાણે રાજાએ ક્રોધથી તે મંત્રીને અપમાનિત કરી, પદભ્રષ્ટ કર્યો, અને તેને શિક્ષા કરવા માટે તેના સ્થાને બીજા મંત્રીની સ્થાપના કરી. પોતાના નિયમના ભંગથી પશ્ચાત્તાપ જેને થયો છે એવો મંત્રી પણ પ્રાયશ્ચિત કરી, ફરી સમ્યક્ત્વને સ્વીકારે છે. અને તલવારની ધાર ઉપર ચાલવા સમાન જિનેશ્વર ભગવંતના ધર્મનું પાલન કરતો જાણી, રાજાએ તેના સર્વ અપરાધોને ખમાવીને ફરીથી તેને મંત્રીપદે સ્થાપન કર્યો. મૃત્યુના ભયથી ઘાતક એવા પરિવ્રાજકે પણ રાજાને કહ્યું, મેં ભાવથી જૈન ધર્મ સ્વીકાર્યો છે તેથી હવે આપને જે ઉચિત હોય તે કરો." ત્યારે રાજાએ સુભટોને આદેશ કર્યો, "આ તપસ્વીને = રાંકડાને છોડી દો અને પરિવ્રાજકને કહ્યું, "અમને = (જૈનધર્મને) જે કાર્યો ગમે તે જ સારી રીતે કે નરસી રીતે તારે કરવા યોગ્ય છે." એમ કહી તેને વિસર્જન કર્યો.

હવે રાજા વિચારે છે કે, "કુબુદ્ધિ એવા નીલરાજાનો મારે નિગ્રહ કરવો જોઈએ. જો યુદ્ધ કરીએ તો ઘણા મનુષ્યોની હત્યા થાય. તેથી જે મૃગનું રૂપ કરીને આવ્યો હતો તે યક્ષને યાદ કરી, તેને ઉદ્દેશીને અટ્ઠમ તપ કરી, સ્થિર આશયવાળો તે રાજા પૌષધ શાળામાં રહ્યો. યક્ષે પણ રાજાના ભાવને (ઈચ્છાને) જાણી, નીલરાજાને બાંધીને, નલરાજાના પગની આગળ તેને ઢેફાની જેમ ગબડાવ્યો. = (નલરાજાના પગમાં પડ્યો.) નલરાજાએ તેને કહ્યું, "હે નીલરાજા ! તેં આવું ખોટુ કામ કર્યું છે તેથી બોલ, અત્યારે તને શું શિક્ષા કરું ?" ત્યારે નીલરાજાએ કહ્યું, "હું તમારું શરણ સ્વીકારું છું. તેથી હવે શરણે આવેલાનું જે થતું હોય તે કરો." તેથી તેને બંધન મુક્ત કરી, તેને પોતાની આજ્ઞા મનાવી (જૈનધર્મ પમાડી) અને તેનો સત્કાર કરીને, યક્ષ દ્વારા પોતાના (તેના) નગરે પહોંચાડ્યો, નલરાજા ઈંદ્રની જેમ પોતાનું રાજ્ય અને મિત્રની જેમ જિનધર્મનું પાલન કરતાં સુખપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યો.

હવે તે નલરાજા પોતાના રાજ્ય ઉપર પોતાના પુત્રને સ્થાપન કરવાની ઈચ્છાવાળો થયો છતો સંયમની ભાવનામાં જ રમતો રહે છે. તે સમયે ઉદ્યાનપાલક આવીને રાજાને વધામણી આપી કે, "હે દેવ ! આજે નંદન ઉદ્યાનમાં ધર્મોપદેશ વડે લોકોને આનંદ પમાડતા એવા ગુણરત્નાકરસૂરિજી પધાર્યા છે." તેને પ્રીતિદાન આપીને, રાજ-પરિવારથી યુક્ત સૂરિજી પાસે જઈ, તેઓને વિધિપૂર્વક વંદન કરી, તેમની પાસે બેઠો. "પોતાની પ્રતિજ્ઞા રૂપી સમુદ્રને પાર કરનારા શું આ તે જ મહાત્મા છે ?" એ પ્રમાણે વિચાર કરતાં રાજાને સૂરિએ કહ્યું, "હે ભૂપાલ ! તું મને ઓળખે છે ?" તે સાંભળતાં જ રાજાની શંકા દૂર થઈ ને બે હાથ જોડી તે સ્તવના કરે છે કે, "હે વિભુ ! ધન્ય છે આપની માતાને કે જેણે તમને જન્મ આપ્યો." ત્યાર પછી સૂરિએ પોતાનો વૃત્તાંત લોકોની આગળ કહ્યો કે, "મને જે આ ધર્મસંપત્તિ પ્રાપ્ત થઈ તેનું મૂળ કારણ આ રાજા છે." આ પ્રમાણે ગુરુનું અદ્ભૂત ચારિત્ર સાંભળી લોકોએ પણ સંવેગ રંગથી ભવરૂપી સમુદ્ર તારવા માટે નાવડી સમાન આ દેશનાને સાંભળી :

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે ભવ્યજીવો ! આ ભીષણ એવા ભવસાગરમાં જીવોને મનુષ્ય દેશાદિ સામગ્રી સુખથી મળતી નથી. એમ પ્રાયઃ સજ્જનોને પ્રતીત છે. તો પૂર્વના પુન્યયોગે તે ઉત્તમ સામગ્રીને પ્રાપ્ત કરી ચૂકેલા તમારે પણ સર્વજ્ઞ પ્રણીત એવા વ્રતપાલનમાં પ્રયત્ન કરવો જોઈએ." આવી ધર્મદેશના સાંભળીને સંવેગ પામેલા = વૈરાગી બનેલા રાજાએ, રાજ્ય ઉપર પોતાના પુત્રને સ્થાપન કરી, અમારિ ઘોષણા કરાવી, દીન-અનાથાદિને ઘણું ધન આપ્યું. વળી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, "જે ભવભીરૂ આત્માઓ મારી સાથે ચારિત્ર ગ્રહણ કરશે તેના કુટુંબની ચિંતા (નિર્વાહ) હું કરીશ." તે સાંભળી ઘણા નગરજનો તથા અંતઃપુરની સાથે, સંવેગ રંગમાં મસ્ત બનેલા નલરાજાએ ગુરુની પાસે વ્રત ગ્રહણ કર્યું = દીક્ષા લીધી અને તેની ઉત્તમ આરાધના કરવા લાગ્યા. તે રાજર્ષિ જ્ઞાન-દર્શન-ચારિત્રનું ઉત્તમ પ્રકારે સેવન કરી, અંતે અનશન કરી સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ગયા. મંત્રીતિલક મંત્રી પણ રાજાની સાથે દીક્ષાને ગ્રહણ કરી, ઉત્તમ આરાધના કરી સૌધર્મ દેવલોકમાં ગયો ને પાંચમા ભવે મોક્ષે જશે.

જેમ મંત્રીશ્વર મંત્રીતિલકે પરિવ્રાજકને વસ્ત્ર-અન્ન-માલાદિ આપીને તથા તેના ગુણોની સ્તવના વડે, પરિવ્રાજકને સંતોષ પમાડી, તેનું પોષણ કરી, સમ્યગ્દર્શનની જેવી (જે રીતે) વિરાધના કરી તેવી વિરાધના શિવરમણીના ઈચ્છુક એવા બીજા આત્માએ ન કરવી જોઈએ. (એવો આ કથાનો સાર છે.)

**છેલ્લી ચાર જયણાના વિષયમાં મંત્રીતિલકની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે શ્રી રુદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડળને વિષે સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર શ્રી **સંઘતિલકસૂરિ** વિરચિત તત્ત્વકૌમુદી નામની સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિને વિષે છ જયણા સ્વરૂપ **નિરૂપણ નામનો નવમો અધિકાર** પૂરો થયો:

# છ આગાર સ્વરૂપ

**દશમા અધિકારને કહે છે :**

**आगारा अववाया छ च्चिय कीरंति भंगरक्खट्ठा ।**
**रायगणबलसुरक्कमगुरुनिग्गहवित्तिकंतारं ॥ ५१ ॥**

**ગાથાર્થ : શ્રી જિનેશ્વર ભગવંતોએ વ્રતભંગના રક્ષણ માટે અપવાદ માર્ગે છ પ્રકારના આગારો કહેલા છે. તે આ પ્રમાણે (૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બલાભિયોગ (૪) દેવાભિયોગ (૫) ગુરુનિગ્રહ (૬) કાંતારવૃત્તિ.**

**ટીકાર્થ :** અહીં સમ્યગ્દર્શનને વિષે '**आकारा**' = આગારો = ઉત્સર્ગ માર્ગમાં સ્ખલના રૂપ હોવાથી જ (અથવા સ્ખલનાઓ થાય છે તે જ અપવાદ છે.) અપવાદ માર્ગ = આગારો પ્રભુએ બતાવેલા છે. જે કારણથી જિનશાસનમાં ઉત્સર્ગપક્ષ અને અપવાદપક્ષ એમ બે પક્ષો (માર્ગ) કહેલા છે. કહ્યું છે કે, "કોઈક સૂત્ર ઉત્સર્ગનું છે, કોઈક સૂત્ર અપવાદનું છે તો કોઈક સૂત્ર ઉત્સર્ગ તથા અપવાદ એ બંનેને લગતું છે. માટે જ સૂત્રના ગમા (ભેદો) જાણવા જોઈએ. માટે જ ગુણ-અવગુણનો વિભાગ જોઈને બંને પક્ષની સેવા કરવા યોગ્ય છે = (બંને પક્ષો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રહણ કરવા.) જેથી આગમમાં પણ કહ્યું છે કે, "તેથી જ પ્રવચનને વિષે સર્વની અનુજ્ઞા કે સર્વનો નિષેધ નથી. લાભના ઈચ્છુક વાણિયાની જેમ લાભ-વ્યયની તુલના કરવી જોઈએ. યથાખ્યાત જ્ઞાન-દર્શન ચારિત્રને પાળનારાનો નિરતિચાર માર્ગ તે જ ઉત્સર્ગ પક્ષ છે, પરંતુ તેવા પ્રકારના કાલ, સંઘયણ, ધૃતિ, બળ આદિથી રહિત એવા જીવો વડે તે હમણાં (આ કાળમાં) સમ્યક્ પ્રકારે સેવવાને શક્તિમાન નથી. અને તે ન કરવામાં આત્માનો નાશ થાય છે. (આત્માને દુઃખ થાય છે.) અને જો તે કરે તો ગ્રહણ કરેલા નિયમનો નાશ થાય છે. ને તેથી ભયંકર દુર્ગતિમાં પરિભ્રમણ થાય. તેથી જ અપવાદ માર્ગનું સેવન પણ કરીને, પાછળથી તેની આલોચના-પ્રાયશ્ચિત્ત આદિ કરી આત્માની શુદ્ધિ કરવા યોગ્ય છે. આગમમાં પણ કહ્યું છે કે, "આમ તો સંયમનું સર્વ રીતે રક્ષણ કરવું જોઈએ. પણ જ્યારે આત્મા પણ જોખમાતો હોય તો ત્યારે સંયમ કરતાં પણ આત્માનું જ રક્ષણ કરવું જોઈએ. જો તેવું ન કરે તો તે સંકટમાં પડે છે. વળી આત્માની શુદ્ધિ પણ પ્રાપ્ત કરી શકતો નથી." તેથી જ આગારો **क्रियन्ते** = સેવાય છે. શા માટે તે સેવવા જોઈએ ? તો કહે છે કે "**भङ्गरक्षार्थं**" = ગ્રહણ કરેલા વ્રતના પાલનને માટે. કહ્યું છે કે, "વ્રતનો ભંગ કરવામાં ઘણો મોટો દોષ લાગે છે. પણ તે વ્રતનું થોડું પણ પાલન કરવામાં આવે તો તે ગુણ કરનારું બને છે. ભંગ પામેલું મોટું પણ વ્રત તે શકટની જેમ ફળનું કારણ બનતું નથી = ફળ આપતું નથી." તે આગારોની કેટલી સંખ્યા છે ? તો કહે છે "**षडेव**" = છ સંખ્યા જ છે. તે કહે છે. (૧) રાજાભિયોગ (૨) ગણાભિયોગ (૩) બલાભિયોગ (૪) દેવાભિયોગ (૫) ગુરુનિગ્રહ (૬) કાંતારવૃત્તિ (વૃત્તિકાંતાર) એ પ્રમાણે ગાથાર્થ છે. તે છ આગારોમાંથી રાજાભિયોગ આદિ **પ્રથમના ચાર અભિયોગને** કહે છે :

**राया पुराइसामी, जणसमुदाओ गणो बलं बलिणो ।**
**कारंति वंदणाई कस्सवि एए तह सुरावि ॥ ५२ ॥**

**ગાથાર્થ : નગર આદિનો સ્વામી તે રાજા, લોકોનો સમૂહ તે ગણ, બળવાન એવી કોઈપણ વ્યક્તિ તે બળ. તથા (મિથ્યાદૃષ્ટિ કે કોપાયમાન થયેલા) દેવ-દેવીઓ... આ ચારે કોઈ પણ સમકિતિ જીવને વંદનાદિ કરાવે (આ બધાની પરવશતાથી-દબાણથી, સમકિતી જીવને મિથ્યાત્વી એવા દેવ-ગુરુ-ધર્માદિને વંદનાદિ કરવા પડે) તે અનુક્રમે રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ કહેવાય છે.**

**ટીકાર્થ : राजा** = નૃપ. વળી તે કેવો હોય ? તો કહે છે કે "**पुरादिस्वामी**" **पुरं** = નગર. આદિ શબ્દથી ગામ, મંડલ, કર્બટ, ખેટ દેશ વિગેરેનો સ્વામી હોય તે રાજા. પોતાને ઈષ્ટ એવા સ્વજન, સંબંધીઓ (સગા-વ્હાલા) બાંધવ વિગેરે મુખ્ય લોકોનો સમુદાય તે ગણ. "**बलिनः**" = પરાક્રમ-ઐશ્વર્યવાળા પુરુષો. જેવા કે ચોર, લૂંટારા, ધાડપાડુ, લશ્કર વિ. બલવાન પુરુષો તથા **सुरा** = જિનમતથી પ્રતિકૂલ મિથ્યાત્વની વાસનાથી વાસિત હૃદયવાળા એવા હલકા દેવો. આ ચારેય કોઈપણ સમકિતિ જીવને (પરવશતાથી-દબાણથી) વંદન-નમસ્કાર આદિ શબ્દથી પૂજા અથવા શીલખંડન પણ કરાવે. એમ ગાથાર્થ છે.

**છેલ્લા બે અભિયોગને કહે છે :**

**गुरुणो कुदिट्ठिभत्ता, जणगाई मिच्छदिट्ठिणो जे उ ।**
**कंतारो ओमाई, सीयणमिह वित्तिकंतारं ॥ ५३ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગાથાર્થ : કુદૃષ્ટિના ભક્ત તથા મિથ્યાદૃષ્ટિ એવા માતા-પિતાદિ ગુરુજનના દબાણથી અન્ય દેવાદિને નમન કરવું પડે તો તે ગુરુ અભિયોગ કહેવાય છે. ભયંકર જંગલમાં ફસાઈ પડેલા તથા ત્યાં ક્ષુધાદિને સહન કરતા એવા સમકિતિને કોઈક મિથ્યાદૃષ્ટિ ભોજન આદિનું દાન આપીને, દબાણથી અન્ય દેવને વંદન-નમસ્કાર કરાવે તો તે વૃત્તિકાંતાર અભિયોગ કહેવાય છે.**

**ટીકાર્થ : 'गुरवो'** = માતા-પિતા-સ્વામી-કલાચાર્ય-ધર્માચાર્ય આદિ તે ગુરુજન. કહ્યું છે કે, "પિતા-માતા-કલાચાર્ય તથા તેમના જ્ઞાતિજનો = સંબંધીઓ. (જેમ કે દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી, ફોઈ-ફુવા આદિ) તથા ધર્મનો ઉપદેશ આપનારા વૃદ્ધજનો તે ગુરુજનો. સજ્જનોને પણ માન્ય છે." આ ગુરુજનોમાંથી જે **कुदृष्टिभक्ता:** = બૌદ્ધાદિ મતને વિષે અત્યંત ભક્તિવાળા **"जनकादय:"** = પિતા-માતા ભાઈ-સ્વામી પ્રમુખ આદિ ગુરુજનો. વળી તે કેવા છે ? તો કહે છે કે **"मिथ्यादृष्टयो"** = અર્થાપત્તિથી મિથ્યાત્વરૂપી માર્ગના મુસાફરો = મિથ્યાત્વી હોય અને તે (કુટુંબમાંથી) કોઈ પણ એવા સમકિતિ જીવને જબરદસ્તીથી મિથ્યાદૃષ્ટિ અન્ય દેવાદિને વંદન - નમનાદિ કરાવે અથવા લીધેલા નિયમનો ભંગ કરાવે તો તે ગુરુનિગ્રહ કહેવાય છે. એટલે કે તેણે આદેશ કરેલું કરવું જ પડે. એ અર્થ છે. **"कंतारत्ति"** = कान्तार: = પાણી-ફળ આદિ ખાવા-પીવાની વસ્તુઓથી રહિત એવો અરણ્ય પ્રદેશ = જંગલ. અને ત્યાં કુસાર્થના યોગે ફસાઈ પડ્યો હોય અને તેને ત્યાં અન્ન-પાનાદિ ન મળવાથી **"ओमादि"** = ભૂખ્યા રહેવું પડે તે.

**सीदनं** = ભૂખાદિ ત્યાં સહન કરવા પડે. **वृत्तिकान्तार** = તો આવા જંગલમાં હવે તે કયા ઉપાયથી આજીવિકા કરે ? શું અભિપ્રાય છે તેનો ? તો કહે છે કે ઉત્સર્ગ-અપવાદ માર્ગનો જાણકાર, ભવભીરૂ, સંવિગ્ન, એવો કોઈક વિદ્વાન સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેક ભયંકર જંગલમાં ફસાઈ પડ્યો હોય, પોતાનો નિર્વાહ હવે કઈ રીતે કરવો તે જાણતો ન હોય, (ત્યારે પોતાના જીવિતની રક્ષાને માટે, આજીવિકા ચલાવવાની ઈચ્છાવાળો એવો તે) અન્ય દેવોને, તેમના ભક્તોને તથા અન્ય ધર્મના સાધુઓને વિષની જેવા માનતો તથા ચિત્તમાં પરમ રહસ્ય રૂપ જિનમતનું જ સ્મરણ-ચિંતન કરતો હોય ત્યારે પોતાના જીવિતની રક્ષાને માટે આજીવિકા ચલાવવાની ઈચ્છાવાળા એવા તેને કોઈક મિથ્યાદૃષ્ટિ ભોજનાદિનું દાન આપીને દબાણથી તેના નિયમનો ભંગ કરાવે તે વૃત્તિકાંતાર કહેવાય છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

**કરાયેલા આ આગારોથી નિયમોનો ભંગ કેમ નથી થતો ? એમ પ્રશ્ન કરતાં કહે છે કે:**

**न चलन्ति महासत्ता सुभिज्जमाणावि सुद्धधम्माओ ।**
**इयरेसि चलणभावे, पइन्नभङ्गे न एएहिं ॥ ५४ ॥**

**ગાથાર્થ : મહાસત્ત્વશાળી એવા સમકિતિ જીવો પ્રાણાંતનો પ્રસંગ આવે તો પણ શુદ્ધધર્મથી ચલિત થતા નથી. પરંતુ જે એવા પ્રકારના દૃઢ નથી તેવા સમ્યક્ત્વી જીવોને આ છ આગારો સેવવા છતાં પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી (સમ્યક્ત્વનો ભંગ થતો નથી.)**

**ટીકાર્થ : "न चलन्ति"** = ચલાયમાન થતા નથી. कस्मात् ? = શેનાથી ? તો કહે છે **"शुद्धधर्मात्"** = સર્વ ઉપાધિઓથી રહિત એવી સિદ્ધિવધૂના દૂત સમાન એવા જિનેશ્વર પ્રભુના માર્ગથી. કોણ ચલાયમાન નથી થતા ? તો કહે છે કે, **"महासत्त्वा"** = મેરૂપર્વતની જેમ જે નિષ્પ્રકંપ છે તેઓ. વળી કેવા છે તેઓ ? તો કહે છે કે **"सुभिद्यमाना अपि"** = सुतराम्

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



= અત્યંત રીતે દુષ્ટ-દાનવ-માનવાદિ વડે લાકડી-મુષ્ટિ-ઢેફા-યંત્રાદિ વડે અત્યત રીતે કદર્થના કરે તો પણ = (પ્રાણાન્તનો નાશ થાય તો પણ તેઓ ચલાયમાન થતા નથી.) ખરેખર ! જ્યાં સુધી ઉપસર્ગ આવતો નથી ત્યાં સુધી જ સર્વે પોતાની જાતને સત્ત્વશાળી માને છે, પરંતુ વાસ્તવિક રીતે તેઓ જ સત્ત્વશાળી છે કે જેઓ ભયંકર ઉપસર્ગ આવવા છતાં પણ પોતાના પ્રાણોની પણ પરવા કર્તા નથી ને પોતાના લીધેલા અભિગ્રહનું-નિયમોનું પાલન કરે છે. **"इयरेसिंत्ति"** = મહાસત્ત્વશાળી જીવોની અપેક્ષાએ જે મંદ સત્ત્વવાળા છે તે અન્ય સમકિતિ જીવો. **"चलनभावे"** = મુખ્ય એવા ઉત્સર્ગ માર્ગથી ચલાયમાન થયે છતે **एभिः** = પહેલા કહેલા રાજાભિયોગ આદિ છ આગારોનું સેવન કરે તો પણ **"न प्रतिज्ञाभङ्गो"** = મનના ભાવો ચલિત ન થવાથી લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. એટલે કે વ્રત પાળવાની તીવ્ર ઈચ્છા મનમાં હોય છે પરંતુ ઉપર મુજબની કોઈ પરવશતાથી - દબાણથી જ દુભાતા મને દોષ સેવવો પડતો હોવાથી આગારોનું સેવન કરવા છતાં લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. આ પ્રમાણે ગાથાર્થ છે.

છ આગારોનો ભાવાર્થ તો **મૃગાંકલેખાના** દૃષ્ટાંતથી જ સ્પષ્ટ જણાવાય છે. અને તે આ પ્રમાણે :

કલ્યાણના આવાસભૂત માલવ દેશમાં પોતાની સંપત્તિથી સ્વર્ગપુરીને પણ જીતનારી એવી **ઉજ્જયિની નગરી** છે. જ્યાં શ્વેત મણિમય જિનેશ્વર ભગવંતના ચૈત્યના અગ્રભાગની કાંતિથી જેનું તેજ હણાઈ ગયું છે એવો કમલિનીનો મિત્ર સૂર્ય તો જાણે આકાશમાં ઉંચે ચઢી ગયો છે. તો બળતા અગરુની ઉંચે જતી ધૂમશેરોને જોતા એવા લોકો મધ્યાહ્ન હોવા છતાં પણ જાણે તેમાં ચંદ્રની ભ્રાંતિને ધારણ કરતા હતા. ત્યાં શત્રુચક્રની સેનાને જિતનાર શ્રીમદ્ **અવંતિસેન** નામનો **રાજા** હતો. તેનો જિનવચનના રહસ્યોને સારી રીતે જાણનાર **ધનસાર** નામનો **સાર્થવાહ** હતો. તેની લાવણ્યથી રંભાને પણ તિરસ્કાર કરનારી, યાચકોને દાન દેનારી, પાપના વ્યાપારથી વિરામ પામેલી **રંભા** નામની **પત્ની** હતી. તે બંનેની સૌભાગ્ય રૂપી પાર્વતીના ગર્વને ચૂરનારી બુદ્ધિથી સર્વ ભાષાને જાણનારી, નિર્મલ શીલ રૂપી કલાથી ચંદ્રિકાને તિરસ્કાર કરનારી **મૃગાંકલેખા** નામની **પુત્રી** હતી.

બાલ્યવયમાં પણ તે જિનધર્મની ક્રિયા કરવામાં કુશળ હતી. એક વાર ઉદ્યાનમાં મધ્યભાગમાં પોતાના પિતાએ કરાવેલ રત્નમય જિનભવનમાં અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી સહિત શ્રી વીતરાગદેવને વંદન કરવા માટે ગઈ. તે સમયે યૌવનવયમાં પ્રવેશેલો, સાગરદત્ત શ્રેષ્ઠીનો **સાગરચંદ્ર** નામનો પુત્ર મિત્ર સહિત ત્યાં આવી ચઢ્યો. મૃગાંકલેખા પણ પુષ્પાદિ વડે જિનપૂજા કરીને ભાવપૂજા કરવાને ઈચ્છતી કાયોત્સર્ગ ધ્યાનમાં રહી. ત્યારે સર્વાંગ આભૂષણથી શોભતી, ચંદ્ર અને સૂર્ય જેવા ચલાયમાન કુંડલ-યુગલથી શોભતા કાનવાળી એવી તેને જોઈને, "આ કોઈ દેવતાની પ્રતિમા છે" એમ વિચારી સાગરચંદ્રે તેના ચરણકમલમાં પડીને નમસ્કાર કર્યો. ત્યારે હાસ્યથી તાલી દેવા પૂર્વક તેના મિત્રે મશ્કરી કરી ત્યારે તે બોલ્યો કે, "અરે... અરે ! સર્વે પણ દેવતા નમસ્કાર કરવા યોગ્ય છે તો અહીં તારો હાસ્યનો ઉલ્લાસ શા કારણે છે ?" ત્યારે હાસ્યનું કારણ જણાવતા તેઓએ કહ્યું, "હે મિત્ર ! આ દેવતાની પ્રતિમા નથી, પણ સર્વાંગ જેના સુંદર છે એવી ધનસારશ્રેષ્ઠીની મૃગાંકલેખા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામની પુત્રી છે. 'જો પહેલા આ જન્મી હોત તો કયો વિચક્ષણ પુરુષ લક્ષ્મીને માટે સમુદ્રનું મંથન કરત ? આથી જ અસાર સંસાર રૂપી મરૂધર ભૂમિને વિષે અમૃતની નીક સરખી તેને નયન વડે સમ્યક્ પ્રકારે નિરીક્ષણ કર જેથી તારો જન્મ સફળ થાય."

મિત્રના આવા વચનો સાંભળી તે વિચારવા લાગ્યો, "જો આ ઉત્તમ તિલોત્તમાની સાથે હું રમું નહિ = મને મળે નહિ તો આ મારો જન્મ, મારું યૌવન, અને મારું ધન સર્વે અસાર છે." પછી ત્યાંથી નીકળી પોતાના ઘરે ગયો પણ અતિ ઉગ્ર કામજ્વરથી તે પીડાવા લાગ્યો તેથી તેની ખાવાની રૂચિ પણ નષ્ટ થઈ ગઈ. એકાંતમાં પિતા વિગેરેએ તેનું કારણ પૂછ્યું છતાં તે સ્પષ્ટ જણાવતો નથી. પછી તેના મિત્રના મુખેથી તેની આવી અવસ્થાનું કારણ જાણી માતા-પિતાએ કહ્યું, "હે બેટા ! ઉભો થા. આહાર કર. અને તે બાલાને તારા આશય રૂપી કમળપત્રની શય્યામાં પોઢનારી રાજહંસી જાણ."

હવે આ બાજુ તે જ નગરમાં સાગરદત્તે શ્રી ઋષભનાથ ભગવાનનું રત્નમય ચૈત્ય કરાવ્યું. દશ દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. તેમાં દશમા દિવસે ધનસાર્થવાહને પણ આમંત્રણ આપ્યું. તે દરમ્યાન અભયદાન, દીન-અનાથોને ધન-ધાન્યાદિનું દાન તથા જિનપૂજા ને સંઘપૂજાદિ પૂર્વક તે દિવસ પ્રાયઃ પૂર્ણ થતાં સાગરદત્તના ઘરે બહુ પરિવાર સહિત ધનસાર પણ ગયો.

તે સમયે સાગરદત્તથી પ્રેરિત દૈવજ્ઞકે કહ્યું, "જુઓ, આજે ચંદ્ર-સૂર્યનો અપૂર્વ યોગ છે. જે આજે ચંદ્રિકા ઉત્પન્ન થઈ. તેથી આજે પર્વ દિવસ અને શુભ લગ્ન પણ છે. તો અમારા વચનથી તમારા બંને વચ્ચે પરસ્પર સુંદર સંબંધ થાઓ. એવો અમારો પ્રસ્તાવ છે." પછી સાગરદત્તે પણ કહ્યું, "મારો સાગરચંદ્ર નામનો પુત્ર છે, તેના પાણિગ્રહણને યોગ્ય તમારી કન્યા મૃગાંકલેખા છે. (તો તે બંનેનો સંબંધ જોડાય તો સારું.) તે પછી ધનસારે પણ સાગરચંદ્રનું અપ્રતિમ રૂપ આલેખી તે ચિત્રપટ પોતાની પુત્રીને આપ્યો. નૈમિત્તિકે કહેલા દિવસે તે બંનેના ઘરે વિવાહ-મહોત્સવ મંડાયા.

લગ્નનો સમય થતાં વર-વહુને માયરામાં બેસાડ્યા. ત્યારે તેને જોવાને માટે ઉત્કંઠિત થયેલો સાગરચંદ્ર પોતાના મિત્ર ધનમિત્રને કહે છે, "હે મિત્ર ! ત્યારે દેવાલયમાં તેં મારી મશ્કરી કરી હતી તેથી મેં તેને બરાબર ન્હોતી જોઈ તેથી હમણાં પણ તેને જોવાનું કુતૂહલ થાય છે. તો મારી તે આશા તું પૂર્ણ કર." "પીઠીભંગ કરીને તું શા માટે અત્યારે ત્યાં જવાની ઈચ્છા કરે છે ?" એ પ્રમાણે મિત્રે ત્યાં જવાનો નિષેધ કર્યો તો પણ તે બોલ્યો, "જે થવાનું હોય તે થાય, મારે તો તેને જોઈને દૃષ્ટિનો ઉત્સવ જ કરવો છે. આ પ્રમાણે કદાગ્રહથી પાગલ બનેલો તેને જાણીને ચંદ્રિકાથી અંધકાર દૂર થયેલી રાત્રિમાં સિદ્ધાર્થ નામના સિદ્ધ પુત્રે આપેલા અંધપટને વિસ્તારી જયાં તેણીને માયરામાં બેસાડેલી હતી ત્યાં તે બંને ગયા.

તે સમયે મૃગાંકલેખા ચિત્રલેખા, પત્રલેખા આદિ સખીઓ સાથે પરમાનંદમયી વાર્તા-વિનોદ કરી રહી હતી. તે સમયે ચિત્રલેખાએ મૃગાંકલેખાને કહ્યું, "હે પ્રિય સખી ! ખરેખર ! આ પૃથ્વી ઉપર તું ધન્ય છે કે તને સૌભાગ્ય રૂપી સાગરને ઉલ્લસિત કરનાર ચંદ્રમા સમાન સાગરચંદ્ર નામનો પ્રિયતમ મળ્યો. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "પોતાને અનુરૂપ, કલાવાન, વાચાળ, સરખી વયવાળો, બુદ્ધિશાળી, ધનવાન અને અનુરાગી પતિ પુન્યયોગે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે છે.” હવે તેના વચનથી વિરૂદ્ધ પત્રલેખા બોલી, “અરે મુગ્ધા ! સાચે જ તું તો ચિત્રમાં આલેખેલી ચિત્રલેખા જ છે. તું વસ્તુના સાર કે અસારપણાને જાણતી નથી, પણ મારી સખીને યોગ્ય યૌવનવાન, પુણ્યવાન, લાવણ્યવાન, કામદેવની જેમ રૂપવાન ધનદેવનો પુત્ર અનંગદેવ જ છે.” ત્યારે બીજી સખી બોલી, “હે પત્રલેખા ! તું ખરેખર ! તું પત્રલેખા જેવી જ છે. કારણ કે તું પાત્રની પરીક્ષા કરવામાં હોંશિયાર નથી. ખરેખર ! અનંગદેવને કામદેવ સમાન કોણ માનતું નથી ? પરંતુ મેં મારી સખીના વરને માટે સંવર નામના જ્ઞાની ભગવંતને પૂછેલું. ત્યારે જગતના જીવોને માટે બાંધવ સમાન તેમણે કહેલું કે આ અનંગદેવ મૃગાંકલેખા માટે ઉચિત વર નથી, કેમ કે તેનું આયુષ્ય વીશ વર્ષનું જ છે.” ત્યાં તો બીજી સખી બોલી, “ઓ બેન ! તું પણ કાંઈ જાણતી નથી. થોડું પણ અમૃત ઘણા સુખને આપનારું છે, પણ વધુ વિષ નહીં. સક્ષમ એવી ઈન્દ્રિયોવાળી, ચતુર પણ મૃગાંકલેખાએ આંખ વડે પણ તેણીઓનો નિષેધ કર્યો નહિ.

તે અવસરે કર્ણને કડવા વચન સમાન તેઓના વાર્તાલાપને સાંભળીને ક્રોધથી કપાળને લાલ કરતો, તલવાર ખેંચીને તેણીના વધ માટે જેટલામાં દોડે છે તેટલામાં તો ધનમિત્ર તેનો હાથ પકડીને કહે છે, “અરે મિત્ર ! આ શું તારો રોષ કરવાનો અવસર છે ? જેથી દુરાચારી સ્ત્રી હોય તો પણ તેને મારી નાંખવી યોગ્ય નથી. લજ્જાના શણગારથી શોભતી ચંદ્રની લેખા-રેખા જેવી નિર્દોષ આ મૃગાંકલેખા છે. ને તેની સખીઓ પરસ્પર મીઠો આલાપ કરે છે તેમાં તે વધને યોગ્ય ક્યાંથી ?” આ પ્રમાણે સમજાવીને કેમે કરીને મિત્રને તે ઘરે લાવ્યો. ત્યારથી તે તેણીનું પાણિગ્રહણ કરવા માટે વિરક્ત થયો પણ પિતાના વચનના ભંગની ભીતિથી સાગરચન્દ્રે વિવાહનો નિષેધ ન કર્યો. નૈમિત્તિકે આપેલા દિવસે લોકોને આશ્ચર્યકારી એવો તે બંનેનો વિવાહ-મહોત્સવ થયો.

દશ દિવસ વ્યતીત થતાં તેણે કૃપા સહિત તેણીને રહેવા માટે એક મહેલ આપ્યો. ત્યાં સુખેથી રહેતી એવી તેણીને, લગ્નના દિવસથી જ તેના પ્રત્યે વિરક્ત થયેલો સાગરચંદ્ર દુઃસ્વપ્નની જેમ યાદ પણ કરતો નથી, તેણીની સાથે બોલતો પણ નથી કે પ્રેમાળ દૃષ્ટિથી જોતો પણ નથી. એટલું જ નહિ પણ પોતાના દુરાચરણની જેમ તેનું નામ પણ ઉચ્ચારતો નથી.

તેણી પણ કોઈ પણ દોષ વિના પોતાની સાથે બોલવા માત્રનો વ્યવહાર પણ બંધ થતા અધિક ખેદને ધારણ કરતી, પોતાના અશુભ કર્મોને વિચારતી, જમણા હાથ રૂપી ઓશિકામાં મુખ રૂપી ચંદ્રમાને સ્થાપન કરી, ચિત્રલેખા વડે કહેવાતા આશ્વાસનના શબ્દોને-વચનોને નહી સાંભળતી, હૃદયમાં પ્રજ્વલિત વિરહાગ્નિને જાણે ઠારવા માટે જ ન હોય તેમ અશ્રુની ધારાને વહાવતી, અશન-પાન-વિલેપન-શૃંગારાદિને અંગારાના સમૂહની જેમ છોડતી, પ્રાયઃ પોતાના મૃત્યુરૂપી શરણને શોધતી, કૃષ્ણપક્ષના ચંદ્રની કલાની જેમ ઝાંખી-તેજવિહીન બનેલી મૃગાંકલેખા સમય પસાર કરતી હતી.

તેના વિરહ રૂપી સંતાપને દૂર કરવાની ઈચ્છાથી સખીઓ ઘણા ઉપાયો કરે છે પણ તે તેણીને ઉલ્ટા પડે છે = કમળ રહિત રાજહિંસીની જેમ તે તરફડે છે, કોમળ પાંદડાની શય્યા પણ તેને કંકેરના પાન હોય તેવી લાગે છે. ચંદન જેવો શીતલ પવન પણ તેને બાળે છે. તેનો આંતરિક પરિવાર રતિની અરૂચિ, રણ-રણ થતો શ્વાસ પ્રિય લાગતો હતો. વળી સેવામાં સજ્જ થયેલો બાહ્ય પરિવાર પણ તેને ક્ષાર જેવો ખારો લાગતો હતો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારેક તે દુઃખપૂર્વક સખીઓને આ પ્રમાણે કહેતી, "કામાગ્નિથી પ્રજ્વલિત મન છે તો પછી ચંદન વડે શરીરને શા માટે વિલેપન કરો છો ? અંતરંગ-બહિરંગ કારણોમાં અંતરંગ વિધિ જ બળવાન છે." આ પ્રમાણે દુઃખની અનુભૂતિ કરતી તેણીએ ૨૧ વર્ષ પસાર કર્યા.

આ બાજુ શ્રીમદ્ અવંતિસેન રાજા ચતુરંગી સેનાથી યુક્ત લાટદેશના રાજાને જીતવાની ઈચ્છાથી પર્વતો સહિત એવી પણ પૃથ્વીને જાણે ચલાવતો ન હોય તે ચાલ્યો. ત્યારે રાજાએ આદરપૂર્વક સાગરદત્તને કહેવડાવ્યું કે, "મારી સાથે ચારે પ્રકારની નીતિની ચાતુરીમાં વાચસ્પતિ સમાન, સંધિ વિગેરે ષડ્ગુણી રૂપી સાગરને વિષે ચંદ્રમા સમાન તારા પુત્ર સાગરચંદ્રને મારી સાથે મોકલ. તેના વિના મારી અપાર છાવણીમાં લવણ-કર્પૂરાદિ વસ્તુઓને પહોંચાડવા બીજો કોણ સમર્થ છે ? શ્રેષ્ઠિએ પણ આ રાજાનો અત્યંત આગ્રહ જોઈને, ઈચ્છા ન હોવા છતાં તે રાજાને કહ્યું, "હે સ્વામિ ! તમે પ્રયાણ આદરો. સર્વ સામગ્રી સહિત, આળસ રહિત સાગરચંદ્રને હું તમારી પાસે મોકલીશ." પિતા વડે આદેશ કરાયેલા સાગરચંદ્રે પણ દશમા દિવસે સમગ્ર સામગ્રી લઈ, પોતાના મિત્રને બોલાવી, તેનો સત્કાર કરાવીને, ઉંટ-હાથી-ઘોડા-રથ આદિ વાહનો કરિયાણાથી ભરપૂર તૈયાર કર્યા. પદ્મા માતાએ તેના ભાલસ્થલમાં શુભ તિલક કર્યું, પ્રસ્થાન સંબંધી મંગલ કર્યું. તે વખતે મૃગાંકલેખાએ વાત જાણીને વિચાર્યું, "સ્વામી તો લશ્કરમાં જાય છે તો ફરી મને ક્યારે તેમના દર્શન થશે ? ભલે... તેઓ અત્યારે મારાથી પરાङ્મુખ છે તો પણ મારે તેમના દર્શન કરવા જોઈએ." એમ વિચારી તે સખીઓની સાથે આવી ને સાગરદત્તને જુએ છે. પરંતુ સાગરચંદ્ર તો ઘણા કાર્યોમાં વ્યગ્ર હોવાથી તેને કાંઈક જોઈ-ન જોઈ ને પોતાના પરિવાર - વ્યાપારીઓ સાથે વાટાઘાટ ચાલતી હોવાથી મૌન જ રહ્યો. = તેણીને કાંઈ કીધું નહી. તો પણ મૃગાંકલેખા તેના ચરણમાં પડી અને ગદ્ગદ્ સ્વરે બોલી, "હે પ્રિયતમ ! ભક્તા, તમારે વિષે જ અનુરાગી, પીડા પામતી, નિર્દોષ એવી મારી શા માટે ઉપેક્ષા કરો છો ? વળી આટલો કાળ ગયો છતાં હે નાથ ! સંકલ્પિત દોષને હરનારી દિવ્ય પરીક્ષા પણ કેમ ન કરી ? પણ તેમાં તમારો દોષ નથી પણ કર્મોનો જ પ્રભાવ છે. વળી અત્યારે પ્રયાણ સમયે પણ અહાહા ! પાપી એવી એક મને છોડીને સર્વે નોકર-ચાકરોની સાથે વાતો કરી-તેઓને બોલાવ્યા." આ પ્રમાણે બોલતી તેને અવગણીને, પિતાના ચરણકમલને નમીને, પોતાને બીજા સૈન્યની જેમ પ્રગટ કરતો, મિત્રસહિત સાગરચંદ્ર ચાલ્યો. ત્યાર પછી મૃગાંકલેખા સેંકડોગુણા અપમાનથી દુઃખ પામેલી જાણે છેદાયેલી શાખા જ ન હોય તેમ શય્યામાં જઈને પડી. ક્ષણમાં મૂર્ચ્છા પામતી, તો ક્ષણમાં ચૈતન્ય પામતી, ક્ષણમાં નસીબને ઉપાલંભ દેતી મૃગાંકલેખાએ લાખો વર્ષની જેમ કેમે કરીને એક દિવસ વ્યતીત કર્યો.

સાગરચંદ્રે પણ સાથે આવેલા લોકોને સત્કાર-પુરસ્કાર કરી વિસર્જન કર્યા અને પોતે નદી કિનારે પડાવ નાંખીને રહ્યો. આ બાજુ વિરહીજનોના તીવ્ર તાપને શમાવવાને જ ન હોય તેમ સૂર્યે, ચારે બાજુ પ્રકાશ રેલાવતા કિરણોના સમૂહને સંહરી બીજા દ્વીપમાં વાસ કર્યો. અર્થાત્ સૂર્યાસ્ત થયો. પોતાના નૂતન પ્રિયતમ ચંદ્રમાની સાથે સંભોગ દ્વારા જાણે સુખને પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેમ રાત્રિ રૂપી રમણીના રાગથી આકાશરૂપી સદનમાં = મહેલમાં સૂર્ય રૂપી દિપક લજ્જાથી જાણે બુઝાઈ ગયો. = રજની પ્રગટી. વિશાલ નેત્ર રૂપી પત્રોમાં નિદ્રા ભરાણી છે તેવી તથા જેનું મુખ રૂપી કમલ કરમાઈ ગયું છે તેવી કમલિની રૂપી નવોઢા, તેનામાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીન થયેલા ભ્રમરોના ગુંજારવ રૂપી ધ્વનિથી જાણે પોતાના પ્રિયતમ સૂર્યના વિયોગજન્ય દુઃખથી રડતી હોય તેમ જણાતી હતી. દુષ્ટ પ્રદોષ સમય રૂપી પૃથ્વીનાથે જગતના સર્વ જીવો ઉપરથી પ્રકાશ હરી લીધો ને સ્વેચ્છાએ પ્રચાર કરવા અંધકાર રૂપી નીર વડે રાજ્ય ઉપર અસતી (કુલટા) લોકોનો અભિષેક કર્યો. તે ક્ષણે પૂર્વે ઉદય પામેલા ચંદ્રે જાણે સ્ત્રીઓના કટાક્ષ રૂપી બાણ જ હોય તેમ અંધકારમાં રહેલા પોતાના કિરણો વડે વિશ્વને હણી કામાતુર બનાવ્યું.

ત્યારે સકલ પરિવારની ચિંતા કરીને પલંગમાં સૂતેલા સાગરચંદ્રે વારંવાર કરૂણ સ્વરથી પ્રલાપ કરતી કિન્નરીનો અવાજ સાંભળ્યો. તૂર્ત જ ઉઠીને હાથમાં તલવાર લઈને નિર્ભય હૃદયવાળો તે અવાજની દિશા ભણી ગયો. તો ત્યાં સુંદર પત્રોના લતાગૃહમાં રત્નોના આભૂષણોથી દિશાઓને પ્રકાશિત કરતી, વિરહ રૂપી અગ્નિથી બળતી, વારંવાર અત્યંત મૂર્ચ્છા પામતી અને શિશિરના પવનથી પોતે જ ચૈતન્યને પામતી એવી એક મૃગાક્ષી સ્ત્રીને જોઈ. તે સ્ત્રીને સાગરચંદ્રે કહ્યું, "હે ભદ્રે ! મરવા માટે આરંભ કર્યો હોય તેવી તું કેમ જણાય છે ?" તેણીએ કહ્યું, "હે બાંધવ ! આ જગતમાં એવો કોઈ પણ પુરુષ નથી કે મારા દુઃખમાં સહભાગી થાય. પરંતુ હું માનું છું કે પરોપકાર રસિક એવા તમારાથી મારા સાધ્યની સિદ્ધિ થશે.

તે કારણથી તું સાંભળ. કે મારો પ્રાણેશ્વર હરિપ્રભ નામનો કિન્નર દેવ છે. તેની હું હારાવલી નામની અતિ વ્હાલી પ્રિયતમા છું. ભાગ્યયોગે તેની સાથે આવતા મારે કારણ વગરનો ઝગડો થયો. જે આ પ્રમાણે છે. મારા પ્રિયતમે કહ્યું, "હે કામિનિ ! આજે આપણે કદલીઘરમાં રમીશું." ત્યારે મેં કહ્યું, "હે પ્રિયતમ ! આજે આપણે મેરૂશિખર ઉપર ક્રીડા કરશું." આ પ્રમાણે અમારો વિવાદ થયો તેથી પતિ રોષાયમાન થઈને આ જ કદલીઘરમાં મારાથી પરાંગ્મુખ થઈને રહ્યો છે. સંધ્યા સમયથી સમજાવતાં મારા બે પ્રહર પસાર થઈ ગયા તો પણ પતિ મારા ઉપર મહેર કરતો નથી. તેના વિયોગથી મારું હૃદય હજાર પ્રકારે બળી રહ્યું છે તેથી માનધનવાળા મારા પ્રિયતમને તમે મનાવો."

તેના કરૂણ વચનથી આર્દ્રહૃદયવાળો થયેલો સાગરચંદ્ર કિન્નરની પાસે ગયો અને મધુર વચનો વડે માનરૂપી ઉત્કર્ષને છોડવા સમજાવ્યું. ત્યારે હાસ્યપૂર્વક તે કિન્નરે પણ સાગરચંદ્રને કહ્યું, "અરે ! તું મને પ્રિયાના વિયોગથી દુઃખી માને છે. પણ તું મૃગાંકલેખાના વિરહની પીડાને નથી જાણતો. તે રાંકડી બિચારી, તારા પ્રત્યે ભક્તિવાળી, તારામાં જ અનુરાગી છતાં એકવીશ વર્ષથી તેં એને છોડી દીધી છે. હા- તેનું શું થતું હશે ? તે કેવી રીતે જીવતી હશે ?" એમ બોલીને પોતાની પ્રિયાને ખોળામાં નાંખી તે કિન્નર સાગરચંદ્રના જોતા જ આકાશમાં ઉડી ગયો. હવે કિન્નરીની સેવિકા પ્રગટ થઈને તેને કહે છે કે, "મારી સ્વામિનીએ મારા મુખે તમને સંદેશો કહેવડાવ્યો છે કે તમારા પરોપકારનો બદલો વાળવા હું અસમર્થ છું તો પણ આ મૂલિકાને ગ્રહણ કરો. તેમાં એક મૂલિકાથી પગે લેપ કરશો તો આકાશમાં ઉડી શકશો અને બીજી મૂલિકાથી કપાળમાં તિલક કરશો તો રૂપ પરાવર્તન કરી શકશો. આ બે મૂલિકા ગ્રહણ કરી મને ઋણમુક્ત કરો." એમ કહી તે મૂલિકા આપી સેવિકા અદૃશ્ય થઈ ગઈ.

આ બાજુ સાગરચંદ્ર પણ પોતાના સૈન્યની મધ્યમાં આવી કિન્નરયુગલના પ્રેમને યાદ કરતો ચિંતવવા લાગ્યો, "ખરેખર ! તે પુરુષો ધન્ય છે જે મોટા દોષો જોવા છતાં જળની રેખા સમાન ક્રોધવાળા છે. જ્યારે જગતમાં મારા જેવો ક્રૂર કોઈ નહીં હોય. અત્યંત કઠીન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનવાળા મેં દોષ જોયા વિના જ નિર્દોષ એવી પત્નીને ત્યજી દીધી. તેથી ખરેખર ! હું અધમ પુરુષોમાં અગ્રેસર છું." આ અભિપ્રાય સાગરચંદ્રે પોતાના મિત્ર ધનમિત્રને જણાવ્યો. તેણે પણ સાગરને કહ્યું, "સારું... સારું કે તને આવો વિચાર આવ્યો. ખરેખર ! આટલા વર્ષ સુધી નિર્દોષ એવી તેને તેં ત્યજી દીધી છતાં તેણે પ્રાણત્યાગ નથી કર્યો તે ખરેખર ! તારો પુણ્યોદય છે. તારા વડે ત્યજાયેલી એવી તે જ્યાં સુધી પ્રાણ છોડે નહી ત્યાં સુધીમાં સૂકી વેલડીને જેમ મેઘ પલ્લવિત કરે તેમ તેને તું આશ્વાસન આપ." આ પ્રમાણે વિચારીને બંને જણાએ કિન્નરીએ આપેલ મૂલિકા ઘસી, તેનો લેપ પગે લગાડી દુર્જનના મનની જેમ શ્યામ આકાશમાં ઉછળીને મૃગાંકલેખાના આવાસે આવ્યા.

ત્યાં શય્યામાં દુઃખથી પીડાતી, ઘણા નિઃસાસા મૂકતી, અલ્પ જળમાં રહેલી માછલીની જેમ તરફડતી, વારંવાર સખીઓ વડે આશ્વાસન અપાતી, શ્વાસોચ્છ્વાસના તાપથી કમળની શય્યાને પણ તપ્ત કરતી, નિઃસ્સહાય દેહધારી, વિરહની પીડાને અનુભવતી મૃગાંકલેખાને સાગરચંદ્રે જોઈ. પછી તેનાથી પ્રેરાયેલો ધનમિત્ર મૃગાંકલેખાના આવાસમાં પ્રવેશ કરવા લાગ્યો ત્યાં તો મૃગાંકલેખાએ તેને પડકાર્યો, "અરે ! તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? શું તારા ઉપર યમરાજા કોપાયમાન થયો છે કે જેથી તું સાગરચંદ્રની પ્રેયસીના લીલાઘરમાં તું પ્રવેશ્યો છે ? અહીંયા તો આર્યપુત્ર સિવાય ઈંદ્રનો પ્રવેશ પણ અશક્ય છે, તો તારો તો પ્રવેશ અહીં ક્યાંથી હોય ? તો જો તારી જીવવાની ઈચ્છા હોય તો જલ્દી ભાગી જા - અહીંથી બહાર નીકળી જા. નહીંતર મારા શીલના પ્રભાવ રૂપી અગ્નિ વડે ઈંધનની જેમ તને ભસ્મીભૂત કરીશ." અને ચિત્રલેખાને બૂમ મારી, "હે ચિત્રલેખા ! આ દુરાચારીને હાથ પકડીને બહાર કાઢ."

આ પ્રમાણે બોલતી એવી મૃગાંકલેખાને ધનમિત્રે કહ્યું, "હે સતી શિરોમણી ! મને તમારા પ્રિયનો પ્રાણપ્રિય મિત્ર ધનમિત્ર જાણ. સૂર્યોદય પહેલા અરૂણોદય થાય તેમ હું આવ્યો છું. તેથી આવાસમાંથી દુઃખના કારણભૂત વિરહના ઉપકરણો દૂર કરો. હાલમાં હમણા જ તારા હૃદયરૂપી સાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્રમા સમાન સાગરચંદ્ર આવ્યો છે." તેણીએ પણ ખેદપૂર્વક તેને કહ્યું, "હે ધનમિત્ર ! શું શત્રુની જેમ ભાગ્યથી હણાયેલી એવી મારી તું મશ્કરી કરે છે ? જો તું સમર્થ છે તો તારા મિત્રને મારી ઉપર પ્રસન્ન કેમ કરતો નથી ?

ત્યાં તો એકદમ પ્રેમ રૂપી અમૃતની નીક સમાન તેની વાણીને સાંભળતા સાગરચંદ્રે પ્રવેશ કર્યો. તેને જોઈને લજ્જાળુ એવી તે પલંગ પરથી ઉભી થઈ. પછી સાગરે પ્રિયાને કહ્યું, "હે જીવિતેશ્વરી ! સંભ્રમ વડે સર્યું. અવિવેકી એવા મારા દુઃખ વડે (મારા વડે અપાયેલા દુઃખ વડે) અત્યંત પીડા પમાયેલી તું કૃશ થઈ ગઈ છે. પરંતુ હું ધન્ય છું કે તું મારા વડે જીવતી પ્રાપ્ત કરાઈ છે." આ પ્રમાણે બોલતા અને જાણે અત્યારે નવા જ લગ્ન થયા હોય તેમ તેણીને કરકમલથી ગ્રહણ કરતા સાગરચંદ્રને તેણીએ કહ્યું, "હે નાથ ! તમે આવું ના બોલો. હું તો હંમેશા પગની દાસી છું." તે બંને દંપતિના નિર્ભર પ્રેમના અભિપ્રાયને જાણીને ધનમિત્ર બોલ્યો, "હે મિત્ર ! હું તો સાર્થમાં જાઉં છું, તું પણ જલ્દી આવજે." એમ કહી તે આકાશમાર્ગે ઉપડ્યો. ચિત્રલેખા પણ કાંઈક કામનું બ્હાનું કાઢી બહાર ગઈ. લાંબાકાળ પછી મિલન થતાં તેમણે જે રતિસુખ અનુભવ્યું તેને નાગરાજની અતિ ચપળ ફણા પણ પ્રકાશિત કરવા સમર્થ નથી. પછી અરૂણોદય થતાં સ્નેહભીના સાગરચંદ્રે તેને કહ્યું, "હે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિયા ! હવે તું મને મૂક. હાલમાં જો કાળ-વિલંબ કરીશ તો પિતાજી અને શ્રી અવંતિસેન રાજા મને સ્વચ્છંદચારી કહેશે."

ત્યારે મૃગાંકલેખાએ પણ કહ્યું, "હે નાથ ! કાલધર્મિણી એવી હું કદાચ ભાગ્યયોગે ગર્ભવતી થાઉં તો તમારા વિરહમાં હું શું કરીશ ? કેમકે આ પદ્મા નિર્દોષ એવી પણ મને આવાસમાંથી કાઢી મૂકશે. શું તમે સાંભળ્યું નથી કે કુકડા અને બિલાડીની જેમ સાસુ-વહુને પરમ વૈરભાવ હોય છે." તે સાંભળી સાગરે પણ તેણીને કહ્યું, "હે પ્રિયે ! તે દૂર કરવા માટે મારા આગમનને સૂચવનારી મારી નામાંકિત મુદ્રિકા તું ગ્રહણ કર અને તારો હાર મને આપ." આ પ્રમાણે કરી, તેની રજા લઈ આકાશ માર્ગે પોતાના સાર્થમાં તે પહોંચ્યો.

હવે આ બાજુ તેની કુક્ષિમાં લાખોની કુક્ષિને ભરનારો એવો કોઈ જીવ દેવલોકથી અવતર્યો. અને તેણીના અપયશની સાથે જ તે ગર્ભ પણ વૃદ્ધિને પામવા લાગ્યો. તેથી કોપ પામેલી અને સાગરદત્તની સંમતિ લીધેલી એવી પદ્મા (સાસુ) તેણીની તર્જના કરવા લાગી, કે અહાહા પાપી ! પિતૃપક્ષ અને શ્વસુર પક્ષ રૂપી કાનનને બાળવામાં અગ્નિ સમાન ! કલંકથી મલિન થયેલી ! નહી જોયેલું, નહી સાંભળેલું એવું આ તારામાં શું દેખાય છે ?" ત્યાર પછી વિનય પૂર્વક તેણીએ કહ્યું, "હે માતા ! તમારો પુત્ર મિત્ર સહિત જે દિવસે અહીંથી પ્રસ્થાન કર્યું હતું તે જ રાત્રીએ અહીં આવેલ અને અમારો સંગમ થયેલો, અને તેમણે સંકેત નિમિત્તે પોતાના નામથી અંકિત મુદ્રા મને આપીને અને મારો હાર પોતે લઈને પાછા ચાલ્યા ગયા હતા. આ જોઈને પછી યથોચિત મને દંડ તમે કરો." તે સાંભળી પદ્માએ પણ સ્મિતપૂર્વક ઝેરને ઓકતી સર્પિણીની જેમ વચન ઉચ્ચાર્યા, "ઓ પુંશ્ચલિ ! આવા પ્રપંચોને કરતી તને હું ઓળખું છું, પણ અમે પણ સ્ત્રીચરિત્રોને જાણવામાં હોંશિયાર છીએ હો ! તારા વચનથી શું હું માની લઉં કે મારો પુત્ર તે રાત્રે આવ્યો - તને વીંટી આપી ? અર્થાત્ મારા પુત્રની જે વાતો તું કરે છે તે શું હું તારા વચનથી માની લઉં ? પરંતુ જે અચિંત્ય છે, જે કહેવા પણ સમર્થ નથી તેને અનાર્ય હૃદયવાળી નારીઓ કરે છે. વળી કહ્યું છે કે, "જે ચિંતવવાને યોગ્ય નથી, જે મુખે કહી શકાય તેમ નથી છતાં હતાશ પામેલી નારીઓ તે કરે છે અને કરાવે છે." તેથી તું અહીંથી ચાલી જા, ચાલી જા. તારું મુખ પણ હું જોવાને ઈચ્છતી નથી. એમ તિરસ્કાર કરીને સખીઓ સાથે તેને ઘર બહાર કાઢીને (તેણી પિયર પહોંચે તે પહેલા જ) પોતાની દાસી દ્વારા ધનસાર અને રંભાને તેનું સ્વરૂપ જણાવતો સંદેશો પાઠવ્યો કે, "આ તમારી પુત્રીની સારી રીતે પરીક્ષા કરીને પછી જ ઘરમાં દાખલ કરજો. અન્યથા નહીં.

ત્યાર પછી શિશિર ઋતુથી દગ્ધ પદ્મિનીની જેમ મ્લાન મુખવાળી, સૂર્યની કાંતિથી આચ્છાદિત થયેલ છે કાંતિ જેની એવી ચંદ્રિકા સમાન ભાસતી એવી મૃગાંકલેખા, ચિત્રલેખા સખીની સાથે પિતાના ગૃહદ્વારે આવી ઉભી. ત્યારે પહેલેથી જ તેણીની સાસુ દ્વારા અવિશ્વાસ પામેલા (ઠગાયેલા) માતા-પિતાએ તેને પ્રવેશ કરતા અટકાવી. ત્યારે તેણીના ભાઈ ધનંજયે પિતાને કહ્યું, "હે તાત ! જો કે એને શ્વસુર ઘરથી બહાર કાઢી મૂકી છે તો પણ તેની અવગણના કરવી યોગ્ય નથી. જ્યાં સુધી સાગરચંદ્ર સૈન્યમાંથી પાછો આવે ત્યાં સુધી તે ગુપ્ત રીતે અથવા પ્રગટ રીતે તેને રાખવી ઉચિત છે. તેણીના સાસુના વચનથી તમે પણ તેને ત્યજી દેશો તો અપમાનથી તે અવશ્ય પ્રાણ છોડી દેશે. જેથી શ્વસુર કુળથી પરાભવ પામેલી પુત્રીને પિયર જ આધારભૂત છે. તેથી કૃપા કરી તેને જાકારો દેશો નહી. કારણ કે તમે તેના પિતા છો માટે જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું તમને આ કહું છું." પુત્રે આ પ્રમાણે કહ્યા છતાં પણ જાણે સારભૂત તત્ત્વ હરાઈ ગયું હોય તેવા ધનસારે નિર્ભાગ્ય = દુર્ભાગ્યની જેમ આવતી લક્ષ્મી જેવી તેણીને ઘરની બહાર કાઢી.

તેથી પિતાના અપમાનથી વિશેષ દુઃખ પામેલી, મોતી જેવડા આંસુઓને વહાવતી, દુર્જનો વડે હસાતી, સજ્જનો વડે દયાપાત્ર બનતી, નગરની નારીઓ વડે આશ્વાસન પામતી એવી તે સખીની સાથે નગરની બહાર નીકળી. પ્રતિદિન સાગરચંદ્રના માર્ગને પૂછતી, તીવ્ર સૂર્યના કિરણોથી સંતાપ પામતી, એક સરોવરની નજીક રહેલા વૃક્ષની નીચે મધ્યાહ્નકાળે ક્ષણવાર આરામ કરવા લાગી. પછી પાછલા પહોરે પ્રિયના માર્ગને અનુસરતી, માર્ગમાં દર્ભની સોયથી પગમાં વિંધાતી રૂધિરની ધારા વડે જાણે અળતા વડે પૃથ્વીમંડલને રક્ત બનાવતી હોય તેમ તે આગળ વધવા લાગી. માર્ગમાં તે દરેક ઝરણાએ પાણી પીતી, વૃક્ષે વૃક્ષે વિશ્રામ કરતી કેટલાક દિવસ બાદ શૂન્ય જંગલમાં આવી ત્યાં તે મુક્ત કંઠે રોવા લાગી અને ગદ્ગદ્ સ્વરે બોલવા લાગી, "અમંદ આનંદ રૂપ વૃક્ષની શ્રેણિને વિષે મેઘ સમાન હે સાગરચંદ્ર ! હે જીવિતેશ ! હું ક્યારે આપના દર્શન કરીશ ? હે પ્રાણપ્રિય ! મેં તમને કહેલ છતાં દીર્ઘદર્શી એવા તમે પ્રયાણની રાત્રિએ થયેલું તમારું આગમન પિતાને ના જણાવ્યું તેથી પાપી એવી હું કુકર્મોથી વિડંબના પમાઈ છું. પણ તેમાં તમારો કોઈ દોષ નથી. હા.. હા.. ઓ વનદેવી ! ઓ જલદેવી ! ઓ ગગનદેવી ! આવા દુઃખસાગરમાં ડૂબેલી મારી વાત મારા પ્રિયને તમે કેમ કહેતા નથી ? હે તાત ! હે માત ! તમે પણ બાંધવે કહેવા છતાં પણ મારા પાપથી જ વાત્સલ્યવાળા છતાં વજ્રથી પણ અતિ કઠિન હૃદયવાળા થયા. હે દૈવ ! તારા વડે આ જન્મ મને તેટલા દુઃખના સ્થાનભૂત બનાવી કે જેટલા કલ્લોલો સમુદ્રના જળમાં પણ ન થાય. આ પ્રમાણે વારંવાર વિલાપ કરતી, પક્ષીના કોલાહલના બહાનાથી વૃક્ષની શ્રેણીને પણ તે રોવડાવતી હતી.

આ પ્રમાણે ખાધા વગર ત્રણ દિવસ પસાર થયા ત્યારે ૩ જા દિવસના અંતે જંગલની મધ્યે બેઠેલી મૃગાંકલેખાને સખી ચિત્રલેખાએ કહ્યું, "હે પ્રિય સખી ! જો તું કહેતી હોય તો આ જંગલ ભક્ષ્ય ફલાદિથી શૂન્ય છે તો કાંઈક કંદમૂળ ખાઈને પ્રાણ ધારણ કરીએ." ત્યારે ભૂખથી પીડાવા છતાં પણ તેણીએ સખીને કહ્યું, "હે સખી ! જિનેશ્વર ભગવંતના મતમાં અભક્ષ્ય એવા કંદમૂળાદિ અનંતકાયની વૃત્તિકાંતાર આગારમાં અનુજ્ઞા આપી છે. છતાં પણ અસાર એવા પ્રાણની રક્ષા માટે તેનું ભક્ષણ કરી હું નિયમભંગ નહીં કરું."

આ બાજુ ત્યાં આવેલા ચિત્રગુપ્ત નામના સાર્થવાહે, પોતાના સેવકના મુખેથી મૃગાંકલેખાની વાત જાણી. તેથી તેની સમીપમાં આવી, તેણીના દુઃખથી દુઃખ પામેલા તેણે કહ્યું, "હે ભગિનિ ! શા માટે તું અત્યંત રૂદન કરે છે ? કયા સૌભાગ્ય શિરોમણીએ તારું પાણિગ્રહણ કર્યું છે ? તું જયાં કહેશે ત્યાં તને લઈ જઈશ." ત્યાર પછી તેના વચન સાંભળી કાંઈક સંતોષ પામેલી તેણે તેની આગળ પોતાનું ચરિત્ર વર્ણવ્યું. હે બાંધવ ! મને શ્રી અવંતિસેન રાજાની નગરીમાં લઈ જાવો." તેણે પણ "સારું" એમ કહી, પોતાના સાર્થમાં તેને લાવી, કુળદેવીની જેમ તેને આરાધતો, તેને આગળ કરી ચાલ્યો.

સાર્થના નોકરોની સેવાથી કાંઈક સુખને અનુભવતી તે જેટલામાં રહી... તેટલામાં તો ઈંધનાદિ લેવા માટે સાર્થથી દૂર ગયેલી ચિત્રલેખાને ભિલ્લોએ હરી લીધી. સાર્થવાહે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વત્ર શોધ કરાવી પણ તેની પ્રાપ્તિ ન થઈ. ફરીથી નવું દુઃખ આવવાથી મૃગાંકલેખા સખીના વિયોગથી એવી રીતે વિલાપ કરવા લાગી કે જેથી સાર્થના સર્વે લોકો પણ આકુળ-વ્યાકુળ થઈ ગયા. "હે પ્રિયસખી ! હવે હું મારું દુઃખ કોને કહીને મારા આત્માને સુખ પમાડીશ ? તારા વિના દુઃખી એવી મને કોણ આશ્વાસન આપશે ? હવે મારી સાથે કોણ દુઃખ સહન કરશે ?" એમ વિલાપ કરતી તેને કેમે કરીને સ્વસ્થ કરી સાર્થવાહે કેટલાક દિવસો પછી નંદિનપુરના સીમાડે આવી સાર્થનો પડાવ નાંખ્યો. તે વખતે લાટ દેશના સ્વામી શ્રી શત્રુંજય રાજાના મિત્ર વિજયરાજે, "માલવ દેશથી આવેલો આ સાર્થ છે." એમ વિચારી તેને લૂંટી લીધો. તે અવસરે વાયુથી કંપતી જાણે ચંપકલતા જ ન હોય તેમ કંપતી મૃગાંકલેખા ભાગીને ઉદ્યાનના દેવકુલના એક ખૂણામાં સંતાઈ ગઈ. તે રાત્રિએ સિંહના ગર્જારવથી ભયભીત થયેલી તેણીએ પૂર્વદિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. પોતાના કુલ રૂપી આકાશમાં ચન્દ્ર સમાન તેને જોઈને ચંદ્ર પણ ઉગ્યો અર્થાત્ ચંદ્રોદય થયો, અથવા સત્પુરુષોના જન્મ વખતે કોનો ઉદય થતો નથી ? ચંદ્રની ચંદ્રિકાથી પ્રકાશિત દેવભવનમાં મૃગાંકલેખા પુત્રજન્મને મનાવી દુઃખને ભૂલીને હર્ષ પામી. પુત્રને ખોળામાં લઈ તે કષ્ટપૂર્વક રોવા લાગી, "હે વત્સ ! નિર્ભાગ્ય શિરોમણિ એવી હું તારો જન્મ-મહોત્સવ શું કરું ? જો હાલ તારા પિતા અહીં હોત તો દેવોને પણ આશ્ચર્યકારી એવો તારા જન્મનો મહા-મહોત્સવ કરત. તેથી હે વત્સ ! ભાગ્યરહિત મારી કુક્ષિમાં તું કેમ અવતર્યો ?" આ પ્રમાણે વિલાપ કરતી તેને કેમે કરીને વનદેવતાએ આ પ્રમાણે પ્રતિબોધ પમાડી કે, "મહાપુરુષોને રિદ્ધિ કે હાનિ ક્યારેય હોતી નથી, પણ દીન-હીન જીવોને તે હોય છે. મહિમા કે ગ્રહણ સૂર્ય-ચંદ્રનો હોય છે, પણ તારાઓનો હોતો નથી. વાળનું છેદન થાય છે, પણ ક્યારેય આંખનું છેદન કરાય છે ? મહાત્માઓને જ વિપત્તિઓ આવે છે." એમ આશ્વાસન આપી વનદેવતા અદૃશ્ય થઈ ગઈ. અનુક્રમે રાત્રિ પણ પૂર્ણ થઈ.

ત્યારે તે સાગરચંદ્ર નામથી અંકિત મુદ્રિકા વસ્ત્રના છેડે બાંધી, બાળકને તે વસ્ત્રમાં ચારે બાજુથી વીંટીને દેવકુલના એક ખૂણામાં પુત્રને મૂકી પોતે સ્નાન કરવા તથા વસ્ત્રનું પ્રક્ષાલન કરવા બાજુમાં રહેલા પદ્મસરોવરમાં તે ગઈ. તે અવસરે અત્યંત ભૂખ્યું અને માંસની ગંધથી આકર્ષાયેલું કૂતરુ ત્યાં આવ્યું અને બાળકને ગ્રહણ કરી ગયું. ખરેખર ! આવી કર્મપરિણતિને ધિક્-ધિક્ છે. પૂર્વે કરેલા સુકૃત-દુષ્કૃતોને ક્યારે પણ અનવકાશ નથી હોતો. વળી કહ્યું છે કે, "જીવે આ ભવમાં કે પરભવમાં જે-જે કાંઈ શુભ-અશુભ કર્મ કર્યું હોય, તેના ફળને જો જીવ દેશાંતરે ગયો હોય તો પણ અનુભવે છે. કલ્લોલથી તટને ભેદનારા સાગરને ધારણ કરી શકાય, પણ અન્ય જન્મમાં પોતાના કર્મથી નિર્માણ કરેલ દિવ્ય (ભાગ્યના) પરિણામોને અટકાવી શકાતા નથી." ત્યાર પછી સમીપમાં રહેલા સરોવરના તીરે શૌચ માટે આવેલા વૈશ્રમણ શ્રેષ્ઠીને આગળ જોતાં જ તે કૂતરાના મુખમાંથી તે બાળક પડી ગયું. શેઠે પણ રક્ત પાંદડા જેવા કોમળ હાથ-પગવાળો તે બાળક જોયો. તેને લઈને તે ખૂબ આનંદ પામ્યો અને જન્મતા જ મરી જતા બાળકોવાળી = મૃતવત્સા એવી ધનવતી નામની પોતાની પત્નીને તે બાળક આપ્યો. તેણે પણ તત્કાળ જન્મીને મરેલું બાળક દાસી વડે ત્યજાવીને, તેના સ્થાને તે નૂતન બાળકને સ્થાપન કર્યું. પછી તે બંનેએ પિતાની જેમ તેનો જન્મ મહોત્સવ કર્યો અને બારમા દિવસે સુરેન્દ્રદત્ત એવું બાળકનું નામકરણ કર્યું. તેના પ્રભાવથી તે વૈશ્રમણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલ્પકાળમાં જ વૈભવ વડે કુબેરના ભંડારીપણાને પામ્યો. ધનવતીનો પણ "મરેલા બાળક અવતરતા" તે દોષ દૂર થયો. ત્યાર પછી તેને નરદેવ અને ધનદ નામના બે પુત્રો થયા.

સુરેન્દ્રદત્ત પણ વૃદ્ધિ પામતો અનુક્રમે સુંદર તરૂણવયને - યૌવનને પામ્યો. પિતાએ તેને બત્રીશ વહુ પરણાવી. તેની સાથે દોગુંદક દેવની જેમ ભોગોને ભોગવતો સમય પસાર કરવા લાગ્યો.

આ બાજુ મૃગાંકલેખા દેહ-વસ્ત્રનું પ્રક્ષાલન કરી સરોવરથી પાછી ફરી. ત્યાં તો આનંદરૂપી કંદલીના કંદ સમાન તે પુત્રને ન જોતાં તે પૂત્કાર કરવા લાગી, "હા... હા... વિધાતાએ મને ચોરી લીધી ! ચોરી લીધી ! પછી જાણે વજ્રથી હણાયેલી હોય તેમ મૂર્છિત થઈ જમીન ઉપર પડી અને શિશિર ઋતુના પવનથી ચેતના પામેલી ફરી તે વિલાપ કરવા લાગી, "શ્રી વત્સ, મત્સ્યાદિ લક્ષણોથી લક્ષિત હે વત્સ ! હે સુવર્ણવર્ણવાળો ! તું ક્યાં ગયો ? હા... હા... ! પુણ્યરહિત એવી હું તને અહીં મૂકીને કેમ ગઈ ? પરંતુ પ્રતિકૂલ ભાગ્ય વડે હું ઠગાઈ ગઈ છું. હે દૈવ ! પ્રિયતમ - બાંધવથી રહિત, તથા પ્રિયસખીનો વિયોગ આપ્યો છતાં તું હજી સંતુષ્ટ નથી થયો ? કે જેથી દુષ્ટાશય ! મારા પ્રિય પુત્રને પણ તેં કષ્ટ આપ્યું ?" આ પ્રમાણે વિલાપ કરતી એવી તેને, તેના દુઃખથી દુઃખી થયેલી લલિતાનામની ભરવાડણે કેમે કરીને સ્વસ્થ કરી, પોતાની સાથે ગોકુલમાં લઈ ગઈ, અને મધુર ગોરસના પાન વડે તેણીના શરીરને સ્વસ્થ - મસ્ત કર્યું.

હવે એકવાર ગોકુલના સ્વામી વસંતે **ક્ષામાંગી** દૂબળા દેહવાળી છતાં અપ્સરાના રૂપને પણ જીતનારી એવી તેણીનું દેદીપ્યમાન રૂપ જોયું. તેણીમાં અત્યંત રક્ત થયેલો તે, લલિતાના ગોકુલવાસી લોકો દ્વારા તેને ફોસલાવવા લાગ્યો. તેણી પણ તે ગણાભિયોગથી તે વસંતને અપર પતિની જેમ જોવા લાગી. તેથી નિશ્ચલ શીલવાળી તેને જાણી લલિતાએ સુલલિત વાણીથી ગોકુલપતિને કહ્યું, "હે સ્વામિન્ ! અન્ય પણ સતી પૂજનીય હોય છે તો પછી આપણા ઘરે આવેલી આ સતી કેમ પૂજનીય ન હોય ? હોય જ." તે સાંભળી કામ રૂપી ગ્રહથી જકડાયેલા તે દુષ્ટાત્માએ ચિંતવ્યું કે, "જયાં સુધી આ મારા ઘરમાં નહીં લઈ જવાય ત્યાં સુધી તે મારું વચન માનશે નહીં.' તેથી બળથી પણ તેને મારી પાસે લઈ આવીશ. એમ વિચારી રાત્રિમાં સુખપૂર્વક સૂતેલી તેનું અપહરણ કરી ઘરે લાવ્યો, તેને અનેક વાર પ્રાર્થના કરી પણ તેણીના શીલના પ્રભાવથી પાપી એવો તે ત્યારે જ મરી ગયો અને ગોકુલમાં ચંદ્રકિરણ સમાન ઉજ્જવલ યશ તેણીનો વિસ્તર્યો કે, "નિષ્કલંક એવા શીલથી અહીંયા પણ શું શું સધાતું નથી ?" પછી વસંતના પરિવારે તેનો સત્કાર કર્યો અને લલિતાના ઘર તરફ મોકલી, પણ તે સતી માર્ગ ભૂલી જતાં કોઈ જંગલમાં પહોંચી. માર્ગના શ્રમથી થાકેલી તે વડના ઝાડ નીચે બેઠી અને કર્મપરિણતિને વિચારવા લાગી.

ભાગ્યયોગે મકરંદ નામના તાપસે તેને જોઈને દયાળુ એવા તાપસે તેનું સ્વરૂપ પૂછ્યું અને પછી પોતાના આશ્રમમાં લઈ ગયો અને કુલપતિને બતાડી. કુલપતિએ પણ 'આ પુત્રી છે' એમ ગણી, તાપસો સાથે આપીને તેને મંદાર ગામ નજીક છોડી દીધી. સાયંકાળે તે ગામમાં પ્રવેશ કરતી હતી ત્યાં તે ગામના સ્વામી સુંદર નામના પુરુષે તેને ગ્રહણ કરીને ભદ્રકાલીના મંદિરમાં ઓગણીસ બલિદાન દેવા યોગ્ય માણસોમાં તેને મૂકી. કેમકે સુંદરે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના પુત્રના જન્મ સમયે, "હું દશ પુરુષ અને દશ સ્ત્રીને હણીને ચંડિકાદેવીને બલિદાન આપીશ." એમ પ્રતિજ્ઞા કરી હતી. હવે તે આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા ભદ્રકાલી મઠમાં આવીને, સર્વે પણ બંદીવાનોને ભેગા કરી કહેવા લાગ્યો, "ભો... ભો... સાંભળો. અમારો આ કુલધર્મ છે કે જ્યારે પુત્રનો જન્મ થાય ત્યારે ૨૦ સ્ત્રી-પુરુષના બલિદાન કાલીદેવીને આપવાના. તેથી એક જીવિતને મૂકી જે કાંઈ તમારું ઈષ્ટ હોય તે માંગો." તે સાંભળી બંદિજનોએ ચિંતવ્યું, "વજ્રપાત થાઓ આના કુલધર્મમાં કે જ્યાં જેમાં આવા પ્રકારનો જીવવધ કરાય છે. વળી કહ્યું છે કે, "જે પોતાના જીવિત માટે અમરાવતીનું રાજ્ય ત્યજે તો પણ જીવવધનું પાપ અન્ય દાનથી પણ છૂટતું નથી. જો કોઈ મેરૂગિરિ પ્રમાણ સોનાનું દાન આપે, કોઈ ક્રોડોનું દાન આપે તો પણ તે એક જીવહિંસાના પાપથી છૂટતો નથી." જ્યાં તે સર્વે મૃત્યુથી ભયભીત બની મૌનનો આશ્રય કરીને રહ્યા ત્યાં તો મૃગાંકલેખાએ તેને કહ્યું, "હે ભાઈ ! હું તારી પાસે યાચના કરું છું કે પહેલા મને માર, પછી તને જેમ ગમે તેમ કરજે. એમ દેવતાભિયોગથી અને બલાભિયોગથી સાવદ્ય વચન બોલું છું, નહિતર સમ્યક્ત્વીને વ્રતભંગ જ થાય. વળી પ્રાણિવધ જોતા પણ મહાન પાપ લાગે છે તેથી પહેલા મને મારી નાંખ જેથી તારા વડે વધ કરાતા બીજા જીવોને હું જોઉં નહી." એ પ્રમાણે તેના વચન સાંભળીને સુંદરને પણ સુંદર બુદ્ધિ અને દયાનો પરિણામ પેદા થયો અને તેને કહ્યું, "હે ભગિનિ ! મેં તને છોડી દીધી છે તેથી તું જા. ખરેખર ! તારી આ અદ્‌ભૂત મતિ છે." ત્યારે અવસર પામીને તેણી પણ તેને કહે છે, "હે ભાઈ ! (મારી) પાછળ મૃત્યુને ભેટનારા આ બધાને છોડીને હું જીવતી એકલી તો અહીંયાથી નહી જ જાઉં. તેથી આ બધાને છોડી દે અને મને જ મારી નાંખ. આટલી મારા પર મહેરબાની કર. તું શા માટે વિલંબ કરે છે ?

પછી તે સુંદર કરૂણામય તેની વાણી સાંભળી વિસ્મયથી મસ્તક ધુણાવવા લાગ્યો, "અહો ! આની ઉપકાર કરવાની કેવી મતિ છે ! એમ માની તે કોઈ પંક્તિને ચિંતવવા લાગ્યો, "જે ઉત્તમ પુરુષો છે તે હંમેશા પોતાના પ્રાણના ભોગે પણ બીજાના પ્રાણોની રક્ષા કરે છે જ્યારે મારા જેવા મહા અધમ લોકો તેનાથી વિપરિત આચરણ કરે છે." પછી તેની પ્રશંસા કરી, જીવહિંસા ત્યાગનું વ્રત સ્વીકારી, બંદીવાનોને છોડી દીધા. તે સર્વે બંદીવાનો પણ કુલદેવીની જેમ તેણીની સ્તુતિ કરીને, સુંદર વડે વિસર્જન કરાયેલા પોતપોતાના સ્થાને ગયા.

પછી તે આગળ ચાલી. ત્યાં રસ્તામાં ચપળ દાઢોથી વિકરાળ જીહ્‌વાવાળો, ચણોઠી જેવી લાલ આંખોવાળો, ભક્ષણ માટે સામે આવતા સિંહને જોઈ ભયથી કંપતી તે આ પ્રમાણે વિચારવા લાગી, "ખરેખર ! હવે મારું શું થશે ? અથવા આવા વિચાર કરવા વડે શું ? મારી રક્ષા માટે મારા શીલનો મહિમા જ મોટું શસ્ત્ર છે." તેથી તે સિંહને કહે છે, "જો મેં મારા પતિને છોડીને મનથી પણ અન્ય પુરુષની ઈચ્છા કરી હોય તો હે સિંહ ! તું મારું ભક્ષણ કર. નહિતર થાંભલાની જેમ તારા સ્થાને જ ઉભો રહે." તેની વાણીથી પીડાયેલો (= વિંધાયેલો) સિંહ ત્યાં જ ઉભો રહ્યો. આ પ્રમાણે સિંહના કષ્ટથી મુક્ત થયેલી તે ગિરિ-નદી-સરોવર-વનોનું ઉલ્લંઘન કરતી સાયંકાળ થતાં વિશ્રામ નિમિત્તે એક વટવૃક્ષ પાસે આવી. તે સમયે પહોળા મુખવાળી, તમાલ વૃક્ષ જેવી શ્યામશરીરી, જાણે કાલરાત્રિની સહચરી હોય તેવી અને તેના ભક્ષણ માટે દોડતી એવી રાક્ષસીને તેણીએ જોઈ. સમીપમાં આવેલી તે રાક્ષસીને તેણીએ કહ્યું, "હે રાક્ષસી ! જો મારા હૃદયમાં મારો પતિ સાગરચંદ્ર જ એકાગ્રપણે વર્તતો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો જલ્દી તું સ્થિર થઈ જા." અને તેણીના વચનથી આલાનસ્થંભે સ્થંભિત કરેલી હાથિણી જેવી રાક્ષસી સ્થિર થઈ ગઈ.

પછી તે જ વટવૃક્ષ નીચે રાત્રિ પસાર કરી પ્રાતઃકાળે પ્રસ્થાન કરી સિદ્ધાર્થપુર નગરની બહારના ઉદ્યાનમાં દેવભવનમાં માર્ગથી થાકેલી તે વિશ્રામ કરવા લાગી. ભાગ્યયોગે કામસેના ગણિકાએ નિરૂપમ રૂપવાળી તેને જોઈ અને **"નિધિ"** ની જેમ તેને ઉપાડી પોતાના આવાસમાં લાવીને કહ્યું, "હે બેટી ! ગણિકાધર્મને તું આચર. યૌવનરૂપી વૃક્ષનું ફળ ગ્રહણ કર. કામદેવની આરાધના કર." આ પ્રમાણે કાનમાં ખીલા સમાન વેશ્યાના વચનો સાંભળી તે બોલી, "હે રૂપજીવી ! મેં બાલ્યકાળથી જ શીલનું પરિપાલન કર્યું છે. ઉભયકુલ રૂપી પર્વતને ભેદવામાં વજ્ર સમાન એવું વેશ્યાપણું હું નહીં સ્વીકારું." આવું સાંભળી દુષ્ટ એવી વેશ્યાએ તેણીને રોષથી ગાઢ બંધને બાંધી તો પણ તે સતી તિલમાત્ર પણ શીલથી ભ્રષ્ટ ન જ થઈ. ભાગ્યયોગે તે જ રાત્રીએ વેશ્યા મૃત્યુ પામી. પાપનું ફળ અવિકલ = અવશ્ય મળવાનું જાણવા છતાં પણ **અન્ય ઘેરી જનારી** વેશ્યાઓ વડે બળાત્કારે તેને = મૃગાંકલેખાને વેશ્યાના પદે સ્થાપન કરી. તો પણ તેણી ત્રિકરણ શુદ્ધિથી શીલનું પાલન કરતી દિવસો પસાર કરે છે, પણ તેઓનું વચન જરા પણ માનતી નથી.

પછી ગણિકાએ શ્રી કનકધ્વજ રાજાની પાસે તેણીના રૂપ અને સૌંદર્યનું અતિશય વર્ણન કર્યું. તેથી તેણીની સાથે રમવાની ઈચ્છાવાળા રાજાએ પણ તેણીને લાવવા માટે એક પ્રતિહારને મોકલ્યો. તો તે વેત્રીને = ચોકીદારને ધોળા કોઢવાળાની જેમ આલાપમાત્રથી પણ બોલાવતી નથી. તેણે પણ તેણીને ચતુરવાણીથી કહ્યું, "હે સુભ્રુ ! આ તો રાજાભિયોગ છે, તેને અન્યથા કરવો તે ઉચિત નથી. વળી તું જાતે જ વિચાર કરવામાં ચતુર છે." પછી મૌનને ધારણ કરનારી એવી તેણીને તે ચોકીદાર પાલખીમાં નાંખીને ચાલવા લાગ્યો. હવે બચવાનો અન્ય ઉપાય ન દેખાતાં, કપટથી વિકલતાનું આલંબન લઈ, પાલખીથી પડીને ભૂમિ ઉપર આળોટવા લાગી અને પોતાની મેળે લવારો કરવા લાગી, વસ્ત્રો ફાડી નાંખ્યા. કસ્તુરીના વિલેપનની જેમ સર્વાંગે કાદવનું વિલેપન કર્યું. સમીપમાં રહેલા લોકોને ઢેફા - લાકડી - મુષ્ટિઓ વડે મારવા લાગી. તેથી વેશ્યા પાછી ફરીને પોતાના ઘરે તેણીને લાવી. તેના દુઃખથી પીડા પામેલી વેશ્યાએ મંત્રવાદીઓને બોલાવ્યા. ત્યારે સમીપમાં રહેલા તેઓને પણ તેણી દોરડા વડે મારવા લાગી. પછી રાજાએ મહામંત્ર-વિદ્યા વિશારદ કનકબાહુ નામના પોતાના અંગરક્ષક પુરુષને તેણીના દોષની પરીક્ષા માટે આદેશ કર્યો. ત્યારે તેણે પણ એકાંતમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીની શાસનદેવતા જ્વાલામાલિનીને કન્યાના શરીરમાં ઉતારી મૃગાંકલેખાના દોષો વિષે પૂછ્યું. દેવીએ પણ તેના મુખ દ્વારા પ્રગટ કર્યું કે, "હે વત્સ ! આ મહાસતીના શરીરમાં સર્વથા પણ લેશમાત્ર દોષ નથી. પરંતુ આ તો મહાસતીઓમાં શિરોમણી મૃગાંકલેખા જગતપ્રસિદ્ધ સાગરચંદ્રની પરમ પ્રેમવતી પ્રેયસી છે. જિનેશ્વર-મતથી ભાવિત મતિવાળી તે ભાગ્યવશાત્ અહીં આવી છે અને પોતાના શીલના પાલન માટે તે પાગલ-ગાંડી બનેલી છે. આથી સાક્ષાત્ કુલદેવીની જેમ તારે એની રક્ષા કરવી જોઈએ. પછી તેણે પણ દેવીને વિસર્જન કરી, રાજાને રહસ્ય જણાવીને અને મૃગાંકલેખાને સારી રીતે બોલાવી, લક્ષ્મીની જેમ પોતાના મહેલમાં લાવ્યો. દેવકૃત પ્રાતિહાર્યવાળી, પ્રગટશીલ પ્રભાવવાળી અને લોકો વડે પૂજાતી એવી ત્યાં રહેલી મૃગાંકલેખા ચિંતવે છે, "મારો પુત્ર બીજે ક્યાંક છે તો મારો વલ્લભપતિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પણ વળી બીજે સ્થાને છે તો પરિવાર પણ કોક અન્યસ્થાને છે. ખરેખર ! આ ભાંગેલા નસીબે સઘળાય કુટુંબને બલિની જેમ ફેંકી દીધું. અર્થાત્ બધાને છૂટા પાડી નાંખ્યા.

આ બાજુ વ્યવહાર કલામાં કુશળતાને પ્રાપ્ત કરતો અને ખૂબ ધનોપાર્જન કરતો સુરેન્દ્રદત્ત, પિતાને જીવિતથી પણ પ્રિય-વ્હાલો બન્યો. તે અવસરે સર્વ કાર્યમાં તેનો ઉત્કર્ષ જોઈ તુચ્છબુદ્ધિવાળી ધનવતી ચિંતવવા લાગી, "આ જીવતો હશે ત્યાં સુધી મારા પુત્રો તો રૂઉ જેવા જ લાગશે." તેથી શાકિનીની જેમ દુષ્ટાશયવાળી ધનવતીએ સુરેન્દ્રદત્તને મારવાને માટે વિષમય એક લાડુ અને બીજા બે નિર્વિષ લાડુ તે પુત્રોને માટે બનાવીને, કોશશાલામાં દાસી સાથે મોકલાવ્યા અને દાસીને સૂચના આપી કે, "આ મોટો લાડુ તારે સુરેન્દ્રદત્તને આપવો અને બીજા બે નાના લાડુ છે તે નરદેવ અને ધનદેવને આપવા." દાસીએ પણ જઈને તે પ્રમાણે કર્યું. સુરેન્દ્રદત્ત કામમાં વ્યગ્ર હતો તેથી એકાંતમાં તે લાડુ મૂકી રાખ્યો. પણ ભૂખ્યા એવા બંને નાના ભાઈઓ તો ત્યારે જ લાડવો ખાઈ ગયા. કાર્યમાં વ્યગ્ર હોવાથી ઘણો સમય થયો છતાં સુરેન્દ્રદત્તને લાડુ ખાવાનો સમય પણ મળતો નથી ને તેટલામાં બંને ભાઈઓ પાછા ભૂખ્યા થયા. તે જોઈ સુરેન્દ્રદત્તે પોતાનો લાડુ ભાંગીને બંનેને ખાવા માટે આપ્યો. તે બંનેએ પણ લાડવો ખાધો. તેથી તત્ક્ષણે જ અત્યંત તીવ્ર ઝેરની લહરીથી તે બંને મરી ગયા. જે બીજાના માટે કરાય છે તે પોતાના માટે જ થાય છે.

આ બાજુ સર્વ વૃત્તાંતને જાણેલા વૈશ્રમણે ધનવતીના દુષ્ટાશયને વિચારીને ખિન્ન થયેલા વૈશ્રમણે એકાંતમાં સુરેન્દ્રદત્તને બોલાવી કહ્યું, "હે વત્સ ! તું તારા સ્વાર્થની સિદ્ધિ માટે તામલિપ્તી નગરીમાં જા. હવે અહીં તું ક્ષણમાત્ર પણ ન રહે. (શાકિની સ્વરૂપ આ માતા તને જીવવા નહિ દે.) શાકિની સ્વરૂપ માતાની પાસે તું કેટલો કાળ જીવશે ? તે સાંભળી સુરેન્દ્રદત્તે કહ્યું, "પિતાજી ! આમ કેમ ?" ત્યારે વૈશ્રમણ શ્રેષ્ઠીએ તેની આગળ આમૂલચૂલ તે સઘળો ય વૃત્તાંત જણાવીને, સાગરચન્દ્રના નામથી અંકિત મુદ્રારત્ન આપીને, સાર્થની ઘટનાને કહીને વૈશ્રમણે સુરેન્દ્રદત્તને તામલિપ્તી નગરીમાં મોકલ્યો. તે પણ માતા-પિતાની ઓળખાણની ચિંતાથી સશલ્યની જેમ ગામે-ગામે, નગરે-નગરે સાગરચન્દ્રની પૃચ્છા કરતો તામલિપ્તી નગરીમાં આવ્યો. ત્યાં ઘણું ધન ઉપાર્જન કરતો શ્રી ઋષભદેવ પ્રાસાદમાં પૂજા માટે આવ્યો. ત્યાં તેણે મહાપ્રભાવશાળી શાસનદેવી શ્રી ચક્રેશ્વરીની પૂજોપચાર પૂર્વક, અઠ્ઠમ તપ સાથે આરાધના કરી. શાસનદેવીએ પણ તેથી પ્રગટ થઈને કહ્યું, "હે વત્સ ! તારા પિતા સાગરચંદ્ર અને તારી માતા મૃગાંકલેખા છે. સિદ્ધાર્થપુરમાં પ્રિયમેલક ઉદ્યાનમાં તેઓ તને મળશે તેથી તું હવે ખેદ ના કર. તેઓ તારા માતા-પિતા છે તેની ઓળખાણ તને આ રીતે થશે," તને જોઈને તારી માતાના સ્તનમાંથી દૂધની ધારા ઝરશે અને લોકો સાગરચંદ્ર તરફ આંગળી બતાવીને, "આ સુરેન્દ્રદત્તનો પિતા છે" એમ કહેશે. આજથી એક મહિના પછી તારો તારા માતા-પિતા સાથે મેળાપ થશે." એમ કહી દેવી અદૃશ્ય થઈ ગઈ. પછી પરમાનંદ રૂપી અમૃતથી સિંચાયેલાની જેમ શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરી, પારણું કરીને, મોટા સાર્થની સાથે તેણે સિદ્ધાર્થપુર તરફ પ્રયાણ આદર્યું.

આ બાજુ શ્રી અવંતિસેન રાજા તરફથી શત્રુંજય રાજાને જીતીને બંને સૈન્યોની સાથે પાછો ફરેલો સાગરચંદ્ર પ્રિયાના દર્શન માટે ઉત્કંઠિત બનેલો પોતાના આવાસે આવ્યો. પોતે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાર્જન કરેલું સર્વ દ્રવ્ય પિતાને અર્પણ કરીને, પ્રિયાના વિયોગ રૂપી અગ્નિથી તપ્ત બનેલો એવો તે મૃગાંકલેખાના આવાસે ગયો પણ જાણે નયન વિનાનું મુખ હોય, ચંદ્ર વિનાના આકાશની જેમ શૂન્ય તેના ભવનને જોઈને તે ચિંતવવા લાગ્યો કે, “શું કોઈ પ્રયોજનથી પિતાના ઘરે ગઈ હશે ? અથવા દુષ્ટ એવા ભાગ્યે કાંઈક જુદું જ કર્યું હશે ?’ પછી તેણે જઈને માતાને કહ્યું, “હે મા ! મારા મનરૂપી કુમુદને વિકાસ કરનારી ચંદ્રિકા સમાન મૃગાંકલેખા હાલમાં ક્યાં છે ?” તે સાંભળીને શંકાવાળી છતાં ધૃષ્ટતાથી તે બોલી, “હે વત્સ ! તું એ પાપીનું નામ પણ ગ્રહણ ન કર, કારણ કે તેં પ્રસ્થાન્ કર્યા પછી તેણે કુલને કલંકિત એવું કાર્ય કરી ગર્ભિણી થઈ તેથી મેં તેને ઘરમાંથી બહાર કાઢી.” તે નહી સાંભળવા યોગ્ય વચનોને સાંભળી હા... હા... એ શબ્દો ઉચ્ચારતો સાગરચંદ્ર મૂર્ચ્છા પામ્યો. પરિવારે કરેલા શીતલ ઉપચારોથી કેમે કરીને મૂર્ચ્છા દૂર થતાં, “હે કૃશાંગી ! ત્યારે તે કહેવા છતાં મેં પિતાની આગળ મારું આગમન નિવેદન ન કર્યું તો હવે મરણ જ મારા મનને બાળશે.” એમ વારંવાર વિલાપ કરતો તે માતાને કહે છે, “હે માતા ! મારા નામથી અંકિત અને મારી ચિર પરિચિત એવી મુદ્રિકાને જોઈને પણ તેં શા માટે તે મહાસતીને કાઢી મૂકી ? અથવા તુષ્ટ થયેલો કે રુષ્ટ એવો કુપતિ મારે છે એ પ્રમાણે વિચારીને હે વનદેવતા ! પિતા અને શ્વસુરકુલથી કાઢી મૂકેલી, સતીવ્રતધારી મારી પ્રાણપ્રિયાનું રક્ષણ કરો, રક્ષણ કરો. હા... શૂન્ય અરણ્યમાં ગર્ભિણી એવી તેનું શું થતું હશે ?” એમ પ્રલાપ કરવાપૂર્વક પિતૃ અને શ્વસુર વર્ગને આકાશ ભરી દે તેવા અવાજથી તે રડાવવા લાગ્યો. ત્યારે કુલવૃદ્ધોએ ભવભાવનાના સ્વરૂપ દ્વારા પ્રતિબોધ કર્યો = સમજાવવા છતાં પણ તે શોકને મૂકતો નથી અને વિચારે છે કે, “જ્યાં સુધી મૃગાંકલેખાને નજરે નિહાળું નહી ત્યાં સુધી ભલે હજારો વર્ષો જાય તો પણ પાછો ઘરે આવીશ નહિ.” આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, મિત્રોને પણ જણાવ્યા વિના ધનુષ્યબાણને સાથે લઈ સાગરચંદ્ર નગરથી બહાર નીકળ્યો.

પૃથ્વી ઉપર પરિભ્રમણ કરતા સ્થાને-સ્થાને મુસાફરોને પૂછતો, પર્વતની દરેક ગુફામાં શોધતો, દરેક વૃક્ષે શોધતો, દરેક નદીના કિનારે શોધતો - શોધતો સાગરચંદ્ર હેડંબ વનમાં આવ્યો. ત્યાં હરણાદિ પ્રાણીઓને જોઈ તે પ્રલાપ કરવા લાગ્યો, “હે હરણી ! તેં મારી પ્રિયાની સુંદર દૃષ્ટિની શોભા હરી લીધી છે. અરે ઓ કમલ ! મારી પ્રિયાની મુખકમલની શોભાને તેં હરી લીધી છે. ઓ મોર ! મારી પ્રિયાની કેશની શોભા તેં હરી લીધી છે. અરે ઓ અશોક ! કર-ચરણની અંગુલી રૂપી પલ્લવની છાયા તેં હરી લીધી છે. તો હે ચંદ્રમા ! તેં મારી પ્રિયાની કપોલપાલિ = ગાલ અને કાનના અગ્રભાગની શોભાને હરી લીધી છે. આ પ્રમાણે તમે બધા મારી પ્રિયાની સર્વ શોભાને હરીને વિષમ-વિષમ સ્થાનમાં જો કે સંતાઈ ગયા છો તો પણ હમણા મારી પ્રિયાની તે તે શોભાને પાછી આપો. જો નહિ આપો તો યમની જેમ કોપાયમાન થયેલો હું તમને બધાને મારી નાંખીશ.” એ પ્રમાણે મોહ રૂપી પિશાચથી પાગલ બનેલો તે સર્વત્ર ભમતો હતો. ત્યારે તેનું તેવા પ્રકારનું સ્વરૂપ જોઈ હેડંબ નામનો રાક્ષસ કૌતુકથી પ્રગટ થઈને બોલ્યો, “હે પુરુષ ! શા માટે આ મૃગલા આદિ ઉપર ક્રોધ કરે છે ? અને તેઓને શા માટે પ્રિયાનું રૂપ પૂછે છે ? મને એકલાને જ પૂછ. કેમકે સુલોચનાવાળી એવી તારી પ્રિયાને હું ગળી ગયો છું.” આ પ્રમાણે તેના વચન સાંભળીને સાગરચંદ્રને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો અને તેને મારવા માટે તલવાર લઈને યુદ્ધ કરવા તૈયાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો. ત્યાર પછી તે બંને વચ્ચે મહાયુદ્ધ થયું. પરસ્પર પ્રહાર કરતા તલવાર ભાંગી ગઈ એટલે સાગરચંદ્ર વૃક્ષને ઉખેડીને જેટલામાં તેના મસ્તક ઉપર તાડન કરવા લાગ્યો તેટલામાં તો તે રૌદ્રમૂર્તિ બે ગણી-ત્રણ ગણી વધવા લાગી. તે વિકરાલ વેતાલને જોઈને સાગરચંદ્ર પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો. તેના સ્મરણમાત્રથી જ ઝેરની જેમ તે વેતાલ ક્યાંક ચાલ્યો ગયો.

હવે સાગર પણ પર્વત-સરોવર-નદી કિનારા વિગેરે અનેક સ્થાનોમાં પ્રિયાને શોધતો ફર્યો પણ તેની ભાળમાત્ર પણ મળી નહી. તેથી પ્રિયા નહી મળવાથી મહાદુઃખી થયેલા તેણે ક્યાંકથી લાકડા મેળવીને, અગ્નિ વડે ચિતા પ્રજ્વલિત કરીને તેમાં ઝંપાપાત દેવાની ઈચ્છાથી તે પર્વતની ટોચ ઉપર ચડીને મોટા અવાજે બોલ્યો, "હે સર્વે એવા દેવ તથા દેવીઓ ! તમે સાંભળો. આ જન્મ નિર્દૂષણ એવા મારી પ્રાણપ્રિયાને મેં અપાર દુઃખમાં નાંખી છે, એટલું જ નહિ. તેનું એક પણ વચન મેં માન્યું નથી. હાલમાં તેની કોઈ ભાળ-સમાચાર મળતા નથી તેથી સેંકડો દોષોથી મલિન એવો હું બળતા અગ્નિમાં = ચિતામાં પ્રવેશ કરું છું" એ પ્રમાણે બોલી જ્યાં ઝંપાપાત દેવા તૈયાર થાય છે ત્યાં સુયશ નામના સિદ્ધપુત્રે તેને અટકાવ્યો કે તું આત્મહત્યા ન કર. તારી પ્રિયાની સાથે સર્વ કર્મનું ઉન્મૂલન કરી તું શિવરમણીનો સ્વામી થઈશ. વળી તું સુરેન્દ્રદત્ત પુત્ર અને પ્રિયાને સિદ્ધાર્થપુરમાં પ્રિયમેલક ઉદ્યાનમાં શ્રી યુગાદિદેવના ચૈત્યમાં મળીશ. = ત્યાં તારું સુભગ મિલન થશે. આની પ્રતીતિ એ કે આજે જ ભિલ્લપલ્લિથી નાશી છૂટેલી ચિત્રલેખા તને મળશે. તૂર્ત જ તેને સાથે લઈ તું સિદ્ધાર્થપુર જા, અને મને નંદીશ્વર દ્વિપના જિનચૈત્યોનો નમસ્કાર કરવા જવાની રજા આપ." એમ કહીને તે આકાશમાર્ગે ઉપડ્યો.

હવે સાગરચંદ્ર મનમાં ચિંતવે છે કે, "ખરેખર ! હું જ ધન્ય છું કે પુત્ર સહિત જીવતી મૃગાંકલેખા મન મળશે." પછી મરણનો અભિલાષ છોડીને, પર્વતના શિખર ઉપરથી તે નીચે ઉતર્યો અને આગળ કેટલીક ભૂમિ ચાલ્યો ત્યાં તો દુઃખથી વિલાપ કરતી એક સ્ત્રીનો રડવાનો અવાજ સંભળાયો, "અરે દૈવ ! તે મારી પ્રિય સખી કે જે તેના પ્રિયતમથી ત્યજાયેલી છે, શ્વસુર અને પિતૃકુલે જેને બહાર કાઢેલી છે, ગર્ભિણી, એકાકી છે. મારા વિના તેનું શું થયું હશે ?" આ પ્રમાણે સાંભળીને અવાજ ઉપરથી આ ચિત્રલેખા છે એમ અનુમાન કરીને, તેની પાસે જઈને આશ્વાસન આપીને મૃગાંકલેખાના સમાચાર પૂછ્યા. તેણે પણ સખીના સ્વામી તરીકે ઓળખી ગદ્‌ગદ્ અવાજે બોલી, "હે દેવ ! શ્વસુર અને પિતૃકુલથી અપમાન પામેલી, તમને મળવાને માટે ચિત્રગુપ્ત સાર્થવાહની સાથે અમે જંગલમાં રહ્યા હતા. ત્યારે હું સાર્થથી વિખૂટી પડી. દુષ્ટ ભિલ્લો ધનના લોભથી મને પકડીને પલ્લીમાં લઈ ગયા. તે પલ્લી હાલમાં શ્રી વિજયરાજ રૂપી હાથીએ વેલડીની જેમ મૂળથી ઉખેડી કાઢી છે. તેથી હું ત્યાંથી ભાગીને અહીં આવી અને તમારી સાથે મિલન થયું. સાગરચંદ્રે પણ પોતાનો સર્વ વૃત્તાંત ચિત્રલેખાને કહ્યો અને સિદ્ધાર્થપુર નગરના સમીપ દેશે તે આવ્યા.

આ બાજુ પ્રિયમેલક ઉદ્યાનની શોભારૂપ એવા શ્રી આદિનાથ જિનાલયમાં આવેલા અને ત્રણે સંધ્યાએ ભગવંતને પૂજતા સુરેન્દ્રદત્તે પોતાનું કાર્ય સાધવા માટે અષ્ટાહ્નિકા મહામહોત્સવ કરવાનો આરંભ કર્યો. સર્વ જનોને આશ્ચર્યકારી, દુઃખે કરીને નાશ થાય તેવા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપોને નાશ કરનાર, ઘણા દ્રવ્યના વ્યયથી થતા એ મહોત્સવમાં નગરલોકની સાથે મૃગાંકલેખા આવી. ત્યાં યુગાદિદેવના ચરણકમલને પ્રણામ કરી વિકસિત નયનપત્રવાળી તે પુત્રની બુદ્ધિથી વારંવાર સુરેન્દ્રદત્તને જોવા લાગી. ત્યાં તો તેના સ્તનમાંથી વહી રહેલી દૂધની ધારા પૃથ્વીને સિંચવા લાગી. તેણીને તેવા પ્રકારની જોઈને રોમાંચિત થયેલો સુરેન્દ્રદત્ત પણ "નક્કી આ મારી માતા છે." એમ કાંઈ વિચારતો હતો ત્યાં તો નંદીશ્વર દ્વીપની યાત્રા કરીને તે સુયશ સિદ્ધપુત્રે ત્યાં આવીને સુરેન્દ્રદત્તને આદેશ કર્યો, "હે વત્સ ! શા માટે સંશય કરે છે ? શ્રી મરૂદેવા નંદનની ચરણ કૃપાથી અહીં તારી માતા જાતે જ આવી છે તો માતાના ચરણકમલમાં નમન કર." હે કલ્યાણી મૃગાંકલેખા ! આ તારો જ પુત્ર છે કે જેને તું યક્ષાયતનમાં મુકી ગઈ હતી. તે તારા ભાગ્યથી અહીં આવ્યો છે." તે સાંભળી સુરેન્દ્રદત્ત એકદમ માતાની પાસ ગયો અને જાણે મોતી જ હોય તેવા હર્ષના અશ્રુજલથી માતાના ચરણકમલને નમન કર્યા. માતાએ પણ તેને ખોળામાં બેસાડીને આનંદના અશ્રુજલ વડે સ્નાન કરાવતી હોય તેમ મસ્તકે ચુંબન કરવા પૂર્વક તેનું સ્વરૂપ પૂછ્યું. તેણે પણ પોતાની સઘળી હકીકત માતાને જણાવી.

આ બાજુ અત્યંત આનંદિત થયેલો સુયશ સિદ્ધપુત્રે સુરેન્દ્રદત્તને કહ્યું, "હે વત્સ ! તું પરમ ઉત્સવ વડે વધી રહ્યો છે. એકલી પડેલી પોતાની પ્રિયાને જંગલવનાદિમાં શોધતો સાગરચંદ્ર પણ હાલમાં આ નગરના સમીપના પ્રદેશમાં વર્તે છે." તે સાંભળીને મૃગાંકલેખાના કંચૂકની ગાંઠો પણ તૂટી ગઈ, રોમાંચિત દેહવાળી થઈ. પછી માતા સહિત સુરેન્દ્રદત્તે સુયશને કહ્યું, "કહો, મારા પિતા ક્યાં છે ?" અહીંયા જ છે (સાથે જ છે) એ પ્રમાણે સુયશે જવાબ આપતા નગરજનો - માતાની સાથે સુરેન્દ્રદત્તે પિતાની સન્મુખ પ્રયાણ કર્યું. આ બાજુ સુયશે પણ આગળ જઈને સાગરચંદ્રને પ્રિયા અને પુત્રના આગમનની વાત જણાવી. તેથી ત્યાં જ પ્રિયમેલક ઉદ્યાનના છેડે તેઓનો વિયોગ રૂપી દુઃખની અવહીલના કરતો મેળો = મેળાપ થયો. ત્યારે જ પોતાના જન્મ દિવસને માનતા સુરેન્દ્રદત્તે પિતાના ચરણમાં નમસ્કાર કર્યો. સાગરચંદ્રે પણ પોતાના પુત્રને આલિંગન કરી, ખોળામાં બેસાડી સોપારીના વૃક્ષ નીચે બેસાડ્યો. (સહુ બેઠા) યમુના જેમ ગંગાને આલિંગન કરે તેમ પરમાનંદ રૂપી અમૃત રસથી પૂર્ણ થયેલી મૃગાંકલેખાએ ચિત્રલેખાને આલિંગન કર્યું. ત્યારે તેઓએ જે સુખની અનુભૂતિ કરી તે તો કવિઓની વાણીને પણ અગોચર બની. અર્થાત્ તેઓના મિલનના સુખનું વર્ણન તો કવિઓ પણ ન કરી શકે.

ત્યાર પછી ચિત્રલેખાના મુખથી પતિના ચરિત્રને કર્ણપુટથી અમૃતની જેમ પીને પતિના ચરણકમલના અગ્રભાગમાં પડીને મૃગાંકલેખા રડવા લાગી, "હે નાથ ! અધન્યા એવી મારા માટે, જે મારે કરવાને ઉચિત હતો તે અગ્નિમાં પ્રવેશવાના વિચાર રૂપ સાહસ તમે શા માટે કર્યું ?" પછી તેણે સુયશને કહ્યું, "હે નિષ્કારણવત્સલ પરમબંધુ ! તમારી કીર્તિ યુગાંત સુધી ઉજ્જવલ રહો. જે તમે સાગરચંદ્રના સમગ્ર કુળનો ઉદ્ધાર કર્યો છે." આ પ્રમાણે બોલતી એવી તેને સાગરચંદ્રે પોતાની ડાબી બાજુ સખી સહિત બેસાડીને કહ્યું, "હે પ્રિયે ! મારા વિયોગથી દુઃખી થયેલી તેં જે દુઃખની અનુભૂતિ કરી છે તેના તિલ તુષાગ્ર માત્ર = (અલ્પ) દુઃખ પણ મેં તારા વિયોગમાં સહન નથી કર્યું અને આ મારું અગણિત પુણ્ય છે કે સુરેન્દ્રદત્ત સહિત તું મારા દૃષ્ટિપથમાં આવી.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાજુ કનકધ્વજ રાજા પોતાના કનકબાહુ નામના આત્મરક્ષક પુરુષની સાથે, સાગરચંદ્રનું આગમન સાંભળી ત્યાં જ રથ દ્વારા આવ્યો. પછી રાજાએ પત્ની સહિત રાજહસ્તિ પર સાગરચંદ્રને આરોપણ કરીને, હટ્ટાદિની શોભાથી યુક્ત પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. એક માસ સુધી સત્કાર-પુરસ્કાર પૂર્વક તેને રાખીને પછી પડાવને યોગ્ય સામગ્રી - સૈન્યાદિ આપીને રાજાએ ઉજ્જૈયિની નગરી તરફ સાગરચંદ્રનું પ્રયાણ કરાવ્યું. અર્થાત્ પરિવાર સહિત સાગરચંદ્ર ઉજ્જૈયિની નગરી આવ્યો.

આ બાજુ સુયશના મુખેથી સર્વ વૃત્તાંત જાણીને અવંતિસેન રાજાએ સાગરચંદ્રની સન્મુખ આવીને, નગરજનોથી સ્પૃહા વડે જોવાતા સાગરચંદ્રનો ગૌરવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો. સાગરચંદ્રે પણ પોતાના ઘરે જઈ મૃગાંકલેખાની ક્ષમા માંગતી એવી માતાને નમસ્કાર કર્યા. મૃગાંકલેખા પણ વડીલોને પ્રણામ કરી પોતાના આવાસે ગઈ = આવી. સાગરચંદ્રે પણ પુત્ર સહિત વિવિધ દ્રવ્યનો વ્યય કરીને જિનભવન કરાવવા વિગેરે ધર્મદ્વારા પોતાના આત્માના પાપ રૂપી પંકને દૂર કર્યો.

હવે એક વાર યુગંધર નામના કેવલી ભગવંતને ઉદ્યાનમાં સમવસર્યા સાંભળી સાગરચંદ્ર પુત્ર અને પત્ની સહિત ત્યાં જઈને અને તેમને નમન કરીને બેઠો. રાજા વિગેરે લોકો પણ ત્યારે તેમની કહેવાતી ધર્મદેશનાને આ પ્રમાણે સાંભળવા લાગ્યા કે, "પોતાના કર્મના વશથી જીવો ધનવાન-નિર્ધન, મૂર્ખ-પ્રાજ્ઞ, સૌભાગ્યશાળી-દુર્ભાગ્યશાળી, પૂજનીય-અપૂજનીય થાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ તે કર્મપ્રકૃતિના બંધના કારણો છે. શુભ અને અશુભ કર્મો વડે હંમેશા સુખ-દુઃખને અનુભવતા જીવો અસાર સંસારમાં પરિભ્રમણ કર છે. તેથી વિદ્વાનોએ તે કર્મોને છેદવા પ્રયત્ન કરવો જોઈએ."

દેશનાના અંતે અંજલિ જોડીને મૃગાંકલેખાએ પૂછ્યું કે, "હે ભગવન્ ! મેં પૂર્વભવમાં કયું દુષ્કૃત કરેલું કે જેથી દુઃખોની પરંપરા મેં અનુભવી ?" કેવલી ભગવંતે પણ કહ્યું, "સિંહપુર નામના નગરમાં અભિમાનથી જેણે સર્પનો પણ પરાભવ કર્યો છે તેવો કંદર્પ નામનો બ્રાહ્મણ કનક-રત્નમય પ્રાસાદમાં રહેતો હતો. અનેક વિદ્યામાં નિષ્ણાત, રાજપુત્ર એવા અનંગદેવ વડે હંમેશા પૂજાતો અને જગતને તૃણ સમાન માનતો તે રહેતો હતો.

આ બાજુ તે જ નગરમાં શતકીર્તિ નામનો ઘોર તપસ્વી, લોકપ્રસિદ્ધ એવો પરિવ્રાજક રહેતો હતો. તેના ગૌરવને નહી સહન કરતા અને તેની ઉપર નિષ્કારણ રોષ કરતા પુરોહિત રાજપુત્ર અનંગદેવના મુખેથી મિત્ર કંદર્પ બ્રાહ્મણને કહેવડાવે છે કે, "અરે ઓ ! આ શતકીર્તિને કોઈ પણ રીતે લોકમાં અપયશ-અપવાદ રૂપી મષીથી મલિન કર." ગુરુનો અનુગ્રહ અને રાજાભિયોગ (ન સ્વીકારીએ તો તે) દુઃખ રૂપી ફળવાળા છે એમ વિચારતા તેણે પણ તેનું વચન સ્વીકાર્યું.

હવે આ બાજુ તે જ નગરમાં પદ્મદેવની કમલા નામની પુત્રી કે જે લલિતાંગ શ્રેષ્ઠીના પુત્ર ઉપર અનુરાગી હતી તે છાનીમાની કોઈને પણ જણાવ્યા વિના ક્યાંક ભાગી ગઈ. હવે ભાગ્યયોગે તે જ દિવસે શતકીર્તિ પણ લોકોને જણાવ્યા વિના બીજા ગામે ગયો. ત્યારે લોકોમાં આ વાત ફેલાઈ કે, "કમલા અન્યાય કરનારા કોઈક પુરુષની સાથે ભાગી ગઈ છે." ત્યારે પુરોહિતના અત્યંત દબાણથી અને રાજકુમારના આગ્રહથી કંદર્પે લોકોમાં ઉદ્ઘોષણા કરી કે, "આ શતકીર્તિ કમલાને લઈને ભાગી ગયો છે, કારણ કે કમલા તેને જ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હંમેશા આરાધતી હતી. તેથી પરસ્પર આસક્ત થયેલા તે બંનેનો સંબંધ થયો હશે." તેથી તત્ત્વને નહી જાણનારા લોકો તે પ્રકારે તેના વચનને માનતા સર્વ ધર્મને વિષે વિરક્ત થયા.

એક વાર શતકીર્તિ ગામથી પાછો આવ્યો ત્યારે પોતાનું વચન હવે અસત્ય થશે તેવા ભયથી કંદર્પે લોકોની સાથે જઈને લાકડી-મુષ્ટિ વડે તેને માર્યો. ઉપશાંત હૃદયવાળા તેણે પણ તે સર્વે સહન કર્યું. ત્યાર પછી સાતમા દિવસે કંદર્પને જીભ ઉપર દુષ્ટ ફોડલી થઈ. તેની પીડાથી આર્તધ્યાન કરી, મરીને, કૂતરી થઈને તે જ પ્રમાણે પીડાથી મરીને વેશ્યા થઈ. ત્યાં ચંદન નામના શ્રીમંતના પુત્રના સંપર્કથી જિનધર્મમાં નિશ્ચલ થઈ. ત્યાર પછી સૌભાગ્યોદયને પામેલી તે જેના ઉપર કટાક્ષો ફેંકતી તેને કામ રૂપી સર્પ ડંખતો હતો.

એક વાર સરોવર તીરે વિલાસ કરતી તેણીએ પરસ્પર ક્રીડા કરતાં રાજહંસ-હંસીને જોયા. કુતૂહલથી તેણીએ હંસને ગ્રહણ કરી કંકુ વડે લીંપીને મુકી દીધો. તેથી હંસી હંસને ઓળખી શકતી નથી ને આ તો ચકલો છે એવી ભ્રાંતિથી હંસના વિરહથી કરૂણ આક્રંદને કરતી મૂર્ચ્છા પામી. ૨૧ ઘડી સુધી હંસીએ હંસની સાથે વિલાસ ના કર્યો. ને તે પછી કરૂણા ઉત્પન્ન થતાં વેશ્યાએ જલથી હંસને ધોઈ અર્થાત્ કંકુ દૂર કર્યો ત્યારે શ્વેત હંસને જોઈ હંસીએ તેને ગ્રહણ કર્યો. તે વેશ્યા પણ ત્યાંથી પોતાના ઘેર જઈને, લાંબા કાળ સુધી ધર્મનું પાલન કરીને, સમાધિથી મરીને માયાના દોષથી સૌધર્મેન્દ્રની અગ્રમહિષી થઈ, ત્યાંથી ચ્યવીને શીલવંતી સ્ત્રીઓમાં શિરોમણિ એવી તું મૃગાંકલેખા થઈ. વળી તે અનંગદેવ પણ કંદર્પે કરેલા પાપની અનુમોદના કરીને, લાંબો કાળ ભવમાં ભમીને ચિત્રલેખા તરીકે ઉત્પન્ન થઈ ત્યારે શતકીર્તિને તેં કલંકિત કર્યો હતો તે અજીર્ણ એવા પાપથી તું પણ કલંકિત થઈ. વળી તે તપસ્વી પરિવ્રાજકને તેં પીડા ઉપજાવેલી તેથી તું પણ અસહ્ય દુઃખની પરંપરાને પામી, અને તારા પાપની અનુમોદના કરનાર ચિત્રલેખા પણ તારી સમાન દુઃખને પામી. વળી જે તે ૨૧ ઘડી સુધી હંસનો હંસી સાથેનો વિયોગ કરાવ્યો હતો તેથી ૨૧ વર્ષ સુધી તને તારા પ્રાણેશ્વરનો વિરહ થયો. વળી આગમમાં પણ કહ્યું છે કે, "પરિણામના વશથી જે જીવ જેવું - જેવા પ્રકારનું કર્મ બાંધે છે, તે કર્મનું ફળ તેને વિવિધ વિપાકો વડે હજારો ભવોમાં મળે છે." તેથી તે દુષ્કર્મના નાશ માટે શ્રાવકધર્મ અને સાધુધર્મનું પાલન કરવું જોઈએ." ત્યાર પછી પ્રિયા સહિત સાગરચંદ્ર સમ્યક્ત્વ સહિત ગૃહસ્થધર્મ અંગીકાર કરી, કેવલી ભગવંતને નમસ્કાર કરી પોતાના આવાસે આવ્યો. નગરજનો પણ સ્વસ્થાને ગયા.

ત્યાર પછી પત્ની સહિત તે કેટલોક કાળ શ્રાવકધર્મનું પાલન કરી પછી દીક્ષાને સ્વીકારી, સર્વ કર્મનો ક્ષય કરી **મોક્ષલક્ષ્મીને** પામ્યા.

આ પ્રમાણે મૃગાંકલેખાના ચરિત્રને વિચારીને દુષ્ટ વિપાકદાયી એવા છ આગારોનો પણ તમે ત્યાગ કરો કે જેથી આ સમ્યક્ત્વરૂપી મંત્રીશ્વર મુક્તિ નામના રાજ્ય ઉપર તમારો રાજ્યાભિષેક કરે.

**આ પ્રમાણે સમ્યક્ત્વના છ આગારોના વિષયમાં મૃગાંકલેખાની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે શ્રી રૂદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડલમાં સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** પટ્ટાવતંસ શ્રી **સંઘતિલકસૂરિ** વિરચિત સમ્યક્ત્વ સપ્તતિ વૃત્તિની તત્ત્વકૌમુદી નામની ટીકાને વિષે સમ્યક્ત્વના છ આગારના સ્વરૂપને જણાવતો **દશમો અધિકાર** પૂરો થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમ્યક્ત્વની છ ભાવનાઓ

**અગ્યારમું દ્વાર કહે છે :**

**भाविज्ज मूलभूयं दुवारभूयं पइट्ठनिहिभूयं ।**
**आहारभायणमिमं सम्मत्तं चरणधम्मस्स ॥ ५५ ॥**

**ગાથાર્થ : ચારિત્ર ધર્મના મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, નિધિ, આધાર અને ભાજન રૂપ એવા સમ્યક્ત્વને (સુંદર ભાવનાઓ વડે) ભાવો.**

**ટીકાર્થ :** સાધુધર્મ અને શ્રાવકધર્મના મૂળ રૂપ, દ્વાર રૂપ, પ્રતિષ્ઠાન રૂપ, નિધિ રૂપ, આધાર રૂપ અને ભાજન રૂપ એવા સમ્યક્ત્વને भावयेत् = વિચારવું જોઈએ. એ પ્રમાણે ગાથાર્થ છે. એટલે કે

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મનું મૂળ છે.**

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મનું દ્વાર છે.**

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મનો પાયો છે.**

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મની તિજોરી છે.**

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મનો આધાર છે.**

**સમ્યક્ત્વ એ યતિધર્મ - શ્રાવકધર્મનું ભાજન-પાત્ર છે.**

ઈત્યાદિ ભાવનાઓ મનમાં વારંવાર ભાવવી જોઈએ. આ છએ ભાવનાનું સ્વરૂપ વિસ્તારથી હવે ત્રણ ગાથા વડે જણાવે છે.

**देइ लहु मुक्खफलं, दंसणमूले दढंमि धम्मदुमे ।**
**मुत्तुं दंसणदारं न पवेसो धम्मनयरम्मि ॥ ५६ ॥**

**ગાથાર્થ : ધર્મરૂપી વૃક્ષનું સમકિત રૂપી મૂળ નિશ્ચલ-દૃઢ હોતે છતે તે શીઘ્ર મોક્ષરૂપી ફળ આપે છે. ધર્મરૂપી નગરમાં સમકિત રૂપી દ્વાર વિના પ્રવેશ થઈ શકતો નથી.**

**नंदइ वयपासाओ दंसणपीढंमि सुप्पइट्ठंमि ।**
**मूलुत्तरगुणरयणाण दंसणं अक्खयनिहाणं ॥ ५७ ॥**

**ગાથાર્થ : વ્રત રૂપી પ્રાસાદ (ધર્મરૂપી હવેલી) સમકિત રૂપી પાયો ઉંડો હોતે છતે લાંબો કાળ ટકી શકે છે. સમ્યક્ત્વ એ મૂલ અને ઉત્તર ગુણો રૂપી રત્નોને સાચવવા માટેનો અક્ષય ભંડાર છે.**

**समत्तमहाधरणी आहारो चरणजीवलोगस्स ।**
**सुयसीलमणुन्नरसो दंसणवरभायणे धरइ ॥ ५८ ॥**

**ગાથાર્થ : સમ્યક્ત્વ એ ચારિત્રસંપન્ન જીવલોક રૂપી મહાધરતીનો આધાર છે. શ્રુત-શીલ રૂપી અનુપમ રસને સમ્યક્ત્વ રૂપી શ્રેષ્ઠ પાત્ર ધારણ કરે છે.**

**ત્રણે ગાથાનો ટીકાર્થ : 'देइ' त्ति** = અર્થાપત્તિથી દર્શન રૂપી મૂળવાળા, તત્ત્વનો બોધ રૂપી સ્કન્ધવાળા એવા યતિધર્મ અને શ્રાવકધર્મ રૂપી ધર્મવૃક્ષનું મૂળ તે સમ્યક્ત્વ નિશ્ચલ હોતે છતે **'मोक्षफलं'** = મુક્તિ સુખ રૂપી ફળને આપે છે. આવું સતત વિચારવું તે **પહેલી ભાવના છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'मुत्तुं' त्ति 'धर्म्मनगरे' = સમકિતરૂપી દ્વારને છોડીને મોક્ષ રૂપી નગરમાં પ્રવેશ થઈ શકતો નથી. જેમ બીજા કોઈ પણ નગરમાં દરવાજા વિના પ્રવેશ થતો નથી તેમ સમકિત એ ધર્મનગરનું દ્વાર છે આવું વિચારવું તે **બીજી ભાવના** છે.

'नंदइ' त्ति 'व्रतप्रासादो' = યતિના વ્રતો, શ્રાવકના વ્રતરૂપી મહેલનો दर्शनपीठे = સમ્યક્ત્વ રૂપી પાયો सुप्रतिष्ठे = અત્યંત નિશ્ચલ = ઉંડો હોતે છતે 'नन्दति' = મહેલ લાંબો કાળ ટકે છે = દીર્ઘજીવી બને છે. એમ વિચારવું તે **ત્રીજી ભાવના** છે.

'मूलु' त्ति = મૂલગુણ વગેરે. સાધુધર્મના મૂલગુણો પાંચ મહાવ્રતો છે અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો છે. અને તે આ પ્રમાણે છે : પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, બે પ્રકારના તપ, પ્રતિમા, અભિગ્રહ આદિ ઉત્તરગુણો છે.

વળી શ્રાવકના મૂલગુણો પાંચ અણુવ્રતો છે અને ઉત્તરગુણોમાં ત્રણ ગુણવ્રત છે, ચાર શિક્ષાવ્રત જાણવા. અથવા ૧૦ પ્રકારના પ્રત્યાખ્યાન, ૪ પ્રકારના અભિગ્રહ, ૭ પ્રકારની શિક્ષા, ૧૨ પ્રકારનો તપ, શ્રાવકની ૧૧ પ્રતિમા, ૧૨ પ્રકારની ભાવના, ૯ પ્રકારના ક્ષેત્રો, ૪ પ્રકારે ધર્મ, ૩ પ્રકારની ચિંતા, ૧૭ પ્રકારની પૂજા. આમ ગૃહસ્થના ૮૯ ઉત્તરગુણો છે. એ ગુણો જ રત્ન સ્વરૂપ છે. ઉત્કૃષ્ટથી ઉપાદેય છે. તે મૂલ-ઉત્તરગુણો રૂપી રત્નોનો 'अक्षयं' = શાશ્વત એવો ભંડાર 'दर्शनं'= સમ્યક્ત્વ છે. જેમ નિધાન-ભંડાર વિના રત્નો છુટાં-છુટાં સુરક્ષિત રહેતા નથી તેવી રીતે આ સમ્યક્ત્વ ગુણ વિના મૂલ-ઉત્તરગુણો પણ સુરક્ષિત રહેતા નથી. આવું વિચારવું તે **ચોથી ભાવના** છે.

'सम्मत्त' त्ति = ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક, વેદક, સાસ્વાદન રૂપ સમ્યક્ત્વ છે, અને અભેદ ઉપચારથી તે જ (સમ્યક્ત્વ જ) 'महाधरणी' = એક લાખ ને ૮૦ હજાર યોજન પ્રમાણ તિર્છી અને ૧ રજ્જુ પ્રમાણ પહોળી, સંખ્યાતીત દ્વીપ-સમુદ્રોથી વીંટળાયેલ ભૂમિનો આધાર છે. કોનો આધાર છે ? 'चरणजीवलोकस्य' = ચારિત્રથી સંપન્ન એવા લોકનો = વિશિષ્ટતર ભવ્ય પ્રાણીઓનો આધાર છે. જેમ સર્વજીવ અને પુદ્ગલનો (સચરાચર જીવલોકનો) આધાર આ પૃથ્વી છે તેમ સંયમ સ્વરૂપ ધર્મના આધારભૂત આ સમ્યક્ત્વ છે. તેના વિના ચારિત્ર પણ અસ્થિર બને છે. એમ વિચારવું તે **પાંચમી ભાવના** છે.

'सुअशील' त्ति = શ્રુત એટલે દ્વાદશાંગીરૂપ દૃષ્ટિવાદ અને સર્વ સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત બનાવનારી શ્રેષ્ઠ ક્રિયા તે શીલ. (સદાચાર). શું અભિપ્રાય છે ? તો કહે છે કે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પરસ્પર મળ્યા હોય તો જ પરમાર્થ સાધક બને છે પણ પૃથક્ પૃથક્ મુક્તિસાધક બનતા નથી. આગમમાં પણ કહ્યું છે કે, "ક્રિયાથી હીન એવું જ્ઞાન નાશ પામે છે. અજ્ઞાનથી ક્રિયા હણાય છે. દેખતો એવો પાંગળો દાવાનળમાં બળેલો છે જ્યારે બીજો દોડી શકે એવો છે પણ આંધળો છે. પણ આ બેનો સંયોગ થાય તો તે સિદ્ધિ રૂપ ફલને પામે છે. એક ચક્રથી રથ પણ ચાલતો નથી. તો વનમાં આવેલા આંધળા-પાંગળા બંને ભેગા મળ્યા તો અટવી વટાવી નગરને પામ્યા. પણ એકલો આંધળો કે એકલો પાંગળો નગરને પામી શકતો નથી. તેવી રીતે આ શ્રુત અને શીલનો જે મનોજ્ઞ = શિવસુખના આસ્વાદને ઉત્પન્ન કરવાથી સર્વોત્તમ રસ છે. તેને 'दर्शनभाजने' = કારક, રોચક, દીપક આદિ આધાર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ સમ્યક્ત્વરૂપી પાત્રમાં સ્થાપન કરે છે = સમ્યક્ત્વરૂપી પાત્રમાં ઉત્તમ ગુણોરૂપી પદાર્થ ઢોળાઈ જતો નથી, નાશ પામતો નથી. આવું વિચારવું તે **છઠ્ઠી ભાવના** છે.

આ પ્રમાણે ત્રણ ગાથાનો અર્થ કહ્યો. ભાવાર્થ તો ચંદ્રલેખાના કથાનકથી જાણવો અને તે આ પ્રમાણે :

હૃદયાનંદકારી ચંદનના વિકસ્વર ફુલોથી દિશાઓને પણ મઘમઘાયમાન કરનાર તથા ભરતક્ષેત્રની લક્ષ્મીથી શ્રેષ્ઠ શોભતો **મલયગિરિ** નામે પર્વત છે. જ્યાં શ્રેષ્ઠ એવા વૃક્ષોએ શિરછત્રની શોભા ધારણ કરી છે તો સેંકડો એવા પર્ણોએ ચામરની શોભા ધારણ કરી છે. આવી શોભાથી શોભતો મલયગિરિ બીજા પર્વતો કરતા વિશેષ રાજશોભા સતત પ્રગટ કરતો હતો. તે પર્વતના શિખર ઉપર વડના ઝાડ ઉપર તમાલવૃક્ષના પાંદડા જેવી કોમલ કાંતિવાળા, સ્નેહમાં તત્પર એવા કીરયુગલ = પોપટ-પોપટી રહેતા હતા. ચંચલ મનવાળા કોઈક વિદ્યાધરે કુતુહલથી તે કીરયુગલને જોયું અને આકાશમાર્ગે ઉડતા તેમને ચાંચથી પકડી લીધા. પછી તેને પોતાના ઘરે લાવી, મણિમય પાંજરામાં રાખી, સર્વ કલાઓ તથા છએ દર્શનોના તત્ત્વોને ઈચ્છા પ્રમાણે ભણાવે છે. વિદ્યાધર હંમેશા તે કીરયુગલને સાથે લઈ ભુવનમાં ભમે છે વળી તેના વિરહમાં તેને સર્વ જગત શૂન્યની જેમ લાગતું હતું.

હવે એકવાર તે ખેચર રાજાને પ્રતિબોધી ચારણમુનિએ સકલ કલાના સ્થાનભૂત એવા કીરયુગલને મલયાચલ પર્વતના શિખર ઉપર છોડાવી દીધા. વિદ્યાધર પાસેથી સમસ્ત શાસ્ત્રના પરમાર્થને જાણનાર તે કીરયુગલ સ્વચ્છંદપણે વિવિધ ભોગોથી વિલાસ કરે છે. અનુક્રમે તેઓને તેના જેવા જ સ્વરૂપવાળો પોપટ જન્મ્યો. તેને પણ તેમણે સમગ્ર કળાઓ શિખવાડી. પરસ્પર સ્નેહમાં મગ્ન તે કીરયુગલને ભાગ્યયોગે અત્યંત ઝઘડો થયો. ખરેખર ! કામીના ચિત્તને ધિક્કાર થાઓ ! તૂર્ત જ તે પોપટે તારૂણ્યથી પૂર્ણ અંગોપાંગવાળી, અત્યંત પ્રેમાળ એવી બીજી શ્રેષ્ઠ પોપટીને રાખી. પછી રાંકડી તે પોપટી ચાટુ વચનોથી પોપટને મનાવે છે તો પણ બીજી પોપટીમાં આસક્ત થયેલો પાપી તે પોપટ જરા પણ માનતો નથી. તે પોપટને લાકડાની જેમ નિષ્ઠુર હૃદયવાળો તથા પ્રેમ વિનાનો જોઈને પોપટી કહે છે કે, "સુપવિત્ર ગાત્રવાળો પુત્ર તું મને આપ. વળી કહ્યું પણ છે કે, "સ્ત્રીઓને સર્વ પ્રકારે પ્રથમ પોતાનો પતિ જ પ્રિય હોય છે. પતિના વિરહમાં નિશ્ચે પુત્ર આશ્વાસન આપનાર હોય છે. વળી હું પણ દુરંત સંસારમાં દુઃખપૂર્વક વાસ કરવાથી નિર્વેદ પામી છું. તેથી કોઈક તીર્થ ઉપર જઈને આત્માની સાધના કરીશ. જેથી તીર્થ ઉપર કરેલા સંલેખનાદિમાં મારી પાસે રહેલો આ પુત્ર ધર્મ જળના સિંચનથી મારા મોહને હરશે. વળી નિર્યામકે છોડી દીધેલું વહાણ જેમ સમુદ્રનો પાર પામી શકતું નથી તેમ ધર્મધ્યાન વિના અંતિમ સમય રૂપી સમુદ્રનો પાર પામી શકાતો નથી." તેના વચનને સાંભળી જરાથી જર્જરિતની જેમ કાંપતા તે પોપટે તેને કહ્યું, "મારી પાસે પુત્રને માંગતા તારા સો ટુકડા કેમ ન થઈ ગયા ? વળી શ્રેષ્ઠ ક્ષેત્ર અને ક્ષેત્રબીજની જેમ આજીવન પુત્ર પિતાનો હોય છે." ત્યારે પોપટી બોલી કે, "માતા વિના તારાથી પણ પુત્ર ઉત્પન્ન થતો નથી. વળી કહ્યું છે કે, "દશ ઉપાધ્યાયથી એક આચાર્ય ચઢિયાતા છે. સો આચાર્યોથી એક પિતા ચઢિયાતો છે. તો એક હજાર પિતાથી માતાનું ગૌરવ અધિક છે." આ પ્રમાણે ઘણા પ્રકારે વિવાદ થતાં તેનો નિશ્ચય કરવા માટે પુત્રસહિત કીરયુગલ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશમાર્ગે ઉડીને કંચી નગરીએ આવ્યું. ત્યાં વૈરી રૂપી લક્ષ્મીની કેશરચનાને ખેંચવાની એક દુષ્ટ ઈચ્છાવાળો એવો દુર્લલિત રાજા રાજ્ય કરતો હતો. તેની સભામાં તે કીરયુગલ ગયું. વિદ્યાધરના સંસર્ગથી ભયરહિત તેને આકાશમાં સ્થાપન કરી પોપટ પ્રથમ પોતાની બુદ્ધિથી રાજાની પ્રશંસા કરે છે કે, "તે રાજા આનંદ પામો કે જેના સરસ્વતી રસનું પાન કરી પાતાળમાં ગૂઢ રીતે સર્પ અને અમૃત રહે છે.

ત્યાર પછી પોપટી જમણો પગ ઉપાડી રાજાને ભક્તિપૂર્વક નમસ્કાર કરી સુલલિત વચન વડે રાજાની પ્રશંસા કરે છે કે, "જેના મુખકમળમાં રાજહંસીની જેમ વાગેશ્વરી અવતરણ પામેલી છે વળી નયમાર્ગ રૂપી આકાશને વિષે ચંદ્રમા સમાન, સત્ય પ્રતિજ્ઞાવાન્ તે રાજા જય પામો." આ સાંભળી રાજા પણ કૌતુહલપૂર્વક તે કીરયુગલને બોલાવે છે (કહે છે) કે, "મારી પાસે તમે આવો અને તમારું જે કાર્ય હોય તે મને કહો." તેમણે પણ પોતાનો વિવાદ જણાવ્યો. રાજાએ મંત્રી સામે જોયું ત્યારે મંત્રીએ કહ્યું, "આ પ્રશ્નનો જવાબ મધ્યાહ્ન સમયે અમે આપીશું." આશ્ચર્યચકિત થયેલા રાજાએ તે કીરયુગલને પોતાના ઘરે લઈ જઈને ચોખાથી યુક્ત દાડમના દાણાનું ઈચ્છાનુસાર ભોજન કરાવ્યું.

હવે મધ્યાહ્ન સમયે રાજા રાજસભામાં બેઠા ત્યારે મંત્રીજનોએ કહ્યું, "હે રાજન્ ! પૂર્વે કદી ન સાંભળેલો એવો અપૂર્વ આ કીરયુગલનો વિવાદ છે. ઘણો સમય તે બાબત અમે વિચારણા કરી છતાં તેનો ઉકેલ અમે લાવી શક્યા નથી. તો અન્યત્ર જઈ કોઈ પણ જ્ઞાનીને પૂછો." ત્યારે ક્રોધથી રક્ત નયનવાળો અને બુદ્ધિના ગર્વરૂપી પર્વત ઉપર આરૂઢ થયેલો રાજા મંત્રીવર્ગની તર્જના કરવા લાગ્યો કે, "અહો ! અહો ! તમારો આવો બુદ્ધિનો વૈભવ ! ભાગ્યયોગે જો આ કીરયુગલના વિવાદનો અહીં નિર્ણય ન કરી શકાય અને અન્ય નગરે જઈ કરવામાં આવશે તો આયુગાંત મારે લજ્જા અનુભવવી પડશે. અથવા બુદ્ધિશાળીઓને વળી આ વિવાદ શી વિસાતમાં ? તો સાવધાન કાન કરી મારા વચનને સાંભળો." લોકમાં પણ સુપ્રસિદ્ધ છે કે બીજ તો બીજના સ્વામીનું જ હોય છે. ક્ષેત્રના અધિપતિનું જેમ ક્ષેત્ર હોય છે તેમ અહીં પણ તે પ્રમાણે જાણો. પોપટ પોતાના શરીર રૂપી ક્ષેત્રને ગ્રહણ કરી સ્વચ્છંદ રીતે જાઓ. આ પોપટ બાળ પણ પોપટનું છે. એ નીતિ સર્વત્ર જાણો."

તે સાંભળી વિષાદ પામેલી પોપટી બોલી કે, "હે રાજન્ ! શાસ્ત્રાર્થને પ્રતિકૂલ આવા પ્રકારની નીતિ તમારે કરવી તે ઉચિત નથી. વળી હે નાથ ! આવા પ્રકારનો ન્યાયમાર્ગ પ્રકાશીને તમારા પંચની સાક્ષીએ વહીપત્રમાં લખાવો કે જેથી તમે તેને ભૂલી ન જાઓ." ત્યારે અભિમાનના વશથી પોતે કહેલું સત્ય જ છે એમ માનતા તે રાજાએ પોતાના અમાત્ય પાસેથી વહિપત્રમાં લખાણ કરાવ્યું. તે આ પ્રમાણે : અહીં બીજવાળાનું બીજ અને તેની જેમ જ ક્ષેત્રવાળાનું ક્ષેત્ર થાય છે. આ પ્રમાણે દુર્લલિત રાજાએ જાતે જ નિર્ણય કર્યો છે." રાજાએ કરેલી આ નીતિને સાંભળીને નિસાસા નાંખતી, પુત્રને છોડતી તે પોપટી વૃક્ષની છેદાયેલી શાખાની જેમ ધરતી ઉપર ધસ... ધસ... કરતી પડી. તો પણ તે સમયે નિષ્ઠુર હૃદયવાળો તે પોપટ તે પોપટ પુત્રને ગ્રહણ કરી, દીનમુખી તે પ્રિયાને છોડીને જલ્દીથી મલયાચલ પર્વત ઉપર ગયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાજુ મંત્રી વગેરેએ શીતોપચાર કરવાથી તે પોપટી ચૈતન્યને પામી. પછી શોકાતુર બનેલા લોકોએ આકાશમાં ઉડતી પોપટીને પણ જોઈ. પછી તે પોપટી સમગ્ર તીર્થમાં શ્રેષ્ઠ એવા શત્રુંજય તીર્થ ઉપર ગઈ. ત્યાં ભક્તિપૂર્વક ઋષભસેન યુક્ત ઋષભદેવ ભગવાનને પ્રણામ કર્યા. પછી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, નવકારના સ્મરણમાં યુક્ત, ભવભયથી ઉદ્વેગ પામેલી તે મનથી શુભ ભાવનાઓ ભાવે છે કે, "આ સંસારમાં એક મારા જિનમતને છોડીને ઘર, પતિ, સ્વજન કે પુત્ર પણ શરણભૂત નથી." પછી વિધિપૂર્વક પ્રાણોને વોસિરાવી, ભવથી વિરક્ત છતાં પણ દુર્લલિત રાજા ઉપર ધ્યાન કરતી, મધ્યમ પરિણામના યોગે મરીને તે સમગ્ર ત્રિભુવનની લક્ષ્મીમાં અગ્રેસર કંચી નગરીમાં પૂર્વકૃત પુન્યયોગે શ્રી **ચંદનસાર શ્રેષ્ઠી**ના ઘરે ઉત્પન્ન થઈ. નમન કરવાને યોગ્ય ચંદ્રલેખા (કળા) ની જેમ નામથી **ચંદ્રલેખા** એવી તે બહુ પુત્રો ઉપર જન્મી હોવાથી પિતાને અતિ પ્રિય થઈ.

વળી પૂર્વભવના અભ્યાસથી સ્વભાવથી જ તે જિનધર્મની રાગી થઈ. જાતિસ્મરણ જ્ઞાન થતાં સમગ્ર પોપટના ભવને તેણે જાણ્યો. સમ્યગ્દર્શનથી સુંદર જિનધર્મને તે બાળા પાળે છે. (કરે છે.) વળી ગુરુજનોની નિત્ય સેવા કરવા દ્વારા તેમની પાસેથી શાસ્ત્રાભ્યાસ પણ કરે છે. જિનેશ્વર ભગવંતના વચનોથી સુંદર એવા કર્મપ્રકૃતિ આદિ ગ્રંથમાં કુશળતાને પ્રાપ્ત કરી વિદૂષીઓમાં અગ્રસ્થાનને પામી. તેથી સર્વ ગૃહકાર્ય અને સર્વ ધર્મકાર્યમાં તેની સલાહ લેવાતી. વળી ગુણવાન ગૌરવને-મહત્તાને પામે તેમાં આશ્ચર્ય શું ?

એકવાર તેણીએ પોતાના પિતાને વિજ્ઞપ્તિ કરી કે સૂર્યના રથના ઘોડાના ગર્વને હરનારા, સેરાહા, ખુંગાહ, હંસુલય, ઉક્કનાહ, અને વુલ્લહ જાતીના શ્રેષ્ઠ નીલા-કાળા પ્રમુખ, અત્યંત વેગવાળા લક્ષણયુક્ત ઘોડાઓ મંગાવો." પિતાએ પણ તેવા પ્રકારના ઘોડાઓ મંગાવ્યા અને નગરના સીમાડાના પ્રદેશ ઉપર નદીના કિનારે ઝાડની છાયામાં બંધાવ્યા. ઈંદ્રના ઘોડા તુલ્ય એવા તે ઘોડાઓને જોઈને કોનું ચિત્ત હરાતું નથી ? અર્થાત્ ચિત્તને હરનારા તે ઘોડાઓ હતા.

એક વાર અત્યંત કૌતુકથી વ્યાકુલિત ચિત્તવાળો રાજા, ગરૂડ ઉપર પણ વિજય મેળવનારા એવા મહાવેગવાળા શ્રેષ્ઠ ઘોડાઓને જુએ છે. અમૂલ્ય મૂલ્ય વડે રાજાએ તેની પાસે ઘોડાઓ માંગ્યા પણ તેની પુત્રીના ના કહેવાથી શ્રેષ્ઠી ઘોડા આપતો નથી.

અન્ય દિવસે પુત્રીના વચનથી પોતાના શ્રેષ્ઠ યુવાન ઘોડાને આપે છે. ત્યારે રાજાએ ગર્ભને માટે શ્રેષ્ઠી પાસે ઘોડી માંગી. દરેક વર્ષે રાજા યુવાન ઘોડા ને યુવાન ઘોડીનો સંયોગ કરાવે છે તેથી પાંચ વર્ષમાં તો ઘણા ઘોડા ઉત્પન્ન થઈ ગયા.

હવે એક વાર ચંદ્રલેખા કન્યાએ પોતાના પિતાને કહ્યું કે, "મારા યુવાન ઘોડાના સંયોગથી રાજાને ત્યાં જે ઘોડાઓ ઉત્પન્ન થયા છે તે સર્વે પણ લઈ આવો. તે સાંભળી રાજા જો તમને પકડે - રોષાયમાન થાય કે કાંઈ પણ કહે તો તમારે કહેવું કે, "મારી પુત્રી આનું રહસ્ય જાણે છે."

હવે એક વાર પોતાના ઘોડાથી ઉત્પન્ન થયેલા ઘોડાઓને નદીએ પાણી પીવડાવવા માટે લાવે છે ત્યારે પુત્રીના વચનથી તે સર્વે ઘોડા શ્રેષ્ઠીએ હરી લીધા. શ્રેષ્ઠીના સુભટોએ ત્રાસ પમાડ્યા... વિગેરે જાણીને રાજા રોષાયમાન થયો અને શ્રેષ્ઠીને બોલાવીને કહે છે કે, "શા કારણે મારા ઘોડાઓનું અપહરણ તમે કર્યું ?" ત્યારે ચંદનસારે કહ્યું કે, "હે સ્વામી !

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું કાંઈ પણ પરમાર્થ જાણતો નથી પરંતુ બુદ્ધિશાળી મારી કન્યા તમારો ઉત્તર આપશે." તે સાંભળીને આશ્ચર્ય પામેલ રાજાએ તેના ઘરે પ્રતિહારી મોકલીને ઘણા લોકોથી ભરપૂર એવી સભામાં શ્રેષ્ઠીપુત્રીને બોલાવી.

ફુલના કરંડીયા, મુખવાસ, અને પંખાદિથી યુક્ત સખીયો સહિત, પાલખીમાં બેઠેલી, બહુ પરિવારથી પરિવરેલી, કલ્પલતાની જેમ દાન દેતી, જગમાં કીર્તિને પ્રકાશિત કરતી, માગધ-ચારણોથી સ્તુતિ કરાતી એવી તે રાજસભામાં આવી. હજી તો આ કન્યા દૂધમુખી છે, તે વળી રાજાને ઉત્તર શી રીતે આપશે ?" એમ કુતૂહલથી જોવા ત્યાં નગરના લોકો આવ્યા. તે પણ રાજાને નમન કરીને પિતાના ખોળામાં બેઠી. રાજાએ પૂછ્યું, "હે કન્યા ! ઘોડાના હરણનું કારણ કહો." ત્યારે તે સાહસનું આલંબન લઈ બોલી કે, "હે દેવ ! બીજા લોકો પણ પોતાનું વચન સંભારે છે તો તમારા જેવા (રાજા) તો વિશેષથી જ વચનને સંભારે ને ?"

ત્યારે સંભ્રાંત ચિત્તવાળો રાજા કહે છે, "તે કયું વચન ? જે મને યાદ નથી." ત્યારે તે સરસ્વતીની જેમ રાજાની આગળ બોલે છે, "વિષમિશ્રિત અન્નાદિ ખાનારના પ્રાણ હરે છે તે તો ઉચિત છે પણ આશ્ચર્ય તો એ છે કે વિષમિશ્રિત અન્ન આરોગવા છતાં તે જગતના જીવને મારે નહિ. પૂર્વભવમાં કરેલા કાર્યને કોઈ એક જીવ પોતાના નામની જેમ સ્મરણ કરે છે પણ આશ્ચર્ય તો એ છે કે એક જીવ આ ભવમાં આચરેલ કાર્યને પણ યાદ કરતો નથી." તે સાંભળી રોષથી વિકટ અને ઉંચી થયેલી ભ્રકૂટીથી વિકરાલ કપાલવાળો રાજા બોલ્યો, "હું તો ભૂલી ગયો છું પણ તને યાદ હોય તો બોલ." ત્યારે તે બોલી, "હે દેવ ! તમારા વચનથી જ હું આ ઘોડા મારા કરું છું. જો તે અસત્ય ઠરે તો નિશ્ચે મારા ઘરનું સર્વસ્વ તમારું." પછી તેણીએ વહિપત્ર કઢાવીને, વંચાવીને "મારા ઘોડાથી ઉત્પન્ન થયેલા ઘોડા મારા જ હોય, બીજાના નહિ" આવું પોતાનું વચન માન્ય કરાવ્યું. મંત્રી-પુરોહિત-તલવર-સામંત વિગેરેથી પરિવરેલો રાજા તેના બુદ્ધિવૈભવને જોઈ વિસ્મય પામ્યો. રાજાના મુખકમલને સંકોચિત કરતી અને પોતાના પિતાના નયન-કુમુદને ઉલ્લાસ પમાડતી સાચે જ તે ચંદ્રલેખાની જેમ થઈ. રાજકુલમાં જય પામેલી, બુદ્ધિની પ્રશંસા પામતી પ્રત્યક્ષ સરસ્વતી જેવી તે બાલા પિતાના ઘરે આવી. તેના તે જ્ઞાનને અને પોતાના અપમાનને જાણતો રાજા વિસ્મય અને વિષાદ પામ્યો અને ચિંતવવા લાગ્યો, "આણે મને કેવી રીતે નચાવ્યો ?"

અન્ય દિવસે રાજાએ પાણિગ્રહણ માટે શ્રેષ્ઠી પાસે તે કન્યાની માંગણી કરી. તેથી શ્રેષ્ઠી ભયભીત થઈ ગયો અને પુત્રીને તેનું રહસ્ય પૂછે છે. પછી હર્ષોલ્લાસપૂર્વક તે પિતાજીને આવા વચનો કહે છે કે, "પિતાજી ! તમે ભય છોડી દો અને રાજાની સાથે મારો વિવાહ-મહોત્સવ માંડો." અને દુર્લલિત રાજાની સાથે ચંદનસાર શ્રેષ્ઠીએ મહા-મહોત્સવપૂર્વક જલ્દીથી ચંદ્રલેખા પુત્રીનો વિવાહ કર્યો. પછી રાજાએ નૂતન પ્રાસાદમાં તેને સ્થાપન કરી કહ્યું કે, "હે શ્રેષ્ઠીકન્યા ! ધુતારી એવી તેં મને જેમ છેતર્યો તેમ હું પણ તને બરાબર ઠગીશ. આજથી માંડીને મારી પ્રતિજ્ઞા તું સાંભળી લે. તારા ઉપર રાગી છતાં આજથી હું તારી સાથે સંલાપ નહી કરું." ત્યારે તેણીએ પણ કહ્યું, "હે સ્વામી ! કપટના સાર એવી મારી પ્રતિજ્ઞાને પણ તમે સાંભળી લો... કે મારું એઠુ ભોજન તમને ખવડાવીશ અને તમારા ખભા ઉપર અંકદાસની જેમ અવશ્ય તળાઈ સહિત શય્યા ઉંચકાવીશ તો જ હું જગતમાં, ઠગવામાં હોંશિયાર એવી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદનશ્રેષ્ઠીની પુત્રી ગણાઈશ.'' તે સાંભળીને અત્યંત ક્રોધી થયેલો તે રાજા, સૌભાગ્ય પ્રમુખ અનેક ગુણોથી યુક્ત હોવા છતાં તેણીને દૌર્ભાગ્યવતી સ્ત્રીઓની મધ્યમાં રાખે છે.

ત્યારથી તે શ્રેષ્ઠ કુસુમાદિ વડે જિનેશ્વર પ્રભુની પૂજા કરે છે. વળી સૌભાગ્ય કલ્પતરૂવર પ્રમુખ અનેક પ્રકારના તપ કરે છે. એક દિવસ રાજાને પૂછીને તપથી શોષિત કાયાવાળી તે બાળા તપના ઉજમણા માટે પિતાના ઘરે ગઈ. અતિકૃશ તેનું શરીર જોઈ, પિતા ખોળામાં તેને બેસાડી વિલાપ કરે છે કે, "હે બેટી ! શા કારણથી તે તારા આત્માને દુઃખમાં નાંખ્યો ? આ રાજાની સાથે તારો વિવાહ હું કોઈ પણ રીતે કરત જ નહીં અથવા કમનસીબે જ આ કાર્ય થયું લાગે છે.'' પિતાના વચનોને નિષેધીને વિધિપૂર્વક તપનું ઉજમણું કરાવે છે તથા જિનપૂજા-સંઘપૂજા પણ કરે છે. અત્યંત વિષાદ પામેલા પિતાને વારીને કરવા યોગ્ય કાર્યને કહે છે કે, "હે પિતાજી ! સમગ્ર કલાના સ્થાનભૂત ૫૦ કન્યા મને આપો. વળી આપણા ઘરથી મારા ઘર સુધીની એક સુરંગ ખોદાવો. ને બીજી સુરંગ વાસગૃહથી દ્વારવાસીદેવીના પ્રાસાદ સુધીની ખોદાવો. વળી મારા ઘરની નીચે સુરંગના મધ્ય ભાગમાં એક જિનમંદિર કરાવી આપો પછી નિશ્ચિત થઈ ત્યાં આગળ હું રહું.'' દેવીની જેમ તેના મનોવાંછિત જલ્દીથી પૂરીને ચંદનશ્રેષ્ઠીએ પણ અહીં કલ્પવૃક્ષની લીલા પ્રગટ કરી. પછી તે પોતાના ઘરેથી સુરંગ માર્ગે પિતાના આવાસમાં આવીને ૫૦ કન્યાઓને સમગ્ર કલાઓ શીખવાડવા લાગી. તેઓને સ્વર-લક્ષણ-ગ્રામ-તાલથી સુવિશાલ સંગીતકલા શીખવાડી. તથા સર્વના મનને આવર્જિત કરનારી વીણાવાદન અને વાજા વગાડવાની હોંશીયારી પણ શીખવાડી.

વળી મણિરત્નોથી બનાવેલ તે પ્રાસાદમાં રત્નોની કાંતિથી અંધકાર દૂર થતાં જાણે પાતાલ લોકમાં છીએ તેમ ત્યાં દિવસ-રાત્રિનો ભેદ સમજાતો નથી. શૃંગારાદિથી યુક્ત તે કન્યાઓથી શોભતી તે બાલા સદૈવ ઈંદ્રાણીની જેમ સિંહાસનમાં બેસે છે. તેના આદેશથી તેમાંની કેટલીક તેની સાથે તાલીઓ વગાડતી. આનંદકારી નંદીના નાદથી દિશાઓને પણ મુખરિત કરતી હતી. કેટલીક વીણા વગાડતી હતી તો કેટલીક મૃદંગ વગાડતી હતી. કેટલીક વેણુ-મોરલી-વાજિંત્રાદિને સજ્જ કરતી હતી તો કેટલીક તાલ મેળવતી હતી અને કેટલીક નૃત્ય કરતી હતી.

આ બાજુ રાત્રિના સમયે તે સંગીતના નાદોને સાંભળીને રાજા મનમાં વિચારવા લાગ્યો, "શું પાતાલલોકમાં અથવા સ્વર્ગલોકમાં અથવા મર્ત્યલોકમાં કોઈ પર્વતના શિખર ઉપર સુંદર સ્વરાદિમય, દેવોને પણ દુર્લભ, શ્રવણને સુખકારી એવું આ સંગીત કોઈક ધન્ય પુરુષની આગળ પ્રવર્તી રહ્યું છે.'' તે સંગીતના શ્રવણથી મોહિત મનવાળો રાજા પરિવાર સહિત પલ્યંક છોડીને, અન્ય વ્યાપારોને છોડીને જાણે ચિત્રમાં આલેખેલ હોય તેવી દશાને પામ્યો. તે ક્ષણે જ રાજમહેલમાં તે નાટક-શ્રવણમાં ભંગ પાડનાર પ્રાભાતિક વાજિંત્રોના નાદો ઉછળ્યા. આ બાજુ ચંદ્રલેખા સંગીતકાર્ય બંધ કરી કન્યાઓને પિતાના ઘરે મોકલે છે. પોતે પોતાના મહેલમાં આવે છે. અત્યંત આશ્ચર્યને ચિત્તમાં ધારણ કરતો, તે ગીતમાં રાગી બનેલો દુર્લલિત રાજા રાજ્યના કોઈ પણ કાર્યોને કરતો નથી.

ફરીથી એક દિવસ બાદ આંખ અને મનને હરનારું, જોવાને માટે પ્રારંભ કરાયેલું, અપૂર્વ તાલથી શોભતું, ત્રણ ગ્રામથી મનોહર, મૂર્ચ્છનાથી લોકોને મૂર્ચ્છા પમાડનારું, મધુર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસથી શ્રેષ્ઠ ગીતને રાજા સાંભળે છે અને મનમાં ચિંતવે છે કે, "સંગીત વડે ઉન્મત્ત એવો હાથી પણ ઉન્માદનો ત્યાગ કરે છે. જો પશુઓ પણ ગીત-સંગીત દ્વારા જલ્દીથી વશ થતા હોય તો માણસોની તો શું વાત કરવી? તે અમૃતરસ સમાન સંગીતરસનું પાન કરતા રાજાએ વિષપાન સરખા પ્રાભાતિક વાજિંત્રના નાદો સુણ્યા. નાટકની ક્ષણ પૂર્ણ થતાં રાજા સભામંડપમાં આવ્યો અને નૈમિત્તિક વિગેરેને આ સંગીતની વાત પૂછે છે પણ તેના રહસ્યને કોઈ જ જાણતું નથી. તેથી દુઃખી થયેલો રાજા કષ્ટથી દિવસને, રાત્રી સમાન પસાર કરે છે.

આ બાજુ રાજાના મનોભાવને સમ્યક્ પ્રકારે જાણીને ચંદ્રલેખાએ રાજાની પાસે સંકેત પૂર્વક એક યોગિનીને મોકલી. તે કેવી છે ? - મણિ અને સુવર્ણના દંડથી જેનો હાથ શોભી રહ્યો છે, જે મણિની પાદુકા ઉપર આરૂઢ છે નેતરના સુંદર વલ્કલથી જેનું અર્ધુ અંગ ઢાંકેલું છે, જેણે મોતીની માળા ધારણ કરેલી છે, સુવર્ણની યોગપટ્ટીકાવાળી, મણિમય કુંડલોથી જેના ગાલ શોભી રહ્યા છે, મૂર્તિમંત જાણે સિદ્ધિ જ હોય તેવી, રત્નનું આસન હાથમાં ધારણ કરેલી, પ્રાતિહારે માર્ગ આપતાં જ તે યોગિની રાજસભામાં આવી. સાક્ષાત્ તે યોગિનીને જોઈ રાજા વિસ્મય પામ્યો. તેને સિંહાસન ઉપર બેસાડી. તેણીએ પણ રાજાને પ્રેમપૂર્વક આશિષ આપ્યા. "હે રાજન્ ! જે યોગ મનોવાંછિત સિદ્ધિને આપે છે વળી નિર્વાણ-સિદ્ધિને પણ આપે છે તે યોગ હું તમને આપું છું." તે સાંભળી રાજાએ કહ્યું, "ખરેખર ! તમારા દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ. તો પણ હું તમને પૂછું છું કે શું યોગસાધનાથી કોઈ પણ કાર્યસિદ્ધિ દૂર નથી ?"

ત્યારે યોગિનીએ કહ્યું, "હે નરનાથ ! યોગશક્તિથી સ્વર્ગથી શક્રને પણ અહીં લાવવા સમર્થ છું. તો આ યોગશક્તિથી રાહુ જેમ ચંદ્રને ગળી જાય તેમ હું સૂર્યને પણ ગળી જાઉં છું. ત્રણે ભુવનમાં જે પણ કોઈ ગુપ્ત કે પ્રત્યક્ષ કાર્ય માનવ કરે કે કરાવે તે સર્વે મને પ્રત્યક્ષ છે." તે સાંભળી રાજાએ વિચાર્યું કે, "આ યોગિની દ્વારા મારું કાર્ય સરશે." તેથી તેને રાજમહેલમાં લઈ જઈને, અશન-વસ્ત્રાદિથી તેનો સત્કાર કર્યો. પછી રાજાએ કહ્યું, "રાત્રિના સમયે જે મેં સંગીત સાંભળેલું તે મને તારી (યોગ) શક્તિથી બતાડ." તેણીએ પણ કહ્યું, "હે દેવ ! તમને હું તે નાટક જરૂર બતાડીશ પણ એક શરત છે કે તમારી બંને આંખો ઉપર ત્રણ પાટા બાંધીશ. પ્રથમ યોગશક્તિથી તમારું દિવ્ય શરીર બનાવીશ પછી ત્યાં લઈ જઈશ. તે સિવાય ત્યાં કોઈ પણ રીતે પ્રવેશ થઈ શકતો નથી." રાજાએ પણ તેનું વચન સ્વીકાર્યું અને પ્રભાત-સમય થતાં રાજાને મંડલની મધ્યમાં બેસાડી દિવ્ય શરીર બનાવવાનો મંત્રોચ્ચાર કરે છે. પછી રાત્રી થતાં સર્વ લોકોના ગમનાગમનને નિવારે છે અને પછી તે રાજાની આંખ ઉપર ત્રણ પાટા બાંધે છે.

પછી તે પ્રથમ ચંદ્રલેખાના ભવનમાં પછી શ્રેષ્ઠીના ઘરે રાજાને લઈ જાય છે. તે પછી વારનિવાસિના ભવનમાં ને તે પછી સુરંગના ભવનમાં લાવે છે. પછી એકાંતમાં સ્થાપન કરી રાજાના આંખના ત્રણે પાટા તે છોડે છે. આશ્ચર્ય પામેલો રાજા પણ અહીં-તહીં ચારેબાજુ નિહાળે છે. દેદીપ્યમાન મણિની કાંતિથી અંધકારને નાશ કરનાર જાણે સૂર્ય જ હોય, તેમ જ મંડપથી શોભતા ઉત્તમ ચંદરવાથી યુક્ત, રત્નમય પુતળીઓથી શોભતા હજારો થાંભલાથી યુક્ત, રણરણ કરતી કિંકીણીથી શોભતી ધ્વજાપતાકોના સમૂહથી યુક્ત, વળી વજ્રની કાંતિથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચેલ ઈંદ્રચાપ જ ન હોય તેવા શ્રેષ્ઠ તોરણોથી શોભતા શ્રેષ્ઠ પાતાલભવનને વિસ્ફારિત નયનથી રાજા જુએ છે.

તેની મધ્યમાં સમાન રૂપવાળી, સમાન વસ્ત્રવાળી, સમાન અલંકારધારી, સુવર્ણમય કાંતિવાળી જાણે દેવી જ ન હોય તેવી કન્યાઓને જુએ છે. તેની મધ્યમાં અત્યંત ઉન્નત મણિમય સિંહાસન ઉપર બેઠેલી તથા તે કન્યાઓથી સેવાતી ચંદ્રલેખાને જુએ છે. જય થાઓ... હે સ્વામિનિ ! તમારો જય થાઓ. હે ગજગામિની ! શ્રી નાગલોકના નાથની પ્રાણેશ્વરી ! હે સુરસુંદરી ! હે સુંદર રૂપના મદને હરનારી ! તમારો જય થાઓ." આ પ્રમાણે પ્રશંસા કરાતી તેને જોઈ રાજા વિસ્મય પામ્યો અને ચિંતવવા લાગ્યો કે, "નક્કી આ કોઈ દેવાંગના જણાય છે. આજે મારા નયનને ઉત્સવ થયો. આજે મારું જીવિત પણ સફળ થયું. કે જેથી રતિને રમણીય એવી આ દેવાંગનાના મને દર્શન થયા. વિસ્મયથી વિકસિત લોચનવાળો રાજા જોતે છતે તેણીના આદેશથી તે કન્યાઓએ નાટકનો પ્રારંભ કર્યો.

તે યોગિનીએ પણ નમન કરતી તેઓને આશિષ આપ્યા અને પછી જાણે પૂર્વે પરિચિત હોય તેમ મણિમય સિંહાસન પર બેઠી. કન્યાઓએ પણ રાજાને આવેલા જાણી એવું અમૃતમય સંગીત ગાન કર્યું કે જેથી મૂર્છા આવી જાય. તે નાટક જોતા રાત્રિની ક્ષણની જેમ દિવસના પ્રહરો પસાર થયા. પછી તેણીના આદેશથી તેઓએ નાટ્ય સમારંભ વિસર્જન કર્યો.

તે સમયે એકાએક તેણીના સંકેતથી અઢાર પ્રકારની, ભોગવવા યોગ્ય, લાલ-પીળા રંગવાળી, મનોહર, અતિ સરસ રસવતી પ્રાપ્ત થઈ. ત્યારે જાણે સંશય ઉત્પન્ન થયો હોય તેમ યોગિની દેવી તેને પૂછે છે કે, "શું નાગરાજનું રાજ્ય છોડીને તું અહીં આવેલી છે?" ત્યારે અશ્રુપૂર્ણ નયનથી દુઃખપૂર્વક તેણે કહ્યું, "હે યોગિની સ્વામી ! તું મારું ચરિત્ર જાણે જ છે છતાં પણ કહું છું, શ્રી ધરણેન્દ્રની પ્રિયાઓમાં હું પટ્ટરાણી છું. સમ્યક્ પ્રકારે પ્રિય ઉપર રાગી મનવાળી છું. એમ તું જાણ. વળી આ મારી વીણાવાદન કલામાં કુશળ કુશલા નામની દાસી છે. ધરણેન્દ્રે ભૂતાનંદ મિત્ર માટે તે દાસીની માંગણી કરી છતાં પણ તેના વિના મારા નાટકનો ભંગ થાય તેથી મેં દાસી આપી નહિ. ત્યારે નાગરાજે કહ્યું કે, "ભલે તું ન આપે તો હઠથી પણ ગ્રહણ કરીશ જ." તેથી પતિના તે અપમાનને જાણીને રોષથી હું અહીં આવી છું અને રત્નનો આવાસ બનાવીને એકાંતમાં સુખપૂર્વક રહું છું. તેથી હું તને એક જ વિનંતિ કરું છું કે (તારી યોગશક્તિથી તું એવું કાંઈક કર કે જેથી) હું અહીં છું તેમ તે જાણે નહિ.

આ પ્રમાણે કહીને તે જોગિનીને આદરપૂર્વક પોતાના હાથમાં લઈને તે દેવમંદિર સરખા ભોજનમંડપમાં આવી. ત્યારે ચંદ્રલેખાએ તેને કહ્યું, "હે પ્રિયસખી ! ઘણા કાળે તમે અને અમે મળ્યા છીએ તો ચાલો... આજે મારી સાથે એક જ થાળીમાં જમીએ - જમ. તેણીએ પણ તેનું વચન સ્વીકાર્યું અને દિવ્ય રસવતી બંને ખાવા બેઠા. વિસ્મિત ને વિકસિત નયનથી રાજાએ આ બધું જોયું. ને રાજા ચિંતવવા લાગ્યો, "ભાગ્યયોગે મેં પૂર્વે નહી જોયેલું એવું દૃશ્ય જોયું છે. ખરેખર ! પાતાલકન્યાનું રૂપ જોવાથી મને શું શું નથી મળ્યું ? (બધું જ મળ્યું છે.)

હવે આ બાજુ તેણીના સંકેતથી તે યોગિની બોલી, "અરે... અરે ! પ્રમાદથી હું મારા શિષ્યને ભૂલી ગઈ. તેના વિના હું અત્યારે પણ જમીશ નહી. તે સાંભળી ચંદ્રલેખા બોલી, "હે યોગિની સ્વામિની ! તારો શિષ્ય કોણ ? તે તું મને કહે. શું તે અસુર, દેવ,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગંધર્વ કે નાગલોકવાસી છે ? જેથી સર્વ શક્તિથી તેનું ગૌરવ કરું - આતિથ્ય કરું.'' ત્યારે યોગિની કહે છે કે, ''દેવની કોઈ પણ જાતિનો તે મારો શિષ્ય નથી પણ આ તો માનવકુલતિલક દુર્લલિત રાજા છે.'' તે સાંભળી ચંદ્રલેખાએ નાક મરડ્યું અને કહ્યું, ''હે યોગિની ! અત્યંત ભક્તિથી કોઈ ધૂર્ત માનવે કોઈ પણ રીતે તને ભોળવી લાગે છે.'' ત્યારે યોગિની બોલી કે, ''હે વત્સ ! તું મનમાં અન્યથા કાંઈ ચિંતવ નહીં. મેં સર્વ શક્તિથી ચારે બાજુથી તેનું દિવ્ય શરીર બનાવ્યું છે. વળી અહીં આવેલો તે તને શ્રેષ્ઠ ગૌરવના સ્થાનને આપશે. કેમકે જેના ઉપર હું સંતુષ્ટ થઈ છું તેને અહીં કોઈ પણ વસ્તુ દુર્લભ નથી. તેથી મારા વચનથી તારી થાળીમાં આ શિષ્યને, આ જન્મમાં ક્યારે પણ આરોગેલી નહીં એવી દિવ્ય રસવતી તું જમાડ.'' પછી યોગિનીએ પણ રાજાને કહ્યું, ''હે વત્સ ! અહીં આવ અને જલ્દી આ નાગરમણીની સાથે આ દિવ્ય રસવતીને જમ.'' તે સાંભળી પોતાને કૃતકૃત્ય માનતો, આ રસવતી એઠીં છે એમ જાણવા છતાં આરોગી. ખરેખર ! આ જગતમાં સ્ત્રી વડે કોણ ઠગાયો નથી ? કેટલીક કન્યાઓ મનોજ્ઞ રસવતી ફરી ફરી પીરસે છે. તો કેટલીક યોગિનીના વચનથી તેની મધ્યમાં રહી હસતી જમે છે. પછી તેને સુગંધી તંબોલ અપાવીને કહે છે કે, ''હે પુત્ર ! ઉઠ ! નાગકન્યાના મનોહર રત્નમય આવાસને જો.'' ત્યારે તે શ્રેષ્ઠ કન્યાઓ વડે વક્રોક્તિવડે વારંવાર હસાતો સુખપૂર્વક દિવસને પસાર કરે છે.

રાત્રિના સમયે નાટ્ય-સમારંભ પૂર્ણ થતાં રાજાએ હાથ જોડીને યોગિનીને વિનંતિ કરી કે, ''હે સ્વામિની ! કલ્પલતાની જેમ સાચે જ તું જો મારી ઉપર તુષ્ટમાન થઈ હોય તો આ લોકોની મધ્યમાં રમવા માટે મને અવસર આપ.'' ત્યારે તેણીએ કહ્યું કે, ''જો આ દેવકુમારો ક્ષણમાત્ર પણ એનાથી દૂર થાય તો કેમે કરીને એની સાથે તારો સંયોગ થાય. પરંતુ હું મારી વિદ્યાશક્તિથી તારા મનોવાંછિતને પૂર્ણ કરીશ. પરંતુ એક વાત તારે માન્ય રાખવી પડશે કે તારે આજીવન તેનું વચન કરવું પડશે = પાળવું પડશે.'' રાજાએ તેનું વચન સ્વીકાર્યું એટલે યોગિનીએ ચંદ્રલેખાને કહ્યું, ''તારા ધ્યાનમાં જ મસ્ત આની મનોકામના તું પૂર્ણ કર. આ લાંબા કાળથી જાગૃત છે તેને તું ભવન ઉપર લઈ જા અને નિદ્રાધીન બનાવ. અને તારી કૃપાથી દેવશય્યાના સંગ સુખને તે પામે.'' તે કન્યામાંથી એક કન્યાએ કહ્યું, ''પ્રાસાદ ઉપર કોઈ પણ તળાઈ નથી. જો આ પુરુષ જાતે તળાઈ લઈને ઉપર આવે તો સુખ પામે.'' ત્યારે હર્ષથી અત્યંત ઉત્સાહિત થયેલો રાજા ઉઠ્યો અને માથા ઉપર તળાઈ લઈને ભવન ઉપર ચઢીઓ. ફરી પણ ઉતરીને મસ્તક ઉપર પલંગ ઉપાડી દાસની જેમ લઈ ગયો અને દાસની જેમ પાથરે છે. પછી યોગિનીના વચનથી તળાઈ સહિત પલંગ ઉપાડીને સુરસુંદરીના ઉપરના માળે લઈ જઈને તે પાથરે છે. તેણે પણ શય્યાની અંદર રાજાને સ્થાપન કર્યો અને તેના ચિત્તને પ્રેમથી એવું રાગી બનાવ્યું કે જેથી અન્ય સ્ત્રીને તે ગધેડીની જેમ માનવા લાગ્યો. પછી રાત્રિના પાછલા પ્રહરે આંખ ઉપર પાટા બાંધીને યોગિની રાજાને પોતાના મહેલમાં લાવી.

આ પ્રમાણે પ્રત્યેક દિવસ રાજા આવે છે ને સુખની અનુભૂતિ કરે છે. હવે યોગિનીએ ચંદ્રલેખાને કહ્યું, ''હે વત્સ ! તારો પતિ પણ હવે તારો દાસ બની ગયો છે.'' આ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં ચંદ્રલેખાએ શણગાર સજ્યો અને અંતેઉરની મધ્યમાં રહેલા રાજાની પાસે આવી હાસ્યપૂર્વક વિનંતિ કરે છે કે, ''હે સ્વામી ! દોષથી યુક્ત તમે મને છોડી દીધી તે તો યુક્ત છે પણ અંતઃપુરની બીજી સ્ત્રીઓનો શો અપરાધ કે તમે તેમને પણ છોડી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીધી. વળી આ સુરસુંદરી નથી પણ બહુવિધવિલાસમાં રસિક, અમારા જેવાનું નામ ગ્રહણ કરીને તમને આનંદ નહી પમાડે તેના વચનથી રાજા ચમક્યો. તેને જોઈને અને ઓળખીને ફરી કહે છે, "અરે ! તું શું શું બોલે છે ?" ત્યારે રાજાને નમસ્કાર કરી તેણીએ કહ્યું, "યોગિનીના વચનથી મેં જે અવિનય-અપરાધ કર્યો તેને હે નાથ ! તમે ક્ષમા કરો. હર્ષ-વિષાદ-આશ્ચર્યથી પરિપૂર્ણ મનવાળો તે રાજા હવે તે બુદ્ધિશાળી ચંદ્રલેખાને દેવીના સ્થાને સ્થાપન કરે છે. વળી કહ્યું પણ છે કે, "ત્યાં સુધી જ ગર્વ, ત્યાં સુધી જ રોષ, ત્યાં સુધી જ પૂર્વકૃત દોષની સ્મૃતિ હૃદયમાં કોતરાયેલી રહે છે કે જ્યાં સુધી ગુણો હૃદયમાં ચોંટતા નથી. સર્વ અંતઃપુર સહિત તે રાજા પાતાલગૃહમાં વિવિધ પ્રકારના ભોગો ભોગવતા હજારો વર્ષો પસાર કરે છે.

હવે એક વાર નંદનવન સરખા કુસુમાકર નામના ઉદ્યાનમાં સાધુઓથી પરિવરેલા **શ્રી અભયંકરસૂરિજી** સમોસર્યા. સૂરિજીના આગમનને જાણીને આનંદિત થયેલો દુર્લલિત રાજા ચંદ્રલેખાની સાથે વંદન કરવા ગયો. ત્યાં સૂરિજીને નમસ્કાર કરી, યથાસ્થાને બેસી ધર્મકથા સાંભળે છે. તે આ પ્રમાણે : વિષ ખાઈને પણ કલ્યાણ થઈ શકે, અગ્નિ સાથે ક્રીડા કરવા માટે પણ જીવ સમર્થ બની શકે પણ સંસારના બંધનથી બંધાયેલા જીવોએ પ્રમાદ કરવો યોગ્ય નથી. કારણ વિષભક્ષણ કે અગ્નિ માનવને તે જાતિમાં જ હણે છે જ્યારે સેવાયેલો **પ્રમાદ** તો જીવને સેંકડો જન્મો સુધી મારે છે તેથી પ્રમાદ દૂર કરી બારવ્રતરૂપ શ્રાવકધર્મના મૂળભૂત સમ્યક્ત્વને વિષે બુદ્ધિ ધારણ કરો. આ સમ્યક્ત્વ ધર્મ રૂપી વૃક્ષનું મૂળ છે અને ધર્મ રૂપી નગરનું દ્વાર છે, મોક્ષરૂપી પ્રાસાદનું પીઠ છે, સર્વ સંપત્તિનું નિધાન છે, જેમ રત્નોનો આધાર સાગર છે તેમ ગુણોનો એક માત્ર આધાર આ સમ્યક્ત્વ છે. વળી ચારિત્ર રૂપી દ્રવ્યનું ભાજન છે. કોના વડે આ સમ્યક્ત્વની પ્રશંસા કરાતી નથી ? તેથી હે ભવ્યો ! પ્રમાદ રૂપી મદિરાનો ત્યાગ કરી શિવસુખદાતાર, કુકર્મના મર્મને વિંધનાર શુદ્ધ શ્રાવકધર્મનો સ્વીકાર કરો. જે જીવો સમ્યક્ત્વ-ભક્તિમાં રાગી છે તેઓ પરતીર્થમાં ગયેલા હોય અને ત્યાં મરણકાળ પ્રાપ્ત થાય તો પણ તેઓ મોક્ષને પ્રાપ્ત કરે છે. પછી ચંદ્રલેખાને ઉદ્દેશીને ગણધર ભગવંત કહે છે, "હે કલ્યાણી ! પોતાના પૂર્વભવને જાણવા છતાં તું કેમ બોધ પામતી નથી ? શ્રી શત્રુંજય તીર્થ ઉપર ઋષભદેવ ભગવાનની આરાધના કરતી વખતે, દુર્લલિત રાજા ઉપર કોપ કરતી પણ સમ્યગ્દર્શનના સેવનથી તું આવી મહાઋદ્ધિને પામી. વળી સમગ્ર ત્રિભુવન જનને આશ્ચર્ય પમાડનારી બુદ્ધિને પામી. આ પ્રમાણે ગુરુના વચન સાંભળી અતિ સુંદર સમ્યક્ત્વ સહિત અતિ સુખકારી શ્રાવકના વ્રતોને ચંદ્રલેખા ગ્રહણ કરે છે. ત્યારબાદ રાજાદિ નગરજનોએ યથાશક્તિ નિયમો ગ્રહણ કર્યા. સૂરીશ્વરને નમન કરી સહુ પોતપોતાના સ્થાને ગયા.

હવે સંવિગ્ન મનવાળી, સમચિત્તવાળી ચંદ્રલેખા, વ્રતોના પાલન માટે પર્વતિથિએ પોતાના ઘરે પણ પૌષધ લે છે. એક દિવસ નિશ્ચલ મન વાળી તે સમગ્ર અંતરંગ શત્રુને હરવા માટે ગિરિની જેમ નિષ્પ્રકંપ કાઉસ્સગ્ગ કરે છે. તે સમયે શાસનદેવીએ સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ દેવીની આગળ નિશ્ચલ ધ્યાનમાં રહેલી તેની પ્રશંસા કરતા કહે છે કે, "સુર-અસુર-કિંનરો પણ આને ધર્મથી ચલાયમાન કરવા સમર્થ નથી." તે સાંભળી મિથ્યાત્વી દેવી બોલી, "મારું કાર્ય જુઓ." અને તેને ક્ષોભ પમાડવા માટે મહા ભયંકર, હાથમાં છરીવાળી, મુખમાંથી નીકળતી અગ્નિની જ્વાલાઓથી વિકરાળ એક રાક્ષસી વિકુર્વી અને પર્વતને પણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાડી નાંખે એવી ગર્જના કરતી તે દુષ્ટા બોલી, "અરે ! આ ધર્મને તું છોડી દે, નહિંતર તને ગળી જઈશ. અથવા હે મૂઢ ! મુક્તિ સુખ માટે શ્રાવકધર્મને છોડી અમારા ચરણકમલની અત્યંત ભક્તિપૂર્વક પૂજા કર." તેના આવા વચનરૂપી વજ્રપ્રહારથી હણાવા છતાં નિશ્ચલ-દેહવાળી તે ચંદ્રલેખા, તેનો (પોતાનો) નાશ જાણવા છતાં સમ્યક્ત્વનું ખંડન કરતી નથી.

રાક્ષસીના ભયથી પણ મહાસત્ત્વશાળી તેણે જ્યારે પોતાના નિયમનું ખંડન ન કર્યું ત્યારે પવનથી હણાયેલા મેઘની જેમ તે ક્ષણમાત્રમાં જ ભાગી ગઈ. ત્યાર પછી મદોન્મત્ત હાથી, મહાભયંકર હરણ (પશુ) ને વિકુર્વ્યા. તે બધા ઉપસર્ગો કર્યા છતાં પણ ધ્યાનથી તે જરા પણ ચલાયમાન ન થઈ. પછી છેલ્લે દેવમાયાથી દુષ્ટ અને ધિઠ્ઠી તે વ્યંતરીએ દુર્લલિત રાજાને વાળથી પકડીને તેને બતાવીને કહ્યું, "રે રે મૂઢ ! આ કપટધર્મને મારી આગળ છોડી દે, નહિતર તારા આ પ્રાણપ્રિયને જરૂરી મારી નાંખીશ." આ શબ્દો સાંભળવા છતાં પણ તે મૌન ધારણ કરી વિશેષ ધ્યાનમાં રક્ત રહી તેટલામાં તો પેલો માયાવી રાજા તેની આગળ કરૂણ સ્વરે રૂદન કરે છે કે, "હે પ્રિયે ! તું આ ક્રિયા છોડી દે જેથી આ કષ્ટથી હું છુટૂં. કુલવાન પત્ની પોતાના જીવિતના દાન વડે પણ પતિનું રક્ષણ કર છે." આવા વચનો સાંભળી તે ચિંતવે છે કે, "પ્રિયતમ તો ભવોભવ મળશે પણ આ ધર્મ ભવોભવ નહીં મળે. તેથી મારું જે થવાનું હોય તે થાય પણ મારા નિયમનો હું ભંગ નહી કરું. આ પ્રમાણે તેણે ધ્યાન દ્વારા ક્ષણવારમાં ઘાતીકર્મનો ક્ષય થતાં સંદેહ સંહારક કેવલજ્ઞાન ઉપાર્જન કર્યું. નજીકમાં રહેલી દેવીએ તેને જલ્દીથી સંયમવેષ અર્પણ કર્યો, તેણે પણ ચાર મુઠ્ઠી વડે મસ્તકનો લોચ કર્યો. દેવીએ રચેલ સુવર્ણકમલમાં બેસી તેણે ધર્મદેશના આપી. તે સમયે તે વ્યંતરીએ પણ પ્રગટ થઈ ક્ષમાપના કરી. દુર્લલિત રાજાને પણ પ્રતિબોધીને, તે રાજાની સાથે તથા નગરના લોકોની સાથે તે સર્વે શત્રુંજયગિરિના શિખર ઉપર **મોક્ષે** ગયા.

ભુવનમાં પૂજનીય ચંદ્રલેખાસતીનું ચારિત્ર જાણીને, શ્રાવકના બારવ્રત રૂપી મહાવૃક્ષના મૂળ સમાન સમ્યક્ત્વનો, પ્રાણનાશ થાય તો પણ નરકમાં લઈ જનાર એવો તેનો ભંગ કરવો નહી. જેથી તમે શાશ્વત મોક્ષસુખને પામો.

**છ ભાવનાના વિષયમાં ચંદ્રલેખાની કથા પૂર્ણ થઈ.**

આ પ્રમાણે શ્રી રૂદ્રપલ્લીય ગચ્છરૂપી ગગનમંડલમાં સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** પટ્ટાવતંસ શ્રી **સંઘતિલકસૂરિ** વિરચિત સમ્યક્ત્વ સપ્તતિ વૃત્તિની તત્ત્વકૌમુદી નામની ટીકાને વિષે છ ભાવનાના સ્વરૂપને જણાવતો **અગિયારમો અધિકાર** પૂરો થયો.

# સમ્યક્ત્વના છ લક્ષણનું સ્વરૂપ

**બારમા અધિકારને કહે છે :**

**अत्थि जिओ तह निच्चो कत्ता भुत्ता य पुण्णपावाणं ।**
**अत्थि धुवं निव्वाणं तस्सोवाओ य छट्ठाणा ॥ ५९ ॥**

**ગાથાર્થ : આત્મા છે તથા તે નિત્ય છે. તે કર્મોનો કર્તા છે અને પુણ્ય-પાપનો ભોક્તા છે. નિશ્ચે મોક્ષ છે તથા મોક્ષના ઉપાયો પણ છે. આ સમકિતના છ સ્થાનો છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :** નિશ્ચયથી આત્મા છે તે પહેલું લક્ષણ છે. તથા તે આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. તે બીજું લક્ષણ. જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્મોને ઉપાર્જન કરતો હોવાથી કર્તા છે તે ત્રીજુ લક્ષણ. પુણ્ય-પાપને ભોગવતો હોવાથી કર્મનો ભોક્તા છે તે ચોથું લક્ષણ. સકલ કર્મના ક્ષયથી મોક્ષ થાય છે તે પાંચમું લક્ષણ. શુક્લધ્યાનાદિ મોક્ષના ઉપાયો છે તે છઠ્ઠુ લક્ષણ. આ પ્રમાણે સમ્યક્ત્વના છ સ્થાનો છે. અને એઓના સમ્યક્ પ્રકારે વિસ્તૃત જ્ઞાનથી સમ્યક્ત્વનું વિદ્યમાનપણું જણાય છે એ પ્રમાણે દ્વારગાથાનો અર્થ છે.

**પ્રથમ સ્થાનકનું સ્વરૂપ જણાવે છે :**

**आया अणुभवसिद्धो, गम्मइ तह चित्तचेयणाईहिं ।**
**जीवो अत्थि अवस्सं पच्चक्खो नाणदिट्ठीणं ॥ ६० ॥**

**ગાથાર્થ : જ્ઞાન રૂપી નેત્રવાળાઓને (કેવલી ભગવંતોને) આત્મા અવશ્ય પ્રત્યક્ષ છે. તેમ જ તે આત્મા, જ્ઞાન-ચેતના-સુખ-દુઃખાદિથી અનુભવ સિદ્ધ જણાય છે.**

**ટીકાર્થ :** કેટલાક અનાદિ મિથ્યાવાસનાથી વાસિત અંતઃકરણવાળા (શાક્યાદિ દર્શનકારો) પરમાર્થને નહિ જાણનારા, આત્માના વૈરી એવા શાક્યાદિ દર્શનકારો આત્માને જ ઠગે છે અને આ પ્રમાણે આત્માના અભાવને કહે છે. તે આ પ્રમાણે : સ્પર્શન-રસન-ઘ્રાણ ચક્ષુ, શ્રોત્ર રૂપ પાંચ ઈંદ્રિયોથી પ્રત્યક્ષપણે ગ્રહણ કરવા માટે અશક્ય હોવાથી આત્મા નથી. અને વળી આત્મા ઈન્દ્રિયોથી અગ્રાહ્ય છે માટે તેનું અનુમાન આદિ પણ થઈ શકતું નથી. વળી જે જે પદાર્થો પ્રત્યક્ષ ગ્રાહ્ય નથી, તે તે પદાર્થો જગતમાં છે જ નહીં જેમકે આકાશપુષ્પ, તેની જેમ આત્મા છે જ નહીં. તેથી નક્કી થાય છે કે આત્મા છે જ નહીં.

તેનું ખંડન કરતાં કહે છે કે — સ્વસંવેદનજ્ઞાનથી આત્મા અનુભવ ગમ્ય છે. સુવિશુદ્ધ ધ્યાનથી યુક્ત આત્મા આત્મા વડે આત્માને જુએ છે, કારણ કે આત્મા ચૈતન્યમય છે. તેથી આત્મા પ્રત્યક્ષ થયો. તેવી રીતે અનુમાન પણ કરી શકાય છે — 'गम्मइ' त्ति 'तथा' તે પ્રકાર વડે પરીક્ષકો દ્વારા જણાય છે. તે પ્રકારો જણાવે છે જ્ઞાન, ચૈતન્યાદિ આદિ શબ્દથી સુખ, દુઃખ, ઈચ્છાદિ વડે અહીં સાધન આત્મા છે. જે જે વસ્તુ કાર્ય કારણભૂત છે તે તે વસ્તુ છતી જ હોય છે. જેમ ઘટ કાર્ય અને તેનું કારણ માટીનો પિંડ તે જેમ છતી વસ્તુ છે તે જ પ્રમાણે આ આત્મા કારણ અને સુખ-દુઃખાદિક તેના કાર્યો છે. તેથી અવશ્ય આત્મા છે. તે કેવલ અનુમાનગમ્ય નથી, પણ કેવલજ્ઞાનીઓને તો તે પ્રત્યક્ષ છે. જેઓની આવી સમ્યગ્ બુદ્ધિ છે તેઓમાં સમ્યક્ત્વનું પ્રથમ સ્થાન છે તેમ જાણવું. આ પ્રમાણે 'આત્મા છે' તે નામનું પહેલું સ્થાન છે એમ ગાથાર્થ જાણવો.

**બીજું જીવનું નિત્યત્વ સ્થાન કહે છે :**

**दवट्ठयाइ निच्चो उप्पायविणासवज्जिओ जेणं ।**
**पुव्वकयाणुसरणओ पज्जाया तस्स उ अणिच्चा ॥ ६१ ॥**

**ગાથાર્થ : દ્રવ્યની અપેક્ષાએ ઉત્પત્તિ-નાશથી રહિત એવો નિત્ય આત્મા છે. પૂર્વે કરેલા કાર્યોના સ્મરણની જેમ તેના પર્યાયો અનિત્ય છે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :** અહીં એકાંત અનિત્યવાદીઓ આત્માને અનિત્ય જ માને છે. એની વિચારણા કરતાં તે અનિષ્ટ કરનારી થશે. જો તમે એકાંતે આત્માને અનિત્ય માનશો તો શું તે ક્રમથી અર્થક્રિયા કરે છે કે યુગપત્ ? જો તમે ક્રમથી કહેતા હો તો તે યોગ્ય નથી કેમકે ક્રમથી સ્વીકારો તો બીજી ક્ષણે તે નષ્ટ થઈ જાય છે. કેમકે ક્રમિક વસ્તુ ક્ષણાન્તર અવસ્થાયિ હોય છે. જો તમે વસ્તુ ક્રમથી અર્થક્રિયા કરે છે તેમ સ્વીકારો તો કલ્પાન્તે પણ એની પ્રતિપત્તિ થઈ શકતી નથી. તેથી બળાત્કારે નિત્યત્વની પ્રાપ્તિ થઈ જાય છે.

વળી જો તમે યુગપત્ અર્થક્રિયાકારીપણું કહેશો તો પોતાના જ ઉત્પાદ અને વ્યયથી સર્વ દેશ-કાલભાવિ[1]-ક્રિયાની પ્રાપ્તિ કેવી રીતે થશે ? કારણ બીજી જ ક્ષણે પદાર્થ નષ્ટ થાય છે તેથી ક્રિયાકારીપણું ઘટતું નથી. તેથી ક્રમથી અને યુગપત્થી ક્રિયાકારીપણું ઘટતું નથી ને તેથી વસ્તુત્વનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. તેથી એકાંતે આત્મા અનિત્ય છે તે યોગ્ય નથી.

હવે એકાંતે આત્મા નિત્ય છે એમ સ્વીકારવામાં શું દૂષણ આવે છે તે બતાવે છે — નિત્ય એટલે અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર સ્વભાવવાળો પદાર્થ. તે લક્ષણ અહીં સંગત થતું નથી. ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, પ્રસાદાદિ અનેક ભાવોનો પરિહાર કરવાથી બીજા ભાવોની ઉત્પત્તિ થાય છે. આથી બળાત્કારે અનિત્યપણાની પ્રાપ્તિ થાય છે. કારણ કે ત્યાં એકત્વપણાનો અભાવ છે. તેથી જ કહે છે કે આ આત્મા દ્રવ્યનયની અપેક્ષા એ નિત્ય છે. જે કારણથી તે વિનાશ અને ઉત્પત્તિથી રહિત છે એટલે આત્મા કદાપિ ઉત્પન્ન થતો નથી અને કદાપિ નાશ પણ પામતો નથી. અનાદિ-અનંતકાળ તે સ્થાયી હોવાથી નિત્ય છે.

અહીં કોઈ શંકા કરે કે આ પ્રમાણે કહેવાથી તો ખરેખર ! આચાર્યે આત્માનું નિત્યપણું એકાંત અંગીકાર કર્યું ગણાશે. તો તેનું ખંડન કરતાં કહે છે કે (પર્યાયનયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે અને સત્તાએ કરીને શાશ્વત છે.) પૂર્વે કરેલાનું આત્માને સ્મરણ થાય છે કે — "મેં પૂર્વભવે જે પ્રભુની પ્રતિમા ભરાવી હતી તે જ આ પ્રતિમા છે." આ પ્રમાણે આ જન્મમાં તે બિંબ જોવાથી તેનું સ્મરણ થાય છે અને જાતિસ્મરણજ્ઞાન ઉપજે છે. તેથી જ જીવના પર્યાયો એક ભવથી બીજા ભવમાં ગમન કરવા વડે તે સાદિ સાંત ભાંગે અનિત્ય જણાય છે. અર્થાત્ આત્મા નિત્ય છે, તેના પર્યાયો અનિત્ય છે અને ક્યારે પણ દ્રવ્ય પર્યાયરહિત હોતું નથી.

અને વળી કહ્યું પણ છે કે, "પર્યાયરહિત દ્રવ્યને તથા દ્રવ્યરહિત પર્યાયને કોઈ પણ વખત, કોઈ પણ રૂપે કોઈએ જોયા છે ? અથવા કોઈપણ પ્રમાણથી સિદ્ધ કર્યા છે ?" તેથી દ્રવ્ય અને પર્યાયોનું કાંઈક ભેદાભેદપણું સ્વીકારવાથી આ આત્મા નિત્યાનિત્ય છે કારણ કે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવતાથી યુક્ત છે. જેમકે સુવર્ણનો ઘટ છે. તેને ભાંગી મુગુટ બનાવવામાં આવે છે તો સુવર્ણના ઘટના અર્થીને શોક થાય છે. કેમકે સુવર્ણઘટનો નાશ થયો છે. પણ તેમાંથી મુગુટની ઉત્પત્તિ થતાં મુગુટના અર્થીને આનંદ થાય છે. જ્યારે માત્ર સુવર્ણના અર્થીને શોક કે હર્ષ કાંઈ પણ થતું નથી. પણ માધ્યસ્થભાવને તે ધારણ કરે છે." તો આત્મા પર્યાયથી અનિત્ય છે એમ હૃદયમાં નિશ્ચલ કરે છતે સમ્યક્ત્વનું બીજું સ્થાનક એમ જાણવું. આ પ્રમાણે ગાથાર્થ છે.

૧. સર્વદેશકાળમાં થનારી ક્રિયા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ત્રીજા કર્તા નામના સ્થાનને કહે છે :**

**कत्ता सुहासुहाणं कम्माण कसायजोयमाईहिं ।**
**मिउदंडचक्कचीवरसामग्गिवसा कुलालुव्व ॥ ६२ ॥**

**ગાથાર્થ : જેમ કુંભાર માટી-દંડ-ચક્ર, ચીવર વિગેરે સામગ્રીથી ઘડાનો કર્તા છે. તેમ જીવ કષાય-યોગાદિ બંધના હેતુઓ વડે શુભ-અશુભ કર્મોનો કર્તા છે.**

**ટીકાર્થ :** આ આત્મા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોનો કર્તા છે પરંતુ જગત આદિનો કર્તા નથી. અહીં કેટલાક મિથ્યાત્વથી વાસિત ચિત્તવાળા જીવો ઈશ્વરને જગત્કર્તા માને છે = ઈશ્વરે બનાવેલું વિશ્વ માને છે. જેમ કે પૃથ્વી, પર્વત, વૃક્ષાદિ કાર્ય રૂપ છે માટે તેનો કર્તા હોવો જોઈએ. જે જે કાર્યો છે તે તે સકર્તૃક છે. જેમ ઘટ તેમ આ ઈશ્વર જગત્કર્તા છે. તો ઈશ્વર કર્તૃત્વવાળું તેમનું આ વાક્ય બુદ્ધિશાળી વડે વિચારતા વંધ્યાના પુત્રની લીલાને પ્રાપ્ત કરે છે.

ચલો... તો પણ તમારું તે વાક્ય અમે સ્વીકારીને તમને કહીએ કે "તમે સ્વીકારેલો તે મૂર્ત કે અમૂર્ત એવો કર્તા જગતનું સર્જન કરે છે ? જો મૂર્ત કર્તા જગતનું સર્જન કરે છે તો તે કુંભકાર વિગેરેની જેમ કેમ દેખાતો નથી ? તેથી મૂર્ત કર્તા નથી (તે નક્કી થાય છે.) અને જો અમૂર્ત કર્તા જગતનું સર્જન કરે છે તો તેને શરીરાદિકના અભાવને લીધે જગતને સર્જન કરવાનું સામર્થ્ય ક્યાંથી હોય ? તેથી તમારી ઈશ્વર જગત્કર્તૃત્વની કથા ફોગટ છે. તેથી જીવ જ શુભાશુભ કર્મનો કર્તા છે તે સિદ્ધ થયું.

કયા હેતુઓ વડે જીવ શુભાશુભ કર્મને બાંધે છે ? તો કહે છે 'कसायत्ति' = કષાય-યોગ આદિ વડે. ત્યાં અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ અને સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ એમ ૧૬ કષાયો અને મન-વચન-કાયાના પંદર યોગો છે. અને આગમમાં કહ્યું છે કે, "સત્ય, અસત્ય, મિશ્ર ને અસત્યામૃષા એ ચાર મનોયોગના છે. એ પ્રમાણે ૪ ભેદો વચનયોગના છે. તથા કાયયોગના ઔદારિક-વૈક્રિય-આહારક એ ત્રણ તથા એ ત્રણના મિશ્ર અને કાર્મણ-તૈજસકાય યોગ એમ કાયયોગના ૭ ભેદો = કુલ ૧૫ ભેદ છે. આદિ શબ્દથી ૯ નો કષાય, પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિના ભેદો પણ ગ્રહણ કરવા. આવા પ્રકારના કર્મબંધના કારણોથી જીવ શુભાશુભ કર્મો બાંધે છે.

તેના માટે દૃષ્ટાંતને કહે છે — જેમ માટી-દંડ-ચક્ર ચીવટ વિગેરે સહકારી કારણથી કુંભકાર ઘટ બનાવે છે તેમ જીવ કષાયાદિ વડે કર્મબંધન કરે છે. એમ જેણે જાણ્યું છે તે સમ્યક્ત્વના સ્થાનને અવગાહે છે. આ ત્રીજુ સ્થાન છે એ પ્રમાણે ગાથાર્થ છે.

**ચોથું ભોક્તા નામનું સ્થાનક કહે છે :**

**भुंजइ सयंकयाइं परकयंभोगे अइप्पसंगो उ ।**
**अकयस्स नत्थि भोगो अन्नह मुक्खेऽवि सो हुज्जा ॥ ६३ ॥**

**ગાથાર્થ : પોતે કરેલા કર્મોને જીવ પોતે જ ભોગવે છે. બીજા જો તેને ભોગવે તો અતિપ્રસંગ પ્રાપ્ત થાય. વળી નહી કરેલા કર્મોનો ભોગ કદાપિ થતો નથી. જો એમ બને તો મોક્ષમાં પણ તે સંભવે.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ટીકાર્થ :** અહીં મહામોહરૂપી અગ્નિના ધૂમાડાથી વ્યાકુળ કરાયેલી ઈન્દ્રિયોવાળા અક્ષપાદાદિ કહે છે કે ઈશ્વરની પ્રેરણાથી સર્વ જીવો સુખ અને દુ:ખ, સ્વર્ગ અને નરક અનુભવે છે. તેના મતાવલંબીઓ કહે છે કે, "ઈશ્વરથી પ્રેરાયેલો જીવ સ્વર્ગમાં જાય છે અથવા નરકમાં જાય છે. અને વળી પ્રાણીઓને સુખ દુ:ખ પણ આ ઈશ્વર જ અહોનિશ આપે છે. આ પ્રમાણે... તેનું ખંડન કરતા કહે છે કે, "આત્મા પોતે કરેલા શુભાશુભ કર્મોને અનુભવે છે. તે કારણથી જ કહેલું છે કે, "સેંકડો ક્રોડકલ્પ વડે પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી. કરેલા શુભ અથવા અશુભ કર્મ અવશ્ય ભોગવવા પડે છે." જો એમ જ છે તો બીજાએ કરેલા કર્મો ભોગવે કે નહીં ? તો કહે છે કે જો બીજાએ કરેલા કર્મ બીજો જીવ ભોગવે તો તેને ભોક્તૃત્વનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય. તું નિશ્ચયના અર્થમાં છે. જો કર્મ કરે બીજા ને ભોગવે બીજા એવું માનીએ તો દેવદત્ત ખાય અને જગતના સર્વ જીવોને તૃપ્તિ થવી જોઈએ. પરંતુ એવું ક્યાંય જોવા મળતું નથી. તેથી બીજાએ કરેલ કર્મ જીવ ભોગવતો નથી, પણ પોતે કરેલ કર્મને જ ભોગવે છે. વળી આગમમાં પણ કહ્યું છે કે, "હે ભગવન્ ! શું જીવ પોતે કરેલા દુ:ખો ભોગવે છે કે બીજાએ કરેલા કે પોતે તથા બીજાએ = ઉભયે કરેલા દુ:ખો અનુભવે છે ? હે ગૌતમ ! જીવ પોતે કરેલા દુ:ખો જ અનુભવે છે પણ બીજાએ કરેલા કે ઉભયે કરેલા દુ:ખો ભોગવતો નથી."

જો એમ જ કહેતા હો તો જેણે કર્મ કરેલા નથી તેને ભોગોની પ્રાપ્તિ થાય કે નહી ? તો જવાબ આપતા કહે છે કે જેણે કર્મો કર્યા જ નથી તેને કર્મનો ભોગ પણ નથી હોતો. જે વસ્તુનું સર્જન નથી તેનો સસલાના શિંગડાની જેમ અભાવ જ હોય. તો પછી તે જીવને ભોગ ક્યાંથી સંભવે ? જો કર્મ નહી કરેલા જીવને કર્મનો ભોગ થાય તો પછી સકલ કર્મનો અત્યંત નાશ કરેલા મોક્ષમાં (મોક્ષના જીવને = સિદ્ધને) પણ ભોગની પ્રાપ્તિ થશે. પણ તેમ થતું નથી કારણ કે ત્યાં કર્મબંધનો અભાવ છે, તેનો અનુભવ કરનાર પૌદ્ગલિક શરીરનો પણ અભાવ છે. આવા પ્રકારના તત્ત્વને જાણનાર પુરુષને સમ્યગ્દર્શનનું ચોથું સ્થાન પ્રાપ્ત થાય છે.

**નિર્વાણ નામના પાંચમા સ્થાનને કહે છે :**

**निव्वाणमक्खयपयं निरुवमसुहसंगयं सिवं अरुयं ।**
**जियरागदोसमोहेहिं भासियं ता धुवं अत्थि ॥ ६४ ॥**

ગાથાર્થ : રાગ-દ્વેષ-મોહને જીતનારા, જિનેશ્વર ભગવંતોએ નિરૂપમ સુખથી યુક્ત, કલ્યાણકારી, અરૂજ, અક્ષય એવું નિર્વાણ પદ કહેલું છે અને તે નિશ્ચે છે.

**ટીકાર્થ :** 'निर्वाणं' = મોક્ષ એ સંબંધ છે = આત્માનો મોક્ષ છે. હવે અહીં તે મોક્ષનું સ્વરૂપ કહે છે - એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત અને સર્વ સિદ્ધની અપેક્ષાએ અનાદિ-અનંત (મોક્ષ) છે. સિદ્ધ થયેલા જીવનું પતન થતું નથી તેથી તેઓનું સંસારમાં ફરી અવતરણ થતું નથી. એ કારણથી જ, "ધર્મતીર્થના સ્થાપક, પરમ પદને પામેલા - એવા જ્ઞાની તીર્થનો નાશ થતો જોઈ પાછા સંસારમાં આવે છે." એ પ્રમાણે બોલતા વેદાન્તવાદીઓ પરાસ્ત થયા છે તેથી "અક્ષયપદ"નું ઉપાદાન છે તે યોગ્ય જ છે. વળી તે મોક્ષનું સુખ કેવું છે ? 'निरुपमम्' - તો ઉપમા રહિત છે. 'શેરડી-ખીર-ગોળની મધુરતામાં મોટું અંતર છે.' એ ન્યાયથી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવલીઓ પણ મોક્ષના સુખને વર્ણવવા શક્તિમાન નથી. તેથી મોક્ષનું અનંત સુખમયપણું સિદ્ધ થયું અર્થાત્ મોક્ષનું સુખ નિરૂપમ છે તે સિદ્ધ થયું.

ખરેખર ! અષ્ટ કર્મથી રહિત, અશરીરી એવા સિદ્ધને સુખ ક્યાંથી સંભવે ? એમ શંકા કરે છે ત્યારે તેને ઉમાસ્વાતિ વાચકના શબ્દોમાં અહીં કહે છે કે – "લોકમાં ચાર પ્રકારના અર્થમાં સુખ શબ્દનો પ્રયોગ થાય છે. (૧) વિષયમાં (૨) વેદનાના અભાવમાં (૩) કર્મના વિપાકમાં અને (૪) મોક્ષમાં... એમ ચાર પ્રકારના અર્થમાં સુખ-શબ્દનો પ્રયોગ થાય છે. જેમ કે આ અગ્નિ સુખકારી છે, આ વાયુ સુખકારી છે તેવું વિષયસુખ માટે કહેવાય છે. વળી દુઃખના અભાવમાં પુરુષ "હું સુખી છું" એમ માને છે. પુણ્યકર્મના વિપાકથી ઈન્દ્રિયજન્ય સુખ મળે છે તે વિપાકજન્ય સુખ છે. કર્મરૂપી ક્લેશના નાશથી અનુત્તમ સુખ મોક્ષમાં હોય છે. તેથી જ મોક્ષનું સુખ એ શિવમ્ = અનુપદ્રવ છે. વળી તે સુખ કેવું છે ? તો કહે છે 'अरुजं' = મોક્ષમાં શરીરનો અભાવ છે તેથી શરીરજન્ય ૧૦૮ રોગોનો પણ અભાવ છે. તેથી 'અરૂજ' શબ્દનું ઉપાદાન કર્યું છે.

તો મોક્ષનું આવું સ્વરૂપ કેવી રીતે જાણી શકાય ? તો કહે છે કે 'जियराग' त्ति = રાગ-દ્વેષ-મોહને જીતનારા જિનેશ્વર ભગવંતના વચનથી જણાય છે. વળી કહ્યું છે કે, "અંગનાના સંગથી રાગ જણાય છે, શત્રુના નાશ રૂપ કારણથી દ્વેષ જણાય છે અને અસદાચારના દોષથી મોહ જણાય છે. તો તે (રાગ-દ્વેષ-મોહ) જેને નથી તે દેવ કહેવાય છે. ને તે જ અરિહંત છે. ને તેમણે કહેલું વચન પૂર્વાપર અવિરુદ્ધ હોવાથી કોઈને ઠગનારું નથી = અવિશ્વાસ કરવા યોગ્ય નથી. તેથી ભવ્ય જીવોનો મોક્ષ નક્કી છે. આવું જાણવું-માનવું-વિચારવું તે પાંચમું સ્થાન છે એ પ્રમાણે ગાથાર્થ છે.

**મોક્ષનો ઉપાય એ નામના છઠ્ઠા સ્થાનને જણાવે છે :**

**सम्मत्तनाणचरणा संपुन्नो मोक्खसाहणोवाओ ।**
**ता इह जुत्तो जत्तो ससत्तिओ नायतत्ताणं ॥ ६५ ॥**

**ગાથાર્થ : સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર સંપૂર્ણ પ્રાપ્ત કરવા તે જ મોક્ષ સાધવાનો ઉપાય છે. તે ઉપાય આ નરભવને વિષે જ સાધવા યોગ્ય છે. કારણ કે તત્ત્વના જાણ પુરુષો સ્વશક્તિ વડે અહીં જ તેને મેળવે છે.**

**ટીકાર્થ :** દેવ-ગુરુ-ધર્મ તત્ત્વને વિષે દેવો પણ ચલાયમાન ન કરી શકે તેવો શુભ પરિણામ તે ક્ષાયિકાદિ સમ્યક્ત્વ, જેના વડે સચરાચર વિશ્વ જણાય તે મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ ને કેવલરૂપ જ્ઞાન. જેનાથી સત્કર્તવ્યોનું વિશેષ આચરણ કરાય તે સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહાર વિશુદ્ધિ-સૂક્ષ્મ સંપરાય-યથાખ્યાત રૂપ ચારિત્ર.

સમ્યક્ત્વ અને જ્ઞાન અને ચારિત્ર = सम्यक्त्व ज्ञानचरणानि । આ ત્રણેનું 'सम्पूर्णः' = અવિકલપણું = સંપૂર્ણ પ્રાપ્તિ તે જ 'मोक्षसाधनोपायो' = મુક્તિગમનનું કારણ છે = મોક્ષનો ઉપાય છે. પ્રાકૃતપણું હોવાથી અહીં પુલિંગપણું તે દોષરૂપ નથી. જેમ સાધનથી રાજા પરચક્રને = દુશ્મન રાજાને જીતીને રાજયાદિને મેળવે છે તેમ આ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રથી જીવ અંતરંગ શત્રુને જીતીને નિવૃત્તિપુરીની રાજયલક્ષ્મીને મેળવે છે. તેથી इह = મોક્ષના સાધન =

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાયને વિષે '**स्वशक्तितो**' = પોતાની શક્તિના અતિક્રમપૂર્વક નહી પણ સર્વ બળથી યુક્ત = સ્વશક્તિ અનુસાર यत्नः = ઉદ્યમ કરવો જોઈએ. આવો ઉદ્યમ કોનો હોય છે ? '**ज्ञाततत्त्वानाम्**' = જિનવચનના રહસ્યોને જાણનારા આવો ઉદ્યમ કરે છે. આવા ઉદ્યમવંતને "મોક્ષના ઉપાયો છે" એ નામનું સમકિતનું છઠ્ઠુ સ્થાન હોય છે તે પ્રમાણે ગાથાર્થ છે.

આ છએ સ્થાનોનો ભાવાર્થ **નરસુંદર રાજા**ની કથા વડે કહેવાય છે. તે આ પ્રમાણે :

સમસ્ત પ્રશસ્ત કંચન-રત્નની દેદીપ્યમાન કાંતિથી સુશોભિત મેરૂપર્વતથી અલંકૃત પ્રથમ જંબુદ્વીપ નામનો દ્વીપ છે. ત્યાં નિરંતર આશ્ચર્યની પરંપરાથી વિચિત્ર શ્રી ભરતક્ષેત્રમાં સૂર્યની જેમ નારીની મણિમય કંચીથી (સ્ત્રીઓનું ઉપરીય વસ્ત્ર) શોભતી **કંચી** નામની **મહાનગરી** છે. તેના કિલ્લાની તેજસ્વિતા માણેક મુક્તાફલની જાલિથી વ્યાપ્ત છે. જેને જોઈને વિદ્વાનો ચિત્તમાં રત્નાકરને પણ જલાવશેષ માને છે. ત્યાં પ્રશસ્ત શાસ્ત્રાદિ સકલ કલામાં સુંદર જય પ્રાપ્ત કરનાર **નરસુંદર રાજા** હતો. જેણે બાહુ રૂપી પર્વત વડે સતત દુર્ધર યોદ્ધાઓ રૂપી સાગરનું મંથન કરીને ક્ષણમાત્રમાં જયલક્ષ્મી પ્રાપ્ત કરી હતી. તેણે ખરેખર ! વિષ્ણુની પણ તર્જના કરી હતી કે જે વિષ્ણુએ મેરૂ પર્વત રૂપી રવૈયા દ્વારા સાગર આખાનું મંથન કરી અપેક્ષા સહિત મેળવેલી શોભા વાળો હતો. વળી કુલક્રમાગત નાસ્તિકવાદથી પુષ્ટ, દેવ-ગુરુને વિષે દુષ્ટ એવો તે જીવના બંધ-મોક્ષ-પુન્ય-પાપ તથા પરભવગમનાદિને માનતો નથી. ચાર મહાભૂત સર્વત્ર વસ્તુના કારણભૂત છે એ પ્રમાણે પરમ રહસ્યને તે કહે છે. તેની પુરુષોત્તમની (વિષ્ણુની) લક્ષ્મીની જેવી પોતાના મનોહર લાવણ્ય વડે દેવાંગનાને પણ પરાભવ કરનારી **સુરસુંદરી** નામની **મહાદેવી** હતી. તે રાજાનો બુદ્ધિના પ્રભાવ રૂપી ગર્વથી અમરમંત્રીને પરાભવ પમાડનાર **સુમતિ** નામનો મંત્રી હતો. જે નિરૂપમ મુનિભગવંતોની સેવા કરવામાં અગ્રણી, શ્રુતના સારને જાણનારો, જિનપૂજાના લક્ષ્યવાળો, વ્રતપાલન કરવામાં સાવધાન મનવાળો હતો.

આ બાજુ પૃથ્વીરૂપી રમણીના તિલક સમાન શ્રી **ચંડપુર** નગરમાં વૈરીના સમૂહને નાશ કરવામાં **ચંડસેન** નામનો સેન નામથી પ્રસિદ્ધિને પામેલો સામંત હતો. તેનો મંત્ર-તંત્ર-યંત્રમાં અતિશય બુદ્ધિવાન એક યોગી પરમ મિત્ર હતો. એક વાર નરસુંદર રાજાની વિષમતમ સેવાથી નિર્વેદ પામેલા ચંડસેન સામંતે સર્વાલંકારથી સુશોભિત કરી વિનયપૂર્વક તે યોગીને કહ્યું કે, "હે બાંધવ ! હું દુઃખ રૂપી સાગરમાં પડેલો છું. નરસુંદરરાયને મારવામાં મને સહાયક થા અને મારો ઉદ્ધાર કર. તેના ઉપરના મોહથી મોહિત મતિવાળા યોગીએ પણ તેનું વચન સ્વીકાર્યું. પછી તે યોગી પણ કાંચીપૂરીમાં જઈને, એક મઠમાં રહીને, અનેક પ્રકારના કૌતુકને બતાવી લોકોના મનને રંજિત કરીને પરમ પ્રસિદ્ધિને પામ્યો. રાજાએ પણ જનમુખથી તેના અતિશય પ્રભાવને સાંભળી પોતાની પાસે બોલાવી આદરપૂર્વક બેસવા માટે આસન આપ્યું પછી એકાંતમાં પૂછ્યું કે, "હે યોગીરાજ ! તમે કયા દેશથી અમારા નગરમાં આવ્યા છો ?" યોગીએ પણ કહ્યું, "હે મહારાજ ! તમે યોગીઓના પરમ ભક્ત છો એમ સાંભળીને ઉત્કંઠિત ચિત્તવાળો, તમારા દર્શનનો અભિલાષી એવો હું શ્રી પર્વતથી અહીં આવ્યો છું." તે સાંભળી ફરીથી રાજાએ પૂછ્યું, "તમારી પાસે કોઈ દિવ્યશક્તિ છે ?"



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગીએ પણ પોતાનો અધિક ઉત્કર્ષ પ્રગટ કરતા કહ્યું, "હા... મારી પાસે દિવ્ય શક્તિ છે. રાત્રિમાં દિવસને ને દિવસમાં રાત્રિને બતાવી શકું છું. તો આકાશમાંથી ગ્રહગણને પણ ધરતી ઉપર પાડું છું. નપુંસકની યોનિને સ્થંભિત કરું છું તો એક ખાબોચિયા જેટલો સાગરને શોષવી નાંખું છું = સમુદ્રને ખાબોચિયા સરખું બનાવું છું. પરચક્રના સૈન્યને પણ અહીંથી ફેરવું છું. અરે ! ઈંદ્રને પણ નિયંત્રણ કરીને અહીં લાવું છું. વળી હે નરેન્દ્ર ! લોકમાં બીજુ એવું કાંઈ પણ નથી કે જે મારા વડે સિદ્ધ ન થાય." તે જ ક્ષણે નર્મસચિવે કહ્યું, "હે યોગીરાજ ! આ બધું ફોગટ બોલવાથી શું ? જો તમારી કોઈ શક્તિ હોય તો મારી પ્રાણપ્રિયા પ્રણય સંબંધી ક્લેશથી રોષ કરી ચાલી ગઈ છે. તેના વિના મારો આવાસ શૂન્ય અરણ્યમય લાગે છે. તો તેને તું લાવી આપ. તો તારા ભદ્રવચન રૂપી મેઘની ગર્જના સાચી માનું. પછી યોગીએ મંડલની રચના કરી મંત્રબલ વડે રોટલી બનાવતી તેને લાવી આપી. ત્યાર પછી નર્મસચિવ પણ પોતાની પત્નીને આવેલી જોઈ, હર્ષ પામી, હાથ ઉંચા કરીને નાચવા લાગ્યો. રાજા પણ આશ્ચર્ય પામ્યો અને યોગીને પૂછે છે, "કાલને છેતરવાનો કોઈ ઉપાય છે કે નહી ?" ત્યારે યોગીએ કહ્યું, "છે, પણ જો તું મારી પાસે સંન્યાસ ગ્રહણ કરે તો કાલવંચના કરી શકીશ. રાજાએ પણ તેનું વચન સ્વીકાર્યું એટલે યોગી પણ રાજી થયો.

પછી રાજાને સંન્યાસ આપી યોગી આ પ્રમાણે તેને ઉપદેશ આપે છે — પોતાના શરીરમાંથી બાર અંગુલ પ્રમાણ પવન બહાર નીકળે છે અને ૧૦ અંગુલ પ્રમાણ પવન પ્રવેશે છે. તેનાથી વિપરિત જે કરે છે તે કાલને ઠગે છે." આ પ્રમાણે ખોટા ભ્રમથી રાજાને ભોળવીને જીવહિંસાદિ પાપસ્થાનકરૂપી સાગરમાં ડૂબાડી દુષ્ટ પાખંડી યોગી રાજાને ઉન્માર્ગમાં પાડે છે. એકવાર વિષમ વિષનું પાન કરાવી, રાજાને મારી તે ધિઠ્ઠો યોગીરાજ કાગડાની જેમ ભાગી ગયો. રાજા પણ વિષના આવેગથી કાષ્ઠની જેમ અચેતન બન્યો. ત્યારે હાહારવ કરતો સમગ્ર પરિવાર ત્યાં આવે છે. સર્વે મંત્રવાદીઓને બોલાવ્યા. તેઓએ પણ પોતપોતાની શક્તિઓ ફોરવી પણ વજ્રમાં ટાંકણા પાડવાની જેમ તે નિષ્ફળ ગયા. મંત્રીગણ પણ અત્યંત વિષાદરૂપી સાગરમાં પડ્યો. મળેલી અંતઃપુરની સ્ત્રીઓ પણ આક્રંદને કરતી હાથ વડે સ્તનને અફાળવાથી તૂટેલી મોતીની માળાથી ઘરના આંગણાને ધવલ બનાવતી હતી.

તે સમયે મંત્રીઓ રાજાને નિષ્પ્રાણ જાણી હાથિણીના કુંભસ્થલ ઉપર બેસાડી સ્મશાનભૂમિએ લઈ જઈને જેટલામાં ચંદન-અગરુના લાકડાની રચેલી ચિત્તા ઉપર રાજાને આરોપિત કર્યો ત્યાં તો રાજાએ આંખો ખોલી. ચૈતન્ય જાગૃત થતાં રાજા ચિતા ઉપરથી ઉતર્યો અને મંત્રીઓને કહેવા પ્રવૃત્ત થયો. ત્યારે સુમતિ મંત્રીએ નમસ્કાર કરી રાજાને કહ્યું, "મહારાજ ! તે પાપીષ્ઠ યોગી તમને વિષ આપીને ભાગી ગયો. ઘણી શોધખોળ કરવા છતાં તેનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. ઘણા મંત્રવાદીઓએ તમને સજીવન કરવાના અનેક પ્રયત્નો કર્યા છતાં તમને ચેતના પ્રાપ્ત થઈ નહીં." તે સાંભળી રાજા બોલ્યો, "હાલમાં હું પવનના સંસર્ગથી કેવી રીતે વિષ-વિકારથી રહિત થયો ?"

ત્યારે મંત્રીશ્વરે કહ્યું, "હે દેવ ! આ તો સઘળું પરમેશ્વર જાણે. પણ મેં પૂર્વે સાંભળેલું છે કે ઉગ્ર તપસ્વી મહાત્માઓના, વિશિષ્ટ લબ્ધિસિદ્ધવાળા મહાત્માઓના અંગને સ્પર્શીને આવેલા પવનના સ્પર્શમાત્રથી પણ પ્રાણીઓના વિષ વિકાર દૂર થાય છે." તે સાંભળી રાજાએ વિશિષ્ટ સેવકોને આદેશ કર્યો કે, "તમે જાવ અને ઉપરની ભૂમિની તપાસ કરી આવો કે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ મુનીશ્વર અહીં છે ?" ત્યારે તેઓ પણ રાજાની આજ્ઞા લઈને, ભૂમિશુદ્ધિ કરીને ત્યાં આવ્યા અને રાજાને કહ્યું, "હે સ્વામી ! પુષ્પાકર ઉદ્યાનમાં હમણાં જ સેનાના સમૂહથી રાજા જેવા, દેવોના સમૂહથી ઈંદ્ર જેવા, પક્ષીઓથી વ્યાપ્ત પુષ્પિત વૃક્ષ જેવા, ભમરાઓથી શોભતા કમળની જેમ બંને બાજુ મુનિગણથી શોભતા જ્ઞાનરૂપી લક્ષ્મીના સ્થાનભૂત, સુંદર ચારિત્રથી પવિત્રતાને પામેલા શ્રી **ચંદ્રપ્રભાચાર્ય** પધાર્યા છે." તે સાંભળી રાજાએ કહ્યું, "હું માનું છું કે નક્કી આ મુનીશ્વરનો જ આ પ્રભાવ હશે કે જેથી મારા દેહમાંથી વિષની લહરીઓ દૂર થઈ. તેથી શિષ્યની જેમ તેમની પાસે જાઉં."

એમ વિચારી ત્યાંથી ઉઠીને પરિવાર સહિત રાજા તેમની પાસે જઈને, પૃથ્વીતલે મુગટ અડે તેમ મસ્તક નમાવી રાજા બેઠો. સૂરીશ્વરે પણ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો કે, "મનુષ્યક્ષેત્રે, ઉત્તમજાતિ, ઉત્તમકુલ, ઉત્તમરૂપ, આરોગ્ય, દીર્ઘાયુ, સુબુદ્ધિ, જિનધર્મ ઉપર શ્રદ્ધા, સંયમની પ્રાપ્તિ... આ બધું લોકમાં દુર્લભ છે.

હવે અહીં રાજા કુલક્રમથી પ્રાપ્ત નાસ્તિક મતને પ્રગટ કરતો ગુરુદેવને કહે છે કે, "તમે જે જીવનું અસ્તિત્વાદિ કહ્યું તે અમારા મનમાં બરાબર બેસતું નથી. પૃથ્વી આદિ ચાર મહાભૂતોને છોડીને, પરલોકાદિમાં ભવભ્રમણ કરનાર અન્ય જીવાદિક વસ્તુ દેખાતી નથી કેમકે ચાર મહાભૂત સિવાય અન્ય કોઈ વસ્તુ જ નથી તેથી અમે કહીએ છીએ કે જીવ જેવો કોઈ પદાર્થ નથી કેમકે તે આકાશપુષ્પની જેમ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી = પ્રત્યક્ષ જણાતો નથી. વળી જે પદાર્થો વિદ્યમાન છે તે પ્રત્યક્ષ પ્રમાણથી અતીત નથી = પ્રત્યક્ષ પ્રમાણના વિષયભૂત છે.

ચાર મહાભૂત છે એ પ્રમાણે કહીને રાજા જ્યારે શાંત બેઠો ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું, "હે રાજન્ ! આ આત્મા શું તમને જ પ્રત્યક્ષ ગોચર નથી કે સર્વ જીવોને ? ત્યાં જો તને આત્મા અપ્રત્યક્ષ હોવાથી આત્મા નથી એમ જો માનવામાં આવે તો વિપ્રકૃષ્ટ દેશ-કાલ સ્વભાવથી પૃથ્વી દ્રવ્યને વિષે પૃથ્વી-પર્વત-વૃક્ષાદિનો પણ અસંભવ થશે, કેમકે તને તે ઈંદ્રિયગોચર છે. તેથી તારો આ પક્ષ બરાબર નથી. વળી સકલ લોકને પ્રત્યક્ષ નથી તેથી નથી એવું જે તું કહે છે તે પણ તારૂં સાવદ્ય વચન છે કારણ કે પર્વતાદિ સર્વ વસ્તુ તેઓને પ્રત્યક્ષ છે પણ તને પ્રત્યક્ષ નથી. જો તે પણ તમને પ્રત્યક્ષ છે એમ જો કહેશે તો તે સર્વજીવને પણ પ્રત્યક્ષ થશે.

વળી જો તમે કહેતા હો કે આ ચૈતન્ય ચારભૂત સંબંધી જ છે તો તે સ્વાભાવિક છે કે કાર્યરૂપ છે ? જો તે સ્વાભાવિક જ છે તેમ સ્વીકારશો તો તે તમારો પક્ષ બરાબર નથી, કેમકે તેઓમાંથી ચૈતન્ય ઉત્પન્ન થતું જ નથી. વળી જો તે કાર્યરૂપ છે તેમ સ્વીકારશો તો તે પણ બરાબર નથી કારણ કે ભૂતનું અનુરૂપ થઈ શકતું નથી. વળી તમે કહેશો કે જેમ મદ્યના અવયવોમાંથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેમ સર્વભૂતના સંયોગથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે તો તે પણ તમારી વાત બરાબર નથી. કારણ જે વસ્તુનો જ્યાં અભાવ હોય ત્યાં તેની ઉત્પત્તિનો પણ અભાવ જ હોય. જેમકે રેતીના કણમાંથી તેલની ઉત્પત્તિ થતી નથી કારણ કે રેતીમાં તેલ છે જ નહીં અને મદ્યના સર્વ અંગમાંથી મદશક્તિ પેદા થાય છે. આ વાત સર્વ જગતને અનુભવસિદ્ધ છે.

આ ચૈતન્ય જેનું છે તે કોઈનો પણ સ્વભાવ છે અને તે ચાર ભૂતોથી ભિન્ન એવા પરભવગામી જીવનો જ સ્વભાવ છે, અને તે દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. વળી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પોતાના કર્મના ફલનો ભોક્તા છે અને તે પુણ્યપાપનો ક્ષય થવાથી આત્મા મોક્ષમાં જાય છે. આ પ્રમાણે સ્પષ્ટીકરણ થયું.

આ સાંભળી પ્રત્યુત્તર આપવામાં અસમર્થ એવા રાજાએ કહ્યું, "હે ભગવન્ ! જો આ જીવ પરભવગામી છે તો મારા પિતા તો અનેક પ્રકારની જીવહિંસામાં જ રચ્યા-પચ્યા રહેતા હતા તો તમારા મત પ્રમાણે તે અવશ્ય નરકે ગયા હશે. તો પછી ત્યાં અહીં આવીને મને પાપોથી કેમ અટકાવતા નથી ?" ત્યારે ગુરુ ભગવંતે પણ કહ્યું, "જેમ કોઈ પણ મહા અનર્થકારી પુરુષને સાંકળ વડે અત્યંત ગાઢ બંધનથી બાંધી જેલમાં નાંખવામાં આવે તો તે પોતાના સ્વજનોને જોવા પણ પામતો નથી તેવી જ રીતે આ દ્રષ્ટાંતની જેમ કર્મને પરવશ એવા તારા પિતા નરકમાંથી નીકળી શકતા નથી." રાજાએ કહ્યું, "જો એમ હોય તો મારી માતા તમારા ધર્મમાં રક્ત, જીવદયા પ્રેમી હતી તો તે અવશ્ય સ્વર્ગે જ ગઈ હશે તો તે પણ અહીં આવીને પાપમાં આસક્ત મને કેમ બોધ પમાડતી નથી ?" ત્યારે ભગવંતે કહ્યું, "હે દેવાનુપ્રિય ! સ્વર્ગમાં ગયેલા જીવો સ્વભાવથી જ સૌભાગ્યથી સુંદર દેવાંગનાઓના ભોગમાં લીન બની જાય છે. વળી અનેક પ્રકારની રિદ્ધિમાં વ્યાક્ષિપ્ત ચિત્તવાળા હોય છે. પ્રયોજન વિના માનવલોકના કાર્યો કરતા નથી. તિર્ચ્છાલોકથી ૪૦૦-૫૦૦ યોજન સુધી દુર્ગંધ ઉછળતી હોવાથી સંતપ્ત થયેલા દેવો, તીર્થંકરોના પાંચ કલ્યાણકો વખતે, મહર્ષિઓના વિશિષ્ટ તપના પ્રસંગે અથવા જન્માંતરના સ્નેહના કારણ સિવાય પ્રાયઃ મૃત્યલોકમાં આવતા નથી."

ત્યારે રાજાએ કહ્યું, "હે ભગવન્ ! મેં જીવને જોવા માટે એક ચોરને પકડી તેના બે ટુકડા કર્યા તો પણ તેમાંથી કોઈ પણ ભૂતથી ભિન્ન અન્ય જીવ બહાર નીકળતો મેં જોયો નહીં. (તો પછી જીવ છે તેમ કેમ માની શકાય). ત્યારે મુનિવરે કહ્યું, "હે રાજન્ ! કોઈક પુરુષે અગ્નિ મેળવવા અરણિકાષ્ઠના ઘણા ટુકડા કર્યા તો પણ તેમાંથી સર્વથા અગ્નિ જોયો નહી. જ્યારે બીજા માણસે લાકડાને પરસ્પર ઘસવાથી તેમાંથી પ્રાપ્ત થયેલો-ઉઠેલો અગ્નિ જોયો. જો મુક્તિધરો પણ પદાર્થો વિદ્યમાન હોવા છતાં ચર્મચક્ષુથી જોઈ શકતા નથી તો પછી શરીરાદિથી રહિત, અરૂપી એવો જીવ ન દેખાય તો તેમાં શંકા શું કરવી ? વિપરિત બુદ્ધિ શા માટે ધારણ કરવી ?

ફરીથી રાજાએ કહ્યું, "હે ભગવંત ! એક જીવતા ચોરને મેં લોખંડની પેટીમાં પૂર્યો અને તે પેટીના લાખ પ્રમુખ દ્રવ્ય વડે ચારે બાજુથી સૂક્ષ્મછિદ્રો પણ પૂરાવી દીધા = છિદ્ર વિનાની કરી. કેટલાક દિવસો પછી તે પેટીમાં જ ચોર મરી ગયો હતો. હવે જો શરીરથી અતિરિક્ત એવો કોઈ જીવ તેમાં હોય તો તે ખરેખર દેખાવો જોઈએ. પણ જીવને નીકળવાનો માર્ગ પેટીમાં તો હતો જ નહીં તેથી જીવ નથી તે સાબિત થાય છે. ત્યારે ભગવંતે કહ્યું, "કોઈ એક નગરમાં શંખવાદક હતો. તેને એવા પ્રકારની લબ્ધિ હતી કે દૂરથી શંખ વગાડે છતાં કાનની આગળ જ શંખ વાગે છે - વગાડે છે એવું લાગે. એકવાર રાજાની શરીરચિંતાના અવસરે તેણે શંખ વગાડ્યો. ત્યારે મારા કાન આગળ રહીને આ શંખ વગાડે છે એમ સંક્ષોભ પામેલા રાજાને મળનિરોધ થયો. તેથી કોપ પામેલો રાજા તેને વધસ્થાને લાવ્યો. ત્યારે તેણે પણ રાજાને વિનંતિ કરી કે, "હે સ્વામી ! મેં દૂર રહીને જ શંખ વગાડ્યો હતો પણ લબ્ધિથી સમીપમાં જ વાગતો હોય તેમ જણાય છે. જો આ મારું વચન તમે ન માનતા હો તો અત્યારે જ પ્રત્યક્ષ (અનુભવ) કરો. પછી તેને કુંભીમાં નાંખીને, કુંભીનું મુખ પણ સારી રીતે બંધ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને, ઉપરથી લાક્ષથી તેને સાંધીને, તેમાં રહીને તેણે શંખ વગાડ્યો. તો તેનો નાદ સર્વ લોકોએ સાંભળ્યો. વળી કુંભી પણ સર્વ બાજુથી અછિદ્ર જોઈ.

તથા એક લુહારે લોઢાને ધમિત કર્યે છતે છિદ્ર વિના તેમાં અગ્નિ પ્રવેશ્યો ને તેવા પ્રકારનો જ થયો. તેવી રીતે પ્રવેશ કરવામાં ને નીકળવામાં જીવની પરમ શક્તિ છે.

ત્યાર પછી ફરીથી રાજાએ પણ કહ્યું, "હે ભગવંત ! મેં એક ચોરનું મૃત્યુકાલ પહેલા વજન કર્યું ને પછી તરત જ તેના ગળે ફાંસો નાંખી મારીને પછી તેનું વજન કર્યું તો પ્રથમ જેટલું જ તેનું વજન થયું તે ચોર મર્યો ત્યારે ઘટ્ ઘટ્ કે ચટ્ ચટ્ સરખો અવાજ કરતો જીવાદિ નામનો પદાર્થ બહાર નીકળતો જોયો નહી. (તેથી સાબિત થાય છે કે કાયાથી ભિન્ન જીવ જેવો કોઈ પદાર્થ નથી.) ત્યારે ગુરુભગવંતે કહ્યું, "હે રાજન્ ! એક ગોવાળ બાળકે કુતૂહલથી એક ધમણ લઈ, પવનથી તેને પૂરીને તેનું વજન કર્યું અને પછી પવન કાઢીને તેનું વજન કર્યું તો બંને વજન સમાન જ આવ્યા. તો સ્પર્શથી ગ્રહણ કરાયેલા મૂર્તિમંત વાયુના પ્રવેશ-નિસ્સરણ વડે ચામડાની મશકનું વજન સમાન આવ્યું. તો પછી શરીરથી અતિરિક્ત (ભિન્ન) સ્વસંવેદનથી પ્રત્યક્ષ, ચેતના લક્ષણવાળા જીવના જ્ઞાનમાં શું સંશય હોય ?

ત્યારે રાજાએ કહ્યું, "ભગવન્ ! આપની કૃપાથી જો કે મારા બંને પ્રકારના વિમોહ રૂપી વિષ દૂર થયા છે તો પણ કુલક્રમાગત નાસ્તિકવાદને કેમ ત્યજું ?" ત્યારે ગુરુ ભગવંતે કહ્યું, "હમણા પ્રાપ્ત થયેલા વિવેક વડે આ કુમાર્ગને છોડીને સન્માર્ગનું સેવન કરવું ઉચિત છે. અને કહ્યું પણ છે કે, "કેટલાક પૂર્વપુરુષો અંધપણાથી અંધ કુવામાં પડ્યા તો શું ચક્ષુવાળાએ પણ તેની જેમ ત્યાં જ પડવાનું ? જેમ ધનના અર્થી ચાર પુરુષો ભમતાં ભમતાં અનુક્રમે લોઢાની-રૂપાની-સુવર્ણની-રત્નની ખાણને પામી, પૂર્વે-પૂર્વે પ્રાપ્ત કરેલી વસ્તુનો ત્યાગ કરી, ઉત્તમ વસ્તુનો સંગ્રહ કરવા વડે આ જન્મ સુખના સ્થાનને પામ્યા. તે ચારમાંથી એક પુરુષ કદાગ્રહી હતો. તેણે વિચાર્યું કે પૂર્વે મેળવેલા લોઢાને હું કેમ તજું ? બીજાઓએ તેને ખૂબ સમજાવ્યા છતાં પણ તે જ વાત તે કરે છે ને અંતે તે દુઃખી થયો. એ પ્રમાણે હે મહારાજ ! તું પણ કુલક્રમાગત નાસ્તિકવાદને નહીં ત્યજીશ તો પૂર્વભવોની જેમ નરકાદિ દુઃખના સ્થાનને પામીશ." ત્યારે રાજાએ ગુરુને પૂછ્યું, "મેં પૂર્વભવમાં કેવી રીતે દુઃખની પરંપરા અનુભવી હતી ? તે કૃપા કરીને જણાવો.

ગુરુ ભગવંત પણ પૂર્વભવની કહાની કહે છે કે - આ જ ભરક્ષેત્રમાં, **નવગામ** નામના ગામમાં **અર્જુન** નામનો તું કુલપુત્ર હતો. અને તેનો શુભંકર નામનો સુશ્રાવક મિત્ર હતો. એકવાર તે ગામમાં મુનિ ભગવંતો પધાર્યા. ત્યારે શુભંકરે અર્જુનને કહ્યું, "બાંધવ ! ચલો ગુરુ પાસે જઈએ, જિનધર્મ સાંભળીએ." ત્યારે અર્જુને કહ્યું, "હે મિત્ર ! હું આગમના રહસ્યને જાણું છું કે આ ધૂર્ત લોકોએ = મુનિ મહારાજોએ લોકોને ભોળવવા માટે કાવ્યાદિ ક્રમથી સિદ્ધાંતની રચના કરી છે. એ પ્રમાણે પોતાના અભિપ્રાયને પ્રકાશિત કરતા તેણે ત્યાં કુકર્મ ઉપાર્જન કર્યું. કાળક્રમે મરીને તે અર્જુન[1] બોકડો[2] થયો. પછી તેના જ નિમિત્તે, તેના પુત્રે તે બોકડો મારીને, તેના પુણ્ય માટે બ્રાહ્મણોને આપ્યો. ત્યાંથી મરી તે ગધેડો[3] થયો. ખૂબ તર્જના કરાતો તે ભારને વહન કરે છે. ભૂખ-તરસથી પીડાતો તે અનિષ્ટ વિષ્ટાના ભક્ષણથી કાળ નિર્ગમન કરતો ક્યારેક અતિભારથી પીડાયેલો તે કુંભારના ભંડોપગરણ ઉપર પડ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે રુષ્ટ થયેલા કુંભારે તેના ઉપર એવો લાકડીથી જોરદાર પ્રહાર કર્યો કે જેથી તે મરી ગયો. ત્યાંથી તે ગટરનો ડુક્કર[૪] થયો. ત્યાં અશુચિની મધ્યમાં આળોટતો - ખાતો એકવાર તે શિકારી કુતરા વડે કાનથી ગ્રહણ કરીને, કરૂણ રીતે વિલાપ-રૂદન કરતો એવો તે મારીને ખવાયો. ત્યાંથી મરીને તે ગધેડો[૫] થયો. તે પણ ઘણો ભાર વહન કરવાથી અત્યંત થાકેલો નદી ઉતરતા નદીના કિનારે પડી જવાથી સર્વાંગે પીડા પામેલો, અત્યંત રૂદન કરતો, દુઃખથી સંતપ્ત બનેલો તે મરીને ગુબ્બર ગામમાં ધન નામના વણિકનો મુંગો પુત્ર[૬] થયો. લોકો વડે પદે-પદે = વારંવાર હસાતો અને નિર્વિવેકી જન વડે પીડા અપાતો તે એકવાર અમર્ષના વશથી કૂવામાં પડીને મરી ગયો. ત્યાંથી તે નંદીગામમાં ઠાકોરના મંદિરમાં દાસપુત્ર[૭] થયો. એક વાર તેણે ત્યાં મદ્યપાનના વશથી ઘણા પ્રકારના અસભ્ય વચનોથી પોતાના ઠાકોરની ઉપર આક્રોશ કર્યો. તેથી તેના ઉપર કોપાયમાન થયેલા ઠાકોરે તેની જીભ કાપી નાંખી ને મહાપીડાને અનુભવતો તે પૃથ્વી ઉપર પડ્યો. ત્યારે મધુર વાણીથી મુનિએ કહ્યું, "હે ભદ્ર ! તું શા માટે સંતાપ કરે છે ? જે તેં પૂર્વભવમાં કુકર્મનું નિર્માણ કર્યું છે તેનો જ આ વિપાક છે. અર્જુનના ભવથી માંડી સર્વ પૂર્વભવનો સંબંધ કહી સંભળાવ્યો. તે સાંભળીને તેને પણ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી, પોતાના આત્માની નિંદા કરતો, મુનિ પાસેથી નમસ્કાર મહામંત્ર મેળવી તેનું સ્મરણ કરતો, પ્રાણોને છોડી હે મહારાજ ! તે તું થયો. પૂર્વભવના અભ્યાસથી નાસ્તિક મતનો ભાવ તને થયો છે. રાજા પણ ગુરુ ભગવંતના મુખેથી પોતાના પૂર્વ ભવો સાંભળીને જાતિસ્મરણજ્ઞાન પામ્યો અને તેમાં પોતાના પૂર્વ ભવો પ્રત્યક્ષ જોઈને મુનિ ભગવંતને કહે છે, "હે ભગવંત ! તમારું વચન જ સત્ય છે. તેથી આત્મા અનાદિ-અનંત છે, પુણ્ય-પાપને કરનારો છે, તેનો વિપાક અનુભવે છે ને આત્માનો નિશ્ચે મોક્ષ છે... આ તમારું વચન સત્ય જ છે. એમાં કોઈ સંદેહ નથી. તો હે ભગવંત ! મારો આટલો બધો કાળ ધર્મ વિના નિરર્થક ગયો. હાલમાં આપના દર્શનથી મારા પાપકર્મ નષ્ટ થયા. તો કૃપા કરીને સંસાર-સાગરને તારનારી, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારી નિરવદ્ય પ્રવ્રજ્યા મને આપો.

તે વખતે સૂરિએ પણ અનુજ્ઞા આપી અને પરમ સંવેગરસમાં તરબોળ તે રાજાએ પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી, ચૈત્યમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવીને નરસુંદર રાજાએ ગુરુ પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. 'જયણાપૂર્વક ચાલવું, જયણાપૂર્વક ઉભા રહેવું, જયણાપૂર્વક બેસવું, જયણાપૂર્વક સંથારો કરવો, જયણાપૂર્વક વાપરવું, જયણાપૂર્વક બોલવું કે જેથી સંયમી પાપકર્મને બાંધે નહી.' ઈત્યાદિ પરમ રહસ્યને હૃદયમાં ચિંતવતા, નિરતિચાર ચારિત્રને પાળતા, સિદ્ધાંતના પારગામી બનેલા રાજર્ષિને ગુરુએ સૂરિપદે સ્થાપન કર્યા. ત્યાર પછી સૂર્યની જેમ મિથ્યાત્વ રૂપી અંધકારના સમૂહને સંહરતા = દૂર કરતા અને ભવ્ય જીવોને પ્રતિબોધ કરનાર **નરસુંદરસૂરિ**એ પોતાના પદે સર્વ ગુણોથી યુક્ત શિષ્યને સ્થાપન કરી. પાંચ પ્રકારની તુલના વડે આત્માની આ પ્રમાણે તુલના કરે છે.

અને તે આ પ્રકારની છે : જિનકલ્પને ગ્રહણ કરવાને ઈચ્છતા મહાત્માને (૧) તપ વડે (૨) સત્ત્વ વડે (૩) સૂત્ર વડે (૪) એકત્વ વડે (૫) બળ વડે. આમ પાંચ પ્રકારે તુલના કહેલી છે. તેમાં પ્રથમ તુલના ઉપાશ્રયની અંદર, બીજી તુલના ઉપાશ્રયની બહાર કરવાની હોય છે. ત્રીજી તુલના ચાર રસ્તા ઉપર ને ચોથી શૂન્ય ગૃહમાં કરવાની હોય છે. જ્યારે પાંચમી તુલના ભયંકર સ્મશાન ભૂમિમાં ભયસંભ્રમથી રહિત મહાત્માઓએ કરવી. એમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંતવેદીઓ કહે છે. તે પછી જિનકલ્પ સ્વીકારી પોતાના દેહને વિષે પણ અપ્રતિબદ્ધ, ગામમાં એક રાત્રિક અને નગરમાં વિધિના ક્રમથી પાંચ રાત્રિ રહેતા, અંતે પાદપોગમન અણસણ કરીને, સમાધિ વડે મૃત્યુ પામીને **નરસુંદરરાયસૂરિ** સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાંથી મનુષ્યભવ પામી સિદ્ધિસુખને પામશે.

આ પ્રમાણે સદા નરસુંદર રાજાના આ દૃષ્ટાંતનું અમૃતની જેમ પાન કરીને હે ભવ્ય જીવો ! "જીવાદિ છે" એ જિનેશ્વર ભગવંતના વચનમાં બુદ્ધિ કરો જેથી સમ્યક્ત્વ શુદ્ધિના વશથી સિદ્ધિ પામી શકાય.

સમ્યક્ત્વ ષટ્સ્થાનના વિષયમાં નરસુંદર રાજાની કથા સંપૂર્ણ થઈ.

**સકલ શાસ્ત્રના સારને કહે છે :**

**इय सतसट्ठिपयाइं उच्चिणिउं विउलआगमारामा ।**
**संगहिया इत्थ मए, मंदमईणं सरणहेउं ॥ ६६ ॥**

ગાથાર્થ : **સમ્યગ્દર્શનના ૬૭ ભેદો રૂપી પુષ્પોને વિશાળ આગમ રૂપી બાગમાંથી ચૂંટીને અહીં મારા વડે મંદબુદ્ધિવાળા જીવોના સ્મરણાર્થે સંગૃહીત કરાયા છે.**

**ટીકાર્થ :** इति = પરિસમાપ્તિમાં સમ્યક્ત્વ આદિ બાર મૂલ દ્વારો છે. તેમાં સમ્યક્ત્વની ઉત્તર પ્રકૃતિ રૂપ ૬૭ પદો રૂપી પુષ્પોને (અર્થના વશથી) વિશાળ સિદ્ધાંત રૂપી બાગમાંથી ચૂંટીને સમ્યક્ત્વ સપ્તતિકા મહાશાસ્ત્રમાં અલ્પબુદ્ધિવાળા જીવોના સ્મરણ માટે મેં સંગ્રહ કરેલ છે. એ પ્રમાણે ગાથાર્થ છે.

આ સમ્યક્ત્વના ૬૭ ભેદો જાણવાથી શું ફળ પ્રાપ્ત થાય ? તે જણાવતા કહે છે :

**एसिं दुविहपरिन्ना दंसणसुद्धिं करेइ भव्वाणं ।**
**सुद्धंमि दंसणंमि, करपल्लवसंठिओ मुक्खो ॥ ६७ ॥**

ગાથાર્થ : **સમ્યક્ત્વ ભેદોની બે પ્રકારની પરિજ્ઞા ભવ્ય જીવોની દર્શનશુદ્ધિ કરે છે. દર્શનશુદ્ધિ થતાં હસ્તકમળમાં મુક્તિ આવે છે.**

**ટીકાર્થ :** एषां = આ સમ્યક્ત્વના ભેદોની સામાન્ય અને વિશેષ રૂપ પરિજ્ઞા 'भव्यानां' = મોક્ષગમનને યોગ્ય એવા ભવ્ય જીવોની 'दर्शनशुद्धि' = દર્શન શુદ્ધિ करोति = પ્રાપ્ત કરાવે છે = કરે છે. અને તે સમ્યગ્દર્શનની શુદ્ધિ થતાં करपल्लवसंस्थितः = હસ્તકમળમાં મુક્તિ આવે છે. વળી આગમમાં પણ કહ્યું છે, "સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે છતે પલ્યોપમ પૃથક્ત્વ વડે શ્રાવક થાય છે. અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે થયેલી અંતઃકોડાકોડી કર્મસ્થિતિમાંથી ૨ થી ૯ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની (શ્રાવક) પ્રાપ્તિ થાય છે. ને ચારિત્ર-ઉપશમશ્રેણિ - ક્ષપકશ્રેણિવાળા ક્ષાયકને તો સંખ્યાતા સાગરોપમનું અંતર હોય છે. અર્થાત્ દેશવિરતિની કર્મસ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ઉપશમ શ્રેણિની પ્રાપ્તિ થાય છે.તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તે સમ્યક્ત્વ શુદ્ધિ કેવી રીતે થાય છે તે કહે છે :**

**संघे तित्थयरम्मी सूरिसु रिसीसु गुणमहग्घेसुं ।**
**अप्पच्चओ न जेसिं, तेसिं चिय दंसणं सुद्धं ॥ ६८ ॥**

**ગાથાર્થ : સંઘ, તીર્થંકર, આચાર્ય, મુનિ ભગવંત વિગેરે ગુણથી પૂજનીકમાં જે અવિશ્વાસ નહીં તેનું સમકિત શુદ્ધ છે.**

**ટીકાર્થ :** 'संघे' = સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ સંઘ, તીર્થંકર, 'सूरिषु' = પંચવિધ આચાર પાલનમાં સમર્થ આચાર્ય ભગવંતો, સાધુ ભગવંતોમાં કેવા પ્રકારના આ બધા ? 'गुणमहार्घेषु' = પોત પોતાને અનુરૂપ એવા ગુણોથી પૂજ્ય એવા આ બધામાં 'येषां' = વિવેકી જીવોએ 'नाप्रत्ययो' = મન-વચન-કાયા વડે વિશ્વાસ રાખવો. તે તેઓનું શુદ્ધ સમ્યક્ત્વ જાણવું.

જે જીવો આવા પ્રકારના = ઉપરના ગુણવાળા નથી તેઓના લક્ષણને-સ્વરૂપને હવે કહે છે :

**जे पुण इय विवरीया, पल्लवगाही सबोहसंतुट्ठा ।**
**सुबहुंपि उज्जमंता ते दंसणबाहिरा नेया ॥ ६८ ॥**

**ગાથાર્થ : જે જીવો આનાથી વિપરિત છે, કોઈ પણ મતને ગ્રહણ કરી પોતાને જ્ઞાની માનનાર, તપાદિમાં ઉદ્યમ કરનારા તે સમ્યગ્દર્શનથી બાહ્ય (મિથ્યાત્વી) જાણવા.**

**ટીકાર્થ :** इति = જે વળી પહેલા કહેલા લક્ષણથી 'विपरीताः' = વિપરીત છે અર્થાત્ સંઘાદિના પ્રત્યનીક છે. 'पल्लवग्राहिणः' = કોઈ કોઈ શાસ્ત્રોમાંથી કોઈક અર્થને-પંક્તિને ગ્રહણ કરીને પોતાના આત્માને જ્ઞાની માનતા વળી 'स्वबोधसंतुष्टा' = અનંત અર્થવાળા શાસ્ત્રોના રહસ્યને નહિ જાણતા ક્યાંકથી-કાંઈક પણ અર્થને શૃંગને ગ્રહણ કરવાની જેમ પકડી, આટલું માત્ર જાણીને પણ મનમાં પરમોત્કર્ષને ધારણ કરે છે. કહ્યું છે કે, "જાણે પોતાના ભારથી પૃથ્વી ભાંગી જશે તેવા ભયથી ટીંટોડી પગ ઉંચા કરીને સૂઈ જાય છે. પોતાના ચિત્તમાં પોતે જ ઉભો કરેલો ગર્વ કોને સુખકારી નથી ?" તેથી તે પલ્લવગ્રાહી આત્માઓ છેવટે ક્રિયાશૂન્ય થાય છે. 'सुबहुंति' = ઘણા બધા અનેક પ્રકારના તપ પ્રમુખ કાર્યોમાં 'उद्यच्छन्तः' = ઉદ્યમ કરતાં તે જીવો 'दर्शनबाह्याः' = સમ્યક્ત્વથી રહિત = મિથ્યાત્વી જ જાણવા. એ પ્રમાણે ગાથાર્થ છે. પણ તત્ત્વના જ્ઞાતાઓએ આવા પ્રકારના ન થવું જોઈએ, પરંતુ આગળ કહેલી ગાથાના અર્થ પ્રમાણે સુંદર શ્રેષ્ઠીની જેમ આચરણ કરવું જોઈએ અને તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :

જંબૂવૃક્ષથી અંકિત જંબૂદ્વીપ છે. તેમાં ઉચ્ચ પ્રકારની વનશ્રેણીરૂપી પ્રગટ લિપિમય કીર્તિસ્તંભ સમાન મેરૂપર્વત છે. ત્યાં અપૂર્વ રમ્ય પૂર્વ વિદેહમાં ઘરને વિષે ધર્મની શોભા જેવો મણિવતી નામનો દેશ છે. તેને વિષે મણિના કિલ્લાઓમાંથી ઉત્પન્ન થયેલી કાંતિથી અંધકારના સમૂહને દૂર કરનારી મણિવતી નામની નગરી શક્તિશાળી સજ્જનોથી શોભતી હતી. વળી તેમાં સમગ્ર વિશ્વની લક્ષ્મીથી બનેલું શ્વસુરમંદિર જોઈને કોનું મન વિસ્મયથી ઉન્નત થતું નથી ? જેમાં જિનેશ્વર ભગવંતના પદ્મરાગમણીમય જિનમંદિરો દીપકની જેમ માનવોના બાહ્ય તથા અભ્યંતર અંધકારને હરતા હતા. ત્યાં શ્રેષ્ઠ ગુણોના સ્થાનભૂત સુસ્થિત નામનો શ્રેષ્ઠી હતો કે જે સમ્યગ્દષ્ટિ શ્રાવકોમાં અગ્રણી હતો. તેના આવાસમાં વિનયાદિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોમાં અગ્રણી, સુંદર આચાર-વિચારવાન, ચતુરાશયી **સુંદર** નામનો **નોકર** હતો. તે એક વાર પુણ્યયોગે મુનિની પાસે ગયો ત્યાં તેણે આ પ્રમાણે સુંદર સિદ્ધાંત રહસ્યને સાંભળ્યા - "જે માણસ એક વાર પણ જિનપૂજન કરે છે તે વિપુલ સંપત્તિ મેળવે છે, અવસરે મેઘવૃષ્ટિની જેમ તેની સંપત્તિ સફળ થાય છે." મુનિવર પાસેથી નિધિની જેમ આ અર્થ પામીને સુંદર અત્યંત હર્ષ પામ્યો અને આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો કે જયાં સુધી અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીથી જિનેશ્વર ભગવંતની પૂજા ન કરું તથા ગુરુવંદન ન કરું ત્યાં સુધી મારે ભોજન કરવું નહીં. નિર્ધન જેમ નિધાનને સાચવે તેમ ભાવનાના પૂર રૂપી કર્પૂરથી વાસિત અંતઃકરણવાળો તે નિયમનું પાલન કરતો હતો. સ્વભાવથી જ અલ્પ કષાયી, દેવ અને ગુરુની ભક્તિવાળો, પંચ નમસ્કાર મહામંત્રના સ્મરણ પૂર્વક સમાધિ વડે મરણ પામીને **તક્ષશિલા નગરીમાં ત્રિવિક્રમ રાજાની પટ્ટરાણી સુમંગલાની** કુક્ષિમાં ગર્ભપણે અવતર્યો.

આ બાજુ તે ગર્ભના પ્રભાવથી રાણીએ સ્વપ્નમાં પોતાના મુખ રૂપી કમલમાં પત્રાદિથી વ્યાપ્ત પૂર્ણકળશને પ્રવેશ કરતા જોયો. જાગૃત થઈને પછી તેણે અતિ હર્ષથી મનોજ્ઞ સુખના કારણભૂત તે સ્વપ્ન દર્શનની વાત રાજાની આગળ કહી. રાજાએ પણ તે સ્વપ્નની વ્યાખ્યા આ પ્રમાણે કરી - હે પ્રિયે ! તને રાષ્ટ્રોનો પાલન કરનાર સમ્રાટ્ પુત્ર થશે. રાજાના વાક્યને કર્ણથી ગ્રહણ કરતી રાજરાણી હર્ષ પામી અને અવસરે તેને દોહદ ઉત્પન્ન થયો. સાયંકાલની કમલિનીની જેમ મ્લાનમુખી તેને જોઈને પ્રેમાળ રાજાએ આદરપૂર્વક તેને દોહદ વિષે પૂછ્યું. ત્યારે તેણીએ કહ્યું, "તમે મારા મસ્તક ઉપર છત્ર ધરો અને હું હાથિણી ઉપર બેસી આખા ગામમાં ફરતી એવી ધન વડે દાનાદિ મનોરથને પૂર્ણ કરું. (કરો.) રાજાએ પણ તે પ્રમાણે તેનો દોહદ પૂર્ણ કર્યો. આ બાજુ માતાપિતાના મનોરથ રૂપી વૃક્ષની જેમ તેનો ગર્ભ પણ વધવા લાગ્યો. અને ગર્ભકાળ પૂર્ણ થતાં જેમ રોહણાચલભૂમિ કાંતિમય રત્નના અંકુરને જન્મ આપે તેમ રાણીએ ઈંદ્ર જેવા પુત્રને જન્મ આપ્યો.

તેના જન્મને સાંભળી પિતા પણ આનંદિત થયો. જયંત વડે ઈંદ્રની જેમ પુત્રવાળાઓમાં તે અગ્રેસર થયો. તેથી રાજાએ સ્થાને સ્થાને ઉંચા મંચો રચાવ્યા, પ્રશસ્ત મોતીઓના સાથિયા પૂરાવ્યા. ઘરે ઘરે આસોપાલવના તોરણો બંધાવ્યા. અગરુ આદિ ધૂપો કર્યા, ધૂપઘટીઓ પ્રગટાવી, સુશોભિત વસ્ત્રોથી રાજમાર્ગની અનુપમ શોભા કરવામાં આવી. લોકોએ આકાશ રૂપી આંગણને સ્પર્શે તેવી ઉંચી ધ્વજા લહેરાવી. નૃત્યકલામાં કુશળ નર્તકીઓના વૃંદો નૃત્ય કરવા લાગ્યા. ગાંધર્વમાં મુખ્ય એવા ગંધર્વો વાજિંત્ર-ત્રિકને વગાડવા લાગ્યા. સુગંધી ચંદનના રસ વડે પૃથ્વીને સિંચી અને પુત્રજન્મની ખુશાલીમાં રાજા દાનો પણ આપે છે.

તે વખતે રાજમહેલમાં શ્રીફળ અને અક્ષતથી પૂર્ણ થાળ લઈ પૌરનારીઓએ પ્રવેશ કર્યો ત્યારે અત્યંત હર્ષ પામેલા રાજાએ પણ ભોજન-વસ્ત્ર, તાંબૂલ, આભૂષણો વડે પૌરલોકોનો સત્કાર કર્યો. આ પુત્ર જયારે માતાના ગર્ભમાં આવ્યો હતો તે સમયે માતાને રાજમહેલ છોડી જંગલમાં ફરવાનો દોહલો ઉત્પન્ન થયો હતો તેથી આ પુત્રનું નામ **'નિર્ગતસુખ'** એ પ્રમાણે કરવામાં આવ્યું. અબાલવૃત્તિથી બાલ્યકાળને પસાર કરી અને સર્વકલાઓનો અભ્યાસ કરી પાવન અંગવાળો તે રાજપુત્ર યૌવનવયને પામ્યો. તેને પતિ બનાવવાની ઈચ્છાથી આવતી અનેક રાજકન્યાઓને રાજાએ સ્વીકારી નહિ પણ મનમાં રાજા વિચારવા લાગ્યો,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"કુમારે જાતે પરીક્ષા કરેલી રૂપ આદિ અદ્દ્ભૂત ગુણોથી યુક્ત એવી કન્યાને હું કુમાર સાથે પરણાવીશ. ખરેખર ! વિષવૃક્ષથી વ્યાપ્ત ઉદ્યાન કરતા તો વૃક્ષ વિનાનું ઉદ્યાન સારું. ખરાબ સ્ત્રીનો પરિગ્રહ કરવા કરતા પરણ્યા વિનાનો પુત્ર સારો."

આ બાજુ લોકોના મુખેથી તે કુમારના ચરિત્રને સાંભળીને, નામ અને ઋદ્ધિ વડે ઈંદ્ર જેવા વૈશાલી નગરીના સ્વામીની સૂર્ય જેવી તેજસ્વી, ધન્યા એવી **કામકીર્તિ** નામની કન્યાએ લક્ષ્મી જેમ સાગરને કહે તેમ આદર પૂર્વક પિતાને કહ્યું, "હે તાત ! તક્ષશીલા નગરીના **નિર્ગતસુખ** રાજપુત્ર ઉપર હું અત્યંત રાગી છું. તો સ્વયંવરા એવી મને તમે ત્યાં મોકલો." તે સાંભળી હૃષ્ટ ચિત્તવાળા પિતાએ પણ "આ ઉચિતને જાણનારી છે" એમ જાણી, તેની પ્રશંસા કરી, ઘણી સામગ્રી સાથે જલ્દીથી તક્ષશિલા નગરી ભણી રવાના કરી. તેણીએ પણ પહેલા સાંભરાયણ નામના બ્રાહ્મણને ત્રિવિક્રમ રાજા પાસે મોકલ્યો. બ્રાહ્મણે પણ જઈને રાજાને આશિષ આપી અને કહ્યું, "હે રાજન્ ! **વૈશાલી નગરીનો રાજા વાસવ** છે. તેની પ્રાણથી પણ અધિક (પ્યારી) એવી **કામકીર્તિ** નામની પુત્રી છે કે જે વિધાતાના નિર્માણ અને કૌશલ્ય રહસ્યના ક્રીડાગૃહ સમાન છે. વળી જેને જોવા માત્રથી જ દેવો પણ મોહ પામે છે. તે કન્યાએ વારંવાર લોકોના મુખેથી તમારા કુંવરના ગુણો સાંભળીને તેના ઉપર અત્યંત અનુરાગી થયેલી સ્વયંવરા રૂપે પોતે આવેલી છે. શું નદી સમુદ્રને છોડીને અન્યત્ર ક્યાંય જાય છે ખરી ? વળી ચિંતામણિને છોડી લક્ષ્મી અન્યત્ર જાય ખરી ? તેમ વિચારણા કરી તે કન્યા ખરેખર ! જાતે જ અહીં આવી છે.

તે સાંભરાયણ બ્રાહ્મણના વચનામૃતનું પાન કરી રાજા બોલ્યો, "આપણો સંબંધ સુંદર હો." પિતાના વચનથી કુમાર પણ તેને પરણીને આનંદ પામ્યો. ગુરુએ (વડીલોએ) ઉપદેશેલું ઈષ્ટ પામીને કોણ હર્ષ પામતું નથી ? શંકર-પાર્વતી, ચંદ્ર-ચંદ્રિકાની જેમ તે બંનેને પરસ્પર અત્યંત પ્રીતિ થઈ. હવે એક વાર સીમાડાનો **રણસિંહ** નામનો રાજા મત્ત હાથી જેમ અંકુશને ન માને તેમ ત્રિવિક્રમ રાજાની આજ્ઞાને તે માનતો નથી. તેથી દુર્વારકૃતાંતના હુંકારની જેમ તેના ઉપર પ્રયાણ કરવા માટે રાજાએ જાતે પ્રયાણભેરી વગાડી. તે સાંભળી નિર્ગતસુખ શૂરવીરતાના ઉત્કર્ષથી અભિમાની બની પિતાની પાસે આવ્યો અને કહ્યું, "હે પિતાજી ! હું તેની સામે જઈશ." પિતાની આજ્ઞાથી બળવાન સેનાથી યુક્ત એવા તેણે ત્યાંથી પ્રસ્થાન કરી, યુદ્ધ કરવામાં કુશળ તેણે સંગ્રામ કરીને રમત માત્રમાં તેને જીતી લીધો. વરસાદથી જેમ અગ્નિ ઠરી જાય તેમ તેના વડે જીતાયેલા શત્રુને જોઈને પિતાએ પુત્રની રાજ્યભારને વહન કરવાથી ક્ષમતા હૃદયમાં ધારી. પછી શંકર જેમ કુમારને (ગણેશને) ખોળામાં બેસાડે તેમ રાજાએ પુત્રને ખોળામાં બેસાડી અમૃતઝરતી વાણીથી આદરપૂર્વક તેને કહ્યું, "હે વત્સ ! સર્વ કાર્યમાં ધુરંધર એવા સુપુત્ર તારા ઉપર હું સમ્યક્ પ્રકારે રાજ્યશ્રી સ્થાપન કરી, હવે હું પરમપદને સાધું." તે સાંભળીને રાજપુત્રની અનિચ્છા હોવા છતાં ઈંદ્ર મહારાજાએ જેમ ઋષભદેવની રાજ્ય ઉપર સ્થાપના કરી હતી તેમ સામંત અમાત્ય સહિત રાજાએ તેને રાજપદે સ્થાપન કર્યો.

પછી ત્રિવિક્રમ રાજાએ જૈનશાસનની પ્રભાવના કરવા પૂર્વક (કરીને) ભવસાગર તરવામાં નાવડી સમાન દીક્ષાને અંગીકાર કરી. રાજ્યશ્રીથી શોભિત શ્રી **નિર્ગતસુખ** રાજા પોતાની પ્રજાની જેમ તે પ્રજાનું નીતિપૂર્વક પાલન કરે છે. ઈંદ્ર મહારાજની જેમ સ્વેચ્છાપૂર્વક

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર ભોગોને ભોગવતા અંતઃપુરમાં રહેલા તેને કેટલો કાળ પસાર થયો તેની પણ ખબર ન પડી. તેના રાજ્યની ધૂરાને ધારણ કરનાર મદન નામનો યુવરાજ, સુમતિ નામનો મંત્રી અને સંવચન નામનો દૂત હતો. અમે જ રાજ્યના ઉપાયને જાણનારા, યુદ્ધ કરવામાં કુશળ ને કલામાં તત્પર છીએ એમ આત્મોત્કર્ષની પ્રશંસા કરતા તેઓ રાજાના પુણ્યને માનતા ન હતા. વળી વિષયાસક્ત, રાજ્યના વ્યાપાર સંબંધી બુદ્ધિ રહિત આ રાજા અમારી બુદ્ધિના બળે જ પૃથ્વી ઉપર શાસન કરે છે." એ પ્રમાણે અત્યંત ગર્વિષ્ઠ તેમના મનને જાણી તેઓના માનને નષ્ટ કરવા માટે તેણે કહ્યું, "જો કે આ શત્રુવર્ગ મારા પ્રતાપ રૂપી અગ્નિ વડે તપ્ત થયેલા મીણની જેમ યુદ્ધ વિના પણ ગળી ગયા છે તો પણ દેશોને જોવાની ઈચ્છાથી હું સેના સહિત પ્રયાણ કરીશ અને મનોવાંછિત પ્રાપ્ત કરીશ." એમ કહી ચતુરંગ સેનાથી યુક્ત પૃથ્વીની ઉપર ઈંદ્રની જેમ ભમતો તે પોતાના દેશના સીમાડે ગયો. પછી રાજાએ તે યુવરાજ - મંત્રી દૂતને કહ્યું, "નિઃસહાય એવા આપણે પોત-પોતાના પુણ્યની પરીક્ષા કરીએ. ભાતા વિનાના આપણામાંથી એકે દરરોજ ભોજનાદિ ક્રિયા કરવી. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તેઓ ચાલ્યા.

એમ અનેક આશ્ચર્યમય પૃથ્વીને ઓળંગીને અનુક્રમે તેઓ શ્રીકાંચી નગરીએ આવ્યા ત્યારે રાજાએ કહ્યું, "આજે કોણ ભોજન સામગ્રી કરશે ?" તે સાંભળી દૂત બોલ્યો, "આજે હું તમને સર્વ રસથી યુક્ત એવી રસવતી જમાડીશ." એમ કહીને તે નગરની મધ્યમાં પ્રવેશ્યો. ત્યાં તેણે એક દુકાનમાં શ્રેષ્ઠીને બેઠેલા જોયા. તે પણ તેની બાજુમાં બેસી ગયો. તે દિવસે તે નગરમાં કોઈ મહોત્સવ ચાલતો હતો. તેથી વસ્તુ લેવા માટે લોકો તેની દુકાને આવતા હતા. એકાકી એવા શ્રેષ્ઠીને દૂતે કરિયાણા વેચવાના કામમાં મદદ કરી તેથી તે શ્રેષ્ઠી આનંદ પામ્યો અને કહ્યું, "હે વત્સ ! તું ઉભો થા. ભોજનનો સમય થઈ ગયો છે. તું મારા ઘરે ચાલ અને હે તથ્યગુણાકર ! આજે મારું આતિથ્ય ગ્રહણ કર." તે સાંભળી દૂતે કહ્યું, "હું એકલો નથી, પણ નગરની બહાર મારા ત્રણ મિત્રો છે તેના વિના હું ભોજન નહીં કરું." તેથી શ્રેષ્ઠિએ કહ્યું, "તું જઈને તેમને પણ મારા ઘરે લઈ આવ. અવસરે ધન્ય જીવોને જ પુણ્યયોગે અતિથિનો સંગમ થાય છે. પછી ચારે જણાએ તે શ્રેષ્ઠિના ઘરે ભોજન કર્યું. શ્રેષ્ઠિએ તે માટે સવાદ્રમ દ્રવ્યનો વ્યય કર્યો. આ જ છે "કામ કર્યાનું ફળ."

બીજા દિવસે તેઓ શ્રી રત્નપુર નગરે ગયા. રાજાએ હવે ભોજનાદિ કાર્ય માટે યુવરાજને આદેશ કર્યો. તેણે પણ નગરમાં પ્રવેશ કર્યો. રૂપથી દેવની પણ તર્જના કરનાર એવા તેને પુરુષદ્વેષિણી માગધ નામની વેશ્યાએ જોયો. તેના ઉપર અતિશય રાગ વાળી પોતાની પુત્રીને જાણીને અક્કાએ જાણે શરીરધારી કામદેવ જેવા તેને ઘરે તેડાવ્યો. તે પણ કુંભ સમાન સ્તનવાળી, કમળ જેવા મુખવાળી અને તિલોત્તમાના રૂપની સાથે સ્પર્ધા કરનારા તેના રૂપને જોઈને (રૂપવાળી તેને જોઈને) વિસ્મય પામ્યો. લજ્જા રહિત બની તેણી તેની સાથે દ્યૂતક્રીડા રમી. પછી તે બોલી, "હે પ્રાણેશ ! સ્નાનપૂર્વક હવે ભોજન કરો." ત્યારે તેણે કહ્યું, "નગરની બહાર મારા બીજા ત્રણ મિત્રો છે. હે સુંદર લોચનવાળી ! હું તેઓના વિના ભોજન નહી કરું." ત્યારે વેશ્યાએ કહ્યું, "હે જીવેશ ! તેઓને પણ બોલાવો." તેણે પણ તેના વચનથી તેઓને બોલાવ્યા અને તેઓને આદરપૂર્વક સ્નાન-ભોજન કરાવ્યું. તેમના ભોજનકાર્યમાં ૫૦૦ રૂા. નો વ્યય થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાંથી પ્રસ્થાન કરીને તેઓ ધનાઢ્ય એવા **અંચપુર** નગરમાં આવ્યાં. ત્રીજા દિવસે રાજાએ મંત્રીને નગરમાં મોકલ્યો. તે પણ નગરની શોભા જોતો-જોતો રાજસભામાં ગયો. તે સમયે બે શોક્ય પત્નીનો પુત્ર અને ધન ગ્રહણ કરવા માટેનો મોટો વિવાદ ઉત્પન્ન થયો હતો. અને તે આ પ્રમાણે - કોઈ દૂર દેશમાં એક શ્રેષ્ઠી રહેતો હતો. તેની બે પત્ની હતી. નાનીને જ્યારે પુત્ર થયો ત્યારે ભાગ્યવશાત્ તે શ્રેષ્ઠી મરી ગયો. તેથી મોટી દુષ્ટ બુદ્ધિથી તેને પોતાના પુત્રની જેમ પોષવા લાગી. એકવાર દુષ્ટ બુદ્ધિવાળી તેણે તેની સાથે વિવાદ કર્યો કે, "આ પુત્ર મારો છે." આ પ્રમાણે બંને વચ્ચે વિવાદ થયે છતે તેઓ રાજસભામાં આવી. તો રાજા અને અમાત્ય પણ તે ઝગડાનું નિવારણ કરી શક્યા નહીં. સુમતિએ રાજાદિને કહ્યું, "શું તમારો વિવાદ હું વારું ?" આદરપૂર્વક તેઓએ પણ કહ્યું, "આ બંનેનો નિર્ણય તમે કરો." ત્યારે તેણે બંને સ્ત્રીઓને બોલાવી અને કહ્યું, "આ પુત્રના બે ટુકડા કરી, તમે બંને તેનો એક-એક ટુકડો ગ્રહણ કરો." ત્યારે મોટીએ તે વાત અંગીકાર કરી જ્યારે આંખોમાંથી અશ્રુને વહાવતી નાની બોલી કે, હે મંત્રીવર્ય ! તમે એવું ના કરો. ભલે મારો પુત્ર લાંબો કાળ જીવે. જીવતા પુત્રને જોતા મને આનંદ થશે. (પણ એના બે ભાગ ના કરો) તેથી હે ન્યાયસાગર ! તમે આને પુત્ર-ધન આપી દો." (આ વચનો ઉપરથી) આ જ એની સાચી માતા છે એમ જાણીને તેને સર્વ વસ્તુ પુત્ર-ધનાદિ આપ્યા અને કુતરીની જેમ બીજી સ્ત્રીને રાજાએ નગર બહાર કાઢી. તેની બુદ્ધિથી સંતુષ્ટ થયેલા રાજાએ તેને ભોજનાદિ વડે સંતુષ્ટ કર્યો. તે વખતે તે ચારે જણાને ભોજનાદિ કરાવવામાં રાજાએ ચાર હજાર દ્રમનો વ્યય કર્યો.

તે પછી ત્યાંથી પ્રસ્થાન કરી ચોથે દિવસે તેઓ હસ્તિનાપુર નગરે આવ્યા. ત્યાં અશોક વૃક્ષની નીચે રાજા સુખપૂર્વક સૂઈ ગયો. સૂતેલા રાજાને જોઈને, "આજે આનો વારો છે (ને તે તો સૂઈ ગયો છે) તો આપણે શી રીતે ભોજનક્રિયા કરીશું ?" એ પ્રમાણે પરસ્પર તેઓ હસવા લાગ્યા. તે અવસરે હસ્તિનાપુરનો અપુત્રીયો રાજા મરણ પામ્યો તેથી અમાત્ય આદિએ પાંચ દિવ્યો પ્રગટ કર્યા. તે દિવ્યો ત્યાં નગરમાં ભમીને, ઉદ્યાનમાં આવ્યા અને અનુક્રમે સૂતેલા તે નિર્ગતસુખ ઉપર અભિષેક કર્યો. અહો ! આ પુન્યનું કેવું માહાત્મ્ય ! કે જે ઝાડની નીચે સૂતેલાને રાજ્યની પ્રાપ્તિ થઈ, મિત્રોના જોતાં જ તે રાજા થયો. હસ્તિ ઉપર આરૂઢ થયેલો, અમાત્ય-સામંતથી યુક્ત તે રાજાએ નગરમાં પ્રવેશ કર્યો અને સિંહ જેમ ગુફામાં પ્રવેશ કરે તેમ સિંહાસન ઉપર આરૂઢ થયો. પછી રૂપની શાલા, સર્વ કલાના સ્થાનભૂત એવી રાજપુત્રી જયશ્રી (જયપ્રિય)ને જયની શોભાની જેમ જલ્દીથી પરણ્યો. તે દિવસે પુન્યના યોગથી રાજાના ભોજનસમારંભમાં સવા લાખ દ્રમનો ખર્ચ થયો. "આ તો નવો રાજા છે." એમ માની તેની આજ્ઞાનો લોપ કરતા લોકોને નિવારવા માટે રાજાએ પ્રતિહારોને આદેશ કર્યો. ત્યારે તે પ્રતિહારો પણ ઉલટું એમ વિચારે છે કે, આ રાજા પોતાની ભૂજાથી ઉપાર્જન કરેલા રાજ્યની જેમ શું આ રાજ્ય ભોગવશે ?" એ પ્રમાણે રાજાને બાળકની જેમ માની અત્યંત હસવા લાગ્યા. ત્યારે ગુસ્સાથી રાજાએ રાજસભાની ભીંત ઉપર ચિત્રેલા ચોકીદારોને આદેશ કર્યો કે, "તમે તેઓને હણો." ત્યારે તેઓ પણ તેમને તાડન કરવા લાગ્યા. આથી ભયભીત થયેલા તેઓ તેના શરણે ગયા. જ્યાં સુધી તેને હણવામાં આવતો નથી ત્યાં સુધી મૂર્ખ માણસ વશ થતો નથી. તે રાજવીના માહાત્મ્યને જોઈને દુર્ધર પણ રાજાઓ ભયથી તેની આજ્ઞાને શેષ નાગની જેમ જલ્દીથી પોતાના મસ્તકે સ્થાપવા લાગ્યા. પોતાના ઉત્કર્ષથી હસતા મંત્રી આદિના માનને, પોતાના પુણ્યોદયથી ભાંગીને રાજા રાજ્યનું પાલન કરવા લાગ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વાર બે પુરુષોએ આવીને રાજાને વિનંતી કરી કે, "હે સ્વામિન્ ! પ્રશસ્ત લક્ષ્મીના સ્થાનભૂત એવું **શ્રીપુર** નામનું શ્રેષ્ઠ **નગર** છે. ત્યાં સમગ્ર શત્રુરૂપી હાથીને વિદારણ કરવામાં કેશરી સિંહ સમાન **નરકેશરી રાજા** છે કે જેના પરાક્રમને જોઈ શક્ર પણ કંપાયમાન થાય છે. તેની **મહાલક્ષ્મી** નામની પ્રિયા છે કે જેની આગળ સૌભાગ્યવતી લક્ષ્મી પણ પાણી ભરે = જળમાં વાસ કરનારી થાય. તેની કુક્ષિ રૂપી શુક્તિને વિષે મોતી સમાન **જયલક્ષ્મી** નામની પુત્રી થઈ કે જેની શોભાને (રૂપને) જોઈ હરિ પણ તેને હરણ કરવાને ઈચ્છે છે. એક વાર રાજસભામાં બેઠેલા રાજા નરકેસરીએ નૈમિત્તિકને પોતાની જયલક્ષ્મી કન્યા બતાવી. તેણે પણ તેણીના લક્ષણોની શ્રેણીનો સમ્યગ્ પ્રકારે નિશ્ચય કરીને રાજાને કહ્યું, "જે પુરુષ આ શ્રેષ્ઠ કન્યાને પરણશે તેને પ્રિય પત્નીની જેમ સમસ્ત સાગર-આકાશ-પૃથ્વી વશ થશે. તેને ચક્રવર્તી પદવી પણ પ્રાપ્ત થશે. એમાં કોઈ જ સંશય નથી."

આ પ્રમાણે નૈમિત્તિકની વાણી સાંભળીને રાજાએ વિચાર્યું, "આ લક્ષણવતી કન્યા બીજે ક્યાંય આપવી નથી. હા... હા..! લોભ અનર્થનું મૂળ છે એમ શાસ્ત્રમાં જે કહ્યું છે તે ખરેખર યુક્ત જ છે. કારણ કે મૂઢ એવો તે (કન્યાનો) પિતા આ (પોતાની) કન્યાને પરણવાને ઈચ્છે છે. તે જાણીને મંત્રીઓએ તે પાપકાર્યથી રાજાને અટકાવ્યો. તો દુષ્ટ આશયવાળા રાજાએ તે કન્યાને મારી નાંખવા માટે નોકરોને આદેશ કર્યો. ત્યારે વિચારચાતુર્યથી ભરેલા મુખ્ય મંત્રીઓએ તે કન્યાને ગુપ્ત ઘરમાં રાખી, હોવા છતાં પણ આ વાત કોઈકે રાજાને જણાવી દીધી. આથી યમરાજાની જેમ રાજાએ મંત્રીઓની ઉપર આક્ષેપપૂર્વક કોપ કર્યો. ખરેખર ! અન્યાયી જીવોને બુદ્ધિ ક્યાંથી હોય ? શુદ્ધ બુદ્ધિ તો પુન્યવાનોને જ જાગે છે. તેથી રાક્ષસ જેવા તે પાપી પાસેથી આત્માનું રક્ષણ કરવા માટે હે પ્રભો ! તમારી પાસે અમને મોકલ્યા છે. ન્યાયી-પુણ્યના સાગર, ચિંતામણી રત્ન જેવા આપને પ્રાપ્ત કરવા માત્રથી તે (રાજા) વિષની જેમ તેને છોડી દેશે." એ પ્રમાણે તે બંનેના વચનો સાંભળીને તે **નિર્ગતસુખ** રાજાએ પોતાનું રાજ્ય મંત્રીઓને સોંપ્યું અને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

તે બંનેને આગળ કરીને એકાકી રાજાએ હાથમાં તલવાર લઈને પોતાના નગરથી પ્રસ્થાન કર્યું અને વેગથી શ્રીપુર નગરને પ્રાપ્ત કર્યું. ત્યાં મંત્રીઓએ તેનો સ્વીકાર કર્યો અને સંપત્તિ સાથે જયલક્ષ્મીને રાજા સાથે પરણાવી. ખરેખર ! પુણ્યશાળી જીવોને જગતમાં શું દુર્લભ હોય ! પછી તો શ્રી **નિર્ગતસુખ રાજા**ની આજ્ઞા આખાય નગરમાં પ્રવર્તવા લાગી. તેથી શિયાળની જેમ ભયભીત થયેલો નરકેસરી રાજા ક્યાંય ભાગી ગયો. પુણ્યના પ્રભાવથી રાજ્યનું પાલન કરતો ન્યાયી એવો તે જયલક્ષ્મી તથા લોકોને પોતાના ગુણો વડે રંજન કરવા લાગ્યો.

હવે કેટલાક દિવસો વ્યતીત થયા બાદ શ્રી તક્ષશિલા નગરથી શ્રેષ્ઠ પુરુષોએ આવીને, રાજાને નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી કે, "હે સ્વામિન્ ! દુર્વાર-પરપુરુષ વડે મહાસતી જેમ ઘેરાય છે તેમ **સૂરતેજ રાજા**એ સૈન્ય વડે તમારી નગરીને ઘેરો ઘાલ્યો છે. કર્ણમાં બાણ સમાન તેઓના આ શબ્દો સાંભળતા જ રાજાએ ક્રોધથી સર્વ સૈન્ય વડે તે નગરી ભણી વેગથી પ્રયાણ કર્યું. પછી જગતને આશ્ચર્યકારી એવું અત્યંત ભયંકર યુદ્ધ કરીને તે સૂરતેજ રાજાને બંધનમાં બાંધ્યો. તેથી દીનમુખી તે શત્રુ રાજા તેના ચરણકમલમાં પડ્યો અને કહ્યું, "વેલંધર પર્વત જેમ વેળાને ધારણ કરે છે તેમ હું પણ તને ધારણ કરીશ." પછી કૃપાળુ એવા તે

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્ગતસુખ રાજાએ તેને બંધનથી છોડાવી તેનો સત્કાર કર્યો. માનધનવાળાઓના શરણનો આ જ ઉપાય છે. પછી તે રાજાએ પણ ઉન્નત સ્તનવાળી, વિકસિત કમલના જેવી નેત્રવાળી, જાણે કુતૂહલથી પૃથ્વીને જોવા માટે અવતરેલી દેવી જ ન હોય તેવી, રતિની પ્રીતિને પણ નિર્માલ્ય બનાવનારી, રૂપથી રૂક્મિણીને પણ જીતનારી એવી **યશોમતી** નામની પોતાની **પુત્રીને નિર્ગતસુખ રાજા** જોડે પરણાવી. પછી તેની આજ્ઞાને રક્ષાની જેમ મસ્તકે સ્થાપન કરીને સૂરતેજ રાજા પોતાના નગરમાં ગયો. ખરેખર ! મહાપરાક્રમીઓની સાથે સ્પર્ધા કોણ કરે ?

પછી ધ્વજા-પતાકાથી શોભતી પોતાની તક્ષશિલા નગરીમાં પ્રવેશ કરીને ચક્રીની જેમ પૃથ્વીનું એકછત્રી રાજ્ય કરવા લાગ્યો. ઇંદ્રની જેમ ચાર પ્રેયસીની સાથે મહાભોગોને શ્રેષ્ઠ રાજવી એવા તેણે ભોગવ્યા. તે પ્રત્યેક સ્ત્રીથી તેને સાગર જેવા ગંભીર, મેરૂ જેવા ધીર પુત્રો થયા. વિષ્ણુ જેમ સર્પોથી વિંટાએયો છે તેમ તેના ચારે પુત્રો ચતુરાઈમાં પ્રવીણ, શૂરવીર, દયાળુ, લાવણ્ય, પવિત્રતાથી વિંટળાયેલા હતા. પછી તે રાજાના નિર્મળ મનમાં વિશ્વને આનંદ પમાડનાર વિવેકરૂપી હંસ વિલાસ કરવા લાગ્યો અને તે વિવેક ઉત્પન્ન થતા રાજાએ વિચાર્યું કે, "પૂર્વજન્મમાં મેં શું પુન્ય કર્યું કે જેથી મને તેના ફળ સ્વરૂપે આ ભવમાં રાજ્યાદિની પ્રાપ્તિ થઈ ?"

આ વિચારણામાં રાજા મસ્ત હતા ત્યાં જ જલ્દીથી આવીને ઉદ્યાનપાલકે સભામાં બેઠેલા રાજહંસ જેવા રાજાને મસ્તક નમાવી કહ્યું, "હે દેવ ! આજે નંદન નામના ઉદ્યાનમાં **ધર્મઘોષ** નામના ચતુર્જ્ઞાની સૂરીશ્વરજી સમવસર્યા છે." કર્ણ રૂપી કોટરને વિષે પીયૂષપાન સમાન ગુરુઆગમન સૂચક શબ્દોને સાંભળી રાજા સંતોષ પામ્યો. તેનું પ્રીતિદાનથી સન્માન કરી, નગરજનોની સાથે સૂરીશ્વરને પ્રણામ કરવા પોતાના આવાસથી નીકળી રાજા ઉદ્યાનમાં ગયો. અકુંઠિત ભક્તિભાવવાળા = અત્યંત ભક્તિવંત એવો તે રાજા ગુરુને ત્રણ પ્રદક્ષિણા દઈને, ગુરુને નમસ્કાર કરી યથોચિત સ્થાને બેઠો. પછી તે શ્રમણાગ્રણીના મુખથી શ્રવણને સુખકારી, સમગ્ર સ્વર્ગીય લક્ષ્મીના આદેશભૂત ધર્મોપદેશ સાંભળ્યો.

પ્રાતઃકાલે પરમેષ્ઠિમંત્રનું પઠન, જિનેશ્વર ભગવંતની પૂજા, ગુરુવંદન, પ્રત્યાખ્યાનનો સ્વીકાર, ધર્મોપદેશનું નિરંતર શ્રવણ કરવું, અવસરે ગુરુભગવંતની અશનાદિ ભોજન વડે ભક્તિ કરવી, ન્યાયથી દ્રવ્યોપાર્જન કરવું, શીલનું પાલન, આવશ્યક ક્રિયા કરવી વગેરે શુભકાર્યો પ્રતિદિન કરવા." આવું વ્યાખ્યાન રૂપી અમૃતનું પાન કરી રાજા તૃપ્ત મનવાળો થયો. દક્ષગુણમાં (ચાતુર્યતાદિ ગુણમાં) અગ્રણી એવા તેણે ક્ષમાના નાથ એવા તે સૂરીશ્વરને પૂછ્યું, "હે ભગવન્ ! મેં પૂર્વ ભવમાં કયું કર્મ નિર્માણ કર્યું હતું ?" ત્યારે નિર્મમ એવા પણ ગુરુ ભગવંતે જ્ઞાનથી તે જાણીને તેને પ્રત્યુત્તર આપ્યો :

હે ભૂપાલ ! સુંદરના ભવમાં તેં જે વિધિપૂર્વક જિનેશ્વર ભગવંત તથા ગુરુભગવંતની ઉત્તમ આરાધના કરી હતી તેનાથી તે અગણિત પુણ્યોપાર્જન થયું ને તેથી જ દેવોને પણ દુર્લભ એવી ઋદ્ધિ-સિદ્ધિ તથા રાજ્યાદિ ચતુષ્ટયની પ્રાપ્તિ થઈ. હે રાજા ! આ તો પુન્યરૂપી વૃક્ષના મૂળ સમાન એને જાણ. પણ આ પુન્ય રૂપી વૃક્ષના ફુલ સમાન દેવલોકના સુખને હવે તું ભોગવીશ. વળી હે રાજન્ ! સાતમા ભવે તો તું પુણ્યરૂપી વૃક્ષના ઉજ્જવલ ફલ સમાન અત્યંત ઉત્કંઠિત એવી સિદ્ધિ રમણીના આલિંગનથી ઉત્પન્ન થયેલા સુખને પામીશ." આ પ્રમાણે શ્રી ધર્મઘોષસૂરીશ્વરના મુખ રૂપી કમલમાંથી ટપકતા વચન રૂપી મકરંદનું ભૃંગની

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ પાન કરી રાજા આનંદ પામ્યો. પછી ગુરૂ રૂપી સમુદ્રમાંથી દેવતાની જેમ ઉત્સુક મનવાળા તેણે સમ્યક્ત્વમૂલ બારવ્રતની શ્રેણી રૂપ લક્ષ્મીને મેળવી. પછી ભાવશુદ્ધિથી ગુરુને નમસ્કાર કરી, ઘરે જઈને પ્રજાની જેમ આદરપૂર્વક વ્રતનું પાલન કરવા લાગ્યો. દેવ-ગુરુ-સંઘ-ચૈત્યના ઉદ્ધારાદિ કાર્યમાં અધિક ઉદ્યમ કરતા રાજાએ પુણ્ય રૂપી લક્ષ્મીનું પોષણ કર્યું. શ્રી નિર્ગતસુખ રાજાએ બોધિબીજથી પુણ્ય રૂપી કલ્પવૃક્ષનું આરોપણ કરી ફળદાયી બનાવ્યું. અનુક્રમે દિવ્યસુખની પરંપરાને ભોગવી, પાંચમે ભવે તે મોક્ષ રૂપી લક્ષ્મીને પામશે.

સુંદર ગુણવાળા સુંદરના આશ્ચર્યકારી ચરિત્રને કર્ણના આભૂષણ સમાન બનાવી, શિવ-રમણીને વરવા માટે સંઘ-ગુરુ-જિનેશ્વર ભગવંત ઉપર પરમ આદરપૂર્વક પ્રીતિ કરવા યોગ્ય છે.

દેવ-ગુરુ આદિની ભક્તિના વિષયમાં સુંદરની કથા પૂર્ણ થઈ.

## હવે સર્વ શાસ્ત્રોના અર્થને બતાવતા કહે છે : (ઉપસંહાર કરે છે)

**इय भाविऊण तत्तं गुरुआणाराहणे कुणह जत्तं ।**
**जेणं सिवसुक्खबीयं, दंसणसुद्धिं धुवं लहह ॥ ७० ॥**

**ગાથાર્થ : એ પ્રમાણે તત્ત્વને જાણીને ગુરુની આજ્ઞાના આરાધનામાં પ્રયત્ન કરવો જોઈએ. જેથી મોક્ષસુખના બીજભૂત દર્શનશુદ્ધિને જલ્દી પામો.**

**ટીકાર્થ :** 'इति' = આ પ્રમાણે પૂર્વે કહેલા तत्त्वं = પરમ રહસ્યને 'भावयित्वा' = વિચારીને 'गुर्वाज्ञाराधने' = સદ્‌ગુરુના વચનની સેવામાં 'यत्नम्'= આદરને 'कुरुत' = કરો. અર્થાત્ હે ભવ્ય જીવો ! ખરેખર ! ગુર્વાજ્ઞાની આરાધના વિના ક્યારે પણ ઈષ્ટફળની સિદ્ધિ થતી નથી. વળી આગમમાં પણ કહ્યું છે, "જ્ઞાનાદિ ભાવરત્નોની ખાણ સમા, મોક્ષની અભિલાષાવાળા આચાર્યોને સમાધિ = ધ્યાન વિશેષ વડે, બાર અંગના અભ્યાસ વડે, સદાચાર વડે, તો વળી ઔત્પાતિકી આદિ બુદ્ધિ વડે અનુત્તર જ્ઞાનાદિને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા ધર્મકામી એવા સાધુએ આરાધવા જોઈએ અને વારંવાર વિનય કરવા વડે તોષ પમાડવો જોઈએ." તેથી મોક્ષસુખના બીજભૂત દર્શનશુદ્ધિને અવશ્ય પામો. અહીં શિવ શબ્દનું ઉપાદાન કરતા શાસ્ત્રકારે શાસ્ત્રના પ્રાન્તે મંગલનું સૂચન કરેલ છે. જેથી આદિ મંગલ - મધ્ય મંગલ - અંતિમ મંગલ એમ શાસ્ત્રોના ત્રણ મંગલો વિદ્વાનોએ કરવા જોઈએ અને તે મોક્ષને સાધનારા છે એ પ્રમાણે ગાથાર્થ છે.

શ્રી જિનેશ્વર ભગવંતના આગમરૂપી દરિયામાંથી ગ્રહણ કરીને સમ્યક્ત્વ રૂપ તત્ત્વમણીઓની સપ્તતિકાની રચના પૂર્વના શ્રેષ્ઠ મુનીવરોએ કરેલી છે. તે જ હમણા મારા વડે વિવરણ રૂપી શાણકયંત્રના યોગથી ઉત્તેજિત કરાયેલી છે. વળી જિનેશ્વર ભગવંતના વચનો અનંત અર્થાત્મક છે. તેમાં અમારી બુદ્ધિ અત્યંત પાતળી છે. તેથી કોઈ ઉત્સૂત્ર ભાષણ થયું હોય તો તે મારું પાપ મિથ્યા થાઓ = મિચ્છામિ દુક્કડં

આ રીતે રૂદ્રપલ્લીય ગચ્છ રૂપી ગગનમંડલને વિષે સૂર્ય સમાન શ્રી **ગુણશેખરસૂરિ** પટ્ટાલંકાર શ્રી **સંઘતિલકસૂરિ** વિરચિત સમ્યક્ત્વ સપ્તતિકા વૃત્તિની તત્ત્વકૌમુદી નામની ટીકામાં સમ્યક્ત્વના છ સ્થાનના સ્વરૂપને જણાવતો **બારમો અધિકાર** પૂર્ણ થયો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવે પ્રશસ્તિ કહેવાય છે :

શ્રી વીરશાસનરૂપી સમુદ્રથી ઉત્પન્ન થયેલો, ચંદ્રમા જેવી અદ્ભુત શોભાવાળો, વિકસિત કલાથી પૃથ્વીમાં ચોતરફ પ્રસિદ્ધિ પામેલો, પ્રકાશના કિરણોથી અંધકારને દૂર કરનાર શ્રી ચંદ્રગચ્છ છે. તેમાં ધરણેન્દ્રથી સેવાયેલા ચરણકમળવાળા શ્રી **વર્ધમાનસૂરીશ્વર** થયા. તેમના પટ્ટધર વિદ્વાનોની શ્રેણીમાં અગ્રણી એવા શ્રી **જિનેશ્વરસૂરી** થયા. તેમના શિષ્ય શ્રી **અભયદેવસૂરિ** થયા, કે જેમણે મનોહર નવ અંગ ઉપર નવાંગી ટીકા કરી તથા સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને પ્રકાશિત કરી. તેમના પટ્ટ રૂપી પૂર્વાચલની ચૂલિકા વિષે સૂર્ય સમાન તેજસ્વી, સજ્જનોને પ્રતિબોધ કરવામાં કુશાગ્ર બુદ્ધિવાળા, જગપ્રસિદ્ધ, ગુરુને મન મુખ્ય એવા શ્રી **જિનવલ્લભાચાર્ય** થયા. તેમના શિષ્ય વિદ્વદ્વર્ય શ્રી **જિનશેખર** ગણધર થયા. તેમના ચરણકમલને વિષે રાજહંસ સમાન શ્રી **પદ્મચન્દ્રાચાર્ય** થયા. તેમના પટ્ટ રૂપી સમુદ્રને વૃદ્ધિ પમાડનાર, ભવ્ય જીવ રૂપી કુમુદિનીને વિકસિત કરવામાં ચંદ્ર સમાન, શાશ્વત કલાથી અલંકૃત શ્રીમાન્ શ્રી **વિજયચંદ્રસૂરિ** થયા. તેમના પટ્ટધર ગુણથી અદ્વિતીય એવા બીજા **અભયદેવસૂરિ** થયા જેમનાથી આ ઉદારવિશાળ શ્રી **રૂદ્રપલ્લીય** ગચ્છ થયો - જે જય પામે છે.

તેમના ચરણકમળને વિષે ભૃંગ સમાન, જિનાગમ રૂપી સમુદ્રના જલમાંથી ઉત્પન્ન થયેલા **દેવભદ્રસૂરિ** થયા કે જે અનુપમ ઉપશમ રૂપી શોભાથી અલંકૃત બાગને વિષે મેઘની ઉપમા સમાન થયા. તેમના પટ્ટધર કુદર્શન રૂપી અંધકારને દૂર કરવામાં પ્રચંડ સૂર્ય સમાન, ઈચ્છિત અર્થને આપવામાં કલ્પવૃક્ષ સમાન શ્રી **પ્રભાનંદસૂરિ** થયા. વળી અપ્રતિમ જ્યોત સમૂહ વડે જગતના તેજસ્વી પદાર્થોના તેજને હણનારા તેમના પટ્ટ રૂપી પૂર્વાચલ વિષે નિર્મલ કિરણોથી શોભતા શ્રીમાન્ શ્રી **ચંદ્રસૂરિ** તથા શ્રી **વિમલચંદ્ર** ગુરુ થયા, કે જે અપ્રતિમ પ્રભાવશાળી, રાજહંસ સમાન, ભવ્ય જીવોને પ્રબોધ કરવામાં હોંશિયાર હતા.

તેમની પાટને શોભાવનારા કાશ્મીરથી મારવાડ સુધીના કુશાગ્ર બુદ્ધિવાળા વાદીન્દ્રોને વાદમાં જીતીને જગતમાં પ્રતિષ્ઠાને મેળવનારા **ગુણશેખર સૂરીન્દ્ર** થયા, કે જેઓ અભિમાનને હરનારા, શ્રૃંગારચંદ્ર રાજાથી સેવાતા ચરણકમળવાળા હતા. તેમની પાટને શોભાવનારા, તેમના ચરણકમલની રજ સમાન શ્રી **સંઘતિલકાચાર્ય** થયા કે જેમણે સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથની તત્ત્વકૌમુદી નામની વૃત્તિને રચી. તેમના શિષ્યરત્ન **સોમતિલકાચાર્ય**ના લઘુબંધુ શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજી**ના વચનથી આ સમ્યક્ત્વ સપ્તતિ ગ્રંથની રચના **વિક્રમ સંવત ૧૪૨૨ વર્ષે શ્રી સારસ્વત નગરે દીપોત્સવી પર્વમાં કરી.** તે સમ્યક્ત્વ વૃત્તિનો પ્રથમ આદર્શ શ્રી **સોમકલશ** વાચકવરના લઘુબંધુઓની સહાયથી ઉપાધ્યાયજી શ્રી **યશકલશવિજયે** લખ્યો. બુદ્ધિની મંદતાથી કે પ્રમાદથી જે કાંઈ ભૂલ થઈ હોય તે કૃપા કરી વિદ્વાન મુનિવરોએ શોધવી. (જણાવવી.)

સુંદર બાર દ્વારો વડે સૂર્યની જેમ બોધ કરનાર સમ્યક્ત્વ તત્ત્વની કૌમુદી પૃથ્વીને પ્રકાશિત કરનારી થાઓ.

આ પ્રમાણે ગ્રંથકારના પ્રશસ્તિ શ્લોકો જાણવા.

આ ગ્રંથના પ્રત્યક્ષરનું નિરૂપણ કરીને રુદ્ર (૭) અબ્ધિ (૭) મુનિ (૧૧) ની સંખ્યાના અંકવાળા ચાર અક્ષરોથી સહિત શ્લોકવાળા આ ગ્રંથનું માન નિશ્ચિત કરાયું છે.

ગ્રન્થાગ્રમ્ - ૭૭૧૧ અક્ષર - ૪

**આ પ્રમાણે સમ્યક્ત્વ સપ્તતિકાવૃત્તિનું ભાષાંતર સંપૂર્ણ થયું.**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરત પ્રિન્ટરી, કાન્તિલાલ ડી. શાહ અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૫૭૪૧૮

Serving JinShasan
158679
gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only